Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

ॐ

श्री सिद्ध परमात्माने नमः।
श्री सद्‌गुरुदेवाय नमः।
श्री निजशुद्धात्माने नमः।

# કલશામૃત ભાગ – ૨

શ્રી કલશટીકાના અજીવ અધિકાર તથા કર્તા-કર્મ અધિકારના શ્લોક ૩૩ થી ૬૦ સુધીના પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સ્વાનુભવ મુદ્રિત ૩૪ અક્ષરસઃ પ્રવચનો.

પ્રકાશન

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,**

૫. પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ,

રાજકોટ – ૩૬૦૦૦૧.

ટેલી નં. — ૦૨૮૧ – ૨૨૩૧૦૭૩

મો. ૯૪૦૮૦૩૯૫૭૪

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૩૫ | ૨૫૪૧ | ૨૦૭૧ | ૨૦૧૫ |


**પ્રકાશન**

**ફાગણ માસ અષ્ટાનિકા પર્વ**

**તા. ૨૬-૨-૨૦૧૫**

પડતર કિંમત – ૨૦૦/–

વેચાણ કિંમત – ૬૦/–

**પ્રાપ્તિ સ્થાન**

(૧) **શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)**
ફોન : (૦૨૮૪૬) ૨૪૪૩૫૮

(૨) **શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, રાજકોટ**
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ, રાજકોટ–૩૬૦૦૦૧.
ટેલી. નં. (૦૨૮૧) ૨૨૩૧૦૭૩

મુદ્રક

**શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ**
૩૧૨, હિરાપન્ના કોમ્પ્લેક્ષ,
ડૉ. યાજ્ઞિક રોડ,
રાજકોટ-૩૬૦૦૦૧
ફોન નં. ૯૮૨૫૦૭૫૦૬૧

<u>**લેસર ટાઈપ સેટિંગ**</u>

**પૂજા ઇમ્પ્રેશન્સ**
પ્લોટ નં. ૧૯૨૪/બી
૬, શાંતિનાથ બંગલોઝ
શશીપ્રભુ માર્ગ, રૂપાણી સર્કલ પાસે,
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન નં. ૯૭૨૫૨૫૧૧૩૧

**જેકેટ અને મલ્ટીકલર ફોટા**
**ડોટ એડ**
રાજકોટ
ફોન નં. – (૦૨૮૧) ૬૬૨૬૦૭૩


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & our Request

The Gujarati version of Kalashamrut - Part 2 has been donated by Shree Digamber Jain Swadhyay Mandir Trust, Rajkot, India who have paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) We have taken great care to ensure this electronic version of the Gujarati Kalashamrut - Part 2 is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 002 | 28 February 2017 | This version is a Word-to-Word transcription of Gurudev's lectures. The previous version was not Word-to-Word. |
| 001 | 15 September 2002 | Simultaneous launch of hard (paper) copy and in "PDF" format on the internet. |

# પ્રકાશકીય નિવેદન

**'અહો! ઉપકાર જિનવરનો કુંદનો ધ્વનિ દિવ્યનો,**
**જિન કુંદ ધ્વનિ આપ્યા અહો! તે શ્રીગુરુ કહાનનો.'**

શાસન નાયક ભગવાન શ્રી મહાવીર સ્વામીની ૨૬૦૦મી જન્મજયંતિના ઉપલક્ષમાં તેમજ આ તીર્થધારાની અચલધરા પર જૈનદર્શનની અણમોલ સંપત્તિને પ્રદત્ત કરનાર, દ્વિતીય શ્રુતસ્કંધને લીપીબદ્ધ કરી અલભ્ય જૈન વાગ્ધારાને જયવંત કરનાર ચારણઋદ્ધિધારી આચાર્ય શ્રી કુંદકુંદદેવ થયા. આ જૈન સંસ્કૃતિની અનાહત પ્રવાહની પરિપાટીમાં આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવ થયા. તેમના દ્વારા અવિચ્છિન્ન વહેતી જૈનધારાની શૃંખલામાં પંડિત શ્રી રાજમલ્લજી પાંડે સાહેબ થયા. ઉત્તરોત્તર ચાલી આવતી અસ્ખલિતધારામાં આપણા મુક્તિદૂત પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી થયા. આ સર્વે સંતોની સ્વાનુભવરૂપ યાત્રાના અંતર્ગત ઉપલબ્ધ પરમાગમોનું પ્રબુદ્ધ દર્શન મળ્યું. આ બહુમુલ્ય આત્મદર્શનની ચરમ સૌખ્યધારા અક્ષુણ વહેતી ભવ્ય જીવોના અંતરાચલમાં સ્થિત થતાં... તે સાથે જ અનાદિથી ચાલી આવતી વિકૃતિઓનું વિસર્જન થયું.

પૂજ્ય ગુરુદેવશ્રી એટલે.. નિજ ધ્યેયના ધ્યાની, આત્મજ્ઞાની, અધ્યાત્મના યોગી, અને અતીન્દ્રિય આનંદરસના ભોગી એવા આદર્શ વિશ્વ વિભૂતિ થયા. તેમના દ્વારા શુદ્ધાત્મ તત્ત્વનું જે વાસ્તવિક વિશ્લેષણ થયું છે તે પૂર્વેના સેંકડો સૈકાઓમાં નહોતું થયું તેવું સ્પષ્ટીકરણ મળ્યું છે.

શ્રી કલશટીકામાં અજીવ અધિકારમાં સંતો અસ્તિ-નાસ્તિ પરખ અનેકાન્તમયી શૈલીના માધ્યમ દ્વારા... પર તરફ ઝુકેલી પરિણતિને આત્મ સન્મુખ કરાવે છે. પરલક્ષી ભાવોમાં સ્વામિત્વબુદ્ધિ છોડાવી ધ્રુવ સ્વભાવમાં એકત્વ સ્થાપિત કરાવે છે.

જીવ અધિકાર કરતાં કોઈ અપેક્ષાએ અજીવ અધિકારને ઊંચો કહ્યો છે. કારણ કે અનાદિથી અજીવમાં જીવપણાની ભ્રાંતિ રહી છે. તેથી જીવની સત્તાથી અજીવની સત્તાનું ભેદજ્ઞાન કરાવી... અજીવમાંથી જીવપણાની માન્યતા છોડાવે છે. આ અધિકારમાં રાગથી, વિકલ્પથી અને પર્યાયના ભેદોથી ભિન્ન પોતાનો શુદ્ધાત્મા કેવો છે તેનું સ્પષ્ટ દર્શન કરાવ્યું છે.

કલશ ૩૫માં કહે છે - **'चितछक्ति व्याप्त सर्वस्वसार:'** જાણવું. દેખવું તેવો ત્રિકાળ ચેતના શક્તિમયી સ્વભાવ છે.. તે એક જ સર્વસ્વ સાર છે. **'अमी सर्वे अपि पोद्गलिका:**

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**भावाः अतः अतिरिक्ताः'** શુદ્ધ ચૈતન્યથી ભિન્ન જેટલા ભાવો છે તે સઘળાય પુદ્ગલથી નિપજ્યા છે. તે પુદ્ગલનું ચિતરામણ છે.. અને તે ચૈતન્ય સ્વભાવથી ખાલી છે. આ રીતે ભેદને અજીવ, અચેતન, અશુદ્ધ અને પુદ્ગલ કહેલ છે. અખંડાનંદ ત્રિકાળી ભગવાન છે તેને જીવ, ચેતન, શુદ્ધ અને જ્ઞાનમય કહેલ છે. આ બધા ભેદો જીવ તો નથી પરંતુ તે જીવની અનુભૂતિમાં પણ સમાતા નથી. ૩૯માં કલશમાં કહ્યું કે – **'एकस्य पुद्गलस्य निर्माणम्'** હે ભવ્યો ! આ ભેદરૂપ ભાવોને એક પુદ્ગલની રચના છે તેમ નિઃસંદેહપણે જાણો. આ રીતે ઉત્કૃષ્ટ ભેદજ્ઞાનનું રસાયણ આપ્યું છે. કલશ ૩૭માં **'अमी दृष्टाःनो स्युः'** શુદ્ધ સ્વરૂપના અનુભવશીલને આ ભેદો દ્રષ્ટિગોચર થતા નથી. આ ભેદરૂપ ભાવો ભિન્ન તો છે, પરંતુ તે વસ્તુરૂપ છે કે અવસ્તુરૂપ? કહે છે-તે અવસ્તુરૂપ છે. આ રીતે જીવ–અજીવના ભેદજ્ઞાનની પરાકાષ્ઠા બતાવી છે.

આચાર્યશ્રી કુંદકુંદદેવ સમયસારમાં જીવાજીવ અધિકાર પછી તરત જ તેમણે કર્તાકર્મ અધિકાર લખ્યો છે. આ અધિકારની તેમની દ્રષ્ટિમાં કેટલી મહત્તા છે તે સહજ જ જ્ઞાત થાય છે. દિગમ્બર શાસ્ત્રોમાં કર્તાકર્મ અધિકાર સૌથી મોટો અને સ્પેશ્યલ અધિકાર છે. કર્તાકર્મના સંબંધમાં છૂટી છવાઈ વાત તો ઘણી જગ્યાએ જોવા મળે છે, પરંતુ આ અધિકારને અલગથી અને સવિસ્તારપૂર્વક લખ્યો હોય તો તે સમયસારમાં છે. આપણને પ્રશ્ન થાય કે– આ અધિકારને જુદો શા માટે લખ્યો? તો કહે છે–નવ તત્ત્વોમાં કર્તાકર્મ નામનું તત્ત્વ અલગથી નહોતું આવતું માટે લખ્યો છે. વળી જીવને અનાદિથી કર્તાકર્મ સ્વરૂપ સંબંધી મૂળમાં ભ્રાંતિ છે. જ્યાં સુધી કર્તાબુદ્ધિનો પક્ષ હોય ત્યાં સુધી જ્ઞાતાના પક્ષમાં પણ આવતો નથી. તેથી આ અધિકારમાં આચાર્યદેવે જિનાગમનું હાર્દ પ્રગટ કર્યું છે.

વિશ્વના અન્ય દર્શનો પણ જીવ અને અજીવની સત્તાને ભિન્ન-ભિન્ન તો સ્વીકારે છે, પરંતુ તે બે દ્રવ્યો વચ્ચે કર્તાકર્મ સંબંધને અબાધિત રાખે છે. જ્યારે જૈનદર્શન જ એક એવું દર્શન છે કે–બે દ્રવ્યો વચ્ચે કર્તાકર્મ સંબંધને ઊથાપે છે. આમ બે દ્રવ્યો વચ્ચે કર્તાકર્મપણાની ભ્રાંતિનું અવસાન કરાવી.. અકર્તા-જ્ઞાતા સ્વભાવમાં આમંત્રિત કરે છે.

નોકર્મ-કર્મ અને ચેતનની વચ્ચે કર્તાકર્મ સંબંધ ત્યારે જ શક્ય બને કે તે બન્નેની સત્તા એક થાય તો! જ્યારે વસ્તુ સ્વતંત્રતાના સિદ્ધાંતે બે દ્રવ્યોનું એક થવું અશક્ય છે. માટે કર્તાકર્મની વ્યવસ્થા એક પદાર્થમાં જ ઘટિત થાય છે. કર્તાપણું એક પદાર્થમાં, કર્મપણું બીજા પદાર્થમાં, વળી ત્રીજા પદાર્થમાં તેનું ફળ આવે તેમ કેવી રીતે શક્ય બને? આમ અનાદિથી ચાલી આવતી કર્તાકર્મ સંબંધી વિપરીતતાનો પરિહાર કરાવી કર્તાકર્મસ્વરૂપના પરિપ્રેક્ષ્યમાં સમ્યક્ અવલોકન કરાવ્યું છે.

(૧) આ અધિકારમાં છએ દ્રવ્યોની વસ્તુ સ્વતંત્રતા બતાવી અને પરદ્રવ્યમાં કર્તૃત્વ બુદ્ધિની માન્યતાનો નાશ કરાવ્યો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(૨) આત્મા પોતાના પરિણામનો કર્તા છે પરંતુ પરદ્રવ્યના પરિણામનો કર્તા નથી, કારણ કે–દરેક દ્રવ્ય પોતાના પરિણામને કરે, પરંતુ ભિન્ન દ્રવ્યના પરિણામને કેવી રીતે કરે! આમ સ્વદ્રવ્યના પરિણામ જ સ્વદ્રવ્યનું કર્મ છે તે વાતને સિદ્ધ કરે છે.

(૩) જેમ એક પરિણામના બે કર્તા નથી, તેમ બે દ્રવ્યો સાથે મળીને એક પરિણામને કરતા નથી. દરેક પદાર્થ પ્રતિસમયે ક્રમબદ્ધ પોતાના પરિણામોને જ કરે છે અને તે સમયનું પરિણામ તે દ્રવ્યનું કર્મ છે. માટે જ્યાં કર્તાકર્મભાવ ઘટે છે ત્યાં જ વ્યાપ્ય-વ્યાપક ભાવ હોય છે.

(૪) કર્તાકર્મ ભાવ બે દ્રવ્યો વચ્ચે કદી હોતો જ નથી, પરંતુ એક દ્રવ્યમાં જ હોય છે. હવે જીવના અજ્ઞાનનું નિમિત્ત પામીને કાર્મણવર્ગણા કર્મરૂપે બંધાણી; તે જૂનાકર્મનું નિમિત્ત પામીને જીવમાં રાગાદિ પરિણામ થયા. જીવ અને કર્મ વચ્ચે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવી પરસ્પર અકર્તાપણું બતાવી અને જ્ઞાતાભાવમાં પદાર્પણ કરાવે છે. નિષ્કર્ષ એ છે કે–બે પદાર્થ વચ્ચે કર્તાકર્મ સંબંધ ન ઘટાવી એક દ્રવ્યમાં જ કર્તાકર્મ સંબંધ ઘટાવી વસ્તુ સ્વતંત્રતાની મર્યાદાને અખંડિત રાખેલ છે.

(૫) જ્યારે પરદ્રવ્યોથી પૃથક્કતા અને અકર્તૃત્વ દર્શાવવું હોય ત્યારે પોતાના પરિણામનો જીવ જ કર્તા છે તેવું દ્રઢપણે સ્થાપિત કરે છે. આગળ જતાં કહે છે–જીવ રાગાદિ ભાવોનો કર્તા નથી કારણ કે જ્યાં તત્પણું હોય ત્યાં જ કર્તાકર્મ ભાવ સંભવે છે. આ કર્તાકર્મ ભાવમાં માત્ર સમવ્યાપ્તિ જ સ્વીકાર્ય છે, જ્યારે રાગાદિ ભાવો સાથે વિષમવ્યાપ્તિ હોવાથી તેની સાથે કર્તાકર્મ ભાવનો પરિહાર કરેલ છે. આ રીતે આ અધિકારમાં કર્તાકર્મના સ્થૂળ ભેદજ્ઞાનના પ્રકારથી લઈને ચમરસીમા સુધીનું સૂક્ષ્મત્તર ભેદજ્ઞાન કરાવ્યું છે.

આ અધિકારની શ્રેષ્ઠતા અને મૌલિકતા એ છે કે-સ્થૂળ અજ્ઞાનનું જ્ઞાન કરાવી અને તે અજ્ઞાન સૂક્ષ્મ રીતે ક્યાં સુધી વિસ્તરેલું છે તેનું વિશદ્તાથી દર્શન કરાવ્યું છે. એકવાર પણ અજ્ઞાનનું જ્ઞાન થાય તો પછી તે અજ્ઞાન રહેતું નથી.

ભેદજ્ઞાનના સ્થૂળતાથી સૂક્ષ્મતા સુધીના પ્રકારો :–

(૧) આત્મા અને નોકર્મથી ભેદજ્ઞાન,

(૨) આત્મા અને જડકર્મથી ભેદજ્ઞાન,

(૩) આત્મા અને વિકારી ભાવોથી ભેદજ્ઞાન,

(૪) આત્મા અને આત્મા સંબંધીના વિકલ્પથી ભેદજ્ઞાન,

(૫) આત્મા નિર્મળ પરિણામનો પણ ઉપચારથી – વ્યવહારથી કર્તા છે. નિશ્ચયથી તો નિર્મળ પરિણામનો કર્તા નિર્મળ પરિણામ જ છે. આત્મા સ્વભાવથી અકર્તા છે તેને કર્તા કહેવો તે જ વ્યવહાર થયો. આ રીતે શરૂઆતથી માંડીને છેક મૂળ સુધીનું તલસ્પર્શી ભેદજ્ઞાન કરાવનાર જિનાગમનો સર્વોત્કૃષ્ટ, સંપૂર્ણ અને મહાન અધિકાર છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ 'કલશામૃત ભાગ-૨'ના પૂજ્ય ગુરુદેવશ્રીના અક્ષરસઃ પ્રવચનો છપાવવા માટે સ્વ. શ્રી વસંતબેન શાંતિલાલ વખારિયાના સ્મરણઅર્થે તેમના કુટુંબીજનો તરફથી રૂપિયા ૧,૦૦,૦૦૦ (એક લાખ) તથા ઘીયા પરિવાર તરફથી, હ. નલિનભાઈ, કલાબેન, નિમિષભાઈ, પૂર્વીબેન, અન્વી તથા પ્રાચી તરફથી રૂ. ૨૭,૦૦૦ ખૂબ જ ઉદારતાની ભાવનાપૂર્વક આપવામાં આવ્યા છે. તે બદલ સંસ્થા તેનો આભાર વ્યક્ત કરે છે.

કળશટીકા ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોને કમ્પ્યૂટરાઈઝડ લખવાનું કાર્ય **શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર** દ્વારા તથા તેમને સીડી ઉપરથી ચેક કરવાનું કાર્ય **ઈલાબેન દેસાઈ, રાજકોટ** દ્વારા તથા તેને સંપૂર્ણપણે વાંચીને ચેક કરવાનું કાર્ય **શ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ** દ્વારા થયેલ હોય ટ્રસ્ટી મંડળ સર્વે મુમુક્ષુનો અત્યંત આભાર વ્યક્ત કરે છે.

આ પ્રકાશનના કલર પેઈજ તથા ફ્રન્ટ પેઈજ વિગેરેને સુંદર બનાવી આપવા બદલ ડોટ એડનો સંસ્થા આભાર માને છે તથા આ પુસ્તકનું પ્રિન્ટીંગ તેમજ બાઈન્ડીંગ સુંદર કરવા બદલ શાર્પ ઓફસેટ પ્રિન્ટર્સવાળા ધર્મેશભાઈ શાહનો સંસ્થા આભાર માને છે.

આત્મ અકર્તા છે તે જૈનદર્શનની પરાકાષ્ઠા છે. આવા અકર્તા સ્વભાવને દ્રઢપણે ભવ્યજીવોના હૃદયમાં સ્થાપિત કરાવી, અનાદિના કર્તૃત્વના ભારથી નિર્ભાર થવાનો આ પુસ્તકમાં સમ્યક્‌બોધ આપ્યો છે. સર્વે જીવો અકર્તા-જ્ઞાતા સ્વભાવમાં સ્થિરતા કરી આત્માના અકલુષ સ્રોતમાં સ્નાન કરી... પાવન થાઓ તેવી મંગલ ભાવના પૂર્વક અસ્તુ.

- શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, રાજકોટ

This book is available from:
http://www.AtmaDharma.com
http://www.AtmaDharma.org

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | કળશ નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| ૦૪૧ | ૩૨-૩૩ | ૧૫-૦૭-૧૯૭૭ | ૦૦૧ |
| ૦૪૨ | ૩૩ | ૧૭-૦૭-૧૯૭૭ | ૦૧૪ |
| ૦૪૩ | ૩૪ | ૧૮-૦૭-૧૯૭૭ | ૦૨૬ |
| ૦૪૪ | ૩૫-૩૬ | ૧૯-૦૭-૧૯૭૭ | ૦૩૯ |
| ૦૪૫ | ૩૬ | ૨૦-૦૭-૧૯૭૭ | ૦૫૩ |
| ૦૪૬ | ૩૭ | ૨૧-૦૭-૧૯૭૭ | ૦૬૬ |
| ૦૪૭ | ૩૮-૩૯ | ૨૨-૦૭-૧૯૭૭ | ૦૭૮ |
| ૦૪૮ | ૩૯-૪૦ | ૨૪-૦૭-૧૯૭૭ | ૦૯૧ |
| ૦૪૯ | ૪૦ થી ૪૨ | ૨૫-૦૭-૧૯૭૭ | ૧૦૫ |
| ૦૫૦ | ૪૨-૪૩ | ૨૬-૦૭-૧૯૭૭ | ૧૧૯ |
| ૦૫૧ | ૪૩ | ૨૭-૦૭-૧૯૭૭ | ૧૩૧ |
| ૦૫૨ | ૪૪ | ૨૮-૦૭-૧૯૭૭ | ૧૪૫ |
| ૦૫૩ | ૪૪-૪૫ | ૨૯-૦૭-૧૯૭૭ | ૧૫૮ |
| ૦૫૪ | ૪૫-૪૬ | ૩૧-૦૭-૧૯૭૭ | ૧૭૧ |
| ૦૫૫ | ૪૬-૪૭ | ૦૧-૦૮-૧૯૭૭ | ૧૮૪ |
| ૦૫૬ | ૪૭ | ૦૨-૦૮-૧૯૭૭ | ૧૯૭ |
| ૦૫૭ | ૪૮ | ૦૩-૦૮-૧૯૭૭ | ૨૧૦ |
| ૦૫૮ | ૪૮ | ૦૪-૦૮-૧૯૭૭ | ૨૨૧ |
| ૦૫૯ | ૪૮ | ૦૫-૦૮-૧૯૭૭ | ૨૩૪ |
| ૦૬૦ | ૪૯ | ૦૭-૦૮-૧૯૭૭ | ૨૪૭ |
| ૦૬૧ | ૪૯ | ૦૮-૦૮-૧૯૭૭ | ૨૫૯ |
| ૦૬૨ | ૫૦ | ૦૯-૦૮-૧૯૭૭ | ૨૭૨ |
| ૦૬૩ | ૫૦ | ૧૦-૦૮-૧૯૭૭ | ૨૮૪ |
| ૦૬૪ | ૫૦ | ૧૧-૦૮-૧૯૭૭ | ૨૯૬ |
| ૦૬૫ | ૫૦-૫૧ | ૧૨-૦૮-૧૯૭૭ | ૩૦૭ |

| | | | |
|---|---|---|---|
| ૦૬૬ | ૫૧ | ૧૪-૦૮-૧૯૭૭ | ૩૨૧ |
| ૦૬૭ | ૫૧-૫૨ | ૧૫-૦૮-૧૯૭૭ | ૩૩૫ |
| ૦૬૮ | ૫૩ | ૧૬-૦૮-૧૯૭૭ | ૩૪૯ |
| ૦૬૯ | ૫૪-૫૫ | ૧૭-૦૮-૧૯૭૭ | ૩૬૩ |
| ૦૭૦ | ૫૫ | ૧૮-૦૮-૧૯૭૭ | ૩૭૮ |
| ૦૭૧ | ૫૬-૫૭ | ૧૯-૦૮-૧૯૭૭ | ૩૯૦ |
| ૦૭૨ | ૫૭-૫૮ | ૨૦-૦૮-૧૯૭૭ | ૪૦૪ |
| ૦૭૩ | ૫૮-૫૯ | ૨૧-૦૮-૧૯૭૭ | ૪૧૭ |
| ૦૭૪ | ૫૯-૬૦ | ૨૩-૦૮-૧૯૭૭ | ૪૩૦ |

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# શ્રી સદ્‌ગુરુદેવ–સ્તુતિ

**(હરિગીત)**

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

**(શિખરિણી)**

સદા દષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઈ ન મળે.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

**(વસંતતિલકા)**

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

**(સ્ત્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

# જિનજીની વાણી

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે.
વાણી ભલી, મન લાગે રળી,
જેમાં સાર–સમય શિરતાજ રે,
જિનજીની વાણી ભલી રે... સીમંધર.
ગૂંથ્યાં પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
જિનજીની વાણી ભલી રે.
ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
જિનજીની વાણી ભલી રે... સીમંધર.
સ્યાદ્વાદ કેરી સુવાસે ભરેલો
જિનજીનો ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.
વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે... સીમંધર.
હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે.
જિનેશ્વરદેવની વાણીના વાયરા
વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે... સીમંધર.

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ॐ

नमः सिद्धेभ्यः

# ‘કલશામૃત’

## ( અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શ્રી ‘સમયસાર-કળશ’ ઉપર પ્રવચન )

(ભાગ-૨)

**અષાઢ વદ ૧૪, શુક્રવાર તા.૧૫.૦૭.૧૯૭૭**
**કળશ - ૩૨ તથા ૩૩, પ્રવચન - ૪૧**

**‘ભાવાર્થ આમ છે કે અખાડામાં તો શુદ્ધાંગ દેખાડે છે,...’** શું કહે છે? નાચનારાઓ પોતાનું પરિણમન દેખાડે છે એમ અહીંયાં ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય છે, એનું શુદ્ધાંગ એનું પવિત્ર પરિણમન એ અખાડામાં દેખાડે છે. ઉપદેશમાં બહારમાં દેખાડે છે, કે આ આત્મા તો શરીર, કર્મ એનાથી તો રહિત છે, પણ દેવ-ગુરુ-શાસ્ત્રથી પણ એ રહિત છે. અને એનામાં જે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ થાય છે એનાથી પણ એ ભિન્ન છે. એમ શુદ્ધ ચૈતન્ય પવિત્ર ભગવાન, એનો આશ્રય લેતા... જીવને કેમ પ્રાપ્ત કરવો એ આ વાત છે.

એ શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે તેની સન્મુખ થઈને, તેનું શુદ્ધ ચૈતન્ય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન થવું એ શુદ્ધાંગપણું છે. જેમ શરીરના અવયવો આ છે. એમ શુદ્ધ ભગવાન એની શુદ્ધ પરિણતિ એ એનું અવયવ છે. આહાહા! ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનસ્વરૂપ (છે) એને પ્રાપ્ત કરવાની પદ્ધતિ આ છે, કે એની સન્મુખ થઈને એનો અનુભવ કરવો. એ શુદ્ધ ચૈતન્ય પરમાત્મસ્વરૂપે (બિરાજે છે). આહાહા! એનો આશ્રય કરીને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ધર્મરૂપ દશા, સુખરૂપ દશા, મોક્ષના માર્ગની દશા (પ્રગટ થાય) એને અહીંયાં શુદ્ધાંગ–શુદ્ધનું અંગ એની પરિણતિ તે શુદ્ધનું અંગ છે. આહાહા!

એ **‘શુદ્ધાંગ...’** છે? **‘દેખાડે છે,...’** સંતો જગતને દેખાડે છે, કે આ આત્મા પવિત્ર પરમાત્મસ્વરૂપ (છે), એનો આશ્રય કરતાં જે ધર્મની નિર્મળ દશા થાય, તે જ શુદ્ધાંગ છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ શુદ્ધની દશા છે, એ મોક્ષનો માર્ગ છે. આહાહા! એમ દેખાડે છે. **'ત્યાં જેટલા દેખનારા છે...'** આહાહા! **'તે બધા એકીસાથે જ મગ્ન થઈ દેખે છે;...'** અહીં તો આવી વાત લેવી છે. આહાહા! નાટકમાં જોવે તો હજારો માણસ એકસાથે દેખે છે ને? આહાહા! એમ સંતોએ મુનિઓએ, ધર્માત્મા, કે કેવળીઓએ શુદ્ધાંગ સ્વરૂપ જગતને જાહેર કર્યું. વસ્તુ તો શુદ્ધ છે, પણ એની સન્મુખતાની પરિણતિને જેણે પ્રગટ કરી, એવી જેણે જગતને દશા બતાવી, કે જુઓ ભાઈ! માર્ગ આ છે. આહાહા! **'દેખનારા છે તે બધા એકી સાથે જ...'** આહાહા! **'મગ્ન થઈ દેખે છે;...'** અખાડામાં.

**'તેવી રીતે જીવનું સ્વરૂપ શુદ્ધરૂપ બતાવાયું થકું...'** આહાહા! એ તો અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છે પણ પામરતામાં પ્રભુતાની એને ખબર નથી. આહાહા! વર્તમાનમાં અલ્પજ્ઞ દશા અને રાગાદિ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ (થાય), તેનું મહાત્મ્ય અને મહત્તામાં ભગવાનની મહત્તા એ ભૂલી ગયો છે. આહાહા! આત્મા સિવાય બાહ્ય ચીજોની વિશેષતા ભાસતા... આહાહા! આત્માની વિશેષતા શું છે તે ભૂલી ગયો છે. આહાહા! કાં એને લક્ષ્મી, આબરૂ, કીર્તિ, સુંદર શરીર, એની જેને અંદર વિશેષતા ભાસે છે, એણે આત્માને ઢાંકી દીધો છે. ભગવાનની જે પરિણતિની વિશેષતા છે. એ વસ્તુસ્વરૂપ ત્રિકાળી સામાન્ય છે પણ એને આશ્રયે થતી શુદ્ધ પરિણતિ એ ધર્મ. એને એણે ઢાંકી દીધું. બહારની વિશેષતા કરી.

મુનિઓએ, કેવળીઓએ આ આત્માને નાટકમાં બતાવે એમ બતાવી દીધો, પ્રભુ! જો. તું આત્મા અતીન્દ્રિય, જ્ઞાન અને આનંદસ્વરૂપ (છો). એનું ભાન થતાં, એની પરિણતિમાં, પર્યાયમાં પવિત્રતા જે પ્રગટ થાય, તે આત્મા. એમ જગત પાસે દેખનારાઓને દેખાડ્યું. આહાહા! આવી વાતું. આહાહા! જે દેખવા યોગ્ય છે તેને દેખાડ્યું. આહાહા! સમજાણું કાંઈ? બહારનું દેખવામાં તું આંધળો થઈ જા કહે છે. આહાહા! અને અંદર દેખવાને માટે હજાર નેત્ર ખોલ. આહાહા! એવું જે ખોલીને.. કળી જેમ ખીલે, એમ ભગવાન શક્તિરૂપે જે હતો એને ભાન કરીને ખીલવ્યો. પર્યાયમાં એ કળી ખીલી. આહાહા! એમ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનની શક્તિરૂપ કળી તો હતી. પણ એની એકાગ્રતાથી તેની કળી ખીલી. એ અહીં જગતને જાહેર કર્યું. જો ભાઈ! આત્મા ખીલે ત્યારે આવો હોય છે. આહાહા! આવી વાતું. સમજાણું કાંઈ?

**'એકીસાથે જ મગ્ન થઈ દેખે છે;...'** આહાહા! અહીં તો એવા જીવ લીધા. આહાહા! **'તેવી રીતે જીવનું શુદ્ધસ્વરૂપ બતાવાયું થકું બધાય જીવોએ અનુભવ કરવાયોગ્ય છે.'** બધા જીવોએ. આહાહા! ભાઈ! કરવા યોગ્ય હોય તો આ છે. અને આ એની પદ્ધતિ છે, કે અંતર સ્વરૂપ છે તેની સન્મુખ થવું, એ એની પદ્ધતિ છે. અને અંતર્મુખ ચીજ છે એ તો ત્રિકાળ છે. સમજાણું કાંઈ? આવો ઉપદેશ છે, લ્યો. આહાહા..! ભગવાન ચૈતન્યશક્તિ અને આનંદશક્તિનો તો સાગર છે, પણ પર્યાયને કાંઠે એને લાવ્યા. દરિયો જેમ ઉછળીને કાંઠે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભરતી આવે એમ ભગવાન આનંદસાગર, અતીન્દ્રિય જ્ઞાનનો સાગર, એને અંતરની એકાગ્રતાથી પર્યાયમાં એની ભરતી, ઉભરો આવ્યો. ભરતી આવી ભરતી. અરે..રે..! આવી વાત. એ શુદ્ધાંગને જગત પાસે જાહેર કર્યું છે. બાપુ! આત્મા આવો છે. સમજાણું કાંઈ? બાકી બધી ધૂળધાણી છે. આહાહા!

ઓલા કાલે બારોટ શેઠિયાને લઈને આવ્યા હતા ને? એ બારોટ જ્યારે આવે ત્યારે એક કડી બોલે છે. કે અત્યારે સાધુનું આચરણ કેવું થઈ ગયું છે, કે સવારે ચા ને પાણી, રોટલા વખતે માલ અને પાણી, પછી ઉંઘતા ઉંઘને તાણી અને છેવટે ધૂળધાણી. કાલે બારોટ નહોતા આવ્યા? એ શેઠિયા હોય એને અહીં લાવે. ત્યાં બરાબર પસંદ ન પડે (એટલે કહે) ત્યાં ચાલો ત્યાં. ઓલા બિચારા ત્યાં 'કચ્છ'માં 'મુંબઈ'ના. ઓલા કહે અમે તો કોઈ દિ' 'મુંબઈ' આવ્યા નથી, મહારાજ! કીધું અમે તો 'મુંબઈ' વરસોવરસ આવીએ છીએ. જગતને ક્યાં પડી છે? અરે..રે..! મારું શું થશે? અને હું છું કોણ? અને હું છું જે છે તેનું ભાન થાય તો એની દશામાં શું થાય? અને એ ભાનદશામાં થતાં એને આનંદ આવે. આહાહા! એ આનંદના અંગોને અહીંયા જગત પાસે જાહેર કર્યા છે. જુઓ! આત્મા આવો છે. સમજાણું કાંઈ? આવી વાત છે, બાપુ! આહાહા!

**'બધાય જીવોએ અનુભવ કરવાયોગ્ય છે.'** આહાહા! **'કેવો છે શાન્તરસ?'** શું કીધું એ? બતાવ્યું જે અંગ. શાંતરસ. વસ્તુ પોતે શાંતરસથી–અકષાય સ્વભાવથી ભરેલી છે. એની સન્મુખ થતાં શાંતરસ પર્યાયમાં આવ્યો. અકષાયસ્વભાવ. જેની સાથે અનંત આનંદ ગર્ભિત છે એવો શાંતરસ. આહાહા! **'आलोकमुच्छलति' 'સમસ્ત ત્રૈલોક્યમાં સર્વોત્કૃષ્ટ છે.'** પહેલા એટલો અર્થ કર્યો. એ આત્માના આનદનો જે શાંતરસ છે... આહાહા! એવો શાંતરસ ક્યાંય ઇન્દ્રોના ઇન્દ્રાસનમાં પણ નથી. અને અબજોપતિ રાજાઓ અને શેઠિયાઓ બિચારા દુઃખી (છે). એમાં એ આનંદ નથી. બિચારા કીધા. બસ! આ તમે બધા શેઠિયાઓ... આહાહા! એને શાસ્ત્રે વરાકા કહ્યા છે. શાસ્ત્રએ ભગવાને વરાકા એટલે ગરીબો (કીધા છે). એવો શબ્દ છે. ગરીબ છે, વરાંક છે, રાંકા છે બિચારા. આહાહા! જેને નિજ ઋદ્ધિની ખબર નથી અને પર ઋદ્ધિની વિશેષતામાં મોહીને જે પડ્યા છે... આહાહા! એ બિચારા વરાંકા–રાંકા છે, ભિખારી છે કહે છે. 'દેવીલાલજી'! આવી વાતું છે. આહાહા!

જેને ત્રણલોકનો નાથ આનંદસાગર પ્રભુ! જેની દશામાં શાંતરસ સહિત પ્રગટ્યો. આહાહા! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થતાં તેને એમાં શાંતરસ, આનંદરસ, ગર્ભિત અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય છે. મોક્ષમાર્ગમાં અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય છે. મોક્ષમાર્ગ એટલે આમ ને આમ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર ભાષા એમ નહિ. આહાહા! અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન, એની સન્મુખ થતાં, વર્તમાન દશામાં–હાલતમાં શાંતરસ અનંત આનંદના ગર્ભિત શાંતરસ પ્રગટ થાય છે. આહાહા! એનું નામ ધર્મ છે, એનું નામ મોક્ષનો માર્ગ છે, એનું નામ સુખના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પંથે પડ્યો એમ કહેવાય છે. બાકી બધા દુઃખને પંથે દોરાઈ ગયા છે. આહાહા! પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ, સંકલ્પ અને વિકલ્પ... આહાહા! એને પંથે દોરાઈ ગયા એ દુઃખી છે. એ દુઃખને વહોરીને દુઃખના પ્યાલા પીવે છે. આહાહા!

ધર્મીજીવે આનંદના પ્યાલા પીધા એ જગતને બતાવ્યા. કે જો ભાઈ! ધર્મ આને કહીએ, ભાઈ! શુદ્ધાંગ. આહાહા! એમાં તો એમ પણ નિષેધ કર્યો કે કોઈ નિમિત્તથી તે શુદ્ધાંગ પ્રગટ થાય એમ નથી. કોઈ દેવ-ગુરુની કૃપાથી પ્રગટ થાય, કે રાગની મંદતાની ક્રિયાથી પ્રગટ થાય એ વસ્તુ એમ નથી. એ જીવસ્વરૂપનો... છેલ્લો કળશ છે ને? એ જીવસ્વરૂપ જે ભગવાન પૂર્ણ આનંદ, પરથી વિમુખ અને સ્વથી સન્મુખ થતાં તે પ્રગટ થાય છે. અને પ્રગટ થતાં એને આનંદ અને શાંતરસ પ્રગટ થાય છે. આહાહા!

અહીં તો '**आलोकमुच्छलंति**' એનો અર્થ કર્યો જરી. કે '**સમસ્ત ત્રૈલોક્યમાં સર્વોત્કૃષ્ટ છે,...**' એક તો એ અર્થ કર્યો, કે આનંદનો રસ જે આત્માનો શાંતરસ, ધર્મરસ જે પ્રગટ થયો એ સર્વોત્કૃષ્ટ જગતમાં છે. એના જેવી અધિકતા અને ઉત્કૃષ્ટતા કોઈ ચીજ જગતમાં છે નહિ. '**સર્વોત્કૃષ્ટ છે,...**' અને '**उच्छलंति**' '**ઉપાદેય છે....**' એક વાત એ કીધી. '**અથવા લોકાલોકનો જ્ઞાતા છે.**' આહાહા! એ પર્યાયમાં એ દશા એવી પ્રગટ થઈ કે લોકાલોકને જાણે. આહાહા! સમજાણું કાંઈ?

'**લોકાલોકનો જ્ઞાતા છે.**' એમ શું કહ્યું? કે એની પર્યાયમાં એટલી તાકાત પ્રગટ થઈ... અંતર શક્તિમાં તો હતી, પણ પર્યાયમાં પ્રગટ થઈ કે જેનાથી લોકાલોક જાણે. લોકાલોક જાણે એ તો એની એક મહત્તા બતાવવા માટે. બાકી એની પર્યાય એટલી ઉત્કૃષ્ટ પ્રગટ થઈ, કે જેમાં સાધારણ લોકાલોક તો જાણવામાં આવી જાય એમ કહે છે. આહાહા! એ કોઈનો કર્તા નથી. પણ પૂર્ણને જાણ્યા વિના રહેતો નથી એવી એની દશા છે. આહાહા! આવું છે. આહાહા! ત્યારે લોકોને લાગે છે ને કે માર્ગ આ બધો 'સોનગઢવાળા'એ નવો કાઢ્યો. બાપુ! નવો નથી બાપુ! અનાદિનો આ છે, ભાઈ! અરે...! તને તારા ભગવાનની મહત્તા નથી. તારા પ્રભુની તને... આ પ્રભુ, હોં! ભગવાન પ્રભુ એની પાસે રહ્યા. તારો પરમાત્મા, તારો ભગવાન એની તને મહિમા નથી. એની મહિમા પરમાં ગઈ છે. કાં તો દયા, દાન, વ્રત, ભક્તિ કરી અને એનાથી થશે. એ મહિમા પરમાં ગઈ. મિથ્યાત્વભાવ છે. આહાહા!

'**હવે અનુભવ જેવો છે તેવો કહે છે—**' '**निर्भरम्**' '**અતિશય મગ્નપણે છે.**' આહાહા! છેલ્લો શબ્દ એ. ભગવાન આનંદપ્રભુ આત્મા છે. એની પર્યાયમાં અતીન્દ્રિય આનંદ પ્રગટ થયો, એ અતિશય મગ્નરૂપ દશા છે. સમજાણું કાંઈ? આહાહા! આવી વાત લોકોને—વ્યવહારવાળાને આકરું લાગે. એથી એકદમ (કહે), 'સોનગઢ'વાળા આમ કરે છે. અરે..! પ્રભુ! એમ રહેવા દે, બાપુ! આ તો ભગવાન કહે છે. સમજાય છે કાંઈ? જીવનો સ્વભાવ પરિપૂર્ણ છે તેવો પર્યાયમાં પ્રગટ થાય છે એ જીવના છેલ્લા કળશમાં જાહેર કર્યું છે. આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમજાણું કાંઈ? આહાહા!

એ અનુભવ અતિશય મગ્ન છે. આમ કહે છે કે લોકાલોકને જાણે છે. એ અપેક્ષાથી કહ્યું. બાકી છે તો પોતાના પર્યાયમાં મગ્ન. એ લોકોલોકમાં મગ્ન નથી. આહાહા! સમજાણું કાંઈ? શ્રુતજ્ઞાનમાં પણ લોકાલોક જણાય છે એવી એની તાકાત છે. આહાહા! એક જ્ઞાનની વર્તમાન પર્યાયમાં આખો ભગવાન જણાય છે એવી તાકાત છે. તો એ પર્યાયમાં આખો લોકાલોક જણાય એ તો સાધારણ વાત છે. કારણ કે લોકાલોક જાણે એ તો એક પર્યાય છે. એવી તો અનંતી પર્યાયનો પિંડ આખું દ્રવ્ય જ્યારે જ્ઞાનની પર્યાયમાં જણાય છે... આહાહા!

મુમુક્ષુ :– એમાં લોકાલોક જણાય જાય..

ઉત્તર :– તેમાં લોકાલોકની વાતું. શું કહે છે? એમ કરીને છેલ્લો આ સરવાળો કર્યો. કે એ લોકાલોકને જાણે છે એમ કહ્યું, શાંતરસ પ્રગટ્યો છે, પણ એ બધું અંતરમગ્નમાં અંદર છે. એ દશા કાંઈ લોકાલોકને જાણવા બહાર ગઈ નથી. આહાહા! સમજાણું કાંઈ? આવો ઉપદેશ એટલે માણસને... સાંભળ્યું ન હોય એવું લાગે. આ શું કાઢ્યું? બાપુ! માર્ગ આ છે, ભાઈ! તું પહેલા હા તો પાડ. સુખી થવાની, મોક્ષના માર્ગની આ જ રીત છે અને આ જ પદ્ધતિ છે. એ બતાવ્યું તને તો હા તો પાડ. અહીં તો બધાને અનુભવ કરવાનું કહ્યું. સમજાણું કાંઈ? પણ આ માર્ગ આ જ છે, પદ્ધતિ આ જ છે અને આ રીતે જ પ્રાપ્ત થાય છે. એની હા તો.. શ્રદ્ધા તો કર. સમજાણું કાંઈ? **'અતિશય મગ્નપણે છે.'** લ્યો, એ જીવ અધિકાર પહેલો પૂરો કર્યો.

---

## 'અજીવ અધિકાર'

**( શાર્દૂલવિક્રીડિત )**

**जीवाजीवविवेकपुष्कलदशा प्रत्याययत्पार्षदा-**
**नासंसारनिबद्धबन्धनविधिध्वंसाद्विशुद्धं स्फुटत्।**
**आत्मारामममनन्तधाम महसाध्यक्षेण नित्योदितं**
**धीरोदात्तमनाकुलं विलसति ज्ञानं मनो ह्लादयत्।।१-३३।।**

**ખંડાન્વય સહિત અર્થ :– 'ज्ञानं विलसति' ( ज्ञानं ) જ્ઞાન અર્થાત્ જીવદ્રવ્ય ( विलसति ) જેવું છે તેવું પ્રગટ થાય છે. ભાવાર્થ આમ છે કે અહીં સુધી વિધિરૂપે શુદ્ધાંગતત્ત્વરૂપ જીવનું નિરૂપણ કર્યું, હવે તે જ જીવનું પ્રતિષેધરૂપે નિરૂપણ કરે છે. તેનું વિવરણ–શુદ્ધ જીવ છે, ટંકોત્કીર્ણ છે, ચિદ્રૂપ છે એમ કહેવું તે વિધિ કહેવાય છે; જીવનું સ્વરૂપ ગુણસ્થાન નથી,**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કર્મ-નોકર્મ જીવનાં નથી, ભાવકર્મ જીવનું નથી એમ કહેવું તે પ્રતિષેધ કહેવાય છે. કેવું થતું થકું જ્ઞાન પ્રગટ થાય છે? 'मनो ह्लादयत्' ( मनः ) અન્તઃકરણેન્દ્રિયને ( ह्लादयत् ) આનન્દરૂપ કરતું થકું. વળી કેવું થતું થકું? 'विशुद्धं' આઠ કર્મોથી રહિતપણે સ્વરૂપરૂપે પરિણમ્યું થકું. વળી કેવું થતું થકું? 'स्फुटत्' સ્વસંવેદનપ્રત્યક્ષ થતું થકું, વળી કેવું થતું થકું ? 'आत्मारामम्' ( आत्म ) સ્વસ્વરૂપ જ છે ( आरामम् ) ક્રીડાવન જેનું એવું થતું થકું. વળી કેવું થતું થકું? 'अनन्तधाम' ( अनन्त ) મર્યાદાથી રહિત છે ( धाम ) તેજઃપુંજ જેનો એવું થતું થકું. વળી કેવું થતું થકું? 'अध्यक्षेण महसा नित्योदितं' ( अध्यक्षेण ) નિરાવરણ પ્રત્યક્ષ ( महसा ) ચૈતન્યશક્તિ વડે ( नित्योदितं ) ત્રિકાળ શાશ્વત છે પ્રતાપ જેનો એવું થતું થકું. વળી કેવું થતું થકું? 'धीरोदात्तम्' ( धीर ) અડોલ અને ( उदात्तम् ) બધાથી મોટું એવું થતું થકું. વળી કેવું થતું થકું? 'अनाकुलं' ઇન્દ્રિયજનિત સુખદુઃખથી રહિત અતીન્દ્રિય સુખરૂપ બિરાજમાન થતું થકું. આવો જીવ જે રીતે પ્રગટ થયો તે કહે છે–'आसंसारनिबद्धबन्धनविधिध्वंसात्' ( आसंसार ) અનાદિ કાળથી ( निबद्ध ) જીવ સાથે મળેલાં ચાલ્યાં આવતાં ( बन्धनविधि ) જ્ઞાનાવરણકર્મ, દર્શનાવરણકર્મ, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર, અન્તરાય એવાં છે જે દ્રવ્યપિંડરૂપ આઠ કર્મ તથા ભાવકર્મરૂપ છે જે રાગ-દ્વેષ-મોહપરિણામ–ઇત્યાદિ છે જે બહુ વિકલ્પો, તેમના ( ध्वंसात् ) વિનાશથી જીવસ્વરૂપ જેવું કહ્યું છે તેવું છે. ભાવાર્થ આમ છે કે જેવી રીતે જળ અને કાદવ જે કાળે એકત્ર મળેલાં છે તે જ કાળે જો સ્વરૂપનો અનુભવ કરવામાં આવે તો કાદવ જળથી ભિન્ન છે, જળ પોતાના સ્વરૂપે છે, તેવી રીતે સંસાર-અવસ્થામાં જીવ-કર્મ બંધપર્યાયરૂપે એક ક્ષેત્રે મળેલાં છે તે જ અવસ્થામાં જો શુદ્ધસ્વરૂપનો અનુભવ કરવામાં આવે તો સમસ્ત કર્મ જીવસ્વરૂપથી ભિન્ન છે, જીવદ્રવ્ય સ્વચ્છસ્વરૂપે જેવું કહ્યું તેવું છે. આવી બુદ્ધિ જે રીતે ઊપજી તે કહે છે–'यत्पार्षदान् प्रत्याययत्' ( यत् ) જે કારણથી ( पार्षदान् ) ગણધર-મુનીશ્વરોને ( प्रत्याययत् ) પ્રતીતિ ઉપજાવીને. ક્યા કારણથી પ્રતીતિ ઊપજી તે જ કહે છે–'जीवाजीवविवेकपुष्कलदशा' ( जीव ) ચૈતન્યદ્રવ્ય અને ( अजीव ) જડ–કર્મ-નોકર્મ-ભાવકર્મ તેમના ( विवेक ) ભિન્નભિન્નપણારૂપ ( पुष्कल ) વિસ્તીર્ણ ( दृशा ) જ્ઞાનદૃષ્ટિથી. જીવ અને કર્મનો ભિન્નભિન્ન અનુભવ કરતાં જીવ જેવો કહ્યો છે તેવો છે. ૧-૩૩.

## કળશ-૩૩ ઉપર પ્રવચન

બીજો અજીવ અધિકાર. ૩૩મો કળશ. આ શું અજીવ અધિકાર છે? અંદર કહેશે. કે જીવ અધિકારમાં આનંદ છે, જ્ઞાન છે, શાંતિ છે. એમ પોતાની વિધિથી એનું વર્ણન કર્યું. હવે આમાં નિષેધથી વર્ણન (કર્યું છે) કે આત્મામાં શરીર નથી, વાણી નથી, રાગ નથી, ગુણસ્થાન ભેદ નથી. એમ નિષેધથી આમાં વાત કરશે. પહેલામાં અસ્તિથી વાત કરી હતી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કે આત્મા આનંદ છે, જ્ઞાન છે, શુદ્ધ છે, ચૈતન્ય છે, પરિપૂર્ણ છે. હવે એનામાં નથી એમ નાસ્તિથી વાત કરે છે. સમજાણું કાંઈ?

**जीवाजीवविवेकपुष्कलदशा प्रत्याययत्पार्षदा-**
**नासंसारनिबद्धबन्धनविधिध्वंसाद्विशुद्धं स्फुटत्।**
**आत्मारामममनन्तधाम महसाध्यक्षेण नित्योदितं**
**धीरोदात्तमनाकुलं विलसति ज्ञानं मनो ह्लादयत्।।३३।।**

જે અનંતઆનંદનું ધામ ભગવાન આત્મારામ છે. આહાહા!

આહાહા! **'ज्ञानं विलसति' 'જ્ઞાન અર્થાત્ જીવદ્રવ્ય...' 'विलसति' 'જેવું છે તેવું પ્રગટ થાય છે.'** આહાહા! જેવું જેનું ગંભીર આ જ્ઞાન-દર્શન અને આનંદ સ્વરૂપ હતું એવી જ પર્યાયમાં આનંદ આદિ ગંભીર દશા પ્રગટ થઈ. આહાહા!

'ચારિત્રપાહુડ'માં કહ્યું છે ને? કે એ પ્રગટદશા જે છે. મોક્ષનો માર્ગ, હોં! હજી, એને અક્ષય અને અમેય કહ્યો છે. વસ્તુ જે છે એ અક્ષય અને અમેય મર્યાદા રહિત તો છે પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં એનું ભાન થયું, એ દશાને અક્ષય અને અમેય કીધી છે. 'ચારિત્રપાહુડ', 'અષ્ટપાહુડ'માં. અક્ષય... આહાહા! તે પર્યાય હવે નાશ નહિ થાય. આહાહા! અને અમેય જેની મર્યાદા નથી. એવી દશા છે ઇ. આ તો મોક્ષના માર્ગની પર્યાયની વાત. આહાહા! વસ્તુ તો દ્રવ્ય-ગુણ જે છે એ તો અક્ષય અમેય છે. મેય એટલે માપ વિનાની અમેય ચીજ છે એ તો. આહાહા!

ભગવાનઆત્માનું જે સ્વસન્મુખની દશાનું સમ્યગ્દર્શન અને જ્ઞાન-ચારિત્રનું થવું, એ અક્ષય અને અમેય છે. આહાહા! એ ભગવાન રાગ અને પુણ્યની ક્રિયાથી પ્રાપ્ત થાય એવો નથી, એમ કહે છે. અક્ષય-અમેય વસ્તુ છે એ પરમાં નાશ થાય અને રાગાદિ ક્રિયા એનાથી કેમ પ્રાપ્ત થાય? આહાહા! સમજાણું કાંઈ? માર્ગ આવો બાપુ છે. આહા..! અનંતકાળથી કાંઈ કર્યું નથી એથી એને આકરું લાગે છે. અને સાધારણને તો એમ લાગે છે કે આ તો એકલી નિશ્ચયની વાત છે. કાંઈ વ્યવહારથી થાય એવી વાત તો આવતી નથી. પણ એ તો એ જ કહે છે કે વ્યવહારથી ત્રણકાળમાં ન થાય. રાગથી ન થાય. એ દશા જેની છે. આહાહા! અક્ષય અમેય દશા અક્ષય અમેય ચીજને આશ્રયે થયેલી, એ રાગને આશ્રયે થાય એ ત્રણકાળમાં છે નહિ. આહાહા! આવી વાતું છે.

આબાળ-ગોપાળ, શરીર નાના હોય, મોટા હોય, સ્ત્રીના હોય, પુરુષના હોય, બાળકના હોય. ભગવાન તો અંદર પરિપૂર્ણ આનંદથી બિરાજમાન છે. આહાહા! એમાં આ બધું નથી. બાળ, યુવાન, વૃદ્ધ, સ્ત્રી, કુટુંબ, દેહ આદિ એમાં નથી. અજીવ અધિકાર છે ને? એ બધા અજીવ છે. અજીવ એટલે આ જીવ નહિ. આહાહા! આત્મા ને અણાત્મા નહોતું આવ્યું?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા! આ આત્મા સિવાય બીજી ચીજો બધી અણાત્મા છે. એ આ આત્મા નહિ. એ અણાત્માનો પ્રભુ! આત્મામાં અભાવ છે. આહાહા! પરમેશ્વર, ત્રિલોકનાથ, તીર્થંકરદેવ એ પણ અણાત્મા. આ આત્માની અપેક્ષાએ પર છે. એનો આમાં અભાવ છે. 'પંકજભાઈ'! 'મુંબઈ'માં આવું મળે એવું નથી. થોડું ઘણું આવે ત્યાં. પણ આટલું બધું એકસાથે ઘણી બધી વાત (ન આવે). આહાહા! શું થાય? માર્ગને... આહાહા! પ્રભુ સાક્ષાત્ બિરાજે છે ને. એ ભગવાન બિરાજે છે અને આ ભગવાન અંદર સાક્ષાત્ બિરાજે છે. આહાહા! એનો આશ્રય લેતાં, જેવું છે એવું પ્રગટ થાય છે. એ વસ્તુ જેવી છે એવી એની દશામાં વીતરાગપણે, જ્ઞાનપણે, આનંદપણે પ્રગટ થાય છે. આહાહા!

**'ભાવાર્થ આમ છે કે અહીં સુધી વિધિરૂપે શુદ્ધાંગતત્ત્વરૂપ જીવનું નિરૂપણ કર્યું,...'** જીવ અધિકાર. વિધિ એટલે છે, એમ. જીવ આવો છે... જીવ આવો છે... જીવ આવો છે... **'શુદ્ધાંગતત્ત્વરૂપ જીવનું નિરૂપણ કર્યું,...'** એની પર્યાય આવી હોય, એની પર્યાય આવી હોય, પવિત્ર હોય, વીતરાગતા હોય... આહાહા! એવું કથન કર્યું. આ તો આખો સંસાર જેમાં નથી. ખરેખર સંસાર છે એ મિથ્યાત્વ સંસાર છે. મિથ્યાત્વ તે સંસાર છે. જે મિથ્યાત્વ એ સંસાર (છે) તે સ્વરૂપમાં નથી. અને જ્યાં સમ્યગ્દર્શન થાય છે તો એની પર્યાયમાં પણ મિથ્યાત્વ અને સંસાર નથી. આહાહા! સમજાણું કાંઈ?

**'અહીં સુધી વિધિરૂપે શુદ્ધાંગતત્ત્વરૂપ જીવનું નિરૂપણ કર્યું, હવે તે જ જીવનું પ્રતિષેધરૂપે નિરૂપણ કરે છે. તેનું વિવરણ–'** તેનું કથન. **'શુદ્ધ જીવ છે, ટંકોત્કીર્ણ છે,...'** શુદ્ધ વસ્તુ છે. ટંકોત્કીર્ણ એવી ને એવી વસ્તુ આમ શાશ્વત ધ્રુવ પડી છે. આહાહા! એ બધું વિધિથી કહેવાય. **'ચિદ્રૂપ છે...'** જ્ઞાનરૂપ છે... જ્ઞાનરૂપ છે... એકલું જેનું સ્વરૂપ જ્ઞાનરૂપ (છે). ભગવાનઆત્માનું સ્વરૂપ-સ્વ-રૂપ જ્ઞાનરૂપ. એ જ્ઞાનરૂપ છે. એમ અસ્તિથી સિદ્ધ કર્યું. આહાહા! **'એમ કહેવું તે વિધિ કહેવાય છે;...'** છે ને? એ અસ્તિથી કહ્યું. વિધિ એટલે અસ્તિથી. ભગવાન ચિદ્રૂપ છે. જેનું સ્વ રૂપ જ્ઞાન છે, ત્રિકાળી જ્ઞાનની જ્યોતસ્વરૂપ છે, શાશ્વત છે, ટંકોત્કીર્ણ છે, એમ જે કહ્યું એ વિધિ. અસ્તિથી કહ્યું, એમ. અરે..! આવી ક્યાં માણસને નવરાશે ક્યાં છે? આહાહા!

રાત્રે વિકલ્પ આવ્યો હતો. આ બાયું કરે છે ને? સેવ ને શું કીધું? વડી અને પાપડ. અર..ર..! એ વખતે જાણે આમ... મગ હોય ને? મગના, અડદના, ચોખાના અને જુવારના પણ કરે છે. બે-ચાર બાયું ભેગી થઈને પાપડ... પાપડ (બનાવે). આહાહા! ત્યારે બધું સુકાઈ ગયું ત્યાં ને ત્યાં. એ બધી ક્રિયા જડની થાય છે તેનો જાણનાર હું જુદો છું. એ નજરમાં રહ્યો નહિ. નજરમાં ઓલી ક્રિયા થાય અને એમાંથી આવું થયું... એમાંથી આવું થયું... એમાંથી આવું થયું... આહાહા! પાછા એ પાપડને સરખા શેકતા આવડવું જોઈએ. આ બાજુ બહુ બળી ન જાય, આ બાજુ બળી ન જાય. આહાહા! શું છે? પ્રભુ! શું આ છે? એ તો બધી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જડની ક્રિયા છે. એ તારું કર્તવ્ય નહિ અને તેં કર્યું નથી. તારામાં એ નથી. અહીં નિષેધ આવે છે ને? એ ક્રિયાઓ તારામાં નથી. આહાહા! આવું અભિમાન ખસી જવું... આકરું કામ. આહાહા! કહો, 'પંકજભાઈ'! આમ હીરાને અંદરથી પરખતા હોય ને... આહાહા! એમાં વળી એવા હીરા-માણેક ખપ્યા હોય તો દિવસમાં હજાર-બે હજાર પેદા થઈ જાય. આહાહા! આજ તો દિવસ કોઈ ઊગ્યો હતો ને... તમારી સામું જોયું એણે. આહાહા! આ તો દાખલો છે. એકને શું બધાને ઘરે જે જાતનું હોય એ કરે છે ને. આહાહા! કરતો નથી, થાય છે. એ થયેલી ક્રિયા ભગવાનઆત્મામાં નથી. આહાહા! એમ અજીવના દ્રવ્ય ને ગુણ ને અજીવની પર્યાયો અને રાગ પણ એક અજીવ છે. આહાહા! એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આમાં નથી એમ નિષેધથી હવે અસ્તિ કરે છે. આહાહા! સમજાણું કાંઈ? આવી વાતું છે. આહાહા! શું કીધું? જુઓ!

**'જીવનું સ્વરૂપ ગુણસ્થાન નથી,...'** આહાહા! રાગાદિ તો પછી લેશે. આ પહેલું, બીજું, ત્રીજું, ચોથું ગુણસ્થાન એવા ભેદ જીવમાં નથી, એ જીવનું સ્વરૂપ નથી. આહાહા! ઓલામાં અસ્તિથી કહ્યું, હવે અહીં નાસ્તિથી કહે છે. ગુણસ્થાનના ભેદો એ આત્મામાં નથી. આહાહા!

**'કર્મ-નોકર્મ જીવના નથી,...'** એ જડકર્મ, શરીર અને વાણીની ક્રિયા એ નોકર્મ. શરીર અને વાણીની ક્રિયા આદિ તે નોકર્મ, એ જીવમાં નથી. આહાહા! એ શરીરની હાલવા-ચાલવાની ક્રિયા થાય એ જીવમાં નથી. બોલવાની ક્રિયા વાણીની થાય નોકર્મની... આહાહા! એ ભગવાનઆત્મામાં નથી. એ તો અજીવમાં છે. આહાહા! પહેલેથી એ કીધું હતું ને? જીવ-અજીવ વિવેક. પહેલી છે ને? એ આગળ આવશે. **'जीवाजीवविवेकपुष्कलदशा'**. જીવ-અજીવની ભિન્નતાની વિસ્તીર્ણ દશા, વિશાળ દશા, વિવેક દશા. આહાહા! પહેલું પદ છે ને? દ્રવ્યકર્મ, નોકર્મ જીવના નથી, ભાવકર્મ જીવનું નથી. આહાહા! દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ અને શાસ્ત્ર તરફની બુદ્ધિ વ્યભિચારિણી જે છે... આહાહા! એ જીવમાં નથી. આહાહા! આવું છે.

**'એમ કહેવું તે પ્રતિષેધ કહેવાય છે.'** ઓલું આવ્યું હતું ને? કે **'ચિદ્રૂપ છે એમ કહેવું તે વિધિ કહેવાય છે;...'** ઉપર આવ્યું હતું. અને આ કહેવું કે **'પ્રતિષેધ કહેવાય છે.'** આહાહા! **'કેવું થતું થકું જ્ઞાન પ્રગટ થાય છે?'** ભગવાન જીવદ્રવ્ય. જ્ઞાન એટલે જીવદ્રવ્ય. જીવદ્રવ્ય **'કેવું થતું થકું જ્ઞાન પ્રગટ થાય છે?'** પર્યાયમાં. સમજાણું કાંઈ? અરે..! આવી વાતું કોઈ દિ' અપાસરે મળે નહિ, દેરાસરમાં મળે નહિ. એય..! 'શાંતિભાઈ'! અમારા બ્રહ્મચારી 'શાંતિભાઈ' છે. આહાહા! આવી વાત... આહાહા! અંદરમાં આનંદથી દરિયો ડોલે એમાં આવા ગુણસ્થાનના, વિકારના, ભાવકર્મના ભાવો પ્રભુ! એમાં નથી. આહાહા! આવું તારું સ્વરૂપ છે. આહાહા! એને તું ઓળખ, જ્ઞાન કર, શ્રદ્ધા કર ને રમ. તો તારું સુખના પંથે પડતા સુખ પ્રાપ્ત થશે. પૂર્ણ સુખ એ મોક્ષ. આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'કેવું થતું થકું જ્ઞાન પ્રગટ થાય છે?'** આહાહા! જ્ઞાન એટલે આત્મા. આત્મા પ્રગટ થતો કેવો થાય? **'मनो ह्लादयत्' 'અન્તઃકરણેન્દ્રિયને આનન્દરૂપ કરતું થકું.'** આહાહા! કહે છે કે એ ભગવાનઆત્મા પ્રગટ થાય છે એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાનમાં એ જણાય છે પણ એમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેતું પ્રગટ થાય છે. આહાહા! જે પુણ્ય-પાપના, રાગાદિના ભાવો હતા, એ તો દુઃખરૂપ ભાવ હતા. એમાં એનો તો અભાવ છે. એવો જે સ્વભાવભાવ જ્યાં પ્રગટ્યો, કહે છે કે અતીન્દ્રિય આનંદરૂપ કરતું થકું પ્રગટ થાય છે. આહાહા! સમ્યગ્દર્શન-જ્ઞાનમાં અતીન્દ્રિય આનંદ આવે છે, કહે છે.

લોકો કહે છે ને કે ભાઈ! ચારિત્ર તો દુઃખરૂપ છે, મહા કષ્ટદાયક છે, મીણના દાંતે લોઢાના ચણા ચાવવા, એવું ચારિત્ર છે. એમ નથી એમ કહે છે. એ તો અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેતું ચારિત્ર પ્રગટ થાય છે. આહાહા! સમજાણું કાંઈ? આવી વાતું! હવે આખી દુનિયામાં પડવું. આખો દિ' આ હોળી સળગે. એમાં વળી આ. એય..! 'ધર્મચંદજી'! દવાખાનું, આ દવા. છોકરો કામ કરતો હોય અને બાપુજી આવે એટલે ઓ..હો..! બાપુજી મારી સંભાળ તો લે છે. આહાહા! ભગવાન! પણ તેં તારી સંભાળ ન કરી, હોં! તારી દુકાન ન ચલાવી તેં. તારા દુકાનનો વેપાર તો આનંદગર્ભિત પર્યાય એ તારો વેપાર છે. આહાહા! શું કીધું?

**'मनो ह्लादयत्' 'અન્તઃકરણેન્દ્રિય...'** એ તો નિમિત્તથી વાત કરી. આત્માની દશામાં આનંદરૂપ કરતું થકું એ જીવ પ્રગટ થાય છે. આહાહા! જે શક્તિરૂપે અતીન્દ્રિય આનંદ હતો એટલે કે જેનું સામર્થ્ય જ અતીન્દ્રિય આનંદ હતું, એવા સામર્થ્યને જ્યાં પ્રગટપણે પર્યાયમાં માન્યું, જાણ્યું, અનુભવ્યું, ત્યારે તેને અતીન્દ્રિય આનંદ પ્રગટરૂપે પર્યાયમાં આવે છે. આહાહા! ધર્મ થતાં અતીન્દ્રિય આનંદનો ગર્ભિત સ્વાદ ભેગો હોય છે, કહે છે. આહાહા! જેમ સંસારના પૈસા કે આબરૂ, કીર્તિના સ્વાદમાં વિકલ્પથી જેમ સુખ માને છે એ દુઃખ છે. ત્યાં વિકલ્પથી માને કે (સુખ છે). અહીંયાં જતા કહે છે કે.. આહાહા! એ નિર્વિકલ્પ દૃષ્ટિ અને અનુભવ થતાં જે આત્મા પર્યાયમાં આવે છે એ અનંત આનંદ લેતો આવે છે, કહે છે. આહાહા! આવું સ્વરૂપ છે. બહારમાં ઘેરાઈ ગયો એટલે આ અંતર ચીજ ઘેરાયા વિનાની એને સૂઝતી નથી. આહાહા! ઘેરો ઘાલ્યો. નથી આવતું? આહાહા! મોહ તૃષ્ણાએ ઘેરો ઘાલ્યો. ૪થી ગાથામાં આવે છે ને? આહાહા!

અહીં તો કહે છે કે જ્યાં આત્મા અસ્તિ વસ્તુ તરીકે જે વર્ણવ્યું, હવે એને કહે છે કે નાસ્તિથી વર્ણવીએ છીએ. એમાં હવે દુઃખ નથી. ધર્મ પ્રગટ થતાં તેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. એય..! સમજાણું કાંઈ? **'આનંદરૂપ કરતું થકું.'** પ્રગટ થાય છે. **'વળી કેવું થતું થકું?' 'विशुद्धं' 'આઠ કર્મોથી રહિતપણે...'** એકદમ પૂર્ણ દશા લીધી. આઠ કર્મોથી... વિશુદ્ધ છે ને? વિશેષે શુદ્ધ. **'સ્વસ્વરૂપે પરિણમ્યું થકું.'** આહાહા! આઠ કર્મથી રહિત અને પોતાના શુદ્ધ સ્વરૂપે પરિણમતું થકું-સહિત. આહાહા! આવું થતું પ્રગટ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વળી **'स्फुटत्' 'કેવું થતું થકું?' 'स्फुटत्' 'સ્વસંવેદનપ્રત્યક્ષ થતું થકું.'** આહાહા! છે ને? સ્ફુટ પ્રગટ, સ્પષ્ટ. આહાહા! **'સ્વસંવેદનપ્રત્યક્ષ થતું થકું.'** એ આપણે આવ્યું હતું, નહિ? બંધવિનાશાર્થે. આનંદની અનુભૂતિ જેનું માત્ર લક્ષણ છે એવું સ્વસંવેદનજ્ઞાન. સ્વસંવેદનજ્ઞાન એને કહીએ કે જેમાં અનુભૂતિ, આનંદની અનુભૂતિનો ભાવ અંદર ભેગો છે. અને તે અનુભૂતિનો આનંદ માત્ર જેનું લક્ષણ છે. સ્વસંવેદન, સ્વને વેદવું, જ્ઞાનને પોતાથી જાણવું, એનું લક્ષણ આનંદની અનુભૂતિમાત્ર જેનું લક્ષણ છે. આહાહા! કહો, 'કાંતિભાઈ'! સમજાય છે આમાં? બધી વાતું આવી છે.

કહે છે, **'स्फुटत्' 'સ્વસંવેદનપ્રત્યક્ષ થતું થકું.'** આહાહા! પોતે સ્વ, પોતાનું સં-પ્રત્યક્ષ વેદન. એવું પ્રત્યક્ષ થતું પ્રગટ થાય છે. આહાહા! કળી જેમ ખીલી અને ખીલે અને બહાર આ પૂરી થાય, એમ આ કળી ખીલી ગઈ, કહે છે. ભગવાન જે સંકોચરૂપે પર્યાયમાં હતો, શક્તિમાં તો પૂર્ણ હતો પણ પર્યાયમાં જે અવસ્થામાં સંકોચ હતો, એ સંકોચ તૂટીને કળીનો વિકાસ થઈ ગયો. ગુલાબનું ફૂલ આવે છે ને? હજાર પાંખડીનું. એવું તો ત્યાં છે. ગુજરાતમાં 'ચીખલી' નથી? ગુજરાતમાં 'ચીખલી' છે. ત્યાં એક મોટું તળાવ છે. ત્યાં હજાર પાંખડીનું ગુલાબ થાય છે. અમે ત્યાં ગયા તે દિ' નહોતું. સુકાઈ ગયું હતું. પણ કહે, અહીંયાં હજાર પાંખડીનું ગુલાબ થાય છે. એક ગુલાબનું ફૂલ, (એની) હજાર પાંખડી. ગુજરાતમાં 'ચીખલી' છે 'ચીખલી'. ત્યાં ગયા હતા. વ્યાખ્યાન વાંચ્યું હતું. બહુ માણસ ભેગું થયું હતું. (સંવત) ૨૦૧૩ની સાલમાં 'મુંબઈ' જતાં 'ચીખલી' (આવે) છે. ત્યાં તો કોઈ એમ કહેતું કે અમુક ઠેકાણે તો લાખ પાંખડીનું કમળ છે. ત્યાં સાંભળ્યું છે. તળાવ પાસે નીકળ્યા હતા ત્યારે બતાવ્યું હતું કે આ તળાવમાં હજાર પાંખડીનું કમળ થાય છે. ત્યાં કોઈકે એમ પણ કહ્યું કે લાખ પાંખડીનું કમળ થાય છે. આમ ખીલે ત્યારે લાખ પાંખડીથી ખીલી નીકળે.

એમ આ અનંતઆત્મા ભગવાન અનંતશક્તિઓ, એની પર્યાયમાં અનંત-અનંત શક્તિની વિકાસરૂપે પ્રગટ થાય છે. આહાહા! ઓલી તો લાખ જ છે. અહીં તો અનંત છે. આવો માર્ગ છે. આહાહા!

અરે..રે..! સાંભળવા મળે નહિ એને. એની રીત અને પદ્ધતિ શું છે? એ પ્રગટે ત્યારે શું દશા હોય છે? આહાહા! મોક્ષમાર્ગ પ્રગટે અને પૂર્ણ પ્રગટે એની દશા કેવી હોય છે. આહાહા! અને પ્રગટવાની રીતની પદ્ધતિ કેવી છે? એ પરના અભાવસ્વભાવથી પ્રગટે છે. આહાહા! એને અહીં કહે છે કે વ્યવહારથી પણ પ્રગટે એમ માનો તો તમારું અનેકાંત છે, એમ કહે છે. નહિ તો એકાંત છે, એમ કહે છે. એકાંત છે. એક 'જ્ઞાનમતિ' છે ને? એ વળી એમ કહે છે, એકાંત છે. હવે આ પચ્ચીસ-પચ્ચીસ લાખના કરાવે છે, નહિ? જંબુ. ત્યાં ક્યાંક જંબુદ્વીપ કરાવે છે. 'દિલ્હી-દિલ્હી'! એક મેરુ કરાવે છે. મોટો મેરુ. એમાં શું થયું? બાપા! ભાઈ! આહાહા! એ લોકોને એવું માનવું છે કે, એ આ જે વ્રતાદિ (પાળીએ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છીએ).... જો કે વ્રત તો છે નહિ, સમકિત વિના વ્રત હોઈ શકે જ નહિ, પણ એ માનેલા વ્રત છે, એનાથી ક્રમે ક્રમે અમારું કલ્યાણ થશે. પ્રભુ! એ લોકોને આકરું લાગે, દુઃખ લાગે. પણ અહીં તો પ્રભુ એમ કહે છે... આહાહા!

એ પ્રત્યક્ષ થતું પ્રગટ થાય છે. ચોથે ગુણસ્થાને પણ અંશે પ્રગટ છે. તેરમે ગુણસ્થાને પ્રત્યક્ષ પૂર્ણ પ્રગટ છે. આહાહા! બીજ છે તે પછી પૂનમરૂપે થાય છે. જોકે બીજનો અભાવ થઈને થાય છે, પણ ભાષા તો એમ કહેવાય ને? એમ આત્માનું સ્વસંવેદન સુખ આનંદની અનુભૂતિ જેનું એક જ લક્ષણ છે. એવું સ્વસંવેદનજ્ઞાન એ પ્રત્યક્ષ થાય ત્યાં ભેગો આનંદ સાથે છે. આહાહા! અનુભવની મહોરછાપ-ટ્રેડમાર્ક, અતીન્દ્રિય આનંદનો માર્ક એમાં પડ્યો છે. એનો ટ્રેડમાર્ક અતીન્દ્રિય આનંદ છે. આહાહા!

આપણે પાંચમી ગાથામાં આવ્યું છે ને? 'કુંદકુંદાચાર્ય' કહે છે. અમારો નિજ વૈભવ. આ ધૂળનો એ નહિ, પુણ્યનો નહિ. આહાહા! અમારા આનંદનો જે નિજ વૈભવ પ્રગટ્યો છે અને અમને શાંતિ આદિ અનંત શક્તિઓનો વિકાસ થયો છે, એવા અનુભવની મહોરછાપ શું છે? ટ્રેડમાર્ક શું છે? કે પ્રચુર જેનું (સ્વ)સંવેદન આનંદ એની મહોરછાપ છે. આહાહા! આ પોસ્ટમાં નથી કરતા? એમ ભગવાનઆત્મા પોતાના સ્વરૂપનો અનુભવ અને દૃષ્ટિ કરે ત્યાં આગળ અતીન્દ્રિય આનંદ ભેગો છે એ એની મહોરછાપ છે. આહાહા! સમજાણું કાંઈ? આવી વાતું છે. એય..! અરે..રે..! માણસપણું મળ્યું, જૈનસંપ્રદાયમાં જન્મ મળ્યો. આહાહા! એમાં પણ આ વાત આવી સાંભળવા ન મળે તો પછી એ શું કરે? એની રીત શું છે એ શી રીતે કરે?

અહીં તો કહે છે, **'સ્વસંવેદન પ્રત્યક્ષ...'** **'स्फुटत्'** છે ને? **'स्फुटत्'** પ્રત્યક્ષ? અને એનામાં ૪૭ શક્તિમાં પ્રત્યક્ષ ગુણ છે ને એ? ૧૨મી શક્તિ. પ્રકાશશક્તિ-પ્રકાશશક્તિ. એનો સ્વભાવ જ સ્વસંવેદન થવું એવો જ એનો સ્વભાવ છે. આહાહા! પ્રત્યક્ષ આત્માના આનંદનો સ્વાદ આવવો એવો જ એનો સ્વભાવ છે. આહાહા!

**'વળી કેવુ થતું થકું?'** આહાહા! આત્મદ્રવ્ય કેમ પ્રગટ્યું? કેવું થતું થકું પ્રગટ્યું? એમ કહે છે. આ પર્યાયમાં પ્રગટવાની વાત છે, હોં! **'आत्मारामम्'** **'સ્વસ્વરૂપ...'** આત્મા એટલે **'સ્વસ્વરૂપ જ છે.'** **'आरामम्'** **'ક્રીડાવન જેનું...'** જેની દશામાં આનંદનું રમવું એ એની ક્રિડા છે. આહાહા! બાગમાં રમવા જાય આમ જ્યાં ફૂલ ઝાડ હોય ત્યાં. હજારો ફૂલઝાડ હોય ને. એમાં મજા માને ને પછી? આહાહા! એમાં શીખંડ-પૂરી ઉડાડતા હોય અને બાગમાં બેઠા હોય. પતરવેલીયાના ભજીયા (ખાતા હોય), એમાં સીગારેટ પીતા જાય. દુઃખમાં દાઝી ગયેલા છે બિચારા.

અહીં કહે છે... આહાહા! **'आत्म'** **'आरामम्'** આત્મરામનો આત્મા અનંત ધામમાં એને ક્રીડાવન છે. એની આનંદની દશામાં જેની ક્રીડા અને વિલાસ છે. સમજાણું કાંઈ? આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દિગંબર સંતો (સિવાય) આવી વાત ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? બીજાને ખોટું લાગે, દુઃખ લાગે. શું થાય? ભાઈ! દિગંબર સંતો સિવાય આવી વાત ક્યાંય છે નહિ. દિગંબર સંતોએ જગતને થોડામાં પણ બહુ કહી દીધું છે. ગાગરમાં સાગર ભરી દીધો છે. આહાહા! એ સર્વજ્ઞના, પરમાત્માના કેડાયતો હતા. એ સર્વજ્ઞના કેડાયતે જાવું હોય તો આ માર્ગ છે, કહે છે. આહાહા! શું થાય? વાડા પડ્યા, ભંગ પડ્યા બધા. એમાં આવી વાતને માનવી અને ઓળખવી કઠણ પડે. આહાહા!

જુઓને! એક શ્લોક તો જુઓ! 'અમૃતચંદ્રાચાર્ય' આ કળશ કરે છે. આહાહા! કેવો થતો ભગવાનપ્રગટ થાય છે આત્મા? છે ને? **'आत्मारामम्'** જેનું **'ક્રીડાવન જેનું એવું થતું થકું.'** એટલે જેને હવે પોતાનું સ્વરૂપ જ ક્રીડાવન છે. આહાહા! રાગમાં રમતો આત્મારામ તો હરામી છે, કહે છે. આહાહા! અને આત્મા આત્માના આનંદમાં રમે તેને આત્મારામ કહીએ. રાગમાં રમે તેને હરામી કહીએ. સમજાણું કાંઈ? આવી વાતું હવે.

જેનું ક્રીડાવન સ્વસ્વરૂપ જ છે. **'आत्म'** **'आरामम्'** **'आत्म'** એટલે સ્વસ્વરૂપ, **'आरामम्'** એટલે ક્રીડાવન. આનંદની દશામાં રમવું એ એનો આરામ છે. આહાહા! આરામ કરો.. આરામ કરો... આરામ કરો... માણસ નથી કહેતા? બહુ થાકી ગયા હોય તો (કહે), બે મહિના આરામ કરો. નહિતર... શું કહેવાય એ તમારું? હાર્ટએટેક. હાર્ટએટેક આવે ને પછી બે મહિના ચાલશો નહિ. ખાટલામાં બેઠા-બેઠા ખાવું. આરામ કરો. એ આરામ નહિ, આરામ આ (છે). આરામ કરો, પ્રભુ! તમારી આનંદદશામાં આરામ કરો, પ્રભુ! આહાહા! કહે છે કે નહિ? બે મહિના, મહિના ઉઠવું નહિ, બહુ બોલવું નહિ. નહિતર હાર્ટની ઉપર અસર થશે તો એકદમ દેહ છૂટી જશે. આહાહા! અહીં પરમાત્મા કહે છે કે તારા આત્મામાં આરામ કર ને. આહાહા! સ્વસ્વરૂપ જ જેનું ક્રીડાવન છે. આહાહા!

**'વળી કેવું થતું થકું?'** **'अनन्तधाम'** જેનું **'अनन्त'** એટલે **'મર્યાદા રહિત છે'** **'धाम'** એટલે **'તેજઃપુંજ...'** આહાહા! પર્યાયની વાત છે, હોં! આ પ્રગટ થયું એ પર્યાય આવી છે. આહાહા! **'મર્યાદાથી રહિત...'** તેથી કીધુંને? અમેય કીધું હતું ને? અમેય. આહાહા! ચારિત્ર અધિકારમાં. **'તેજઃપુંજ જેનો એવું થતું થકું.'** આહાહા! એવો ભગવાનઆત્મા પોતે પ્રગટ જ્યારે સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ કરીને થાય છે, ત્યારે પોતામાં ક્રીડાવન આનંદમાં રમે છે એ. આહાહા! એને આત્મા પ્રગટ્યો એમ કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્રાવણ સુદ ૧, રવિવાર તા.૧૭.૦૭.૧૯૭૭
## કળશ - ૩૩, પ્રવચન - ૪૨

'કળશટીકા' અજીવ અધિકારનો પહેલો શ્લોક છે. ફરીને થોડું લઈએ. અહીંયાં કહે છે કે આ આત્મા જે વસ્તુ છે (એ) ચૈતન્યશક્તિની સંપદાથી ભરેલો (છે). એને પ્રથમ અધિકારમાં એમ વર્ણવ્યું કે એ વસ્તુ છે, શુદ્ધ છે, પવિત્ર છે એમ વગેરે. આમાં હવે (એમ વર્ણવશે કે) એમાં રાગ નથી, ગુણસ્થાનભેદ નથી. દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ એ બધા અજીવ છે, એ એમાં નથી એમ અહીં સિદ્ધ કરીને ચૈતન્યનો પ્રકાશ પ્રગટ થાય છે એનું આમાં વર્ણન છે.

પહેલો **'ज्ञान'** શબ્દ આવ્યો છે ને? **'જીવ દ્રવ્ય જેવું છે તેવું પ્રગટ થાય છે.'** જેવો ચૈતન્યસ્વભાવ અતીન્દ્રિય આનંદ, જેનો ત્રિકાળી સ્વભાવ એની સન્મુખ દૃષ્ટિ અને અનુભવ કરતાં એ જેવું સ્વરૂપમાં છે તેવું પર્યાયમાં પ્રગટ થાય છે.

**'ભાવાર્થ આમ છે કે અહીં સુધી વિધિરૂપે શુદ્ધાંગતત્ત્વરૂપ જીવનું નિરૂપણ કર્યું, હવે તે જ જીવનું પ્રતિષેધરૂપે નિરૂપણ કરે છે.' 'શુદ્ધજીવ છે.'** ભગવાન. આહાહા! **'ટંકોત્કીર્ણ છે, ચિદ્રૂપ છે એમ કહેવું તે વિધિ કહેવાય છે; જીવનું સ્વરૂપ ગુણસ્થાન નથી,...'** આહાહા! જડકર્મ, નોકર્મ શરીર આદિ આ બધા તો પર માટી ધૂળ... આહાહા! જેમાં નથી, પણ જેમાં ગુણસ્થાન પણ નથી. આહાહા!

મુમુક્ષુ :– જેમાં એટલે?

ઉત્તર :– આત્મામાં. જેમાં એટલે આનંદકંદ પ્રભુ. અહીં છેલ્લે કહેશે. ત્રિકાળ શાશ્વત ચૈતન્યશક્તિ વડે પ્રતાપ જેનો છે. આહાહા! જેની ચૈતન્યશક્તિ વડે ત્રિકાળ જેનો પ્રતાપ છે. આહાહા! એનું. આહાહા! આ તો અધ્યાત્મ વાત છે, પ્રભુ! આખી દુનિયાથી ઉદાસ થઈ અને ગુણસ્થાનના ભેદથી પણ ઉદાસ થઈ અને ચૈતન્યશક્તિ વડે જે ત્રિકાળ પ્રતાપવંત છે તેમાં નજર નાખીને અનુભવ કરવો... આહાહા! એનું નામ પ્રગટ દશા થાય છે. જેવી શક્તિરૂપે એ હતો એવો જે અનુભવથી પર્યાયમાં હતો એવો પ્રગટ થયો. આહાહા! એનું નામ મોક્ષ અને એનું નામ અનંતજ્ઞાનની વ્યક્તતા–પ્રગટતા. આહાહા! આવી વાતું! ચૈતન્ય ભગવાનઆત્મા... છે?

**'જીવનું સ્વરૂપ ગુણસ્થાન નથી, કર્મ-નોકર્મ જીવનાં નથી,...'** આહાહા! **'ભાવકર્મ જીવનું નથી...'** આહાહા! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના જેટલા વિકલ્પો ઉઠે એ વિકલ્પ પણ ભાવકર્મ છે, અજીવ છે. એ જીવ ચૈતન્યસ્વરૂપ ત્રિકાળી, ચૈતન્યની શક્તિના પ્રતાપથી ત્રિકાળ શોભતું તત્ત્વ એમાં એ છે નહિ. આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'કેવું થતું થકું જ્ઞાન પ્રગટ થાય છે? 'मनो ह्लादयत्' ( मनः ) અન્તઃકરણેન્દ્રિયને આનન્દરૂપ કરતું થકું.'** આહાહા! આત્મા પ્રગટ થયો ત્યારે કહીએ... આહાહા! કે જેમાં અંતરમાં અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. ભગવાન તો અતીન્દ્રિય આનંદસ્વરૂપે ત્રિકાળ પ્રતાપથી શોભિત છે. એને જ્યારે સમ્યગ્દર્શન-જ્ઞાનમાં અનુભવમાં લીધો, ત્યારે એને અતીન્દ્રિય આનંદનું વેદન પ્રગટ થાય છે. એ અતીન્દ્રિય આનંદના વેદનથી પ્રગટ થયો એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા!

છે ને? ''**मनो ह्लादयत्**'' અહીં મન શબ્દે જ્ઞાનની પર્યાય લેવી છે. એને આનંદરૂપ કરતું. આહાહા! જુઓ! આ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર. અને એની પૂર્ણતા. એ અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન... આહાહા! જેની સત્તાના સ્વીકારમાં પરનો બધો અભાવ છે એવું ભાન થતાં તેની પર્યાયમાં અતીન્દ્રિય આનંદનું વ્યક્તપણું, પ્રગટપણું આનંદનું પ્રગટ હતું તે પ્રગટ થાય છે. આહાહા! જે ચૈતન્ય શક્તિરૂપે, અનંત આનંદરૂપે ત્રિકાળ પ્રતાપ જેનો હતો તેનો આશ્રય કરતાં, તેના સ્વભાવનો સ્વીકાર, સત્કાર કરતાં તેની દશામાં અંતર અનંત આનંદનું વેદન કરતું એ પ્રગટ થાય છે. આહાહા! અનાદિથી દુઃખની દશામાં જે હતો... આહાહા! ચાહે તો દયા, દાનના વિકલ્પો હો પણ છે દુઃખ. લોકો રાડ નાખે છે. જોકે હવે હળવે હળવે લોકોએ પણ કબુલાત કરવા માંડી છે. ભલે અહીંના માટે નહિ પણ શુભભાવ તે હેય છે એ વાતો આવવા માંડી હવે. આહાહા! ક્રમબદ્ધ છે. એ પણ બહારમાં કબુલાત થવા માંડી. આહાહા!

પ્રભુ! આ વસ્તુ જ એવી છે, ભાઈ! વસ્તુ છે એ ત્રિકાળી ચૈતન્ય અને આનંદના પ્રતાપથી શોભિત હતી એવો એનો આદર કરતાં, એનો સત્કાર કરતાં, એનો સ્વીકાર કરતાં પર્યાયમાં પણ અતીન્દ્રિય આનંદની પ્રગટ દશા લેતું એ ચૈતન્ય પ્રગટ થયું છે. આહાહા! સમજાણું કાંઈ? દુઃખનો ધ્વંસ કરતું અને અતીન્દ્રિય આનંદને ઉત્પન્ન કરતું એટલે અહીં વ્યય-ઉત્પાદ કહેવું છે. ધ્રુવ તો ધ્રુવ છે. પણ દુઃખની પર્યાયનો વ્યય-નાશ કરતું અને આનંદની પર્યાયને પ્રગટ કરતું, આત્મા પ્રગટ થાય છે. આહાહા! અરે..! આવો ઉપદેશ. આહાહા! માર્ગ એવો છે, ભાઈ! અજાણ્યા પંથે દુઃખે એ દોરાય ગયો છે. સુખના પંથે જવું... એ પ્રભુ સુખસ્વરૂપ આત્મા છે. એ અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છે. ભગવાન નહિ, હોં! આ આત્મા. એની સન્મુખ થતાં અને ભેદ અને રાગની વિમુખ થતાં એ અતીન્દ્રિય આનંદ લેતું પ્રગટ થાય છે. આહાહા! 'શશીભાઈ'! આહાહા!

**'વળી કેવું થતું થકું ? 'विशुद्धं' આઠ કર્મોથી રહિતપણે...'** ત્રિકાળ સ્વરૂપ છે. અને અહીં પ્રગટ થયું તે પણ આઠ કર્મરહિત જ (પ્રગટ) થયું છે. આહાહા! **'વળી કેવું થતું થકું? 'स्फुटत्' સ્વસંવેદનપ્રત્યક્ષ થતું થકું.'** આહાહા! પોતાના સ્વભાવને... સ્વ નામ પ્રત્યક્ષ વેદતું થકું પ્રગટ થાય છે. આહાહા! સ્વસંવેદન. આપણે પહેલું કહ્યું હતું ને? છેલ્લે સ્વસંવેદનનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લક્ષણ શું? લક્ષ એ છે લક્ષણ (શું?). અનંત સુખાનુભુતિ, આનંદની અનુભૂતિમાત્ર જેનું લક્ષણ છે એવું સ્વસંવેદનજ્ઞાન. આહાહા! શું કહ્યું એ? અહીંયાં સ્વસંવેદન કહ્યું ને? છેલ્લે સ્વસંવેદન પ્રત્યક્ષપણે થતું થકું. તો સ્વસંવેદનનું લક્ષણ શું? અનંત આત્માની અનુભૂતિમાત્ર જેનું લક્ષણ છે એવું સ્વસંવેદન પ્રગટ થયું. આહાહા! એ સુખાનુભૂતિ, અનંત આનંદની અનુભૂતિ એ માત્ર જેનું સ્વસંવેદન લક્ષણ તે જ્ઞાનથી તે પ્રગટ થાય છે. આહાહા! સમજાણું કાંઈ? એમ કહીને શાસ્ત્રજ્ઞાનથી કે બીજા જ્ઞાનથી અથવા પરલક્ષી જ્ઞાનથી એ પ્રગટ થતું નથી, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

એવો જે ચૈતન્ય પ્રતાપથી અને આનંદના પ્રતાપથી ત્રિકાળ શોભિત તત્ત્વ છે એનું અસ્તિત્વ સિદ્ધ કરીને, પરનું નાસ્તિત્વ સિદ્ધ કરીને પ્રગટ થયું. આહાહા! **'સ્વસંવેદન પ્રત્યક્ષ થતું થકું.'** આહાહા! આવી વાત છે. સમ્યગ્દર્શન થતાં પણ સ્વસંવેદનજ્ઞાનથી ત્યાં પ્રત્યક્ષ થાય છે. આહાહા! લોકોએ સમ્યગ્દર્શનની વ્યાખ્યા એવી સાધારણ કરી નાખી કે દેવ-ગુરુની શ્રદ્ધા કરો, આ કરો અને બસ હવે વ્રત લઈ લ્યો. ધૂળેય નથી. હજી સમ્યગ્દર્શન કેમ થાય અને એનું સ્વરૂપ શું છે? (એની ખબર ન મળે). 'પંકજ'ને એ ગયા? સમજાણું કાંઈ? આહાહા!

**'स्फुटत्'** પ્રગટ પ્રત્યક્ષ. આહાહા! જેણે ચૈતન્યના પ્રતાપની, આનંદના પ્રતાપની શાશ્વતી સંપદાની જેણે નજરું નાખી. આહાહા! એની નજરમાં સ્વસંવેદન પ્રત્યક્ષપણે તે જણાય છે. કહો, 'શશીભાઈ'! આવી વાત છે. આહાહા! ધર્મની પહેલી શરૂઆતમાં પણ અતીન્દ્રિય આનંદ લેતું પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? સમકિતને 'શ્રીમદ્દે' એમ કહ્યું છે ને કે 'સર્વ ગુણાંશ તે સમકિત.' આપણે અહીં બીજી ભાષા છે. સંખ્યાએ જેટલા ગુણો છે એ બધાનો એક અંશ વ્યક્ત પ્રગટ થાય છે. જ્ઞાનાદિ એકદેશ પ્રગટ થાય છે તેને સ્વસંવેદન સમકિતદર્શનની દશા કહેવામાં આવે છે. આહાહા! સ્વસંવેદન તો જ્ઞાનને લાગુ પડે છે પણ તે કાળે સમકિત પણ એ જાતનું હોય છે. આહાહા! સમજાણું કાંઈ?

**'વળી કેવું થતું થકું 'आत्मारामम्' ( आत्म ) સ્વસ્વરૂપ...'** આત્મા એટલે સ્વસ્વરૂપ. જ્ઞાન ને આનંદ ને શાંતિ ને સ્વચ્છતા ને ઇશ્વરતા એવું જે આત્મા એટલે સ્વસ્વરૂપ. **( आरामम् ) 'ક્રીડાવન જેનું એવું થતું થકું.'** એ સ્વસ્વરૂપમાં જ જેની રમતું. બાગમાં જેમ રમવા જાય છે ને? ક્રીડા કરવા. એમ ભગવાન પ્રગટ થાય છે ત્યારે પોતાના આત્માના આરામમાં રમે છે, ક્રીડા કરે છે. આહાહા! અરે..! આવો (ઉપદેશ). છે? **'ક્રીડાવન જેનું એવું થતું થકું.'** આત્માની પર્યાયમાં, આત્મઆરામ, સ્વરૂપનો આરામ. આરામ લીધો. લોકો નથી કહેતા? આ ડોક્ટરો-બાક્તરો કહે કે મહિનો આરામ લ્યો, બે મહિના આરામ લ્યો. એય..! આ કેડમાં કાંઈક થયું હોય. એને કાંઈક થયું હતું. મણકો-બણકો... નહિ? કે ભાઈ મહિનો આરામ લ્યો. બહુ હરવું-ફરવું નહિ. અહીં કહે છે કે, ભગવાન આરામ તો એને કહીએ... આહાહા! કે જે સ્વરૂપ ચૈતન્યઘન આનંદકંદ પ્રભુ, એની પર્યાયમાં આનંદમાં રમત કરવી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રમવું, વેદવું એ એનો આરામ છે. આહાહા! રાગમાં રમવું જેને હરામ છે. અને આત્મામાં રમવું જેને આરામ છે. આહાહા! સમજાણું કાંઈ? આવો માર્ગ છે.

**'વળી કેવું થતું થકું 'अनन्तधाम' ( अनन्त ) મર્યાદાથી રહિત છે ( धाम )'** આત્મારામ, અનંતધામ. ભગવાનઆત્મા પોતાની નિર્મળદશામાં આરામ કરે છે, ક્રીડા કરે છે. કેવું છે? કે અનંત ધામ છે. અનંતગુણનું ઠેકાણું–ધામ એ આત્મા છે. આહાહા! **'મર્યાદાથી રહિત છે ( धाम ) તેજઃપુંજ જેનો એવું થતું થકું.'** કાલે ત્યાં સુધી તો આવ્યું હતું. **'વળી કેવું થતું થકું? 'अध्यक्षेण महसा नित्योदितं' ( अध्यक्षेण ) નિરાવરણ પ્રત્યક્ષ...'** નિરાવરણ પ્રત્યક્ષ. આહાહા! એ પર્યાયમાં હીનતાના ભાવથી પ્રત્યક્ષ નહોતું એ હીનતાના ભાવને હણીને જેણે પ્રત્યક્ષ નિરાવરણ જ્ઞાન પ્રગટ કર્યું છે. આહાહા! આવરણ કર્મક્ષય એ તો નિમિત્તથી છે. ખરેખર તો ભાવ આવરણ, એની ભાવઘાતિ તો એની પર્યાયમાં પોતાને કારણે છે. હીણી દશાનો સ્વીકાર એ જ એનું આવરણ છે. શું કીધું? હીણી દશા અને રાગનો સ્વીકાર એ જ ચૈતન્યના સ્વરૂપને આવરણ છે. આહાહા! કર્મ તો પરદ્રવ્ય છે. એની સાથે કાંઈ (લેવાદેવા નથી). એ તો નિમિત્તના બધા કથનો છે. કર્મ તો એ છે.

ભગવાન સર્વજ્ઞસ્વભાવી પૂર્ણાનંદ પ્રભુ ચૈતન્ય અને આનંદના પ્રતાપથી ત્રિકાળ શોભતી વસ્તુ શાશ્વત, એને વર્તમાન જ્ઞાનના અંશમાં અને રાગમાં સ્વીકાર કરતાં, એટલો હું, એ હું એવી દશા તે જ સ્વરૂપને આવરણ છે. એ આવરણ વિના આત્મામાં આરામ છે એમ કીધું. એમ કીધું ને? એ આવરણ ટળી અને સર્વજ્ઞસ્વભાવી પૂર્ણાનંદ છું. અલ્પજ્ઞ અને રાગનું આવરણ છે એ હું નહિ, એટલો હું નહિ એ રુચિ જતાં.. આહાહા! આત્મઆરામ થયો એને. એને રમવાની દશા આત્મામાં ક્રીડાવન થઈ. આહાહા! આવો ધર્મ! આ જૈનધર્મ. લોકોએ તો બીજી રીતે માન્યો.

આપણે અહીંયાં એ રીતે કહીએ છીએ, અમારે 'જ્ઞાનચંદજી' છે ને? એ અસ્તિથી જ વાત કરે છે. દસ-દસ હજાર માણસ હોય. લોકોને એમ લાગે કે આ બીજાની વાત કરે છે. આમ છે... આમ છે... સમજાણું કાંઈ? અહીં તો છે એવું બીજે ક્યાંય નથી એમ અહીંયાં કહે છે. એટલે કે બીજું એમાં નથી અને બીજે ક્યાંય એમાં નથી. માર્ગને ફેરફાર કરી નાખે છે. આહાહા!

ભગવાન ચૈતન્યસૂર્ય અંદર જાગતો, જાગતી જ્યોત ભગવાન બિરાજે છે. આહાહા! ઝળહળ જ્યોતિ ભગવાન ચૈતન્યના સ્વભાવના ચમત્કારથી ઝળહળ જ્યોતિ બિરાજે છે. એનો સ્વીકાર ન કરતાં અલ્પજ્ઞ અને દયા, દાનના વિકલ્પનો એ હું (એમ) સ્વીકાર કરતાં એને આવરણ નાખ્યું, એને રોકી લીધું. એને હવે એ આવરણને ટાળીને નિરાવરણ થયો. એમ કીધું ને? આહાહા!

**'નિરાવરણ પ્રત્યક્ષ...'** એ છે નિરાવરણ પ્રત્યક્ષ ત્રિકાળ. સમજાણું? જુઓ! **'નિરાવરણ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પ્રત્યક્ષ ચૈતન્યશક્તિ વડે ત્રિકાળ શાશ્વત છે...**' એ તો. આહાહા! વસ્તુ જે છે એ તો ત્રિકાળ નિરાવરણ શાશ્વત વસ્તુ છે. આહાહા! એવી પર્યાયમાં પ્રગટ થઈ. આવી વાતું, લ્યો. કરવું શું આમાં? કહ્યું નહિ? બાપુ! તું કોણ છો? પ્રભુ! એના સ્વીકારમાં જા, અંતર્મુખ થા. આહાહા! એના સ્વીકારમાં ત્યારે જા કહેવાય કે એ અંતર્મુખ થાય ત્યારે. આહાહા! એ અંતર્મુખ થાય છે તે ચીજ કઈ છે જે અંતરમાં જાય છે? એ ચીજ, ચીજ, હોં!

'**નિરાવરણ પ્રત્યક્ષ ચૈતન્યશક્તિ વડે...**' આહાહા! ભગવાનઆત્માની ચૈતન્યશક્તિ, આનંદશક્તિ, શાંતિ શાંત... શાંત... શાંત... શાંતરસની શક્તિથી... આહાહા! ચૈતન્યની મુખ્યતાથી વાત કરી છે પણ એની સાથે શાંત અવિકારીરસથી.. આહાહા! '**ત્રિકાળ શાશ્વત છે...**' ત્રિકાળ શાશ્વત છે એ. સમજાણું કાંઈ? '**ત્રિકાળ શાશ્વત છે પ્રતાપ જેનો એવું થતું થકું.**' આહાહા! ચૈતન્યસ્વભાવનો પ્રતાપ જેનો ત્રિકાળ નિરાવરણ છે એવો પ્રતાપ તેની શોભા છે. આહાહા!

'**વળી કેવું થતું થકું?**' ત્રણ વિશેષણ આપે છે. ધીર, ઉદાત્ અને અનાકુળ. '**( ધીર ) અડોલ...**' છે. આહાહા! જે સ્થિરતા પ્રગટી છે, નિરાવરણ જે ચીજ હતી એને પર્યાયમાં નિરાવરણપણું વીતરાગપણે, પર્યાયપણે પ્રગટ કર્યું એ અડોલ છે. ફરે નહિ એવી ચીજ છે એ. જેમ ધ્રુવ ફરતું નથી એમ ધ્રુવને આશ્રયે થયેલી દશા પણ અડોલ છે. આહાહા! સમજાણું કાંઈ?

'અષ્ટપાહુડ'માં ચારિત્ર અધિકારમાં તો એમ પણ કહ્યું છે કે જે ચૈતન્યના પ્રતાપ અને આનંદના પ્રતાપથી શોભિત શાશ્વત વસ્તુ (છે) એનું જેણે દર્શન કર્યું, જ્ઞાન કર્યું અને સ્થિરતા કરી, એ ત્રણે ચીજ અક્ષય-અમેય છે. પર્યાય પોતે અક્ષય અને અમેય છે. આહાહા! અહીં તો એવું લેવું છે કે એ પ્રગટ્યો એ પાછો ફરે જ નહિ. એ સ્થિતિ લેવી છે. પડી જાય, આમ થાય, તેમ થાય એ અહીં વાત નથી, કહે છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા એના અંતરમાં રમતે આત્મારામ ક્રીડાવનમાં રમતમાં ચડ્યો... આહાહા! અતીન્દ્રિય આનંદના ક્રીડાવનમાં ચડ્યો... આહાહા! કહે છે કે એ દશા અડોલ છે. હવે ડોલાય એવું નથી, હલે એવું નથી. આહાહા! આવી વાતું છે. જેવો ભગવાન ધ્રુવ છે, અડોલ છે એવી જે પર્યાય પ્રગટ થઈ છે એ પણ અડોલ, અક્ષય અને અમેય છે. ક્ષય ન થાય અને મર્યાદા જેની નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયની પણ મર્યાદા નથી. એવી પર્યાય પણ અમર્યાદિત દશા પ્રગટ થાય છે. આહાહા! સમજાણું કાંઈ?

'**( ધીર ) અડોલ અને ( उदात्तम् )** ઉદાત્ છે ને? **બધાથી મોટું...**' છે. નિર્મળ પર્યાય પ્રગટી એ બધાથી મોટી છે. આહાહા! વસ્તુ તો મોટી છે પણ એની પર્યાય મોટી છે. આહાહા! બે (વિશેષણ આપ્યા) ધીર અને ઉદાર. '**વળી કેવું થતું થકું? 'अनाकुलं' ઇન્દ્રિયજનિત સુખદુઃખથી રહિત અતીન્દ્રિય સુખરૂપ બિરાજમાન થતું થકું.**' આહાહા! ઇન્દ્રિયો તરફના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વલણવાળો જે સુખ-દુઃખની કલ્પનાનો ભાવ. સુખ એટલે એ દુઃખ છે. પણ માન્યું છે ને કે અમને ઇન્દ્રિયમાં સુખ છે. છે તો દુઃખ ઇ. આહાહા! પણ સુખદુઃખ ભાષા લોકો કહે છે એમ રહી છે. સુખદુઃખથી રહિત ભાષા લીધી. ભાષા જુઓ! સમજાણું કાંઈ? એની પર્યાયમાં ઇન્દ્રિયજનિત સુખદુઃખની કલ્પના જે હતી એ આત્મામાં નથી અને એ આત્માનું ભાન થતાં તેને અતીન્દ્રિય સુખની પ્રાપ્તિ થાય છે. તેમાં ઇન્દ્રિયના સુખદુઃખના ભાવનો અભાવ હોય છે. આહાહા!

ધર્મીજીવને અને ધર્મની પર્યાય પૂર્ણ પ્રગટ થઈ એને અતીન્દ્રિય સુખથી.. આહાહા! બિરાજમાન થતું થકું. આહાહા! વસ્તુમાં તો અતીન્દ્રિય સુખ હતું. ભગવાનઆત્મા તો અતીન્દ્રિય સુખના પ્રતાપથી અનાદિ શોભિત જ છે પણ તેનું શરણ લેતા, સમ્યગ્દર્શન-જ્ઞાન થતાં, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થતાં એ અતીન્દ્રિય સુખથી પર્યાયમાં બિરાજમાન થાય છે. આહાહા! અરે..! હેં! આ શું લખ્યું? **'કેવું થતું થકું?'** આવું થતું થકું. કેવું થતું થકું. છે ને? **''अनाकुलं' ઇન્દ્રિયજનિત સુખદુઃખથી રહિત અતીન્દ્રિય સુખરૂપ બિરાજમાન થતું થકું.'** આહાહા! એમાં છે કે નહિ? **'કેવું થતું થકું?'** છે તો છે એનું એ. અહીં તો પ્રગટ (થયું એની વાત છે). આહાહા! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે પ્રગટ થાય છે એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કેવું છે? અને પૂર્ણ પણ કેવું છે? કે પર્યાયમાં અતીન્દ્રિય જ્ઞાનથી બિરાજમાન છે. એવો ભગવાન અતીન્દ્રિય આનંદથી બિરાજમાન (થાય) એને ધર્મ કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! માર્ગ ઝીણો છે, ભાઈ! સૂક્ષ્મ છે. એક તો અરૂપી અને એમાં પણ નિર્વિકલ્પદશા. બહુ સૂક્ષ્મ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્વિકલ્પદશા છે. સમજાણું કાંઈ?

**'અતીન્દ્રિય સુખરૂપ બિરાજમાન થતું થકું.'** ઇન્દ્રિયના સુખની-દુઃખની કલ્પનાથી રહિત. એમ આવ્યું ને? ઇન્દ્રિયજનિત સુખ. સુખ તો કે દિ' ધૂળમાં હતું ત્યાં? માન્યું છે ને. ઇન્દ્રિયના નિમિત્તથી માન્યું છે કે આમાં સુખ છે અને આ દુઃખ છે. એવા સુખદુઃખની દશા, જે માન્યતા છે એ ગઈ. આ આત્મા ભગવાન આનંદસ્વરૂપ છે એ રીતે પર્યાયમાં અતીન્દ્રિય આનંદથી બિરાજમાન થતું થકું. પર્યાયમાં અતીન્દ્રિય આનંદથી બિરાજમાન થતું થકું પ્રગટ થાય છે.

આ તો અજીવ અધિકાર શરૂ કરતાં આવું મંગલાચરણ કરે છે. હેં? આ તો માંગલિક કરે છે. આહાહા! ભગવાન આ રીતે બહાર આવે છે. આહાહા! એક ગરીબ માણસ હોય પણ રાજા ભર્તુહરીનો વેશ પહેર્યો હોય. બહાર આવે ત્યાં... આહાહા! નાટકમાં એક વખત એવું થયું હતું. ભર્તુહરીનો વેશ લઈને આવ્યો. બીજો રાજા આમ જોવા બેસતો. એને બસ્સો-પાંચસોની બક્ષીસ આપવા માંડી. પણ ભર્તુહરીનો વેશ છે એ રાજાના પૈસા લે? આહાહા! નાટકમાં આમ બનેલું છે, હોં! અને એક આપણે કથામાં પણ આવે છે. ગામ નહિ ઓલું? કોઈક છે. 'બ્રહ્મગુલાલ' હતો રૂપી, ભાંડ. ભાંડ હતો એ એટલા ભિન્ન-ભિન્ન વેશ લઈને આવતો. એમાં એકવાર રાજાએ હુકમ કર્યો કે અરે..! 'બ્રહ્મગુલાલ'! મુનિનો વેશ લઈને આવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે. કુતરાનો વેશ લઈને આવે તો કુતરાની જેમ આમ પગ ઊંચો કરીને પેશાબ કરે. સામે મહેમાન બેઠો હોય તો. આવા વેશમાં એકવાર રાજાએ કહ્યું, 'બ્રહ્મગુલાલ'! સાધુનો વેશ બનાવ એકવાર. આહાહા! એ નગ્નમુનિનો વેશ લઈને આવ્યો. પહેલા કીધું એટલે કહે, સાહેબ! બે-ચાર મહિના લાગશે. ઝટ દઈને... કારણ કે હું જે નગ્નપણાનો વેશ ધારણ કરીશ એ છૂટશે નહિ હવે. આહાહા! એ બહુરૂપી છું પણ એ હવે થઈ રહ્યું. નગ્નપણાનું, દિગંબર અંદર આનંદના કંદના નાથને સાધતા.. આહાહા! એ સહજ નગ્નદશા થઈ જાય છે એ પાછી ન ફરે. એ બહુરૂપીયો પાછો સંસારમાં ન જાય. આહાહા! એ બે-ચાર મહિના લાગશે, પ્રભુ! રાજાને કહે છે. કુટુંબ-બુટુંબને બધાને સંભારી કહે,.. ભાઈ! જુઓ હવે હું ત્યાગી છું. હવે મારે ફરીને આવવું છે નહિ. આહાહા! એલા! બહુરૂપીયો એમ કહે છે. એ ભાઈ સાધુ થઈને આવે છે... રાજા ખુશી થાય છે. અમે મુનિ છીએ, કોઈની બક્ષીસ લેતા નથી. અરે..! તને ગામ આપીએ. આવો વેશ અને આ..! અમે મુનિ છીએ. આહાહા! એ ચાલી નીકળ્યા. વનમાં ચાલી નીકળ્યા. એમ ને એમ વનમાં ચાલી નીકળ્યા. આહાહા!

એમ અહીં જ્યાં આત્માએ આનંદનો વેષ અંદરમાંથી ધારણ કર્યો... આહાહા! બહુરૂપીયો એણે અનાદિથી ઘણા રૂપ ધારણ કર્યા હતા. નારકીના, દેવના, બાયડીના, કુટુંબના, પુરુષના, નપુંસકના, હીજડાના ને કીડીના. આહાહા! એ બહુરૂપીયો હવે અંદરમાં આવ્યો... આહાહા! પણ એવું રૂપ હવે ધારણ કર્યું કે એ રૂપ હવે ફરે નહિ. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! એ કહે છે, જુઓ!

**'અતીન્દ્રિય સુખરૂપ બિરાજમાન થતું થકું.'** પ્રગટ્યું છે, એમ કહે છે. વસ્તુ તો અતીન્દ્રિય છે પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થતાં એ અતીન્દ્રિય આનંદનો સ્વાદ લઈને બહાર આવે છે. આહાહા! સમજાણું કાંઈ? **'અતીન્દ્રિય સુખરૂપ બિરાજમાન થતું થકું.'** બિરાજમાન કહેતા પરિણમતું થકું. સમજાણું કાંઈ? **'આવો જીવ જે રીતે પ્રગટ થયો તે કહે છે–'** કે હવે આવું સ્વરૂપ છે એ દશામાં પ્રગટ થયું. ધર્મદશા કે છેલ્લી મોક્ષદશા.

**''आसंसारनिबद्धबन्धनविधिध्वंसात्''** આહાહા! ઓલી ઉત્પાદની વાત કરી. હવે ધ્વંસ કરીને ઉત્પાદ થાય છે. આહાહા! **'( आसंसार ) અનાદિકાળથી'** **'आ'** એટલે અનાદિથી. અનાદિકાળથી નરક અને નિગોદના ભવ કરતો અનાદિથી ચાલ્યો આવે છે. આહાહા! **'( निबद्ध ) જીવ સાથે મળેલાં ચાલ્યાં આવતાં આઠ કર્મો ( बन्धनविधि ) જ્ઞાનવરણકર્મ, દર્શનાવરણકર્મ, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર, અંતરાય...'** એ નિમિત્ત. નિમિત્ત તરીકે આત્મામાં અનાદિથી ચાલ્યા આવે છે. **'એ દ્રવ્યપિંડરૂપ આઠ કર્મ તથા ભાવકર્મરૂપ...'** એ પણ અંદરની બહુરૂપિયાની વિકલ્પદશા, આત્મા બહુરૂપમાં ધારણ કરતો રાગ અને દ્વેષ, દયા અને દાન, વ્રત અને ભક્તિ, પૂજા અને કામક્રોધ એ બધા વિકારના ભેખ છે. આહાહા!

એ **'ભાવકર્મરૂપ છે જે રાગ-દ્વેષ-મોહ પરિણામ–ઇત્યાદિ છે જે બહુ વિકલ્પો,...'** ઓહો..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આઠ કર્મ અને વિકારી પરિણામ બેય ભેગું લીધું. **'તેમના ( ध्वंसात् ) વિનાશથી...'** કાંઈ જડકર્મનો વિનાશ આત્મા કરતો નથી પણ ત્યાં વિનાશ એનો થઈ જાય છે. અને આ વિકારના પરિણામનો પણ નાશ કરતો નથી પણ સ્વરૂપમાં ઠરે ત્યાં ઉત્પન્ન થતું નથી એટલે નાશ કરે છે એમ કહેવામાં આવે છે. આહાહા! પાઠ તો આવો છે, જુઓ! હેં? **''आसंसारनिबद्धबन्धनविधिध्वंसात्''** વિધિ એટલે આઠ કર્મ નહિ. વિધિ એટલે પુણ્ય, પાપ, રાગ, દ્વેષ અને મોહના પરિણામ. એ વિધિ. **( ध्वंसात् )** આહાહા! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદની દૃષ્ટિથી જ્યાં પર્યાયમાં પ્રગટ થાય છે ત્યારે આઠ કર્મ અને વિકારનો ધ્વંસ થાય છે. ધ્વંસ કરતું પ્રગટ થાય છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? લ્યો, અહીં તો ધ્વંસ કીધું!

'સમયસાર'ની ૩૪મી ગાથામાં તો એમ કહ્યું, 'રાગનો નાશકર્તા પણ પરમાર્થે આત્મા નથી.' આહાહા! રાગાદિ વિકારનો નાશકર્તા કહેવું એ નામમાત્ર કથન છે. છે? અહીં તો કહે છે, આઠ કર્મ રાગ-દ્વેષનો ધ્વંસાત. ટૂંકી ભાષાએ સમજાવવું હોય તો શું સમજાવે? હેં? શબ્દને પકડે પણ એનો ભાવ શું છે એ ન પકડે અને એમ ને એમ શબ્દમાં આ લખ્યું-ધ્વંસી. તો એકકોર એમ પણ કહ્યું છે કે આત્માનો રાગનો નાશ કરે એ નામમાત્ર છે. પરમાર્થે એ નાશ કરવાનું કર્તાપણું પણ જેનામાં નથી. હેં? આહાહા! 'સમયસાર' ૩૪ ગાથા. આહાહા!

એ તો પરમાત્મા પોતે આનંદનો નાથ જ્યાં અંદરમાં પર્યાયમાં પ્રગટ થાય છે ત્યારે ઓલા વિકારની પર્યાયનો વ્યય થાય છે, તેને ઉપજતા નથી, ઉપજતા નથી તેને વ્યય કરે છે એમ કહેવામાં આવે છે. આહાહા! આવું છે. શબ્દને પકડે તો એકકોર ધ્વંસ (કહે) અને એકકોર ના પાડે તો બેનો મેળ બેસે? અહીં તો વળી આઠેય કર્મનો નાશ એમ કીધું. કર્મ તો જડ છે. જડની ક્રિયાનો અને ઉદયનો નાશ કરે? એ તો એના કારણે (થઈ જાય છે). અહીં જ્યારે રાગ-દ્વેષની ઉત્પત્તિ થતી નથી ત્યારે કર્મની અવસ્થા પણ અકર્મરૂપે એને કારણે થઈ જાય છે. આહાહા!

**'ઇત્યાદિ છે જે બહુ વિકલ્પો, તેમના વિનાશથી જીવસ્વરૂપ જેવું કહ્યું છે તેવું છે.'** આહાહા! પુણ્ય અને પાપના ભાવ તે નાશ થતાં.. આહાહા! સ્વરૂપની જે સ્થિતિ શક્તિરૂપે છે એવી જ પર્યાયરૂપે પ્રગટ આનંદ ને શાંતિ અને વીતરાગતાપણે પ્રગટ થાય છે. એનું નામ આત્મા કહેવાય છે. આહાહા! સમજાણું કાંઈ?

'સમયસાર'માં બીજી ગાથામાં આવ્યું ને? **'जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।'** ભગવાનઆત્મા પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, જે નિર્મળ પર્યાય **'चरित्तदंसणणाणठिदो'** એમાં આવ્યો એને આત્મા કહીએ. **'तं हि ससमयं'** એટલે આત્મા કહીએ. આહાહા! અને જે પુણ્ય અને પાપમાં, રાગમાં ઠરે, એકત્વ થાય તે કર્મના પ્રદેશમાં, કર્મના અંશના વિકારના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાગમાં ઠર્યો છે માટે તેને અણાત્મા કહીએ છીએ. હેં? આહાહા! આ તો બીજી ગાથાથી શરૂ કર્યું.

**'जीवो चरित्तदंसणणाणठिदो' 'चरित्तदंसण'**માં આમથી લીધું છે. દર્શન-જ્ઞાન-ચારિત્રમાં આમ ગયો છે એમ કહેતાં આમ લીધું. જે રાગમાં ઠરતો હતો એને છોડીને દર્શન-જ્ઞાન-ચારિત્રમાં ઠર્યો. શુદ્ધ ચૈતન્ય ભગવાન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના વીતરાગી પરિણામમાં ભગવાન ઠર્યો એને આત્મા કહેવામાં આવે છે. સ્વસમય એટલે આત્મા. અને જે આત્મા પુણ્ય અને પાપ અને રાગ ને દ્વેષના વિકારમાં ઠરે, રોકાય, અટકે એ અજીવમાં અટક્યો માટે તે અણાત્મા છે. સમજાણું કાંઈ? અને નિર્મળદશામાં આવ્યો માટે તેને આત્મા કહીએ. મલિન દશામાં રોકાણો તેને અણાત્મા-અજીવ કહીએ. જીવ એ નહિ. આહાહા! પરસમય કીધું છે ને? સમજાણું કાંઈ? 'સમયસાર'નું એક એક પદ અને એક એક ગાથા અમૂલ્ય છે, અમૂલ્ય છે. જેનું મૂલ્ય શું? પ્રભુનું મૂલ્ય શું? આહાહા! ચૈતન્યસ્વરૂપનું મૂલ્ય શું? એની કિંમત શું? આ અમૂલ્ય ચીજ! એને જેણે સમ્યગ્દર્શન-જ્ઞાનમાં ધારણ કર્યો... આહાહા! એ ચીજનું પણ મૂલ્ય શું? આહાહા! એની કિંમત શું? હેં? આહાહા! 'શ્રીમદ્'માં નથી આવતું ક્યાંક? એનું માપ કરતાં આત્મા મપાય જાય છે.

મુમુક્ષુ :– નિજ મતિ મપાય...

ઉત્તર :– મોક્ષમાળામાં પાછળ આવે છે. આહાહા! ભગવાનના ન્યાયની દશા કે ભગવાનની વાણીનું માપ કરવા જતાં મતિ મપાય જાય છે.

મુમુક્ષુ :– 'ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ'....

ઉત્તર :– તમા રાખવી વ્યર્થ.. મોક્ષમાળામાં છેલ્લે છે. આહાહા!

**'( ध्वंसात् ) વિનાશથી જીવસ્વરૂપ જેવું કહ્યું છે તેવું છે.'** આહાહા! **'ભાવાર્થ આમ છે કે જેવી રીતે જળ અને કાદવ જે કાળે એકત્ર મળેલાં છે...'** જે કાળે, હોં! મળેલા છે. **'તે જ કાળે જો સ્વરૂપનો અનુભવ કરવામાં આવે...'** આહાહા! **'તો કાદવ જળથી ભિન્ન છે,...'** મળેલા છે તે કાળે. હેં? આહાહા! **'જળ અને કાદવ જે કાળે એકત્ર મળેલાં છે...'** એકત્ર મળેલા છે **'તે જ કાળે જો સ્વરૂપનો અનુભવ કરવામાં આવે...'** પાણીનો, હોં! **'તો કાદવ જળથી ભિન્ન છે,...'** આહાહા! **'જળ પોતાના સ્વરૂપે છે,...'** કાદવથી ભિન્ન છે એ નાસ્તિથી કહ્યું. જળ જળના સ્વરૂપે છે. આહાહા!

**'તેવી રીતે...'** એ તો દૃષ્ટાંત થયો. **'સંસાર-અવસ્થામાં જીવ-કર્મ બંધપર્યાયરૂપે એક ક્ષેત્રે મળેલાં છે...'** આહાહા! સંસારની દશામાં જીવ અને ભાવકર્મ અને જડકર્મ એ બંધ પર્યાયો એક ક્ષેત્રે મળેલાં છે. આહાહા! **'તે જ અવસ્થામાં જો શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવામાં આવે...'** આહાહા! જેમ પાણી અને કાદવ એક જગ્યાએ મળેલા છે એ જ કાળે જો જળનો અનુભવ કરવામાં આવે તો કાદવથી ભિન્ન છે અને જળ જળ સ્વરૂપ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ અહીંયાં ભગવાનઆત્મા, એને પુણ્ય અને પાપના રાગ-દ્વેષ કાદવ છે, મેલ છે. આહાહા! કર્મ તો જડ છે, અજીવ છે. પણ પુણ્ય અને પાપના, દયા-દાન, વ્રત-ભક્તિ અને કામ-ક્રોધના ભાવ એ બધા મેલ છે, કાદવ છે. પાણીમાં જેમ કાદવ છે... આહાહા! એમ ભગવાનઆત્મામાં એ પુણ્ય અને પાપરૂપી ભાવ તે મલિન કાદવ છે. તે જ ક્ષણે, તે જ કાળે. આહાહા! છે? શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવામાં આવે... આહાહા! પણ મલિનતાની પર્યાયમાં રોકાયેલાને છોડીને.. આહાહા! એનાથી અધિક ભિન્ન ચૈતન્ય છે તેમાં નજર નાખતાં... આહાહા! શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવામાં આવે તો તે કાળે પણ મલિન પરિણામથી ભિન્ન છે. સમજાણું કાંઈ? અરે! આવી વાતું એટલે પછી માણસને મોંઘી લાગે ને. ઓલું સહેલું કરીને બેઠા હોય. વ્રત કરો, તપસ્યા કરો, જાત્રા કરો અને ભક્તિ કરો. એ થઈ ગયો ધર્મ તમારે. ધૂળેય ધર્મ નથી, સાંભળને. એ તો મલિન પરિણામ રાગ છે. આહાહા! એ રાગના મલિન પરિણામના કાળે પણ એને જીવથી રાગને જુદો જાણતાં અને રાગથી જીવને જુદો જાણતાં જીવનું સ્વરૂપ અનુભવમાં આવે તો જીવ સ્વરૂપ રાગથી રહિત છે. આહાહા! અને જીવ પોતાના સ્વરૂપે છે. રાગથી રહિત છે અને જીવ પોતાના સ્વરૂપે છે. આહાહા! હવે આમાં એક કલાકમાં યાદ કેટલું રાખવું? બધી નવી વાતું આવે. દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો એમ કહેતા હોય તો સમજાય તો ખરું. ધૂળ સમજાય. એમાં શું સમજવું હતું? એ તો અનાદિકાળથી મિથ્યા શ્રદ્ધા પોષતો આવે છે. આહાહા! એ વ્રત ને તપ ને ભક્તિના ભાવ છે એમાંથી મને લાભ થશે એ મિથ્યાત્વને પોષતો આવે છે. આહાહા! સમજાણું કાંઈ?

અહીં તો હવે આત્મા જે સ્વરૂપે છે તે રાગના મલિન પરિણામના એકત્વના કાળે પણ એને ભિન્ન જોવામાં આવે તો તે રાગથી ભિન્ન છે. એટલે? રાગ તરફનું લક્ષ છોડીને એ સ્વરૂપ તરફના લક્ષમાં અંદર જાય તો તેને રાગથી ભિન્ન જીવનું સ્વરૂપ છે તેવું જાણવામાં આવે. આહાહા! સમજાણું કાંઈ? ત્યારે એને ધર્મ થાય. આહાહા! **‘શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવામાં આવે તો સમસ્ત કર્મ જીવસ્વરૂપથી ભિન્ન છે, જીવદ્રવ્ય સ્વચ્છસ્વરૂપે જેવું કહ્યું તેવું છે.’** સ્વચ્છ-શુદ્ધ નિર્મળ-સ્વચ્છ. ચૈતન્યના પ્રકાશનું પૂર તે સ્વચ્છ છે. સમજાણું કાંઈ? **‘સમસ્ત કર્મ જીવસ્વરૂપથી ભિન્ન છે, જીવદ્રવ્ય સ્વચ્છસ્વરૂપે જેવું કહ્યું તેવું છે. આવી બુદ્ધિ જે રીતે ઊપજી તે કહે છે– ‘યત્પાર્ષદાન્ પ્રત્યાયયત્’ ( યત્ ) જે કારણથી ( પાર્ષદાન્ ) ગણધર મુનીશ્વરોને...’** આહાહા! ભગવાનની વાણી સાંભળીને જેને ગણધરપણું પ્રગટ્યું છે. એ ગણધરો **( પાર્ષદાન્ )** મુખ અગ્રેસર છે. એને કહે છે પ્રતીતિ એવી ઉપજી ગણધરને. આહાહા! એ આમાંથી ‘સમયસાર નાટક’માંથી લીધું છે ને? તેણે એમ કીધું, ગણધર કહે છે એ પ્રતીતિ. એમ લીધું છે. કેમકે ગણધરને વિશેષ શ્રુતજ્ઞાન છે ને? તેથી એને અવગાઢ શ્રદ્ધા કીધી છે. ગણધરના સમ્યગ્દર્શનને અવગાઢ સમકિત કહ્યું છે. કેવળજ્ઞાનમાં સમકિતને પરમ અવગાઢ કહ્યું છે. એટલે ગણધરનું નામ નાખ્યું છે. આહાહા! પ્રજ્ઞાના અગ્રેસર, સભાના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અગ્રેસર ગણધર. આહાહા!

**'ગણધરમુનિશ્વરોને પ્રતીતિ ઉપજાવીને.'** ઉત્પન્ન થયું છે. આહાહા! શુદ્ધ આનંદકંદનું વેદન થતાં એની પ્રતીતિ થઈ કે, અહો..! આત્મા તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. એમાં નથી રાગ, નથી દ્વેષ, દયા, દાનનો, વિકલ્પ પણ એમાં છે નહિ. એવી પ્રતીતિ કરતી ગણધરને તેની દશા ઉત્પન્ન થઈ છે. આહાહા!

મુમુક્ષુ :– ગણધરને ક્ષાયિક સમ્યગ્દર્શન નથી હોતું?

ઉત્તર :– હોય છે ને.

મુમુક્ષુ :– ક્ષાયિક જ હોય?

ઉત્તર :– ના, એવું કાંઈ નહિ. આ તો ક્ષાયિક હોય છે પણ નહિતર એ ભવમાં મોક્ષ જનારા છે ને. આહાહા! તીર્થંકર પણ કોઈ જન્મે એ કાંઈ ક્ષાયિક સમકિત લઈને જ જન્મે એવું કાંઈ નથી. એ પણ ક્ષયોપશમ લઈને જન્મે. તીર્થંકર! પછી ક્ષાયિક થાય છે. એ તો જુદી વાત છે. સમજાણું? સમકિતી પહેલી નરકમાં ગયા હોય. એ નીકળે તો ક્ષયોપશમસમકિત, એટલે ક્ષાયિકભાવ હોય તો સીધો આવે પણ આ તો ત્યાં જાય અને કોઈ ક્ષયોપશમવાળો તીર્થંકર હોય છે. ક્ષાયિકવાળો પહેલી નરકે જ જાય. ભવિષ્યમાં જે તીર્થંકર થવાના છે અને ક્ષાયિક સમકિત થયું છે. એને નરકનું આયુષ્ય બંધાઈ ગયેલું છે. તે પહેલી નરકે જાય. અને બીજા તીર્થંકરનો જીવ હોય પણ એને નરકનું આયુષ્ય બંધાઈ ગયું છે અને પછી સમકિત થયું તો એ ક્ષયોપશમ સમકિત લઈને ત્યાં ત્રીજી (નરકે) જાય. ક્ષાયિકવાળો ત્યાં ન જાય. 'શ્રેણિકરાજા' ક્ષાયિકવાળા હતા તો પહેલે રહ્યા. ત્યાં જાય ત્યારે એને પહેલું મિથ્યાત્વ થઈ જાય છે. પછી સમકિત થઈ જાય. એ ક્ષયોપશમવાળો. ત્યાં ક્ષયોપશમ રહે છે. ત્યાંથી નીકળે ત્યારે પણ ક્ષયોપશમ લઈને નીકળે છે. તીર્થંકર પણ, હોં! કોઈ. લાંબી વાતું છે.

મુમુક્ષુ :– ચાર જ્ઞાન હોય તો પણ ક્ષાયિક ન હોય?

ઉત્તર :– ન હોય. ચાર જ્ઞાન પ્રગટે માટે એને ક્ષાયિક સમકિત જ હોય એવું કાંઈ નથી. એ આપણે ત્રણમાં આવી ગયું, નહિ? ત્રણ ભાવ હોય : ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક. ૩૨૦ ગાથા. મોક્ષમાર્ગની દશા ત્રણ હોય. પણ જ્ઞાન એનું ક્ષયોપશમ હોય. સમજાણું? કોઈને ચોથે ગુણસ્થાને ક્ષાયિક સમકિત હોય પણ જ્ઞાન ક્ષયોપશમ હોય. કોઈને ઉપશમ હોય અને જ્ઞાન ક્ષયોપશમ હોય, કોઈને ક્ષયોપશમ સમકિત હોય અને જ્ઞાન ક્ષયોપશમ હોય. એ આમાં ૩૨૦માં આવી ગયું. આહાહા! એ ટીકામાં જરી ફેર છે. 'જયસેનાચાર્ય'ની ટીકામાં. ક્ષયોપશમ અન્યત્વ એમ શબ્દ પડ્યો છે. પણ એ ભૂલ છે. ક્ષયોપશમ જ્ઞાન લઈએ. આપણે અર્થ કર્યો છે. ટીકામાં જરી એવું છે ક્ષયોપશમ અન્યત્વ એવો શબ્દ છે.

અહીં કહે છે કે ગણધર જેવી પ્રતીતિ કરતું ઉત્પન્ન થાય છે. પૂર્ણાનંદનો નાથ પ્રભુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્યાં અંદર સ્વીકારમાં આવ્યો, પરમાત્માએ વાત તો કરી પણ અતંર્મુખ જ્યાં થયો, ત્યારે એને ગણધરને જેમ પ્રતીતિ થઈ છે એવી પ્રતીતિ થાય છે, કહે છે. આહાહા! 'સમયસાર નાટક'માં આમાંથી લીધું છે ને? એટલે એ શબ્દ લીધો છે. 'સમયસાર નાટક'. પહેલામાં છે ને આ? શરૂઆત. **'परम प्रतीति उपजाय गनधरकीसी,'** આમાંથી લીધું છે. આ પહેલા બોલની. **'परम प्रतीति उपजाय गनधरकीसी,'** આ શ્લોકનો અર્થ જ છે.

**'अंतर अनादकी विभावता विदारी है।**
**भेदग्यान दृष्टिसौं विवेककी सकति साधि,**
**चेतन अचेतनकी दसा निरवारी है।।**
**करमकौ नासरि अनुभौ अभ्यास धरि,**
**हिएमैं हरखि निज उद्धता सँभारी है।'**

ઉદ્ધતા સમજાણું? ઉત્કૃષ્ટતા. ઉદ્ધત થયો. ઉત્કૃષ્ટ થઈ જશે.

**'अंतराय नास भयौ सुद्ध परकास थयौ,**
**ग्यानकौ विरास ताकौ वंदना हमारी है।।'**

આ શ્લોકનો જ અર્થ છે. એમાં એ ગણધર કીધું. આમાંથી જ બનાવ્યું છે. ગણધરકીસી. આહાહા! **'ક્યા કારણથી પ્રતીતિ ઊપજી તે જ કહે છે–'जीवाजीवविवेकपुष्कलदशा' ( जीव ) ચેતનદ્રવ્ય અને...'** જોયું? **'( अजीव )'** અજીવમાં **'જડ–કર્મ-નોકર્મ-ભાવકર્મ...'** બધા અજીવ. આહાહા! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ અજીવ છે. આહાહા! છે પાઠ? જુઓ! અંદર જુઓ લખ્યું છે. આ અજીવ અધિકાર છે ને? અજીવની નાસ્તિ છે તો અજીવમાં ભાવકર્મ છે એ પણ જીવમાં નથી. આહાહા! હવે એ અજીવ જે છે એ જીવને લાભ કરે આવી પ્રરૂપણા ચાલે. દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ કરો તમારું કલ્યાણ થશે. તદ્દન મિથ્યાત્વનું પોષક છે. સમજાણું કાંઈ?

કીધું શું? જુઓને! જીવ એટલે ચેતનદ્રવ્ય, અજીવ એટલે **'જડ–કર્મ-નોકર્મ-ભાવકર્મ...'** એ બધા જડ. **'તેમના ભિન્નભિન્નપણારૂપ વિસ્તીર્ણ જ્ઞાનદષ્ટિથી. જીવ અને કર્મનો ભિન્નભિન્ન અનુભવ કરતાં જીવ જેવો કહ્યો છે તેવો છે.'** આહાહા! બેને ભિન્ન પાડતાં, રાગને, વિકલ્પને, દયા, દાનના વિકલ્પને પણ ભિન્ન પાડતાં, કેમકે અજીવ છે. ચૈતન્ય ઉપર દૃષ્ટિ (દેતાં) બે જુદા પડી જાય છે. ત્યારે આત્માનો અનુભવ થાય છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



( માલિની )

विरम किमपरेणाकार्यकोलाहलेन
स्वयमपि निभृतः सन् पश्य षष्मासमेकम्।
हृदयसरसि पुंसः पुद्गलाद्भिन्नधाम्नो
ननु किमनुपलब्धिर्भाति किं चोपलब्धिः।।२-३४।।

ખંડાન્વય સહિત અર્થ :– 'विरम अपरेण अकार्यकोलाहलेन किम्' ( विरम ) હે જીવ! વિરક્ત થા, હઠ ન કર, ( अपरेण ) મિથ્યાત્વરૂપ છે અને ( अकार्य ) કર્મબંધને કરે છે એવા (कोलाहलेन किम्) જે જૂઠા વિકલ્પો તેમનાથી શું? તેનું વિવરણ–કોઈ મિથ્યાદષ્ટિ જીવ શરીરને જીવ કહે છે, કોઈ મિથ્યાદષ્ટિ જીવ આઠ કર્મોને જીવ કહે છે, કોઈ મિથ્યાદષ્ટિ જીવ રાગાદિ સૂક્ષ્મ અધ્યવસાયને જીવ કહે છે–ઇત્યાદિરૂપે અનેક પ્રકારના બહુ વિકલ્પો કરે છે. હે જીવ! તે બધાય વિકલ્પો છોડ, કેમ કે તે જૂઠા છે. 'निभृतः सन् स्वयं एकम् पश्य' ( निभृतः ) એકાગ્રરૂપ ( सन् ) થતો થકો ( एकम् ) શુદ્ધ ચિદ્રૂપમાત્રનો ( स्वयम् ) સ્વસંવેદનપ્રત્યક્ષપણે ( पश्य ) અનુભવ કર. 'षष्मासम्' વિપરિતપણું જે રીતે છૂટે તે રીતે છોડીને. 'अपि' વારંવાર બહુ શું કહેવું? આવો અનુભવ કરતાં સ્વરૂપપ્રાપ્તિ છે, તે જ કહે છે– 'ननु हृदयसरसि पुंसः अनुपलब्धिः किम् भाति' ( ननु ) હે જીવ ! ( हृदयसरसि ) મનરૂપી સરોવરમાં છે ( पुंसः ) જે જીવદ્રવ્ય તેની ( अनुपलब्धिः ) અપ્રાપ્તિ ( किं भाति ) શોભે છે શું? ભાવાર્થ આમ છે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરતાં સ્વરૂપની પ્રાપ્તિ ન થાય એમ તો નથી; 'च उपलब्धिः' ( च ) છે તો એમ જ છે કે ( उपलब्धिः ) અવશ્ય પ્રાપ્તિ થાય છે. કેવું છે જીવદ્રવ્ય? 'पुद्गलात् भिन्नधाम्नः' ( पुद्गलात् ) દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી ( भिन्नधाम्नः ) ભિન્ન છે–ચેતનરૂપ છે–તેજઃપુંજ જેનો, એવું છે. ૨-૩૪.

---

શ્રાવણ સુદ ૨, સોમવાર તા.૧૮.૦૭.૧૯૭૭
કળશ - ૩૪, પ્રવચન - ૪૩

'કળશટીકા' ૩૪ કળશ છે.

विरम किमपरेणाकार्यकोलाहलेन
स्वयमपि निभृतः सन् पश्य षष्मासमेकम्।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



हृदयसरसि पुंसः पुद्गलाद्भिन्नधाम्नो
ननु किमनुपलब्धिर्भाति किं चोपलब्धिः।।२-३४।।

આહાહા! **''विरम अपरेण अकार्यकोलाहलेन किम्' ( विरम ) હે જીવ! વિરક્ત થા,...'** સંસારના દુઃખના પરિણામથી વિરક્ત થા. જો તારે આત્મા પ્રાપ્ત કરવો હોય, સુખરૂપ ભગવાનઆત્મા છે. અજીવ છે ને? એટલે સંસારનું દુઃખ આદિ છે એ બધું અજીવ છે. આહાહા! એનાથી વિરક્ત થા. **'હઠ ન કર,...'** હઠ ન કર એટલે? પરમાં કાંઈપણ ઠીક છે એવા વિકલ્પની હઠ ન કર. સહજસ્વરૂપ ભગવાનઆત્મા આનંદસ્વભાવ છે એને પકડવા **'(अपरेण)'** બીજા. બીજા એટલે મિથ્યાત્વરૂપ આદિ ભાવ. આપણે સહેલી ભાષા કરી છે. આ જરી ઓલી છે. નકામા કોલાહલના કાર્યથી શું કામ છે? નકામા (છે) એ. આહાહા!

અહીં **'(अपरेण)'** બીજા. ભગવાનઆત્માના સ્વરૂપ સિવાય બીજા જે મિથ્યાત્વરૂપી પરિણામ **'અને ( अकार्य )'** એ નકામું કાર્ય છે, એ કાંઈ તારું કાર્ય નથી. આહા..! ઝીણી વાત બહુ, બાપુ! **'अपरेण अकार्यकोलाहलेन'** બીજા નકામા, અકાર્ય એટલે નકામા, અકાર્ય. આહાહા! બીજા અકાર્ય એટલે નકામા કાર્યથી, એ કાર્યના કોલાહલથી તને શું પ્રયોજન છે? આહાહા! શું કહ્યું સમજાણું? **'( विरम )'** વિરક્ત થા. વિરામ પામ હવે. આહાહા! શેનાથી? કે સંસારના દુઃખના ભાવથી. એટલે? બીજા અનેરા નકામા રાગાદિ કાર્ય છે એનાથી નિવૃત્ત થા. આવી વાત છે. અહીં તો હજી ધંધા આડેથી નવરો થાતો નથી. અરે..રે..! ક્યાં એને જાવું ને શું કરવું છે? એકલા પાપના ધંધા આખો દિ'. અરે..! ધર્મ તો નહિ પણ પુણ્યેય નહિ. આ શાસ્ત્ર સાંભળવા, સત્સમાગમમાં રહેવું, વિચારવા એ બધો શુભ-પુણ્યભાવ છે. ધર્મભાવ તો જુદી ચીજ છે. બરાબર ઠીક નથી શેઠને? કમજોરી (છે)?

**'विरम किमपरेणाकार्यकोलाहलेन'** આહાહા! ભગવંત! તું દુઃખથી મુક્ત થા ને. આહાહા! બીજા અકાર્ય-રાગાદિ, મિથ્યાત્વ આદિ, મિથ્યા શ્રદ્ધા આદિ વિકલ્પો એ નકામા અકાર્ય છે. એવા અકાર્યથી અથવા નકામા કાર્યથી વિરક્ત થા. એ કોલાહલ છોડી દે. આહાહા! શું કહ્યું સમજાણું? ભગવાનઆત્મા આનંદસ્વરૂપ પ્રભુ છે. એને પામવા માટે એ દુઃખના પરિણામથી વિરક્ત થા અને અનેરા એ નકામા કાર્ય છે એ બધા. તારું કાર્ય નહિ. આહાહા! તારું કાર્ય તો આત્માને અનુભવવો એ તારું કાર્ય છે. એ સિવાયના વિકલ્પોની જાળ... આહાહા! એવા કોલાહલ જૂઠા વિકલ્પો... આહાહા! સત્ય ભગવાનઆત્મા એને પામવામાં વિરોધ કરનારા, જૂઠા. જૂઠા એટલે? છે તો ખરા પણ સત્ય સ્વભાવથી જૂઠા છે. એવા વિકલ્પની જાળથી હવે વિરક્ત થા. આહાહા!

**'જૂઠા વિકલ્પો તેમનાથી શું?'** છે? **'किम्' 'किम्'** એમ શબ્દ છે ને? **'किमपरेणाकार्यकोलाहलेन विरम'** આહાહા! બીજા અકાર્ય નકામા કોલાહલના વિકલ્પથી તું વિરમ. આહાહા! બહુ ટૂંકી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાષા છે.

મુમુક્ષુ :– નકામા...

ઉત્તર :– નહિ. એ તારા કામના નથી. એ બંધના કારણ છે. તારું કાર્ય નથી. આહાહા! નકામા એટલે તારું કાર્ય નથી. એ તો રાગનું કાર્ય, પુદ્‌ગલનું કાર્ય છે. પછી આમાં લેશે. **'सर्वेऽपि भावाः पौद्गलिका'** છે ને? ૩૫માં. ત્યાં સંસ્કૃતમાં એમ લખ્યું. ત્યાં સંસ્કૃતમાં એમ લખ્યું. એય...! પંડિતજી! **'सर्वेऽपि भावाः पौद्गलिका'** હા એ. આહાહા! એ શુભ અને અશુભ ભાવ બધા **'भावाः पौद्गलिका'** પુદ્‌ગલથી થયા એ પૌદ્‌ગલિક, પુદ્‌ગલ છે. આહાહા! ભગવાનઆત્માથી થયા નથી. આહાહા! આવી વાત! હેં?

મુમુક્ષુ :– પુદ્‌ગલથી થયા તો એ પુદ્‌ગલનું...

ઉત્તર :– એ પરમાર્થે પુદ્‌ગલના જ છે. પર્યાયના એના છે એ તો વાત કાલે સિદ્ધ કરી. અહીં તો સ્વભાવ દૃષ્ટિની અપેક્ષાએ જીવ-અજીવની વ્યાખ્યા ચાલે છે ને. વિકારના પરિણામ છે તો એની પર્યાયમાં જ અને એનું જ–અજ્ઞાનીનું જ કાર્ય છે. અજ્ઞાનીનું, હોં! એ વિકાર કર્મથી થયા છે અથવા બે ભેગા થઈને થયા છે એમ નથી. એ વાત તો વિકાર એની પર્યાયમાં સ્વરૂપના અજ્ઞાનને લઈને જે થયેલા ભાવ તે તારામાં તેં કર્યા છે એમ કહ્યું. સમજાણું કાંઈ? આહાહા! હેં?

મુમુક્ષુ :– પુદ્‌ગલા ભવા.. એ ક્યાં આવ્યું?

ઉત્તર :– એ પછી આવશે. હવે. આ સ્વભાવ છે માટે. એ સ્વભાવ તારો નથી. આહાહા! છે ને આમાં? ૩૫મી ગાથામાં આવશે. **'सर्वेऽपि भावाः पौद्गलिका अमी'** **'अमी'** આ પ્રત્યક્ષ છે એમ કહે છે. કઈ અપેક્ષા છે એ જાણવું જોઈએ ને? એની વસ્તુ ભગવાનઆત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપે બિરાજમાન છે. આહાહા! એની એ ચીજ નથી. પર્યાયમાં થાય છે એનાથી અને એનામાં. એ તો એનું અસ્તિત્વ પર્યાયમાં સિદ્ધ કરવા એના છે એમ કહ્યું. પણ જ્યારે વસ્તુનું અસ્તિત્વ શુદ્ધ ચૈતન્ય છે એના અસ્તિત્વમાં લઈ જવા છે. એને અહીં ઊભો રાખવો નથી. હેં? એનું એનામાં તારાથી, તને તારાથી અજ્ઞાનભાવે થયા છે. એટલે? ભગવાનસ્વરૂપ પ્રભુ! ચૈતન્યજ્યોત ઝળહળ જ્યોતિ.. આહાહા! એ પોતે તેના સ્વરૂપના અજાણમાં અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા ભાવ છે. એ તો સ્વરૂપનું જ્ઞાન નથી. એ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા ભાવ તારી દશામાં છે. હવે અહીં તો સ્વરૂપનું જ્ઞાન કરાવવું છે. સમજાણું કાંઈ? આહાહા!

મુમુક્ષુ :– ઘડિકમાં પુદ્‌ગલના ને ઘડિકમાં જીવના...

ઉત્તર :– એ અમારે 'ફાવાભાઈ' કહેતા. સવારે કાંઈક આવે. બપોરે.. કઈ અપેક્ષાએ (કહે છે, એ સમજવું જોઈએ). બપોરે જીવના કીધા અને અત્યારે પુદ્‌ગલના. એમાં સવાર ને બપોરનો મેળ ક્યાં? કઈ અપેક્ષાથી છે, પ્રભુ! આ તો સ્યાદ્વાદ માર્ગ પ્રભુનો છે. એટલે? કે પર્યાયમાં થાય છે એ તો પર્યાયથી પોતાથી, પોતામાં, પોતાને કારણે થાય છે. એ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એનું પરથી ભિન્ન અસ્તિત્વ સિદ્ધ કરવા તે રાગનું, પુણ્ય-પાપના ભાવનું અસ્તિત્વ તારી પર્યાયમાં અને તે તારાથી. તારાથી એટલે? તારા સ્વરૂપના અજ્ઞાનથી (થયા છે). આહાહા! હેં? આવો માર્ગ! સ્વરૂપ જે ચિદાનંદ, પ્રભુ! એના અજ્ઞાનથી ઉત્પન્ન કરેલા તેં કર્યા છે એમ ત્યાં કહેવું છે. હવે અહીં તો એને જુદું પાડીને વસ્તુસ્થિતિ છે ત્યાં એને લઈ જવો છે. જે ત્રિકાળી જીવસ્વભાવ છે... આહાહા! ત્યાં એને એ સ્વભાવની પ્રાપ્તિ થાય એ રીતે લઈ જવો છે. એ કેવી રીતે પ્રાપ્તિ થાય? આહાહા!

બીજા અનેરા '**(अपरेण)**' છે ને? '**(अपरेण)**' એટલે બીજાં, '**( अकार्य )**' એટલે નકામા. તારા આત્માનું એ વાસ્તવિક કાર્ય નહિ. આહાહા! સમજાણું કાંઈ? આ તો ધર્મના માર્ગની રીત છે. આ કોઈ વાર્તા કે કથા નથી. આહાહા! આ તો ભગવત્સ્વરૂપ પરમાત્મા ત્રિલોકનાથે, તીર્થંકર પરમેશ્વરે એ સ્વરૂપની પ્રાપ્તિ કેમ થાય એની રીત અને શું કીધું હતું એ? નિયમ. વસ્તુના સ્વભાવનો નિયમ (ફરમાવે છે). એમ આવ્યું હતું ને? એ નિયમ વિકારી પરિણામનો તું કર્તા (છો), એ વસ્તુના સ્વભાવનો નિયમ. પર્યાયમાં પર્યાયબુદ્ધિવાળો, દ્રવ્યના સ્વભાવના અજાણવાળો... આહાહા! સમજાણું કાંઈ? આહાહા! ભગવાન આનંદનો નાથ ચિદાનંદ પ્રભુ, નિત્ય આનંદ અને નિત્ય જ્ઞાયક સ્વભાવાળી ચીજ (મોજૂદ છે) તેના અજ્ઞાનથી, એના ભાન વિના પર્યાયબુદ્ધિવાળો, પર્યાયમાં વિકાર કરે છે તે તેનાથી છે. એ કર્મથી નહિ ને પરથી નહિ. એટલી વાત ત્યાં સિદ્ધ કરી.

હવે અહીં બીજી વાત સિદ્ધ કરવી છે કે જે પર્યાયમાં પર્યાયબુદ્ધિથી વિકૃતભાવ થતો, તારાથી તું કરતો એ તારા સ્વરૂપમાં નથી અને તારું ત્રિકાળી સ્વરૂપ એમાં નથી. અને એને લઈને ત્રિકાળી સ્વરૂપ પ્રાપ્ત થાય એવું નથી. સમજાણું કાંઈ? આહાહા! લ્યો! કીધું ને કે જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાણું. જ્ઞાનની પર્યાયમાં જ્ઞાનાવરણીયને લઈને હીણી દશા થઈ છે. જ્ઞાનાવરણીયનું એ કાર્ય છે. તો અહીં કહે છે, ના. એ તો પોતાની પર્યાયની હીણી દશાનું કાર્ય પોતાનું છે. ત્યારે જ્ઞાનાવરણીયને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા! આવી વાતું છે. અહીંયાં કહે છે કે જે પરિણામ છે એ છે તો તારી પર્યાયના તારા, પણ પર્યાયમાં તારા. વસ્તુ સ્વભાવની પ્રાપ્તિ માટે એ તારા નહિ, એ તો પુદ્‌ગલના છે. 'શાંતિભાઈ'! આવી વાતું છે. આહાહા!

પ્રભુ! ચોર્યાસી લાખના અવતારમાં હેરાન થઈ ગયો તું. એ પુણ્ય દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ પણ રાગ છે, એ નકામી ચીજ છે, આત્માને લાભકારક છે જ નહિ એમ કહે છે. અરે...! જગતને બેસવું કઠણ. છે તારા, પર્યાયબુદ્ધિએ કરેલા તારામાં, પણ તને એ દુઃખના કારણ છે. હવે એનાથી વિરમ. આહાહા! એટલે કે પર્યાયબુદ્ધિથી અજ્ઞાને કરતો હતો. આહાહા! હવે હઠ ન કર એમ કહે છે. આ મારા છે એમ હઠ ન કર હવે. છે આમાં? '**હઠ ન કર,...**' છે. હઠ ન કર. આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાઈ! આ તો શાંતિનો, ધર્મનો માર્ગ છે. એ શાંતિના માર્ગમાં આ કોલાહલ શા? કહે છે. આહાહા! અનેરા, બીજા નકામા, તારું કાર્ય નહિ એવા કાર્ય કે જેનાથી બંધન થાય એવા કાર્યના કારણ એ તારું કાર્ય નહિ. આહાહા! 'દેવીલાલજી'! આવી વાતું છે. આમાં કાંઈ પંડિતાઈ કામ આવે એવું નથી.

મુમુક્ષુ :– કઈ વસ્તુ કામમાં આવે?

ઉત્તર :– અંતરમાં આ આત્માની સમજણ કરવી હોય ત્યારે પંડિતાઈ કામ ન આવે ત્યાં. એ કહે છે ને કે વિકલ્પની જે દશા તારી એ કાંઈ કામ ન કરે તારું. આહાહા! બહુ ટૂંકી. આચાર્યો દિગંબર સંતોએ તો ગજબ કામ કર્યા છે! એક એક કળશે, એક એક ગાથાએ સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગને ખોલીને મૂક્યો છે. આહાહા! વાડા બાંધી બેઠા રે પોતાનો પંથ કરવાને. એ આ નહિ. આહાહા! કહો, સમજાણું કાંઈ?

અહીં તો **'(अपरेण)'** શબ્દ છે ને? બીજા મિથ્યાત્વ આદિના પરિણામ, એમ. કે જે કર્મબંધના કાર્ય. **'(अकार्य)'** એટલે તારું કાર્ય નથી એ કર્મબંધનનું કાર્યનું કારણ છે. આહાહા! **'(कोलाहलेन किम्)'** આવા કોલાહલથી પ્રભુ તને શું લાભ છે? આહાહા! ઝીણી વાત ખરી, ભાઈ! આ તો પ્રભુનો માર્ગ છે શુરાનો, એ કાયરના ત્યાં કામ નથી. દુશ્મન આવે અને પાછા હઠી જાય એવા કાયરનું આ કામ નથી. આહાહા! અકામ, અકાર્ય. જે નકામા તારા કાર્ય નહિ. અને નકામા કાર્ય એ રાગ, દ્વેષ, પુણ્ય-પાપ... આહાહા! એ જૂઠ્ઠા વિકલ્પો છે. તારા સત્યને નુકસાન કરનારા છે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! આહાહા!

અરે..! એને ચોર્યાસી લાખની યોનીના અવતારમાંથી બહાર કાઢવો છે. તેથી કહે છે કે જે એના ભાવમાં બંધન થાય અને જેનાથી અવતાર મળે એવા નકામા કાર્યના રાગથી, પુણ્યથી તારે શું કામ છે? આહાહા! ભાઈ! તને બહારમાં જુવાની કાંઈક હોય, પાંચ-પચાસ હજાર, બે-પાંચ-પચ્ચીસ લાખ મળ્યા હોય હોંશમાં તારા દિ' જાશે એમાં. પણ એ દુઃખના દહાડામાં જાય છે, પ્રભુ! તને ખબર નથી. આહાહા! એમ કહે છે. સમજાણું કાંઈ? રાત્રે કોઈ પીડા આવી હોય તો એમ કહે, રાત છે તો એવડી ને એવડી પણ મોટી લાગે. હેં? અને આ બહારની અનુકૂળતાના રસિયાને વખત ક્યાં જાય છે એની ખબર ન મળે. આહાહા! હેરાન કરવામાં વખત જાય છે એની એને ખબર ન મળે. આહાહા! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, એનો માર્ગ જુદી જાતનો છે. એ તો અહીંયાં (કહે છે), દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ ભાવ પણ પુદ્‌ગલના છે જીવના નહિ. એ અકાર્ય કોલાહલ મફતનું કામ છે. આહાહા! લોકાને આકરું (પડે). બિચારા સંપ્રદાયમાં બંધાય ગયેલા, એને વીતરાગનો માર્ગ સમજવો ભારે કઠણ. હેં? અનાદિથી બંધાયેલા છે ને? એ માટે તો કહે છે. એ બધા વિકલ્પો જૂઠા છે.

**'તેનું વિવરણ–કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ શરીરને જીવ કહે છે,...'** શરીર તે જીવ છે, શરીરની ક્રિયા એ આત્મા કરે છે. આહાહા! ભગવાનની પૂજા વખતે સ્વાહા (બોલે) એ વાણી અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દેહની એ ક્રિયા તો જડની છે. આહાહા! એ ક્રિયા મારી છે, હું કરું છું (એમ માનનાર) શરીરને જીવ માને છે. આહાહા! આવી વાતું. વીતરાગનો માર્ગ બહુ જુદી જાતનો, બાપુ! પરમેશ્વર એ કહે છે, **'મિથ્યાદૃષ્ટિ જીવ શરીરને જીવ કહે છે,...'** એનો અર્થ કે શરીરની જેટલી ક્રિયા થાય એ મારાથી થાય છે. એટલે શરીરને જ એણે જીવ માન્યો. આહાહા!

'છ ઢાળા'માં આવે છે ને એ? 'છ ઢાળા'માં આવે છે. તન ઉપજત પોતાની ઉપજત માને છે. 'છ ઢાળા'માં આવે છે. પાઠશાળામાં શિખવે પણ અર્થની ખબર ન મળે. આ શરીર ઊપજે અને શરીર કાંઈક પુષ્ટ થાય તે શરીરની ક્રિયા થાય તે મારાથી થાય છે. હું બોલ્યો, મેં શરીરને ચલાવ્યું, દયા પાળવામાં જીવ નીચે મરતો હતો તો શરીરને મેં ઊંચુ રાખ્યું. આહાહા! એ શરીરની ક્રિયા જડની છે. એ મારાથી થાય છે એમ માન્યું એણે શરીરને જીવ માન્યો. આવો માર્ગ છે, ભાઈ! આહાહા!

વીતરાગમાર્ગમાં કોઈ પક્ષ નથી કે દુનિયા ઘણું માને અને ઘણા ભેગા થાય માટે એનું સાચું છે. લાખો-કરોડો ભલે હોય, કહે છે. અહીં તો કહે છે કે શરીરની ક્રિયા એક આમ પગલું ભરવું, જીવ નીચે હોય અને પગ ઊંચો રાખવો નહિતર મરી જશે એ શરીરને ઊંચા રાખવાની ક્રિયા મેં કરી એ શરીરને જીવ માને છે, એમ કહે છે. કહો, 'શુકનલાલજી'! આવું છે ક્યાં? હતું? આહાહા! માર્ગ એવો, બાપુ! શું થાય? દુનિયા તો અનાદિથી એમ ને એમ અજ્ઞાનમાં પડી છે. આહાહા!

**'કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ આઠ કર્મોને જીવ કહે છે,...'** જોયું? કર્મનું ફળ આવે એ મારું ફળ છે. આહાહા! પૈસા મળ્યા, શરીર ઠીક મળ્યું, બાયડી, છોકરા, કુટુંબ કાંઈક ઠીક મળ્યું, ધંધો કાંઈક ઠીક ચાલ્યો, એ બધા કર્મના ફળ છે, છતાં એ મારા છે એમ માને છે. આહાહા! એય..! 'શાંતિભાઈ'! **'આઠ કર્મોને જીવ કહે છે,...'** આહાહા!

મુમુક્ષુ :– પૈસા મારા એમ માનવું એ શું છે?

ઉત્તર :– એ દીકરો મારો એ કર્મનું ફળ છે અને પોતાનું માન્યું એ કર્મને માન્યું છે. ભાઈ ઘરનો પ્રશ્ન કરે છે. 'સુમનભાઈ'. 'સુમનભાઈ' તો હોંશિયાર ને. છ હજારનો-આઠ હજારનો પગાર છે.

મુમુક્ષુ :– એને હોંશિયાર કહેવાય?

ઉત્તર :– આ માણસ કહે છે, દુનિયા કહે છે કે દસ હજારનો પગાર એ હોંશિયાર માણસ. દુનિયા ગાંડી-પાગલ છે. અહીં તો એ વાત છે, બાપુ! પરમાત્મા જિનેશ્વરદેવ ત્રિલોકનાથ સમવસરણમાં ઇન્દ્ર અને ગણધરો વચ્ચે પરમાત્મા આમ ફરમાવતા હતા. આહાહા! સમજાણું કાંઈ? કહો, 'પોપટભાઈ'! આહાહા! ભારે વાત પણ ટૂંકામાં પણ કેટલું કહે છે! આહાહા!

**'કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ રાગાદિ સૂક્ષ્મ અધ્યવસાયને જીવ કહે છે–'** જોયું? એ દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ છે એ મારો છે અને મને લાભકારક છે એમ માનનારા રાગના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અધ્યવસાયને જીવ માને છે. આહાહા!

મુમુક્ષુ :– રાગાદિને તો સ્થુળ કહ્યા છે.

ઉત્તર :– .. અધ્યવસાય કીધું ને, એકત્વબુદ્ધિ. એકત્વબુદ્ધિની અપેક્ષાએ સૂક્ષ્મ કહ્યું. છે તો સ્થુળ. પણ એને એકત્વબુદ્ધિ છે કે એ રાગ તે મારો. આહાહા! ચૈતન્ય ભગવાન આત્મા જ્ઞાતા-દૃષ્ટા ભિન્ન છે એને આવી રાગની ક્રિયા મારી છે, એકતાબુદ્ધિ છે એને અહીંયાં મિથ્યાત્વ કહ્યું છે. આહાહા! ભારે વાતું, ભાઈ! 'શાંતિભાઈ'! અજ્ઞાનીને તો માથા ફરી જાય એવું છે. આહાહા!

**'રાગાદિ સૂક્ષ્મ અધ્યવસાય...'** અધ્યવસાય કેમ લીધું? કે એકત્વબુદ્ધિ લેવી છે. **'ઇત્યાદિ અનેક પ્રકારના...'** 'સમયસાર'માં ઘણા છે. **'અનેક પ્રકારના બહુ વિકલ્પો કરે છે.'** જોયું! એવા વિકલ્પો-રાગ ઉત્પન્ન કરે છે, એકત્વબુદ્ધિના. આહાહા! જે કાંઈ વ્રત, તપ અને ભક્તિનો વિકલ્પ ઊઠે એ રાગ છે. એને પણ એકત્વ-પોતાના છે એમ માને છે એ મિથ્યાત્વભાવ છે. આહાહા! અરે..! સત્ય વાત સાંભળવા મળે નહિ એ બિચારા સત્યમાં ક્યારે જાય? કાલે કહ્યું હતું, નહિ? વરાકા. એ બિચારા, બિચારા ભિખારી. આહાહા! તત્ત્વના અજાણને રાકા કહ્યા હતા. રાકાઓ. આહાહા! જે રાગને પોતાનું સ્વરૂપ માનીને લાભ માને એ બિચારા રાકા–ભિખારી છે. આહાહા! આ તો દિગંબર સંતોની આ વાણી છે. એવી ક્યાંય છે નહિ. આહાહા! કડક છે.

**'ઇત્યાદિરૂપે અનેક પ્રકારના બહુ વિકલ્પો કરે છે. હે જીવ! તે બધાય વિકલ્પો છોડ,...'** આહાહા! એ રાગ એ મારો, શરીર એ મારું, કર્મ એ મારા અને કર્મથી ફળ થાય એ મારાથી થયા. પ્રભુ! એ બધા ભાવને છોડ જો તારે સુખી થવું હોય તો. જો તારે સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય... સમ્યગ્દર્શન હજી, હોં! ધર્મની પહેલી દશા. અને સમ્યગ્દર્શન વિનાના વ્રત અને તપ તો બધા બાળવ્રત અને બાળતપ. સંસારમાં રખડવાના છે બધા. સમજાણું કાંઈ? શું કહ્યું? **'હે જીવ! તે બધા વિકલ્પો છોડ,...'** રાગની એકતાબુદ્ધિ છોડ. આહાહા! વિરમ. આહાહા! **'કેમકે તે જૂઠ્ઠા છે.'** જોયું! બીજી વાર આવ્યું. પહેલા જૂઠ્ઠા વિકલ્પ છે એમ કહ્યું. પહેલા હેઠે. જૂઠ્ઠા છે એટલે? છે તો ખરા. પણ આત્માના નથી માટે જૂઠ્ઠા છે. આહાહા!

**''निभृतः सन् स्वयं एकम् पश्य' ( निभृतः )'** આહાહા! **'એકાગ્રરૂપ થતો થકો...'** આહાહા! ચૈતન્ય આનંદનો નાથ પ્રભુ તેમાં એકાગ્ર થઈને... આહાહા! ભાષા સહેલી છે. જ્યાં અનંત પુરુષાર્થ માગે છે. આવા વિકલ્પો છોડ અને આનંદનો નાથ ભગવાન બિરાજે ત્યાં સ્વરૂપમાં એકાગ્ર થા. તું ત્યાં છો, ત્યાં જા. આહાહા! એ વિકલ્પમાં તું નથી. એમાં તું નથી, એ તારામાં નથી. આહાહા! આવી વાતું. પછી 'સોનગઢ'વાળાને એમ જ કહે ને. આ 'સોનગઢ'ની વાત છે કે શાસ્ત્રની છે? એય...! 'સોનગઢ'વાળા વ્યવહારને ઉથાપે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અને નિશ્ચય... અરે..! સાંભળને પ્રભુ. બધી તારી વાતની ખબર નથી આખી દુનિયાની?

અહીં કહે છે કે વિકલ્પ જે છે, વ્યવહારરત્નત્રયનો વિકલ્પ રાગ એ પણ જૂઠો છે. તારા આત્માને લાભદાયી નથી. આહાહા! કેમ બેસે? અનંતકાળ રખડવામાં ગયો અને એ ને એ પંથે પડ્યો. એને પાછું ફરવું ગોઠતું નથી. આહાહા! અને એ વાત એને એવી લાગે કે આ તો એ નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... એમ કહે છે. એને બિચારાને ખબર ન મળે શું કરે? આહાહા! બાપુ! પરમાર્થનો માર્ગ વીતરાગ જિનેશ્વરદેવ એમ કહે છે કે એ બધા રાગના વિકલ્પોને છોડી દે હવે. અને છોડીને જાવું ક્યાં? આનંદમૂર્તિ ભગવાનઆત્મા છે ત્યાં એકાગ્ર થા તો તને સમ્યગ્દર્શન થશે. હજી સમ્યગ્દર્શન... આહાહા! સમજાય છે કાંઈ? આહાહા! છે?

**‘એકાગ્રરૂપ થતો થકો...’** ‘‘**निभृतः**’ છે ને? મૂળ તો ચિંતા રહિત થતો થકો. બીજે ઠેકાણે એમ કહ્યું છે ને? ચિંતા રહિત છે અને આમ એકાગ્ર થાશે. ‘**( एकम् ) શુદ્ધચિદ્રૂપમાત્રનો...**’ ભગવાનઆત્મા તો શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે. આ બધા રાગના પુણ્ય-પાપના વિકલ્પો એ એના સ્વરૂપમાં છે જ નહિ. આહાહા! ‘**( एकम् ) શુદ્ધ ચિદ્રૂપમાત્રનો ( स्वयम् ) સ્વસંવેદનપ્રત્યક્ષપણે ( पश्य ) અનુભવ કર.**’ આહાહા! એ ભગવાન આનંદનો નાથ પ્રભુ અંદર છે, એ આ બધા વિકલ્પ શરીર ને વાણી અને મનના રાગના બધાથી પર છે. આહાહા! એમાં સમ્યગ્દર્શન પામવા માટે ત્યાં એકાગ્ર થા. સમ્યક્ એટલે આખી ચીજ જે સત્ય છે તેનું તને દર્શન થશે, તેમાં પ્રતીતિ થશે, તેનો અનુભવ થશે. આહાહા! હવે આ હજી સમ્યગ્દર્શનની ખબરું ન મળે અને વ્રત, તપ, ચારિત્ર ને થઈ ગયા બધા. એ બધા એકડા વિનાના મીંડા છે. સમજાણું કાંઈ? આહાહા! શું કહ્યું?

**‘एकम्, स्वयम्, पश्य’** એટલાનો અર્થ ચાલે છે. એક શુદ્ધ ચિદ્રૂપમાત્ર. ઓલા વિકલ્પો અનેક હતા. એને છોડીને આ ભગવાનઆત્મા એકરૂપ શુદ્ધ ચૈતન્યઘન આત્મા છે. આહાહા! એને સ્વયં રાગના અવલંબન વિના, વ્યવહારના વિકલ્પોના આશ્રય વિના **‘સ્વસંવેદનપ્રત્યક્ષપણે...’** સ્વ એટલે પોતાને, સં-પ્રત્યક્ષ વેદનપણે. એ આત્મા આનંદનો સાગર છે એને તું અંતરમાં એકાગ્ર થઈને અનુભવ એ સ્વસંવેદન પ્રત્યક્ષ છે. એ પ્રત્યક્ષ આત્માનો ભાવ ત્યાં પ્રત્યક્ષ જણાય છે. સમકિતમાં, મતિ-શ્રુતજ્ઞાનમાં એ આત્માનું પ્રત્યક્ષ વેદન છે. આહાહા! એકેય શબ્દની ખબરું ન મળે. અમે ધર્મ કરીએ છીએ અને ધર્મ કરતાં અમારું કલ્યાણ થઈ જશે. આહાહા! અરે..રે..! સંસાર આવો અનાદિકાળથી ભ્રમણામાં ને ભ્રમણામાં કાળ ગાળ્યા એણે. ભાઈ! હવે આવા અવસર મળ્યા. આહાહા! એને છોડીને અહીં આવ. જ્યાં આનંદનો નાથ પ્રભુ અંદર બિરાજે છે. ભગવત્‌સ્વરૂપ આત્મા છે. આહાહા! કેમ બેસે? રાંકને પ્રભુતા બેસે કેમ? આહાહા!

એકવાર વિકલ્પને છોડ અને નિર્વિકલ્પ ચીજ એકરૂપ છે તેમાં જા, એકાગ્ર થા. આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તું તને સ્વસંવેદન પ્રત્યક્ષપણે અનુભવ કર. આહાહા! સ્વ એટલે આત્માથી સં-પ્રત્યક્ષ વેદન કર. આહાહા! એમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે એને અહીંયાં પ્રત્યક્ષપણું કહ્યું છે. જ્ઞાનમાં ભલે આમ પૂરું ન દેખાય પણ આનંદના સ્વાદની અપેક્ષાએ અહીંયાં પ્રત્યક્ષ કહ્યું છે. સમ્યગ્દષ્ટિને, ધર્મની પહેલી દશાવંતને સ્વસંવેદન પ્રત્યક્ષ આત્મા થાય છે. આહાહા!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ પ્રત્યક્ષ આનંદની અપેક્ષાએ પ્રત્યક્ષ. અથવા પરનો આશ્રય નથી એ અપેક્ષાએ પ્રત્યક્ષ. વ્યવહાર એટલે રાગનો આશ્રય નથી, નિમિત્તનો અને એનો આશ્રય નથી એટલે પ્રત્યક્ષ કહ્યું. સીધું સ્વને જાણે એટલે એમ પરનો આશ્રય નહિ માટે પ્રત્યક્ષ. બાકી છે તો શ્રુતજ્ઞાન પરોક્ષ, પણ આ રીતે પરનો આશ્રય નથી. એકલા સ્વને જાણવામાં એકાગ્ર થયો એનું નામ સ્વસંવેદન પ્રત્યક્ષ, એમાં પ્રતીત થવી તે સમકિત. આહાહા! સમજાણું કાંઈ? કહો, 'હિંમતભાઈ'! આવું ક્યાંય લોઢા-ફોઢામાં મળે એવું નથી. હેરાન થઈ ગયા.

મુમુક્ષુ :– લોઢામાં ન મળે, સોનામાં મળે ને વકીલાતમાં મળે.

ઉત્તર :– વકીલાતમાં અજ્ઞાન બધો રાગ છે. આહાહા! અમે કરતા. અમે જજ પાસે દલીલ કરી અને દલીલ કરી ને દલીલ કરીને અમારો કેસ જીતાવીએ. આહાહા!

અહીં ભગવાન કહે છે, **'સ્વસંવેદન પ્રત્યક્ષપણે અનુભવ કર.'** આહાહા! તારું સ્વરૂપ જે ચૈતન્ય ભગવાન છે, ભગવત્ જિનસ્વરૂપ પ્રભુ તારું છે, એને સ્વથી, પોતાથી પ્રત્યક્ષ વેદ, વેદન કર. એને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન કહે છે. આહાહા! શાસ્ત્રના ભણતર ગમે એટલા હો એને સમ્યગ્જ્ઞાન કહેતા નથી. આહાહા! અહીંયાં તો સ્વસંવેદન આત્માનું પ્રત્યક્ષ આનંદનું વેદન તેને પ્રત્યક્ષ જ્ઞાન કહે છે. આહાહા! અરે..રે..! ક્યાં માર્ગ રહી ગયો અને ક્યાં લોકો માનીને બિચારા હેરાન થઈને ક્યાંય અવતરશે. અરે..! અહીં કાંઈક મળશે લોકો એના જેવા હોય એને. આહાહા! કુદરતના નિયમમાં તો જે નિયમ છે તે રહેશે. આહાહા!

**'સ્વસંવેદનપ્રત્યક્ષપણે અનુભવ કર.'** કેટલો કાળ? આચાર્ય તો છ માસ કહે છે. એક છ મહિના તો આ પ્રયત્ન કર. બીજા બધા વિકલ્પ છોડીને છ મહિના તો આ અભ્યાસ કર. એ મધ્યમથી વાત કરી છે. જઘન્ય તો અંતર્મુહૂર્તે પ્રાપ્ત થાય એવો છે. ઉત્કૃષ્ટ તો અનંતકાળે પ્રાપ્ત ન થાય એવો છે. સમજાણું કાંઈ? પણ આચાર્ય મહારાજ છ માસ કહે છે. અર્થકારે છ માસ ન લેતાં... **'વિપરીતપણું જે રીતે છૂટે તે રીતે છોડીને.'** આહાહા! એવો અર્થ કર્યો. છ માસનો એવો અર્થ કર્યો. 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત મુનિ છ માસ કહે છે, તો આ અર્થ એનો એકદમ એકાગ્ર ન લેતાં, જેમ બને તેમ સ્વરૂપની દૃષ્ટિ કર અને રાગના વિકલ્પને દૃષ્ટિમાંથી છોડ, એમ કહ્યું.

**'વિપરીતપણું જે રીતે છૂટે...'** આહાહા! એ રાગથી મને લાભ થાય એ મિથ્યાત્વ છે. એવી વિપરીત બુદ્ધિ જેમ છૂટે તેમ છોડ હવે. આહાહા! સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– અર્ધપુદ્‌ગલ પરાવર્તન કરે...

ઉત્તર :– એ અર્ધપુદ્‌ગલ... એ બધું પુરુષાર્થ કરે તો બધું થઈ ગયું અંદર. એ કહેશે અંદર. સ્વરૂપનો અનુભવ કરે અને પ્રાપ્તિ ન થાય એમ ત્રણકાળમાં બને નહિ. એ કહેશે હમણાં. રાગની ક્રિયામાં એકાકાર થાય એને આત્મા ક્યાં છે? સમજાણું કાંઈ? આહાહા! જ્ઞાનીને રાગ આવે પણ એ જ્ઞાની તે રાગને હેય જાણે. આદરણીય, ઉપાદેય અને લાભદાયક એમ ન માને. આહાહા! અજ્ઞાની એ રાગની ક્રિયાને ઉપાદેય, હિતકર છે એમ માને. આહાહા! આ મોટો ફેર. દૃષ્ટિનો, મિથ્યાત્વનો અને સમકિતનો આટલો ફેર છે. આહાહા! સમજાણું કાંઈ? છે? આહાહા! છે?

**'વિપરીતપણું જે રીતે છૂટે તે રીતે છોડીને. 'अपि' વારંવાર બહુ શું કહેવું ?'** આહાહા! આચાર્ય દિગંબર સંતો, આનંદના અનુભવીઓ. મુનિ તો એને (કહીએ) કે જેને અતીન્દ્રિય આનંદનો અનુભવ ઉગ્રપણે હોય છે. એને મુનિ કહેવાય છે. મુનિ લુગડા પહેરીને નગ્ન થયા, પંચમહાવ્રતના પરિણામ (છે) માટે મુનિ (થઈ ગયા એમ નથી). આહાહા! એને તો અતીન્દ્રિય... અતીન્દ્રિય આનંદની ઉગ્ર વેદના, આનંદનો અનુભવ હોય છે. એને જૈન શાસનમાં મુનિ કહેવામાં આવે છે. છે ને? આહા..!

**'આવો અનુભવ કરતાં સ્વરૂપપ્રાપ્તિ છે,...'** આહાહા! કેવળ સ્વસંવેદન પ્રત્યક્ષપણે અનુભવ કરતાં સ્વરૂપની પ્રાપ્તિ છે. આહાહા! આવું વ્યાખ્યાન કેવું આ! આમાં ક્યાંય વ્રત પાળવા, તપસ્યા કરવી, જાત્રા કરવી એ વાત તો આવતી નથી. અરે..! ભાઈ! સાંભળ, બાપુ! તને ખબર નથી, ભાઈ! એ તો બધી ક્રિયાઓ રાગ હોય ત્યારે આવે. સમકિતીને આવે, અજ્ઞાનીને આવે. અજ્ઞાનીને એ રાગને લાભ માનીને આવે. જ્ઞાનીને હેય-દુઃખ તરીકે જાણીને એને આવે. આહાહા! બહુ ફેર, બાપુ! જૈનદર્શન વીતરાગ માર્ગને શ્રદ્ધામાં લેવો એ કોઈ અપૂર્વ વાત છે. એ કોઈ સાધારણ વાત નથી. જૈનધર્મ એ કોઈ વાડો નથી. એ તો વસ્તુનું સ્વરૂપ છે. જેવું સ્વરૂપ છે તેવો અનુભવ કરવો તેનું નામ ધર્મ છે. આહાહા! સમજાણું કાંઈ?

**'આવો અનુભવ કરતા સ્વરૂપપ્રાપ્તિ છે,...'** આહાહા! **'તે જ કહે છે– 'ननु हृदयसरसि पुंसः अनुपलब्धिः किम् भाति' હે જીવ! ( हृदयसरसि ) મનરૂપી સરોવરમાં...'** અંદર ભગવાન આનંદનો સરોવર પ્રભુ છે. આહાહા! એ હૃદયરૂપી સરોવરમાં **'જે જીવદ્રવ્ય...' ( पुंसः )** એટલે આત્મા. **'તેની અપ્રાપ્તિ ( किं भाति ) શોભે છે શું ?'** આહાહા! ભગવાનઆત્મા આનંદનું સરોવર છે. એમાં અંદર અનુભવ કરે તો શું અપ્રાપ્તિ છે એ શોભે છે? આત્મા ન મળે તે શોભે? આહાહા! ઝીણી વાત છે, ભાઈ! અનંતકાળ વીત્યો, ચોર્યાસીના અવતાર (કર્યા), દિગંબર સાધુ અનંતવાર થયો. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આહાહા! અનંતવાર દિગંબર મુનિ થયો. પંચમહાવ્રત અનંતવાર લીધા. એ તો રાગ છે, વિકલ્પ છે, આસ્રવ છે. આહાહા! પણ આત્મા રાગથી ભિન્ન ચૈતન્યનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનુભવ ન કરે તો તે વિના સુખ ન પામે. એમ આવ્યું ને? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન...' આત્માના આનંદના સ્વાદના ભાન વિના એ ચોર્યાસીમાં અવતર્યો અને રખડ્યો પાછો. આહાહા! સમજાણું કાંઈ?

**'( हृदयसरसि ) મનરૂપી સરોવરમાં છે. ( पुंसः ) જે જીવદ્રવ્ય તેની અપ્રાપ્તિ ( किं भाति ) શોભે છે શું?'** આહાહા! આ બધા પુણ્ય-પાપના વિકલ્પો છે તેને છોડીને અંતરના સ્વરૂપમાં અનુભવ કરે તો એને આત્મા પ્રાપ્ત ન થાય? અપ્રાપ્તિ થાય? એવી છે શોભા? પ્રાપ્ત થાય એવી એ શોભા છે. આહાહા! આ 'અમૃતચંદ્રાચાર્ય' મુનિ દિગંબર સંતના કથન છે. અત્યારે તો એવું બધું ઉંધુ સાંભળવા મળે અને એમાં માને કે અમે કાંઈક આગળ વધ્યા છીએ અને ધર્મમાં છીએ. આહાહા!

અહીં તો કહે છે કે એ **'શોભે છે શું?'** આહાહા! **'ભાવાર્થ આમ છે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરતાં સ્વરૂપની પ્રાપ્તિ ન થાય એમ તો નથી;...'** એમ કહે છે. વિકલ્પની લાગણીઓ કરે છે એમાં તો આત્માની પ્રાપ્તિ ન થાય. કારણ કે એ બધા રાગ છે. ચાહે તો દયા, દાન, વ્રત, તપ અને ભક્તિનો, જાત્રાનો બધો ભાવ રાગ છે. એનાથી તો પ્રાપ્ત થાય નહિ. પણ અહીં કહે છે.. આહાહા! **'શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરતાં સ્વરૂપની પ્રાપ્તિ ન થાય...'** (એમ તો નથી.) આહાહા! એ પુણ્ય અને પાપના ભાવ અશુદ્ધ છે એને છોડીને અંતરસ્વરૂપમાં જઈને અનુભવ કરતાં એ પ્રાપ્તિ ન થાય, શું એમ બને? એમ કહે છે. આહાહા! **'શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરતાં સ્વરૂપની પ્રાપ્તિ ન થાય એમ તો નથી;...'** આહાહા! **''च उपलब्धिः' ( च ) છે તો એમ જ છે કે (उपलब्धि) અવશ્ય પ્રાપ્તિ થાય છે.'** આહાહા! સ્વસન્મુખમાં આત્માનો અનુભવ કરે અને પ્રાપ્તિ ન થાય, પરસન્મુખતાને છોડે અને સ્વસન્મુખતામાં જાય અને પ્રાપ્તિ ન થાય એવું બને કોઈ દિ'? કહે છે. આહાહા!

**'કેવું છે જીવદ્રવ્ય?'** ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ અંદર કેવો છે? ભગવાન સર્વજ્ઞે જોયો ઇ, હોં! પરમેશ્વર જિનેશ્વરે જોયા વિનાના જે અજ્ઞાનીઓ બધા આત્મા આત્મા કરે છે, વેદાંત ને એ બધા આત્મા આવો છે અને પવિત્ર છે (કહે છે) એ બધી કલ્પિત વાતો છે. આ તો જિનેશ્વરદેવ સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા જોયો એ આત્મા અહીં શુદ્ધ જીવદ્રવ્ય છે એની અહીં વાત છે. આહાહા! આમ તો વેદાંતવાળા પણ વાત કરે કે આત્મા આવો છે, આત્મા નિર્મળ છે. બસ, અનુભવ કરો, એક સર્વવ્યાપક છે. એને ખબર જ નથી. આ તો પરમેશ્વર, જિનેશ્વર કેવળજ્ઞાની પરમાત્માએ જે આત્મા જોયો... આહાહા!

તેથી કહ્યું હતું ને? 'પ્રભુ તુમ જાણગ રીતિ, સૌ જગ દેખતા હો લાલ...' હે નાથ! સર્વજ્ઞ પરમાત્મા સીમંધર ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. લાખો કેવળીઓ બિરાજે છે. મનુષ્યપણામાં મોજુદ છે, હોં! ભક્તિવંત કહે છે કે, 'પ્રભુ તુમ જાણગ રીતી, સૌ જગ દેખતા હો લાલ. નિજસ્વરૂપે શુદ્ધ અમને દેખતા હો લાલ.' આહાહા! અમારો આત્મા શુદ્ધ ચૈતન્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે એમ પ્રભુ તમે દેખો છો. પુણ્ય અને પાપના વિકલ્પ વિનાનો આત્મા શુદ્ધ ચૈતન્ય છે એમ પ્રભુ! આપ અમારા આત્માને એમ દેખો છો. અમારો આત્મા રાગવાળો છે અને પુણ્યવાળો છે એમ આપ દેખતા નથી. આહાહા!

જેવો ભગવાન નિજ સત્તાએ શુદ્ધ. ભગવાન આ આત્માને, બધા આત્માને, હોં! એવા અનંત જીવને. નિગોદથી માંડીને બધા અનંત જીવો, સર્વે જીવો. એક લસણની રાય જેટલી કળીની કટકી (હોય) એમાં અસંખ્ય તો શરીર. એક શરીરમાં અનંતા જીવ. એ એક એક જીવ દ્રવ્યસ્વરૂપે ભગવત્‌સ્વરૂપ પોતે છે. એ આપણે વાત આવી ગઈ છે હમણાં. સર્વે જીવો સર્વ કાળે સંપૂર્ણ આનંદ આદિ ગુણથી ભરેલા ભગવાન છે. પર્યાયમાં ભૂલ છે એ એકકોર રાખો. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! એ નિગોદના જીવ પણ દ્રવ્ય તરીકે ભગવત્‌સ્વરૂપ છે. દ્રવ્ય વસ્તુ તરીકે. પર્યાયમાં અજ્ઞાન છે. આહાહા! સર્વે જીવા. ત્રણલોકમાં, ત્રણકાળમાં પરિપૂર્ણ આનંદ આદિ શક્તિથી ભરેલા પરમાત્મા છે. આહાહા! સમજાણું કાંઈ? એ કહે છે.

જીવદ્રવ્ય કેવું છે અંદર? **''पुद्गलात् भिन्नधाम्नः' ( पुद्गलात् )'** એ પુદ્‌ગલ એટલે દ્રવ્યકર્મથી આત્મા જુદો છે. **'ભાવકર્મ...'** દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ ભાવકર્મ વિકારીભાવ છે. આહાહા! બિચારા રાડ નાખે. કહે. શું થાય? ખબર નથી તત્ત્વની. આહાહા! કહે છે **'કેવું છે જીવદ્રવ્ય?'** અંદર વસ્તુ. **'દ્રવ્યકર્મ-'** એટલે આઠ કર્મથી જુદો, **'ભાવકર્મ...'** એટલે પુણ્ય-પાપના ભાવથી પણ જુદો. છે? અને **'નોકર્મ...'** શરીર અને વાણી, એનાથી જુદો ભગવાન અંદર છે. આહાહા! કારણ કે પુણ્ય અને પાપ તો, નવતત્ત્વમાં પુણ્ય-પાપતત્ત્વ છે. એ કાંઈ આત્મતત્ત્વ નથી. આહાહા! કર્મ અને શરીર એ અજીવતત્ત્વ છે. એ આત્મતત્ત્વ નથી. ત્યારે અજીવ અને પુણ્ય-પાપતત્ત્વ એ બેથી ભિન્ન જ્ઞાયકતત્ત્વ જે ચિદાનંદ પ્રભુ છે એ આત્મતત્ત્વ છે. આહાહા! અરે..રે..! એકેય વાતની ખબરું ન મળે અને અમે ધર્મ કરીએ છીએ અને ધર્મ થાય છે. કોણ ના પાડે છે? બાપુ! એના ફળ આવશે ત્યારે ખબર પડશે તને. આહાહા! અજ્ઞાનથી માનેલી વાતું, એના ફળ ચોર્યાસીના અવતાર છે. આહાહા!

અહીં તો કહે છે **'કેવું છે જીવદ્રવ્ય?'** અંદર વસ્તુ કેવી છે? ભગવાને-કેવળી તીર્થંકરે જોઈ ઇ, હોં! કે **'पुद्गलात् भिन्नधाम्नः' ( पुद्गलात् )'** જોયું! ભાવકર્મને પુદ્‌ગલ કીધું. આહાહા! એ પુણ્યના શુભઉપયોગ, એને અહીં પુદ્‌ગલ કીધા. આહાહા! રાડ નાખે. છે કે નહિ એમાં? **''पुद्गलात् भिन्नधाम्नः''** પુદ્‌ગલ એટલે જડકર્મ, ભાવકર્મ અને નોકર્મ ત્રણેય પુદ્‌ગલ છે. એ જીવસ્વરૂપ નથી, જીવનું નહિ. આહાહા! એ શુભોપયોગ જે રાગ (છે) એ પુદ્‌ગલતત્ત્વમાં, પુણ્યતત્ત્વના પુદ્‌ગલતત્ત્વમાં જાય છે, કહે છે. આહાહા! એનાથી ભગવાન અંદર ભિન્ન છે. એને આત્મા કહીએ અને એ આત્માની પ્રાપ્તિ આ ત્રણ કર્મથી રહિત થઈને થાય તેને પ્રાપ્તિ થાય છે. આહાહા!

અહીં તો ભાવકર્મથી રહિત થાય તો પ્રાપ્ત થાય એમ કહ્યું. ઓલા કહે કે વ્યવહાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરતાં કરતાં નિશ્ચય થાય એમ કહે છે અત્યારે. ભાવકર્મ એટલે દયા, દાન, વ્રત, ભક્તિ કરતાં કરતાં નિશ્ચય થશે. અહીં ભગવાન ના પાડે છે. કે ભાવકર્મથી રહિત છે એ ભાવકર્મથી પ્રાપ્તિ કેમ થાય એને? આહાહા! મોટો વાંધો અત્યારે. ઊગમણો-આથમણો ફેર છે.

મુમુક્ષુ :– આપ નમતું મુકી દો તો પછી...

ઉત્તર :– નમતું. આ વાણિયા .. છે તો નમતું મૂકે? (એક) વાણિયો હતો એ કણબી પાસે બે-ત્રણ હજાર માગતો હતો. કણબી પાસે બે હજારની મૂડી. બધું થઈને તોય. વાણિયો સમજે કે આની પાસે બે હજારથી વધારે નથી. વાણિયો કહે પાંચ હજાર લેણાથી એક પાય ઓછી લેવી નથી. ઓલો કહે કે હજાર સિવાય એક પાય અમારી પાસે વધારે નથી. એમ કરતા કરતા કરતા ઓલો વાણિયો ચાર હજારે આવ્યો, ઓલો આવ્યો બારસો રૂપિયા, ઓલો આવ્યો બે હજારે એમ કરતા કરતા ઓલો આવ્યો પંદરસો રૂપિયે, એમ કરતા કરતા બે હજાર સિવાય હવે એક પાય વધારે નથી. એમ આ ... છે કાંઈ? અહીં તો વીતરાગે જે કહ્યું છે એ ત્રણકાળમાં ફરે એવું નથી કાંઈ. ત્યાં વાણિયા હોય ત્યાં નમતું મૂકવું એવું છે નહિ કાંઈ. એ કહે છે ઓલા. 'મુંબઈ'માં નહિ? 'પૂનમચંદ ઘાસીલાલ' મંદિર નથી મંદિર? કાલબાદેવી. એક તો સાધુ થયો છે. એ આવ્યો હતો. એ 'પૂનમચંદ ઘાસીલાલ' ઘણા વર્ષ પહેલા કહેતા હતા. 'હિંમતભાઈ' લાવ્યા હતા ને? 'હિંમતભાઈ જોબાળિયા' લાવ્યા હતા. એ 'પૂનમચંદ ઘાસીલાલ' ઘરનું મંદિર છે ને ત્યાં? 'મુંબઈ'માં મંદિર છે. પ્રતાપગઢના છે. આ 'કાનજીસ્વામી' થોડુંક ઢીલું મૂકે, અમે થોડુંક ઢીલું મૂકીએ એમ ભેગા થઈએ. કાંઈક કાંઈક એમ કહે કે, ભાઈ! આ પુણ્ય, દયા, દાનના, વ્રતથી પણ કાંઈક લાભ થાય, થોડોક લાભ થાય એવું જરીક કહે. અમે એમ કહીએ કે, ભાઈ! એનાથી થોડો લાભ થાય, પૂર્ણ લાભ ન થાય. તો આપણે સમન્વય થાય. અરે..! ભગવાન! એ સમન્વય ન થાય, બાપા! આ તો વીતરાગ માર્ગ છે, ભાઈ! પરમાત્માના વિરહ પડ્યા, કેવળીના વિરહ પડ્યા, ભગવાનની ગેરહાજરી એમાં આડુઅવળું કરે એ ન પાલવે, ભાઈ!

કેવો છે? **'ચેતનરૂપ છે–તેજપુંજ...'** છે ને? **'ભિન્નધામ્નઃ'** જુદો પ્રકાશ છે. ભગવાનનો પ્રકાશ તેજપુંજ તો પુણ્ય-પાપના પરિણામથી પણ ભિન્ન છે. આહાહા! એને અનુભવવો અને એને માનવો અને વેદવો એનું નામ સમ્યગ્દર્શન છે. ધર્મની શરૂઆત ત્યાંથી થાય છે. એ વિના ધર્મની શરૂઆત થતી નથી. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



( અનુષ્ટુપ )

**चित्छक्तिव्याप्तसर्वस्वसारो जीव इयानयम्।**
**अतोऽतिरिक्ताः सर्वेऽपि भावाः पौद्गलिका अमी।।३-३५।।**

**ખંડાન્વય સહિત અર્થ :– 'अयम् जीवः इयान्' ( अयम् ) વિદ્યમાન છે એવું ( जीवः ) ચેતનદ્રવ્ય ( इयान् ) આટલું જ છે. કેવું છે? 'चिच्छक्तिव्याप्तसर्वस्वसारः' ( चित्-शक्ति ) ચેતનામાત્ર સાથે ( व्याप्त ) મળેલા છે ( सर्वस्वसारः ) દર્શન, જ્ઞાન, ચારિત્ર, સુખ, વીર્ય ઇત્યાદિ અનંત ગુણો જેના એવું છે. 'अमी सर्वे अपि पौद्गलिकाः भावाः अतः अतिरिक्ताः' ( अमी ) વિદ્યમાન છે એવા, ( सर्वे अपि ) દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મરૂપ જેટલા છે તે બધા, ( पौद्गलिकाः ) અચેતન પુદ્‌ગલદ્રવ્યથી ઊપજ્યા છે એવા ( भावाः ) અશુદ્ધ રાગાદિરૂપ સમસ્ત વિભાવપરિણામો ( अतः ) શુદ્ધચેતનામાત્ર જીવવસ્તુથી ( अतिरिक्ताः ) અત્યંત ભિન્ન છે. આવા જ્ઞાનનું નામ અનુભવ કહેવાય છે. ૩-૩૫.**

---

**શ્રાવણ સુદ ૩, મંગળવાર તા.૧૯.૦૭.૧૯૭૭**
**કળશ - ૩૫-૩૬, પ્રવચન - ૪૪**

આ અજીવ અધિકાર, 'કળશટીકા' ૩૫મો કળશ.

**चित्छक्तिव्याप्तसर्वस्वसारो जीव इयानयम्।**
**अतोऽतिरिक्ताः सर्वेऽपि भावाः पौद्गलिका अमी।।३-३५।।**

પહેલી લીટીનો છેલ્લો શબ્દ છે. **'जीव इयानयम्'** પહેલી લીટીનો છેલ્લો શબ્દ છે ને? એનો અર્થ છે. **'जीव इयानयम्'** એમ. '**( अयम् )**' એટલે ભગવાનઆત્મા વિદ્યમાન છે. ચૈતન્યસ્વરૂપે આનંદ અને જ્ઞાનસ્વરૂપે વિદ્યમાન વસ્તુ છે **'એવું ( जीवः ) ચેતનદ્રવ્ય ( इयान ) આટલું જ છે.'** ચેતનદ્રવ્ય વિદ્યમાન છે. એ ચેતનદ્રવ્ય માત્ર એટલું જ છે. **'કેવું છે?'** એ ચેતન દ્રવ્ય? '**'चिच्छशक्तिव्याप्तसर्वस्वसारः' ( चित्-शक्ति ) ચેતનામાત્ર સાથે...**' ચેતના જાણવું એવો એનો ત્રિકાળ સ્વભાવ. ચેતના-ચેતના (અર્થાત્) ચેતવું, જાણવું-દેખવું એવો જેનો ત્રિકાળી સ્વભાવ છે. આહાહા! એ **'ચેતનામાત્ર સાથે ( व्याप्त ) મળેલા છે ( सर्वस्वसारः ) દર્શન, જ્ઞાન, ચારિત્ર,...'** ત્રિકાળની વાત છે.

ચેતનાની સાથે મળેલ છે, રહેલ છે. **'દર્શન, જ્ઞાન, ચારિત્ર, સુખ, વીર્ય ઇત્યાદિ અનંત**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ગુણો...**' આહાહા! આત્મા જીવદ્રવ્ય જે છે એ ચેતનાશક્તિમાત્ર છે. ચેતનાના સ્વભાવ સામર્થ્યમાત્ર છે. આહાહા! અને તેની સાથે આનંદ, શ્રદ્ધા વગેરે અનંતગુણો ચેતનાશક્તિની સાથે મળેલ છે, રહેલ છે. આહાહા! એને આત્મા કહીએ. અને એ સમ્યગ્દર્શનનો વિષય (છે).

જીવદ્રવ્ય વિદ્યમાન છે, જીવદ્રવ્ય આટલું જ છે. ચેતનદ્રવ્ય કે જે ચિત્શક્તિમાત્ર (છે) અને એની સાથે દર્શન, જ્ઞાન, ચારિત્ર મળેલા છે. '**( सर्वस्वसारः )**' સર્વસ્વ. પોતાનું સર્વસાર. આહાહા! ભાષા એવી આકરી. અંતરમાં ચેતના સ્વભાવ સાથે દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદ ગુણો, એની સાથે–ચેતના સાથે અનંતગુણો મળેલા-રહેલા છે. આહાહા! '**દર્શન, જ્ઞાન, ચારિત્ર,...**' ત્રિકાળી, હોં! ત્રિકાળીની વાત છે. આનંદ, સુખ આનંદ સાથે ત્રિકાળ ચેતના રહેલ છે. ચેતનાની સાથે આનંદ ત્રિકાળ રહેલ છે. ચેતનાની સાથે શ્રદ્ધા, દર્શન એ પણ ત્રિકાળ રહેલ છે. વીર્ય પણ ચેતના સાથે (ત્રિકાળ રહેલ છે). એનું બળ જે છે-વીર્ય, એ પણ ચેતના સાથે સર્વસ્વ સાર છે એનો. સર્વસ્વ પોતાનો એ સાર છે. આહાહા! આ તો જીવદ્રવ્યની વ્યાખ્યા (થઈ). આહાહા!

''**अमी सर्वे अपि पौद्गलिकाः भावाः अतः अतिरिक्ताः' ( अमी )**' આહાહા! ઓલામાં એમ કહ્યું હતું '**( अयम् )**' વિદ્યમાન છે. અહીં કહ્યું કે વિદ્યમાન છે એવા. એ પણ છે. આહાહા! '**દ્રવ્યકર્મ–**' આઠ. જડકર્મ, '**ભાવકર્મ-**' પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-ભક્તિના પરિણામ અને કામ, ક્રોધ, માન, માયા, લોભના ભાવ એ ભાવકર્મ બધા પુદ્ગલ છે. આહાહા! '**पौद्गलिकाः**' ગઈ કાલે કહ્યું હતું ને? '**भावाः पौद्गलिका**' પંડિતજી! સંસ્કૃતમાં છે.

ભગવાનઆત્મા તો ચૈતન્યશક્તિના સ્વભાવના સામર્થ્યથી જીવદ્રવ્ય અને બીજા અનંત ગુણોની સાથે મળેલા ગુણવાળું જીવદ્રવ્ય છે. આહાહા! આવું જીવદ્રવ્ય છે એ અંતરમાં સમ્યગ્દર્શનના વિષયમાં એ જ્યારે દૃષ્ટિમાં આવે ત્યારે એને સમ્યગ્દર્શન થાય. આહાહા! હજી તો ધર્મની પહેલી સીઢી થાય. આહાહા! સમજાણું કાંઈ? અજીવ અધિકાર છે ને? તો એ ચેતના અને એની સાથે રહેલા જે ગુણો એ જ જીવદ્રવ્ય વસ્તુ છે. આહાહા! એનાથી જુદા જડકર્મ, ભાવકર્મ, પુણ્ય-પાપના ભાવ... આહાહા! ગજબ વાત છે. વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને એ બધા પુદ્ગલિકભાવ છે, પુદ્ગલભાવ છે. આહાહા! ગજબ વાત લખી, બાપુ! જગતને સાંભળવું મળે નહિ. અરે..! અહીં તો (અજ્ઞાનીઓ કહે), એ વ્રત, ભક્તિ, પૂજા કરે એ ધર્મ છે. આહાહા! આવી પ્રરૂપણા કરે છે. આવી માન્યતા પ્રભુ નુકસાનકારક છે, ભાઈ! તારા હિતને માટે તો આ છે. આહાહા!

જીવદ્રવ્ય વસ્તુ એ દ્રવ્ય કીધું અને ચેતનાશક્તિ એ એનો ગુણ કીધો. અને એ ગુણ સાથે દર્શન, આનંદ રહેલા-મળેલા બધા એ એનો સર્વસ્વ સાર છે. આહાહા! સીસમના લાકડામાં વચમાં સાર નથી આવતો? વચલો ભાગ સાર હોય છે. એમ આ આત્મામાં ચેતના અને એની સાથે જ્ઞાન, દર્શન, આનંદ ત્રિકાળ તે તેનો સાર છે. આહાહા! આવું જીવદ્રવ્ય ભગવાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરમાત્માએ કહ્યું છે. એની અંતરદૃષ્ટિ કરવી. એવડી ચીજ જેવડી મોટી છે તેને તે રીતે સમ્યક્-સત્યદર્શનમાં એને દેખવું-માનવું... આહાહા! એ તો હજી ધર્મની પહેલી દશા છે. પછી આનંદસ્વરૂપનું ભાન થયું કે, ભગવાન! તું આનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. કીધા ને સુખ? એ આનંદસ્વરૂપમાં અંદર રમવું, લીન થવું એનું નામ ચારિત્ર છે. આહાહા! અહીં તો હજી સમ્યગ્દર્શનની ખબર ન મળે અને વ્રત ને તપ ને અપવાસ, સંવર અને નિર્જરા ધર્મ થઈ ગયો. પ્રભુ! નુકસાનકારી છે, ભાઈ! તને સત્યના પંથની ખબર નથી.

પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ એમ ફરમાવે છે કે, જીવ વસ્તુ જે છે એ ચેતનાસ્વભાવ અને એની સાથે આનંદ અને વીર્ય, દર્શન, જ્ઞાન રહેલા છે એ જીવ (છે). એની અંતર્મુખ દૃષ્ટિ કરવી, એ જીવદ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી અને એનો અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા! એના સિવાય **'( अमी ) વિદ્યમાન છે એવા ( सर्वे अपि )'** છે? **'દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ જેટલા છે તે બધા,...'** આહાહા! **'( पौद्गलिकाः ) અચેતન પુદ્ગલદ્રવ્યથી ઊપજ્યા છે...'** કહો, 'દેવીલાલજી'! આહાહા!

બપોરે એમ કહ્યું છે કે વિકાર પોતાની પર્યાયમાં પોતે કરે છે. એ અજ્ઞાનભાવે મિથ્યાદૃષ્ટિ જીવ (જેને) સ્વરૂપની ખબર નથી તે પોતે અજ્ઞાનભાવે પુણ્ય-પાપના ભાવનો કર્તા થઈને કરે છે. એમ સિદ્ધ કર્યું. અહીંયાં હવે એ પર્યાયદૃષ્ટિવાળો એ જીવ વિકાર અને પર્યાય ને વિકાર ઉપર રુચિ અને બુદ્ધિ હોવાથી તેનો તે રચનારો, કરનારો કહેવાય છે.

હવે અહીં તો ચૈતન્યદ્રવ્યની દૃષ્ટિ કરાવવા (એમ કહે છે)... આહાહા! ભગવાન ચૈતન્યસ્વરૂપ જ્ઞાનઘન ચિદ્‌ઘન આનંદકંદ... આહાહા! એવું જે જીવદ્રવ્ય-વસ્તુ એનાથી જેટલી પર્યાયની વિદ્યમાનતા છે, આ પણ વિદ્યમાન છે અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, હિંસા, જૂઠું, ચોરી એવા ભાવ પણ વિદ્યમાન છે. આહાહા! એટલે હયાતી ધરાવે છે. કાંઈ નથી જ એમ નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– વિકારીભાવને તો જૂઠાં કહેવામાં આવ્યા છે.

ઉત્તર :– એ જૂઠાંનો અર્થ સ્વરૂપ નથી માટે જૂઠાં. છે અપેક્ષાએ સાચા. આની અપેક્ષાએ જૂઠાં. એ તો માથે આવી ગયું, જૂઠાં. નહિ? **'કેમકે તે જૂઠાં છે.'** ચોથી લીટી આવી હતી ને? **'તે બધાય વિકલ્પો છોડ, કેમ કે તે જૂઠાં છે.'** અને આની કોરનું આવ્યું કોલાહલ એ જૂઠાં વિકલ્પો છે. બે ઠેકાણે કીધું. જૂઠાંનો અર્થ કે એ સત્ય સ્વરૂપમાં નથી. એ સત્ય સ્વરૂપની અપેક્ષાએ તે અસત્ય છે એટલે જૂઠાં છે, પણ એની અપેક્ષાએ તો છે, વિદ્યમાન છે. આહાહા!

જેમ આ આત્માની અપેક્ષાએ બીજા દ્રવ્યો અદ્રવ્ય છે. આ સત્ છે તો બીજા અસત્ છે, પણ આની અપેક્ષાએ અસત્ છે. એની અપેક્ષાએ સત્ છે. સમજાણું કાંઈ? એમ ભગવાનઆત્મા ચૈતન્ય અને અનંત આનંદના ગુણનો પિંડ પ્રભુ, એવું જે સત્‌નું સ્વરૂપ...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા! એ સતનો સાહેબો ભગવાનઆત્મા એની-સત્‌ની અપેક્ષાએ એ જેટલા પુણ્ય અને પાપના ભાવ (થાય છે તે અને) અહીં તો દ્રવ્યકર્મ પણ લીધું. જડ છે એ પણ આની અપેક્ષાએ અસત્‌ છે. તેમ ત્રિકાળી જ્ઞાનાનંદ સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ એ પુણ્ય અને પાપના ભાવ પણ અસત્ય છે એટલે જૂઠા છે. પણ એની અપેક્ષાએ વિદ્યમાન છે. આહાહા! સમજાણું કાંઈ? આવું હવે .. સ્વરૂપ.. ઝીણું... ઝીણું... ઝીણું... ભગવાને બહુ ઝીણું કાંત્યુ છે. આહાહા! બાપુ! માર્ગ એવો છે, ભાઈ! આ તો સર્વજ્ઞ જિનેશ્વર પરમેશ્વર એમણે જોઈ, જાણીને કહ્યું છે. ભાઈ! તારું સ્વરૂપ તો ચેતના અને અનંતગુણ સર્વસ્વ સારવાળુ તારું સ્વરૂપ છે. અને આ બધા જે વિકલ્પો ઊઠે... આહાહા! ભગવાનની ભક્તિ અને ભગવાનનું સ્મરણ ને... આહાહા! શાસ્ત્રનું વાંચન અને શાસ્ત્રનું શ્રવણ કરવું, શાસ્ત્રનું વાંચન દેવું... આહાહા! એ બધા વિકલ્પ પુદ્‌ગલ છે, ભાઈ! આહાહા!

મુમુક્ષુ :– આત્માનું ધ્યાન કરવાનો વિકલ્પ...

ઉત્તર :– વિકલ્પ એ પુદ્‌ગલનો છે.

એકકોર ભગવાનના ભાવ અને એકકોર પુદ્‌ગલના ભાવ. બે વેંચ્યા છે અહીં. અજીવ અધિકાર છે ને? એટલે એ પુણ્યના દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ પણ અજીવ છે. એમ અહીં કહેવું છે. આહાહા! અરે..રે..! પ્રભુ! તારી વાત તને ખબર ન પડે. અને ખોટી વાત માનીને મને એમાં ધર્મ થશે... આહાહા! ભાઈ!...

મુમુક્ષુ :– શુદ્ધ પરિણતિ...

ઉત્તર :– શુદ્ધ પરિણતિ છે એ છે જીવનું સ્વરૂપ પણ જ્યારે એને ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ લેવું હોય તો શુદ્ધ પરિણતિને પણ પરદ્રવ્ય કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– પૌદ્‌ગલિક નહિ?

ઉત્તર :– પૌદ્‌ગલિક નહિ. પણ આ તો પરદ્રવ્ય કેમ કહ્યું? આને પરદ્રવ્ય કહ્યું અને એને પરદ્રવ્ય કેમ કહ્યું? આ છે એ પુદ્‌ગલના છે માટે પરદ્રવ્ય કહ્યું. અને 'નિયમસાર'માં શુદ્ધ પરિણતિને પરદ્રવ્ય કહ્યું. એ તો પર્યાયમાંથી પર્યાય નવી આવતી નથી (એ અપેક્ષાએ કહ્યું છે). જેમ પરદ્રવ્યમાંથી નવી પર્યાય આવતી નથી એમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સાચો ધર્મ પ્રગટ્યો, પણ એમાંથી નવી પર્યાય આવતી નથી. નવી પર્યાય તો ત્રિકાળ દ્રવ્યમાંથી આવે છે. માટે ત્રિકાળને સ્વદ્રવ્ય કહી અને પર્યાય શુદ્ધને પણ આ અપેક્ષાએ પરદ્રવ્ય કીધું છે. અરે..રે..! આટલી બધી વાતું! 'દેવીલાલજી'! શું થાય? પ્રભુનો માર્ગ એવો છે, ભાઈ! આહાહા!

મુમુક્ષુ :– બેયમાં સરખી અપેક્ષા નથી...

ઉત્તર :– કઈ અપેક્ષા છે એ જાણવું જોઈએ.

મુમુક્ષુ :– બેમાં એક જ અપેક્ષા નથી એમ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– ના. એક અપેક્ષા હોય જ નહિ. જુદી જુદી અપેક્ષા છે. કીધું નહિ આ? કે વિકાર અજ્ઞાની જીવ પોતે કરે છે. હવે એ અપેક્ષા કઈ? કેમકે પોતાનું સ્વરૂપ જાણ્યું નથી. એથી અજ્ઞાની પુણ્યપાપના ભાવનો કર્તા થઈને કરે છે. આહાહા! સ્વરૂપ ચૈતન્ય આ જીવદ્રવ્ય ચૈતન્યશક્તિ અને અનંત આનંદ આદિ ગુણથી મળેલું સ્વરૂપ છે. એવા સ્વરૂપની તો દૃષ્ટિ અને જ્ઞાન નથી. એવા સ્વરૂપના અજ્ઞાની જીવની દૃષ્ટિ રાગ ઉપર અને પર્યાય ઉપર છે. એટલે જેના ઉપર દૃષ્ટિ છે તેટલાનું અસ્તિત્વ સ્વીકારીને તે તેનો કર્તા થાય છે. આહાહા! સમજાણું કાંઈ? ભાઈ! માર્ગ આવો છે. આ કાંઈ એમ ને એમ... આહાહા! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરનું કહેલું છે. આ કોઈ આલીદુઆલીનું કહેલું નથી. એને સમજવા માટે, બાપુ! એને પ્રયત્ન જોશે, પુરુષાર્થ જોશે. આહાહા! સમજાણું કાંઈ?

અરે..! અનંતકાળથી દુઃખી (થયો છે). મુનિવ્રત પણ અનંતવાર ધારણ કર્યા, અઠ્યાવીશ મૂળગુણ, પંચમહાવ્રત, શુક્લલેશ્યા ધારણ કર્યા. આહાહા! પણ એ બંધના કારણ છે. અહીં પૌદ્ગલિક કીધા ને? એમાં એણે ધર્મ માન્યો કે અમે પંચમહાવ્રત પાળીએ છીએ અને એ અમારે ધર્મ છે. એ મિથ્યાદૃષ્ટિપણું સેવ્યું છે. એ વિકાર પુદ્ગલના છે. જીવનો સ્વભાવ નથી. એનાથી મને લાભ થશે એમ માન્યું છે એ મિથ્યાદૃષ્ટિ પંચમહાવ્રત પાળનારો હોવા છતાં એને જૈનની દૃષ્ટિની ખબર નથી. આહાહા! આવી વાત આકરી પડે. ઓલું તો એવું ચાલ્યું છે, બસ, સમ્યગ્દર્શન શું વળી? આ અમે ભગવાનને માનીએ છીએ, દેવ-ગુરુ(ને) માનીએ છીએ એ સમ્યગ્દર્શન. આહાહા!

(સંવત) ૧૯૮૦ની સાલમાં અમારા ગુરુભાઈ એમ કહેતા. ૧૯૮૦ની સાલની વાત છે. કેટલા વર્ષ થયા? ૫૩. જ્યારે વ્યાખ્યાનની પ્રરૂપણા ચાલી, તે દિ' તો હજારો માણસો આવતું, તે દિ' સંપ્રદાયમાં પણ. ત્રણસો ઘર છે ત્યાં 'બોટાદ'માં, સ્થાનકવાસીના. એમાં હતા ને? ૧૯૮૦માં વ્યાખ્યાન ચાલતું હતું. ભાઈ! સંપ્રદાયની રુચિ છે, સંપ્રદાયની માનેલી દૃષ્ટિ કાંઈ સાચી નથી. સંક્ષેપરુચિને સમ્યગ્દર્શન કહે છે આ લોકો. તે દિ'ની વાત, ૫૩ વર્ષ પહેલાની વાત છે. અમારા ગુરુભાઈ 'મૂળચંદજી' બહાર બેઠા હતા. વ્યાખ્યાન ચાલતું હોય તો લોકોને... અમારી પ્રતિષ્ઠા તો પહેલેથી એટલી મોટી હતી ને! વ્યાખ્યાન કરવા બેસે તો માણસો મકોડાની જેમ ઉભરાય. અપાસરામાં સમાય નહિ. બહાર શેરીમાં બેસે.

કીધું, આ સંક્ષેપરુચિ એટલે કે ટૂંકી રુચિ એટલે કે કાંઈ સમજ્યા વિનાની રુચિ તે સમ્યગ્દર્શન, એ નહિ. કુદીઠી એવો પાઠ છે. 'અણભીગયકુદીઠી' કુદૃષ્ટિ જેને નથી પણ સંક્ષેપમાં જેને આત્માના સ્વરૂપનું ભાન થઈને દૃષ્ટિ કરી છે પણ કુદૃષ્ટિ જેને નથી અને અન્યમતનો કોઈપણ અભિપ્રાય જેને નથી એવા જીવને સંક્ષેપરુચિ સમકિતી કહ્યો છે. એ એને નહોતું રુચતું. 'મુળચંદજી' હતા. સાંભળતા સાંભળતા ભાગી ગયા-વયા ગયા. દિશાએ વયા ગયા, જંગલ. પછી કહ્યું કે હું એ સાંભળી શક્યો નહિ. હું એ વખતે એ કહેવાનો હતો કે આવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ખોટું તમે (કહો છો). મેં કીધું ન કીધું તો અત્યારે કહો. ભાગી ગયો. માર્ગ તો આ છે, કીધું. દુનિયા લાખ વાત કરે, ગમે તે કરો. એમ કે અમારા સંપ્રદાયની દૃષ્ટિ છે એ બરાબર છે. હવે તો એને વ્રત ને તપ ને ચારિત્ર લેવા. એ ચારિત્ર. એમ કહેતા. આહાહા! 'શીવલાલભાઈ'! તમે એને જોયા હતા? નહિ જોયા હોય. એ (સંવત) ૧૯૯૮માં કાળ કરી ગયા. ૧૯૯૮માં.

એ સંપ્રદાયમાં પણ બહુ ચર્ચા ચાલતી. કીધું, ભાઈ માર્ગ તો આ છે. અમે વાડામાં આવી ગયા, અહીં આવી ગયા માટે આ માનીએ એવું છે નહિ કાંઈ. માટે એમ ન મુંઝાઓ તમે કે અમારા વાડામાં આવ્યા એટલે હવે જાશે ક્યાં? મને તો સત્ય લાગ્યું અને અસત્ય જ્યાં લાગશે તો છોડી દઈશ બધું. અમારે કાંઈ દુનિયાની દરકાર નથી. બાપુ! એટલે લોકો ડરતા. અમારાથી ડરતા. બહુ કહેશો નહિ એને નહિતર એ હમણા મુંહપતિ છોડી દેશે. શેઠિયાઓ પણ ડરતા. 'દામોદર' શેઠ હતા મોટા. તે દિ' તેની પાસે દસ લાખ રૂપિયા હતા. ૬૦ વર્ષ પહેલા દસ લાખ રૂપિયા. ચાલીસ હજારની ઊપજ. 'દામનગર'નો મોટો શેઠિયો હતો. તે દિ' ૬૦ વર્ષ પહેલા દસ લાખ એટલે! અત્યારે તો હવે રૂપિયા સોંઘા થઈ ગયા. એ ડરે. કાંઈ કહેશો નહિ. બહુ રીતસર વાત કરજો એની સાથે. નહિ તો એ તરત સંપ્રદાય છોડી દેશે. વાડો છોડી દેશે. કે ભાઈ અમે વાડામાં આવ્યા માટે વાડાની વાત સાચી છે એમ અમે માનવા માટે નથી આવ્યા. અમે તો અમારું કરવા આવ્યા છીએ. સમજાણું કાંઈ? આહાહા!

અમારા ગુરુ પણ બિચારા એવા નરમ હતા. દીક્ષા લીધેલી, શરીર રૂપાળુ-સુંદર. તે દિ' પચ્ચીસ વર્ષની ઉંમર. અત્યારે તો ૮૮ થયા. લોકો કહે, 'કાનજીસ્વામી' વાંચે... 'કાનજીસ્વામી' વાંચે. એમ કહે. અમારા ગુરુ પછી કહે, ભાઈ! તું વાંચને. મહારાજ! હું વાંચવા નીકળ્યો નથી, હોં! મને ફરીને કહેશો નહિ. હું તો મારું આત્માનું કરવા નીકળ્યો છું. સભા બેસે અને હું વાચું એમાંથી હું નીકળ્યો નથી. અમારા ગુરુ બહુ નરમ હતા. કષાય મંદ, બ્રહ્મચારી. એને માટે કરેલા પાણીનું બિંદુ હોય તો પ્રાણ જાય તો ન લે. અત્યારે તો આ સાધુ દિગંબરને માટે ચોકા કરીને લે છે. આહાહા! કાળા કેર છે, જૈનધર્મને નામે. ઓલા તો પાણીનું એક બિંદુ (પણ ન લે). ગામડામાં જાય, સાત-આઠ ઘર હોય. મહારાજ ચાર ઠાણા હતા. જઈએ (એટલે) પાણી પાધરા ઊના કરે. વહોરવા જાય ત્યાં એ કહે, આ પાણી કેમ કર્યું હતું? કે મહારાજ! અમારા ન્હાવા (માટે). અત્યારે કેમ પડ્યું છે? ન લે. આ તો મારી માટે કર્યું છે. અમે આવ્યા પછી અમારા માટે આ કર્યું છે. આહાહા! એય..! છતાં વસ્તુની દૃષ્ટિ જૂઠી. ધર્મ શું ચીજ છે એની ખબર નહિ. એ તો પરની દયા પાળવી એ ધર્મ. બસ. એમ કહેતા. બહુ શાંત હતા, નરમ હતા. પણ અંદર વસ્તુની કંઈ ખબર નહિ. આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં આચાર્ય કહે છે... આ તો 'અમૃતચંદ્ર' દિગંબર સંતોની વાતું આખી દુનિયાથી જુદી છે. ભગવાનઆત્મા દર્શન, જ્ઞાન, આનંદના ગુણસહિત સર્વસ્વ જેનો-આત્માનો સાર એ જીવદ્રવ્ય. એનાથી જુદાં ભાવકર્મ, દ્રવ્યકર્મ એટલે આઠ કર્મ. એ તો સીધા અજીવ છે. પણ ભાવકર્મ-દયાના ભાવ, દયાના, દાનના, ભક્તિના, પૂજાના, વ્રતનો, અપવાસ કરવાનો વિકલ્પ ઊઠે છે એ બધું પુદ્ગલ છે. આહાહા! અંદર છે કે નહિ? એ ભાવકર્મ છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવકર્મ પણ અજીવ છે. આહાહા! જગત રાડ નાખે. શું થાય? પ્રભુ! માર્ગ તો આ છે, ભાઈ! અનંત જન્મ-મરણ મટાડવા હોય તો માર્ગ તો આ છે. અરે..રે..! એ જન્મ અને મરણમાં રખડી, ભીંસાઈને અનંતકાળથી મરી ગયો છે, બાપુ!

એ તો કહે છે કે અહીં તો પુણ્યનો ભાવ પણ આત્માને દુઃખરૂપ છે. એથી એને પુદ્ગલના કહ્યા છે. આત્માનો ભાવ હોય એ દુઃખરૂપ ન હોય, એ તો આનંદરૂપ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ તો અતીન્દ્રિય આનંદના સ્વાદ લેતું પ્રગટ થાય. આહાહા! ધર્મ પ્રગટ થાય એ તો અતીન્દ્રિય આત્માના આનંદનો સ્વાદ લેતો ધર્મ પ્રગટ થાય. અને આ તો દુઃખ છે. આહાહા! ભારે વાતું આકરી, બાપુ! અને દુનિયાની તો ખબર છે ને. અહીં તો ૮૮ વર્ષ થયા. ૬૪ વર્ષથી તો દુકાન છોડી છે. ૬૪ વર્ષ થયા. અને દુકાન ઉપર પણ હું તો શાસ્ત્ર વાંચતો. પિતાજીની દુકાન હતી, ઘરની દુકાન હતી. 'પાલેજ'માં. 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે છે દુકાન. ચાલે છે. હું તો દુકાન ઉપર પણ શાસ્ત્ર જ વાંચતો. અમારા સ્થાનકવાસીના. સ્થાનકવાસીના હતા ને? પિતાજી સ્થાનકવાસી હતા. આહાહા! પણ આ જ્યાં વસ્તુ હાથ આવી. 'સમયસાર' જ્યાં (હાથ આવ્યું)... આહાહા! ચીજ તે ચીજ છે! આ 'સમયસાર' છે. એવી વાત દિગંબર સંપ્રદાય સિવાય ક્યાંય નથી. એને સંપ્રદાયવાળાને ખબર નથી તો વળી બીજાને (ક્યાંથી ખબર હોય?) કેમ 'વસંતલાલજી'? આ બધા એમાં ડૂબકી મારતા હતા. ભક્તિ, પૂજા, વ્રત ને એ બધા ધર્મ. અહીં કહે છે કે એ બધા પુદ્ગલના છે. અર..ર..!

'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત. કેવળજ્ઞાનીના કેડાયત અને એક-બે ભવે કેવળજ્ઞાન પામવાના, મોક્ષ જવાના, એવી જેની દશા હતી. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રથી પરિણમેલા હતા. આહાહા! બાહ્યમાં નગ્ન દશા હતી. અંદરમાં રાગથી ભિન્ન અંતરની દશા વીતરાગી લુખી હતી. આહાહા! એ મુનિ એમ કહે છે, દિગંબર સંત એમ કહે છે કે, જેટલા વ્રત અને તપ અને ભક્તિનો વિકલ્પ ઉઠે છે એ બધા **'અચેતન પુદ્ગલદ્રવ્યથી ઊપજ્યા છે...'** ભાષા છે? એ ચેતનસ્વભાવથી ઊપજેલા નથી. આહાહા! આવું સાંભળવું કઠણ પડે. એને બેસે ક્યાંથી? હજી તો સાંભળવું મળે જ નહિ. ત્યાં બિચારા શું કરે? આહાહા! માથે કહ્યું હતું, નહિ? વરાંકા. આહાહા!

**'અચેતન પુદ્ગલદ્રવ્યથી ઊપજ્યા છે એવા...'** આહાહા! એને અજીવ કહેવામાં આવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. જેટલા વ્રત, તપ, ભક્તિ, પૂજા, સમ્યગ્દર્શનના ભાન વિના અને સમ્યગ્દર્શન થયા પછી પણ અશુભથી છૂટવા વ્રતાદિનો વિકલ્પ આવે એને, પણ છે તો એ હેય અને દુઃખરૂપ. આહાહા! આત્મજ્ઞાન થયા પછી પણ ભક્તિનો ભાવ, પૂજાનો ભાવ આવે પણ એ દુઃખરૂપ છે એમ જાણીને હેય જાણે. અજ્ઞાની તેને ઉપાદેય જાણે. આ ફેર છે. આહાહા! **'(पौद्गलिकाः) અચેતન પુદ્ગલદ્રવ્યથી ઊપજ્યા છે...'** (એને) અજ્ઞાની પોતાના માને. જ્ઞાની તેને અચેતનથી ઉત્પન્ન થયેલા ભાવ (જાણે છે) માટે હેય છે, આદરણીય નથી, હિતકર નથી. આહાહા! આવું સાંભળવું મુશ્કેલ પડે.

'પ્રભુનો મારગ છે શૂરાનો, ત્યાં કાયરના કામ નથી.' બાપુ! આહાહા! અન્યમતિ નથી કહેતા? 'હરિનો મારગ છે શૂરાનો, કાયરના નહીં કામ જોને. પ્રથમ પહેલા મસ્તક મૂકી, વળતા લેવું નામ જોને...' એમ 'પ્રભુનો રે મારગ છે શૂરાનો.' પુણ્યથી ધર્મ માનનારા નપુંસકોનું આ કામ નથી, કહે છે. સમજાણું કાંઈ? આહાહા! એ શુભભાવથી ધર્મ માનનારાઓને પરમાત્મા તો કહે છે કે એ બધા પાવૈયા, હીજડા, નપુંસક છે. આહાહા! નપુંસકને જેમ પ્રજા ન હોય. એમ શુભભાવમાં ધર્મની પ્રજા ન હોય. આહાહા! 'શાંતિભાઈ'! નપુંસક કહ્યા છે ને? 'સમયસાર'માં પુણ્ય-પાપ અધિકારમાં નપુંસક કહ્યા. પાવૈયા, હીજડાઓ છે. આહાહા! અમારો માર્ગ જે છે એ તને ખબર નથી. વીરના માર્ગ જે છે... આહાહા! જેનું વીર્ય સ્વભાવ તરફ પ્રેરે છે અને વિભાવથી જેનું વીર્ય ખસી જાય છે, એવો જે વીરનો પરમાત્માનો માર્ગ છે, કાયરના ત્યાં કામ નથી. આહાહા! સમજાણું કાંઈ? એથી માણસ આવી વાત સાંભળીને (એમ પોકાર કરે છે), એય..! એ તો એમનું નિશ્ચય છે, એનું એકાંત છે. એમ માનો, બાપા! માનો એમ માનો, ભાઈ! સમજાણું કાંઈ? એ તો કાંઈ ખબર નથી અમને? સંપ્રદાયમાંથી ખબર છે એ તો. અહીં તો છોડ્યા એને સાડી બેતાલીસ વર્ષ થયા. આહાહા!

અહીં કહે છે **'( पौद्गलिकाः ) અચેતન પુદ્ગલદ્રવ્યથી ઊપજ્યા છે એવા...'** ત્યારે હવે ઓલા એમ કહે છે કે કર્મને લઈને વિકાર થયો.

મુમુક્ષુ :– અહીં કહે છે પુદ્ગલ છે.

ઉત્તર :– પુદ્ગલ છે. કઈ અપેક્ષા છે? કર્મ તો જડદ્રવ્ય છે. જડમાંથી જડને કારણે પુણ્ય-પાપનો વિકાર થાય એમ નહિ. પુણ્ય-પાપનો ભાવ ચૈતન્યની વિકારી પર્યાય ચેતન જેવી જ કહેવાય છે એને. એની પર્યાયનો કર્તા, કર્મ જડ નહિ. એ અજ્ઞાનભાવે અજ્ઞાની રાગ અને પર્યાય ઉપર બુદ્ધિ હોવાથી તેનો તે કર્તા થાય છે. કર્મ નહિ.

હવે અહીં તો સમ્યગ્દર્શનની વાત છે. દ્રવ્યસ્વભાવ. આહાહા! ભગવાન ચેતનસ્વરૂપી પ્રભુ, એમાં તો અનંત આનંદ આદિ ગુણ મળેલાં છે પણ આ વિકારના અચેતન પુદ્ગલો એના ગુણ સાથે મળેલા નથી, એ તો ભિન્ન છે એમ કહે છે. છે વિદ્યમાન. સમજાણુંકાંઈ? બીજી રીતે કહીએ તો ભગવાન ચેતનદ્રવ્ય જે અનંત ચેતનાશક્તિથી અને અને અનંતગુણથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મળેલું તત્ત્વ છે એમાં એ વિકારી પર્યાયનો મેળ ભેગો નથી. સમ્યગ્દષ્ટિ જીવને તો ચેતનાશક્તિથી ભરેલું તત્ત્વ તે હું છું. એવી દૃષ્ટિમાં પર્યાયમાં જે કર્મના સંગે ઉત્પન્ન થયેલો વિકાર એ સ્વભાવમાં નથી. માટે તેને પૌદ્ગલિક કહીને તેને હેય જાણે છે. ધર્મીજીવ તેને હેય જાણે છે. આહાહા! વાતે વાતે ફેર. ઓલું કહ્યું નથી? 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે અને એક ત્રાંબિયાના તેર.' એમ ભગવાન કહે છે કે મારે ને તારે વાતે વાતે ફેર છે, ભાઈ! આહાહા! તું કાંઈક માને છો અને અમે કાંઈક કહીએ છીએ. આહાહા! આવી વાત ક્યાં છે? આ તો પરમાત્માના ઘરની વાત છે. આહા..! છે?

**'અચેતન પુદ્ગલ દ્રવ્યથી ઊપજ્યા છે...'** ત્યારે ઓલો કહે છે કે કર્મથી વિકાર થયો છે. એ બીજી દૃષ્ટિ છે. વિકાર થાય છે એ અજ્ઞાની પોતાની પર્યાયમાં કરે છે. એ કર્મને લઈને નહિ. એટલું સિદ્ધ થયા પછી જ્યારે પર્યાયદૃષ્ટિ છૂટી જાય છે અને દ્રવ્યદૃષ્ટિ જ્ઞાયકસ્વભાવ ઉપર સમકિતીની દૃષ્ટિ આવે છે ત્યારે તે વિકારના પરિણામ જીવના નહિ એ પુદ્ગલના છે એમ કાઢી નાખવા એમ કહેવામાં આવ્યું છે. આહાહા! 'ધર્મચંદજી'! કેટલાક તો એમ કહે છે કે ત્યાં સાંભળનારા ભોળા લોકો. આ 'રામજીભાઈ' ને એ બધા ભોળા લોકો. હા-હા પાડે. જે વાત કહે એની હા. અરે..! ભગવાન! સાંભળ, બાપુ! ભાઈ! એવું લખે છે. ભોળા લોકો ત્યાં. જે માથે કહે (એમાં) જી હા.. જી હા... કરે. અરે..! ભગવાન એક વાર સાંભળ તો ખરો, નાથ!

મુમુક્ષુ :– આપ કહો એટલે હા તો પાડવી પડે....

ઉત્તર :– પણ ભોળા છો માટે હા પાડો છો એમ કહે છે. સાચી વાત એમની નથી એમ કહે છે.

મુમુક્ષુ :– ઇ તો એની દૃષ્ટિએ.

ઉત્તર :– તે વિના છોડીને અહીંયાં આવે? આહાહા! એ ઓલામાં આવ્યું છે કાલે. ચાર ભેગા થઈને ચર્ચા કરો. જૈનદર્શનમાં આવ્યું. બાપુ! ચર્ચા કોની સાથે કરવી? બાપુ! તમારે એમ કરવું છે? કે તમે ખોટા છો અને અમે સાચા, એમ ચર્ચા કરવી? હવે એમાં કરવું શું?

મુમુક્ષુ :– નિર્ણય થઈ ગયો.

ઉત્તર :– નિર્ણય તો કરી નાખ્યો તમે. આહાહા!

અહીં તો પરમાત્મા 'કુંદકુંદાચાર્ય' 'નિયમસાર'માં કહે છે, વસ્તુ એવી છે કે સ્વસમય અને પરસમય સાથે વાદવિવાદ કરીશ નહિ. નહિ બેસે આ વાત. 'નિયમસાર'નો પાઠ છે. 'ભગવાન કુંદકુંદાચાર્ય'નું 'નિયમસાર'. સ્વસમય અને પરસમય સાથે (વાદવિવાદ કરીશ નહિ). કેમ? જ્ઞાનસ્વરૂપી ભગવાનનું નિધાન તને જો મળ્યું અને પ્રાપ્ત થયું અને પુદ્ગલ આદિ પરિણામ એ ભિન્ન છે એમ તને ભાન થયું, હવે તું કોની સાથે ચર્ચા કરીશ? આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ સ્વસમય જૈનવાળા સાથે ચર્ચા કરીશ નહિ અને પરસમય અન્યમતિ સાથે પણ ચર્ચા કરીશ નહિ. એવો પાઠ 'નિયમસાર'માં છે. આહાહા!

જેમ લક્ષ્મી (કમાવા) જંગલમાં ક્યાંક ગયો, બહાર પરદેશમાં બે-પાંચ કરોડ પેદા કર્યા. મળી ગયા. તો કહે છે કે દેશમાં આવીને એકલો ભોગવજે એમ પાઠ છે ત્યાં. એકલો ભોગવે. કોઈને બહાર ઢોલ ન પીટાવે. કે હું પાંચ કરોડ લઈને આવ્યો. કારણ કે નહિતર લુંટવા આવે, દીકરાઓ-દીકરીઓ...

મુમુક્ષુ :– આપ તો અત્યારે દીકરાના ઢોલ વગાડો છો.

ઉત્તર :– એ અત્યારે ખોટા. એ કહે કે ઢોલ વગાડીશ નહિ. નહિતર દાતારો, લેનારાઓ આવશે. અમને દ્યો... અમને દ્યો... અમને દ્યો... એમ જો તને જ્ઞાનઘન આત્મા જ્ઞાનસ્વરૂપ પુણ્ય-પાપના ભાવના વિકલ્પોથી ભિન્ન છે એવું તને જો સમ્યગ્દર્શન થયું તો તું હવે એકલો ભોગવજે. 'નિયમસાર'માં પાઠ છે. એ વાદવિવાદમાં પડીશ નહિ. નહિ બેસે. મફતના હેરાન થાશે લોકો. આહાહા! સમજાણું કાંઈ?

આ તો જેને બાપા! ભવભ્રમણના ડર લાગ્યા હોય એની વાતું છે, ભાઈ! અરે..રે..! ક્યાં જઈશ? ક્યાં જઈશ? ચોર્યાસીના અવતાર ભવાબ્ધિ-મોટો ભવ સિંધુ (પડ્યો છે). જો એને મિથ્યાશ્રદ્ધા રહી ગઈ તો એ ભવસિંધુમાં ક્યાં જશે, ક્યાં ઊપજશે? ત્યાં કોઈ પાંજરાપોળ નથી, ત્યાં કોઈ માસીબા બેઠી નથી. આહાહા! કરોડો રૂપિયાના બંગલામાં બેઠો હોય એ મરીને ઢોરમાં જાય. મિથ્યાશ્રદ્ધા, એના ફળ તો ચાર ગતિ છે. આહાહા! રતનના ઢોલિયે સૂતો હોય. ઢોલિયાને શું કહે? પલંગ. આર્ય માણસ હોય એટલે માંસ અને દારૂ ન ખાતો હોય એની વાતું. અને આ મમતા હોય, તત્ત્વની દૃષ્ટિની ખબર ન મળે. મિથ્યાત્વના, ઊંધી શ્રદ્ધાના પોષણ કર્યા હોય. આહાહા! આડોડાઈ બહુ સેવી હોય તે આડા શરીર છે એવા ઢોરમાં જશે. ભગવાન એને 'ગોમ્મટસાર'માં આડોડાઈ કહે છે. આ મનુષ્ય આમ ઊંચા (ઉભા) છે ને? ગાય, ભેંસ ઢોર આમ આડા છે-તીરછા છે. એ બધી સમ્યગ્દર્શન વિના આડોડાઈ કરી છે ને, તે આડા થઈને એના શરીર આડા થઈ જશે. આત્મા તો અવળો-આડો થયો પણ એના શરીર આડા-વાંકા થઈ જશે. બાપુ! આવા અવતાર કર્યા, ભાઈ! નવમી ગ્રૈવેયકે જૈન સાધુ દિગંબર થઈને ગયો પણ મિથ્યાત્વ ન ટાળ્યું. આહાહા! મિથ્યાત્વ એ જ મહાસંસાર અને મહાપાપ છે. આવ્યું હતું ને? મિથ્યાત્વ તે સંસાર છે. આહાહા! રાગના પુણ્યભાવની આત્મા સાથે એકતાબુદ્ધિ કરવી તે મિથ્યાત્વ (છે) અને એ સંસાર અને એનું નામ મહાપાપ છે. એ પાપનો તો એને કોઈ ડર નથી, દરકાર નથી. અને આ દયા પાળીએ અને વ્રત પાળીએ... આહાહા! સમજાણું કાંઈ?

અહીં તો એણે ચોખ્ખું લખ્યું. **'અચેતન પુદ્ગલદ્રવ્યથી ઊપજ્યા...'** શું? એ પંચમહાવ્રતના પરિણામ, ભગવાનની ભક્તિના ભાવ, ભગવાનનું સ્મરણ કરવું એ ભાવ, બધા અચેતન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પુદ્ગલથી ઉત્પન્ન થયા. રાડ નાખે ને? આ 'અમૃતચંદ્રાચાર્ય' મુનિરાજ કહે છે. દિગંબર સંત સાચા સંત છે, હોં! એકલા નગ્નપણા તો અનંતવાર લીધા. પંચમહાવ્રત પણ અનંતવાર કર્યાં. આ તો સાચા સંત છે અંદર. આહાહા! શાંતિ પમાડે તેને સંત કહીએ. આહાહા! આવે છે એ ભજનમાં આવે છે. પછી કાંઈક પદ છે. 'શાંતિ પમાડે તેને સંત કહીએ.' (તેના દાસાનુદાસ થઈને રહીયે) આહા..! શાંતિ આ છે. ભગવાન! તું આનંદસ્વરૂપ પ્રભુ છો ને! એમાં દૃષ્ટિ કર, તને શાંતિ મળશે. એ પુણ્ય-પાપમાં દૃષ્ટિ કરવાથી તને દુઃખ અને પાપ ઊભું થશે. આહાહા! છે?

**'અચેતન પુદ્ગલદ્રવ્યથી ઊપજ્યા છે એવા અશુદ્ધ રાગાદિરૂપ સમસ્ત વિભાવપરિણામો...'** લ્યો! અશુદ્ધ. પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિ આદિ. એ **'રાગાદિરૂપ સમસ્ત વિભાવપરિણામો...'** આહાહા! **'( अतः ) શુદ્ધચેતનામાત્ર જીવવસ્તુથી...'** ભગવાનઆત્મા તો શુદ્ધ ચૈતન્ય આનંદસ્વરૂપ (છે), એનાથી તો એ પુદ્ગલના ભાવો તદ્દન ભિન્ન છે. આહાહા!

મુમુક્ષુ :– પુદ્ગલ કીધા પછી...

ઉત્તર :– અંદર ભિન્ન-જુદા છે.

**'જીવવસ્તુથી...'** છે? જીવ કોણ? **'( अतः ) શુદ્ધચેતનામાત્ર જીવવસ્તુથી ( अतिरिक्ताः )'** **'अतिरिक्ताः'** ખાલી. એટલે ચૈતન્યના સ્વભાવથી ખાલી અને પોતાના ભાવથી ભરેલા **'અત્યંત ભિન્ન છે. આવા જ્ઞાનનું નામ અનુભવ કહેવાય છે.'** આહાહા! છે? આવા જ્ઞાનનું નામ સમ્યગ્દર્શન કહેવાય છે. આહાહા! જુઓ! આ દિગંબર સંતોની વાણી! જગતને આકરી પડે. શું થાય? ભાઈ! માર્ગ તો જે છે એ રહેશે. દુનિયા જાજી માને અને કલ્પે માટે માર્ગ બીજો થઈ જાય (એમ નથી). આહાહા! **'આવા જ્ઞાનનું નામ અનુભવ કહેવાય છે.'** જોયું! એટલે? ચૈતન્યદ્રવ્યની દૃષ્ટિ કરીને જે અનુભવ કરવો અને એમાં રાગાદિના પરિણામને અશુદ્ધ ભિન્ન રાખવા, એવો જે અનુભવ તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા! 'અનુભવ રત્ન ચિંતામણિ અનુભવ હૈ રસકૂંપ, અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.' એ 'બનારસીદાસ'નું છે. આ અનુભવ, પણ આવો, હોં! આહાહા! શુદ્ધ ચેતનાની સાથે અનંતગુણથી મળેલું જીવદ્રવ્ય, એની દૃષ્ટિ કરીને એનો અનુભવ કરવો... આહાહા! એ 'અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂંપ.' આનંદનો કૂવો-એ તો કૂંપ છે. અતીન્દ્રિય આનંદનો અનુભવ–કૂવો છે. આહાહા! 'અનુભવ માર્ગ મોક્ષનો...' આ અનુભવ મોક્ષનો માર્ગ છે. વ્રત અને તપના વિકલ્પો એ તો બધા પુદ્ગલના પરિણામ, એ મોક્ષનો માર્ગ નહિ. આહાહા! સમજાણું કાંઈ? એ ૩૫ થયો. ૩૫ કળશ થયો ને?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



( માલિની )

सकलमपि विहायाह्नाय चिच्छक्तिरिक्तं
स्फुटतरमवगाह्य स्वं च चिच्छक्तिमात्रम्।
इममुपरि चरन्तं चारु विश्वस्य साक्षात्
कलयतु परमात्मात्मानमात्मन्यनन्तम्।।४-३६।।

ખંડાન્વય સહિત અર્થ :– 'आत्मा आत्मनि इमम् आत्मानम् कलयतु' ( आत्मा ) આત્મા અર્થાત્ જીવદ્રવ્ય ( आत्मनि ) પોતામાં ( इमम् आत्मानम् ) પોતાને ( कलयतु ) નિરંતર અનુભવો. કેવો છે અનુભવયોગ્ય આત્મા? 'विश्वस्य साक्षात् उपरि चरन्तं' ( विश्वस्य ) સમસ્ત ત્રૈલોક્યમાં ( उपरि चरन्तं ) સર્વોત્કૃષ્ટ છે, ઉપાદેય છે– ( साक्षात् ) એવો જ છે, વધારીને નથી કહેતા. વળી કેવો છે? 'चारु' સુખસ્વરૂપ છે. વળી કેવો છે? 'परम्' શુદ્ધસ્વરૂપ છે. વળી કેવો છે? 'अनन्तम्' શાશ્વત છે. હવે જે રીતે અનુભવ થાય છે તે જ કહે છે– 'चिच्छशक्तिरिक्तं सकलम् अपि अह्नाय विहाय' ( चित्-शक्तिरिक्तं ) જ્ઞાનગુણથી શૂન્ય એવાં ( सकलम् अपि ) સમસ્ત દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મોને ( अह्नाय ) મૂળથી ( विहाय ) છોડીને. ભાવાર્થ આમ છે કે જેટલી કોઈ કર્મજાતિ છે તે સમસ્ત હેય છે, તેમાં કોઈ કર્મ ઉપાદેય નથી. વળી અનુભવ જે રીતે થાય છે તે કહે છે– 'चिच्छशक्तिमात्रम् स्वं च स्फुटतरम् अवगाह्य' ( चित्-शक्तिमात्रम् ) જ્ઞાનગુણ તે જ છે સ્વરૂપ જેનું એવા ( स्वं च ) પોતાને ( स्फुटतरम् ) પ્રત્યક્ષપણે ( अवगाह्य ) આસ્વાદીને. ભાવાર્થ આમ છે કે જેટલા વિભાવપરિણામો છે તે બધાય જીવના નથી, શુદ્ધ ચૈતન્યમાત્ર જીવ છે એવો અનુભવ કર્તવ્ય છે. ૪-૩૬.

૩૬મો કળશ. ટીકામાં પહેલો આ આવ્યો છે. '**सकलमपि**' પછી આ આમાં. શ્લોક આડો અવળો આવ્યો છે.

सकलमपि विहायाह्नाय चिच्छक्तिरिक्तं
स्फुटतरमवगाह्य स्वं च चिच्छक्तिमात्रम्।
इममुपरि चरन्तं चारु विश्वस्य साक्षात्
कलयतु परमात्मात्मानमात्मन्यनन्तम्।।४-३६।।

આહાહા! ''**आत्मा आत्मनि इमम् आत्मानम् कलयतु**'' આહાહા! કહે છે '**( आत्मा ) આત્મા અર્થાત્ જીવદ્રવ્ય...**' જે ચેતના અને અનંતગુણનું સંપન્ન સ્વરૂપ એ આત્મા પોતામાં.. રાગમાં હવે નહિ. આહાહા! પોતાના પવિત્ર પરિણામમાં '**પોતાને નિરંતર અનુભવો.**' આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– એ પણ પર્યાય છે.

ઉત્તર :– એ પર્યાય નહિ પણ ત્રિકાળ આને.

કેવો છે? જુઓ! **'જીવદ્રવ્ય પોતામાં પોતાને...'** વ્યવહારથી વ્યવહાર આત્મામાં એમ નહિ. આહાહા! **'જીવ દ્રવ્ય પોતામાં...'** એટલે પોતામાં તો જીવદ્રવ્ય કેવો કીધો? એ તો કીધું ચેતનાની સાથે અનંતગુણ મળેલા એવું ગુણવાળું તે દ્રવ્ય. આહાહા! એવા **'પોતામાં પોતાને...'** એટલે આત્માની નિર્મળ પરિણતિને **'નિરંતર અનુભવો.'** આહાહા! **'પોતામાં પોતાને નિરંતર અનુભવો.'** '**( कलयतु )**' છે ને? **( कलयतु )** ના અર્થ બે-ત્રણ-ચાર કર્યા છે. જાતું અને જાણવું એવા શબ્દાર્થ કર્યા છે. **( कलयतु )** આમાં. અનુભવવું. આહાહા! આવો જે ભગવાનઆત્મા, એને આ પુદ્‌ગલના વિકલ્પો જે છે એનાથી ભિન્ન કરીને પોતાના સ્વરૂપને અનુભવો. આહાહા! '**( कलयतु )**' '**( कलयतु )**' નો અર્થ અનુભવો છે. પણ પછી **'નિરંતર અનુભવો.'** એમાં નાખ્યું. એટલે કે કોઈ કાળે પણ રાગથી લાભ થાય એમ ન અનુભવો. વ્યવહાર આવે ખરો પણ વ્યવહારથી આત્માને ધર્મ થાય, એમ નહિ. નિરંતર અનુભવો. આત્માનું ધ્યેય નિરંતર દ્રવ્ય ઉપર રાખો. આહાહા! સમજાણું કાંઈ?

**'નિરંતર અનુભવો. કેવો છે અનુભવયોગ્ય આત્મા?'** આહાહા! આત્માના અનુભવને લાયક આત્મા કેવો હોય છે? આહાહા! '**'विश्वस्य साक्षात् उपरि चरन्तं' 'સમસ્ત ત્રૈલોક્યમાં ( उपरि चरन्तं ) સર્વોત્કૃષ્ટ છે, ઉપાદેય છે–( साक्षात् ) એવો જ છે,...'** આહાહા! એ તો **'विश्वस्य'** એટલે જગતના વિકલ્પથી ભિન્ન પડેલો-તરતો ભગવાન પરથી ભિન્ન આત્માને દેખે છે. આહાહા! છે? એ જેટલા પૌદ્‌ગલિકના વિકલ્પો કહ્યા એ વ્રત, નિયમ તપાદિના, એનાથી ભિન્ન ભગવાન વિશ્વથી ઉપર તરે છે. એટલે રાગથી ભિન્ન પડેલો એ અનુભવે છે. આહાહા! સમજાણું કાંઈ? આવી વાત હવે, માણસને પછી એકાંત લાગે ને? એકાંત લાગે. વ્યવહારની વાત તો કરતા નથી. આ નથી કરતા? વ્યવહાર આવે એ પુદ્‌ગલના પરિણામ છે, આત્માને હેય છે. આવે ખરા. કેવળજ્ઞાની ન હોય ત્યાં સુધી ધર્મીને પણ આત્માના આશ્રયે અનુભવ હોવા છતાં અપૂર્ણતાને લઈને એવો શુભભાવ આવે. પણ તેને એ હેય જાણે, દુઃખરૂપ જાણે. આહાહા! એને પુદ્‌ગલના પરિણામ (જાણે), જીવની જાત ન જાણે એને. સમજાણું કાંઈ? કહો, 'ચીમનભાઈ'! આવું તમારે ક્યાં અરબસ્તાનમાં હતું? આહાહા! વીતરાગનો માર્ગ પ્રભુ, અરે...! હિન્દુસ્તાનમાં પણ ફેરફાર થઈ ગયો તો બહાર તો ક્યાં હતો? આહાહા! જો કે હવે તો 'લંડન'માં પણ વાંચન ચાલે છે. 'લંડન'માં અહીંનું વાંચન ચાલે છે. એક 'પ્રેમચંદ' કરીને કો'ક મહાજન છે. ચારે કોર પુસ્તક ગયું છે ને વીસ લાખ પુસ્તક છપાણા છે. ચૌદ લાખ અહીંયા અને છ લાખ 'જયપુર'. વીસ લાખ અહીંથી પુસ્તક છપાણા. પરદેશમાં બહુ ગયું. ચારે કોર 'અમેરિકા', 'લંડન' શું કહેવાય ઓલી? 'આફ્રિકા'. 'આફ્રિકા'માં તો અહીંનું એક મોટું મંડળ છે. વાંચે છે. વાંચો તો ખરા, બાપુ! આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અરે..! આવા ટાણા ભાઈ કે દિ' મળશે? મનુષ્યપણાના એક એક સમયની કિંમત છે. આવું મનુષ્યપણું એ આત્માને માટે છે. જો એ આત્માને ઓળખ્યો નહિ તો તારા મનુષ્યપણા મળ્યા, ન મળ્યા જેવા છે. આહાહા!

અહીં કહે છે કે એ અનુભવ કરવાને લાયક આત્મા કેવો હોય છે? **'સમસ્ત ત્રૈલોક્યમાં સર્વોત્કૃષ્ટ છે, ઉપાદેય છે–'** આહાહા! શુદ્ધ ચૈતન્યને જ ઉપાદેય માનનારો એ આત્મા છે અને એ આત્મા સર્વોત્કૃષ્ટ છે. પર્યાયમાં પણ સર્વોત્કૃષ્ટ છે. આહાહા! અર્થકાર કહે છે, **'વધારીને નથી કહેતા.'** આહાહા! અમે વધારીને અતિશયોક્તિથી નથી કહેતા. આહાહા! પણ ભગવાનઆત્મા પોતાના ચૈતન્યસ્વરૂપનો જ્યાં અનુભવ કરે છે એ તો રાગ ને સર્વથી ભિન્ન પડીને એવી જ એની દશા છે. એ સર્વોત્કૃષ્ટ દશા રાગની મલિન દશાથી આ દશા ભિન્ન છે. આહાહા!

પાછું અર્થકારે શું કહ્યું? **'વધારીને નથી કહેતા.'** અમે વધારીને અતિશયોક્તિથી નથી કહેતા. આહાહા! એ રાગના વિકલ્પથી ભિન્ન પડીને ચૈતન્યને અનુભવે એ જીવ ત્રિલોકથી ઊંચો છે, જુદો છે, એ આત્મા ઉપાદેય છે. એની પર્યાય જ એવી થઈ છે કે જેણે ત્રિકાળને ઉપાદેય માન્યો છે. અને એ પર્યાય પણ ખરેખર ઉપાદેય છે, પ્રગટ કરવાની અપેક્ષાએ. આહાહા! સમજાણું કાંઈ? આવો ઉપદેશ હવે. ઓલું તો કહે, એકેન્દ્રિયની દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, રસ છોડો, ભક્તિ કરો, રથયાત્રા કરો, મંદિર બનાવો, પંચકલ્યાણકના મોટા રથયાત્રા કરો. સમજાય તો ખરું. શું સમજવું છે એમાં? ધૂળ? એ તો જડની પરની ક્રિયા થવા કાળે થાય. એમાં કદાચિત્ તારો રાગ મંદ હોય તો પુણ્ય છે. એ પુદ્ગલના પરિણામ છે, તારી ચીજ નહિ. આહાહા! ગજબ વાત છે. 'સુરેન્દ્રજી'!

જુઓ! અર્થકાર 'રાજમલજી' કહે છે કે આવા આત્માને અમે સર્વોત્કૃષ્ટ અને ઊંચો કહ્યો એ વધારીને નથી કહેતા અમે. આહાહા! **''विश्वस्य साक्षात् उपरि चरन्तं''** ત્યાં ૧૪૪માં આવ્યું હતું ને? ૧૪૪માં. **'विश्वस्य साक्षात् उपरि चरन्तं'** વિકલ્પથી માંડીને ભિન્ન બધા સંસારી વિકલ્પ છે. આહાહા! એનાથી ભિન્ન પડેલો છે. એ આત્માને અમે સર્વોત્કૃષ્ટ ઊંચો કહીએ છીએ એ વધારીને નથી કહેતા કાંઈ. આહાહા!

**'વળી કેવો છે?'** અનુભવયોગ આત્મા? **'સુખ સ્વરૂપ છે.'** **'चारु'** છે **'चारु'** સુખસ્વરૂપ. જેની દશામાં આનંદદશા પ્રગટી છે. ધર્મી એને કહીએ. આહાહા! જેની દશામાં અતીન્દ્રિય આનંદ સુખ પ્રગટ્યું છે. આહાહા! એને સમ્યગ્દષ્ટિ અને એને ધર્મી કહીએ. આહાહા! છે એમાં? છે કે નહિ? આહાહા! **'સુખ સ્વરૂપ છે.'** આહાહા!

**'વળી કેવો છે? 'પરમ્' શુદ્ધસ્વરૂપ છે.'** આહા..! સર્વોત્કૃષ્ટ છે, ઉપાદેય છે, સુખરૂપ છે, શુદ્ધસ્વરૂપ છે. આટલા બોલ નાખ્યા. આહાહા! જેને સમ્યગ્દર્શન પ્રગટ્યું છે એ જીવ તો ત્રિકાળીને ઉપાદેય માને છે. એ વ્યવહારના વિકલ્પ તો આવે પણ એને હેય જાણે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દુઃખ છે. આહાહા! મારો ભગવાન સુખનો સાગર છે એમાં જેણે ડૂબકી મારી છે એની પર્યાયમાં સુખરૂપ છે અને શુદ્ધસ્વરૂપ છે અને સર્વોત્કૃષ્ટ છે. આહાહા! વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ ૪, બુધવાર તા.૨૦.૦૭.૧૯૭૭
## કળશ - ૩૬, પ્રવચન - ૪૫

૩૬ કળશ. 'કળશટીકા' છે ને? થોડું ચાલ્યું. ફરીને. આ અધિકાર અજીવ અધિકાર છે. એટલે કે આત્માનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન (છે), એ સિવાય જેટલા પુણ્ય અને પાપના ભાવ (થાય છે) એ બધા અજીવ છે. આહાહા! આકરી વાતું બહુ. જીવ તો ચૈતન્ય આનંદકંદ ઘન છે. એનો અનુભવ થતાં સમ્યગ્દર્શનમાં પ્રથમ ધર્મની શરૂઆત (થાય છે). એ આત્મા જ્ઞાયક ચૈતન્યજ્યોત છે એમ રાગની વિકલ્પદશાથી પણ પાર-ભિન્ન અંતરમાં જોતાં એ જ્ઞાયકભાવ છે એવો અનુભવ થવો એનું નામ ધર્મ અને સમ્યગ્દર્શન છે. એ અહીંયાં કહે છે.

**''आत्मा आत्मनि इमम् आत्मानम् कलयतु' ( आत्मा )'** છે ને પહેલો શબ્દ? **'આત્મા** (એટલે વસ્તુ) **અર્થાત્ જીવદ્રવ્ય...'** આહાહા! એ તો જ્ઞાયક ચિદ્ઘન આત્મા છે. આનંદનો કંદ જ્ઞાયક ચૈતન્યનું રૂપ એનું છે. એવું જીવદ્રવ્ય. આહાહા! **'પોતામાં...'** એવો જીવદ્રવ્ય એ પોતામાં... આહાહા! ઝીણી વાત બહુ, બાપુ! અત્યારે ચાલે છે એનાથી આ જાત, ભગવાન! માર્ગ બીજો કહે છે. આહાહા! જીવદ્રવ્ય જે વસ્તુ છે જે ભગવાન સર્વજ્ઞે જોયું, એવું જે જીવદ્રવ્ય એકલો ચૈતન્યઘન તે પોતામાં એટલે કે પોતાની નિર્મળ પરિણતિમાં (પ્રાપ્ત થાય છે). આહાહા! શુભ-અશુભભાવ જે છે, અશુભ તો પાપ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એ તો પાપ છે પણ અહીં તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપ એવો જે વિકલ્પ રાગ (આવે) એ પણ એક શુભરાગ છે. આહાહા! ઝીણી વાત. એ રાગથી ભિન્ન પોતે ત્રિકાળી જ્ઞાયક જીવદ્રવ્ય એ પોતાની નિર્મળ પરિણતિથી પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ? આહાહા!

**'પોતામાં પોતાને નિરતંર અનુભવો.'** આહાહા! ભગવાનનું વાક્ય છે. વીતરાગી સંતો જગતને જાહેર કરે છે, ભાઈ! તારે જો આત્મા પ્રાપ્ત કરવો હોય એટલે કે તારે ધર્મ કરવો હોય... આહાહા! તો આત્મા જે જીવદ્રવ્ય વસ્તુ, આનંદ અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ, એને અતીન્દ્રિય આનંદની પરિણતિથી તેનો અનુભવ કર. આહાહા! સમજાણું કાંઈ? આવી વાત. આવી વાત સાંભળી ન હોય. વ્રત કરો, અપવાસ કરો, તપસ્યા કરો. અરે..! એ તો રાગની ક્રિયા છે, બાપુ! તને ખબર નથી. એનાથી પ્રભુ ચૈતન્ય અંદર દ્રવ્ય ભિન્ન છે. એવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જીવદ્રવ્ય જે છે, આનંદ અને જ્ઞાયકભાવથી ભરેલું, એને પોતામાં, પોતાને, પોતાનો અનુભવ કર એમ કહે છે. આહાહા! પોતામાં એટલે જ્ઞાનાનંદ સ્વભાવમાં પોતાને નિરંતર અનુભવો. આહાહા! તારી દૃષ્ટિમાં સમ્યગ્દર્શનનો વિષય એ પૂર્ણ આનંદસ્વરૂપ ભગવાનઆત્મા છે. એને તું નિરંતર અનુભવ. આહાહા! એટલી ચીજ જે છે તેને અનુસરીને આનંદના વેદનમાં જા. તને આત્માની પ્રાપ્તિ થશે. આહાહા! આ તો હજી સમ્યગ્દર્શન-પહેલી ધર્મની દશાની વાત છે. ચારિત્ર તો પછી ક્યાંય રહ્યું. કોને કહેવું એ તો હજી લોકોને ખબર નથી. આહાહા! સમજાણું કાંઈ?

આત્માને... છે ને? **'જીવદ્રવ્ય પોતામાં પોતાને कलयतु'** ત્રણ અર્થ કર્યા છે. આત્માને ધ્યાનમાં લે. **'जानाति, पश्यति, कलयतु'** એ **'कलयतु'**નો અર્થ આટલા છે. આ તો વીતરાગનો માર્ગ બાપા બહુ ઝીણો છે. એ કંઈ સાધારણ માણસ કહે છે એવું છે નહિ.

એ આત્મા જે ચૈતન્યદ્રવ્ય જે વસ્તુ છે એને તું તારાથી, તને તારાથી... આહાહા! એટલે કે વીતરાગી દશા દ્વારા તને તારાથી તું અનુભવ તને. આહાહા! કહો, 'શાંતિભાઈ'! આવી વ્યાખ્યા છે, બાપુ! શું થાય? વીતરાગનો માર્ગ તો આ છે. એ **'નિરંતર અનુભવો.'** **'कलयतु'** ની વ્યાખ્યા કરી. એ ચૈતન્ય આનંદનો નાથ પ્રભુ, અનાકુળ આનંદના રસકંદથી ભરેલો પ્રભુ છે. આહાહા! અરે..! એ કેમ બેસે? કોઈ દિ' સાંભળ્યું ન હોય. આહાહા!

શક્કરકંદનો દાખલો નહોતો આપ્યો? આપ્યો હતો, વારંવાર આપીએ છીએ. શક્કરકંદ હોય છે ને? શક્કરિયું. અમારે ગુજરાતીમાં શક્કરકંદને શક્કરિયું કહે. ઉપલી લાલ છાલ છે જરી એને ન જો તું, અંદરમાં શક્કરકંદ એકલો ભર્યો છે. શક્કર એટલે સાકરનો પિંડ, મીઠાશનો પિંડ. શક્કરકંદ એ છે. આહાહા! એ છાલથી ભિન્ન છે. શક્કરકંદ એટલે સાકરની મીઠાશનું દળ એ શક્કરકંદ છે.

એમ આ ભગવાનઆત્મા દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ જે છે એ તો વિકલ્પ અને છાલ–રાગ છે. એ છાલની પાછળ અતીન્દ્રિય આનંદનો કંદ એ છે. જેમ ઓલો શક્કરકંદ છે એમ આ આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ છે. અરે..! એમાં એના અતીન્દ્રિય આનંદની દશા દ્વારા તને તું અનુભવ. આહાહા! તું તને તેનું ધ્યાન કર. ધ્યાનમાં એને– ત્રિકાળી ચીજને વિષય બનાવ. તો તને આત્મા પ્રાપ્ત થાય અને સમ્યગ્દર્શન થશે. હજી સમ્યગ્દર્શનની વાત છે, હોં! આ તો. આહાહા! કેમકે ભગવાનઆત્મા જે ભગવાન પરમેશ્વરે કહ્યો એ આત્મામાં દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પો રાગ છે એ તો છાલ છે, એ એનામાં નથી. આહાહા! હવે અત્યારે તો એમ કહે છે કે એ દયા, દાન, વ્રત, ભક્તિ કરો તો કલ્યાણ થશે. 'દેવીલાલજી'! આહાહા! ભાઈ! માર્ગ બહુ ઝીણો છે, બાપુ! અનંતકાળ એના પરિભ્રમણ કરતા કરતા ગયા છે. દુઃખી છે એની ખબર નથી. રાગ અને દ્વેષના પરિણામ શુભ કે અશુભ હો એ બધા દુઃખરૂપ છે. ભગવાનઆત્મા એ દુઃખની દશાથી અંદર ભિન્ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. શેઠ! આ બે-ત્રણ દિ' થી નહોતા આવ્યા. પૂછ્યું'તું, હોં! ભાઈને. કહ્યું, કમજોર છે. શરીરની દશા આવી છે, બાપુ! આ તો માટી છે. ધૂળ છે, આ ધૂળ. અંદર પુણ્ય-પાપના ભાવ થાય એને પણ અહીં તો ભગવાન અજીવ કહે છે. કેમકે જીવના સ્વરૂપમાં એ ચીજ નથી. આહાહા! આકરું કામ. સાંભળવું પણ આકરું પડે. કોઈ દિ' કર્યું નથી. સાંભળવા મળતું નથી. આહાહા!

પરમાત્મા તીર્થંકરદેવ જિનેશ્વર પરમાત્મા દિવ્યધ્વનિ દ્વારા એમ હુકમ કરે છે... આહાહા! પ્રભુ! તું આત્મા આનંદસ્વરૂપ છો ને, નાથ! તું તારા આનંદની દશા દ્વારા, પોતાને એટલે આનંદની દશા દ્વારા અનુભવ. આહાહા! તેમાં આ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ વિકલ્પ છે, રાગ છે એ તો ભિન્ન રહી જશે. આહાહા! કહો, 'બાબુભાઈ'! આ 'પ્રવિણભાઈ' થોડા થોડા આવે છે કહે છે હવે. સવારે વાત નીકળી. થોડો રસ લે છે, થોડો. આવ્યા છે કે નહિ? સવારે તમારી વાત નીકળી. કીધું આ 'પ્રવિણભાઈ' કેમ? હવે રસ થોડો થોડો આવતો જાય છે એમ કો'ક કહેતું હતું. 'હીરાભાઈ' કહેતા હતા. આહાહા! બાપુ! આ તો વસ્તુ એવી છે. શું કહીએ? આહા..!

સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવનો એ હુકમ છે, એ આજ્ઞા છે. આહાહા! પ્રભુ! તું જીવદ્રવ્ય છો ને, તું જીવ વસ્તુ છો ને. એમાં એ પુણ્ય અને પાપના શુભાદિ વિકલ્પ જે રાગની ક્રિયાઓ છે એ તારામાં છે નહિ. આહાહા! એ તો અજીવ છે. અરે...! પ્રભુ! આકરું કામ બહુ. અરે..! શું કરે? આહાહા! એને નિરંતર. **'कलयतु'** ની વ્યાખ્યા કરી. એના ધ્યાનમાં એ વાતને કાયમ લે, એમ કહે છે. વસ્તુને... આહાહા! તારી જ્ઞાનની પ્રગટ દશામાં ધ્યાનમાં એને ધ્યેય બનાવ. આહાહા! એનો નિરંતર અનુભવ કર અને નિરંતર તેનું ધ્યાન કર અને નિરંતર તેને દેખ અને જાણ. આહાહા! આનું નામ આત્મજ્ઞાન અને સમ્યગ્દર્શન કહેવાય છે. આહાહા! કહો, 'બાબુભાઈ'! એય..! 'મહેન્દ્ર'! આવું છે, બાપા! વસ્તુ એવી છે. આહાહા!

આ તો માટી ધૂળ છે, પુદ્‌ગલ માટી છે. અજીવ છે. અંદર કર્મ છે એ પણ અજીવ છે, જડ છે. હવે આગળ જતા એ દયા, દાન અને વ્રત, ભક્તિના પરિણામ થાય એ પણ અજીવ છે. આહાહા! રાડ નાખે. કેમકે ચૈતન્યસ્વરૂપ જે ભગવાનઆત્મા છે એના ચૈતન્યનો, જ્ઞાન અને આનંદનો અંશ એમાં નથી. આહાહા! કહો, સમજાણું કાંઈ?

નાળિયેરનો દાખલો આપ્યો નહોતો? નાળિયેર. નાળિયેરના ઉપરના છાલા એ જુદી ચીજ છે, કાચલી એ જુદી ચીજ છે અને કાચલી કોરની લાલ છાલ રાતડ જે ટોપરાપાક કરતા ઘસી નાખે છે. લાલ છાલ જુદી છે અને લાલ છાલની પાછળ ધોળો ગોળો છે, મીઠો ધોળો ગોળો એ શ્રીફળ છે. આહાહા!

એમ આ ભગવાનઆત્મા આ શરીર તો ઉપરના છાલા છે. અંદર આઠ જડ કર્મ જે છે એ કાચલી છે, એ કાંઈ આત્મા નથી. હવે કર્મ કોરના (સન્મુખના) જે પુણ્ય-પાપ, દયા-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દાન, વ્રત-ભક્તિ, કામ-ક્રોધના ભાવ થાય એ બધી કર્મ કોરની (સન્મુખની) લાલ છાલ છે. આહાહા! અરે..! આવી વાતું હવે. એ લાલ પુણ્ય-પાપની છાલની પાછળ અંદર ભગવાનઆત્મા જે છે એ અતીન્દ્રિય આનંદનો કંદ છે. એના ઉપર નજર કર અને આ બધા વિકલ્પો છે એનાથી નજર છોડી દે. જો તને આત્માની પ્રાપ્તિ અને સમ્યગ્દર્શન કરવું હોય તો. બાકી તો બધું અનાદિથી કરે છે અને રખડે છે. એમાં ક્યાંય એના ભવનો અંત આવે એવું નથી. આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

**'કેવો છે અનુભવયોગ્ય આત્મા?'** આત્માને અંતરમાં આનંદની દશા જે અનુભવવી... આહાહા! એ પુણ્ય અને પાપના વિકલ્પથી ભિન્ન પડીને પ્રભુને અનુભવવો, એ જીવ કેવો છે? આહાહા! અલૌકિક વાતું છે, બાપા! પરમાત્મા જિનેશ્વરદેવ એનો માર્ગ કોઈ જુદી જાતનો છે. જગતની સાથે ક્યાંય મેળ ખાય એવો નથી. આહાહા! **'કેવો છે અનુભવયોગ્ય આત્મા? 'विश्वस्य साक्षात् उपरि चरन्तं' ( विश्वस्य ) સમસ્ત ત્રૈલોક્યમાં ( उपरि चरन्तं )'** ઓલામાં **( उपरि तरन्तं )** છે ભાઈ એમાં. ૧૪૪ ગાથા છે ને? ભાઈ! એમાં **( विश्वस्य उपरि तरन्तं )** છે. આ **( उपरि चरन्तं )** છે બેમાં ફેર છે. ત્યાં વિશ્વ ઉપર આમ તરે છે એટલે જુદો દેખાય છે. પુણ્ય અને પાપના રાગ અને શરીર, વાણી, કર્મથી આમ જુદો તરે છે, આમ જુદો. અહીં **( उपरि चरन्तं )** સર્વોત્કૃષ્ટપણું છે એનું, ઉપર રહે છે. ઉપર રહે છે. આહાહા! અરે..! આવી વ્યાખ્યા! ભગવાન! શું થાય? માર્ગ તો આવો છે. એને ન મળ્યો એથી કરીને કાંઈ બીજો માર્ગ થઈ જશે? આહાહા!

કહે છે કે **'ત્રૈલોક્યમાં ( उपरि चरन्तं ) સર્વોત્કૃષ્ટ છે,...'** એમ લેવું અહીંયાં. ઉપર રહે છે. ઉપર સર્વોત્કૃષ્ટપણે ભગવાન ભિન્ન છે. રાગથી પણ ભિન્ન છે એવો સમ્યગ્દર્શનનો વિષય છે એ. **( उपरि चरन्तं )** એટલે ઉપર રહેનારો. એટલે કે રાગના વિકલ્પથી ભિન્ન રહીને સર્વોત્કૃષ્ટ ઉપર વસ્તુ તે ભિન્ન છે. એ **'ઉપાદેય છે.'** એ દૃષ્ટિમાં આદરવાલાયક છે. આહાહા! બાકી વર્તમાન પર્યાય અને રાગાદિ એ આદરણીય નથી એમ કહે છે. આવું માથું ફરી જાય એવું છે. 'પોપટભાઈ'! આ બહારમાં પૈસા, બાયડી અને છોકરા ધૂળ ધમાહા.. આહાહા! એમાં ઘૂંચવાઈ ગયો બિચારો. વીસ-વીસ કલાક ત્યાં રહે. કલાક-બે કલાક મળે, સાંભળવા જાય ત્યાં કુગુરુ એનો કલાક લૂંટી લે. એને બતાવી દે કે વ્રત કરો, અપવાસ કરો એટલે તમારું કલ્યાણ થશે. આ લોકો કહે, તમારા ભગવાનની ભક્તિ કરો, મંદિરો બનાવો તમારું કલ્યાણ થશે. બેય જૂઠ્ઠાં છે. સમજાણું કાંઈ? વીતરાગ માર્ગના એ નથી. આહાહા!

પરમેશ્વરનો માર્ગ તો, પરમેશ્વર જીવદ્રવ્ય (છે), એને તું તારી દશાથી અનુભવ. આહાહા! **'( साक्षात् ) એવો જ છે,...'** આહાહા! એ જ્ઞાનની દશાથી અંદર જોતા તે વસ્તુ ઉત્કૃષ્ટ છે. એવી ચીજ જગતમાં ક્યાંય છે નહિ. પરમાત્મા તીર્થંકર (આત્મા ખરા) પણ એ તો એનો આત્મા. અહીં ક્યાં આવ્યો? આહાહા! અહીંયાં તો ભગવાન ચૈતન્ય નિત્ય પ્રભુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનાદિઅનંત જે છે એ ધ્રુવ આનંદસ્વરૂપ, તે સર્વોત્કૃષ્ટ છે અને તે જ ઉપાદેય છે. ધર્મીને તે આત્મા આદર કરવા લાયક છે. આહાહા! બાકી પુણ્ય-પાપના ભાવ થાય, પણ એ બધા દુઃખરૂપ છે અને હેય છે એમ જ્ઞાની જાણે. આહાહા!

**'વધારીને નથી કહેતા.'** આહાહા! એય..! 'પોપટભાઈ'! પાંચ લાખની મૂડી હોય ને પચ્ચીસ લાખ કહેવાય. બહારમાં આબરૂ કહેવાય તો ના ન પાડે, કે ભાઈ આપણી આબરૂ તો વધે છે. પોતે જાણે કે આપણી પાસે પાંચ લાખ છે. પણ લોકો પચ્ચીસ લાખ કહે છે અને પચાસ લાખ કહે છે. ત્યાં મૌન રહે ને રાજી થાય. ત્યાં તો વધારીને કહે છે. અહીં કહે છે કે વધારીને અમે નથી કહેતા. આહાહા! ભગવાનઆત્મા અંદર આનંદનો નાથ પ્રભુ, એ અતીન્દ્રિય વીતરાગ સ્વભાવથી ભરેલો પરમાત્મા પોતે છે. આહાહા! એ જિનસ્વરૂપી જ પ્રભુ છે આત્મા. એ સર્વોત્કૃષ્ટ છે, એ અમે વધારીને નથી કહેતા. આ તો કાલે આવી ગયું હતું, શેઠ! પણ તમે આવ્યા (એટલે) ફરીને પાછું લીધું.

મુમુક્ષુ :– સૌને લાભ થયો ને.

ઉત્તર :– સૌને. એમાં વધારે જે ચાલે એ તો... આહાહા!

અરે..! રખડતા રખડતા અનંતકાળ થયા. એણે વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાઓ પણ અનંતવાર કરી છે. એને લઈને કદાચિત્ મિથ્યાદૃષ્ટિપણે પુણ્ય થાય. દૃષ્ટિ મિથ્યાત્વ છે એમાં ધર્મ માને છે અને એનાથી ધર્મ થાય છે. મિથ્યાત્વના મહાપાપની ભૂમિકામાં એવા પુણ્ય થાય તો ચાર ગતિમાં જઈને રખડે કોઈ. પહેલા સ્વર્ગ આદિ જાય કદાચ. પછી મરીને ઢોર અને નરકમાં જશે. આહાહા!

અહીં કહે છે, **'વધારીને નથી કહેતા.'** છે? એટલે કે અતિશય અને વિશેષથી કહીએ છીએ એમ નથી. એ તો વસ્તુનું સ્વરૂપ જ અંદર એવું છે. આહાહા! એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પરમાત્મા પોતે શુદ્ધ પરમાત્મસ્વરૂપ અખંડ આનંદકંદ છે. અનંતગુણનો સાગર છે, અનંતગુણનો ગોદામ છે, અનંતશક્તિનો સંગ્રહાલય છે, અનંતશક્તિનો સંગ્રહનું આલય-સ્થાન છે. અનંતસ્વભાવનો સાગર છે. એ વધારીને કહેતા નથી, એમ કહે છે. આહાહા! કહો, 'શાંતિભાઈ'! ત્યાં ઝવેરાતમાં ક્યાંય સાંભળ્યું છે? ધૂળધાણી. લાખ-બે લાખ મળે ત્યાં તો રાજી રાજી થઈ જાય. આહાહા! ધૂળ. હવે એવા અબજોપતિ તો અનંતવાર થયો અને મરીને પછી ઢોરમાં ગયો. કારણ કે આર્ય માણસ હોય એટલે દારૂ-માંસ ને ઈંડા ન ખાતા હોય. પણ આ પાપના પરિણામ બધા માયા, કપટ, ક્રોધ, માન આખો દિ' સંસારનો ધંધો કરતો હોય એટલે એ મરીને ઢોરમાં જાય. આહાહા! એવા અવતાર પણ અનંતા કર્યા છે. પણ સર્વોત્કૃષ્ટ અને ઉપાદેય ચીજ શું છે તેને તેં દૃષ્ટિમાં લીધું નથી, એમ કહે છે. આહાહા!

મુમુક્ષુ :– દ્રવ્ય અને પર્યાય બેયમાં ભગવાન છે...

ઉત્તર :– અત્યારે તો દ્રવ્યમાં ભગવાન છે. પણ પ્રતીતિ કરે ત્યારે પર્યાયમાં ભગવાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થવાની લાયકાત પ્રગટે. પર્યાયમાં. આહાહા! વસ્તુ તો ભગવાનસ્વરૂપ જ છે. કીધું ને? આત્મા આખી ચીજ છે કે નહિ? વર્તમાન દશા અને વર્તમાન પુણ્ય-પાપના ભાવ એ તો વર્તમાન ક્ષણિક છે. એની પાછળ એવી કોઈ ચીજ છે કે નહિ? આહાહા! ત્રિકાળ રહેનારી ચીજ છે કે નહિ? ક્યાં ખબર છે કાંઈ? આહાહા!

આ વિચારો જે બદલાય છે એ તો પર્યાય છે-અવસ્થા છે. એ તો એક ક્ષણની અવસ્થા છે પણ પાછળ ચીજ છે, નિત્ય ધ્રુવ ચીજ છે. 'ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્' તો ધ્રુવ એ ત્રિકાળી ચીજ આનંદકંદ પ્રભુ છે. એને જોવા, એને શ્રદ્ધવા, એને માનવા કોઈ દિ' પ્રયત્ન કર્યો નથી. બાકી બહારના પ્રયત્ન કરી કરીને મરી ગયો. વ્રત, અપવાસ ને ભક્તિ ને પૂજા. બાયડી, છોકરા, દુકાન છોડી અને અંદર પુણ્યના પરિણામ કાંઈક કર્યા. આહાહા! એ મહાવ્રતના પરિણામ પણ પુણ્ય છે, એ ધર્મ નહિ. આહાહા! આવી વાત ક્યાં?

મુમુક્ષુ :– પરમાત્મા બનવાની વાતો છે.

ઉત્તર :– આ તો બાપુ જેને ધર્મ કરવો હોય, જેને સુખી થવું હોય, જેને પરિભ્રમણના અંત લાવવા હોય તો આ માર્ગ છે, ભાઈ! બાકી તો ભવ કરી કરીને સોથા નીકળી ગયા છે. આહાહા! એ નરકના ભવ. મનુષ્યના ભવ કરતાં નરકના અસંખ્યગુણા અનંતા ભવ કર્યા એમ ભગવાનના જ્ઞાનમાં આવ્યું છે. અનંતે કાળે એકવાર મનુષ્યપણું મળે તોપણ એને અનંતા ભવ મનુષ્યના થયા. એના કરતાં સાત નરક નીચે છે. એના ભવ પરમાત્મા કેવળજ્ઞાનીએ જોયેલું એમ કહે છે. પ્રભુ! તેં એવા ભવ કર્યા. મનુષ્યની સંખ્યા અનંતી, એના કરતાં અસંખ્યગુણા અનંતા નરકમાં ગયો છો તું, ભાઈ! તને ખબર નથી. તું ભૂલી ગયો, બાપુ! આહાહા!

એક મનુષ્યનો ભવ અને અસંખ્ય નારકીના. ત્યારે મનુષ્ય છે થોડા અને નારકીમાં આટલા ભવ કર્યા. મનુષ્ય મરીને જાય તો મનુષ્ય તો થોડા છે. વીતરાગ પરમાત્મા એમ કહે છે કે તિર્યંચની એટલી સંખ્યા છે, પંચેન્દ્રિય તિર્યંચની એટલી સંખ્યા છે કે મરી મરીને ઘણા નરકમાં જાય છે. એવા અનંતા ભવ તિર્યંચમાં કર્યા. એથી નરકની સંખ્યા અસંખ્યગુણી અનંતી મનુષ્યભવ કરતાં કર્યા. અને એના કરતાં અસંખ્યગુણા અનંતા સ્વર્ગના કર્યા. કારણ કે દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ એવું ઘણીવાર કર્યું તો એ પુણ્યને લઈને સ્વર્ગમાં ગયો. પણ એને ધર્મ ન થયો. આહાહા! તે સ્વર્ગમાં કેટલી વાર ગયો? નરકના ભવ કરતાં અસંખ્યગુણા અનંતા સ્વર્ગના કર્યા એમ કેવળી પરમાત્માના જ્ઞાનમાં છે. એક ભવ નરકનો અને અસંખ્ય સ્વર્ગના, બીજો એક નરકનો તો અસંખ્ય સ્વર્ગના એવા અનંતા અને એથી અસંખ્યગુણા અનંતા દેવમાં ગયો. આહાહા! તો એ દેવમાં ગયો એ પાપ કરીને ગયો હશે? આહાહા! એ વ્રત, તપ, દાન, દયા, ભક્તિ, પૂજા કર્યા એને લઈને સ્વર્ગમાં ગયો. પણ મિથ્યાદષ્ટિ આત્મા શું ચીજ છે એનું જ્ઞાન ન કર્યું એણે. સમજાણું કાંઈ? અને નરક કરતાં અસંખ્યગુણા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનંતા દેવના ભવ જે કર્યા એથી અનંતગુણા તો આ તિર્યંચના અને નિગોદના અનંતગુણા કર્યા. આહાહા! અરે..રે..!

એક માણસને જેમ ચાર દુકાન હોય. પછી દુકાનમાં બાર મહિને પાંચ લાખની ખોટ ગઈ. પણ ચારમાં ઓછી-વત્તી ક્યાં? કે, ભાઈ! ઝવેરાતની દુકાને જાજી ખોટી ગઈ, કપાસિયાને દુકાને થોડી, કાપડની દુકાને એથી વધારે. એમ પરમાત્મા સર્વજ્ઞદેવ કહે છે કે અનંતકાળથી ચાર ગતિમાં રખડ્યો એમાં ખોટ ગઈ તારી ગઈ એ ચાર ગતિમાં ગતિ ક્યાં ક્યાં વધારે રહી? આહાહા! સમજાણું કાંઈ?

એ નગ્ન દિગંબર મુનિ થયો અને પંચમહાવ્રતનો પાળનાર. ચામડા ઉતરડીને ખાર છાંટે તોપણ ક્રોધ ન કરે. છતાં સમ્યગ્દષ્ટિ નહિ. આહાહા! એ આત્માનું જ્ઞાન, આત્મદર્શન શું છે એની ખબર નહિ. સમજાણું કાંઈ? એથી અહીંયાં સર્વોત્કૃષ્ટ એ આત્માને કહેવાય છે. મહાપ્રભુ છે. આહાહા! તેને દષ્ટિમાં લે, તેને ધ્યાનમાં ધ્યેય બનાવ, તેને જ્ઞાનમાં જ્ઞેય બનાવ. આહાહા! અરે..! આવી વાત હવે. એક તો વાણિયા નવરા ન હોય બિચારા. આખો દિ' બાયડી, છોકરા, ધંધામાં... છ-સાત કલાક ઉંઘમાં જાય, છ-આઠ કલાક ધંધામાં, પાપમાં. ઓલા પણ પાપમાં. બે-ચાર કલાક બાયડી-છોકરાને સાચવવામાં અને ભોગમાં જાય. આહાહા! કલાક-બલાક રહે, હજી ધર્મ તો નથી પણ પુણ્યના ઠેકાણા નથી. સમજાણું કાંઈ? આહાહા! અને કદાચિત કહે છે કે પુણ્ય કરે તો એનાથી કદાચ દેવ થાય કાં ધૂળના ધણી આ પૈસાના ધણી, ધૂળના ધણી શેઠિયા. ધૂળના ધણી થાય. પણ પાછા મરીને નરકે અને ઢોરમાં જાય. સમજાણું કાંઈ? આવો ભગવાન સર્વોત્કૃષ્ટ પ્રભુ પડ્યો છે ને, કહે છે. આહાહા! આદિ અંત વિનાનો અકર્તા (છે). એનો કોઈ કર્તા નથી. ઈશ્વર કોઈ કરે છે એમ છે? ઈશ્વર-બિશ્વર કોઈ કર્તા છે નહિ. અનાદિની ચીજ તારી ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એ સર્વોત્કૃષ્ટ છે, એ જ ઉપાદેય છે. એ સિવાય શુભ-અશુભભાવ આવે પણ એ આદરણીય નથી. આહાહા! સમજાણું કાંઈ?

**''ચારુ' સુખસ્વરૂપ છે.'** આત્મા અંદર આનંદસ્વરૂપ છે. આહાહા! અરે..! કેમ બેસે? અંદર ભગવાનઆત્મા, જેમ ઓલા શક્કરકંદમાં મીઠાશનો પિંડ છે એમ આ ભગવાન સુખસ્વરૂપ છે. ભગવાન એટલે આ આત્મા, હોં! પાછા એ ભગવાન થઈ ગયા એ તો થઈ ગયા. આહાહા! આ તો કાલે આવી ગયું છે. **'સુખસ્વરૂપ છે. વળી કેવો છે? 'પરમ્' શુદ્ધસ્વરૂપ છે.'** આહાહા! શુદ્ધ પવિત્રસ્વરૂપ ભગવાનઆત્મા, એ પુણ્ય-પાપના રાગથી ભિન્ન ભગવાન શાશ્વત વસ્તુ છે. પછી કહ્યું, અનંત છે. **'શાશ્વત છે.'** જે વસ્તુ છે એ તો નિત્ય શાશ્વત છે. એની પર્યાયો છે, અવસ્થાઓ બદલાય છે. વસ્તુ તો અંદર શાશ્વત છે. આહાહા! કોઈએ કરી નથી, કોઈથી એ થઈ નથી. એ શાશ્વત વસ્તુ છે. અનાદિની શુદ્ધ ચૈતન્યઘન... આહાહા!

**'હવે જે રીતે અનુભવ થાય છે તે જ કહે છે–'** કાલે અહીં સુધી આવ્યું હતું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**‘‘चिच्छशक्तिरिक्तं सकलम् अपि अह्नाय विहाय’ ( चित्-शक्तिरिक्तं ) જ્ઞાનગુણથી શૂન્ય...’** આહાહા! અંદર જે આત્માનો કાયમી જ્ઞાનસ્વભાવ છે,... આ શાસ્ત્રજ્ઞાન અને આ જ્ઞાન એ જ્ઞાન નહિ. આ વકીલાતનું જ્ઞાન, ડોક્ટરનું જ્ઞાન એ તો બધા કુજ્ઞાન છે. આ શાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાન નહિ. કારણ કે એ પરાવલંબી જ્ઞાન એ પણ આત્માનું જ્ઞાન નહિ. આહાહા! અંદર જ્ઞાનસ્વરૂપ આત્મા છે. પ્રજ્ઞા-જ્ઞાનબિંબ, ચિદ્‌બિંબ, જ્ઞાનબિંબ એ આત્મા છે. આહાહા!

એ **‘( चित्-शक्तिरिक्तं ) જ્ઞાનગુણથી શૂન્ય એવા ( सकलम् अपि ) સમસ્ત દ્રવ્યકર્મ’** એટલે જડકર્મ. જડકર્મમાં જ્ઞાન નથી. જ્ઞાનનો જે સ્વભાવ ભગવાનઆત્માનો છે એ જડકર્મમાં જ્ઞાનનો અંશ નથી. એમ **‘ભાવકર્મ-’** પુણ્ય અને પાપના શુભ-અશુભભાવ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ ભાવકર્મ છે. એ ચૈતન્યથી શૂન્ય છે. એમાં ચૈતન્યનો-જ્ઞાનનો-સ્વભાવનો એમાં અભાવ છે. આહાહા! આવી વાતું હવે. આવી માંડ સાંભળવા કો’ક દિ’ મળે. ઓલું સહેલું સટ કલાક જાય અને સામાયિક કરી ને પોષો કરે એટલે થઈ ગયો ધર્મ જાવ હવે. રખડો હવે. આહાહા!

અમારા ગામમાં ‘બોટાદ’માં એક મોચી હતા. મોચી. એ પોષા કરતા. સામાયિક અને પોષા કરતા, સામાયિક કરતા પાછા એ વખતે ઓલી કરે... શું કહેવાય આ? દશ્યું. દશ્યું વણતા. અને દશ્યું વણે, વ્યાખ્યાન સાંભળે અને સામાયિક થાય. ત્રણે ભેગું થાય. મોચી હતા, બિચારા વૃદ્ધ હતા. ‘બોટાદ’ના સ્થાનકવાસી જૈન હતા. આવતા બિચારા. પણ વસ્તુની કાંઈ ખબર નહિ. આહાહા! (સંવત) ૧૯૮૦ની સાલ. ચોમાસુ અમારું ત્યાં ૧૯૭૯-૮૦માં હતું ને. હજાર-પંદરસો માણસ ત્યાં થતું. આખો અપાસરો (ભરાય જતો). આ તો ૫૦-૫૩ વર્ષ પહેલાની વાત છે. બહુ માણસ ભરાય. પણ વસ્તુસ્થિતિ જાણે નહિ કાંઈ. બસ, આ સામાયિક કરો અને પોષા કરો. એય..! ‘કાલિદાસભાઈ’! એના બાપ અને એના બાપ બધાય આવા, હોં! બધાય. બધાય એવા હતા પછી તમારું શું ત્યાં.. ‘રાયચંદ ગાંધી’ કેવા શેઠ મોટા? ‘ભુદરભાઈ’? ‘ભુદરભાઈ’ શું? વિશાશ્રીમાળીના શેઠ. એ શેઠનું નામ શું? ભૂલી ગયા.

મુમુક્ષુ :– સોમચંદ માણેકચંદ

ઉત્તર :– ના, ના આ વિશાશ્રીમાળીના અગ્રેસર. અત્યારે એનો દીકરો છે.

મુમુક્ષુ :– ભુદર...

ઉત્તર :– ભુદર એ ભુદર નહિ. એ તો દશાશ્રીમાળી છે. આ તો વિશાશ્રીમાળી...

મુમુક્ષુ :– નારણભાઈ

ઉત્તર :– નહિ. બજારમાં દુકાન (હતી), નહિ? શેઠની સામે. ‘હિંમતલાલ’ શેઠ, એની પાસે દુકાન નહિ સામે? સ્થાનકવાસીના શેઠ. પક્ષઘાત થઈને ગુજરી ગયા નહિ એ?

મુમુક્ષુ :– નારાયણ ભુદર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– 'નારાયણભાઈ' ને? 'નારાયણ ભુદર' એ. એ તો બધા ત્યાં ચોમાસા ઘણા કર્યા છે ને અમે તો. 'નારાયણભાઈ 'નારાયણભાઈ', 'નારાયણ ભુદર' આહાહા! કાંઈ ખબર ન મળે. જી હા. આવીને બેસે. માથે કહે એ હા.

અહીં પરમાત્મા જિનેશ્વરદેવ એમ ફરમાવે છે. પ્રભુ! **'( चित्-शक्तिरिक्तं )'** આ જ્ઞાનસ્વરૂપ જે ભગવાન છે આત્મા, એનાથી પુણ્ય અને પાપના ભાવ એ ચૈતન્યના સ્વભાવથી શૂન્ય છે, ખાલી છે. આહાહા! શરીર અને વાણી આ તો જડ છે, અજીવ છે. એ તો ચૈતન્ય સ્વભાવથી ખાલી છે. એમાં ચૈતન્યસ્વભાવ નથી. પણ પાપના પરિણામ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કામ, ક્રોધના ભાવ એ પણ જ્ઞાનના સ્વભાવથી શૂન્ય છે. એમાં જ્ઞાનનો અંશ નથી. એ તો પાપભાવ અંધકાર છે. એમ પુણ્યભાવ દયા, દાન, વ્રત એ કાંઈ જ્ઞાનનો સ્વભાવ છે એનો અંશ એમાં નથી. એ તો રાગ અંધકાર છે. આહાહા!

એ ચિત્‌શક્તિથી રિક્ત છે. એટલે? શુભ-અશુભભાવ, જે જ્ઞાનસ્વરૂપ ભગવાન એનાથી એ શક્તિથી રહિત છે. આહાહા! અજીવનો અધિકાર છે ને? એ અજીવ છે. આહાહા! પંચમહાવ્રતના પરિણામ એ અજીવ છે એમ કહે છે અહીં. એ વિકલ્પ છે, રાગ છે. બાપુ! તને ખબર નથી. આહાહા! બાર વ્રત અને પાંચમહાવ્રત ને... કહે છે કે એ ચિતશક્તિ જે જ્ઞાનસ્વરૂપ ભગવાન છે એ ચિતશક્તિથી ભાવ ખાલી છે. એમાં ચિતશક્તિ છે નહિ. આહાહા! અંદર છે કે નહિ?

**'જ્ઞાનગુણથી શૂન્ય એવાં सकलम् अपि समस्त દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મને...'** દ્રવ્યકર્મ એટલે જડકર્મ, ભાવકર્મ એટલે પુણ્ય-પાપના શુભ-અશુભભાવ, નોકર્મ એટલે શરીર ને વાણી. એમાં ચિતશક્તિ-જ્ઞાનશક્તિ નથી. જ્ઞાનસ્વભાવ જે આત્મા ચૈતન્યપ્રકાશનું પૂર પ્રભુ છે. આત્મા ચૈતન્યના પ્રકાશના નૂરનું પૂર છે. અરે..! કેમ બેસે? રાંકો કરીને માન્યો. કોઈ દિ' જોયો નથી. આહાહા! પ્રભુ આત્મા ચૈતન્યના પ્રકાશનું પૂર છે, એમ કહે છે. એવો જે ભગવાનઆત્મા, એનાથી આ પુણ્ય અને પાપભાવ તે ચૈતન્યના સ્વભાવથી ખાલી છે. માટે તેને અજીવ કહીએ છીએ અને અજીવથી આત્મા ભિન્ન જીવ છે. આહાહા!

એ નોકર્મ **'( अह्नाय ) મૂળથી ( विहाय ) છોડીને.'** આહાહા! એ શુભ-અશુભભાવ જ્ઞાનસ્વભાવ ચૈતન્ય ભગવાન, એ ચૈતન્યના સ્વભાવથી એ પુણ્ય-પાપના ભાવ ખાલી છે, રહિત છે. માટે મૂળથી દૃષ્ટિમાંથી છોડી દે. આહાહા! લ્યો 'કાન્તિભાઈ'! આવો માર્ગ (છે). હજી તો પકડવું કઠણ (પડે). આહાહા! જિનેશ્વરદેવ પરમેશ્વર કેવળજ્ઞાની ભગવાન, એના જ્ઞાનમાં આ આવ્યું એવું એમણે બતાવ્યું. ભાઈ! તું જે જીવ છો એ તો ચૈતન્યસ્વભાવથી ભરેલો પદાર્થ છે. અને આ પુણ્ય દયા, દાન, વ્રત, ભક્તિ અને કામ-ક્રોધના ભાવ એ ચૈતન્યની શક્તિ-ગુણથી રહિત છે. એમાં ચૈતન્યનો સ્વભાવ નથી. કેમકે રાગભાવ છે એ પોતે આંધળા છે. નથી જાણતા પોતાને અને નથી જાણતા જોડે ચૈતન્ય જ્ઞાનસ્વરૂપને. અને એ રાગ અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ક્રિયા જે છે એ ચૈતન્યસ્વરૂપ વડે જણાય છે. માટે તે જડ અને અજીવ છે. માટે તેને છોડીને અંદરમાં જા. અરે..રે..! આવી વાતું હવે. બાપા! પરિભ્રમણ કરતાં કરતાં અનંતા ભવ ગયા, ભાઈ! આહાહા! છે?

**'દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મને મૂળથી છોડીને. ભાવાર્થ આમ છે...'** મૂળથી એટલે મૂળમાંથી ઉખેડીને. ગાયું છે ને? જે ઘાસ ખાય ને ગાયું? એ ઉપર ઉપરનું ખાય. મૂળિયા રાખે. અને ગધેડા એવા હોય છે ને કે મૂળિયાથી ખેંચીને ખાય. અહીં કહે છે કે ઓલા ગધેડા જેવા છે એવા આ જ્ઞાની સાચા છે કે રાગને મૂળમાંથી છોડી દે છે. સમજાણું કાંઈ? એની અંદરમાં ગંધ રહેવા દેતા નથી. વસ્તુ ભગવાન અંદર ચૈતન્યમૂર્તિ ભિન્ન છે. એને આ પુણ્ય અને પાપના વિકલ્પને મૂળથી દૃષ્ટિમાંથી છોડી દે. આહાહા! અરે..! આવું હવે. કોઈ દિ' કંઈ સાંભળ્યું ન હોય એને કરવું. ઓલું સહેલુંસટ છે. આખો દિ' સામાયિક કરવી, પડિકમણા કરવા, પોષા કરવા, અપવાસ કરવા, આંબેલ કરવી. હવે એ તો ધૂળ છે, સાંભળને. એ તો બધી રાગની ક્રિયાઓ વિકલ્પ છે, બાપુ! તને ખબર નથી, ભાઈ! એ ચૈતન્યની જાતની તને ખબર નથી. સમજાણું કાંઈ? આહાહા!

**'ભાવાર્થ આમ છે કે જેટલી કોઈ કર્મજાતિ છે તે સમસ્ત હેય છે,...'** એ બધી કર્મજાત છે. પુણ્યના, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ પણ એ કર્મની જાત છે, ચૈતન્યની નહિ. આહાહા! સાંભળવું કઠણ પડે. શું થાય? બાપુ! માર્ગ તો આ છે. એણે માનવો પડશે. આહાહા! અત્યારે તો એ વાત ચાલતી ન હોય એટલે આકરી લાગે. તેથી કેટલાક કહે ને 'સોનગઢે' નવો ધર્મ કાઢ્યો. અરે..! ભગવાન! આ તો પરમાત્માનો માર્ગ છે એ માર્ગ છે આ તો. જિનેશ્વરનો માર્ગ જે અનાદિ છે. અનંત તીર્થંકરો થયા એ બધા આ રીતે કહેતા હતા. મહાવિદેહમાં 'સીમંધર' ભગવાન બિરાજે છે. લાખો કેવળી મનુષ્યપણે બિરાજે છે એ આ વાત કરે છે. આહાહા! સમજાણું કાંઈ?

**'જેટલી કોઈ કર્મજાતિ છે તે સમસ્ત હેય છે,...'** આહાહા! એ શુભભાવને કર્મની જાતમાં નાખ્યા. એ આત્મજાત નહિ એમ કહે છે. એ કજાત છે. આહાહા! પણ બહારમાં મજા પડતી હોય. એમાં પાંચ-પચ્ચીસ લાખની મૂડી હોય, બાયડી-છોકરા ઠીક હોય. છોકરા રળાઉ જાગ્યા હોય અને છોકરા છ-આઠ હોય. એય..! મજા છે. મરી જઈશ હવે, સાંભળને. તેં આત્માને મારી નાખ્યો. પરમાં મજા માની અને આત્મામાં મજા અને સુખ છે એને તેં મારી નાખ્યો. આહાહા! તારી તેં હિંસા કરી. આહાહા! સુખસ્વરૂપ છે એમ આવ્યું હતું ને? **'ચારુ'** આહાહા! એ પરમાં સુખ માને. શરીરમાં, બાયડીમાં, છોકરામાં, કુટુંબમાં, આબરૂમાં. અને પાપના પરિણામમાં અને કાં પુણ્યના પરિણામમાં સુખ માને કે આ ઠીક છે, એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! એને જૈન ધર્મની ખબર નથી. જૈન ધર્મ કોને કહેવો? આહાહા! 'કાળિદાસભાઈ'! આવું છે આ. ત્યાં 'મુંબઈ'માં મોટો રૂપિયાનો પથારો છે. એ કરોડપતિ કહેવાય. ફલાણો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભલે પાંચ લાખ હોય. પથારો મોટો હોય પાપનો એને જાણે. ઓહોહો! એવું કહેતા હતા. કો'ક કહેતું હતું. આહાહા! સૌથી મોટો પથારો તો આનો 'પોપટભાઈ'ના સાળાનો નહોતો? આ 'પોપટભાઈ' બેઠા છે. એના સાળા પાસે બે અબજ ચાલી કરોડ છે. આપણા દશાશ્રીમાળી વાણિયા હતા. આ 'પોપટભઈ'ના સગા સાળા. 'ગોવા-ગોવા'. હમણા દોઢ વર્ષ પહેલા ગુજરી ગયો. બે અબજ ચાલીસ કરોડ. પાંચ મિનિટમાં રાત્રે મરી ગયો. ૬૪ વર્ષ પહેલા પાંચ મિનિટમાં ચાલ્યો ગયો. ગયો હશે ઢોરમાં. આહાહા! અંબાજીને માનતો હતો, ખબર છે ને. અંબાજી... આહાહા!

મુમુક્ષુ :– દિવ્યધ્વનિને માતા કહી છે.

ઉત્તર :– એ તો માતા તરીકે વચન-વાણી. એમાં વીતરાગની વાણીમાં એટલું ભર્યું છે એ અપેક્ષાએ માતા કહે છે. 'જિનવાણી માતા..' આવે છે ને? એ તો વીતરાગની અપેક્ષાએ. આ દિવ્યધ્વનિ છે. આ કોતરાયેલી ભગવાનની વાણી છે. ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે. એમની વાણી છે આ. 'કુંદકુંદાચાર્ય' ભગવાન પાસે ગયા હતા. સંવત્ ૪૯માં. બે હજાર વર્ષ પહેલા. ત્યાંથી આવીને આ બધા શાસ્ત્ર રચ્યા છે. એ આ વાણી ભગવાનના ઘરની છે. આહાહા!

'જિનવાણી..' આવે છે ને ઓલામાં? 'નમો દેવી વાગેશ્વરી જૈન વાણી' 'નમો દેવી વાગેશ્વરી...' વાગેશ્વરી એટલે વાઘેશ્વરી નહિ. એ વાઘ ઉપર બેસે એ અજ્ઞાની નહિ. આ તો વાણીમાં ઈશ્વરી વીતરાગની વાણી. દિવ્યધ્વનિ છૂટે. ભગવાનને હોઠ બંધ હોય. કંઠ ચાલે નહિ. આખા શરીરમાંથી ૐ એવો અવાજ આવે. 'મુખ ઓમકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે' સંતો, ભાવલિંગી આત્મજ્ઞાની અનુભવીઓ ભગવાનની વાણી સાંભળી અને શાસ્ત્ર રચે. આહાહા! 'બનારસીદાસ'નું વચન છે. 'મુખ ઓમકાર ધ્વનિ સુણિ અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશે ભવિક જીવ સંશય નિવારે.' એની આગમ રચના કરે ગણધર સંતો. એને સાંભળીને ભવિક જીવો સંશયને ટાળે અને મિથ્યાત્વ ટાળીને સમકિત પામે. આહાહા! સમજાણું કાંઈ? આવી વાત છે. ભાઈએ કીધું કે વાણીને માતા કહે છે ને એ આ રીતે. એના ભાવમાં વીતરાગતા ભરી છે.

'શ્રીમદ્'માં આવે છે ને? 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ, ગુણવંતા રે જ્ઞાની... અમૃત વરસ્યા રે પંચમકાળમાં.' આહાહા! કાયરને પ્રતિકૂળ જિનની વાણી. પરમ શાંત વીતરાગી દશા બતાવનારા. આહાહા! વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા. કીધું ને અહીંયાં? સર્વોત્કૃષ્ટ છે ઇ. એને બતાવનારી વાણી છે. આહાહા!

એ અહીં કહે છે **'કે જેટલી કોઈ કર્મજાતિ છે...'** આહાહા! ચૈતન્યજાત તે જ્ઞાન અને આનંદની જાત છે ભગવાન અને પુણ્ય અને પાપના ભાવ, શરીર, વાણી, મન એ બધી કર્મની જાત છે. એકકોર આતમરામ અને એકકોર ગામ વિકારનું બધું. આહાહા! આવો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉપદેશ એમાં સમજવું શું? આહાહા! અરે..! ભગવાન! ભાઈ! તેં કોઈ દિ' ધર્મ સાંભળ્યો નથી. સાચો ધર્મ વીતરાગનો, ભાઈ! શું થાય? આહાહા! જિંદગી ચાલી જાય છે. આંખો વિંચાઈને ચાલ્યો જઈશ, બાપા! ત્યાં કોઈ શરણ નથી. અંદર આત્મા શરણ છે. એને તેં જોયો અને જાણ્યો નથી. આહાહા! અને બહારમાં રખડાવ થઈને રખડી મર્યો છે. આહાહા!

આ **'કર્મજાતિ છે તે સમસ્ત હેય છે,...'** એ ચાહે તો જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ હેય છે. કેમકે એ કર્મજાત છે. આહાહા! સમજાણું કાંઈ? **'તેમાં કોઈ કર્મ ઉપાદેય નથી.'** કોઈ રાગની ક્રિયા કે શરીરની ક્રિયા એ આદરણીય નથી. આહાહા! માથે કહ્યું હતું ને? 'સર્વોત્કૃષ્ટ ઉપાદેય છે.' એની સામે આ ઉપાદેય નથી એમ નાખ્યું. પહેલું આવ્યું હતું ને?

મુમુક્ષુ :– સમસ્ત લોક...

ઉત્તર :– હા. **'उपरि चरन्तं'** એની વ્યાખ્યા. સર્વોત્કૃષ્ટ ઉપાદેય છે. અહીં કહ્યું કે કોઈપણ રાગની ક્રિયા કે શરીરની ક્રિયા એ આદરણીય નથી. આહાહા!

**'વળી અનુભવ જે રીતે થાય છે તે કહે છે–'** આત્માનો અનુભવ. આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એની પર્યાયમાં ઉત્કૃષ્ટ વસ્તુ જે ધ્યેયમાં, લક્ષમાં લઈને અનુભવ થાય એ સર્વોત્કૃષ્ટ ચીજ છે, એનો અનુભવ થાય એનું નામ ધર્મ અને સમ્યગ્દર્શન, જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા! **'અનુભવ જે રીતે થાય છે તે કહે છે– 'चिच्छशक्तिमात्रम् स्वं च स्फुटतरम् अवगाह्य' ( चित्-शक्तिमात्रम् ) જ્ઞાનગુણ તે જ છે સ્વરૂપ જેનું...'** આહાહા! અંતર જાણક... જાણક... જાણક.. જાણક... જાણક... જાણક... સ્વભાવ એ ચિત્‌શક્તિ તે આત્મા. આહાહા! છે? જ્ઞાનગુણ-જ્ઞાનસ્વભાવ જે જાણવું... જાણવું... જાણવું... જેનો ત્રિકાળી સ્વભાવ. જેમ સાકરનો ગળપણ સ્વભાવ, મીઠાનો ખારો સ્વભાવ એમ ભગવાનઆત્માનો જ્ઞાનસ્વભાવ. જાણવાનો ત્રિકાળી સ્વભાવ છે, બસ. આહાહા!

**'તે જ છે સ્વરૂપ જેનું એવા ( स्वं च ) પોતાને ( स्फुटतरम् )...'** આહાહા! એટલે શું કહે છે? કે જ્ઞાનસ્વરૂપ કરીને આત્મા બતાવ્યો. આનંદ આદિ જ્ઞાનસ્વરૂપ જે છે એને સ્વને અવગાહીને-એમાં જઈને... આહાહા! જેનું **'( स्फुटतरम् )'** જેનું **'પ્રત્યક્ષપણે ( अवगाह्य ) આસ્વાદીને.'** આહાહા! એ જ્ઞાનસ્વરૂપને વર્તમાનમાં પ્રત્યક્ષપણે જ્ઞાનનો સ્વાદ લઈને. આહાહા! જ્ઞાનનો સ્વાદ એટલે અતીન્દ્રિય આનંદનો સ્વાદ. એનું નામ સમ્યગ્દર્શન અને એનું નામ અનુભવ છે. બહુ પણ આ તો ફેરફાર, ભાઈ! ફેરફાર છે ત્યારે આ બધો ફેરફાર કહે છે ને? આહાહા! છે?

**'स्वं च, स्फुटतरम्, अवगाह्य'** આ ત્રણના અર્થ. સ્વ ભગવાન જ્ઞાનસ્વરૂપી, અતીન્દ્રિય આનંદસ્વરૂપી. એને **'स्फुटतरम् अवगाह्य'** પ્રત્યક્ષપણે સ્વાદ લે. આહાહા! એનું નામ ધર્મ અને સમકિત છે. આહાહા! અરે..! આવી વાતું. માથુ ફરી જાય. ઓલું સહેલુંસટ હતું. એય...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'પોપટભાઈ'! હવે તો જુવાનિયા પણ રસ લેવા માંડયા છે, હોં! સાંભળો તો ખરા, બાપા!

મુમુક્ષુ :– બધા જુવાનિયા છે.

ઉત્તર :– જુવાનિયા છે. આ તો એનો છોકરો અહીં બેસતો 'જયેશ.' એ તો હજી જુવાન છે. આ પુસ્તક લઈને બેસતો. ભલે હજી અવ્યક્તપણે પણ... અહીં બેસતો અહીં, સામે મોઢા આગળ બેસતો, હોં! બાપુ! આ તો આત્માની વાત, નાથ! તારા ઘરની વાતું, પ્રભુ! શું કહીએ? તને તારા ઘરની ખબરું ન મળે અને ધર્મ થઈ જાય? આહાહા! અરે..રે..! સંસારના પરિભ્રમણથી ઉદ્ધારવાનો ભાવ તો આ છે. જ્ઞાનસ્વરૂપ ભગવાન એને પ્રત્યક્ષપણે આસ્વાદ. આહાહા! તને રાગનો અને પુણ્યનો સ્વાદ તો, પ્રભુ! અનાદિનો છે. એ તો દુઃખનો સ્વાદ છે, ભાઈ! તને ખબર નથી. આહાહા! કહો, સ્થાનકવાસીમાં આવું સાંભળ્યું હતું ક્યાંય? ત્યાં તો આ ક્રિયા કરો. અમે પોતે પણ કહેતા ને એમાં. એકવીસ વર્ષ (એમાં રહ્યા). આહાહા! વ્રત કરો, અપવાસ કરો, આ કરો અને તે કરો બસ થઈ રહ્યું. શું કરવું? એ તો વિકલ્પ રાગ છે. અહીં તો (કહે છે એ રાગ) ચિત્‌શક્તિથી રહિત ખાલી છે ઇ. પણ એની વસ્તુ અંતર છે એ ઉપર એની પ્રતીતિ જ નથી. અંતર ભગવાન ચિદાનંદસ્વરૂપ આનંદકંદ છે. એના તરફ એનું લક્ષ નથી, એનો એને વિશ્વાસ નથી, એની એને પ્રતીતિની પ્રતીતિ નથી. આહાહા!

મુમુક્ષુ :– દયાભાવ...

ઉત્તર :– એ તો 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ, અનંતા જીવ મુક્તિએ ગયા...' અહીં તો કહે છે કે પરની દયાનો ભાવ એ રાગ છે. અને તે પરની દયા કરી શકતો નથી. કારણ કે પરની ક્રિયા આત્મા કરી શકે નહિ. ભગવાનના માર્ગમાં તો આ છે. એ પરની દયા પાળવાનો ભાવ એ રાગ છે, એ તારી હિંસા છે. આહાહા!

અહીં તો પ્રત્યક્ષ વેદીને... **'ભાવાર્થ આમ છે કે જેટલા વિભાવપરિણામો છે તે બધાય જીવના નથી,...'** જેટલા રાગના વિકલ્પો ઉઠે એ બધા તારા નથી. **'શુદ્ધ ચૈતન્યમાત્ર જીવ છે એવો અનુભવ કર્તવ્ય છે.'** લ્યો! આ અનુભવ કરવા લાયક છે. એનું નામ ધર્મ અને સમકિત છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

( શાલિની )

**वर्णाद्या वा रागमोहादयो वा**
**भिन्ना भावाः सर्व एवास्य पुंसः ।**
**तेनैवान्तस्तत्त्वतः पश्यतोऽमी**
**नो दृष्टाः स्युर्दष्टमेकं परं स्यात् ।।५-३७।।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ખંડાન્વય સહિત અર્થ :– 'अस्य पुंसः सर्वे एव भावाः भिन्नाः' ( अस्य ) વિદ્યમાન છે એવા ( पुंसः ) શુદ્ધ ચૈતન્યદ્રવ્યથી ( सर्वे ) જેટલા છે તે બધા ( भावाः ) ભાવ અર્થાત્ અશુદ્ધ વિભાવપરિણામ ( एव ) નિશ્ચયથી ( भिन्नाः ) ભિન્ન છે—જીવસ્વરૂપથી નિરાળા છે. તે ક્યા ભાવ? 'वर्णाद्याः वा रागमोहादयः वा' ( वर्णाद्याः ) એક કર્મ અચેતન શુદ્ધ પુદ્‌ગલપિંડરૂપ છે તે તો જીવસ્વરૂપથી નિરાળા જ છે; ( वा ) એક તો એવા છે કે ( रागमोहादयः ) વિભાવરૂપ-અશુદ્ધરૂપ છે, દેખતાં ચેતન જેવા દેખાય છે, એવા જે રાગ-દ્વેષ-મોહરૂપ જીવસંબંધી પરિણામો તેઓ પણ, શુદ્ધ જીવસ્વરૂપને અનુભવતાં, જીવસ્વરૂપથી ભિન્ન છે. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે વિભાવપરિણામોને જીવસ્વરૂપથી 'ભિન્ન' કહ્યા, ત્યાં 'ભિન્ન'નો ભાવાર્થ તો હું સમજ્યો નહિ' 'ભિન્ન' કહેતાં, 'ભિન્ન' છે તે વસ્તુરૂપ છે કે 'ભિન્ન' છે તે અવસ્તુરૂપ છે? ઉત્તર આમ છે કે અવસ્તુરૂપ છે. 'तेन एव अन्तस्तत्त्वतः पश्यतः अमी दृष्टाः नो स्युः' ( तेन एव ) તે કારણે જ ( अन्तःतत्त्वतः पश्यतः ) શુદ્ધ સ્વરૂપનો અનુભવશીલ છે જે જીવ તેને ( अमी ) વિભાવપરિણામો ( द्दष्टाः ) દૃષ્ટિગોચર ( नो स्युः ) નથી થતાં; 'परं एकं द्दष्टम् स्यात्' ( परं ) ઉત્કૃષ્ટ છે એવું ( एकं ) શુદ્ધ ચૈતન્યદ્રવ્ય ( द्दष्टम् ) દૃષ્ટિગોચર ( स्यात् ) થાય છે. ભાવાર્થ આમ છે કે વર્ણાદિક અને રાગાદિક વિદ્યમાન દેખાય છે તોપણ સ્વરૂપ અનુભવતાં સ્વરૂપમાત્ર છે, તેથી વિભાવપરિણતિરૂપ વસ્તુ તો કાંઈ નથી. ૫-૩૭.**

---

**શ્રાવણ સુદ ૫, ગુરુવાર તા.૨૧.૦૭.૧૯૭૭**

**કળશ - ૩૭, પ્રવચન - ૪૬**

અજીવ અધિકાર છે આ.

**वर्णाद्या वा रागमोहादयो वा**
**भिन्ना भावाः सर्व एवास्य पुंसः।**
**तेनैवान्तस्तत्त्वतः पश्यतोऽमी**
**नो द्दष्टाः स्युर्दष्टमेकं परं स्यात्।।५-३७।।**

**'ખંડાન્વય સહિત અર્થ :– 'अस्य पुंसः सर्वे एव भावाः भिन्नाः' ( अस्य ) વિદ્યમાન છે એવા (पुंसः) શુદ્ધ ચૈતન્યદ્રવ્યથી...'** વિદ્યમાન છે એ તો સામે ભાવ. શુદ્ધ ચૈતન્યદ્રવ્ય-ભગવાનઆત્મા તો શુદ્ધ ચૈતન્યવસ્તુ છે. આહાહા! જે સમ્યગ્દર્શનનો વિષય છે એ તો શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ ધ્રુવ છે. એ **'ચૈતન્યદ્રવ્યથી (सर्वे) જેટલા છે તે બધા (भावाः) ભાવ અર્થાત્ અશુદ્ધ વિભાવપરિણામ...'** પહેલા સાધારણ વાત મૂકી પછી એનો ખુલાસો કરશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'અશુદ્ધ વિભાવપરિણામ...'** મલિન, વિકારીભાવ **'નિશ્ચયથી ભિન્ન છે–જીવસ્વરૂપથી નિરાળા છે.'** ભગવાન તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મા છે. એનાથી આ બધા અશુદ્ધ વિભાવ પરિણામ એ જુદા છે. એટલે શું? હવે કહે છે. અશુદ્ધ પરિણામ એટલે શું?

**'તે ક્યા ભાવ? 'वर्णाद्याः वा रागमोहादयः वा' ( वर्णाद्याः ) એક કર્મ અચેતન શુદ્ધ પુદ્‌ગલપિંડરૂપ છે...'** એમ લીધું. વર્ણ, ગંધ, રસથી માંડીને કર્મ સંઘેયણ, સંસ્થાન એ બધા અશુદ્ધ અચેતન શુદ્ધ પુદ્‌ગલપિંડરૂપ છે. **'તે તો જીવસ્વરૂપથી નિરાળા જ છે;...'** શરીર, કર્મ, સંઘેયણ, સંસ્થાન, કર્મ આદિ ભગવાનઆત્માથી તો ભિન્ન જ છે. **'એક તો એવા છે કે વિભાવરૂપ-અશુદ્ધરૂપ છે, દેખતાં ચેતન જેવા દેખાય છે,...'** આહાહા! આ ઝીણી વાત બહુ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના ભાવ એ રાગ વિભાવભાવ છે. **'रागमोहादयः' 'દેખતાં ચેતન જેવા દેખાય છે,...'** એની પર્યાયમાં છે એટલે.

**'એવા જે રાગ-દ્વેષ-મોહરૂપ જીવસંબંધી પરિણામો...'** આહાહા! બપોરે એમ આવ્યું હતું કે રાગ અને દ્વેષના પરિણામ જીવનું એકલું કર્તવ્ય છે. એમ આવ્યું હતું. એ તો એની પર્યાયમાં થાય છે અને એનો–પુણ્ય-પાપનો અજ્ઞાનભાવે કર્તા છે. માટે તેના સિદ્ધ કર્યા હતા. અહીંયાં તો વસ્તુ સ્વભાવ સિદ્ધ કરવો છે. જે ચૈતન્ય જ્ઞાન આનંદસ્વભાવ છે એમાં એ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ એ સ્વરૂપમાં નથી. એથી એ પરિણામ પુદ્‌ગલથી નિપજ્યા છે એમ કહ્યું છે. આહાહા! વાત સાંભળી ન હોય એને (કઠણ લાગે). વ્રત, તપ, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, હિંસા, જૂઠું આદિ ભાવ, કહે છે કે એ પણ જીવસ્વરૂપથી ભિન્ન છે. પછી કહેશે આગળ કે એ એક જ પુદ્‌ગલની ઉત્પત્તિ છે. પુદ્‌ગલથી જ એની નિષ્પત્તિ છે.

હવે બપોરે એમ કહે છે કે વિકાર છે એ પુદ્‌ગલના પણ નથી, જીવ અને પુદ્‌ગલ બેના ભેગા થઈને નથી. એ જીવ એકના જ કરેલા પુણ્ય-પાપના ભાવ છે. એ તો વિકારની અવસ્થા પર્યાયમાં થાય છે એનું અસ્તિત્વ ત્યાં સિદ્ધ કર્યું છે. અને અહીંયાં તો એના ત્રિકાળી અસ્તિત્વનો જે સ્વભાવ છે, જ્ઞાન-દર્શન-ચારિત્ર-આનંદસ્વરૂપ ભગવાનઆત્મા એનો કોઈ સ્વભાવ અને શક્તિ વિકારને કરે એવી કોઈ શક્તિ નથી. આહાહા! આવું ઝીણું! એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, હિંસાના પરિણામ એ બધા અજીવ પુદ્‌ગલથી નિપજ્યા છે એમ કહેવું છે. આહાહા! એ અજીવ છે. જીવ નહિ. કઈ અપેક્ષાએ કહ્યું? બપોરે કઈ અપેક્ષાએ કહ્યું એ બેની અપેક્ષા જાણવી જોઈએ ને?

વિકારના પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ એ જીવની પર્યાયમાં-પર્યાયમાં પર્યાયબુદ્ધિવાળાને થાય છે માટે તેનું કર્તવ્ય છે એ પુદ્‌ગલનું નહિ. આહાહા! અહીંયાં તો દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ સિદ્ધ કરવી છે. એ તો ત્યાં પર્યાયને સિદ્ધ કરવી હતી. આહાહા! 'દેવીલાલજી'! આવો ઝીણો બહુ માર્ગ. આહાહા! અરે..! વીતરાગના માર્ગની એને ખબર નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં તો કહે છે કે પરની દયાનો ભાવ, અહિંસા-પરને ન મારવો એવો ભાવ, સત્ય બોલવું એવો ભાવ... આહાહા! વ્રતના પરિણામ છે તે ભાવ એ બધા અજીવ છે. કેમકે જીવ ચૈતન્યસ્વરૂપ ભગવાનઆત્મા એ તો સ્વભાવનો પિંડ પ્રભુ છે. એ તો પહેલા કહ્યું ને? **'શુદ્ધ ચૈતન્ય દ્રવ્યથી...'** **'(पुंसः)'** **'(पुंसः)'** એટલે આત્મા-પુરુષ. આહાહા! પર્યાયમાં તેના પુણ્ય-પાપના દયા, દાન, વ્રત, ભક્તિના, કામ, ક્રોધના ભાવ, એની પર્યાયમાં પર્યાયબુદ્ધિવાળાનું કર્તવ્ય છે ઇ. એ કંઈ કર્મથી અને પુદ્‌ગલથી નથી થયા. એ તો પર્યાયની સ્વતંત્રતા, દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ છોડી દઈને, પર્યાયમાં થાય તેની સિદ્ધિ કરીને એ જીવ જ પોતાના ચૈતન્યના શુદ્ધ સ્વભાવના અજ્ઞાનમાં પર્યાયમાં વિકૃતિ પોતે કરે છે. વિકારભાવ એ પોતાનો છે. આહાહા! એ પર્યાયબુદ્ધિને સિદ્ધ કરવા એ વાત કરી છે. હવે અહીંયાં તો વસ્તુ દ્રવ્યસ્વભાવ જે ચૈતન્યદ્રવ્ય છે, જે સમ્યગ્દર્શનનો વિષય છે... સમજાણું કાંઈ? એ ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ ભગવાન વીતરાગમૂર્તિ પ્રભુ છે. એ જિનસ્વરૂપ જ આત્મા અંદર છે. આહાહા! એ જીવસ્વરૂપની દૃષ્ટિએ જોતાં એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ જે ઉઠે છે એ બધા પુદ્‌ગલના અજીવ છે, આત્માના નહિ. આહાહા! કહો, 'શશીભાઈ'! હવે ક્યાં એકકોર વાત એ અને ક્યાં એકકોર આ. ભગવાનનો માર્ગ સ્યાદ્વાદ અનેકાંત જે વસ્તુસ્વરૂપ છે તેમ સિદ્ધ કર્યું છે.

અહીંયાં તો દ્રવ્ય વસ્તુ જે છે એને સિદ્ધ કરવી છે. ત્યાં તો પર્યાયમાં વિકૃતભાવ, શુભ કે અશુભ જોગની ક્રિયાનો રાગ એ પર્યાયનું કર્તવ્ય છે, એ પુદ્‌ગલનું કર્તવ્ય નથી. સમજાણું કાંઈ? એમ સિદ્ધ કરીને ત્યાં એકલો જીવ એનો પર્યાય વિકારનો કર્તા છે એ અજ્ઞાની સિદ્ધ કર્યો. એ અજ્ઞાની પર્યાયબુદ્ધિવાળો પુણ્ય-પાપના ભાવનો કર્તા થાય છે. સમજાણું કાંઈ? આહાહા! આવી વાતું હવે, ક્યાં મેળ કરવો? એને ત્યાં સિદ્ધ કર્યું કે વસ્તુ પોતે જે છે એ તો ચૈતન્યઘન આનંદકંદ પ્રભુ છે. એનું જેને જ્ઞાન નથી, એનો જેને સ્વભાવનો ભાવ સન્મુખ નથી, એ જીવ પર્યાબુદ્ધિવાળો છે. તે પર્યાય બુદ્ધિવાળાના રાગનો કર્તા એ પર્યાય છે. આહાહા! એ મિથ્યાદૃષ્ટિ જીવ છે. ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિ નથી. સમ્યગ્દર્શન જે કહીએ ત્રિકાળી વસ્તુનો આશ્રય એ તો છે નહિ. અને એકલી પર્યાયના જ અસ્તિત્વને સ્વીકારે છે તો એની પર્યાયમાં જેટલો ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ થાય એ બધા વિકાર એની પર્યાયે કર્યા છે. તેથી પર્યાયબુદ્ધિવાળાએ કર્યા છે. સમજાણું કાંઈ? આહાહા! આવી વાતું હવે. બપોરે કાંઈક, સવારે કાંઈક. કઈ અપેક્ષાથી છે? ભાઈ!

અત્યારે તો જીવસ્વભાવ જીવદ્રવ્યની વ્યાખ્યા ચાલે છે. જીવદ્રવ્ય જે છે એ તો ચૈતન્ય આનંદકંદ પ્રભુ છે, શુદ્ધ પવિત્ર છે. એના પરિણામ થાય એ તો પવિત્ર થાય. આહાહા! અને આ જેટલા પર તરફના લક્ષવાળા પરિણામ છે... આહાહા! દયાના હોય કે દાનના હોય કે વ્રતના હોય કે ભક્તિના હોય કે પૂજાના હોય (એ અપવિત્ર છે). આહાહા!

'ભાવપાહુડ'ની ૮૩મી ગાથામાં એમ કહ્યું છે કે પૂજા અને વ્રત એ કોઈ જૈનધર્મ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે? 'ભાવપાહુડ'ની ૮૩મી ગાથા. આહાહા! એમાં તો ખુલાસો કર્યો છે કે વ્રત, વૈયાવચ્ચ, ભક્તિ અને પૂજા એ ભાવ કાંઈ જૈનધર્મ નથી. આહાહા! કેમકે એ તો રાગ છે. આહાહા! અહીંયાં કહ્યું કે રાગનો કરનારો પર્યાયબુદ્ધિવાળો પોતે છે. બે (વાત). ત્રીજું આ કહ્યું કે વસ્તુસ્વભાવ જે છે... આહાહા! સમ્યગ્દર્શનનો વિષય જે ધ્રુવ ચૈતન્ય ભગવાન પરમાનંદસ્વરૂપ છે એ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિએ એના ચૈતન્યદ્રવ્યમાં એ પુણ્ય-પાપના ભાવ છે જ નહિ. આહાહા! આવી વાત છે. એ વ્રતના અને અપવાસના જે વિકલ્પ ઊઠે એ બધા કહે છે અજીવ છે એમ કહે છે. અરે..! આ શી રીતે? કેમકે એનામાંથી નીકળી જાય છે. એની ચીજ હોય તો નીકળે નહિ. માટે તે અજીવ છે. આગળ તો કહેશે. ૩૯ કળશ છે ને? **'निर्माणमेकस्य हि पुद्गलस्य'** ૩૯ કળશમાં. **'निर्माणमेकस्य हि पुद्गलस्य'** આહાહા! ૩૯ ની બીજી લીટી. એ બધા દયા, દાન, વ્રત... આહાહા! ગજબ બાપુ! વાતું આકરી, ભાઈ! અને જેને ધર્મ માને. દયાનો ભાવ, એ દયા પાળી એ ધર્મ થયો. અરે..! પ્રભુ! બાપા! તને ધર્મની ખબર નથી.

વીતરાગમાર્ગ, એની દયા તો સ્વરૂપની દૃષ્ટિ અને સ્વરૂપનો સ્વીકાર કરે, પૂર્ણાનંદનો નાથ હું છું. મારા સ્વરૂપમાં વિભાવ-વિકલ્પ છે નહિ એવા સ્વભાવનો સ્વીકાર કરે એણે જીવની પોતાની દયા પાળી. આહાહા! કેમકે જેવડો અને જેવો હતો એણે એવો ને એવો જીવતો કબુલ્યો. એનું નામ જીવની દયા અને એનું નામ સમ્યગ્દર્શન. આહાહા! આવી વાતું છે.

અહીંયાં તો વસ્તુનો સ્વભાવ... આવશે કહેશે, હોં! આહાહા! **'કર્મ અચેતન શુદ્ધ પુદ્‌ગલપિંડરૂપ છે તે તો જીવસ્વરૂપથી નિરાળા જ છે; એક તો એવા જ છે કે વિભાવરૂપ-અશુદ્ધરૂપ છે, દેખતાં ચેતન જેવા દેખાય છે,...'** કોણ? રાગ-દ્વેષ-મોહ. આહાહા! ચાહે તો શુભરાગ હો, શુભઉપયોગ કે ચાહે તો અશુભરાગ હો કે ચાહે તો એ મારા છે એવો મિથ્યાત્વભાવ હો... આહાહા! એ બધા અજીવ છે. અરે..! આવી વાત.

મુમુક્ષુ :– એમાંથી નીકળી જાય છે.

ઉત્તર :– નીકળી જાય ને એની ચીજમાં એ છે જ ક્યાં? એ તો પર્યાયમાં છે એટલું અસ્તિત્વ સિદ્ધ કર્યું. પર્યાયબુદ્ધિવાળાને પર્યાયમાં પર્યાયનો કર્તા ઇ છે. આહાહા! અહીંયાં દ્રવ્યને સિદ્ધ કરતાં ભગવાન જ્ઞાયક ચૈતન્યજ્યોત નિર્મળાનંદ, પ્રભુ! જે સમ્યગ્દર્શનનો વિષય ધ્યેય, એ ચીજમાં પુણ્ય અને પાપના ભાવો અજીવ તરીકે છે, જીવ તરીકે નહિ. આહાહા! હવે આવી વાતું. અને અહીં તો બહારથી આ દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો. જાવ તમારું કલ્યાણ થઈ જશે. 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ.' 'દેવીલાલજી'ને હતું પહેલું. 'દેવીલાલજી'! એ તો બધાને હતું ને પહેલા.

અમારે (સંવત) ૧૯૮૧ની સાલમાં 'ગઢડા'માં વ્યાખ્યાન ચાલે ત્યાં એક મોટું ચોપાનિયું લખેલું. આવડું આ. 'દયા તે સુખની વેલડી,...' કઈ દયા? બાપુ! પરની દયા તો રાગ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રાગ છે એ તો આત્માની જાત નથી, એ તો અજીવ છે એમ કહે છે અહીંયાં. આહાહા! અજીવથી જીવને લાભ થાય?

અહીંયાં બે પ્રકારના અજીવ વર્ણવ્યા. બાપુ! ઝીણી વાત. એક તો શરીર, કર્મ, સંઘયણ, સંસ્થાન, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એ અજીવ. અને અહીંયાં અંદર જોતાં પુણ્ય અને પાપના દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના ભાવ એ રાગ છે અને આત્મા ચૈતન્યસ્વરૂપ છે. ચૈતન્યસ્વરૂપનો અંશ એ રાગમાં નથી. ચૈતન્યસ્વરૂપ ભગવાનઆત્મા જ્ઞાનમૂર્તિ પ્રભુ, એનું કોઈ કિરણ રાગમાં નથી. એનો જ્ઞાનનો અંશ એનો રાગમાં અભાવ છે. તેથી તે બધા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવને અજીવ કહ્યા છે. અરે..! આવી વાત! આહાહા!

મુમુક્ષુ :– ચેતનનું એકેય કિરણ નથી.

ઉત્તર :– ચેતનની જાત નથી, બાપુ! આહાહા! એને તું ધર્મ તરીકે માન અને લાભ તરીકે માન એ તો મિથ્યાત્વના પોષક છે. મહામિથ્યાત્વ પાપનું પોષક છે. આકરી વાત છે, ભાઈ! અત્યારે જ્યારે ચાલે છે એની સામે આ વાત આકરી લાગે.

પરમાત્માનો તો આ પોકાર છે. જિનેશ્વરદેવ વીતરાગ કેવળજ્ઞાની પરમાત્મા જે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક પ્રભુ દેખે છે, એ પરમેશ્વરની આ આજ્ઞા આ હુકમ છે. આહાહા! પ્રભુ! તું એકવાર સાંભળ તો ખરો. અરે..! તારી ચીજ જે અંદર આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ છે એમાં એ પુણ્ય અને પાપભાવ તો દુઃખરૂપ છે. અને ભગવાનઆત્મા તો આનંદરૂપ છે. તો આનંદરૂપને જીવ કહીએ અને દુઃખરૂપ ભાવને અજીવ કહીએ. આહાહા! કહો, સમજાણું કાંઈ? અવ્વલદોમની વાત છે, બાપા! આ દુનિયા શું માને છે એ તો ખબર છે કે નહિ? આહાહા! એમાં એ છે કે નહિ? શું?

**'રાગ-દ્વેષ-મોહરૂપ જીવસંબંધી પરિણામો...'** જોયું! છે તો જીવસંબંધી પર્યાય એમ કહે છે. **'તેઓ પણ શુદ્ધ જીવસ્વરૂપને અનુભવતાં જીવસ્વરૂપથી ભિન્ન છે.'** આહાહા! વર્તમાન જ્ઞાનની દશાને અંતર ધ્રુવ તરફ વાળતા સમ્યગ્દૃષ્ટિ જીવ-ધર્મી, પોતાની જ્ઞાનની વર્તમાન દશાને ધ્રુવતરફ ઢાળતા એકલો શુદ્ધ આત્મા છે તે જણાય છે. કહે છે, એમાં પુણ્ય અને પાપ ભેગા આવતા નથી. આહાહા! આવી વાતું હવે. પછી 'સોનગઢ'ને નામે લોકો કહે ને, એકાંત છે. વ્યવહારનો લોપ કરે છે. વાત સાચી, બાપા! એને ખબર નથી. અરે..રે..!

ચૈતન્ય ભગવાન આનંદનો નાથ પ્રભુ, એના પરિણામ અતીન્દ્રિય આનંદના હોય. અને આ રાગ છે એ તો દુઃખ છે. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ પૂજા, ભગવાનની પૂજાનો ભાવ પણ રાગ છે અને એ દુઃખ છે. આહાહા! અરે..! આ કેમ બેસે? એ દુઃખના પરિણામ છે એને અહીંયાં અજીવના પરિણામ કહ્યા છે. કેમકે જીવ તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે. એના પરિણામ તો જ્ઞાન અને આનંદ હોય. આહાહા! એની પર્યાયમાં તો જ્ઞાન અને આનંદ હોય. આ અજ્ઞાન અને દુઃખ... આહાહા! એ તો અજીવની જાતના પરિણામ, અજીવની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાતના, જીવની જાતના નહિ. શેઠ! આવું છે, બાપા! આવી વાત! અરે..રે..! દુનિયા પાસે પરમાત્માએ તો ખુલ્લી મૂકી છે પણ લોકોને... આહાહા! સાંભળવા મળતી નથી. અને સાંભળવાના ટાઈમ આવ્યા ત્યારે કહે, એય..! સાંભળશો નહિ એ વાત, બંધ કરો. 'શુકનલાલજી'! ત્યાં જાવું નહિ, હોં! નહિતર એકાંત.. અરે..! ભગવાન! સાંભળ બાપુ, ભાઈ!

ભગવાન પરમેશ્વર જિનેશ્વરદેવ, જેની સભામાં એકાવતારી ઇન્દ્રો આવે છે, મહાવિદેહક્ષેત્રમાં... આહાહા! અને ઇન્દ્રની ઇન્દ્રાણી છે અત્યારે એ પણ એકાવતારી, એકભવતારી મોક્ષ જનારી છે, એ એની સભામાં આવે છે તો પરમાત્મા આ કહે છે. એય..! આહાહા! ત્રણલોકનો નાથ, જિનેશ્વર, પરમેશ્વર વીતરાગભાવ સિવાયના જેટલા ભાવ છે એને પરમેશ્વર અજીવ કહે છે. એ જીવના હોય તો જુદા પડે નહિ, નીકળી ન જાય. આહાહા! સમજાણું કાંઈ? છે? રાગમાં શુભ-અશુભ રાગ બેય આવ્યા. દ્વેષમાં પરનો અભાવ પ્રતિકૂળતા લાગે એ દ્વેષ આવ્યો. મોહમાં પર તરફના વલણનો ભાવ મારો એમાં મિથ્યાત્વ આવ્યું. આહાહા! એ રાગ-દ્વેષ અને મોહ.

અરે..! પરમાત્માના વિરહ પડ્યા, ભરતક્ષેત્રમાં વીતરાગના વિરહ પડ્યા. લોકોએ પોતાની કલ્પનાથી માર્ગ ચલાવ્યા. આહાહા! લક્ષ્મીનો નાશ થાય અને પિતાજી ગુજરી જાય. છોકરાઓ વઢે પછી. એમ ત્રણલોકના નાથ કેવળીના વિરહ પડ્યા અત્યારે અહીં અને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય એની લક્ષ્મીનો તો નાશ થયો. આહાહા! આ ઝઘડા ઊભા કર્યા કે નહિ. શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ એ બધો ધર્મ છે. અને એ ધર્મનું કારણ છે. એમ ઝઘડા ઊભા કર્યા. આહાહા!

જીવનો સ્વભાવ તો ચૈતન્ય જ્ઞાન અને આનંદ છે ને, પ્રભુ! એ દયા-દાનના ભાવ સ્વભાવમાંથી ઉત્પન્ન થયા છે? સ્વભાવનું એ કાર્ય છે? એ નીકળી જાય છે માટે પુણ્યના, દયા, શુભ-અશુભના ભાવો અને તે મારા એવો મિથ્યાત્વભાવ, ત્રણેને અહીં પરમાત્મા અજીવ કહે છે. ત્રણલોકના નાથ વીતરાગ જિનેશ્વર વસ્તુની દૃષ્ટિના સ્વભાવની અપેક્ષાએ એનામાં નથી માટે તેને અજીવ કહે છે. આહાહા! હવે આ અજીવની ક્રિયા એ ધર્મ છે એમ માને છે. ભગવાનની ભક્તિ ને દયા પાળવી, વ્રત પાળવા, પૂજા કરવી એ ભાવ ધર્મ છે. 'શુકનલાલજી'! હવે આટલો બધો ફેર, ભગવાન! આહાહા!

અહીં કહે છે કે **'રાગ–દ્વેષ-મોહ જીવસંબંધી પરિણામો...'** ભાષા દેખી? ઓલા અજીવ હતા. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શરીર, કર્મ એ અજીવ છે અને આ જીવસંબંધી. આહાહા! પરિણામ એટલા, હોં! પરિણામની અપેક્ષાએ. જીવદ્રવ્ય નહિ. જીવસંબંધી પરિણામ. આહાહા! **'તેઓ પણ શુદ્ધ જીવસ્વરૂપને અનુભવતાં...'** અંતરમાં ચૈતન્ય ભગવાન શુદ્ધ છે તેને અંતરમાં જોતાં, સ્વને દેખતા એમાં એ પુણ્ય-પાપના ભાવ આવતા નથી. આહાહા! ધર્મીજીવ-સમ્યગ્દૃષ્ટિ જીવ ધર્મની પહેલી શરૂઆતવાળો એ અંતર્મુખ ચૈતન્યને જોવે છે તેમાં આ દેખાતા નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા! આવી વાતું હવે. વાતે વાતે ફેર. હવે આનો મેળ શી રીતે કરવો? ઓલા કહે છે કે સમન્વય કરો. શેઠ! સમન્વય કરો એમ કહે છે કે આ તમારો અને આપણા બે ભેગા કરો. અરે..! ભગવાન! શેના સમન્વય? બે છે એ અપેક્ષાએ બરાબર છે. આ ખોટું છે અને આ સાચું છે એમ બે છે. પણ બેય સાચા છે એમ નથી. આહાહા!

અત્યારે તો સાધુ નામધારીની પ્રરૂપણા આ (કે) દયા કરો, વ્રત પાળો, પૂજા કરો, તપસ્યા કરો. એ તમને કલ્યાણનું કારણ છે. અરે..! પ્રભુ! એ ભાવ તો અનંતવાર કર્યો છે ને, ભાઈ! નવમી ગ્રૈવેયકે અનંતવાર ગયો છો ને, પ્રભુ! તો નવમી ગ્રૈવેયકે કોણ જાય? શુક્લલેશ્યા. કેવી શુક્લલેશ્યા! આહાહા! કે વ્રત પાળવામાં કોઈ પ્રતિકૂળતા આવે તો ખંડ ન કરે. એવા વ્રત પાળે. પણ એ બધો શુભભાવ છે, એ અજીવ છે. એ જીવમાં નથી અને જીવને લાભદાયક નથી. બીજામાં તો રહેવા ન દે એને. આવી વાત કરે તો. આહાહા! અરે..! સાંભળને ભાઈ! શું કહીએ? આહાહા!

પરમાત્મા એમ કહે છે, એ **'રાગ-દ્વેષ-મોહરૂપ જીવસંબંધી પરિણામો...'** આ વર્ણ, રસ, ગંધ શરીર, કર્મ, સંઘયણ, સંસ્થાન એ તો બધા અજીવ સીધા છે. અને જે આ પુણ્ય, દયા, દાન અને વ્રત, ભક્તિના ભાવ એ જીવસંબંધી પરિણામ લીધા. જોયું! ભાષા. એ અજીવ પેલા જડ છે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એ નહિ. એ જીવસંબંધી પરિણામ છે. છતાં એ અજીવ છે. આહાહા! આવી વાત હવે. આ છે કે નહિ?

મુમુક્ષુ :– એની જાતના નહિ અને એની જાતમાં ભળે નહિ.

ઉત્તર :– જાતના છે જ નહિ, એ કજાત છે. આહાહા! આવી વાતું આકરી પડે, ભાઈ! માણસને સાંભળવી મુશ્કેલ પડે. બહુ બીજી ચીજથી ઘૂંટાઈ ગયેલા છે ને? રગડાઈ ગયા છે કે વ્રત, તપ, અપવાસ કરીએ તો એ ધર્મ છે. એમ ઘૂંટાઈ ગયું છે. એવું તો અભવી પણ અનંતવાર કરે છે. સાંભળને. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' મુનિવ્રત પંચમહાવ્રત પાળ્યા, નગ્નપણું ધારણ કર્યું, સમિતિ, ગુપ્તિ, વ્યવહાર ચોખ્ખા પાળ્યા, એવા 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' ગ્રૈવેયકમાં અનંતવાર ગયો. એ તો રાગ છે. એ કાંઈ આત્માની ક્રિયા નથી, એ ધર્મ નહિ. આહાહા! 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આ તો 'છ ઢાળા'માં આવે છે. પાઠશાળામાં શીખવે છે. અર્થની ક્યાં કાંઈ ખબર છે? આહાહા! પંચમહાવ્રત પાળ્યા એ અજીવ છે, રાગ છે. અરે..! મારી નાખે. આ કહે પંચમહાવ્રત એ સંવર છે.

મુમુક્ષુ :– વ્યવહાર અજીવ છે.

ઉત્તર :– આ તો અજીવ છે. વ્યવહારરત્નત્રયમાત્ર અજીવ છે. હવે લોકો એમ કહે છે કે વ્યવહારથી નિશ્ચય થાય, એટલે અજીવથી જીવ થાય. બાપુ! બહુ ફેરફાર પડી ગયો છે. વીતરાગમાર્ગને બહુ ફેરફાર કર્યો છે, બાપુ! શું થાય? આહાહા! અડધો કલાક મોડું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થયું... સમજાણું કાંઈ? એ રાગ એટલે શુભરાગ, હોં! અશુભરાગ તો ઠીક. પંચમહાવ્રતના પરિણામ એ આસ્રવ છે, એ રાગ છે. આહાહા! કેમકે એ પરલક્ષીભાવ છે. એ ચૈતન્યના સ્વભાવના ભાવ નથી. આહાહા! અરે..! અનાદિથી આમ ને આમ અથડાય છે.

અહીં કહે છે એ પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ **‘જીવસંબંધી પરિણામો...’** ભાષા જોઈ! ઓલા અજીવ એકલા હતા. આ શરીર, કર્મ, વાણી, વર્ણ, ગંધ, કર્મ એ તો એકલા અજીવ હતા. અને આ દયા, દાન, વ્રત, કામ, ક્રોધના ભાવ એ કાંઈ કર્મ નથી, અજીવ, જડ નથી, ઓલા પરમાણુ નથી. પણ જીવસંબંધીના પરિણામ એ વિકાર છે માટે તેને અજીવ કહેવામાં આવે છે. આહાહા! આવું છે.

મુમુક્ષુ :– એ રૂપી કહેવાય કે અરૂપી?

ઉત્તર :– એ ખરેખર રૂપી છે. નિશ્ચયથી રૂપી છે. પર્યાય છે એ અપેક્ષાએ અરૂપી છે. પણ અરૂપી એમાં ચૈતન્ય જે જ્ઞાનસ્વરૂપ ભગવાન, એ ચૈતન્યનું કિરણ એમાં નથી. જેમ સૂર્ય છે એનું કિરણ કોલસામાં હોય? એનું કિરણ તો ધોળું-સફેદ હોય. એમ ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે. એનું કિરણ એટલે પર્યાય, જ્ઞાન અને આનંદની દશા એની હોય. આહાહા! આ જે રાગની દશા અને પુણ્ય-પાપના ભાવ અને મોહ એ તો અંધકાર છે. આહાહા! ચેતનસ્વરૂપ ભગવાન એનું એ કિરણ નહિ, એની એ દશા નહિ. આહાહા! આકરું કામ, ભાઈ! અહીં તો કહે વ્રત લઈ લ્યો. જાવ સંવર થઈ ગયો તમારે. પડિમા લઈ લ્યો. દિગંબરમાં એ (કહે). હજી સમ્યગ્દર્શન શું છે એની ખબર ન મળે. સમ્યગ્દર્શનમાં તો અંતર્મુખ આત્મા એકલો દેખાય અને મનાય. એમાં તો આ પુણ્ય-પાપના ભાવ જણાય નહિ. સમજાણું કાંઈ?

**‘વિભાવપરિણામોને જીવસ્વરૂપથી ‘ભિન્ન’ કહ્યા,...’** આ **‘શુદ્ધસ્વરૂપને અનુભવતાં જીવસ્વરૂપથી ભિન્ન છે. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે વિભાવપરિણામોને જીવસ્વરૂપથી ‘ભિન્ન’ કહ્યા, ત્યાં ‘ભિન્ન’નો ભાવાર્થ તો હું સમજ્યો નહિ;...’** શું કહો છો? હું કાંઈ સમજ્યો નથી. શું તમે આ કહો છો? આહાહા! અહિંસા પાળવી, સત્ય બોલવું, ચોરી ન કરવી, બ્રહ્મચર્ય શરીરથી પાળવું એ બધો ભાવ તમે જુદા કહો છો. અજીવ. હું તો કાંઈ સમજ્યો નથી. આહાહા!

**‘હું સમજ્યો નહિ; ‘ભિન્ન’ કહેતાં, ‘ભિન્ન’ છે તે વસ્તુરૂપ છે કે ભિન્ન છે તે અવસ્તુરૂપ છે?’** એ ભિન્ન કહો છો તે વસ્તુનું સ્વરૂપ છે? કે વસ્તુથી ભિન્ન જાત છે? આહાહા! **‘ઉત્તર આમ છે કે અવસ્તુરૂપ છે.’** પોતાની ચીજની અપેક્ષાએ એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ અવસ્તુ છે. વસ્તુમાં–ભગવાનમાં નથી. આહાહા! ભગવાન એટલે અહીં આત્મા, હોં! લોકોને આકરું પડે. આહાહા! એ **‘અવસ્તુરૂપ છે.’** એટલે કે ચૈતન્યદ્રવ્યમાં એ ચીજ છે નહિ. આહાહા! ચેતનાસ્વરૂપ એવો ભગવાનઆત્મા ચેતના એના પરિણામ તો જ્ઞાન અને આનંદના હોય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ પરિણામ ભિન્ન છે એટલે કે આત્માની વસ્તુ નથી. આત્માની અપેક્ષાએ આત્માને અંદર જોતા એમાં એ આવતા નથી. માટે અવસ્તુ છે. અરે..!

મુમુક્ષુ :– છે એને અવસ્તુ કહી?

ઉત્તર :– આત્માની વસ્તુ નથી માટે અવસ્તુ. એમાં છે ખરી. અજીવ તરીકે છે. જીવની વસ્તુમાં એ નથી. આહાહા!

જેમ ભગવાને કહ્યું કે સ્વદ્રવ્ય જે વસ્તુ છે એની અપેક્ષાએ પોતે સત્ છે. પણ પોતાની અપેક્ષાએ બીજા તત્ત્વો છે એ અસત્ છે. આ સત્ છે તો બીજા તત્ત્વો આની અપેક્ષાએ અસત્ છે. એની અપેક્ષાએ ઓલા સત્ છે. આની અપેક્ષાએ અસત્ છે. કેમકે આ ચીજમાં એ ચીજ છે નહિ. કર્મ, શરીર, વાણી, મન અરે...! દેવ-ગુરુ અને શાસ્ત્ર એ આ દ્રવ્ય સ્વ સત્‌ની અપેક્ષાએ એ બધા અસત્ છે. એની અપેક્ષાએ છે.

એમ ભગવાન ચૈતન્યસ્વરૂપ સમ્યગ્દર્શનનો જે વિષય, એવા આત્મદ્રવ્યની અપેક્ષાએ, પુણ્ય અને પાપના ભાવને અસત્ અને અવસ્તુ કહે છે. અરે..રે..! આવું! માર્ગ એવો છે, ભાઈ! આ તો જિનેશ્વર વીતરાગદેવનો અપૂર્વ માર્ગ છે. પૂર્વે કદી કર્યો નથી, સાંભળ્યો પણ નથી. આહાહા! સાંભળ્યો છે પણ એની રુચિથી સાંભળ્યો નથી. સમવસરણમાં અનંતવાર ગયો છે. આહાહા! ધોયેલ મૂળા જેવો નીકળ્યો પાછો ન્યાંથી. 'કેવળી આગળ રહી ગયો કોરો' એમ સજ્જાયમાં આવે છે. સમજાણું કાંઈ? એને શું કહેવું છે એ અડવા દીધું નહિ. પોતાની કલ્પનાએ માન્યું કે આ ભગવાન દયાને ધર્મ કહે છે, વ્રતને, તપને ધર્મ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? આવો માર્ગ કેવો! આ નવો કાઢ્યો હશે! બાપુ! આ તો વીતરાગનો માર્ગ અનાદિનો આ છે. નવો તને લાગે, એ કાંઈ નવો નથી. આહાહા! સમજાણું કાંઈ?

એ કહે છે, અવસ્તુરૂપ છે. આહાહા! ભગવાનઆત્મા જ્ઞાનવસ્તુ, આનંદવસ્તુ (છે) એને આત્મા કહીએ. અને આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના પરિણામ તે આત્મા નહિ, અજીવ છે માટે અવસ્તુ છે. સ્વની અપેક્ષાએ અવસ્તુ છે. એની અપેક્ષાએ ભલે વિદ્યમાન છે. આહાહા! અરે..! આવું શું પણ? આવો ઉપદેશ કઈ જાતનો? બાપુ! સત્યનો માર્ગ તો આ છે. જિનેશ્વર, પરમેશ્વર, વીતરાગની દિવ્યધ્વનિમાં આવેલી વાત આ છે. સમજાણું કાંઈ? આજ માનો, કાલ માનો પણ આ માન્યે છૂટકો છે એને. આહાહા! બાકી રખડી મરશે. ચોર્યાસીમાં અવતાર કરી કરીને રખડી મરે છે. માણસ મરીને ઢોર થાય અને ઢોર મરીને નરકમાં જાય. આહાહા! એવા અવતારો અનંત કર્યા, ભાઈ! ભૂલી જાય છે. વર્તમાન જ્યાં દેખે ત્યાં... આહાહા! એ આ મિથ્યાત્વને લઈને. એ પરિણામ જે રાગ છે એ આત્માની જાત નથી. એને પોતાના માન્યા અને એનાથી મને લાભ થાય એ માન્યું એ મિથ્યાત્વભાવને લઈને આ રખડવું છે. સમજાણું કાંઈ? ભાષા તો સાદી છે. ભાવ ભલે ઝીણા હોય. ભાષામાં બહુ કોઈ સંસ્કૃત ને વ્યાકરણ એવું કાંઈ નથી. આ તો ભગવાનની સીધી વાત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**''तेन एव अन्तस्तत्त्वतः पश्यतः अमी दृष्टाः नो स्युः' ( तेन एव )'** શા કારણે અવસ્તુ છે? શું કહે છે? એને અવસ્તુ કેમ કીધી? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ કરે બિચારા. દુકાનનો ધંધો છોડી આવા ભાવ કરે. એ ભાવને તમે અવસ્તુ કહો છો? એ જીવની વસ્તુ નહિ? કહો, 'શિવલાલભાઈ'! એ અવસ્તુ કેમ તમે કીધી? એમ પૂછે છે. **''तेन एव अन्तस्तत्त्वतः पश्यतः अमी दृष्टाः नो स्युः' ( तेन एव ) તે કારણે જ'** **'तेन'** એટલે તે કારણે **'एव'** એટલે જ. **'( अन्तःस्ततत्त्वतः पश्यतः ) શુદ્ધ સ્વરૂપનો અનુભવશીલ છે જે જીવ...'** આહાહા! શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરનારો સમ્યગ્દષ્ટિ જીવ. છે? **'( अन्तःस्ततत्त्वतः पश्यतः )'** અંતઃતત્ત્વને દેખનારાઓ સમ્યગ્દષ્ટિજીવ, ધર્મીજીવ **'શુદ્ધસ્વરૂપનો અનુભવશીલ છે...'** એ તો. આહાહા! શુદ્ધ સ્વરૂપના અનુભવસ્વભાવવાળા છે. સમ્યગ્દષ્ટિ તો આવા છે. ભલે ગૃહસ્થાશ્રમમાં હો. પણ સમ્યગ્દષ્ટિ ધર્મી જે છે એ તો શુદ્ધ સ્વરૂપના અનુભવ સ્વભાવવાળા છે. ત્રિકાળી શુદ્ધ ચૈતન્યમૂર્તિ એનો અનુભવ કરનારા છે. આહાહા! સમજાણું કાંઈ? એને અહીં સમકિતી કહે છે. એને ધર્મની શરૂઆતવાળો કહે છે કે જે કોઈ શુદ્ધ સ્વરૂપનો અનુભવશીલ... આહાહા! ભગવાન શુદ્ધ પવિત્ર છે, પુણ્ય-પાપના વિકલ્પના રાગથી ભિન્ન છે, એનો અનુભવ કરનારો જેનો સ્વભાવ થઈ ગયો છે સમકિતીનો. ધર્મીજીવનો શુદ્ધ સ્વરૂપનો અનુભવ સ્વભાવ થઈ ગયો છે. એ વિભાવનો અનુભવ કરે એ એમાં નથી. આહાહા! સમજાણું કાંઈ? ચોથે ગુણસ્થાને સમ્યગ્દષ્ટિ. ચોથે ગુણસ્થાને. પાંચમું તો કોને કહેવું..! એ ઝીણી વાતું. આ વાડાના શ્રાવક એ કોઈ શ્રાવક નથી કાંઈ. કોથળામાં કાળીજીરી અને ઉપર આપ્યું સાકર નામ. અંદર મિથ્યાત્વભાવ અને ઉપર નામ આપ્યું કે અમે શ્રાવક અને સાધુ. બાપુ! આહાહા! ઝીણી વાત છે.

કહે છે, શુદ્ધ સ્વરૂપ જે ચૈતન્ય ત્રિકાળી, એને અનુસરીને જેનો અનુભવશીલ સ્વભાવ થઈ ગયો છે. રાગને અનુસરવું જેણે-ધર્મીએ છોડી દીધું છે. આહાહા! આ ધર્મીની વ્યાખ્યા. વીતરાગધર્મ, જૈનધર્મ, પરમેશ્વર ત્રિલોકનાથનો પંથ છે એ આ છે.

**'શુદ્ધ સ્વરૂપનો અનુભવશીલ છે જે જીવ તેને ( अमी ) વિભાવપરિણામો...'** **'अमी'** એટલે આમ છે ખરા. પણ **'દષ્ટિગોચર નથી થતાં;...'** સમ્યગ્દષ્ટિ ધર્મીજીવ પહેલી શરૂઆતવાળો ચોથા ગુણસ્થાને... આહાહા! અંતરમાં જોતાં એ શુદ્ધ સ્વરૂપનો અનુભવશીલ એ સમકિતી જીવ છે. એને અંતરમાં એ પુણ્ય-પાપ અનુભવમાં દેખાતા નથી. કારણ કે ત્યાં તો એકલો શુદ્ધ આત્મા દેખાય છે. આહાહા! અરે..રે..! આવી વાતું હવે. કેટલાયે તો જિંદગીમાં સાંભળી નહિ હોય, પહેલીવહેલી હશે. આવો માર્ગ હશે! એય..! 'ધર્મચંદજી'! શું થાય? ભાઈ! અનંત તીર્થંકરો, અનંત જિનેશ્વરો આ કહેતા આવ્યા છે અને એ કહે છે અને કહેશે. અનંત તીર્થંકરો થશે એ બધા આ કહેશે. ભગવાન ત્યાં બિરાજે છે એ આ કહે છે. એની વાણી છે આ બધી. આહાહા! સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'જે જીવ તેને વિભાવપરિણામો દષ્ટિગોચર નથી થતાં;...'** શું કીધું? **'અમી'** તો કીધું. છે તો ખરા. પણ આમ જ્યાં સ્વરૂપની દૃષ્ટિ કરીને અનુભવમાં જાય છે ત્યાં એ રાગ અને પુણ્ય અને દયા દાન દેખાતા નથી એમાં. કેમકે એ પર છે. આહાહા! કહો, 'હિંમતભાઈ'! આવી વાતું છે. એય..! 'પ્રેમચંદજી'! ક્યાંય સાંભળ્યું પણ નહિ હોય. 'ઓઘડભાઈ'એ નહોતું સાંભળ્યું. આહાહા! અરે..! એ વાત હતી ક્યાં? ભાઈ! આહાહા! આવો વીતરાગ માર્ગ એને સાંભળવા મળે નહિ. એ ક્યાં જશે? કેની કોર જાય? આહાહા!

પર્યાયમાં જે આ જાણવામાં આવે છે એ તો ખરેખર જ્ઞાનની પર્યાય જણાય છે. (એ) દ્રવ્ય જાણવામાં જ્યારે જાય છે... આહાહા! શું કહ્યું એ? એને અંતરમાં ન જોતા બહારમાં દેખે આ બધું, એ તો જ્ઞાનની પર્યાય જણાય છે ત્યાં. એ ચીજ તો દૂર રહી ગઈ. જ્ઞાનની પર્યાયમાં આ જણાય છે એટલે પર્યાય જણાય છે. હવે પર્યાય જણાય છે ત્યાં સુધી તો મિથ્યાબુદ્ધિ છે. એ દ્રવ્યને જ્યાં અંદર જોવે, ચૈતન્ય તત્ત્વ ભગવાન અનાદિઅનંત નિત્યાનંદ પ્રભુ પડ્યો છે. આહાહા! એને જ્યાં જોવા જાય છે ત્યાં રાગાદિ એમાં દેખાતા નથી, એમાં છે નહિ. આહાહા! અરે..! પ્રભુના વિરહ પડ્યા. આવો માર્ગ પાછળ જગતને કહેવો, લોકો લાંછન આપે. ટીકા કરીને નિંદા કરે. શું થાય? બાપુ! શું કહીએ? ક્યાં કહેવા જાય? આહાહા! મોટો ભાગ વિરોધ કરે. અરે..! પ્રભુ! શું છે? ભાઈ! સાંભળને, ભાઈ! આ તો તત્ત્વની વાત છે, ભાઈ! તું તારો વિરોધ કરે છો. કોઈનો વિરોધ નથી. આહાહા! ચારિત્રની આમાં (વાત નથી આવતી, એમ કહે છે). પણ ચારિત્ર સમકિત વિના હોય નહિ. હજી સમ્યગ્દર્શનની તને ખબર નથી અને ચારિત્ર ક્યાંથી આવી ગયું? સમજાણું કાંઈ? આહાહા!

અહીંયાં તો કહે છે પર્યાયમાં, જ્ઞાનની દશામાં આ જણાય છે એ ખરેખર જ્ઞાનદશા છે. પણ એટલો આત્મા નથી. એ પર્યાય જ્યારે અંતરમાં જોવા જાય છે... આહાહા! વસ્તુ જે આખી ચૈતન્યઘન આનંદકંદ ચીજ પડી છે. અતીન્દ્રિય આનંદનું દળ આત્મા તો છે. આહાહા! વીતરાગમૂર્તિ આત્મા છે. અત્યારે, હોં! અંદરમાં. આહાહા! એને જ્યારે જ્ઞાનની દશા અંતરમાં જાય છે ત્યારે તો એક શુદ્ધ સ્વરૂપ જ અનુભવાય છે. ત્યાં દયા, દાનના વિકલ્પો ભેગા આવતા નથી. કેમકે એ ભિન્ન ચીજ છે. આહાહા! કેમકે એ અવસ્તુ છે. વસ્તુનો અનુભવ કરતાં એ અવસ્તુ એમાં આવતી નથી. ન્યાયથી તેને સમજવું પડશે ને, ભાઈ! આ એમ ને એમ માની લેવું એ આંધળી શ્રદ્ધા એને મારી નાખશે. સંસારમાં રખડાવી નાખશે. આહાહા! અરે..! આવા માણસપણા અને એમાં વીતરાગની વાણી કાને પડે અને એમાં સત્યને ન સમજે અને અસત્યના પક્ષ કરે, ભાઈ! તારા આરા નહિ આવે, બાપુ! આહાહા!

કહે છે, **'વિભાવ પરિણામો દષ્ટિગોચર નથી થતાં;...'** સમ્યગ્દૃષ્ટિ જીવ જ્યારે ત્રિકાળીને જોવા જાય છે, અંતર્મુખ થાય છે... આહાહા! ત્યારે તેને જીવ શુદ્ધદ્રવ્ય તે અનુભવમાં આવે છે. એમાં દયા, દાનના વિકલ્પો એ અવસ્તુ છે માટે અનુભવમાં આવતા નથી. આવી વાતું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. હજી તો પકડાવું કઠણ. શું કહે છે? કઈ પદ્ધતિ અને કઈ રીત છે? આહાહા! આવી વાત છે.

**'નો સ્યુઃ'** સમ્યગ્દષ્ટિ ધર્મીજીવ પહેલા દરજ્જાનો, એ તિર્યંચ હો કે નારકી હો કે મનુષ્ય હો કે દેવ હો પણ સમ્યગ્દષ્ટિ જીવ જે છે એ સાચી દૃષ્ટિ જેને થઈ એ અંતરમાં આત્માને જોવે છે ત્યાં એ તો અંદર શુદ્ધ ચૈતન્યમૂર્તિ દેખે છે. એમાં દયા, દાનના વિકલ્પો એ વસ્તુમાં નથી માટે તેના અનુભવમાં આવતા નથી. કહો, સમજાય છે કે નહિ કાંઈ? ભાષા તો સાદી પણ ભાવ આકરા, ભારે આકરા, ભાઈ!

'વચનામૃત વીતરાગના પરમ શાંત રસમૂળ, ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ.' આહાહા! કાયરોના કાળજા કંપી ઊઠે. અર..ર..! હાય..! હાય..! આ શું કહે છે? બાપુ! તારા ઘરની વાત છે, ભાઈ! આહાહા! તારું ઘર બળવંત છે અંદર. આહાહા! ચૈતન્ય અનંતબળનો ધણી અંદર પડ્યો છે. આહાહા! એ અનંતગુણનો ધણી બળિયો છે. જ્ઞાનનો બળિયો, શ્રદ્ધાનો બળિયો. ત્રિકાળી શ્રદ્ધા, હોં! શાંતિનો, ચારિત્રનો બળિયો, આનંદનો બળિયો. એવું એનું સ્વરૂપ જ છે ત્રિકાળ.

પહેલા દરજ્જાનો ધર્મી જીવ અંતર્મુખ જોવે ત્યારે તેને શુદ્ધ દ્રવ્યસ્વરૂપ અનુભવમાં આવે છે. એમાં આ રાગાદિ અવસ્તુ છે માટે વસ્તુના અનુભવમાં આવતા નથી. ભાષા તો સાદિ પણ વસ્તુ તો આવી છે, બાપા! આહાહા! 'શિવલાલભાઈ'! આ ભગવાનની ભક્તિથી કલ્યાણ થાશે, તમારા બાપ કહેતા હતા. દેવ-ગુરુ-શાસ્ત્ર અન્ય કહેવાય? ૧૦ની સાલ. દેવ-ગુરુ-શાસ્ત્ર શુદ્ધ છે એ તો અન્ય કહેવાય? અન્ય શું અનેરા છે. તારા નહિ. તારામાં નથી. અનેરી ચીજ છે. ભગવાન કેવળી હોય તો એ અનેરી ચીજ છે. એ તારી ચીજ છે? એમ કે એ તો શુદ્ધ છે ને. પરમાત્મા અને મુનિ જે સાચા સંત છે આનંદકંદના અનુભવી, એ બધા શુદ્ધ છે ને. તો અન્ય કહેવાય? અન્ય જ છે. પંચપરમેષ્ઠી પણ તારાથી અન્ય છે. આહાહા! એ અન્યનો આશ્રય લેવા જઈશ તો તને રાગ થશે. એની ભક્તિ, એનું સ્મરણ, એની પૂજા એ શુભરાગ થાશે. એ શુભરાગ ચૈતન્યની અનુભવદૃષ્ટિમાં એ શુભરાગ આવતો નથી માટે રાગ આત્માનો નથી. આહાહા! ભારે આકરું કામ! પરસેવા ઉતરી જાય એવું છે. આહાહા!

અહીં એ કહે છે. **'નથી થતાં;...'** શું દેખાય છે? **''परं एकं दृष्टम् स्यात्' ( परं ) 'ઉત્કૃષ્ટ છે એવું શુદ્ધ ચૈતન્યદ્રવ્ય દૃષ્ટિગોચર થાય છે.'** આહાહા! સમ્યગ્દષ્ટિ જીવ પોતાની દૃષ્ટિને અંતરમાં જ્યાં વાળે છે. આહાહા! ત્યાં એકલો **'શુદ્ધ ચૈતન્યદ્રવ્ય દૃષ્ટિગોચર થાય છે.'** આહાહા! **'ભાવાર્થ આમ છે કે વર્ણાદિક અને રાગાદિક વિદ્યમાન દેખાય છે...'** છે ખરા. **'તોપણ સ્વરૂપ અનુભવતાં સ્વરૂપમાત્ર છે,...'** એમાં એ નથી. આહાહા! **'તેથી વિભાવપરિણતિરૂપ વસ્તુ તો કાંઈ નથી.'** એ દયા, દાનના પરિણામ એ વસ્તુ જ નથી. ચૈતન્યની ચીજ જ નથી. આહાહા! વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



( ઉપજાતિ )

निर्वर्त्यते येन यदत्र किञ्चित्
तदेव तत्स्यान्न कथंचनान्यत्।
रुक्मेण निर्वृत्तमिहासिकोशं
पश्यन्ति रुक्मं न कथंचनासिम्।।६-३८।।

**ખંડાન્વય સહિત અર્થ :– 'अत्र येन यत् किञ्चित् निर्वर्त्यते तत् तत् एव स्यात्, कथञ्चन न अन्यत्' ( अत्र ) વસ્તુનું સ્વરૂપ વિચારતાં ( येन ) મૂળકારણરૂપ વસ્તુથી ( यत् किञ्चित् ) જે કાંઈ કાર્યનિષ્પત્તિરૂપ વસ્તુનો પરિણામ ( निर्वर्त्यते ) પર્યાયરૂપ નીપજે છે, ( तत् ) જે નીપજ્યો છે તે પર્યાય ( तत् एव स्यात् ) નીપજ્યો થકો જે દ્રવ્યથી નીપજ્યો છે તે જ દ્રવ્ય છે, ( कथञ्चन न अन्यत् ) નિશ્ચયથી અન્ય દ્રવ્યરૂપ નથી થયો. તે જ દૃષ્ટાંત દ્વારા કહે છે– 'इह रुक्मेण असिकोशं निर्वृत्तम्' ( इह ) પ્રત્યક્ષ છે કે ( रुक्मेण ) ચાંદીધાતુથી ( असिकोशं ) તલવારનું મ્યાન ( निर्वृत्तम् ) ઘડીને મોજૂદ કર્યું ત્યાં 'रुक्मं पश्यन्ति, कथञ्चन न असिम्' ( रुक्मं ) જે મ્યાન મોજુદ થયું તે વસ્તુ તો ચાંદી જ છે ( पश्यन्ति ) એમ પ્રત્યક્ષપણે સર્વ લોક દેખે છે અને માને છે; ( कथञ्चन ) 'ચાંદીની તલવાર' એમ કથનમાં તો કહેવાય છે તથાપિ ( न असिम् ) ચાંદીની તલવાર નથી. ભાવાર્થ આમ છે કે ચાંદીના મ્યાનમાં તલવાર રહે છે તે કારણે 'ચાંદીની તલવાર' એમ કહેવામાં આવે છે તોપણ ચાંદીનું મ્યાન છે, તલવાર લોઢાની છે, ચાંદીની તલવાર નથી. ૬-૩૮.**

---

**શ્રાવણ સુદ ૬, શુક્રવાર તા.૨૨.૦૭.૧૯૭૭**
**કળશ - ૩૮-૩૯, પ્રવચન - ૪૭**

'**વસ્તુનું સ્વરૂપ વિચારતાં મૂળકારણરૂપ વસ્તુથી જે કાંઈ કાર્યનિષ્પત્તિરૂપ...**' થાય. એટલે? ચાંદીનું મ્યાન હોય એમાં તલવાર તો લોઢાની છે પણ ચાંદીથી નીપજ્યું છે મ્યાન, એ મ્યાનને દેખનારા લોકો ચાંદીને દેખે છે. એમ આત્મા ભગવાન આનંદસ્વરૂપ એના ઉપર આ જે શરીર, વાણી, કર્મ, રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, ગુણસ્થાન ભેદ, એ બધા પુદ્‌ગલથી રચાયેલા છે. આહાહા! જેમ મ્યાન ચાંદીનું છે એ ચાંદીથી રચાયેલું છે. લોઢાની તલવાર તો અંદર ભિન્ન છે. ઝીણી વાત, બાપુ! આહાહા! એમ પરમાત્મા જિનેશ્વરદેવ એમ કહે છે કે આ શરીર,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વાણી, મન, લક્ષ્મી-બક્ષ્મી તો ધૂળ બહાર ક્યાંય રહી ગઈ. આહાહા! આ તો શરીર, વાણી, મન, કર્મ, દયા, દાન, વ્રત, પુણ્ય-પાપના ભાવ એ બધું ચાંદીનું જેમ મ્યાન છે એમ એ પુદ્ગલનો બધો ઠઠારો છે. આહાહા! છે? એ વસ્તુનું સ્વરૂપ વિચારતા મૂળ કારણવસ્તુ એટલે પુદ્ગલ અહીંયાં લેવું છે.

એનાથી '**જે કાંઈ કાર્યનિષ્પત્તિરૂપ વસ્તુનું પરિણામ પર્યાયરૂપ નીપજે છે જે નીપજ્યો છે તે પર્યાય નીપજ્યો થકો જે દ્રવ્યથી નીપજ્યો છે...**' શું કહે છે? આહાહા! એ પુદ્ગલ દ્રવ્ય જે જડ છે એનાથી આ બધા રાગ-દ્વેષ, પુણ્ય, પાપ, શરીર, વાણી રચાયેલા છે. આત્મા તો અંદર ભિન્ન વસ્તુ છે. આહાહા! લક્ષ્મી અને બહાર મકાન, મહેલ એ તો ધૂળ તો ક્યાંય રહી ગઈ. એ તો સીધી માટી છે. પણ અહીં તો પરમાત્મા એમ કહે છે કે ચાંદીનું જેમ મ્યાન છે એ ચાંદીથી નીપજેલું છે. એમ આત્મામાં આ રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, કામ-ક્રોધ, ગુણસ્થાન ભેદ શરીર દેખાય એ બધું પુદ્ગલથી રચાયેલ છે. આહાહા! સમજાણું કાંઈ? ઝીણી વાત, બાપુ! ધર્મ ચીજ એવી ઝીણી છે. આહાહા!

દેવનો ભવ, સ્વર્ગનો ભવ, નારકીનો ભવ એ બધા પુદ્ગલથી–જડથી રચાયેલા છે. એ તો ઠીક પણ આત્મામાં જે કાંઈ પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-ભક્તિ, કામ-ક્રોધના ભાવ (થાય છે)... આહાહા! એ ચાંદીથી જેમ મ્યાન નીપજ્યું છે એમ આ બધા પુદ્ગલથી નીપજ્યા છે, એમ કહે છે. આહાહા! એ ચાંદીના મ્યાનમાં લોઢાની તલવાર જુદી છે. એમ આ પુદ્ગલથી નીપજેલા બધા ભાવ.. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના ભાવ એ પણ પુદ્ગલથી રચાયેલા છે એમ કહે છે અહીં તો. એ મ્યાન છે. એય..! પુદ્ગલનું મ્યાન છે. જેમ લોઢાની તલવાર ભિન્ન છે એમ આનંદનો નાથ પ્રભુ જ્ઞાનનો સાગર આત્મા એ મ્યાનથી ભિન્ન છે. આહાહા!

આ બધું છે, એવું જે જ્ઞાનની પર્યાયમાં એની સત્તાનું હોવાપણાનું જ્ઞાન થાય છે. આ છે, શરીર, વાણી, મન, પુણ્ય, પાપ એનું જ્ઞાન જ્ઞાનની પર્યાયમાં થાય છે. હવે અહીં કહે છે કે જ્ઞાનની પર્યાય જે અવસ્થા એ તો આ છે.. આ છે... આ છે... આ છે... આ છે... એમ જાણે છે. પણ એ જ્ઞાનની પર્યાય આ ત્રિકાળી જ્ઞાયક ભિન્ન છે એમ જાણતું નથી. ચાંદીની મ્યાનમાં એ લોઢાની તલવાર જુદી છે એમ એ જાણતું નથી. આહાહા! ઝીણી વાત છે, ભાઈ! આહાહા! આમ તો અનંતવાર અબજોપતિ થયો. રાજા મોટો (થયો), નવમી ગ્રૈવેયકનો દેવ થયો પણ એ બધી પુદ્ગલની રચના, જડની છે, કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

જેમ મ્યાન ચાંદીનું છે એમ લોકો એને ચાંદીનું જ કહે છે. એમ આ શરીર, વાણી, મન... આહાહા! પુણ્ય અને પાપના ભાવ એ બધા પુદ્ગલથી રચાયેલા મ્યાન છે. ચૈતન્ય અંદર ભિન્ન જુદી ચીજ છે. સમજાણું કાંઈ? પણ લોકો એ ચાંદીના મ્યાનને જોવે છે. પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તલવાર અંદર ભિન્ન છે એને જોતા નથી. એમ અજ્ઞાની... આહાહા! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એમ ફરમાવે છે કે આ શરીર, વાણી, મન અને પુણ્ય અને પાપના ભાવ, હોં! એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, વિષય, ભોગ, વાસના, કમાવુ આદિના ભાવ, એ લક્ષ્મી મારી છે એવો જે ભાવ, એ બધો પુદ્ગલથી રચાયેલો છે, કહે છે. આહાહા! ઝીણી વાત છે, ભાઈ!

આખું તત્ત્વ શું છે અને શેમાં એ માની બેઠો છે એ અહીં વર્ણવે છે. આહાહા! ભાઈ! તું કોણ છો? એ મ્યાન એ કાંઈ તલવાર નથી. એમ આ પુણ્ય અને પાપના ભાવ, શરીર, વાણી, મન એ કાંઈ આત્મા નથી. આહાહા! એ તો બધી જડ પુદ્ગલની રચના છે. ભગવાન તો અંદર ચૈતન્ય આનંદનો નાથ (ભિન્ન બિરાજે છે). આહાહા! એણે વર્તમાન જ્ઞાનની દશામાં આ છે... આ છે... આ છે... આ છે... એમ એણે જાણ્યું. પણ એ જાણનારની પર્યાય જે એને જાણે છે, એ છે માટે જાણે છે એમ નહિ. એ પર્યાયની તાકાત એટલી છે. એ પર્યાયે આ અસ્તિ છે એમ એણે માન્યું. આહાહા! પણ અંદરમાં ભગવાન આનંદકંદ પ્રભુ, સચ્ચિદાનંદ... ઓલા સચ્ચિદાનંદ અન્યમતિ કહે છે એ નહિ, હોં! આ તો સત્ શાશ્વત ચિદાનંદ. ચિદ્ એટલે જ્ઞાન અને આનંદ એવો જે સત્ જ્ઞાન અને આનંદસ્વરૂપ એને એ જોતો નથી. અજ્ઞાની મહાપ્રભુ બિરાજે છે એ પોતે પ્રભુ છે. ઝીણી વાત છે, ભાઈ! એને એ જોતો નથી અને આને જોવે છે અને એ બધા મારા છે એમ એ માને છે. આહાહા! ઝીણું પડે પણ શું થાય? અરે..! અનાદિનો દુઃખી પ્રાણી છે. મોટા અબજોપતિ દુઃખી. 'પોપટભાઈ'! સાચી વાત હશે? આહાહા! એના સાળા મરી ગયા, નહિ? એની પાસે બે અબજ ચાલીસ કરોડ રૂપિયા. આ 'પોપટભાઈ' છે ને? એમની દીકરીઓ આપણે બાળબ્રહ્મચારી છે. બે છે?

મુમુક્ષુ :– હા! જી! બે છે.

ઉત્તર :– બે હશે. બહુ આપણને કાંઈ ખબર નથી. એ છોડીના મામા અને આમના સાળા. 'ગોવા'માં બે અબજ ચાલીસ કરોડ. ૨૪૦ કરોડ-ધૂળ.

મુમુક્ષુ :– કરોડને ય જાણવા ન હોય.

ઉત્તર :– પણ એને ગણતરી થઈ ગઈ. આહાહા! બસ્સો કરોડ! સો કરોડનો એક અબજ. બસ્સો કરોડ અને બે અબજ ધૂળમાં પણ નથી. મરી ગયો. પાંચ મિનિટમાં. બાયડીને શું કહેવાય આ? હેમરેજ થયેલું. દોઢ વર્ષ પહેલાની વાત છે. આમ તો 'ગોવા'માં રહે છે. સાંઈઠ લાખના તો મકાન છે ત્યાં. ચાલીસ લાખનો એક બંગલો, દસ-દસ લાખના બે. એ બૈરાને હેમરેજ થયું એટલે આવ્યા. એમાં એકદમ બે-ચાર દિ' થયા. રાત્રે દોઢ વાગે ઉઠ્યા. મને દુઃખે છે. એક માણસ હતો. એ આપણને મળ્યો હતો. 'મુંબઈ' રહે છે કો'ક. 'કાંતિભાઈ'. એ 'કાંતિભાઈ' ઊભા હતા. મને દુઃખે છે. બોલાવો ડોક્ટરને. ડોક્ટર જ્યાં આવ્યા ત્યાં ભાઈસાહેબ પરગતિમાં રખડવા ચાલ્યા ગયા. આહાહા! અરે..રે..! શું થાય? એની જે ચીજ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે એને તો જાણી નહિ અને એની નથી તેને જાણવામાં રોકાઈ ગયો.

મુમુક્ષુ :– પોતાની કરવામાં રોકાઈ ગયો.

ઉત્તર :– એ જાણવામાં રોકાઈ ગયો એનું જ્ઞાન ત્યાં રોકાઈ ગયું. માનવામાં તો એકકોર રાખો. સમજાણું કાંઈ? બાપુ! વીતરાગ પરમેશ્વર, એનો માર્ગ બહુ સૂક્ષ્મ છે. અત્યારે તો બહુ ગડબડ થઈ ગઈ છે. આહાહા!

અહીં તો કહે છે કે વ્રત, તપ, ભક્તિ, પૂજા, દાન, દયા, વ્રત, વૈયાવચ્ચ ને એ બધા ભાવ એ બધા રાગ છે અને પુદ્‌ગલથી રચાયેલા છે, એમ કહે છે અહીં તો. આહાહા! ભગવાનઆત્મા એનાથી ભિન્ન છે. લોકો મ્યાનને જ દેખે છે. તલવાર અંદર જુદી છે એને દેખતા નથી. એમ લોકો શરીર, વાણી, મન, પુણ્ય અને પાપના ભાવ દેખે છે. એ જ જાણે આત્મા છે એમ માને છે. આહાહા! મ્યાન જ જાણે તલવાર હોય. આહાહા! મ્યાન કહે છે ને? હિન્દી.. હિન્દી. મ્યાન કહે છે. આહાહા!

એ કહે છે, જુઓ! **'નીપજ્યો થકો જે દ્રવ્યથી નીપજ્યો છે...'** જે કાંઈ વસ્તુ પુદ્‌ગલ છે એ પદાર્થ છે. અને એ પુદ્‌ગલથી જે દ્રવ્ય છે એનાથી આ બધી ચીજ નીપજેલી છે. આ શરીર, વાણી, મન, પુણ્ય અને પાપના ભાવ... આહાહા! આકરું લાગે, ભાઈ! શું થાય? બાપુ! માર્ગ કોઈ જુદી જાતનો છે. આહાહા! **'તે જ દ્રવ્ય છે,...'** એટલે કહે છે કે દ્રવ્યથી નીપજેલી ચીજ તે દ્રવ્ય છે. એમ પુદ્‌ગલથી નીપજેલા આ પુણ્ય, પાપ, શરીરાદિ છે એ પુદ્‌ગલ છે, એમ કહે છે. આહાહા!

ભગવાન અંદર બિરાજે છે એ તો જ્ઞાન અને આનંદનું પૂર, નૂર તેજ ભરેલું છે. આહાહા! એને તલવાર કહે છે. આ તો મ્યાન છે. મ્યાનને લોકો તલવાર માને છે. આ મ્યાનને તલવાર માને છે એમ આ શરીર રાગ-દ્વેષને આત્મા માને છે. આહાહા! સમજાણું કાંઈ? અરે..! આવી વાતું! વ્રત કરવા, તપસ્યાઓ કરવી, અપવાસ કરવા એ બધો વિકલ્પ છે, રાગ છે, એ વસ્તુનું ઉત્થાન છે, વૃત્તિનું ઉત્થાન છે.

મુમુક્ષુ :– અહીં તો પુદ્‌ગલ કીધા.

ઉત્તર :– એ પુદ્‌ગલ છે. અહીં તો પુદ્‌ગલથી નીપજ્યા છે એમ કહે છે. આકરી વાત, નાથ! તારી ચીજ શું છે એ તને ખબર નથી.

પરમેશ્વર જિનેશ્વરદેવ એમ કહે છે, પ્રભુ! તું કોણ છો? શું આ પુણ્ય અને પાપના ભાવ થાય અને શરીર ને વાણી એ તું છો? અને પૂર્વના પુણ્યને લઈને કોઈ આ બહારની ધૂળ મળી-અબજો રૂપિયા, લ્યો. એ તું છો? એ તો અજીવ ધૂળ પુદ્‌ગલ છે. આહાહા! જે એનામાં નથી અને જે પુદ્‌ગલથી રચાયેલી ચીજ છે એને એ પોતાની માને છે એ જ મોટો મિથ્યા ભ્રમ અજ્ઞાન છે. આહાહા! એ જ મિથ્યાત્વ છે. મિથ્યા નામ જૂઠી દૃષ્ટિ, અસત્ય દૃષ્ટિ, પાપ દૃષ્ટિ છે એ. આહાહા! છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'( कथञ्चन न अन्यत् ) નિશ્ચયથી અન્ય દ્રવ્યરૂપ નથી થયો.'** આહાહા! એ તો આ પુદ્ગલથી થયું છે એ આત્મારૂપ નથી. એ પુદ્ગલથી થયેલું એ પુદ્ગલરૂપ જ છે. આહાહા! અરે..! આવું ભારે આકરું કામ. અહીં તો વ્રત ને તપસ્યા કરો તો તમને ધર્મ થાય, એવી તો પ્રરૂપણા અત્યારે ચાલે છે. ઊંધી પ્રરૂપણા છે, બાપુ! એ જુદા તારા માર્ગ છે, ભાઈ! તને ખબર નથી. આહાહા! **'નિશ્ચયથી અન્ય દ્રવ્યરૂપ નથી થયો. તે જ દૃષ્ટાંત દ્વારા કહે છે–'** આહાહા!

**'इह रुक्मेण असिकोशं निर्वृत्तम्' ( इह ) પ્રત્યક્ષ છે કે ( रुक्मेण ) ચાંદી ધાતુથી તલવારનું મ્યાન...'** પ્રત્યક્ષ શું છે? ચાંદીનું મ્યાન પ્રત્યક્ષ છે. ધ્યાન રાખજો, હોં! એમાં ત્યાં ઉતરશે વાત. **'પ્રત્યક્ષ છે કે ચાંદી ધાતુથી તલવારનું મ્યાન ઘડીને મોજૂદ કર્યું ત્યાં 'रुक्मं पश्यन्ति, कथञ्चन न असिम्' ( रुक्मं ) જે મ્યાન મોજુદ થયું તે વસ્તુ તો ચાંદી જ છે ( पश्यन्ति ) એમ પ્રત્યક્ષપણે સર્વ લોક દેખે છે...'** ચાંદીથી નિપજેલું મ્યાન તે ચાંદી છે એમ લોકો જોવે છે. **'તે વસ્તુ તો ચાંદી જ છે એમ પ્રત્યક્ષપણે સર્વ લોક દેખે છે અને માને છે; ચાંદીની તલવાર એમ કથનમાં તો કહેવાય છે તથાપિ ચાંદીની તલવાર નથી.'** લોકો કહે છે કે આ મ્યાન ચાંદીનું તે તલવાર એમ નથી. આહાહા! એમ લોકો એમ કહે કે આ પુણ્ય અને પાપના ભાવ દયા, દાન, આદિ ગુણસ્થાન, માર્ગણાસ્થાન શરીર, વાણી એ પુદ્ગલથી નીપજ્યા છે અને પ્રત્યક્ષ કહે છે કે આ પુદ્ગલના છે. એ ચાંદીનું મ્યાન છે ચાંદીનું છે એમ આ પુદ્ગલનું છે. આત્માનું છે એમ લોકો કહેતા.. કહે છે, આ મ્યાનનું છે. આહાહા! 'શાંતિભાઈ'! આવો ઉપદેશ કઈ જાતનો! ઓલા બિચારા માંડ માંડ હજી પાપમાંથી નીકળીને, ધંધાના પાપમાં આખા ચોવીસ કલાક પડ્યા (હોય), એમાં એકાદ-બે કલાક આવે ત્યાં વ્રત કરે, તપસ્યા કરે તો એ કહે છે કે રાગ છે. લે. એ વૃત્તિનું ઉત્થાન છે, વિકલ્પ છે. એ પુદ્ગલથી નીપજેલ છે, તારી ચીજ નહિ. આહાહા! સમજાણું કાંઈ? છે કે નહિ એમાં?

**'પ્રત્યક્ષપણે સર્વલોક દેખે છે અને માને છે; 'ચાંદીની તલવાર' એમ કથનમાં તો કહેવાય છે તથાપિ ચાંદીની તલવાર નથી.'** આહાહા! તલવાર તો અંદર લોઢાની જુદી છે. આહાહા! જાણનાર બીજાને જાણે છે કહે છે, પણ જાણનારને જાણતો નથી એટલે આ જાણે છે, આ જાણે છે અને આને જાણે છે એમ અટકી ગયો છે ત્યાં. એને મારું માને છે એ તો જુદી વસ્તુ છે પણ જાણનાર જે પુદ્ગલની રચનાવાળી રચના પુણ્ય-પાપ અને શરીર, વાણી, આદિ, એને જાણતા ત્યાં રોકાઈ ગયેલું જ્ઞાન પરપ્રકાશક... આહાહા! એ જ્ઞાન પણ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે ચાંદીના મ્યાનમાં તલવાર રહે છે તે કારણે 'ચાંદીની તલવાર' એમ કહેવામાં આવે છે તોપણ ચાંદીનું મ્યાન છે, તલવાર લોઢાની છે, ચાંદીની તલવાર નથી.'** એમ આ શરીરની હાલવા-ચાલવાની ક્રિયા થાય એ બધી પુદ્ગલની ક્રિયા છે. આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ ભાષા બોલાય છે એ પણ જડની, પુદ્ગલની ભાષા છે. અને અંદર પુણ્ય અને પાપના શુભ-અશુભ ભાવ, હોં! એ ભગવાનનું-પરમાત્માનું સ્મરણ કરે એ ભાવ પણ રાગ છે. કેમકે પરદ્રવ્ય ઉપર લક્ષ છે અને એ રાગની વૃત્તિ પુણ્ય છે. આહાહા! એ ભગવાનઆત્મા આનંદનો નાથ એનાથી નીપજેલી એ ચીજ નથી. પ્રભુ તો ચૈતન્ય અને આનંદ આત્મા છે. આહાહા! એ જ્ઞાનાનંદ અને આનંદથી નીપજેલી ચીજ નથી. આહાહા! હવે આવું સાંભળવા મળવું મુશ્કેલ. એની જિંદગી ચાલી જાય. આહાહા! લ્યો! 'નવનીતભાઈ' બિચારા ચાલ્યા ગયા. હમણા તો અહીંયાં આવ્યા નહોતા. ઘણા મહિના. આહાહા! માંદા પણ હતા અને સોજા ચડતા. દેહની સ્થિતિ જે સમયે પૂરી થવાની એમાં કાંઈ મીનમેખ (થાય નહિ). ત્યાં મોટા લાખ-કરોડો (ખર્ચે), ડોક્ટર ઉતારે, પણ દેહ જે સમયે છૂટવાનો તે છૂટવામાં કાંઈ ફેરફાર થવાનો નથી. આહાહા! એ બધા એના હજીરા... હજીરા એટલે સમજાણું? મોટા મકાનો. લાખો-કરોડોના મોટા મકાનો-હજીરા પડ્યા રહેશે તારા. એ જડના છે. આહાહા!

પ્રભુ! જેને આત્મા કહીએ એ આત્મા તો ચૈતન્ય, આનંદ અને જ્ઞાનનો સાગર છે. એને આ રાગવાળો, પુણ્યવાળો કહેવો એ મ્યાનને તલવાર માનવા જેવું છે. સમજાણું કાંઈ? અરે..! આવી વાત ક્યાંથી? બાપુ! તને ખબર નથી આ તો વીતરાગમાર્ગ છે. જિનેશ્વર પરમેશ્વર કેવળજ્ઞાની... આહાહા! ભાઈ! તે જિનેશ્વરનો માર્ગ અંદરમાંથી સાંભળ્યો નથી. આહાહા!

એ ચાંદીનું મ્યાન લોકો કહે છે અને એ છે એમ જ. પણ મ્યાનમાં રહેલી લોઢાની તલવારને તો એ કહેતા નથી, માનતા નથી. એમ અનાદિના અજ્ઞાની એ શરીર, વાણી, મનની ક્રિયાઓ થાય તે મારી છે, હું કરું, હું આત્મા છું અંદર તો આ શરીર ચલાવી શકું છું, હાથ આમ કરી શકું, વાણી બોલી શકું એમ મિથ્યાદૃષ્ટિ જીવ અજ્ઞાની... આહાહા! એ ક્રિયાઓ પુદ્ગલની છે તેને પોતાની માને છે. સમજાણું કાંઈ? આહાહા! અને અંદરમાં શુભ અને અશુભભાવ થાય. આ રળવાના, પૈસા મેળવવાના ને એની વ્યવસ્થા કરવાના એ બધા ભાવ પાપ છે. અને કોઈ ભક્તિના, દયા, દાનના ભાવ થાય એ પુણ્ય છે. બેય ભાવ પુદ્ગલથી રચાયેલા જડથી છે, ભગવાનઆત્માથી નહિ, એમ કહે છે. કારણ કે પરમાત્મસ્વરૂપ પોતે તો જ્ઞાન અને આનંદનું પૂર છે. આહાહા! પાણીના પૂરનો પ્રવાહ નિર્મળ હોય. કાદવવાળો હોય? એમ ચૈતન્ય ભગવાનઆત્મા આનંદ અને જ્ઞાનનો સાગર છે એનો પ્રવાહ હોય તો તે વીતરાગી આનંદ અને જ્ઞાનની દશાનો હોય. આ પુણ્ય અને પાપના ભાવ એ આત્માનું કાર્ય નહિ, આત્માની સ્થિતિ નહિ. એ તો બધી પુદ્ગલની રચના મ્યાન છે. એને તલવાર માની લેવી (એ તો ભ્રમણા છે). આહાહા!

અરે..! એમાં શરીર જરી ઠીક હોય, ૨૫-૩૦-૪૦ વર્ષની યુવાન અવસ્થા (હોય), લઠ જેવું શરીર હોય, બે-બે, ત્રણ-ત્રણ લાડવા ચડાવી જતો હોય ને પતરવેલીયા ને... આહાહા! એમાં એને સૂઝ ક્યાં પડે કે હું કોણ છું? આહાહા! ભાઈ! તને ખબર નથી. તું ક્યાંક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મહાણમાં મુંઝાઈ ગયો છો. મહાણની રાખ છે એમાં મુંઝાઈ ગયો છો. એ બધા પુદ્ગલના ઠાઠ છે. આહાહા! પ્રભુ! તું ત્યાં મુંઝાઈ ગયો. મારા છે એમ માનીને રખડી મર્યો. આહાહા!

તલવાર તો લોઢાની છે. એમ ભગવાનઆત્મા તો આનંદ અને જ્ઞાનનો સાગર છે. એ કાંઈ પુણ્ય અને પાપ અને શરીરની ક્રિયા એ આત્મા નથી. આહાહા! સમજાણું કાંઈ? હવે એને વિશેષ દ્રઢ કરે છે. ઓગણચાલીસ.

( ઉપજાતિ )

वर्णादिसामग्र्यमिदं विदन्तु
निर्माणमेकस्य हि पुद्गलस्य।
ततोऽस्त्विदं पुद्गल एव नात्मा
यतः स विज्ञानघनस्ततोऽन्यः ।।७-३९ ।।

**ખંડાન્વય સહિત અર્થ :– ‘हि इदं वर्णादिसामग्र्यम् एकस्य पुद्गलस्य निर्माणम् विदन्तु’ ( हि ) નિશ્ચયથી ( इदं ) વિદ્યમાન ( वर्णादिसामग्र्यम् ) ગુણસ્થાન, માર્ગણાસ્થાન, દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ ઇત્યાદિ જેટલા અશુદ્ધ પર્યાયો છે તે બધાય ( एकस्य पुद्गलस्य ) એકલા પુદ્ગલદ્રવ્યનું ( निर्माणम् ) કાર્ય છે અર્થાત્ પુદ્ગલદ્રવ્યના ચિતરામણ જેવા છે એમ ( विदन्तु ) હે જીવો! નિઃસંદેહપણે જાણો. ‘ततः इदं पुद्गलः एव अस्तु, न आत्मा’ ( ततः ) તે કારણથી ( इदं ) શરીરાદિ સામગ્રી ( पुद्गलः ) જે પુદ્ગલદ્રવ્યથી થઈ છે તે જ પુદ્ગલદ્રવ્ય છે, ( एव ) નિશ્ચયથી ( अस्तु ) તે જ છે; ( न आत्मा ) આત્મા અજીવદ્રવ્યરૂપ થયો નથી. ‘यतः सः विज्ञानघनः’ ( यतः ) જેથી ( सः ) જીવદ્રવ્ય ( विज्ञानघनः ) જ્ઞાનગુણનો સમૂહ છે, ‘ततः अन्यः’ ( ततः ) તેથી ( अन्य ) જીવદ્રવ્ય ભિન્ન છે, શરીરાદિ પરદ્રવ્ય ભિન્ન છે. ભાવાર્થ આમ છે કે લક્ષણભેદે વસ્તુનો ભેદ હોય છે, તેથી ચૈતન્યલક્ષણે જીવવસ્તુ ભિન્ન છે, અચેતનલક્ષણે શરીરાદિ ભિન્ન છે. અહીં કોઈ આશંકા કરે છે કે કહેવામાં તો એમ જ કહેવાય છે કે ‘એકેન્દ્રિય જીવ, બે-ઇન્દ્રિય જીવ’ ઇત્યાદિ; ‘દેવ જીવ, મનુષ્ય જીવ’ ઇત્યાદિ; ‘રાગી જીવ, દ્વેષી જીવ’ ઇત્યાદિ. ઉત્તર આમ છે કે કહેવામાં તો વ્યવહારથી એમ જ કહેવાય છે, નિશ્ચયથી એમ કહેવું જૂઠું છે. તે (હવે) કહે છે. ૭–૩૯.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



૩૯.

**वर्णादिसामग्र्यमिदं विदन्तु**
**निर्माणमेकस्य हि पुद्गलस्य।**
**ततोऽस्त्विदं पुद्गल एव नात्मा**
**यतः स विज्ञानघनस्ततोऽन्यः।।७-३९।।**

'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ દિગંબર સંત આનંદના રસિયા, અતીન્દ્રિય આનંદના ભોગવટા લેનાર મુનિ તો એને કહીએ, બાપા! મુનિપણું કોને કહે? આહાહા! જેનો આત્મા અતીન્દ્રિય આનંદથી ભર્યો છે, એનો અતીન્દ્રિય આનંદ જેની દશામાં ઉછળી ગયો છે. જેમ દરિયાને કાંઠે પાણીની ભરતી આવે છે એમ ધર્મીજીવને-મુનિને... આહાહા! એની વર્તમાન પર્યાય કાંઠે અતીન્દ્રિય આનંદ અંદરથી ઉછળે છે. એવા અતીન્દ્રિય આનંદના અનુભવીઓ, એ મુનિઓ જગતને જાહેર કરે છે. આહાહા! સમજાણું કાંઈ?

**''हि इदं वर्णादिसामग्र्यम् एकस्य पुद्गलस्य निर्माणम् विदन्तु' ( हि ) નિશ્ચયથી ( इदं ) વિદ્યમાન ( वर्णादिसामग्र्यम् )'** રંગ, ગંધ, રસ, સ્પર્શ, ગુણસ્થાન, માર્ગણાસ્થાન... આહાહા! ચૌદ ગુણસ્થાન, ચૌદ માર્ગણાસ્થાન... આહાહા! જાતિ, ગતિ, જ્ઞાનના ભેદો એ બધા વિકલ્પો ભેદ છે. આહાહા! એ બધા **'ગુણસ્થાન, માર્ગણાસ્થાન,...'** બહુ ઝીણી વાત છે. આહાહા! એ **'દ્રવ્યકર્મ,...'** એટલે જડ માટી અંદર, **'ભાવકર્મ,...'** એટલે પુણ્ય-પાપના પરિણામ અને **'નોકર્મ...'** એટલે શરીર ને વાણી **'ઇત્યાદિ જેટલા અશુદ્ધ પર્યાયો છે...'** બધાને અશુદ્ધ લીધા. આહાહા! ભગવાનઆત્મા અંદર આનંદનો નાથ સાગર પ્રભુ! અતીન્દ્રિય આનંદ.. આહાહા! મૃગની નાભીમાં કસ્તુરી એ મૃગને ખબર નથી, મૃગલાની નાભીમાં કસ્તુરી છે એનું મૃગને ભાન નથી. એમ અજ્ઞાનીને અંદર આત્મામાં તો આનંદની કસ્તુરી પડી છે. આત્મા અતીન્દ્રિય આનંદનું દળ છે. મૃગલા જેવા જીવને તેની કસ્તુરીની કિંમત નથી. આહાહા! સમજાણું કાંઈ?

એ અહીં કહે છે. તે **'ગુણસ્થાન, માર્ગણાસ્થાન, દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ ઇત્યાદિ જેટલા અશુદ્ધ પર્યાયો છે તે બધાય એકલા પુદ્ગલદ્રવ્યનું કાર્ય છે...'** કાલ અને પરમ દિ' બપોરે તો એમ આવ્યું હતું કે પુણ્ય-પાપના જે વિકારી પરિણામ છે એ પુદ્ગલ અને જીવ બેએ મળીને કરેલા નથી. તેમ એકલા પુદ્ગલના નથી. એકલા જીવના છે એમ કહ્યું હતું. પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિ, કામ અને ક્રોધ એવા વિકારી પર્યાય જીવનું પર્યાયબુદ્ધિવાળાનું એ કાર્ય છે. સમજાણું કાંઈ? આહાહા!

હવે અહીં તો દ્રવ્યબુદ્ધિ સિદ્ધ કરવી છે. અનાદિઅનંત સચ્ચિદાનંદ પ્રભુ વસ્તુ જે છે... આહાહા! એ જ્ઞાનના નૂરનું પૂર અને આનંદનો સાગર ભગવાન અંદર છે. આહાહા! એવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્માને આ જે બધી રચના છે એ એકલા પુદ્ગલનું કાર્ય છે. વસ્તુનો સ્વભાવ અહીં સિદ્ધ કરવો છે. ઓલામાં તો એની પર્યાય સિદ્ધ કરવી હતી. પર્યાયદષ્ટિવાન, એની પર્યાયમાં થતાં વિકારનો એ કર્તા પર્યાય છે. સમજાણું કાંઈ? આહાહા! ભારે! વીતરાગનો સ્યાદ્વાદ માર્ગ!

અહીં કહે છે કે એ દયા, દાન, વ્રત અને જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય, એ ભાવ પણ પુદ્ગલની રચના છે. કેમકે પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો વિકારી ભાવ, એને રચે એવી કોઈ આત્મામાં શક્તિ નથી. આત્માનો એ સ્વભાવ કોઈ નથી કે એ પુણ્યને રચે. આહાહા! પર્યાયની અવસ્થાબુદ્ધિવાળાને પર્યાયની રચનામાં અજ્ઞાની રચના મારી છે એમ માને છે. પણ વસ્તુનો સ્વભાવ ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ છે-ચૈતન્યમૂર્તિ જ્ઞાયક છે. આહાહા! આવો આત્મા એને હજી... અહીં તો બે બીડી સરખી પીવે ત્યાં રાજી રાજી થઈ જાય. બે બીડી પીવે તો ભાઈસાહેબને સવારે પાયખાનું ઉતરે. આવા તો અપલખણ. આહાહા! હવે એને કહે છે કે, પ્રભુ! તું એકવાર સાંભળ તો ખરો. ભાઈ..! એ.. 'ધર્મચંદજી'!

ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમાત્માએ વીતરાગદેવની ધ્વનિમાં ઇન્દ્રો અને ગણધરોની સભામાં આ વાત કરી હતી. એ વાત સંતો આડતિયા થઈને જગતને જાહેર કરે છે. સમજાણું કાંઈ? અહીં લોકો દયા, દાન અને વ્રતના પરિણામ થાય એને ધર્મ માને. અહીં પરમાત્મા કહે છે કે એ બધી પુદ્ગલની રચના (છે), એ તારું કાર્ય નહિ. આહાહા! કેમકે જે દષ્ટિ સમ્યગ્દર્શન છે એનો વિષય દ્રવ્ય સ્વભાવ ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ પોતે એ દ્રવ્યનો, સમ્યગ્દર્શનનો વિષય છે. એટલે એ વિષય એ દ્રવ્ય છે એમાં કોઈ એવી શક્તિ નથી કે વિકારને રચે. આહાહા! એથી એ પુદ્ગલની રચના ગણીને જ્ઞાતા એનો જાણનાર છે. કેમકે જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન.. જ્ઞાન... જાણવું... જાણવું... જાણવું... જાણવું... એવા જાણવાના સ્વભાવથી ભરેલો અનાદિઅનંત પ્રભુ પોતે છે. આહાહા! રાડ નાખે ને.

અહીં કહે છે, એ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, ગુણસ્થાન, માર્ગણાસ્થાન. માર્ગણાસ્થાનની મોટી વ્યાખ્યા છે. જાતિ, ગતિ, લેશ્યા, કષાય, જ્ઞાન, દર્શનના ભેદો બધા. આહાહા! એ બધી અશુદ્ધ પર્યાયો છે. આહાહા! મલિન દશા છે, કહે છે. આહાહા! **'તે બધાયને एकस्य पुद्गलस्य निर्माणम्'** એકલા પુદ્ગલ એટલે ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ નહિ. અને જીવ નહિ. આહાહા! **'एकस्य'** કીધું છે ને? એટલે પુણ્ય-પાપના ભાવ થાય, આ શરીર, વાણી, મન, ગુણસ્થાન આદિ ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળનું પણ કાર્ય નહિ, જીવનું પણ કાર્ય નહિ, એક પુદ્ગલનું કાર્ય છે.

મુમુક્ષુ :– સાત તત્ત્વમાં શેમાં નાખવું? અજીવમાં નાખવું કે...

ઉત્તર :– પુણ્ય-પાપમાં. પુણ્ય-પાપ તત્ત્વ એ અજીવ તત્ત્વ છે. જીવ તત્ત્વ એ જ્ઞાયક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. નવતત્ત્વમાં લ્યો તો જીવ છે એ તો જ્ઞાયકતત્ત્વ છે. અને નવમાં પુણ્યના પરિણામ દયા, દાન, વ્રત એ પુણ્યતત્ત્વ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એ પાપ છે. પણ જ્ઞાયકતત્ત્વથી તો ભિન્ન તત્ત્વ છે. આહાહા! અરે..! આવી વાત ક્યાં મળે? ભાઈ! આ તો વીતરાગના ઘરની વાતું છે, ભાઈ! આહાહા! અરે..રે..! આ માણસપણામાં સત્ય વાત સાંભળવા મળે નહિ. એ સત્યની દૃષ્ટિ, રુચિ ક્યારે કરે? અને એના ભવના અંત ક્યારે આવે? ભાઈ! આહાહા! સમજાણું કાંઈ? લ્યો, ચાલ્યા ગયા. 'નવનીતભાઈ' પ્રમુખ હતા. ત્યાં 'મુંબઈ'માં પણ પ્રમુખ હતા. થઈ રહ્યું, જાવ. દેહસ્થિતિ પૂરી થઈ ગઈ. આહાહા! એમ આ દેહની મુદત છે એ પુદ્ગલની મુદત છે. આત્માને (મુદ્દત) છે નહિ. આ ૫૦, ૬૦, ૭૦, ૮૦ વર્ષ જે કહેવાય છે એ તો જડના કહેવાય છે. આત્માને મુદ્દત નથી. આત્મા તો અનાદિઅનંત આનંદકંદ પ્રભુ છે. આહાહા! સમજાણું કાંઈ? એને ભારે પણ આકરું પડે.

અહીં તો પર્યાયબુદ્ધિ છોડાવીને દ્રવ્યબુદ્ધિ કરાવવી છે. આહાહા! વસ્તુ જે છે ત્રિકાળ આનંદનો નાથ પ્રભુ, જ્ઞાનનો પિંડ પ્રભુ, એની અહીંયાં દૃષ્ટિ કરાવવી છે, એ આત્મા છે અને એની દૃષ્ટિ એ સમ્યગ્દર્શન છે. આહાહા! આ તો ધર્મની હજી તો પહેલી સીઢી સમ્યગ્દર્શન. શ્રાવક ને પાંચમું ગુણસ્થાન એ તો વળી ક્યાંય આઘું રહ્યું, બાપુ! આહાહા! એ તો સ્વરૂપનું ભાન થઈ અને હું અખંડાનંદ પ્રભુ છું એવું સમ્યગ્દર્શન થયા પછી એ સ્વરૂપના આનંદમાં રમે, અતીન્દ્રિય આનંદમાં અંશે વિશેષ રમે ત્યારે એને પાંચમા ગુણસ્થાનવાળો શ્રાવક કહેવાય. એ અતીન્દ્રિય આનંદમાં ખૂબ રમે. અતીન્દ્રિય આનંદમાં જમવટ જામી જાય, અતીન્દ્રિય આનંદથી રેલમછેલ અંદર થઈ જાય ત્યારે તેને મુનિ કહેવાય. અરે..રે..! વાતે વાતે ફેર. ક્યાંય એકેય વાતનો સાંભળેલી વાત સાથે મેળ (નહિ). એય..! 'પોપટભાઈ'! આહાહા! અરે..રે...! આવી વાત પરમાત્માના ઘરની....

ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમ કહે છે કે **'एकस्य पुद्गलस्य'** આહાહા! આત્માનો અંશ પણ એમાં નહિ, એમ કહે છે. તેમ ધર્માસ્તિ, અધર્માસ્તિ છે ને બીજા ચાર? છ દ્રવ્ય છે ને? ભગવાને તો કેવળજ્ઞાનમાં છ દ્રવ્ય જોયા છે. પરમેશ્વર વીતરાગદેવે જાતિએ છ દ્રવ્ય જોયા છે. સંખ્યાએ અનંત (જોયા છે). અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને એક કાળ અને આકાશ. આહાહા! એમાં કહે છે કે આ પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-ભક્તિના ભાવ અને કામ-ક્રોધના ભાવ અને શરીર-વાણીનું અસ્તિત્વ એ બધું પુદ્ગલનું કાર્ય છે. આહાહા! એકલા પુદ્ગલનું કાર્ય કરે છે. આત્માનું નહિ. ધર્માસ્તિ આદિ કાળનું નહિ. આહાહા! સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે. ભાવ ભલે ઊંચા હોય. ભાષા કાંઈ ન સમજાય એવી ચીજ નથી. ધ્યાન રાખે તો પકડાય એવું છે. કઈ રીતે, કઈ પદ્ધતિએ કહેવાય છે એટલો તો ખ્યાલ એને આવવો જોઈએને? આહાહા!

મુમુક્ષુ :– કઈ પદ્ધતિ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– આ પદ્ધતિ કે જેટલા પુણ્ય-પાપના ભાવ, શરીર, વાણી (છે) એ બધા પુદ્‌ગલની રચના (છે) એ પદ્ધતિ છે. એ એની રીત છે. રીતની રીતભાત એ છે. પુદ્‌ગલની ભાત છે એ. પુદ્‌ગલની છાપ છે એમાં, કહે છે. આહાહા! સમજાણું કાંઈ? આવી વાતું. લ્યો. ઓલા તો બિચારા લઈને બેઠા. થોડા વ્રત કર્યા હોય. અહિંસા, બ્રહ્મચર્ય પાળે, અપવાસ-બપવાસ કરે તો ધર્મ થઈ જાય, નિર્જરા થઈ જાય. વ્રત પાળ્યે સંવર થાય, અપવાસ કર્યે નિર્જરા થાય. અને સંવર-નિર્જરા થાય એને મોક્ષ થાય. બધા ગપે ગપ છે. આહાહા! આવી વાતું હવે કોના ઘરની છે? આ તો પરમેશ્વરના ઘરની છે, ભાઈ! આહાહા!

અહીં તો વજન અહીં છે. **'एकस्य पुद्गलस्य'** નું વજન છે. અહીં ત્રિકાળી આનંદ દ્રવ્ય સ્વભાવ જે છે એની દૃષ્ટિ કરવી એણે આત્માને જાણ્યો. અને આ પુણ્ય-પાપ ને આને જાણે એ આત્માને જાણ્યો નથી. એ તો પરને જાણે છે. ત્યાં રોકાઈ ગયો છે. અને મારા માને એ તો મિથ્યાદૃષ્ટિ તીવ્ર અજ્ઞાની છે. આહાહા! સમજાણું કાંઈ? આ ધૂળ જે છે એ મળી ગઈ હોય બે કરોડ, પાંચ કરોડ, પચાસ કરોડ એ મારા માને એ મૂંઢ છે, કહે છે. એ તો જડ અજીવ છે. તારા ક્યાંથી આવી ગયા? એય..! 'શાંતિભાઈ'!

અહીં તો પ્રભુ એમ કહે છે કે જે પુણ્ય અને શુભ-અશુભભાવ થાય એ તો રાગ છે. રાગ તે અચેતન છે. એમાં ચૈતન્યના સ્વભાવનો અંશ નથી. તેથી તે રાગ અરૂપી હોવા છતાં અચેતનના પ્રકાર છે. શરીર, વાણી, મન, જડકર્મ એ અચેતન. હવે અહીંયાં એ પુણ્ય અને પાપના ભાવ થાય એ અચેતન (છે એમ કહે છે). આ અચેતન છે એમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે અને પુણ્ય-પાપના ભાવમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ નથી પણ તેમાં ચૈતન્યના પ્રકાશના નૂરનો અભાવ છે માટે પુણ્ય-પાપના ભાવને અચેતન કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– પુદ્‌ગલના...

ઉત્તર :– પુદ્‌ગલના કહો, અચેતન કહો. ત્રીજું અચેતન કહ્યું હતું એક ફેરી. ત્રણ પ્રકારના અચેતન છે. આ શરીર, વાણી, મન, પૈસા, ધૂળ, બંગલા એ બધું એકલું વર્ણ, ગંધ, રસવાળુ અચેતન, જડ. પુણ્ય અને પાપના ભાવ (થાય છે) એમાં પરમાણુને રંગ, ગંધ, સ્પર્શ ભલે નથી પણ એમાં ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ ભગવાન, એનો પ્રકાશ, ચૈતન્યનો અંશ એમાં નથી. તેથી તે પુણ્ય-પાપના ભાવને અચેતન કહેવામાં આવે છે. અહીંયાં એને અજીવ કહ્યા છે. અજીવ કહો કે અચેતન કહો. આહાહા! ત્રીજું અચેતન... એ ઝીણી વાત છે. ભગવાનઆત્મા જ્ઞાન, દર્શન ચૈતન્યસ્વરૂપ છે એ ચૈતન્ય છે અને એ સિવાયના જે ગુણો છે એ ચૈતન્યનો એમાં અભાવ છે. એ અપેક્ષાએ આત્મામાં જાણવું-દેખવું જે સ્વભાવ છે એ ચેતન છે. અને એ સિવાયના જેટલા ગુણ છે સમ્યગ્દર્શન, આનંદ, ચારિત્ર, વીર્ય, બળ-આત્મબળ અંદર એ બધામાં ઉપયોગ જાણવું-દેખવાનો એમાં અભાવ છે. એ અપેક્ષાએ એને અચેતન કહ્યા છે. અર..ર..! પણ એ વાત અહીં નથી. એ વાતને અહીં નથી લેવાની.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– પુણ્ય-પાપના ભાવ અચેતન...

ઉત્તર :– એ અચેતન એટલા લેવાના છે.

મુમુક્ષુ :– રૂપી?

ઉત્તર :– એને રૂપી કહેવાય. આહાહા! એને સ્થુળ પરિણામ કહેવાય. આહાહા! સમજાણું કાંઈ? હવે આમાં એક કલાકમાં આટલી વાતું! જેટલી સાંભળી હોય એનાથી બીજી જાત. અત્યાર સુધી સાંભળેલી બધી ખોટી? હવે સાંભળ ને નક્કી તો કર. તેં શું સાંભળ્યું છે અને શું માન્યું છે? આહાહા! એની ખબર નથી? આહાહા!

દુનિયાનો મોટો ભાગ, સંપ્રદાયનો પણ મોટો ભાગ એ રીતે જ પ્રરૂપે અને પ્રરૂપણા કરે છે કે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ ભાવ કરો, તમારું કલ્યાણ થશે. એ અહીં કહે છે કે એ ભાવ પુદ્‌ગલથી રચાયેલા છે, તારા નથી. આહાહા! આવું છે. વીતરાગની આ વાણી છે. પરમેશ્વર ત્રિલોકનાથ એની વાણીનો સ્વભાવ જે છે એ આડતિયા થઈને સંતો જગતને જાહેર કરે છે, પ્રભુનો માર્ગ આ છે. અરે..રે..! આ તો સાંભળવું કઠણ પડે. ભાઈ! માર્ગ તો એવો છે, બાપુ! આહાહા!

અહીં તો કહે છે કે હા, **‘નિશ્ચયથી વિદ્યમાન ગુણસ્થાન, માર્ગણાસ્થાન,...’** પુણ્ય અને પાપ છે ખરા. છે ને? **‘વિદ્યમાન ગુણસ્થાન, માર્ગણાસ્થાન,...’** ગુણસ્થાન ચૌદ છે, માર્ગણાસ્થાન ચૌદ છે અને એના પેટા ભેદનો પાર ન મળે. મનુષ્યગતિ, તિર્યંચગતિ, દેવગતિ ને આ ગતિ, એ ગતિ બધા પુદ્‌ગલના કાર્ય છે. આહાહા! અને પર્યાપ્તપણું, અપર્યાપ્તપણું... સમજાણું કાંઈ? આહાહા! **‘એકલા પુદ્‌ગલદ્રવ્યનું કાર્ય છે...’** આહાહા! **‘અર્થાત્ પુદ્‌ગલદ્રવ્યના ચિતરામણ જેવા છે...’** આહાહા! ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપમાં એ બધું પુદ્‌ગલનું ચિતરામણ છે. આહાહા! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– માર્ગણામાં અશુદ્ધ હોય એ લેવી કે નહિ?

ઉત્તર :– એ બધા ભેદ છે એ બધી અશુદ્ધતા જ છે. લાંબી વાત છે. એ તો અંદર આવે ત્યારે એના બોલ ગતિ, જાતિ, ચૌદ બોલ છે ને? એ ચૌદ બોલના ભેદો બધા છે એ બધા અશુભમાં જાય છે. ભગવાન તો ચૈતન્યમૂર્તિ અભેદ અખંડાનંદ અંદર છે. એને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. આહાહા! ત્યાં તો સંયમલબ્ધિસ્થાનને પણ પુદ્‌ગલના કહ્યા છે. ઠીક! ભેદ છે ને ભેદ? અને એના ઉપર દૃષ્ટિ આપતા વિકલ્પ રાગ જ થાય.

મુમુક્ષુ :– સરાગ સંયમ કે વીતરાગ સંયમ...?

ઉત્તર :– સંયમ સરાગ સંયમ હોતા નથી. સંયમ તો સ્વરૂપની આનંદની દશા (થાય) એનું નામ સંયમ છે. સરાગ-રાગ તો પુદ્‌ગલની દશા છે. આહાહા! આવી અવ્વલદોમની વાત!

સમ્યગ્દર્શન છે એ વીતરાગી પર્યાય છે. કેમકે આત્મા વીતરાગસ્વરૂપ જ, જિનસ્વરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ છે. 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, યહી વચન સે સમજ લે જિન પ્રવચન કા મર્મ.' ભગવાન વીતરાગના પ્રવચનનો એ મર્મ છે કે આ આત્મા છે એ જિન છે, જિનસ્વરૂપે છે. વીતરાગમૂર્તિ આત્મા છે. અત્યારે, હોં! એમાં જેટલા આ પરિણામ ઊઠે એ બધી પુદ્ગલની ચિતરામણ છે. આ ભીંત ઉપર ચિતરામણ નથી કરતા? એમ ભગવાન ચૈતન્ય ભીંત આનંદનો નાથ પ્રભુ... આહાહા! એની દશામાં પુણ્ય અને પાપ આદિના ભાવો, ગુણસ્થાન, માર્ગણાના ભેદભાવ બધા પુદ્ગલની ચિતરામણ છે. એ ચૈતન્યનું સ્વરૂપ નહિ. આકરી વાત છે, પ્રભુ! આહાહા! સાંભળવી કઠણ પડે. અને આખી જિંદગી ૫૦-૫૦ વર્ષ સુધી માન્યું હોય. આહાહા! દયા પાળવી એ ધર્મ છે, વૈયાવચ્ચ કરવી એ ધર્મ છે, ભગવાનની પૂજા કરવી એ ધર્મ છે. હવે એને આ ગળે ઉતરવું (આકરું લાગે). જ્ઞાનીને પણ આત્મજ્ઞાન હોવા છતાં ભક્તિના અને પૂજાના એવા ભાવ આવે ખરા પણ એ ભાવને એ હેય જાણે છે, દુ:ખરૂપ જાણે, અજીવ તરીકે એને જાણે. આહાહા! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– જીવમાં અજીવ ઘુસી શી રીતે ગયું?

ઉત્તર :– ઘૂસી ક્યા ગયું છે? એ પર્યાયમાં બનાવ્યું છે. અંદરમાં ઘૂસી નથી ગયું. એ ચાંદીની મ્યાન કાંઈ લોઢાની તલવારમાં ઘૂસી નથી ગયું. એ તો જુદી ચીજ છે. આવી વાત તે કેવી? બિચારા હજી પાપથી નવરા થાય નહિ. સંસારમાં રળવા, ભોગ, વિષય, આબરૂ, કીર્તિ, કમાવું, પૈસાના વ્યાજ ઊપજાવવા... આહાહા! એકલા પાપના ધંધા. એય..! 'સુરેન્દ્રજી'! એમાંથી નવરો ન થાય બિચારો. ત્યારે અહીં કાંઈક દયા, દાન અને વ્રતના પરિણામ કરે તો કહે, એ તો પુણ્ય છે. આહાહા!

મુમુક્ષુ :– બેય ઠેકાણે દંડાય, અહીં પણ દંડાય અને ત્યાં પણ દંડાય, આમાં છૂટવું ક્યાં?

ઉત્તર :– એનાથી ભિન્ન ભગવાન છે એની સામું જોતાં એ છૂટા પડી જાય ત્યાં એને લાભ છે. આહાહા! આવી વાતું હવે. શું થાય? ભાઈ! માનનારા ભલે થોડા હો. કાંઈ સત્‌ને સંખ્યાની જરૂર નથી કે બહુ માનનારા માટે સાચું. આહાહા!

પરમેશ્વર જિનેશ્વરદેવ કેવળજ્ઞાનથી પરમાત્માએ આ વર્ણન કર્યું. પ્રભુ! તારામાં જેટલી પુદ્ગલની ચિતરામણ છે એ બધી તારી નથી. આહાહા! તું તો જ્ઞાન... જ્ઞાન.. જ્ઞાન.. સમજણનો પિંડ, એ સમજણના પિંડમાં આ ચિતરામણ પર્યાયમાં એ તો પુદ્ગલની ચિતરામણ છે. આહાહા! એ હેય છે. એ પોતાની છે તેમ માનવા જેવું નથી. આહાહા! પકડાવું કઠણ. બિચારા આખો દિ' પાપ કરતા નવરા ન મળે. એમાં જો બે-પાંચ કરોડ પૈસા કાંઈક થઈ ગયા... મરી ગયો એમાં ને એમાં. સલવાઈ ગયો. આહાહા!

આ ચાલીસ કરોડ, નહોતું કહ્યું? આપણા શેઠ આવ્યા હતાને હમણા? 'દિલ્હી-દિલ્હી' 'શાહુજી' 'શાંતિપ્રસાદ' ચાલીસ કરોડ. હમણા આવ્યા હતા ને? વ્યાખ્યાન સાંભળી ગયા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મેં તો એને ખાનગીમાં કહ્યું. 'ફતેહપુર' આવ્યા હતા, 'ફતેહપુર'. ચાલીસ કરોડ. પાંચ-સાત કરોડ તો પેદાશના ઊપજતા હશે. 'ફતેહપુર' આવ્યા હતા. હું એકલો હતો અને આવ્યા અને બેઠા. આમ પાટને હાથ દઈને. અમારે તો અહીંયાં પૈસાવાળો હોય કે ધૂળવાળો હોય. અમારે શું? એય...! શેઠ! આ મોટા પૈસા થઈને જ્યાં હોય ત્યાં તમને મોઢા આગળ સભામાં બેસાડવા લઈ જાય. આ પાપમાં તમારો વખત ચાલ્યો જાય છે. સભા ભરાય ત્યાં મોઢા આગળ મૂકે. કેમકે એ પાંચ-દસ હજાર, પચ્ચીસ હજાર-પચાસ લાખ-બે લાખ આપશે. જ્યાં હોય ત્યાં મોટા (કરે). ફલાણી સભામાં મોટા કરો એને. પ્રમુખ ઠરાવો. ખાનગીમાં એકલા બેઠા. આ મોટપમાં અને મોટપમાં પ્રભુ! વખત જાય છે તારો. આહાહા! અરે..રે..! ત્યાં તો બિચારા નરમ, હોં! સાંભળે. અમારે ક્યાં એની પાસેથી પૈસા લેવા હતા તે સારું લાગે ન લાગે. એમ કહ્યું, સાચી વાત મહારાજ! ભાઈ! વખત જાય છે. આવો કિંમતી આત્માને જાણવાનો સમય છે. એમાં મોટપના કાળમાં જ્યાં ત્યાં સભાઓ તો મોટી મોટી ભરાય અને શેઠને બેસાડે એટલે સભાની શોભા કહેવાય. સભાના નાયક આ હતા. આહાહા! અરે..! પ્રભુ! તું તારો નાયક થા એની તો તને ખબર નથી. આહાહા! વખત ચાલ્યા જાય છે આમ ને આમ. લોકોને એની કિંમત નથી.

અહીં પ્રભુ કહે છે કે એ **'પુદ્ગલદ્રવ્યના ચિતરામણ જેવા છે એમ હે જીવો! નિઃસંદેહપણે જાણો.'** ભાષા છે? **'विदन्तु'** એમ છે ને? આહાહા! ભગવાન પરમાત્માનો પોકાર છે. હે જીવો! જેટલા પુણ્ય અને પાપના ભાવ શરીર, વાણી, મન બધા પુદ્ગલની ચિતરામણ છે (એમ) નિઃસંદેહપણે જાણો. મારા છે અને એના થઈને બે છે, એમ નહિ. આહાહા! દૃષ્ટિ આખી ફેરવી નાખવી પડે. આહાહા!

જોનારની પર્યાયમાં જણાય છે તે જણાનાર જાણનારને જાણવા જા. આહાહા! જેની પર્યાયમાં આ છે એવું જણાય છે એ પણ પર્યાય જણાય છે. એ પર્યાય જાણે છે તે પર્યાયનો જાણનારો જે ત્રિકાળ છે તેને જો, તો તને સમ્યગ્દર્શન થશે. આહાહા! શ્વાસ નીકળી જાય એવું છે. **'હે જીવો! નિઃસંદેહપણે જાણો.'** તમે નિઃસંદેહ જાણો કે પુણ્ય-પાપના ભાવ અને શરીર, વાણી બધું પુદ્ગલની રચના છે. એમાં સંદેહને સ્થાન છે નહિ.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## શ્રાવણ સુદ ૮, રવિવાર તા.૨૪.૦૭.૧૯૭૭
## કળશ - ૩૯-૪૦, પ્રવચન - ૪૮

'કળશટીકા' અજીવ અધિકાર. ૩૯ કળશ છે. ફરીને લઈએ છીએ. ઝીણો વિષય છે, ભાઈ! વીતરાગનો માર્ગ બહુ સુક્ષ્મ છે. એને સમજવો એ તો મહાપુરુષાર્થ છે. અનંતકાળથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ સમજ્યો નથી. એ અહીં કહે છે.

**'ખંડાન્વય સહિત અર્થ :– 'हि इदं वर्णादिसामग्र्यम् एकस्य पुद्गलस्य निर्माणम् विदन्तु' ( हि ) નિશ્ચયથી ( इदं ) વિદ્યમાન...'** જે છે ગુણસ્થાનના ભેદો. આહાહા! ગુણસ્થાનના ભેદો, માર્ગણાના ભેદો. બહુ ઝીણી વાત છે. ઇ બધા ભેદો છે. એ બધા પુદ્ગલની રચના છે, આત્મા નહિ. આહાહા! આ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શરીર, વાણી, મન એ તો બધા જડ છે, અજીવ છે પણ આત્મામાં થતાં પુણ્ય અને પાપના ભાવ... આહાહા! હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એ ભાવ પાપ છે, એ પુદ્ગલથી રચાયેલ છે. આહાહા! એ આત્મા નહિ. એમ અંદરમાં જે દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજાના શુભભાવ થાય એ શુભ પુણ્ય છે. એ પુદ્ગલ જડથી રચાયેલ છે, આત્મા નહિ. આહાહા! ઝીણી વાત બહુ.

વીતરાગનો માર્ગ પરમાત્મા એમ ફરમાવે છે, ભાઈ! તું કોણ છો? કેવડો છો? ક્યાં છો? એની તને દૃષ્ટિ નથી. અને આ બધા જે પુણ્ય અને પાપના ભેદો જે દેખાય અને એના ફળ તરીકે આ બધી બહારમાં ધૂળ આદિ દેખાય એ મારા માન્યા એ મિથ્યાત્વ છે. એ તદ્દન અસત્ય અને પાખંડ જૂઠી દૃષ્ટિ છે. આહાહા! ઝીણી વાત બહુ.

**'દ્રવ્યકર્મ,..'** જડકર્મ. આઠ કર્મ છે ને માટી? એ અજીવ જડ છે. **'ભાવકર્મ,...'** એ પુણ્ય-પાપના ભાવ... આહાહા! શુભ-અશુભભાવ એ પણ પુદ્ગલની રચના છે, પ્રભુ! આત્મા તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે. આહાહા! જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા સર્વજ્ઞસ્વરૂપી આત્મા છે. એની રચનામાં તો આનંદ અને જ્ઞાનની રચના થાય. અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનની રચના તે આત્માનું કાર્ય છે. આહાહા! બહુ ઝીણું. અહીં તો દયા, વ્રત ને ભક્તિ અને તપ કરવો એ ધર્મ છે એમ દુનિયા આખી માને છે. અહીં પરમાત્મા કહે છે કે એ બધો ભાવ... છે? ભાવકર્મ (છે). પુણ્ય અને પાપના ભાવ અસંખ્ય પ્રકારના એ બધા પુદ્ગલ અજીવ છે. આહાહા! એ જીવ નહિ. કેમકે જીવ હોય તો એમાંથી નીકળી ન જાય. અને નીકળી જાય છે માટે એ જીવ નહિ. આહાહા! **'નોકર્મ...'** શરીર, વાણી એ બધા જડ પુદ્ગલ પરમાણુ અજીવથી નીપજે છે.

**'ઇત્યાદિ જેટલા અશુદ્ધ પર્યાયો છે તે બધાય એકલા પુદ્ગલદ્રવ્યનું કાર્ય છે...'** આહાહા! 'શશીભાઈ'! આ વીતરાગ પરમાત્મા જિનેશ્વરદેવ ગણધરો અને ઇન્દ્રોની વચ્ચે પરમાત્મા આમ ફરમાવતા હતા, એ આ વાત છે. તારામાં જે કાંઈ દયાનો, દાનનો, ભક્તિનો, પૂજાનો, વ્રતનો, અપવાસનો શુભભાવ થાય એ બધો શુભરાગ છે, એ આત્મા નહિ. એને તો અહીં પરમાત્મા અજીવ કહે છે. અરે..! અને અજીવ એવા પુદ્ગલ જે જડકર્મ છે એના સંગે ઉત્પન્ન થયેલા છે એ પુદ્ગલ છે. પ્રભુ ચૈતન્યસ્વરૂપ જે જ્ઞાનઘન છે એના સંગે એ ઉત્પન્ન થયેલા નથી. આહાહા! ભગવાન અંદર ચૈતન્ય વસ્તુ જેને પરમેશ્વર જિનેશ્વર જેને જીવ કહે, એ ક્યો? એમ કહે છે. આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'એકલા પુદ્ગલદ્રવ્યનું કાર્ય છે અર્થાત્ પુદ્ગલદ્રવ્યના ચિતરામણ જેવા છે...'** આહાહા! જેમ ભીંત ઉપર ચિતરામણ કરે એ કાંઈ ભીંત નથી. આહાહા! એમ ભગવાનઆત્મા જ્ઞાનનો પુંજ ચૈતન્યઘન આનંદકંદ છે. એમાં આ બધી પુદ્ગલની ચિતરામણ દશા છે. આહાહા! સાંભળવું કઠણ પડે. કેમકે સંપ્રદાયમાં એ વાત ચાલતી નથી. આહાહા! ઝીણી વાત, બાપુ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એમના કથનો અને એમના આગમો કોઈ જુદી જાતના છે. એ પરમેશ્વર એમ કહે છે, પ્રભુ! જેમ ભીંતમાં ચિતરામણ (છે) એ ભીંત નથી. એમ ભગવાનઆત્મા જ્ઞાનની ભીંત જ્ઞાનસ્વરૂપ ચૈતન્યઘન છે. એમાં આ બધી રચના ચિતરામણ એ બધા જડના છે. આહાહા! છે? **'એકલા પુદ્ગલદ્રવ્યનું કાર્ય છે...'** આહાહા!

બપોરે વળી એમ કહેવાય કે પુણ્ય અને પાપના ભાવ જીવનું એકલું કર્તવ્ય છે. જીવનું પર્યાયમાં. કર્મને લઈને નહિ. એ તો એની પર્યાયમાં એનાથી દશામાં થાય છે એટલું સિદ્ધ કરવું છે. પણ જ્યારે વસ્તુને સિદ્ધ કરવી છે, ચૈતન્ય ભગવાનઆત્મા એ આનંદકંદ પ્રભુ છે. આ આત્મા અતીન્દ્રિય આનંદનું દળ છે. આહાહા! એના ઉપર આ બધા પુણ્ય-પાપના ભાવ, દયા, દાન, વ્રત, તપના ભાવ એ બધી જડની, પુદ્ગલની રચના છે, કહે છે. સમજાણું કાંઈ? છે? ત્યાં સુધી તો આવ્યું છે આપણે.

**'અર્થાત્ પુદ્ગલદ્રવ્યના ચિતરામણ જેવા છે એમ હે જીવો!'** **'विदन्तु'** છે ને? **'હે જીવો નિઃસંદેહપણે જાણો.'** નિઃસંદેહપણે જાણો. આહાહા! આ બધા દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ છે એ તો જીવમાં છે ને? છે એની પર્યાયમાં. પણ એની વસ્તુના સ્વભાવમાં નથી માટે પુદ્ગલના ચિતરામણ કીધા છે. આહાહા! આવી વાતું છે. અંદર જુઓ! કહેશે. **''ततः इदं पुद्गलः एव अस्तु, न आत्मा' '** આહાહા! **'તે કારણથી શરીરાદિ સામગ્રી...'** પુણ્ય-પાપના ભાવ, ગુણસ્થાન, માર્ગણાના ભાવ **'જે પુદ્ગલદ્રવ્યથી થઈ છે તે જ પુદ્ગલદ્રવ્ય છે,...'** આહાહા! **'નિશ્ચયથી તે જ છે;...'** **'एव'** છે ને? **'एव'** આહાહા! શરીર, વાણી, મન તો જડ છે આ. આઠ કર્મ છે એ જડ છે, અજીવ છે. એમ પુણ્ય અને પાપના ભાવ પણ એમાં ચૈતન્યનો અભાવ છે માટે તે અજીવ અને જડ છે. આહાહા! સમજાણું કાંઈ?

**'જે પુદ્ગલદ્રવ્યથી થઈ છે તે જ પુદ્ગલદ્રવ્ય છે, નિશ્ચયથી તે જ છે; આત્મા અજીવદ્રવ્યરૂપ થયો નથી.'** આહાહા! એ શું કહે છે? કે ભગવાન અંદર આત્મસ્વરૂપ જેને ચૈતન્યસ્વરૂપ આત્મા ભગવાન સર્વજ્ઞ કહે, એ આત્મા આવા પુણ્ય-પાપના ભાવપણે કદી થયો નથી. આહાહા! એ આ ગુણસ્થાન અને માર્ગણાસ્થાનના ભેદપણે કદી થયો નથી. આહાહા! છઠ્ઠી ગાથામાં આવી ગયું છે એ. શુભ-અશુભભાવ અચેતન છે. ચૈતન્ય તો જ્ઞાનનો પુંજ, જ્ઞાનનો સાગર છે. એ જ્ઞાનસાગર વસ્તુ જો શુભાશુભભાવપણે થાય તો અજીવ થઈ જાય. છે ને? આહાહા! જડ થઈ જાય એમ કીધું. અર..ર..! આવી વાતું હવે. પંચમહાવ્રતના ભાવ, કહે છે કે એ તો પુદ્ગલના પરિણામ રાગ છે, એ તો જડના કાર્ય છે. આહાહા! સાંભળવું કઠણ પડે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બાપુ! પ્રભુના મારગડા જુદા છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

**'આત્મા અજીવદ્રવ્યરૂપ થયો નથી.'** શું કીધું ઇ? ભગવાનઆત્મા એ પુણ્ય-પાપના ભાવ અને ગુણસ્થાનના ભેદ અને શરીર, વાણી ને કર્મરૂપે કદી થયો જ નથી. અરે..! આવી વાતું. બીજું સાંભળી સાંભળીને પચાસ વર્ષ, સાંઈઠ વર્ષ ગાળ્યા હોય, એમાં આ વાત આવે. બાપુ! પ્રભુના મારગડા જુદા છે, ભાઈ! આહાહા! પરમેશ્વર વીતરાગ જિનવરદેવ એ વીતરાગસ્વરૂપથી ભરેલો ભગવાનઆત્મા છે. એનાથી (જુદી) આ બધી રચના છે એ પુદ્‌ગલની છે, આત્માની નહિ એમ કહે છે. આહાહા! શરીર અને વાણી તો જડ છે એ તો ઠીક કહે છે. અંદર જ્ઞાનાવરણીય આઠ કર્મ છે એ પણ જડ છે, અજીવ છે, માટી, ધૂળ છે. એ તો અજીવ, ઠીક. એ પુદ્‌ગલની રચના એ તો ઠીક. પણ આ પુણ્ય અને પાપના ભાવ એ પણ પુદ્‌ગલની રચના! જેને દુનિયા ધર્મ માને. દયા પાળવી એ ધર્મ છે, અહિંસા સત્ય, દત્ત, વ્રત પાળ્યા એ ધર્મ છે. આહાહા! એને અહીં પરમાત્મા કહે છે, પ્રભુ! તું સાંભળ તો ખરો. તારી ચીજ એ રૂપે થાય તો અજીવ થઈ જાય. આહાહા! ભાઈ! તને ખબર નથી. છે? આહાહા!

એ **'અજીવદ્રવ્યરૂપ થતો નથી.'** છે કોણ ત્યારે? **''यतः सः विज्ञानघनः જેથી જીવદ્રવ્ય જ્ઞાનગુણનો સમૂહ છે,...'** જ્ઞાનનો પુંજ, જ્ઞાનનું ધોકડું છે. આહાહા! એકલો સમજણનો પુંજ છે. એમાંથી નીકળે તો જ્ઞાન ને આનંદ નીકળે. પણ આ પુણ્ય-પાપના ભાવ એમાંથી ન નીકળે, પ્રભુ! તને ખબર નથી. આહાહા! આવી વાતું હવે. છો કોણ ત્યારે? છે કોણ એ આત્મા? પ્રભુ! આપે કોને આત્મા કહ્યો છે? કે **'सः विज्ञानघनः'** એ જ્ઞાનગુણનો ઘન પુંજ છે. આહાહા! સમજાણું કાંઈ?

જેમ શક્કરકંદ છે, એની છાલ ન જુઓ તો એ શક્કર એટલે સાકરની મીઠાશનો પિંડ છે. શક્કર-શક્કર શક્કરિયું કહે છે ને? મૂળ તો એ સાકર ઉપરથી શબ્દ પડ્યો છે. એની લાલ છાલ ન જુઓ તો એ સાકરની મીઠાશનો પિંડ છે. એને શક્કરકંદ કહીએ.

એમ ભગવાનઆત્મા એ પુણ્ય અને પાપના વિકલ્પો છે એ લાલ છાલ છે, પર છે, એ આત્મા નહિ. આત્મા એની પાછળ એકલો અતીન્દ્રિય આનંદનો કંદ છે. જેમ ઓલો શક્કરકંદ છે... આહાહા! એમ આત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ અને જ્ઞાનનો ઘન છે. કહો, 'નટુભાઈ'! વકિલાતમાં આવું આવે નહિ કાંઈ. ત્યાં બધા ગપ્પ આવે. આહાહા!

ભાઈ! પરમેશ્વર ત્રિલોકનાથ 'સીમંધર' ભગવાન તીર્થંકરપણે મહાવિદેહમાં બિરાજે છે. એમની આ હુકમ-આજ્ઞા છે. એમની પાસેથી આવેલી આ વાત છે. સમજાણું કાંઈ? સંવત્ ૪૯, બે હજાર વર્ષ પહેલા 'કુંદકુંદાચાર્ય' નગ્ન દિગંબર ત્યાં ગયા હતા. આઠ દિ' ત્યાં રહ્યા. ત્યાંથી આવીને આ (કહે છે), ભગવાન આમ કહે છે. એ તો અનુભવી હતા, સંત હતા. અતીન્દ્રિય આનંદના વેદનારા પ્રચુર સ્વસંવેદી મુનિ હતા, મુનિ એને કહીએ. મુનિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કોઈ આ ક્રિયા, નગ્ન થઈને લુગડા ફેરવે, પાંચમહાવ્રતના પરિણામ (કરે) માટે નહિ, એ વસ્તુ બીજી.

અહીં કહે છે... આહાહા! એ તો વિજ્ઞાનઘન છે. આહાહા! **'તેથી જીવદ્રવ્ય ભિન્ન છે,...'** શું કહ્યું? આ તો જ્ઞાનગુણનો પુંજ છે, આનંદનો કંદ છે. એથી જીવદ્રવ્ય રાગ અને પુણ્યના ભાવથી ભિન્ન છે. અર..ર..! આવી વાતું. અરે..! બાપુ! ધર્મ અપૂર્વ અનંતકાળમાં થયો નથી. આહાહા! અનંત અનંત ભવ વીત્યા. અબજોપતિ અનંતવાર થયો, ભિખારી અનંતવાર થયો, સ્વર્ગનો દેવ અનંતવાર (થયો), નવમી ગ્રૈવેયકનો દેવ જેની ૩૧ સાગરની સ્થિતિ એ નવમી ગ્રૈવેયક છે. પુરુષને પ્રમાણે લોક છે આ. એ લોકના ગ્રીવાના ઠેકાણે નવ ગ્રૈવેયક છે. ભગવાને જોઈ છે. એ ગ્રૈવેયકમાં અનંતવાર ઉપજ્યો છે. આહાહા! એવા કોઈ દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રતના, તપના ભાવ કર્યા હોય એ પુણ્ય છે. એથી સ્વર્ગમાં જાય, પણ એનો ભવનો અભાવ ન થાય એને. આહાહા!

માથે જ્યાં ભવના... આહાહા! દેણા અનંત ભવ પડ્યા છે. મિથ્યાત્વ છે ત્યાં અનંત ભવ પડ્યા છે. એ રાગ અને પુણ્યના ભાવ મારા, એવી જે માન્યતા એ મિથ્યાત્વ છે એમાં અનંતા ભવ પડ્યા છે. ભાઈ! એને ખબર નથી. સમજાણું કાંઈ? આહાહા! જુઓ! આ બધા. વનસ્પતિ, લીમડો, આ લીલોતરી. એક એક લીમડાના એક પાંદડે અસંખ્ય જીવ છે. એક એક પાંદડે અસંખ્ય જીવ છે. અસંખ્ય શરીર છે અને એક એક શરીરે એક એક જીવ છે. આ લીમડા ને આ બધી લીલોતરી ને આ... બાપુ! એમાં પણ અનંતવાર તું અવતર્યો છો, ભાઈ! તને ખબર નથી. એ શેને લઈને? વિજ્ઞાનઘન ચૈતન્ય છે તેની દૃષ્ટિના અભાવે. આહાહા! એટલે કે સત્યદૃષ્ટિ-સત્ય વસ્તુ વિજ્ઞાનઘન ભગવાન એની દૃષ્ટિ તે સત્યદૃષ્ટિ છે. અને આ પુણ્ય-પાપના ભાવની દૃષ્ટિ એ મારા એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! સમજાણું કાંઈ? એમાં વળી બહારના બંગલા અને બે-પાંચ કરોડના હજીરા એ તો માટી, જગતની જડ ચીજ છે. એ તારી ક્યાંથી આવી ગઈ? આ મારા પૈસા, મારા બંગલા (એમાં) જીવને મારી નાખ્યો. મારી નાખ્યો એટલે? કે વિજ્ઞાનઘન આત્મા છે તેને તે રીતે ન માનતા આ બધા મારા છે, રાગ મારો છે, આ મારો એમ કરીને એનું વિજ્ઞાનઘન સ્વરૂપ છે તેનો એણે અનાદર કર્યો. એ જીવની પોતાની એણે હિંસા કરી. સમજાણું કાંઈ? આવો વીતરાગનો પરમેશ્વરનો માર્ગ છે, ભાઈ! આહાહા! અત્યારે તો વિખાઈ ગયું. એવું વિખાણું છે ને. ક્યાંય પત્તો ન મળે. આહાહા! અરે..રે..! એમ ને એમ જીવન ચાલ્યા જાય છે.

પરમાત્મા એમ કહે છે, **'તેથી જીવદ્રવ્ય ભિન્ન છે,...'** ભગવાન જેને આત્મા કહે છે જીવદ્રવ્ય-વસ્તુ, એ બધા પુણ્ય અને પાપના વિકલ્પ રાગ અને ગુણસ્થાનના ભેદ, માર્ગણાના ભેદ, શરીર, કર્મ એનાથી એ ચીજ તદ્દન જુદી છે. આહાહા! **'શરીરાદિ પરદ્રવ્ય ભિન્ન છે.'** આદિ એટલે બધું લેવું. શુભ-અશુભભાવ... આહાહા! પરને હિંસા નહિ કરવાનો, દયા પાળવાનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાવ, પ્રભુ! એ રાગ છે, ભાઈ! તને ખબર નથી. આહાહા! એ વૃત્તિનું ઉત્થાન છે. વિજ્ઞાનઘનમાં વૃત્તિ ઊઠે છે કે આને ન હો. એ વૃત્તિ છે, રાગ છે. એ રાગ તારા સ્વરૂપમાં નથી. આહાહા! તું તે રાગરૂપે નથી. આહાહા! તું તો તેનો જાણનારો વિજ્ઞાનઘન સ્વરૂપ છો. એવી દષ્ટિ જ્યાં સુધી નથી ત્યાં સુધી મિથ્યાદષ્ટિ ચાર ગતિમાં રખડ્યા કરે છે. નરક અને નિગોદ... આહાહા! દેવ અને સ્વર્ગ એ બધા દુઃખના ભવ છે. સ્વર્ગમાં પણ રાગનું દુઃખ છે. આહાહા!

**'ભાવાર્થ આમ છે કે લક્ષણભેદે વસ્તુનો ભેદ હોય છે,...'** શું કહે છે એ? કે વસ્તુ જુદી જુદી કેમ ગણાય? કે એના લક્ષણો જુદા (છે) માટે વસ્તુ જુદી. સમજાણું કાંઈ? જેનું લક્ષણ જુદું એની વસ્તુ જુદી. એ કહે છે, જુઓ! **'લક્ષણભેદે વસ્તુનો ભેદ હોય છે, તેથી ચૈતન્યલક્ષણે જીવવસ્તુ,...'** જાણક સ્વભાવ લક્ષણે આત્મા છે. આહાહા! જાણવાના જ્ઞાન લક્ષણે તે આત્મા છે. આહાહા! **'અચેતનલક્ષણે શરીરાદિ ભિન્ન છે,...'** આહાહા! શરીર, વાણી, મન, પુણ્ય અને પાપના ભાવ એ બધા અચેતન લક્ષણે જડ છે. આહાહા! કહો, 'જયંતિભાઈ'! આ રવિવારનો દિ' છે. આહાહા!

ભાઈ! તું અંદર કોણ છો? તું તો જ્ઞાનનું ધોકડું, જ્ઞાનનો પુંજ છો. ધોકડામાંથી નમૂનો નીકળે તોપણ રૂ નો નીકળેને? કે કોલસા નો નીકળે? એમ ભગવાનઆત્મા વિજ્ઞાનઘન છે. એમાંથી પુણ્ય અને પાપના ભાવ નીકળે એ તો કોલસા છે. એમાંથી એ નીકળે નહિ. આહાહા! કહો, 'શશીભાઈ'! આવું છે.

એ શુભ-અશુભભાવ જેને દુનિયા શુભભાવને ધર્મ માને છે. આહાહા! પરમાત્મા જિનેશ્વરદેવ એને પુદ્‌ગલ કહે છે. આહાહા! **'અચેતનલક્ષણે શરીરાદિ ભિન્ન છે.'** એ શુભ-અશુભભાવનું અચેતન લક્ષણ છે. કેમકે આત્મા જ્ઞાનસ્વરૂપ છે એનું કિરણ રાગમાં આવતું નથી. આહાહા! એ રાગની ક્રિયામાં ચૈતન્યનો કોઈ પર્યાય આવતો નથી. આહાહા! એથી એ પુણ્ય અને પાપના ભાવને પરમાત્મા અચેતન કરીને તે ચૈતન્યથી જુદા છે તેમ બતાવે છે. આહાહા! હજી દષ્ટિ-સમ્યગ્દર્શન શું કહેવાય અને સમ્યગ્દર્શનનો વિષય શું છે? એની ખબરું ન મળે અને એને ધર્મ થઈ જાય. આહાહા!

પરમાત્મા જિનેશ્વરદેવ તો એમ કહે છે, કે સમ્યગ્દર્શન એટલે સમ્યક્ એટલે સત્યદર્શન, સાચી પ્રતીતિ, સાચું દર્શન. એટલે? કે જેના વિષયમાં જ્ઞાનઘન આત્મા પૂર્ણાનંદ સત્ છે તેની પ્રતીતિ તેને સમ્યગ્દર્શન કહે છે. આહાહા! હજી તો ચોથા ગુણસ્થાનની આ વાત (ચાલે છે). શ્રાવક-બાવક તો બધા ક્યાં રહ્યા? વર્તમાનના શ્રાવક તો બધા સમજવા જેવા છે. આહાહા! બાપુ! મારગડા જુદા, નાથ! આહાહા! સમજાણું કાંઈ?

કહે છે કે સત્યદર્શન, સમ્યગ્દર્શન કોને દેખે? કોને જાણે? કોને માને? આહાહા! કે એ તો વિજ્ઞાનઘન પ્રભુ આત્મા છે તેને સમ્યગ્દર્શન જાણે, માને અને દેખે. આહાહા! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન એ ભેદના રાગના ભાવને પોતાના માને નહિ. આહાહા! છે? **'અચેતનલક્ષણે**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**શરીરાદિ...**' આદિ શબ્દમાં બધું આવી ગયું. પુણ્ય અને પાપના (ભાવ), ગુણસ્થાન આદિ માર્ગણાના ભેદો... આહાહા! એ માથે આવી ગયું છે. અવ્વલદોમ જેવી વાતું લાગે એવી છે. એ તો દુનિયાની તો ખબર છે. અહીં ક્યાં નથી ખબર. આહાહા! બાપુ! પ્રભુના મારગડા, જૈનધર્મના પંથ કોઈ જુદી જાત છે. આહાહા! એ રાગ છે એ જૈનધર્મ છે? એ આત્મા છે? આહાહા!

જ્ઞાનીને પણ, ધર્મીને પણ આત્માનું દર્શન થયું અને આત્માનું ભાન થયું હોય, એને એવો શુભભાવ આવે, પણ માને છે કે અજીવ છે, હેય છે, મને લાભદાયક નથી. આહાહા! આવું ક્યાંથી આવ્યું આ? આવો જૈનધર્મ હશે? ભાઈ! અત્યાર સુધી તો અમે (એવું સાંભળ્યું છે કે) છ કાયની દયા પાળવી (તે ધર્મ). છ કાયમાં તું આત્મા છો કે નહિ? તારી દયા છે કે નહિ? તારી દયા એને કહીએ કે એને પુણ્ય અને પાપવાળો ન માનતા વિજ્ઞાનઘન માનવો જેવું જીવતર એનું છે, ત્રિકાળ ટકતું તત્ત્વ જે છે તેને તે રીતે માનવું એનું નામ જીવતર ને જીવતરને જીવ તરીકે માન્યો. આહાહા! એને રાગવાળો ને... એ કહેશે અંદર. દેવ જીવ, મનુષ્ય જીવ, રાગી જીવ અને દ્વેષી જીવને.. પછીમાં આવશે. ૪૦માં કળશમાં આવશે. એમ જે માનવો એ આત્માને હણી નાખ્યો છે. ભારે કામ, ભાઈ આવું.

આ તો પરમાત્મા જિનેશ્વરદેવની સીધી વાણી છે. દિવ્યધ્વનિ. ગણધરો અને ઇન્દ્રોની વચમાં મહાવિદેહમાં અત્યારે પરમાત્મા ફરમાવે છે. 'સીમંધર' પ્રભુનું કરોડ પૂર્વનું આયુષ્ય છે, પાંચસો ધનુષ્યનો દેહ છે. બે હજાર હાથ ઊંચા છે. મહાવિદેહક્ષેત્રમાં અત્યારે મોજૂદ છે. વીસમાં 'મુનિસુવ્રત' ભગવાન જ્યારે અહીંયાં હતા ત્યારે તેમણે દીક્ષા લીધી હતી. અને તરત કેવળ થયું છે. હજી તો અબજો વર્ષ રહેવાના. અહીંયાં આવતી ચોવીશીમાં જ્યારે તેરમાં તીર્થંકર થશે ત્યારે પ્રભુ મોક્ષ જશે. ત્યારે દેહ છૂટી જઈને સિદ્ધ થશે. અત્યારે અરિહંત પદે છે. પછી દેહ છૂટી જશે ત્યારે સિદ્ધ થશે. અશરીરી ણમો સિદ્ધાણં. આહાહા! 'મહાવીર' ભગવાન આદિ અત્યારે સિદ્ધપદમાં છે-ણમો સિદ્ધાણંમાં છે. અને સીમંધર ભગવાન છે એ ણમો અરિહંતાણંમાં છે. સમજાણું કાંઈ? આમ સામાયિક વખતે નથી આજ્ઞા માગતા ભગવાન આગળ? એની ખબર ક્યાં છે કે સામાયિક કોને કહેવી?

મુમુક્ષુ :– 'સીમંધર' ભગવાનની આજ્ઞા છે.

ઉત્તર :– 'સીમંધર'ની આજ્ઞા તો આ છે કે તને જે વિકલ્પ ઉઠ્યો છે એ રાગ છે, એ કાંઈ તું નથી. આહાહા! વિજ્ઞાનઘન ભગવાનઆત્મા એનો અંતર અનુભવ થઈને સ્વરૂપમાં ઠરીને વીતરાગતાની દશા પ્રગટ થવી એને સામાયિક કહે છે. એને ઠેકાણે અહીંયાં ઘડી, બે ઘડી ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... કર્યું ને થઈ ગઈ સામાયિક. ધૂળેય નથી સાંભળ, બાપા! એક સમયની સામાયિક અનંતા ભવના અંતને લાવે છે. અરે..! એ શું ચીજ હશે? બાપુ! આ કાંઈ લાલાપેઠા કરવા નથી અહીં. આહાહા! 'સુરેન્દ્રજી'! અહીંયાં વાણિયાવાડ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી કાંઈ. આ તો માર્ગ આ છે.

ઓલા કહેતા હતાને કે કાંઈક તમે થોડું પોચું મૂકો. અમે થોડુંક પોચું મુકીએ તમે થોડુંક પોચું મુકો. પણ શું પોચું મુકવું? સત્યને અસત્ય કરવું થોડું? અમે એમ કે આ રીતે દયા, દાન, વ્રતમાં ધર્મ માનીએ છીએ તો તમે કાંઈક કથંચિત્ ધર્મ માનો અને અમે એને કથંચિત્ અધર્મ માનીએ અને કથંચિત્ ધર્મ માનીએ. આપણે સમન્વય કરીએ.

અરે..! ભગવાન! બાપુ! ભાઈ! આવું મનુષ્યપણું મળ્યું છે. એમાં વીતરાગના વાડામાં જન્મ થયો. એમાં આ વાત એને સમજવામાં ન આવે તો એની એ દશા છે. આહાહા! ઢોરને મનુષ્યપણું નથી મળ્યું. જેમ એ હારી જવાના. આ પણ મનુષ્યપણું મળ્યું પણ આ આત્મા વિજ્ઞાનઘન છે એમાં પુણ્ય-પાપના ભાવનો અભાવ છે. કેમકે એ અજીવ છે. જીવમાં અભાવ છે અને એ અજીવમાં જીવનો અભાવ છે. આહાહા! સમજાણું કાંઈ? કહો, 'શિવલાલભાઈ'! આવી વાતું ક્યાં (સાંભળવા મળે)? મુશ્કેલ બહુ. આ જુદું પડવું પડ્યું એ આ કારણે છે. કારણ કે આ સાચી વાત ત્યાં ચાલશે નહિ અને લોકો રાડ્યું નાખશે. અહીં કોઈ કહે એવું નથી. અહીં તો માર્ગ આ છે. માનવું હોય એ માનો, ન માનવું હોય તો તમારી મરજી. સમજાણું કાંઈ? આહાહા!

**'અચેતનલક્ષણે...'** પુણ્ય-પાપના ભાવ અચેતનલક્ષણે આત્માથી ભિન્ન છે અને અચેતનલક્ષણ ચૈતન્ય લક્ષણે આત્માથી ભિન્ન છે. જાણવાના લક્ષણે જણાય છે. અચેતન અજાણપણા-અચેતનલક્ષણે જણાય છે. એવા બેયના લક્ષણો તદ્દન જુદા છે. લોજિકથી-યુક્તિથી તો આ વાત ચાલે છે આ પણ હવે એને આગ્રહ પૂર્વનો હોય ને એને પકડી રાખ્યો હોય, એમાંથી ખસવું.. હાય... હાય.. સમજાણું કાંઈ?

**'કોઈ આશંકા કરે છે કે કહેવામાં તો એમ જ કહેવાય છે કે 'એકેન્દ્રિય જીવ,...''** લ્યો. આ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ. આવે છે ને? ઇચ્છામિ પડિક્કમણામાં નથી આવતું? એકેન્દ્રિયા, બેઈન્દ્રિયા, ત્રણેન્દ્રિયા, ચોઇન્દ્રિયા, પંચેન્દ્રિયા, વયા, વ... કહેવાય છે તો એકેન્દ્રિય જીવ. આ લીમડાના એકેન્દ્રિય જીવ. પૃથ્વી-પૃથ્વી. ખાણમાંથી પૃથ્વી કાઢે છે. એ પૃથ્વીમાં એક કણીમાં અસંખ્ય જીવ છે. આ પાણીનું એક બિંદુ હોય એમાં અસંખ્ય પાણીના એકેન્દ્રિય જીવ છે. આહાહા! કહે છે, આમ તો કહો છો ને તમે? **''એકેન્દ્રિય જીવ, બેઇન્દ્રિય જીવ'...'** આ ઇયળું, કીડા એ બે ઇન્દ્રિય જીવ, **''દેવ જીવ, મનુષ્ય જીવ' ઇત્યાદિ;...'** તમે કહો છો. અને વળી પાછી ના પાડો છો કે એ જીવ નહિ. **''રાગી જીવ,...''** લ્યો! એમ આવે છે ને? એમ તમે તો કહો છો રાગી જીવ, પુણ્યવાળો જીવ, પુણ્યનો કરનારો જીવ. **'દ્વેષી જીવ ઇત્યાદિ...'** જીવને તમે ઓળખાવો છો.

**'ઉત્તર એમ છે કે કહેવામાં તો વ્યવહારથી એમ જ કહેવાય છે,...'** આહાહા! પણ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણેન્દ્રિય, દેવ, મનુષ્ય એ જીવ નહિ. જીવ તો અંદર આનંદકંદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિજ્ઞાનઘન તે જીવ છે. આહાહા! આવી વાતું છે, બાપુ! વીતરાગ પરમેશ્વર જિનેશ્વરનો માર્ગ આખી દુનિયાથી જુદી વાત છે. દુનિયાની સાથે ક્યાંય મેળ ખાય એવું નથી. આહાહા! અમે તો બધી દુનિયાને જોઈ છે ને. આખી દુનિયા. હિન્દુસ્તાનમાં દસ-દસ હજાર માઈલ ત્રણ વાર ફર્યા છીએ. દસ-દસ હજાર માઈલ ત્રણ વાર, હોં! આહાહા! મારગડા જુદા રહી ગયા. લોકો કંઈક માર્ગે ચડી ગયા.

પ્રભુ! વીતરાગ પરમાત્મા કહે છે, શિષ્યે પૂછ્યું, પ્રભુ! તમે એમ કહો છો ને એકેન્દ્રિય જીવ, બેઇન્દ્રિયજીવ, ત્રણેન્દ્રિય જીવ, રાગી જીવ. બાપુ! વ્યવહારથી કહેવાય એમ છે. વસ્તુ એમ નથી. સમજાણું કાંઈ? આહાહા! '**વ્યવહારથી એમ જ કહેવાય છે, નિશ્ચયથી એવું કહેવું જૂઠું છે.**' છે? સત્યથી જોઈએ તો તે એકેન્દ્રિય, બેઇન્દ્રિય અને ત્રણેન્દ્રિય કહેવું જૂઠું છે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય જીવ નહિ. અંદર આનંદઘન, જ્ઞાનઘન તે જીવ છે. આહાહા! આ બધા એકેન્દ્રિય જીવો છે ને? એ અંદર આનંદઘન સ્વરૂપ છે. આહાહા! આ લીલોતરી, લીમડો, પીપળા, આ લીલું ઘાસ, લીલું ઘાસ, એની એક કટકીમાં અસંખ્ય શરીર અને એક એક શરીરે જીવ તે આનંદકંદ જીવ એને કહીએ. એ શરીરને નહિ અને એના રાગની પર્યાયના ભેદ જીવ નહિ. આહાહા! આવી વાતું હવે. સમજાણું કાંઈ?

'**નિશ્ચયથી એવું કહેવું જૂઠું છે.**' આહાહા! હવે એનું દૃષ્ટાંત આપે છે. નિશ્ચયથી ખોટું અને વ્યવહારે કહેવું એ બે શું છે? એનો કોઈ દાખલો અમને સમજાવશો? કે અમને ખ્યાલમાં આવે.

**( અનુષ્ટુપ )**

**धृतकुम्भाभिधानेऽपि कुम्भो धृतमयो न चेत्।**
**जीवो वर्णादिमज्जीवो जल्पेनऽपि न तन्मयः।।८-४०।।**

**ખંડાન્વય સહિત અર્થ :– દૃષ્ટાંત કહે છે– 'चेत् कुम्भः धृतमयः न' ( चेत् ) જો એમ છે કે ( कुम्भः ) ઘડો ( धृतमयः न ) ઘીનો તો નથી, માટીનો છે. 'धृतकुम्भाभिधाने अपि' ( धृतकुम्भ ) 'ઘીનો ઘડો' ( अभिधाने अपि ) એમ કહેવાય છે તથાપિ ઘડો માટીનો છે, [ભાવાર્થ આમ છે–જે ઘડામાં ઘી રાખવામાં આવે છે તે ઘડાને જોકે 'ઘીનો ઘડો' એમ કહેવાય છે તોપણ ઘડો માટીનો છે, ઘી ભિન્ન છે,] તો તેવી રીતે 'वर्णादिमज्जीवः जल्पने अपि जीवः तन्मयः न' ( वर्णादिमज्जीवः जल्पने अपि ) જોકે 'શરીર સુખ-દુઃખ-રાગ-દ્વેષસંયુક્ત જીવ' એમ કહેવાય છે તોપણ ( जीवः तन्मयः न ) ચેતનદ્રવ્ય એવો જીવ તો શરીર નથી, જીવ તો મનુષ્ય નથી; જીવ ચેતનસ્વરૂપ ભિન્ન છે. ભાવાર્થ આમ છે કે આગમમાં ગુણસ્થાનોનું સ્વરૂપ કહ્યું છે ત્યાં 'દેવ જીવ, મનુષ્ય જીવ, રાગી જીવ, દ્વેષી જીવ' ઇત્યાદિ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ઘણા પ્રકારે કહ્યું છે, પણ તે સઘળુંય કહેવું વ્યવહારમાત્રથી છે; દ્રવ્યસ્વરૂપ જોતાં એવું કહેવું જૂઠું છે. કોઈ પ્રશ્ન કરે છે કે જીવ કેવો છે? ઉત્તર–જેવો છે તેવો હવે કહે છે. ૮–૪૦.**

---

૪૦.

**धृतकुम्भाभिधानेऽपि कुम्भो धृतमयो न चेत्।**
**जीवो वर्णादिमज्जीवो जल्पेनऽपि न तन्मयः।।८-४०।।**

**'દૃષ્ટાંત કહે છે– 'चेत् कुम्भः धृतमयः न' ( चेत् ) જો એમ છે કે ( कुम्भः ) ઘડો ઘીનો તો નથી,...'** કહેવાય શું? ઘીનો ઘડો. ઘી ભરેલું હોય ને? એ ઘીનો ઘડો. બોલવામાં તો એમ આવે. **'માટીનો છે,..'** એ ઘીનો નથી. આહાહા! તેલની બરણી. એ બરણી તેલની છે? એ તો બરણીમાં વ્યવહારે રહ્યું છે. વ્યવહારે, હોં! નિશ્ચયથી તો પોતામાં રહ્યું છે. એ દૃષ્ટાંત આપ્યું છે. એ દૃષ્ટાંત આપ્યું છે ને, ભાઈ આમાં? એમ કે છાલ્યું છે, કટોરી, છાલ્યું. એમાં ઘી રહ્યું છે. ઘીને આધારે એ છે? છાલ્યું ઘીને આધારે છે?

મુમુક્ષુ :– એ તો વેદીયા બ્રાહ્મણની વાત છે.

ઉત્તર :– ના, ના આમાં આવે છે. આપણે આમાં આવે છે. કટોરીનો દાખલો આમાં આવે છે. આમાં આપણે આવે છે. કાલે જ ક્યાંક આવ્યું હતું. ભાઈએ 'જૈનતત્ત્વ મીમાંસા'માં આપ્યો છે. 'ફુલચંદજી' 'જૈનતત્ત્વ મીમાંસા'માં. છાલ્યું છે ને આ છાલ્યું? (એમાં) ઘી છે. તો ઘીનો આધાર છાલ્યું છે? જો ઘીનો આધાર છાલ્યું હોય તો ઉંધું વાળે તો આધાર એનો હોય તો ઘી જુદું કેમ રહે? ઘીને આધારે ઘી છે. એ છાલ્યાને આધારે ઘી નથી. આવી વાતું.

કેમકે એક એક પરમાણુમાં ભગવાને આધાર નામની શક્તિ જોઈ છે. છ કારકો. એક એક પરમાણુ ને એક એક આત્મા. ભગવાને તો જાતિએ છ દ્રવ્ય જોયા છે. આમ અનંત (દ્રવ્ય છે). અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને એક આકાશ. એ સર્વજ્ઞ ભગવાને આ છ દ્રવ્ય જોયા છે. તિર્થંકરદેવ કેવળીએ. છ દ્રવ્યમાં અનંત સંખ્યા છે. એ પ્રત્યેક દ્રવ્ય.. આહાહા! પોતાના આધારે છે. પ્રત્યેક દ્રવ્યમાં ષટ્કારક શક્તિ છે. છ કારક એટલે? કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. એ અમારે ચોથી ચોપડીમાં આવતું. નિશાળમાં આવે છે. છ કારકો. પણ એ તો ભણવા પૂરતું પરીક્ષા કરીને આપી દીધું હોય. પછી કોને ખબર. હવે આગળ આવતું હશે. પાછળ આવે છે. પહેલા ચોથીમાં આવતું. અમારા વખતમાં ૬૦-૭૦ વર્ષ પહેલા. ચોથી ચોપડીમાં આવતું. છ કારકો. કર્તા, કરે તે કર્તા, કર્તાનું ઇષ્ટ તે કર્મ, કર્તાનું સાધન તે કરણ, જેનાથી થાય તે અપાદાન વગેરે છ બોલ આવે છે. નિશાળમાં પણ એ દાખલો આવે છે. દેવદત્ત છરી વડે આંબો કેરી કાપે છે. એવું આવે છે. એવું લાંબુ તમને ન સમજાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં પરમાત્મા એમ કહે છે કે દરેક દ્રવ્યમાં છ શક્તિઓ છે. દરેકની અનંત શક્તિઓ છે એમાં છ શક્તિ છે. એક કર્તા શક્તિ છે, એક કાર્ય શક્તિ છે, એક કરણ-સાધન શક્તિ છે, એક એનાથી થાય એવી અપાદાન શક્તિ છે, એક એના થઈને એમાં રહે એવી સંપ્રદાન શક્તિ છે અને એના આધારે થાય એવી એક અધિકરણ શક્તિ છે. આવી ઝીણી વીતરાગની વાતું હવે. એટલે એ પરમાણુ, ઘી વાસણને આધારે રહ્યું છે એ તો વ્યવહારમાત્ર કથન છે. ઘી ઘીને આધારે છે. સમજાણું કાંઈ? એમ આત્માને પોતાના આનંદનો આધાર પોતાને છે. એને રાગનો આધાર નથી. આહાહા! સમજાણું કાંઈ? આ શું હશે? આ તે કાંઈ વાતું વીતરાગની હશે? ભાઈ! અમે તો ક્યાંય સાંભળી નથી આ ૫૦ વર્ષ, ૬૦ વર્ષથી. એક ઇન્દ્રિયની દયા પાળો અને આ કરો તત્ મિચ્છામી દુક્કડમ. જાવ. જીવિયા વવરોવિયા તત્ મિચ્છામી દુક્કડમ. સાંભળને હવે. કોણ પરનો, જીવનો નાશ કરે કોણ? તાકાત છે તારી કે પરના જીવનો નાશ કરી શકે, હણી શકે? એ તો એનું આયુષ્ય હોય તો જીવે અને આયુષ્ય ન હોય તો ન જીવે. એ તો એને કારણે છે. તારા કારણે છે? આહાહા! સમજાણું કાંઈ?

અહીં એ કહે છે કે ઘડો ઘીનો નથી. બોલાય શું? ઘીનો ઘડો, દવાની શીશી, તેલની બરણી.એમ બોલાય. બોલાય તેથી શું? બોલાય માટે એની થઈ ગઈ? માટીનું છે. **''ધૃતકુમ્ભાભિધાને अपि' 'ઘીનો ઘડો' એમ કહેવાય છે તથાપિ ઘડો માટીનો છે,...'** આહાહા! શું દાખલો આપ્યો? જુઓ! **'જે ઘડામાં ઘી રાખવામાં આવે છે તે ઘડાને જોકે 'ઘીનો ઘડો' એમ કહેવાય છે તોપણ ઘડો માટીનો છે, ઘી ભિન્ન છે.'** આહાહા! એ દાખલો તો સમજાય કે નહિ? હવે દાખલામાંથી સિદ્ધાંત કાઢવાનો છે. આહાહા! ભગવાન એમાં સિદ્ધાંત (સિદ્ધ કરે છે).

**''वर्णादिमज्जीवः जल्पने अपि जीवः तन्मयः न''** જીવને રાગી કહેવો, દ્વેષી કહેવો, શરીરવાળો કહેવો, એવું **'શરીર સુખ-દુખ-રાગ-દ્વેષસંયુક્ત જીવ એમ કહેવાય છે'** ઘીના ઘડાની પેઠે એમ બોલાય ખરું. આહાહા! પણ ઘડો ઘીનો નથી. ઘડો તો માટીનો છે. એમ ભગવાનઆત્માને... આહાહા! શરીરવાળો, પુણ્યવાળો, પાપવાળો, રાગી ને દ્વેષી ને એવા ભાવવાળો ઘીના ઘડાની પેઠે કહેવાય. પણ એ ઘીનો ઘડો નથી, માટીનો છે. એમ પુણ્ય-પાપનો કરનાર જીવ, પુણ્ય-પાપ એના, એમ વ્યવહારથી કહેવામાં આવે. પણ ખરેખર તે એના નથી. આહાહા! લોજિકથી છે કે નહિ આમાં? એય..! 'નટુભાઈ'! ભગવાનનો માર્ગ ન્યાય માર્ગ છે. ન્યાય-ની ધાતુ છે. જેવું સ્વરૂપ છે તેમાં જ્ઞાનને દોરી જવું એનું નામ ન્યાય. આ તમારા વકિલાતના ન્યાય નહિ, હોં! એ તો સરકારે ઘડ્યા. આ તો પરમાત્મા જિનેશ્વરના ઘરના ન્યાય. આહાહા! કેવી વાત છે? જોયું!

ઘીના ઘડાને ઘીનો કહેવો એ તો કથનમાત્ર છે. એમ ભગવાનઆત્માને શરીરવાળો,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મનુષ્યવાળો, દેવ, પર્યાપ્ત, અપર્યાપ્ત, રાગી-દ્વેષી, પુણ્ય કરનારો, પાપ કરનારો એમ કહેવું એ તો ઘીના ઘડાની પેઠે કહેવા માત્ર છે. આહાહા! પરમેશ્વરની વાતું ઝીણી બહુ, બાપુ! વીતરાગ પરમાત્મા ત્રણલોકના નાથ, જેણે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જોયા જિનેશ્વરદેવે. આહાહા! સેકન્ડના અસંખ્ય ભાગમાં. એક સેકન્ડમાં અસંખ્ય સમય થાય. એક સેકન્ડમાં, હોં! એના એક સમયમાં ભગવાન પરમેશ્વર અરિહંત ત્રણકાળ, ત્રણલોકને દેખે છે. એમણે આ વાત કરી છે કે, પ્રભુ કહે છે કે અરે..! ભાઈ! સાંભળને ભાઈ! તને વાત મળી નથી. એ ઘીનો ઘડો, દૂધનો ઘડો એમ કહેવામાત્ર છે પણ ઘડો માટીનો છે. એમ આત્માને મનુષ્ય જીવ, એકેન્દ્રિય જીવ, બેઇન્દ્રિય જીવ, રાગી જીવ, દ્વેષી જીવ એમ કહેવામાત્ર છે. બાકી એ રાગી-બાગી જીવ આત્મા છે નહિ. આહાહા! એ તો વિજ્ઞાનઘન છે.

આ વિજ્ઞાન એટલે શું હશે?

સમજણનો એ પિંડ છે. ભગવાનઆત્મા ચૈતન્યઘન છે. બધા બિરાજે છે. આબાળ-ગોપાળ, એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય બધા. કહેવાય એમ કે આ દેવ જીવ, મનુષ્ય જીવ, આ સ્ત્રીનો જીવ, આ પુરુષનો જીવ. પણ જીવ સ્ત્રી-પુરુષનો છે? જીવ તો વિજ્ઞાનઘન છે. આહાહા! ચૈતન્યનો પુંજ છે તેને જીવ કહેવામાં આવે છે. એ માટીનો પિંડ છે એને ઘડો કહેવામાં આવે છે. આહાહા! કાંઈ ઘીનો ઘડો કીધો માટે એ ઘડો ઘીમય થઈ ગયો? એમ જીવને રાગી કીધો, રાગનો પુણ્યવાળો, પાપવાળો એટલે જીવ રાગમય થઈ ગયો? આકરી વાતું, બાપુ! આત્મા એટલે? અને એ આત્મજ્ઞાન એટલે સમ્યગ્દર્શન અપૂર્વ ચીજ છે. આહાહા!

એ રાગ ને પુણ્યના પાપના ભાવ પણ અજીવ છે. એને વ્યવહારથી કહ્યા કે આના. પણ એ આત્મા નહિ. આત્મા તો અંદર વિજ્ઞાનઘનસ્વરૂપ પ્રભુ, જેને આ પુણ્ય-પાપના વિકલ્પની વૃત્તિનો આશ્રય છોડી અને ત્રિકાળી આનંદકંદની દૃષ્ટિ અંદર કરે ત્યારે તેને આત્મા પ્રતીતમાં અને અનુભવમાં, જાણવામાં, દેખવામાં આવે છે. ત્યારે તેને સમ્યગ્દર્શન કહેવાય હજી તો. હજી તો ચોથું ગુણસ્થાન. શ્રાવક તો ક્યાંય બાપા! કોને કહેવાય એ તો ઝીણી વાતું બહુ. આહાહા! સમજાણું કાંઈ? કહો, આ તો દાખલેથી સમજાય છે કે નહિ? આહાહા!

કોથળીમાં એમ કહેવાય ને ચોખાનો કોથળો, બાજરાનો કોથળો. કોથળો બાજરાનો છે? બાજરો તો બાજરામાં છે. કોથળાનો બાજરો ક્યાંથી આવ્યો? અને તોળાય ત્યારે એમ તોળાય. ચાર મણ બાજરો હોય અને અઢી શેર કોથળો હોય. તોળવામાં ચાર મણ ને અઢી શેર, એમ બોલેને? ત્યાં અમારે 'પાલેજ'માં દુકાનની જોડે મોટી દુકાન હતી. મોટો ધંધો. મજૂર આમ અંદરથી બોલે, ચાર મણ ને અઢી શેર. એવી ગુણો સવારથી સાંજ સુધી તોળ્યા કરે. વ્હોરાની દુકાન હતી. ચોખા ચાર મણ ખાવામાં કામ આવે. બીજો અઢી શેર કોથળો ખાવામાં કામ આવે? એમ જીવને રાગવાળો, પુણ્યવાળો, પાપવાળા ભાવવાળો કહેવામાં આવે પણ એ પુણ્ય અને પાપવાળો જીવ નથી. આહાહા! આવી વાતું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ તો માટી છે. આ તો માટી-ધૂળ છે. અમથા પણ ખીલી વાગે ત્યારે નથી કહેતા? કે મારી માટી પાકણી છે, પાણીને અડવા દેશો નહિ. એમ વાતું કરે. બોલે ખરા પણ સમજે નહિ કાંઈ એમાં. ભાષા એમ કહે કે મારી માટી પાકણી છે. ખીલી-બીલી વાગી હોય ને? તો એમ કહે એને પાણીને અડવા દેશો નહિ નહિતર પાકશે. એલા! ત્યાં તું કહેતો હતો ને મારી માટી પાકણી છે. માટી આને કહેતો હતો ને વળી તું કહે મારું શરીર, ઇ ક્યાં થઈ ગયું? દારૂ પીધેલાને જેમ કાંઈ ભાન નથી એમ મિથ્યાદષ્ટિને કાંઈ બોલવાનું ભાન નથી, કહેવાનું ભાન નથી. શું કહું છું કાંઈ ખબર નથી. આહાહા! એય..! છોકરો હોય લ્યોને એનો. જાને બાપુ તું તે હું છું જ ને. સ્મશાને જા ને. હું અત્યારે કામમાં છું. તું તે હું જ છું ને. વળી એમ કહે. પોતાને જાવું ન હોય ને છોકરાને મોકલવો હોય ક્યાંક. સનાન હોય ક્યાંક. જાને ભાઈ તું તે હું જ છું ને. ધૂળેય નથી તું અને હું. બે ક્યાંથી (એક થયા)? એ તો જુદી ચીજ છે. તું જુદો છો. આહાહા! એય..! 'પોપટભાઈ'! આ તમારું વાણિયાનું પોકળ બધું. દુનિયાનું કહો આ તો બધા. આહાહા! આ સ્ત્રીને માટે એમ કહે અમારી અર્ધાંગના છે એ. અર્ધાંગના છે. અડધું અંગ એ અને અડધું અંગ એ એમ બે થઈને એક હશે. એમ હશે? અરે..રે..! આ શું થયું તને? પાગલપણું થયું તને? શું થયું? અહીં કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કહ્યું ને? વ્યવહારે ઘીનો ઘડો કહેવાય. પણ એથી ઘીનો ઘડો થઈ ગયો? કોથળાને ચોખાનો કોથળો કહેવાય. એટલે કોથળો ચોખાનો થઈ ગયો? આહાહા! બોરી-બોરી કહે છે ને? શું કહેવાય? બોરી. કેસરનો ડબો. એમ નથી કહેતા? કેસર-કેસરના ડબા આવે છે ને આવડા-આવડા. પહેલા તો બહુ સોંઘુ હતું. કેસરના ડબા. અમે તો 'મુંબઈ' માલ લેવા જતા ને ત્યાં કેસરના મોટા ગોદામ, કેસરના ગોદામ હોં! મોટા. પાંચ પાંચ હજાર કેસરના ડબ્બા ભર્યા હોય. એવા મોટા વેપારી છે 'મુંબઈ'માં. કેસરના ડબા કહે. એ કેસરનો ડબો છે? કેસર કેસરમાં રહ્યું, ડબો ડબામાં રહ્યો.

મુમુક્ષુ :- તો પછી બોલાય કેમ પણ?

ઉત્તર :- પણ એ તો કહે છે ને? કથન કરવું એમાં તું માની બેસે. તું મૂઢ છો? ઘીનો ઘડો કીધો તો ઘડો ઘીનો થઈ ગયો? આહાહા! એ તો જેણે ઘડો જુદો કોઈ દિ' ભાળ્યો નથી એને જ્યારે ઘડાને ઓળખાવવો હોય તો એમ કહેવાય કે જો ઓલો ઘીનો ઘડો. એ માટીનો છે. પાછું એમ તરત (કહે). કોઈ દિ' ખાલી ઘડો જોયો ન હોય એટલે એને ઘીનો ઘડો કીધા વિના એ જાણી શકે નહિ. એમ એકલો રાગ વિનાનો જીવ તો એણે કોઈ દિ' જોયો નથી. આહાહા! એય..! આહાહા! એથી એને ઓળખાવે છે, જો ભાઈ! આ દયા, દાનના પરિણામ થયા ને? એ દયાના પરિણામવાળો જીવ. એમ કથન કહ્યું છે. એ જીવ નહિ. આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાન અંદર જીવ છે એ તો આનંદ અને અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ એ તો પ્રભુ છે. એને ક્યાં ખબર છે? પામરને પ્રભુતાની પ્રતીતિ નથી. આહાહા! પર્યાય અવસ્થામાં જેણે પામરતાને સ્વીકાર્યો છે એને આ પ્રભુ ચૈતન્ય ભગવાન અંદર બિરાજે છે, જેવા સિદ્ધ ભગવાન (છે) એવો જ આ આત્મા અંદર છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' 'શ્રીમદ્'માં આવે છે. આપણે હમણા કાલે નહોતું આવ્યું? બધા જ્ઞાનમય જીવ છે. 'સર્વ જીવ છે જ્ઞાનમય જે સમજે તે થાય'. કાલે સજ્જાયમાં આવ્યું હતું.

મુમુક્ષુ :– સમ્યગ્દષ્ટિ જીવ...

ઉત્તર :– એ પણ પર્યાયથી કહ્યું છે. જીવ તો વિજ્ઞાનઘન છે. એ તો ગુણસ્થાન કીધું ને? ગુણસ્થાનથી એને ઓળખાવવો એ તો નિમિત્તનું કથન છે. એ એમ છે નહિ. આહાહા! આત્મા તો અતીન્દ્રિય આનંદનું દળ છે. એ એને ખબર ક્યાં છે? આ બહારમાં માને છે ને? ધૂળમાં સુખ ને પૈસામાં સુખ ને બાયડીમાં સુખ. મોટો મૂંઢ છે. મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની એને જીવની ખબર નથી. સમજાણું કાંઈ? આહાહા! એ બધા કરોડોપતિ અને અબજોપતિ બિચારા દુઃખીયા-ભિખારા છે. મિથ્યાદૃષ્ટિ મૂંઢ છે. અમને આમાંથી સુખ છે અને પૈસાથી સુખ છે. બે-પાંચ કરોડ રૂપિયા હોય. મોટો હોય એને વર્ષની બે-પાંચ કરોડની પેદાશ હોય. એમાં ધૂળમાં શું ગયું? એ તો પર જડ છે. એમાં સુખ છે? સુખ તો તારા સ્વભાવમાં આનંદ પડ્યો છે, પ્રભુ! તને ખબર નથી. મૃગની નાભીમાં કસ્તુરી, મૃગલાને કસ્તુરીની કિંમત નથી. એમ અજ્ઞાનીને અંદર અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ પડ્યો છે એની અજ્ઞાનીને કિંમત નથી, ખબર નથી. મૃગલા જેવા જીવો (છે). આહાહા! આવી વાત છે, ભાઈ! કહો, 'નેમચંદભાઈ'! આહાહા! ભારે દાખલો આપ્યો. ઘીનો ઘડો, બાજરાની કોથળી એ તો કહેવામાત્ર છે. ઘડો તો માટીનો છે. કેસરનો ડબો, કેસરનો ડબો છે? ડબો કેસરરૂપ થઈ ગયો? કહેવામાત્ર છે એને માની લે છે તો મૂઢ છે, કહે છે. આહાહા!

ભગવાન એમ કહેવાય છે, જુઓ! **'શરીર-સુખ-દુઃખ-રાગ-દ્વેષસંયુક્ત જીવ એમ કહેવાય છે તોપણ ચેતનદ્રવ્ય એવો જીવ તો શરીર નથી, જીવ તો મનુષ્ય નથી;...'** આહાહા! **'જીવ ચેતનસ્વરૂપ ભિન્ન છે.'** આહાહા! ઘીનો ઘડો તે માટીમય છે. એમ આ પુણ્યવાળો જીવ તે વિજ્ઞાનઘન છે. સમજાણું કાંઈ? ભારે આકરી વાતું, બાપા! ધર્મ એટલે... આહાહા! જેનાથી ભવ અનંત કર્યા એનો અંત આવી જાય એવો સમ્યગ્દર્શન ધર્મ એ તે કોઈ શું ચીજ છે! આહાહા! જેના અનંત ભવ પરિભ્રમણ અટકી જાય અને અનંત આનંદ અને અનંત શાંતિ જેના ફળમાં મળે એવું સમ્યગ્દર્શન અને એનો વિષય શું ચીજ છે? બાપુ!

મુમુક્ષુ :– એનો ઉપાય...

ઉત્તર :– આ કીધો ને ઉપાય. વિજ્ઞાનઘન છે તેની દૃષ્ટિ કર. આવી પર્યાયબુદ્ધિને છોડી દે, એમ કહે છે. એય..! ઘીનો ઘડો કીધો માટે એ માન્યતા છોડી દે. ઘડો તો માટીનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. એમ તને મનુષ્યનો જીવ, દેવ જીવ, એકેન્દ્રિય, બે ઇન્દ્રિય કહ્યા પણ એ નહિ. એ જીવ તો જ્ઞાનઘન છે. એની દૃષ્ટિ કર તો તારા ભવનો અંત આવ્યા વિના રહે નહિ. બાકી બધા થોથા છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**શ્રાવણ સુદ ૧૦, સોમવાર તા.૨૫.૦૭.૧૯૭૭**
**કળશ - ૪૦ થી ૪૨, પ્રવચન - ૪૯**

૪૦મો કળશ છે એનો નીચે ભાવાર્થ છે. નીચેથી પાંચમી લીટી છે. **'ભાવાર્થ આમ છે કે આગમમાં ગુણસ્થાનોનું સ્વરૂપ કહ્યું છે...'** પહેલું, બીજું, ત્રીજું, ચોથું એવા. જેમ નીસરણી ચડવામાં, મેડી ચડવાના પગથિયા હોય છે. એમ ચૌદ ગુણસ્થાન પગથિયા છે. એ ગુણસ્થાનનું સ્વરૂપ કહ્યું છે. **'ત્યાં ''દેવ જીવ,...''** એમ કહ્યું. દેવનો જીવ **'મનુષ્ય જીવ, રાગી જીવ, દ્વેષી જીવ ઇત્યાદિ ઘણા પ્રકારે કહ્યું છે, પણ તે સઘળું કહેવું વ્યવહારમાત્રથી છે;...'** આહાહા! અને એમ કેમ કહ્યું? કે જેમ ઘીનો ઘડો ખાલી જેણે જોયો ન હોય, એકલો ઘડો ખાલી જોયો ન હોય એને એમ કહેવામાં આવે કે આ ઘીનો ઘડો, આ લોટની માટલી, તેલની બરણી. કારણ કે એકલી ચીજ જુદી જોઈ ન હોય એને એ રીતે સમજાવે, કે ભાઈ! આ ઘીનો ઘડો તે ઘીમય નથી પણ માટીમય છે. આમ સમજાવવા ઘીનો ઘડો એમ કહેવામાં આવે. એનો હેતુ એ કે એણે ઘડો એકલો જોયો નથી, એથી એને એ રીતે ઘીનો ઘડો તે માટીમય છે એમ બતાવે છે.

એમ આ ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે એ તો કોઈ દિ' જોઈ નથી. આહાહા! સમજાણું કાંઈ? જેમ એ ઘડો એકલો છૂટો ઘી વિનાનો ક્યાંય જોયો નથી, એથી એને ઘીનો ઘડો એમ કહીને માટીનો ઘડો છે એમ બતાવવું છે. એમ આ ભગવાનઆત્મા... આહાહા! શુદ્ધ ચૈતન્ય આનંદઘન એવી રાગ અને ભેદથી રહિત એ ચીજને તો કોઈ દિ' જોઈ નથી. એથી એને એમ કહ્યું કે જો, ભાઈ! આ દેવ જીવ, એટલે કે દેવ નહિ. આનંદકંદ જ્ઞાયક તે જીવ એમ સમજાવ્યું છે. આહાહા! આવો ધર્મનો પ્રકાર. અરે..! ધર્મ બાપુ કાંઈ સાધારણ છે? અનંતકાળમાં એક સેકન્ડ માત્ર કર્યો નથી. આહાહા! એને સમજવો એ વસ્તુ અલૌકિક છે. આહાહા!

દેવ જીવ એમ કહીને, દેવ જીવ તે દેવરૂપ નથી પણ જ્ઞાનરૂપ છે. જેમ ઘીનો ઘડો કહીને ઘીનો ઘડો એ માટીમય છે, એમ દેવ જીવ કહીને જીવ જ્ઞાનસ્વરૂપ છે (એમ સમજાવવું છે). આહાહા! એમ મનુષ્ય જીવ, સ્ત્રીનો જીવ, પુરુષનો જીવ, તિર્યંચનો જીવ એમ કહેવાયને? એમ કહીને કહેવું છે એ કે એણે એકલો ચૈતન્યસ્વરૂપ છે એ તો કોઈ દિ' જાણ્યો નથી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જોયો નથી, અનુભવ્યો નથી. એથી એને એમ કહીને (સમજાવે છે) કે, જો ભાઈ! આ ઘોડાનો જીવ. એટલે કે જીવ જ્ઞાનમય છે. ઘોડાનો નહિ. આ મનુષ્યજીવ એમ કહીને કે એ મનુષ્યજીવ એ જીવ મનુષ્ય નથી પણ જ્ઞાનમય છે. આહાહા! આવો ઉપદેશ છે. રાગી જીવ. જો ભાઈ! આ રાગ થાય છે ને? એ રાગી જીવ છે. એમ કહીને રાગી જીવ એ જીવ રાગમય નથી, જ્ઞાનમય છે એમ કહેવું છે. આહાહા! આવો માર્ગ વીતરાગનો!

**'દ્વેષી જીવ ઇત્યાદિ ઘણા પ્રકારે કહ્યું છે, પણ તે સઘળુંય કહેવું વ્યવહારમાત્રથી છે;...'** જેમ ઘીનો ઘડો કહેવો એ વ્યવહારમાત્રથી છે. એમ રાગી જીવ, પુણ્યવાળો જીવ, પાપવાળો જીવ એમ કહેવું એ તો વ્યવહારમાત્ર છે. એ ફક્ત કહીને એને જીવ ચૈતન્યમય છે, આ નહિ. એને ચૈતન્યમય જીવ છે એનું તો કોઈ દિ' જ્ઞાન કર્યું નથી, સમકિત થયું નથી. આહાહા! સમજાણું કાંઈ? એ રીતે એને સમજાવ્યું છે પણ એ બધો વ્યવહાર છે. આહાહા!

**'વ્યવહારમાત્રથી છે; દ્રવ્યસ્વરૂપ જોતાં એવું કહેવું જૂઠું છે.'** આહાહા! માટીનો ઘડો છે એમ જોતાં ઘીનો ઘડો કહેવું એ જૂઠું છે. એમ ભગવાનઆત્મા, જ્ઞાનસ્વરૂપી ચિદ્દ્ઘનસ્વરૂપ છે, એ દૃષ્ટિએ જોઈએ તો આ બધો વ્યવહાર તે બધો વ્યવહાર છે. જૂઠો છે. આહાહા! આવી જાતની વાત હવે. કોઈ દિ' ગંધેય સાંભળી ન હોય.

આમાં આવે છે ને, ભાઈ! 'પરમાર્થવચનિકા' 'પરમાર્થવચનિકા' 'બનારસીદાસ'નું. અનાદિના અજ્ઞાની જીવ, મૂંઢ જીવ, આગમપદ્ધતિ આગમમાં જે વ્યવહાર કહ્યો, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ પદ્ધતિને એ સુગમ છે એટલે એ સાધે છે. અને એ અજ્ઞાની એને ધર્મ માને છે. અધ્યાત્મનો તો વ્યવહાર પણ જાણતા નથી. શું કહ્યું? આગમમાં જે વ્યવહાર કહ્યો, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, સત્ય બોલવું, બ્રહ્મચર્ય પાળવું શરીરથી, એ વ્યવહાર પુણ્યબંધનું કારણ છે. પણ સમકિતીજીવને પણ એ ભાવ આવે. પણ આ તો અજ્ઞાની, આત્માના ભાન વિના એ આગમ પદ્ધતિના વ્યવહારને સાધી અને ધર્મ માને છે. પણ અધ્યાત્મ પદ્ધતિને એ જાણતા નથી. અધ્યાત્મના વ્યવહારને, પદ્ધતિ કહો કે વ્યવહાર કહો, (એને જાણતા નથી). સમજાણું કાંઈ? એટલે શું? અધ્યાત્મપદ્ધતિ અને અધ્યાત્મનો વ્યવહાર એટલે શું?

આત્મા જે આનંદ જ્ઞાનસ્વરૂપ છે, એના પરિણામમાં પવિત્રતા જે પ્રગટે એને અહીંયાં અધ્યાત્મ પદ્ધતિનો વ્યવહાર કહે છે. અધ્યાત્મમાં નિશ્ચય તો દ્રવ્ય વસ્તુ છે. એમ આવ્યું છે ને, ભાઈ! 'પરમાર્થવચનિકા'માં. ત્યાં તો એમ લીધું છે કે આ કર્મ જે છે એ આગમ પદ્ધતિ છે. અને અધ્યાત્મ પદ્ધતિના બે પ્રકાર છે. એક જીવ પરિણામ, એક જ્ઞાન-દર્શન આદિ ગુણના પરિણામ. જરી ઝીણી વાત છે. આ તો અહીંયાં વ્યવહાર કેમ કહ્યો? એ વ્યવહાર જે કહ્યો તે એમાં નથી એમ કહીને આત્મા આનંદમય છે એમ બતાવવા આ કહ્યો છે. આહાહા! સમજાણું કાંઈ?

ત્યારે અજ્ઞાનીએ વ્યવહાર આગમમાં કહ્યો દયા, દાન, વ્રત, ભક્તિ વ્યવહાર કહ્યો,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એને સાધીને અમે ધર્મ કરીએ છીએ એમ અજ્ઞાની માને છે. આહાહા! એ અધ્યાત્મના વ્યવહારને પણ જાણતો નથી. એટલે? શુદ્ધ પરિણામ જીવના. ત્યાં લીધું છે ને? કે ચેતના પદ્ધતિ. એની ચેતનાની પદ્ધતિ દ્રવ્યરૂપ અને ભાવરૂપ. દ્રવ્યરૂપ.. વસ્તુ ઝીણી છે થોડી. આખા જીવના શુદ્ધ પરિણામ જીવદ્રવ્યના એ દ્રવ્ય પરિણામ. અને જ્ઞાન-દર્શન-ચારિત્રના ભેદવાળા પરિણામ એ ગુણપરિણામ. બેયને અધ્યાત્મ પદ્ધતિનો વ્યવહાર કહ્યો છે. એ વ્યવહારની તો એને ખબર નથી. ચૈતન્ય અંદર આનંદનો નાથ હમણા કહેશે. ૪૧ કળશમાં. આહા..!

અનાદિઅનંત આનંદકંદ પ્રભુ સ્વસંવેદ્ય. જે પોતાના આનંદના સ્વભાવથી જ જણાય અને વેદાય એવો છે. આહાહા! એવા આત્માને અને આત્માના પરિણામને, જે આત્માના પરિણામ નિર્મળ મોક્ષમાર્ગ થયા, એને તો અધ્યાત્મમાં વ્યવહાર કહ્યો. અને ત્રિકાળી ચીજને નિશ્ચય કહી. તો હવે અહીંયાં કહે છે કે આગમપદ્ધતિનો જે વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ એને સાધવું સુગમ છે. કારણ કે એ અનાદિનું કર્યું છે અને કરે છે. અને એ કરીને એમ માને છે કે અમે ધર્મ કરીએ છીએ. એ મૂઢ જીવનો એ વ્યવહાર છે. આહાહા! એ અધ્યાત્મનો નિશ્ચય તો જાણતા નથી પણ અધ્યાત્મનો વ્યવહાર પણ જાણતા નથી. આહાહા!

અધ્યાત્મનો વ્યવહાર એટલે? અધ્યાત્મનો નિશ્ચય એટલે કે દ્રવ્ય વસ્તુ ત્રિકાળ. અને એનો વ્યવહાર એટલે કે એ ત્રિકાળી ચીજની દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળતા વીતરાગભાવ રૂપે પરિણામ થાય તેને અધ્યાત્મનો વ્યવહાર કહેવામાં આવે છે. અરે..! આવી વાતું હવે. વાતે વાતે ફેર. કેટલાક અજાણ્યા માણસે તો બિચારાએ કોઈ દિ' સાંભળ્યું પણ ન હોય. બિચારા, હોં! આહાહા! અરે..! એને જન્મ-મરણના અંત લાવવાની વ્યવહાર પદ્ધતિ કોને કહેવી એની ખબર ન મળે. સમજાણું કાંઈ? એ અહીં કહે છે.

વ્યવહારથી કહ્યું છે એ સમજાવવા કહ્યું છે કે જો આ જીવ નહિ. આહાહા! '**કોઈ પ્રશ્ન કરે છે કે જીવ કેવો છે? ઉત્તર – જેવો છે તેવો હવે કહે છે.**' હવેના શ્લોકમાં એ કહેશે. આહાહા! એમાં પછી મેળવશું. જુઓ! આહાહા!આહાહા!

( અનુષ્ટુપ )

अनाद्यनन्तमचलं स्वसंवेद्यमबाधितम्।
जीवः स्वयं तु चैतन्यमुच्चैश्चकचकायते।।९-४१।।

**ખંડાન્વય સહિત અર્થ :– 'तु जीवः चैतन्यम् स्वयं उच्चैः चकचकायते' ( तु ) દ્રવ્યનું સ્વરૂપ વિચારતાં ( जीवः ) આત્મા ( चैतन्यम् ) ચૈતન્યસ્વરૂપ છે, ( स्वयं ) પોતાના સામર્થ્યથી ( उच्चैः ) અતિશયપણે ( चकचकायते ) ઘણો જ પ્રકાશે છે. કેવું છે ચૈતન્ય? 'अनाद्यनन्तम्'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**( अनादि ) જેનો આદિ નથી, ( अनन्तम् ) જેનો અંત-વિનાશ નથી, એવું છે. વળી કેવું છે ચૈતન્ય? ‘अचलं’ જેને ચળતા-પ્રદેશકંપ નથી એવું છે. વળી કેવું છે? ‘स्वसंवेद्यं’ પોતાથી જ પોતે જણાય છે. વળી કેવું છે? ‘अबाधितम्’ અમીટ (ભટે નહિ એવું) છે. જીવનું સ્વરૂપ આવું છે. ૯–૪૧.**

---

૪૧ છે.

**अनाद्यनन्तमचलं स्वसंवेद्यमबाधितम्।**
**जीवः स्वयं तु चैतन्यमुच्चैश्चकचकायते।।९-४१।।**

આહાહા! **‘‘तु जीवः चैतन्यम् स्वयं उच्चैः चकचकायते’ ( तु ) દ્રવ્યનું સ્વરૂપ...’** ભગવાનઆત્મા, એનો પરમાર્થ દ્રવ્ય વસ્તુનું સ્વરૂપ વિચારતાં જે તત્ત્વ છે ત્રિકાળી દ્રવ્ય પદાર્થ, એનું સ્વરૂપ **‘વિચારતાં ( जीवः ) આત્મા ચૈતન્યસ્વરૂપ છે,...’** આહાહા! એ તો કાયમી ચૈતન્ય, ચૈતન્ય એટલે જાણવા-દેખવાના સ્વભાવસ્વરૂપ એ તો છે. આહાહા! આવો ઉપદેશ અને આ તે કઈ જાતનો? અત્યાર સુધી તો બધું અમે આ સાંભળીએ છીએ. મંદિર કરાવો, ભક્તિ કરો, પૂજા કરો, રથયાત્રા કાઢો.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એમ કહે છે, અહીં મંદિર થઈ ગયા હવે વાંધો નહિ એમ. થયા છે એ એને કારણે થયા છે. એને કરે કોણ? ‘રામજીભાઈ’ પ્રમુખ હતા. બધી વ્યવસ્થા કરતા. નહિ? હજી કો’ક કાલે-પરમ દિ’ કહેતું હતું, કે આ ‘નવનીતભાઈ’ ગુજરી ગયા. મંડળ ભેગું કરે વિનંતી કરો ‘રામજીભાઈ’ને. પ્રમુખની ફરીને. એમ કો’ક કહેતું હતું. આ તો વાતું આવે તો સાંભળીએ. કોણ કરે વ્યવસ્થા? ભગવાન! એ તો નિમિત્તથી કથન છે. આહાહા!

અહીં તો કહે છે, પ્રભુ! તું કોણ છો? કેવો છો? ક્યાં છો? તો કહે છે, પ્રભુ! તું આત્મા ચૈતન્યસ્વરૂપ છો. એ તો જાણવાના-દેખવાના સ્વભાવસ્વરૂપ એ આત્મા છે. આહાહા! જેને પરમેશ્વર જિનેશ્વરદેવ આત્મા કહે છે અને એ આત્મા છે. છે એ શું છે પણ? એ તો ચૈતન્યસ્વરૂપ છે. કાયમી અવિનાશી ભગવાન, જાણક-દેખન ચેતનાસ્વરૂપ, ચેતન ચેતનાસ્વરૂપ છે. ચેતન એવો જે આત્મા, એ ચેતના એટલે જ્ઞાન-દર્શન જાણવા-દેખવાના સ્વરૂપે છે એ તો. આહાહા! ધ્યાન રાખે તો પકડાય. ભાષા સાદી આવે છે. બહુ કાંઈ એવી ભાષા સંસ્કૃત અને વ્યાકરણ ને મોટી (નથી). સાદી વાત સરળ સીધી ભાષા છે. પણ એને અભ્યાસ ન હોય એટલે એમ લાગે કે આ તે શું છે? ભાઈ! મારગડા જુદા છે, નાથ! તારો માર્ગ કોઈ જુદી જાતનો છે. આહાહા!

તું અંદર છો કોણ? કે એ તો ચૈતન્યસ્વરૂપની ઋદ્ધિનો ધરનાર આત્મા છે. એમાં નથી રાગ, નથી પુણ્ય, નથી પાપ, નથી ગતિ. આહાહા! જાણવા દેખવાનું સ્વરૂપ એ આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. એની દૃષ્ટિ કરવી, એનું નામ સમ્યગ્દર્શન છે. પણ એ સમ્યગ્દર્શન એ પણ અધ્યાત્મનો વ્યવહાર છે. અધ્યાત્મનો નિશ્ચય? ચૈતન્યસ્વરૂપ તે અધ્યાત્મનો નિશ્ચય છે. આહાહા! સમજાણું કાંઈ? આત્મા ચૈતન્યસ્વરૂપ છે. આહાહા! એ તો નિશ્ચય. **'પોતાના સામર્થ્યથી અતિશયપણે...'** હવે એ પોતે, પોતાના સામર્થ્યથી-જ્ઞાન સામર્થ્યથી, ચૈતન્ય સામર્થ્યથી, ચૈતન્યના બળથી, ચૈતન્યશક્તિના સામર્થ્યથી. આહાહા! આવો ઉપદેશ! ઓલો તો દયા પાળો, ભક્તિ કરો. એટલે એમ કરીને... એ આગમ પદ્ધતિનો વ્યવહાર સાધીને અજ્ઞાની ધર્મ માને એ મૂરખ છે. આહાહા! એને અધ્યાત્મ પદ્ધતિના વ્યવહારની પણ ખબર નથી. કેમકે નિશ્ચય ચૈતન્યસ્વરૂપ ભગવાનઆત્મા, એ તો ત્રિકાળી વસ્તુ ભગવાનઆત્મા છે. એને વર્તમાનમાં સ્વસંવેદ્યથી પોતાના જ્ઞાનના પરિણામથી વેદીને જાણવો, એ સ્વસંવેદન પરિણામ એ વ્યવહાર છે. આહાહા! સમજાણું કાંઈ? આ શૈલી કેવી હશે આખી! હવે અમે તો જૈનમાં ઘણા વર્ષથી જનમ્યા છીએ. આવું સાંભળતા નહોતા. નહોતા સાંભળતા તો સાંભળ હવે. બાપુ! આ તો વીતરાગ સર્વજ્ઞદેવ, જિનેશ્વરદેવનો (માર્ગ છે). જિનેશ્વરદેવ જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન છે એનો આ માર્ગ છે. આહાહા!

કહે છે, કે ચૈતન્યસ્વરૂપ જે કાયમી ધ્રુવ છે તે અધ્યાત્મનો નિશ્ચય. અને તે ચૈતન્યસ્વરૂપને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દ્વારા જાણવું... આહાહા! એવો જે સમ્યગ્દર્શન-જ્ઞાન ત્રિકાળ ચૈતન્યસ્વરૂપ છે તેવી પ્રતીતિ, ચૈતન્યસ્વરૂપ ત્રિકાળ છે તેનું જ્ઞાન અને એ ચૈતન્યસ્વરૂપમાં રમણતારૂપી ચારિત્ર-આ ચારિત્ર છે. એ ત્રણેય અધ્યાત્મનો વ્યવહાર કહેવામાં આવે છે. 'દેવીલાલજી'!

મુમુક્ષુ :– ઇ પર્યાય છે.

ઉત્તર :– પર્યાય છે ને. આહાહા! અને આગમનો વ્યવહાર એ શુભરાગ છે. એ એને કરવું સહેલું છે, સુગમ છે એમ કહ્યું છે એમાં. 'બનારસીદાસે'. સુગમ છે. ફટ દઈને આ ભક્તિ કરવી, આ કરવું, પૂજા, દાન, દયા કરવી એ શુભભાવ છે. એ કરવો સહેલો છે એટલે એને માનીને કરે છે અને એને ધર્મ માને છે. કહો, 'નેમિચંદભાઈ'! આવી વાતું છે. આહાહા! અધ્યાત્મના તો વ્યવહારને પણ જાણતો નથી કહે છે. નિશ્ચય તો શું છે એનો આશ્રય? આહાહા! એ અહીં કહે છે.

ચૈતન્ય **'સામર્થ્યથી અતિશયપણે ઘણો જ પ્રકાશે છે.'** **'चकचकायते'** છે ને? ચકચકાટ આમ. જેમ બિલોરી કાચ કે હીરો હોય એ ચકચકચક થાય એ જડની ચકચકાટ છે. આ ચૈતન્યની ચકચકાટ છે. અરે..રે..! આવું ક્યાં? ભગવાનઆત્મા ચૈતન્યના પ્રકાશનો ચકચકાટસ્વરૂપ છે. આહાહા! આવી વાત હવે.

**'કેવું છે ચૈતન્ય? 'अनाद्यनन्तम्' ( अनादि ) જેની આદિ નથી,...'** કોઈથી કરાયેલો નથી. ભગવાનઆત્મા છે એ કોઈથી કરાયેલો નથી. અકૃત્રિમ અનાદિ છે. અણકરાયેલો એ

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનાદિ આત્મા છે. આહાહા! કોઈ ઈશ્વરકર્તા છે એવું કોઈ છે નહિ. આહાહા! સત્ છે તેનો કર્તા કોણ હોય? આહાહા! એ અનાદિ છે. જેની આદિ નથી, જેની ઉત્પત્તિ નથી એવો જે ભગવાનઆત્મા અંદર, જેની ઉત્પત્તિ નથી. ઉત્પત્તિ નથી તેથી અનાદિ છે. આહાહા! અનંત છે. છે? જેનો વિનાશ નથી. ભવિષ્યમાં જેનો નાશ નથી. એ તો અનાદિ અણઉત્પત્તિ અને અનાશ એવી ચીજ ભગવાનઆત્મા આનંદનો નાથ પ્રભુ છે. આહાહા! સમજાણું કાંઈ?

એ ચૈતન્ય **'કેવું છે ચૈતન્ય?'** અચળ છે. આહાહા! **'પ્રદેશકંપ નથી...'** વસ્તુના સ્વરૂપમાં. પણ વસ્તુ ચૈતન્ય છે એ પરને જાણતાં પણ ચલાયમાન થતું નથી. વર્તમાન લીધું. ઓલુ અનુત્પત્તિ, અનાશ, વર્તમાનમાં અચળ છે, જ્ઞાનઘન છે એ. ભલે એ પરને જાણે છતાં એ પોતાના સ્વરૂપમાંથી ચળતું નથી. અરે..! આવી વાત હવે. ક્યાંય નજરમાં પહોંચે નહિ. આહાહા! એ નજરમાં નખાય એવી એ ચીજ છે. આહાહા!

અરે..! જન્મમરણના આરા, ચોર્યાસીના અવતાર કરી કરીને દુઃખી છે એ. એ રાજા દુઃખી, રંક દુઃખી, દેવ દુઃખી, બધા પરાધીન રાગ-દ્વેષમાં પડ્યા બિચારા દુઃખી છે. એ દુઃખના કીડા છે. દુઃખના કીડા છે. એને જ્યારે ધર્મ સમજવો હોય ત્યારે આ રીતે સમજાશે કે આત્મા વસ્તુ જે અંદર છે ભગવાન સર્વજ્ઞે જોયેલી, જિનેશ્વરે કહેલી, હોં! બીજા કહે એ એને ખબર નથી. જિનેશ્વર સિવાય બધા આત્મા-આત્મા ઘણા કહે છે. વેદાંતવાળા, સાંખ્યવાળા. સમજાણું કાંઈ? આહાહા! અત્યારે ઓલો 'રજનીશ' ઓલો બાવો નથી? સાંઈબાબો. ખબર છે ને? મોટા વાળ આવડા રાખે. બધા મૂંઢ છે.

મુમુક્ષુ :– વાળમાંથી સોનાની વીંટી કાઢે.

ઉત્તર :– એ વીંટી ત્યાં અંદર રાખી હોય છે. મોટા જાડા આવા વાળ રાખે એટલે અંદર રાખે. અને અંદર એક રાખે ઓલું સાંભળવાનું શું કહેવાય? માઈક નાનું. એટલે કો'ક ત્યાં કહે એટલે અહીંયાં આવી જાય એટલે બીજાને કહે, ભાઈ આવો. ઓલો જાણે ઓહો.હો..! મારું નામ ક્યાંથી આવ્યું? પણ ઓલાએ બહારથી કીધું અને અહીં રાખ્યું હોય માઈક. મોટા આવડા વાળ રાખે. અત્યારે તો હમણા એની સામે ચેલેન્જ ઉઠી છે કે તારી જાદુગરી બતાવ એ બધી ખોટી છે. પણ શું કરે? બધે જૂઠે જૂઠા ગપ ચલાવ્યા છે. અને ઓલો રજનીશ. 'મુંબઈ'માં મોટું પંદર લાખનું મકાન ને. રોવડાવે, ગભરાવે અને પછી એમ કહે નિર્વિકલ્પ થઈ જાવ. ગપે ગપ છે બધું.

આપણો એક ભાઈ છે ને? 'કે. લાલ'. 'કે. લાલ' છે ને? જાદુગર. એના બેન છે ને અહીં? 'ઉષાબહેન'ને? શું કહે? એ એનો મામો થાય એ. મારી પાસે બે-ચાર વાર આવ્યો હતો. અહીં આવ્યો હતો. મોટો જાદુગર તે કેવો જાદુગર! જેને લાખો રૂપિયાની પેદાશ એક એક રાતમાં. એકવાર તો મોટું કાંઈક બતાવ્યું હતું તે ત્રણ કલાકમાં કેટલા લાખ લીધા હતા. બડો જાદુગર. અમારી પાસે આવ્યો હતો બિચારો. અમારી પાસે તો શું કરે. 'રાજકોટ'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મોટા પાયે જાદુગીરી કરતો. આમ કાપી નાખે અને વળી બાય પાછી જીવતી કરે. ખોટે ખોટો ઢોંગ, હોં! મારી પાસે આવ્યો હતો. અહીંયાં આવ્યો હતો ભાઈ, નહિ? 'હિંમતભાઈ' હતા અને અહીં બતાવ્યું હતું. ઢોંગ બતાવ્યા હતા આમ દોરડા આમ કરીને આમ. ઢોંગે ઢોંગ. 'રાજકોટ' મારી પાસે આવીને ચોખ્ખું કહ્યું. મહારાજ! અમારું આ બધું ધતીંગ છે. મોટો હોંશિયાર છે. 'કે.લાલ' તમારે 'ઉષા'ના... આહાહા! ધતીંગ છે. મેં કીધું, ભાઈ! આમાં તમે મરી જશો, હોં! આમાં તો હેરાન થશો. ભલે તમને પાંચ-પચ્ચીસ લાખ આમાંથી મળે, મરી જશો આ ધૂળમાં. અને ધતીંગ બતાવીને, જાદુગીરી બતાવીને તમારો કાળ જાય છે. હા, મહારાજ! અમારે શું? એની પાસેથી કાંઈ (લેવું છે?) મારે તો બીજું કહેવું હતું. એ 'કે.લાલ' જ્યારે 'વડોદરા' હતો ત્યારે 'રજનીશ'ની મોટર તેડવા આવી. હવે શું હશે 'રજનીશ' પાસે? આવા જાદુગર પાસે? એ કહે કે મારી પાસે મોટર મોકલી. અને બહારમાં મોટો રજનીશ ધર્મનું નામ ધરે. એય..મોટા... આહાહા!

મુમુક્ષુ :– આપ તો સૌને ભગવાન કહો છો.

ઉત્તર :– એ પણ ભગવાન કોણ? એ તો વસ્તુ ભગવાન છે. આ તો પર્યાયે ભગવાન મનાવે છે. અરે..! બાપુ! પર્યાય એ ભગવાન નહિ, બાપુ! એ ચીજ કોઈ અલૌકિક છે. હજી તો દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહાહા! એણે 'વડોદરા' 'કે.લાલ'ને મોટર મોકલેલી. 'કાંતિલાલ' નામ છે ને? એ કહેતો હતો મને મોટર મોકલી હતી. હું તો જાદુગર છું. મારી પાસે કોઈ ધર્મ નથી. હું તો ધતીંગ છું. મારા હાથની ચાલાકી એટલી બધી છે કે લાખો માણસો આમ અંજાય જાય એવી રીતે જરી.. બાકી બધું મારું ધતીંગ છે. ચોખ્ખું કહેતો બિચારો. 'રાજકોટ' આવીને. 'ઈંદોર' પણ એકવાર આવ્યો હતો. 'ઇંદોર'. અહીં આવ્યો હતો. જ્યાં હોય ત્યાં આવે. દર્શન કરવા આવે.

મુમુક્ષુ :– ગયા વખતે દાદર આવ્યા હતા.

ઉત્તર :– હા, દાદર આવ્યો હતો. ત્યાં અમે ઓલામાં હતાને? આમોદવાળા નથી 'મુંબઈ'માં? 'રમણીકભાઈ'. કેવી કાંઈક કંપની કહેવાય? રોનક કાંઈક. મોટા પાંચ કરોડ રૂપિયા એની પાસે છે. એના મકાનમાં પોર (ગયા વર્ષે) અમે ઉતર્યા હતા. શરીરને ૮૭મું વર્ષ બેઠું ને. ૮૭મી જન્મજયંતીએ તે દિ' એના મકાનમાં હતા. મકાન ૭૦ લાખનું છે. 'દાદર'માં ત્યાં વિનંતિ કરી હતીને એણે? મહારાજ! મારે ત્યાં પધારો. ત્યાં ૧૮ દિ' રહ્યા હતા. ૩૬ વ્યાખ્યાન આપ્યા હતા. દસ-દસ હજાર માણસ, પંદર-પંદર હજાર માણસ ત્યાં 'દાદર'માં (આવતું). એ 'કે.લાલ' કહેતો કે મને 'રજનીશે' મોટર મોકલી. એલા! પણ મારી પાસે શું છે? આ બધા જાદુગરના ખેલ કરીને દુનિયાને ભરમાવે છે.

આ તો પરમાત્મા જિનેશ્વરદેવે જે આત્મા કહ્યો... આહાહા! એ આત્મા તો ચૈતન્યસ્વભાવથી ચકચકાયમાન વસ્તુ અંદર છે. અણુત્પત્તિ, અનાદિ, અવિનાશી અને અટળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વર્તમાનમાં જ્ઞાનસ્વરૂપમાં પર જાણે છતાં તે પોતાના સ્વરૂપથી ચલાયમાન થતો નથી. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! **'અંત-વિનાશ નથી, એવું છે.'** અને ચલાયમાન નથી.

**'વળી કેવું છે? પોતાથી જ પોતે જણાય છે.'** જો આ પર્યાય લીધી હવે. શું કહ્યું? એ ચૈતન્યસ્વરૂપ પ્રકાશનો પુંજ પ્રભુ (છે). આ સૂર્ય છે એ જડ પ્રકાશ છે આ બધો. જડનો પ્રકાશ છે એને પણ પ્રકાશક ચૈતન્ય છે. આ પ્રકાશ છે એ પ્રકાશને ખબર નથી. સૂર્યનો પ્રકાશ ને એ તો બધું જડ છે. એનો પણ પ્રકાશક ચૈતન્ય છે કે હું ચૈતન્ય છું અને આ જડ છે એમ પ્રકાશનાર ચૈતન્ય છે. આહાહા! અને તે ચૈતન્ય કેવું છે? **'પોતાથી જ પોતે જણાય છે.'** આહાહા! એ દયા-દાન અને વ્રત-ભક્તિના પરિણામથી એ જણાય એવો નથી, એ તો રાગ છે એમ કહે છે. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

પોતે પોતાથી જ પોતે જણાય છે. આહાહા! એ તો રાગથી ભિન્ન પડી અને જ્ઞાનની નિર્મળ દશા દ્વારા તે આત્મા જણાય છે. આહાહા! નિર્મળ પોતાથી જ પોતે... આહાહા! જ્ઞાનના નિર્મળ પરિણામથી, વર્તમાન આનંદના વીતરાગી પરિણામ દ્વારા (જણાય છે). કારણ કે પોતે વીતરાગસ્વરૂપ ભગવાનઆત્મા છે. એ પોતાને પોતે, પોતાને જ્ઞાનની પરિણતિ દ્વારા પોતે પોતાને જાણે છે. એવો એ છે. કહો, સમજાય છે કાંઈ? અરે..! આવી વાતું હવે. ઓલા બિચારા પૈસાવાળા હોય, બે-પાંચ કરોડ, દસ કરોડ, વીસ કરોડ ને ઘણા અત્યારે તો પૈસા છે. પૈસા ખર્ચે તો એમ માને કે ધર્મ કરીએ છીએ.

'આમોદ'માં અમે ત્યાં મકાનમાં રહ્યા હતા ને પોર (ગયા વર્ષે). 'દાદર-દાદર' મોટા ગૃહસ્થ. પાંચ-છ કરોડ રૂપિયા. સીત્તેર લાખનું તો એક મકાન છે. એવા તો કંઈક છે. બે ભાઈઓ છે. નરમ માણસ. હમણા આ 'મુંબઈ' જાવું હતું ને વિનંતી કરી ગયા હતા. બિચારા આવ્યા હતા અહીં. 'મુંબઈ' જાવું હતું હમણા. 'ઘાટકોપર' ઉતરવાનું હતું પણ આ પગ મરડાઈ ગયો એટલે અટકી ગયું. આવ્યા હતા. મોટા ગૃહસ્થ છે. એની બહેન છે એ બાળ બ્રહ્મચારી છે. એ બધી કારખાનામાં વ્યવસ્થા એ કરે છે. એ બહેન પણ આવ્યા હતા. આ વખતે જાવું હતું ને? ૮૮મી જન્મજયંતી 'ઘાટકોપર' થવાની હતી. પણ આ પગનું થયું ને એટલે પછી અહીં 'જામનગર' થયું. અહીં બીજું કહેવું છે... આહાહા! કે એવા કરોડોપતિઓ, પાંચ-પાંચ કરોડ અને છ-છ કરોડ ને દસ કરોડ એમાંથી પૈસા બે-પાંચ લાખ ખર્ચે એટલે ઓલા સાધુ કહે કે અહો..! ભારે ધર્મ (કર્યો), ધર્મી છે. ધૂળેય નથી હવે ધર્મી, સાંભળને.

મુમુક્ષુ :– ધર્મ શિરોમણી...

ઉત્તર :– હા. ધર્મ શિરોમણી. બિચારા ભાઈએ નહોતું કહ્યું? 'શાહુજી શાંતિપ્રસાદ' હમણા વ્યાખ્યાનમાં આવ્યા હતા ને? ચાલીસ કરોડ રૂપિયા. ૫૦ હજાર કે લાખ આપ્યા હતા, 'ઇન્દોર'. ઘણા વર્ષ પહેલા. સભાએ ભેગા થઈને શ્રાવક શિરોમણીની ઉપમા આપી. ચાલીસ કરોડ રૂપિયા. હમણા અહીં આવ્યા હતા ને. ઘણીવાર આવે છે. એણે પોતે હમણા કહ્યું. આપણી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શિક્ષણ શિબિર 'પ્રાંતિજ'માં થઈ હતી ને? ત્યાં ગયા હતા. ત્યાંથી આવ્યા. મને તો શ્રાવક શિરોમણિ કહે છે પણ મારી પાસે તો વ્રત પણ નથી અને પડિમા પણ નથી. મને શ્રાવક શિરોમણિની મોટી ઉપમા આપી દીધી છે. પૈસા ખર્ચે ત્યાં સાધારણ ગરીબ માણસ સમાજ એને ધર્મ શિરોમણિ કરી દે. આહાહા! એ પોતે બિચારો હમણા કહેતો હતો. એની બાઈ 'રમારાણી' મરી ગઈ. ત્યાં 'કલકત્તા' એને ઘરે આહાર કર્યો હતો. 'દિલ્હી'માં એના દિકરાનું મકાન હતું. ત્યાં ઉતર્યા હતા. પોતે આખો દિ' ત્યાં રહેતા. માણસ નરમ છે. એ પૈસા મેં ખર્ચ્યા... એમ બોલ્યા નથી. પણ મને ભેગા થઈને શ્રાવક શિરોમણિની ઉપમા આપી છે. પણ મારી પાસે શ્રાવકનું વ્રત પણ નથી, પડિમા પણ નથી. મારી પાસે કાંઈ નથી. હું તો રાત્રે ખાવ છું. એમ કહ્યું હતું ને? 'પ્રાંતિજ'માં. લોકોને ધર્મ શું છે એની કાંઈ ખબર ન મળે.

અહીં કહે છે કે ધર્મ કેમ થાય? કે જે અનાદિઅનંત ચૈતન્યસ્વરૂપી ભગવાનઆત્મા (છે), એની સન્મુખ થઈને આનંદ અને જ્ઞાનના પરિણામના વેદનથી જાણે એ પરિણામને ધર્મ કહેવાય છે. આહાહા! સમજાણું કાંઈ? જિનેશ્વરદેવનો માર્ગ આ છે. અરે..! શું કહ્યું? **'પોતાથી જ...'** પોતાથી જ એટલે નિર્મળ વીતરાગી દશાથી જ, પોતે એટલે વીતરાગી સ્વરૂપ ચૈતન્યસ્વરૂપ જણાય છે. આહાહા! આ કાંઈ કથા નથી, ભાઈ! આ તો ભગવત્‌સ્વરૂપ આત્મા એની વાર્તા છે. આહાહા! એ બે શબ્દમાં આટલું ભર્યું (છે).

**'स्वसंवेद्यं'** સ્વ એટલે પોતાથી જ વેદ્યં પોતે જણાય છે. આહાહા! પુણ્યના પરિણામ દયા, દાન, વ્રત એ બધા બંધના કારણ (છે), એ કાંઈ આત્માનો વ્યવહાર નહિ. આવે છે ને ભાઈ? નહિ? 'પ્રવચનસાર'ની ૯૨ ગાથામાં. આત્મવ્યવહાર. આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપ એ કાંઈ આત્મવ્યવહાર નથી. આહાહા! 'પ્રવચનસાર'માં બીજા અધિકાર જ્ઞેય અધિકારમાં આવે છે. ૯૪ ગાથા. આહાહા! આ આતમવ્યવહાર. આહાહા!

ચૈતન્યસ્વરૂપી ભગવાન એ તો ચૈતન્યપ્રકાશનો પુંજ પ્રભુ છે. ચૈતન્યના નૂરના તેજનો પૂર પ્રભુ અંદર છે. એની ક્યાં નજરું કરી છે કોઈ દિ'? આહાહા! એ ચૈતન્યસ્વરૂપી ચકચકાટમાન પ્રકાશમાન પ્રભુ! એ પોતે પોતાથી જણાય એવી ચીજ છે. એ ગુરુથી અને દેવથી અને વાણીથી જણાય એવી તો નથી. આહાહા!

મુમુક્ષુ :– આગમજ્ઞાનથી પણ ન જણાય?

ઉત્તર :– આગમ જ્ઞાન, શાસ્ત્રજ્ઞાનથી પણ નહિ. આહાહા! એ કાલે-પરમ દિ' સજ્જાયમાં આવ્યું નહિ? શાસ્ત્રપાઠી પણ મૂર્ખ છે. શાસ્ત્રના ભણનાર પણ આત્માને અંદર ભણ્યો નહિ. આહાહા!

એ તો આનંદનો દરબાર ભગવાન છે. આહાહા! જેમાં અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય શ્રદ્ધા એ સ્વભાવ કાયમી, હો! અતીન્દ્રિય શાંતિ, અતીન્દ્રિય સ્વચ્છતા,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અતીન્દ્રિય ઇશ્વરતા આદિથી ભરેલું તત્ત્વ છે. એને પોતે પોતાથી વેદે એ પરિણામને ધર્મ અને તેને અધ્યાત્મનો વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અરે..! આવી વાતું!

'અંતરીક્ષ'માં આવી વાત થતી હતી ને. 'શ્રેયાંસકુમારજી'! તમારું હતું ને ત્યાં? ધન્યકુમાર. અંતરીક્ષમાં. અંતરીક્ષમાં જ્યારે મોટું વ્યાખ્યાન થયું (ત્યારે) પાંચ-સાત હજાર માણસ (હતું). 'શાહુજી' શેઠ આવ્યા હતા. ચાલીસ કરોડ. પછી એક દિગંબર સાધુ સાંભળવા આવ્યા હતા. પહેલા ક્ષુલ્લક હતા. અહીં ચોમાસુ રહી ગયા છે. પણ એ તો બિચારા ખાનગી કહેતા. મહારાજ! તમે કહો છો એ ચીજ તો કાંઈ અમારી પાસે છે નહિ. અમને તો દીક્ષા દઈ દીધી. પણ અમે કાંઈ જાણતા નથી. ખાનગીમાં ચોખ્ખું કહેતા. એ પાછા ક્ષુલ્લકના દિગંબર સાધુ થઈ ગયા. અને હું ત્યાં અંતરીક્ષ ગયો એટલે બિચારા ઘણો વિહાર કરીને સાંભળવા આવ્યા. શું નામ? 'નેમિચંદ'?

મુમુક્ષુ :– 'નેમિસાગર'

ઉત્તર :– કેવા? 'નેમિસાગર'. અહીં ચોમાસુ કરી ગયા છે. ક્ષુલ્લક રહી ગયા છે. 'ચિદાનંદજી' એક ક્ષુલ્લક હતા. 'દ્રોણગિરિ'. એ પણ અહીં ચોમાસુ રહી ગયા. 'ચિદાનંદજી' બે ચોમાસુ રહી ગયા. આ એક રહી ગયા. પછી સાધુ થઈને પણ એને અમારા ઉપર પ્રેમ ખરો. એટલે સાંભળવા આવ્યા. એમાં વ્યાખ્યાન ચાલતું હતું. ઘણું માણસ-પાંચ-સાત હજાર. એમાં શાહુજી એને એમ કે આ મહારાજ કહે છે પણ આ તો મુનિ છે એટલે એની ચીજ બીજી કાંઈક હશે. આ વાતથી કાંઈક એમાં ફેર હશે. એટલે શાહુજી ઉઠીને સાધુ પાસે ગયા. વ્યાખ્યાનમાં બેઠા હતા. સાહેબ આપ વ્યાખ્યાન કરો. આ કેમ છે? ત્યારે એ બિચારા બોલ્યા. નરમ માણસ ભદ્રિક છે. કે સ્વામીજી કહે છે એ અક્ષરે-અક્ષર સાચું છે. બસ્સો-ત્રણસો માણસો જોવા ભેગા થયા. એમ કે આ શાહુજી પૂછે છે, આ કાંઈક દિગંબર સાધુ છે. હતા કે દિ' દિગંબર? હજી વસ્તુની દૃષ્ટિની ખબર નથી. નાગા થયા એટલે થઈ ગયા સાધુ? પણ નરમ માણસ બિચારા. એટલે કહ્યું, મોટી સભા હતી અને બસ્સો-ત્રણસો તો જોડે સાંભળવા આવ્યા. કારણ કે આ શું કહે છે આ? 'ધન્યકુમાર' અમારે ત્યાં હતા, બ્રહ્મચારી એમના ભાઈ ત્યાં કર્તા-હર્તા હતા. સ્વામીજી કહે છે એ અક્ષરે-અક્ષર સાચું છે, એમ કીધું બિચારાએ. બધા ઝાંખા પડી ગયા. અમે જાણે કે સાધુ પાસે કાંઈક કહીશું તો એનાથી કાંઈક બીજી ચીજ હશે. બાપુ! આ તો ઘરની-અંતરની ચીજ છે. આ કાંઈ બહારની ચીજ નથી. આહાહા!

એ અહીં કહે છે કે આત્મા જે અનાદિઅનંત અચળ વસ્તુ છે એ જણાય કેમ? એની ઓળખાણ કેમ થાય? એની પર્યાયમાં પ્રાપ્તિ કેમ થાય? વસ્તુ છે એની વર્તમાન દશામાં પ્રાપ્તિ કેમ થાય? વસ્તુ તો વસ્તુ છે, ત્રિકાળ પણ વર્તમાન દશામાં અવસ્થામાં પ્રાપ્તિ કેમ થાય? એ વર્તમાનદશામાં પ્રાપ્તિ એમ થાય કે એના જ્ઞાનના પરિણામ, આનંદના પરિણામ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દ્વારા એને જોવે, જાણે તો એમાં પ્રાપ્તિ થાય. આહાહા! સમજાણું કાંઈ? અરે..! આવી વાતું હવે. છે એમાં? એમાં છે કે નહિ?

'**स्वसंवेद्यं**' જણાય છે. '**પોતાથી જ પોતે જણાય છે.**' આહાહા! એ આગમની વ્યવહાર પદ્ધતિથી પણ જણાય નહિ. એ તો રાગની ક્રિયા છે. આહાહા! ચૈતન્યનો અધ્યાત્મનો જે વ્યવહાર (ઇ) આ. એનાથી જણાય. એટલે? ભાઈ! આ તો અપૂર્વ વાતું છે. પરમાત્મા જિનેશ્વરદેવ... આહાહા! જેની સભામાં ઇન્દ્ર અને ઇન્દ્રાણી એકાવતારી છે. સુધર્મ દેવલોક છે ને? આ ચંદ્ર-સૂર્યની ઉપર સુધર્મ દેવલોક છે. ૩૨ લાખ વૈમાન છે. એક એક વૈમાનમાં અસંખ્ય દેવ છે. અત્યારે એનો સ્વામી શક્રેન્દ્ર છે. બે સાગરની સ્થિતિ છે અને એક મનુષ્યદેહ ધારણ કરીને મોક્ષ જવાના છે. એવો સિદ્ધાંતમાં લેખ છે. અને એની એક મુખ્ય રાણી ઇન્દ્રાણી છે એ જ્યારે ઉપજી હતી ત્યારે તો એ સ્ત્રીપણે ઉપજે એ તો મિથ્યાત્વપણે જ ઊપજે. જે કંઈ સ્ત્રીનો દેહ ધારણ કરે એ મિથ્યાદૃષ્ટિ હોય એ સ્ત્રીનો દેહ ધારણ કરે. એટલે ઇન્દ્રાણી થઈ ત્યારે તો મિથ્યાદૃષ્ટિ હતી. પછી ઇન્દ્રની સાથે ભગવાનના સમવસરણ આદિમાં ઘણીવાર જાય એમાં એને આત્મજ્ઞાન થઈ ગયું. એ પણ એક જ દેહ કરીને મોક્ષ જવાની છે. બેય પતિ-પત્નિ ઇન્દ્ર અને ઇન્દ્રાણી સુધર્મ દેવલોકમાં છે. મેરુ પર્વત ઉપર સુધર્મદેવલોક છે. બેય મનુષ્યનો દેહ ધારણ કરી કેવળજ્ઞાન પામી મોક્ષ જવાના છે. એની સભામાં ભગવાનની સભામાં આવે એ વાણી કેવી હોય? જે ત્રણ જ્ઞાનના તો ધણી બેય છે. મતિ, શ્રુત અને અવધિ. દેવ છે ને? બેય સમકિતી છે. આહાહા! અને જેને એક ભવે મોક્ષ જાવું છે. ભગવાને કીધું છે અને એને પણ ખબર છે. તમારે આ દેવનો દેહ છેલ્લો છે. ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જવાના છીએ, પરમાત્મા સિદ્ધ થવાના છીએ. એ વ્યાખ્યાનમાં આવે એ વાણી કેવી હોય? આહાહા! બાપુ! એ ઝીણી વાતું, ભાઈ! વીતરાગનો માર્ગ કોઈ અલૌકિક છે. લોકોએ લૌકિક કરી નાખ્યો.

એ અહીં કહ્યું, '**પોતાથી જ પોતે જણાય છે.**' આટલામાં તો કેટલું સમાડી દીધું છે! ચૈતન્યસ્વરૂપ ભગવાનઆત્મા, એ ચૈતન્યની નિર્મળ પરિણતિ દ્વારા જણાય એવો છે. સમજાણું કાંઈ આમાં? આહાહા! જ્ઞાનના પરિણામ જે વર્તમાન નિર્મળ કરે, રાગના વિકલ્પથી ભિન્ન પડીને અને ચૈતન્યસ્વરૂપ ભગવાનઆત્મા એનું જે પરિણામ લક્ષ કરે, એ પરિણામ દ્વારા એ જણાય એવો છે. સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન દ્વારા જણાય એવો છે એમ કહે છે. એને ત્યાં સમ્યગ્દર્શનમાં આત્મા જણાય અને એની પ્રતીતિ થાય એને ધર્મ કહે છે. આહાહા! જોકે ધર્મ તો ચારિત્ર છે. ભાન થયા પછી સ્વરૂપમાં રમણતા કરવી. આ પાંચમહાવ્રત અને નગ્નપણું એ કોઈ ચારિત્ર નથી. આહાહા!

આનંદસ્વરૂપ ભગવાન પોતાના જ્ઞાન દ્વારા જણાયા પછી એ આનંદમાં ચરવું, રમવું આનંદમાં એનું નામ ચારિત્ર છે. એ ચારિત્ર છે તે ધર્મ છે. અને તે ધર્મ દંસણ મૂલ્લો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ધમ્મો. તે ધર્મનું મૂળ સમકિત છે. આ બેય શબ્દ 'અષ્ટપાહુડ'માં 'કુંદકુંદાચાર્ય'ના છે. ચરિત્તં ખલ્લુ ધમ્મો. સ્વરૂપની રમણતા તે ધર્મ ચારિત્ર છે. અને તે ધર્મનું મૂળ સમ્યગ્દર્શન. દંસણં મૂલો ધમ્મો. એ ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન છે. આહાહા! અને એ સમ્યગ્દર્શનની ઉત્પત્તિ ભગવાન ચિદાનંદ સ્વભાવને આશ્રયે થાય છે. ભૂતાર્થ, સત્યાર્થને આશ્રયે. આવે છે ને? ૧૧મી ગાથા. **'भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो'** ત્રિકાળી જે ચૈતન્યસ્વરૂપ જે ચૈતન્યસ્વરૂપ જે ત્રિકાળી સત્યાર્થ, ભૂતાર્થ એનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન થાય અને એ સમ્યગ્દર્શન દ્વારા તે પ્રતીતમાં આવે. આહાહા! કેટલી વાત ધારવી આમાં! બધી વાતું અજાણી નવી. ઓલી જે ૫૦ વર્ષ ૬૦ વર્ષ સાંભળેલી. આ તો બીજી વાતું નીકળી, કહે છે. આહાહા! બાપુ! માર્ગ આવો છે, ભાઈ! મરી જઈશ. આ દેહ છૂટશે તો ચાલ્યો જશે. આહાહા!

'નવનીતભાઈ' જેવા ચાલ્યા ગયા. લ્યો! અહીં પ્રમુખ રાખ્યા હતા. 'રામજીભાઈ'એ ને બધા ભેગા થઈને. પચાસ-સાંઈઠ લાખ રૂપિયા હશે. આ બાગ-બગીચો અને બે લાખનું મકાન કરાવ્યું હતું. મરી ગયા તો કોઈકે ઉડાવ્યું કે બંગલો વેંચી નાખ્યો. કોઈકે કાલે સવારમાં કીધું. પણ હજી તો ગુરુવારે મરી ગયા ત્યાં બંગલો વેંચી નાખ્યો? બહારમાં કોઈકે વાત ઊડાડી છે. એમ કે હવે તો થઈ રહ્યું. એ પોતે હતા તો મકાન બનાવ્યું હતું. મોટો બગીચો છે. એમ કે ગયા હવે શું. છોકરો તો એક જ છે એ વેપાર-ધંધા મૂકીને ક્યાંથી આવે. પણ હજી ગુરુવારે મરી ગયા છે અને શુક્રવારે કોણે વેંચી નાખ્યો? કોઠારી કહેતો હતો. 'વજુભાઈ' કોઠારી છે ને? કે આમ કાંઈક ગામમાં વાત ચાલે છે. અને કોણે લીધો? કે આ 'ચીમનભાઈ'ના 'મધુએ' લીધો. એ તો પૈસાવાળા છે ને? 'મધુ'. હમણા આવ્યો હતો ને? ગપેગપ. બાયુમાં ગપુડા (ચાલે આવે). આહાહા! ભાઈ! એ તો દેહ છૂટી જાય અને એમાં ક્યાં એ છે? એ ચીજ તો પડી રહેશે. એમાં ક્યાં એની હતી તો એની સાથે આવે? આહાહા! એની સાથે જેટલો અંદર ભાવ કર્યો હશે, શુભાશુભ ભાવ કે શ્રદ્ધાનો, એ એની સાથે આવશે. બાકી તો થોથા બધા (પડ્યા રહેશે). આહાહા! એક મોટી છોડી છે ૩૫ વર્ષની કુંવારી. પરણી નથી. એમનેમ રહી ગઈ તો રહી ગઈ છે એમ ને એમ. બીજી તો કહે છે કે હું સાધારણ છું. એક ફેરી પેશાબ કરવા જાતા હશે. એમાં એ છોડી ઊભી હતી. બહાર નીકળ્યા ને ખાટલે પડ્યા ત્યાં દેહ ઊડી ગયો. આત્મા ઊડી ગયો ફડાક દઈને. અકસ્માત થઈ ગયો, લ્યો. ગુરુવાર ને આઠ વાગે. એ તો દેહની સ્થિતિ જે ક્ષણે, જે કાળે, જે ક્ષેત્રે, જે સંયોગે થવાની તે થવાની, થવાની ને થવાની. એમાં કોઈ ઇન્દ્ર ઉતરે તો ફેરફાર થાય (એમ નથી). આહાહા! આ અફર ચીજ છે. ચૈતન્યસ્વરૂપ ભગવાન નિત્યાનંદનો નાથ એનું વેદન કર. આહાહા! એ પરિણામે તને ધર્મ થાય અને એ પરિણામે તને કેવળજ્ઞાન થશે. આહાહા! સમજાણું કાંઈ?

**'વળી કેવું છે?' 'अबाधितम्'** છે. **'અમીટ (મટે નહિ એવું) છે.'** આહાહા! કોઈ દિ'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એનો અભાવ થઈ જાય એવું નથી. એ કાયમ રહેનારો ચૈતન્ય ભગવાન છે. અનાદિઅનંત નિત્યાનંદ પ્રભુ છે. એ અનુભવ કરતા જણાય એવો છે અને એ અનુભવ પણ કોઈ દિ' મટે નહિ, ફરે નહિ એવી ચીજ છે. એ પોતે મટે નહિ એવી ચીજ છે અને અનુભવ પણ મટે નહિ એવી એ ચીજ છે. આહાહા!

**'જીવનું સ્વરૂપ આવું છે.'** છેલ્લો શબ્દ. ભગવાનઆત્મા... કાલે બપોરે આવ્યું હતું ને, નહિ? જ્ઞાનધામ. પછી ધ્રુવના બોલ કેટલાક કહ્યા હતા. તેર કહ્યા હતા. થોડા કહ્યા હતા. બેન લખતા હતા. અમારા 'પ્રાણભાઈ'ના દીકરાની વહુ કાલે લખતા હતા. ખ્યાલ છે. આહાહા! ધ્રુવધામ ભગવાન છે એનો અનુભવ કરવો એ ધર્મ છે. આહાહા! એને અનુસરીને.. અનુ... અનુ-ચૈતન્યસ્વરૂપી ભગવાનને અનુસરીને ભવવું-થવું એનું નામ અનુભવ છે. રાગને અનુસરીને થવું એ તો વિકાર છે. આહાહા! અથવા પરદ્રવ્યને અનુસરીને થવું એ પણ વિકાર છે. ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરના સાક્ષાત્ દર્શન કરે અને એને અનુસરે તોપણ એ રાગ છે. આત્મા આનંદનો નાથ છે તેને અનુસરીને થાય તો તે ધર્મ છે. સમજાણું કાંઈ? પહેલું જ્ઞાન તો કરે કે માર્ગ તો આ છે. જેના જ્ઞાન હજી ખોટા (છે) એને સાચા માર્ગમાં જવાનો અવકાશ પણ ક્યાં છે? આહાહા! **'જીવનું સ્વરૂપ આવું છે.'** લ્યો! ૪૧ કળશ થયો.

**(શાર્દૂલવિક્રીડિત)**

**वर्णाद्यैः सहितस्तथा विरहितो द्वेधास्त्यजीवो यतो**
**नामूर्तत्वमुपास्य पश्यति जगज्जीवस्य तत्त्वं ततः।**
**इत्यालोच्य विवेचकैः समुचितं नाव्याप्यतिव्यापि वा**
**व्यक्तं व्यञ्जितजीवतत्त्वमचलं चैतन्यमालम्ब्यताम्।।१०-४२।।**

**ખંડાન્વય સહિત અર્થ :– 'विवेचकैः इति आलोच्य चैतन्यम् आलम्ब्यताम्' ( विवेचकैः ) જેમને ભેદજ્ઞાન છે એવા પુરુષો ( इति ) જે પ્રકારે કહેવાશે તે પ્રકારે ( आलोच्य ) વિચારીને ( चैतन्यम् ) ચૈતન્યનો-ચેતનમાત્રનો ( आलम्ब्यताम् ) અનુભવ કરો. કેવું છે ચૈતન્ય? 'समुचितं' અનુભવ કરવા યોગ્ય છે. વળી કેવું છે? 'अव्यापि न' જીવદ્રવ્યથી ક્યારેય ભિન્ન હોતું નથી, ( अतिव्यापि वा ) જીવથી અન્ય છે જે પાંચ દ્રવ્યો તેમનાથી અન્ય છે. વળી કેવું છે? 'व्यक्तं' પ્રગટ છે. વળી કેવું છે? 'व्यञ्जितजीवतत्त्वम्' ( व्यञ्जित ) પ્રગટ કર્યું છે ( जीवतत्त्वम् ) જીવનું સ્વરૂપ જેણે, એવું છે. વળી કેવું છે? 'अचलं' પ્રદેશકંપથી રહિત છે. 'ततः जगत् जीवस्य तत्त्वं अमूर्तत्वं उपास्य न पश्यति' ( ततः ) તે કારણથી ( जगत् ) સર્વ જીવરાશિ ( जीवस्य तत्त्वं ) જીવના નિજસ્વરૂપને ( अमूर्तत्वम् ) સ્પર્શ, રસ, ગંધ, વર્ણગુણથી રહિતપણું ( उपास्य ) માનીને ( न पश्यति ) અનુભવતો નથી; [ભાવાર્થ આમ છે–કોઈ જાણશે**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**કે 'જીવ અમૂર્ત' એમ જાણીને અનુભવ કરવામાં આવે છે પણ એ રીતે તો અનુભવ નથી. જીવ અમૂર્ત તો છે પરંતુ અનુભવકાળમાં એમ અનુભવે છે કે 'જીવ ચૈતન્યલક્ષણ;'] 'यतः अजीवः द्वेधा अस्ति' ( यतः ) કારણ કે ( अजीवः ) અચેતન દ્રવ્ય ( द्वेधा अस्ति ) બે પ્રકારનાં છે. તે બે પ્રકાર કયા છે? 'वर्णाद्यैः सहितः तथा विरहितः' ( वर्णाद्यैः ) વર્ણ, રસ, ગંધ અને સ્પર્શથી ( सहितः ) સંયુક્ત છે, કેમ કે એક પુદ્‌ગલદ્રવ્ય એવું પણ છે; ( तथा विरहितः ) તથા વર્ણ, રસ, ગંધ અને સ્પર્શથી રહિત પણ છે, કેમ કે ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, કાળદ્રવ્ય અને આકાશદ્રવ્ય એ ચાર દ્રવ્યો બીજાં પણ છે, તે અમૂર્ત દ્રવ્યો કહેવાય છે. તે અમૂર્તપણું અચેતનદ્રવ્યોને પણ છે; તેથી અમૂર્તપણું જાણીને જીવનો અનુભવ નથી કરાતો, ચેતન જાણીને જીવનો અનુભવ કરાય છે. ૧૦–૪૨.**

---

૪૨.

**वर्णाद्यैः सहितस्तथा विरहितो द्वेधास्त्यजीवो यतो**
**नामूर्तत्वमुपास्य पश्यति जगज्जीवस्य तत्त्वं ततः।**
**इत्यालोच्य विवेचकैः समुचितं नाव्याप्यतिव्यापि वा**
**व्यक्तं व्यञ्जितजीवतत्त्वमचलं चैतन्यमालम्ब्यताम्।।१०-४२।।**

શું કહે છે? **'विवेचकैः चैतन्यमआलम्ब्यताम्' 'જેમને ભેદજ્ઞાન છે એવા પુરુષો...'** ધર્મી. **'જે પ્રકારે કહેવાશે તે પ્રકારે વિચારીને ચૈતન્યનો–ચેતનમાત્રનો અનુભવ કરો.'** આહાહા! એ ચૈતન્યસ્વરૂપ જે છે એ કાયમી ચીજ નિત્યાનંદ પ્રભુ છે એને અનુભવો. આહાહા! એ કર્તવ્ય છે. બાકી બધી ધૂળધાણીના કર્તવ્ય છે. આહાહા! છે? **'જે પ્રકારે કહેવાશે તે પ્રકારે વિચારીને ચૈતન્યનો-ચેતનમાત્રનો અનુભવ કરો.'** આહાહા!

**'કેવું છે ચૈતન્ય?' ''समुचितं' અનુભવ કરવાયોગ્ય છે.'** આહાહા! પુણ્ય અને પાપના ભાવ એ અનુભવ કરવા લાયક નથી. એ તો બંધના કારણ છે. આહાહા! અને આ ભગવાનઆત્મા.. ભારે! મોટો દરિયો હોય પણ એને કાંઠે ચાર હાથનું કપડું પયંચ હોય આટલું ચાર હાથનું. માણસ ચાર હાથનો ઊંચો અને કપડું ચાર હાથનું એટલે એની આંખમાં કપડું નજર આવે. વસ્તુ સમુદ્ર નજરમાં ન આવે. એમ જે પ્રાણી પુણ્ય અને પાપના રાગમાં રોકાઈ ગયો છે અથવા એક સમયની પર્યાયમાં રોકાણો છે તેને ભગવાન દેખવામાં આવતો નથી. અંદર મોટો દરિયો છે. આહાહા! એ આનંદનો સાગર છે, પ્રભુ! પણ રાગની આડમાં, પુણ્યના પરિણામની રુચિમાં એ દેખવામાં આવતો નથી. અથવા એક સમયની પર્યાય પ્રગટ છે તેની રુચિમાં ત્રિકાળ દ્રવ્ય જ્ઞાનમૂર્તિ પ્રભુ, અજ્ઞાનીને દેખવામાં, જોવામાં આવતો નથી. એને જો અને એને અનુભવ, હવે કહે છે, ગુલાંટ ખાઈ જા. આહાહા! વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્રાવણ સુદ ૧૧, મંગળવાર તા.૨૬.૦૭.૧૯૭૭
## કળશ - ૪૨-૪૩, પ્રવચન - ૫૦

'કળશટીકા' ૪૨મો કળશ ચાલે છે ને? થોડું આવ્યું હતું. ફરીને. આ અજીવ અધિકાર છે. એટલે? કે આત્મા જે આનંદ, જ્ઞાનસ્વરૂપ ચેતના છે એમાં અજીવપણું નથી. અજીવ એટલે શરીર, કર્મ અને શુભ-અશુભભાવ એ બધા અજીવ છે. એ ચૈતન્યના સ્વભાવથી ખાલી છે. એ અજીવપણું જીવ સ્વરૂપમાં નથી. ત્યારે તેનું સ્વરૂપ કેવું છે? એ કહે છે, જુઓ!

**'જેમને ભેદજ્ઞાન છે એવા પુરુષો...'** એટલે આત્માઓ. એટલે? જેને વાસ્તવિક ચૈતન્યતત્ત્વ ભગવાનઆત્મા, પુણ્ય અને પાપના રાગથી ભિન્ન ચેતનનું જેને ભેદજ્ઞાન છે. આહાહા! ભેદ એટલે જુદું. શરીરથી જુદો, પુણ્ય અને પાપના ભાવો જે શુભ-અશુભરાગ, એનાથી ભિન્ન એવું જેને ભેદજ્ઞાન, અજીવથી જીવસ્વરૂપ અંદર ભિન્ન છે (એવો જેણે અનુભવ કર્યો છે)... આહાહા! એવા જીવોએ **'જે પ્રકારે કહેવાશે તે પ્રકારે વિચારીને ચૈતન્યનો-ચેતનમાત્રનો અનુભવ કરો.'** આહાહા!

જેને ધર્મ કરવો હોય... આહાહા! તો એણે આ ચેતનાસ્વરૂપ જીવ, જેની સત્તામાં પર અને સ્વ જણાય એવો ચેતના સ્વભાવ, એની સન્મુખ થઈને એને અનુભવો. આહાહા! આવી વાત હવે. એનું નામ ધર્મ છે. જૈનધર્મ પરમાત્માએ જિનેશ્વરે કહેલો, એ જીતવું, જૈન એટલે જીતવું. એટલે કે એમાં પુણ્ય અને પાપના ભાવ થાય તેનાથી રહિત, ચૈતન્યનો અનુભવ કરવો, એણે રાગ-દ્વેષને જિત્યા એમ કહેવાય છે. આવી વાતું છે. જિન એટલે જીતવું. જીતવું કોનું? કે એના સ્વભાવમાં પુણ્ય અને પાપ આદિ નથી. તેનાથી રહિત થઈને સ્વરૂપનો અનુભવ કરવો, એણે રાગ-દ્વેષને જીત્યા, એ જૈનધર્મી જૈન છે, એ સમ્યગ્દષ્ટિ છે. આહાહા! આવી વાત છે. સમજાણું કાંઈ? છે ને?

**'ચૈતન્યનો-ચેતનમાત્રનો અનુભવ કરો.'** '**( आलम्ब्यताम् )**' આલંબન એમ. લ્યો, એમ લીધું. આત્મા એટલે જીવ આત્મા એ ચેતનાસ્વભાવવાળું ચેતન, ચેતનાસ્વભાવવાળો આત્મા, ચેતના એટલે જાણવું-દેખવું એવો જે સ્વભાવ એવો એ આત્મા, તેની સન્મુખ થઈને અને પુણ્ય અને પાપના ભાવો તે અજીવ છે તેનાથી વિમુખ થઈને. આવી વાત! એ ધર્મીનો ધર્મ આ રીતે છે કહે છે. આહાહા! ધર્મી એવો જે ભગવાનઆત્મા ચેતનાસ્વભાવવાળો, એને ચેતનાસ્વભાવથી અનુભવવો. આહાહા! એને પુણ્ય અને પાપના ભાવનો અભાવ કરી અને સદ્‌ભાવ જે ચેતનાસ્વભાવ છે (તેને અનુભવવો). આહાહા! આ રીત કેવી! જે ચૈતન્ય, જીવ ચેતના સ્વભાવ છે. એમાં એ પુણ્ય અને પાપના (ભાવ), શરીર, વાણી, મન તો જડ છે, પ્રત્યક્ષ પર છે. પણ અંદર જે શુભ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય એ પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અજીવ છે, ચેતનનો એમાં અભાવ છે અને ચેતનમાં એનો અભાવ છે. આહાહા! આવું જ્ઞાન! ભાઈ! ભવના અંતની રીત, સમ્યગ્દર્શન કોઈ અલૌકિક ચીજ છે. આહાહા!

સમ્યગ્દર્શન એટલે સત્યદર્શન. એટલે ભેદજ્ઞાનથી અહીંયાં વાત લીધી છે. કારણ કે અજીવ એમાં નથી ને? અને જીવ છે એ ચેતના સ્વભાવવાળું અસ્તિત્વ છે-હોવાપણે. એટલે એમાં અભાવની વાત કરી છે એટલે ભેદજ્ઞાનથી વાત લીધી છે. સમજાણું કાંઈ? બાકી તો ચેતના સ્વભાવવાળો ભગવાન, એના ઉપર દૃષ્ટિ આપતા એ ચેતનાસ્વભાવ એ સત્યાર્થ, ભૂતાર્થ વસ્તુ છે. અરે..! ભૂતાર્થ એટલે ઓલું ભૂત હશે? આ ભૂત-બૂત નથી થતાં? બાપુ! ભૂત એટલે છતો પદાર્થ છે. ભગવાનઆત્મા ચેતના સ્વભાવથી ભરેલો છતો પદાર્થ છે. એને અહીંયાં ભૂતાર્થ કહેવામાં આવે છે. ભૂત-અર્થ - છતો પદાર્થ અસ્તિ છે. આહાહા! એને સત્યાર્થ કહે છે. સત્ય પદાર્થ ત્રિકાળ ભગવાન... આહાહા! એવા ચેતનાસ્વભાવસ્વરૂપ જીવ, એને પુણ્ય ને પાપ ને કર્મ, શરીરથી અંતરમાં ભિન્ન કરી અને ચૈતન્યનો અનુભવ કરો. તમને સમ્યગ્દર્શન થશે અને તમને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવશે એમ કહે છે. 'જયસુખભાઈ'! આવી વાતું છે આ. આહાહા! અરે..! એ વાત સત્ય શું છે એ સાંભળવા ન મળે, એ શું કરે? આહાહા!

અહીં તો આ ચીજ છે. ભગવાન જિનેશ્વરદેવ પરમેશ્વરનો હુકમ આ છે. આહાહા! પ્રભુ! તારે ચૈતન્યનો અનુભવ કરવો હોય એટલે કે ધર્મ કરવો હોય... આહાહા! તો એ ચેતના સ્વભાવથી ભરેલો ભગવાન ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ (છે) તેના સન્મુખ થઈને અને પુણ્ય અને વિકારીભાવ છે એનાથી વિમુખ થઈને. **'ચેતનમાત્રનો અનુભવ કરો.'** ભાષા તો ઘણી ટૂંકી પણ.. આહાહા! ભાવ તો અલૌકિક છે, બાપુ! અત્યારે તો એ પ્રથા બધી વિંખાય ગઈ છે. ચેતના જેનું હોવાપણું, ચેતના જેનો સ્વભાવ, એવો જે ભગવાનઆત્મા, એને પર્યાય અને રાગની દૃષ્ટિથી છોડીને એને ત્રિકાળી ચેતનસ્વભાવ એવો જીવ તેને અનુભવો. આહાહા! આનું નામ ધર્મની પહેલી સીઢી. ધર્મની પહેલી શ્રેણી આને કહેવામાં આવે છે. એ આવ્યું હતું.

**'કેવું છે ચૈતન્ય? 'સમુચિતં'** સમ્યક્ પ્રકારે **'અનુભવ કરવા યોગ્ય છે.'** આહાહા! આવો ધર્મ ભગવાનનો હશે? જૈન પરમેશ્વરનો? માર્ગ તો આ છે. આહાહા! અત્યારે તો બહારમાં વ્રત, તપ, ભક્તિ, પૂજા કરો તમારે ધર્મ થશે (એવી પ્રરૂપણા ચાલે છે). અરે..! પ્રભુ! એ માર્ગ જુદા છે, ભાઈ! આહાહા! એ તો બધો વિકલ્પ અને રાગ છે, એ કંઈ ધર્મ નથી. એનાથી ભિન્ન ભગવાન ચૈતન્યસ્વરૂપી આત્મા બિરાજે છે એનો અનુભવ કરવો એનું નામ ધર્મ છે. આહાહા! ત્યાં એને ભવના અંતના નગારા વાગે છે. ભવનો અંત આવી ગયો. આહાહા!

ચેતનસ્વભાવ, જેમાં ભવ અને ભવના કારણોનો અભાવ (છે). ન્યાય-લોજિકથી તો કહેવાય છે પણ હવે પકડવું કઠણ પડે. અનાદિથી અભ્યાસ બીજો. આ અભ્યાસ ન મળે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા! આવે છે ને? શ્લોક. ભેદનો અભ્યાસ કરવો. ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો. આહાહા! પહેલો ભેદજ્ઞાનનો અભ્યાસ કરતા રાગથી ભિન્ન આત્મા અનુભવમાં આવે, પછી ભેદનો અભ્યાસ કરતા રાગથી ભિન્ન પડીને સ્થિરતા કરતાં ચારિત્ર થાય. આહાહા! સમજાણું કાંઈ?

એ અનુભવ કરવાને લાયક **'समुचितं'** સમ્યક્ પ્રકારે એ ઉચિત છે, એમ કહે છે. એ જ ઉચિત છે. એટલે શું? માણસ નથી કહેતા કે આ ઉચિત છે. અહીં સમ્યક્ પ્રકારે સત્ય ઉચિત આ છે. આહાહા! ચેતના સ્વભાવથી ભરેલો જીવ એ રાગ અને પુણ્યના ભાવથી ખાલી એટલે અભાવ (સ્વરૂપ છે), એનો સમ્યક્ પ્રકારે અનુભવ કરવો એ જ ઉચિત છે કહે છે. આહાહા! કહો, 'દેવીલાલજી'! આવું સ્વરૂપ પણ શું હશે? માંડ હાથ આવે નહિ. સાંભળવામાં મુશ્કેલ પડી જાય કે આ શું કહે છે આ? ભાઈ! તને ખબર નથી. વીતરાગ પરમાત્માનું ફરમાન તો આ છે. આહાહા! સમજાણું કાંઈ? ત્યાં સુધી તો આવ્યું હતું.

**'વળી કેવું છે?'** શું કેવું છે? ચેતના સ્વભાવ જીવ. આહાહા! છે ને? ચેતન સ્વભાવનો અનુભવ કેવો છે? **'જીવદ્રવ્યથી ક્યારેય ભિન્ન હોતું નથી,...'** શું? ચેતના જે સ્વભાવ છે તે જીવથી કોઈ દિ' ભિન્ન નથી રહેતો. આહાહા! ચેતના સ્વભાવ જે આત્મા, એ આત્માથી ચેતના સ્વભાવ કોઈ દિ' જુદો નથી રહેતો. આહાહા! પુણ્ય અને પાપના ભાવ તો આત્માથી જુદા રહે છે, જુદા વર્તે છે, જુદાપણે છે. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા અને આ શું હશે? અરે..! પ્રભુ! માર્ગ જુદા, ભાઈ! શું કરે? એને ખબરેય નથી. આહાહા!

ચોર્યાસી લાખ અવતાર કરી... આ જુઓને અત્યારે તો આ વનસ્પતિને જોઈએ છીએને નજરે. પાણીના પાણી પડે માથે. પાણીનું એક બિંદુ, એમાં અસંખ્ય તો એકેન્દ્રિય પ્રાણી અપકાયના જીવ છે. આહાહા! આ લીલોતરી... લીલોતરી... લીલોતરી... આહાહા! એકવાર અરે..રે..! આમાં એક માખી ચોખાનો કટકો ખાતી હતી. આ ચોખો હોય ને ચોખો? ઝીણો પડ્યો હતો અને માખી ખાતી હતી. હવે એને કાંઈ આખો ચોખો ન જોઈએ. એની જઠર થોડી. ચડેલો ચોખો. કીધું... આહાહા! આ પ્રાણી શું કરે છે? અંદર તો ચૈતન્યસ્વરૂપ ભગવાન છે આત્મા. પણ પર્યાયમાં ભાન નહિ અને શરીર જે મળ્યું તે હું. અને એને ખોરાક દેવો એ મારું કામ. આહાહા! સમજાણું કાંઈ? એ માખી ઉડે જ છે ને જો. એ ચોખાની કટકી પડી હતી. આમ પડી હતી. એમાં બરાબર આમ ધીમે ધીમે જરી... જરી... જરી... અંશ (લે). ઓલી સૂંઢ હોય ને સૂંઢ એની? એને જીભ ન હોય એને સૂંઢ હોય જરી, મોઢામાં મૂકીને... આહાહા! આ શું છે? આ શું કરે છે? એના શરીરનો ખોરાક એને આપે છે. પણ શરીર જ એનું નથી, ખોરાક એનો નથી.

આત્માનો ખોરાક તો એને કહે છે... આહાહા! જેમ એ સૂંઢ કાઢીને ચોખો ખાય છે એમ નિર્મળ પર્યાય દ્વારા ચોખ્ખો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાન, એને અનુભવવો એ ખોરાક લેવો. આહાહા! તે ભગવાનના માર્ગમાં સમ્યક્ પ્રકારે ઉચિત ગણવામાં આવે છે, એમ કહે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આહાહા! બાકી દયા, દાન અને વ્રત, ભક્તિના ભાવ, એ અનુભવવા તે અનુચિત છે. એ જીવનું સ્વરૂપ નથી. આહાહા! આવો માર્ગ! સમ્યક્ ઉચિત, એ જ ઉચિત છે એમ કહે છે. સમુચિત છે ને? એ જ વ્યાજબી છે, કહે છે. આહાહા! ચેતના સ્વભાવ જે નિત્ય છે એ જીવ સ્વરૂપ. એને અનુભવવું એ જ ઉચિત છે. આહાહા! પુણ્ય અને પાપના ભાવ મારા માનીને અનુભવવા એ અનુચિત છે. એ તો મિથ્યાત્વભાવ છે, કહે છે. કહો, 'ધર્મચંદજી'! આવું ક્યાંથી કાઢ્યું? કેટલાક કહે છે. અમે તો બધા સાંભળીએ એમાં સ્થાનકવાસીમાં એમ કહે, સામાયિક કરવી, પોષા કરવા, પડિક્કમણા કરવા. દેરાવાસીમાં જાત્રા, ભક્તિ ને તીર્થ ને ઉપધાન કરે છે ને? દોઢ દોઢ મહિનાના ઉપધાન. દોઢ મહિના સુધી ઉપધાન કરે ભગવાનની સામે. એક દિવસમાં સેંકડો ઉઠ-બેસ કરીને. બાપુ! એ વસ્તુ જુદી છે, ભાઈ! એ જડની ક્રિયા જુદી અને એમાં વિકલ્પ ઉઠે છે એ રાગ છે, એ જુદી ચીજ છે. અરે..! પ્રભુ! આ માર્ગ જુદા, નાથ! આહા!

અરે..! ચોર્યાસી લાખમાં રહેવું. અરે..! માખી કીધું ક્યારે મનુષ્યપણું પામે. આહાહા! માખી ચોખો ખાતી હતી. એઠા મોઢામાં રહી ગયો હોય ને એ રહી ગયો હતો. હવે આને આ ચોખો ખાવો ગોઠે છે. પણ ચોખ્ખો ભગવાન ચૈતન્ય સ્વભાવ નિર્મળાનંદ છે... આહાહા! એની ઉપર દૃષ્ટિ નથી, એનો આદર નથી, એનો સત્કાર નથી, એનો સ્વીકાર નથી. અને આ રાગ ને પુણ્ય અને એના ધૂળના ફળ આદિ, એનો ઝેરનો એને સ્વીકાર છે. આહાહા! સમજાણું કાંઈ?

**'જીવદ્રવ્યથી ક્યારેય ભિન્ન હોતું નથી,...'** શું? ચેતના.. ચેતના... ચેતના... જે કાયમી ધ્રુવ સ્વરૂપ જેનું–આત્માનું, એ કોઈ દિ' જીવથી જુદું નથી રહેતું. આહાહા! **'अतिव्यापि वा જીવથી અન્ય છે જે પાંચ દ્રવ્યો તેમનાથી અન્ય છે.'** આહાહા! ભગવાનઆત્માથી અન્ય છે. શું? પાંચ દ્રવ્યો. પુદ્ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ. આહાહા! **'પાંચ દ્રવ્યો તેમનાથી અન્ય છે.'** શું? ચેતના સ્વરૂપ. આહાહા! **'अतिव्यापि वा જીવથી અન્ય છે જે પાંચ દ્રવ્યો તેમનાથી અન્ય છે.'**

**'વળી કેવું છે? પ્રગટ છે.'** એ ચેતના સ્વભાવ અસ્તિપણે પ્રગટ છે. ભગવાનઆત્મા એનો ચેતના સ્વભાવ જાણવું, દેખવું એ પ્રગટ છે, વ્યક્ત છે. આહાહા! અસ્તિપણે મોજૂદ છે. ચેતનાસ્વભાવ એવો આત્મા એની મોજૂદગી અસ્તિ છે. આહાહા! એનું વિદ્યમાનપણું છે. આહાહા! સમજાણું કાંઈ? **'પ્રગટ છે.'**

**'વળી કેવું છે? 'व्यञ्जितजीवत्त्वम्' પ્રગટ કર્યું છે જીવનું સ્વરૂપ જેણે,...'** આહાહા! ચેતના સ્વરૂપ એણે જીવનું સ્વરૂપ પ્રગટ કર્યું છે એ જીવનું સ્વરૂપ છે. ચેતના સ્વભાવે જીવનું પ્રગટ કર્યું છે સ્વરૂપ. આહાહા! જાણનાર, દેખનાર તેવું તેણે જીવનું સ્વરૂપ જાણનાર, દેખનાર ભાવે પ્રગટ કર્યું છે (કે) આ આત્મા. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! અરે..! તને બહારમાં હોંશું વર્તે છે, એમાં તો આત્મા પિડાય છે, ભાઈ! તને તારા સ્વભાવની હોંશ ન મળે. આહાહા! સજ્જાય આવે છે ને? એમાં એ આવે છે. ચાર સજ્જાયમાળા નથી આવતી?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'હોંશિડા મત હોંશ ન કીજે.' એ સજ્જાય આખી છે. એક સજ્જાય નથી? એ તો અમે દુકાન ઉપર મગાવી હતી તે દિ'. (સંવત) ૧૯૬૫-૬૬ ની વાત છે, ૬૮ વર્ષ પહેલાની વાત છે. દુકાન ઉપર (મગાવી હતી). શ્વેતાંબરમાં ચાર સજ્જાય માળા છે. એક એક સજ્જાયમાળામાં અઢીસો સજ્જાયું છે. એક એક સજ્જાયમાં દસ-દસ, પંદર-પંદર કડીયું છે. એવી એવી ચાર સજ્જાયમાળા છે. અહીં તો પહેલેથી એનો રસ હતો ને. અહીં છે ચાર. ભાઈમાં છે ઘણું કરીને. કેવા ભાઈ? 'વછરાજભાઈ'. 'વછરાજભાઈ'ના કબાટમાં છે. એ ચાર તો મેં તે દિ' દુકાન ઉપર મગાવી હતી. ૬૬-૬૮ની વાત છે. સંવત્ ૧૯૬૬-૬૮. કેટલાકનો તો ત્યારે જન્મ પણ નહિ હોય. એમાં એક આ સજ્જાય આવી હતી. 'હોંશિડા મત હોંશ ન કીજે.' અરે..! હોંશિડા તું પરમાં હોંશ ન કર, ભાઈ! આહાહા! તારા વીર્યની સ્ફુરણામાં પરની હોંશ ન કર. આહાહા! એ ઝેરની હોંશુ છે, ભાઈ! ઝેરના પ્યાલા (છે). આહાહા!

એ અહીં કહે છે.. આહાહા! **'પ્રગટ કર્યું છે જીવનું સ્વરૂપ જેણે,..'** ચેતનાએ. જાગ્રત ચેતના... ચેતના... ચેતના... ચેતના... એણે પ્રગટ કર્યું છે જીવનું સ્વરૂપ. રાગથી જીવનું સ્વરૂપ પ્રગટ થતું નથી. આહાહા! સમજાણું કાંઈ? વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતનો પણ રાગ (એ ધર્મ નહિ). આકરું પડે. લોકો એમાં તો ધર્મ માને છે. આહાહા!

અહીં કહે છે એ ચેતના સ્વરૂપે જીવનું સ્વરૂપ પ્રગટ કર્યું છે. એવો ચૈતન્ય છે તેને અંતર જો. આહાહા! બહારને જોવાને તો તારો અનંતકાળ ગયો, પ્રભુ! આહાહા! પણ અંતર જોવાની તેં કોઈ દિ' નવરાશ લીધી નહિ. ફુરસદ નથી હમણા. ઘણા તો એવા વેપાર-ધંધાવાળાને પૂછે (તો કહે), બાપુ! મરવા આડે પણ ફુરસદ નથી હમણાં, એમ કહે. આહાહા! અરે..! મૂર્ખાઈના તે ગામ જુદા હશે? એમ બોલે. હમણા તો એટલો વ્યવસાય છે કે મરવા આડે (નવરાશ નથી). પણ મરીશ ત્યારે તો પડ્યો રહીશ ત્યાં ટાંગો તૂટીને. ફૂ.. થઈને. આહાહા! મરવા આડે નવરાશ નથી ક્યાં? મરીશ ત્યારે તો... આહાહા!

અહીં કહે છે, **'જીવનું સ્વરૂપ જેણે,...'** આહાહા! **'પ્રગટ કર્યું જીવનું સ્વરૂપ જેણે, એવું કેવું છે? પ્રદેશકંપથી રહિત છે.'** આહાહા! એ તો ધ્રુવ બિંબ, ચૈતન્યબિંબ જેમાં કંપન પણ નથી. કંપન એ પર્યાયનું લક્ષણ, વસ્તુમાં નથી. આહાહા! અથવા એ ચેતના જે છે તે પરને જાણતા છતાં પોતાના સ્વરૂપથી ચળ નથી થતું, એવું એ ચૈતન્ય સ્વરૂપ છે. સમજાણું કાંઈ? શું કહ્યું ઇ? એ પહેલા અચળમાં આવી ગયું હતું. આત્મા ચેતનાસ્વરૂપ ધ્રુવ ત્રિકાળ છે. તે જ્ઞાનમાં પરને જાણવા છતાં તે પોતાના ધ્રુવ સ્વભાવથી અથવા જાણવાની પર્યાયથી બહાર નથી નીકળતું. સમજાણું કાંઈ? પોતામાં રહીને પરને જાણે છે એથી એ ચળ નથી થતું, અસ્થિર નથી થતું. આહાહા! આવો તે જૈનનો માર્ગ હશે કે અન્યનો હશે! બાપુ! મારગડા આવા છે, ભાઈ!

તથા જગત **''ततः जगत् जीवस्य तत्त्वं अमूर्तत्वं उपास्य न पश्यति''** આહાહા! શું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે? **'તે કારણથી સર્વ જીવરાશિ...'** જગત એટલે જીવરાશિ. **'जीवस्य तत्त्वं જીવના નિજસ્વરૂપને...'** છે ને? **'अमूर्तत्वं उपास्य न पश्यति'** અમૂર્તપણે આત્માનો અનુભવ જ્ઞાની નથી કરતો. શું કહે છે એ? **'સર્વ જીવરાશિ જીવના નિજ સ્વરૂપને अमूर्तत्वं સ્પર્શ, રસ, ગંધ, વર્ણગુણથી રહિતપણું માનીને અનુભવતો નથી.'** શું ઇ કહે છે? કે આત્મા ચૈતન્યસ્વરૂપ છે એને અમૂર્ત છે એમ અનુભવતો નથી. એમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી એથી અમૂર્ત છે એમ અનુભવતો નથી. કારણ કે અમૂર્તપણું તો ધર્માસ્તિ, અધર્માસ્તિ, કાળ એ અમૂર્ત તો એ પણ છે. એટલે અમૂર્ત જાણીને આત્માને અનુભવતો નથી. અરે..રે..! સમજાણું કાંઈ આમાં? કેમ? કે અમૂર્તપણું તો ધર્માસ્તિ, અધર્માસ્તિ છ દ્રવ્ય છે ને? એમાં પાંચ તો અરૂપી (છે). એમાં આત્મા અરૂપી છે, અમૂર્ત છે અને બીજા ચાર પણ અરૂપી છે. એક આ શરીર પુદ્‌ગલ રૂપી છે. આ વાણી, આ પુદ્‌ગલ દેખાય. ભગવાને ધર્માસ્તિકાય તત્ત્વ જોયું છે. એક અધર્માસ્તિ, એક આકાશ અને કાળ અસંખ્ય દ્રવ્ય છે. એ બધા અમૂર્ત છે. તો જો અમૂર્ત કરીને અનુભવ કરે તો અમૂર્ત તો એ ચીજ પણ છે. આહાહા! એટલે ધર્મી જીવ ચેતનાને અમૂર્તપણે કરીને અનુભવતો નથી. કેમકે અમૂર્તપણું તો પરદ્રવ્યમાં પણ છે. એથી અમૂર્તપણે અનુભવી શકતો નથી. આહાહા! અતિવ્યાપ્તિ કહે છે. અમૂર્તપણું પોતે પણ છે અને અમૂર્તપણું ધર્માસ્તિ-અધર્માસ્તિ એમાં પણ છે. જો એને અનુભવે તો અતિવ્યાપ્તિ થઈ જાય. તો છોડી દે છે એને. સમજાણું કાંઈ? આહાહા! ઊંડે મિથ્યાત્વના કૂવે પડ્યો છે માળો એટલે એને ખબર નથી કે આ શું છે.

એક વાર એક માણસ, આદમી જુવાન ગુજરી જવાનું ટાણું હતું. અમારા ઘરમાં જ હતું. મોટા ભાઈ હતા. (સંવત) ૧૯૫૭ની સાલની વાત છે. ૫૭. તે દિ' અગિયાર વર્ષની ઉંમર હતી. એની વહુ આમ બેઠી તો રોતી હતી. શું રોતી હતી? આ બાયુ રોવે છે એમ રોતી. શું? અરે..રે..! ઊંડે કૂવે ઉતારીને દોરડા કાપ્યા. શું દોરડા...? કાંઈક કહે છે.

મુમુક્ષુ :– વરત કાપ્યા

ઉત્તર :– વરત કાપ્યા. એ ભાષા બધી... ઓલો કૂવો હોય ને? પછી કૂવામાં નીચે ઉતારે અને પછી વરત કાપી નાખે. એમ બાય રાંડી હતી ને? અમારા ભાઈની મરવાની તૈયારી હતી. એમાં પછી અસાધ્ય થઈ ગયેલા. ૧૯૫૭ની વાત છે. શરીર બહુ સુંદર હતું. 'મુંબઈ'માં મોટું લાઠીવાળા મોટા ગૃહસ્થો નહિ? સોની. 'રામજી ભગવાન' કે એમાં નોકર હતા. બહુ હોંશિયાર હતા. પાણી લાગેલું 'મુંબઈ'નું. તે દિ' બહુ હતું ને? તો એ બાયું રોતા. અરે..! શું કરવું એનાથી. ઊંડે કૂવે ઉતારી અમારી વરતુ કાપી. હાય.. હાય.. એમ કરીને રોવે. પણ એ ઊંડો કૂવો એ નથી.

સ્વરૂપના ભાન વિના પરને પોતાનું માનવું એ મિથ્યાત્વરૂપી ઊંડો કૂવો છે. આહાહા! એમાં તું ગયો, એમાં તારો સ્વભાવ કપાય ગયો છે. આહાહા! સમજાણું કાંઈ? એ દુઃખી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે, આ બાઈ દુઃખાણી. દુઃખાણીની વ્યાખ્યા શું પણ? ધણી મરી ગયો એમાં દુઃખાણી ક્યાંથી આવી ગઈ? દુઃખાણી તો એ છે કે ચૈતન્યના સ્વરૂપને રાગ અને પુણ્યવાળો માનવો એ જીવ છે એ દુઃખાણો જીવ છે, દુઃખીયો જીવ છે. આહાહા! સમજાણું કાંઈ? ઘણું ઘણું જોવાનું તો ઘણું જોયું હોય ને નાની ઉંમરમાંથી. પિતાજીની સ્વતંત્ર દુકાન હતી. એમાં નવ વર્ષ રહેલા. એટલે કાંઈ આપણે પરાધીન કે ક્યાંય કોઈ એવું કર્યું નથી. ઘરનું બધું સ્વતંત્ર હતું. ઘણું જોવાને મળેલું. આહાહા! શું કરે છે આ? કીધું.

પ્રભુ! તું ચૈતન્યસ્વરૂપ છો ને? એ અમૃતનો સાગર છો. આહાહા! એને ન સ્વીકારતા એનામાં પુણ્ય અને પાપ શરીર નથી તેનો સ્વીકાર (કરે છો) એ મિથ્યાત્વને ઊંડે કૂવે વયો ગયો છો તું, બાપા! એ ચૈતન્યના અમૃતના સાગરને તેં ડોલાવી નાખ્યો, નકાર કરી નાખ્યો. સમજાણું કાંઈ? આવી વાતું છે.

અહીં જીવનો **'જીવરાશિ જીવના નિજસ્વરૂપને...'** અમૂર્તપણે, સ્પર્શપણે અનુભવતો નથી. એમ આવ્યુંને? છે ને? ધર્મીજીવ આત્માને અનુભવે છે ત્યારે અમૂર્તપણે અનુભવતો નથી. કારણ કે અમૂર્તપણું તો પરદ્રવ્યમાં પણ છે એટલે એ અમૂર્તપણું એનું મૂળ લક્ષણ નથી. આહાહા! સમજાણું કાંઈ? **'કોઈ જાણશે કે 'જીવ અમૂર્ત' એમ જાણીને અનુભવ કરવામાં આવે છે પણ એ રીતે તો અનુભવ નથી.'** શું કહ્યું એ સમજાય છે કાંઈ? છે તો અરૂપી, અમૂર્ત આત્મા. પણ અમૂર્ત એનું ખરું લક્ષણ નથી. અમૂર્ત તો ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ભગવાને જે દ્રવ્ય કહ્યા છે એ બધા અરૂપી છે, અમૂર્ત છે. તો અમૂર્ત તો ત્યાં પણ છે અને અમૂર્ત તો આ પણ છે એટલે એ અમૂર્તપણે અનુભવી શકાય નહિ. આહાહા! આવી તો ન્યાય લોજિકથી વાત મુકી છે.

**'જીવ અમૂર્ત તો છે પરંતુ અનુભવકાળમાં એમ અનુભવે છે કે..'** આહાહા! **''જીવ ચૈતન્યલક્ષણઃ...''** આહાહા! એ ચેતના જાણવા-દેખવાનો સ્વભાવ એ દ્વારા અનુભવે છે. સમજાણું કાંઈ? આવો કઈ જાતનો ઉપદેશ હશે! ભાઈ! માર્ગ તો આવો છે, બાપુ! આહાહા! 'અનંતકાળથી આથડ્યો વિના ભાન ભગવાન, સેવ્યા નહિ ગુરુ સંતને મૂક્યા નહિ અભિમાન.' સત્ય વાત શું છે એ સંતોની (વાત) તેં સાંભળી નહિ. આહાહા! તને એમ લાગ્યું કે આ તો બધું નિશ્ચય છે, આ તો બધું આમ છે, વ્યવહાર મારો ઊડી જાય છે. એમ કરીને સત્ય વાતને તેં ઊડાડી દીધી છે. આહાહા! પણ એ સત્ય છે એ કોઈ દિ' ઊડે નહિ. આહાહા!

કહે છે કે ધર્મીજીવ આત્માને અમૂર્ત તરીકે અનુભવતો નથી. કેમકે અમૂર્તપણું તો પરદ્રવ્યમાં પણ છે. એ ચેતનલક્ષણે, ચૈતન્યથી અનુભવે છે. કેમકે એ ચૈતન્યપણું બીજામાં નથી. આહાહા! બીજા આત્માઓમાં ચેતન છે પણ આ ચેતનપણું તે એમાં નથી. સમજાણું કાંઈ? આવી વાત, લ્યો!

અરે..! ત્રણલોકના નાથ કેવળી પરમેશ્વર એ કોણ છે? બાપુ! એની લોકોને ક્યાં (ખબર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે?) એ તો ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં (બોલીને) અમે પંચ પરમેષ્ઠીને માનીએ છીએ. બાપા! એ અરિહંતને ઓળખવા અને એની આજ્ઞા જાણવી એ કોઈ અપૂર્વ વાતું છે. આહાહા! એ જિનેશ્વરદેવ જેને 'ક' બોલીએ એમાં અસંખ્ય સમય જાય, એના એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકની હયાતી છે માટે જાણે છે એમ નહિ (પણ) એની પર્યાયમાં જાણવાની તાકાત છે માટે જાણી લે છે. આહાહા! એવા અરિહંત પરમેશ્વર એમનો હુકમ આ છે, કે ધર્મ કરનારને ચૈતન્યસ્વભાવી આત્મા દ્વારા એને અનુભવ કરે એને ધર્મ થાય. આહાહા! કોઈ દયા પાળે, વ્રત પાળે ને ભક્તિ કરે માટે એને ધર્મ થાય એમ નથી. 'જશુભાઈ'! આહાહા! લોજિક-ન્યાયથી તો કહેવાય છે. લૌકિકમાં લોજિક હોય એને માને, આ લોજિક શું છે એની ખબર ન મળે. આહાહા!

**''જીવ ચૈતન્યલક્ષણ;...''** જોયું! આહાહા! એ વડે કરીને જણાય છે, અનુભવે છે. આ જાણનાર જાણનાર સ્વભાવ જે છે એ ચૈતન્ય છે, એ ચૈતન્ય છે. એમ જાણનાર સ્વભાવના લક્ષણે જીવને અનુભવે છે. આહાહા! એ અમૂર્તપણે જીવને અનુભવતો નથી. કેમકે અમૂર્તપણું છે એનું મૂળ લક્ષણ નથી. અમૂર્તપણું તો પરમાં પણ જાય છે. આહાહા!

મુમુક્ષુ :– અમૂર્તપણા ...

ઉત્તર :– એ અતિવ્યાપ્તિ થઈ ગઈ. આહાહા!

**'અચેતન દ્રવ્ય...'** **'કારણ કે અચેતનદ્રવ્ય બે પ્રકારનાં છે.'** શું કહે છે હવે? કે આત્માને ધર્મીજીવ અમૂર્તપણે નથી અનુભવતો. કેમ?કે અમૂર્ત બે પ્રકારે છે. વર્ણાદિ સહિત અને વિરહિત. અજીવ બે પ્રકારના છે. **'વર્ણ, રસ, ગંધ અને સ્પર્શથી સંયુક્ત...'** આ શરીર આદિ. વાણી, શરીર, લાડવા, દાળ,ભાત, શાક, પૈસા એ બધા રંગ, ગંધ, રસ, સ્પર્શ પુદ્ગલ જડ છે. એક એ (અજીવ). **'કેમકે એ પુદ્ગલદ્રવ્ય એવું પણ છે; તથા વર્ણ, રસ, ગંધ અને સ્પર્શથી રહિત પણ છે,...'** કોણ? ધર્માસ્તિ એક ધર્મદ્રવ્ય છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે ચૌદ બ્રહ્માંડમાં ધર્માસ્તિકાય તત્ત્વ જોયું. જીવ અને જડ આમ ગતિ કરે ત્યારે તેને ગતિમાં નિમિત્ત થાય એવું એક અરૂપી ધર્માસ્તિ નામનું તત્ત્વ છે. એ સર્વજ્ઞના જૈનશાસને કેવળીએ જ જોયું, બાકી બીજે કયાંય છે નહિ. આ ચૌદ બ્રહ્માંડ છે, ચૌદ રાજુલોક. પુરુષ ઊભો હોય આમ કેડે હાથ દઈને એવું આ જગત ચૌદ બ્રહ્માંડ પુરુષના આકારે ઊંચું છે. અસંખ્ય યોજન. એવા ચૌદ બ્રહ્માંડમાં ધર્માસ્તિ નામનું એક તત્ત્વ ભગવાને કહ્યું છે કે જે જીવ અને જડ ગતિ કરે ત્યારે એ ધર્માસ્તિ નિમિત્ત બને.

જેમ પાણીમાં માછલીનું નિમિત્ત છે. માછલી ગતિ કરે ત્યારે પાણી નિમિત્ત છે. એ બાહ્યની વાત છે. એમ જીવ અને જડ ગતિ કરે તો અભ્યંતરમાં એ ધર્માસ્તિ એક અરૂપી તત્ત્વ છે, એ એને નિમિત્ત છે. એ અમૂર્ત છે. એક અધર્માસ્તિ તત્ત્વ છે કે જે જીવ ને જડ ગતિ કરતા થંભી જાય તો તેને સ્થિરતામાં અધર્માસ્તિ નામનું (દ્રવ્ય નિમિત્ત છે). જેમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વટેમાર્ગુ ચાલતા ઝાડ આવે અને બેસી જાય એને એ ઝાડ નિમિત્ત કહેવાય. ઝાડ કહેતું નથી કે અહીં બેસી જા. પણ બેસે તો એ ઝાડ એને નિમિત્ત કહેવામાં આવે. એમ ગતિ અને સ્થિરતા કરતાં જીવ, સ્થિરતા કરતાં, એક અધર્માસ્તિ નામનું તત્ત્વ છે કે જે સ્થિરમાં નિમિત્ત છે. પણ કોને? ગતિ કરતાં સ્થિર કરે એને. સમજાણું કાંઈ? આહાહા! એ પણ અરૂપી છે. પરમેશ્વર જિનેશ્વરદેવે જોયેલું એ તત્ત્વ અરૂપી છે. અત્યારે અંગ્રેજીમાં કાંઈક કહે છે ખરા બીજું.

મુમુક્ષુ :- ઇથર..

ઉત્તર :- ઇથર-ઇથર હા ઇથર કહે છે. અંગ્રેજીમાં એને ઇથર કહે છે. પણ આ કાંઈ ઇથર નથી. આ તો અલૌકિક બીજી ચીજ છે. અંગ્રેજીમાં... એને ક્યાં...? એનું જે વિજ્ઞાન છે એ તો બધું સમજવા જેવું છે. આ તો સર્વજ્ઞનું વિજ્ઞાન છે. આ તો વિજ્ઞાનનું વિજ્ઞાન છે.

એ અધર્મ (થયું). કાળ છે. આ ચૌદ બ્રહ્માંડમાં આકાશના અસંખ્ય પ્રદેશે એક એક પ્રદેશે એક એક કાળાણુ છે. ઝીણી વાત છે. કાળાણુ અરૂપી એક પદાર્થ છે. એવા અસંખ્ય અણુઓ છે કાળાણુદ્રવ્ય. એ અરૂપી છે. ભગવાને, પરમેશ્વરે કેવળજ્ઞાનમાં જોયા છે. એ અરૂપી છે. આકાશ સર્વવ્યાપક (છે). લોકમાં પણ છે અને આ લોકની સ્થિતિ છે એ અસંખ્ય યોજનમાં છે. આ જગત છે ને આમ પહોળું અને આમ ઉંચું એ અસંખ્ય યોજનમાં છે. અને પછી ખાલી ભાગ છે ત્યાં પણ આકાશ તો છે. અસંખ્ય યોજનનું આ ચૌદ બ્રહ્માંડનો જ્યાં છેડો આવ્યો પછી શું? પછી લોક નથી. જીવ જડ એમાં નથી. એ ખાલી એક આકાશ છે. અહીંયાં અને અહીંયાં એમ સર્વવ્યાપક આકાશ છે. આહાહા! એ પણ અરૂપી અમૂર્ત છે. માટે અમૂર્તપણાનું ધ્યાન કરીને આત્મા અનુભવી શકે એમ નથી, એમ કહે છે. આત્મા પણ અમૂર્ત અને એ પણ અમૂર્ત છે. પણ બે અમૂર્તમાં બે ખીચડો આવ્યો. આહાહા! આવી વાત હવે. બાપુ! આ તો જ્ઞાનનો માર્ગ છે. આહાહા!

**'ચાર દ્રવ્યો બીજા પણ છે, તે અમૂર્ત દ્રવ્યો કહેવાય છે. તે અમૂર્તપણું અચેતન દ્રવ્યોને પણ છે; તેથી અમૂર્તપણું જાણીને જીવનો અનુભવ નથી કરતો,...'** આહાહા! કારણ કે અમૂર્ત એ જીવનું મૂળ લક્ષણ નથી. મૂળ લક્ષણ ચેતના-જાણનાર-દેખનારના લક્ષણે લક્ષિત થાય એ આત્મા છે. આવી વાતું, લ્યો!

મુમુક્ષુ :- પોતાની વાત છે.

ઉત્તર :- વાત આવી છે. છે ને? આમાં છે એનો અર્થ થાય છે. એમાં છે કે નહિ? વાંચતા પણ આવડવું જોઈએને પાછું. પોતાની દૃષ્ટિ રાખીને વાંચે તો સમજાય નહિ કાંઈ.

**'ચેતન જાણીને જીવનો અનુભવ કરાય છે.'** ઠીક! આ સરવાળો. આહાહા! એ તો ચેતન જાણવું-દેખવું, જાણનાર-દેખનાર તે ભગવાનઆત્મા છે. એ ચેતના લક્ષણથી અંદરમાં જતાં અનુભવ થાય છે. એનું નામ ધર્મ અને એનું નામ સમ્યગ્દર્શન કહેવાય છે. આહાહા! સમજાણું? એ ૪૨ થયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(વસંતતિલકા)

जीवादजीवमिति लक्षणतो विभिन्नं
ज्ञानी जनोऽनुभवति स्वयमुल्लसन्तम्।
अज्ञानिनो निरवधिप्रविजृम्भितोऽयं
मोहस्तु तत्कथमहो बत नानटीति।।११-४३।।

ખંડાન્વય સહિત અર્થ :– 'ज्ञानी जनः लक्षणतः जीवात् अजीवम् विभिन्नं इति स्वयं अनुभवति' ( ज्ञानी जनः ) સમ્યગ્દૃષ્ટિ જીવ, ( लक्षणतः ) જીવનું લક્ષણ ચેતના તથા અજીવનું લક્ષણ જડ એવો મોટો ભેદ છે તેથી ( जीवात् ) જીવદ્રવ્યથી ( अजीवम् ) અજીવદ્રવ્ય-પુદ્‌ગલ આદિ ( विभिन्नं ) સહજ જ ભિન્ન છે, ( इति ) આ પ્રકારે ( स्वयं ) સ્વાનુભવપ્રત્યક્ષપણે ( अनुभवति ) આસ્વાદ કરે છે. કેવો છે જીવ? કેવું છે જીવદ્રવ્ય? 'उल्लसन्तम्' પોતાના ગુણ-પર્યાયથી પ્રકાશમાન છે. 'तत् तु अज्ञानिनः अयं मोहः कथम् अहो नानटीति बत' ( तत् तु ) આમ છે તો પછી ( अज्ञानिनः ) મિથ્યાદૃષ્ટિ જીવને ( अयं ) જે પ્રગટ છે એવો ( मोहः ) જીવ-કર્મના એકત્વરૂપ વિપરીત સંસ્કાર ( कथम् नानटीति ) કેમ પ્રવર્તી રહ્યો છે ( बत अहो ) એ આશ્ચર્ય છે! ભાવાર્થ આમ છે કે સહજ જ જીવ-અજીવ ભિન્ન છે એવું અનુભવતાં તો બરાબર છે, સત્ય છે; મિથ્યાદૃષ્ટિ જે એક કરીને અનુભવે છે તે આવો અનુભવ કઈ રીતે આવે છે એ મોટો અચંબો છે. કેવો છે મોહ? 'निरवधिप्रविजृम्भितः' ( निरवधि ) અનાદિ કાળથી ( प्रविजृम्भितः ) સંતાનરૂપે પ્રસરી રહ્યો છે. ૧૧–૪૩.

---

૪૩.

जीवादजीवमिति लक्षणतो विभिन्नं
ज्ञानी जनोऽनुभवति स्वयमुल्लसन्तम्।
अज्ञानिनो निरवधिप्रविजृम्भितोऽयं
मोहस्तु तत्कथमहो बत नानटीति।।११-४३।।

આહાહા! ''ज्ञानी जनः लक्षणतः जीवात् अजीवम् विभिन्नं इति स्वयं अनुभवति' ( ज्ञानी जनः )' ધર્મીજીવ **'સમ્યગ્દૃષ્ટિ જીવ, જીવનું લક્ષણ ચેતના તથા અજીવનું લક્ષણ જડ એવો મોટો ભેદ છે...'** આહાહા! શુભ-અશુભ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ પણ અજીવ છે, એમ કહે છે. એમાં ચેતના જીવ એમાં નથી. આવી વાત આકરી પડે. જ્ઞાનીને રાગ આવે, પણ તે રાગ અજીવ તરીકે જાણીને એનાથી ભિન્ન પોતાને જાણે છે. આહાહા! સમજાણું કાંઈ? શું કહેવાય તમારે? નિશાળ-કોલેજ... કોલેજ. કોલેજમાં પ્રોફેસર આવે, એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એક કલાક ભાષણ આપે. પછી ઓલા સમજે-ન સમજે (કાંઈ નહિ). એક કલાક ભાષણ એમાં પૂછવા પણ ન દે. 'જયસુખભાઈ'! કોલેજમાં હજાર, બે હજાર, પાંચ હજાર છોકરા હોય. એક કલાક ભાષણ આપે. ઓલાને સમજવાનો અવસર ન રહે. બસ, કહીએ છીએ એ સાંભળો. પ્રશ્નનો અવકાશ નથી. અહીં પરમાત્મા કહે છે કે અમે કહીએ છીએ તે સાંભળો અને સમજો. આ વીતરાગ પ્રોફેસર છે. આહાહા! અમે કહીએ છીએ તે સાંભળો અને સમજો. તમારા પ્રશ્નને તેમાં અવકાશ નથી. એવો સ્વભાવ છે તેની અમે વાત કરીએ છીએ. સમજાણું કાંઈ? આહાહા!

**'સમ્યગ્દષ્ટિ જીવ, જીવનું લક્ષણ ચેતના તથા અજીવનું લક્ષણ જડ...'** એ અજીવમાં બધા આવી ગયા, હોં! શુભ અને અશુભભાવ પણ અજીવમાં રહી ગયા. આહાહા! ભગવાનઆત્મા ચૈતન્ય લક્ષણે... આહાહા! અંદર બિરાજમાન પ્રભુ છે કહે છે. તું પોતે (છો) પણ તારી તને કિંમત નથી. તારી તને ખબરું નથી, તારી ચીજનું મહાત્મ્ય શું છે એની તને ખબર નથી. બહારની ચીજ જોવા નીકળા. આહાહા! આ છોડીને જ્યારે વળાવે ને? ત્યારે પચ્ચીસ-પચાસ હજાર લાખ આપે ને? વીંઝણા ને... શું કહેવાય? વીંઝણા, સોનું. પાંચ હજાર(નું) તોલા સોનું આપીએ છીએ, ખાટલામાં પાથરે અને બધા જોવા આવે. બધાને બોલાવે. છોડીને દહેજમાં આપીએ છીએ. દહેજ ને?

મુમુક્ષુ :– કરિયાવર

ઉત્તર :– કરિયાવર-કરિયાવર. આ પણ ભાષા ભાઈ તમારી... કરિયાવર બધો પાથરે આમ ઢોલ ઉપર. ઘરમાં હતું ને અમારે એ બધું. જોયું છે. પછી બધા કુટુંબીઓ જોવા આવે. આટલું આટલું આપે છે. પચાસ સાડલા છે. પછી ફલાણું છે. આ એક એક સાડલો પાંચસે-પાંચસેનો છે. એના છેડામાં સોનેરી.. છેડા હોય ને છેડા? એમાં સોનેરી પાતળી શું કહેવાય? ગુંથ્યું હોય. એ બધું ઉપર રાખે. આ સાડલો સોનેરીવાળો છે, આ ફલાણાવાળો છે. કરિયાવર સમજો છો શેઠ? દહેજ-દહેજ. શેઠિયા તો બધા છોડીને લાખો રૂપિયા આપે. મારવાડમાં તો એવો રીવાજ છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પણ એ લોકોને મારવાડમાં એવો બહુ રિવાજ છે. કરિયાવર બહુ આપે. લાખ-લાખ રૂપિયા સાધારણ માણસ (ખર્ચે) મારવાડી. બિચારા ઘસાય. કરોડોપતિ હોય એને કાંઈ વાંધો નહિ પણ સાધારણ હોય એ બિચારાને મુશ્કેલ પડે એવું છે. અહીં તો પરમાત્માએ કરિયાવર કાઢ્યો છે તારો. ચેતના સ્વભાવ એ તારું સ્વરૂપ છે એ તારો કરિયાવર છે. એમાં જોવા તો આવ, જાણવા તો આવ એમ કહે છે. આહાહા! છે ને?

**'જીવનું લક્ષણ ચેતના તથા અજીવનું લક્ષણ જડ એવો મોટો ભેદ છે તેથી જીવદ્રવ્યથી પુદ્‌ગલ આદિ સહજ જ ભિન્ન છે, આ પ્રકારે સ્વાનુભવપ્રત્યક્ષપણે આસ્વાદ કરે છે.'** આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ધર્મીજીવ પોતાના ચેતનસ્વભાવથી આત્માને, પરથી ભિન્ન આસ્વાદે છે, એનો સ્વાદ લે છે, કહે છે. આહાહા! છે? સમ્યગ્દૃષ્ટિ જીવ એને કહીએ કે પુણ્ય અને પાપને પરથી ભિન્ન પોતાના આત્માના ચૈતન્યનો સ્વાદ લે. અનુભવે એટલે સ્વાદ લે. આહાહા! આત્માનો સ્વાદ લે. અરે..રે..! દાળના સ્વાદ ને ચૂરમાના સ્વાદ ને પતરવેલીયાના (સ્વાદ)... આ અળવીના પાનના થાય છે ને? પતરવેલિયા નહિ મોટા લાંબા. પછી લોટ નાખીને વાળી લે. કટકા કરીને તળે પછી. ચુરમાના લાડવા હોય એમાં પતરવેલીયા.. આમ કરીને... ધરાય ગયા. આહાહા! ધર્મથી ભૂખ્યો છો, બાપા! તને ભાન નથી. એ ધરાણો નથી. આ આત્માના અંતર સ્વરૂપમાં સ્વાદમાં જાય ત્યારે તને તૃપ્તિ વળે એવું છે. આહાહા!

મુમુક્ષુ :– દરેક કળશમાં અનુભૂતિની જ વાત કરી છે.

ઉત્તર :– વસ્તુ એ છે ને. આહાહા! અનુભૂતિ એ જ ધર્મ છે અને અનુભૂતિ એ જ આત્માનું આચરણ છે. બાકી બધા થોથા છે. આહાહા! શું કીધું?

**'આ પ્રકારે સ્વાનુભવપ્રત્યક્ષ...'** **'સ્વયં'** એમ કીધું ને? **'સ્વયં'** જેમાં હવે વ્યવહારરત્નત્રયનો રાગ એની પણ અપેક્ષા નથી. એવો ભગવાન ચેતના સ્વયં-પોતે પોતાથી... આહાહા! **'સ્વાનુભવપ્રત્યક્ષપણે...'** સ્વયં આસ્વાદો. આહાહા! સમજાણું કાંઈ? આ એની ધર્મ સમજવાની, ધર્મ પામવાની રીત છે. સમજાણું કાંઈ? મોંઘુ લાગે પણ માર્ગ તો આ છે. સમજાણું કાંઈ? આહાહા!

શીરો કરે તો એની સાસુ કે એની મા છોડીને શીખવે. એમ શીખવે છે. પહેલા ઘીમાં લોટ શેકવો અને પછી ગોળ અને સાકરના પાણી નાખવા. તો શીરો થાય. પણ કોઈ એવી ભડની દીકરી નીકળી કે આ તો લોટ ઘી પી જાય છે. તો શું કરવું? પછી ગોળનું પાણી નાખવું છે ને? તો પહેલા ગોળના પાણીમાં અને સાકરના પાણીમાં લોટ શેકો અને પછી નાખો ઘી. પોટીશ પણ નહિ થાય, તને ખબર નથી. શીરા તો ક્યાંથી થાતા હતા. એની વિધિ ને રીત છે એની તો તને ખબરું ન મળે. મોંઘુ પડે છે પણ. લોટમાં ઘી શેકતા ઘી લોટ પી જાય છે. એટલે પછી શીરો મોંઘો પડે છે. એટલે સોંઘો અમારે કરવો છે.

એમ આ રીતે જેને આવડતું નથી એને સોંઘો ધર્મ કરવો છે બીજી રીતે. નહિ થાય. મરી જઈશ. શીરા-બીરા નહિ થાય. આહાહા! સમજાણું કાંઈ? પોટીશ-પોટીશ નથી થાતી આ? ગુમડા ઉપર (લગાડે). એ પોટીશમાં ઘી.. સાંભળેલું હોય. આપણે કર્યું છે કાંઈ નથી. પણ આ બાયુ કહે. એવી પોટીશ કરે એમાં જાતું વળતું ઘી નાખે એમ કહે. જાતું વળતું ઘી નાખે એમ કહે. એનો અર્થ શું? જાતું વળતું એટલે ઘી બહુ પડે પણ નહિ અને થોડું પડ્યા વિના રહે પણ નહિ. એનું નામ જાતુંવળતું. એમ બાયુ કહે એ સાંભળેલું. આપણને કાંઈ એવા ગુમડા પણ થયા નથી અને એવી પોટીશ (લગાડી નથી).

એમ જેને ભાન નથી કે આત્મા અંતર ચેતનાસ્વરૂપથી અનુભવ થઈ શકે, એ બીજી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રીતે જો સહેલું કરવા જાય કે આ દયા, દાન ને વ્રત ને ભક્તિથી અમને સહેલું મળે. એ સહેલું નથી. ચાર ગતિમાં રખડી મરીશ. એ શીરા નહિ થાય તારા. આવી વાતું છે. આહાહા! ગરીબ માણસ હોય તો ઘી ન નાખે. તેલનો કરે. કોળી ને હોય ને? સાધારણ માણસ હોય એ તેલનો શીરો કરે. પણ કાંઈ પાણીમાં શીરા થાતા હશે? અને પહેલા લોટમાં સાકરનું પાણી નાખીને શેકે અને પછી ઘી નાખે શીરા થતા હશે? એમ ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ, એના ચેતનના અનુભવથી તે અનુભવવાને ધર્મ થાય એવો છે. એને મોંઘો પડે માટે દયા, દાન અને વ્રત, ભક્તિથી ધર્મ થાય એમ કરવા જાય તો તારું બધું જશે. તારો અવતાર એળે જશે, ભાઈ! આહાહા! કહો, 'શુકનલાલજી'! જગતથી તો ઊંધુ બહુ, બાપુ! આ તો. માર્ગ જ જુદા, બાપા! આહાહા!

સોંઘુ કરવા (ભાટેનો) દાખલો આપીએ છીએને ઘણીવાર? વાણિયા બહુ કંજુસ હોય પછી દૂધી લેવા જાય. ગામડામાંથી આવ્યા હોય બે-પાંચ મણ, દોઢ મણ લઈને. અને ખપી ગયું હોય મણ, પાંચસો રહ્યું હોય. પહેલા તો બે પૈસા અને ચાર પૈસા શેર હતું ને? હવે વળી આઠ આના શેરના. એટલે પછી વેચાઈ ગયું હોય ને પછી ટૂવા રહ્યા હોય ને ટૂવા. એવું રહ્યું હોય શેર, બે શેર, પાંચ શેર દૂધી. પછી કંજુસ વાણિયો આવ્યો કે, ભાઈ! જુઓ અમે આઠ આના શેર વેચ્યું છે. આ તમને ત્રણ આના, ચાર આના શેર આપીએ છીએ. ટૂવો કોઇક છે એમ કહે. ટૂવો સમજો છો ને? ડંખ. સોઘું લઈને ઘરે જાય ત્યાં આખો ટૂવો, કટકો પણ સાચો ન મળે. આ સોંઘુ કરવા ગયા ત્યાં મોંઘુ થઈ ગયું. આહાહા!

એમ આત્માનો ધર્મ અંદર ચેતનાસ્વભાવનો અનુભવ જોઈએ, એ મૂકીને આ સહેલું કરવા ગયા, દયા, દાન, વ્રત, તપ ને ભક્તિથી આત્મા મળશે. એ સડી ગયેલું મળશે તને. આહાહા!

અહીં ઇ કહે છે. **'આસ્વાદો.'** આહાહા! **'કેવો છે જીવ?'** વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**શ્રાવણ સુદ ૧૨, બુધવાર તા.૨૭.૦૭.૧૯૭૭**
**કળશ - ૪૩, પ્રવચન - ૫૧**

'કળશટીકા' અજીવ અધિકાર છે. ૪૩. ૪૩મો કળશ છે. ફરીને.

**'ખંડાન્વય સહિત અર્થ :–'** થોડું ચાલ્યું છે. ફરીને. **''ज्ञानी जनः लक्षणतः जीवात् अजीवम् विभिन्नं इति स्वयं अनुभवति''** કહે છે કે ધર્મ કોને કહીએ? અને ધર્મી કોને કહેવાય? આહાહા! જ્ઞાની, **'સમ્યગ્દષ્ટિ જીવ,...'** કેવો છે? કે **'જીવનું લક્ષણ ચેતના...'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાનઆત્માનું લક્ષણ તો ચેતના, જાણવું-દેખવું એ લક્ષણ છે.

મુમુક્ષુ :– લક્ષણ એટલે શું?

ઉત્તર :– લક્ષણ એટલે જેનાથી ચીજ લક્ષમાં આવે એ લક્ષણ છે. જે લક્ષણથી જે ચીજ લક્ષમાં આવે એનું નામ લક્ષણ છે. તો ચેતના જાણવું-દેખવું એ લક્ષણ છે. એનાથી જીવ લક્ષમાં આવે છે, ધ્યેયમાં આવે છે, દૃષ્ટિમાં આવે છે તેને લક્ષણ કહે છે. ઝીણી વાત છે, ભાઈ! જૈનધર્મ વીતરાગનો ધર્મ બહુ ઝીણો છે.

અહીં તો કહે છે કે આ આત્મા જે છે એનું લક્ષણ ચેતના છે. એટલે કે એ જાણવું-દેખવું એ લક્ષણથી આત્મા લક્ષમાં આવે છે. અને અજીવનું લક્ષણ... છે? **'અજીવનું લક્ષણ જડ...'** અર્થાત્ આ શરીર, કર્મ એ બધા જડ છે. એ તો ઠીક પણ અંદરમાં જે દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો વિકલ્પ, રાગ ઊઠે છે એ પણ જડ છે. એ આત્મા નહિ.

મુમુક્ષુ :– સ્પર્શ, રસ, ગંધ, વર્ણ તો નથી.

ઉત્તર :– સ્પર્શ, ગંધ નથી. અરૂપી છે પણ એમાં જ્ઞાનનો અંશ, ચૈતન્યનો અંશ નથી તેથી વ્રત, તપ, ભક્તિ અને પૂજાનો જે વિકલ્પ ઊઠે છે (તેને જડ કહેવામાં આવે છે). ઝીણી વાત છે, પ્રભુ! માર્ગ બહુ ઝીણો છે. અત્યારે તો બહુ ફેરફાર થઈ ગયો છે. આહાહા! આ પડિમા લેવાનો ભાવ, વ્રતનો ભાવ, ભક્તિનો ભાવ, પૂજાનો ભાવ એ બધો રાગ છે, જડ છે.

મુમુક્ષુ :– શાસ્ત્ર વાંચવાનો ભાવ?

ઉત્તર :– શાસ્ત્ર વાંચવાનો વિકલ્પ પણ જડ છે. આવી વાત છે, ભાઈ! ધર્મનો માર્ગ સૂક્ષ્મ છે. લોકો બહારના આચરણથી જાણે માની બેઠા કે ધર્મ થઈ ગયો. સમજાણું કાંઈ? શું કહે છે? જુઓ!

**'જીવનું લક્ષણ ચેતના...'** અર્થાત્ એ જાણવા-દેખવાના સ્વભાવથી એ સ્વભાવવાન અનુભવમાં આવે છે. આહાહા! આવી વાત છે. આ ત્રીજી લીટી છે ને? **'જીવનું લક્ષણ ચેતના...'** એનો અર્થ થાય છે કે, જીવ જે ભગવાનઆત્મા અંદર છે, એ તો જ્ઞાન-દર્શન, જાણવા-દેખવાના લક્ષણથી જણાય છે. અને બંધનું લક્ષણ રાગ છે. ચાહે તો વ્રત, તપ, ભક્તિ, પૂજાનો ભાવ હોય પણ એ બધો રાગ છે, એ બંધનું લક્ષણ છે, એ જડનું લક્ષણ છે એમ કહે છે. આહાહા! આકરી વાત.

મુમુક્ષુ :– જૈનધર્મનું લક્ષણ નહિ?

ઉત્તર :– એ રાગ એ જૈનધર્મ જ નથી. આહાહા! આકરી વાત, ભાઈ! અત્યારે તો બહુ ફેરફાર થઈ ગયો છે. બધાની ખબર છે ને. સમજાણું કાંઈ?

અહીં તો પરમાત્મા જિનેશ્વરદેવની જે વાણી છે એ સંતો, આનંદમાં ઝુલનારા વીતરાગી મુનિઓ આડતિયા થઈને ભગવાનની વાણી બતાવે છે કે માલ આ છે. આહાહા! સમજાણું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાંઈ? 'જયસુખભાઈ'! આકરી વાત, પ્રભુ! શું કહીએ? અરે..રે..! અત્યારે તો હજી વ્યવહાર શું એની પણ ખબર નથી. વ્યવહાર જે આવે છે દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત, તપનો વિકલ્પ છે એ રાગ છે. અહીં એ રાગને જડ કહ્યો છે. કેમકે રાગ પોતાને જાણતો નથી અને રાગ સાથે ચેતન છે તેને જાણતો નથી. અને એ રાગ ચેતન દ્વારા જણાય છે એ કારણે રાગને જડ અને અચેતન કહેવામાં આવ્યો છે. આહાહા! સમજાણું કાંઈ? વાત ઝીણી છે, ભગવાન! શું કહીએ?

મુમુક્ષુ :- કોઈ ઠેકાણે તો એમ કહ્યું છે કે આત્મામાંથી નીકળી જાય છે માટે જડ કહેવામાં આવે છે.

ઉત્તર :- એનો અર્થ જ એ છે. એમાં ચૈતન્યસ્વરૂપ જે આત્મા છે એનું કિરણ એમાં નથી. જ્ઞાનનો, ચેતનનો જાણવું-દેખવું એ અંશ રાગમાં નથી. આહાહા! સમજાણું કાંઈ? 'જયસુખભાઈ'! આવી વાત છે.

ભગવાન અંદર આત્મા જે છે એ જીવ કહો, આત્મા કહો, ભગવત્‌સ્વરૂપી આત્મા છે. એનું લક્ષણ તો જાણવું-દેખવું, જાણવા-દેખવાના લક્ષણથી જણાય છે. એ કોઈ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી આત્મા જણાય છે એવી ચીજ-વસ્તુ નથી. આહાહા! એવો જિનેશ્વર દેવનો જગતને પોકાર-હુકમ છે. સમજાણું કાંઈ? એ અહીં કહે છે.

**'અજીવનું લક્ષણ જડ એવો મોટો ભેદ છે...'** 'હિંમતસિંહજી'! છે? કદી સાંભળ્યું ન હોય એવી વાત છે અહીંયા. હમણા તો ત્યાં કહ્યું હતું ને ઓલું 'જ્ઞાનચંદજી'! ગયા હતા ને? પણ આ ચીજ બીજી છે, ભગવાન! શું કહીએ? અહીં બે વાતમાં મોટો ભેદ છે.

આત્મજ્ઞાન વિના જે કાંઈ વ્રત ને તપ કે ભક્તિ આદિનો ભાવ છે એ તો જડ છે, રાગ છે. પણ આત્મજ્ઞાનસહિત આત્માનો અનુભવ થયો કે હું તો આનંદ અને જ્ઞાનાનંદ સહજાનંદ સ્વરૂપ છું. આહાહા! એવો જે આત્માનો અતીન્દ્રિય આનંદ છે, એનો પરથી ભિન્ન થઈને, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો, એનું નામ ધર્મ અને એનું નામ મોક્ષનો માર્ગ છે. આહાહા! અને એનાથી ભિન્ન જેટલા ભાવ છે એ બધા જડ અને જડ લક્ષણ છે. આહાહા! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય, એ ભાવ પણ રાગ છે અને જડ છે. આહાહા! આકરી વાત છે, ભાઈ! આ તો ભાઈ આવ્યાને. મને લાગ્યું કે ગુજરાતી સમજતા હશે. એટલે કાલે ગુજરાતી લીધું. એવું લાગ્યું કે ગુજરાતી સમજતા હશે. કાલે પ્રશ્ન થયો તો કહે સમજાતું નથી કહે. એટલે આજે હિન્દી લીધું. હિન્દી પણ સાદી ભાષા છે. અહીં બહુ કડક ભાષા નથી.

અહીં પરમાત્મા જિનેશ્વરદેવે જેવું જોયું એવું કહે છે. એ વાણી સંતો, વિતરાગી મુનિઓ (જગતને જાહેર કરે છે). આહાહા! મુનિ તો એને કહીએ કે જેને અતીન્દ્રિય આનંદનું પ્રચુર આનંદનું વેદન હો. આહાહા! પ્રચુર કેમ કહ્યું? કે પ્રથમ સમ્યગ્દષ્ટિમાં આનંદનો સ્વાદ છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એનાથી મુનિને અતીન્દ્રિય આનંદનો સ્વાદ પ્રચુર હોય છે, ઘણો હોય છે. આહાહા! એ કહેશે હમણા.

**'જીવનું લક્ષણ ચેતના...'** આ કાંઈ વાર્તા-કથા નથી. આ તો અધ્યાત્મની વાત છે, ભાઈ! એના એક એક શબ્દમાં ઘણો મર્મ ભર્યો છે. **'જીવનું લક્ષણ ચેતના તથા અજીવનું લક્ષણ જડ એવો મોટો ભેદ છે...'** આહાહા! શરીર, વાણી, મન તો જડ છે, એની ક્રિયા પણ જડ છે પણ અંદરમાં પુણ્ય અને પાપનો શુભ ઉપયોગ, શુભરાગ, શુભ ઉપયોગ (ઉઠે)... આહાહા! એને પણ જડ કહેવાય છે. ભગવાન તો એમ કહે છે. આહાહા! એવો ભગવાનઆત્મા અને જડમાં મોટો ભેદ છે. બેમાં બહુ મોટો વિચિક્ષણ ભેદ છે. આહાહા! આવી વાત હવે એને ક્યાં (બેસે)? છે?

**'તેથી જીવદ્રવ્યથી અજીવદ્રવ્ય-પુદ્ગલ આદિ...'** એટલે જડ, રાગાદિ એમ બધું લેવું. આહાહા! આદિ શબ્દ છે ને? પુદ્ગલ, જડ, શરીર, વાણી, મન આદિ. આદિમાં પુણ્ય અને પાપના ભાવ એ બધા જડ છે. આહાહા! **'મોટો ભેદ છે તેથી જીવદ્રવ્યથી પુદ્ગલ આદિ સહજ જ ભિન્ન છે,...'** સ્વભાવથી ભિન્ન છે. આહાહા! ભગવાન અંદર જ્ઞાનસ્વભાવ પડ્યો છે એ જ્ઞાનસ્વભાવથી અનુભવમાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? સમજાય એ સમજો, ભાઈ! વાત તો આવી છે. વર્તમાન દુનિયાથી વિલક્ષણ વાત છે. અહીંયાં તો હજી સમ્યગ્દર્શન શું ચીજ છે એની ખબર નથી અને વ્રત ને પડિમા લઈને બેસી ગયા. એ ધૂળેય નથી, સાંભળને. સમજાણું કાંઈ? અગિયાર પડિમા, દસ પડિમા, સાત પડિમા એ તો વિકલ્પ રાગ છે. આહાહા! એ તો જડનું લક્ષણ છે. આહાહા! આવી વાત છે.

પરમેશ્વર જિનેશ્વરદેવ, જેને આત્મા કહે છે એ આત્મામાં તો એ પુણ્ય-પાપનો વિકલ્પ રાગ છે એ પણ એમાં નથી. આહાહા! સમજાણું કાંઈ? સદાચરણ કરો, રાગ મંદ કરીને સદાચરણ (કરો). એ સદાચરણનો રાગ છે એ પણ જડ છે એમ અહીં તો કહે છે. આહાહા! સાચું સદાચરણ તો એને કહીએ કે જીવસ્વરૂપ ભગવાન જ્ઞાનસ્વરૂપ છે, એ જ્ઞાનમાં એકાગ્ર થવું, વીતરાગી પર્યાયનું થવું એનું નામ સદાચરણ છે. અરે..રે..! આવી વાત હવે આ તે શું કહે છે? સમજાણું કાંઈ? એ કહે છે, એ ભિન્ન છે.

**'સહજ જ ભિન્ન છે,...'** આહાહા! ચૈતન્યસ્વરૂપ ભગવાન અને રાગસ્વરૂપ વિકાર એ બે બહુ ભિન્ન છે, સહજ જ ભિન્ન છે. આહાહા! અંદર સ્વભાવથી જ બેય ભિન્ન છે. સમજાણું કાંઈ? આકરી વાત છે, બાપુ! આ માર્ગ કાંઈ... આહાહા! પાપનો ભાવ, હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કામ, ક્રોધ, માન, માયા, લોભ ભાવ એ તો જડ છે, પાપ ભાવ જડ છે. પણ અહીંયાં તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ, પુણ્ય ભાવ એ પણ જડ છે. આહાહા! 'યોગસાર'માં તો એમ કહ્યું છે. 'યોગસાર' પુસ્તક નથી? ગુજરાતી છે, નહિ? ગુજરાતી છે. છે? પણ ભાઈ ગુજરાતી સમજે નહિ. અહીં તો આપણે 'યોગસાર'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પડ્યું છે. પાટ ઉપર પડ્યું છે. 'યોગસાર' હમણાં છપાણું છે ને? એમાં એવી વાત આવી છે. 'યોગીન્દ્રદેવ' કહે છે. છે ને અહીંયાં? છે કોઈની પાસે?

મુમુક્ષુ :- પાપને પાપ તો સહુ કહે...

ઉત્તર :- એ તો આવડે. ભાષાનું શું કામ છે? એની તો ખબર નથી? 'પાપ કો તો પાપ સહુ કહે, પણ અનુભવી જીવ પુણ્યને પણ પાપ કહે.' આહાહા! અહીંયા પુસ્તક નથી. લેવા ગયા હશે. અહીં આપણે તો બધું વ્યાખ્યાનમાં આવી ગયું છે. અહીં તો ૪૦-૪૨ વર્ષ થયા. અરે..! એ 'યોગીન્દ્રદેવ' વીતરાગી સંત, મુનિ હતા. એ વીતરાગી સંત કહે છે કે, ભાઈ! હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કામ, ક્રોધના પરિણામ તો પાપ છે પણ અમે તો કહીએ છીએ કે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ પણ પાપ છે. આહાહા! કેમકે આત્માના સ્વરૂપથી ભિન્ન ચીજ છે અને એ પુણ્યભાવ થાય છે તો સ્વરૂપથી ચ્યુત થાય છે. આહાહા! આકરી વાત છે, ભગવાન! આહાહા!

એ કહે છે, જુઓ! **'સહજ જ ભિન્ન છે,...'** અંદરમાં જે વિકલ્પ રાગ ઉપન્ન થાય છે... પુસ્તક લાવ્યા.

**'पापरूपने पाप तो जाणे जग सौ लोइ;**
**पुण्यतत्त्व पण पाप है, कहे अनुभवी बुध जोई।**

સમ્યગ્દષ્ટિ, અનુભવી ધર્માત્મા એમ કહે છે કે પાપ તો પાપ જ છે પણ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ પાપ છે. પુણ્ય છે એ પાપ છે. આહાહા! ૭૧(મો દોહો) છે. થોડું થોડું ગુજરાતી નથી સમજતા? ભાઈ! 'હિંમતસિંહજી'! થોડું થોડું સમજો છો? આ રાખો ને. ગુજરાતી છે. પણ થોડું ધ્યાન રાખવું. ૭૧ છે. ૭૦ ને ૧-૭૧ છે ને? છે? ગુજરાતી બનાવ્યું છે. છે હિન્દી. 'યોગીન્દ્રદેવ'નું. 'યોગીન્દ્રદેવ' મુનિ વીતરાગી સંત હતા. જેમ 'કુંદકુંદાચાર્ય' 'અમૃતચંદ્રાચાર્ય' છે એમ 'યોગીન્દ્રદેવ' આત્માના આનંદનું વેદન કરનારા બાહ્યમાં નગ્ન, અંદર પંચમહાવ્રતનો વિકલ્પ હતો તો પણ એને જડ માને છે. આહાહા! પાપ પાપ કો તો સહુ કહે, પણ ધર્મી, અનુભવી જીવ પુણ્યને પાપ કહે. કેમકે શુભભાવ એ રાગ છે, બંધનું કારણ છે. આહાહા! સમજાણું કાંઈ? એ અહીંયા કહે છે, જુઓ!

**'સહજ જ ભિન્ન છે, આ પ્રકારે...'** હવે ચાલતી ગાથા. **'આ પ્રકારે સ્વયં સ્વાનુભવપ્રત્યક્ષપણે આસ્વાદ કરે છે.'** શું કહે છે? સમજાણું કાંઈ? આહાહા! ધર્મીજીવ સમ્યગ્દષ્ટિ એને કહીએ... આહાહા! હજી ચોથા ગુણસ્થાનવાળા, હોં! પાંચમાવાળા શ્રાવક તો કોઈ જુદી ચીજ છે. એય..! એ કાંઈ આ સંપ્રદાયમાં વાડાના શ્રાવક એ શ્રાવક નથી કાંઈ. આહાહા! અહીંયાં તો સ્વાનુભવપ્રત્યક્ષપણે... આહાહા! આ રાગ ભિન્ન છે, મારી ચીજ ભિન્ન છે. **'એ પ્રકારે સ્વયં સ્વાનુભવપ્રત્યક્ષપણે...'** શું કહે છે એ? અંદર જ્ઞાનનો અનુભવ કરવો, જેમાં રાગ કે નિમિત્તની અપેક્ષા નથી એવો સીધો આનંદનો અનુભવ થાય એ પ્રત્યક્ષ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. એ પરોક્ષ નથી. એ રાગ અને નિમિત્તનું લક્ષ છોડીને ચિદાનંદસ્વભાવનો અનુભવ કરે છે એ સ્વાનુભવ પ્રત્યક્ષ આત્મા થાય છે. આહાહા! એને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન કહે છે. ઝીણી વાત, બાપુ! અરે..! જગત ક્યાંય ક્યાંય રખડી મરે છે અને ક્યાંય માને છે કે એમાં ધર્મ છે. 'દેવીલાલજી'! આહાહા!

પ્રત્યક્ષ સ્વાનુભવ, સ્વ-અનુભવ. જ્ઞાન અને આનંદસ્વરૂપ જે ભગવાનઆત્મા છે એના આનંદનું વેદન. આહાહા! સમ્યગ્દષ્ટિને, ધર્મની પહેલી સીઢીવાળાને, ધર્મની પહેલી સીઢી-સોપાનવાળાને આત્મા આનંદસ્વરૂપ છે એનો અનુભવ–આનંદનો સ્વાદ આવે છે. એમાં રાગની જડતા ભિન્ન થઈ ગઈ. આહાહા! કહો, 'જયસુખભાઈ'! આવી વાત છે. આહાહા! છે? **'આસ્વાદ કરે છે.'** શું કહ્યું? આનંદસ્વરૂપ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્મા છે. એમાં સમ્યગ્દષ્ટિ સન્મુખ થઈને આનંદનો સ્વાદ લે છે. આહાહા!

મુમુક્ષુ :– કેરીના સ્વાદ જેવો?

ઉત્તર :– આ ચોથા ગુણસ્થાનની વાત છે.

મુમુક્ષુ :– કેરીના સ્વાદ જેવો સ્વાદ?

ઉત્તર :– કેરીનો સ્વાદ ક્યાં આવે? કેરી તો ખાટી-મીઠી જડ છે. એનો સ્વાદ આત્માને નથી આવતો. આત્મા તો અજ્ઞાની એ કેરી ઉપર, આંબા ઉપર લક્ષ કરે છે અને 'આ ઠીક છે' એવો રાગ કરે છે એ રાગનો સ્વાદ લે છે. કેરીનો સ્વાદ તો કોઈ અજ્ઞાનીને પણ નથી આવતો. એ તો જડ છે, ધૂળ છે, માટી છે. માટીનો સ્વાદ આ તો અરૂપી પદાર્થ છે. આહાહા! સમજાણું કાંઈ?

એ તો એકવાર કહ્યું હતું ને? કે આ માંસ, હાડકાનું શરીર છે. સ્ત્રીનું શરીર અને પુરુષનું શરીર. એ બેય વિષય લે છે, રમે છે તો એને માંસનો, હાડકાનો સ્વાદ એને નથી, ભોગ નથી. આહાહા! પણ એમાં આ ઠીક છે એવી રાગની વૃત્તિ ઊઠે છે એ રાગનો સ્વાદ છે. ઝેરનો સ્વાદ છે. આહાહા! આવી વાતું છે, ભાઈ!

મુમુક્ષુ :– કેટલાક મીઠા ઝેર હોય છે.

ઉત્તર :– મીઠું ઝેર હોય નહિ. ઝેર મારી નાખે.

અહીં તો પરમાત્મા પાપને, અશુભભાવને તો ઝેર કહે છે, પણ 'સમયસાર'ના મોક્ષ અધિકારમાં તો પુણ્યભાવ જે શુભભાવ છે એને પણ ઝેરનો ઘડો કહ્યો છે. વિષકુંભ એવો પાઠ છે. ભાઈ! મારગડા જુદા, નાથ! આહાહા! એ શુભભાવ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો શુભભાવ. એને પણ ઝેરનો ઘડો કહ્યો છે. કેમકે અમૃતસ્વરૂપ ભગવાન એનાથી વિરૂદ્ધભાવ છે એ. આહાહા! કહો, 'કાંતિભાઈ'! આહાહા!

આ આસ્વાદ છે એ આનંદનો આસ્વાદ છે. સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાન જ્યારે થાય છે, ત્યારે જે સ્વાદ આવે છે એ આત્માનો અતીન્દ્રિય સ્વાદ છે. એ સ્વાદમાં પુણ્ય-પાપના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાવના સ્વાદનો અભાવ છે. આહાહા! અને પુણ્ય-પાપનો રાગભાવ છે એના સ્વાદમાં ચૈતન્યના સ્વાદનો અભાવ છે. આહાહા! આવી વાત સાંભળવી કઠણ પડે. શું થાય? માર્ગ તો આ છે, ભાઈ! અત્યારે તો વીંખી, પીંખી નાખ્યું છે. બહારમાં આ કર્યા, આ કરો, આ કરો... આહાહા! પ્રભુ! તારા મારગડા જુદા છે, નાથ! તું કોણ છો અંદર? પ્રભુ! તું તો અતીન્દ્રિય આનંદનો સાગર છો ને, નાથ! એ અતીન્દ્રિય આનંદનો તો સાગર છે. આહાહા! એના અનુભવમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો એનું નામ આત્મજ્ઞાન અને આત્મધર્મ છે. આહાહા! છે? **'अनुभवति' 'સ્વાનુભવપ્રત્યક્ષપણે આસ્વાદ કરે છે.'** આહાહા! આ તો અધ્યાત્મભાવ છે, ભાઈ! આ કાંઈ ભાષા, કથા નથી. આ તો થોડા શબ્દમાં ગંભીરતા પડી છે. આહાહા!

**'કેવો છે જીવ?'** આ ભગવાન અંદર સ્વરૂપ-જીવ કહો, આત્મા કહો એ કેવો છે? **''उल्लसन्तम्' પોતાના ગુણ-પર્યાયથી પ્રકાશમાન છે.'** આહાહા! એ તો પોતાનો આનંદ અને જ્ઞાનગુણ અને એની પર્યાયમાં આનંદ અને જ્ઞાનની પર્યાયમાં પ્રકાશમાન છે. આહાહા! સમજાણું કાંઈ? અરે..! આવી વાત ક્યાંય (સાંભળવા ન મળે). કહો, 'દેવીલાલજી'! એથી કેટલાક કહે છે ને આ 'સોનગઢ'વાળાએ કાંઈક નવું કાઢ્યું. કાંઈ નવું નથી, બાપુ! આ તો અનાદિનું છે. તમે સાંભળ્યું નહોતું માટે તમને નવું લાગે. આ તો મુનિઓ, દિગંબર સંતો કહી ગયા છે. જુઓ! આ શ્લોક કોના છે? આહાહા!

ધર્મ તો બહુ અલૌકિક વાત છે. ધર્મ તો એને કહીએ કે આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપથી પૂર્ણ ભરેલો છે. એની સન્મુખ થઈને અને દયા, દાન, વ્રતાદિના વિકલ્પ રાગથી વિમુખ થઈને... આહાહા! એ સ્વરૂપના આનંદના વેદનની વીતરાગી દશા છે એનું નામ જૈનધર્મ કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? જૈનધર્મ કોઈ સંપ્રદાય નથી, કોઈ વાડો નથી, વસ્તુનું સ્વરૂપ છે. આહાહા!

આત્મા જેવો અતીન્દ્રિય આનંદ અને વીતરાગી સ્વરૂપ પ્રભુ આત્મા છે. અંદર, હોં! ત્રિકાળ વીતરાગસ્વરૂપ આત્મા છે. પર્યાયમાં વીતરાગ થાય એ બીજી વસ્તુ છે. આહાહા! પર્યાય એટલે વર્તમાન અવસ્થા પણ વસ્તુ તો ત્રિકાળ જિનસ્વરૂપી આત્મા છે. 'જિન સો હી આત્મા, અન્ય સો હી હૈ કર્મ, યહી વચનસે સમજ લે જિન પ્રવચનકા મર્મ.' વીતરાગી વાણીનો મર્મ એ છે કે જિન સો હી આત્મા. વીતરાગસ્વરૂપી આત્મા એ જિન સો હી આત્મા છે. અને અંદર જેટલો પુણ્ય અને પાપનો વિકલ્પ આદિ ઉઠે એ અન્ય સો હી કર્મ. 'યહી વચનસે સમજલે જિન પ્રવચન કા મર્મ.' આહાહા! માર્ગ આવો છે. 'જિન સો હી જિનવર અને જિનવર સો હી જિન'. 'બનારસીદાસ'ના 'સમયસાર નાટક'માં આવે છે. 'સમયસાર નાટક' છે ને? આ જિનસ્વરૂપી એવો જિનવર અને જિનવર એ જ જિનસ્વરૂપ આત્મા છે. આહાહા! કેમ બેસે?

મુમુક્ષુ :– દેખાતો કેમ નથી?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– દેખાતો નથી એવો નિર્ણય કોણે કર્યો? એ દેખાય છે. દેખાતો નથી એવો કોની અસ્તિમાં નિર્ણય કર્યો? એ જ્ઞાનની અસ્તિમાં, જ્ઞાનની હયાતીમાં નિર્ણય કર્યો કે હું દેખાતો નથી. દેખાતો નથી એ જ દેખાય છે. આહાહા! ઝીણી વાત છે, ભાઈ!

એ તો ૧૭-૧૮ ગાથામાં પ્રભુ 'કુંદકુંદાચાર્યે' કહ્યું. 'સમયસાર'ની ૧૭-૧૮ ગાથા. આ જ્ઞાનની જે પર્યાય છે... ઝીણું છે, ભગવાન! એ જ્ઞાનની જે વર્તમાનદશા છે પ્રગટ પર્યાય, એમાં એ જ્ઞેય–આત્મા જ જણાય છે. શું કહ્યું? ફરીને. શરીર, વાણી, મન એકકોર રાખો, પુણ્ય-પાપના ભાવ એકકોર રાખો પણ જ્ઞાનની જે વર્તમાન પર્યાય છે ને, જેમાં આ જણાય છે. રાગ જણાય છે. શરીર, વાણી, મન એ પર્યાયમાં જણાય છે એવી જે પ્રગટ પર્યાય છે એમાં આત્મા જ જણાય છે એમ ભગવાન તો કહે છે. આહાહા!

વર્તમાન જ્ઞાનની દશામાં... પરમાત્મા એમ ફરમાવે છે. 'કુંદકુંદાચાર્ય' કહે છે 'સમયસાર'ની ૧૭-૧૮ ગાથામાં કે ચૈતન્યજ્યોતિ વર્તમાન જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે. આહાહા! એ રાગને પ્રકાશે અને સ્વને પણ પ્રકાશે. આહાહા! ઝીણી વાત, બાપુ! ભગવાન! શું કરીએ? એ મારગડા અપૂર્વ છે. અનંત અનંત કાળ થયો. કદી એણે વાસ્તવિક તત્ત્વ સાંભળ્યું જ નથી. સાંભળ્યું છે તો રુચિ થઈ નથી. સમજાણું કાંઈ? અરે..! એ દુઃખી છે.. દુઃખી છે. એ રાગ અને પુણ્યના ભાવને મારા માને છે એ મૂંઢ મિથ્યાદૃષ્ટિ દુઃખી છે. આહાહા! અને આ સુખી છે. આસ્વાદ કહ્યું ને? અર્થાત્ આવ્યું ને? **'આસ્વાદ કરે છે.'** જે કોઈ રાગથી ભિન્ન થઈને પોતાની ચીજનો આનંદ અને જ્ઞાન સ્વભાવનો પત્તો લઈને અનુભવ કરે છે એ પ્રાણી સુખી છે.

'સુખીયા જગતમેં સંત દુરીજન દુઃખીયા રે.' 'સુખીયા આ જગતમેં સંત, દુરીજન દુઃખીયા રે.' સુખીયા જગતમેં સંતનો અર્થ... આહાહા! પોતાના આનંદની ચીજ જે અનાદિઅનંત છે એનો સ્વાદ લે છે એ સમકિતીજીવ સુખી છે. આહાહા! બાકી બધા કરોડોપતિ, અબજોપતિ, રાજા અને શેઠિયા કે દેવ (એ બધા) દુઃખી છે. કેમકે પોતાના આનંદસ્વરૂપથી વિપરીત પુણ્ય અને પાપના ભાવમાં... એકત્વબુદ્ધિ છે એ દુઃખી છે. અહીં હમણા આવશે. હમણાં આવશે.

**'કેવો છે જીવ? પોતાના ગુણ-પર્યાયથી પ્રકાશમાન છે.'** આહાહા! એ તો પોતાના ગુણથી પ્રકાશમાન છે. જ્ઞાન આનંદાદિ સ્વભાવથી પ્રકાશમાન છે. જ્ઞાનની પર્યાયમાં એ જ પ્રકાશે છે પણ એની દૃષ્ટિ ત્યાં નથી. અજ્ઞાનીની દૃષ્ટિ રાગ અને પર્યાય ઉપર છે. શું કહ્યું? કે જે વર્તમાન જ્ઞાનની વ્યક્ત પ્રગટ અવસ્થા અંશ છે એમાં આત્મા જ જણાય છે. ત્રિકાળી વસ્તુ જ જણાય છે. 'જયસુખભાઈ'! પણ અનાદિથી એની નજર ત્યાં નથી. નજર છે વર્તમાન પર્યાયમાં, રાગમાં, નિમિત્તમાં છે. પર્યાયમાં સ્વપ્રકાશક ચૈતન્ય છે એ જણાય છે તોપણ એની દૃષ્ટિ એના ઉપર નથી. અને દૃષ્ટિ પર્યાય અને રાગ ઉપર છે તો એનું એને જ્ઞાન થયું નહિ. જ્ઞાન જેનું થાય છે એનું જ્ઞાન થયું નહિ. આહાહા! ફરીને... આ તો વીતરાગનો માર્ગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. લોજિકથી-ન્યાયથી (સિદ્ધ કરીએ છીએ). આહાહા!

જે જ્ઞાનની વર્તમાન પર્યાય છે ને? જાણે છે ને? આ રાગ છે, આ શરીર છે, આ વાણી છે, આ મન છે એ જ્ઞાનની દશા જાણે છે ને? તો એ જ્ઞાનની પ્રગટ પર્યાય-અવસ્થા છે. એ પર્યાયમાં પર્યાયવાન દ્રવ્ય જ જણાય છે, ભગવાન તો એમ કહે છે. કેમકે જ્ઞાનની એક સમયની પર્યાયમાં સ્વપરપ્રકાશક એનો સ્વભાવ છે. તો સ્વ ચૈતન્ય ભગવાન જ પર્યાયમાં પ્રકાશે છે. અજ્ઞાનીને પણ. આહાહા! પણ અજ્ઞાનીની નજર ત્યાં અંતરમાં નથી એટલે જે જ્ઞાનમાં આવે છે એને એ નથી જાણતો. આહાહા! અને જ્ઞાનની પર્યાયમાં પર જણાય છે ત્યાં એની નજર છે. આહાહા! 'જયસુખભાઈ'! આ લોજિકથી વાત તો આવે છે, બાપુ! આ પરમાત્માના ઘરની વકિલાત જુદી જાતની છે. આહાહા! અરે..! અનંતકાળ થયો, સાધુ અનંતવાર થયો, દિગંબર મુનિ અનંતવાર થયો. હજારો રાણી છોડીને પણ આત્મ વસ્તુ શું છે એના ઉપર દૃષ્ટિ ન કરી. આહાહા! સમજાણું કાંઈ?

એ કાલે નહોતું કહ્યું? 'છ ઢાળા'માં આવે છે. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' મુનિવ્રત ધારણ કર્યા, પંચમહાવ્રત, નગ્નપણું, હજારો રાણી છોડીને ત્યાગી થયો. પણ 'આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયા.' એ 'છ ઢાળા'માં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? આવી વાત. અરે..રે..! જિંદગી ચાલી જાય છે. ૫૦-૫૦, ૬૦, ૭૦ વયા ગયા. અને જે જે સમય જાય છે તે મરણની સન્મુખ જાય છે. મરણ નજીક આવતા જાય છે. આહાહા! એમાં આ ચીજ શું છે? એનું જ્ઞાન અને સમ્યગ્દર્શન ન કર્યું તો બધું થોથા છે. આહાહા! એ અહીં કહે છે.

**'કેવો છે જીવ? પોતાના ગુણ-પર્યાયથી પ્રકાશમાન છે. 'तत् तु अज्ञानिनः अयं मोहः कथम् अहो नानटीति बत''** આચાર્ય મહારાજ 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર મુનિ એક હજાર વર્ષ પહેલા થયા. એમનો શ્લોક છે. એ 'અમૃતચંદ્રાચાર્ય' (છે), આ 'કુંદકુંદાચાર્ય', આ 'પદ્મપ્રભમલધારીદેવ' 'નિયમસાર'ની ટીકા કરનારા છે. એ અલૌકિક વાત છે. ત્રણે ભાવલિંગી દિગંબર સંત છે. વીતરાગી આનંદના વેદનારા. કરવાવાળા નહિ, રાગ કાંઈ કર્તા નથી. સમજાણું કાંઈ? એ 'અમૃતચંદ્રાચાર્ય' અહીં કહે છે.

**'આમ છે તો પછી મિથ્યાદૃષ્ટિ જીવને...'** અજ્ઞાની **'જે પ્રગટ છે એવો જીવ-કર્મના એકત્વરૂપ...'** જુઓ, આવ્યું. છે? **'જીવ-કર્મના એકત્વરૂપ વિપરીત સંસ્કાર કેમ પ્રવર્તી રહ્યો છે...'** આહાહા! અરે..! ચૈતન્યસ્વરૂપ ભગવાન અંદર પ્રગટ છે. એમ હોવા છતાં એ રાગના પરિણામ અને આત્માની એકત્વબુદ્ધિ કેમ થઈ? આહાહા! કર્મ શબ્દે રાગાદિ. સમજાણું કાંઈ? આહાહા! ભગવાનઆત્મા અંદર રાગથી ભિન્ન ચૈતન્ય પદાર્થ પડ્યો છે ને? અને **'આમ છે તો પછી...'** એમ કહ્યું ને? જે પ્રગટ છે. મિથ્યાદૃષ્ટિ જીવને જે પ્રગટ છે એવો **'જીવ-કર્મના એકત્વરૂપ વિપરીત સંસ્કાર...'** આહાહા! એ જ્ઞાનસ્વરૂપી ભગવાનમાં રાગની એકત્વબુદ્ધિ એ મિથ્યાત્વનો મોહ છે, મિથ્યાત્વ છે. આહાહા! સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચૈતન્ય ઝળહળ જ્યોતિ ચૈતન્યના પ્રકારનું નૂરનું પૂર પ્રભુ છે. આહાહા! કાલે દાખલો આપ્યો હતો ને કે મોટો સમુદ્ર હોય પણ સમુદ્રના કાંઠે ચાર હાથનું ઊંચું કપડું લગાવો તો ચાર હાથનો ઊંચો પોતે હોય અને ચાર હાથનું કપડું લાગેલું હોય તો કપડું નજરમાં આવે. દરિયો? આહાહા! એમ ભગવાનઆત્મા અનંત જ્ઞાન-દર્શન આનંદનો સાગર અંદર છે. પણ જેની પર્યાય અને રાગ ઉપર રુચિ છે તો એ દૃષ્ટિમાં આવતો નથી. સમજાણું કાંઈ? રાગની, પ્રેમની રુચિમાં ભગવાન આ ચૈતન્યસ્વરૂપ અંદર છે એ એની નજરમાં નથી આવતો.

અહીં એ કહે છે. અરે..! **'મિથ્યાદૃષ્ટિ જીવને જે પ્રગટ છે એવો જીવ-કર્મના એકત્વરૂપ વિપરીત સંસ્કાર ( कथम् नानटीति ) કેમ પ્રવર્તી રહ્યો છે...'** કેમ એમાં નાચે છે? આહાહા! સંતો, વીતરાગી દિગંબર મુનિઓ જગતને ઓળંભો આપે છે. સમજાણું કાંઈ? ઓળંભો સમજો છો? અમારી ગુજરાતી ભાષામાં ઠપકો કહે છે. અરે..! પ્રભુ! અંદર ચૈતન્ય આનંદ જ્ઞાનનો સાગર છે ને? એવી ચીજ ઉપર દૃષ્ટિ ન કરતાં એ પુણ્ય અને પાપના દયા, દાનનો ભાવ વિકલ્પ રાગ છે એની એકત્વબુદ્ધિ કેમ કરે છે તું? તું કેમ આવા ભાવમાં નાચે છે? આહાહા! આજે તો આખું હિન્દી ચાલ્યું. ભાવ તો સૂક્ષ્મ છે. રાત્રે વિચાર આવ્યો હતો કે ભાઈ ગુજરાતી નહિ સમજે. હિન્દી લેવું. ગુજરાતી બરાબર નથી સમજતા. આ તો હિન્દી પણ આવી છે. વસ્તુ તો જેવી છે તેવી છે. આહાહા!

**'કેમ પ્રવર્તી રહ્યો છે...'** આહાહા! આચાર્ય મહારાજ સંતા–સંતો જગતને જાહેર કરે છે, પ્રભુ! તું અનંત આનંદ અને જ્ઞાનનો સાગર અંદર છે ને? ભાઈ! એને ભૂલીને આ રાગ અને પુણ્યના ભાવ સાથે એકત્વબુદ્ધિ કેમ કરે છે? એવો મિથ્યાત્વભાવ કેમ કરે છે તું? એમ કહે છે. સમજાણું કાંઈ? છે કે નહિ? આ તો કથા નથી, ભગવાન! આ તો ભાગવત્ શાસ્ત્ર છે. આહાહા! એમાં એટલી ગંભીરતા પડી છે. આહાહા! કર્મ શબ્દે રાગ લેવો. રાગ પુણ્યના ભાવથી માંડીને બધું કર્મ કહેવામાં આવે છે. આહા..! પહેલા જડ કહ્યું ને? અજીવનું લક્ષણ જડ. તો રાગથી માંડીને બધું જડ. અરે..! ચૈતન્ય ભગવાન આવો બિરાજમાન અંદર છે. એમ હોવા છતાં એ રાગના, પુણ્યના પરિણામ ને શરીરની ક્રિયા અને કર્મની ક્રિયાની સાથે તું એકત્વમાં કેમ નાચે છે? એવી મિથ્યાબુદ્ધિમાં તારું પરિણમન કેમ નાચે છે? આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

**'કેમ પ્રવર્તી રહ્યો છે...'** આહાહા! **'बत अहा એ આશ્ચર્ય છે!'** છે ને? આચાર્ય કહે છે આશ્ચર્ય થયું. અરે..! પ્રભુ! શું થયું તારું? આહાહા! ધ્રુવ વસ્તુ પ્રભુ આત્મા, એ તો જ્ઞાન અને આનંદ અને સ્વચ્છતા, ઈશ્વરતા ને એ (સ્વભાવ) અનંત છે. એવી વસ્તુની સાથે જે દયા, દાન, વ્રત, ભક્તિ કે કામ-ક્રોધનો ભાવ, એવી ચીજની સાથે એકત્વ કરીને શા માટે મિથ્યાત્વરૂપે પરિણમે છે તું? આહાહા! પહેલા સમ્યગ્દૃષ્ટિ કહ્યું હતું ને? **'( ज्ञानी जनः ) સમ્યગ્દૃષ્ટિ...'** બીજી લીટી. તો સમ્યગ્દૃષ્ટિનું પરિણમન તો સ્વરૂપ તરફના આનંદના અનુભવનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરિણમન છે. મિથ્યાદૃષ્ટિને આનંદનો અનુભવ તો છે નહિ, રાગની એક્તાબુદ્ધિનું પરિણમન છે તો એવું શા માટે તું કરે છે? આહાહા! અમૃતસાગર ભગવાનઆત્મા, એની સાથે પુણ્ય-પાપના ઝેરનો પ્યાલો. તે બેને એક કેમ માને છે? આહાહા! આ શરીર, વાણી, મન, પૈસા તો ધૂળ ક્યાંય રહી ગઈ. આ તો અંદરનો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ, એવા રાગની સાથે તું એકત્વ કેમ કરે છે? આહાહા! 'દેવીલાલજી'! આવી વાત છે, ભાઈ! આહાહા!

અત્યારે તો સાંભળવા મળે એવું નથી. એવો બધો ફેરફાર થઈ ગયો છે. ભક્તિ કરો, પૂજા કરો, દાન દ્યો, દયા પાળો. પૈસા-બૈસા મળ્યા હોય તો પૈસા ખર્ચો. ધૂળમાં ખર્ચે તો રાગ મંદ હોય તો પુણ્ય છે. એ પુણ્ય પણ જડ છે. પાંચ-દસ લાખ, પચ્ચીસ લાખનું મંદિર બનાવ્યું માટે ધર્મ થઈ ગયો. ધૂળમાં પણ ધર્મ નથી. ધૂળમાં પણ નથી એનો અર્થ? કે એને પુણ્યાનુબંધી પુણ્ય પણ નથી. આહાહા! હું બનાવું છું, મેં કર્યું, મેં લક્ષ્મી આપી. લક્ષ્મી તો જડ છે. એ લક્ષ્મી મારી છે એમ માનીને આપે છે તો મિથ્યાદૃષ્ટિ છે, મૂંઢ છે.

મુમુક્ષુ :- દયા કરવી તે નુકશાન છે...

ઉત્તર :- પણ જડ ક્યાં એના બાપનું (હતું)? પૈસા ક્યાં એના હતા? એના ક્યાં પૈસા હતા કે પૈસા ગયા અને વળી પાપ થયું એમ કહે છે. પણ પૈસા એના ક્યાં હતા? એ તો જડના છે. જડ, માટી, ધૂળ છે. ધૂળને પોતાની માનીને આપે છે તો મિથ્યાત્વભાવ છે. આહાહા! એય..! 'દેવીલાલજી'! આવી વાત છે, બાપા! આ તો પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવ સંતો દ્વારા, આડતિયા દ્વારા માર્ગ કહે છે.

અરે..! રાગ અને આત્માના **'એકત્વરૂપ વિપરીત સંસ્કાર કેમ પ્રવર્તી રહ્યો છે એ આશ્ચર્ય છે!'** આચાર્ય મહારાજ કહે છે કે અમને તો આશ્ચર્ય થાય છે. આહાહા! 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર વનવાસી સંત છે. સંતો તો જંગલમાં રહેતા હતા અને એ નગ્ન જ રહેતા હતા. અને એ અંદરમાં પણ નગ્ન હતા. રાગનું કપડું છોડીને વીતરાગી પર્યાયમાં રમતા હતા. આહાહા! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, બાપુ! લોકોને એવું લાગે કે આ તે કઈ જાતનો ધર્મ? એ જૈનધર્મ આવો છે. જૈનધર્મ આવો છે, બાપુ! તને ખબર નથી. આહાહા!

**'ભાવાર્થ આમ છે...'** હવે ભાવાર્થ કહે છે **'કે સહજ જ જીવ-અજીવ ભિન્ન છે...'** ભગવાન ચૈતન્યસ્વરૂપ અને અજીવ રાગાદિ, શરીરાદિ તો ભિન્ન છે. સ્વભાવથી ભિન્ન છે. બેયનો સ્વભાવ જ ભિન્ન છે. આહાહા! છે? **'એવું અનુભવતાં તો બરાબર છે,...'** એવું અનુભવતાં તો બરાબર છે. રાગ, પુણ્ય, દયાના વિકલ્પથી ભગવાન આત્માને ભિન્ન અનુભવે છે એ તો બરાબર છે. **'સત્ય છે;...'** જુઓ! એ સત્ય છે. આહાહા! શું કહ્યું?

**'સહજ જ જીવ-અજીવ ભિન્ન છે...'** રાગ અને આત્માનો ચૈતન્ય સ્વભાવ ભિન્ન ભાવ છે. **'એવું અનુભવતાં તો બરાબર છે, સત્ય છે;...** આહાહા! **'મિથ્યાદૃષ્ટિ જે એક કરીને અનુભવે છે...'** આહાહા! જેની જૂઠી દૃષ્ટિ, અસત્યદૃષ્ટિ (છે). મિથ્યા કહો કે જૂઠી કહો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કે અસત્ય કહો. અસત્યદૃષ્ટિ એ સત્યસ્વરૂપ ભગવાનઆત્માને અને રાગને એક માનીને અનુભવે છે એ અસત્યદૃષ્ટિ છે. આહાહા! ભાષા તો સાદી છે. ભાષામાં કાંઈ બહુ સૂક્ષ્મતા નથી. ભાવ તો જે છે એ છે. આહાહા! અત્યારે તો બહુ ગડબડ કરી નાખી છે. આહાહા!

શાસ્ત્રમાં એક દાખલો છે. આ ગોળના રવા હોય છે ને? ગોળ-ગોળ રવાને શું કહેવાય? રવા-રવા? કપડામાં વીંટાળેલા નથી હોતા? બે-બે મણ, ત્રણ-ત્રણ મણ. એમાં સૂર્યનો તાપ લાગે તો એમાંથી પાતળો ગોળ જરે. અને નીચે ત્યાં ગાદલા હોય ગાદલા. ગાદલા સમજો છો ને? રૂના. ગોળના પાણીથી ભીનું થઈ જાય. આ સુવાના ગાદલા, તળાઈ. એ તળાઈને કૂતરા આવે કૂતરા એ સ્વાદ લેવા માટે ચુંથી નાખે.

એમ પરમાત્મા કહે છે કે વીતરાગમાર્ગ ચિદાનંદસ્વરૂપ છે. રાગથી ભિન્ન એવા અનુભવને વીતરાગતા અને ધર્મ કહે છે. એમાં અજ્ઞાની રાગને પોતાનો માનીને આત્માને ચુંથી નાખે છે. આહાહા! એવી વાત છે, બાપુ! આજ બેસે, કાલ બેસે, પણ આ બેસે છૂટકો. નહિતર ચોર્યાસીના અવતારમાં મરી જવાનો છે. ત્યાં કાંઈ શેઠાય ને રાજાય ત્યાં કામ નહિ આવે. ધૂળ બધી પડી રહેશે. આ ફૂ... (થઈને) ચાલ્યા જાવ. આહાહા! આ 'નવનીતભાઈ' ગયા ને બિચારા, જુઓને! ક્ષણમાં પડી ગયા. કાંઈ નહિ. અકસ્માત થઈ ગયો. આમ સોજા તો હતા. અહીં સુધી સોજા. પગથી તે અહીં સુધી. અહીં પ્રમુખ હતા ને? બે લાખનું મકાન છે. થઈ રહ્યું. બધું પડ્યું રહ્યું. એની મોટી દીકરી છે. ૩૫ વર્ષની કુંવારી. એ સાથે હતી. પેશાબ કરવા ગયા હશે. જરી ટેકો આપ્યો હશે. આમ જ્યાં આવી ત્યાં બસ પડી ગયા, મરી ગયા ત્યાં ને ત્યાં જ. ત્યાં જ દેહ છૂટી ગયો. એ તો દેહની જે સમયે જે સ્થિતિ થવાની તે થવાની, થવાની ને થવાની. એને કોઈ કાળભેદ રોકી શકે કે ડોક્ટરો-બોક્ટરો આવીને (બચાવી શકે એમ ત્રણકાળમાં નથી).

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ડોક્ટર પણ મરી ગયો. અહીં હમણા મોટો સર્જન હતો. અહીં 'ભાવનગર'માં. અહીં આવતા. વ્યાખ્યાનમાં એક બે વાર આવ્યા હતા. મોટો સર્જન. 'હેમંતકુમાર'. ઓલા પટણી હતા ને 'પ્રભાશંકર પટ્ટણી'? 'ભાવનગર' દરબારના દિવાન હતા. એના કુટુંબી થાય. આહાહા! સર..સર મોટું ઓપરેશન કરતા હતા. આમ કરતાં (કહ્યું), મને કાંઈક થાય છે. બસ, એ આમ ખુરશીએ બેઠા અને મરી ગયા બિચારા. ડોક્ટર મરી જતા હશે! એને ઇંજેક્શન દેતા આવડ્યું નથી. રાગથી આત્મા ભિન્ન એવા સ્વરૂપનું ઇંજેક્શન દેવું જોઈએ તો જીવતો જીવ રહે. સમજાણું કાંઈ? અરે..! આવી વાતું હવે. સાધારણ માણસને તો પાગલ જેવી લાગે, હોં! ખ્યાલ છે ને. લોકોને ખબર નથી ચૈતન્ય શું છે, વીતરાગતા શું છે, સમ્યગ્દર્શન શું છે... આહાહા! અને કેમ થાય? આહાહા!

અહીં એ કહે છે, **'મિથ્યાદૃષ્ટિ જે એક કરીને અનુભવે છે તે આવો અનુભવ કઈ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**રીતે આવે છે એ મોટો અચંબો છે.'** આહાહા! ચૈતન્યસ્વભાવથી ભર્યો ભગવાન, ત્રિકાળી આત્મા અને રાગ વિભાવ છે એની એકત્વબુદ્ધિના સંસ્કાર કરીને તને અનુભવ કેમ થાય? અમને આશ્ચર્ય થાય છે, એમ કહે છે. આહાહા! આચાર્ય મહારાજ તો કહે છે, અમને તો અચંબો થાય છે. અરે..! આ શું થયું? અરે..રે..! ચૈતન્યસ્વરૂપી ભગવાન અંદર બિરાજે છે. અતીન્દ્રિય આનંદનો કંદ નાથ! આહાહા! એવા અતીન્દ્રિય આનંદના સાગરની સાથે રાગના એકત્વનો અનુભવ કરે છે એનો અમને અચંબો છે. આહાહા! સમજાણું કાંઈ? છે? **'મિથ્યાદૃષ્ટિ જે એક કરીને અનુભવે છે....'** કેમ? જીવ-અજીવ ભિન્ન છે ને? પહેલા કહ્યું હતું ને? તેને **'એક કરીને અનુભવે છે તે આવો અનુભવ કઈ રીતે આવે છે એ મોટો અચંબો છે.'**

**'કેવો છે મોહ?'** આહાહા! રાગની સાથે એકત્વબુદ્ધિ કરનાર મોહ-મિથ્યાત્વ કેવો છે? **''निरवधिप्रविजृम्भितः' ( निरवधि )'** અવધિ વિના. અવધિ એટલે મર્યાદા નહિ એવા **'અનાદિ કાળથી...'** આહાહા! છે? અવધિ નહિ, જ્યાં મર્યાદા નહિ અનાદિકાળથી. આહાહા! **'( प्रविजृम्भितः ) સંતાનરૂપે પ્રસરી રહ્યો છે.'** આહાહા! મોહ, મિથ્યાત્વભાવ સંતાનરૂપે પ્રસરી રહ્યો છે. અનાદિકાળથી. આહાહા! જ્યારે નિગોદમાં હતો... આ કાય. લીલ કાય હોય છે ને? એમાં પહેલા હતો. ઘણો કાળ તો ત્યાં વીતાવ્યો છે. આહાહા! જેમ સ્ત્રીનું પિયર પહેલા હોય છે ને? એમ આ જીવનું પિયર પહેલું નિગોદ છે. શાસ્ત્રમાં બધું જોયું છે. નિગોદ સમજ્યા? આ પાણી ઉપર લીલ-ફુગ હોય છે ને કાય? એક એક કટકીમાં અનંત જીવ છે. તો ત્યાં અનંત અનંત અનંતભવ પહેલા રહ્યો છે. આહાહા! ત્યાંથી કોઈક નીકળીને શુભભાવ એમાં છે તો તેથી મનુષ્ય થાય છે. આહાહા! અનાદિકાળથી કહે છે. આહાહા! સંતાનરૂપ મિથ્યાત્વનો ભાવ (અર્થાત્) રાગ મારો છે, પુણ્ય મારું છે, એવા મિથ્યાત્વના સંસ્કાર તો અનાદિથી ચાલ્યા આવે છે. આહાહા!

આવી વાતું. જ્યાં નજર ન પહોંચે. અરે...! ભાઈ! તેં નજરું કરી નથી. જ્યાં ભગવાન ચૈતન્યસ્વરૂપ બિરાજે છે ત્યાં તેં નજર કરી નથી. અને એની સાથે રાગની એક્તાની નજર તેં કરી છે. આહાહા! એ પ્રવાહ અનાદિથી ચાલ્યો આવે છે. સમજાણું કાંઈ? આહાહા! હવે તો છોડ, પ્રભુ! અહીં મૂળ તો એમ કહે છે. અનાદિથી તો રાગની એકત્વબુદ્ધિ કરતો આવ્યો છે, પ્રભુ! તું દુઃખી છે. બહારમાં દેવ જેટલી સગવડતા હો. નવમી ગ્રૈવેયકે દેવ, સગવડતાનો પાર નહિ. પણ એ રાગની એકતાબુદ્ધિથી ત્યાં દેવમાં રહે છે. મિથ્યાદૃષ્ટિ. આહાહા! કેમકે અહીંયા પણ પંચમહાવ્રત પાળીને રાગ છે એને પોતાનો માનીને રહ્યો હતો. એ શુભભાવ હતો. સ્વર્ગમાં ગયો તો ત્યાં પણ રાગની એકતાબુદ્ધિમાં મિથ્યાદૃષ્ટિ દુઃખી છે. આહાહા! સમજાણું કાંઈ? એ કહે છે. એ તો **'અનાદિકાળથી સંતાનરૂપે પ્રસરી રહ્યો છે.'** આહાહા! પછી ૪૪ કળશ કહેશે...૪૩ (પૂરો) થયો. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



( વસંતતિલકા )

अस्मिन्ननादिनि महत्यविवेकनाटये
वर्णादिमान्नटति पुद्गल एव नान्यः।
रागादिपुद्गलविकारविरुद्धशुद्ध-
चैतन्यधातुमयमूर्तिरयं च जीवः।।१२-४४।।

ખંડાન્વય સહિત અર્થ :– 'अस्मिन् अविवेकनाटये पुद्गलः एव नटति' ( अस्मिन् ) અનંતકાળથી વિદ્યમાન છે એવો જે, ( अविवेक ) જીવ-અજીવની એકત્વબુદ્ધિરૂપ મિથ્યા સંસ્કાર તે-રૂપ છે ( नाटये ) ધારાસંતાનરૂપ વારંવાર વિભાવપરિણામ, તેમાં ( पुद्गलः ) પુદ્ગલ અર્થાત્ અચેતન મૂર્તિમાન દ્રવ્ય ( एव ) નિશ્ચયથી ( नटति ) અનાદિકાળથી નાચે છે, 'न अन्यः' ચેતનદ્રવ્ય નાચતું નથી. ભાવાર્થ આમ છે કે–ચેતનદ્રવ્ય અને અચેતનદ્રવ્ય અનાદિ છે, પોતપોતાના સ્વરૂપે છે, પરસ્પર ભિન્ન છે. આવો અનુભવ પ્રગટપણે સુગમ છે; જેને એકત્વસંસ્કારરૂપ અનુભવ છે તે અચંબો છે. એવું કેમ અનુભવે છે? કેમ કે એક ચેતનદ્રવ્ય, એક અચેતનદ્રવ્ય–એ રીતે અંતર તો ઘણું. અથવા અચંબો પણ નથી, કેમ કે અશુદ્ધપણાના કારણે બુદ્ધિને ભ્રમ થાય છે. જેવી રીતે ધતૂરો પીતાં દષ્ટિ વિચલિત થાય છે, શ્વેત શંખને પીળો દેખે છે, પણ વસ્તુ વિચારતાં આવી દષ્ટિ સહજની તો નથી, દષ્ટિદોષ છે, દષ્ટિદોષને ધતૂરો ઉપાધિ પણ છે; તેવી રીતે જીવદ્રવ્ય અનાદિથી કર્મસંયોગરૂપે મળેલું જ ચાલ્યું આવે છે, મળેલું હોવાથી વિભાવરૂપ અશુદ્ધપણે પરિણમી રહ્યું છે, અશુદ્ધપણાના કારણે જ્ઞાનદષ્ટિ અશુદ્ધ છે, તે અશુદ્ધ દષ્ટિ વડે ચેતનદ્રવ્યને પુદ્ગલકર્મની સાથે એકત્વસંસ્કારરૂપ અનુભવે છે–આવો સંસ્કાર તો વિદ્યમાન છે, પણ વસ્તુસ્વરૂપ વિચારતાં આવી અશુદ્ધદષ્ટિ સહજની તો નથી, અશુદ્ધ છે, દષ્ટિદોષ છે અને દષ્ટિદોષને પુદ્ગલપિંડરૂપ મિથ્યાત્વકર્મનો ઉદય ઉપાધિ પણ છે. હવે જેવી રીતે દષ્ટિદોષથી શ્વેત શંખને પીળો અનુભવે છે તો પછી દષ્ટિમાં દોષ છે, શંખ તો શ્વેત જ છે, પીળો દેખતાં શંખ તો પીળો થયો નથી; તેવી રીતે મિથ્યાદષ્ટિથી ચેતનવસ્તુ અને અચેતનવસ્તુને એક કરીને અનુભવે છે તો પછી દષ્ટિનો દોષ છે, વસ્તુ જેવી ભિન્ન છે તેવી જ છે. એક કરીને અનુભવતાં એક થતી નથી, કેમ કે ઘણું અંતર છે. કેવું છે અવિવેકનાટ્ય (અર્થાત્ જીવ-અજીવની એકત્વબુદ્ધિરૂપ વિભાવપરિણામ)? 'अनादिनि' અનાદિથી એકત્વસંસ્કારબુદ્ધિ ચાલી આવી છે–એવું છે. વળી કેવું છે અવિવેકનાટ્ય? 'महति' જેમાં થોડુંક વિપરીતપણું નથી, ઘણું વિપરીતપણું છે. કેવું છે પુદ્ગલ? 'वर्णादिमान्' સ્પર્શ, રસ, ગંધ, વર્ણગુણથી સંયુક્ત છે. 'च अयं जीवः रागादिपुद्गलविकारविरुद्धशुद्धचैतन्यधातुमयमूर्तिः' ( च अयं जीवः ) અને આ જીવવસ્તુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**આવી છેઃ ( रागादि ) રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ એવા અસંખ્યાત લોકમાત્ર અશુદ્ધરૂપ જીવના પરિણામ– ( पुद्गलविकार ) અનાદિ બંધપર્યાયથી વિભાવપરિણામ–તેમનાથી ( विरुद्ध ) રહિત છે એવી, ( शुद्ध ) નિર્વિકાર છે એવી ( चैतन्यधातु ) શુદ્ધ ચિદ્રૂપ વસ્તુ ( मय ) તે-રૂપ છે ( मूर्तिः ) સર્વસ્વ જેનું એવી છે. ભાવાર્થ આ પ્રમાણે છે કે જેમ પાણી કાદવ મળતાં મેલું છે, ત્યાં તે મેલાપણું રંગ છે, તે રંગને અંગીકાર નહિ કરતાં બાકી જે કાંઈ છે તે પાણી જ છે; તેમ જીવને કર્મબંધપર્યાયરૂપ અવસ્થામાં રાગાદિ ભાવ રંગ છે, તે રંગને અંગીકાર નહિ કરતાં બાકી જે કાંઈ છે તે ચેતનધાતુમાત્ર વસ્તુ છે. આનું નામ શુદ્ધસ્વરૂપ-અનુભવ જાણવું, કે જે સમ્યગ્દષ્ટિને હોય છે. ૧૨–૪૪.**

---

**શ્રાવણ સુદ ૧૩, ગુરુવાર તા.૨૮.૦૭.૧૯૭૭**
**કળશ - ૪૪, પ્રવચન - ૫૨**

‘કળશટીકા’ અજીવ અધિકાર. ૪૪મો કળશ છે.

**अस्मिन्ननादिनि महत्यविवेकनाटये**
**वर्णादिमान्नटति पुद्गल एव नान्यः।**
**रागादिपुद्गलविकारविरुद्धशुद्ध-**
**चैतन्यधातुमयमूर्तिरयं च जीवः।।१२-४४।।**

શું કહે છે? **‘‘अस्मिन् अविवेकनाटये पुद्गलः एव नटति’ ( अस्मिन् )’** વિદ્યમાન. **( अस्मिन् )** એટલે વિદ્યમાન. શું વિદ્યમાન? **‘જીવ-અજીવની એકત્વબુદ્ધિરૂપ મિથ્યા સંસ્કાર...’** ભગવાનઆત્મા જીવ જ્ઞાનસ્વરૂપ અને પુણ્ય અને પાપના રાગના ભાવ સહિત બધું અજીવ, એ અજીવ અને જીવની એકતાબુદ્ધિરૂપી વિદ્યમાન મિથ્યા સંસ્કાર છે. આહાહા! આત્મા ચૈતન્યસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ અને એમાં જે આ પુણ્ય અને પાપના ભાવ આદિ, શરીરાદિ બધું, એ બધા ઉપાધિભાવ છે. એમાં એકત્વબુદ્ધિના સંસ્કાર એ મિથ્યાત્વભાવ છે. જીવ અને અજીવ બેની એકત્વબુદ્ધિ એટલે મિથ્યાત્વ. અને અજીવ એને કહીએ કે ચાહે તો એ દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ હો પણ એ રાગ ને અજીવ છે. આહાહા! એમાં જીવસ્વરૂપ, ચેતનસ્વરૂપનો અભાવ છે. આહાહા!

મુમુક્ષુ :– રાગ એ તો જીવની પર્યાય છે.

ઉત્તર :– એ કઈ અપેક્ષાએ? પણ એ તો કીધું. પર્યાય તો એની છે. પણ એ પર્યાય મારી છે એમ જે પર્યાયબુદ્ધિની માન્યતા છે એ મિથ્યાત્વ છે. આહાહા! આવી વાત છે.

અંદર ચૈતન્ય ભગવાન જ્ઞાનજ્યોતિ, જ્ઞાનનો શીતળ ચંદ્ર જેમ હોય એમ શીતળસ્વરૂપ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાન શાંતસ્વરૂપ, અવિકારી શાંતસ્વરૂપ ચૈતન્ય તેને આત્મા કહીએ. અને એમાં જે આ રાગ અને પુણ્ય અને પાપના ભાવ (થાય છે) એ બધા અજીવ છે. જીવનો સ્વભાવ એમાં નથી. તેમ જીવના સ્વભાવમાં એ નથી. આહાહા! એ બેમાં એકરૂપી મિથ્યા સંસ્કાર વિદ્યમાન છે, કહે છે. અનાદિકાળથી વિદ્યમાન છે ઇ. આહાહા! કેવું છે? **'(नाटये) ધારાસંતાનરૂપ વારંવાર વિભાવપરિણામ,...'** ધારાવાહી જેમ... આહાહા! ધોધ પડેને જેમ? ધારાવાહી પાણી. નથી ઓલું એક ઠેકાણે? ક્યાં ગયા હતા?

મુમુક્ષુ :– જોગ ફોલ.

ઉત્તર :– હા. 'જોગ ફોલ' આમ અધ્ધરથી પાણીનો ધોધ પડે છે. ધારાવાહી સદાય પડ્યા જ કરે. ધારાવાહી તે એક ધારા. બહુ ઊંડું છે આપણે એક ફેરી જોવા ગયા હતા. બાકી એકવાર અહીંયાં 'બગસરા' છેને? 'બગસરા' 'બગસરા'. ત્યાં બે બાજુ નદી અને નીચે નદી. ત્રણ નદી છે. આ 'બગસરા' છે ને? ત્રણ નદી. એક નીચે નદી, એક આ બાજુ નદી, એક આ બાજુ નદી. એમાં આ બાજુ નદીમાં એટલું બધું પાણી ચાલતું હતું કે એના ધોધથી સંચો ચલાવતા હતા. તમારે 'ગાંધી'. 'વજુભાઈ'ના વેવાઈ, નહિ? ગાંધી-ગાંધી માયલા એક હતા કો'ક. હું જંગલ નીકળ્યો હતો ને બહાર જવા ત્યાં એક પાણીનો એટલો ધોધ પડતો હતો કે એ સંચા ઉપર ધોધ પડે. સંચો ચલાવવો ન પડે. એ સંચો આમ આમ ચાલે. એના ઉપર પાણીનો ધોધ જ પડ્યા કરે. એટલું પાણી. એનાથી સંચો ચલાવીને આ કપાસનું કાંઈક હતું. આ તો (સંવત) ૧૯૮૪ની વાત છે. ૮૪ની સાલ. ૧૬ ને ૩૩-૫૯ થયા. ગાંધી હતા. પાણીના ધોધમાંથી એટલું પાણી આવ્યા કરે કે એના ધોધને લઈને તો સંચો ફરે.

એમ આ આત્મામાં એમ કહે છે, અનાદિથી અજ્ઞાનનો ધોધ ચાલે છે. એ રાગ અને પુણ્ય અને પાપના ભાવ.. આ દેહ તો જડ છે એ તો ચોખ્ખું છે. આ તો માટી-ધૂળ છે. અંદરમાં કર્મ છે એ અજીવ ને ધૂળ તો સૂક્ષ્મ રજકણો છે પણ આ દયા, દાન, વ્રત, ભક્તિ અને કામ, ક્રોધના શુભાશુભભાવ (થાય) એ પણ અહીં તો અજીવ ગણવામાં આવ્યા છે. આહાહા! એ અજીવ અને ભગવાનઆત્મા ચૈતન્યજ્યોત સૂર્ય-ચંદ્ર, ચૈતન્યનો એ શીતળ ચંદ્ર છે, એવા આત્મા સાથે... આહાહા! એને રાગ ને પુણ્યના, પાપના ભાવ, એકત્વબુદ્ધિના સંસ્કાર અનાદિથી વિદ્યમાન છે, એમ કહે છે. અને એને લઈને ધારાવાહી વિકાર ચાલ્યા કરે છે. આહાહા! મિથ્યાત્વનો ધોધ ચાલે છે. આહાહા! છે?

**'ધારાસંતાનરૂપ વારંવાર વિભાવપરિણામ,...'** એટલે કે રાગ તે હું છું એવું જે મિથ્યાત્વ પરિણામ, ધારાવાહી એટલે ત્રુટક થયા વિના એ મિથ્યાત્વભાવના સંસ્કાર અનાદિના ચાલે છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! પરમાં સુખબુદ્ધિ એ મિથ્યાત્વભાવ ધારાવાહી અનાદિથી ચાલે છે, એમ કહે છે. ભગવાનઆત્મામાં અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ છે એને ન જોતાં, ન માનતા દૃષ્ટિની વિપરીતતાને કારણે પરમાં, પૈસામાં, લક્ષ્મીમાં, શરીરમાં, આબરૂમાં સુખ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે એવી જે બુદ્ધિ મિથ્યાત્વ એ વિદ્યમાન સંસ્કાર અનાદિના ધારાપ્રવાહી ચાલે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આવું છે.

એક બાજુ બપોરે કહે કે એ રાગ છે એ જીવની પર્યાય છે અને જીવ એનો કર્તા છે. એ અજ્ઞાનભાવની વાત છે. સમજાણું કાંઈ? રાગનો વિકલ્પ જે ઊઠે છે એ છે તો આત્માની પર્યાય, આત્મા પોતે કરે છે પણ એ અજ્ઞાનભાવે તેનો કર્તા થઈને પોતાનો માને છે, એમ કહે છે. અહીંયાં તો જ્ઞાનસ્વભાવ ચૈતન્ય છે... આહાહા! ચૈતન્યચંદ્ર શીતળ... શીતળ... શીતળ... શીતળ... સ્વરૂપ ભગવાનઆત્મા, એના સ્વભાવ સાથે રાગ છે એ આકુળતા છે, એ દુઃખ છે. આહાહા! એ શીતળ ચૈતન્ય સ્વભાવ અને દુઃખ સ્વભાવ, રાગ એને એકત્વ માને છે તે મિથ્યાશ્રદ્ધા વિદ્યમાન અનાદિકાળથી ધારાપ્રવાહ ચાલે છે. કહો, સમજાય છે કે નહિ? આહાહા!

આ શરીરાદિ તો માટી ધૂળ છે, આ તો અજીવ છે. આ કાંઈ આત્મા નથી. આ તો માટી છે. પણ અંદર પુણ્ય અને પાપના ભાવ છે એને અહીં તો અજીવ કહ્યા છે. કાલે ભાઈએ પ્રશ્ન કર્યો હતો. 'હિંમતસિંહ' આવ્યા હતા ને? બરાબર એને રસ નહોતો. બધું બહારમાં હો-હા. એ સાંભળવામાં દેખાતું હતું ને. બહારમાં તે દિ' ઓલા ભાઈ ગયેલા ને? 'જ્ઞાનચંદજી' 'સમ્મેદશિખર'. માણસ ઘણું ભેગું થયું હતું. એ વ્યાખ્યાન કરનાર બહુ મીઠો માણસ છે. અહીંની શૈલીથી બહુ સરસ કરે છે. 'જ્ઞાનચંદજી'. 'વિદિશા' ને? ક્યાંના? 'વિદિશા'ના. એમાં આની મદદ હતી. આ 'હિંમતસિંહ' બેઠા હતાને? પણ એવું ધ્યાન રાખવું અને એ બધું એમાં જાણે અમે... એને સાંભળવામાં બરાબર રસ નહોતો. બગાસા આવતા હતા.

મુમુક્ષુ :– સમજાય એવું નહોતું.

ઉત્તર :– સમજાય નહિ તો એને સમજવા માટે તો અહીં આવ્યા હોય.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પણ સાદિ ભાષાથી તો ચાલે છે. આમાં કોઈ સંસ્કૃત ને વ્યાકરણને કોઈ એવી વાત નથી.

મુમુક્ષુ :– ...

ઉત્તર :— એ દુનિયામાં બુદ્ધિવાળા કહેવાય સમજવા જેવા છે બધા.

અહીં તો આત્મા અને રાગની એકતાબુદ્ધિવાળા પાગલ અને મૂંઢ છે એમ કહે છે. ચાહે તો એ દેવ હોય અને ચાહે તો એ મોટો અબજોપતિ માણસ હોય. એ ચૈતન્ય નિત્યાનંદ પ્રભુ, અનાકુળ આનંદનો કંદ આત્મા, એને રાગનો ભાવ એ દુઃખ છે. એમાં ચૈતન્યનો, સ્વભાવનો અભાવ છે. આત્મા આનંદ છે એનો એમાં અભાવ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એનો એ રાગમાં અભાવ છે. આહાહા!

મુમુક્ષુ :– પોતાની પર્યાયમાં થાય છે ને.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– પર્યાય એની છે. કીધું ને? દૃષ્ટિદોષ છે એનો. પુદ્ગલ તો નિમિત્ત છે એમ કરીને પુદ્ગલ નાચે છે એમ કહેશે. દૃષ્ટિદોષ એનો છે કે જે પોતે ચૈતન્ય જ્ઞાનાનંદ પ્રભુ (છે), એની ત્રિકાળ અસ્તિ છે એના તરફની એની નજરું અનાદિથી નથી. એની નજરું અનાદિથી પુણ્ય ને પાપ અને એના ફળ તરીકે આ ધૂળ આદિ મળે એના ઉપર નજરું (છે). એ મિથ્યાત્વના સંસ્કારની દશા અનાદિની ધારાપ્રવાહી ચાલી આવે છે. આહાહા!

એ કહે છે, જુઓ! '**ધારાસંતાનરૂપ વારંવાર વિભાવપરિણામ, તેમાં પુદ્ગલ અર્થાત્ અચેતન મૂર્તિમાન દ્રવ્ય નિશ્ચયથી અનાદિકાળથી નાચે છે,...**' એટલે? એકત્વબુદ્ધિમાં પુદ્ગલ જ નાચે છે, કહે છે. કેમકે એ ઉપાધિનો ભાવ પોતે કર્યો પણ એ ઉપાધિમાં નિમિત્ત પુદ્ગલ છે. એટલે પુદ્ગલનો જ એ નાચ છે. આત્મા એમાં નથી. આહાહા! શું કહે છે આવું?

મુમુક્ષુ :– આત્માનો દોષ ન હોય તો ધર્મ કરવો...

ઉત્તર :– એ કીધું ને. દૃષ્ટિદોષ તો પહેલો કીધો. દૃષ્ટિ એના ચૈતન્ય સ્વભાવ ઉપર નહિ હોવાથી, દૃષ્ટિ કર્મના નિમિત્તથી થતાં ઉપાધિભાવ, થાય પોતાની પર્યાયમાં, પણ એ ઉપાધિભાવને પોતાના માનીને મિથ્યાત્વ સંસ્કારથી, અનાદિથી ધારાપ્રવાહ મિથ્યાત્વને સેવતો આવે છે. એ બધો પુદ્ગલનો નાચ છે એમ કહે છે અહીં. ચૈતન્યનો નહિ. ચૈતન્ય તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. આહાહા! સમજાણું કાંઈ? આવી વાતું હવે.

મુમુક્ષુ :– પુદ્ગલનો નાચ હોય એમાં અમને શું વાંધો?

ઉત્તર :– પણ દૃષ્ટિ કોની છે? આ રાગ ઉપર દૃષ્ટિ છે એ એની છે કે નહિ? એમ કહે છે. એ દૃષ્ટિમાં પુદ્ગલ નિમિત્ત છે એથી પુદ્ગલ નાચે છે એમ કહેવામાં આવ્યું છે. કેમકે આત્મા તો જ્ઞાન અને આનંદ શીતળ શીતળ શાંતસ્વરૂપ પ્રભુ, વીતરાગમૂર્તિ આત્મા છે. એ વીતરાગમૂર્તિ રાગમાં કેમ આવે? આહાહા! એ આત્માનો નાચ નથી. આહાહા! એમ કહેવું છે. આહાહા! એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ એ બધો રાગ છે અને રાગ છે તે પોતાનો છે એમ માને છે એવા જે મિથ્યા સંસ્કાર એ પુદ્ગલનો નાચ છે એમ કહેવામાં આવે છે. આહાહા! શું થાય? આખી મૂળ વાત પડી રહી છે અને મૂળ મૂકીને બધી (વાત). વર મૂકીને જાન જોડી દીધી. આહાહા!

એમ ચૈતન્યમૂર્તિ પ્રભુઆત્મા એની દૃષ્ટિ અને એના અસ્તિત્વના પ્રતીતિના અભાવમાં પુણ્ય અને પાપના ભાવ, એની અસ્તિ છે.... એ કહ્યું છે ને? એ મારા છે એ માનેલી વિદ્યમાન વસ્તુ છે. એ નથી એમ નહિ. અજ્ઞાની કહે છે કે ભાઈ એ તો ભ્રમ છે. પણ ભ્રમ છે ને? એમ સિદ્ધ કરે છે. આહાહા! એ ચૈતન્યસ્વરૂપ ભગવાન નિત્યાનંદ પ્રભુ, એમાં રાગનો ભાવ તે દુઃખરૂપ આકુળતા છે. અને ચૈતન્યના જ્ઞાનનો એમાં અભાવ છે અને અતીન્દ્રિય આનંદનો એમાં અભાવ છે. આહાહા! ચાહે તો શુભરાગ હો કે અશુભ હો, શુભઉપયોગ હો... આહાહા! એ પુદ્ગલના નિમિત્તથી થયેલી ઉપાધિ છે. આહાહા! સ્વભાવમાં એ ચીજ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી. આહાહા! આવી વાત છે. અજીવ અધિકાર છે ને? છેલ્લી ગાથા છે. આહાહા!

જેની નજરું ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવ આત્મા, એના ઉપર નજર અનાદિથી નથી. અને એની નજરુમાં અનાદિથી એ પુણ્ય અને પાપના ભાવ અને એના ફળ તરીકે આ ધૂળ આદિ મળે કે આ સામગ્રી બાયડી, છોકરા, કુટુંબ, બંગલા, હજીરા મળે હજીરા સમજો છો? 'જામનગર'માં નદીને કાંઠે છે. હજીરા. આ લોટિયા વોરા હોય છે ને? લોટિયા વોરા. એ 'જામનગર'માં નદીને કાંઠે મોટા હજીરા છે. હજીરા એટલે જેમાં વોરાને દાટે.

મુમુક્ષુ :- કબ્રસ્તાન.

ઉત્તર :- એ કબર પણ એ લોકો એને હજીરા કહે છે. મોટા હજીરા. નદીને કાંઠે છે ને? અમે તો બધું જોયું છે ને?

એમ આ આત્મા... આહાહા! આ શરીર ને વાણી ને મકાન ને મારા એવી માન્યતામાં દબાઈ ગયો છે. એ હજીરામાં દબાઈ ગયો છે ઇ. આહાહા! સમજાણું કાંઈ? 'જયસુખભાઈ'! એ એની દૃષ્ટિનો દોષ છે પણ દૃષ્ટિમાં પુદ્ગલનું નિમિત્ત છે. તેથી નિમિત્ત-નિમિત્ત સંબંધે પુદ્ગલ નાચે છે એમ કહેવામાં આવ્યું છે. આહાહા! ભારે વાતું, બાપુ! આવો માર્ગ, આવો ઉપદેશ હવે. કોઈ દિ' સાંભળ્યો ન હોય. આ કરો અને આ કરો, એય..! 'જયસુખભાઈ'! બાપુ! પ્રભુ! તારો માર્ગ જુદો છે, ભાઈ! આહાહા!

અહીં કહે છે, અનાદિકાળથી અચેતન મૂર્તિવંત પુદ્ગલ જ નાચે છે. આહાહા! ભગવાન જ્ઞાનાનંદસ્વરૂપનો એ નાચ ક્યાં છે? આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એનો નાચ તો આનંદ અને જ્ઞાનની પરિણતિ અવસ્થા થવી તે તેનો નાચ છે. અને આ રાગ અને પુણ્ય-પાપનો નાચ એ આનો નથી એટલે પુદ્ગલનો છે એમ કીધું છે. આહાહા! હવે આવો ઉપદેશ! આ શું કહે (છે)? ઝીણી વાતું, બાપુ!

**''न अन्यः' ચેતનદ્રવ્ય નાચતું નથી.'** શું કીધું? જોયું! ભગવાન ચેતન તો આનંદ અને જ્ઞાનનો સાગર છે. એ વિકારમાં આવતો નથી. પુણ્ય-પાપના વિકારમાં એ ચૈતન્યવસ્તુ છે એ આવતી નથી. આહા..! એ નાચતો નથી. આહાહા!

મુમુક્ષુ :- જીવ કરે દોષ...

ઉત્તર :- દોષ એનો પોતાનો. દૃષ્ટિ કીધી ને? દૃષ્ટિ તો એની છે. પણ એ દૃષ્ટિમાં નિમિત્તપણું પુદ્ગલનું છે, દૃષ્ટિમાં નિમિત્તપણું આત્માનું નથી. એટલે કે વિપરીત કારણમાં આત્મા નથી, વિપરીત દૃષ્ટિમાં આત્મા નથી. એક ન્યાયે તો એ વિપરીત દૃષ્ટિમાં દ્રવ્ય છે તે નિમિત્ત છે. ઝીણી વાત છે થોડી. વસ્તુ છે એ એનું મૂળ કારણ નથી એટલે નિમિત્ત છે. એમ. વિકારી દૃષ્ટિ અને વિકારના પરિણામ એ મારા, એ માન્યતામાં જીવ દ્રવ્ય છે એ તો નિમિત્ત છે. નિમિત્ત એટલે કે ઉપસ્થિતિ છે. એનાથી વિકાર થયો નથી. ઉપાદાન તો પર્યાયમાં વિકાર પોતાથી થયો છે. એ નિમિત્ત તો નથી, પણ વિકારમાં આ બાજુની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દૃષ્ટિ છે... આહાહા! પુદ્ગલ ઉપર એની દૃષ્ટિ છે એથી પુદ્ગલ નાચે છે તેમ કહેવામાં આવ્યું છે. 'દેવીલાલજી'! આવી વાતું છે, બહુ ઝીણી, બાપુ! અરે..રે..! જન્મ-મરણ કરીને દુઃખી છે, કહે છે. આહાહા!

મુમુક્ષુ :– આત્મા નિમિત્ત તો ઉપાદાન...

ઉત્તર :– ઉપાદાન એ વિકારી પર્યાય છે. એ વિકારી પર્યાયમાં ઓલું નિમિત્ત છે, એ ઉપાધિમાં નિમિત્ત છે એ. ઉપાધિમાં ઓલું નિમિત્ત છે એટલું. અને આ તો ઉપાધિમાં ખરું નિમિત્ત છે. આહાહા! સમજાણું કાંઈ?

**'ચેતનદ્રવ્ય નાચતું નથી.'** આહાહા! ભગવાનઆત્મા આનંદનો નાથ, પ્રભુ! અતીન્દ્રિય અનાકુળ સ્વરૂપ તે કાંઈ રાગમાં નાચે? આહાહા! અનાકુળ આનંદ સ્વરૂપનું નાચવું તો અનાકુળ આનંદની પર્યાયમાં એનું નાચવું હોય. આહાહા! એથી એ પુણ્ય અને પાપના ભાવ અજીવસ્વરૂપ છે તેને જીવ સ્વરૂપની સાથે એકત્વ માનવા અને એને લઈને ધારાવાહી વિભાવ થાય, એ વિભાવને અહીંયાં પુદ્ગલનો નાચ કહ્યો છે. સમજાણું કાંઈ? આહાહા!

**'ભાવાર્થ આમ છે કે–ચેતનદ્રવ્ય અને અચેતનદ્રવ્ય અનાદિ છે,...'** ભગવાન ચૈતન્ય વસ્તુ પણ અનાદિની છે અને પુદ્ગલ અચેતન પણ અનાદિ છે. **'પોતપોતાના સ્વરૂપે છે,...'** આત્મા આત્માના સ્વરૂપે, ચૈતન્યસ્વરૂપે, આનંદસ્વરૂપે છે અને જડ જડસ્વરૂપે અનાદિના છે. **'પરસ્પર ભિન્ન છે.'** ચૈતન્ય સ્વભાવ અને રાગાદિ સ્વભાવ પરસ્પર ભિન્ન છે. આહાહા! અત્યારે તો આવું કહે, વ્રત લ્યો, પડિમા લ્યો, પંચમહાવ્રત ધારણ કરો. એ તો બધો રાગ છે. આહાહા! એ રાગને પોતાનો માનવો અને રાગથી મને લાભ થશે એમ માનવું એ મિથ્યા સંસ્કાર, મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! એ જીવમાં અજીવના સંસ્કાર નાખીને એકત્વબુદ્ધિ કરી છે. આહાહા! આવી વાત આકરી બહુ, ભાઈ!

**'આવો અનુભવ પ્રગટપણે સુગમ છે;...'** શું? **'પરસ્પર ભિન્ન છે. આવો અનુભવ પ્રગટપણે સુગમ છે;...'** રાગ અને ભગવાનઆત્મા બે ભિન્ન છે. ચૈતન્યદ્રવ્ય જ ત્રિકાળ ભિન્ન છે. રાગના વિકલ્પમાં ચૈતન્યદ્રવ્ય છે એ આવતું નથી. એવું પ્રગટ બેય ભિન્ન છે. આહાહા! તેથી **'આવો અનુભવ પ્રગટપણે સુગમ છે;...'** આહાહા! કેમ સુગમ છે? કે ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવ છે એ તો ત્રિકાળી એકરૂપે રહેલો છે અને રાગ છે એમાં એ ચૈતન્યદ્રવ્ય આવ્યું નથી. માટે રાગથી ભિન્ન ચૈતન્યદ્રવ્યનો અનુભવ સુગમ છે. આહાહા! આવી વાતું છે. આ તો પરમાત્મા જિનેશ્વરદેવનો (માર્ગ છે).

મુમુક્ષુ :– કોઈ ઠેકાણે એમ લખ્યું છે, આવો અનુભવ કરવો કઠણ છે.

ઉત્તર :– એ તો કઠણ છે એ કઈ રીતે? એકત્વ માનીને આ સંસ્કાર છે માટે. પણ અહીં તો કહે છે, વસ્તુ જ્યાં અખંડ અંદર પડી છે માટે સુગમ છે.

બે અપેક્ષાઓ છે. અનાદિના રાગને પોતાનો માન્યો છે એ સંસ્કારને લઈને છૂટું પડવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ દુર્લભ છે, અશક્ય (નથી). દુર્લભ છે. પણ અહીં તો કહે છે કે ચૈતન્ય ત્રિકાળી વસ્તુ વિદ્યમાન છે ને? આહાહા! એ રાગાદિ ભાવ તો ક્ષણિક, વિકૃત, ક્ષણિક થાય છે. અને ભગવાનઆત્મા ચૈતન્યદ્રવ્ય કાયમ અનાદિઅનંત શુદ્ધ દ્રવ્ય ભિન્ન છે. માટે છે એનો અનુભવ કરવો એ સુગમ છે. આમ છે. આહાહા! અરે..! બાપુ! આ તો વીતરાગ પરમેશ્વરનો માર્ગ છે. અત્યારે તો વીંખી નાખ્યો છે. અને આ વાત સાંભળે તો એને એમ (કહે છે) કે આ તો નિશ્ચયની વાતું-નિશ્ચયની વાતું એમ કરીને માળા મશ્કરી કરે અને ઉડાવે. કરો, કરો બાપા! અનાદિથી તેં એવું કર્યું છે. આહાહા!

અહીં કહે છે **'આવો અનુભવ પ્રગટપણે સુગમ છે;...'** કેમ? કે **'પોતપોતાના સ્વરૂપે છે, પરસ્પર ભિન્ન છે.'** માટે. ચૈતન્ય ચૈતન્યસ્વરૂપે છે, રાગાદિ વિકાર વિકારસ્વરૂપે છે. પરસ્પર બે સ્વરૂપે પોતાથી છે અને પરસ્પર ભિન્ન છે. આહાહા! સમજાણું કાંઈ? તેથી **'અનુભવ પ્રગટપણે સુગમ છે; જેને એકત્વસંસ્કારરૂપ અનુભવ છે...'** જેને એકત્વસંસ્કાર, રાગના અને ચૈતન્યસ્વરૂપ કાયમી ચીજ, એને રાગની ક્ષણિક ઉપાધિ સાથે એકત્વબુદ્ધિ છે. છે? **'તે અચંબો છે.'** આ તો આશ્ચર્ય થઈ ગયું. પ્રભુ! આ શું થયું તને! આહાહા! આ એમ કહે છે અહીં. અજીવ અધિકારના છેલ્લા શ્લોક છે ને? આહાહા!

ચૈતન્ય અતીન્દ્રિય આનંદનું મોટું ચોસલું અંદર પડ્યું છે. અતીન્દ્રિય આનંદનું... ચોસલું સમજો છો? આ બરફીના ચોસલા કરે છે ને આમ કટકા કરીને? આ અતીન્દ્રિય આનંદનું ચોસલું અંદર છે. એ એના સ્વરૂપે છે. રાગ રાગસ્વરૂપે છે. પોતપોતાના સ્વરૂપે બેય છે અને તે બેય સ્વરૂપે ભિન્ન છે. આહાહા! આમ કહીને... આહાહા! ભિન્ન છે તો ભિન્નનો અનુભવ (થવો) તે સુગમ છે, એમ કહે છે. આહાહા! બેય એક થઈ ગયા હોય તો તો અનુભવ કઠણ છે. એક થયા નથી. 'સુરેન્દ્રજી'! આવી વાતું છે, ભાઈ! દુનિયાથી નિરાળી વાતું છે. દુનિયા શું માને ને... એ બધા દુનિયાના નાટક તો જોયા છે ને. આહાહા!

**'એકત્વસંસ્કારરૂપ અનુભવ છે તે અચંબો છે.'** અહીં તો એ કહે છે. અરે..રે..! પ્રભુ! ચૈતન્ય આનંદનો નાથ ત્રિકાળી વિદ્યમાન પદાર્થ (છે), એને આ રાગ સાથે એકત્વબુદ્ધિ તો આશ્ચર્ય છે, અચંબો છે. આ તેં શું કર્યું? આહાહા! એ અચંબો છે. ભગવાનઆત્મા સર્વજ્ઞ પરમેશ્વર, જિનેશ્વરે કહ્યો જે ચૈતન્યસ્વરૂપ ભગવાનઆત્મા... પણ એની નજર કોઈ દિ' કરી નથી, એની વિદ્યમાનતા એને ખ્યાલમાં આવતી નથી. 'જયસુખભાઈ'! આહાહા! એની નજરુંમાં તો એની વર્તમાનદશા કાં રાગ, એનું ફળ બંધન, એનું ફળ સંયોગી ચીજ એના ઉપર એની નજર છે. સમજાણું કાંઈ? પોતે ચૈતન્યદ્રવ્ય...

**'એવું કેમ અનુભવે છે?'** અહીં તો કહે છે. આહાહા! પ્રભુ! તને શું થયું આ? ચૈતન્ય જ્ઞાનસ્વરૂપે બિરાજમાન પ્રભુ તારો આત્મા છે ને! એનો અનુભવ, વસ્તુ છે તેનો અનુભવ તો સુગમ છે અને વસ્તુમાં નથી એ ચીજને એકત્વબુદ્ધિથી અનુભવવો, આ તો અચંબો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આહાહા! આહાહા! તેં નહોતું તે ઊભું કર્યું, કહે છે. અચંબો છે, બાપુ! આહાહા! હતું તેને તેં છોડી દીધું. અને તે રાગાદિ, પુણ્યાદિના ભાવ આત્મામાં નથી, નથી તેને તેં માન્યા, તે અચંબો થયો આ તો, ભાઈ! એમ કહે છે. એય..! 'હિંમતભાઈ'! આવી વાતું છે. આહાહા!

મુમુક્ષુ :– બીજી લીટીમાં એમ કહે છે, અચંબો નથી.

ઉત્તર :– અહીં તો હજી બેની વચ્ચેની વાત છે ને? કે છે એવો ભગવાનઆત્મા વિદ્યમાન છે તેનો અનુભવ સુગમ છે અને એનામાં નથી એવા રાગના સંસ્કાર તેં ઉત્પન્ન કર્યા એ અચંબો છે, ભાઈ! એ રાગ મારો એવું તેં ઊભું કર્યું એ તો અચંબો થયો. વસ્તુની અપેક્ષાએ તે અચંબો છે, એમ કહે છે. આહાહા!

**'એવું કેમ અનુભવે છે? કેમકે એક ચેતનદ્રવ્ય, એક અચેતનદ્રવ્ય–એ રીતે અંતર તો ઘણું.'** આહાહા! શું કીધું ઇ? જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ અને રાગાદિ અચેતન. આહાહા! **'એક ચેતનદ્રવ્ય, એક અચેતનદ્રવ્ય–એ રીતે અંતર તો ઘણું.'** આંતરો તો બહુ છે. બે વચ્ચે આંતરો ઘણો છે, કહે છે. આહાહા! ચૈતન્ય ભગવાન અને રાગ એ બે વચ્ચે અંતર-આંતરો ઘણો છે. આહાહા! એક અમૃત અને એક ઝેર. એવું બે વચ્ચે આંતરું છે. ભગવાન અમૃતનો-આનંદનો સાગર અને રાગ ઝેરના પ્યાલા. આહાહા! વિષકુંભ કહ્યું છે ને? ઝેરનો ઘડો કહ્યો છે. શુભભાવ, હોં! દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઉઠે શુભભાવ એ ઝેરનો ઘડો, ભગવાન અમૃતનો સાગર, એ બે વચ્ચે અંતર ઘણું. આહાહા! અને અંતર ઘણું છતાં તેં એકત્વ કર્યું આ અચંબો છે, કહે છે. સમજાણું કાંઈ?

**'અંતર તો ઘણું. અથવા અચંબો પણ નથી,...'** બે જુદા (છે), એમાં અચંબો નથી એમ કહે છે. આંતરો ભિન્ન છે એનો અચંબો નથી એમ કહે છે. ભેગું માન્યું એ અચંબો છે. આહાહા! ચૈતન્યસ્વરૂપ ઝળહળ જ્યોતિ જ્ઞાનપ્રકાશની મૂર્તિ પ્રભુ અને રાગાદિ પર, એ બે ભિન્ન છે. ભિન્ન છે માટે સ્વનો અનુભવ સુગમ છે. અને બે ભિન્ન છે એને એ રીતે રાખવા એમાં અચંબો પણ નથી. આહાહા! આંતરું ઘણું એમાં અચંબો પણ નથી. આહા! અરે..! આવી વાતું. લોજિકથી–ન્યાયથી વાત કરે છે પણ હવે અભ્યાસ ન મળે. અત્યારે તો બધી વાત જ બીજે રસ્તે ચડાવી દીધી. ઓલી રેલ હોય ને રેલ? એને બીજે પાટે ચડાવવી હોય તો પાટો પાતળો હોય છે. જોયો છે ને? અમારે ત્યાં 'પાલેજ'માં નજીક ખરું ને એટલે બધું જોયું છે. એક પાટો પાતળો આમ ચડાવી દે તો આમ વઈ જાય, આમ ચડાવે તો આમ વઈ જાય. પાટો પાતળો હોય. એક જાડો હોય એની સાથે પાતળો (હોય). આમ કરીને... એમ આને ઊંધે પાટે ચડાવી દીધો છે. આહાહા! એ શુભ અને અશુભરાગ...

મુમુક્ષુ :– ડ્રાઈવર સારો હોય તો...

ઉત્તર :– આત્મા ડ્રાઈવર મોટો મહાપ્રભુ છે એમ કીધુંને અહીં તો. ચૈતનદ્રવ્ય છે ને? કાયમી ચીજ છે ને? શાશ્વત વસ્તુ છે ને? અને રાગ તે ઉપાધિ ને વિકલ્પ ને પુદ્‌ગલનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નાચ છે. બેમાં અંતર તો ઘણું માટે અચંબો કાંઈ નથી. આહાહા! આવી વાતું પણ ભાગ્યશાળીને મળે એવું છે. પ્રભુનો માર્ગ એવો છે, ભાઈ! આહાહા!

મુમુક્ષુ :– પ્રગટ જુદા છે...

ઉત્તર :– જુદા જ છે એમાં અચંબો શું? કહે છે. આહાહા! જુદાને એક માનવા એ અચંબો છે. આહાહા! શું શૈલી! 'રાજમલ' ટીકા કરનાર છે. આહાહા!

ચાર-પાંચ ભાઈઓ હોય ને. જોયું છે ને? એક સારી ઓસરી હોય. એ ઓસરીમાં પહેલેથી બે થાંભલા ભેગા રાખે, આમ. ઓસરીમાં જોયું છે? એમ કે બાપ હોય ત્યાં સુધી ઠીક પણ ભાઈઓએ પછી વેચવું હોય તો ઓસરીમાં એક થાંભલો અને અહીં થાંભલો આમ જોડે જોડે હોય. વળી સાત-આઠ ફૂટ છેટે બે થાંભલા હોય. એટલે જુદું પાડવું હોય તો બે થાંભલા વચ્ચે ઓલી નાખી દે આમ. એ જુદા છે જ, એમ કહે છે. પહેલેથી ભાઈઓ પાંચ, છ, આઠ હોય તો ઓસરીએ બધા થાંભલા બે બે રાખે. એક આની કોર, એક આની કોર. વચ્ચે થોડી જગ્યા (રાખે) એટલે અંદર ભીંત-દીવાલ કરવી હોય તો કરી નાખે. અને એનું બારણું આમ કરવું હોય તો કરી નાખે. સૌનું જુદે જુદું. 'સુરેન્દ્રજી'! અહીં કહે છે કે એ બે થાંભલા અંદર જુદા છે. એમ રાગ અને આત્મા બે તદ્દન જુદા છે. આહાહા! સમજાણું કાંઈ?

**'અચંબો પણ નથી,...'** શું અચંબો નથી? અંતર તો ઘણું છે એમાં અચંબો નથી એમ કહે છે. બેમાં આંતરો છે એમાં અનુભવ કરવો એ અચંબો નથી. આહાહા! શુભ-અશુભ રાગ અને પ્રભુ ચૈતન્યદ્રવ્ય, બે વચ્ચે અંતર ઘણું. કેમકે આ જ્ઞાનસ્વરૂપ, રાગ અજ્ઞાનસ્વરૂપ. જ્ઞાનના ચેતનનો અભાવ, આ આનંદસ્વરૂપ, રાગ દુઃખસ્વરૂપ (એમ) બેમાં અંતર ઘણું. આહાહા! તેથી બે જુદા તેનો અનુભવ તે અચંબો નથી. 'શુકનલાલજી'! આવું ત્યાં ક્યાંય સાંભળવા પણ ન મળે. 'શિવપુરી' કેવું? 'શિવગંજ'. આહાહા! 'શિવગંજ' તો આત્મા છે. શિવ એટલે નિરૂપદ્રવી આનંદસ્વરૂપનો ગંજ છે ઇ અને રાગાદિ છે એ દુઃખના ગંજ છે. આહાહા!

મુમુક્ષુ :– પ્રકાશ અને અંધારું બે જુદા ભાસે છે, આ જુદા કેમ ભાસતા નથી?

ઉત્તર :– એ ભિન્ન છે તે એને ભાસતો નથી માટે કહે છે. ભિન્ન છે એમ ભાસતું નથી માટે એને એકત્વબુદ્ધિ છે. ભિન્ન છે એમ ભાસે તો ભિન્ન છે એ સુગમ છે. એ એક કોઈ દિ' થયા જ નથી. આહાહા! સમજાણું કાંઈ?

આઠ ભાઈઓ હોય, ચાર ભાઈઓ હોય. પંદર-વીસ વર્ષ ભેગા રહે. પણ પહેલેથી એના બાપને અને બધાને એમ હોય કે બે થાંભલા રાખજો. અને ભાઈઓ તો જુદા જ રહે ને? ભાગ જ પાડેને? એમ કહે છે. આહાહા!

એમ બે ચીજ જ ત્યાં જુદી છે. આહાહા! ચૈતન્યના પ્રવાહની ચીજ, ભગવાનઆત્મા આનંદ ચીજ અને રાગનો પ્રવાહ દુઃખરૂપ અને આકુળતાની ચીજ, બે તદ્દન ભિન્ન છે ને, પ્રભુ! આહાહા! 'જયસુખભાઈ'! વકીલાત છે આ. આહાહા! અંદર બે ચીજ જ એક થઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી ને. એ બેમાં આંતરો ઘણો છે ને. આત્મા જ્ઞાન અને આનંદ અને શાંતિ સ્વરૂપ અને રાગ અચેતન, દુઃખ અશાંતિસ્વરૂપ. આહાહા! ઝીણી વાત, બાપુ! પણ છે તો એની ઘરની. આહાહા! ભાઈ! જુદી છે તેને જુદી કરવી એમાં તારે વિશેષ શું? એમ કહે છે. જુદી છે તેને એક માન્યો એ અચંબો થયો છે. છે? આહાહા!

**'અચંબો પણ નથી,...'** શું અચંબો નથી? પહેલો અચંબો છે એ તો રાગને, જુદા છે તેને એક માન્યું છે એ અચંબો છે. જુદા છે તેને જુદા જાણવા એ કાંઈ અચંબો નથી. આહાહા! કહો, સમજાય છે કાંઈ? આવો ઉપદેશ શું પણ આમાં? આમાં જૈનધર્મનો ઉપદેશ હશે આ? બાપુ! તને ખબર નથી. જૈન ધર્મ જ આ છે. અને જ્યાં રાગને, પુણ્યને ધર્મ મનાવે છે એ જૈનધર્મ જ નથી. એ અન્ય ધર્મ છે. અન્યમતિનો એ ધર્મ છે, જૈનનો નહિ. આહાહા! લોકમાં પણ નથી કહેતા? ભાઈ! ભાઈઓ-ભાઈઓ તો જુદા જ પડે ને? એ કાંઈ ભેગા ક્યાં સુધી રહે? આહાહા! શું ભાષા કંઈક છે ને? ભાઈઓ ભાઈઓ... એ કહે છે બધી ભાષા. તમારી સાંભળી હોય, મગજમાં રહે છે કો'ક.

મુમુક્ષુ :– ભાઈઓ હોય તો ભાગ પડે ને.

ઉત્તર :– ભાઈઓ હોય તો ભાગ પડે. બસ, ઇ. ભાઈઓ હોય તો ભાગ પડે છે એમ આપણે અહીં કહે છે. ભાઈઓ હોય તો ભાગ પડે જ. એ ક્યાં એક છે તે ભાગ ન પડે? એમ કહે છે. આહાહા! એ શબ્દ છે. મગજમાં પાછું આવવું જોઈએને. ભાઈઓ હોય તો ભાગ પાડે જ. સૌના ભાગ જુદા છે તો પડે. એમ ભગવાનઆત્મા ને રાગ બે જુદા છે તો બે જુદા રહે. આહાહા! આવી વાત છે. 'શીવલાલભાઈ'!

**'કેમકે અશુદ્ધપણાના કારણે બુદ્ધિને ભ્રમ થાય છે.'** જોયું! વસ્તુ છે ચિદાનંદ ભગવાન અને રાગ છે ભિન્ન, એનું એકપણું (થવું) એ અચંબો છે પણ એનું ભિન્ન કરવું એ અચંબો નથી. આહાહા! **'અશુદ્ધપણાના કારણે બુદ્ધિને ભ્રમ થાય છે.'** એટલે? કે પુણ્ય અને પાપના ભાવ તે અશુદ્ધ છે એમાં એને ભ્રમ થાય છે કે આ મારા છે. સમજાણું કાંઈ? અરે..! વીતરાગના માર્ગની સત્યતા સાંભળવા ન મળે. એ કે દિ' વિચારે અને કે દિ' રુચિમાં લે? આહાહા! અહીં તો પરમાત્મા જિનેશ્વરદેવે ઇન્દ્રો અને ગણધરોની સમક્ષમાં કહ્યું હતું તે આ છે. આહાહા! સમજાણું કાંઈ? લ્યો! પોણો કલાક વયો ગયો. 'ચીમનભાઈ'ને સવારમાં. હવે આવ્યા. અચંબો નથી એટલે? કેમ? **'અશુદ્ધપણાના કારણે બુદ્ધિને ભ્રમ થાય છે.'** શુદ્ધપણું તો ત્રિકાળ છે પણ પર્યાયમાં અશુદ્ધ છે એને ભ્રમ લાગી જાય છે કે આ અશુદ્ધપણું તે હું. આહાહા! કેમ થયું? પોણો કલાક વયો ગયો. આહાહા!

**'જેવી રીતે ધતૂરો પીતાં...'** હવે દૃષ્ટાંત આપે છે. **'દૃષ્ટિ વિચલિત થાય છે,...'** ધતૂરો પીતાં એની દૃષ્ટિ વિચલિત થાય છે. વાસ્તવિક દૃષ્ટિ રહેતી નથી. **'શ્વેત શંખને પીળો દેખે છે,..'** શંખ ધોળા હોય છે પણ જેને... સમજાણું? ધતૂરો પીતા જેની દૃષ્ટિ... આ કમળો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જેને થાય ને કમળો? એ પણ બીજી ચીજને પીળી દેખે. આંખમાં કમળાનો રોગ થાય છે ને? પછી કમળામાંથી કમળી થઈ જાય ત્યારે તો પછી બચવામાં જોખમમાં જાય. પણ કમળો હોય ત્યાં સુધી એની આંખમાં પીળાશ હોય તો વસ્તુ ધોળી હોય એને પીળી દેખે. એ દૃષ્ટિનો દોષ છે. ધતૂરો પીધો છે એને લઈને એની દૃષ્ટિ ફરી ગઈ છે, એમ કહે છે. આહાહા!

મુમુક્ષુ :– ધતૂરાને લઈને દૃષ્ટિ (ફરી છે)?

ઉત્તર :– ધતૂરો તો ઉપાધિ છે. એ કહેશે. દૃષ્ટિ ફરી છે એની પોતાને ને પોતાને કારણે. એ કહેશે.

**'ધતૂરો પીતાં દૃષ્ટિ વિચલિત થાય છે, શ્વેત શંખને પીળો દેખે છે, પણ વસ્તુ વિચારતાં આવી દૃષ્ટિ સહજની તો નથી,...'** એ દૃષ્ટિ સહજની નથી. **'દૃષ્ટિદોષ છે,...'** જોયું! એની દૃષ્ટિનો દોષ છે. **'દૃષ્ટિદોષને ધતૂરો ઉપાધિ પણ છે;...'** નિમિત્ત છે, એમ કહે છે. દૃષ્ટિદોષને ધતૂરો ઉપાધિ છે, નિમિત્ત, બસ! આહાહા! સમજાય છે કાંઈ? આ તો એક એક શ્લોક અમૃતના સાગર છે. આહાહા! દિગંબર સંતોની વાણી... આહાહા! એક ક્ષણમાં એને હલાવી નાખે. ભાઈ! તું છો કે નહિ? અને છો તો કોણ છો? હું તો આનંદ અને જ્ઞાનના સ્વરૂપે બિરાજમાન છું. આ શું છે? એ તો ઉપાધિનો (ભાવ છે). દૃષ્ટિ અશુદ્ધતા ઉપર પડી છે તે દૃષ્ટિનો દોષ છે. આહાહા! એ દૃષ્ટિના દોષમાં ધતૂરો જેમ આને નિમિત્ત છે એમ અહીં કર્મનું નિમિત્ત છે એમ કહેશે. દૃષ્ટિનો દોષ તો એણે ઊભો કર્યો છે. આહાહા!

**'તેવી રીતે જીવદ્રવ્ય અનાદિથી કર્મસંયોગરૂપે મળેલું જ ચાલ્યું આવે છે,...'** જોયું! ભગવાનઆત્મા અનાદિથી કર્મના સંયોગરૂપે, સંયોગરૂપે, હોં! **'સંયોગરૂપે મળેલું જ ચાલ્યું આવે છે, મળેલું હોવાથી વિભાવરૂપ અશુદ્ધપણે પરિણમી રહ્યું છે,...'** જીવદ્રવ્ય મલિનપણે, અશુદ્ધપણે, કર્મના સંયોગપણે હોવાથી તેના લક્ષમાં એ અશુદ્ધરૂપે પરિણમી રહ્યો છે. આહાહા! **'અશુદ્ધપણાના કારણે જ્ઞાનદૃષ્ટિ અશુદ્ધ છે,...'** જોયું! એની દૃષ્ટિ અશુદ્ધ ઉપર છે તેથી તેની દૃષ્ટિ અશુદ્ધ છે. **'અશુદ્ધપણાના કારણે જ્ઞાનદૃષ્ટિ અશુદ્ધ છે,...'** એ જ્ઞાનને જોવાની દૃષ્ટિ જ અશુદ્ધ થઈ ગઈ છે. આહાહા! એ પોતાના કારણે, હોં! આહાહા!

**'તે અશુદ્ધ દૃષ્ટિ વડે ચેતનદ્રવ્યને પુદ્‌ગલકર્મની સાથે એકત્વસંસ્કારરૂપ અનુભવે છે..'** જોયું! એ અશુદ્ધદૃષ્ટિ જે છે. રાગ તે હું એવી જે અશુદ્ધ દૃષ્ટિ છે. એ દૃષ્ટિ વડે ચેતનદ્રવ્યને પુદ્‌ગલકર્મની સાથે એકત્વસંસ્કારરૂપ અનુભવે છે. આહાહા! અશુદ્ધપણાની દૃષ્ટિ છે અને શુદ્ધપણાની દૃષ્ટિ નથી. વસ્તુ શુદ્ધ ચૈતન્ય છે એની દૃષ્ટિ નથી અને રાગની ઉપાધિ ઉપર જેની દૃષ્ટિ છે એ અશુદ્ધદૃષ્ટિ છે. એ અશુદ્ધદૃષ્ટિને લઈને જ્ઞાનદૃષ્ટિ પણ અશુદ્ધ થઈ ગઈ. એને જોવાની દૃષ્ટિ અશુદ્ધ થઈ ગઈ. આહાહા!

**'ચેતનદ્રવ્યને પુદ્‌ગલકર્મની સાથે એકત્વસંસ્કારરૂપ અનુભવે છે–આવો સંસ્કાર તો વિદ્યમાન છે,...'** માથે કહ્યું હતું ને? **'અનંતકાળથી વિદ્યમાન છે...'** બીજી લીટી. અજ્ઞાનીમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ સંસ્કાર વિદ્યમાન છે. આહાહા! અધ્ધરથી થયેલો છે અને આત્માની પર્યાયમાં નથી, એમ નથી. આહાહા! **'પણ વસ્તુસ્વરૂપ વિચારતાં આવી અશુદ્ધ દૃષ્ટિ સહજની તો નથી,...'** જેમ ઓલા ધતુરાની દૃષ્ટિથી થઈ એ કાંઈ સહજની દૃષ્ટિ નથી. ધતૂરાના નિમિત્તે ઉપાધિની દૃષ્ટિ થઈ છે ને? ધોળાને પીળું દેખે. આહાહા! **'વસ્તુસ્વરૂપવિચારતાં આવી અશુદ્ધ દૃષ્ટિ સહજની તો નથી, અશુદ્ધ છે, દૃષ્ટિદોષ છે....'** આહાહા! જેની પુણ્ય અને પાપની દૃષ્ટિ એના ઉપર એ અશુદ્ધદૃષ્ટિ છે. અશુદ્ધદૃષ્ટિના સંસ્કારને લઈને જ્ઞાનદૃષ્ટિ અશુદ્ધ થઈ ગઈ. આહાહા!

**'વસ્તુસ્વરૂપ વિચારતાં આવી અશુદ્ધ દૃષ્ટિ સહજની તો નથી, અશુદ્ધ છે, દૃષ્ટિદોષ છે અને દૃષ્ટિદોષને...'** હવે જુઓ આવ્યું. ઓલામાં કહ્યું હતું ને? દૃષ્ટિદોષને ધતૂરો ઉપાધિ પણ છે એમ કહ્યું હતું. છે? એમ આ **'દૃષ્ટિદોષને પુદ્‌ગલપિંડરૂપ મિથ્યાત્વ કર્મનો ઉદય ઉપાધિ પણ છે.'** આહાહા! કર્મનો ઉદય નિમિત્ત છે. એમ આ દૃષ્ટિદોષને ઉપાધિ નિમિત્ત છે. આહાહા! ઉપાદાન તો પોતે કરેલું છે અશુદ્ધ. એમ ઓલાને પીળી દૃષ્ટિ થઈ છે એ પોતાથી થઈ છે. એને લઈને પણ એમાં ધતુરો નિમિત્ત છે. એમ આ દૃષ્ટિ વિપરીત–અશુદ્ધ કરી છે એ એની પોતાની છે. એ દૃષ્ટિદોષ છે. એમાં આ કર્મની ઉપાધિનું નિમિત્ત છે. આહાહા! અરે..! ઓલું તો સહેલું હોય કે, ભાઈ! દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, દોઢ મહિનાના ઉપધાન કરો, બે-ચાર લાખના મોટા મંદિરો બનાવો. માથે ધજા ફરકે.

મુમુક્ષુ :– મંદિરો હોય તો કરોડો વર્ષ ધર્મ ચાલે.

ઉત્તર :– કરોડો કોને? ધર્મ સાધન આત્મામાં છે કે બહારમાં છે? એ તો શુભભાવ હોય ત્યારે સામે નિમિત્તમાં લક્ષ જાય, એટલું. શુભભાવ આવે ત્યારે તેનું લક્ષ ત્યાં જાય છે એટલું. એનાથી શુભભાવ થયો એમ પણ નથી. આહાહા! મંદિર અને ભગવાનને દેખવાથી એને લઈને અહીં શુભભાવ થયો એમ નથી. શુભભાવ થયો છે એ પર ઉપર એનું લક્ષ જાય છે.

મુમુક્ષુ :– વાતમાં ફેર છે.

ઉત્તર :– વાતમાં ફેર છે. આહાહા! ઓલા કહે કે ભગવાનના દર્શન કરીએ એટલે શુભભાવ થાય. અહીં કહે છે, શુભભાવ હોય ત્યારે એના દર્શનમાં લક્ષ જાય. આવો ફેર છે.

મુમુક્ષુ :– પોતાની ઉપાધિ...

ઉત્તર :– એ નાખે બધી. એ અનાદિના સંસ્કાર ઉંધા થઈ ગયા છે ને. એ બધું એ જ કહે, બસ. ભગવાનનું મંદિર હોય તો આપણને ધર્મધ્યાન થાય. એને લઈને ધર્મધ્યાન થાય.

મુમુક્ષુ :– આપણે મંદિર સ્થાપવું હતું ત્યારે એ વાત તો ચાલતી હતી.

ઉત્તર :– એ વખતે પણ થઈ ગઈ હતી બધી. અહીં તો ઠેઠથી કરીએ છીએ આ. આહાહા! અને તેથી મંદિરો કરો કે એવું કોઈ દિ' અમે કહ્યું નથી કાંઈ. એની જેની મરજી હોય અને ભાવ આવે અને એ થવાનું હોય તો થાય. આ કરવાનું મેં કોઈ દિ' કહ્યું નથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કે આ મકાન આવું કરો. લોકોને ઓલા જયંતિનો દિવસ ત્યાં 'મુંબઈ' ઉજવ્યો હતો. એ લોકો કાંઈક નવું કરવું કે નહિ? એવા વિચારમાં ઘણાના મત માગ્યા. કોઈનો મત એવો પડ્યો કે ભાઈ કાંઈક નવું મકાન બનાવો. યાદ રહે. પછી ... નક્કી કર્યું. 'મુંબઈ'વાળા પછી ખસી ગયા. એમાં કાંઈ ભાગ લીધો નહિ.

મુમુક્ષુ :- 'મુંબઈ'વાળા તો હોંશિયાર હોય ને.

ઉત્તર :– પછી પહેલેથી આ કરવું હતું પાંચ લાખનું. પહેલા ત્રણ લાખ થયા. હજી આને ત્રણ લાખનું કરવું હતું ત્યાં પાંચ લાખ થયા. ત્યાં એવું સાંભળ્યું. આપણે તો કોઈને કહ્યું નથી કંઈ.

મુમુક્ષુ :– કહેનારા તો કો'ક હોય.

ઉત્તર :– એ તો બીજા હોય. એ પાંચ લાખ થયા એમાં દસ લાખનું મંદિર કરવું એમ થયું અહીં. ખાનગીમાં એક-બે જણા આવ્યા. અમારા 'ચંદ્રકાંતભાઈ' અને આમના ભાઈ 'રમણિકભાઈ' બે અંદર ખાનગીમાં આવ્યા. અમારે તો પચ્ચીસ લાખનું કરવાનું છે. બોલશો નહિ, કીધું. દસ લાખનું કહે છે એમાં પચ્ચીસ લાખ... મારે તો ઉલટાનું એમ કહેવું પડ્યું હતું. બે ભાઈબંધ હતા ને? 'ચંદ્રકાંતભાઈ' ગુજરી ગયા. મકાન છે ને? એ અને 'રમણિક' બે અંદર ઓરડીમાં આવ્યા હતા. કે અમારે તો આ પચ્ચીસ લાખનું કરવું છે. મેં કીધું આવું બોલશો નહિ. લોકો દસ લાખનું કહે છે અને તમે પચ્ચીસ લાખ ક્યાંથી કરશો? આ કરતા કરતા છવ્વીસ લાખનું થઈ ગયું. જે થવા કાળે થાય એ કરે કોણ?

મુમુક્ષુ :– આપની અનુમતિ હોવી જોઈએ ને.

ઉત્તર :– એણે વાત કરી એ મેં સાંભળી. મેં તો ઉલટાની ના પાડી. પચ્ચીસ-પચ્ચીસ લાખની વાતું કરો નહિ.

મુમુક્ષુ :– ... આટલી મોટી રકમ...

ઉત્તર :– ના તો પાડે કાંઈ. કોણે કહ્યું? રાડ કોણે પાડી? 'પૂનમચંદ'? છીંક આવી. આહાહા!

**'ચેતનદ્રવ્યને પુદ્ગલકર્મની સાથે એકત્વસંસ્કારરૂપ અનુભવે છે–આવો સંસ્કાર તો વિદ્યમાન છે, પણ વસ્તુસ્વરૂપ વિચારતાં આવી અશુદ્ધ દૃષ્ટિ સહજની તો નથી, અશુદ્ધ છે, દૃષ્ટિદોષ છે...'** રાગને પોતાનો માનવો એ અશુદ્ધ છે, દૃષ્ટિદોષ છે. **'દૃષ્ટિદોષને પુદ્ગલપિંડરૂપ મિથ્યાત્વકર્મનો ઉદય ઉપાધિ પણ છે.'** નિમિત્ત છે. આહાહા! ધતૂરાથી એની દૃષ્ટિ ફરી નથી એમ કહે છે. ધતૂરો તો એમાં નિમિત્ત છે. એમ આને અશુદ્ધદૃષ્ટિમાં કર્મને લઈને અશુદ્ધ થઈ છે એમ નથી. કરી છે પોતે ત્યારે કર્મનો ઉદય એને ઉપાધિ-નિમિત્ત કહેવાય છે. આહાહા! તોપણ દૃષ્ટિમાં દોષ છે. આહાહા!

**'હવે જેવી રીતે દૃષ્ટિદોષથી શ્વેત શંખને પીળો અનુભવે છે...'** દૃષ્ટિદોષથી ધોળાને પીળો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાણે **'તો પછી દૃષ્ટિમાં દોષ છે, શંખ તો શ્વેત જ છે, પીળો દેખતાં શંખ તો પીળો થયો નથી;...'** આહાહા! માળે ટીકા તે...! **'એવી રીતે મિથ્યાદૃષ્ટિથી ચેતનવસ્તુ અને અચેતનવસ્તુને એક કરીને અનુભવે...'** મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની ચૈતન્યને અને રાગને એકપણે અનુભવે. આહાહા! **'તો પછી દૃષ્ટિનો દોષ છે,...'** એ તો દૃષ્ટિનો દોષ છે. આહાહા! **'વસ્તુ જેવી ભિન્ન છે તેવી જ છે.'** બે વસ્તુ કાંઈ એક થઈ નથી. રાગ અને આત્મા બે એક થયા નથી. પણ દૃષ્ટિના દોષને લઈને રાગ તે મારો એમ અજ્ઞાન મિથ્યાદૃષ્ટિથી અનાદિથી માન્યું છે. આહાહા! એ અજીવને જીવ માન્યું એમ કહે છે.

**'જેવી ભિન્ન છે તેવી જ છે. એક કરીને અનુભવતાં એક થતી નથી,...'** જોયું! રાગ તે આત્મા છે એમ એકપણે માને છતાં એક થતું નથી. આહાહા! **'કેમકે ઘણું અંતર છે.'** બે વચ્ચે ઘણો આંતરો છે. વિશેષ કહેવાશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**શ્રાવણ સુદ ૧૪, શુક્રવાર તા.૨૯.૦૭.૧૯૭૭**
**કળશ - ૪૪-૪૫, પ્રવચન - ૫૩**

'કળશટીકા' ૪૪મો કળશ ચાલે છે. **'વસ્તુ જેવી ભિન્ન છે તેવી જ છે.'** પહેલી લીટીથી છે ને. ચૈતન્યવસ્તુ જે છે એ તો જેવી છે તેવી જ છે. અને તે ભિન્ન છે. છે ને? રાગના વિકલ્પથી અને શરીરાદિથી તો તદ્દન ભિન્ન છે. વસ્તુ કોઈ દિ' એક થઈ નથી. આહાહા! **'એક કરીને અનુભવતાં એક થતી નથી,...'** વસ્તુ જે જ્ઞાનસ્વરૂપી ભગવાન, એને રાગની સાથે એકત્વ અનુભવ કરતા છતાં એક થતી નથી. આહાહા! કેમકે આનંદનો કંદ પ્રભુ ચૈતન્યસ્વભાવ એ તો ત્રણે કાળે રાગથી ભિન્ન છે. આહાહા! તેને એક કરીને અનુભવતાં રાગ અને વિકલ્પની સાથે એકપણે અનુભવતાં છતાં તે એક થઈ નથી. માને ભલે. આહાહા! આવી વાતું છે.

**'કેમ કે ઘણું અંતર છે.'** આહા..! ચૈતન્યસ્વભાવ અને રાગમાં ઘણું અંતર છે. ઘણું અંતર, પૂરું અંતર. આહાહા! રાગનો વિકલ્પ જે ઊઠે છે એ તદ્દન અચેતન છે, જેમાં ચૈતન્યસ્વભાવનો અભાવ છે. અને ભગવાનઆત્મા તો ચૈતન્યસ્વરૂપી અનાદિઅનંત છે. આહાહા! બેને એક કરીને અનુભવતા પણ એક થતાં નથી. આહાહા! જેમ શરીર, વાણી એને પોતાનું માનતા એક થતાં નથી. એ તો પર તે પર રહી છે. આહાહા! એમ રાગ અને આત્માનો ત્રિકાળી સ્વભાવ એને એક અનુભવતાં કાંઈ એક થતાં નથી. આહાહા! **'ઘણું અંતર છે.'**

**'કેવું છે અવિવેકનાટ્ય (અર્થાત્ જીવ-અજીવની એકત્વબુદ્ધિરૂપ વિભાવપરિણામ)?'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા! જીવ અને રાગાદિ અજીવ એની એકત્વબુદ્ધિ, ભેદજ્ઞાનનો અભાવ. આહાહા! **'(એકત્વબુદ્ધિરૂપ વિભાવપરિણામ) અનાદિથી એકત્વ સંસ્કારબુદ્ધિ ચાલી આવી છે-'** આહાહા! છે ભિન્ન છતાં રાગના શુભ-અશુભભાવની સાથે એકત્વબુદ્ધિ અનાદિથી ચાલી આવી છે. આહાહા!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ માન્યતામાં કરીને ચાલી આવી એમ કહે છે. એકપણે માનીને ચાલી આવી પણ એક થઈ નથી. આહાહા! કેમકે એનાથી ભિન્ન ભગવાન ચૈતન્ય છે એ ભિન્ન જ છે. અને તે પરની સાથે કદી એકત્વ છે જ નહિ. છતાં એકપણે માનીને અનાદિથી ચાલી આવી છે. આહાહા! એ મિથ્યાત્વભાવ... રાગ અને ભગવાનઆત્મા બે ભિન્ન અનાદિથી છે. આહાહા! છતાં તેને અનાદિથી રાગની એકતાની બુદ્ધિની માન્યતાના સંસ્કાર અનાદિથી ચાલ્યા આવે છે. આવી વાત છે. આહાહા!

**'ચાલી આવી છે-એવું છે.'** પાછું એવું છે એમ કહે છે. વસ્તુ તો ભિન્ન છે. રાગથી ભિન્ન ઘણું અંતર છે. છતાં અનાદિથી રાગની સાથે... આહાહા! એકત્વબુદ્ધિ અનાદિથી ચાલી આવી છે. પહેલા એકત્વ નહોતી અને પછી એકત્વ થઈ એમ નથી એમ કહે છે. શુદ્ધ ચૈતન્યઘન આનંદપ્રભુ રાગની સાથે એકત્વ પહેલા નહોતો અને પછી થયું, એમ નથી. આહાહા! જેમ ચીજ જે છે એ રાગથી ભિન્ન સદાય અનાદિ ચાલી આવે છે એમ એ રાગની સાથે એકત્વબુદ્ધિ... આહાહા! એ પણ અનાદિથી ચાલી આવે છે. સમજાણું કાંઈ? આહાહા!

બે વાત લીધી. વસ્તુ જે ચૈતન્ય વસ્તુ છે એ તો જ્ઞાનસ્વભાવે, આનંદસ્વભાવે અનાદિથી રાગથી ભિન્ન જ છે એમ હોવા છતાં અનાદિથી રાગની સાથે એકત્વબુદ્ધિ પણ ચાલી આવે છે. આહાહા! સમજાણું કાંઈ? માર્ગ બહુ સૂક્ષ્મ છે, ભાઈ! અંતર્મુખ ચૈતન્ય એને અંતર્મુખ જોતાં એ ચીજ તો ભિન્ન જ છે, એમ કહે છે. એ રાગ સાથે કદી એક થઈ નથી. આહાહા! પર્યાયને અંતરમાં વાળતાં એ ચૈતન્યસ્વરૂપ ભગવાનઆત્મા ભિન્ન જ છે. આહાહા! છતાં એનો અભ્યાસ અનાદિથી નથી... આહાહા! આનો અભ્યાસ છે, એમ કહે છે. આહાહા!

ચૈતન્યવસ્તુ ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદની કળી છે આખી. એ રાગના વિકલ્પથી પણ દયા, દાન, વ્રત, ભક્તિ(થી પણ પ્રાપ્ત થતી નથી). કારણ કે શુભરાગ તો એકેન્દ્રિયમાં પણ હોય છે. સમજાય છે કાંઈ? આ લીલોતરી છે ને? આ લસણ, ડુંગળી એના જીવને ક્ષણમાં શુભ અને ક્ષણમાં અશુભ થાય છે. આહાહા! એ શુભ અને અશુભની કર્મધારા એને હોય છે. આહાહા! પણ એ શુભની સાથે અને અશુભની સાથે એકત્વબુદ્ધિ પણ અનાદિથી ચાલી આવે છે. આહાહા!

એવું **'અવિવેકનાટ્ય...'** અવિવેક નાટક... આહાહા! એટલે રાગથી ભિન્ન ન કરવું અને રાગથી એકત્વ કરવું એવું અવિવેક નાટક અનાદિથી ચાલ્યું આવે છે. આહાહા! આવો માર્ગ!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ મિથ્યાદર્શનને લઈને એણે વ્રત ને તપ ને ભક્તિ પણ અનંતવાર કરી. પણ રાગની સાથે એકત્વબુદ્ધિ એની મિથ્યાત્વની અનાદિથી ચાલી આવે છે. એ છોડી નહિ. આહાહા! સમજાણું કાંઈ? **'કેવું છે અવિવેકનાટ્ય? જેમાં થોડુંક વિપરીતપણું નથી...'** આહાહા! ભારેપણ ટીકા કરી છે ને! ચૈતન્યજ્યોત વસ્તુ અંદર જ્ઞાન અને આનંદનો સાગર પ્રભુ છે. એને રાગના દયા, દાન, વ્રત, કામ, ક્રોધ આદિ પરિણામ, એની સાથે એકત્વબુદ્ધિ... આહાહા! છે? **'જેમાં થોડુંક વિપરીતપણું નથી,...'** આહાહા! પૂર્ણ વિપરીત. રાગ મારો, દયા, દાન, વિકલ્પ તે મારી ચીજ... આહાહા! એવો મિથ્યાત્વભાવ ઘણો વિપરીત છે. બહુ ઝીણી વાત, બાપુ! આહાહા! સમજાણું કાંઈ? આહાહા! ક્યાં પ્રભુ ચૈતન્યજ્યોત અને ક્યાં રાગ વિભાવ દુઃખરૂપ? એની એકત્વબુદ્ધિ ઘણી વિપરીત (છે), એમ કહે છે. ક્યાં પોતે આનંદસ્વરૂપ પ્રભુ, અતીન્દ્રિયઆનંદસ્વરૂપ આત્મા અને રાગનો વિકલ્પ ઊઠે તે દુઃખરૂપ. આહાહા! એ આનંદની સાથે દુઃખના એકપણાના સંસ્કાર મોટી વિપરીતતા, કહે છે. 'જયસુખભાઈ'! આવો માર્ગ. અત્યારે તો ગડબડ કરીને બધું ઉંધું માર્યું. સમ્યગ્દર્શન કેમ થાય એની ખબરું ન મળે. સમ્યગ્દર્શન એ શું ચીજ (એની ખબર ન મળે) અને એ વિના કરો વ્રત, તપ, ભક્તિ ને પૂજા. પડિમાં લ્યો. કહે છે કે એ બધો વિકલ્પ છે, રાગ છે. એની સાથે અનાદિથી એકત્વબુદ્ધિ ઘણી વિપરીતપણે ચાલી આવે છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

**'થોડુંક વિપરીતપણું નથી,...'** **'महति'** **'महति'** છે ને? **'ઘણું વિપરીતપણું છે.'** આહાહા! ક્યાં પ્રભુ ચૈતન્યસ્વરૂપી આનંદનો નાથ! અને ક્યાં એ વિકલ્પ રાગ! એ વિભાવ, આ સ્વભાવ, આ સુખ એ દુઃખ, આ અનાકુળ, તે આકુળતા. આહાહા! એની સાથે અનાદિથી ઘણી જ વિપરીતતા બુદ્ધિ ચાલી આવે છે. સમજાય છે કાંઈ? આહાહા! જૈનનો દિગંબર મુનિ પણ અનંતવાર થયો પણ એ રાગની ક્રિયા મારી છે એમ માનીને થયો. આહાહા! એ મિથ્યાત્વના સંસ્કાર... આહાહા! ઘણા વિપરીત છે, કહે છે.

એકકોર આનંદનો નાથ પ્રભુ અનાકુળ શાંતરસ અને એકકોર રાગ આકુળતા. એ રાગ એટલે એમ નથી કે રાગ એટલે અહીં તો દયા, દાન, વ્રતનો વિકલ્પ ઊઠે એ રાગ છે. અરે..! ગુણી અને ગુણ બે ભેદનો વિકલ્પ ઊઠે એ રાગ છે. વસ્તુ અખંડ આનંદમૂર્તિ, પ્રભુ! એ ગુણી અને એમાં આનંદ ગુણ છે એવો ભેદ ઊઠે એ વિકલ્પ રાગ છે. આહાહા! એ રાગની સાથે એકત્વબુદ્ધિ ઘણી જ વિપરીત છે. આહાહા! અંદર છે કે નહિ? બાપુ! વીતરાગમાર્ગ બહુ ઝીણો, ભાઈ! લોકોએ તો બહારથી ક્રિયાકાંડમાં ભક્તિ કરી, વ્રત પાળ્યા, પડિમા લીધી એટલે ધર્મ થઈ ગયો. મિથ્યાત્વ થયું છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! અરે..! એને આત્મા શું ચીજ છે? અને એ રાગનો સ્વભાવભાવ અને આકુળતા શું છે? બેની એકતામાં એને ખબર નથી. સમજાણું કાંઈ? **'ઘણું વિપરીતપણું છે.'** આહાહા!

**'કેવું છે પુદ્‌ગલ? સ્પર્શ, રસ, ગંધ, વર્ણ ગુણથી સંયુક્ત છે.'** એક તો એ વાત ઇ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શરીર, વાણી, મન આ બધા જડ એ તો રંગ, ગંધ, સ્પર્શ સહિત છે. ભગવાન તો વર્ણ, ગંધ, સ્પર્શ રહિત આત્મા છે. આહાહા! એક વાત. બીજી વાત

**''च अयं जीवः रागादिपुद्गलविकारविरुद्धशुद्धचैतन्यधातुमयमूर्तिः''** આહાહા! **'अयं जीवः'** આ જીવ જે પદાર્થ, પ્રભુ! એ તો **'જીવવસ્તુ આવી છે.'** કેવી? રાગ વિનાની છે. આહાહા! એ રાગ છે એ પુદ્ગલનો વિકાર છે, ચૈતન્યનો સ્વભાવ નહિ. આહાહા! સમજાણું કાંઈ? જેમ રંગ, ગંધ, રસ અને સ્પર્શ છે એ શરીર છે, વાણી છે એનું સ્વરૂપ છે. ભગવાનઆત્મામાં વર્ણ, ગંધ, રસ છે જ નહિ. આહાહા! એ તો સ્થુળ વાત કરી. સૂક્ષ્મમાં જે દયા, દાન, ભક્તિ, વ્રત, તપના વિકલ્પો રાગ એ આત્મામાં નથી. એ તો પુદ્ગલનો વિકાર છે. ચૈતન્યનો સ્વભાવ નથી. આહાહા!

મુમુક્ષુ :– આ રાગાદિ ભાવ શુભ રાગાદિ ભાવ ધર્મ છે?

ઉત્તર :– એ અધર્મ છે. ઝીણી વાત, બાપુ! ઝીણી છે.

ધર્મ એ આત્માનો ચૈતન્ય શુદ્ધ સ્વભાવ આનંદ, એનાથી રાગ છે તે વિપરીત છે. તો વિપરીત છે એટલે અધર્મ છે. આહાહા! અરે..! ઝીણી વાત, ભાઈ! એવા આત્મસ્વભાવની સાથે એવો રાગ જે અધર્મ એને એકપણે માનવો એ ઘણી વિપરીતતા છે, કહે છે. આકરી વાત, બાપુ! અત્યારે તો મુશ્કેલી છે. અત્યારે જૈનને નામે રાગની ક્રિયામાં જગતે ધર્મ મનાવ્યો છે. આહાહા! અને આ પૈસાવાળા શેઠિયાઓ આદિને નવરાશ ન હોય. માંડ કલાક સાંભળવા જાતો હોય. એમાં માથે કહેતો હોય,... જય નારાયણ. પછી કરો, મરો.

મુમુક્ષુ :– કરો એટલે મરો?

ઉત્તર :– કરો અને મરો. આ જગતની ક્રિયાનું કર્તા થવું એ મરવાનું છે. આહાહા! અમે આ કર્યું... અમે આ કર્યું... અમે આ કર્યું... અમે ધંધા કર્યા, અમે પૈસા મેળવ્યા, અમે બાયડી-છોકરાને સાચવ્યા. એ બધું કરવાની બુદ્ધિ તો મહાપાખંડ છે. આત્માની શાંતિનો એમાં નાશ છે. આહાહા!

મુમુક્ષુ :– કરના સો મરના.

ઉત્તર :– કરના એ મરના ભાઈએ કહ્યું હતું ને. 'ચીમનભાઈ' કહે છે ને? ભાઈએ કહ્યું ને? 'સોગાની' 'સોગાની' છે ને? 'શુકનલાલજી'! 'દ્રવ્યદષ્ટિપ્રકાશ' છે કે નહિ? તમારી પાસે છે ને? એમાં આવ્યું છે. 'સોગાની કહે કરના વહ મરના હૈ.' આહાહા! હું કરું, રાગ કરું, આ કરું, આ કરું, આનું કરું... આહાહા! એ કર્તાબુદ્ધિમાં તો આત્માની શાંતિનું મરણ છે. આહાહા! વસ્તુ બહુ ઝીણી, ભાઈ! આહાહા!

**'રાગ, દ્વેષ,...'** રહિત પ્રભુ તો અંદર છે. આહાહા! જો એ રહિત ન હોય તો વીતરાગ થશે ક્યાંથી? આહાહા! એ વીતરાગસ્વરૂપે જ પ્રભુ આત્મા અંદર છે. આહાહા! એ રાગના ભાવ અને દ્વેષના ભાવથી વસ્તુ રહિત છે. એ કહેશે, જુઓ! **'रागादिपुद्गलविकारविरुद्ध-**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**શુદ્ધચૈતન્યધાતુ**' થી તદ્દન વિરુદ્ધ ભાવ છે. આહા..! આવો ઉપદેશ હવે.

મુમુક્ષુ :– ધર્મનો માર્ગ...

ઉત્તર :– આ ધર્મની વસ્તુ બાપુ બહુ ઝીણી, ભાઈ! એક સેકન્ડ પણ ધર્મ થાય એના જન્મ-મરણના અંત આવી જાય. એ રાગાદિ ક્રિયાથી મારી ચીજ અંદર (ભિન્ન છે), એ કહે છે, જુઓ!

**'રાગ, દ્વેષ,...'**થી રહિત છે. **'ક્રોધ, માન, માયા, લોભ...'**થી રહિત છે. આહાહા! એ બધા વિકારો છે એ તો પુદ્‌ગલનો વિકાર વિરુદ્ધ ચૈતન્યથી છે. આહાહા! અજીવ અધિકારના છેલ્લા કળશો છે ને? એકદમ બેને તોડી નાખી ભિન્ન ભિન્ન (કરે છે). આહાહા! પરમ સ્વભાવ જ્ઞાયકભાવ ભગવાન... અહીં તો ભગવાન આત્માને જ કહે છે. પામરને બેસવું ભારે કઠણ. આહાહા! રાગના લોલુપીયો એ પુણ્ય પરિણામના લોલુપી, ચૈતન્યસ્વભાવમાં નથી છતાં લોલુપી એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! આવી વાત છે.

**'રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ એવા અસંખ્યાત લોકમાત્ર અશુદ્ધરૂપ જીવના પરિણામ—**' જોયું! એ છે તો જીવના પરિણામ. અશુદ્ધ. આહાહા! **'અનાદિ બંધપર્યાયથી વિભાવપરિણામ-તેમનાથી...**' એ પુદ્‌ગલનો વિકાર છે, કહે છે. આહાહા! વિભાવપરિણામ. આહાહા! અમૃતસ્વરૂપ ભગવાનઆત્મા, એમાં રાગભાવ આદિ એ બધા ઝેરના ઘડા છે. આહાહા! ભગવાનઆત્મા અમૃતનો સાગર પ્રભુ, એમાં ઝેરના ઘડાથી તે અમૃત સાગર ભિન્ન છે. આહાહા! સમજાણું કાંઈ? આમાં છે કે નહિ એમાં? કેટલાક કહે છે કે 'સોનગઢે' નવું કાઢ્યું. અમે જે કરીએ છીએ આ વ્યવહાર, ફલાણું એમાંથી નહિ. પણ આ ભગવાન શું કહે છે? આ પુસ્તક અહીંનું બનાવેલું છે? આહાહા! 'અમૃતચંદ્રાચાર્ય'નો તો આ કળશ છે. હજાર વર્ષ પહેલા થયા. બે હજાર વર્ષ પહેલા થયા એ 'કુંદકુદાચાર્ય'. એનો શ્લોક છે. આહાહા! અને એવો અભિપ્રાય અનાદિથી જૈનદર્શમાં ચાલ્યો આવે છે. કાંઈ 'કુંદકુંદાચાર્યે' જ કહ્યો માટે છે એમ કાંઈ નથી. આહાહા!

મુમુક્ષુ :– આપે બહુ સ્પષ્ટીકરણ કર્યું.

ઉત્તર :– વસ્તુ આ છે બીજી શું થાય? આહાહા! અરે..! ચોર્યાસીના અવતારમાં એ રાગના સંસ્કારની એકતાબુદ્ધિ, એ મિથ્યાત્વભાવ, એ ચોર્યાસી લાખના અવતારનું મૂળિયું છે. આહાહા! ભગવાનઆત્મા તો સ્વભાવનો સાગર છે. મોક્ષ થાય તે સ્વદ્રવ્યનો સ્વભાવ છે અને આ તો પરદ્રવ્ય છે, એમ કહે છે. રાગાદિ દયા, દાન, વ્રત, તપના પરિણામ એ પરદ્રવ્ય છે. પુદ્‌ગલનો વિકાર છે, એમ કહે છે. તેથી આત્માથી વિરુદ્ધ છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

**'અસંખ્યાત...**' છે ને? **'અસંખ્યાત લોકમાત્ર અશુદ્ધરૂપ જીવના પરિણામ—**' છે. આહાહા! એ રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, પુણ્ય, પાપના ભાવ અસંખ્યાત લોકપ્રમાણે વિભાવ પરિણામ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આહાહા! એ દુઃખરૂપ છે. ભગવાનઆત્મા આનંદરૂપ છે. એનાથી વિરુદ્ધભાવ છે ઇ. આહાહા! '( **पुद्गलविकार** )' જોયું! એ વિભાવ પરિણામ છે. આહાહા! તેમનાથી વિરુદ્ધ છે. ભગવાનઆત્મા તો એનાથી વિરુદ્ધ છે, રહિત છે. આહાહા! ક્યારે? અત્યારે. અરે..! રાગાદિ ભાવ, પુણ્ય-પાપના ભાવ એ બધા પુદ્ગલના વિકાર છે. છે ચૈતન્યના પરિણામ... આહાહા! પણ એ બધા પુદ્ગલના, જડના વિકાર છે. વિભાવ પરિણામ. એનાથી ભગવાનઆત્મા જેને પ્રભુ આત્મા કહે અને આત્મા છે, એ આ ભાવથી રહિત છે.

'**એવી નિર્વિકાર છે...**' એવી ચીજ હજી આત્મા કેવી (ચીજ) છે? કે આ રાગાદિ વિકાર રહિત છે અને પોતે નિર્વિકારી ચીજ છે. આહાહા! છે? 'રાજમલ'ની ટીકા પણ જુઓને! આમાંથી 'બનારસીદાસે' 'સમયસાર નાટક' બનાવ્યું છે. હવે અત્યારના કેટલાક પંડિતોને એવું લાગે છે કે આ 'બનારસીદાસ' અને 'ટોડરમલ' અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા હતા, એમ કહે છે. અર..ર..! અરે..! પ્રભુ! શું કરે છે? ભાઈ! આહાહા! ત્યાં 'ફલટન'માં કહેવાણું હતું. શાસ્ત્ર પરિષદ. આહાહા! એમ કહે, 'બનારસીદાસ' અને 'ટોડરમલ' અધ્યાત્મની ભાંગ પીધી હતી એણે. આહાહા! એમાં એ નાચ્યા હતા, આ બધું લખાણ કરીને. આહાહા! એની દૃષ્ટિમાં ગોઠે નહિ, રુચે નહિ એટલે એને અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા (એમ કહે છે). આહાહા! આ તો એનું સ્વરૂપ જ એવું છે. આહાહા! સમજાય છે કાંઈ? આહાહા!

'**पुद्गलविकार विरुद्ध**' હવે પોતે પ્રભુ અંદર છે કેવો? '**નિર્વિકાર છે એવી चैतन्यधातु**' આહાહા! શુદ્ધ ચિદ્રૂપ વસ્તુ છે એ તો. શુદ્ધ જ્ઞાનસ્વરૂપી આત્મા છે. આ દયા, દાન, વ્રત આદિના વિકલ્પ તો પર, પુદ્ગલનો વિકાર છે. આહાહા! આવી વાતું છે. પછી વિરોધ કરે, વિરોધ કરે કે એય..! એ વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય એ માનતા નથી. માટે એકાંત છે. અરે..! પ્રભુ! સાંભળને, ભાઈ! તમે ચર્ચા કરો. કોની સાથે ચર્ચા કરે? ભગવાન! આહાહા!

અહીં કહે છે કે એ બધા પુણ્ય અને પાપના (ભાવ), આ શરીર, વાણી, મન અને બાયડી, છોકરા, લક્ષ્મી એ તો ક્યાંય જુદા, એને ને તારે કાંઈ સંબંધ નથી. આહાહા! પણ અંદરમાં થતાં પુણ્ય અને પાપના ભાવ, એ પુદ્ગલનો ફડફડાટ (છે). આહાહા! કઠણ જમીન હોય ને? એમાં ખાર થાય છે. એમ આ ચૈતન્ય ભગવાન તો કઠણ આનંદનો નાથ છે. આ જમીન નથી, જમીન? ખાર, ખાર હોય ને? આ બાયુ એમાંથી લઈને લુગડા ધોવે. ખાર-ખાર થાય. જમીન પોલી-પોલી. વસ્તુ અંદર કઠણ છે એ જુદી છે. આહાહા! એમ ભગવાન નિત્યાનંદ ધાતુ એ ભિન્ન છે. આ ઉપર પહપહાટ બધો ખાર જમીનના જેવો પુણ્ય અને પાપના ભાવ બધા ફહફહાટ ધૂળનો, પૂરનો વિકાર છે, પુદ્ગલનો વિકાર છે. આહાહા!

કેવો છે ભગવાન? '**શુદ્ધ ચિદ્રૂપ વસ્તુ...**' '**શુદ્ધ ચિદ્રૂપ વસ્તુ ( मय ) તે-રૂપ છે.**' આહાહા! જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાનમય વસ્તુ છે. રાગથી તદ્દન ભિન્ન છે. આહાહા! જુઓને ટીકા કેટલી સરસ કરી છે! તેમાંથી 'સમયસાર નાટક' બનાવ્યું છે. આ 'રાજમલ'ને તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હજી કાંઈ સંભાર્યા નથી એણે. પણ 'બનારસીદાસે' કર્યું. પછી 'બનારસીદાસે' આમાંથી બનાવ્યું છે. આ બધા ભાંગ પીને લખતા હશે? આહાહા! ભાઈ! તને ખબર નથી, બાપુ! એમ અનાદર ન થાય. એ ચૈતન્યની વસ્તુને જેવી રીતે આચાર્યે કહી છે તેનું સ્પષ્ટીકરણ કરે છે. સાધારણ માણસ ટૂંકા ભાવમાં ન સમજે તેથી તેને સ્પષ્ટીકરણ કરીને સમજાવે છે. સમજાણું કાંઈ? કે જો ભાઈ! પરથી જુદો જુદો એ સામાન્ય વાત થઈ. પણ પર શું અને સ્વ શું? કે જે પરથી જુદો. ત્યારે આચાર્યે એનું સ્પષ્ટીકરણ કર્યું. કહ્યું ને?

**'च अयं जीवः रागादिपुद्गलविकारविरुद्धशुद्धचैतन्यधातुमयमूर्तिः'** આહાહા! છે? અરે..! કોઈ દિ' પાના પણ જોયા ન હોય. ઓલા સંસારના-ધૂળના પાના ફેરવ્યા કરે, ધૂળના. પાંચ લાખ અહીં આપ્યા છે, એક ટકાના વ્યાજે, આટલું વ્યાજ આવ્યું. મરી ગયો. પાનું ફરે, સોનું ઝરે એમ ગાંડી દુનિયા કહે છે. અહીં તો કહે છે કે પર્યાયે પર્યાયે જ્યાં ભિન્નતા ભાસે ત્યાં આનંદ ઝરે. આહાહા! સમજાણું કાંઈ? એય..! આવી વાતું છે. એટલે લોકોને એમ થાય કે આ તો નિશ્ચયની વાત કરે છે. પણ આ વ્યવહારની વાત ન કીધી? રાગાદિ વ્યવહાર છે એમ નથી કહ્યું? વ્યવહાર છે ખરો પણ એનાથી વસ્તુ ભિન્ન છે. આહાહા!

**'શુદ્ધ ચિદ્રૂપ...'** શુદ્ધ ચિદ્રૂપ, શુદ્ધ જ્ઞાનરૂપ, જેમાં રાગાદિના વિકલ્પ વિરુદ્ધ છે એટલે એથી રહિત છે. આહાહા! એ તો વિરુદ્ધભાવ છે. શુદ્ધ ચિદ્રૂપથી એ રાગાદિ ભાવ તો વિરુદ્ધ છે. તેથી તેનાથી રહિત છે. આહાહા! ત્યારે છે કેવો અવિરુદ્ધ? શુદ્ધ ચિદ્રૂપ વસ્તુ છે એ તો. આહાહા! છે ને? પાઠ છે ને? 'અમૃતચંદ્રાચાર્ય' આચાર્ય દિગંબર સંતનો (પાઠ છે). ચૈતન્ય ધાતુ એ તો. એણે ચૈતન્ય એટલે જાણક જાણક સ્વભાવને ધારી રાખ્યો છે. એણે રાગને ધાર્યો છે અને પુણ્યને ધાર્યો છે એ વસ્તુ નથી. આહાહા! ચૈતન્યધાતુ છે. જેમ સોનું સોનુંરૂપી ધાતુ છે, એ સોનાએ સોનાપણું ધારી રાખ્યું છે. એમ ભગવાનઆત્માએ ચૈતન્યને ધારી રાખ્યો છે. ચૈતન્યધાતુ એની ચીજ છે. આહાહા!

**'શુદ્ધ ચિદ્રૂપ વસ્તુ મય' મય** નો અર્થ **'તે-રૂપ છે.'** '(**मूर्तिः**) **સર્વસ્વ જેનું એવી છે.'** આહાહા! શુદ્ધ ચૈતન્યમય મૂર્તિ, એની વ્યાખ્યા કરી કે શુદ્ધ ચૈતન્યમય તે રૂપ જેનું સર્વસ્વ રૂપ છે. આહાહા! જ્ઞાન અને આનંદ જેનું સર્વસ્વ રૂપ છે ભગવાનઆત્માનું. એ એનું રૂપ છે, એ એનું સ્વરૂપ છે. આહાહા! રાગાદિ તો પુદ્ગલના વિકારોથી વિરુદ્ધ સ્વભાવો છે. સ્વભાવથી તે વિરુદ્ધ છે અને એનાથી વિરુદ્ધ તે સ્વભાવ છે. આહાહા!

**'સર્વસ્વ જેનું...'** એટલે શું કહ્યું? જ્ઞાન અને આનંદ જેનું સર્વસ્વ રૂપ છે. સર્વસ્વ રૂપ પોતાનું એ છે. આહાહા! જ્ઞાતા-દૃષ્ટા, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પવિત્રતા જેનું ચૈતન્યરૂપ સર્વસ્વ એનું તે મય છે ઇ. આહાહા! એવી ચીજમાં દૃષ્ટિ મૂકતાં તેને સમ્યગ્દર્શન થાય. હજી તો ધર્મની પહેલી સીઢી છે. શ્રાવકપણું અને મુનિપણું એ તો કોઈ જુદી ચીજ છે હજી. એ તો એણે સાંભળ્યું પણ નથી કે કોને શ્રાવક કહીએ. આહાહા! શ્રાવક શ્રવણ સત્યને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરી અને વિવેકથી જે અંદર રાગથી ભિન્ન કરે એને શ્રાવક કહીએ. શ્રાવક ત્રણ શબ્દ છે ને? એક તો આવી સત્ય વાત શ્રવણ કરે, પછી વિવેકથી, રાગથી જીવને ભિન્ન કરે અને ભિન્ન કરીને તેમાં ઠરે, ઠરે એને શ્રાવક કહીએ. આહાહા!

મુમુક્ષુ :– બીજા બધા સાવજ.

ઉત્તર :– બીજા બધા સાવજ છે. કહો, શેઠ! આવી વાત છે અહીં, ભગવાન! એમના ભાઈ જ ભગવાન છે ને? આ તો બધા ભગવાન છે અહીં તો. આહાહા! બાપુ! તારું નિધાન જેને ચૈતન્યને જીવ કહીએ એ તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ સર્વસ્વ તે છે. આખો જ્ઞાન અને આનંદનું સર્વસ્વ તે રૂપ છે. આહાહા! એને આત્મા કહીએ, તેને જીવ કહીએ. આહાહા!

**'ભાવાર્થ...'** આ સર્વસ્વ કીધું ને? સર્વસ્વ જેનું એ રૂપ છે. આહાહા! જાણકસ્વભાવ અને આનંદસ્વભાવ, સ્વચ્છસ્વભાવ, શુદ્ધસ્વભાવ એ જેનું રૂપ તે રૂપે, તે મય તે સર્વસ્વ એનો એ સાર છે. આહાહા! સીસમમાં સાર હોય છે ને? વચલી કઠણ લાકડી. સીસમનું લાકડું સાધારણ હોય અને એમાંથી સાર કાઢીને પછી તલવાર એમાં નાખે છે ને? એમ આત્માનો સર્વસ્વ સાર શું છે? કહે છે. આહાહા! એ તો જ્ઞાન ને આનંદ ને શાંતિ અને વીતરાગતા જેનો સર્વસ્વ સાર છે. આહાહા! એવા આત્માને આત્મા તરીકે ન જાણે અને એવા આત્માને રાગવાળો જાણે અને એ રાગની ક્રિયાથી આત્માને લાભ થાય એમ માનનારા રાગને જ આત્મા માનનારા છે. આહાહા! એ વ્યવહાર છે ઇ દયા, દાન, ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ એ બધો વ્યવહાર રાગ છે. અને રાગ તે પુદ્ગલનો વિકાર અને સ્વભાવથી વિરુદ્ધ છે, અહીં તો એમ કહે છે. આહાહા! એ તારા સર્વસ્વ સાર ચીજમાં એ ચીજ નથી. આહાહા! એની વર્તમાનમાં દૃષ્ટિ એના ઉપર મૂકીને એનો અનુભવ કરવો... આહાહા! એનું નામ હજી તો પ્રથમ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? અને સમ્યગ્દર્શન નથી અને પછી ઉપરટપકે આ બધા વ્રત ને તપ ને કરે એ તો બધા થોથા છે. 'શુકનલાલજી'! આવી વાત છે.

હવે **'ભાવાર્થ આ પ્રમાણે છે કે જેમ પાણી કાદવ મળતાં મેલું છે,...'** પાણી-જળ **'કાદવ મળતાં મેલું છે, ત્યાં તે મેલાપણું રંગ છે,...'** મેલાપણું એક રંગ છે. **'તે રંગને અંગીકાર નહિ કરતાં બાકી જે કાંઈ છે તે પાણી જ છે;...'** આહાહા! એ કાદવના રંગને ન અંગીકાર કરતાં... આહાહા! છે? તે રંગને અંગીકાર ન કરતાં... આહાહા! **'બાકી જે કાંઈ છે તે પાણી જ છે;...'** પાણી જ છે. **'તેમ જીવને કર્મબંધપર્યાયરૂપ અવસ્થામાં રાગાદિ ભાવ રંગ છે,...'** આહાહા! જેમ પાણીમાં કાદવનો રંગ છે એ કાંઈ પાણી નથી. એમ જીવમાં જે રાગાદિ ભાવ છે એ રંગ છે. કાદવના રંગની પેઠે રંગ છે. આહાહા! **'કર્મબંધપર્યાયરૂપ અવસ્થામાં...'** આહાહા! રાગ પુણ્ય-પાપના ભાવ તે રંગ છે તે રંગને અંગીકાર ન કરતાં.. આહાહા! એ રંગને આદર ન કરતાં **'બાકી જે કાંઈ છે તે ચેતનધાતુમાત્ર વસ્તુ છે.'** આહાહા! એ કાદવના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રંગને ન માનતા, અંગીકાર ન કરતાં તે પાણી તદ્દન જુદું છે. એમ આ પુણ્ય ને પાપના રાગને રંગને અંગીકાર ન કરતાં અંદર જે શુદ્ધચૈતન્ય ધાતુ તે રંગ વિનાની છે. આહાહા! આવું સ્વરૂપ હવે.

**'ચૈતન્યધાતુમાત્ર વસ્તુ છે.'** આહાહા! **'આનું નામ શુદ્ધસ્વરૂપ-અનુભવ જાણવું,...'** આનું નામ શુદ્ધ સ્વરૂપનો અનુભવ (જાણવો). આહાહા! એ પુણ્ય અને પાપના રાગના રંગને દૃષ્ટિમાં ન લેતાં અંદર શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે તેને અંગીકાર કરતાં તેનો અનુભવ કરવો એ ધર્મ છે. અને એનું નામ સમકિત છે. આહાહા! હજી તો સમકિત આને કહીએ. છે? **'આનું નામ શુદ્ધસ્વરૂપ-અનુભવ જાણવું, કે જે સમ્યગ્દૃષ્ટિને હોય છે.'** આહાહા! જેને આત્માની સત્ય દૃષ્ટિ પ્રગટી છે એને શુદ્ધ ચૈતન્યધાતુનો અનુભવ હોય છે. આહાહા! આવી વાત છે. અત્યારે તો સાંભળવા મળવી મુશ્કેલ પડે. આખી જિંદગી ઓલામાં નાખી હોય, ૫૦-૬૦-૭૦ વર્ષ, એમાં વળી આવું નવું નીકળે.

મુમુક્ષુ :– .. વારંવાર..

ઉત્તર :– એ કહેશે. ભેદજ્ઞાનનો અભ્યાસ તારે વારંવાર કરવો. એમ છેલ્લા શ્લોકમાં કહેશે. છે ને? **'ज्ञानक्रकचकलनापाटनं नाटयित्वा'** એ કહેશે. છેલ્લો ૪૫મો શ્લોક છે. આહાહા! દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો રાગનો વિકલ્પ છે એ પુદ્ગલનો રંગ છે, જીવનું સ્વરૂપ નહિ. આહાહા! જીવ તો ચૈતન્યમય છે એમ રાગના રંગથી ભેદ પાડીને તેનો અભ્યાસ કરતાં... આહાહા! એ ભેદજ્ઞાનનો અભ્યાસ કરતાં, રાગથી ભિન્ન પાડવાનો અભ્યાસ કરતાં... આહાહા! તને આત્મા પ્રાપ્ત થશે, કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

શું થાય? જગતને આકરું લાગે આ. અમે આ બધું વ્રત કરીએ, અપવાસ કરીએ, ભક્તિ કરીએ, બસ એ રાગ? એને રાગ કહેવો? રાગ તો આ બાયડી, છોકરા ઉપર કરીએ, ધંધામાં કરીએ તો રાગ એને કહેવો. પણ આમાં પરજીવની દયા પાળવી, ભક્તિ કરીએ, ભગવાનનું સ્મરણ કરીએ, પરમાત્માની આરતી ઉતારીએ. જય નારાયણ. કહે છે કે એ રાગ છે. આહાહા! કેમકે એ પર ઉપર લક્ષ ગયું છે તે રાગ વિના ન જાય. આહાહા! સ્વનો આશ્રય ત્યાં નથી.. આહાહા! એ રાગથી ભગવાનઆત્મા ભિન્ન છે. એનો જે અનુભવ...

**'શુદ્ધસ્વરૂપ-અનુભવ જાણવું, કે જે સમ્યગ્દૃષ્ટિને હોય છે.'** આહાહા! રાગના ભાવથી જેણે ચૈતન્યને ભિન્ન પાડીને જેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે એને આવો અનુભવ હોય. આહાહા! આ તો હજી ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે. સમ્યગ્દર્શનના ઠેકાણા ન મળે અને વ્રત ને પડિમાને ધારણ કરીને થઈ ગયા શ્રાવક અને થઈ ગયા સાધુ. આહાહા! શું થાય? તે ૪૪મો શ્લોક થયો. આ અજીવનો છેલ્લો શ્લોક છે. આ અજીવની વ્યાખ્યા ચાલે છે. રાગાદિ બધા અજીવ છે... આહાહા! અચેતન છે. એનાથી ભગવાનસ્વરૂપ ચૈતન્ય ભિન્ન છે એમ કહેવા માગે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(મંદાક્રાન્તા)

इत्थं ज्ञानक्रकचकलनापाटनं नाटयित्वा
जीवाजीवौ स्फुटविघटनं नैव यावत्प्रयातः।
विश्वंव्याप्य प्रसभविकसद्व्यक्तचिन्मात्रशक्त्या
ज्ञातृद्रव्यं स्वयमतिरसात्तावदुच्चैश्चकाशे।।१३-४५।।

ખંડાન્વય સહિત અર્થ :– 'ज्ञातृद्रव्यं तावत् स्वयं अतिरसात् उच्चैः चकाशे' ( ज्ञातृद्रव्यं ) ચેતનવસ્તુ ( तावत् ) વર્તમાનકાળે ( स्वयं ) પોતાની મેળે ( अतिरसात् ) અત્યંત પોતાના સ્વાદ સહિત ( उच्चैः ) સર્વ પ્રકારે ( चकाशे ) પ્રગટ થઈ. શું કરીને? 'विश्वं व्याप्य' ( विश्वं ) સમસ્ત જ્ઞેયોને ( व्याप्य ) પ્રત્યક્ષપણે પ્રતિબિંબિત કરીને અર્થાત્ જાણીને. ત્રણ લોકને કોના વડે જાણે છે? 'प्रसभविकसद्व्यक्तचिन्मात्रशक्त्या' ( प्रसभ ) બલાત્કારથી ( विकसत् ) પ્રકાશમાન છે ( व्यक्त ) પ્રગટપણે એવો છે જે ( चिन्मात्रशक्त्या ) જ્ઞાનગુણસ્વભાવ તેના વડે જાણ્યા છે ત્રણ લોક જેણે એવી છે. વળી શું કરીને? 'इत्थं ज्ञानक्रकचकलनात् पाटनं नाटयित्वा' ( इत्थं ) પૂર્વોક્ત વિધિથી ( ज्ञान ) ભેદબુદ્ધિરૂપી ( क्रकच ) કરવતના ( कलनात् ) વારંવાર અભ્યાસથી ( पाटनं ) જીવ-અજીવની ભિન્નરૂપ બે ફાડ (વિભાગ) ( नाटयित्वा ) કરીને. કોઈ પ્રશ્ન કરે છે કે જીવ-અજીવની બે ફાડ તો જ્ઞાનરૂપી કરવત વડે કરી, તે પહેલાં તેઓ કેવા રૂપે હતાં? ઉત્તર– 'यावत् जीवाजीवौ स्फुटविघटनं न एव प्रयातः' ( यावत् ) અનંતકાળથી માંડીને ( जीवाजीवौ ) જીવ અને કર્મનો એકપિંડરૂપ પર્યાય ( स्फुटविघटनं ) પ્રગટપણે ભિન્નભિન્ન ( न एव प्रयातः ) થયો નહોતો. ભાવાર્થ આમ છે કે જેવી રીતે સુવર્ણ અને પાષાણ મળેલાં ચાલ્યાં આવે છે, અને ભિન્નભિન્નરૂપ છે તોપણ અગ્નિના સંયોગ વિના પ્રગટપણે ભિન્ન થતાં નથી, અગ્નિનો સંયોગ જ્યારે પામે ત્યારે જ તત્કાળ ભિન્નભિન્ન થાય છે; તેવી રીતે જીવ અને કર્મનો સંયોગ અનાદિથી ચાલ્યો આવે છે, અને જીવ-કર્મ ભિન્નભિન્ન છે તોપણ શુદ્ધસ્વરૂપ-અનુભવ વિના પ્રગટપણે ભિન્નભિન્ન થતાં નથી; જે કાળે શુદ્ધસ્વરૂપ-અનુભવ થાય છે તે કાળે ભિન્નભિન્ન થાય છે. ૧૩-૪૫

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



૪૫.

**इत्थं ज्ञानक्रकचकलनापाटनं नाटयित्वा**
**जीवाजीवौ स्फुटविघटनं नैव यावत्प्रयातः।**
**विश्वंव्याप्य प्रसभविकसद्वयक्तचिन्मात्रशक्त्या**
**ज्ञातृद्रव्यं स्वयमतिरसात्तावदुच्चैश्चकाशे।।१३-४५।।**

આહાહા! જુઓ! આ સંતો દિગંબર મુનિઓ.. આહાહા! દુનિયાને, સમાજને આ બેસશે કે નહિ, એની એને દરકાર નથી. સમાજ સમતોલે આમાં રહેશે કે નહિ, એની દરકાર નથી. સત્ય આ છે. આહાહા! જેને સત્યને જાણવું હોય તો સત્ય તો આ છે કહે છે. આહાહા!

‘‘**ज्ञातृद्रव्यं तावत् स्वयं अतिरसात् उच्चैः चकाशे**’ આહાહા! ( **ज्ञातृद्रव्यं** ) **ચેતનવસ્તુ**’ ( **ज्ञातृद्रव्यं** ) ની વ્યાખ્યા જ કરી. જાણકસ્વભાવી ચેતનવસ્તુ ‘**तावत्  વર્તમાનકાળે પોતાની મેળે...**’ આહાહા! એને એ સમજવા માટે વ્યવહારના રાગની કોઈ અપેક્ષા નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? આ અત્યારે કેટલાક પંડિતોનો મોટો વાંધો એ છે ને? કેટલાક, હોં! કે એ વ્યવહાર દયા, દાન, વ્રત, તપ કરો, ભક્તિ કરો, એ કરતાં કરતાં અંદર અનુભવ થશે.

મુમુક્ષુ :– રાગ કરતાં કરતાં વીતરાગતા થાય?

ઉત્તર :– હા, એમ કહે છે. નહિતર તમે એકાંત છો એમ કહે છે. કહો, ભાઈ ભગવાનને. આ તો મુનિઓ એમ કહે છે. મુનિઓને એકાંત કહો. લખ્યું હતું ને ભાઈએ? ‘મખનલાલજી’એ. કે શુભભાવને હેય માને તે મિથ્યાદષ્ટિ છે. ‘મખનલાલજી’. ત્યારે એની સામે ભાઈએ ‘કૈલાશચંદજી’એ લખ્યું, કે શુભભાવને હેય તો ‘કુંદકુંદાચાર્ય’ માને છે તો એ મિથ્યાદષ્ટિ છે? અરે..રે..! પંડિતોમાં પંડિતોમાં ચાલ્યું, આ વાત અંદર નહોતી. એ ‘મખનલાલજી’ છે ને? એણે લખ્યું હતું કે શુભભાવ હેય માને, છોડવાયોગ્ય માને તે મિથ્યાદષ્ટિ છે. એનો જવાબ ‘કૈલાશચંદજી’એ આપ્યો, કે ‘પ્રવચનસાર’માં શરૂઆતની ગાથામાં શુભભાવને હેય માનવો જોઈએ એમ કહ્યું છે. તો ‘કુંદકુંદાચાર્ય’ શુભભાવને હેય માને એ મિથ્યાદષ્ટિ છે? આહાહા! આ વાત હવે ઉખળી. નહિતર તો બધી એમ ને એમ પડી હતી. આહાહા!

અહીં કહે છે, ‘**વર્તમાન કાળે પોતાની મેળે અત્યંત પોતાના સ્વાદ સહિત..**’ આહાહા! ચૈતન્ય વસ્તુ ઉપર નજર પડતાં, રાગથી ભિન્ન પડતાં ‘**પોતાની મેળે અત્યંત પોતાના સ્વાદ સહિત...**’ આહાહા! જે રાગનો સ્વાદ હતો એ તો આકુળતાનો હતો. એનાથી ભિન્ન પડીને આત્માનો સ્વાદ જ્યાં અંદર આવ્યો, કહે છે... આહાહા! છે? એ વળી શું હશે? આત્મા અરૂપી અને વળી એનો સ્વાદ! સ્વાદ તો આ ભાઈ આ મેસૂબનો, દાળ-ભાતનો, કેરીનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વાદ આવે. એનો ધૂળમાં પણ સ્વાદ નથી. એ તો એના ઉપર લક્ષ કરીને રાગ કરે છે એનો સ્વાદ એને આવે છે. કેરીના રસનો અને રસગુલ્લાનો એનો સ્વાદ છે એને? એ તો જડ છે. જડને આત્મા અડે? આહાહા! એના ઉપર લક્ષ જતાં આ ઠીક છે, એવો જે રાગ ઊભો કરે છે, એ રાગનો સ્વાદ અજ્ઞાની લે છે. દુઃખનો, આકુળતાનો. આહાહા! આત્માનો સ્વાદ કહે છે કે રાગથી રહિત છે. આહાહા!

**'ચેતનવસ્તુ વર્તમાનકાળે પોતાની મેળે...'** આહાહા! જોયું! **'( तावत् )'** છે ને? તે કાળે. **'પોતાની મેળે ( अतिरसात् ) અત્યંત પોતાના સ્વાદસહિત સર્વ પ્રકારે પ્રગટ થઈ.'** આહાહા! અહીં અજીવનો છેલ્લો અધિકાર છે ને? એટલે અજીવના રાગથી રહિત ચૈતન્ય સ્વરૂપની દૃષ્ટિ અંદર થતાં, ભગવાન અતીન્દ્રિય આનંદના સ્વાદ સહિત પ્રગટ થયો. સમ્યગ્દર્શનમાં. આહાહા! ચોથું ગુણસ્થાન એને કહીએ... આહાહા! જેને આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે. આહાહા! સમજાણું કાંઈ? જે અનાદિથી રાગનો, આકુળતાનો સ્વાદ જેને છે અને એ હું છું એમ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! ભલે જૈનમાં સાધુ થયો હોય અને શ્રાવકના બાર વ્રત ધારણ (કર્યાં) હોય, પણ એ ક્રિયાના કાંડનો જે રાગ છે એ મારો અને મને લાભ કરે છે તે મિથ્યાદૃષ્ટિ રાગના સ્વાદમાં પડ્યો છે. આહાહા!

સમકિતી... માથે કહ્યું હતું ને છેલ્લું? **'જે સમ્યગ્દૃષ્ટિને હોય છે.'** એટલે સમ્યગ્દૃષ્ટિ ચીજ શું છે એ કહે છે. આહાહા! જ્ઞાનબિંબ પ્રભુ, જેમ આ જિનબિંબ પ્રતિમા છે એમ આ ચૈતન્યબિંબ અંદર છે. આહાહા! પોતે સ્વયં પરની અપેક્ષા રાખ્યા વિના, વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે એની અપેક્ષા રાખ્યા વિના. કારણ કે એનાથી તો ભિન્ન પડ્યો છે. આહાહા! **'અત્યંત પોતાના સ્વાદ સહિત...'** ભાષા **'अतिरसात्'** છે ને? **'अतिरसात्'** અત્યંત પોતાના સ્વાદ સહિત. આહાહા! સમ્યગ્દર્શનમાં આત્માના આનંદનો સ્વાદ આવે એમ કહે છે. એને સમ્યગ્દર્શન કહીએ. આહાહા! અહીં તો અત્યારે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો અને નવ તત્ત્વ ને ભેદ એ સમકિત છે. હવે વ્રત લઈ લ્યો. આહાહા!

અમારે સંપ્રદાયમાં પણ એમ કહેતા. (સંવત) ૧૯૮૦ની સાલમાં. ૫૩ વર્ષ થયા. અહીં જ્યારે નવી વાત કહેતા એ વખતે વાત તો આવતી. ૧૯૮૦ની વાત છે. ૮૦ની સાલ. ૫૩ વર્ષ પહેલા. ગુરુભાઈ એવા હતા કે ચોમાસુ પૂરું થયું એટલે છેલ્લે લોકોને કહેવા માંડ્યું. જુઓ, ભાઈ! આપણને શ્રદ્ધા તો ગણધર જેવી મળી છે. હવે વ્રત ને તપ ને ચારિત્ર કરો. વ્યાખ્યાનમાં એમ કહેવાયેલું કે ભાઈ આ સંપ્રદાયની શ્રદ્ધા છે એ કાંઈ સત્ય નથી. સંક્ષેપ રુચિનો અર્થ ચાલતો હતો. તે દિ' ૫૩ વર્ષ પહેલાં. સંક્ષેપ રુચિ એટલે કાંઈ જ્ઞાન ઓછું હોય પણ આ અમે માનીએ છીએ તે સમકિત છે એમ નથી વસ્તુ. સંક્ષેપ રુચિનો અર્થ એવો નથી. એને વિપરીત માન્યતાનો નાશ થયો છે, વિપરીત અભિપ્રાય ગ્રહ્યો નથી અને જાણપણું તેને બહુ થોડું છે. પણ એને અખંડાનંદ પ્રભુ આત્માનો આશ્રય લઈને તેને સમકિત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થાય છે. તેને સંક્ષેપ રુચિ કહીએ. આહાહા! જે સંપ્રદાયમાં જન્મ્યો એની માન્યતા રાખીને એ સમકિત છે એમ નથી. આહાહા! આ તો ૫૩ વર્ષ પહેલાની વાત છે. ખળભળાટ-ખળભળાટ થઈ ગયો. ગુરુભાઈ બેઠા હતા તે સાંભળતા હતા. સાંભળ્યું ન ગોઠ્યું. ભાગી ગયા, જંગલમાં વયા ગયા. દિશાએ વયા ગયા. વ્યાખ્યાન ચાલતું હતું. હજી આ વાત ચાલતી હતી એને ન રુચિ. જંગલ-દિશાએ વયા ગયા. તારી વ્યાખ્યા મને ગોઠતી નથી. પણ સાંભળવામાં શું વાંધો હતો? ભાગી ગયા. આવા ને આવા. એમ કે આ તો આપણને જે આ સ્થાનકવાસીની શ્રદ્ધા મળી છે એ સમકિત છે. હવે સમકિતમાં વ્રત અને તપધારી લ્યો એટલે ચારિત્ર થઈ જાય. બસ, થઈ રહ્યું.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા, એ તો પાછુ એ કહેતા. આપણે આ ચારિત્ર પાળીએ વ્રતને તેથી ધર્મ થાય પછી એકલું જ્ઞાન, દર્શન રહેશે. પછી ત્યાં ચારિત્ર નહિ રહે. ચારિત્ર તો સ્વરૂપની રમણતા છે. સિદ્ધમાં પણ ચારિત્ર છે. પરિપૂર્ણ ચારિત્ર છે. આહાહા! કેમકે ચારિત્ર નામનો તો આત્માનો એક ગુણ છે. એ ગુણની પ્રગટ પર્યાય પૂર્ણ થાય ત્યારે તો સિદ્ધદશા થાય. એ ચર્ચા ચાલી હતી. ઇન્દ્રિયનું દમન કે સંયમ એ નહિ. પણ સ્વરૂપની અંદર રમણતા (થાય). આનંદનો સાગર પોતાના અતીન્દ્રિય સ્વાદસહિત જ્યાં સમ્યગ્દર્શનમાં ભાસ્યો, એ સ્વાદમાં મશગુલ થવું. આહાહા! અતીન્દ્રિયના સ્વાદમાં એટલો રહે કે જેને પ્રતિકૂળ પરિષહ આવે એને પણ ગણે નહિ. આહાહા! એવા અતીન્દ્રિય આનંદનો સ્વાદીયો અતીન્દ્રિય આનંદમાં મશગુલ રહે એનું નામ ચારિત્ર છે. આહાહા! લોકો કાંઈક કાંઈક માનીને બેઠા.

**‘સર્વ પ્રકારે પ્રગટ થઈ.’** હવે કહે છે. છેલ્લો છે ને. અજીવના ભાવથી... આહાહા! રાગના સ્વભાવના ભાવથી રહિત પ્રભુ, એવો અનુભવ થતાં એ વસ્તુ પ્રગટ થઈ. આહાહા! **‘શું કરીને? ‘विश्वं व्याप्य’ ( विश्वं ) સમસ્ત જ્ઞેયોને પ્રત્યક્ષપણે પ્રતિબિંબિત કરીને.’** આહાહા! ભલે સમ્યગ્દર્શનનું શ્રુતજ્ઞાન હોય, એ શ્રુતજ્ઞાનમાં પણ લોકાલોક જાણવાની એની શક્તિ છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! **‘विश्वं व्याप्य’ ( विश्वं ) સમસ્ત જ્ઞેયોને પ્રત્યક્ષપણે પ્રતિબિંબિત કરીને.’** આહાહા! કેવળજ્ઞાનમાં સાક્ષાત્ પ્રત્યક્ષ છે. અહીંયાં પરોક્ષ છે. પણ આનંદની અપેક્ષાએ પ્રત્યક્ષ છે, એથી જ્ઞાનની અપેક્ષાએ પણ જ્ઞાનમાં લોકાલોક જણાય છે એવી રીતે પ્રત્યક્ષ કહ્યું છે. આહાહા!

હવે કહે છે, એ **‘ત્રણ લોકને કોના વડે જાણે છે?’** છે ને? **‘‘प्रसभविकसद्व्यक्तचिन्मात्रशक्त्या’ ( प्रसभ ) બલાત્કારથી પ્રકાશમાન છે...’** આહાહા! પોતાના પુરુષાર્થથી જ્ઞાનની દશા જ્યાં સમ્યગ્દર્શન સહિત અનુભવમાં પ્રગટ થઈ છે, ત્યાં જોરથી લોકાલોકને જાણે છે કહે છે. એનો સ્વભાવ જ એવો છે. સમજાણું કાંઈ? એ રીતે પ્રગટ થઈ. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્રાવણ વદ ૧, રવિવાર તા.૩૧.૦૭.૧૯૭૭
## કળશ - ૪૫-૪૬, પ્રવચન - ૫૪

ભગવાનની દિવ્યધ્વનિનો દિવસ છે. ભગવાન 'મહાવીર'ને, પરમાત્માને વૈશાખ સુદ દશમે કેવળજ્ઞાન થયું. પણ વાણી ૬૬ દિવસ નીકળી નહિ. કેમકે વાણી એમની નીકળે અને ધર્મ પામનારા ન હોય એમ ન હોઈ શકે. અને ૬૬ દિવસે ગણધર આવ્યા એટલે વાણી નીકળી. ગણધર થવાને લાયક ગૌતમ. પ્રશ્ન કર્યો કે, મહારાજા! શક્રેન્દ્ર, ઇન્દ્ર તો સમર્થ છે તો એ ગૌતમ ગણધરને પહેલા કેમ ન લાવ્યા? આહાહા! ઇન્દ્ર ગણધરને પહેલા કેમ ન લાવ્યા? કેવળજ્ઞાન થયું હતું. ત્યારે આચાર્ય જવાબ આપે છે કે એની કાળલબ્ધિ નહોતી. ગણધરને સમજવાની લાયકાતનો કાળ નહોતો એને, એથી ઇન્દ્ર ગણધરને લાવી ન શક્યા. ગણધર થવાને લાયક નહિ ગૌતમ. આહાહા! પછી ભગવાનની વાણી વૈશાખ સુદ દશમે કેવળજ્ઞાન થવા છતાં શ્રાવણ વદ એકમે ગૌતમ આવ્યા, ઇન્દ્ર લાવ્યા ત્યારે વાણી છૂટી. એ વાણી છૂટવાનો કાળ હતો. ગૌતમ આવ્યા એટલે વાણી છૂટી એ પણ એક નિમિત્તના કથન છે. આહા!

ભગવાન કાંઈ વાણીના કર્તા નથી. એને તો ઇચ્છા નથી. એ તો સર્વજ્ઞ પરમાત્મા પૂર્ણ આનંદ અને વીતરાગતાથી ભરેલા પ્રભુ, એના સ્વાદના અનુભવમાં એ તો છે. પણ પૂર્વની પ્રકૃતિ બંધાયેલી 'સર્વ જીવ તણું શાસન રચી.' જીવો ધર્મ પામે એવી ઇચ્છા પૂર્વે થયેલી, આત્મજ્ઞાનની ભૂમિકામાં, એમાં પ્રકૃતિ બંધાણી એટલે એના ફળ તરીકે ઉદય આવે અને ધર્મ પામનારા ન હોય એમ બને નહિ. શ્વેતાંબરમાં એમ કહે છે કે વાણી નીકળી પણ ધર્મ કોઈ પામનારા નહોતા. વાણી નિષ્ફળ ગઈ, એમ કહે છે. સમજાણું કાંઈ? એમ હોઈ શકે નહિ. પરમાત્માની વાણી અંદર દિવ્યધ્વનિ નીકળે અને જે ભાવે બાંધી હતી એ ભાવ તો ધર્મ પામનારાઓને પમાડુ એવા ભાવથી હતી. આહાહા! એથી એ વાણી નીકળે અને ધર્મ પામનારા ન હોય, વાણી નિષ્ફળ જાય, એમ નથી. આહાહા!

મુમુક્ષુ :– વાણી નિષ્ફળ જાય એમાં...

ઉત્તર :– વાણી એટલે એને સાંભળનારા ન હોય અને ધર્મ પામનારા ન હોય એમ ન હોય. વાણીનું એ ફળ છે. આહાહા! સમજાણું કાંઈ? એ વાણી આજ નીકળી, ગણધર થયા અને ગણધરે ચૌદ પૂર્વ અને બાર અંગની રચના આજે જ કરી. આહાહા! એવી તાકાત અને એ જ એનો સમય. આહાહા!

'મુખ ઓમકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' ભગવાનના શ્રીમુખે ઇચ્છા વિનાનો ધ્વનિ ૐ નીકળે ૐ. હોઠ બંધ હોય, કંઠ હલે નહિ. શરીરના આખા ભાગમાંથી 'મુખ ઓમકાર ધ્વનિ સુણી ગણધર શાસ્ત્ર રચે. આગમ રચી ભવિક જીવ સંશય નિવારે.' આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ વાણી નીકળે અને યોગ્ય જીવને સંશય રહે નહિ એવી એની વાણી છે.

'કુંદકુંદાચાર્યે' પાંચમી ગાથામાં કહ્યું ને, હું આ આત્માને એકત્વ નિશ્ચયથી વાત કરીશ, પરથી વિભક્ત, રાગથી ભિન્ન અને સ્વભાવથી અભિન્ન. એવી વાત કરીશ. **'एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।'** મારા વૈભવથી હું કહીશ. **'जदि दाएज्ज'** અને જો દેખાડવામાં આવે... આહાહા! હે જીવો! પ્રમાણ કરજો. આહાહા! ત્યાં પણ એ સંધિ લીધી. સમજાણું? 'કુંદકુંદાચાર્ય' કહે છે કે હું જે વાણી કરીશ અને ધર્મને પામનારા નીકળશે જ. આહાહા! ત્યાં તો એમ કહ્યું કે **'एयत्तविहत्तं'** સ્વરૂપની એકત્વતા અને રાગની વિભક્તતા-પૃથક્તા, એવી વાત હું કહીશ અને જો કરી તો પ્રમાણ કરજે. આહાહા! અનુભવ કરીને પ્રમાણ કરજે એમ કીધું છે. અમથી હા પાડીને એમ નહિ. આહાહા! ઝીણી વાત બહુ, ભાઈ! નિમિત્ત નિમિત્ત સંબંધ એવો છે. આહાહા!

એ પોતે એમ કહે, છદ્મસ્થ (છે), હું મારા નિજ વૈભવથી કહીશ. હું આત્મા આનંદસ્વરૂપમાં છું. રાગથી ભિન્ન પડ્યો છું. આહાહા! મારા રાગના સ્વાદથી છૂટીને આનંદના સ્વાદમાં આવ્યો છું. આહાહા! અને એ આનંદનો સ્વાદ એ મારો વૈભવ છે, અતીન્દ્રિય આનંદનો સ્વાદ એ મારો વૈભવ છે. આ ધૂળનો વૈભવ કહેતા નથી? આ બંગલા, ફલાણા ને ધૂળ. એ તો બધા વૈભવ મહાણના ભભકા જેવા છે. આ તો મારો વૈભવ પરમાત્મા.. આહાહા! રાગથી ભિન્ન પડીને મેં મારી ચીજને અનુભવમાં, આનંદમાં પ્રગટ કરી છે. આહાહા! એ હું દેખાડીશ. પ્રમાણ કરજે. આહાહા! વ્યાકરણ શબ્દોમાં કંઈ ભૂલ થાય તો એ ઉપર લક્ષ ન રાખીશ. તને એ વ્યાકરણ અને શબ્દ-શાસ્ત્રનું કદાચ જ્ઞાન હોય અને વાણીમાં ભૂલ થાય તો તને પકડાય ખરી, પણ ત્યાં ન ઊભો રહીશ. મારે જે પરમાર્થ કહેવો છે એને તું પકડજે. આહાહા!

એ આ શ્રાવણ વદ એકમનો દિવસ છે. ગણધર થયા. આહાહા! ભગવાનની વાણી છૂટી. ગૌતમ મિથ્યાદષ્ટિ અજ્ઞાની હતા. વેદાંત શ્રદ્ધાવાળા. એ પણ સમ્યગ્દર્શન, જ્ઞાન પામી, ચાર જ્ઞાન પામી અને શાસ્ત્રને સાંભળીને રચના કરી. આહાહા! એ ચૌદપૂર્વ અને બારઅંગની રચનાનો દિવસ પણ આ છે. ધ્વનિનો દિવસ આ છે, ગણધર થવાની દશાનો દિવસ આ છે અને શાસ્ત્રની રચનાનો દિવસ આ છે. આહાહા! આ તો પરમાગમની વાત છે, હોં! શ્વેતાંબર..

મુમુક્ષુ :– આપણે પરમાગમ મંદિરમાં જ બેઠા છીએ.

ઉત્તર :– આ પરમાગમ છે, જુઓને! આહાહા! દિવ્યધ્વનિ છે, ભગવાનની છે. ઝીણી વાત, બાપુ! શ્વેતાંબરના શાસ્ત્રો છે એ તો પોતાની દૃષ્ટિએ કરેલા છે. આ છે એ તો ભગવાનની વાણીમાંથી આવેલી છે. આહાહા! આકરું લાગે, શું થાય? આહાહા! પોણા ચાર લાખ શબ્દો પરમાગમ છે. જુઓ! એ ભગવાનની વાણી નીકળેલી એમાંથી એ રચાયેલા છે. આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ આજ એનો દિવસ છે. એટલું.

હવે ૪૫. વંચાય ગયો છે. ફરીને થોડું લઈએ. **''ज्ञातृद्रव्यं तावत् स्वयं अतिरसात् उच्चैः चकाशे' ચેતનવસ્તુ'** ચેતનવસ્તુ-જ્ઞાન અને આનંદ જેનો સ્વભાવ છે. અજીવ અધિકારનો આ છેલ્લો શ્લોક છે ને? એ **'ચેતનવસ્તુ વર્તમાનકાળે પોતાની મેળે અત્યંત પોતાના સ્વાદ સહિત...'** આહાહા! એને કહે છે કે અજીવ દયા, દાનના વ્રત અને વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે એની એને અપેક્ષા નથી. આહાહા! આવી વાત છે. હવે આ લોકો કહે છે કે શુભજોગ છે એ મોક્ષનો માર્ગ છે. અરે..! પ્રભુ! શું કરે છે? ભાઈ!

મુમુક્ષુ :- દ્રવ્યલિંગી મુનિને શુભજોગ કેવો હતો...

ઉત્તર :- શુભજોગ તો કેવો કર્યો હતો. નવમી ગ્રૈવેયકે ગયો. શુક્લલેશ્યા જેની, શુભયોગ એટલો ઊંચો, એ બંધનું કારણ છે. એવા પંચમહાવ્રતાદિ... 'મુનિ વ્રતધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' પણ આતમજ્ઞાન અંદર રાગથી, વિકલ્પથી ભિન્ન ચીજ છે એને એ વિકલ્પની મદદની જરૂર નથી. વ્યવહારના વિકલ્પની, રાગની જેને અનુભવમાં જરૂર નથી. આહાહા! એવો જે ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ, આહાહા! એને **'અત્યંત પોતાના સ્વાદ સહિત સર્વ પ્રકારે પ્રગટ થઈ.'** આહાહા! ભાષા તો જુઓ! એ અજીવના રાગથી ભિન્ન પડી. એ અજીવ કીધો. બપોરે બીજી વાત હતી. ભાઈ! બપોરે તો એ હતું કે બીજા જડ ને બીજા ચૈતન્યની પર્યાય પરિણામ, એ પરિણામ એના ચૈતન્યના કે જડના એનું પરિણામ છે, એનું એ કર્મ છે. બીજો આત્મા કહે કે હું કર્તા અને એ મારું કર્મ છે. એમ નથી. ત્યાં તો પુણ્ય-પાપના ભાવનો કર્તા અને એ કરનારો તેનું પુણ્ય-પાપભાવ તે કર્મ. કર્મ સમજાણું? કાર્ય. ત્યાં તો એ સિદ્ધ કરવું છે.

અહીં તો હવે તદ્દન એનાથી ભિન્ન સિદ્ધ કરવું છે. ત્યાં તો પરદ્રવ્યથી ભિન્ન સિદ્ધ કર્યું. હવે અહીં તો સ્વદ્રવ્યમાં જે પુણ્ય અને પાપ, દયા, દાન વ્રતાદિના વિકલ્પ છે એ પણ અજીવ છે. આહાહા! એ જીવ સ્વભાવથી તે ભિન્ન છે અને એના અજીવના ભાવથી સ્વભાવ ભિન્ન છે. એમ આત્મનું ભાન થતાં, આત્મા આનંદના સ્વાદ સહિત પ્રગટ થયો, કહે છે. આહાહા! અનાદિ જે રાગના સ્વાદમાં પોતે હતો એ મિથ્યાદૃષ્ટિ હતો. આહાહા! એ શુભરાગ, એનો સ્વાદ એ મિથ્યાદૃષ્ટિ હતો. આહાહા! અહીંયાં હવે કહે છે કે આત્માના સ્વાદ સહિત પ્રગટ થયો. આહાહા! આનંદનું ધામ ભગવાન, એ આનંદનો સ્વાદ લઈને પ્રગટ થયો કે હું તો આત્મા છું. આહાહા! આવી વાતું છે. સમજાણું કાંઈ?

**'પોતાની મેળે...'** એટલે? જેણે વીતરાગની વાણી અને વીતરાગની વાણી સાંભળીને શુભરાગ આવ્યો, એ રાગની પણ જેને અપેક્ષા નથી. આહાહા! અથવા એ ભગવાનની વાણી સાંભળીને પોતાની પર્યાયમાં પોતાથી જે જ્ઞાન થયું તે તો વાણી નિમિત્ત છે. સમજાણું? એ જ્ઞાનની પણ જેને સ્વયં પ્રાપ્તિમાં એની અપેક્ષા નથી. આહાહા! આવો માર્ગ છે. આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'स्वयं પોતાની મેળે ( अतिरसात् )' ( अतिरसात् )** રાગથી ભિન્ન પડીને જ્યાં સ્વરૂપમાં અતીન્દ્રિય આનંદનો રસ આવ્યો, એ અતીન્દ્રિય આનંદના રસમાંથી રાગનો પડદો તોડી અને અતીન્દ્રિય આનંદના રસથી આત્મા પ્રગટ થયો. આહાહા! સમજાણું કાંઈ? અરે..! આવો માર્ગ છે. આહાહા! **'પ્રગટ થઈ.'**

**'શું કરીને?'** એકલો સ્વાદ તો લીધો. હવે જ્ઞાન પણ લે છે. આહાહા! **''विश्वं व्याप्य' ( विश्वं ) સમસ્ત જ્ઞેયોને પ્રત્યક્ષપણે પ્રતિબિંબિત કરીને.'** આહાહા! જગતની જેટલી ચીજો છે તે સર્વ જ્ઞેય, તેને પ્રત્યક્ષપણે જ્ઞાનમાં પ્રગટ કરતો. આહાહા! **'પ્રત્યક્ષપણે પ્રતિબિંબિત કરીને.'** એનો અર્થ જ એ. પ્રત્યક્ષપણે તેનું જ્ઞાન થયું. પ્રતિબિંબિતનો અર્થ કે જ્ઞેયો અહીં પ્રતિબિંબિત થયા. જ્ઞેય જેટલા છે તેનું અહીં જ્ઞાન પોતાથી પોતા વડે પ્રગટ કર્યું. આહાહા! આવી વાત.

**'ત્રણ લોકને કોના વડે જાણે?'** ત્રણ લોક અને લોકાલોકને જે જાણે છે. શ્રુતજ્ઞાનમાં પણ એટલી તાકાત છે. આહાહા! કેવળજ્ઞાન તો છે, એ તો પ્રત્યક્ષ બધું જાણે. પણ રાગથી ભિન્ન પડી સ્વભાવના આનંદથી સમ્યગ્દર્શનમાં પ્રતીતમાં પ્રગટ થયો, પ્રભુ! તે કાળે જે જ્ઞાન છે તે જ્ઞાન પણ લોકાલોકને જાણતું પ્રગટ થયું. આહાહા! **'ત્રણ લોકને કોના વડે જાણે છે? બલાત્કારથી પ્રકાશમાન છે...'** આહાહા! પોતાના પુરુષાર્થથી જ્ઞાનનો પ્રકાશ પ્રગટ કર્યો છે. જોરથી પ્રગટ કર્યો છે એટલે કે જ્ઞેયોને જાણવાની લાયકાત પોતાના પુરુષાર્થથી પ્રગટ કરી છે. આહાહા! સમજાણું કાંઈ? એ જ્ઞેયો છે માટે પ્રગટ થઈ છે એમ પણ નહિ. આહાહા! પોતાના જ્ઞાનની પર્યાયમાં, પોતાના પુરુષાર્થના જોરથી બલાત્કારે, જ્ઞેયો જેટલા છે તેને જાણવાની શક્તિ પ્રગટ કરી છે. આહાહા! આવી વાત હવે.

ચૈતન્ય અંદર ઝળહળ જ્યોતિ, ચૈતન્યના પ્રકાશથી પૂરું... પૂરું.. પૂર ભર્યું છે એ. આહાહા! એના ઉપર નજર પડતાં, રાગના વિકલ્પથી ભિન્ન પડતાં... આગળ કહેશે, એ જ્ઞાનના પ્રકાશમાં બલાત્કારે જ્ઞેય જાણે એવી એની તાકાત પ્રગટ થઈ. જાણવાનું કોઈ બાકી રહી જાય એમ નહિ. આહાહા! એવો ભગવાનઆત્મા સ્વપરપ્રકાશક શક્તિના વ્યક્તપણાથી પ્રગટ થયો. આહાહા! ઝીણી વાત છે. આ છેલ્લો કળશ છે ને. તદ્દન અજીવના વિકલ્પથી ભિન્ન પડીને. આહાહા!

**'બલાત્કારથી પ્રકાશમાન...'** **'प्रसभ'** છે ને? **'( व्यक्त ) પ્રગટપણે એવો છે...'** પ્રગટ થયો છે. આહાહા! શક્તિરૂપે જે સર્વજ્ઞશક્તિ હતી, ભગવાનઆત્મામાં સર્વજ્ઞશક્તિ તો ત્રિકાળ હતી, કાયમ હતી. એણે પોતાના જોર અને પુરુષાર્થથી પર્યાયમાં સર્વજ્ઞપણું પ્રગટ કર્યું. આહાહા! સમજાણું કાંઈ? આવી વાત હવે. અને સમ્યગ્જ્ઞાન થયું એમાં પણ પુરુષાર્થથી એણે ભાવશ્રુતજ્ઞાન પ્રગટ કર્યું. આહાહા! આ દિવ્યધ્વનિમાં એમ આવે છે. ભગવાનની દિવ્યધ્વનિમાં ભાવશ્રુતનો ઉપદેશ કર્યો, પાઠમાં એવું આવે છે. શું કીધું ઇ? ભગવાનને કેવળજ્ઞાન થયું એણે કેવળજ્ઞાનનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉપદેશ નથી આપ્યો, એમ કહે છે. ભાવશ્રુતજ્ઞાનનો ઉપદેશ આપ્યો. પણ એ તો છદ્મસ્થ નથી ને કેવળી છે ને એની પાસે ભાવશ્રુત નથી ને. પણ વાણીમાં ભાવશ્રુતનો ઉપદેશ આવ્યો, કહે છે. કેમ? કે સાંભળનારા ગણધરોને નિમિત્ત તરીકે જે દ્રવ્યશ્રુત કાને પડે છે એને ભાવશ્રુત થાય છે ત્યાં. એથી આ ભાવશ્રુત ભગવાને કીધું. આહાહા! કેવળજ્ઞાન પણ ભાવશ્રુત દ્વારા જણાય છે ને? આહાહા! એવો પાઠ છે, લ્યો!

કેવળજ્ઞાની પરમાત્મા જિનેશ્વરદેવ પૂર્ણ આનંદ અને જ્ઞાનના પ્રકાશના પૂર પ્રગટ્યા જેને, એ.. આહાહા! ભાવશ્રુતજ્ઞાન દ્વારા કહે છે એમ કહ્યું. સમજાણું કાંઈ? આહા..! વાણી છે ને? એટલે વાણીમાં દ્રવ્યશ્રુત આવ્યું પણ એ વાણીમાં ભાવશ્રુત દ્વારા દ્રવ્યશ્રુત આવ્યું એમ કહે છે. આહાહા! એ આજ દિવસ છે. ભાવશ્રુતને વાણી દ્વારા પ્રકાશ્યું છે એ આજનો દિવસ છે. આહાહા! અને અહીં પણ છેલ્લી ગાથામાં એ છે. જેણે પુણ્ય, દયા, દાન, વ્રત, દેવ-ગુરુની શ્રદ્ધા એવો રાગ.. આહાહા! એની પણ અપેક્ષા જેને સમ્યગ્જ્ઞાન થવામાં નથી અને તે જ્ઞાન પરની અપેક્ષા વિના પોતાના પ્રકાશના જોરથી પ્રગટ થયું છે. આહાહા! સમજાણું કાંઈ? જુઓ!

**'પ્રગટપણે એવો છે જે જ્ઞાનગુણસ્વભાવ તેના વડે જાણ્યા છે ત્રણ લોક...'** પોતાનો જ્ઞાનગુણનો સ્વભાવ પ્રગટ થયો તેનાથી જાણ્યા છે. એ જ્ઞેયો છે તેનાથી તેને જાણ્યા છે એમ નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? પોતાના જ્ઞાનના પ્રકાશ વડે લોકાલોકને જાણ્યા છે. આહાહા! એવી તાકાત શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ એટલી તાકાત છે, કહે છે. ફક્ત કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષ છે, અહીં પરોક્ષ છે. છતાં અહીં તો પ્રત્યક્ષપણે કહ્યું. સમજાણું કાંઈ? આહા!

**'વળી શું કરીને...'** પ્રગટ થયા? કેવળજ્ઞાન અથવા શ્રુતજ્ઞાન અને સમ્યગ્દર્શન શી રીતે પ્રગટ થયું? આહાહા! ધર્મની પહેલી દશા સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન, ધર્મનું પહેલું સોપાન, પહેલું પગથિયું કેમ પ્રગટ થયું? **''इत्थं ज्ञानक्रकचकलनात् पाटनं नाटयित्वा' ( इत्थं ) પૂર્વોક્ત વિધિથી...'** પૂર્વોક્ત વિધિ એટલે? રાગના વિકલ્પથી ભિન્ન પાડવાની જે અભ્યાસ વિધિ... આહાહા! એ રાગનો વિકલ્પ છે, ચાહે તો દયા, દાન, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો હો, પણ તેનાથી, રાગથી ભિન્ન પાડવાની વિધિથી, ભેદજ્ઞાનના અભ્યાસથી. આહાહા! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– કઠણ કાળમાં આવું કેવી રીતે થાય?

ઉત્તર :– કઠણ-બઠણ કાળ છે નહિ. કાળ પર છે એમાં આત્માને શું છે? પોતાનો સ્વકાળ પ્રગટ કરે છે ત્યાં એને પરકાળની જરૂર નથી. આહાહા! 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ.' આહાહા! વીરની વાણી વીરો માટે છે. આહાહા! કાયર, નપુંસક રાગના રચનારા... આહાહા! અને ત્યાં રોકાયને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ધર્મ પામશું એવા નપુંસકો, હીજડાઓ.. આકરી વાત છે. શુભભાવ, પુણ્યનો ભાવ, દયા, દાન, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એની રચનામાં રોકાણો એ તો નપુંસક છે, કહે છે. નપુંસકને જેમ પુત્ર ન હોય, વીર્ય ન હોય એટલે પુત્ર ન હોય. એમ શુભભાવની રચના કરનારને ધર્મની પ્રજા ન હોય. આહાહા! સમજાણું કાંઈ? હમણા કહેશે. બે ફાડ કરી નાખે છે આમ. સમજાણું કાંઈ?

કહે છે, '**ભેદ-બુદ્ધિરૂપી કરવતના વારંવાર અભ્યાસથી...**' છે? ભેદરૂપી કરવત... કરવત. કરવત છે ને? તમારે હિન્દીમાં શું કહે? ... લાકડાના બે કટકા કરે. એમ અંદર પુણ્ય-પાપનો દયા, દાનનો, રાગનો વિકલ્પ રાગ અને ભગવાન બે વચ્ચે ભેદજ્ઞાનરૂપી કરવત પડી. આહાહા! એટલે કે પોતાનો સ્વભાવ છે તેની સન્મુખ થતાં રાગથી ભેદ પડ્યો. એ રાગના ભેદના ભેદજ્ઞાનના અભ્યાસથી... આહાહા! એ રાગની ક્રિયા દ્વારા ભેદજ્ઞાન થયું એમ ન કીધું, રાગને ભિન્ન પાડવાના અભ્યાસથી ભેદજ્ઞાન થયું. આહાહા!

મુમુક્ષુ :– એવો અભ્યાસ કેવી રીતે થાય?

ઉત્તર :– આ અંતરમાં જ્ઞાનસ્વરૂપ આ ચૈતન્યવસ્તુ છે. આ રાગ છે અને આ ચૈતન્યવસ્તુ છે. એ રાગની ઉપર જે લક્ષ છે તેને છોડીને જ્ઞાનસ્વભાવમાં લક્ષ કરવું એ રાગથી ભિન્ન પાડવાનો અભ્યાસ છે. આહાહા! આવી વાતું છે, બાપુ! વીતરાગમાર્ગ પરમેશ્વરનો (આવો છે). આહાહા!

ગણધર મિથ્યાદષ્ટિ હતા, લ્યો! એક ક્ષણમાં ગણધરપદ અને ચૌદ પૂર્વની રચના કરી. એ આત્માની તાકાત છે. આહાહા! જે વેદાંતની શ્રદ્ધા ગૌતમને હતી, મિથ્યાદષ્ટિ તરીકે આવ્યા હતા. સમજાણું? પણ જેની પાત્રતા હતી અને જ્યાં વાણી નીકળી... આહાહા! એ પહેલા સમજી ગયા. વાણી પછી નીકળી. સમજાણું કાંઈ?

એ દાખલો ઓલો આપ્યો નહોતો? 'શિવભૂતિ'. 'શિવભૂતિ'ને દ્રવ્યશ્રુતનું વિશેષ જ્ઞાન નહોતું. પણ આતમજ્ઞાન હતું અને હવે એને કેવળજ્ઞાન પામવાનો પ્રસંગ છે. મા તુષ અને મા રુષ એવું ગુરુએ કહ્યું. એટલે વીતરાગતા પ્રગટ કર. અનુકૂળતામાં સંતોષ નહિ, પ્રતિકૂળતામાં દ્વેષ નહિ. મા તુષ, મા રુષ. એટલા પણ શબ્દ યાદ ન રહ્યા. પણ એક બાય હતી એ આ છડી દાળને... છડી કહે છે ને? ધોળી-ધોળી. ફોતરા વગરની. પલાળીને આમ કાઢતી હતી. એક બાય પૂછે છે કે બા! આ શું કરો છો તમે? આ તુષ માસ. તુષ નામ છીલકા-ફોતરા અને માસ નામ અડદ બેને જુદા કરીએ છીએ. મુનિએ એ સાંભળ્યું. આહાહા! એકદમ વિકલ્પમાત્ર ફોતરા-છિલકા છે. આહાહા! અને હું અંદર નિર્વિકલ્પ આનંદનો નાથ પ્રભુ છું એમાં લીન થયા. અંતર્મુહૂર્તે કેવળ લીધું. આહાહા! સમજાણું કાંઈ?

'હવે નહિ જાવું સંસારમાં.' રાગનો સંસાર એમાંથી આત્મા ખસી ગયો. આહાહા! હવે હું રાગને, સંસારને મારો નહિ માનું. આહાહા! અને ચિદાનંદ ભગવાન આનંદનું દળ છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાનનો પ્રકાશ છે, જ્ઞાયકભાવ છે તેને અવલંબીને રાગથી ભેદજ્ઞાનના અભ્યાસ દ્વારા... આહાહા! આ કેમ પ્રગટે? તો કહે છે, આ રીતે પ્રગટે. ભેદજ્ઞાનનો અભ્યાસ એ કરવત છે. આહાહા! એટલે કે સ્વસન્મુખ થઈને રાગથી ભિન્ન પડવું એવો જે અભ્યાસ. આહાહા! આવી વાત છે.

મુમુક્ષુ :– ઉપયોગ વારંવાર રાગ બાજુ જાય છે, જ્ઞાનસ્વભાવ તરફ ઢળતું નથી.

ઉત્તર :– વારંવાર રાગથી ભિન્ન પડી જ્ઞાયક તરફના લક્ષમાં જોર કરે.

મુમુક્ષુ :– એ ન જાય એનું શું કરવું?

ઉત્તર :– એ જાય નહિ. પુરુષાર્થ ત્યાં કરે તો પછી જાય ક્યાંથી? એ તો ત્યાં એનું લક્ષ છે એટલે ત્યાં જાય છે. આહાહા! પણ લક્ષને ફેરવી નાખે તો લક્ષ અહીં જાય.

મુમુક્ષુ :– અનાદિની ટેવ છે...

ઉત્તર :– એ અનાદિની છે એ ક્ષણમાં નાશ થઈ જાય છે. આહાહા! ફેરફુદરડી ફરે છે ને? આમ આમ ફરે. એકદમ ઊભો નહિ રહી શકે. આમ ફરતા ફરતા ફરતા એક આટો આમ મારે તો થંભી જશે. ગુલાંટ ખાય જાય. એમ રાગની ફુદડીમાં અનાદિથી ફરતો, રાગ મારો અને એની ક્રિયા મારી. આહાહા! એના ચકરાવામાંથી નીકળીને રાગનું ભેદજ્ઞાન કર્યું રાગથી. આહાહા! એવા અભ્યાસથી. એમ કીધું હતું ને? આહાહા! જ્ઞાન... છે ને? '( **क्रकच** )' કરવત, એનો '( **कलनात्** )' ( **कलनात्** ) એટલે અભ્યાસ એટલે અનુભવ. આહાહા! આ માર્ગની વિધિ તો આ છે. અહીં તો એ સિદ્ધ કરવું છે કે ગમે તે જાતનો શુભરાગ હોય પણ તેનાથી ભિન્ન પાડવાનો અભ્યાસ કરીને પમાય છે. એ શુભરાગથી આત્મા પમાય છે, એમ નથી. આહા!

અત્યારે આ બધા તકરાર લે છે, જુઓને! 'મખ્ખનલાલજી'નું આવ્યું છે ને? 'કૈલાશચંદજી'એ ખુલાસો કર્યો છે કે, ભાઈ! તમે શુભભાવને હેય માનનારને મિથ્યાદષ્ટિ કહો છો. તો 'કુંદકુંદાચાર્ય' પણ 'પ્રવચનસાર'માં શુભભાવને હેય કહે છે. તો 'કુંદકુંદાચાર્ય' મિથ્યાદષ્ટિ થયા? એમ 'કૈલાશચંદજી'એ જવાબ આપ્યો અને એને ખળભળાટ થઈ ગયો, 'મખનલાલજી'ને. મોટું લખાણ આવ્યું છે. તમે અવિવેકી, અજ્ઞાની, શુભભાવને હેય માનનારને મિથ્યાદષ્ટિ માનો છો એમ કહ્યું આને એમ થયું. મોટું લખાણ. ચેલેન્જ આપીએ છીએ. અરે..! ભગવાન! શું કરે છે તું? પ્રભુ! આહાહા! જેનાથી જુદું પાડવું છે એનાથી મોક્ષનો માર્ગ થાય? આહાહા! 'કૈલાશચંદજી'ને ચેલેન્જ આપી છે. અહીં એ વાત તો એકકોર રહી ગઈ. હવે બે પંડિતો-પંડિતો અંદર. આટલા વર્ષે જાગ્યા તમે? શુભભાવ હેય નથી અને હેય છે, એમ બે તકરારો. આહાહા!

અહીં તો શુભભાવને ઝેરનો ઘડો અને અજીવ કીધું છે. ઝેરનો ઘડો કીધો છે. આહાહા! એનાથી તો બંધનું કારણ છે. એ તો બંધનું કારણ છે. જેટલે અંશે રાગ એટલે અંશે બંધનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કારણ છે. પાઠ નથી? ત્યાં તો એમ કહે છે કે શુભમાં કાંઈ રાગનો ભાગ છે એ બંધનું કારણ, બાકી તો શુદ્ધ છે. એમાં બે ભાગ પાડે. આહાહા! અહીં તો કહે છે કે એ શુભરાગ જે દયા, દાન, વ્રત, ભક્તિનો હો, પણ એનાથી આત્મા ભિન્ન છે એમ ભેદ અભ્યાસ કરીને સમ્યગ્દર્શન પમાય છે. આહાહા! હજી તો ધર્મનો પહેલો પાયો. આહાહા!

મુમુક્ષુ :– ભિન્ન તો એક સમયમાં પડે છે પછી વારંવાર અભ્યાસ કઈ રીતે?

ઉત્તર :– એ વારંવાર અભ્યાસ (કરે), અંદર વારંવાર ત્યાં લક્ષ જવું.

મુમુક્ષુ :– ભિન્ન તો એક સમયમાં થશે.

ઉત્તર :– એક સમયમાં પણ થશે ત્યારે એક સમયમાં. પણ એને અભ્યાસ તો જોઈશે ને? એમ કહે છે. ઉપયોગ અસંખ્ય સમયનો છે. એટલે એને રાગથી ભિન્ન પાડવામાં અસંખ્ય સમય જાય છે. ભિન્ન પડી જાય છે એક સમયમાં. આહાહા! આવી વાતું હવે. આ શું? કઈ જાતનો ઉપદેશ? સંસારના પાપમાં રચ્યા-પચ્યા આખો દિ'. હવે એને ધર્મ પામવાની આ રીત. આહાહા! બાપુ! પ્રભુના મારગડા આ છે. એ સંસારની બધી ક્રિયાઓ અને પાપ.. આહાહા! એનાથી તો ભિન્ન (છે), પણ અહીં તો કહે છે, ધર્મ શ્રવણ કરવામાં જે શુભરાગ આવે... આહાહા! એનાથી પણ ભેદ કરવાનો અભ્યાસ કર. આહાહા! એનાથી થશે એમ માન નહિ. સમજાણું કાંઈ?

**'વારંવાર અભ્યાસથી ( પાટનં ) જીવ-અજીવની ભિન્નરૂપ બે ફાડ...'** બે ફાડ. છરી મૂકતા બે કટકા થઈ જાય. એમ રાગ અને ભગવાનઆત્મા બે ભિન્ન અભ્યાસથી બે ફાડ પડી જાય છે, બે જુદા પડી જાય છે. આહાહા! સમજાણું કાંઈ? આ કાંઈ બહારના ડહાપણના કામ છે ને એવું કાંઈ નથી આ. અને બહુ વાંચ્યું હોય તો આ અભ્યાસ થાય એવું પણ નથી. એને તો અંદરમાં સ્વસન્મુખ થવાનો, રાગથી ભિન્ન પડવાનો અભ્યાસ કરતાં તે બે ફાડ પડી જાય છે. રાગ અને ભગવાન બે જુદા પડી જાય છે. આહાહા! સમજાણું કાંઈ? આ અજીવ અધિકાર છે ને? રાગ છે તે અજીવ છે. આહાહા! લોકોને આકરું પડે. અરે..! શુભરાગ છે તે પુદ્ગલ છે. આહાહા!

મુમુક્ષુ :– અસંખ્ય સમયનો કાળ કહે છે...

ઉત્તર :– અંતર્મુહૂર્તમાં થઈ જાય છે એમ કહે છે અહીં. એનો એ જાતનો અભ્યાસ જોઈએ ને. આમાં 'અમૃતચંદ્રાચાર્યે' તો કહ્યું કે છ માસ તો અભ્યાસ કર. જઘન્ય ન લીધું, ઉત્કૃષ્ટ ન લીધું, મધ્યમ લીધું.

મુમુક્ષુ :– આત્મા અને રાગ જુદા છે એવો વિચાર કરવાથી થાય?

ઉત્તર :– વિચાર કરવાથી નહિ, જુદા પાડવાથી. વિચાર કરવા એ વિકલ્પ છે. આહાહા! ઝીણી વાત છે.

રાગની દિશા પર તરફ છે. રાગની દશાની દિશા પર તરફ છે. એને સ્વ તરફની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દિશામાં દશાને વાળવી. આહાહા! શું કહે છે આ?

મુમુક્ષુ :– પહેલા સમયની પર્યાય...

ઉત્તર :– એ તો ગઈ. એ તો ગઈ. આ તો હવે નવી પર્યાય કરી, થઈ અને તેને વાળી એનો એક સમય છે. આહાહા! આવું છે. વીતરાગનો માર્ગ, એમાં પણ દિગંબર સંતોએ કેવળજ્ઞાનને ઊભા રાખ્યા છે. આહાહા! જેવું સત્ હતું તેવું જાહેર કર્યું છે. આવી વાત ક્યાં છે? અને વાત આવી બહાર આવી ત્યારે લોકોને ભડકો થઈ ગયો, અરે..! આ તો એકાંત છે. એમાં કાંઈ વ્યવહાર આવતો નથી.

મુમુક્ષુ :– મોટર પહેલા નવી આવી... (ત્યારે પણ આવું થયેલું)

ઉત્તર :– .. પહેલા કીધું ને. અરે..! રેલ પહેલી આવી ને તો 'ખસ'ની એક બાય હતી. રેલ પહેલી આવી તો, ઓહો..! એ તો નળિયામાં ધૂપ લઈને.. દેવી છે, આ દેવી. રેલ આવી. આહાહા! એની મેળે ચાલે છે! બળદ નહિ, કાંઈ નહિ. એ બાઈએ પૂજા કરી હતી. ખસ.. ખસ છે ને? અહીં 'બોટાદ' પાસે. એ હમણા જ આવી પાછળથી. 'બોટાદ' તો ઘણા વખતથી છે. ત્યાં હતી એટલે એ બાયે પૂજા કરી. આહાહા! અરે..! ખબર ન મળે, બાપુ! કોણ છે. એવું તો અનંતવાર થયું. લોકો આમ આકાશમાં ઊડીને જાય છે નહિ? આહા..! ક્યાંના ક્યાં? પંખી ઉડતા નથી? ચકલા ને... એ શું? એ તો જડની ગતિ છે. ગતિ ક્યાં આત્મા કરે છે? જડને લઈને એ તો ગતિ થાય છે. આહાહા! ભગવાન અંદર બિરાજે છે એ તો ભિન્ન છે. એમાં પણ ગતિ થાય છે પણ એ પોતાની યોગ્યતાથી આમ થાય છે. જડને લઈને શરીર આમ ચાલે છે કે શરીરને લઈને આત્મા ચાલે છે એમ નથી. આત્માને પણ એ રીતે ક્ષેત્રાંતર થવાની લાયકાતથી પોતે આમ જાય છે. આહાહા!

અહીં પરમાત્માનું સ્વરૂપ જે કહ્યું હતું તે સંતો જગતને જાહેર કરે છે. આ અજીવ અધિકારનો છેલ્લો શ્લોક છે ને? એટલે અજીવ જે રાગાદિ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધો શુભરાગ (છે), એનાથી પણ ભેદનો અભ્યાસ કરતાં બે ફાડ પડીને બે જુદા પડી જાય. આહાહા! ત્યારે તેને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આહાહા! કહો, 'જયંતીભાઈ'! આહાહા! **'બે ફાડ (વિભાગ) કરીને.'**

**'કોઈ પ્રશ્ન કરે છે કે જીવ-અજીવની બે ફાડ તો જ્ઞાનરૂપી કરવત વડે કરી, તે પહેલાં તેઓ કેવા રૂપે હતાં?'** એમ કહે છે. આહાહા! એ રાગનો વિકલ્પ અજીવ છે. ભગવાનઆત્મા ચૈતન્યસ્વરૂપ જીવ છે. બેને ભેદજ્ઞાન વડે, કરવત વડે બે ફાડ કરી એટલે બે કટકા કર્યા એ પહેલા કેવો હતો? બે એક હતા? કે કેમ છે? શું છે? આહાહા! તે પહેલા કેવા હતા?

**'તેઓ કેવા રૂપે હતાં? ઉત્તર– 'યાવત્ જીવાજીવૌ સ્ફુટવિઘટનં ન એવ પ્રયાતઃ' અનંતકાળથી માંડીને...'** આહાહા! આ ગાયું, ભેસું, બળદ જુઓને. આ શરીર, આ ને આ ને.. બસ એ હું. હું તો જુદો છું એ વાતની પણ ખબર નહિ. આખો દિ' ચર્યા કરે. અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ કે આ હું છું. અને એને આ પોષણ મળે છે. આહાહા! અનાદિકાળથી જડ અને ચૈતન્યની એકતાબુદ્ધિ અનાદિથી ચાલી આવે છે. સમજાણું કાંઈ? આહાહા! **'અનંતકાળથી માંડીને જીવ અને કર્મનો એકપિંડરૂપ...'** એ પુણ્ય પરિણામ પણ કર્મ છે, વિકાર છે. **'એકપિંડરૂપ પર્યાય પ્રગટપણે ભિન્ન ભિન્ન થયો નહોતો.'** પ્રગટપણે ભિન્ન ભિન્ન થયો નહોતો. આ આનંદ છે અને આ રાગ છે એમ પ્રગટ થયો નહોતો. આહાહા! જોકે રાગ અને સ્વભાવ બે એક થયા નહોતા પણ પ્રગટ થયા નહોતા. આહાહા! આવો ધર્મનો ઉપદેશ... ઓલું તો વ્રત પાળવા, અપવાસ કરવા, પડિમા લેવી, મહાવ્રત લેવા, નગ્ન મુનિ થવું સહેલું સટ (હતું). એ તો બધી રાગની ક્રિયા છે. આહાહા! અહીં તો એનાથી ભિન્ન પડવાની વાત છે. આહાહા! સમજાણું કાંઈ?

**'અનંતકાળથી માંડીને જીવ અને કર્મનો એકપિંડરૂપ પર્યાય પ્રગટપણે ભિન્ન ભિન્ન થયો નહોતો.'** પ્રગટપણે ભિન્ન ભિન્ન નહોતા. શક્તિએ, સ્વભાવથી તો ભિન્ન હતા. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એ કાંઈ રાગરૂપ થયો નથી. જ્ઞાયકભાવ જે ચૈતન્યરસ છે એ રાગરસરૂપે થયો જ નથી. આહાહા! આવી વાત. એ બે પ્રગટપણે જુદા નહોતા. શક્તિપણે તો જુદા હતા જ. આહાહા! એ ચૈતન્ય જ્ઞાનરસ અને રાગરસ બે શક્તિપણે તો જુદા જ છે. કોઈ દિ' એક થયા નથી. પણ પ્રગટપણે જુદા એમ જાણ્યા નહોતા. આહાહા! એવો થયો નહોતો.

**'ભાવાર્થ આમ છે કે જેવી રીતે સુવર્ણ અને પાષાણ...'** સોનું અને પત્થર ખાણમાં બે ભેગા હોય છે ને? પથ્થર કાઢે તો સોનું અને પત્થર બધું ભેગુ હોય છે. 'ગીરનાર'ના પથરામાં પણ સોનું છે. 'ગીરનાર' છે ને? એમાં ઓલું કર્યું હતું એક ફેરી પ્રયોગ. પણ પ્રયોગ કરતાં સો રૂપિયાનો ખર્ચ અને એંશીનું સોનું નીકળે. સો રૂપિયાનો ખર્ચ. એટલે બંધ કર્યું. પથરામાં આમ સોનું દેખાય છે. ચક... ચક... ચક... પણ એ કાંઈ કાઢવા જાય તો સો રૂપિયાનો ખર્ચ થાય અને એંશીનું સોનું નીકળે. અને આ તો પત્થર અંદર એવા હોય છે. સોનું અને પત્થર બે ભેગા (હોય). અગ્નિનો પ્રયોગ કરે એટલે સોનું અને પત્થર બે જુદા પડી જાય. સમજાણું કાંઈ?

**'સુવર્ણ અને પાષાણ મળેલાં ચાલ્યાં આવે છે, અને ભિન્ન ભિન્નરૂપ છે...'** જોયું! ભિન્નરૂપ તો છે. **'તોપણ અગ્નિના સંયોગ વિના પ્રગટપણે ભિન્ન થતાં નથી,...'** આહાહા! સોનું અને પત્થર બે જુદા તો છે. એમ ભગવાનઆત્મા જાણકરસ જ્ઞાયક અને રાગ અચેતનરસ, બેય પ્રગટ ભિન્ન જ છે, પણ પ્રગટ ભિન્ન (થયા) નથી. આહાહા! છઠી ગાથામાં ન કહ્યું? કે જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ જે ચૈતન્ય.. ચૈતન્ય... ચૈતન્ય પ્રકાશસ્વરૂપ એવો જ્ઞાયકભાવ એ પુણ્ય-પાપના ભાવપણે થયો નથી. કેમકે એ પુણ્ય અને પાપભાવ તે અજીવ છે, જીવ નથી. તેથી જ્ઞાયકભાવ પુણ્ય-પાપપણે થાય તો જડ થઈ જાય. આહાહા! આવો માર્ગ છે. હવે લોકોને બહારથી આ કરીએ તો થાય, આ કરીએ તો થાય. વ્રત કરીએ, જાત્રા કરીએ, ભક્તિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરીએ, શાસ્ત્ર બહુ વાંચીએ તો આત્મજ્ઞાન થાય. એમ નથી. આહાહા!

મુમુક્ષુ :- બહુ ન વાંચે થોડું વાંચે તો થાય?

ઉત્તર :- થોડું... એને એમ કે બહુ વાંચીએ તો થઈ જશે. એમેય નથી, બાપુ! એ તો વાંચન પણ બધો વિકલ્પ છે. આહાહા! આવી વાતું, લ્યો! પછી લોકો બિચારા કહે ને. એણે સત્ય અધ્યાત્મ શું છે એણે સાંભળ્યું નથી. અને ઓઘેઓઘે આ બાહ્ય ક્રિયામાં ધર્મ છે એમ માનીને પંથ ચલાવ્યો. એમાં આ વાત બહાર આવી એટલે એકદમ ભડક્યા. આહા! આ ક્યાં અહીંનું છે આ શાસ્ત્ર? આ તો હજાર વર્ષ પહેલા 'અમૃતચંદ્રાચાર્ય'ના કળશ છે. અને એનો સાર તો 'કુંદકુંદાચાર્ય'ની ગાથામાં છે અને એનો અભિપ્રાય તો ત્રિકાળ છે. અનાદિનો છે. આહાહા!

કહે છે, કે પ્રગટપણે નહોતા. **'જેવી રીતે સુવર્ણ અને પાષાણ મળેલાં ચાલ્યાં આવે છે, અને ભિન્નભિન્નરૂપ છે...'** સોનુ અને પત્થર ખાણમાં જુદા જ છે. **'તોપણ અગ્નિના સંયોગ વિના પ્રગટપણે ભિન્ન થતાં નથી,...'** આહાહા! **'અગ્નિનો સંયોગ જ્યારે પામે ત્યારે જ તત્કાળ ભિન્ન ભિન્ન થાય છે;** આહાહા! **તેવી રીતે જીવ અને કર્મનો સંયોગ અનાદિથી ચાલ્યો આવે છે,...'** ખાણમાં જેમ સોનું અને પત્થર અનાદિના સાથે છે. એમ આ કર્મ અને આત્મા અનાદિના એકસાથે ચાલ્યા આવે છે. આહા! અને જીવ કર્મ ભિન્ન ભિન્ન છે. આહાહા! **'તોપણ શુદ્ધસ્વરૂપ-અનુભવ વિના...'** અગ્નિ વિના જેમ પત્થર અને સોનું જુદા પડે નહિ. પ્રગટ શક્તિરૂપે સ્વભાવ ભિન્ન છે પણ પ્રગટ તો અગ્નિ વિના જુદા પડે નહિ. એમ આત્મા અને રાગ ભિન્ન જ છે. પણ ધ્યાનાગ્નિ વિના તે જુદા પડે નહિ. આહાહા! પ્રગટ જુદા ન પડે. આહાહા!

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન પણ ધ્યાનમાં પ્રગટ થાય છે.

ઉત્તર :- ધ્યાનમાં હોય છે ને. સમ્યગ્દર્શન... 'દ્રવ્યસંગ્રહ'ની ૪૭મી ગાથામાં ન લીધું? **'दुविहं पि मोक्खहेउं जाणे पाउणदि जं मुणी णियमा।'** ધ્યાનમાં એટલે આત્માના અંતર સ્વભાવમાં જાય છે ત્યારે તેને પર્યાયમાં નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન થાય છે અને તે ધ્યાનના કાળમાં કાંઈ રાગ બાકી રહ્યો છે એને વ્યવહારનો આરોપ કરીને મોક્ષમાર્ગ કહેવાય છે. આહાહા! ચૈતન્યસ્વરૂપ, એના ધ્યાનમાં એને ધ્યાનનો વિષય બનાવી ત્રિકાળને, આહાહા! ધ્યાનમાં એને સમ્યગ્દર્શન જ્ઞાન થાય છે અને તે કાળે રાગ બાકી રહ્યો એને વ્યવહાર કહેવામાં આવે છે. **'दुविहं पि मोक्खहेउं जाणे पाउणदि जं मुणी णियमा।'** એમ પાઠ છે. 'દ્રવ્યસંગ્રહ' 'નેમિચંદ સિદ્ધાંતચક્રવર્તી' આહાહા! સમજાણું કાંઈ?

**'શુદ્ધસ્વરૂપ-અનુભવ વિના...'** એ અગ્નિ. શુદ્ધ સ્વરૂપ ચૈતન્યના સન્મુખનો અનુભવ. શુદ્ધ ભગવાન પરમાનંદમૂર્તિ પ્રભુ, એનો અનુભવ, એને અનુસરીને થતી દશા એ અનુભવ વિના તે જુદા પ્રગટ થતાં નથી, જુદા પ્રગટ પડતા નથી. આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– અંતરમાં તો બેય એકપણે ભાસે છે.

ઉત્તર :– એકપણે છે જ નહિ. માન્યું છે. માન્યું છે એ, છે નહિ. આહાહા!

મુમુક્ષુ :– અત્યારે તો એકપણે ભાસે છે, શું કરીએ?

ઉત્તર :– એ ભાસે છે એ તો અજ્ઞાનમાં એમ કહે છે.

મુમુક્ષુ :– એક જેવા થયા છે...

ઉત્તર :– એક થયા જ નથી. આહાહા! એ પત્થર અને સોનું એક થયા જ નથી. પત્થર અને સોનું ભિન્ન ભિન્ન જ છે. આહાહા! એમ ભગવાનઆત્મા જ્ઞાનસ્વભાવી પ્રભુ અને રાગસ્વભાવી વિભાવ બે ભિન્ન છે પણ શુદ્ધ અનુભવ વિના પ્રગટ ભિન્ન પડતા નથી. આહાહા!

**'શુદ્ધસ્વરૂપ-અનુભવ વિના પ્રગટપણે ભિન્નભિન્ન થતાં નથી; જે કાળે શુદ્ધસ્વરૂપ-અનુભવ થાય છે...'** આહાહા! અશુદ્ધતાની પર્યાય અને શુદ્ધ સ્વભાવ બે એક જેવા એને લાગે છે. છે તો બેય જુદાં. અશુદ્ધતાની પર્યાય જ જુદી છે ખરેખર તો. પણ શુદ્ધનો અનુભવ કરે ત્યારે તે તદ્દન જુદા પ્રગટ થાય છે. આહાહા! લ્યો! આ સમ્યગ્દર્શન અને ધર્મ પામવાની આ રીત છે. આવી વાત છે. આહાહા! બાળપણું ખેલમાં ખોયું, જુવાનીમાં સ્ત્રીમાં મોહ્યો, વૃદ્ધપણું દેખકર રોયો. કરવાનું જે હતું તે કર્યું નહિ. ત્યાં ને ત્યાં રોકાય ગયો. આહાહા! સમજાણું કાંઈ?

**'જે કાળે શુદ્ધસ્વરૂપ-અનુભવ થાય છે તે કાળે ભિન્ન ભિન્ન થાય છે.'** આહાહા! સરવાળો (કર્યો). આ જીવ અને અજીવ અધિકાર બે પૂરા કર્યા.

---

**હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ છું. એમ જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે છે. તેને સાંભળતા પણ લક્ષ જ્ઞાયકનું રહે છે. તેને ચિંતવનમાં પણ હું પરિપૂર્ણજ્ઞાયક વસ્તુ છું એમ જોર રહે છે તે જીવને સમ્યક્ સન્મુખતા રહે છે. મંથનમાં પણ લક્ષ જ્ઞાયક રહે છે. આ ચૈતન્યભાવ પરિપૂર્ણ વસ્તુ છે એમ એના જોરમાં રહે છે, તેને ભલે હજુ સમ્યગ્દર્શન ન થયું હોય. જેટલું કારણ આપવું જોઈએ તેટલું કારણ ન આપી શકે તોપણ તે જીવને સમ્યક્‌ની સન્મુખતા થાય છે. એ જીવને અંદર એવી લગની લાગે કે હું જગતનો સાક્ષી છું, જ્ઞાયક છું. જ્ઞાયક છું. એવા દ્રઢ સંસ્કાર અંદરમાં પાડે કે જે સંસ્કાર ફરે નહિ. જેમ સમ્યગ્દર્શન થતાં અપ્રતિહત ભાવ કહ્યો છે તેમ સમ્યક્ સન્મુખતાના એવા દ્રઢ સંસ્કાર પડે કે તેને સમ્યગ્દર્શન થયે જ છુટકો.**

**( 'પરમાગમસાર' ૩૫૯)**

---

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# 'કર્તાકર્મ અધિકાર'

(મંદાક્રાન્તા)

एकः कर्ता चिदहमिह मे कर्म कोपादयोऽमी
इत्यज्ञानां शमयदभितः कर्तृकर्मप्रवृत्तिम्।
ज्ञानज्योतिः स्फुरति परमोदात्तमत्यन्तधीरं
साक्षात्कुर्वन्निरुपधि पृथग्द्रव्यनिर्भासि विश्वम्।।१-४६।।

ખંડાન્વય સહિત અર્થ :– 'ज्ञानज्योतिः स्फुरति' ( ज्ञानज्योतिः ) શુદ્ધ જ્ઞાનપ્રકાશ ( स्फुरति ) પ્રગટ થાય છે. કેવો છે? 'परमोदात्तम' સર્વોત્કૃષ્ટ છે. વળી કેવો છે? 'अत्यन्तधीरं' ત્રિકાળ શાશ્વત છે. વળી કેવો છે? 'विश्वं साक्षात् कुर्वत्' ( विश्वं ) સકળ જ્ઞેયવસ્તુને ( साक्षात् कुर्वत् ) એક સમયમાં પ્રત્યક્ષપણે જાણે છે. વળી કેવો છે? 'निरुपधि' સમસ્ત ઉપાધિથી રહિત છે. વળી કેવો છે? 'पृथग्द्रव्यनिर्भासि' ( पृथक् ) ભિન્ન-ભિન્નપણે સકળ દ્રવ્ય-ગુણ-પર્યાયનો જાણનશીલ છે. શું કરતો થકો પ્રગટ થાય છે? ( द्रव्यनिर्भासि ) સકળ દ્રવ્ય-ગુણ-પર્યાયનો જાણનશીલ છે. શું કરતો થકો પ્રગટ થાય છે? 'इति अज्ञानां कर्तृकर्मप्रवृत्ति अभितः शमयत्' ( इति ) ઉક્ત પ્રકારે ( अज्ञानां ) જે મિથ્યાદષ્ટિ જીવો છે તેમની ( कर्तृकर्मप्रवृत्ति ) કર્તૃકર્મ-પ્રવૃત્તિને અર્થાત્ 'જીવવસ્તુ પુદ્ગલકર્મની કર્તા છે' એવી પ્રતીતિને ( अभितः ) સંપૂર્ણપણે ( शमयत् ) દૂર કરતો થકો. તે કર્તૃકર્મ પ્રવૃત્તિ કેવી છે? 'एकः अहम् चित् कर्ता इह अभी कोपादयः मे कर्म' ( एकः ) એકલો ( अहम् ) હું જીવદ્રવ્ય ( चित् ) ચેતનસ્વરૂપ ( कर्ता ) પુદ્ગલકર્મને કરું છું, ( इह ) એમ હોતાં ( अभी कोपादयः ) વિદ્યમાનરૂપ છે જે જ્ઞાનાવરણાદિક પિંડ તે ( मे ) મારું ( कर्म ) કૃત્ય છે; આવું છે મિથ્યાદષ્ટિનું વિપરીતપણું, તેને દૂર કરતું થકું જ્ઞાન પ્રગટ થાય છે ભાવાર્થ આમ છે કે અહીંથી કર્તૃકર્મ-અધિકારનો પ્રારંભ થાય છે. ૧-૪૬.

---

હવે કર્તાકર્મ અધિકાર. ત્રીજો. આમાં ત્રીજો લીધો છે. ઓલામાં જીવ-અજીવ એક નાખીને બીજો લીધો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



૪૬ કળશ.

एकः कर्ता चिदहमिह मे कर्म कोपादयोऽमी
इत्यज्ञानां शमयदभितः कर्तृकर्मप्रवृत्तिम्।
ज्ञानज्योतिः स्फुरति परमोदात्तमत्यन्तधीरं
साक्षात्कुर्वन्निरुपधि पृथग्द्रव्यनिर्भासि विश्वम्।।१-४६।।

આહાહા! '**ज्ञानज्योतिः स्फुरति શુદ્ધ જ્ઞાનપ્રકાશ પ્રગટ થાય છે.**' રાગથી ભિન્ન ભગવાનઆત્મા સમ્યગ્દર્શનમાં ભિન્ન પડે છે, કહે છે. આહાહા! એને સમ્યગ્દર્શન કહીએ, એને અનુભવ કહીએ. આહાહા! ભારે કામ આકરું.

મુમુક્ષુ :– અનુભવને તો ઘણી વાર ચારિત્રથી કહેવામાં આવે છે.

ઉત્તર :– એ ચારિત્ર અનુભવ રત્નચિંતામણી એ બધું ત્રણેય ભેગા છે. આવે છે ને, અનુભવ લક્ષ પ્રતીત. 'શ્રીમદ્'માં ત્રણ આવે છે. લક્ષ જ્ઞાનમાં જાય છે, પ્રતીત શ્રદ્ધામાં જાય છે, અનુભવ સ્થિરતામાં જાય છે. અનુભવ, લક્ષ, પ્રતીત. પણ એ અનુભવકાળે પ્રતીત, જ્ઞાન અને રમણતા ત્રણેય એક સાથે હોય છે. સ્વરૂપાચરણરૂપી સ્થિરતા પણ સાથે હોય છે એમ કહે છે. રાગથી અંદર ભિન્ન પડતાં ચૈતન્યસ્વરૂપનો અનુભવ થતાં તે અનુભવના કાળમાં તેનું જ્ઞાન થયું, તેની પ્રતીત થઈ અને તેમાં રમણતાનો અંશ પણ થયો. કળશમાં બે-ત્રણ ઠેકાણે લે છે. તમે સમ્યગ્જ્ઞાનની વાત કરો છો પણ શાસ્ત્રમાં તો દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ આવે છે. એ ત્રણેય ભેગા આવી ગયા. આહાહા! આત્મા આનંદ અને જ્ઞાનનો અનુભવ કરતાં શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રનો અંશ ત્રણેય ભેગા આવ્યા. અનંતાનુબંધીનો કષાય ગયો એટલી સ્થિરતા આવી. મિથ્યાત્વ ગયું એટલી શ્રદ્ધા-પ્રતીત આવી. આહાહા! અને તેમાં અજ્ઞાન ટળ્યું એટલું જ્ઞાન આવ્યું. આહા! સમજાણું કાંઈ? એ કર્તા-કર્મ અધિકાર વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**શ્રાવણ વદ ૨, સોમવાર તા.૧.૦૮.૧૯૭૭**
**કળશ - ૪૬-૪૭, પ્રવચન - ૫૫**

કર્તા-કર્મ અધિકાર. શ્લોક પહેલો. શ્લોક બોલાઈ ગયો છે. આ અધિકાર કર્તા-કર્મનો છે. આત્મા રાગને કરતો નથી અને કર્મની પર્યાયને પણ કરતો નથી. એવું એનું સ્વરૂપ છે. એ ''**ज्ञानज्योतिः स्फुरति**'' '**ज्ञानज्योतिः**'નો અર્થ પ્રકાશ લેવો છે ને? કેવો છે? કેવો છે? એમ કહેવું છે એટલે પ્રકાશ લીધો. નહિતર જ્ઞાનજ્યોતિ કેવી છે એમ થાય. પણ અર્થ કરતાં (એમ કહ્યું) જ્ઞાન બોધ જ્યોતિ તેજ. બોધનું તેજ છે એ. તો ત્યાં એને એમ થાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તેજ કેવું છે? એટલે આમાંથી ત્રણ અર્થ ઉઠે. જ્ઞાનજ્યોતિ કેવી છે? તો એને કેવી છે? કેવી છે? એમ થાય. 'જયચંદ્ર પંડિત'માં એમ છે. 'જયચંદ્ર પંડિત'માં કેવી છે એમ છે. અને સંસ્કૃતમાં એને જ્ઞાનજ્યોતિ એટલે બોધનું તેજ. જ્ઞાનનું તેજ. તો તેજ તો કેવું થાય. પણ અહીં બીજી રીતે લીધું.

જ્ઞાનજ્યોતિ એટલે **'શુદ્ધ જ્ઞાનપ્રકાશ...'** આહાહા! ચૈતન્ય શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે એવી જ્યાં દૃષ્ટિ થઈ, સમ્યગ્દર્શન... આહાહા! તો કહે છે કે **'જ્ઞાનપ્રકાશ પ્રગટ થાય છે.'** શક્તિરૂપે, સ્વભાવરૂપે તો છે પણ દૃષ્ટિ આપતાં, જે દૃષ્ટિ રાગ અને પર્યાય ઉપર છે એ દૃષ્ટિને દ્રવ્ય ઉપર કરતા જ્ઞાનજ્યોતિ એટલે **'શુદ્ધ જ્ઞાનપ્રકાશ પ્રગટ થાય છે.'** સમજાણું કાંઈ? આહાહા! એવી વાત છે.

**'શુદ્ધ જ્ઞાનપ્રકાશ પ્રગટ થાય છે.'** આહાહા! શરીરની સુંદર-અસુંદર અવસ્થા કે કૃશ અને પુષ્ટ અવસ્થા કે બાળ અને યૌવન અવસ્થા એ બધી જડની અવસ્થા છે. એ ચૈતન્યનું કાર્ય નથી. સમજાણું કાંઈ? એ તો બપોરે આવ્યું હતું ને? ભાઈએ પ્રશ્ન કર્યો હતો ને? એમ કે આ રાગનો કર્તા પરિણામી દ્રવ્ય છે. પરિણામી એમ લીધું ને? દ્રવ્ય કેમ લીધું? પણ એ પરિણામી લેવાય. ખરેખર તો એની પર્યાય રાગની કર્તા અને પર્યાય રાગનું કર્મ. પણ ભાષા એને સમજાવવી હોય ત્યારે એમાં ('સમયસાર નાટક' સાતમાં શ્લોકમાં) ન આવ્યું? કર્તા પરિણામી દ્રવ્ય. ૭મા શ્લોકમાં. આહાહા! એ તો એને રાગનો કર્તા થાય છે ત્યાં સુધીની વાત છે. અહીં તો એ કાઢી નાખે છે. સમજાણું કાંઈ?

જ્યાં સુધી એની દૃષ્ટિ સ્વભાવ ઉપર નથી અને દૃષ્ટિ રાગ અને પર્યાય ઉપર છે ત્યાં સુધી તે રાગનો કર્તા છે. સમજાણું કાંઈ? એ અજ્ઞાનભાવે શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિની જેને ખબર નથી, સમ્યગ્દર્શન નથી, સમ્યગ્દર્શન એટલે સત્ય જ્ઞાનના તેજનું પૂર પ્રભુ છે, એવી જેની દૃષ્ટિ નથી, એ જીવ રાગનો કર્તા અજ્ઞાનભાવે થાય છે. એ દ્રવ્ય થાય છે એમ કહેવાય છે. ૭મી ગાથામાં છે. 'કર્તા પરિણામી દ્રવ્ય, કર્મરૂપ પરિણામ, ક્રિયા પર્યાયની ફેરણી, વસ્તુ એક ત્રણ નામ.' ઝીણી વાતું, બાપુ! વીતરાગનો માર્ગ બહુ સૂક્ષ્મ. આહાહા! કહે છે કે એ કર્તા-રાગનો કર્તા ત્યાં સિદ્ધ કરવો છે. અહીંયાં કર્તા નિષેધ કરવો છે. ત્યાં તો પરિણામી વસ્તુ છે તેનું એ પરિણામ છે એમ સિદ્ધ કરવું છે. બપોરે ચાલે છે. આત્મા જે પરિણામી ચીજ છે, પરિણામીનું એ પરિણામ છે. પુણ્ય અને પાપ, દયા અને દાન, કામ અને ક્રોધ, એ પરિણામ પરિણામીનું છે. કર્મનું નહિ. સમજાણું કાંઈ? આહાહા!

હવે અહીં સિદ્ધ કરવું છે કે એ જ્ઞાનજ્યોતિ જ્યાં દૃષ્ટિ પડી અંદરમાં (તો) ઓલા અજ્ઞાનનો નાશ કર્યો. આહાહા! અને ચૈતન્યપ્રકાશનું તેજ જ્ઞાનજ્યોતિ, એકલો જ્ઞાનબોધ તેજ. જ્ઞાન જ્ઞાયકસ્વભાવનું રૂપ એકલું... આહાહા! એની ઉપર દૃષ્ટિ પડતાં એનો સત્કાર અને સ્વીકાર થતાં જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે. પર્યાયમાં પ્રગટ થાય છે એમ કહે છે. સમજાણું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાંઈ? આવી વાતું. આહાહા!

એ તો ભાઈનો પ્રશ્ન એમ હતો કે પરિણામી દ્રવ્ય કેમ? પણ એમ બોલાય. ખરેખર તો પર્યાય કર્તા, પર્યાય કર્મ. ષટ્કારકનું પરિણમન એમ છે. સમજાણું કાંઈ? 'પંચાસ્તિકાય'ની ૬૨ ગાથા છે ને? એમાં એ રીતે લીધું છે. પુણ્ય અને પાપ રાગાદિના ભાવનું, એક સમયની પર્યાય તે ષટ્કારકરૂપે પરિણમે છે. પર્યાય રાગની કર્તા, પર્યાયનું કર્મ રાગ, પર્યાયનું સાધન રાગ. એ સાધન પર્યાય, એ પર્યાય સાધન, પર્યાય અપાદાન, પર્યાય સંપ્રદાન, પર્યાયે રાગ કરીને રાખી અને પર્યાયનો આધાર પર્યાય. પણ એટલું જરી એકદમ કથનમાં મુશ્કેલી પડે એથી એને કહે (છે), પરિણામી કર્તા દ્રવ્ય. અજ્ઞાનીને રાગનો કર્તા દ્રવ્ય છે. આહાહા! સમજાણું કાંઈ?

એટલે અહીં જ્ઞાનજ્યોતિનો અર્થ શુદ્ધ જ્ઞાનપ્રકાશ કર્યો. એટલે હવે કેવો કેવો આવશે આમાં. કેવો છે જ્ઞાનપ્રકાશ? અને 'જયચંદ્ર પંડિતે' જ્ઞાનજ્યોતિ, કેવી છે જ્ઞાનજ્યોતિ? એમ બધા પછી બોલ લીધા છે. આહાહા! સમજાણું કાંઈ? અને સંસ્કૃત ટીકાકારે જ્ઞાનજ્યોતિ-બોધનું તેજ. આહાહા! જ્ઞાન એટલે બોધ અને જ્યોતિ એટલે તેજ. ભગવાન બોધનું તેજ, જ્ઞાનનું તેજ, શુદ્ધ જ્ઞાનનો પ્રકાશ. આહાહા! એ **'પ્રગટ થાય છે.'** આ માંગલિક થાય છે. આહાહા! શક્તિરૂપે તો હતું, જ્ઞાન અને આનંદસ્વરૂપ પ્રભુ આત્મા, પણ એનો સ્વીકાર જ્યાં દૃષ્ટિમાં થયો, એટલે પર્યાયમાં પણ, અવસ્થામાં પણ શ્રુતજ્ઞાનપ્રકાશપણે પ્રગટ થયો. આહાહા! સમજાણું કાંઈ?

**'કેવો છે?'** પ્રકાશ લેવો છે ને હવે? પાઠમાં તો જ્ઞાનજ્યોતિ છે. પછી અર્થ કર્યો શુદ્ધ જ્ઞાનપ્રકાશ. હવે એ શુદ્ધ જ્ઞાનપ્રકાશ કેવો છે? આહા..! **''परमोदात्तम' સર્વોત્કૃષ્ટ છે.'** સંસ્કૃત ટીકાકારે એમ લીધું છે. પરમ. પરા ઉત્કૃષ્ટ મા લક્ષ્મી. પરમનો અર્થ કર્યો છે. પરા-ઉત્કૃષ્ટ-મા એમ કરીને પરમ થયો. એય..! પંડિતજી! આ તમારું સંસ્કૃત છે. પરા-મા પરમ. પરા-મા પરમ. પરા ઉત્કૃષ્ટ, મા-લક્ષ્મી. જેની જ્ઞાન અને આનંદ લક્ષ્મી ઉત્કૃષ્ટ છે એ પ્રગટ થાય છે. આહાહા! પરમ ઉદાત છે. અને પરમ ઉદાત છે. અને પરમ લક્ષ્મી પરમ-પરમ વિશેષ છે. ઉદાત છે અંદર ભરેલી. આહાહા! એ પ્રગટ થઈ છે. પ્રગટ થયેલાની વાત છે. આહાહા! અને ત્રિકાળની વાત ભેગી છે એમાં. એ ત્રિકાળ છે ને? જ્ઞાનજ્યોતિ. એ જ્યોતિ પ્રગટ થાય છે. એ જ્ઞાનપ્રકાશ કેવો છે? એમ કરીને ત્રિકાળની વાત કરી કે સર્વોત્કૃષ્ટ મહાલક્ષ્મી... આહાહા! અત્યંત ધીર છે.

કેવી છે જ્ઞાનલક્ષ્મી ત્રિકાળી વસ્તુ? અત્યંત ધીર છે. શાશ્વત છે. **''अत्यन्तधीरं''** એટલે શાશ્વત છે, ત્રિકાળ શાશ્વત છે. આહાહા! **''अत्यन्तधीरं' ત્રિકાળ શાશ્વત છે.'** આહાહા! ભગવાનઆત્મા જ્ઞાનબોધસ્વરૂપ પ્રભુ ત્રિકાળ શાશ્વત છે. એ દૃષ્ટિનો વિષય છે. આહાહા! સમ્યગ્દર્શનનો વિષય તે ત્રિકાળી જ્ઞાયક શાશ્વત ધીર ત્રિકાળી તે એનો સમ્યગ્દૃષ્ટિનો વિષય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આહાહા! સમજાય છે કાંઈ?

**'વળી કેવો છે? 'विश्वं साक्षात् कुर्वत्' ( विश्वं ) સકળ જ્ઞેયવસ્તુને...'** **'विश्वं'** એટલે સમસ્ત. શું સમસ્ત? જ્ઞેયવસ્તુ. એ જ્ઞાનમાં જણાવાલાયક જ્ઞેયવસ્તુ. બધા દ્રવ્ય, ગુણ અને પર્યાય. આહાહા! **'સકળ જ્ઞેયવસ્તુને साक्षात् कुर्वत् એક સમયમાં પ્રત્યક્ષપણે જાણે છે.'** કેવળજ્ઞાનની અપેક્ષાએ એક સમયમાં પ્રત્યક્ષપણે જાણે છે અને શ્રુતજ્ઞાનની અપેક્ષાએ પણ એક સમયમાં બધું જાણે છે. અનંત દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે. પર્યાયનો એવો સ્વભાવ છે કે સ્વપરપ્રકાશક પર્યાય છે એટલે સ્વને તો જાણે છે પણ પરને પણ એ જાણે છે. આહાહા!

સમ્યગ્જ્ઞાન થયું. ચૈતન્ય સ્વરૂપ ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ છે એવું ભાન થયું તો એ જ્ઞાનની પર્યાય સ્વને જાણે અને પર્યાયનો ધર્મ સ્વપરપ્રકાશક છે. તેથી શ્રુતજ્ઞાની પણ પરને લોકાલોકને જાણે છે, કહે છે. આહાહા! એ પર્યાયની તાકાત એટલી છે. એ દ્રવ્ય-ગુણને લઈને નહિ. આહાહા! દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે જ પણ પર્યાયમાં ત્રિકાળ વસ્તુને જાણવાની તાકાત પ્રગટ થઈ. આહાહા! આવું છે.

**'વળી કેવો છે? 'निरुपधि' સમસ્ત ઉપાધિથી રહિત છે.'** **'निरुपधि'** જ્ઞાનસ્વરૂપી ભગવાન પૂર્ણાનંદ પ્રભુ જ્ઞાયકભાવ, એની પર્યાયમાં જે જ્ઞાન આવ્યું એ ઉપાધિ વિનાનું છે. એને કોઈ ઉપાધિ છે નહિ. આહાહા!

મુમુક્ષુ :– આ વિષય થોડો ...

ઉત્તર :– પર્યાય પ્રગટ થાય એની અત્યારે.. અને ત્રિકાળને લાગુ પડે છે. પણ અત્યારે બધાને પ્રગટ થઈ ગઈ.

**'સમસ્ત ઉપાધિથી રહિત છે. વળી કેવો છે?'** અહીંયાં કીધુંને શુદ્ધ જ્ઞાનપ્રકાશ પ્રગટ થાય છે. શુદ્ધ જ્ઞાન છે એ ત્રિકાળ છે અને પ્રગટ થાય છે એ પર્યાય છે. આહાહા! **''पृथग्द्रव्यनिर्भासि''** કેવો છે? **'ભિન્ન-ભિન્નપણે...'** આહાહા! અનંત દ્રવ્યો આત્મા, અનંત પરમાણુઓ એ ભિન્ન-ભિન્નપણે જેમ છે તેમ તે જ્ઞાન જાણે છે. આહાહા! આ તો હજી કર્તા-કર્મનું માંગલિક કરે છે. ૭૬ ગાથા ચાલશે. પહેલી ગાથામાં જ્ઞાન પ્રગટ થાય છે એ એની માંગલિક્તા કરે છે. આહાહા!

**'पृथग्द्रव्यनिर्भासि' 'ભિન્ન-ભિન્નપણે द्रव्यनिर्भासि સકળ દ્રવ્ય-ગુણ-પર્યાયનો જાણનશીલ છે.'** સકળદ્રવ્ય-ગુણ-પર્યાયનો જાણનશીલ પર્યાય છે. આહાહા! જોયું! ભાષા શું કરી? જાણનશીલ છે. જાણવાનો જેનો સ્વભાવ છે. આહાહા! એ જાણનશીલ. ભગવાનઆત્મા પૂર્ણાનંદ સ્વરૂપ, એનું ભાન થતાં, એને સમ્યગ્દર્શન થતાં એ પર્યાયમાં સર્વ દ્રવ્ય, ગુણ, પર્યાય ભાસે એટલી તાકાત છે. આહાહા! છે? **'ભિન્ન-ભિન્નપણે...'** ભાસે છે. જ્ઞાન લેવું છે ને? દર્શન હોય તો તો અભેદપણે દેખે. જ્ઞાન તો આ આત્મા, એનો આ ગુણ, એની આ પર્યાય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ પર્યાયમાં અનંતા અવિભાગપ્રતિચ્છેદ. ઝીણી વાતું બહુ, બાપુ! એ જ્ઞાન બધું જાણે છે. એ જ્ઞાનની પર્યાયની તાકાત જ જાણનશીલ છે-જાણવાનો એનો સ્વભાવ જ એવો છે, કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

**'શું કરતો થકો પ્રગટ થાય છે?'** જુઓ! આવે છે ને? **''इति अज्ञानां कर्तृकर्मप्रवृत्तिं अभितः शमयत्' ( इति ) ઉક્ત પ્રકારે જે મિથ્યાદષ્ટિ જીવો છે તેમની કર્તૃકર્મ પ્રવૃત્તિને...'** આહાહા! હું કર્તા છું અને વિકારી પરિણામ મારું કર્મ છે. આમાં એકલું પુદ્ગલ લીધું છે પણ એમાં ભેગુ લેવું છે. **'कोपादयः'** છે ને પાઠ? પહેલા પદનો છેલ્લો (શબ્દ) **'कोपादयः'** એટલે વિકારી પરિણામ અને જડકર્મ બેયનું કાર્ય મારું નથી. અજ્ઞાનમાં જે રાગનો કર્તા માનતો હતો, રાગ મારું કર્મ છે અને હું એનો કર્તા છું, એવી **'कर्तृकर्मप्रवृत्ति अभितः'** આહાહા! **'કર્તૃકર્મપ્રવૃત્તિને અર્થાત્ 'જીવવસ્તુ પુદ્ગલકર્મની કર્તા છે'...'** અહીંયાં પુદ્ગલ લીધું છે પણ એમાં લેવું દ્રવ્યકર્મ અને ભાવકર્મ. અંદર ટીકામાં બે છે.

અહીં તો પહેલું એટલું સિદ્ધ કરવું છે કે રાગ જ્ઞાનીને થાય. છતાં એ રાગનો કર્તા નથી. અને તે કાળે એને રાગનું નિમિત્ત અને કર્મનું બંધન થાય. પર્યાય. એ રાગને લઈને એ કર્મની પર્યાય બંધન થઈ એમ નથી. એ કર્મની પર્યાય ષટ્કારકરૂપે કર્મરૂપે થવાની પર્યાયથી થઈ છે. જ્ઞાન એનો પણ કર્તા નથી અને રાગ જેને નિમિત્ત થયું એવો રાગનો કર્તા પણ નથી. આહાહા!

**'अज्ञानां कर्तृकर्मप्रवृत्ति अभितः'** આહાહા! છે? **'अभितः'** સંપૂર્ણપણે. આહાહા! જીવ પુદ્ગલ કર્મનો કર્તા છે. અત્યારે એ સિદ્ધ કરવું છે. પણ આમ બીજી રીતે લઈએ તો પુદ્ગલકર્મ કર્તા છે અને વિકારી કર્મ આત્માના પરિણામ છે, એમ છે નહિ. પુદ્ગલકર્મ કર્તા ઉદય અને વિકારી પરિણામ તેનું કાર્ય એમ નથી. અને અહીં હવે કહે છે કે વિકારી પરિણામ જીવનું કર્તવ્ય અને વિકારી પરિણામ કર્મ એનું, એ અજ્ઞાનમાં હતું. ભાનમાં એ નથી. સમજાણું કાંઈ? આવી વાતું હવે.

**'સંપૂર્ણપણે દૂર કરતો થકો.'** અજ્ઞાનભાવ. આહાહા! ચૈતન્યનું તેજ, ચૈતન્યનો ચંદ્ર શીતળસ્વરૂપ ભગવાન, એવું અંતરમાં સમ્યગ્દર્શન, સત્યદર્શન થયું ત્યાં એને પ્રકાશ જે થયો... આહાહા! એ અજ્ઞાનપણે જે કર્તા હતો એનો નાશ કરે છે. છે ને? **'સંપૂર્ણપણે દૂર કરતો થકો.'**

**'તે કર્તૃકર્મ પ્રવૃત્તિ કેવી છે?'** આહાહા! **''एकः अहम् चित् कर्ता इह अभी कोपादयः मे कर्म' ( एकः ) એકલો હું જીવદ્રવ્ય ચેતનસ્વરૂપ પુદ્ગલકર્મને કરું છું,...'** હું એકલો ચૈતન્યસ્વરૂપ જડની, કર્મની, બંધનની પર્યાયને હું કરું છું. પુદ્ગલના પરિણામની કર્મની અવસ્થા તેનો પુદ્ગલ કર્તા છે. એ નહિ. હું એનો કર્તા છું. એ પણ કર્તા છે અને હું પણ કર્તા છું એમ નહિ. આહાહા! સમજાણું કાંઈ? કર્મની પર્યાય થાય છે તો એ પુદ્ગલ એનો કર્તા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે અને હું પણ કર્તા છું એમ બે નહિ. હું એકલો એનો કર્તા છું. આહાહા! સમજાણું? એમ પાઠ છે ને?

**'હું જીવદ્રવ્ય ચેતનસ્વરૂપ પુદ્‌ગલકર્મને...'** આ એકલો. એમ છે ને? **'एकः'** બે થઈને એના પરિણામને પણ કરું અને મારા પરિણામને પણ કરું, એમ બે નહિ અહીં તો. એના પરિણામને હું જ કરું. આહાહા! રાગના પરિણામને પણ હું જ કરું. રાગ રાગથી થાય અને હું કરું તો થાય એમ બે નહિ. સમજાણું કાંઈ? શુભ-અશુભભાવ, એ રાગથી રાગ થાય અને હું રાગને કરું એમ નહિ. હું એકલો રાગનો કર્તા છું... આહાહા! એમ અજ્ઞાની માને છે.

બપોરે તો એમ સિદ્ધ કર્યું કે આ પરિણામીનું પરિણામ છે. જીવદ્રવ્ય-વસ્તુ પરિણામી છે એનું એ પરિણામ છે. પરિણામી પરિણામ અનન્ય છે, અભેદ છે. વિકારી પરિણામ અને વિકારી કરનારો પરિણામી ભાવ, બે એક અભેદ છે. એ તો અજ્ઞાનીની દૃષ્ટિ સ્થાપવા ત્યાં સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ? અરે..! આવું ક્યાં...? સવારે કાંઈક, બપોરે કાંઈક. કઈ અપેક્ષાથી સિદ્ધ કરવું એ વાત જાણવી જોઈએ ને. આહાહા!

અરે..! સત્યને સમજ્યા વિના અનંતકાળ પરિભ્રમણમાં ગયો. ચોર્યાસીના અવતાર. આહાહા! ક્રિયાકાંડમાં ઘૂસી ગયો. તો કહે છે કે એ ક્રિયાકાંડનો જે રાગ છે એ રાગ રાગને કરે અને હું કરું એમ બે નહિ. હું એકલો રાગનો કરનાર છું. અજ્ઞાની માને છે. આહાહા! સમજાણું કાંઈ? કહો, 'ચીમનભાઈ'! આવું ઝીણું છે. આવો વીતરાગમાર્ગ પરમેશ્વર સર્વજ્ઞ જિનેશ્વરદેવે જોયું એવું કહ્યું. અને એવું સ્વરૂપ જ છે. એનો પરિચય અને અભ્યાસ નહિ એટલે એને એમ લાગે કે આ શું છે? આહાહા! હું એકલો વિકાર અને કર્મની પર્યાયનો કર્તા છું... આહાહા! એમ અજ્ઞાની માને છે. મિથ્યાદૃષ્ટિ જીવ એને જૈનતત્ત્વ શું છે, આત્મતત્ત્વ શું છે એની ખબર નથી. એવા મિથ્યાદૃષ્ટિ જીવ જૈનના સંપ્રદાયમાં, વાડામાં રહ્યા હોય છતાં તે મિથ્યાદૃષ્ટિ જીવ એમ માને છે, હું એકલો રાગનો કર્તા છું. વળી કર્મના નિમિત્તે થયું અને રાગ રાગથી થયો એમ પણ નહિ. આહાહા!

મુમુક્ષુ :– જાણ્યું કોણે? હું કરું છું તે જાણ્યું કોણે?

ઉત્તર :– પણ જાણ્યાનું ક્યાં ભાન છે? આ તો અજ્ઞાનથી આમ માને છે. આહાહા! એ તો બીજી ગાથામાં આવે છે. નથી આવતું? અજ્ઞાનપણે. આવે છે, કરે છે. જાણે છે એ આ રાગને હું કરું એમ આવે છે. બીજી ગાથામાં. એટલે જાણે છે નો અર્થ? એને ખબર નથી અંદર પણ એ જાણવાના જ્ઞાનમાં રાગ કરું છું એવું જ એનું પરિણમન છે. આહાહા! આવી વાતું છે. આહાહા! વીતરાગમાર્ગ-ધર્મ સમજવો એ ઘણો સૂક્ષ્મ છે. અને લોકોએ તો બહારમાં અજૈનને જૈન ધર્મ તરીકે સ્વીકારી લીધો છે. આહાહા! ક્યાં કો'કની સેવા કરવી, કો'કની દયા પાળવી, દયાનો રાગ કરવો એને ધર્મ માન્યો છે. એ જૈનધર્મ જ નથી. સમજાણું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાંઈ? આહાહા!

હું ચૈતન્યસ્વરૂપ... જુઓ! અહીં તો કીધું. પણ સ્વરૂપ એટલે? એ ચૈતન્યસ્વરૂપ એટલે આત્મા. **'પુદ્‌ગલકર્મને કરું છું,...'** કર્મની પર્યાય બંધાય એને હું કરું છું. અને રાગના પુણ્ય-પાપના, દયા-દાનના ભાવ આવે તેને કર્તા થઈને હું એકલો કરું છું. આહાહા! એ મિથ્યાદૃષ્ટિ છે. અરે..રે..! ગજબ વાત છે ને? હવે અહીં કહે છે દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રતના પરિણામ એ રાગ અને રાગને હું એકલો કરનાર છું એ મિથ્યાત્વભાવ છે. આહાહા! અહીં તો કહે કે એ વ્રત ને તપને કરે છે એ ધર્મ છે. બહુ ફેર, ઘણો ફેર. આખો વીતરાગમાર્ગને ઉથલાવી નાખ્યો છે. આહાહા!

અહીં કહે છે કે રાગને હું કરું છું, એ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ જે ઊઠે છે... આહાહા! એ વિકાર વિકારથી પર્યાયમાં થાય છે એમ નહિ, હું એનો કર્તા છું. આહાહા! સમજાણું કાંઈ? આવું બધું સમજવું અને આમાં ક્યાં પાર આવે? વાણિયાને ધંધા આડે નવરાશ ન મળે. હવે કલાક સાંભળવા મળે એમાં આવું ઝીણું. ઓલું સાંભળ્યું હોય બીજું દયા પાળો, વ્રત કરો અને અપવાસ કરો (એ) સહેલુંસટ હતું, રખડવાનું. આહાહા! એય..! 'ધર્મચંદજી'!

**'कोपादयः'** છે ને એનો અર્થ કર્યો. ફક્ત એટલું છે. **'વિદ્યમાનરૂપ છે જે જ્ઞાનાવરણાદિક...'** એમ લીધું, જોયું! કર્મ લે છે ને? **'પુદ્‌ગલકર્મને કરું છું.'** હું છું તો પુદ્‌ગલની કર્મ અવસ્થા થાય છે. એ પુદ્‌ગલની કર્મ અવસ્થા મેં કરી છે. એમ હું છું તો રાગની અવસ્થા થાય છે. પર્યાયમાં રાગ થાય છે અને રાગનો કર્તા પર્યાય છે એમ નહિ. અજ્ઞાની એમ માને છે. દયા, દાન, વ્રતના ભાવ આવ્યા એ રાગ છે. એનો હું કર્તા છું, એકલો હું એનો કર્તા છું, એમ માનનાર મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. આહાહા! સમજાણું કાંઈ?

**'( अभी कोपादयः )'** **'એમ હોતાં વિદ્યમાનરૂપ જે જ્ઞાનાવરણાદિક...'** એ ચીજ વિદ્યમાન છે, કહે છે. **'તે મારું કૃત્ય છે;...'** આહાહા! એ મારું કાર્ય છે. આમ ગુલાંટ ખાયને વાત કરે તો કહે, વિકાર છે તે પુદ્‌ગલનું કાર્ય છે અને પુદ્‌ગલનું એ કર્મ છે, એ પણ અજ્ઞાની છે. આમ કહે છે કે પુદ્‌ગલની કર્મની પર્યાય થાય અને રાગ થાય, તેનો હું એકલો કર્તા છું. એ બેય અજ્ઞાન છે. આહાહા! આવું બધું સમજવું કઠણ પડે.

મુમુક્ષુ :– એ તો પુદ્‌ગલનું કાર્ય

ઉત્તર :– પુદ્‌ગલનું કાર્ય નહિ એ તો જાણનારો છું. સમ્યગ્દૃષ્ટિ ધર્મી એને રાગ થાય પણ રાગનો કર્તા હું નથી, રચનાર હું નથી. હું તો એનો જાણનારો છું. આહાહા! અને તે રાગને કાળે થોડું કર્મબંધન પણ થાય એને પણ હું જાણનારો છું. એ જ્ઞેય તરીકે છે એ પર, હું જ્ઞાન તરીકે છું સ્વ. સ્વજ્ઞાન તરીકે હું પરને જ્ઞેય તરીકે જાણું છું. આહાહા! આવો માર્ગ!

**'આવું છે મિથ્યાદૃષ્ટિનું વિપરીતપણું,...'** છે? કર્મના નિમિત્તના સંબંધની રાગ ઉપાધિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે એમ અજ્ઞાની ન માનતો એ રાગનું કર્તવ્ય મારું છે અને તે કાળે પુદ્ગલ બંધાય છે એ પણ મારે લઈને બંધાય છે એમ અજ્ઞાની માને છે. આહાહા! સમજાણું કાંઈ? ભલે પછી જૈનનો સાધુ નામ ધરાવતો હોય અને પંચમહાવ્રતના પરિણામ હોય... અત્યારે તો એ પંચમહાવ્રતના પરિણામથી જે નવમી ગ્રૈવેયકે ગયો એવા કોઈ પરિણામ અત્યારે હોતા નથી. આહાહા! પણ એ પંચમહાવ્રતના પરિણામ એ રાગ છે. અજ્ઞાની કહે છે કે એ રાગ મારું કર્તવ્ય છે. એ અમારી ફરજ છે. પરનું જીવતર રાખવું, પરને આહાર-પાણીની મદદ કરવી એ અમારી ફરજ છે. એમ અજ્ઞાની માને છે. આહાહા! છે?

**'આવું છે મિથ્યાદૃષ્ટિનું વિપરીતપણું, તેને દૂર કરતું થકું જ્ઞાન પ્રગટ થાય છે.'** એમ કહેવું છે. આહાહા! પ્રભુ! આત્મા તો જ્ઞાનસ્વરૂપી પ્રકાશમય વસ્તુ છે. એ પ્રકાશે કે કોઈકને કરે? આહાહા! સમજાણું કાંઈ? જેને આ વ્યવહાર રત્નત્રય કહે છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ રાગ છે, પંચમહાવ્રતના ભાવ એ રાગ છે, શાસ્ત્રનું ભણવું એ પણ રાગ છે. આહાહા! એ રાગનું કર્તવ્ય મારું છે અને હું એનો કર્તા છું એમ મિથ્યાદૃષ્ટિનું વિપરીતપણું (છે) તેને જ્ઞાન સમાવી દે છે. આહાહા! હું એક આત્મા ચૈતન્યપ્રકાશનો પુંજ છું એવી દૃષ્ટિ થતાં એ વિપરીતપણાનો તેને નાશ કરે છે. નાશ કરે છે એ આ ઉપાયે. સ્વરૂપની દૃષ્ટિ થઈને જે સમ્યગ્દર્શન થાય ત્યારે એ વિપરીત માન્યતાનો નાશ થાય છે. આહાહા! આવું ઝીણું. એક એક વાત (જુદી). ઓલા સાંભળવા જાય ત્યાં તો દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો એ વાત તો આમાં ક્યાંય આવી નહિ. આવી? આવી પણ એ રાગ આવ્યો. રાગનો કર્તા અને કર્તવ્ય એ મારું એ તો મિથ્યાદૃષ્ટિ છે, કહે છે. આહાહા!

એવું **'જ્ઞાન પ્રગટ થાય છે.'** વિપરીત બુદ્ધિનો નાશ કરતું જ્ઞાન પ્રગટ થાય છે. હું એક જ્ઞાનસ્વરૂપી આત્મા છું. સ્વ ને પરને પ્રકાશનારો. રાગને અને પરને નહિ કરનારો. આહાહા! આવું છે. હવે પંડિતો વાંધા કાઢે છે. 'મખનલાલજી' કહે છે... છાપામાં ઘણું આવ્યું છે, શુભયોગ તે મોક્ષનો માર્ગ છે. દયા, દાન, વ્રત.. દિગંબર પંડિત (આવું કહે છે), લ્યો. એને માટે ચેલેન્જ આપી 'કૈલાશચંદજી'ને. 'કૈલાશચંદજી' કહે છે કે શુભઉપયોગ તે હેય છે. એ કહે છે કે હેય માને તે મિથ્યાદૃષ્ટિ છે, 'મખનલાલજી' કહે. ત્યારે 'કૈલાશચંદજી'એ કહ્યું કે 'કુંદકુંદાચાર્ય' શુભરાગને હેય માને છે તો 'કુંદકુંદાચાર્ય' મિથ્યાદૃષ્ટિ થયા. આ બે પંડિતોમાં ચાલ્યું છે. મૂળ તો આ વાત અહીંથી નીકળી ત્યારે આ બધું(ચર્ચાવા લાગ્યું.) ત્યારે 'મખનલાલજી'એ મોટી ચેલેન્જ આપી હતી. 'કૈલાશચંદજી'ને ચેલેન્જ આપું છું કે 'દિલ્હી' આવો અને ચર્ચા કરો. ચેલેન્જ આપું છું. શુભજોગ છે એ મોક્ષનો માર્ગ છે.

મુમુક્ષુ :– .. શુભ કરવાથી શુદ્ધ થશે...

ઉત્તર :– એ બધું ખોટું. એકે એક ખોટું. આહાહા! શુભ કરવાથી શુભ થશે એ મિથ્યાત્વ છે અને શુભનો ભાવ છે એ મારું કર્તવ્ય છે એ પણ મિથ્યાત્વ છે. આહાહા! આવી વાતું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભારે, ભાઈ! વસ્તુ એવી છે, ભાઈ! વર્તમાનમાં તો બધી વાતું ઊડી ગઈ છે. આહાહા! કાંઈ તત્ત્વની વાત જ રહી નહિ. આ કરો, વ્રત પાળો, અપવાસ કરો, ભક્તિ કરો, પૂજા કરો, જાત્રા કરો, દાન કરો. થઈ રહ્યું.

મુમુક્ષુ :– 'પંચાધ્યાયી'ના બીજા ભાગમાં ભાવાર્થ લખ્યો એમાં એમ જ લખ્યું છે.

ઉત્તર :– હા, એ નાખ્યું છે. પણ એમાં જ આ કીધી નથી? ૫૬૮ ગાથા. 'પંચાધ્યાયી'માં છે ૫૬૮ ગાથા. શુભજોગ છે તે દુષ્ટ પુરુષનું જેમ દુષ્ટ કર્તવ્ય છે એમ શુભભાવ દુષ્ટ કર્તવ્ય છે. એનું ફળ દુષ્ટ છે. એણે 'મખનલાલજી' એ અર્થ કર્યો છે. બનાવ્યું છે 'રાજમલજી'એ. 'પંચાધ્યાયી'. અહીં છે? નહિ હોય. ૫૬૮ ગાથા છે. બતાવી હતી તે દિ'. એમાં તો એ ચોખ્ખું લખ્યું છે કે શુભજોગ છે એ દુષ્ટ છે. પાઠમાં વ્રત આદિ શબ્દ છે. વ્રત-વ્રત. એ વ્રતનો ભાવ તે શુભ છે એ દુષ્ટ છે. અરે..! કેમ બેસે? એને તો વ્રત કરવા એ સંવર છે અને અપવાસ કરવો એ નિર્જરા છે. આવું સહેલું સટ હતું રખડવાનું. આહાહા! વ્રત પાળવા, અહિંસા, સત્ય, દત્ત એ સંવર, અપવાસ કરવો તે તપ છે અને તપ છે એ નિર્જરા છે અને નિર્જરા છે એ ધર્મ છે. અજ્ઞાનીનું માનેલું સહેલુંસટ હતું. આહાહા! એ જ પ્રથા છે ને? બધે (આ જ) પ્રથા છે. આહાહા!

અહીં કહે છે કે મિથ્યાદષ્ટિ રાગનો કર્તા થાય છે એવી જે એની દૃષ્ટિ વિપરીત છે, તેને જ્ઞાનસ્વરૂપ આત્મા છે એમ જાણનારો તેનો નાશ કરે છે. આ તો જાણનાર છે એ કરે કોને? એમ કહે છે. આહાહા! પરનું તો કરે નહિ પણ રાગનું પણ કરે નહિ. જ્ઞાનસ્વરૂપ છે એ જ્ઞાન કરે કે રાગ કરે? આહાહા! આવું છે સ્વરૂપ. ચૈતન્યપ્રકાશનો પુંજ પ્રભુ છે. એ ચૈતન્યના પ્રકાશની પર્યાયને કરે. એ પણ ઉપચારથી કર્તા-કર્મ. ભેદ થયો ને એટલો? આમાં છે. આગળ આવશે. સમજાણું કાંઈ? છે ને ક્યાંક? કર્તા કર્મમાં છે ને? ઇ જ પાને આવ્યું, બીજે પાને. જુઓ! આના પછીનો. છે ને? ચોથો કળશ. ચોથો કળશ. નીચે છે જુઓ. **'જેમ ઉપચારમાત્રથી દ્રવ્ય પોતાના પરિણામનો કર્તા છે, તે જ પરિણામ દ્રવ્યથી કરાયેલો છે તેમ અન્ય દ્રવ્યનો કર્તા...'** નથી. છે? નીચે. ૫૨ પાને છે. આહાહા! પછી આવશે. **'અન્યદ્રવ્ય ઉપચારમાત્ર પણ કર્તા નથી.'** જોયું! અન્ય દ્રવ્યના પરિણામનો પુદ્ગલ બાંધે કે પરની દયા પાળે એ ઉપચારમાત્ર પણ એનો કર્તા નથી. છે?

મુમુક્ષુ :– ગ્રહિત મિથ્યાત્વમાં છે.

ઉત્તર :– ઓલા બેમાં ભેદ પાડવો એટલે આ... આહાહા! પહેલું તો સમજાવું હજી કઠણ. શું કહે છે એની ખબરું ન મળે. અરે...! જિનેશ્વરદેવ પરમેશ્વરનો આ હુકમ છે કે રાગનો કર્તા થાય તે મિથ્યાદષ્ટિ છે અને એ પરદ્રવ્યની દયાને પાળનારો થાય અને પૈસા મેં દીધા એમ દાનનો દેનારો થાય એ મિથ્યાદષ્ટિ છે. આહાહા!

મુમુક્ષુ :– ઉપચારમાત્રથી કર્તા નથી તો ઉપચાર કેમ કહ્યો?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– ઉપચાર કીધું ને? વ્યવહારે ભેદ પડ્યો ને. આત્મા કર્તા અને પરિણામ એ કર્મ. એવો એ ભેદ પડ્યો ને? એટલે ઉપચાર કીધો.

મુમુક્ષુ :– ભેદ પડયો તો રાગ થયો.

ઉત્તર :- વિકલ્પ અને ભેદ થયો એટલો જરી. અભેદમાં તો કર્તા-કર્મ બધું એક જ છે. કર્તામાં પણ એ અને કર્મ પણ એ.

નિશ્ચયથી તો નિર્મળ પરિણામનો કર્તા અને નિર્મળ પરિણામ કર્મ, એ અભેદથી પરિણામમાં છે. દ્રવ્ય સાથે એને સંબંધ નથી. અને વિકારના પરિણામનો પણ પર્યાય કર્તા અને પર્યાય તેનું કર્મ, એને દ્રવ્ય-ગુણ સાથે સંબંધ નથી. પરની સાથે તો સંબંધ છે જ નહિ. આહાહા! રાગના પરિણામનો આત્મા કર્તા અને રાગનું પરિણામ કર્મ એ ઉપચાર વ્યવહારમાત્રથી છે. પર્યાયમાં થાય એટલું. આહાહા! આ તો નથી કરવું સમ્યગ્દર્શન, નથી કરવું સમ્યગ્જ્ઞાન અને લઈ લ્યો વ્રત ને તપ ને... સાધુ થઈ જાવ જટ. પડિમા લઈ લ્યો. રોટલા તો ચાલે. અરે..રે..! કાંઈ તત્ત્વની ખબર ન મળે.

મુમુક્ષુ :– શુદ્ધ ઉપયોગનો કર્તા માને તો?

ઉત્તર :– શુદ્ધ ઉપયોગનું કર્તવ્ય છે એટલો પણ ભેદ છે એમ કહે છે. શુદ્ધ ઉપયોગનું કર્તા અને કર્મપણું શુદ્ધ ઉપયોગમાં છે. આત્મા શુદ્ધ ઉપયોગનો કર્તા એ પણ ભેદ થયો. આહાહા! ઝીણી વાત છે, બાપુ! આ તો પરમેશ્વર, જિનેશ્વર કોને કહે. એ કોને કહે! આહાહા! જે એક સેકન્ડમાં અસંખ્યમાં ભાગમાં ત્રણકાળ, ત્રણલોક જાણે, પ્રભુ! આહાહા! એનો માર્ગ તે કેવો હોય! ભાઈ!

ખરેખર તો રાગનો કર્તા છું અને રાગ એનું પરિણામ, એ અજ્ઞાનીને માટે પણ ભેદ છે, વ્યવહાર છે. અને જ્ઞાનીને માટે શુદ્ધ ઉપયોગ મારું કર્તવ્ય છે અને હું એનો કર્તા છું, શુદ્ધ ઉપયોગ કર્મ એ પણ ભેદ છે. શુદ્ધ ઉપયોગ જે છે એ જ પરિણામમાં કર્તા અને કર્મ છે. આહાહા! આવું છે. પરમાત્મા વીતરાગદેવ આમ જગતને કહે છે પણ જગતને મળ્યું નથી એટલે શું કરે? કેટલાક નવાને તો આ સાંભળીને એવું લાગે જાણે આ તો બધો ધર્મનો લોપ થઈ જાય છે. આહાહા! ભાઈ! તને ધર્મ શું એની ખબર નથી, બાપુ! આહાહા! એ રાગની ક્રિયા છે એ તો અધર્મ છે. આહાહા! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ અધર્મ છે. ધર્મથી બંધ થાય? આહાહા!

એ તો કહ્યું હતું ને? (સંવત) ૧૯૮૫ની સાલની વાત છે. ૮૫ની સાલ. કેટલા વર્ષ થયા? ૪૮. ૪૮ વર્ષ પહેલા વ્યાખ્યાન ચાલતું હતું. ત્યારે તો મુહપતીમાં હતા ને. 'બોટાદ'. હજાર-પંદરસો માણસ આવે. બહુ મોટી સભા ભરાય. અમારું નામ પ્રતિષ્ઠિત હતું ને. 'કાનજીસ્વામી' વાંચવા બેઠા છે. એમ આવે એટલે માણસ ઉભરાય. અપાસરામાં તો સમાય નહિ પણ બહાર શેરીમાં ભરાય. પછી એ વખતે થોડું કહ્યું. ૧૯૮૫ના પોષ મહિનાની વાત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. કીધું, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ.

મુમુક્ષુ :– ધર્મથી કોઈ દિ' બંધ થાય?

ઉત્તર :– ધર્મથી બંધ થાય? કીધું. બંધ થાય એ તો ભાવબંધનું કારણ છે. ધર્મ નથી. અને પંચમહાવ્રતના પરિણામ તે આસ્રવ છે એમ કહ્યું. સંપ્રદાયમાં, હોં! ઘણી સભા હતી. પંચમહાવ્રતના પરિણામ એ વિકલ્પ છે, રાગ છે, આસ્રવ છે. ધર્મ નથી. પરની દયા પાળું, પરને જૂઠું ન બોલું એવો પરલક્ષી ભાવ છે એ તો. પરલક્ષીભાવ એ વિકાર છે, આસ્રવ છે. સભામાં તો કોઈ ન બોલે. સંપ્રદાયમાં પણ અમારી પ્રતિષ્ઠા હતી ને.

મુમુક્ષુ :– મહારાજની (આજુબાજુ) કેવળજ્ઞાન ફર્યા કરે છે.

ઉત્તર :– 'બોટાદ'માં તો બહુ અમારું માન હતું ને! ૫૦ વર્ષ, ૬૦ વર્ષ પહેલા. ૬૪ વર્ષ તો દીક્ષા લીધી એને થયા. ૬૪ વર્ષ. આહાહા! પછી એ સાધુ બેઠા હતા એ કહે વોસરે-વોસરે. ઉઠી ગયા. અરે..! પણ બેસી રહેવું હતું ને. આહાહા! તમે શું કીધું એ લોકોએ સાંભળ્યું નથી. મને ખબર છે તમે શું કર્યું એ. એમ કહે તમારી વાત જૂઠી છે, આ શ્રદ્ધા અમારે જોતી નથી. ન જોતી હોય તો એકકોર રાખ. પંચમહાવ્રતના પરિણામ અને બાર વ્રતના ભાવ એ રાગ ને આસ્રવ અને બંધનું કારણ છે. અરે..! એ વસ્તુ... ભગવાનના માર્ગનો અત્યારે લોપ કરી નાખ્યો. આહાહા! વાડા બાંધીને જેમ બકરાને પૂર્યા એમ પૂર્યા છે. આહાહા! આ તો સિંહના માર્ગ વીતરાગના છે. સમજાણું કાંઈ? આહાહા!

મુમુક્ષુ :– મુહપત્તી ત્યાગ કર્યા પછી એને જૂઠા ઠેરવવા.

ઉત્તર :– મુહપતી વખતે કહ્યું હતું. આ શું કહ્યું? મુહપતી વખતે અને પંદરસો માણસ. (સંવત) ૧૯૮૫ની સાલ. 'બોટાદ'માં તો ત્રણસો ઘર. હવે વધી ગયા છે. બહુ માણસ આવે, બહુ માણસ આવે. વ્યાખ્યાન ચાલે એટલે. એ વખતે કહ્યું હતું. કે પંચમહાવ્રતના પરિણામ એ આસ્રવ (છે) અને જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે અધર્મ (છે). ધર્મથી બંધન ન હોઈ શકે. ધર્મ તો આત્માનો વીતરાગી પરિણામ, ચૈતન્યના આશ્રયે-અવલંબે થયેલો વીતરાગીભાવ, એ ધર્મ છે. આહાહા! હવે એ વીતરાગી ભાવ શું અને કોને આશ્રયે થયો એ કોઈ દિ' સાંભળ્યું ન હોય. આહાહા!

અહીં કહે છે... આહાહા! **'મિથ્યાદષ્ટિનું વિપરીતપણું, તેને દૂર કરતું થકું જ્ઞાન પ્રગટ થાય છે.'** આહાહા! મિથ્યાદષ્ટિ અજ્ઞાની રાગનો કર્તા થાય છે તે એનું અજ્ઞાન છે. એને જ્ઞાનપ્રકાશ પ્રગટ થાય છે તે અજ્ઞાનનો નાશ કરે છે. આહાહા! એ રાગનો એ કર્તા નહિ, પરનો કર્તા નહિ. આહાહા! મેં આટલા શિષ્ય બનાવ્યા, આટલા પૈસા ખર્ચાવ્યા અને આટલા મંદિરો બનાવ્યા એ બધી માન્યતા અજ્ઞાન છે. આહાહા! તમે આ બનાવ્યું નથી? આ 'રામજીભાઈ'એ નથી કર્યું મોટું, લ્યો! છવ્વીસ લાખ રૂપિયાનું મકાન મોટું. કર્યા વિના થયું હશે આ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- મારા નામનો એક દોકડો પણ આવે?

ઉત્તર :- જુઓને, આ પ્રમુખ નહોતા તો.. અત્યારે ચારેકોરથી આમ લોકો ખુશી ખુશી થઈ ગયા છે. કાલે કો'ક કહેતું હતું. 'હિંમતભાઈ', નહિ? કાલે નહિ? 'રામજીભાઈ'એ આ સ્વીકાર્યું એ બહુ સારું કર્યું. પણ અમથું ક્યાં એ વખતે એ જ હતા ને? 'નવનીતભાઈ' વખતે કોણ (હતું). સારા ધીર માણસ છે એ જાશે ત્યારે ખબર પડશે લોકોને. આહાહા! પરનું કરી શકે નહિ કાંઈ, હોં! આવી વાતું. આહાહા!

અહીં કહે છે, અજ્ઞાનને દૂર કરતું થકું જ્ઞાન પ્રગટ થાય છે. **'ભાવાર્થ આમ છે કે અહીંથી કર્તૃકર્મ અધિકારનો પ્રારંભ થાય છે.'** શરૂઆત થાય છે હવે. કર્તા-કર્મની ગાથા ૭૬ છે. એમાં પહેલી ગાથામાં માંગલિક કર્યું. આહાહા! શુદ્ધ જ્ઞાનનો પ્રકાશ. જેવી શક્તિ છે એવું સમ્યગ્દર્શન થતાં શુદ્ધ જ્ઞાનનો પ્રકાશ પર્યાયમાં પ્રગટ થાય છે. એ પર્યાયમાં પ્રગટ થાય છે તે કર્તાનું કર્મ છે. એ ઉપચારે. આહાહા! એય..! કારણ કે દ્રવ્યને પર્યાયનું કર્તા કહેવું એ વ્યવહારથી (છે). દ્રવ્ય તો ધ્રુવ છે. ધ્રુવ ક્યાં પરિણમે છે? પરિણમનમાં કાર્ય થાય છે. પરિણમનમાં કાર્ય થાય એ પરિણમન નહિ કરનારો એનો કર્તા કહેવો એ તો ઉપચાર વ્યવહારથી છે. આહાહા!

મુમુક્ષુ :– બીજા...

ઉત્તર :– એનામાં ને એનામાં થાય છે એટલું સિદ્ધ કરે. નિશ્ચયથી તો પર્યાય જે શુદ્ધ ધર્મપણે પરિણમે છે એનો કર્તા દ્રવ્ય અને ગુણ નથી. આહાહા! સમજાય છે કાંઈ? અરે..! આવી વાતું. અત્યારે અજાણ્યા માણસને તો એવું લાગે કે આ તે જૈન ધર્મની વાત હશે આ? અમે તો આટલા ૫૦ વર્ષ કાઢ્યા અને ૬૦ વર્ષ કાઢ્યા એમાં તો આવી વાત સાંભળતા નહોતા. એય..! આ સ્થાનકવાસીના અગ્રેસર 'જાદવજીભાઈ' રહ્યા. આ અમારા મહેમાન નથી આવ્યા? એ સ્થાનકવાસીના છે. આ 'પ્રેમચંદભાઈ' અહીં તો ઘણા સ્થાનકવાસી જ છે ને. આ અમારે 'તુરખીયા' એ સ્થાનકવાસી. આહાહા! શ્વેતાંબરના કો'ક, બાકી સ્થાનકવાસીના ઘણા. એમાં હતા ખરાને એટલે ઘણા વળ્યા. આ પણ સ્થાનકવાસી હતા લ્યો ને.

મુમુક્ષુ :– બધા ભોળા છે એટલે આવ્યા.

ઉત્તર :– લોકો એમ કહે છે. માથે કહે ઇ ભોળા માણસ સાંભળે. અરે..! પ્રભુ! તું સાંભળ, ભાઈ! આહાહા! ભોળા લોકો હા પાડે ત્યાં. આહાહા! આ એક શ્લોક થયો. આહાહા!

મુમુક્ષુ :– પહેલો

ઉત્તર :– પહેલો થયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(માલિની)

परपरिणतिमुज्झत् खण्डयद्भेदवादा-
निदमुदितखण्डं ज्ञानमुच्चण्डमुच्चैः।
ननु कथमवकाशः कर्तृकर्मप्रवृत्ते-
रिह भवति कथं वा पौद्गलः कर्मबन्धः॥२-४७॥

ખંડાન્વય સહિત અર્થ :– 'इदम् ज्ञानम् उदितम्' ( इदम् ) વિદ્યમાન છે એવી ( ज्ञानम् ) ચિદ્રૂપશક્તિ ( उदितम् ) પ્રગટ થઈ. ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય જ્ઞાનશક્તિરૂપે તો વિદ્યમાન જ છે, પરંતુ કાળલબ્ધિ પામીને પોતાના સ્વરૂપનું અનુભવશીલ થયું. કેવું થતું થકું જ્ઞાન (ચિદ્રૂપશક્તિ) પ્રગટ થયું? 'परपरिणतिम् उज्झत्' ( परपरिणतिम् ) જીવ-કર્મની એકત્વબુદ્ધિને ( उज्झत् ) છોડતું થકું. વળી શું કરતું થકું? 'भेदवादान् खण्डयत्' ( भेदवादान् ) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અથવા દ્રવ્ય-ગુણ-પર્યાય અથવા 'આત્માને જ્ઞાનગુણ વડે અનુભવે છે,'– ઇત્યાદિ અનેક વિકલ્પોને ( खण्डयत् ) મૂળથી ઉખાડતું થકું. વળી કેવું છે? 'अखण्डं' પૂર્ણ છે. વળી કેવું છે? 'उच्चेः उच्चण्डम्' ( उच्चैः ) અતિશયરૂપ ( उच्चण्डम् ) પ્રચંડ છે અર્થાત્ કોઈ વર્જનશીલ નથી. 'ननु इह कर्तृकर्मप्रवृत्तेः कथम् अवकाशः' ( ननु ) અહો શિષ્ય! ( इह ) અહીં શુદ્ધજ્ઞાન પ્રગટ થતાં ( कर्तृकर्मप्रवृत्तेः ) 'જીવ કર્તા અને જ્ઞાનાવરણાદિ પુદ્ગલપિંડ કર્મ' એવો વિપરીતપણે બુદ્ધિનો વ્યવહાર તેનો ( कथम् अवकाशः ) અવસર કેવો? ભાવાર્થ આમ છે કે જેમ સૂર્યનો પ્રકાશ થતાં અંધકારનો અવસર નથી એમ શુદ્ધસ્વરૂપ-અનુભવ થતાં વિપરીતરૂપ મિથ્યાત્વબુદ્ધિનો પ્રવેશ નથી. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે શુદ્ધજ્ઞાનનો અનુભવ થતાં માત્ર વિપરીત બુદ્ધિ મટે છે કે કર્મબંધ મટે છે? ઉત્તર આમ છે કે વિપરીત બુદ્ધિ મટે છે, કર્મબંધ પણ મટે છે. 'इह पौद्गलः कर्मबन्धः वा कथं भवति' ( इह ) વિપરીત બુદ્ધિ મટતાં ( पौद्गलः ) પુદ્ગલસંબંધી છે જે દ્રવ્યપિંડરૂપ ( कर्मबन्धः ) જ્ઞાનાવરણાદિ કર્મોનું આગમન ( वा कथं भवति ) તે પણ કેમ થઈ શકે? ૨-૪૭.

બીજો.

परपरिणतिमुज्झत् खण्डयद्भेदवादा-
निदमुदितखण्डं ज्ञानमुच्चण्डमुच्चैः।
ननु कथमवकाशः कर्तृकर्मप्रवृत्ते-
रिह भवति कथं वा पौद्गलः कर्मबन्धः॥२-४७॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા! 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ દિગંબર સંત આનંદના અનુભવી (છે). મુનિ એને કહીએ કે જેને અતીન્દ્રિય આનંદનો ઉગ્ર અનુભવ હોય. એને મુનિ કહીએ. લુગડા ફેરવ્યા અને નગ્ન થયા માટે મુનિ (છે), એમ છે નહિ. આહાહા! આ લુગડાવાળા તો મુનિ અમથા દ્રવ્યલિંગ પણ નથી. સમજાણું કાંઈ? લુગડાવાળા સાધુ માને છે એ તો કુલિંગ છે. એ તો લિંગ પણ નથી. પણ જૈનધર્મનું નગ્ન લિંગ ધારણ કરે એ દ્રવ્યલિંગ છે. તે દ્રવ્યલિંગ પણ જો એને અઠ્યાવીશ મૂળગુણ ચોખ્ખા હોય, પંચમહાવ્રત ચોખ્ખા હોય તો દ્રવ્યલિંગી કહેવાય. દૃષ્ટિ મિથ્યાત્વ છે અને એમાં ધર્મ માને છે. આહાહા! આવી વાત છે.

ભાવલિંગ-રાગથી ભિન્ન પડી નિર્વિકલ્પ પ્રભુ ચૈતન્યમૂર્તિનો અનુભવ કરે ત્યારે તો એને સમ્યગ્દર્શન થાય. આહાહા! અને પછી સ્વરૂપ જે આનંદમૂર્તિ જ્ઞાન, જ્ઞાનના નૂરનું તેજ, પ્રભુ! એવું જે અનુભવમાં આવ્યું એને હવે એમાં આનંદમાં લીનતા કરવી, અતીન્દ્રિય આનંદના ધામમાં લીનતા કરવી એનું નામ ચારિત્ર છે. અરે..! વ્યાખ્યા પણ બીજી, વાત બીજી. સમજાણું કાંઈ? ત્યારે તો તેને રાગાદિ, પંચમહાવ્રત આવે, પણ એનો એ કર્તા ન થાય. તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. એમ આવ્યું છે ને? ૧૨મી ગાથા. આહાહા! કેમકે જ્ઞાનસ્વરૂપ ચૈતન્યનું જ્યાં ભાન થયું એથી એને હજી રાગ-વ્યવહાર આવે ખરો પણ એનો એ કર્તા ન થાય, તેનો એ જ્ઞાતા રહે. આહાહા! વીતરાગી ધર્મની દશા જેને પ્રગટી હોય તેને રાગ આવે એનો એ કર્તા ન થતા જ્ઞાતા થાય. એ કર્તાકર્મની પ્રવૃત્તિ પરથી ભિન્ન પડી જાય છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**શ્રાવણ વદ ૩, મંગળવાર તા.૨.૦૮.૧૯૭૭**
**કળશ - ૪૭, પ્રવચન - ૫૬**

'કળશટીકા' ૪૭ કળશ છે. ફરીને બોલીએ.

**परपरिणतिमुज्झत् खण्डयद्भेदवादा-**
**निदमुदितखण्डं ज्ञानमुच्चण्डमुच्चैः।**
**ननु कथमवकाशः कर्तृकर्मप्रवृत्ते-**
**रिह भवति कथं वा पौद्गलः कर्मबन्धः।।२-४७।।**

આહાહા! ''**इदम् ज्ञानम् उदितम्**' ( **इदम्** )' આ વિદ્યમાન જ્ઞાનસ્વરૂપ આત્મા, શુદ્ધ સ્વરૂપ (છે) એને અહીંયાં ચિદ્રૂપશક્તિ કીધી. ત્રિકાળ જે ચિદ્રૂપશક્તિ ધ્રુવ છે તે પ્રગટ થઈ. એ સમ્યગ્દર્શન થતાં, સમ્યક્ દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડતાં દ્રવ્ય જે ધ્રુવસ્વરૂપ ચૈતન્ય... 'ભભૂતમલ'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી આવ્યા?

મુમુક્ષુ :– આવે છે.

ઉત્તર :– મોડું? પહેલી શરૂઆત થઈ એમાંથી...

શું કીધું? આ આત્મા જે છે એ ચૈતન્યસ્વભાવ, ચેતનાસ્વભાવ, આનંદસ્વભાવ એવી જે કાયમીની નિત્ય ધ્રુવ ચીજ છે, તેના ઉપર દૃષ્ટિ પડતાં, એવો ધ્રુવ સ્વભાવ તેનો દૃષ્ટિમાં સ્વીકાર થતાં... આહાહા! તેની પરિણતિ આત્મસ્વભાવરૂપ થઈ જાય છે, એમ કહે છે. છે?

**'વિદ્યમાન છે એવી ચિદ્રૂપશક્તિ પ્રગટ થઈ.'** એટલે કે જે જ્ઞાનસ્વરૂપ જ્ઞાયકભાવ, પર્યાયમાં તેનું પરિણમન જ્ઞાન અને આનંદની દશાનું પરિણમન થયું એ ચિત્શક્તિ પ્રગટ થઈ. આવો ઝીણો માર્ગ છે. કર્તા-કર્મ અધિકાર છે ને? એ ચૈતન્યવસ્તુ છે એક સમયમાં ધ્રુવ, એને જેણે દૃષ્ટિએ એનો સ્વીકાર કર્યો, એટલે ચિત્શક્તિ એટલે આત્મશક્તિ, એનો જે ત્રિકાળી સ્વભાવ, એનું પરિણમન પર્યાયમાં આનંદ અને જ્ઞાનની દશાનું પરિણમન થયું. એ આત્મા પ્રગટયો કહો કે ચિદ્રૂપશક્તિ પ્રગટ થઈ કહો. આવી વાતું. સમજાણું કાંઈ? એને ધર્મ થયો એમ કહે છે. ધર્મી એવો જે ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્ય, એની સન્મુખ થતાં, એ ત્રિકાળી સ્વભાવનો સ્વીકાર થતાં પર્યાયમાં તે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે તે શક્તિની વ્યક્તતા પ્રગટ દશા થઈ એ ચિદ્રૂપશક્તિ પ્રગટી એમ કહેવામાં આવે છે. આહાહા! આવો માર્ગ. સમજાણું કાંઈ? ઝીણો માર્ગ છે, ભાઈ! આહા..! અહીં તો હજી... **'પ્રગટ થઈ.'**

**'ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય જ્ઞાનશક્તિરૂપે તો વિદ્યમાન જ છે,...'** જોયું! જીવ વસ્તુ છે એ જ્ઞાનસ્વભાવ એવી શક્તિથી તો ત્રિકાળ વિદ્યમાન છે, મોજૂદ છે, હયાતીવાળું એ તત્ત્વ છે. આહાહા! **'પરંતુ કાળલબ્ધિ પામીને...'** લ્યો! એટલે કે જે સમયે તે પર્યાય થવાની છે તે સમયે તે સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ કરીને તે કાળે તે દશા પ્રાપ્ત થાય તે કાળલબ્ધિએ પ્રાપ્ત થયો ભાવ એ ભવિતવ્યતા. આહાહા!

ફરીને. આત્મા આનંદસ્વરૂપ છે. અહીં જ્ઞાનપ્રધાનથી વાત છે. કેમકે પ્રગટ અંશ છે ને એટલે જ્ઞાનની મુખ્યતા લીધી. બાકી આનંદસ્વરૂપ જે વસ્તુ, અતીન્દ્રિય આનંદનું ધામ એ સ્થળ-એનું અતીન્દ્રિય આનંદનું સ્થાન, એવી જે વિદ્યમાન ચૈતન્યવસ્તુ તેને વર્તમાન કાળલબ્ધિ પામીને એટલે કે તે સન્મુખ પુરુષાર્થ કરીને. આહાહા! આવી વાત છે. દયા પાળવી... આમ આવો, આમ. મોડા કેમ આવ્યા? વેપારમાં તો જટ વહેલા જાય. વહેલી દુકાન ઉઘાડે.

અમારે ત્યાં 'પાલેજ' દુકાનમાં 'કુંવરજીભાઈ' હતા. એ વહેલા ઊઠે. બુદ્ધિ સાધારણ હતી પણ વર્ષની બે-બે લાખની પેદાશું. અમારા ભાગીદાર હતા. ફઈના દીકરા. વહેલા આવે. ઓલા છોકરાઓ ના પાડે. બાપા! પણ હવે અમે બધા છીએ. નહિ. વહેલો આવીશ. નોકરોને ઉઠાડીશ અને સંજવારી... શું કહેવાય આ? સાફ કરે. વાળે ને. એવું કરે. અંતે મરતા મમતા બહુ ને, મરતાં મગજ ગાંડુ થઈ ગયું. મેં કર્યું, આ કર્યું, આ કર્યું. આહાહા! ધૂળમાં પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાંઈ નથી.

મુમુક્ષુ :– એ લૌકિક કમાણીમાં વહેલા આવવાનું કહેતા હતા, આ .. કમાણી...

ઉત્તર :– એ દાખલો તો એના માટે આપ્યો. ભાઈને પૂછ્યું'તું. મેં કીધું ભાઈ ક્યાં ગયા? કહે, આવે છે.

અહીંયાં આ ગાથા જ અલૌકિક ઝીણી છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય તો શી રીતે થાય? અને થાય તો તે શું કરે છે? સમજાણું કાંઈ? કહે છે કે એ ચિત્શક્તિ **'કાળલબ્ધિ પામીને પોતાના સ્વરૂપનું અનુભવશીલ થયું.'** પુસ્તક આપોને, ભાઈ! ક્યાં ગયું? નથી? છે? વાંચે તો ખરા, ઓલા ચોપડા વાંચે છે ત્યાં એ?

મુમુક્ષુ :– આમાં શું સૂઝ પડે?

ઉત્તર :– આમાં સૂઝ ન પડે એમ કહે છે. આમાં કહે છે સૂઝ ન પડે, ભાઈ એમ કહે છે. ઓલામાં સૂઝ પડે. આહાહા!

શું કીધું? પહેલું એમ કહ્યું? કે **'વિદ્યમાન છે એવી ચિદ્રૂપશક્તિ...'** પહેલી. આત્મા.

મુમુક્ષુ :– પહેલા વિદ્યમાન એટલે શું?

ઉત્તર :– વિદ્યમાન એટલે હયાતી છે. એ અર્થ પહેલા થઈ ગયો છે. વિદ્યમાન એટલે હયાતી. ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપે ચિત્સ્વરૂપે હયાતી-મોજૂદ છે. વિદ્યમાન કહો કે મોજૂદ કહો. આહાહા! ચિદ્રૂપ, આનંદરૂપ, જ્ઞાનરૂપ, શાંતરૂપ, સ્વચ્છતારૂપ, ઈશ્વરતારૂપ મોજૂદ ચીજ છે. આહાહા! એ મોજુદ ચીજને... આહાહા!

**'પ્રગટ થઈ.'** હવે કહે છે. એના ઉપર દૃષ્ટિ આપતાં સમ્યગ્દર્શન એવી જે પર્યાય, એની પર્યાયને ત્યાં દૃષ્ટિ આપતા એ શક્તિમાં જેટલું સામર્થ્ય હતું એનું કેટલુંક પર્યાયમાં પરિણમન થયું. સમ્યગ્દર્શનપણે, સમ્યગ્જ્ઞાનપણે, આનંદપણે એ દશા થઈ એનું નામ ધર્મ. આહાહા! સમજાણું કાંઈ?

**'પોતાના સ્વરૂપનું અનુભવશીલ થયું.'** કોણ? જ્ઞાન. પહેલું જ્ઞાન કહ્યું હતું ને? ચિદ્રૂપશક્તિ. **'અનુભવશીલ થયું.'** આહાહા! શું કહ્યું એ? જે અનાદિથી રાગ અને પુણ્ય-પાપના વિકારભાવને અનુભવતું એ મિથ્યાત્વભાવ હતો. આહાહા! એ ભ્રાંતિ અને ભ્રમભાવ હતો. પુણ્ય-પાપના ભાવ, એને વેદવા અને કરવા એ ભ્રાંતિ મિથ્યાત્વભાવ હતો. આહાહા!

મુમુક્ષુ :– અમે વાણિયા છીએ એમ માનીએ એ મિથ્યાત્વભાવ?

ઉત્તર :– વાણિયો કે દિ' હતો? વાણિયો તો નથી પણ અહીં તો જરી દયા-દાનના ભાવ આવે એનો એ કર્તા અને વેદતા નથી. એનું નામ ધર્મ છે. ઝીણી વાત છે, બાપુ! આહાહા!

કેમકે વસ્તુ જે ચૈતન્યસ્વરૂપ (છે) એ તો જ્ઞાનનો પુંજ છે. અનાકુળ આનંદનો ઢગલો છે એ તો. આહાહા! એવું જે વિદ્યમાન ટકતું ત્રિકાળી તત્ત્વ એને કાળલબ્ધિ એટલે વર્તમાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સન્મુખ પુરુષાર્થથી જેણે વર્તમાનમાં તે આનંદને પર્યાયમાં પરિણમ્યો, જ્ઞાનરૂપ પરિણમ્યો, સમ્યક્‌રૂપે થયો. એનું એટલે અનુભવશીલ પરિણમન કહેવાય છે. છે? **'પોતાના સ્વરૂપનું અનુભવશીલ થયું.'** આહાહા! અનાદિથી પુણ્ય અને પાપ, રાગ-દ્વેષ, શુભ કે અશુભભાવ એનું જે એને કરવાપણું અને વેદવાપણું હતું એ મિથ્યાત્વભાવ હતો. આહાહા! એ હવે પોતાના જ્ઞાન અને આનંદ સ્વરૂપનું અનુભવશીલ થયું. અરે..! આવી વ્યાખ્યા. શું કીધું ઇ?

પુણ્ય અને પાપના વિકલ્પ એટલે રાગ, એનાથી ભિન્ન પડીને ચૈતન્યસ્વભાવનો જ્યાં સ્વીકાર થયો ત્યારે તે જેમ રાગ અને પુણ્યના ભાવને કરતું અને વેદતું, એ ભાવ ગુલાંટ ખાય જાય છે. આહાહા! શુદ્ધ ચૈતન્યઘનનો આદર કરતાં તેની પર્યાયમાં પોતાના સ્વરૂપનો અનુભવ સ્વભાવ થયો. પર્યાયમાં અનુભવશીલ થયો. માર્ગ તો આવો છે, બાપુ! ઓલું તો સહેલુંસટ (હતું), કે ભાઈ મંદિર બનાવી દ્યો ચાલો. ધર્મ થઈ જાય. અહીં કહે કે ધર્મ નહિ થાય, લ્યો! એય..! 'ભભૂતભાઈ'! આહાહા!

અહીં તો કહે છે કે પુણ્યના ભાવ જે થાય એનાથી પણ ચૈતન્ય ભિન્ન છે એવું જે ભાન કરે તેને રાગનું પરિણમન અનુભવ ન હોવાથી એને આનંદનો, જ્ઞાનનો અનુભવ સ્વભાવ થાય. આહાહા! શેઠ આવ્યા નથી ને? કામમાં રોકાણા હશે. અહીં બિચારા બેસે મોઢા આગળ. ૩૫ વર્ષની ઉંમર. શું થઈ ગયું? હાર્ટફેઈલ થઈ ગયું. કોણ જાણે બારણુ બંધ અને તાળુ બંધ હતું અંદર. આમ બીજું કોઈ નીકળ્યું નથી કાંઈ. જુવાનજોધ હતો. સવારે અહીં પાછળ બેસતો, બપોરે અહીં બેસતો. અહીં બેસતો અહીં. 'મોરેના'નો હતો. 'મોરેના'. આહાહા! આ દેહની સ્થિતિ જે સમયે પૂરી થવાની હોય, એને કોઈ નિમિત્ત તો હોયને કાંઈ? ફડાક દઈને ચાલ્યો જાય.

અહીં તો કહે છે કે બેને જુદા પાડવા એ તારું કાર્ય છે. આહાહા! પુણ્ય અને પાપના ભાવ થાય, હો પણ એનાથી ચૈતન્યસ્વરૂપ ભિન્ન છે તેને ભિન્ન કરીને અનુભવશીલ થા. આહાહા! આકરી વાત. જન્મ-મરણ મુકવાના માર્ગ તો આ છે, બાપુ! હજી તો આ પહેલું સમ્યગ્દર્શનની વાત ચાલે છે. શું કીધું?

**'પોતાના સ્વરૂપનું અનુભવશીલ થયું.'** તમે તો ગુજરાતી થોડું સમજો છો. એને ક્યાં... આહાહા! શું અનુભવશીલ થયું? કોણ? જ્ઞાન એટલે કે આત્મા. આમ જ્ઞાનસ્વરૂપ જે ત્રિકાળી ભગવાન એને પુણ્ય અને પાપના રાગથી ભિન્ન પાડી અને સ્વભાવ સન્મુખ થઈ અને જ્ઞાન એટલે આત્મા **'પોતાના સ્વરૂપનું અનુભવશીલ થયું.'** પોતાની પરિણતિ છે એ જે શુદ્ધ સ્વભાવ છે એવું એનું પરિણમન થયું. આહાહા! એનું નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપઆચરણ ચારિત્ર. આહાહા! સમજાણું કાંઈ?

**'કેવું થતું થકું જ્ઞાન (ચિદ્રૂપ શક્તિ) પ્રગટ થયું?'** આહાહા! આનંદનો નાથ પ્રભુ જ્ઞાનસાગર, પર્યાયમાં અવસ્થામાં એનું પરિણમન થયું. એ સ્વભાવ છે તેનું પરિણમન થયું. અનાદિ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વભાવ છે એનાથી વિરુદ્ધ. પુણ્ય અને પાપ એટલે વિભાવભાવનું પરિણમન હતું એ મિથ્યાભ્રાંતિનું પરિણમન છે. આહાહા! સમ્યગ્દર્શનમાં એ પુણ્ય-પાપનું પરિણમન દૂર થઈ ગયું. ચૈતન્યના સ્વભાવનું પરિણમન થયું. આહાહા! કહો, સમજાય છે કાંઈ? આ શું કહે છે? આ શરીર-બરીર તો ધૂળ ક્યાંય રહી ગઈ. પણ અંદરમાં થતાં પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, રાગાદિ ભાવ એ આત્માનું સ્વરૂપ નથી. એથી એનાથી ભિન્ન પડી અને ચૈતન્ય સ્વરૂપ છે તેનો સત્કાર, સ્વીકાર થઈને જે રાગનું, પુણ્યનું પરિણમન હતું તેના સ્થાનમાં શુદ્ધ સ્વભાવનું પરિણમન થયું. પંડિતજી! આવી વાતું છે. આહાહા!

શી રીતે? કેમ પ્રગટ થયું? આહાહા! ‘‘**परपरिणतिम् उज्झत्**’ ( **परपरिणतिम्** )’ એટલે કે પુણ્ય અને પાપના ભાવ એ પરપરિણતિ છે. એ સ્વ નહિ, એ આત્માની દશા નહિ. એ પરપરિણતિ, પુણ્ય અને પાપના ભાવ જે વિભાવભાવ.. અહીં એમ કીધું કે, ‘**જીવ-કર્મની એકત્વબુદ્ધિને છોડતું...**’ મૂળ ત્યાં ‘જયચંદ્ર પંડિતે’ એમ કહ્યું કે પરપરિણતિ એટલે વિભાવને છોડતું. અહીં એમ કહ્યું કે વિભાવ અને આત્મા એકબુદ્ધિ તેને છોડતું. સમજાણું કાંઈ? આવો ધર્મ હવે, ભાઈ! ચૈતન્ય સ્વભાવ શુદ્ધ ચૈતન્ય નિત્ય ધ્રુવ એના ઉપર દૃષ્ટિ પડતાં એ ચૈતન્યનું પરિણમન, પર્યાયમાં જે રાગનું વિકારનું પરિણમન હતું, એના સ્થાનમાં એનાથી ભિન્ન પડીને નિર્વિકારી પરિણમન થયું. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું નિર્વિકારી પરિણમન. એનું નામ આત્માની પર્યાય અને ધર્મ. આહાહા! આવી વાત. સમજાણું કાંઈ? પરપરિણતિ એટલે જીવ અને કર્મ. અથવા કર્મના સંબંધે થયેલા વિકારી ભાવ અને જીવ બેની એકત્વબુદ્ધિને છોડતું. આહાહા! સમજાણું કાંઈ? ‘‘**परपरिणतिम् उज्झत्**’’.

‘**વળી શું કરતું થકું?**’ ‘**भेदवादान्**’ આહાહા! એ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એવા ત્રણ ભેદનો ભેદ છે તેને છોડતું. આહાહા! એક વાત તો એ કે ચૈતન્યસ્વરૂપ ભગવાન, એનું અંદર સ્વભાવનું ભાન થતાં એ સ્વભાવની પરિણતિ એ વિકાર પરિણામને છોડે છે એટલે કે મારામાં છે નહિ. હું તો શુદ્ધ ચૈતન્ય આનંદ છું. આહાહા! આ સમ્યગ્દર્શન. આહાહા! લ્યો, આ સમ્યગ્દર્શન એટલે કાંઈ નહિ. ભગવાનની શ્રદ્ધા કરો, લ્યો વ્રત ને લ્યો પડિમા. આહાહા! બાપુ! સમ્યક્ એટલે સત્ય દર્શન. સમ્યગ્દર્શન ને? સત્યદર્શન. તો સત્યદર્શન એટલે કે ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ ધ્રુવ એ સત્ય છે તેનું દર્શન-પ્રતીતિ થવી તેનું નામ સત્યદર્શન. આહાહા! તે કાળે તેમાં વિકારના પરિણામને તે જ્ઞાનસ્વભાવ પરિણમન છોડતું અને ભેદને છોડતું... આહાહા!

‘**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય...**’ આત્મામાં નવી અવસ્થા ઉત્પન્ન થાય, જૂની અવસ્થા વ્યય થાય અને ધ્રુવપણે કાયમ રહે એવું ત્રણપણું છે એવા ત્રણના ભેદને પણ લક્ષમાંથી છોડ. એક અખંડ આનંદ ઉપર દૃષ્ટિ પડતા. આહાહા! સમજાણું કાંઈ? ‘**भेदवादान्**’ ‘**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અથવા દ્રવ્ય-ગુણ-પર્યાય...**’ આહાહા! વસ્તુ જે ત્રિકાળ છે તે દ્રવ્ય છે અને એમાં જ્ઞાન,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દર્શન અને આનંદ એના ગુણ છે અને વર્તમાન તેની હાલત-દશા તે પર્યાય છે. એવા ત્રણ ભેદને પણ છોડતું. આહાહા! પોતાના અભેદ ઉપર દૃષ્ટિ જાય છે, કહે છે. સમ્યગ્દર્શનની દૃષ્ટિ ભેદ ઉપર નથી એમ કહે છે. 'કેસરીમલજી'! આવું છે. આવી વાતું! આહાહા!

એટલે? કે ચિદ્રૂપ વસ્તુ જે છે તેનો આશ્રય લેતા તે નિર્મળ પરિણમન થાય છે એ પોતે પુણ્ય-પાપના ભાવ વિભાવ છે તેનું એકત્વપણું છોડે છે અથવા તેના લક્ષને છોડે છે, એનો આશ્રય છોડે છે. આહાહા! અને ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એવા ત્રણ ભેદ છે એ ભેદ ઉપર લક્ષ જતા તો રાગ થાય છે. આહાહા! એટલે ચિદ્રૂપ શક્તિ પ્રગટ થતાં એવા ભેદના લક્ષને પણ છોડી દે છે. આહાહા! આવો ધર્મ! ઓલો તો સહેલોસટ હતો. ભગવાનની પૂજા કરવી, મંદિર બનાવી દેવા. આ 'ભભૂતભાઈ'એ નથી બનાવ્યું મોટું? આઠ લાખ નાખ્યા છે. એ ધર્મ હશે? રાગ મંદ કર્યો એ પુણ્ય છે, શુભભાવ છે. બાયડી, છોકરા માટે પૈસા રાખવા એ પાપ છે અને આ પુણ્ય છે.

અહીં તો કહે છે કે ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ, એનો જ્યાં દૃષ્ટિ અને સ્વીકાર થતાં તેની પરિણતિ જે ધ્રુવ શુદ્ધ છે એ રાગને છોડે છે અને ભેદને પણ છોડે છે. એનું લક્ષ હવે ભેદ ઉપર નથી. હવે, સમ્યગ્દષ્ટિનું લક્ષ અભેદ ઉપર છે. આહાહા! આવી વાતું હવે. માર્ગ તો આવો છે, બાપુ! શું થાય? આહાહા! સમજાણું કાંઈ?

**'ભેદવાદાન્'** ગજબ વાત છે ને! **'અથવા 'આત્માને જ્ઞાનગુણ વડે અનુભવે છે,...''** આત્મા પોતાના જ્ઞાન વડે અનુભવે છે. એ પણ એક વિકલ્પ રાગ છે. આહાહા! આત્મા જ્ઞાન વડે–ભેદ પડ્યો ને? આહાહા! ભેદના ત્રણ પ્રકાર લીધા : ઉત્પાદ, વ્યય અને ધ્રુવ, દ્રવ્ય, ગુણ અને પર્યાય. આત્મા એના જ્ઞાનગુણ વડે અનુભવે છે. **'ઇત્યાદિ અનેક વિકલ્પો...'** છે બધા. એ રાગ છે કહે છે. આહાહા! એક વસ્તુ અખંડ વસ્તુ ભગવાનઆત્મા એમાં ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ત્રણ ભેદના વિચાર કરવા એ વિકલ્પ છે. એના દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિચાર કરવો એ વિકલ્પ-રાગ છે. અને આત્મા ગુણ વડે જણાય છે, જ્ઞાન વડે અનુભવે છે એવો ભેદ પણ વિકલ્પ છે. આહાહા! આ તો હજી સમ્યગ્દર્શનની વાત ચાલે છે. આહાહા!

**'ઇત્યાદિ...'** એટલે કે હું શુદ્ધ છું, ધ્રુવ છું એવો પણ એક વિકલ્પ છે એને **'खण्डयत् મૂળથી ઉખાડતું...'** મૂળથી ઉખાડતું. આહાહા! એટલે ભેદને મૂળથી છોડતું. એકલો પ્રભુ ચૈતન્ય ધ્રુવ એવા અભેદ ઉપર દૃષ્ટિ નાખતો ભેદના વિકલ્પે છોડે છે. આહાહા! આ બાયડી છોડે, છોકરા છોડે એમ નહિ. એ તો છૂટા પડ્યા છે. અંદર ક્યાં ઘૂસ્યા છે? પકડ્યા છે ક્યાં તે છોડે. આહાહા!

મુમુક્ષુ :– એ તો જુદા જ છે.

ઉત્તર :– એ તો જુદા જ છે. એનો આત્મામાં ગ્રહણ-ત્યાગ છે જ નહિ. આત્માએ કોઈ દિ' ગ્રહ્યા નથી કે એ છોડે. એ તો ભિન્ન ચીજ છે. પુણ્ય અને પાપના ભાવ તેની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાયમાં ગ્રહેલા છે. અને સ્વભાવને તેણે અનાદિથી છોડ્યો છે. આહાહા!

હવે કહે છે કે ચૈતન્યસ્વરૂપ જે ભગવાનઆત્મા નિત્યાનંદ પ્રભુ! એને પકડતો, અભેદ ઉપર દૃષ્ટિ આપતો અને ભેદના વિકલ્પને છોડતો. આહાહા! **'खण्डयत्'** ખંડી નાખે છે, તોડી નાખે છે. મૂળથી ઉખેડી નાખે છે. મૂળથી એટલે? આ ગાય ઘાસ ખાય ને? એ ઉપર ઉપરથી ખાય. એને ગોચર કહે, ગોચર. મૂળીયું ન ઉખાડે. અને ગધેડા હોય એ ખાય તો મૂળીયું ઉખાડે. પાછળ એનું મૂળ પણ ન રહે. એ ગધેડા છે અને આ જ્ઞાની પંડિત છે. આહાહા! એ પુણ્ય-પાપના મૂળીયા તોડી નાખે, કહે છે. આહાહા! હવે આવો ઉપદેશ પણ ન હોય ત્યાં આ કરો.. આ કરો.. આ કરો.. પ્રવૃત્તિની વાત. હવે એને..

હમણા ચર્ચા ચાલી છે, ભાઈ! 'મખનલાલજી' છે ને? 'મખનલાલજી' પંડિત. એણે પત્રોમાં એમ લખ્યું હતું કે શુભભાવને હેય માને તો મિથ્યાદૃષ્ટિ છે. શુભભાવ જે આ દયા, દાન છે તેને હેય માને તે મિથ્યાદૃષ્ટિ છે. ત્યારે 'કૈલાશચંદજી'એ જવાબ આપ્યો. 'કૈલાશચંદજી' છે ને? 'કુંદકુંદાચાર્ય' પણ અશુભભાવને હેય માને છે તો એ 'કુંદકુંદાચાર્ય' મિથ્યાદૃષ્ટિ ઠર્યા. એનું પાછું લખાણ હમણા આવ્યું હતું. ચેલેન્જ કરીએ છીએ. ચેલેન્જ આપું છું, 'કૈલાશચંદજી' કહે. શુભભાવ એ મોક્ષનો માર્ગ છે. આહાહા! કહો, ગજબ વાત છે! આહાહા! પણ અહીં કહે છે કે એ ભાવ છે તેને તો છોડે છે. સમ્યગ્દૃષ્ટિ દૃષ્ટિને અભેદમાં લક્ષમાં લેતા ભેદને છોડે છે પછી રાગને છોડે એનો તો પ્રશ્ન ક્યાં? આહાહા! ઝીણી વાત, બાપુ! જનમ-મરણના...

જુઓને આ જુવાન માણસ અહીં બેસતો, લ્યો! હવે મરી ગયો, લ્યો! શું થયું હશે કોણ જાણે? અહીં બેસતો હતો. બપોરે બેસે. પાંત્રીસ વર્ષની જુવાન અવસ્થા હતી. એકાદ-બે ઓછા-વત્તા હશે. રાત્રે બારણા બંધ કરીને... મડદું.. આહાહા! એવું છે. હમણા ત્યાં 'અમેરિકા'માં આપણો કાઠિયાવાડી છોકરો મરી ગયો ને? છવ્વીશ વર્ષનો હતો. અને 'અમેરિકા'માં બધામાં પાસ થઈને નેવું ટકાએ પાસ. એનો મોટો ભાઈ ત્યાં એટલામાં હશે. એની પાસે જાવું હતું અને પછી દેશમાં આવવું હતું. લોકો કહે અમે તમને ન જવા દઈએ. અમે તમને માન આપશું. તમે 'અમેરિકા'માં નેવું ટકાએ પાસ! વાણિયા અને કાઠિયાવાડી. લોકો કહે અમે તમને માન-સન્માન આપીશું. રાત્રે અગિયાર વાગ્યા સુધી ખૂબ માન-સન્માન આપ્યું. અને સવારે જાવું હતું એટલે પોટલા તૈયાર કર્યા. એ સૂતો એ સૂતો સવારે જોવે ત્યાં મરી ગયો. આપણા 'જલગાંવ'ના 'વજુભાઈ'ની બેનનો દીકરો. 'જલગાંવ' 'વજુભાઈ'ની બેનનો દીકરો. 'અમેરિકા'માં કેટલા નંબરે પાસ! કેટલા લાખો માણસોમાં નેવું ટકાએ પાસ. એટલે એના ભાઈને મળીને દેશમાં પરણવા આવવું. પોટલા બાંધીને તૈયાર કરેલા. બધા માન-સન્માન (અપાઈ ગયા પછી) સૂતો અગિયાર વાગે. સવારમાં જોવે તો કાંઈ નહિ. શું થયું? હાર્ટ ફેઈલ થઈ ગયું. દેહની સ્થિતિ પૂરી થયે એમાં કોઈ એને રાખી શકે (નહિ). આહાહા! ઇન્દ્રનો આત્મા પણ એને આવીને રાખે? આહાહા! એનું પોતાનું શરીર રાખી શકે નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુદત પૂરી થઈ તો ફડાક છૂટી જશે. ચોર્યાસી હજાર દેવ શરીરની સેવા કરે. ઇન્દ્રને ચોર્યાસી હજાર આમ, ચોર્યાસી હજાર આમ ચાર બાજુ. એના અંગરક્ષક હોય. ચાર ચોર્યાસી હજાર તો અંગરક્ષક! આહાહા! એ જ્યારે દેહ છૂટે ત્યારે અંગરક્ષક પણ આમ મોઢું ફાડીને ઊભા હોય છે. ઇન્દ્ર દેવ ગયા. શરીર પડ્યું રહે. આહાહા! એવો દેહ અને આત્માનો સ્વભાવ તદ્દન ભિન્ન, તદ્દન ભિન્ન, કાંઈ લેવા-દેવા ન મળે. આહાહા!

ખરેખર તો આ રજકણો છે. અહીંયાં પરમ દિ' વીંછી નીકળ્યો હતો. અહીં તો પહેલા બહુ નીકળતા હતા. આ જંગલ હતું ને? હવે તો ઓછા થઈ ગયા. એ વીંછીના જે ડંખના રજકણો છે ને? એ રજકણો અત્યારે આ રૂપે આવ્યા છે. પહેલા રજકણો વીંછીના ડંખપણે થયા હતા. એ રજકણો અહીંયાં આવ્યા છે. હવે આ મારા. વીંછીના ડંખથી ભાગે.

અહીંયાં તો શરીરને તો હેય કહ્યું, એ તો ભિન્ન જ છે પણ અંદરમાં પુરુષાર્થની નબળાઈને લઈને થતાં પુણ્ય અને પાપના ભાવ, ધર્મી જીવ સમ્યગ્દષ્ટિ ચૈતન્યના શુદ્ધ સ્વભાવને ગ્રહણ કરતો, પરિણમતો એ રાગના પુણ્યભાવને પણ સ્વભાવમાં ઊભો રહીને તોડે છે. આહાહા! એટલે કે એનો સ્વામી થતો નથી. આહાહા! એ પુણ્યના ભાવ આવે ખરા. પણ એનો એ સ્વામી થતો નથી. આહાહા! સ્વામી તો સ્વદ્રવ્ય ગુણ પર્યાય શુદ્ધ ચૈતન્ય, એ દ્રવ્ય-ગુણ-પર્યાયનો એ સ્વામી છે. દૃષ્ટિ ત્રણ ઉપર નહિ પણ સ્વામી ત્રણનો. દૃષ્ટિ એક અભેદ ઉપર. આહાહા! આવી વાતું છે. અરે..! જન્મ મરણથી છૂટીને જાવું, બાપુ! આહાહા! એ ભવના અંતની રીત જ કોઈ અલૌકિક હોય ને, ભાઈ! આહાહા! ચોર્યાસીના અવતાર કરી કરીને... આહાહા!

અહીં મોટા શેઠિયા અબજોપતિ અને કરોડોપતિ હોય અને જ્યાં દેહ છૂટે તે મરીને ઢોરમાં જાય. ધર્મ કર્યો ન હોય. તેમ જ સત્સમાગમ, શાસ્ત્ર વાંચન આદિમાં રોજ બે-ચાર કલાક જાય એવા પુણ્ય પણ કર્યા ન હોય. એ પુણ્ય છે. આહાહા! ત્યાં જઈને બકરીની કૂંખે ને ગધેડીને કૂંખે અવતરે. આ દશા સંસારની છે. કહે છે કે એ સંસારનો અંત લાવવાની આ રીત છે. ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ, અભેદ વસ્તુ જેમાં ભેદ પણ નથી એ ઉપર દૃષ્ટિ આપતા એનું પરિણમન શુદ્ધ અને આનંદનું થાય એમાં એને ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ઉપર પણ લક્ષ નથી. આહાહા! દૃષ્ટિ તો અભેદ ઉપર છે. સમજાણું કાંઈ?

**'( खण्डयत् ) મૂળથી ઉખાડતું થકું.'** જોયું ને? રાગની ઉત્પત્તિ છે એને મૂળથી તોડી નાખતું. આહાહા! આનંદની ઉત્પત્તિ કરતો રાગની ઉત્પત્તિને મૂળથી તોડે છે. આહાહા! ઉપદેશ ને વાક્ય તો એમ જ હોય ને! આમ થાય ત્યારે ઓલું ઉત્પન્ન થતું નથી, એને તોડી નાખે છે એમ કહેવામાં આવે છે. આહાહા!

**'વળી કેવું છે?'** આત્મા અખંડ છે. જ્ઞાનસ્વરૂપ એટલે આત્મ સ્વરૂપથી પૂર્ણ છે. આહાહા! છે ને? અખંડ છે, પૂર્ણ છે. ત્રિકાળી વસ્તુ નિત્યાનંદ પૂર્ણ વસ્તુ છે. **'વળી કેવું છે? 'उच्चै:**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**उच्चण्डम्' ( उच्चैः ) અતિશયરૂપ પ્રચંડ છે...'** આહાહા! પ્રગટ દશા થઈ છે એ પણ આવી છે, કહે છે. આહાહા! શુદ્ધ ચૈતન્ય... આહાહા! શરીરની સુંદરતા, કૃશ અને વૃદ્ધ, પુષ્ટ. કૃશ અને પુષ્ટ એ બધી જડની માટીની દશા છે. આહાહા! જ્યાં પુણ્ય-પાપ પણ જેની દશા નથી ત્યાં વળી આ ક્યાં? આહાહા! જુવાન અવસ્થા ને શરીરની સુંદરતા ને... આહા..! હાથી જેવું આમ હોય. અરે..! પણ એ તો માટી છે ને, પ્રભુ! એ તો અજીવ, જડ, ધૂળ છે. પૈસા એ ધૂળ હશે ને?

મુમુક્ષુ :- આપની દૃષ્ટિમાં ધૂળ, અમારી દૃષ્ટિમાં...

ઉત્તર :- એ તો મારી માને એ જુદી વસ્તુ છે. પણ છે તો ધૂળ. આહાહા!

અહીં તો કહે છે કે સમ્યગ્દૃષ્ટિ એ વસ્તુ મારી છે એમ તો માનતો નથી. હો. ચક્રવર્તીનું રાજ હોય. સમ્યગ્દૃષ્ટિ હોય, ચક્રવર્તીનું રાજ હોય છતાં એ મારું છે એમ માનતો નથી. આહાહા! અને અંદરમાં પુણ્ય-પાપનો રાગ થાય એને એ પોતાનો માનતો નથી. છોડવાલાયક છે એમ જાણીને જાણનાર રહે છે. આહાહા! કેમકે એનું સ્વરૂપ જ જ્ઞાન છે, આનંદ છે. એટલે એ પોતે એને છોડીને જ્ઞાનમાં રહે છે. અને જ્ઞાન એને પરજ્ઞેય તરીકે જાણે. પણ ધર્મી રાગને પોતાનો માનીને સેવે, કરે એ છે નહિ. આહાહા!

**'પ્રચંડ છે અર્થાત્ કોઈ વર્જનશીલ નથી.'** એટલે શું? કોઈ એને પાછું પાડે... આહાહા! શુદ્ધ ચૈતન્યઘનનો જ્યાં અનુભવ થયો, સમ્યગ્દર્શન થયું, એને કોઈ પાડી શકે, હેઠે ઉતારી દે (એવી) તાકાત કોઈની નથી. કર્મનો એવો ઉદય આવે તો એને સમ્યક્‌માંથી પાડે? કે ના, ના. આહાહા! સમજાણું કાંઈ? આવી વાતું છે. **'પ્રચંડ છે...'** આહાહા! **'કોઈ વર્જનશીલ...'** એને વારી શકે, ટાળી શકે એવો કોઈનો સ્વભાવ નથી.

**''ननु इह कर्तृकर्मप्रवृत्तेः कथम् अवकाशः' ( ननु ) અહો શિષ્ય!'** આચાર્ય મહારાજ કહે છે, **'અહો શિષ્ય! અહીં શુદ્ધજ્ઞાન પ્રગટ થતાં...'** આહાહા! ભગવાનઆત્મા શુદ્ધપણે પરિણમન કરતાં... આહાહા! શુદ્ધ ધ્રુવ સ્વરૂપ છે એમાં પર્યાયમાં શુદ્ધપણે પરિણમતા એ ધર્મી. આહાહા! **'શુદ્ધજ્ઞાન પ્રગટ થતાં...'** છે ને? **''જીવ કર્તા અને જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડ કર્મ' એવો વિપરીતપણે બુદ્ધિનો વ્યવહાર તેનો અવસર કેવો?'** આહાહા! આ એક જ કર્મ લીધું બાકી ભાવકર્મ, દ્રવ્યકર્મ બેય લેવા. ઓલું જડ કર્મ તો બહાર રહી ગયું. ખરેખર તો કહે છે કે જ્યાં ભગવાનઆત્મા શુદ્ધ જ્ઞાનપણે પ્રગટ્યો, ધર્મ-સમકિત થયું... આહાહા! એને જીવ કર્તા અને વિકારી પરિણામ એનું કાર્ય, એવો વિપરીતબુદ્ધિનો વ્યવહાર, એવી વિપરીત બુદ્ધિ... આહાહા! **'તેનો અવસર કેવો?'** વિપરીત બુદ્ધિનો અવસર કેવો ત્યાં? સમજાણું કાંઈ? અહીંયાં તો કહે છે કે જ્યાં સમ્યગ્દર્શન થયું, શુદ્ધ ચૈતન્ય આનંદઘનનું ભાન અને પ્રતીતિ થઈ એનું પરિણમન અનુભવશીલ સ્વભાવ ને અનુભવશીલ સ્વભાવ થયો એ જીવને હવે રાગ મારો અને રાગનું કર્તવ્ય મારું, એનો અવસર ક્યાં છે એ તો વિપરીત બુદ્ધિનું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રાગ મારો અને રાગનું કર્તવ્ય મારું એ તો વિપરીત બુદ્ધિવાળાનું કામ છે. એ વિપરીત બુદ્ધિને અહીં અવકાશ ક્યાં છે? આહાહા! છે?

**'એવી વિપરીતપણે બુદ્ધિનો વ્યવહાર...'** આહાહા! સ્ત્રી, કુટુંબ મારા એ તો ત્યાં છે જ નહિ પણ અહીંયાં અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ આવે તો કહે છે.. શું કીધું? કે જીવ આત્મા કર્તા અને વિકારી પરિણામ મારું કાર્ય, એવો જે વિપરીતબુદ્ધિનો વ્યવહાર એ સમ્યગ્દર્શનમાં ક્યાં છે હવે? આહાહા! ભાષા તો સાદી છે. ભાવ તો જે છે એ છે. આવો માર્ગ? આહાહા! એને હજી સાંભળવા મળે નહિ એ બિચારા શું કરે? આહાહા! અરે..રે..! ચોર્યાસીના અવતાર કરતાં કરતાં ગધેડાની જેમ બધા અવતાર કર્યા છે. એ અવતારનું કારણ જે મિથ્યાત્વભાવ... આહાહા! એ મિથ્યાત્વભાવને જેણે સ્વરૂપની દૃષ્ટિ કરીને છેદ્યો, નાશ કર્યો છે. આહાહા! ભવના કારણરૂપ ભાવ એને ભવના અભાવસ્વભાવરૂપ આત્માનું પરિણમન કર્યું... આહાહા! કેમકે આત્મામાં ભવ અને ભવનો ભાવ નથી. એવા ચૈતન્યસ્વભાવનું જ્યાં પરિણમન થયું એમાં એ ભવ અને ભવનો ભાવ નથી. આહાહા! આવું છે.

આ ત્રણ દિ' પહેલા જુઓને અહીં ખટારામાં ત્રણ મરી ગયા. અહીં ખટારા નીચે (ત્રણ મરી ગયા). ખાતર છે ને ઓલા વિલાયતી ખાતર આવે છે ને? એ ખટારો લઈને જાતા હશે. ઉપર ત્રણ બેઠા હશે. એક જૈન આદમી હતો અને એક જૈન બીજાની દીકરી હતી અને એક રબારી હતો. એક આમ ગાય આવી. એમાં જરી બિચારો... શું કહેવાય? ડ્રાઈવર. તો ગાયને ઓલું કરવા (બચાવવા) ગયો ત્યાં ખટારો ઊંધો પડી ગયો તો ત્રણે ત્યાં ને ત્યાં માથે કચરાય ગયા. આહાહા! આ સ્થિતિ. કઈ હોંશમાં જાતા હશે બિચારા? દેહ છૂટીને બીજે ચાલ્યા ગયા. એ દેહમાં દેહને લઈને ક્યાં હતો? પોતાની પર્યાયની યોગ્યતાને લઈને હતો. એટલી યોગ્યતા છૂટી ગઈ એટલે નીકળી ગયો. બીજે દેહે. આહાહા!

અહીં કહે છે કે પણ ધર્મીજીવ જ્યાં આત્મા નિત્યાનંદ પ્રભુ અભેદની દૃષ્ટિ કરીને જેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે, એવો ધર્મીજીવ એને પુણ્ય અને પાપના ભાવ, એનો હું કર્તા અને આ મારું કાર્ય એવી વિપરીત બુદ્ધિનો વ્યવહારનો ત્યાં અવસર ક્યાં છે? કહે છે. આહાહા! કહો, 'સુરેન્દ્રભાઈ'! આવી વાતું છે. આહાહા! શું કીધું એ? ટીકા પણ કેવી છે!

**''જીવ કર્તા અને જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડ કર્મ...''** એ મારું કાર્ય અથવા રાગ, પુણ્ય, પાપના ભાવ એ મારું કાર્ય, **'એવો વિપરીતપણે બુદ્ધિનો વ્યવહાર તેનો અવસર કેવો?'** આહાહા! એ ટાણા ગયા, કહે છે. વિપરીત બુદ્ધિથી જે જીવ કર્તા અને પુણ્ય-પાપ મારું કાર્ય એ વ્યવહારરત્નત્રયનો રાગ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ એ રાગ. એ હું જીવ કર્તા અને એ મારું કર્તવ્ય એ વિપરીત બુદ્ધિનો ભાવ એ તો અત્યારે રહ્યો નથી. આહાહા! આવું છે. કેમકે જ્યાં સમ્યગ્દર્શન સ્વરૂપની દૃષ્ટિ સમ્યક્ થઈ, સત્ય થઈ હવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એને જીવ કર્તા અને દયા, દાન, વ્રત, પૂજાના ભાવ મારું કર્મ, કાર્ય એવી વિપરીત બુદ્ધિને અવસર ક્યાં છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? એને ઠેકાણે આ બહારના બધા આ કર્યા.. આ કર્યા... આ કર્યા.. એ તો બહાર કાલે બહુ આવ્યું હતું. માર્ગ, બાપુ! વીતરાગ પરમેશ્વર જિનેશ્વરના મારગડા જુદા, ભાઈ! ક્યાંય દુનિયા સાથે મેળ ખાય એવો નથી. આહાહા! ભાષા કેવી કરી છે?

**'कर्तृकर्मप्रवृत्तेः'** એટલે આત્મા કર્તા અને વિકારી પરિણામ ને કર્મ જડ. એ જડ તો બહારના નિમિત્તથી વાત લીધી છે. એ જડને આત્મા અડે છે ક્યાં? આને તો પુણ્ય-પાપના ભાવને તો પર્યાયમાં અડ્યો છે, સ્પર્શ્યો છે. સમજાણું કાંઈ? વિપરીત બુદ્ધિથી સ્પર્શ્યો છે. પણ હવે કહે છે કે સમ્યગ્દર્શન થયું... આહાહા! અવિપરીત જ્ઞાન થયું હવે, વિપરીત ગયું. આહાહા! ચિદાનંદ ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ! એ આનંદની ખાણનો જ્યાં સ્વામી થયો ત્યારે જીવ કર્તા અને પુણ્ય પરિણામ મારું કર્મ, એ વિપરીત બુદ્ધિનો કાળ હવે ક્યાં છે? એ અવસર ક્યાં છે હવે? જુઓ તો ખરા. એ બધા ટાણા ગયા, કહે છે. વિપરીત બુદ્ધિમાં એ પુણ્યના પરિણામ મારું કર્તવ્ય અને હું કર્તા એને અવસર હતો. આહાહા! સમ્યગ્દર્શનમાં સમ્યક્ બુદ્ધિ જ્યાં થઈ ત્યાં રાગ મારું કર્તવ્ય અને હું કર્તા એવી વિપરીત બુદ્ધિનું ટાણું નથી હવે, ભાઈ! એ અવસર ગયા. આહાહા! કહો, સમજાય છે કે નહિ? ભગવાનનો આવો માર્ગ છે. સાધારણ વેવલાની જેમ સમજાય એવું નથી આ. આ તો પ્રભુનો રાજમાર્ગ, સિંહમાર્ગ છે. આહાહા! **'એવો વિપરીતપણે બુદ્ધિનો વ્યવહાર તેનો कथम् अवकाशः'** ત્યાં અવકાશ ક્યાં છે, કહે છે. આહાહા! એનો અર્થ લીધો છે **'અવસર કેવો?'**

**'ભાવાર્થ આમ છે કે જેમ સૂર્યનો પ્રકાશ થતાં અંધકારનો અવસર નથી...'** આહાહા! સૂર્યનો પ્રકાશ થતાં અંધકારને અવસર નથી. આહાહા! **'તેમ શુદ્ધસ્વરૂપ અનુભવ થતાં...'** આહાહા! શુદ્ધ સ્વરૂપનું પ્રગટપણું થતાં, સમ્યગ્દર્શન, જ્ઞાનમાં શુદ્ધ સ્વરૂપનું ભાન થતાં. આહાહા! શુદ્ધનો અનુભવ થતાં **'વિપરીતરૂપ મિથ્યાત્વબુદ્ધિનો પ્રવેશ નથી.'** આહાહા! જેમ સૂર્યના પ્રકાશમાં અંધકાર નથી. એમ સૂર્ય ચૈતન્ય ભગવાન સમ્યગ્દર્શન-જ્ઞાનમાં જણાયો અને પ્રકાશનું પરિણમન થયું એ પ્રકાશમાં રાગ મારો અને (એનું) કર્તવ્ય હું એ વિપરીત બુદ્ધિ ક્યાં છે? એ તો અંધકાર છે. સૂર્યના પ્રકાશમાં અંધકાર ન હોય. એમ ચૈતન્યના પ્રકાશમાં રાગ મારું કર્તવ્ય એવું અજ્ઞાન ક્યાં છે ત્યાં હવે? અંધકાર ક્યાં છે ત્યાં હવે? હવે અહીં તો અત્યારે એવી પ્રરૂપણા ચાલે. દયા કરો, દાન કરો, વ્રત કરો, ભક્તિ કરો, પૂજા કરો. કરતા કરતા તમારે ધર્મ થાશે. ત્યાં શેઠિયાઓ એમાં ખુશી થાય કે ઠીક ચાલો, આટલાથી પતતું હોય તો. આહાહા! માર્ગ બાપુ આવા છે, ભાઈ! આહાહા!

જુઓ તો! દાખલો કેવો આપ્યો છે! ઓલામાં આપ્યો કે વિપરીત બુદ્ધિનો અવસર નથી. કોની પેઠે? કે સૂર્યના પ્રકાશમાં અંધકાર ક્યાં છે? આહાહા! એમ ભગવાન ચૈતન્યસ્વરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ પર્યાયમાં–સમ્યગ્દર્શન-જ્ઞાનમાં પ્રકાશ આવ્યો, હવે એને વિપરીત બુદ્ધિ કે રાગ-કર્તવ્ય મારું અને રાગ મારું કાર્ય... આહાહા! એ મિથ્યાબુદ્ધિનો પ્રવેશ નથી. સૂર્યના પ્રકાશમાં અંધકારનો અભાવ છે. આહાહા! એમ ચૈતન્ય ભગવાન સમ્યગ્દર્શનમાં પ્રકાશરૂપે આવ્યો, હવે એને રાગ મારો અને રાગનું કર્તવ્ય મારું એવું અજ્ઞાનનું વિપરીતપણાનો પ્રવેશ ક્યાં છે? ચૈતન્યના પ્રકાશમાં અંધકારનો પ્રવેશ, રાગનો પ્રવેશ ક્યાં છે? આહાહા!

અહીં તો હજી પરદ્રવ્યને ન કરે તો એ દિગંબર પરદ્રવ્યને ન કરે એમ માને તો દિગંબર નથી. આવી પ્રરૂપણા ચાલે છે. અહીં કહે છે કે રાગ મારો એમ કરે તો એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! એક એક શ્લોક તો જુઓ! એક એક શ્લોકમાં સંતોની વાણી છે આ તો. દિગંબર સંતો, વીતરાગી મુનિઓ... આહાહા! જે વીતરાગી ઝુલામાં ઝુલતા હતા. 'અમૃતચંદ્રાચાર્ય' આહાહા!

અરે..! પ્રભુ! તું જ્યાં જાગ્યો અંદર, જાગૃત થયો જ્યાં.. આહાહા! ત્યાં તો જ્ઞાન અને આનંદ તે હું છું. એવો જ્યાં પ્રકાશ આવ્યો, હવે એમાં રાગનો કર્તા હું અને રાગ મારું કાર્ય એવી મિથ્યાબુદ્ધિનો પ્રવેશ પ્રકાશમાં ક્યાં છે? આહાહા! સમજાણું કાંઈ? અહીં તો ગળા સુધી ઘૂસી ગયો હોય. આ મારું કરીએ, આ અમે કરીએ અને આ કરીએ. પુણ્યના પરિણામ અમે કર્યા, અમે દયા પાળી, વ્રત પાળ્યા, ભક્તિ કરી. એ રાગનો કર્તા થઈને માને એ તો મિથ્યાબુદ્ધિ છે, કહે છે. આવી ગજબ વાતું છે.

મુમુક્ષુ :– પરમ સત્ય છે.

ઉત્તર :– આવું પરમ સત્ય જ એ છે. સત્ય સૂર્ય જ્યાં પ્રગટ્યો... આહાહા! તે રાગ અને પુણ્ય તો એ સત્યની અપેક્ષાએ અસત્ પર છે. એ પર મારા એવી વિપરીત બુદ્ધિનો અંદર પ્રવેશ ક્યાં છે પ્રકાશમાં? જેમ સૂર્યના પ્રકાશમાં અંધકાર ક્યાં છે અંદર? આહાહા! ઝીણી વાત, બાપુ! આહાહા!

**'અહીં કોઈ પ્રશ્ન કરે છે કે શુદ્ધજ્ઞાનનો અનુભવ થતાં માત્ર વિપરીત બુદ્ધિ મટે છે કે કર્મબંધ મટે છે?'** પ્રશ્ન થયો. તમે તો એમ કહ્યું કે સમ્યગ્દર્શન થતાં, સમ્યગ્જ્ઞાન થતાં એને રાગ મારો એ કર્તાબુદ્ધિ જાય છે, વિપરીતબુદ્ધિ જાય છે. કર્તાબુદ્ધિ એટલે વિપરીત બુદ્ધિ. આહાહા! હવે અહીંયાં વ્યવહારરત્નત્રય છે એ શુભરાગ છે. એ મારું કર્તવ્ય છે એ વિપરીત બુદ્ધિ છે. આહાહા! અરે..! મધ્યસ્થથી વાંચન પણ કરે નહિ. શું ચીજ છે એ પણ (જાણે નહિ) ને એમ ને એમ બફમમાં બફમમાં જિંદગી ચાલી જાય છે.

અહીંયાં કહે છે કે આત્માનું જ્ઞાન થતાં વિપરીત બુદ્ધિ ટળે છે. એ તો ઠીક. પણ કર્મબંધન મટે છે કે નહિ? એમ (ને એમ) કહો ને. છે? **'વિપરીત બુદ્ધિ મટે છે કે કર્મબંધ મટે છે?'** આહાહા!

**'ઉત્તર એમ છે કે વિપરીત બુદ્ધિ મટે છે, કર્મબંધ પણ મટે છે.'** એ બંધન જે અલ્પ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રાગ છે એ એનો નહિ. એ તો જ્ઞાનધારામાં છે. એ કર્મધારા ભિન્ન છે. સમજાણું કાંઈ? **'કર્મ બંધ પણ મટે છે. 'इह पौद्गलः कर्मबन्धः वा कथं भवति' વિપરીત બુદ્ધિ મટતાં પુદ્ગલસંબંધી છે જે દ્રવ્યપિંડ જ્ઞાનાવરણાદિ કર્મોનું આગમન તે પણ કેમ થઈ શકે?'** એટલી વાત છે. અહીં સમ્યગ્દર્શનમાં બંધનો જ અભાવ લેવો છે. કેમકે બંધના ભાવનો એ કર્તા નથી. તેથી તે બંધના ભાવથી બંધ થાય એ એની ચીજ નથી. આહાહા! એ તો જ્ઞાતા-દૃષ્ટાના... 'કરે કરમ સોહી કર તારા.' જે રાગને કરે તે કર્તા મિથ્યાદૃષ્ટિ છે. 'જો જાણે સો જાણનહારા.' રાગ થાય એને પોતામાં રહીને જાણે કે છે એટલું. કર્તા મારું નહિ. અને કર્તા નહિ તેથી તેને વિપરીત બુદ્ધિ તો ટળી છે અને તેથી તેનું બંધન થતું એ પણ ગયું છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

(શાર્દૂલવિક્રીડિત)

इत्येवं विरचय्य सम्प्रति परद्रव्यान्निवृत्तिं परां
स्वं विज्ञानघनस्वभावमभयादास्तिध्नुवानः परम्।।
अज्ञानोत्थितकर्तृकर्मकलनात् क्लेशान्निवृत्तः स्वयं
ज्ञानीभूत इतश्चकास्ति जगतः साक्षी पुराणः पुमान्।।३-४८।।

**ખંડાન્વય સહિત અર્થ :– 'पुमान् स्वयं ज्ञानीभूतः इतः जगतः साक्षी चकास्ति' ( पुमान् ) જીવદ્રવ્ય ( स्वयं ज्ञानीभूतः ) પોતાની મેળે પોતાના શુદ્ધ સ્વરૂપના અનુભવનમાં સમર્થ થયું થકું, ( इतः ) અહીંથી શરૂ કરીને, ( जगतः साक्षी ) સકળ દ્રવ્યસ્વરૂપનું જાણનશીલ થઈને ( चकास्ति ) શોભે છે. ભાવાર્થ આમ છે કે જ્યારે જીવને શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય છે ત્યારે સકળ પરદ્રવ્યરૂપ દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ વિષે ઉદાસીનપણું થાય છે. કેવું છે જીવદ્રવ્ય? 'पुराणः' દ્રવ્યની અપેક્ષાએ અનાદિનિધન છે. વળી કેવું છે? 'क्लेशात् निवृत्तः' ( क्लेशात् ) ક્લેશથી અર્થાત્ દુઃખથી ( निवृत्तः ) રહિત છે. કેવો છે ક્લેશ? 'अज्ञानोत्थितकर्तृकर्मकलनात्' ( अज्ञान ) જીવ-કર્મના એકસંસ્કારરૂપ જૂઠા અનુભવથી (उत्थित ) નીપજી છે ( कर्तृकर्मकलनात् ) 'જીવ કર્તા અને જીવનું કૃત્ય જ્ઞાનાવરણાદિ દ્રવ્યપિંડ' એવી વિપરીત પ્રતીતિ જેને, એવો છે. વળી કેવી છે જીવવસ્તુ? 'इति एवं सम्प्रति परद्रव्यात् परां निवृत्तिं विरचय्य स्वं आस्तिध्नुवानः' ( इति ) આટલા ( एवं ) પૂર્વોક્ત પ્રકારે ( सम्प्रति ) વિદ્યમાન ( परद्रव्यात् ) પરવસ્તુ જે દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ તેનાથી ( निवृत्तिं ) સર્વથા ત્યાગબુદ્ધિ ( परां ) મૂળથી ( विरचय्य ) કરીને ( स्वं ) 'સ્વ'ને અર્થાત્ શુદ્ધ ચિદ્રૂપને ( आस्तिध्नुवानः ) આસ્વાદતી થકી. કેવો છે 'સ્વ'? 'विज्ञानघनस्वभावम्'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



( विज्ञानघन ) શુદ્ધ જ્ઞાનનો સમૂહ છે ( स्वभावम् ) સર્વસ્વ જેનું એવો છે. વળી કેવો છે ‘स्व’? ‘परम्’ સદા શુદ્ધસ્વરૂપ છે. ‘अभयात्’ (જીવવસ્તુ શુદ્ધ ચિદ્રૂપને) સાત ભયથી રહિતપણે આસ્વાદે છે. ૩-૪૮.

---

**શ્રાવણ વદ ૪, બુધવાર તા.૩.૦૮.૧૯૭૭**
**કળશ - ૪૮, પ્રવચન - ૫૭**

‘કળશટીકા’ કર્તા-કર્મ અધિકાર. ૪૮મી ગાથા.

**इत्येवं विरचय्य सम्प्रति परद्रव्यान्निवृत्तिं परां**
**स्वं विज्ञानघनस्वभावमभयादास्तिध्नुवानः परम्।।**
**अज्ञानोत्थितकर्तृकर्मकलनात् क्लेशान्निवृत्तः स्वयं**
**ज्ञानीभूत इतश्चकास्ति जगतः साक्षी पुराणः पुमान्।।३-४८।।**

‘‘**पुमान् स्वयं ज्ञानीभूतः इतः जगतः साक्षी चकास्ति**’’ શું કહે છે? આ જીવદ્રવ્ય જે વસ્તુ છે એ જ્યારે ધર્મ પામે છે ત્યારે શું થાય છે એમ કહે છે. ‘**જીવદ્રવ્ય ( स्वयं ज्ञानीभूतः ) પોતાની મેળે પોતાના શુદ્ધ સ્વરૂપના અનુભવનમાં સમર્થ...**’ આત્મા શુદ્ધ ચૈતન્ય છે એને વ્યવહારના રાગની અપેક્ષા વિના સ્વયં પોતાની મેળે આત્માનો અનુભવ કરે એને ધર્મી અને એને જ્ઞાની કહે છે. આહાહા! એને ધર્મ હોય છે એમ કહે છે. જે સ્વયં પોતાની મેળે એમ કહીને એને રાગની મંદતાની ક્રિયા હતી તો આ સ્વભાવનું ભાન ને સમ્યક્ થયું એમ નથી. આહાહા! આવી વાત! ઘણા વ્રત, તપ, ભક્તિ અને પૂજા એવા શુભભાવ હતા એથી આત્મજ્ઞાન થયું, ધર્મ થયો એમ નથી. આહાહા!

ત્યારે ‘**પોતાની મેળે...**’ સ્વયં પોતાનું શુદ્ધ સ્વરૂપ જે ત્રિકાળી પવિત્ર સ્વરૂપ, પુણ્ય અને પાપના વિકલ્પ એટલે રાગના અભાવસ્વરૂપ અને શુદ્ધનું અસ્તિત્વસ્વરૂપ. પૂર્ણ શુદ્ધ પવિત્ર ભગવાનઆત્મા એના ‘**અનુભવમાં સમર્થ થયું થકું...**’ આહાહા! જે પુણ્ય અને પાપના રાગના ભાવ, એને અનુભવમાં અજ્ઞાનપણે જે અનાદિથી સમર્થ છે એ પોતાની મેળાએ શુદ્ધ સ્વરૂપનો અનુભવ થવાને સમર્થ છે. શું કહે છે? આહાહા!

એ પોતે શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે, પવિત્રતાનો પિંડ પ્રભુ છે. એનું એને ભાન નહોતું ત્યારે તો એના સ્વભાવના અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા પુણ્ય અને પાપના ભાવનો એને અનુભવ હતો. આહાહા! અનાદિ મિથ્યાદૃષ્ટિની ભૂમિકામાં વિકારના ભાવનું એને વેદન અને અનુભવ હતો. અધર્મનો અનુભવ હતો એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાન ચૈતન્યસ્વરૂપ આનંદ (છે). મૃગની ડુટીમાં-નાભીમાં કસ્તુરી છે તેની તેને કિંમત નથી. હરણિયા-મૃગલા. એમ જેના સ્વભાવમાં આનંદ અને પવિત્રતા ભરી છે તેના અજાણ અજ્ઞાનીને તેની કિંમત નથી. આહાહા! આવી વાત છે. એ શુદ્ધ સ્વરૂપના અજ્ઞાનમાં, અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે, એના અજ્ઞાનથી એના ભાન વિના એને દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, પુણ્ય, પાપના ભાવ (થાય છે) એનું એને અનુભવ અને વેદન હતું. આહાહા! હવે કહે છે કે અનુભવ ગુલાંટ ખાય છે. આહાહા! જે સ્વયં **'પોતાની મેળે પોતાના શુદ્ધ સ્વરૂપના અનુભવમાં સમર્થ થયું થકું,...'** આહાહા!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ કીધું ને. રાગથી ભિન્ન કરીને પોતાની મેળે શુદ્ધનો અનુભવ કર્યો. એ તો કહ્યું.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ભાવના એટલે બીજી કઈ? આ. શુદ્ધ સ્વરૂપનો અનુભવ તે ભાવના. 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન.' 'શ્રીમદ્'માં આવે છે. પણ એ ભાવના એટલે શું? આહાહા! એ ભાવ જે શુદ્ધ ચૈતન્ય આનંદઘન, એનો અંતરમાં અનુભવ થવો, એકાગ્ર થવું એ એની ભાવના છે. સમજાણું કાંઈ? માર્ગ બાપુ એવો છે. લોકોએ એને બગાડી માર્યો છે.

આતમ ભાવના-તો આત્મા તો શુદ્ધ સ્વરૂપ, પવિત્ર સ્વરૂપ છે. એની ભાવના. એટલે તેની સન્મુખ થઈને એમાં એકાગ્રતા, વીતરાગી પર્યાયની એકાગ્રતા થવી એ ભાવના છે. વીતરાગી ત્રિકાળી સ્વરૂપ એને વીતરાગી પર્યાયથી એકાગ્ર થવું એનું નામ ભાવના. અરે..રે..! આવી વાતું! શરતું ભારે.

મુમુક્ષુ :- ભાવનાનો અર્થ ...

ઉત્તર :- ભાવની ભાવના. પરમ સ્વભાવભાવ જ્ઞાયકભાવ ધ્રુવસ્વભાવ પરમાત્મસ્વરૂપ પોતાનું-એ ભાવ. એની ભાવના. આહાહા! આ તો અપૂર્વ વાતું છે, બાપુ! અરે..! અનંતકાળ થયો. પુણ્ય-પાપના કર્મચેતનાનું વેદન અને રાગનું વેદન એ કર્મચેતના છે રાગ અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ રાગ છે અને રાગનું વેદન છે એ કર્મચેતના છે. આહાહા! એનો જે અનુભવ છે એ દુ:ખરૂપ છે, એ ઝેરનો અનુભવ છે. આહાહા! અને એ સંસારમાં રખડવાની જડ છે. આહાહા! ત્યારે આત્મા વસ્તુ છે ને? વસ્તુ છે તો એમાં કાંઈ વસેલી, રહેલી શક્તિઓ છે કે નહિ? આહાહા! એમાં અનંત વસેલી, રહેલી શક્તિ છે. શુદ્ધ શક્તિઓનો ભંડાર એ છે. આહાહા! લ્યો! 'ભંડારી'! આ શુદ્ધ શક્તિ, હોં! 'ભંડારી' છે કે નહિ? 'ભંડારી' છે ને? કોઈ કહેતું હતું.

અંદર આનંદનો નાથ પ્રભુ, જ્ઞાનના અનંત અપરિમિત સ્વભાવથી ભરેલો, અતીન્દ્રિય અનાકુળ આનંદની બેહદ શક્તિથી ભરેલો, વીતરાગ સ્વભાવથી ભરેલો ભગવાન... આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એને પોતાના અનુભવ દ્વારા.. આહાહા! એ કહે છે ને, જુઓને! **'પોતાના શુદ્ધ સ્વરૂપના અનુભવમાં સમર્થ થયું થકું,...'** આહાહા! સ્વરૂપ સન્મુખ થઈને અનુભવમાં સમર્થ થયું હવે. આહાહા! એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર છે. આહાહા! માર્ગ તો આ છે. આ ૭૫ ગાથા પછીનું છે ને? ભાઈ! ૭૫નો છે ને? આહાહા! ધર્મી થયો હોય એ કેવો હોય? એનો આ શ્લોક છે. અનાદિની અધર્મની વાતો કરી. ભગવાન આનંદનો કંદ પ્રભુ એકબાજુ રહી ગયો. એને છોડીને પુણ્ય અને પાપના ભાવનો કર્તા થઈને વેદન કર્યું. આહાહા! અજ્ઞાની પણ પરનો કર્તા તો છે નહિ ભલે. માને ભલે. પણ પુણ્ય અને પાપના વિકલ્પો એ વૃત્તિનું ઉત્થાન છે. ચૈતન્યગંજ પ્રભુ એમાં એ વૃત્તિનું ઉત્થાન છે, રાગ છે એ. આહાહા! એ રાગનું કરવું અને રાગનું વેદવું એ કર્મચેતનાનું કરવું અને કર્મચેતનાના ફળનું, હરખ-શોકનું વેદવું, એવું જીવે સ્વરૂપને ભૂલીને અનંતવાર કર્યું. આહાહા! આવો માર્ગ છે. લોકો કહે (છે), એય..! એ તો નિશ્ચય... નિશ્ચય... અરે..! પણ નિશ્ચય એટલે સાચું. વ્યવહાર એટલે આરોપિત-ઉપચારિક કથન. આહાહા! આચાર્યોની શૈલી તો જુઓ! બહુ ટૂંકી. ટૂંકી અને તત્ત્વની મહત્તાને બતાવનારી. આહાહા!

પોતે પોતાથી શુદ્ધ સ્વરૂપના અનુભવમાં સમર્થ થયું. સમર્થ થયું. આહાહા! જ્ઞાન અને આનંદ જેનું–પ્રભુનું-આત્માનું ત્રિકાળી સ્વરૂપ છે તેના પોતાના સ્વરૂપનું અનુભવનશીલ થયું. અનુભવ સમર્થ થયું. આહાહા! અનુભવમાં સમર્થ થયું. આહાહા! રાગથી ભિન્ન પડી, ચાહે તો દયા, દાન, વ્રત, જાત્રા, ભક્તિ, પૂજાનો વિકલ્પ હો પણ એ રાગ છે. આહાહા! અને પ્રભુ આત્મા છે એ તો વીતરાગસ્વરૂપ છે. 'જિન સો હિ આત્મા અન્ય સો હિ કર્મ. યહી વચનસે સમજ લે જિનપ્રવચન કા મર્મ.' આહાહા! કેમ બેસે એને? કોઈ દિ' લક્ષમાં લીધું નથી, જોયું નથી, જાણ્યું નથી. સાંભળવામાં આવો આત્મા છે એવું મળ્યું નથી. આહાહા! એ તો ચૈતન્યરત્ન છે. ચૈતન્યહીરલો એ હીરો જેમ સેંકડો પાસાવાળો હોય છે એમ ચૈતન્ય હીરો અનંત શક્તિરૂપ ગુણથી ભરેલા એના પાસા છે. એવો હીરો છે. પાસા સમજો છો ને? હીરાને પહેલ (પાડે એ).

ભગવાન! વાત તો એવી છે હોં, પ્રભુ! એવો જે પોતાનો સ્વભાવ એને પોતાની મેળાએ... આહાહા! ગુરુથી નહિ, દેવથી નહિ, વાણીથી નહિ, રાગથી નહિ. આવી વાતું છે. આહાહા! છે ને? જુઓને, બાપુ! આવ્યું ને? **'પોતાની મેળે...'** બીજી લીટી. એનો અર્થ આ છે. આહાહા! ભગવાન! તારી મહિમા ઘણી, પ્રભુ! પણ તને તારી મહિમા આવી નથી. આહાહા!

**'પોતાની મેળે...'** આહાહા! જીવદ્રવ્ય **'પોતાના શુદ્ધસ્વરૂપના અનુભવમાં...'** આહાહા! એક દોઢ લીટીમાં તો ગજબ કામ કર્યું છે. જેમાં વાણીની જરૂર નથી, જેમાં વ્યવહાર રત્નત્રયનો જે રાગ એની પણ જેને જરૂર નથી. આહાહા! અત્યારે એ રાડ પાડે છે ને? શુભજોગ તે મોક્ષનો માર્ગ છે. અત્યારે 'મખનલાલજી' બહાર લાવ્યા છે. 'કૈલાશચંદજી'ને ચેલેન્જ આપી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. શુભજોગ મોક્ષનો માર્ગ છે અને તમે કહો છો કે શુભજોગ હેય છે. લ્યો! બે પંડિતને વાંધા. એ અહીંનું નીકળ્યા પછી. નહિતર બધા ઠરી ગયા હતા.

મુમુક્ષુ :– એમ ને એમ ચાલ્યું જાય.

ઉત્તર :– એમ ને એમ ચાલ્યુ જાતું હતું. બાપુ!

શુભજોગ એ તો રાગ છે. રાગનો અનુભવ એ તો વિકારનો અનુભવ, દુઃખનો અનુભવ છે. આહાહા! એનાથી મોક્ષનો માર્ગ હોય? પ્રભુ! શું કરે છે તું આ? શુભજોગ હોય, ધર્મી-જ્ઞાનીને પણ હોય પણ એ જાણે છે કે એ દુઃખરૂપ છે. હું અંદર પૂર્ણ સ્થિર થવાને લાયક હજી નથી એટલે કમજોરીથી મને એ ભાવ આવે પણ છે એ શુભભાવ બંધનું કારણ. આહાહા! ધર્મીને. જેટલું આત્મસ્વરૂપ પોતાની મેળે પરની અપેક્ષા વિના અનુભવે એટલી ધર્મધારા. અને વચમાં પૂર્ણ ન હોય એને રાગાદિ આવે એટલી કર્મધારા. આહાહા! કર્મધારા બંધનું કારણ, ધર્મધારા અબંધનું કારણ. આહાહા! અરે..! આહાહા! આ દેહ છૂટી જશે, બાપુ!

અમારે 'વઢવાણ'માં ગાતા. (સંવત) ૨૦૧૦ની સાલમાં. 'કરી લેને આતમની ઓળખાણ, એક દિન જાવું છે નિર્વાણી.' એક દિન નક્કી જાવું (છે), બાપા! દેહ છૂટી જશે, ભાઈ! 'કરી લેને આતમની ઓળખાણ, એક દિન જાવું છે નિર્વાણી.' નિશ્ચયથી એક દિન દેહ છૂટી જશે, પ્રભુ! તારો દેહ કાંઈ તારી ચીજ નથી. એ તો જડ આવીને ઊભી રહેશે. એ એને કારણે આવી અને એને કારણે ઊભી છે ઇ. તારે કારણે એ આવી નથી. આહાહા! તો પછી આ બધા પૈસાનું શું કરવું? પૈસા એને કારણે આવીને એને કારણે ઊભા છે. તારે કારણે નહિ ને તારામાં નહિ અને તારાથી નહિ. આહાહા!

મુમુક્ષુ :– અમને મળ્યા જ નથી...

ઉત્તર :– મળે. ધૂળ મળ્યા છે એને મળી છે મમતા. આમ બહાર આવ્યા તો કહે, મને મળ્યા. એ મમતા મળી છે. આહાહા!

એ સિવાય દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ પણ રાગ છે. આહાહા! ગજબ વાત! અત્યારે મોટા વાંધા આ ઉઠાવ્યા. 'કૈલાસચંદજી'ને મોટી ચેલેન્જ આપી છે. 'મખનલાલજી'એ પહેલા લખ્યું હતું કે શુભજોગ તે મોક્ષનો માર્ગ છે. પછી 'કૈલાસચંદજી'એ જવાબ આપ્યો. 'કૈલાસચંદજી' પંડિત છે ને? (તેણે) જવાબ આપ્યો કે શુભજોગ તો બંધ અને હેય છે. 'મખનલાલજી' કહે શુભજોગને હેય માને તે મિથ્યાદષ્ટિ છે. 'કૈલાસચંદજી' કહે કે શુભજોગને હેય 'કુંદકુંદાચાર્યે' માન્યો છે તો 'કુંદકુંદાચાર્ય' મિથ્યાદષ્ટિ છે? આવી વાત છે. એલા! પણ આવી ચર્ચા ઊભી ક્યાંથી થઈ હવે? આટલા વર્ષે! આહાહા! એ બધું ચાલતું હતું એમાં ઓઘે ઓઘે. 'કૈલાસચંદજી'ને મોટી ચેલેન્જ આપી છે. 'દિલ્હી' આવો. હું 'મોરેના' થી આવું. આ મોરેનાના હતા બિચારા? આ મરી ગયો એ. એ મોરેનાના હતા. કાલે -પરમ દિ' મરી ગયો ને? અહીં બપોરે બેસતો બિચારો. જુવાન માણસ. બેતાલીસ વર્ષ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થયા હતા. ... આહાહા! લ્યો! શેઠની ઓરડીમાં દેહ છૂટી ગયો. ક્યાંનો જન્મ્યો, ક્યાંનો.. એ ઓરડીમાં દેહ છૂટી ગયો.

'કહાં જન્મે, કહાં બિછડે, કહાં લડે વો લાડ, ન જાણું કે રૂખતળે જઈ પડેંગે હાડ.' 'હીરાજી મહારાજ' કાળ કર્યા ત્યારે મેં આ કહ્યું હતું. સંપ્રદાયના અમારા ગુરુ હતા. બહુ શાંત અને નરમ હતા બિચારા. ત્યારે આટલું તત્ત્વ તો હતું નહિ એટલે. પણ આમ ક્રિયા નિર્દોષ આહાર-પાણી. એના માટે આહાર કે પાણી બિલકુલ લે નહિ. કપડા-બપડા પણ કોઈ લાવે અને આપે તો ન લે. દુકાને જાય આમ ચોખ્ખું હોય, ભાઈ! હાલશો નહિ-ચાલશો નહિ. કપડું છ-આઠ હાથ લે. માંડ માંડ લે. ઓલા તો બિચારા કહે અરે..! પ્રભુ! લ્યોને. બહુ વ્રતી. પણ વસ્તુની ખબર નહિ, કાંઈ તત્ત્વની ખબર નહિ. એ રસ્તામાં ગુજરી ગયા. ચાલતા ચાલતા રસ્તામાં ડચુરો ચડ્યો. (સંવત) ૧૯૭૪ના ચૈત્ર વદ આઠમ. રસ્તામાં ગુજરી ગયા. પછી કીધું...ઓહોહો...! મારવાડમાં 'પાલી'માં જન્મ્યા. 'કહાં જન્મે કહાં બિછડે' કાઠિયાવાડમાં વૃદ્ધિ પામ્યા. સાધુપણાના નામ (ધરાવતા). સાધુ માનતા ને, એ જાતની વસ્તુ ... લોકોએ ઉપાડી લીધેલા. 'હીરા એટલા હીર બાકી સૂતરના ફાળકા.' એમ લોકો કહેતા. એવા માણસ હતા. શાંત.. શાંત.. શાંત... 'હીરા એટલા હીર જગતમાં...' હીર-હીર સમજો છો ને? રેશમ. 'હીરા એટલા હીર બાકી સૂતરના ફાળકા.' એના સિવાય બધા સૂતરના ઢગલા છે. હીર તો એક હીરો હતો. એ જ્યારે રસ્તામાં મરી ગયા... આહાહા!

અમે બીજે ગામ હતા. એ ગામથી ઉઠીને ગયા. 'કાંપ'માં રસ્તામાં ગુજરી ગયા. બીજે દિ' ગયા ત્યારે પાલખીમાં ઉપાડ્યા. અને પાલખીમાં ઉપાડતા લાખોપતિઓ, માણસો, આર્જિકાઓ, સાધુ પોકાર કરે. વીસ વર્ષનો દીકરો મરી જાય અને ઠાઠડીમાં ઉપાડે એમ રોતા. લોકોને એવો પ્રેમ. અને સંપ્રદાયની દૃષ્ટિએ એ હતા પણ એવા. આહાહા! રોવે.... રોવે... રોવે... અરે..! મારો હીરો જાય છે આજ. અરે..રે..! અમે હીરો ખોયો આજ. એમ બિચારા રોવે. મોટા લાખોપતિ, હોં! અને સુખડની લાકડીમાં બાળતાને? સુખડથી, ચંદનથી બાળે. શેઠીયાઓ લાકડાઓ લઈ બાળવા લઈ ગયા (પણ બધા) રોવે-રોવે. પણ આ ચીજ નહિ, બાપુ! આહાહા! અરે..રે..! એને સાંભળવા મળી નથી.

એ એમ કહેતા કે પરની દયા પાળવી એ અહિંસા અને એ જ સિદ્ધાંતનો સાર. એટલું કહેતા, લ્યો! અહીં કહે છે કે જીવ પરની દયા પાળી શકતો નથી. આહાહા! પરની દયા પાળવાનો રાગ ભાવ કરે એ શુભરાગ છે, એ અધર્મ છે.

મુમુક્ષુ :– આકાશ-પાતાળનો ફેર છે.

ઉત્તર :– બહુ ફેર-બહુ ફેર. એ બહુ કહેતા બિચારા, હોં! બહુ બ્રહ્મચારીનો રંગ ઘણો. એની સભામાં મોટી સંખ્યામાં હજારો માણસો (આવતા). બહુ આબરૂ, મોટી આબરૂ. ગંભીર માણસ આમ ચાલે તો જાણે... 'પાલી'ના હતા. છેતાલીસ વર્ષની દીક્ષા. આમ હજાર-બેબે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હજાર માણસ આવે પણ સામું ન જોવે. ભગવાન! આમ કહે છે, ભાઈ! ... ભગવાનની પૂજા અને ભક્તિમાં પાપ થાય એનાથી ધર્મ માને એ અનાર્ય ધર્મ છે, એમ કહે. આહાહા! બહુ શાંત. આહાહા! આ ચીજ શું છે? અરે..રે...! એને આકરી લાગે. એ શુભજોગની ક્રિયા એ ધર્મ નહિ? આ ભગવાનની ભક્તિ ને જાત્રા અને પૂજા એ આ બધું કર્યું શું કરવા? આ બધું. એ શેઠે કર્યું નથી? 'ભભૂતભાઈ'એ કર્યું નથી ત્યાં?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એણે તો આઠ લાખ નાખ્યા છે. ચાર લાખ... આહાહા!

સ્વ-રૂપ. આહા..! કેટલી વાત કરી. **'પોતાના શુદ્ધ સ્વરૂપના અનુભવમાં સમર્થ થયું થકું,...'** આહાહા! તત્ત્વ-જીવદ્રવ્ય. જીવદ્રવ્ય વસ્તુ ભગવાન પોતાની મેળાએ શુદ્ધ જે સ્વરૂપ પવિત્ર છે તેને રાગથી ભિન્ન પાડીને શુદ્ધ સ્વરૂપના અનુભવમાં સમર્થ થયું. શુદ્ધ સ્વરૂપના અનુભવમાં તાકાતવાળું નીકળ્યું. આહાહા! આ માણસને એકાંત લાગે છે. 'પંડિતજી'! માર્ગ આ છે, ભાઈ! એને તું હા તો પાડ કે માર્ગ તો આ છે. એ વિના તારી હા વિના હાલત નહિ થાય. આહાહા! આકરું લાગે, બીજું લાગે, ભાઈ! શું થાય? આહાહા!

જુઓને વનસ્પતિ કેટલી ઊગી છે! ઓહોહો..! અસંખ્ય અસંખ્ય, એક એક પાંદડે અસંખ્ય જીવ. એક એક રાય જેટલી આટલી કટકીમાં અસંખ્ય જીવ. એક એક શરીરમાં એક જીવ. આ પ્રત્યેક છે એટલે, હોં! ઢગલા દેખાય છે. આહાહા! અને કચ્ચરઘાણ (નીકળી જાય). માથે બળદ હાલે, ઘોડા હાલે, ગાડા હાલે, મોટરું ચાલે. આહાહા! એ ચેતન છે, ભગવાન છે એ. પર્યાયમાં ભૂલ છે. વસ્તુએ તો બધા ભગવાન છે. આહાહા!

મુમુક્ષુ :– આ ઘાસની કટકીમાં અસંખ્ય જીવ?

ઉત્તર :– એક ઘાસની રાય જેટલી કટકીમાં અસંખ્ય શરીર અને એક એક શરીરે એક એક જીવ. 'ભભૂતભાઈ'!

મુમુક્ષુ :– ... એક એક જીવમાં એક.

ઉત્તર :– એ નહિ. એ નહિ. એક શરીરમાં એક. પણ શરીર છે અસંખ્ય. એક આ લીમડાનું પાંદડું છે ને? એમાં અસંખ્ય શરીર છે. અને એક એક શરીરે એક એક જીવ જુદો છે. આવી વાત. આહાહા!

'પરમાત્મપ્રકાશ'માં કહ્યું નહિ? સર્વ જીવો ભગવત્ સ્વરૂપ છે, ભાઈ! આહાહા! પર્યાયમાં અલ્પજ્ઞતા અને વિકાર હો. વસ્તુ છે એ તો ભગવત્ સ્વરૂપ પૂર્ણ છે. સર્વ જીવો, સર્વ કાળે, સર્વ ક્ષેત્રમાં, સર્વ પૂર્ણ સ્વભાવથી ભરેલા ભગવાન છે. આહાહા! આવી ભાવના કર તું, એમ આવ્યું હતું. 'પરમાત્મપ્રકાશ'માં. આહાહા! એના શરીરને ન જો. આ શરીર દેખાય છે. આ લીમડો-નીમ જે દેખાય છે એ કાંઈ એનો આત્મા નથી, એ તો શરીર દેખાય છે. ઉપરનું શરીર છે. એ શરીરની અંદર જે આત્મા છે એ એક પાંદડામાં અસંખ્ય શરીર દેખાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે. એક એક શરીરે એક એક જીવ. આહાહા!

એમ લસણ અને ડુંગળીની રાય જેટલી કટકીમાં અસંખ્ય શરીર છે. અને એક એક શરીરે અનંત જીવ છે એમાં. આમાં એક એક જીવ અને ઓલામાં અનંત. આહાહા! આ લસણની કળી, ડુંગળી ઘીમાં શેકીને ખાય છે ને? લસણની કળીને. બાપુ! ભગવાન! એ કળીમાં અસંખ્ય તો શરીર. કળી નહિ પણ કળીનો એક રાય જેટલો ટુકડો, એ રાય જેટલા ટુકડામાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંત જીવ. સિદ્ધ કરતા અનંતગુણા જીવ છે. આહાહા! એ બધા જીવ દ્રવ્યે તો શુદ્ધ સ્વરૂપ જ છે. પર્યાયમાં ભૂલ મિથ્યાત્વ અને અજ્ઞાનને લઈને રખડે છે. આહાહા! સમજાણું કાંઈ?

એકવાર તો 'શ્રીમદ્' કહેતા કે આ શાક બળતું હોય તો આમ જોઈ ન શકીએ. એમ કહે. અર..ર..ર..! સત્તા સ્વીકારી છે ને? એમાં અનંત જીવ છે. અસંખ્ય જીવ છે એવી સત્તા સ્વીકારી છે. એમાં ઓલા છરી વડે કાપે છે. દૂધી, લસણ, તુરીયા. તુરીયા છે ને? શું કહેવાય એને? ઘીસોડા-ઘીસોડા. એ ઘીસોડાની ઉપરની રગ. બટકા કરવા પહેલા એ રગ કાપે ને? ઘીસોડાની ઉપર જીણી રગ હોય ને? એને છરીથી કાપે અને પછી કટકા કરે. પણ એ રગની એક રાય જેટલી કટકીમાં અસંખ્ય શરીર છે. એક એક શરીરે એક એક જીવ. એ પ્રત્યેક છે ને? આહાહા! પ્રભુ! તું એમાં અનંતવાર રહ્યો છો, હોં! આહાહા! કપાણો, છેદાણો... આહાહા! કોઈ ધણી નહોતું, પ્રભુ! અહીં મરે તો રોવે. એને મરે તો કોણ રોનાર છે? આહાહા!

એથી એકવાર કહ્યું હતું ને? સંપ્રદાયમાં કહ્યું હતું. પચાસ-સાંઈઠ વર્ષ પહેલા. જે કોઈ આ જીવનો જેવડો સ્વભાવ છે એટલો ન માનતા એને અલ્પજ્ઞ માને, એને રાગવાળો માને... આહાહા! એ આત્માને આળ આપે છે. આળ આપતા એવે ઠેકાણે ઊપજશે કે જ્યાં જીવ છે એમ બીજા નહિ માને એ ઠેકાણે ઊપજશે. લસણમાં આટલામાં જીવ છે, કોણ સ્વીકારે?

એમ કેમ થયું? કે એણે ચૈતન્યની શક્તિની જેટલી મહત્તા છે એનો એણે અનાદર કર્યો છે. અનાદર કરીને એને આળ આપ્યા છે કે હું તો રાગવાળો છું, હું પુણ્યવાળો છું, હું પાપવાળો છું, એવા વિકારીવાળો છું. એવો એ નથી. એને આવા આળ આપીને એણે એવો અનાદર કર્યો. કે જ્યાં મરીને જન્મ્યો એ આળ દેનારો ત્યાં આ જીવ છે એ માનનારા નહિ માને એને. આહાહા! આવું છે, 'ભભુતભાઈ'! આવી વાતું છે, બાપા! આહાહા!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા. એનાથી સત્તા એવડી તો મારી સત્તા એવડી છે એમ એનો સ્વીકાર કરે એ. જેની સત્તા આવડી છે એ અલ્પજ્ઞમાં ભાસતી નથી. એની સત્તાનો સ્વીકાર કરે તો એવડી સત્તા તો મારી છે. આહાહા! અને પોતાની સ્વસત્તાની મહત્તા જેને ભાસી, એને જ પરની સત્તા આવડી છે એમ એને ભાસે છે. સમજાણું કાંઈ? આહાહા! આવી વાતું છે.

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સાંભળવા મળવી મુશ્કેલ પડે. આહાહા! પરમાત્મા જિનેશ્વરદેવ પ્રત્યક્ષ જોઈને એ કહ્યું છે અને એમ છે. ત્રિલોકના નાથ ઇન્દ્રો અને ગણધરોની સમક્ષમાં પરમાત્મા આમ કહેતા હતા. એ વાત આ છે. આહાહા!

કહે છે... આહાહા! પોતાના સ્વરૂપનો અનુભવ થાય છે. અહીં આવ્યું ને? અનુભવશીલ થઈને. **'પોતાના શુદ્ધ સ્વરૂપના અનુભવમાં સમર્થ થયું થકું, અહીંથી શરૂ કરીને, સકળ દ્રવ્યસ્વરૂપનું જાણનશીલ થઈને...'** આહાહા! હવે તો કહે છે કે જ્યાં આત્માનું સમ્યગ્દર્શન થયું તે તે બધા દ્રવ્યનો જાણનશીલ સ્વભાવ. બધાને જાણવું એવો એનો સ્વભાવ છે. કોઈ પરદ્રવ્યને મારું માનવું કે પરદ્રવ્યને હણી શકું છું કે જીવાડી શકુ છું એવું કાંઈ છે નહિ. આહાહા! પર જેટલા આત્મા સિવાય અનંત આત્માઓ અને આત્મા સિવાય અનંત રજકણો... આહાહા! એના સ્વરૂપનો જાણનશીલ. બસ.

આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપનું ભાન અને અસ્તિત્વનો અનુભવ થયો. એટલે એને એવા બધા જ આત્મા અને બીજા જડ આદિ રજકણો એનો એ જાણનશીલ રહ્યો. જાણનારો બસ. કોઈનું કરતો નથી. કોઈથી લેતો નથી. આહાહા! સમજાણું કાંઈ? **'જાણનશીલ થઈને...'** સર્વ દ્રવ્યોનો જાણન. અનંત આત્માઓ છે અને અનંત રજકણો છે એને જાણનારો રહ્યો, બસ. જ્ઞાતા તરીકે જ્ઞાની ધર્મી પોતાના શુદ્ધ સ્વરૂપનું ભાન થતાં એ તો જ્ઞાનસ્વરૂપ છે એવી દૃષ્ટિ અને અનુભવ થતાં પોતાનું તો જ્ઞાન થયું, કહે છે પણ પરદ્રવ્યો જેટલા છે તેનો જાણનશીલ રહ્યો. જાણવાના સ્વભાવવાળો. કોઈનું કરવાનું કે દયા પાળી શકું એ કાંઈ છે નહિ. આહાહા! સમજાણું કાંઈ?

એ શું કહ્યું? કે પોતાનો નિજ સ્વભાવ શુદ્ધ જ્ઞાન-આનંદ (છે) એનો જ્યાં અનુભવ થયો એથી પોતાનો જાણનાર-અનુભવશીલ તો થયો, પણ પોતા સિવાય જેટલા અનંત દ્રવ્યો છે એને જાણવાના સ્વભાવવાળો થયો. આહાહા! કોઈ પરદ્રવ્યને મારા માનવાનો સ્વભાવ એનો છે જ નહિ. તેમ પરની દયા પાળી શકું કે મારી શકું એવું મારામાં છે જ નહિ. આહાહા! સમજામું કાંઈ? એનો જાણનસ્વભાવ છે.

અનંત નિગોદ છે, અનંત સિદ્ધ છે એથી અનંત નિગોદ શુદ્ધ જીવ ભગવત્‌સ્વરૂપ અંદર છે. એથી હું એની રક્ષા કરનારો છું એમ નથી. ફક્ત એ સત્તા છે તેને જાણવાના સ્વભાવવાળો હું છું. આહાહા! એમ શરીર, વાણી, મન આદિ અનંત દ્રવ્યો પરમાણુ છે એ બધાનો હું રચનારો છું, હું ગોઠવનારો છું એમ નહિ. પણ એ બધા દ્રવ્યોને હું જાણવાના સ્વભાવવાળો છું. આહાહા! 'સ્વપર પ્રકાશક શક્તિ હમારી.' સ્વને જાણતા પરને જાણવાના સ્વભાવવાળો છું. આહાહા! મારા સિવાય અનંત આત્માઓ કે રજકણો એનું ભલું કરી શકું કે ભૂંડુ કરી શકું એ હું છું જ નહિ. આહાહા! સમજાણું કાંઈ? એ મારો સ્વભાવ જ એવો છે કે સ્વસત્તાનું જ્યાં ભાન થયું, ત્યારે પરસત્તાને જાણવાના સ્વભાવવાળો રહ્યો. પરસત્તાને કરવાવાળો કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બચાવવાવાળો કે તોડવાવાળો કે ભાંગવાવાળો.. આહાહા! ન રહ્યો. ઓલું માનતો. અહીં જાણવાના સ્વભાવવાળો હું જ્ઞાન છું, આનંદ છું એમ ભાન થતાં જગતની અનંત આત્માની ચીજો અને અનંત રજકણો આ બધાને જાણનારો છું, બસ. આહાહા! અરે..! એવી વાત.

એના ઘરની ચીજ છે આવડી. તારું ઘર એવું છે કે તને તું જાણ અને પરને જાણ એ તારું ઘર છે. તારા જાણવાના સ્વભાવમાં પરની મદદ હોય તો જણાય એવો નથી. અને તને અનંત દ્રવ્યો જણાય એમાં અનંત દ્રવ્યોનું કાંઈ કરી શકે એવો તારો સ્વભાવ નથી. આહાહા! આવું માણસને એકાંત લાગે. ઝીણું પડે ને? એટલે એકાંત નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... ભગવાન! માર્ગ આ છે, બાપુ! આહાહા!

તું તો 'સ્વપર પ્રકાશક શક્તિ હમારી, તાતે વચન ભેદ ભ્રમ ભારી, જ્ઞેય શકિત દ્વિવિધા પ્રકાશી સ્વરૂપા પરરૂપા ભાસી.' ભાસી, બસ. આહાહા! એ પણ પરને જાણવું એ તો પોતાના પર્યાયનો સ્વભાવ છે. પર અનંત આત્મા અને અનંત રજકણોની સત્તા છે માટે એને જાણવાની પર્યાય અહીં પ્રગટે છે એમ નથી. આહાહા! એનો પોતાનો જાણનસ્વભાવ સ્વપરપ્રકાશક સ્વભાવ પોતાનો જ છે એથી સ્વને જાણતાં પરને જાણે છે એવું એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આહાહા! એમ કહીને એમ કહે છે કે બીજા આત્માને હું સુખી કરી દઉં, આહાર આપું, ઓસડ આપું, અનાજ આપું એવી ચીજ વસ્તુના સ્વરૂપમાં જ નથી. જે રીતે પરદ્રવ્ય છે તે રીતે તારો જાણવાનો સ્વભાવ છે, બસ. આહાહા!

**'સકળ દ્રવ્યસ્વરૂપનું જાણનશીલ થઈને શોભે છે.'** ભાષા જુઓ! **'चकास्ति'** છે ને? **'चकास्ति'**. ભગવાનઆત્મા પોતે રાગથી ભિન્ન પડીને ચૈતન્યનો અનુભવ કર્યો એથી એ પોતે પરદ્રવ્યને જાણવાના સ્વભાવથી શોભે છે. પરદ્રવ્યના જાણવાના સ્વભાવથી (શોભે છે). પરદ્રવ્યનું કરવું કે... આહાહા! ઘણા કામ કર્યા માટે મોટો છે (એમ નથી). આહાહા! એક ફેરી નહોતા ઓલા હતા ને? 'વઢવાણ'ના 'સી. જી. શાહ' હતા ને? 'મુંબઈ'માં છે ને એક? બધાએ બિચારાએ સાંભળ્યું ન હોય, ખબર ન મળે. મહારાજ! આ સિદ્ધ ભગવાન શું કરે? એમ પ્રશ્ન કર્યો. 'હીરાભાઈ'ના મકાનમાં. (સંવત) ૧૯૯૨-૯૩ની સાલની વાત છે. ભગવાન સિદ્ધ થાય એ શું કરે? કીધું, આત્માનો અનુભવ કરે. કોઈનું કરે નહિ? અમે આ એક માણસ પાંચ-પચ્ચીસ પચાસ માણસનું કરીએ અને સિદ્ધ આવા મોટા (કંઈ કરે નહિ?) કાંઈ ખબર ન મળે. વિસાશ્રીમાળી હતા. અમારા 'નારાયણભાઈ'ના મિત્ર હતા. કાંઈ બુદ્ધિ ન મળે. અને બહારમાં કાંઈક પૈસા-બૈસા હોય, મકાન-બકાન હોય. 'મુંબઈ'માં એક બિલ્ડિંગ છે ત્યાં. મરી ગયા એ તો. આહાહા! સિદ્ધ ભગવાન પરમાત્મા કોઈનું કાંઈ ન કરે? આહાહા! મોટા થયા એ કાંઈ ન કરે? અમે નાના છીએ તો પણ બધાનું કાંઈક કરીએ છીએ. અરે..! ભગવાન! શું કહીએ? ભાઈ! એ તો જાણનશીલ છે તો સ્વપરને જાણે છે. કોઈનું તું પણ કરી શકતો નથી એ પણ કરતા નથી. એ તો અહીં કહ્યું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરદ્રવ્યની સત્તાની હયાતીનો જાણનશીલ છો. આહાહા! એની સત્તા તેં કરી નથી. તેમ તેની સત્તામાં ફેરફાર કરી શકે એ તું નથી. એની સત્તામાં ફેરફાર થાય એનો જાણનશીલ સ્વભાવ છો. આહાહા! આવો ઉપદેશ! આહાહા! ગમે તેટલો તું હોંશિયાર થા. અવધિજ્ઞાની થાય, ચાર જ્ઞાની થાય પણ એ કહે છે કે પરદ્રવ્યને જાણવાના સ્વભાવવાળો છે. અવધિ જ્ઞાનમાં આ વસ્તુ છે એમ જણાય, બસ. મનઃપર્યય જ્ઞાનમાં આ વસ્તુ આમ છે એમ જણાય. બાકી એ અવધિ અને મનઃપર્યયજ્ઞાન કોઈનું કાંઈ કરે (એમ નથી). આહાહા! આવું સ્વરૂપ છે. અરે..! જો આવા સ્વરૂપને જાણ્યા વિના દુઃખી થઈને રખડે છે. સામે જોતા રોતા પણ જેના દુઃખ દેખાણા નહિ. રોવે... રોવે... અર..ર..! આ પ્રાણી આવો દુઃખી! દેખનારને આંખમાંથી આંસુના જળજળીયા આવે. એવા દુઃખી, પ્રભુ! તને ખબર નથી. આહાહા!

એ બીજાના દુઃખ જે છે એને આ જાણવાના સ્વભાવવાળો છે. આહાહા! અને અનંતા સિદ્ધો છે એને આ જાણવાના સ્વભાવવાળો છે. છે એટલું બસ. અનંત નિગોદના જીવ છે એને આ આત્મા જાણવાના સ્વભાવવાળો છે. એની દયા પાળવાના ભાવવાળો નથી. આહાહા! સમજાણું કાંઈ? વીતરાગનો માર્ગ આવો છે, બાપુ! વસ્તુનું સ્વરૂપ એવું છે. વીતરાગે કાંઈ કર્યું નથી. જેવું છે એવું જાણ્યું છે, એવું કહ્યું.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ બધી એને ક્યાં બિચારાને ખબર છે. એને જૈનની શ્રદ્ધા જ ક્યાં છે. એ તો બધા ગાંધીની લાઈનના મુપત્તિ રાખે. ખબર છે. આહાહા! પ્રેમ, બધા સાથે પ્રેમ. પ્રેમ શેના? બધા છે તેને જાણનારો રહે એ પ્રેમ. બધા એક છે. ઓહોહો..! બધા એક છીએ. મિથ્યાત્વ છે. ભિન્ન ભિન્ન બધા તત્ત્વો છે. કોઈની સાથે કોઈને કાંઈ સંબંધ નથી. એવું જ વસ્તુનું સ્વરૂપ છે તેમ જાણે, બસ. ધર્મી જીવ પોતાના શુદ્ધ સ્વરૂપને જેમ જાણે એમ આ પરની સત્તા જે રીતે પલટતી હોય, દુઃખી હોય તેને એ જાણે. બસ. આહાહા! દુઃખીને દેખીને દુઃખને દૂર કરવો એવો એને વિકલ્પ આવે પણ એને એ જાણે. દુઃખ દૂર હું કરી શકતો નથી. અરે..! બિચારો દુઃખી છે. આહાહા! આવું સ્વરૂપ છે. આ કેટલાકને એવું લાગે કે આવો માર્ગ કાઢ્યો ક્યાંથી? અમે તો ભાઈ આટલા વર્ષ સાંભળતા નહોતા. બાપુ! વીતરાગનો માર્ગ તો આ છે, ભાઈ! પરમેશ્વર ત્રિલોકનાથ આમ ફરમાવે છે. આ શું કહે છે? આ વીતરાગી સંતોની વાણી છે. આહાહા! ભાવલિંગી સંત વીતરાગભાવમાં બિરાજમાન સંતો આ ફરમાવે છે. આહાહા!

મુમુક્ષુ :– આમાં યત્નાચાર ક્યાં આવે?

ઉત્તર :– યત્નાચાર આ આત્માનો યત્નાચાર એ યત્નાચાર. પરનો યત્નાચાર અહીં નથી. પર છે તેને.. વિકલ્પ ઊઠે પણ છતાં તેનો જાણનાર આત્મા છે, એમ અહીં કહે છે. આહાહા! યત્નથી ચાલવું, યત્નથી આચાર... 'શુકનભાઈ'એ પ્રશ્ન કર્યો, સ્પષ્ટ કરવા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કોને કરવું? બાપુ! યત્નથી ચાલશે. એ ચાલવું એ આત્માની ક્રિયા છે? એ જે રીતે શરીર રહે, થાય તેને અહીં જાણવાના સ્વભાવવાળો આત્મા છે. 'ભભૂતભાઈ'! આવું છે.

મુમુક્ષુ :– મતલબી થઈ જશે, સ્વાર્થી થઈ જશે.

ઉત્તર :– પોતાના પ્રયોજનને સાધે એવો જ એ છે. એમ કહે છે, હોં! ભાઈ કહે કે એ તો સ્વાર્થી થશે. પણ બધા સ્વાર્થી જ છે. ઊંધો માને છે. અમે કોઈકનું કરી દઈએ. કર્યા. પરનું કરવું એ મરના હૈ. કરના યહ મરના હૈ. ભાઈમાં આવ્યું છે ને? 'ન્યાલભાઈ'નું આવ્યું છે? 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' છે? ઠીક. શેઠિયાને ઘરે પહોંચી ગયું. 'ન્યાલભાઈ'નું 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'. હમણા કોઈકની માગણી આવી હતી કે અમને મોકલો-મોકલો. એ મોકલવાની હોય? એ અહીં આવે અને એની યોગ્યતા દેખાય તો અપાય. આહાહા!

મુમુક્ષુ :– મોહનલાલજી વાંચીને બહુ ખુશ થતા હતા.

ઉત્તર :– કોણ?

મુમુક્ષુ :– 'મોહનલાલજી' 'બેંગલોર'થી આવ્યા ને? એ ભાઈનું 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' વાંચીને...

ઉત્તર :– હમણા નથી આવતા. બંધ થઈ ગયા.

મુમુક્ષુ :– એમને હાર્ટ એટેક અને એમના ઘરેથી કેન્સર છે.

ઉત્તર :– ઓહો..! અહીં જમીન લીધી છે. ભાઈની સાથે હતા ને. આહાહા! ઇ હમણા બે-ચાર દિ' પહેલા યાદ આવ્યા હતા. કે ભાઈ 'મોહનભાઈ' નથી આવતા. અહીં જમીન લીધી છે. ત્યાં એને ઘરે ગયા હતા. 'બેંગલોર' એને ઘરે ગયા હતા. આહાહા! ... એ તો સાધારણ છે. આહાહા!

શું કહે છે? **'जगतः साक्षी चकास्ति'** આહાહા! ધર્મીજીવ જ્ઞાનસ્વરૂપી ભગવાનનો જ્યાં અનુભવ થયો ત્યારે તો જગતના... આહાહા! સાક્ષી તરીકે શોભે છે. જગતની ચીજને જાણનાર તરીકે શોભે છે. આહાહા! છે? બહુ ટૂંકુ, ઘણું ટૂંકુ. આહાહા! **'जगतः साक्षी चकास्ति'** આહાહા! **'ભાવાર્થ આમ છે કે જ્યારે જીવને શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય છે ત્યારે સકળ પરદ્રવ્યરૂપ દ્રવ્યકર્મ-'** જડ **'ભાવકર્મ-'** પુણ્ય-પાપનો ભાવ. જોયું! પુણ્ય-પાપનો ભાવ એ જાણનશીલ છે. આહાહા! જાણેલો પ્રયોજનવાન છે, એમ તો આવ્યું હતું. ૧૨મી ગાથા. ઇ આ બધી વાત છે. આહાહા! ધર્મીને પણ દયા, દાન, વ્રતનો વિકલ્પ આવે છતાં તેનો જાણન સ્વભાવ છે. છે એમ જાણે, કર્તા નહિ. આહાહા! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– પુણ્ય-પાપને જાણે કે મટાડે?

ઉત્તર :– જાણે. મટતા પણ જાણે અને રહેતા પણ જાણે. ૩૨૦ ગાથામાં છે. ઉદયને જાણે, નિર્જરાને જાણે, બંધને જાણે, મોક્ષને જાણે. આહાહા! આવ્યું છે કે નહિ? ૩૧૯-૩૨૦. આહાહા! નિર્જરાને કરે નહિ. નિર્જરાને જાણે એમ આવ્યું છે ત્યાં. કેમકે એનો સ્વભાવ જ જ્યાં જ્ઞાન છે એમ જ્યાં અનુભવમાં, સમ્યગ્દર્શનમાં આવ્યું... આહાહા! ત્યારે એ પરજીવની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જે કાંઈ દશા થાય તેનો જાણનશીલ છે. આહાહા! એના રાગના ભાવ થાય એનો પણ જાણન સ્વભાવ છે. એ રાગનો કર્તા નથી. તેમ એ રાગનો ટાળનાર પણ નથી. થાય તેને જાણે, ટળે તેને જાણે. આહાહા! આવું છે. 'બાબુભાઈ'! આવી વાત છે, બાપા!

ભારે! થોડા શબ્દોમાં પણ કેટલું ભર્યું છે, જુઓને, બાપા! ગણધરની વાણી તો કેવી! આ તો સંતોની વાણી છે. વીતરાગી દિગંબર સંતોની વાણી છે. પરમેશ્વર તુલ્ય છે. 'નિયમસાર'માં આવે છે ને. મુનિ અને પરમેશ્વરમાં કાંઈક ફેર છે. બાકી ફેર માને એ જડ છે. આહાહા! જેને રાગાદિ છે, શરીર છે એને જાણવાનો સ્વભાવ છે. આહાહા! આ ભોજન લે છે એને જાણવાનો સ્વભાવ છે. જંગલ જાય છે એને જાણવાનો સ્વભાવ છે. જંગલ કરતા નથી, ભોજન લેતા નથી, ભોજન ખાતા નથી. આહાહા! સમજાણું કાંઈ? હવે આ કહે ચર્ચા કરો. બાપા! શું કરીએ? ભાઈ! આહાહા! આવી ઉગમણી-આથમણી જેવી વાતું છે.

ભાવકર્મ, દ્રવ્ય કર્મ અને નોકર્મ એટલે શરીર-વાણી. **'ઉદાસીનપણું થાય છે.'** આહાહા! એ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ થાય તેમાં ઉદાસીનભાવ છે. આહાહા! પછી કહે છે, **'કેવું છે જીવદ્રવ્ય?'** (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**શ્રાવણ વદ ૫, ગુરુવાર તા.૪.૦૮.૧૯૭૭**
**કળશ - ૪૮, પ્રવચન - ૫૮**

આ 'કળશટીકા' ચાલે છે. કર્તા-કર્મ અધિકાર. જરી સૂક્ષ્મ છે. સંત 'કુંદકુંદાચાર્ય' સંવત ૪૯માં થયા. દિગંબર સંત એ ભગવાન પાસે ગયા હતા. સીમંધર ભગવાન મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. વર્તમાન મોજૂદ કેવળી તીર્થંકર છે. ત્યાં ગયા, આઠ દિ' રહ્યા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું. પછી 'અમૃતચંદ્રાચાર્ય' (થયા). આ 'કુંદકુંદાચાર્ય' છે, આ 'અમૃતચંદ્રાચાર્ય' છે. એમણે આ ટીકા બનાવી. એના આ કળશ છે. ૪૮.

**इत्येवं विरचय्य सम्प्रति परद्रव्यान्निवृत्ति परां**
**स्वं विज्ञानघनस्वभावमभयादास्तिध्नुवानः परम्।।**
**अज्ञानोत्थितकर्तृकर्मकलनात् क्लेशान्निवृत्तः स्वयं**
**ज्ञानीभूत इतश्चकास्ति जगतः साक्षी पुराणः पुमान्।।३-४८।।**

અહીં ધર્મ કેમ થાય અને ધર્મીનું શું લક્ષણ છે એ કહે છે. ધર્મી કોને કહીએ? ધર્મને કરનાર અને એ ધર્મ કેમ થયો? એ કહે છે. **'पुमान् જીવદ્રવ્ય...'** આ જીવદ્રવ્ય વસ્તુ છે. આ દેહ જડ છે, આ તો માટી છે એનાથી તો ભિન્ન છે. આહાહા! અને અંદર જ્ઞાનાવરણીય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આદિ આઠ કર્મ પરમાણુ છે એ પણ જડ છે, અજીવ છે, ધૂળ છે. અને અંદરમાં જે પુણ્ય-પાપના ભાવ થાય છે એ પણ અચેતન છે. ચૈતન્ય જીવદ્રવ્ય જે ચૈતન્યસ્વરૂપ છે એ ચૈતન્યનો પુણ્ય-પાપના ભાવમાં અંશ નથી. રાગ છે એ રાગ પોતાને જાણતો નથી. પુણ્ય-પાપનો ભાવ એ તો રાગ છે. આહાહા! એ પોતાને જાણતા નથી અને બીજા દ્વારા જણાય છે તેથી રાગને અચેતન કહેવામાં આવે છે. ઝીણું છે, ભગવાન! વાત ઝીણી છે. આહાહા!

આ તો જડ માટી ધૂળ છે. આ તો પુદ્ગલ છે. આહાહા! અંદર જ્ઞાનાવરણી આઠ કર્મ જે છે એ પણ જડ ધૂળ છે. પણ જે પુણ્ય અને પાપના દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ થાય છે એ શુભભાવ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એ પાપભાવ છે. બેય ભાવ અચેતન છે. ચૈતન્યનું સ્વરૂપ નહિ. આહાહા! એ ચેતનથી પણ ચૈતન્યદ્રવ્ય ભિન્ન છે. આહાહા! આવી વાત. નિવૃત્તિ ક્યાં છે નિર્ણય કરવા માટે. આવો માર્ગ છે.

**'पुमान्'** એટલે જીવદ્રવ્ય. પુરુષ. પુરુષ એટલે જીવદ્રવ્ય. **'स्वयं ज्ञानीभूतः'** **'પોતાની મેળે પોતાના શુદ્ધ સ્વરૂપના અનુભવમાં સમર્થ થયું થકું,...'** આહાહા! ભગવાનઆત્મા જીવદ્રવ્ય ચૈતન્યસ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધસ્વરૂપી આત્મા અંદર છે. તેને સ્વયં-પોતાની મેળે. શુભ-અશુભભાવ રાગ છે એની અપેક્ષા છોડીને... આહાહા! પોતાની મેળે. ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ. ભગવાન અહીંયા આત્માને કહે છે. એ **'જીવદ્રવ્ય પોતાની મેળે...'** પોતાના જ્ઞાન અને આનંદસ્વરૂપની સાથે અનુભવ કરે છે. આહાહા! **'પોતાની મેળે પોતાના શુદ્ધ સ્વરૂપના...'** આહાહા! એ ચૈતન્ય ત્રિકાળી શુદ્ધ સ્વરૂપ છે, પવિત્ર છે. આહાહા! એ શુદ્ધ સ્વરૂપને પોતાની મેળે, રાગ અને નિમિત્તની અપેક્ષા છોડીને પોતાના શુદ્ધ સ્વરૂપના આનંદને વેદે છે. એ પોતાની મેળે કરે છે. એમાં પરની કોઈ અપેક્ષા નથી. આહાહા! સૂક્ષ્મ વાત છે, ભગવાન! પ્રભુનો માર્ગ જિનેશ્વર વીતરાગ એક સમયમાં જેણે ત્રણકાળ, ત્રણલોક જોયા એવા વીતરાગ પરમાત્મા એમ કહે છે કે, ધર્મી ધર્મ કઈ રીતે પામે છે? અમારી તો હિન્દી સાદી ભાષા છે.

**'पुमान्'** એટલે ભગવાનઆત્મા જીવદ્રવ્ય વસ્તુ. જ્ઞાનાનંદ સ્વભાવથી કાયમ અનાદિઅનંત બિરાજમાન વસ્તુ આત્મા છે. આહાહા! એ વસ્તુ પોતાની મેળે. પોતાથી, જ્ઞાન અને આનંદના સ્વભાવથી, રાગ અને વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ છે એની અપેક્ષા છોડીને. કહો, શેઠ! આજે તો તમારું હિન્દી આવ્યું. મહેમાનને કારણે. આહાહા! આવી વસ્તુ છે, પ્રભુ! શરીર, વાણી, રજકણની તો એમાં અપેક્ષા નથી પણ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ શુભભાવ થાય છે એની પણ પોતાના અનુભવમાં પરની અપેક્ષા નથી. આહાહા! એવો આત્મા **'પોતાની મેળે...'** છે? **'પોતાના શુદ્ધ સ્વરૂપના અનુભવનમાં સમર્થ...'** શુદ્ધ સ્વરૂપનો અનુભવ. પુણ્ય-પાપનો ભાવ તો અશુદ્ધ છે,.. આહા..! મલિન છે. એ આત્મામાંથી તો નીકળી જાય છે. તો નીકળી જાય એ ચીજ આત્માની નહિ. ન્યાય સમજ્યા? આ તો ભગવાનનો માર્ગ લોજિકથી–ન્યાયથી છે. એમ ને એમ માને એવી ચીજ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સર્વજ્ઞ જિનેશ્વરદેવ ત્રિલોકનાથ પરમાત્મા એમ ફરમાવે છે એ સંતો, દિગંબર સંતો આડતિયા થઈને ભગવાનનો માલ દુનિયાને આપે છે. માર્ગ આ છે, ભાઈ! પરમેશ્વર ત્રિલોકનાથ એમ ફરમાવે છે. ભગવાન 'સીમંધર' પ્રભુ મહાવિદેહમાં સાક્ષાત્ તીર્થંકર બિરાજે છે. ત્યાંથી આ માલ આવ્યો છે. 'કુંદકુંદાચાર્ય' ત્યા ગયા હતા અને ત્યાંથી આ લાવ્યા. એની ટીકા કરનાર 'અમૃતચંદ્રાચાર્ય' છે. આ 'કુંદકુંદાચાર્યે' મૂળ શાસ્ત્ર બનાવ્યું. કળશ બનાવ્યા એ 'અમૃતચંદ્રાચાર્ય' છે.

એ કહે છે કે **'પોતાની મેળે...'** આહાહા! શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે એની સન્મુખ જોઈને રાગ અને નિમિત્તની અપેક્ષા છોડીને. સૂક્ષ્મ છે, ભગવાન! પ્રભુની વાણી ઘણી સૂક્ષ્મ છે. સમ્યગ્દર્શન, ધર્મની પહેલી સીઢી. વીતરાગમાર્ગની, હોં! બીજી ક્યાંય છે નહિ. આહાહા! એ જિનેશ્વર પરમેશ્વર એમ કહે છે કે, પ્રભુ! તું પોતાની મેળે. તો પોતાની મેળે શું? પુણ્ય-પાપ તો તારા નથી. આનંદ અને જ્ઞાન અને શાંતિ પોતાનો સ્વભાવ છે. તો જ્ઞાન અને આનંદના સ્વભાવથી પોતાની મેળે શુદ્ધ સ્વભાવનો અનુભવ કરે છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

**'પોતાની મેળે...'** આ ઘણા કહે છે ને કે વ્યવહાર કરતાં કરતાં અનુભવ થાય છે, સમ્યગ્દર્શન થાય છે એનો અહીં નિષેધ કરે છે. આહાહા! આ તો પોતાની મેળે આત્મા પ્રાપ્ત થાય છે. જેમ મૃગની નાભીમાં કસ્તુરી છે પણ મૃગને કસ્તુરીની કિંમત નથી. કસ્તુરી સમજો છો ને? હરણ(માં હોય છે). એમ ભગવાનઆત્મા અંદરમાં આનંદમાં બિરાજે છે. અંદર સચ્ચિદાનંદ પ્રભુ છે. પામરને તેની ઓળખાણ નથી. મૃગલાની નાભીમાં કસ્તુરી હોવા છતાં તેની તેને કિંમત નથી. એમ ભગવાનઆત્મા આનંદ અને સચ્ચિદાનંદ પ્રભુ આત્મા, સત્ એટલે શાશ્વત, જ્ઞાન અને આનંદનો ભંડાર આત્મા છે. આહા..! લ્યો! 'ભંડારી' ગયા. નહિ? એ 'ભંડારી' છે? 'બેંગલોર'થી બે દિવસ આવ્યા હતા. એ 'ભંડારી' છે. એની પાસે બે કરોડ રૂપિયા છે. અહીં આવ્યા હતા. ત્યાં 'બેંગલોર' રહે છે. કાલે ગયા. ત્યાં 'બેંગલોર'માં આપણું દિગંબર મંદિર બનાવ્યું. છે શ્વેતાંબર દેરાવાસી. આઠ લાખ રૂપિયા નાખ્યા. અને એક સ્થાનકવાસી 'જુગરાજજી' મારવાડી. ત્યાં 'મુંબઈ'માં 'મહાવીર માર્કેટ' છે.

મુમુક્ષુ :– મહાવીર ...

ઉત્તર :– હા. મોટો ધંધો છે. એ કરોડપતિ છે. એણે ચાર લાખ આપ્યા. એ સ્થાનકવાસી, આ શ્વેતાંબર છે. એ બંનેએ 'બેંગલોર'માં બાર લાખનું મંદિર બનાવ્યું. અમે ત્યાં ગયા હતા. કાલે ગયા. 'ભંડારી' હતા... આ આત્મા ભંડારી છે. આહાહા!

જેમાં જ્ઞાન, શાંતિ, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા પડી છે એવી અનંત શક્તિનો ભંડાર ભગવાનઆત્મા છે. અરે..! એને કિંમત ક્યાં છે? એની નજરુંમાં નિધાન ક્યાં લે છે? નજરમાં રાગ, પુણ્ય ને પાપ ને સંયોગ આ શરીર ધૂળ... આહાહા! પાંચ-પચાસ લાખ, કરોડ, બે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કરોડ, પાંચ કરોડ મળ્યા. એ તો માટી-ધૂળ છે. એના ઉપર નજર કરે છે પણ અંદર અનંત લક્ષ્મી આનંદકંદ પ્રભુ છે. અતીન્દ્રિય આનંદનું દળ આત્મા છે. એ પોતાના આનંદની દશાથી સ્વનો અનુભવ કરે છે. આહાહા! કહો, શેઠ! આવી વાત છે. સાગરવાળાને ઓળખો છો? કરોડપતિ છે. મોટો બીડીનો વેપાર છે. પણ એ તો ધૂળ છે.

ભગવાન અંદર આનંદકંદ પ્રભુ છે. આહાહા! જેમાં જ્ઞાનનો ભંડાર ભર્યો છે. અનંતજ્ઞાન, અનંતઅતીન્દ્રિયઆનંદ, અતીન્દ્રિયશ્રદ્ધા, અનંતશાંતિ, વીતરાગતા એવી શક્તિ અંદર પડી છે. તો કહે છે, પ્રભુ! પોતાના આનંદના સ્વભાવથી પોતાની મેળે, પરની અપેક્ષા વિના પોતાની મેળે પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા! આવી વાતું આકરી ભારે, બાપા! શું થાય? પ્રભુ! માર્ગ તો આ છે. 'ભગવાનદાસજી'! માર્ગ તો આ છે. વાણિયાને બેસે નહિ. આખો દિ' વેપાર-ધંધામાં મશગુલ. ભગવાન શું કહે છે એનો નિર્ણય કરવાની ફુરસદ નથી. અરે..રે..! મનુષ્યપણું ચાલ્યું જાય છે. આયુષ્યની જેટલી મુદ્દત છે એટલું જ રહેશે. ક્ષણ ક્ષણ જાય એ મૃત્યની સમીપ જાય છે. આહાહા!

અહીં પરમાત્મા જિનેશ્વરદેવ કહે છે. **'પોતાની મેળે...'** મહાસિદ્ધાંત. આહાહા! પોતાના આનંદ સ્વભાવથી શુદ્ધ આત્માનો અનુભવ કરે છે. આહાહા! **'પોતાના શુદ્ધ સ્વરૂપના અનુભવમાં સમર્થ થયું થકું,...'** અંદર તાકાત પ્રગટ કરી. આહાહા! રાગ અને પુણ્ય-પાપથી જે અનુભવ કરતો હતો એ તો અધર્મનો અનુભવ હતો. આહાહા! આકુળતા રહિત પોતાનો અતીન્દ્રિય આનંદ, એવો અતીન્દ્રિય અનાકુળ આનંદ એ જીવદ્રવ્યનો પોતાનો સ્વભાવ છે, એનો પોતાની મેળે શુદ્ધનો અનુભવ કરે છે.. આહાહા! એવો અનુભવમાં સમર્થ થયો. એનું નામ સમ્યગ્દષ્ટિ છે. ધર્મનું પહેલું સોપાન, ધર્મનું પહેલું સોપાન. આહાહા! પગથિયા હોય છે ને? નિસરણીનું સોપાન. એમ આ સમ્યગ્દર્શન એ પહેલું સોપાન છે. આહાહા! હજી આ તો સમ્યગ્દર્શન, હોં! ભગવાન! આહાહા!

**'પોતાની મેળે...'** ભાષા તો જુઓ! ઓહોહો..! સંતોની વાણી તો રામબાણ છે. દિગંબર સંતોએ કેવળજ્ઞાનીના કેડાયતો(એ) કેવળજ્ઞાનને ખડું કર્યું છે. ભગવાનઆત્મા સર્વજ્ઞસ્વભાવી આત્મા છે. આત્મામાં સર્વજ્ઞસ્વભાવ છે, અંતરમાં સર્વજ્ઞસ્વભાવ છે, અંતરમાં અતીન્દ્રિય અનાકુળ આનંદ છે, અંતરમાં અતીન્દ્રિય સર્વદર્શી સ્વભાવ છે. આહાહા! એ પોતાની પર્યાયમાં પોતાના સ્વભાવ વડે અનુભવ કરવામાં સમર્થ થયો. આહાહા! એવી વાત છે, પ્રભુ! આહાહા!

જન્મ-મરણથી છુટવાના પંથ તો આ છે. બાકી તો જન્મ-મરણ કરી કરીને મરી ગયો. થાક્યો નથી. થાક નથી લાગ્યો. ઓહો..! નારકીના ભવ અનંત કર્યા. પશુ, તિર્યંચના અનંત ભવ કર્યા. અબજોપતિ મનુષ્ય અનંતવાર થયો. અને સો વાર માંગે અને એક કવળ મળે એવો ભિખારી પણ અનંતવાર થયો. આહાહા! સ્વર્ગનો દેવ અનંતવાર થયો. એમાં શું થયું? એનાથી કોઈ જન્મ-મરણનો ભવ (ટળતો નથી). નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. 'મુનિવ્રત

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ધાર અનંત બૈર ગ્રૈવેયક ઊપજાયો.' 'છ ઢાળા'માં આવે છે. 'છ ઢાળા' છે ને? પંચમહાવ્રત ધારણ કર્યાં. પણ પંચમહાવ્રત તો આસ્રવ અને રાગ છે, ધર્મ નથી. આહાહા! ગજબ વાત છે, પ્રભુ! 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આહાહા!

એ આત્માના આનંદના સ્વાદમાં સમ્યગ્દૃષ્ટિ સમર્થ થયો, કહે છે. આહાહા! એ મહાવ્રતાદિના પરિણામ એ રાગ છે, આસ્રવ છે. આહા..! એ આત્માનું સ્વરૂપ નહિ અને એનાથી આત્મા પ્રાપ્ત નથી થતો. એવી વાત છે, ભગવાન! આહાહા! અહીં તો ભગવાન જ કહે છે, આત્મા અંદર ભગવાન છે. ભગવાન ન હોય તો પર્યાયમાં ભગવાન ક્યાંથી આવશે? સર્વજ્ઞ કેવળી ભગવાન થયા એ ક્યાંથી આવ્યા? એ કોઈ ચીજ બહારથી આવે છે? આહાહા! સમજાણું કાંઈ?

શું કહે છે? કે પોતાના આનંદ જ્ઞાનસ્વભાવથી પોતાના આત્માના અનુભવમાં સમર્થ થયો ત્યારથી **'જગતઃ સાક્ષી'** આહાહા! **'સકળ દ્રવ્યસ્વરૂપનું જાણનશીલ થઈને...'** બસ. ત્યારથી ધર્માત્મા જ્ઞાની થયો, પોતાના આનંદ સ્વભાવનો અનુભવ કરીને સમર્થ થયો. ત્યારથી ધર્મી જીવ જ્ઞાની થયો, ત્યારથી પોતાથી પર ચીજ જે અનંત આત્મા આદિ છે, અનંત જડ આદિ શરીર, વાણી, મન, લક્ષ્મી, ધૂળ આદિ છે. એ બધાનો જાણનશીલ થયો. છે એને જાણે છે, બસ. એ ચીજ મારી છે, એ દૃષ્ટિ છૂટી ગઈ. સમજાણું કાંઈ? આહાહા! બાપુ! મારગડા જુદા, ભાઈ! આહાહા!

અનંતકાળથી આમ ને આમ મરી ગયા. જુઓને પેલા અહીં બેસતા બિચારા. બહુ પ્રેમથી, હોં! ગમે તે કારણ હોય પણ અહીં આવ્યા પછી કહે અહીં બહુ શાંતિ છે. એવું કહેતા. ત્યાં ગમે તે હો. એની અમને ખબર નથી. પણ અહીં કહે છે. 'પૂનમચંદ' કહેતા હતા ને? 'મહાવીરજી' કરતાં અહીંયાં બહુ શાંતિ છે. શું થયું? ક્ષણમાં ખલાસ થઈ ગયો. ઓહો...! દેહની સ્થિતિ એટલી હોય. એમાં કાંઈ (ન કરી શકે). એ સમય પલટે નહિ અને વધે નહિ. દેહ છૂટવાનો જે સમય છે એ સમયે જ દેહ છૂટશે. લાખ ડોક્ટરો-ઇન્દ્રો આવે તો એક સમય વધે એમ નથી. ઓહો..! આ જન્મ-મરણ કરીને સોથા નીકળી ગયા. દુઃખી થઈને. એ જન્મ-મરણ મટવાનો ઉપાય હોય તો એક આ છે.

હું આનંદસ્વરૂપ, હું જ્ઞાનસ્વરૂપ, હું વીતરાગમૂર્તિ જિનસ્વરૂપ (છું). 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ. યહી વચનસે સમજ લે જિનપ્રવચન કા મર્મ.' ઝીણી વાત છે, ભગવાન! આહાહા! 'જિન સો હી આત્મા' અંદર આત્મા જિનસ્વરૂપી પ્રભુ છે. જિનસ્વરૂપી છે તો પર્યાયમાં જિનસ્વરૂપી પરમાત્મા થાય છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. અંદર છે એ મળે છે. આહાહા! 'જિન સો હી આત્મા અન્ય સો હી કર્મ.' પુણ્ય પાપ આદિ રાગ એ બધા કર્મ છે, એ આત્મા નહિ. 'યહી વચનસે સમજ લે જિનપ્રવચન કા મર્મ.' ત્રિલોકનાથ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જિનેશ્વરદેવની આગમની વાણીમાં એના મર્મ આ છે. ઝીણું છે, ભાઈ! જગતના પરિચય આડે આ પરિચય કર્યો નથી. અને અત્યારે તો આવી વાત સાંભળવી મુશ્કેલ પડે છે. આ કરો... આ કરો..., વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ કરો, પૂજા કરો. એ બધી રાગની ક્રિયા છે. એ ધાર્મિક ક્રિયા નહિ. ભગવાન! ઝીણી વાત છે, પ્રભુ! આહાહા!

અહીં તો પ્રભુ આત્મા એ પુણ્ય-પાપના રાગથી ભિન્ન, પોતાના શુદ્ધ સ્વરૂપના અનુભવમાં સમર્થ થયો ત્યારથી એ જ્ઞાની પોતાથી ભિન્ન અનંત દ્રવ્ય જે વસ્તુ છે એનો જાણનશીલ રહ્યો, જાણનાર રહ્યો. પોતાપણાની માન્યતા છોડી દીધી. હું એનો અને એ મારા એ માન્યતા છૂટી ગઈ. સમજાય છે? ભાષા તો સાદી છે. ભાવ ઝીણા છે. ઓહોહો..!

**'અહીંથી શરૂ કરીને, સકળ દ્રવ્યસ્વરૂપનું...'** આહાહા! એ સર્વજ્ઞ પરમાત્મા હો તો પણ આત્મા તેનો જાણનશીલ રહ્યો. એ પરમાત્મા મારા છે એ વાત નથી. એ તો પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ? અને સ્ત્રી, કુટુંબ, પરિવાર, મકાન, લક્ષ્મી, ધૂળ એ બધા પરદ્રવ્યનો, જ્ઞાની થયો, ધર્મી થયો તો એ પરદ્રવ્યનો જાણનશીલ થયો. જાણવાલાયક છે એમ રહ્યો. કહો, વાત તો સમજાય એવી છે. આમાં કાંઈ ઝીણી વાત નથી. સંસ્કૃત અને વ્યાકરણ એવું કંઈ નથી, ભગવાન! અહીં તો સીધો માર્ગ છે. પરમેશ્વર ત્રિલોકનાથ જિનેશ્વરદેવ પરમાત્મા, જેને એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જણાયા એ ભગવાનની વાણીમાં તો આ આવ્યું છે, પ્રભુ! આહાહા!

મુમુક્ષુ :– પોતાનું શું છે?

ઉત્તર :– પોતાના આનંદ અને જ્ઞાન. કહ્યું ને? અતીન્દ્રિય આનંદ અને પોતાનું જ્ઞાન એ પોતાનું છે. એનો અનુભવ થયો કે હું તો આ છું. આહાહા! સમ્યગ્દર્શનમાં આવી ચીજનો અનુભવ થઈને પ્રતીતિ થઈ ત્યારથી પોતાથી ભિન્ન દ્રવ્યનો જાણનશીલ રહ્યો, જાણનાર રહ્યો. આહાહા! જ્ઞાની અને ધર્મી એને કહીએ કે પોતાથી ભિન્ન ચીજને, પોતાની ચીજનો પોતામાં અનુભવ કર્યો, પણ પોતાથી ભિન્ન ચીજનો જાણનશીલ રહ્યો. સમજાય એવી વાત છે, ભગવાન!

અરે..! કદી એણે કર્યું નથી. જન્મ-મરણ ચોર્યાસીના અવતાર કરી કરીને મોટો રાજા થયો, અબજોપતિ (થયો) જેની એક એક દિવસની અબજો રૂપિયાની ઊપજ. એવો એક રાજા છે. ક્યુ ગામ? 'ઈરાક'. એક દિવસની પચાસ લાખની પેદાશ છે. ભાઈ! એક દિવસની પચાસ કરોડ. અડધા અબજની પેદાશ છે. રાજ્ય નાનું છે પણ ત્યાં પેટ્રોલના કૂવા નીકળ્યા છે. દેશ નાનો છે પણ પેટ્રોલ એટલું નીકળ્યું કે એક દિવસની પચાસ કરોડની ઊપજ. અત્યારે છે. એના પહેલા હતો એને એના ભાઈએ મારી નાખ્યો. આવી મોટી પેદાશ ને એ તો અનાર્ય દેશ. એને ભાન તો ન મળે કે આત્મા જાશે ક્યાં? એ તો માનતા ન હોય. મારીને પોતે ગાદીએ બેઠો છે. એક દિવસની પચાસ કરોડની પેદાશ! એય..! અડધો અબજ. અડધો અબજ થયા ને? સો કરોડનો એક અબજ, પચાસ કરોડના અડધો અબજ. ધૂળમાં શું? મરીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નરકે જવાના. આહા..!

અહીંયાં પરમાત્મા અંદર અનંત લક્ષ્મી, અનંત જ્ઞાન અને અનંત દર્શન જેમાં પડ્યા છે, એનો જ્યાં સ્વસન્મુખ થઈને અનુભવ થયો... પરથી, રાગથી, નિમિત્તથી, પર્યાયથી વિમુખ થઈને ત્રિકાળી સ્વભાવની સન્મુખ થઈને... આહાહા! નિજ આનંદનો અનુભવ થયો ત્યારે પ્રતીતિ થઈ કે હું તો જ્ઞાન અને આનંદમૂર્તિ છું અને પરદ્રવ્ય છે એ મને જાણવાલાયક છે. એ મારા છે એમ વાત રહી નહિ. આહાહા!

'ભરતચક્રવર્તી' છ ખંડનો રાજા. 'ઋષભદેવ' ભગવાનના પુત્ર હતા. સમકિતી, આત્મજ્ઞાની હતા. છ ખંડના રાજા, સોળ હજાર તો દેવ સેવા કરે. સોળ હજાર દેવ અને છન્નું હજાર સ્ત્રી, છન્નું કરોડ ગામ. પણ એ ચીજ મારી નથી. હું આત્મા આનંદ છું. આહાહા! સમજાણું કાંઈ? મારી ચીજમાં તો પુણ્ય-પાપ પણ નથી. નવ તત્ત્વ છે ને? તો પુણ્યતત્ત્વ, પાપતત્ત્વ અને આત્મતત્ત્વ ભિન્ન ભિન્ન છે. નવ છે ને? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ. આહાહા! ભગવાનની વાણી તો જુઓ સહેલી!

કહે છે કે ભગવાન! શરીર, વાણી, મન, કર્મ તો અજીવ. એ અજીવમાં ગયા. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસનાના ભાવ એ પાપમાં ગયા અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ પુણ્યમાં ગયા અને એનાથી ભિન્ન રહ્યો તે આત્મા. આહાહા! સમજાય છે કાંઈ? સમજાય છે એ ગુજરાતી ભાષા છે. સમજાણું કાંઈ? અમારી ગુજરાતી ભાષા આવી જાય છે.

અહીં કહે છે કે **'સકળ દ્રવ્યસ્વરૂપનું જાણનશીલ થઈને શોભે છે.'** આહાહા! શું કહે છે? પરદ્રવ્ય મારા છે એ માન્યતા તો અશોભનીય હતી, મિથ્યા ભ્રાંતિ હતી. પણ પોતાનું સ્વરૂપ જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ પ્રભુ અનાદિઅનંત નિત્યાનંદ પ્રભુ, એનું જ્યાં ભાન થયું ત્યારથી પરદ્રવ્યનો જાણનશીલ (રહ્યો) એમાં એની શોભા છે. એને મારા માનવા એ શોભા તો અશોભા છે. આહાહા! ભગવંત! તારી વાત તો જો. ભાઈ! આહાહા! કહો, 'પંડિતજી'! આવી વાત છે.

ભાષા કેવી છે? કે **'જાણનશીલ થઈને શોભે છે.'** છે ને? **'चकास्ति'** આહાહા! હું તો જ્ઞાન અને આનંદ છું એવો સમ્યગ્દર્શનમાં અનુભવ થયો તો પોતાથી પરદ્રવ્યને જાણનાર રહ્યો એ મારી શોભા છે. પરદ્રવ્ય મારું (માને) એ શોભા નથી. આહાહા! સમજાણું કાંઈ? આ તો ભાષા તો બહુ સાદી છે. કોઈ સંસ્કૃત ને વ્યાકરણ નથી. ભગવાન ત્રિલોકના નાથ પરમેશ્વરની આ તો વાણી છે, ભાઈ! આહાહા! શરીરનો પણ જાણનશીલ રહ્યો એ મારી શોભા છે. શરીર મારું એ મારી શોભા નથી. આહાહા! શેઠ! આહાહા!

ભગવાન શું કહીએ? અરે..રે..! ક્યાંથી આવી ગયા અને ક્યાં પડ્યા છીએ? બાપુ! આહાહા! માર્ગ કોઈ બીજો છે. આહાહા! આવો જિનેશ્વરદેવનો પોકાર છે. આવી વાત અત્યારે તો બહારમાં આ કરો... આ કરો (ચાલ્યું છે) પણ વસ્તુ શું છે એના ભાન વિના. આહાહા! અરે..! ભગવાન તારા જન્મ-મરણના અંતની રીત તો આ છે. દેવની ગતિ પણ દુઃખરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રભુ તો કહે છે. આહાહા! કેમકે ત્યાં રાગ છે. આહાહા! ઇન્દ્ર અને ઇન્દ્રાણીઓ વચ્ચે રાગ. અરે..રે..! એ તો દુઃખી છે. એ સુખી નહિ. ઇન્દ્ર. પહેલા દેવલોકનો ઇન્દ્ર છે. શક્રેન્દ્ર છે અત્યારે. બત્રીસ લાખ તો વિમાન છે. સુધર્મ ઇન્દ્રના. સુધર્મ-સુધર્મ દેવલોક. બત્રીસ લાખ વૈમાન. એક એક વિમાનમાં અસંખ્ય દેવ. કોઈમાં દેવ થોડા હોય. કોઈ વિમાન નાના છે. બાકી ઘણામાં તો અસંખ્ય દેવ છે. આહાહા! એનો સાહેબો શક્રેન્દ્ર, ભગવાન શાસ્ત્રમાં કહે છે કે એ એકાવતારી છે. એટલે? ત્યાંથી એક ભવ કરીને મોક્ષે જવાના છે. આહાહા! સમ્યગ્દૃષ્ટિ છે, આત્મજ્ઞાની છે. આહાહા! એ જાણનશીલ (છે), પરદ્રવ્યનો જાણનશીલ થઈને રહ્યો એમાં શોભે છે. એ મારા છે એમાં શોભા નથી. આહાહા! બત્રીસ લાખ વિમાન એ તો ધૂળ, પર છે. હું તો એનો જાણનશીલ એ મારી શોભા છે. એને મારા માનવા એ મારી શોભા નથી. અને એની સ્ત્રી ઇન્દ્રાણી છે. મિથ્યાદૃષ્ટિપણે ઉત્પન્ન થઈ હતી. કારણ કે સ્ત્રીપણે ઉત્પન્ન થાય એ મિથ્યાદૃષ્ટિપણે જ ઉત્પન્ન થાય. સમ્યગ્દૃષ્ટિ સ્ત્રીપણે ઉત્પન્ન ન થાય. આવી હતી ઇન્દ્રાણી મિથ્યાદૃષ્ટિપણે પછી આત્મજ્ઞાન પામી છે. ભગવાન તો આગમમાં સિદ્ધાંતમાં એમ કહે છે કે એ પણ એકભવતારી છે. એક ભવે એ પણ મોક્ષે જશે. પતિ-પત્નિ બેય એક ભવે મોક્ષ જવાના છે. ત્યાંથી છૂટીને એક મનુષ્યભવ થશે અને ત્યાંથી મોક્ષે જવાના. એ જ્યારે ભગવાનની વાણી સાંભળે એ વાણી કેવી હોય! બાપુ!

સર્વજ્ઞ પરમાત્મા પાસે જાય છે ને ઇન્દ્ર? મહાવિદેહક્ષેત્રમાં સીમંધર ભગવાન બિરાજે છે. પાંચસો ધનુષ્યનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે. 'મુનિસુવ્રત' ભગવાન હતા ત્યારે તો દીક્ષા (લીધેલી). આગામી ચોવીશીના તેરમા તીર્થંકર થશે ત્યારે મોક્ષે જશે. મહાવીર ભગવાન આદિ તો ણમો સિદ્ધાણંમાં ગયા. આ ણમો અરિહંતાણંમાં છે. સમજ્યા? શરીર છે, વાણી છે પણ ણમો અરિહંતાણંમાં છે. ચાર કર્મ ગયા, ચાર બાકી છે. 'મહાવીર' પરમાત્મા મોક્ષે ગયા. આ છે તો અરિહંતાણંમાં છે. આહાહા! ઇન્દ્ર અને ઇન્દ્રાણી 'સીમંધર' ભગવાન પાસે જાય છે. અત્યારે પણ સાંભળવા જાય છે. એક ભવે મોક્ષે જવાનું નિશ્ચિત થઈ ગયું છે. ત્રણ જ્ઞાન વર્તમાન મતિ, શ્રુત, અવધિ (છે). આહાહા! એ વાત કેવી હોય, બાપુ! એ ધર્મની કથા અલૌકિક છે, બાપુ! ભાઈ! આ દયા પાળો, એ તો કુંભાર પણ કહે છે. સમજાણું કાંઈ? ભાઈ! તારા મારગડા જુદા છે.

અહીં કહે છે, અહીં તો ગજબ કર્યું છે. જગતનો સાક્ષી શોભે છે. જોયું! શું કહે છે? ભગવાનઆત્મા જ્યારે આત્મજ્ઞાન પામે છે... આહાહા! એ રાગનો ભાવ, પુણ્યનો ભાવ, વ્રતાદિ એનાથી પણ ભિન્ન, પોતાની ચૈતન્યલક્ષ્મીના પુંજના નિધાન ઉપર નજર જાય છે, પોતાના નિધાન ઉપર નજર જાય છે ત્યારે આત્મજ્ઞાન થાય છે. ત્યારે જગતને જાણનાર રહે એ એની શોભા છે. કોઈપણ જગતની ચીજ, તીર્થંકર પણ મારા એ માન્યતા ખોટી છે. તો પછી સ્ત્રી, કુટુંબ, ભાઈ, બાઈઓ ને બધા.. અરે..! ભગવાન! કોના ભાઈ? એ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જડ પર ચીજ છે. આહાહા!

અહીં આચાર્યની ભાષા તો જુઓ! કે જ્યારથી આત્મા સમ્યગ્દર્શન પામે છે, રાગથી ભિન્ન અનુભવ થયો ત્યારથી જગતનો સાક્ષી (થાય છે). પોતાના સિવાય અનંત નિગોદના જીવ, અનંત સિદ્ધના જીવ, અનંત રજકણો (એનો સાક્ષી રહે છે). આ એક ચીજ નથી. આ તો અનંત રજકણનો પિંડ છે. અનંત પરમાણુનો પિંડ છે. ટુકડા કરતા... કરતા.. કરતા... છેલ્લો ટુકડો રહે તેને પરમાણુ કહે છે. એવા અનંત પરમાણુનો પિંડ છે. આ આંગળી, હોં! આહાહા! તો કહે છે કે જ્યારથી આત્મજ્ઞાન થયું, સમ્યગ્દર્શન થયું ત્યારથી જગતની બધી ચીજ લક્ષ્મી હો કે ચક્રવર્તીનું રાજ હોય, પણ ધર્મી તો તેનો જાણનશીલ રહે છે એમાં એની શોભા છે. સમજાણું કાંઈ?

અહીં તો જ્યાં બે-ચાર, પાંચ લાખ મળે ત્યાં જાણે અમે મોટા પૈસાવાળા થઈ ગયા. અરે..! ભગવાન! એ ધૂળની ચીજ તારી ક્યાંથી થઈ? આ માટી છે. આ તો જગતના રજકણ પરમાણુ છે. એ આવ્યા છે અને રાખ થઈને ઊડી જશે. એ કાંઈ તારી ચીજ નથી. એ તારામાં નથી. એમાં તું નથી, તારામાં એ નથી. આહાહા! એવું સમ્યગ્દર્શન થયું ત્યારથી જગતનો સાક્ષી થયેલો શોભે છે. આહાહા! અનંત પરમાણુઓ, અનંત આત્માઓ, નિગોદ. નિગોદ સમજો છો? કાય હોય છે ને? આ લસણ, ડુંગળી એની એક કટકી લ્યો. લસણ સમજો છો? લસણને હિન્દીમાં શું કહે? આ લસણ એની રાય જેટલી એક કટકી હોય ને? તો એ રાય જેટલી કટકીમાં અસંખ્ય ઔદારિક શરીર છે. એક શરીરમાં અનંત સિદ્ધ થયા એનાથી અનંતગુણા જીવ છે. આહાહા! એ બધા જીવનો જાણનશીલ રહ્યો, એમ કહે છે. પરની દયા પાળનારો, પરને મારનાર એ રહ્યો નહિ. ઝીણી વાત છે, ભગવાન! આ તો વીતરાગનો માર્ગ, ભાઈ! આહાહા! એ પરમ વીતરાગની વાણી સાંભળવા મળે એ પણ ભાગ્યવાન હોય એને મળે, એવી ચીજ છે. આહાહા! બાકી તો ધૂળધમાહા (છે).

શું કહ્યું? જગતનો સાક્ષી **'સકળ દ્રવ્યસ્વરૂપનું જાણનશીલ થઈને...'** સકળ દ્રવ્યસ્વરૂપ. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ. એક ધર્માસ્તિ. ભગવાને છ દ્રવ્ય જોયા છે ને? ભગવાને તો છ દ્રવ્ય જોયા છે. એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય, એક આકાશ, અસંખ્ય કાળાણુ, અનંત આત્મા, અનંત પરમાણુ છે. ભગવાને આ છ દ્રવ્ય જાતિએ જોયા છે. સંખ્યાએ અનંત (જોયા છે). આહાહા! એ જ્યારથી આત્મા આનંદસ્વરૂપ અને જ્ઞાનસ્વરૂપનું ભાન થયું ત્યારથી સમ્યગ્દષ્ટિ જીવ જ્ઞાની થયો. જ્ઞાની થયો તો જગતની ચીજનો સાક્ષી થયો. જગતની ચીજનો જાણનશીલ થઈને રહ્યો એ એની શોભા છે. આહાહા!સમજાય છે? ભાઈ! ભાષા તો બહુ સાદી છે, ભગવાન! એ ભાઈએ કહ્યું હતું, શેઠે કહ્યું હતું, મહેમાન આવ્યા છે તો હિન્દી માગશે. પહેલું કહ્યું હતું. તમારા આવ્યા પહેલા, હોં! હિન્દીમાં લો. ... કોઈક દિ' આવે તો... આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં તો પરમાત્મા ગજબ વાત કરે છે. આહાહા! ચાર લીટી કાલે ચાલી હતી. એક વાર હિન્દીમાં આવ્યું. ઓહોહો..! કેમકે આત્મા તો જ્ઞાનનો પિંડ છે. આત્મા ચિદ્રૂપ, જ્ઞાનરૂપ જેનું રૂપ જ જ્ઞાન છે. જેનું સ્વરૂપ સ્વ-પોતાનું રૂપ જ જ્ઞાન છે. આ શરીરનું રૂપ કહે છે ને? એ તો માટી-ધૂળનું છે. ભગવાનઆત્માનું રૂપ, સ્વરૂપ જ્ઞાનસ્વરૂપ છે, આનંદ સ્વરૂપ છે. આનંદ એનું રૂપ છે. આહાહા! શાંતિ એનું સ્વરૂપ છે. સ્વ-રૂપ છે. વીતરાગતા જેનું રૂપ અને સ્વ-રૂપ છે. આહાહા! અરે..રે..! એવી વાત સાંભળવા મળે નહિ. એ કે દિ' વિચાર કરે અને ક્યારે બેસે? આહાહા! દુર્લભ વસ્તુ છે. આહાહા! મનુષ્યપણામાં કરવા લાયક હોય તો આ કરવાનું છે. બાકી બધા થોથા છે. આહાહા!

**'જાણનશીલ થઈને શોભે છે.'** આહાહા! ભાષા તો જુઓ! પોતા સિવાય રાગાદિ પરવસ્તુ... જ્ઞાનીને પણ રાગ આવે છે. પોતાના સ્વરૂપનું ભાન હોવા છતાં સ્વરૂપમાં ઠરી શકે નહિ તો અશુભથી બચવા દયા, દાન, ભક્તિ, પૂજા આદિનો ભાવ આવે છે, પણ આવે છે એનો જાણનશીલ થઈને રહે છે. એ એની શોભા છે. આહાહા! જ્યાં સુધી વીતરાગતા ન પ્રગટે ત્યાં સુધી રાગ આવે છે. ત્યાં સુધી આત્મજ્ઞાનીને પણ અશુભથી બચવા શુભભાવ આવે છે. પણ એનો જાણનશીલ થઈને રહે છે. એનો કર્તા-ભોક્તા નથી. આહાહા! સમજાણું કાંઈ? આ તો સમજાય એવી ભાષા છે, પ્રભુ! આહાહા! તારા ઘરની વાત છે ને, નાથ! આહાહા!

સંતોએ ગજબ કામ કર્યું છે! આહાહા! દિગંબર મુનિઓ, સાચા અંતર આત્મજ્ઞાનના આનંદમાં ઝુલનારા, અતીન્દ્રિય આનંદના ઝુલામાં ઝુલનારા મુનિ છે. એનું નામ મુનિ છે. આહાહા! એ વિકલ્પ આવ્યો તો શાસ્ત્ર બની ગયું. એ વિકલ્પનો પણ જાણનશીલ થઈને રહ્યો, એમ કહે છે. 'દેવીલાલજી'! આહાહા! જગતનો સાક્ષી થયો. એમ કહ્યું ને?

**'जगतः साक्षी'** આહાહા! **'जगतः साक्षी'** તારા જગતના ચક્ષુ જાણન રહ્યા, બસ. રાગથી માંડીને કોઈ ચીજ મારી છે એમ સમકિતી માનતા નથી. આહાહા! ધર્મના પહેલા દરજ્જાવાળો જીવ, ધર્મના પહેલે દરજ્જે સમકિતી, જ્ઞાન એ જીવ પોતાના સિવાય પર જીવનો, પર આત્માનો, પર પરમાણુનો જાણનશીલ-જાણવાના સ્વભાવમાત્ર થઈને રહ્યો એ એની શોભા છે. આહાહા! તીર્થંકર મારા છે એવી માન્યતા સમકિતીને નથી. પરદ્રવ્ય છે ને? આહાહા! સ્ત્રી, કુટુંબ, પૈસા, પુત્ર ને આ મારો પુત્ર છે, મારી ગાડી... ધૂળેય નથી, સાંભળને. આહાહા! લોકોએ મુર્ખાઈમાં આવા જીવન ગાળ્યા. મુર્ખાઈ કહેવાય ને? આહાહા! ગજબ કામ કર્યું છે ને!

એક તો પોતાનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે એની સન્મુખ થઈને અનુભવ કર્યો. અનુભવ. સ્વરૂપની ચીજ છે એને અનુસરીને આનંદમાં આવ્યો તો અનુભવ થયો. તો 'અનુભવ રત્નચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ. અનુભવ મારગ મોક્ષનો અનુભવ મોક્ષ સ્વરૂપ.' આહાહા! ત્યારથી જગતનો સાક્ષી (થયો). આહાહા! અનંત આત્માઓ, કુટુંબ મોટું હોય, ચક્રવર્તીની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છન્નું હજાર સ્ત્રી, બત્રીસ હજાર દીકરીઓ, બત્રીસ હજાર જમાઈ. જમાઈ કહે ને? ચોસઠ હજાર દીકરા-ચોસઠ હજાર દીકરીઓ પણ એ ચીજને હું જાણું છું કે એ છે. બસ. આહાહા! આ તો ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં પણ સમ્યગ્દર્શન થયું એ પર ચીજનો જાણનશીલ થઈને રહ્યો. આહાહા! અરે..! પ્રભુ આ વાત ક્યાં છે? નાથ! તું કોણ, એ ક્યાં? આહાહા! ક્યાંય કોઈ ચીજ કદી એક હોતી નથી. ભિન્ન તો ભિન્ન રહે છે. બે ચીજ કદી એક થતી નથી. માને છે કે આ બાયડી મારી, આ દીકરા મારા, પૈસા મારા. આહાહા!

મુમુક્ષુ :– જગત તો જાણે ...

ઉત્તર :– એ વળી પછી બતાવવા વાણી નીકળે એ જુદું આખું. એ તો વાણી નીકળવાને કાળે વાણી નીકળે છે. અને વાણીનો પણ જાણનશીલ છે. વાણીનો પણ કર્તા નથી. ... **'जगतः साक्षी'** માં બધો સાર આવી ગયો. વાણી નીકળે છે એ પણ જડ પરદ્રવ્ય છે. વાણી જડ છે. ધ્વનિ ઊઠે છે. ભગવાનની વાણી.. 'મુખ ઓમકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે...' ત્રણલોકના નાથના મુખમાંથી ૐ ધ્વનિ છૂટે. તીર્થંકરને આવી વાણી ન હોય. ૐ આખો... 'મુખ ઓમકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશે ભવિક જીવ સંશય નિવારે.' આહાહા! એની વાણીનો એ કર્તા ભગવાન નથી એમ કહે છે. ચોથે ગુણસ્થાનેથી વાણીનો સાક્ષી થયો. જગતનો સાક્ષી કીધું. જગતમાં બધું આવ્યું. વાણી, મન, રાગ, પુણ્ય, પાપ એના ફળ આ બહારની ધૂળ આદિ મળે એ. ધૂળ મળી. આહાહા! એનો સમ્યગ્દષ્ટિ જીવ, ધર્મની પહેલી સીઢીવાળો જીવ પોતાના જ્ઞાન અને આનંદ સ્વરૂપને જાણનાર અને પોતાના સિવાય પર ચીજનો જાણનશીલ (રહે છે), હું તો જાણવાના સ્વભાવવાળો છું. આહાહા! વાણી નીકળે છે એને હું કર્તા નથી એમ કહે છે.

મુમુક્ષુ :– એ તો માન્યતા છે.

ઉત્તર :– માને એ બુદ્ધિ. અંદર જડની ધ્વનિ ઊઠે છે. આહાહા! સમજાણું કાંઈ? આ તો તમે કહ્યું, ઉપદેશ દે. ઉપદેશ કોણ દે? માર્ગ એવો ઝીણો, બાપુ!

મુમુક્ષુ :– ઉપદેશ ...

ઉત્તર :– ... ના પાડે છે. એની લાયકાત હોય તો સમજે છે ત્યારે ભાષાને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા! એવી વાત બહુ આ તો...

મુમુક્ષુ :– નિમિત્ત ...

ઉત્તર :– નિમિત્તથી એમાં કાંઈ થતું નથી. ત્યારે નિમિત્ત કહેવામાં આવે છે કે નિમિત્તથી એમાં કાંઈ થતું નથી.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ના, વગર નિમિત્તે જ અંદર ચાલે છે.

મુમુક્ષુ :– ..

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– ના, તમારી પર્યાયની યોગ્યતા છે તો થાય છે. એવી વાત છે. બહુ ઝીણી વાત છે. જગતની ઊંધાઈનો પાર નથી. આહાહા! પોતાની એ સમયની જાણવાની પર્યાય પોતાથી થાય છે. એમાં એને નિમિત્ત ગણવામાં આવે છે. નિમિત્તથી થયું નથી. નિમિત્તથી થયું? એની પર્યાય તો સ્વકાળે થઈ છે. ઝીણી વાત છે. દ્રવ્યની જે પર્યાય છે, સિદ્ધાંતમાં પ્રભુ એમ કહે છે, એ જન્મક્ષણ છે. તે તે પર્યાયની ઉત્પત્તિનો કાળ ત્યાં છે એટલે ઉત્પન્ન થાય છે. પરથી નહિ. આહાહા! આકરી વાત, બાપુ! વીતરાગનો માર્ગ... જિનેશ્વરની એ વાત બીજે ક્યાંય નથી. જિનેશ્વર સિવાય અન્યમાં વેદાંત અને આત્મા સર્વવ્યાપક (માનનાર) અને સાંખ્ય આદિ બધા મિથ્યામાર્ગ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– નિમિત્તના ભેદ-ઉદાસીન અને પ્રેરક...

ઉત્તર :– એ તો એકની એક વાત છે. એ તો એક નિમિત્ત ગતિ કરે એને પ્રેરક કહેવાય. પણ પરને માટે તો ઉદાસીન જ છે. 'સ્વામી યોગીન્દ્રદેવ'ના 'ઈષ્ટોપદેશ'ની ૩૫મી ગાથા છે, કે ધર્માસ્તિકાયવત બધા નિમિત્ત છે. કોઈ નિમિત્ત પરમાં કંઈ કરે એવી ચીજ નથી. જેમ જીવ અને શરીર ગતિ કરે છે તો ધર્માસ્તિ તત્ત્વ ભગવાને દીઠું છે તો નિમિત્ત કહેવામાં આવે છે. પણ નિમિત્તથી આ ગતિ કરે એમ નથી. ઝીણી વાત છે. અત્યારે તો ઘણો ફેરફાર થઈ ગયો. એ તો બધી ખબર છે ને. ૬૪ વર્ષ તો અહીં દીક્ષા લીધા એને થયા. ૬૪ વર્ષ. શરીરને ૮૮મું વર્ષ ચાલે છે. ૯૦માં બે ઓછા. એ તો કોમળ શરીર છે એટલે દેખાતું નથી. ૮૮. બે આઠ. ૯૦માં બે ઓછા. પણ શરીર કોમળ છે, પુણ્ય છે એટલે બહુ દેખાતું નથી. આહાહા!

અહીં તો કહે છે કે ધજા હલે છે ને ધજા? પવન છે એ પ્રેરક નિમિત્ત છે. પણ પવનથી ધજા હલે છે એમ નથી. ઝીણી વાત છે, બાપુ! એ ધજાની પર્યાય એમ થવાનો એની પર્યાયનો કાળ છે. પવનને તો નિમિત્ત કહે છે. નિમિત્તથી ધજા આમ હલે છે એમ ત્રણકાળમાં નથી. પર ચીજ તો ઉદાસીન ધર્માસ્તિકાયવત (છે) એ 'ઈષ્ટોપદેશ'માં છે. 'પૂજ્યપાદસ્વામી'. 'પૂજ્યપાદસ્વામી' થઈ ગયાને? મુનિ, દિગંબર સંત વનવાસી. એણે કહ્યું, નિમિત્ત ધર્માસ્તિકાયવત છે. એ તો ઇચ્છાવંત પ્રાણી ગતિ કરનાર હોય તો પ્રેરક કહો, એ તો ઉદાસીન નિમિત્ત છે. પણ પરને માટે તો બધા ઉદાસીન નિમિત્ત છે. આહાહા! ઝીણી વાત, બાપુ! આ ગજબ કર્યું અહીં.

**'જાણનશીલ થઈને શોભે છે.'** આહાહા! **'चकास्ति'** કીધું ને? ધર્મીજીવને જ્યારથી સમ્યગ્દર્શન થયું અને શુદ્ધ ચૈતન્યનો અનુભવ થયો ત્યારથી પોતા સિવાય અન્ય વાણી, શરીર, કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર, મિત્ર, શત્રુ એ બધા જગતમાં છે તો એનો જાણનાર છે. આ મારો શત્રુ છે અને આ મારો મિત્ર છે, એવું એમાં કાંઈ છે નહિ. આહાહા! સમજાણું કાંઈ? આવી વાત છે, ભગવાન! ન સાંભળે એને આકરી લાગે, બાપા! બધી ખબર છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં તો દુનિયાને જોઈ છે અને જાણી છે. આહાહા! ઓહોહો..!

ત્યાં અમારે 'પાલેજ'માં દુકાન હતી ને? તો ત્યાં એક બ્રાહ્મણ હતો. વેદાંતી બહુ હોંશિયાર. અમારા શું કહેવાય? ગ્રાહક હતો. વેદાંતની વાતું કરે. પણ અમે તો નાની ઉંમરથી જૈન. કીધું, આ નહિ. આવતા. એના શિષ્યો પગે લાગે. અમારા ગ્રાહક હતા. ગ્રાહક સમજો છો? ગ્રાહક. મેં કીધું, આ નહિ. 'પાલેજ'માં અમારી દુકાન છે. 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે 'પાલેજ' છે. .. ત્યાં અમારી દુકાન હતી. અત્યારે પણ છે. મને દુકાન છોડે ચોસઠ વર્ષ થયા. દુકાન છોડે. સાડી ત્રેવીસ વર્ષે છોડી દીધી. અડસઠ સાલથી છોડી દીધી. મોટી દુકાન ચાલે છે. ત્રણ લાખની પેદાશ છે. અત્યારે દુકાન ચાલે છે. એક વર્ષની ત્રણ લાખની પેદાશ-ઊપજ છે. મોટી દુકાન છે. એ વખતથી દુકાન છે. ... ત્યાં બ્રાહ્મણ આવતો હતો. એવો વેદાંતી જાણે આમ બીજાને ઓહોહો..! (થઈ જાય). તદ્દન જૂઠો. કીધું, જૈન પરમેશ્વરે કહેલા માર્ગ સિવાય બીજો કોઈ સાચો માર્ગ નથી.

એકવાર કહ્યું હતું. એકવાર બે સાધુ આવ્યા હતા. 'કબીર'નો સાધુ. આ તો ઘણા વર્ષ પહેલાની વાત છે. લગભગ ૬૫-૬૬ની. સંવત્ ૧૯૬૫-૬૬. ઘણા વર્ષ થઈ ગયા. ૬૮ વર્ષ. એક 'કબીર'નો સાધુ આવ્યો હતો અને એક વેદાંતનો આવ્યો હતો. અમારી દુકાન પાછળ ધર્મશાળા છે. તો ત્યાં મોટી ચર્ચા થઈ. અમે જૈન લોકો સાંભળવા ગયા કે આ શું કહે છે? તે દિ' તો ૧૭-૧૮ વર્ષની ઉંમર. સીત્તેર વર્ષ પહેલાની વાત છે. સીત્તેર વર્ષ પહેલાની. એ કહે છે કે ઈશ્વરે સૃષ્ટિ રચી. ઓલો વેદાંતી કહે. અને 'કબીર'નો સાધુ કહે કે ઈશ્વરે સૃષ્ટિ રચી તો ઈશ્વરે ક્યાં ઊભા રહીને તેણે સૃષ્ટિ રચી? ઈશ્વર ક્યાં ઊભા હતા તો તેમણે સૃષ્ટિ રચી? મોટી ચર્ચા થઈ. હું ત્યાં ગયો હતો. 'કબીર' અમારી સામું જોતા હતા. આ જૈન છે તો જૈન ઈશ્વરને ન માને. ઈશ્વર ક્યાં ઊભા હતા? અને ઈશ્વરને કોણે બનાવ્યા? ત્યાં ઓલો ભાઈ અભિમાની હતો. મારો શિષ્ય બન તો સમજાવું. પણ પહેલા કહે તો ખરો, શું છે? આહાહા! એમ ચાલે કાંઈ? અહીં તો ન્યાયથી વસ્તુની સ્થિતિ છે એમ જાણવી જોઈએ. આહાહા! અહીંયાં તો કહે છે કે નિમિત્ત હોય, પણ નિમિત્ત પરનું કાંઈ કરે તો એને નિમિત્ત કહેવામાં નથી આવતું. એ તો ઉપાદાન થઈ ગયું. આહાહા! ઝીણી વાત છે બહુ. આહાહા!

**'ભાવાર્થ આમ છે કે જ્યારે જીવને શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય છે ત્યારે સકળ પરદ્રવ્યરૂપ દ્રવ્યકર્મ-'** જડ **'ભાવકર્મ-'** પુણ્ય-પાપના ભાવ, એનો જાણનારો રહ્યો. કરનાર નહિ. ભાવ આવે છે પણ એને કરનાર જ્ઞાની-ધર્મી નહિ. એ કહે છે. જુઓ! **'સકળ પરદ્રવ્યરૂપ...'** જુઓ! ભાવકર્મને પરદ્રવ્ય કહ્યું. દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ પુણ્ય પરદ્રવ્ય છે. પોતાનું સ્વરૂપ નહિ. આહાહા! અરે..! **'દ્રવ્યકર્મ-ભાવકર્મ-'** પરદ્રવ્ય કહ્યું ને? **'પરદ્રવ્યરૂપ...'** ત્રણેય પરદ્રવ્ય. **'દ્રવ્યકર્મ-'** જડ આઠ કર્મ એ પરદ્રવ્ય, પુણ્ય-પાપના ભાવ એ પરદ્રવ્ય, **'નોકર્મ-**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



' વાણી અને શરીર પરદ્રવ્ય. આહાહા! એના **'વિષે ઉદાસીનપણું થાય છે.'** આહાહા!

ધર્મી જીવને એ ચીજ હોય છે પણ એનાથી ઉદાસીન છે. હું એ નથી. મારું આસન તો રાગથી, કર્મથી, બાહ્યથી મારી ચીજનું આસન ભિન્ન છે. મારી સત્તા એનાથી ભિન્ન છે. આહાહા! સમજાણું કાંઈ? દયા, દાન, વ્રતના પરિણામને પણ અહીંયા પરદ્રવ્ય કહ્યા. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવને પણ અહીં પરદ્રવ્ય કહ્યા. કેમકે પુણ્ય રાગ છે. આકરી વાત છે, ભાઈ! અત્યારે ચાલતું નથી એટલે લોકોને બિચારાને સાંભળવા મળે નહિ. આનાથી થાય. શુભજોગ કરતા કરતા ધર્મ થાય, એવી વાતું હલવે બિચારા શું કરે? અહીં તો કહે છે કે શુભજોગ એ પરદ્રવ્ય છે. શુભયોગ, શુભઉપયોગ ભાવકર્મ છે, એ પરદ્રવ્ય છે. આહાહા!

મુમુક્ષુ :– પોતામાંથી નીકળી જાય છે.

ઉત્તર :– નીકળી જાય. એ એની ક્યાં ચીજ છે? સિદ્ધ થયા તો પુણ્ય સાથે રહ્યું? એ વિકલ્પ તો પરદ્રવ્ય હતો, વિકાર હતો એ છૂટી ગયો. આહાહા!

**'ઉદાસીનપણું થાય છે.'** આહાહા! લ્યો! આ તો કાલ આહીં સુધી આવ્યું હતું. આ તો ફરીને આવ્યું. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**શ્રાવણ વદ ૬, શુક્રવાર તા.૫.૦૮.૧૯૭૭**

**કળશ - ૪૮, પ્રવચન - ૫૯**

કર્તા-કર્મ અધિકાર. ... ચાલે છે ને? **'ભાવાર્થ આમ છે કે જ્યારે જીવને શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય છે...'** શું કહે છે? આત્મા શુદ્ધ પવિત્ર નિર્મળ છે. એનો જ્યારે અનુભવ થાય, એટલે શુદ્ધ સ્વરૂપની સન્મુખ થઈને એની દશાનો, આનંદનો, શાંતિનો, જ્ઞાનનો અનુભવ થાય. છે? **'ત્યારે સકળ પરદ્રવ્યરૂપ...'** ત્યારે તે સમ્યગ્દષ્ટિ થયો. આહાહા! જેવું શુદ્ધ સ્વરૂપ ત્રિકાળી પવિત્ર છે, તેની પ્રતીત અને અનુભવ થતાં, તે **'સકળ પરદ્રવ્યરૂપ દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ...'** આહાહા! એનાથી ધર્મી ઉદાસ છે. એને ધર્મી કહીએ. આહાહા! **'પરદ્રવ્યરૂપ દ્રવ્યકર્મ...'** પરદ્રવ્યરૂપ **'ભાવકર્મ-'** છે ને? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ કે હિંસા, જૂઠું, ચોરી, વિષયના ભાવ એને અહીંયાં પરદ્રવ્ય કીધા છે. આહાહા!

જ્યારે એ સમ્યગ્દર્શન પામે છે ત્યારે તે આ દ્રવ્યકર્મ-ભાવકર્મ અને નોકર્મમાં ઉદાસીન થાય છે. એના પ્રત્યે આદર રહેતો નથી. આહાહા! ભાવકર્મ પ્રત્યે પણ ઉદાસીન છે એમ કહે છે. એટલે? ચૈતન્ય સત્તા જ્ઞાયકભાવથી ભરેલી, એવી અંતર દશા થતાં, એને શુદ્ધ ચૈતન્ય આત્મા પવિત્ર તે ઉપાદેયપણે રહે છે. અને જડકર્મ અને દયા, દાન કે પુણ્ય-પાપના ભાવ એ પ્રત્યે ઉદાસીન છે. એનો જાણનાર છે એમ કહ્યું. પણ એ જાણનાર પરને પોતાનું માનીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નહિ. એને ઉદાસીન રીતે જાણે છે. આહાહા! આવી ઝીણી વાતું. લ્યો! આનું નામ ધર્મ.

આનંદસ્વરૂપ ભગવાન, સચ્ચિદાનંદ પ્રભુ, સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો ભંડાર પ્રભુ, એના ઉપર દૃષ્ટિ થતાં, એટલે કે પરથી વિમુખ થઈ અને સ્વ પૂર્ણ સ્વભાવ સન્મુખ થઈ ધ્રુવને ધ્યાનમાં લઈ... આહાહા! જ્યારે આત્માનો અનુભવ, અતીન્દ્રિય આનંદનું વેદન (થાય) એને આત્માનો અનુભવ કહે છે. આહાહા! ત્યારથી તે જીવ પોતાના પૂર્ણ આનંદ સ્વરૂપને ઉપાદેય જાણતો અને રાગાદિ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઊઠે એના પ્રત્યે પણ ઉદાસ છે. આહાહા!

આ બધા વાંધા. વ્યવહાર રત્નત્રય શુભઉપયોગ હેય નથી ઉપાદેય છે એમ કહે છે. કાલે વાત ચાલી હતી. ઓલા આવ્યા હતા ને? 'મખનલાલ'. 'મોરેના'ના. જતા વખતે આવી ગયા હતા. મેં કીધું કે ભાઈ આ 'મખનલાલજી' શુભ ઉપયોગને હેય કહે છે. હેય માને છે તેને મિથ્યાત્વી કહે છે. તો કહે બરાબર છે. હેય માને તે મિથ્યાત્વી. ઠીક! ... 'કુંદકુંદાચાર્ય' 'પ્રવચનસાર'ના પહેલા ભાગમાં તો એમ કહે છે કે શુભભાવ તે હેય છે, સરાગભાવ તે હેય છે. રાગનું સરાગ સંયમપણું એ હેય છે. શુદ્ધ ઉપાદાનમાં નિર્મળ પરિણતિ વીતરાગતા તે ઉપાદેય છે. આવી વાતું. બહુ ફેર, ભાઈ!

એ અહીં કહે છે. **'ભાવકર્મ-નોકર્મ...'** શરીર અને વાણી **'વિષે ઉદાસીનપણું થાય છે.'** આહાહા! સ્વરૂપનો આદર રહે છે, પૂર્ણ સ્વરૂપનો આદર રહે છે અને રાગાદિભાવમાં ઉદાસીન રહે છે. આહાહા! **'કેવું છે જીવદ્રવ્ય? 'પુરાણઃ' દ્રવ્યની અપેક્ષાએ અનાદિનિધન છે.'** એ તો જૂનું છે. જીવદ્રવ્ય જૂનું છે, અનાદિનું છે એમ કહે છે. **'પુરાણઃ'** વસ્તુ છે એ તો અનાદિની છે. આનંદ અને જ્ઞાનનો ભંડાર પ્રભુ એવું જે જીવદ્રવ્ય એટલે વસ્તુ પુરાણી છે, જૂની છે, અનાદિની છે. આહાહા! સમજાણું કાંઈ? **'અનાદિનિધન...'** એટલે? આદિ નહિ અને નિધન એટલે અંત નહિ. આદિ અને અંત વિનાની નિધન. નિધન એટલે મૃત્યુ. જેનું મૃત્યુ નથી અને જેની શરૂઆત નથી. આહાહા! જેનો અંત નથી અને જેની આદિ નથી. ભગવાન જીવદ્રવ્ય એની આદિ શું? છે ઇ. આદિ નથી, ઉત્પત્તિ નથી એટલે આદિ નથી. અને નાશ નથી એટલે અનિધન-અવિનાશી છે. આહાહા!

**'વળી કેવું છે?'** જીવદ્રવ્ય. **''क्लेशात् निवृत्तः' ક્લેશથી અર્થાત્ દુઃખથી રહિત છે.'** આહાહા! એ પુણ્યના ભાવ પણ દુઃખરૂપ હતા. આહાહા! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ રાગ, પંચમહાવ્રતનો રાગ અને શાસ્ત્ર તરફ ઝુકતી બુદ્ધિ એ રાગ. આહાહા! **'દુઃખથી રહિત છે.'** એ બધા દુઃખ છે. પહેલા ભાવકર્મથી ઉદાસીન કહ્યું હતું. ત્યારે આ જીવ છે એ અનાદિઅનંત છે. આહાહા! અને ક્લેશથી નિવૃત્ત છે. વિકલ્પમાત્ર ઊઠે એ દુઃખ છે. કેમકે ભગવાનઆત્મા તો અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય આનંદનું દળ છે. એનાથી વિરુદ્ધ ચાહે તો ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ ઊઠે... આહાહા! અને પંચમહાવ્રતના પરિણામ, શાસ્ત્રનું શ્રવણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરવાનો રાગ... આહાહા! એ બધું દુઃખ છે. દુઃખથી નિવૃત્ત છે. આહાહા!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હેય માને નહિ. આનો આદર કરે છે એટલે આનો આદર નથી, એ દુઃખ છે, બસ. એ તો સમજાવવા માટે કહેવાય કે આ હેય છે. આ હેય કરવા જાય ત્યાં વિકલ્પ છે.

અહીંયાં તો શુદ્ધ ચૈતન્ય આનંદપ્રભુ, એના જેને અંદર ભેટા થયા, અંદર ભગવાનના ભેટા થયા. આહાહા! પરમાનંદની મૂર્તિ પ્રભુ, એના અંતર દૃષ્ટિમાં ભેટા થયા એવો જે ભગવાન અનાદિ-અનંત એ ક્લેશથી નિવર્ત્યો, દુઃખથી નિવર્ત્યો. વળી એકકોર (કહે), દુઃખથી નિવર્ત્યો અને એક બાજુ વળી એમ કહે કે જ્યાં સુધી પૂર્ણ વીતરાગ નથી ત્યાં સુધી એને દુઃખના ભાવ આવે છે અને એ દુઃખને વેદે છે.

મુમુક્ષુ :– એનું સ્વામીત્વ નથી..

ઉત્તર :– સ્વામીત્વ નથી પણ વેદે છે. એની પર્યાયમાં એ છે. આહાહા! એ કઈ અપેક્ષા? એ તો એની કમજોરીથી ઉત્પન્ન થયેલો વિકલ્પ એમ ગણી અને તેને એ વેદે છે એમ કહે છે. એ પર્યાયમાં વેદે. વસ્તુ તરીકે જુઓ તો એ દુઃખના ભાવથી નિવૃત્ત છે. આહાહા! વસ્તુ તરીકે, વસ્તુની દૃષ્ટિ તરીકે જ્યાં જોઈએ... આહાહા! તો એ દૃષ્ટિના વિષયમાં વિકલ્પનું દુઃખ આવતું નથી. 'કેસરીમલજી'! આવી વાતું છે. એ તો લોકો બિચારા કોની સાથે આમાં... આહાહા!

લોકો આ રોગ આવે અને નિર્ધનતા આવે એને દુઃખ ગણે છે. એ દુઃખ નથી. એ તો દુઃખના નિમિત્તો છે. નિમિત્ત એને કહીએ કે જે દુઃખ ન ઊપજાવે. સમજાણું કાંઈ? નિર્ધનતા, શરીરમાં રોગ, કુટુંબનો નાશ થઈ જવો, એકલા રહેવું એ કોઈ દુઃખ નથી. દુઃખ તો અંદર પુણ્ય અને પાપના ભાવ ઉઠાવે તે દુઃખ છે. આહાહા! સમજાણું કાંઈ? એ તો દુઃખના નિમિત્ત છે. આહાહા!

અહીં કહે છે કે જેને સમ્યગ્દર્શન થયું એને શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનો આદર અને ઉપાદેય થયો. એને એ પુણ્ય અને પાપ, દયા-દાન, વ્રત-ભક્તિ આદિના વિકલ્પોને દુઃખરૂપ જાણે છે. આહાહા! આનંદસ્વરૂપ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો નાથ, એને વર્તમાન પર્યાયમાં જ્યાં આનંદના ભેટા થયા, એ અપેક્ષાએ તો જે પુણ્યનો, દયા, દાન, વ્રત, ભક્તિના અને તપના અને અપવાસ કરું એવા વિકલ્પ પણ દુઃખરૂપ છે. આહાહા! એ દુઃખથી નિવૃત્ત છે. કેમકે આનંદનો નાથ જ્યાં અનુભવમાં આવ્યો હવે એ દુઃખથી નિવૃત્ત છે એ તો. એ અતીન્દ્રિય આનંદના વેદનસહિત છે અને દુઃખના વેદનથી રહિત છે એમ કહે છે. સમજાય છે કાંઈ? આવો માર્ગ હવે. અહીં તો હજી સમ્યગ્દર્શન શું છે એનું ભાન ન મળે. અને વ્રત ને પડિમા ને મહાવ્રત લઈને બેસે. બાળવ્રત અને બાળતપ છે. એ તો દુઃખરૂપ દશા છે. આહાહા!

અહીં પરમાત્મા જિનેશ્વરદેવ વીતરાગ સ્વભાવે બિરાજમાન આત્મા એટલે કે અતીન્દ્રિય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આનંદનો, વીતરાગી અતીન્દ્રિય આનંદનો સ્વભાવ પ્રભુનો... પ્રભુ એટલે આત્મા, હોં! એનો જેને સમ્યગ્દર્શનમાં અનુભવ થયો, ચોથે ગુણસ્થાને, એ આનંદનું વેદન થયું એ ક્લેશથી નિવૃત્ત છે. આનંદથી સહિત છે, દુઃખથી રહિત છે એમ કહે છે. અસ્તિ-નાસ્તિ કર્યું-અનેકાંત. આહાહા! સમજાણું કાંઈ? કેમ નથી ઉતારવાનું તારે? શું થયું? ઠીક. થઈ રહ્યું હશે. કહો, સમજાણું કાંઈ? આહાહા! ભાષા તો જુઓ!

આચાર્ય તો જુઓ! આહાહા! એ કહે છે કે આ ટીકા કરવા વખતે વિકલ્પ ઉઠ્યો છે એ દુઃખ છે. એનાથી અમે તો નિવૃત્ત છીએ. આહાહા! સમજાણું કાંઈ? મુનિરાજ દિગંબર સંત અતીન્દ્રિય આનંદના પ્રચુર વેદન (પ્રગટ થયા છે). 'સમયસાર'ની પાંચમી ગાથામાં આવે છે ને. 'કુંદકુંદાચાર્ય' કહે છે કે અમારા અનુભવની મહોરછાપ શું? ટ્રેડમાર્ક શું? આત્માનું સમ્યગ્દર્શન થાય અને અનુભવ થાય એની મહોરછાપ શું? અતીન્દ્રિય આનંદનું વેદન થવું એ એની મહોરછાપ છે. આહાહા! એ અનુભવની મહોરછાપ છે, એ સમ્યગ્દર્શનની મહોરછાપ છે. આહાહા! આવી વાતું. એ આચાર્ય મહારાજ સંત, દિગંબર સંતો એટલે તો વીતરાગી મુનિઓ. જેને પર્યાયમાં અતીન્દ્રિય આનંદ ઉછળી ગયો છે એ એમ કહે છે કે અમને તો અતીન્દ્રિય આનંદના વેદનમાં ક્લેશ જે પુણ્યનો વિકલ્પ છે એનાથી તો અમે નિવૃત્ત છીએ. આહાહા! સમજાણું કાંઈ?

**'કેવો છે ક્લેશ?'** વળી પુણ્યનો ભાવ ઉત્પન્ન થાય છે એ ક્લેશ છે. આહાહા! વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિનો વિકલ્પ ઊઠે છે એ રાગ છે અને ક્લેશ છે. આહાહા! **'કેવો છે ક્લેશ 'अज्ञानोत्थितकर्तृकर्मकलनात्' જીવ-કર્મના એકસંસ્કારરૂપ જૂઠા અનુભવથી...'** આહાહા! ભગવાનઆત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ અને આ રાગસ્વરૂપ. પુણ્ય-પાપનો ભાવ એ કર્મસ્વરૂપ. કર્મસ્વરૂપ કહો કે રાગસ્વરૂપ કહો. એનો એકસંસ્કાર (અર્થાત્) એ બધા એક છે. એ દયા, દાન, વ્રતનો વિકલ્પ ઉઠ્યો છે તે અને આત્મા એક છે એવો જૂઠો અનુભવ. આહાહા! સમજાણું કાંઈ? એવા **'જૂઠા અનુભવથી નીપજી છે. 'જીવ કર્તા અને જીવનું કૃત્ય જ્ઞાનાવરણાદિ દ્રવ્યપિંડ'..'** તે પુણ્ય અને પાપ બધું એક જ છે.

શું કહે છે? રાગ અને આત્મા એકત્વબુદ્ધિથી-એવા જૂઠા અનુભવથી નીપજી છે. શું? જીવ કર્તા અને રાગ એનું કાર્ય એવી વિપરીત પ્રતીતિ જેને ઉત્પન્ન થઈ છે. એકરૂપ સંસ્કારવાળાને. આહાહા! જ્ઞાનાનંદ જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવ અને આ વિકલ્પ જે રાગ થાય, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ વ્રત, તપ, અપવાસ આદિ એ બધો વિકલ્પ ઉઠે છે. વસ્તુની ખબર નથી. અને વસ્તુનું ભાન હોવા છતાં એ જે વિકલ્પ ઊઠે છે (તે પરજ્ઞેયમાં જાય છે). જીવ કર્તા અને રાગનો ભાવ મારું કર્મ, એવી વિપરીત પ્રતીતિ જેનું લક્ષણ છે. આહાહા! અથવા એ અજ્ઞાનસ્વરૂપ જ છે એમ કહે છે. પુણ્યના ભાવ અને આત્મભાવ બે એક છે એ અજ્ઞાનસ્વરૂપ જ છે. અહીં તો કર્તા-કર્મની પ્રવૃત્તિ અજ્ઞાનથી ઉત્પન્ન થઈ એમ સિદ્ધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરવું છે ને? પણ એ અજ્ઞાનસ્વરૂપ જ છે. આહાહા!

શું કહ્યું ઇ? આત્મા જ્ઞાનાનંદ પ્રભુ સિદ્ધસ્વરૂપી આત્મા. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આહાહા! એવા ચૈતન્યસ્વરૂપની સાથે રાગની એકતાબુદ્ધિ એ અજ્ઞાનભાવ છે. એ અજ્ઞાનથી ઉત્પન્ન થઈ કર્તા-કર્મ પ્રવૃત્તિ એ તો અજ્ઞાનભાવ જ છે. આહાહા! સમજાણું કાંઈ? હવે આમાં પહોંચી શકે નહિ એટલે બિચારા બહારમાં ઝઘડા ઊભા કરે. આહાહા! એ શુભ ઉપયોગ હેય માને તો મિથ્યાત્વ છે એમ કહે છે. અહીં કહે છે કે શુભોપયોગને પોતાનો માને એ મિથ્યાત્વ-અજ્ઞાન છે. 'પંડિતજી'! છે એમાં? આહાહા! ભગવાન! માર્ગ આવો છે, બાપુ! આહાહા!

અહીં પરમાત્મા જિનેશ્વરદેવના કથનો દિગંબર સંતો આડતિયા થઈને જગતને જાહેર કરે છે. આહાહા! એવી વાત પ્રભુ બીજે ક્યાંય નથી. બધા ધર્મના નામ ધરાવતા હોય ભલે. સમજાણું કાંઈ? વેદાંત ને શ્વેતાંબર ને એ બધામાં આ વાત નથી, પ્રભુ! આહાહા! અને અત્યારે તો દિગંબર સંપ્રદાયમાં પણ ગોટા ઉઠ્યા છે.

મુમુક્ષુ :– ઘરમાં આગ લાગી.

ઉત્તર :– ઘરમાં આગ લાગી. અરે..રે..! પ્રભુ!

અહીં એ કહે છે, અજ્ઞાનથી ઉત્પન્ન થયેલ કર્તા-કર્મનો અભ્યાસ થયો ને? આહાહા! **'कलनात्'** વિપરીત પ્રતીતિ, વિપરીત અનુભવ-અભ્યાસ. આહાહા! શું કહ્યું એ? ભાઈ! આ તો ધીરજના કામ છે, બાપા! આ કાંઈ કોઈ... આહાહા! અંદર પ્રભુ આત્મા છે એ તો અતીન્દ્રિય આનંદનો પિંડ છે અને અતીન્દ્રિય જ્ઞાનનો એ પુંજ છે. એને જીવદ્રવ્ય કહીએ. એવા જીવદ્રવ્યની સાથે આ રાગ મારો એવી અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તા-કર્મની બુદ્ધિ એ અજ્ઞાનસ્વરૂપ છે અથવા અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તા-કર્મની પ્રવૃત્તિ છે. સમજાણું કાંઈ? આ અંદર છે કે નહિ? અત્યારે તો લોકોએ આખી વાત બહુ ફેરવી નાખી. આહાહા! જૈનધર્મને અજૈન ધર્મને નામે ગોઠવી દીધો. આ પડિમા લીધી, વ્રત લીધા, તપ કર્યા, આ બાયડી-છોકરા છોડ્યા, લુગડાં ફેરવ્યા, થઈ ગયો એને ધર્મ. ધૂળેય નથી, સાંભળને. આહાહા! જે કાંઈ અંદરમાંથી એકત્વબુદ્ધિ છોડવી જોઈએ એ તો છોડી નથી. આહાહા! મુદ્દાની રકમમાં પરમાત્મ ચિદાનંદસ્વરૂપ આત્મા ધ્રુવ આનંદનો નાથ એની સાથે કૃત્રિમ રાગની એક્તા તો છોડી નથી. સમુકુ-ઉલટાનું એનામાં એમ માન્યું છે કે એ રાગ કરીએ, ક્રિયા કરીએ છીએ ને આ વ્રતની, તપની, ભક્તિની ક્રિયા એ ધર્મ છે અને ધર્મનું કારણ છે. આમ અજ્ઞાનીએ માન્યું છે. આહાહા! આવું આકરું પડે. શું થાય? ભાઈ! માર્ગ તો આ છે.

મુમુક્ષુ :– બધા કૂવામાં ભાંગ પડી રહી.

ઉત્તર :– હા. કોણે કહ્યું?

મુમુક્ષુ :– ...ભાઈએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– સાચી વાત. ભાગ્યશાળી છો. આવી ગયા એમ કહોને. આ વાત સાંભળવામાં આવી ગયા ને? ભાંગ પીને બધી વાત આખી..

મુમુક્ષુ :– અધ્યાત્મની ભાંગ...

ઉત્તર :– એ તો વળી અધ્યાત્મની ભાંગ. આ તો ભાઈ એમ કહે કે વિપરીત માન્યતાની ભાંગ પીધી છે. કૂવામાં ભાંગ પડી. કૂવામાંથી તો બધા પાણી લે. આહાહા! તને સમ્યગ્જ્ઞાન શું છે એનો તો નિર્ણય કર હજી. આહાહા! એ મૂળ રકમ છે. એનો તો નિર્ણય કર. આહાહા!

કહે છે, કે **'कर्तृकर्मकलनात्'** ઊપજી છે અજ્ઞાનપણાની કર્તા-કર્મની બુદ્ધિ. આહાહા! **'कलनात्'** એટલે એનો અધ્યાસ થઈ ગયો છે. **'कलनात्'** એટલે અનાદિનો અનુભવ થઈ ગયો છે. એ શુભરાગ આદિ જે વિકલ્પ છે એ મારી ચીજ છે એવો એને અનાદિનો સંસ્કાર અને અધ્યાસ થઈ ગયો છે. આહાહા! એને લઈને અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી રાગ મારું કર્તવ્ય છે અને હું એનો કર્તા છું, એવી કર્તા-કર્મની બુદ્ધિ અજ્ઞાનથી ઉત્પન્ન થઈ છે. સમજાણું કાંઈ? બહુ માર્ગ બીજો, બાપુ! આહાહા! લોકોએ બીજે રસ્તે ચડાવ્યા છે એટલે આ વાત એને એવી લાગે. આ શાસ્ત્ર કહે છે, ભગવાન કહે છે કોણ કહે છે? એ કહે એય..! 'સોનગઢ'વાળાએ નિશ્ચયનું એકલું નવું કાઢ્યું. નિશ્ચયાભાસ કાઢ્યો એમ કહે છે. કહો, બાપુ! પ્રભુ! તને તારી ખબર નથી, ભાઈ! આહાહા!

એ આનંદનો કંદ પ્રભુ છે, જ્ઞાનનો સાગર છે. ચિદ્રૂપો અહં. એ તો જ્ઞાનરૂપ મારું સ્વરૂપ. જ્ઞાનરૂપ મારું સ્વરૂપ, જ્ઞાનરૂપ એ સ્વરૂપ. એમાં રાગના વિકલ્પની ગંધ પણ નથી. આહાહા! રાગની ગંધ ક્યાં? વસ્તુમાં તો વીતરાગતા પડી છે. આહાહા! રાગરહિત તેનો-ભગવાનઆત્માનો સ્વભાવ તો વીતરાગમૂર્તિ છે. એને રાગ સાથે એકત્વના અભ્યાસ-સંસ્કાર-**कलनात्** આહાહા! અરે..! તેં અભ્યાસ કર્યો છે, માન્યું છે એમ કહે છે. છે નહિ. શું કીધું એ? એ રાગના વિકલ્પનો તેં અભ્યાસ કર્યો કે આ મારા છે. અભ્યાસ કર્યો છતાં તે એક થયા નથી. આહાહા! ભગવાન જ્ઞાનસ્વરૂપ છે એ કોઈ દિ' રાગરૂપ થયો જ નથી. આહાહા! જ્ઞાયકભાવ છે. છઠ્ઠી ગાથામાં કહ્યું ને? કે જ્ઞાયકભાવ જો પુણ્ય અને દયા, દાન, વ્રત રૂપે થાય તો એ દયા-દાનના વિકલ્પ છે એ તો અજીવ છે, અચેતન છે. તો આત્મા જ્ઞાયકભાવ, પુણ્ય-પાપરૂપે થાય તો આત્મા જડ થઈ જાય. ગજબ વાતું કરી. આહાહા! ભાઈ! પરમાત્માનો સંદેશ કોઈ ઝીણો છે. સમજાણું કાંઈ? જ્ઞાયક જાણકસ્વભાવથી ભરેલો પ્રભુ! એ પુણ્ય અને પાપના વિકલ્પો છે એ તો અચેતન છે, જડ છે. અર..ર..! ગજબ વાત, ભાઈ! એ મહાવ્રતના પરિણામ, દયા-દાનના પરિણામ એ અચેતન છે. એટલે? એમાં ચૈતન્યના જ્ઞાયકનો કોઈ અંશ એનામાં નથી. એ રાગાદિ ભાવ તો અંધારા છે. આહાહા!

મુમુક્ષુ :– એ તો ભુક્તિ છે.

ઉત્તર :– ભુક્તિ છે. કાલે આવ્યું નહોતું? કહ્યું નહોતું? કાઢ્યું હતું ને. ધવલમાં પહેલા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાગમાં અને તેરમા ભાગમાં બે ઠેકાણે આવ્યું છે. મહાવ્રતના પરિણામ એ તો રાગનો અનુભવ-રાગની ભુક્તિ છે. આહાહા! આ સિદ્ધાંત 'સમયસાર' તો કહે પણ ધવલ વ્યવહાર ગ્રંથ છે. એમાં પહેલા ભાગમાં અને તેરમાં ભાગમાં બે ઠેકાણે કહ્યું. 'સ એવ' ભગવાન ઉત્પન્ન જ્ઞાન દર્શન ખરે... જેને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે (એવા) પરમાત્મા જગતના ગતિ-આગતિને જાણે, જગતના પ્રાણી રાગને ભોગવે અને મહાવ્રતને ભોગવે એ બે રાગનો ભોગવટો છે. આહાહા! રાગને ભોગવવું એ અશુભરાગનો અનુભવ, મહાવ્રતનો અનુભવ એ શુભરાગનો અનુભવ પણ છે રાગ. આહાહા! એય..! આપણે કાઢ્યું હતું ને? આહાહા! 'ધવલ'ના પહેલા ભાગમાં છે અને એક તેરમા ભાગમાં છે. મહાવ્રતનું પરિપાલન એટલે કે બરાબર પાળવું એ અનુભવ ભુક્તિભાવ છે. આહાહા! 'સુરેન્દ્રભાઈ'! આવી વાતું છે. પરમાત્મા તારી વાતું દુનિયાથી નિરાળી છે, નાથ! આહાહા!

મુમુક્ષુ :– ભેદાભેદ રત્નત્રય...

ઉત્તર :– ભેદરત્નત્રય છે એ રાગ અને ભુક્તિ છે. એ શુભભાવ આવ્યો ને. વ્યવહાર રત્નત્રય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રત એ બધા રાગ છે. ભગવાન! આકરું છે, નાથ! તારી ચીજમાં એ અડ્યા પણ નથી. તેં **'कलनात्'** માનીને અભ્યાસ કર્યો છે. આહાહા!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– .. અભેદ રત્નત્રય તો સ્વરૂપ છે, એ તો આત્માનું સ્વરૂપ છે. એ તો આનંદનો અનુભવ છે. ભેદરત્નત્રય એ દુઃખનો અનુભવ છે. આહાહા! આકરી વાતું, નાથ!

પ્રભુ આત્મા આનંદસ્વરૂપ... આહાહા! એ અતીન્દ્રિય આનંદની પ્રતીતિ, સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ ત્રણ છે. મોક્ષનો માર્ગ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ નિશ્ચય જે છે એ તો આનંદસ્વરૂપ છે. અને વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ એ દુઃખસ્વરૂપ છે. આહાહા! આવી વાતું છે. એક પરાશ્રય ભાવ અને એક સ્વઆશ્રય. પણ એ તો એને હજી સ્વઆશ્રય-પરાશ્રયમાં ઓલું ન બેસે. આ તો દુઃખ છે, સ્વરૂપથી વિપરીત છે. આહાહા! સમજાણું કાંઈ? હવે આવો ઉપદેશ એટલે માણસને... ક્રિયા કરતા હોય બિચારા, વ્રત ને ભક્તિ. એ પણ ક્રિયા ક્યાં છે? નવમી ગ્રૈવેયેક ગયો અને એ ક્રિયા જે એણે કરી છે... 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' એ તો છે જ ક્યાં? એવી ક્રિયા પણ અત્યારે ક્યાં છે? આહાહા! સમજાણું કાંઈ?

નવમી ગ્રૈવેયકે અનંતવાર ઊપજ્યો. એણે પંચમહાવ્રતાદિની–શુક્લલેશ્યાની ક્રિયા એટલી કરી કે, જે અત્યારે એ ભાવ છે નહિ. છતાં એ પંચમહાવ્રતાદિ દુઃખનું કારણ હતું. આહાહા! 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આત્માના અનુભવ વિના એને આનંદ ન મળ્યો. એ પંચમહાવ્રતના પરિણામ એ દુઃખરૂપ છે. એમ થયું ને? આહાહા! 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બિન લેશ સુખ ન પાયો.' એનો અર્થ કે મહાવ્રતના પરિણામ પણ દુઃખરૂપ છે. એ અહીં કહે છે. આહાહા! હવે એ દુઃખરૂપથી આત્માને ધર્મ થાય. મહાવ્રત એ સંવર છે અને અપવાસ એ નિર્જરા છે, આ અજ્ઞાનીઓની માન્યતાના ભણકાર બધા ઊંધા. આહાહા!

મુમુક્ષુ :– કરણલબ્ધિને સમ્યગ્દર્શનનું કારણ કહેવાય?

ઉત્તર :– એ અપેક્ષા ... પૂર્વે પરિણામ હતા એટલું. પૂર્વે હતા એટલું. ખરેખર તો શુદ્ધાત્માની સન્મુખ છે એમાંથી થાય છે. ત્યાંથી છૂટી જાય છે. આહાહા!

અહીંયાં તો એ કહે છે કે અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો કર્તૃ-કર્મનો અભ્યાસ. આહાહા! આત્મા કરનારો અને દયા-દાનના વિકલ્પનું કાર્ય કરે એવી અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી એ કર્તા-કર્મ પ્રવૃત્તિનો એને અભ્યાસ થઈ ગયો છે. મિથ્યાદૃષ્ટિનો એ અભ્યાસ છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

કાલે એક આવ્યું હતું ને? બ્રાહ્મણનો છોકરો બી.એ.માં નાપાસ થયો. એ સહન કરી શક્યો નહિ. અરે..! બાપુ! શું થયું? શેઠ! બી.એ.-બી.એ. આ ભણતર નહિ? બી.એ.ના ભણતરમાં નાપાસ થયો. તો અહીં 'ખોડિયાર' છે ને? 'શિહોર' પાસે 'ખોડિયાર'. ત્યાં તળાવ છે. કુટુંબીને લખ્યું કે હું નાપાસ થયો, હું સહન કરી શકતો નથી. હું આ દુનિયા છોડી દઉં છું. પડીને મરી ગયો. અરે..! પ્રભુ! ક્યાં છે ત્યાં? કાલે છાપામાં આવ્યું હતું. અહીં 'શિહોર' પાસે 'ખોડિયાર' છે ને? અજ્ઞાનીઓ 'ખોડિયાર' બહુ જાય છે. દેવી છે દેવી. 'ખોડિયાર' અમારે 'ઉમરાળા'માં દેવી છે. ખોડિયાર' 'ઉમરાળા'માં બહાર છે. ત્યાં ઘણીવાર ગયેલા. બ્રાહ્મણનો દીકરો બી.એ.માં નાપાસ થયો એ કુટુંબને લખી ગયો, મારાથી સહન થતું નથી. મને અંદર દુઃખ લાગે છે. હું આખી દુનિયાને છોડી દઉં છું.

'સમાધિશતક'માં કહ્યું છે કે શરૂઆતમાં અંદરમાં જતા એને દુઃખ લાગે અને બહારમાં સુખ લાગે છે. ભાઈ! 'સમાધિશતક'માં કહ્યું. આમ કઠણ લાગે ને એટલે અંદરમાં જતાં એને કંટાળો લાગે. અને બહારમાં આવતા એને સુખ લાગે. 'સમાધિશતક'માં છે. 'પૂજ્યપાદસ્વામી' દિગંબર સંતોએ ગજબ કામ કર્યા છે. આહાહા! દિગંબર સંતો એ તો કેવળજ્ઞાનીના કેડાયતો કેવળજ્ઞાનને ઊભા રાખ્યા છે. આહાહા! એવી વાત ક્યાંય છે નહિ. જેનામાં છે એને પણ ખબર નથી. આહાહા!

અહીં કહે છે કે અજ્ઞાનથી કર્તા-કર્મ- **'कलनात्'** સમજ્યા ને? આહાહા! અજ્ઞાનથી કર્તૃ-કર્મનો **'कलनात्'** આહાહા! સ્વરૂપ આનંદનો નાથ ભગવાન છે તેની જેને ખબર નથી એવા જીવો પોતાના આનંદસ્વભાવની સાથે એ રાગના વિકલ્પની એકતાબુદ્ધિને ઉત્પન્ન કરી એ અજ્ઞાનપણાથી કર્તા-કર્મ માની રહ્યા છે. એ રાગ મારું કર્તવ્ય છે અને હું એનો કર્તા એ અજ્ઞાનપણે માની રહ્યા છે. આહાહા! સમજાણું કાંઈ? 'શ્રીમદ્'માં આવે છે. વિભાવનો એણે અભ્યાસ કર્યો છે કે મારા છે. વિભાવ છે નહિ એનો. આહાહા! બહુ કામ (આકરું).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા! જન્મ-મરણના અંત લાવવા એ સાધારણ માર્ગ હોય? પંચમહાવ્રત પાળ્યા, બાયડી-છોકરા છોડ્યા, દુકાન છોડી, ધંધા છોડ્યા માટે ધર્મ થઈ ગયો. ધૂળેય નથી. આહાહા!

ભગવાન 'કુંદકુંદાચાર્ય' બંધ અધિકારમાં તો કહે છે કે પંચમહાવ્રત એવા ચોખ્ખા પાળ્યા... આ તો અત્યારે તો હજી એના માટે ચોકા કરીને આહાર લે તો પંચમહાવ્રતના પણ ઠેકાણા નથી. એકેય મહાવ્રતનું અને એકેય સમિતિનું ઠેકાણું નથી. એને માટે ચોકા આહાર કરીને લે છે. એને માટે બનાવે છે. પાણી દશ શેર-અધમણ ઉકાળે. એક-એક બિંદુમાં અસંખ્ય જીવ. એને માટે બનાવે અને આ બધા આપે. શેઠિયાએ પણ આપ્યા હશે ને? ... મોટા માણસ, મોઢા આગળ કહેવાય તો એને ઘરે તો પહેલા ... 'વાસંતીલાલજી'! એણે પણ કર્યું હશે. આહાહા! અરે..! પાણીનું એક બિંદુ, અસંખ્ય શરીર અને એક એક શરીરમાં અસંખ્ય જીવ. એવું દશ શેર-અધમણ પાણી (બનાવે). મહરાજનો આહાર છે, મહારાજ માટે બનાવીએ. અર..ર..! ગજબ છે, ભાઈ! એ જૈનધર્મને કલંક લગાડી દીધા છે. આહાહા! અને પાછું લે તો એને બોલાવે કે કેમ છે? આહાર શુદ્ધ, મન શુદ્ધ, વચન શુદ્ધ. બધું જૂઠું. શેઠે કર્યું હશે. એમ બોલવું પડે ને શેઠ? વાત સાચી. એ પ્રથા હતી ને, ભગવાન! એ હતી જ, બીજી હતી નહિ. આહાહા! મન શુદ્ધ છે, વચન શુદ્ધ છે, કાય શુદ્ધ છે, આહાર શુદ્ધ છે. હવે ક્યાંથી પણ આહાર શુદ્ધ? હમણા એને માટે બધું બનાવ્યું ને? મોસંબી લઈ આવ્યા, રોટલી બનાવો છો, પકવાન બનાવો છો, કેરીનો રસ એને માટે કાઢ્યો. અને શુદ્ધ ક્યાંથી? જૂઠુ કેટલું?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઘરે કર્યું છે ને. વાત સાચી છે. આહાહા! મોઢા આગળ મોટા માણસ છે તો પછી એના પ્રમાણમાં કરવું પડે ને?

અહીં કહે છે કે, પ્રભુ! તું સાંભળ. એ ભગવાન આનંદનો નાથ એની સાથે રાગનો વિકલ્પ ઉઠ્યો છે એને તેં એકત્વબુદ્ધિના સંસ્કારથી તેં અનુભવ્યો છે. આહાહા! માનીને અનુભવ્યો છે. વસ્તુ એક થઈ નથી. જ્ઞાયક તો જ્ઞાયક જ રહ્યો છે ચિદાનંદ-સચ્ચિદાનંદ પ્રભુ. આહાહા! પણ એણે રાગની એકતાબુદ્ધિના અભ્યાસથી અજ્ઞાનપણાથી ઉત્પન્ન કરેલી... અથવા અહીં તો અજ્ઞાનથી ઉત્પન્ન કરેલી એનો અર્થ ઓલો કર્યો કે અજ્ઞાનરૂપ જ છે. કરેલી વળી કર્તા શું? એમેય નહીં. ટીકામાં એવું કર્યું છે. સમજાણું કાંઈ? આહાહા!

એકકોર ભગવાન આનંદનો નાથ એને રાગથી ભિન્ન પાડીને આત્માનો અનુભવ (કરવો) એ આનંદનો અભ્યાસ, એ ધર્મનો અભ્યાસ. અને રાગની એકતાબુદ્ધિ એ દુઃખનો અભ્યાસ, અજ્ઞાનનો અભ્યાસ. આહાહા! આવું છે. પૈસામાં મને ઠીક પડે છે એ દુઃખ છે. એનો એને અભ્યાસ થઈ ગયો છે કહે છે. આહાહા! ધૂળમાં પણ ક્યાંય સુખ નથી. પૈસામાં, બાયડીમાં, આબરૂમાં, કીર્તિમાં. એ તો બધા પરજ્ઞેયો છે. એના ઉપર લક્ષ જતાં તો રાગ જ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– દુઃખમાં નિમિત્ત તો ખરો.

ઉત્તર :– ધૂળેય નથી. દુઃખમાં નિમિત્તનો અર્થ? એ તો વાત કરીએ છીએ. નિમિત્ત એટલે કાંઈ કરે નહિ એનું નામ નિમિત્ત. દુઃખની દશા તો પોતે અજ્ઞાનભાવે કરે છે. એમાં એ નિમિત્ત છે. નિમિત્ત છે એટલે કાંઈ કરતું નથી.

મુમુક્ષુ :– નિમિત્તકર્તા...

ઉત્તર :– નિમિત્ત-બિમિત કર્તા કોઈ છે નહિ. એ મોટી મિથ્યાત્વ-ભ્રમણા છે. બધું નિમિત્તથી થાય છે એમ માને એ તો મૂંઢ મિથ્યાદૃષ્ટિ છે. તે દ્રવ્યની તે ક્ષણે, પોતાની ઉત્પન્ન થવાના સમયની પર્યાય, એને નિમિત્ત બનાવે, નિમિત્ત માટે થયું એવી તદ્દન (જુઠ્ઠી) ભ્રમણા અજ્ઞાનીઓની છે. સમજાણું કાંઈ?

'બનારસીદાસે' ન કહ્યું? 'ઉપાદાન બલ જહાં તહાં નહિ નિમિત્ત કો દાવ...' જહાં તહાં પોતાની પર્યાય પોતાથી થાય એ ઉપાદાનનું બળ છે. નિમિત્તનો દાવ કદી આવ્યો નથી. નિમિત્ત દાવપેચ આવ્યો જ નહિ. કોણ માને? માનેલી વાતમાં ધક્કા લાગી જાય છે ને. પ્રરૂપણા એવી અને સાંભળનારા પણ બધા એવા. આહાહા! માર્ગ જુદો, ભાઈ!

મુમુક્ષુ :– હિસાબ લગાવે તો વાત બરાબર સમજાય છે.

ઉત્તર :– શેઠ બરાબર કહે છે. મેળવે, મિલાન કરે ખ્યાલમાં આવી જાય. આહાહા!

**'વળી કેવી છે જીવવસ્તુ?'** જીવવસ્તુ. **'इति एवं सम्प्रति परद्रव्यात् परां निवृत्तिं विरचय्य स्वं आस्तिध्नुवानः'** આહાહા! **'આટલા પૂર્વોક્ત પ્રકારે વિદ્યમાન...'** શું કહે છે? છે. પરદ્રવ્ય છે, પુણ્ય-પાપના ભાવ છે, વાણી-મન છે. **'તેનાથી સર્વથા ત્યાગબુદ્ધિ...'** આહાહા! છે તેનાથી ત્યાગબુદ્ધિ, નથી તેનાથી ત્યાગબુદ્ધિ નહિ, એમ કહે છે. પુણ્ય અને પાપ, શરીર, વાણી, મન બધું છે. એકકોર ભગવાનઆત્મા આનંદનો નાથ છે અને એકકોર આ વસ્તુ છે. નથી, આકાશના ફૂલની પેઠે નથી એમ નહિ. આહાહા! પણ **'પરવસ્તુ જે દ્રવ્યકર્મ-...'** જડકર્મ **'ભાવકર્મ...'** એટલે શુભજોગ આદિ પુણ્ય-પાપના ભાવ **'નોકર્મ...'** એટલે વાણી, શરીર. **'તેનાથી સર્વથા ત્યાગબુદ્ધિ...'** ભાષા જુઓ. **'निवृत्तिं'** સમકિતીને તો એ બધામાં સર્વથા ત્યાગબુદ્ધિ હોય છે. એનું નામ ત્યાગ છે. બહારનો ત્યાગ કરીને અનંતવાર મરી ગયો. સમજાણું કાંઈ? સ્વરૂપની ગ્રહણબુદ્ધિ અને રાગાદિની ત્યાગબુદ્ધિ.

**'निवृत्तिं'** એ પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિના પરિણામ તેનાથી (નિવૃત્તિ). પરદ્રવ્ય છે એ બધા. આહાહા! એ બધા પરદ્રવ્ય છે. ગજબ વાત છે ને? છે ને પરદ્રવ્ય છે ને? **'परद्रव्यात् परां निवृत्तिं'** સ્વદ્રવ્યાત્ આદર, શુદ્ધ ઉપાદાન આનંદનો નાથ ઉપાદેય. અને પરદ્રવ્ય જે દયા, દાન, વ્રત એનાથી સર્વથા નિવૃત્તિ.

મુમુક્ષુ :– પહેલા બહુ મંદ પાડે પછી...

ઉત્તર :– એ મંદ પાડે ફાડે માટે છૂટે એમ નહિ. જેને પરની અપેક્ષા છે જ નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમ્યગ્દર્શનમાં સ્વની અપેક્ષા અને પરની અપેક્ષા નહિ. સ્વની અપેક્ષા છે, પરની અપેક્ષા નથી.. આવી વાત છે. આકરું પડે, ભાઈ! માણસને અભ્યાસ જ બધો ઊંધો થઈ ગયો. આહાહા! વાડા બાંધી બેઠા રે પોતાનો પંથ કરવાને. વીતરાગ માર્ગ શું છે એની ખબરું ન મળે. આહાહા! ભાષા શું લીધી?

આટલા પૂર્વોક્ત પ્રકારે વિદ્યમાન છે, **'एवं'** ની વ્યાખ્યા કરી પૂર્વોક્ત પ્રકારે. અને **'इति'** છે ને? **'इति'** પહેલો શબ્દ છે. **'આટલા ( एवं ) પૂર્વોક્ત પ્રકારે ( सम्प्रति ) વિદ્યમાન...'** છે. **'सम्प्रति '** એટલે વર્તમાન-વિદ્યમાન. શું? પરવસ્તુ. શું? દ્રવ્યકર્મ, પુણ્ય-પાપના ભાવ અને નોકર્મ-વાણી. તેનાથી સર્વથા ત્યાગબુદ્ધિ છે. એ મૂળથી ત્યાગબુદ્ધિ કરીને... આહાહા! સમ્યગ્દષ્ટિએ તો એને રાગને મૂળથી ત્યાગબુદ્ધિ કરીને... આહાહા! અને મૂળથી આનંદના સ્વરૂપને ઉપાદેય કરીને, રાગની સર્વથા ત્યાગબુદ્ધિ કરીને... આહાહા! શબ્દ વાપર્યો કેટલો સર્વથા. નહિતર તો નિવૃત્તિ છે.

ભગવાન આનંદસ્વરૂપમાં અતીન્દ્રિય આનંદમાં પરિણતિ પ્રવર્તી છે એનો આદર અને એ સિવાયના રાગાદિ સર્વ જે પરદ્રવ્ય કહેવાય છે એનાથી સર્વથા નિવૃત્તિ છે. આહાહા! સ્વદ્રવ્યમાં પ્રવૃત્તિ છે અને પરદ્રવ્યથી નિવૃત્તિ છે. આહાહા! લોજિકથી ન્યાયથી પણ પકડે તો પકડાય એવું છે પણ હવે આગ્રહ એવા પકડીને પડ્યા છે. આહાહા! મિથ્યાત્વની પ્રરૂપણા જ ઊંધી. આ વ્રત કરો, અપવાસ કરો, પડિમા લ્યો એ ધર્મ થાશે. પ્રરૂપણા જ મિથ્યાત્વની છે. આહાહા! રાગની ક્રિયાને ધર્મ માનીને કરો તમે.

અહીં કહે છે કે એનાથી સમ્યગ્દષ્ટિને સર્વથા નિવૃત્તિ છે. આહાહા! સર્વથા ત્યાગબુદ્ધિ છે. ''**निवृत्तिं**''નો અર્થ કર્યો-ત્યાગબુદ્ધિ. **'મૂળથી કરીને 'સ્વ'ને અર્થાત્ શુદ્ધ ચિદ્રૂપને...'** હવે અહીં આદર આવ્યો. સ્વ એટલે શુદ્ધ ચિદ્રૂપ જ્ઞાનરૂપ પવિત્ર ભગવાન **'आस्तिध्नुवानः'** આહાહા! **'શુદ્ધ ચિદ્રૂપને આસ્વાદતી થકી.'** આહાહા! જીવવસ્તુ. જીવવસ્તુ શુદ્ધ આનંદને આસ્વાદતી અને પરના ત્યાગની સર્વથા ત્યાગબુદ્ધિથી. આહાહા! ગજબ વાત છે ને. એક એક શ્લોકે કેટલી વાત કરી છે! શુદ્ધ ચિદ્રૂપને આસ્વાદતી થકી જીવવસ્તુ. જીવવસ્તુ કેવી છે? જીવવસ્તુ જે ભગવાનઆત્મા એ પોતાના સ્વરૂપના આનંદને આસ્વાદતી, વિદ્યમાન તરીકે અને રાગાદિના વિદ્યમાનથી સર્વથા ત્યાગબુદ્ધિ. આહાહા! એને સર્વથા ત્યાગબુદ્ધિ થઈ તો હવે આદર શું થયો? આનંદનો અનુભવ થયો. અતીન્દ્રિય આનંદના અનુભવને આસ્વાદતી જીવવસ્તુ. આહાહા!

**'કેવો છે 'સ્વ'?'** સ્વને આસ્વાદતી થકી. જીવવસ્તુ પોતાના આનંદને અનુભવતી થકી. **'કેવો છે 'સ્વ'? 'विज्ञानघनस्वभावम्''** આનંદ એકલો નાખ્યો હતો ને? હવે પાછું જ્ઞાન નાખ્યું. આહાહા! હવે આવો માર્ગ સાંભળવો કઠણ પડે. એકાંત લાગે, હોં! એકાંત છે.. એકાંત છે.. કાઢી નાખો. આત્માને કાઢી નાખો. આહાહા! ત્રણ વાત કરી. એક તો રાગ અને આત્માની એકત્વબુદ્ધિથી ઉત્પન્ન થયેલો અથવા અજ્ઞાનભાવ એ કર્તા-કર્મ બુદ્ધિ છે. હવે એ જીવવસ્તુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સર્વથા પરદ્રવ્ય દયા, દાન, વ્રત, દ્રવ્યકર્મ, જડકર્મ એનાથી સર્વથા ત્યાગબુદ્ધિરૂપે અને સ્વસ્વભાવના સ્વાદરૂપે (છે). તો સ્વ ચીજ કેવી છે? જેનો-આનંદનો આસ્વાદ આવે છે એ સ્વ કેવી ચીજ છે? આહાહા! કે એ તો વિજ્ઞાનઘન–એ **'શુદ્ધજ્ઞાનનો સમૂહ છે.'** આત્મા તો એકલો જ્ઞાનનો પિંડ છે. જ્ઞાતા-દ્રષ્ટાનો ભંડાર છે. આહાહા! એમાં દયા-દાનના વિકલ્પનો તો અવકાશ નથી. વસ્તુમાં એ છે ક્યાં? આહાહા! સમજાણું કાંઈ? આવી વાત! વાડામાં હોય તો રહેવા પણ ન દે.

હમણા ન કહ્યું? 'ફલટન'માં. 'ટોડરમલ' અને 'બનારસીદાસ' અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા હતા. અરે..રે..! પ્રભુ! તું શું કરે છે? ભાઈ! એણે અધ્યાત્મની ભાંગ પીધી. 'ટોડરમલે' અને 'બનારસીદાસે'. જેથી આત્માના અનુભવની વાત કરી, રાગાદિના ત્યાગની વાત કરી. એ અધ્યાત્મની ભાંગથી નાચ્યા છે. આહાહા! 'ટોડરમલ' તો આચાર્યકલ્પ જેવા છે. આચાર્ય નથી, મુનિ નથી.

મુમુક્ષુ :– 'ટોડરમલજી'ની ટીકા વાંચીને જ પંડિત બન્યા છે.

ઉત્તર :– હા. વાત તો સાચી છે. એનો 'મોક્ષમાર્ગ' 'ગોમ્મટસાર' એના અર્થ કરેલા છે. હવે એને આવા ઠરાવે. કોઈ પૂછનાર ન મળે. વીતરાગના વિરહ પડ્યા, કેવળજ્ઞાનની ઉત્પત્તિનો અભાવ રહ્યો. આહાહા!

વિજ્ઞાનઘન સ્વભાવ. કેવો છે પ્રભુ આત્મા જીવવસ્તુ? **'શુદ્ધ જ્ઞાનનો સમૂહ છે સ્વભાવમ્ સર્વસ્વ જેનું એવો છે.'** વિજ્ઞાનઘન જ જેનું સર્વસ્વ છે. આત્મા એક ચીજ કેવી છે? કે વિજ્ઞાનઘન જ જેનું સર્વસ્વ છે. આહાહા! દયા, દાન, વ્રતના વિકલ્પ એ એનું સ્વરૂપ જ નથી. એ એનામાં છે જ નહિ. આહાહા! **'વળી કેવો છે 'સ્વ'? પરમ્ સદા શુદ્ધસ્વરૂપ છે.'** જોયું! **'આસ્વાદતી થકી.'** એનો સર્વ સ્વભાવ વિજ્ઞાનઘનસ્વરૂપ છે. અને **'સદા શુદ્ધરૂપ છે.'** સદા શુદ્ધ પવિત્ર પ્રભુ છે એ તો. પુણ્ય-પાપના ભાવ તો અશુભ અને મલિન છે. જીવ છે એ તો સદા શુદ્ધ સ્વરૂપ છે. **'अभयात् (જીવવસ્તુ શુદ્ધ ચિદ્રૂપને) સાત ભયથી રહિતપણે આસ્વાદે છે...'** આહાહા! જેમાં કોઈ ભય નથી. ભગવાનઆત્મા **'શુદ્ધ ચિદ્રૂપને સાત ભયથી રહિતપણે આસ્વાદે છે.'** એવો એ જીવ છે, લ્યો! એને અહીંયા આત્મા કહીએ, જીવ કહીએ. આહાહા!

કાલે કોઈકને પ્રશ્ન આવ્યો હતો. હું અહીં સાંભળવા આવું છું. મહારાજ! તમે આત્મા કહો છો, ઘડીકમાં વસ્તુ કહો છો, ઘડીકમાં જીવ કહો છો. શું છે? કાલે હતું. મધ્યસ્થથી પૂછતો હતો. પણ અહીં ક્યાં લખીએ છીએ. અહીં તો આવે એ સાંભળે. આહાહા! એ આત્માને વસ્તુ પણ કહીએ, આત્માને જીવ પણ કહીએ, આત્માને આત્મા પણ કહીએ. અને આત્માના ત્રિકાળી સ્વભાવને પરમાત્મા પણ કહીએ. વિશેષ વાત કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



( શાર્દૂલવિક્રીડિત )

व्याप्यव्यापकता तदात्मनि भवेन्नैवातदात्मन्यपि
व्याप्यव्यापकभावसम्भवमृते का कर्तृकर्मस्थितिः।
इत्युद्दामविवेकधस्मरमहोभारेण भिन्दँस्तमो
ज्ञानीभूय तदा स एष लसितः कर्तृत्वशून्यः पुमान्।।४-४९।।

ખંડાન્વય સહિત અર્થ :– 'तदा स एष पुमान् कर्तृत्वशून्यः लसितः' ( तदा ) તે કાળે ( स एष पुमान् ) જે જીવ અનાદિ કાળથી મિથ્યાત્વરૂપ પરિણમ્યો હતો તે જ જીવ ( कर्तृत्वशून्यः लसितः ) કર્મ કરવાથી રહિત થયો. કેવો છે જીવ? 'ज्ञानीभूय तमः भिन्दन्' ( ज्ञानीभूय ) અનાદિથી મિથ્યાત્વરૂપ પરિણમતાં જીવ-કર્મના એકપર્યાયસ્વરૂપ પરિણમતો હતો તે છૂટ્યું, શુદ્ધચેતન-અનુભવ થયો, એમ થતાં ( तमः ) મિથ્યાત્વરૂપ અંધકાર ( भिन्दन् ) છેદતો થકો. કોના વડે મિથ્યાત્વ-અંધકાર છૂટ્યો? 'इति उद्दामविवेकधस्मरमहोभारेण' ( इति ) જે કહ્યો છે, (उद्दाम ) બળવાન છે એવા ( विवेक ) ભેદજ્ઞાનરૂપી ( घस्मरमहःभारेण ) સૂર્યના તેજના સમૂહ વડે. હવે જે વિચારતાં ભેદજ્ઞાન થાય છે તે જ કહે છે– 'व्याप्यव्यापकता तदात्मनि भवेत्' ( व्याप्य ) સમસ્ત ગુણરૂપ અને પર્યાયરૂપ ભેદ-વિકલ્પો તથા ( व्यापकता ) એક દ્રવ્યરૂપ વસ્તુ ( तदात्मनि ) એક સત્ત્વરૂપ વસ્તુમાં ( भवेत् ) હોય છે. ભાવાર્થ આમ છે કે જેમ સુવર્ણ પીળું, ભારે, ચીકણું એમ કહેવા માટે છે, પરંતુ એક સત્ત્વ છે તેમ જીવદ્રવ્ય જ્ઞાતા, દૃષ્ટા એમ કહેવા માટે છે, પરંતુ એક સત્ત્વ છે. એ પ્રમાણે એક સત્ત્વમાં વ્યાપ્ય-વ્યાપકતા હોય છે અર્થાત્ ભેદબુદ્ધિ કરવામાં આવે તો વ્યાપ્ય-વ્યાપકતા હોય છે. વિવરણઃ– વ્યાપક અર્થાત્ દ્રવ્ય-પરિણામી પોતાના પરિણામનો કર્તા હોય છે; વ્યાપ્ય અર્થાત્ તે પરિણામ દ્રવ્યે કર્યાં. જેમાં (એક સત્ત્વમાં) આવો ભેદ કરવામાં આવે તો થાય છે, ન કરવામાં આવે તો નથી થતો. 'अतदात्मनि अपि न एव' ( अतदात्मनि ) જીવસત્ત્વથી પુદ્ગલદ્રવ્યનું સત્ત્વ ભિન્ન છે, ( अपि ) નિશ્ચયથી ( न एव ) વ્યાપ્ય-વ્યાપકતા નથી. ભાવાર્થ આમ છે કે જેમ ઉપચારમાત્રથી દ્રવ્ય પોતાના પરિણામનો કર્તા છે, તે જ પરિણામ દ્રવ્યથી કરાયેલો છે તેમ અન્ય દ્રવ્યનો કર્તા અન્ય દ્રવ્ય ઉપચારમાત્રથી પણ નથી, કારણ કે એક સત્ત્વ નથી, ભિન્ન સત્ત્વ છે. 'व्याप्यव्यापकभावसम्भवम् ऋते कर्तृकर्मस्थितिः का' ( व्याप्य-व्यापकभाव ) પરિણામ-પરિણામીમાત્ર ભેદની ( सम्भवं ) ઉત્પત્તિ ( ऋते ) વિના ( कर्तृकर्मस्थितिः का ) 'જ્ઞાનાવરણાદિ પુદ્ગલકર્મનો કર્તા જીવદ્રવ્ય' એવો અનુભવ ઘટતો નથી, કારણ કે જીવદ્રવ્ય પુદ્ગલદ્રવ્ય એક સત્તા નથી, ભિન્ન સત્તા છે. આવા જ્ઞાનસૂર્ય વડે મિથ્યાત્વરૂપ અંધકાર મટે છે અને જીવ સમ્યગ્દષ્ટિ થાય છે. ૪-૪૯.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્રાવણ વદ ૮, રવિવાર તા.૦૭.૦૮.૧૯૭૭
## કળશ - ૪૯, પ્રવચન - ૬૦

'કળશટીકા' ચાલે છે. આ ગુજરાતીમાં ચાલે છે. કર્તા-કર્મ. કળશ-૪૯.

**व्याप्यव्यापकता तदात्मनि भवेन्नैवातदात्मन्यपि**
**व्याप्यव्यापकभावसम्भवमृते का कर्तृकर्मस्थितिः।**
**इत्युद्दामविवेकधस्मरमहोभारेण भिन्दँस्तमो**
**ज्ञानीभूय तदा स एष लसितः कर्तृत्वशून्यः पुमान्।।४-४९।।**

જરી સૂક્ષ્મ અધિકાર છે. ધ્યાન રાખવું. ''**तदा स एष पुमान् कर्तृत्वशून्यः लसितः' ते કાળે...**' એટલે કે આત્મા રાગથી ભિન્ન પડીને, પોતાના સ્વરૂપનું રાગથી ભેદજ્ઞાન કર્યું. કર્મથી તો ભિન્ન છે પણ દયા, દાન, વ્રત, પૂજા, પુણ્ય-પાપના ભાવ એનાથી ભિન્ન પડેલો તે કાળે જીવ. એમ કહેવું છે. આહાહા!

મુમુક્ષુ :– ભિન્ન કેમ કરાય?

ઉત્તર :– કીધુંને આ ભેદજ્ઞાન. હમણા અંદર આવશે. બળવાન ભેદજ્ઞાનથી ભિન્ન પડે છે. આહાહા! આવી વાત છે. ગુજરાતી સમજો છો? હિન્દી આવશે હવે. કળશ છે ને? શું કહ્યું? એ અંદર છે, જુઓ! '**उद्दामविवेकधस्मरमहोभारेण**' છે? '**उद्दाम**' અંદર ઉદ્યમ. રાગના ભાવથી પર્યાયબુદ્ધિ છે એ છૂટીને, રાગથી ભિન્ન ઉદ્યમ વિવેકમાં ભેદજ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન રાગથી ભિન્ન પડી પોતાનું સ્વરૂપ એનો અંતર અનુભવ થવો એનું નામ અહીંયાં સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. ઝીણી વાત છે, બાપુ! શું થાય? આહાહા! અરે...! ચાર ગતિમાં દુઃખી છે ઇ. દુઃખની દશામાં ડૂબકા મારીને દુઃખી છે ઇ. આહાહા! જેમ પાણીમાં અંદર જીવતો માણસ પડે અને પછી ગુંગળાય ને દુઃખ થાય. એમ અહીંયાં અંદરમાં રાગ ને દ્વેષ ને મિથ્યાભ્રમમાં, વિકારમાં ડૂબકી મારી છે. દુઃખ છે એ.

મુમુક્ષુ :– પૈસા ન હોય એ દુઃખી હોય.

ઉત્તર :– હવે પૈસા-બૈસાની અહીં વાત જ ક્યાં? ધૂળ. આ પૈસાવાળા બધા કરોડપતિ બેઠા. શેઠ કરોડપતિ, આ કરોડપતિ. આ બાજુ નથી કોઈ.

મુમુક્ષુ :– આ લાઈનમાં નથી. શેઠિયાવ આ બાજુ બેઠા છે.

ઉત્તર :– 'પોપટભાઈ'ને આપણે પ્રમુખ ઠરાવ્યા છે. 'મુંબઈ'માં પ્રમુખ. મેં કહ્યું હતું, હોં! મારી મેળાએ... જ્યારે આ 'નવનીતભાઈ' ગુજરી ગયા ને એકદમ વિકલ્પ આવ્યો હતો કે હવે 'પોપટભાઈ' આવશે. હજી તો તમારું ત્યાં ભેગુ કર્યુ અને કમિટી થઈ. એ શું? બાપુ!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા!

અહીં તો કહે છે, પ્રભુ એ રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ અંતરંગના પરિણામ એ પુદ્‌ગલના પરિણામ, પ્રભુ! તારા નહિ. આહાહા! સમજાય છે કાંઈ? આહાહા! આ શરીર, વાણી, પૈસા એની તો વાત જ ક્યાં? એ તો બિચારા એને કારણે આવે અને જાય. એ પૈસા આત્માના છે ક્યાં? અહીંયાં તો પુણ્ય અને પાપના, દયા, દાન વ્રત, ભક્તિના ભાવ થાય એ પણ પુદ્‌ગલનું પરિણામ છે, આત્માનું પરિણામ નહિ. આહાહા!

જેને રાગથી ભિન્ન ભેદજ્ઞાન થાય છે એને એ રાગના પરિણામ, પુણ્ય-પાપના પણ કર્મના પરિણામ પુદ્‌ગલના છે. એ નિમિત્તને લક્ષે થાય છે તે તેના છે. આહાહા! મારો નાથ ભગવાન તો શુદ્ધ ચૈતન્યઘન (છે). આહાહા! એ વ્યાપે તો એનું વ્યાપ્ય નિર્મળ વીતરાગી પરિણામ એનું કાર્ય છે. વ્યાપ્ય એટલે કાર્ય અને વ્યાપક એટલે પ્રસરનાર-કરનાર. વ્યાપક એટલે કરનાર, વ્યાપ્ય એટલે કાર્ય. આહાહા! આત્મા વ્યાપક કર્તા અને એનું કાર્ય તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી પરિણામ તે તેનું વ્યાપ્ય છે. 'કેસરીમલજી'! આહાહા!

માટીનું કાર્ય ઘડો છે, એ કુંભારનું કાર્ય નહિ. આહાહા! કુંભારે ઘડો કર્યો નથી. આહાહા! પરમાત્મા એમ ફરમાવે છે કે માટી તે કર્તા-વ્યાપક છે અને ઘડો તેનું વ્યાપ્ય તે કાર્ય છે. કુંભાર તે તેનો વ્યાપક કર્તા અને ઘડો તેનું કાર્ય, એમ નથી, પ્રભુ! ભિન્ન-ભિન્ન દ્રવ્ય છે. ભિન્ન દ્રવ્યના કાર્યના ભિન્ન કર્તા એમ હોઈ શકે નહિ. આહાહા!

એમ અહીંયાં **'તે કાળે...'** કહ્યું છે ને? **'તે કાળે...'**નો અર્થ, જે કાળે એ રાગ ને વિકલ્પના ભાવથી ભિન્ન પડે છે, ભેદજ્ઞાન કરે છે. આહાહા! **'તે કાળે ( स एष पुमान् ) જે જીવ...'** **'पुमान्'** એટલે જીવ. **'स'** એટલે તે જીવ **'અનાદિકાળથી મિથ્યાત્વરૂપ પરિણમ્યો હતો...'** આહાહા! અનાદિકાળથી રાગ મારું કર્તવ્ય અને રાગનો હું કર્તા એવું જે મિથ્યાત્વરૂપે, મિથ્યા એટલે જૂઠી દૃષ્ટિપણે થયો હતો. થયો હતો કહે છે. આહાહા! **'તે જ જીવ...'** છે ને? **'स एष पुमान्' 'स' 'તે જ જીવ...'** જે મિથ્યાત્વરૂપે પરિણમ્યો હતો તે જ જીવ. આહાહા! સમજાણું કાંઈ? માર્ગ બહુ સૂક્ષ્મ અને અપૂર્વ છે, ભાઈ! આહાહા! ચોર્યાસીના દરિયામાં જુઓને ભવસીધું, ભવાબ્ધિ જેને પરમાત્મા ભવાબ્ધિ (કહે છે). ભવરૂપી અબધિ સમુદ્ર. ઓહોહો..! ક્યાં ક્યાં ભવ? કેવા કેવા દુઃખના ભાવ? એમાં રખડી મર્યો છે.

પ્રભુ એમ કહે છે એકવાર સાંભળ, પ્રભુ! આહાહા! તું જે ચીજ છો એ જ્યારે રાગના ભાવ મારું કાર્ય છે અને એ રાગનો હું કર્તા છું એવું મિથ્યાત્વપણે એનું પરિણમન હતું. હવે તેનાથી ભિન્ન પડે છે તે કાળે... આહાહા! આમ છે, ભાઈ! ઝીણી વાત, બાપુ! શું થાય? અત્યારે તો લોકોને આકરું પડે. આ દયા, દાન ને વ્રત ને તપ કરીએ (તો) ધર્મ થાય. અરે..! પ્રભુ! સાંભળને, ભાઈ! એ દયા, દાનનો વિકલ્પ રાગ છે એ મારું કર્તવ્ય છે અને હું એનો કર્તા છું એ મિથ્યાત્વપણે પરિણમન છે. 'છોટાભાઈ' આવી વાત છે, બાપુ!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શું થાય? અરે..! પરમાત્માના વિરહ પડ્યા. ભરતક્ષેત્રમાં ભગવાન નહિ. ભગવાન છે એ પોતે છે હવે. આહાહા! એનો એને વિરહ હતો. પુણ્ય અને પાપના ભાવ મારું કર્તવ્ય અને એ મારું કાર્ય, (એ માન્યતામાં) એને ભગવાનનો વિરહ હતો. ક્યા ભગવાનનો? આહાહા! એ પરમાત્મા તો ત્યાં છે. આહાહા!

અહીંયાં પરમાત્મા ચિદાનંદસ્વરૂપ, એનો એને અનાદિથી... છે ને અનાદિથી? **'અનાદિ કાળથી મિથ્યાત્વરૂપ પરિણમ્યો હતો...'** આહાહા! અરે..રે..! એને આત્માના વિરહ પડ્યા હતા. એ રાગનો એને સંયોગ અને રાગનો ભાવ મારું કર્તવ્ય એમ કર્તા થઈને કર્તવ્ય માનતો એ મિથ્યાત્વરૂપે પરિણમ્યો હતો. આહાહા! ભાષા સાદી છે. શેઠ તો બરાબર કહે છે, પકડાય છે એમ કહે છે. આ તો પકડાય એવી વાત છે, બાપા! આહાહા! આ કોઈ પક્ષની વાત નથી. આહાહા!

એને ખ્યાલમાં, જ્ઞાનમાં એનો નિર્ધાર તો કરે. કે રાગનું કર્તવ્ય મારું અને કર્તા હું એ તો મિથ્યાત્વ ભાવ છે. આહાહા! કેમકે રાગ છે એ નિશ્ચયથી તો પુદ્ગલના પરિણામ પુદ્ગલ છે. ગજબ વાત છે, બાપુ! અનાદિથી એ રૂપે પરિણમ્યો હતો. રાગ અને પુણ્યના, દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ એ મારું વ્યાપકનું વ્યાપ્ય, મારા કર્તાનું કાર્ય... આવી વાત છે. એમ મિથ્યાત્વરૂપે પરિણમ્યો હતો ત્યાં પ્રભુના એને વિરહ હતા. આનંદનો નાથ સાગર... આહાહા! અતીન્દ્રિય આનંદનો દરિયો અંદર ઉછળે છે. એવો સ્વસ્વરૂપ ભગવાનઆત્મા, રાગના, પુણ્યના પરિણામનો કર્તા હું અને એ કાર્ય મારું, એમાં ભગવાનનો એને અંતર પડી ગયો હતો, વિરહ પડી ગયો હતો. 'ઋષભલાલજી'! આવી વાત છે. આહાહા! કહો, 'શુકનલાલજી'! આવી ઝીણી વાત છે, ભગવાન! કહે છે કે નિત્યાનંદ પ્રભુ એવો જે ભગવત્ સ્વરૂપ પ્રભુઆત્મા એને આ રાગના કાર્યમાં રોકીને તેનો એને વિરહ પડી ગયો છે. આહાહા! પરના કાર્ય તો કરી શકતો નથી, પણ રાગના કાર્ય કરું એવું માની શકે છે. માની શકે છે. આહાહા! સમજાણું કાંઈ? કર્તા-કર્મ અધિકાર છે. બહુ અલૌકિક વાત છે.

કહે છે, એ **'મિથ્યાત્વરૂપે પરિણમ્યો હતો તે જ જીવ...'** પાછુ એમ થયું ને? **'स एष'** જીવ એમ છે ને? તે જ નિશ્ચય જીવ. જે જીવ પુણ્ય-પાપના ભાવ, રાગ એ મારું કાર્ય વ્યાપ્ય છે અને હું એનો વ્યાપ કર્તા છું, એવો જે મિથ્યાત્વરૂપે પરિણમ્યો હતો તે જ જીવ હવે.. ગુલાંટ ખાય છે, વિવેક કરે છે-ભેદજ્ઞાન કરે છે. આહાહા! અરે..રે..! ક્યાં શરીર? ક્યાં વાણી? ક્યાં કર્મ? ક્યાં સ્ત્રી અને કુટુંબો? ક્યાં પર? એની સાથે કાંઈ લેવા-દેવા છે નહિ. આહાહા! રખડતા બે ભેગા થયા. આહાહા!

એક ફેરી (સંવત) ૧૯૮૭ના કારતક મહીને 'ચીતલ'માં હતા ને. અમારે 'કુંવરજીભાઈ'નો 'મનસુખ' છે ને? એનું સગપણ કરવા આવ્યો હતો 'આણંદજી'. ૧૯૮૭નું ચોમાસુ 'અમરેલી' હતું. ૧૯૮૬ના કારતક સુદ પૂનમે પોરથી ઉઠ્યા ને 'ચીત્તલ' ગયા ત્યાં આવ્યો. એ 'મનસુખ'નું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સગપણ ત્યાં કરવા આવ્યો હતો. 'કુંવરજીભાઈ'નો. પછી એણે પૂછ્યું, મહારાજ! આ શું છે? ક્યાંનો આદમી? ક્યાંની સ્ત્રી? આ બધું ભેગું થાય એ શું છે? 'પોપટભાઈ'! અમારે 'આણંદજી' નહોતો? પગે ઓલો હતો. અમારા ભાગીદાર. 'કુંવરજીભાઈ'ના ભાગીદાર હતા. પછી દીકરો-દીકરી નહિ એટલે બાયડી-ભાયડો બે જ હતા. બેય ગુજરી ગયા. પણ ભાગ મોટો બહાર હતો. બે-બે લાખની પેદાશ હતી. પછી એણે છોડી દીધું. કાંઈ નહોતું. છોકરાને સોંપી દીધું. 'મનસુખભાઈ'ને. એ કહે કે આ 'મનસુખ' ક્યાં 'ઉમરાળા'નો અને ક્યાં 'પાલેજ'નો અને આ છોડી, મેળ શું?

મેં કીધું જો ભાઈ! એવી વાત છે. એક જીવ થોરમાંથી આવે. થોર-થોર સમજો છો? શું શેઠ? એમાંથી આવે અને એક આવે કીડામાંથી. કીડો હોય એમાંથી આવે. બે પતિ-પત્નિ ભેગા થાય. આવો મેળ છે, બાપા! આહાહા! એ આવ્યા હતા, હોં! ત્યાં 'લાલચંદશેઠ'ની... આહાહા! આ શું છે? મેં કીધુ, બાપુ! આવું છે, ભાઈ! એકબીજાના કર્મના મેળમાં એવો સંયોગ થાય. ઓલો કીડેથી આવે, ઓલો થોરમાંથી આવે. અહીં થઈ જાય પતિ-પત્નિ. બાપુ! શેના પતિ? કોણ પતિ? આહાહા! ધૂળધાણી ધુમાડાના બાચકા છે. ધૂમ સમજો છો ને? ધુમાડા-ધુમાડા. ધૂમને પકડે. પકડાય? ધુમાડો નથી થતો? આ લાકડામાંથી થાય. ભરો કોથળામાં. એ ધુવાડાના બાચકા ન ભરાય, બાપુ!

અરે..! પ્રભુ! એ પરદ્રવ્ય એ તારા નહિ. આહાહા! એ તો ક્યાંય રહી ગઈ વાત. કર્મ પણ તારા નહિ એ વાત પણ ક્યાંય રહી ગઈ. પણ કર્મના લક્ષે તારી કમજોરીથી પુણ્ય અને પાપના, દયા, દાન, વ્રતના ભાવ થાય, એ પણ મારું કાર્ય અને મારે એને સંબંધ છે... આહાહા! મારે ને એને-રાગને સંબંધ છે... આહાહા! પ્રભુ! ત્રિલોકનો નાથ સચ્ચિદાનંદ આનંદમૂર્તિ પ્રભુ એ એમ માને કે રાગ સાથે મારે સંબંધ છે. એથી રાગ મારું કાર્ય છે અને હું એનો કર્તા છું. એ અનંત સંસારનું કારણ મિથ્યાત્વરૂપી દશા છે. આહાહા!

**'તે જ જીવ...'** છે ને? **'તે જ જીવ ( कर्तृत्वशून्यः लसितः ) કર્મ કરવાથી રહિત થયો.'** **'कर्तृत्वशून्यः लसितः'** એ રાગના કાર્યથી ભિન્ન પડી ગયો. આ કાર્ય મારું નહિ. આહાહા! એ રાગના કાર્યથી **लसितः**-ભિન્ન પડી ગયો. **'કર્મ કરવાથી રહિત થયો.'** આહાહા! આનું નામ ભેદજ્ઞાન અને એનું નામ પ્રથમ ધર્મની સીઢી. આહાહા! આવી વાત છે, બાપુ! અરે..! કોઈ ધણી નહિ. આહાહા!

હમણા તો સાંભળીએ છીએ ને ઓલા પરીક્ષામાં નાપાસ થાય અને પાણીમાં પડીને મરે. અરે..! બાપુ! શું કરે છે? ભાઈ! આહાહા! જુવાન છોકરા વીસ-વીસ વર્ષના, હોં! હમણા અહીં બ્રાહ્મણનો છોકરો બી.એ.માં નાપાસ થયો. બાપુ! મને ક્યાંય શાંતિ મળતી નથી. પિતાજીને કાગળ લખ્યો. હું નાપાસ થયો છું તો મને ક્યાંય ગોઠતું નથી. હું આખી દુનિયા છોડી દઉં છું. એમ કહીને અહીં 'ખોડિયાર' છે ને? ત્યાં તળાવ છે. એમાં પડતું મૂકીને પાણીમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુંઝાઈને મરી ગયો. આહાહા! પછી તો મુંઝાઈને મરતા એને બહુ થાય, હોં! હાય-હાય આ કરતા તો.. પડ્યા પછી મોઢામાં પાણી જાય, થઈ રહ્યું. આહાહા!

એમ આ અનાદિથી પુણ્ય અને પાપના રાગમાં ઝંપલાવી અને એ મારું કાર્ય અને હું કર્તા (એ માન્યતામાં) મરી ગયો છે અંદર. આહાહા! એણે આત્માને મારી નાખ્યો. એટલે? મારી નાખ્યો એટલે? કે જે સચ્ચિદાનંદ પ્રભુ ધ્રુવ નિત્યાનંદ છે તેનો અનાદર કર્યો અને રાગનો આદર કર્યો. એટલે આ નથી અને આ હું છું. 'પંડિતજી'! આવું છે, ભગવાન! આહાહા! ભગવાનને ભૂલી ગયો અને રાગની માળા ગણી. છે ને?

કહે છે કે એ જીવ કર્તૃત્વશૂન્ય થયો. હવે ગુલાંટ ખાય છે. આહાહા! એ રાગના ભાવ મારા કાર્ય, મારું વ્યાપ્ય અને હું કર્તા, એ મારું સ્વરૂપ નહિ. આહાહા! આકરું કામ, ભાઈ! પરમેશ્વરનો વીતરાગ માર્ગ, એવો ક્યાંય છે નહિ. આ તો ત્રણલોકના નાથનો પોકાર છે. દિવ્યધ્વનિથી પ્રભુનો પોકાર છે. ભગવંત! તું વિકારના કાર્યમાં રોકાઈને તેં તારા આત્માનું ખૂન કર્યું છે. આહાહા! હવે એકવાર ગુલાંટ તો ખા. આહાહા!

**'તે જ જીવ કર્મ કરવાથી રહિત થયો.'** એ પુણ્ય અને પાપના ભાવ મારું કાર્ય, એનાથી ભેદજ્ઞાન થતાં તે કાર્ય મારું એનાથી રહિત થયો. સમજાય છે ને? ભાઈ! આ ભાષા તો સાદી છે. જરા ગુજરાતી છે. ભાવ સરસ છે. આહાહા! આ તો છોકરાઓને સમજાય એવું છે. ભાષા સાદી છે. આહાહા!

ભગવાન! તું કોઈ પદાર્થ છો કે નહિ? કોઈ વસ્તુ છો કે નહિ? કોઈ મોજૂદ ચીજ છે કે નહિ? એ તો ભગવત્ સ્વરૂપ છે, આનંદ અને સચ્ચિદાનંદ પ્રભુ છે. આહાહા! એવી ચીજને દૃષ્ટિમાં ન લેતા પુણ્ય અને પાપના ભાવને વર્તમાન મોજૂદ એ ચીજ છે તે હું છું એમ કરીને તેનો કર્તા થાય અને તે કાર્યને પોતાનું માને... આહાહા! અરે...! એણે ઝંપલાવ્યું અજ્ઞાનમાં. સ્વભાવને ઝંપલાવ્યું અજ્ઞાનમાં. હવે ગુલાંટ ખાય છે, પલટો ખાય છે. એ કર્તૃત્વથી શૂન્ય છું. હું તો જ્ઞાન-આનંદસ્વરૂપ છું. એથી રાગના વ્યાપ્ય કાર્યથી મારું કર્તાપણું જુદું છે. આહાહા! છે?

**'કેવો છે જીવ? ज्ञानीभूय तमः भिन्दन् અનાદિથી મિથ્યાત્વરૂપ પરિણમતાં જીવ-કર્મના એકપર્યાયસ્વરૂપ પરિણમતો હતો...'** જીવ અને રાગના ભાવ એ બધું કર્મનું કાર્ય છે. આહાહા! હજી અહીંયાં વ્યવહારરત્નત્રય જે કહેવાય એ રાગ છે, એ કર્મ છે. પ્રભુ! અહીં કહે છે કે કર્મ છે એ તો. ભગવાન! તને ખબર નથી. જો તારું કાર્ય હોય તો દરેક અવસ્થામાં હોવું જોઈએ. સમજાણું કાંઈ? આહાહા! એ જીવ અને રાગના **'એક પર્યાયસ્વરૂપ પરિણમતો હતો...'** રાગની પર્યાય મારી અને દ્રવ્ય હું. મારા દ્રવ્યની પર્યાય તે રાગ. આહાહા! એણે આત્માને અશુદ્ધ માન્યો. હું એક આત્મા દ્રવ્ય છું એ કર્તા અને રાગ મારી પર્યાય. દ્રવ્ય હું પર્યાયવાન અને રાગ મારી પર્યાય... આહાહા! એમ માનતો હતો તે મિથ્યાત્વભાવ હતો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– અજ્ઞાનીને દ્રવ્યની ...

ઉત્તર :– એણે આ વાંચ્યું તો ઘણું. અગિયાર અંગ ભણ્યો છે. દ્રવ્યલિંગી અગિયાર અંગ ભણ્યો નથી? અને જૈન વાડામાં જન્મ્યો હોય તો દ્રવ્ય-ગુણ-પર્યાયના નામ તો આવડતા હોય ને? અત્યારે તો એના પણ ક્યાં ઠેકાણા છે? દ્રવ્ય-ગુણ-પર્યાય શું? આ તો ઉંધે કાંધે કરો વ્રત અને કરો તપ અને કરો પડિમા. (એ બધા) મિથ્યાત્વના સેવન છે. આહાહા! માર્ગ આવો છે, ભગવાન! આ તો આખા જન્મ-મરણને ફેરવી નાખવાની વાત છે. આહાહા! શું થાય? એને માનનારા થોડા હોય એથી કરીને સત્ય તો કાંઈ ઓછું થતું નથી. જાજા માનનારા હોય તો સત્ય બહુ કહેવાય, એમ છે કાંઈ?

મુમુક્ષુ :– કોઈ માનનાર ન હોય

ઉત્તર :– ન પણ હોય. ફક્ત એક પોતે જ હોય. આહાહા!

કહે છે કે, **'મિથ્યાત્વરૂપ પરિણમ્યો હતો તે જ જીવ...'** કર્મ એટલે રાગ અને આત્મા જીવ બેને એક પર્યાય સ્વરૂપે પરિણમતો. આહાહા! જાણે એ દયા-દાનના પરિણામ એ મારી પર્યાય છે અને હું એનો પર્યાયનો કરનારો દ્રવ્ય હું છું. આહાહા! એમ માનતો હતો. ભાષા તો સાદી છે. બહુ આકરી નથી. ભાવ ભલે ઝીણા છે. આવું બાપુ છે. આહાહા! **'એક પર્યાયરૂપ પરિણમતો હતો તે છૂટ્યું,...'** આહાહા! શુભ-અશુભ, દયા-દાન, કામ-ક્રોધના ભાવ એ મારી પર્યાય અવસ્થા છે અને હું એનો કર્તા દ્રવ્ય છું એવો જે મિથ્યાત્વભાવ હતો એ છૂટ્યો. આહાહા! સમજાણું કાંઈ? રવિવારે વાત સારી આવે છે. 'શાંતિભાઈ'! આ 'ભાવનગર'વાળા છે.

મુમુક્ષુ :– 'ભાવનગર'નો દિવસ છે.

ઉત્તર :– 'ભાવનગર'નો દિવસ છે. ભાવ-ભાવનગર. આહાહા! આવી વાત છે, પ્રભુ! શું થાય? અને વાદ-વિવાદ કરે, અરે..! ચર્ચા કરે, ભાઈ! કોની સાથે વાદ કરવો? ભાઈ! તારી ચીજ જે છે એની તને ખબર નથી અને રાગથી તને લાભ માનવો છે, હવે કોની સાથે આ ચર્ચા કરવી? અરે..!

અહીં કહે છે, એ શુદ્ધ ચૈતન્યનો અનુભવ થયો. શુદ્ધ ચૈતન્યનો અનુભવ થયો. આહાહા! એ રાગ એ પર્યાય મારી નહિ. મારી પર્યાય તો નિર્મળ હોય. એમ રાગથી ભિન્ન પડી અને શુદ્ધ ચૈતન્યનો અનુભવ કરે કે હું તો શુદ્ધ ચૈતન્ય છું તે છું. આહાહા! આનું નામ સમ્યગ્દર્શન, આનું નામ ભેદજ્ઞાન. આહાહા! જેના જન્મ-મરણના છેડા-અંત આવી ગયા. અને જેમાં અનંત આનંદરૂપી મુક્તિની પ્રાપ્તિની શરૂઆત થઈ ગઈ. આહાહા! આવું છે, ભાઈ! આ તો હો..હા.. હો..હા.. બહારમાં ધમાધમ. વ્રત કર્યા, તપ કર્યા, અગિયાર પડિમા લીધી. આહાહા! ભાઈ! તું કોણ છો તેની ખબર વિના એ બધા વિકલ્પો છે, એ મારું કાર્ય છે ત્યાં સુધી તો એ મૂંઢ જીવ છે, મિથ્યાદૃષ્ટિ છે. હવે ગુલાંટ ખાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'છૂટ્યું,...'** એ રાગનું કાર્ય મારું અને હું કર્તા એ બુદ્ધિ છૂટી. આહાહા! **'શુદ્ધચેતન-અનુભવ થયો,...'** શુદ્ધ ચેતન. રાગ તે અશુદ્ધતા હતી અને હું તો શુદ્ધ ચૈતન્ય છું. આહાહા! એવું અશુદ્ધતાના ભાવથી, એ પુદ્‌ગલના ભાવથી ભગવાનને ભિન્ન જાણ્યો, ત્યારે તેને શુદ્ધ ચૈતન્યનો અનુભવ થયો. આહાહા! સમજાય છે કાંઈ? આહાહા! આમ છે. પુસ્તક આપજો. શું કહ્યું? આહાહા! જીવ અનાદિકાળથી એ પુણ્યના, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ આદિ કર્મના ભાવ છે એને પોતાના માનીને કર્તા થઈને મિથ્યાત્વપણે પરિણમતો હતો. આહાહા! કેમકે અંદરમાં પુણ્ય અને પાપના ભાવ એ વિકારી ભાવ એ પુદ્‌ગલના નિમિત્તથી થયેલા પુદ્‌ગલ છે. એ જીવનું કાર્ય નહિ. એ જીવ પુણ્યના પરિણામ અને મારું વ્યાપ્ય કાર્ય અને હું કર્તા એ બુદ્ધિ મિથ્યાત્વ છે. આહાહા! **'તે છૂટ્યું,...'** એમ કીધું, જોયું! **'( ज्ञानीभूय ) અનાદિથી મિથ્યાત્વરૂપ પરિણમતાં જીવ-કર્મના એકપર્યાયસ્વરૂપ પરિણમતો હતો તે છૂટ્યું,...'** રાગથી ભિન્ન મારી ચીજ તો શુદ્ધ ચેતન છે. આહાહા! આ તો પ્રથમ હજી સમ્યગ્દર્શન અને ભેદજ્ઞાનની પહેલી સીઢીની વાત છે. આહાહા!

**'શુદ્ધચેતન-અનુભવ થયો,...'** હું તો પવિત્ર શુદ્ધ ચૈતન્યઘન છું, જ્ઞાનનો પિંડ છું, આનંદનો કંદ છું. આહાહા! જેમ એ શક્કરકંદ હોય છે ને? શક્કરકંદ? શક્કરિયા. એ લાલ છાલથી અંદર જે કસ છે એ શક્કરકંદ છે. સાકરનો પિંડ છે. સાકરની મીઠાશનો પિંડ એટલે એને શક્કરકંદ કહે છે. ઉપલી છાલ છે એ કાંઈ શક્કરકંદ નથી. એમ પુણ્ય અને પાપના ભાવ એ લાલ છાલ છે, એ કંઈ આત્મા નથી. આહાહા! હવે આ શરીર તો ક્યાંય રહી ગયું, કર્મ તો ક્યાંય રહી ગયા. આ ધૂળ પૈસા-બૈસાને, લક્ષ્મી ને બાયડી-છોકરા, અરે..! પ્રભુ! એ તો ક્યાંય ભિન્ન રહી ગયા. તારે અને એને કાંઈ સંબંધ નથી.

અહીં તો રાગના ભાવ ને મારે સંબંધ છે, સંબંધ છે... આહાહા! સંબંધ છે. આહાહા! રાગથી બંધાયેલો છું, રાગ મારું કાર્ય છે. આહાહા! તેવો મિથ્યાત્વભાવરૂપે થતો, કહે છે કે એનાથી ભિન્ન પડ્યો જ્યાં... આહાહા! જે રાગથી ભિન્ન ચીજ છે એ શુદ્ધ ચૈતન્ય પવિત્ર પ્રભુ છે. એ રાગથી ભિન્ન પડતાં તેનો વિવેક થઈને શુદ્ધનો અનુભવ થયો. ત્યારે કહે છે કે એ અનુભવ થયો એ પર્યાય વ્યાપ્ય-કાર્ય અને આત્મા એનો કર્તા. આહાહા! સમજાણું કાંઈ? છે?

**'એમ થતાં મિથ્યાત્વરૂપ અંધકાર છેદતો થકો.'** આહાહા! હું શુદ્ધ ચૈતન્ય વસ્તુ પવિત્ર ભગવાનઆત્મા (છું), એમ રાગ ઉપરથી દૃષ્ટિ ઉઠાવી અને શુદ્ધ ચૈતન્ય ઉપર દૃષ્ટિ જતાં શુદ્ધ ચૈતન્યનો અનુભવ થતાં મિથ્યાત્વ અંધકારનો નાશ થાય છે. અસ્તિપણે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ પ્રાપ્ત થાય છે અને અંધકાર નાસ્તિપણે નાશ પામે છે. આહાહા! સમજાણું કાંઈ? આવું છે.

**'કોના વડે મિથ્યાત્વ-અંધકાર છૂટ્યો?'** છે? આહાહા! **'इति उद्दामविवेकघस्मरमहोभारेण**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જે કહ્યો છે, તે બળવાન છે...**' ભગવાનઆત્મા. '**ભેદજ્ઞાનરૂપી સૂર્યના તેજના સમૂહ વડે.**' આહાહા! રાગના વિકલ્પથી ભેદજ્ઞાન કરતાં સૂર્યના તેજ આગળ જ્યાં અંધકાર હોતું નથી. આહાહા! એમ રાગથી ભિન્ન પડતાં બળવાન ભેદજ્ઞાનરૂપી સૂર્ય. જોયું! એના તેજના સમૂહ વડે... આહાહા! અંધકારનો નાશ થઈ જાય છે. રાગ મારું કર્તવ્ય અને હું કર્તા એ અજ્ઞાન બુદ્ધિનો ત્યાં નાશ થાય છે. આહાહા! આવી વાતું છે. હજી એના નિર્ણયની ખબર ન મળે. અનુભવ તો પછી. આવી વાત છે, ભગવાન! શું થાય? કોની સાથે વાદ કરે? વિવાદ અને વાદ કોની સાથે? ભાઈ! ભગવાન તો વિકલ્પથી રહિત છે ને. આહાહા! એ વિકલ્પનું કાર્ય મારું અને હું કર્તા, વિકલ્પ મારી પર્યાય અને હું એનો દ્રવ્ય-એ મિથ્યાત્વ છે, ભાઈ! આહાહા! કહો, 'નેમિચંદભાઈ'! આવું સ્વરૂપ છે. આહાહા! એ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા. પૂજા અને ભક્તિ, દયા અને દાન, વ્રત અને તપ એ બધો વિકલ્પ છે, રાગ છે. આહાહા!

મુમુક્ષુ :– કેટલાક એમ કહે છે કે ઇ પહેલો આવે તો ખરો ને.

ઉત્તર :– ઝેર પહેલું આવે અને પછી અમૃત થાય એનો પ્રશ્ન શું? એ તો ઝેર છે. આહાહા! અજ્ઞાનીને તત્ત્વની ખબર નથી. સમજાણું કાંઈ? રાગ છે એ તો ઝેર-પુદ્ગલ કીધા. પુદ્ગલ પહેલો આવે તો ખરોને પછી ચૈતન્ય જણાય એમ હશે?

મુમુક્ષુ :– બધા એમ દલીલ કરે છે અશુભ મટીને શુભ થાય ને શુભ મટીને શુદ્ધ થાય.

ઉત્તર :– હવે એ બધા શુભ પણ અશુભ છે. શુભ પણ પાપ છે એમ ન કીધું? 'પાપ પાપને સહુ કહે પણ અનુભવી જન પુણ્યને પાપ કહે.' 'યોગસાર'માં 'યોગીન્દ્રદેવે' (કહ્યું છે). ભાઈ! માર્ગ આવો છે, પ્રભુ! પાપને પાપ તો દુનિયા ઘણી કહે છે પણ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના પરિણામને પણ સમકિતી તેને પાપ કહે છે. કેમકે પોતાના પવિત્ર સ્વરૂપમાંથી ખસી જઈને પાપમાં આવ્યો છે. આહાહા! પુણ્યને પાપ કહ્યું છે. 'યોગીન્દ્રદેવે' પણ કહ્યું અને ઓલામાં પણ કહ્યું છે. છેલ્લે પુણ્ય-પાપના અધિકારમાં કહ્યું છે. ભાઈ! પાપ અધિકાર ચાલે છે એમાં તમે પુણ્યની ક્યાં વાત કરી? એ પુણ્ય પણ પાપ છે, સાંભળ. સ્વરૂપ ચિદાનંદ ભગવાન આનંદનો દળ પ્રભુ, એમાંથી ખસી જાય છે એ રાગ એ પાપ છે. આહાહા! નિશ્ચયથી પાપ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આત્માનો પક્ષ કર્યા વગર જવાય કેવી રીતે?

ઉત્તર :– પક્ષ એટલે અંદર આશ્રય કરવો. પક્ષ કરવો એ પણ એક વિકલ્પ છે. અહીં તો આકરી વાત છે, બાપા! આ રાગથી ભિન્ન એટલે સ્વનો આશ્રય કરતાં રાગથી ભિન્ન રહી જાય છે. રાગનો આશ્રય કરતાં ભગવાન ભિન્ન રહી જાય છે, ભગવાન જુદો રહી જાય છે. અને સ્વનો આશ્રય કરતાં રાગ ભિન્ન રહી જાય છે. આમ છે. આ એની રીત છે. સમજાણું કાંઈ? મોઘું પડે પણ માર્ગ તો આ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શીરાનો દાખલો તો ઘણી વખત નથી દેતા? હલવો-હલવો. હલવામાં પહેલું ઘી લોટ પી જાય. પછી નાખે ગોળ-સાકરનું પાણી. પછી એ શીરો-હલવો થાય. પણ એવી કોઈ ડાહીની દીકરી નીકળે કે આ તો લોટ બધું ઘી પી જાય છે તો શું કરવું? કે ગોળ પછી નાખવાનો છે. તો પહેલા સાકરના પાણી અને ગોળના પાણીમાં લોટને શેકો અને પછી નાખો ઘી. પોટીસ પણ નહિ થાય. તને ખબર નથી. સમજાણું કાંઈ? જેની રીત અને વિધિ છે તેથી ઊંધુ કરવા જઈશ તો મરી જઈશ. આહાહા! એય..! 'પોપટભાઈ'! આવી વાતું છે, ભગવાન! આહાહા! ઓલામાં નથી આવતું? વીરનો બોલ, પ્રભુ તું બોલ. આહાહા! તારામાં પ્રભુ ડોલે છે. આહાહા! તેરા પ્રભુ તેરે મેં ડોલે. ભગવાન તો ભગવાન પાસે રહી ગયા. અરે..! તારો ભગવાન અંદર છે ને પ્રભુ! તને ખબર નથી. મોટો માણસ આવે અને સામું ન જો. અને બાળક સાથે વાત કરવામાં બે ઘડી કાઢી નાખ તો મોટો માણસ વયો જશે. એમ પ્રભુ એની સામું ન જોતાં આ રાગ અને પુણ્યની સામું બાળક-અજ્ઞાન સામું જો છો.

મુમુક્ષુ :– દૃષ્ટાંતમાં તો ભૂલ નથી...

ઉત્તર :– દૃષ્ટાંતમાં પણ થાય. છોકરો રમવા આવ્યો હોય અને મોટો માણસ આવ્યો હોય તો કહે બેસો, મારા છોકરા સાથે. ઓલો કહે કે મારી પાસે વખત જ નથી. ચાલ્યો જાય. એમ ત્રણલોકનો નાથ ચિદાનંદ પ્રભુ... આહાહા! હાજરા હજુર ભગવાન છે. એની સામું ન જોતા જે એમાં નથી એવા રાગની સામું જોઈને ત્યાં અટકી ગયો, ભાઈ! તારા સ્વરૂપની તેં હિંસા કરી છે. આહાહા! એ જીવતી જ્યોતને તે રીતે તેં ન સ્વીકારી. તેં રાગવાળી સ્વીકારી. આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

કેમ થયો એ વિવેક? **'મિથ્યાત્વ-અંધકાર (કેમ) છૂટ્યો? જે કહ્યો છે, બળવાન છે એવા ભેદજ્ઞાનરૂપી સૂર્યના તેજના સમૂહ વડે.'** આહાહા! રાગથી જ્યાં આત્માનું જ્ઞાન ભિન્ન પડે છે ત્યાં એના તેજ વડે કરીને અંધકાર નાશ થઈ જાય છે. સૂર્ય પાસે અંધકાર હોઈ શકે નહિ. એમ રાગથી ભિન્ન પડતાં ચૈતન્યસૂર્ય જાગતા રાગની એકતાબુદ્ધિનું અજ્ઞાન નાશ થઈ જાય છે. સ્વભાવમાં એકતા થતા સ્વભાવના તેજ વડે કરીને રાગની એકતાનો ભાવ નાશ પામી જાય છે. આહાહા! આવી વાતું છે. 'પોપટભાઈ'! તમારી લાદીમાં પણ નથી. તમારી લાદીમાં-ફાદીમાં ધૂળમાં આખો દિ..

મુમુક્ષુ :– કેવી રીતે લાદી બનાવવી એની વિધિ હોય ને? કે એ રીત છોડીને કરાય?

ઉત્તર :– કોણ બનાવે? લાદીના રજકણો લાદીપણે થવાના હોય એ પરિણમે. પરમાણુ તેનો કર્તા. આહાહા! આવી વાતું!

મુમુક્ષુ :– એટલા માટે વિલાયતથી...

ઉત્તર :– અંદર લાદીમાં ખાંટ નાખે. એ એકવાર ત્યાં 'જામનગર' જોયું હતું ને. આપણે ... ત્યાં .. રોકાણા હતા. બધું બતાવ્યું હતું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અરે..! પ્રભુ! અંતર અનંત શક્તિની ચીતરામણવાળો પ્રભુ (મોજૂદ છે). આહાહા! એને અંતરમાં રાગના પરિણામથી ભિન્ન પાડતાં ચૈતન્યસૂર્યના તેજ વડે જેમ અંધકાર નાશ પામે એમ સ્વભાવની એકતા થતાં રાગની એકતાનો ભાવ નાશ પામે છે. આહાહા! સમજાણું કાંઈ? એની રીત આ છે. કોઈ બીજી રીત કરવા જાય તો નહિ મળે, ભાઈ! સમજાણું કાંઈ?

**'હવે જે વિચારતાં ભેદજ્ઞાન થાય છે તે જ કહે છે–'** શું કહે છે? કે ભેદજ્ઞાન કેમ થાય? **'જે વિચારતાં ભેદજ્ઞાન થાય છે તે જ કહે છે— व्याप्यव्यापकता तदात्मनि भवत्'** શું કહે છે? **'સમસ્ત ગુણરૂપ અને પર્યાયરૂપ ભેદ-વિકલ્પો...'** તે વ્યાપ્ય-કાર્ય. અને **'વ્યાપકતા એક દ્રવ્યરૂપ વસ્તુ એક સત્ત્વરૂપ વસ્તુમાં હોય છે.'** શું કહે છે ઇ? કે ગુણ ને પર્યાય જે નિર્મળ છે એ એનું વ્યાપ્ય છે અને આત્મા તેનો વ્યાપક છે. આહાહા! શુદ્ધ સ્વભાવનું પરિણમન જે થાય, પર્યાય નિર્મળ, વીતરાગી પર્યાય થાય તે જીવનું વ્યાપ્ય એટલે કાર્ય છે અને જીવ તેનો કર્તા છે. આહાહા! આવું છે. બહારનું તો ક્યાંય ગયું. આહાહા! સમજાણું કાંઈ?

**'व्याप्यव्यापकता'** અહીં વ્યાપ-વ્યાપક. વ્યાપક એટલે કરનારો-પ્રસરનારો. અને વ્યાપ્ય એટલે પર્યાય એટલે કાર્ય. ભગવાનઆત્મા દ્રવ્ય-ગુણ શુદ્ધથી વ્યાપક છે અને એની પર્યાય જે છે તે વ્યાપ્ય છે. નિર્મળ પર્યાય તે તેનું વ્યાપ્ય ને કાર્ય ને કર્મ છે. આહાહા! ભાષા તો પકડાય એવી છે. આહાહા! ઝીણું પડે, શું થાય ભાઈ?

અરે..રે..! ચોર્યાસીના અવતાર કરી કરીને ક્યાંય એને ચૈતન્યની ગંધ આવી નહિ. એણે જ્યાં હોય ત્યાં રાગ ને પુણ્ય ને પાપના ભાવની ગંધ અને એની સુગંધ દેખીને ત્યાં મૂર્છાઈ ગયો છે. આહાહા! અંદર ભાવમાં, હોં! બહારના ફળ આ પૈસા અને ધૂળ એ ચીજ તો ક્યાંય રહી ગઈ. આહાહા! શરીરની સુંદરતા, સ્ત્રી-કુટુંબની અધિકતા, બહોળો પરિવાર, બહોળા પૈસા, બહોળા મકાન. પ્રભુ! એ તો પર છે, એની સાથે તારે શું સંબંધ છે? આહાહા!

અહીં તો પુણ્ય અને પાપના ભાવ એ તારા સ્વભાવને અને એને શું સંબંધ છે? સમજાણું કાંઈ? એ વિચારતા વ્યાપ્યવ્યાપક... આહાહા! એટલે કે પોતાની નિર્મળ પર્યાય તે મારું સત્ત્વ અને હું એનો કર્તા દ્રવ્ય. એક સત્ત્વમાં એ હોઈ શકે. રાગ મારું કાર્ય અને હું એનો કર્તા એ હોઈ શકે નહિ. આહાહા! કેમકે એની સત્તા જ ભિન્ન છે. રાગ-પુણ્ય-પાપની સત્તા અશુદ્ધ ભિન્ન છે, ભગવાનની સત્તા શુદ્ધ ભિન્ન છે. એટલે આત્મા પોતે શુદ્ધ પરિણતિનો વ્યાપક-કર્તા, શુદ્ધ પરિણતિ તેનું વ્યાપ્ય-કાર્ય અને આત્મા તેનો વ્યાપક કર્તા. એ એક સત્ત્વમાં સંભવે છે. ભિન્ન સત્ત્વમાં એ સંભવતું નથી. રાગ એ ભિન્ન સત્ત્વ છે તેનો વ્યાપક આત્મા અને વ્યાપ્ય રાગ એ સંભવતું નથી. આહાહા! આવું છે, 'શાંતિભાઈ'!

એક દ્રવ્યરૂપ વસ્તુ. ભાષા છે? **'સમસ્ત ગુણરૂપ અને પર્યાયરૂપ ભેદ-વિકલ્પો...'** એનું જે અભેદ એક દ્રવ્ય **'એક સત્ત્વરૂપ વસ્તુમાં હોય છે.'** આહાહા! **'ભાવાર્થ આમ છે કે**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જેમ સુવર્ણ પીળુ,...**' સોનું-સોનું '**પીળુ, ભારે, ચીકણું એમ કહેવા માટે છે, પરંતુ એક સત્ત્વ છે...**' સોનાનું સત્ત્વ અને પીળાશ, ચીકાશ, વજનનું સત્ત્વ એટલે હોવાપણું બે એક છે. '**તેમ જીવદ્રવ્ય...**' આહાહા! ભગવાનઆત્મા જીવદ્રવ્ય જ્ઞાતા-દૃષ્ટા... આહાહા! એ જ્ઞાતા-દૃષ્ટાના ભાવ અને એના પરિણામ અને જીવ દૃષ્ટા અને જ્ઞાતા '**એમ કહેવા માટે છે,...**' જ્ઞાતા-દૃષ્ટાના પરિણામનો આત્મા કર્તા અને આત્મા તેનું કાર્ય, આત્માનું એ જ્ઞાતા-દૃષ્ટા પરિણામ કાર્ય... આહાહા! '**એમ કહેવા માટે છે, પરંતુ એક સત્ત્વ છે.**' આહાહા! જાણવા-દેખવાના પરિણામ અને જાણનાર-દેખનારો એક સત્ત્વ છે. જાણનાર-દેખનાર વ્યાપક સત્ત્વ અને રાગ તેનું સત્ત્વ, કાર્ય એમ બે સત્ત્વ એક નથી. બેના સત્ત્વ તદ્દન જુદા છે. આહાહા!

'**એ પ્રમાણે એક સત્ત્વમાં વ્યાપ્ય-વ્યાપકતા હોય છે...**' શું કહે છે ઇ? આત્મા જ્ઞાતા-દૃષ્ટા અને એના જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ બધું એક સત્ત્વ છે. એક સત્ત્વમાં વ્યાપ્ય-વ્યાપકતા હોય. એટલે કે આત્મા વસ્તુ છે એ કર્તા વ્યાપક-પ્રસરનાર અને નિર્મળ પર્યાય તેનું વ્યાપ્ય કાર્ય એમ હોઈ શકે. આહાહા! સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ ઝીણો, ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વરની વાતનો અત્યારે બહુ લોપ થઈ ગયો. ફેરફાર-ફેરફાર. આહાહા! અત્યારે તો એવું થઈ ગયું, ઓલા ચોર કોટવાળને દંડે એવું છે. એ વાત કરે છે કે આ તો નિશ્ચયની વાતું, એકલી નિશ્ચયાભાસની વાતું એકાંત છે. અરે..! પ્રભુ! સાંભળને. સમ્યક્ એકાંત જ છે આ. આહાહા!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– વસ્તુ સ્થિતિ જ આવી છે. આહાહા! ભગવાન અનંત તીર્થંકરો, કેવળીઓ પોકાર કરી ગયા છે. મહાવિદેહમાં ભગવાન આ પોકાર કરે છે, એ વાણી અહીં આવી છે. એ 'કુંદકુંદાચાર્ય' મહારાજ દિગંબર સંત હતા. ત્યાં પ્રભુ પાસે બે હજાર વર્ષ પહેલા ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. 'કુંદકુંદાચાર્ય'. આહાહા! ત્યાંથી આવીને આ વાણી આવી છે. આહાહા! સમજાણું કાંઈ?

ભગવાનનો એ જ સંદેશ છે. પરમાત્માનું એ ફરમાન છે કે કર્તા અને કર્મ, વ્યાપક અને વ્યાપ્ય એક સત્ત્વમાં હોય. એક હોય એમાં હોય. ભિન્ન સત્ત્વમાં કર્તા-કર્મપણું હોઈ શકે નહિ. આહાહા! કહો, 'રતિભાઈ'! આવી વાતું છે. આ તમારા સટ્ટા-બટ્ટાના ધંધા ને કોણ કરતું હશે? આહાહા! એક રજકણ પણ ફેરવી શકે નહિ, પ્રભુ! આંખની પાંપણ ફરે છે એ પરમાણુની પર્યાય છે. એ પરમાણુનું કાર્ય છે, તારું નહિ. એ તો ક્યાંય રહી ગયું. એ તો સ્થુળ વાત. પણ ભગવાનનું સ્મરણ કરવાનો વિકલ્પ આવ્યો.. આહાહા! એ વિકલ્પ જીવનું વ્યાપ્ય અને જીવ વ્યાપક એ બેનું સત્ત્વ એક નથી. બેનું હોવાપણું જુદું છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! અરે..! આવી વાત ક્યાં મળે? પરમાત્મા સિવાય ક્યાંય છે નહિ. અન્યમતમાં ઝીણી વાતું બધી ભલે વેદાંતે કરી હોય. આવી ક્યાંય નથી. આહાહા! અને તે પણ દિગંબર સંતો સિવાય આવી વાત ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? દુ:ખ લાગે શું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થાય? અમારો સંપ્રદાય ખોટો? એમ કહે. ભાઈ! બાપુ! સત્ય સમજને. આહાહા! ખોટા-સાચાના ઝઘડા મૂકી દે.

અહીં પ્રભુ શું કહે છે? કે શુદ્ધ ચૈતન્યવસ્તુ જે શુદ્ધ છે એમાં દ્રવ્ય શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે અને એની પર્યાય શુદ્ધ તે તેનું એક સત્ત્વ છે. શું કીધું? દ્રવ્ય શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે. એની વીતરાગી પર્યાય શુદ્ધ થાય તેનું એક સત્ત્વ છે. પણ આત્મા શુદ્ધ છે તેની પર્યાય કે ગુણ એ કર્તા અને રાગ અશુદ્ધ તે એનું કર્મ એ બેનું સત્ત્વ જ એક નથી. બેની સત્તા જ ભિન્ન છે. આહાહા! આવું છે. અરે..રે..!

મુમુક્ષુ :– અનાત્મા છે.

ઉત્તર :– અનાત્મા છે. પુદ્‌ગલ છે. રાગ પુદ્‌ગલના પરિણામ કહીને પછી પુદ્‌ગલ કહી દીધા છે. એ રાગ અજીવ છે, જીવ નહિ. રાગ અચેતન છે, ચેતન નહિ. રાગ જડ છે. 'શુકનલાલજી' સ્પષ્ટ કરાવે ને. આહાહા!

ભગવાનઆત્મા તો અંદર ચૈતન્યનું દળ છે. ચૈતન્યસૂર્ય છે. એના પરિણામ શુદ્ધ હોય તે તેના પરિણામ છે. કેમકે ત્રણેયનું સત્ત્વ એક છે. અને રાગની સત્તાનું સત્ત્વ અશુદ્ધ જડ અજીવ છે. આહાહા! એ જીવના સત્ત્વથી તેનું સત્ત્વ ભિન્ન છે. સમજાણું કાંઈ? શબ્દો તો ઘણા ઓલા છે પણ ભાવ તો, બાપુ! આહાહા! ચોર્યાસી લાખના અવતાર કરી કરીને એક નિગોદમાં, એક શ્વાસમાં અઢાર ભવ. ભાઈ! એ શું છે? એ ભૂલી ગયો, ભૂલી. એક નિગોદમાં એક શ્વાસ, એમાં અઢાર ભવ. એની પર્યાયમાં કેટલું દુઃખ હશે? જેના જ્ઞાનનો ઉઘાડ એક અક્ષરના અનંતમા ભાગે રહી ગયો. વસ્તુ તો પૂર્ણ છે. એ નિગોદના જીવ અનંત છે એ વસ્તુ પૂર્ણ પ્રભુ છે, ભગવાન છે. પણ એની પર્યાયમાં અક્ષરનો અનંતમો ભાગ ઉઘાડ રહી ગયો, એ કેટલું દુઃખ હશે? નારકીને સંયોગ દેખીને લોકો દુઃખ માને છે. પણ અહીં હિનતા થઈ ગઈ એનું દુઃખ છે એનું માપ કરતા આવડતું નથી. સમજાણું કાંઈ? આહાહા!

એક અક્ષરના અનંતમા ભાગની નિગોદની પર્યાય રહી ગઈ. આહાહા! મૂળ તો કેટલાક નિગોદને તો જ્યારે ચૈતન્યપણે મનુષ્ય હતો ત્યારે ચૈતન્યના મહાસત્ત્વનો અનાદર કર્યો, આળ આપ્યા. એ આવડો નહિ... આવડો નહિ (એમ) આળ આપ્યા. આહાહા! એથી એવી સ્થિતિએ ગયો કે જગત એને જીવ માને એવી સ્થિતિમાં એ ન રહ્યો. આહાહા! એક લસણની કળીની રાય જેટલી કટકીમાં, એક રાય જેટલી કટકીમાં અસંખ્ય શરીર, એક શરીરમાં સિદ્ધ કરતા અનંતગુણા જીવ. આહાહા! ભવિષ્યકાળના પર્યાયના સમય કરતા અનંતગુણા જીવ. આહાહા! એ દ્રવ્ય તો ભગવાનસ્વરૂપ જ છે, ત્યાં પણ શુદ્ધ જ છે. પર્યાયમાં આટલો વિકાસ અનંતમા ભાગે રહી ગયો. એને તો હું જીવ છું એની ખબર નથી પણ બીજા એને જીવ માને એવી સ્થિતિમાં ગયા નથી. આહાહા! અરે..! બાપુ કોને આમાં શરણ કરવું? કોને રાજી રાખવા? કોનાથી રાજી થવું? આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'એ પ્રમાણે એક સત્ત્વમાં વ્યાપ્ય-વ્યાપકતા હોય છે અર્થાત્ ભેદબુદ્ધિ કરવામાં આવે તો વ્યાપ્ય-વ્યાપકતા હોય છે.'** શું કહે છે એ? થોડું ઝીણું કહ્યું. કહે છે કે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પવિત્ર, એના વીતરાગી પરિણામ એ વ્યાપ્ય અને આત્મા વ્યાપક એવી ભેદબુદ્ધિ કરીએ તો બે પડે. નિર્મળ પરિણામમાં, હોં! વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**શ્રાવણ વદ ૯, સોમવાર તા.૮.૦૮.૧૯૭૭**
**કળશ - ૪૯, પ્રવચન - ૬૧**

'કળશટીકા' ૪૯મો કળશ. વિવરણ-વિવરણ. છે? આવ્યું? 'પોપટભાઈ'ને આવ્યું? વિવરણ કરે છે. (જે) વાત થઈ ગઈ એને જરા ચોખ્ખી-સ્પષ્ટ કરે છે. **'વિવરણ :– વ્યાપક અર્થાત્ દ્રવ્ય-પરિણામી...'** જે આ આત્મા છે એ દ્રવ્ય વસ્તુ છે. એને પરિણામી અને વ્યાપક કહે છે. વ્યાપક એટલે પ્રસરનાર દ્રવ્ય.

મુમુક્ષુ :– દ્રવ્ય તો અપરિણામી છે.

ઉત્તર :– અહીં ભેદથી કથન છે, ભેદથી કથન છે. એ હમણા કહેશે પછી.

**'વ્યાપક અર્થાત્ દ્રવ્ય-પરિણામી પોતાના પરિણામનો કર્તા હોય છે;...'** શું કહે છે? આત્મા એ વસ્તુ છે, વ્યાપક એટલે કાયમ રહેનારી. અને એના જે પરિણામ છે એ અત્યારે અહીં પરિણામ ધર્મના લેવા છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના જે પરિણામ છે એ પરિણામીના પરિણામ છે, દ્રવ્યના એ પરિણામ છે. કર્મની પર્યાય થાય એ આત્માના પરિણામ નહિ. અંદર દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ-વિકાર થાય એ પણ આત્માના પરિણામ નહિ. આહાહા! કેમકે ભગવાનઆત્મા ચૈતન્ય સ્વભાવનો પિંડ છે. એમાંથી દ્રવે તો ચૈતન્યપણું દ્રવે-આવે. એમાં રાગપણું ક્યાંથી આવે?

જેની ચૈતન્યવસ્તુ છે એ ઉપર જેની-ધર્મીની દૃષ્ટિ પડી એના પરિણામમાં વિકાર પરિણામ એને હોઈ શકે નહિ, એમ કહે છે. એના પરિણામ તો નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે વીતરાગી પરિણામ (થાય) એ દ્રવ્ય પરિણામીના એ પરિણામ (છે). દ્રવ્ય વ્યાપક છે, પરિણામ વ્યાપ્ય એટલે કાર્ય છે. સમજાય છે કાંઈ? આવી વાતું છે. આ બધા લોઢાના-ફોઢાના અને લાદીના કાર્ય નથી એમ કહે છે. આહાહા! અંદરમાં પુણ્ય અને પાપના ભાવ થાય એ પણ વ્યાપક એવો આત્મા, એનું વ્યાપ્ય નામ કાર્ય એ નથી. આહાહા! એ ચૈતન્યદ્રવ્ય વસ્તુ છે. અનંત અનંત ગુણનો પિંડ પ્રભુ, એને જ્યારે પરિણામી કહીએ ત્યારે પોતાના પરિણામનો તે કર્તા કહેવાય છે. આહાહા! આ પરિણામ જે અંતરદૃષ્ટિમાં થતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી (પરિણામ થાય તે વ્યાપ્ય-કાર્ય છે). સૂક્ષ્મ તો છે, ભાઈ! આહાહા! આ વસ્તુ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વસ્તુ છે તેના પરિણામ, વસ્તુ પોતે વ્યાપક એટલે કર્તા અને તેના સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ વીતરાગી પરિણામ તે તેનું વ્યાપ્ય એટલે તેનું કાર્ય છે. આહાહા!

**'દ્રવ્ય-પરિણામી પોતાના પરિણામનો કર્તા હોય છે; વ્યાપ્ય અર્થાત્ તે પરિણામ દ્રવ્યે કર્યાં.'** આહાહા! એ નિર્મળ વીતરાગી પર્યાય થઈ એ દ્રવ્યએ કરી. **'જેમાં (એક સત્ત્વમાં) આવો ભેદ કરવામાં આવે...'** આહાહા! શું કહે છે ઇ? દ્રવ્ય વસ્તુ છે એ પરિણામી ત્રિકાળી ચીજ છે. બદલનારી નથી. પણ બદલે છે એ પરિણામ એના છે. બદલનારો આત્મા નથી એ તો વસ્તુ ત્રિકાળી છે. હવે એના પરિણામ છે એ એનું વ્યાપ્ય-કાર્ય છે. એમ ભેદ પાડવા એ પણ વ્યવહાર છે, કહે છે. આહાહા! એટલે? કે વીતરાગી પરિણામ ધર્મના (થાય)... આહાહા! એક વ્યાપ્ય એટલે કાર્ય અને દ્રવ્ય પરિણામી એ એનો કર્તા (છે), એ તો ભેદ થયો. નિશ્ચયથી તો વીતરાગી પરિણામનો કર્તા અને કર્મ પરિણામ જ છે. આહાહા! સમજાય છે કાંઈ? આ તો વીતરાગના માર્ગની વાતું ગહન (છે), પ્રભુ! અત્યારે તો એ બધું લોપ જેવું થઈ ગયું. આહાહા!

અહીં તો પ્રભુ એમ કહે છે કે આ ચૈતન્યદ્રવ્ય જે અંદર વસ્તુ છે, જેમાં અનંત શક્તિનો સંગ્રહાલય, સંગ્રહનો આલય-સ્થાન દ્રવ્ય સ્વરૂપ છે. એને આપણે જ્યારે વ્યાપક અને કર્તા કહેવો હોય તો તેના નિર્મળ પરિણામ એનું કર્મ, એવા ભેદથી કહેવામાં આવે. આહાહા! અને ભેદ ન પાડીએ તો તો દ્રવ્ય કર્તા અને પરિણામ કર્મ એ પણ નથી. વીતરાગી સમ્યગ્દર્શન આદિ ધર્મના પરિણામ એ પરિણામ કર્તા અને પરિણામ કર્મ એમાં દ્રવ્યકર્તા એવો ભેદ પણ છે નહિ. આહાહા! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ઘડીકમાં દ્રવ્ય કર્તા, ઘડીકમાં પર્યાય કર્તા.

ઉત્તર :– કઈ અપેક્ષાએ કહ્યું? વસ્તુ દ્રવ્ય પોતે છે એ પરિણામી એટલે પરિણામી સ્વભાવ, એને જ્યારે વ્યાપક અને કર્તા કહેવો હોય ત્યારે ભેદથી વીતરાગી પરિણામનું કાર્ય એનું એમ કહેવામાં આવે. 'ૠષભલાલજી'! ઝીણી વાતું, બાપા! ભગવાનનો માર્ગ એવો છે. અત્યારે તો... આહાહા! અરે..! સત્ય વાત આવતા એને એમ થઈ જાય આ તો બધું (નિશ્ચય છે). ભાઈ! માર્ગ તો આવો છે. ચિદાનંદ જ્ઞાનસ્વરૂપ પ્રભુ એક વસ્તુ છે. એ તો ધ્રુવ છે. એ તો પલટતી નથી. પલટતી તો પર્યાય છે. એ પલટતી પર્યાય કાર્ય અને આત્મા એનો કર્તા એ ભેદબુદ્ધિથી કહીએ તો કહો. આહાહા! શેઠ! બહુ ઝીણી વાત છે, બાપા! આહાહા!

પ્રભુ! એકલા પવિત્ર ચૈતન્ય સ્વભાવથી ભરેલો ભગવાન એના પવિત્ર પરિણામ એનું કાર્ય કહેવું એ પણ ભેદથી છે, કહે છે. આહાહા! શરીર ને વાણી ને મન ને પરના કાર્ય એની તો વાત છે જ નહિ, બાપુ! આહાહા! કર્મ છે એ કર્મના પરમાણુઓ પણ કર્મ પર્યાયપણે પરિણમે છે. એ પુદ્ગલ પરમાણુઓ કર્મની પર્યાયપણે પરિણમે છે. એમાં પણ એ પરમાણુને કર્તા કહેવો અને કર્મની પર્યાય થાય તે તેનું કાર્ય કહેવું એ પણ ભેદથી કથન છે. આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરમાણુઓમાં કર્મરૂપી અવસ્થા થાય એ પર્યાય એનો કર્તા પર્યાય છે, એ પરમાણુ પણ નહિ. આવી વાતું છે. આહાહા! અરે..રે..!

જેના ભેદજ્ઞાનના ફળ અનંતઆનંદની પ્રાપ્તિ...! આહાહા! પ્રાણી અનાદિથી અનંત દુઃખમાં પડ્યો છે. એને અનંત-અનંત અતીન્દ્રિય આનંદ, વર્ણન ન થઈ શકે એવો આનંદ, તે પણ અનંત આનંદ એના કારણ તરીકેના ઉપાયની શું વાતું કરવી? આહાહા! સમજાણું કાંઈ? એ અગમ્ય અને ગહન લાગે પણ પ્રભુ માર્ગ તો આ છે.

કહે છે કે એ આતમ પદાર્થને પરિણામી તરીકે કહીને નિર્મળ પરિણામરૂપી ધર્મદશા,.. પુણ્ય-પાપની તો અહીં વાત જ નહિ, આહાહા! એ ધર્મદશા જે વીતરાગી પરિણામ થયા એનો કર્તા દ્રવ્ય અને પર્યાય કાર્ય એમ બેનો ભેદ પાડતા એમ કહી શકાય છે. આહાહા! 'પોપટભાઈ'! આવી વાતું છે, ભાઈ! આહાહા! અરે..રે..! સત્ય વાતને લોકો અસત્ય કહીને ઉથાપી નાખે છે. પ્રભુ! તને શું થાય? ભાઈ! આહાહા!

મુમુક્ષુ :– સંસાર ... છે.

ઉત્તર :– સંસાર.. આહાહા! એક એક અવતાર કલંક છે, કલંક છે પ્રભુને. અવતાર ધારણ કરવા એ કલંક છે. આહાહા! અને અવતારના કારણરૂપ પર્યાય પણ કલંક છે. આહાહા! એના વિકારી પરિણામથી ભિન્ન ભગવાનઆત્મા ચૈતન્ય આનંદનો કંદ પ્રભુ છે એવી દૃષ્ટિ થતાં તેનામાં સમ્યગ્દર્શન આદિના પરિણામ થાય તેનો તે આત્મા કર્તા અને આ એનું કર્મ. આહાહા! અહીં તો હજી બહારના આ કર્યા.. આ કર્યા... આ કર્યા... અરે..! પ્રભુ! શું થાય? અનંતકાળથી લુંટાઈ રહ્યો છે, બાપુ! અહીંયાં તો સંતો પરમાત્માના આડતિયા થઈને વાત કરે છે. માલ તો સર્વજ્ઞના ઘરનો છે. આહાહા!

મુમુક્ષુ :– આપે ખોલી, મહારાજ!

ઉત્તર :– વસ્તુસ્થિતિ આવી છે, ભાઈ! આહાહા! બીજા ગમે તે કહો. અરે..! પ્રભુ શું કરે છે? અહીં તો એ કહે છે, 'ઋષભલાલજી'! આહાહા!

ભાઈ! તારું શરીર, દેશની સેવા ને એ કાર્ય તો તારા નહિ. અરે...! દયા પાળવાની ક્રિયાનો ભાવ એ પણ તારો નહિ. દયા પાળી શકે એવું કાર્ય તો તારું નથી. પરની દયાનું કાર્ય તો પરમાં થાય છે એનો તું કર્તા એ તો છે જ નહિ. પણ પરની દયાનો ભાવ રાગ થાય એ પણ આત્માનું કર્તવ્ય નથી. આહાહા! એ અજ્ઞાનભાવે મારું કર્તવ્ય છે એમ એણે માન્યું છે. આહાહા! ત્યારે તેનું ખરું કર્તવ્ય છે એ તો રાગને જાણવું, દેખવું (એ એનું કાર્ય છે). જ્ઞાતા-દૃષ્ટા કહ્યું હતું ને? **'જીવદ્રવ્ય જ્ઞાતા, દૃષ્ટા એમ કહેવા માટે છે.'** માથે આવ્યું હતું. આહાહા! ગજબ વાત છે ને! એ જાણનાર-દેખનાર પરિણામવાળો છે એ પણ વ્યવહારથી કહે છે. એય..!

ભગવાન તો નિત્યાનંદ ધ્રુવ ચોસલું છે ને! એને કર્તા કહેવો અને નિર્વિકારી પરિણામ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એનું કાર્ય કહેવું એ પણ ભેદથી કથન છે. આહાહા! એ કહ્યું ને? **'ભેદ કરવામાં આવે તો થાય છે, ન કરવામાં આવે તો નથી થતો.'** આહાહા! એ વીતરાગી પરિણામ તે કાળે તેનાથી, પોતાથી થયા છે, તેનો આત્મા કર્તા એ ભેદથી નથી. એ તો એ રીતે સ્વતંત્ર પરિણામ, વીતરાગી પરિણામ તે સમયના સ્વતંત્ર ષટ્કારકથી પરિણમતા ઉત્પન્ન થયા છે. આહાહા! આવી વાતું બહુ ઝીણી, બાપુ! અરે..રે..! એ ચોર્યાસીના અવતાર કરી કરીને એ દુઃખી છે. જૈન સાધુ થયો પણ એ રાગની ક્રિયા મારું કાર્ય છે એમ માનીને એને... આહાહા!

'સર્વવિશુદ્ધ અધિકાર'માં ૨૩૬ ગાથામાં આવે છે કે જેને રાગનો કણ અને દેહ બેને મારા માન્યા છે એ પ્રાણી બાહ્યમાં કાંઈ હિંસા ન કરતો હોય તોપણ એ છકાયની હિંસા કરનારો છે. કેમકે રાગનો કર્તા થઈને આત્માના સ્વભાવને હણે છે. આહાહા! અને કાયા-શરીર તદ્દન જુદી ચીજ છે એની ક્રિયા એ મારું કર્તવ્ય છે. એ છકાયની હિંસાનો કરનાર છે અને પાંચ ઇન્દ્રિયના પૂરા વિષયનો ભોગવનાર છે. આહાહા! આમ બાળબ્રહ્મચારી હોય પણ પ્રભુ કહે છે કે રાગ ને કાયાના કણને પોતાના માને છે એ પાંચ ઇન્દ્રિયના વિષયનો પૂરો ભોગવનારો છે. આહાહા! સમજાણું કાંઈ? આવી વાત સાંભળતા કઠણ પડે. માર્ગની રીત, ત્રિલોકનાથ જિનેશ્વરદેવ પરમાત્માના પંથની આ રીત છે. આહાહા!

કહે છે **'જેમાં આવો ભેદ કરવામાં આવે તો થાય છે,...'** છે? **'ન કરવામાં આવે તો નથી થતો.'** આહાહા! ... એ વીતરાગી પરિણામ જીવનું કાર્ય અને જીવ કર્તા એવો ભેદ પાડીએ તો, બાકી વસ્તુસ્થિતિ એમ નથી. આહાહા! એ સમ્યગ્દર્શન-જ્ઞાનના-ધર્મના વીતરાગી પરિણામ થયા એ પોતાથી સ્વયંસિદ્ધ સ્વતંત્ર ષટ્કારક પરિણમનથી થયા છે. સમજાણું કાંઈ? બધી અવ્વલદોમની વાતું છે. ક્યાં 'મુંબઈ' અને ક્યાં આ! ત્યાં તો હોળી સળગતી હોય. મોહમયી નગરી. આહાહા! આખો દિ' લુંટાય લુંટાય ત્યાં.

**'ન કરવામાં આવે તો નથી થતો.'** આહાહા! **'જીવસત્ત્વથી પુદ્ગલદ્રવ્યનું સત્ત્વ ભિન્ન છે,...'** ભગવાનઆત્માની જે હયાતી છે એનાથી કર્મની હયાતી, સત્ત્વ, હયાતી અસ્તિત્વ તદ્દન જુદું છે. આહાહા! એમ આત્મા અને રાગનું સત્ત્વ પણ ભિન્ન છે એમ કહે છે. સમજાણું કાંઈ? ચૈતન્ય ભગવાનઆત્માનું સત્ત્વ એટલે અસ્તિપણું અને દયા, દાન ને પુણ્ય-પાપ, પૂજા-ભક્તિ, વ્રત, તપ, એનો વિકલ્પ એનું સત્ત્વ ચૈતન્ય સત્ત્વથી તદ્દન ભિન્ન સત્ત્વ છે. આહાહા! બેની મોજુદગી જ ભિન્ન છે કહે છે. ચૈતન્યનું સત્ત્વ તે રાગનું સત્ત્વ એમ નથી અને રાગનું સત્ત્વ તે આત્માનું સત્ત્વ છે એમ નથી. આહાહા!

કો'કની દલીલ આવી છે, કે ભાઈ! આ બધા માણસો આવે એમાંથી કો'ક સાધારણ આવશે, શક્તિનું વર્ણન ઝીણું નહિ પડે. પણ હવે સાંભળે તો ખરા, બાપુ! આહા..! શું થાય? એવી દલીલ આવી છે. આ અજાણ્યા (છે). અરે..! બાપુ! આટલા વર્ષ થયા. આ ૪૩મું વર્ષ તો અહીં ચાલે છે. આ વાત મૂળ ચીજ છે એ એને દૃષ્ટિમાં, સાંભળવામાં ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવે તો એ ક્યાં જશે? કેટલાકનું તો આયુષ્ય પૂરું થવા આવ્યું. દેહ છૂટવાને નજીક થઈ ગયો. હવે એને આ નજીક આત્મા નહિ કરે તો શું થશે? બાપા! એણે આત્માને દૂર વર્તાવ્યો છે. રાગના, નિમિત્તના પ્રેમમાં આત્માને દૂર કરી નાખ્યો છે. આહાહા! વેગળો કરી નાખ્યો છે. એને રાગથી ભિન્ન પાડીને પર્યાયથી પણ વેગળો-ભિન્ન છે એમ નક્કી કર. આહાહા! સમજાણું કાંઈ?

બાપુ! સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર એનો પંથ કેવો હોય? એ આલીદુઆલી માને છે એ નથી, બાપુ! આહાહા! એકાવતારી, એકભવતારી ઇન્દ્રો અને ઇન્દ્રાણીઓ પણ જેની વાણી સાંભળવા ભગવાન પાસે જાય છે. આહાહા! અહીં પ્રભુ હતા ત્યારે એકાવતારી, એક ભવતારી ઇન્દ્રો આવતા. બાપુ! એ ભાવ કેવા હોય? આ દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો એ તો કુંભાર પણ કહે છે.

એ તો અમારે 'ઉમરાળા'માં કહ્યું નહોતું? 'ઉમરાળા'માં ત્યાં એવો રિવાજ હતો. મહાજનની છાપ મોટી. મહાજન સ્થાનકવાસી. ત્યાં સ્થાનકવાસીનું જોર. દેરાવાસી ઓછા. રોકડ શેઠ, નગરશેઠ હતા. ખાનદાન માણસ. આમ ગરીબ થઈ ગયેલા. પણ ખાનદાન માણસો. એ લોકોનો રિવાજ કે જ્યારે શ્રાવણ મહિનો આવે ત્યારે શેઠીયાઓ બે-ચાર ભેગા થઈ અને પાંચ-પાંચ સોપારી લઈને ઘાંચી પાસે જાય. એટલે ઓલા સમજે કે હવે વાણિયાના શ્રાવણ સુદ એકમથી આપણે ઘાણી બંધ કરવી પડશે. એવું ચાલતું. મુસલમાન ઘાણી બંધ કરે. ભાઈ! એવો રિવાજ હતો. અમને ખબર છે. આહાહા! કુંભારને ત્યાં જાય અને પાંચ સોપારી મૂકે એટલે એમ કે હવે એક મહિનો નિભાડો નહિ થાય. આખો શ્રાવણ મહિનો નિભાડો નહિ થાય. નિભાડો સમજ્યા? પકવવાનું. ઠામ કરીને પકવે. એક મહિનો પૂરો ન થાય. ઘાંચી, કુંભાર.

મુમુક્ષુ :– ધોબી-ધોબી..

ઉત્તર :– ધોબી. ધોબીની તો બહુ ખબર નથી. આ બેની બહુ ખબર છે. ખબર છે એટલું કહ્યું. અને તે એક મહિનો તો બંધ કરે પણ પછીથી શરૂઆત કોણ કરે? શરૂઆત કરે એને વધારે પાપ લાગે માટે શરૂઆત કરતા કરતા વાર લાગે. મુસલમાન, હોં! આહાહા! આવું તો નાની ઉંમરમાં, ૧૦-૧૨ વર્ષની ઉંમરમાં (જોયું છે). ૧૩ વર્ષે તો 'ઉમરાળા' છોડ્યું. ૧૩ વર્ષે 'પાલેજ' ગયા. ત્યાં સુધી આ બધું ત્યાં જોયું. શેઠીયાઓની છાપ એવી. જૈનધર્મની એવી છાપ. બધા કોઈ એવા પૈસાવાળા નહિ પણ એવી છાપ. શેઠીયા આવ્યા. એના પર્યુષણના દિવસ આવ્યા. શ્રાવણ મહિનો શરૂ થાય તે પહેલા ઘાચી ઘાણી ચલાવે નહિ. ઘાણી કહે ને? કુંભાર વાસણ કરે નહિ. આહાહા! બેનું (યાદ) છે. બીજા હશે.

મુમુક્ષુ :– આ વાત અમને કરવાનું શું પ્રયોજન છે?

ઉત્તર :– આવી વાત તો ઓલા કુંભાર કરતા એમ મારું કહેવાનું છે. મુસલમાન પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પાળતા. બાપુ! મારગડા જુદા છે, ભાઈ!

અહીં કહે છે **'જીવસત્ત્વથી પુદ્ગલદ્રવ્યનું સત્ત્વ ભિન્ન છે,...'** ચૈતન્યની હયાતીથી પુણ્ય અને પાપના ભાવ એ નિશ્ચયથી પુદ્ગલ છે. એનું સત્ત્વ-હયાતી જુદી છે. **'નિશ્ચયથી વ્યાપ્ય-વ્યાપકતા નથી.'** ખરેખર આત્મા કર્તા અને પુણ્ય-પાપના ભાવ કર્મ-વ્યાપ્ય-કાર્ય એમ નથી. આહાહા!

મુમુક્ષુ :– નિશ્ચયથી વ્યાપ્ય-વ્યાપકતા નથી, વ્યવહારથી છે.

ઉત્તર :– વ્યવહારનો અર્થ શું કીધો? એનો વ્યવહાર, ભેદ પાડવો એનું નામ વ્યવહાર. પરનો તો છે જ નહિ. આહાહા! સમજાણું કાંઈ? આવી વાતું બહુ ઝીણી, ભાઈ!

અરે..! પરમેશ્વર સર્વજ્ઞ કોને કહે! બાપુ! એ તો એક માની લીધું છે કે ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... પણ અરિહંત એટલે શું પ્રભુ? જેને એક 'ક' બોલીએ એમાં અસંખ્ય સમય જાય. એના એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જેને પરના જાણે એ પર્યાય જાણતા જણાય જાય. આહાહા! સમજાણું કાંઈ? એવી જેની તાકાત પ્રગટ થઈ, એ પરમાત્માની 'મુખ ઓમ ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે...' આહાહા! એના મુખમાંથી ૐની ધ્વનિ ઊઠે. એને કાંઈ આવી વાણી ન હોય. મુખ ૐકાર ધ્વનિ, ૐકાર ધ્વનિ... આહાહા! 'સુણી અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે.' લાયક પ્રાણી હોય એ સંશય નિવારે. આહાહા! અરે..રે..! આવી વાતને એમ કરી નાખે કે આ તો નિશ્ચય છે, વ્યવહારથી નિશ્ચય (થાય). અરે..! પ્રભુ! વ્યવહાર તો અહીં પુદ્ગલ કીધો ને? આહાહા! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવને તો અહીં પુદ્ગલ કીધા. હવે પુદ્ગલથી આત્મા થાય? બેના સત્ત્વ ભિન્ન છે. આહાહા! સમજાણું કાંઈ? પુસ્તક સામે છે ને? 'ચીમનભાઈ'! પુસ્તક છે ને? આ એનો અર્થ ચાલે છે. આહાહા!

**'ભાવાર્થ આમ છે કે જેમ ઉપચારમાત્રથી દ્રવ્ય પોતાના પરિણામનો કર્તા છે,...'** આહાહા! ઉપચારથી કહે છે, હોં! વ્યવહારથી. આહાહા! કેમ? કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ધર્મ પરિણામ એ દ્રવ્યથી ભિન્ન ચીજ છે. એથી ભિન્ન ચીજનો કર્તા કહેવો એ ઉપચારમાત્ર છે. વીતરાગી પરિણામનું કાર્ય જીવનું અને કર્તા જીવ એ ઉપચારમાત્રથી કથન છે. આહાહા! આ લોજિકથી તો છે. ભગવાન લોજિક-ન્યાયથી તો વાત કરે છે. આહાહા!

મુમુક્ષુ :– લોજિકમાં કર્તા-કર્મ નથી?

ઉત્તર :– એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. પરિણામમાં દ્રવ્ય નિમિત્ત જ છે. નિમિત્તનો અર્થ કે કંઈ કરતું નથી.

એ હમણાં 'કૈલાસચંદજી'એ સ્થાપ્યું છે. અહીંની વાતનું. 'કૈલાસચંદજી'. પહેલા 'વર્ણીજી' સાથે ચર્ચા થઈ ત્યારે તો બધો ફેર હતો. કોઈ વખતે નિમિત્તથી થાય, ક્રમબદ્ધ નહિ, એમ હતું. સમજ્યા ને? ક્રમબદ્ધ નહિ. એ ત્રણ ચર્ચા મોટી થઈ. (સંવત) ૨૦૧૩ની સાલ, વીસ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વર્ષ પહેલા. ત્યારે બધા બેઠા હતા. ત્યારે આ વાત એને ન બેઠી. પણ હવે છાપામાં લખે છે, ક્રમબદ્ધ છે. ક્રમબદ્ધ નિર્ણય કરવા જાય તો તો એનો બધો ફેસલો થઈ જાય. જે સમયે જે પર્યાય નિર્મળ થવાની તે કાળે તે થશે. આહાહા! એવા ક્રમબદ્ધનો જો નિર્ણય કરે તો એની દૃષ્ટિ જ્ઞાયક ઉપર જાય. પર્યાયમાં રહીને પર્યાયનો નિર્ણય પર્યાય નહિ કરી શકે. પર્યાય દ્રવ્ય ઉપર જઈને લક્ષ કરીને નિર્ણય પર્યાય કરશે પણ એનું લક્ષ ત્યાં જશે.

મુમુક્ષુ :– ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય કરનારને નિમિત્તનું...

ઉત્તર :– નહિ. ત્યાં નજર જશે. ક્રમબદ્ધ તો પર્યાય છે. પર્યાયનો નિર્ણય આ રીતે છે એ કોણ કરશે? કોણ જાણે? કહે છે. આહાહા!

મૂળ તો આખા શાસનનો સાર વીતરાગતા છે. અને વીતરાગતાનો અર્થ એ સ્વનો આશ્રય લે તો એ વીતરાગતા થાય એ એનો સાર છે. બાર અંગ, ચૌદ પૂર્વ અને ચાર અનુયોગ. આહાહા! 'પંચાસ્તિકાય'ની ૧૭૨ ગાથામાં ન કહ્યું? શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે એમ કહ્યું. 'પંચાસ્તિકાય'ની ૧૭૨મી ગાથા. એનો અર્થ શું થયો? ચરણાનુયોગમાં બીજું કાંઈક ને (કરણાનુયોગમાં) બીજું (એમ નથી). એ ચારેય અનુયોગનો સાર તાત્પર્ય વીતરાગતા છે. અહીં વીતરાગતા ક્યારે ઉત્પન્ન થાય? કે સ્વનો આશ્રય લે તો. એટલે ચારેય અનુયોગમાં કહેવાનો આશય (એ છે) સ્વનો આશ્રય લે. આહાહા! આવી વાત બહુ સીધી અને મીઠી મધુરી છે. આહાહા!

અહીં કહે છે કે **'જેમ ઉપચારમાત્રથી દ્રવ્ય પોતાના પરિણામનો કર્તા છે,...'** આહાહા! અમે પરના કામ કરી દઈએ, આ હું કરું, આમ કરું. દુકાનના થડે બેઠો એટલે જાણે આ બધા કામ હું કરું, વ્યવસ્થિત કામ કરું. ૨૫-૫૦ નોકરો બેઠા હોય ત્યાં ચોપડા લઈને ધ્યાન રાખું, ક્યાંય નજર ન કરું. ધૂળ?

મુમુક્ષુ :– નોકરો પાસેથી કામ કોણ લે?

ઉત્તર :– કોણ લે? ધૂળ? આ તો બધી અનુભવેલી વાત છે. અમારે 'બોટાદ'માં 'રાયચંદ ગાંધી' હતા. ગૃહસ્થ માણસ. મોટા 'દિનશાહજી'ને ઘરે... શું કહેવાય એ? વેપાર. પચાસ હજારની પેદાશ. તે દિ', હોં! સાંઈઠ વર્ષ પહેલા. 'રાયચંદ ગાંધી'ના મોટા મકાન છે. 'બોટાદ'ની અંદર પેસતા જ દરવાજાની સામે. 'રાયચંદ ગાંધી' જેવા બધા ત્યાં સાંભળવા બેઠા હતા. શું કહેવું હતું?

મુમુક્ષુ :– દુકાનમાં વેપાર...

ઉત્તર :– એ શેઠ હતા. દુકાનમાં નોકરો હતા. શેઠ જ્યાં સુધી ન આવે ત્યાં સુધી નોકરો એય.. લાંબા પગ કરીને બેઠા હોય. મોટી બજાર. બજારના ખૂણે શેઠને આવતા દેખે તો નોકરો બધા ચોપડા લઈને સાવધાન થઈને બેસી જાય. 'રાયચંદ ગાંધી' હતા. અત્યારે એમના છોકરાઓ 'મુંબઈ' છે ને? 'હીરાલાલ' ને 'ચંપક' 'મુંબઈ' છે. નવીના છે. પણ એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શેઠ જ્યાં આમ આવે... આખી બજારના છેડે એની દુકાન. અને ઓલી કોરના છેડેથી આમ ગરે કે શેઠ આવ્યા ત્યાં તો બધા સાવધાન થઈ જાય.

મુમુક્ષુ :– સૌ સૌના કામ માટે...

ઉત્તર :– એ ચોપડા-બોપડા હાથમાં લઈ લે. એને લઈને હશે? એ પોતે શાંત, નરમ માણસ હતા. ... કરે નહિ પણ ગૃહસ્થ માણસ અને આબરૂ મોટી. જેને ઘરે ૨૫-૫૦ માણસ તો જમતા હોય. ચુરમાના લાડવા ઉડે, કેરીના રસ ઉડે. કેરી-કેરી. એ તો મોટો ગૃહસ્થ રાજા હતો. તે દિ' સાંઈઠ વર્ષ પહેલા. પૈસા જાજા નહિ. પૈસા પાંચ-સાત લાખ. પણ આબરૂ મોટી. તે દિ' ની વાત છે એટલે અત્યારે... તે દિ'ના એક લાખ અને અત્યારના પચ્ચીસ લાખ બે સરખા છે. ત્યારે એના દબાણથી એ બધા કાર્ય કરતા હશે?

અહીં પરના કાર્ય આત્મા કરી શકતો નથી એ માટે દાખલો આપે છે. બરાબર હુકમ ચલાવે માટે બધા કામ સરખા થાય... એ હુકમની વાણીનો કર્તા તું નથી પછી વળી પરના કાર્ય તેં ક્યાં કર્યા? આહાહા!

અહીં તો પ્રભુ આ સંતો વીતરાગી મુનિઓ તો પરમેશ્વર હતા. મુનિપણું એટલે ગજબ, બાપુ! આહા..! જેને આત્માના અનુભવ ઉછળી ગયા છે. પર્યાયમાં અતીન્દ્રિય આનંદની ભરતી આવી છે. દરિયામાં જેમ ભરતી આવે. બાઢ-બાઢ. બાઢ કહે છે ને? એમ મુનિઓને તો પર્યાયને કાંઠે અતીન્દ્રિય આનંદની બાઢ-ભરતી આવી છે. આહાહા! મુનિપણું કોને કહીએ? બાપુ!

મુમુક્ષુ :– વિધિ બતાવો અમને.

ઉત્તર :– આ કહીએ છીએ ને. અંતર્મુખ થતાં ઉગ્રપણું જે પ્રગટ થાય એ વિધિ. પણ અહીં તો કહે છે કે એ શુદ્ધઉપયોગ આનંદ પ્રગટ થાય એ આત્માનું વ્યાપ્ય એટલે કાર્ય અને આત્મા કર્તા એ ઉપચારમાત્રથી છે. આહાહા! ભાષા તો સાદી છે, હોં! થોડું હિન્દી આવશે.

મુમુક્ષુ :– બે સત્તા ભિન્ન ભિન્ન થઈ કર્તાકર્મમાં.

ઉત્તર :– બે ભિન્ન-ભિન્ન સત્તા છે આ.

મુમુક્ષુ :– ગુણ પર્યાયની એક જ સત્તા છે.

ઉત્તર :– નહિ, એ ભેદથી એક સત્તા કીધી. પર્યાયની સત્તા પર્યાયથી, દ્રવ્યની સત્તા દ્રવ્યથી. દ્રવ્યની સત્તાને લઈને પર્યાયની સત્તા નહિ અને પર્યાયની સત્તાને લઈને દ્રવ્યની સત્તા નહિ. એ તો બેનું સત્ત્વ એક છે એમ પરના સત્ત્વથી ભિન્ન પાડીને કહેવું છે. આહાહા! આવો માર્ગ છે. પ્રભુ તો અમૃતનો સાગર છે. આહાહા! 'વીર પ્રભુનો એ બોલ તેરા પ્રભુ તેરેમેં ડોલે' બાપા! આહાહા!

ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો સાગર, એમાં વિકાર એના કાર્ય કે દિ' હોય?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા! એ અતીન્દ્રિય આનંદનો નાથ જ્યારે જાગ્યો અને પરિણતિ નિર્મળ થઈ એ એનું સત્ત્વ એક એટલે પરના સત્ત્વથી જુદું. પણ નિશ્ચયથી તો એ વીતરાગી પરિણામનું સત્ત્વ છે એ ચૈતન્ય સત્ત્વથી ભિન્ન છે અને ચૈતન્યસત્ત્વના પ્રદેશથી પણ પર્યાયની સત્તાના પ્રદેશ ભિન્ન છે. આહાહા! સમજાણું કાંઈ? આવો માર્ગ છે. અરે..રે..! ચોર્યાસીના અવતારમાં રખડીને મરી ગયો છે. એની એને દયા નથી. એને પોતાની દયા નથી, હોં! જેવું એનું સ્વરૂપ છે તેને એ રીતે માનતો નથી તો એની એને દયા નથી. આહાહા!

મુમુક્ષુ :– બે સત્તા ભિન્ન છે તો પછી નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કેમ કહ્યો?

ઉત્તર :– એ કીધું ને આ રીતે. એ નિમિત્ત-નિમિત્ત સંબંધનો અર્થ જ કે કંઈ સંબંધ છે જ નહિ. સર્વે સંબંધ નિષેધો. આપણે 'સમયસાર'ના ૨૦૦ શ્લોકમાં આવ્યું નહિ? 'સમયસાર'ના ૨૦૦માં શ્લોકમાં આવી ગયું છે. સર્વે સંબંધો નિષેધઃ. છે ને આમાં? આમાં પણ છે. ૨૦૦માં છે ને? કેટલામાં છે? આ રહ્યું. જુઓ! એ જ આવ્યું. ૨૦૦મો. પાનુ-૧૮૮ છે. ગુજરાતી છે, હોં! ગુજરાતી. ગુજરાતી.

**नास्ति सर्वोऽपि सम्बन्धः परद्रव्यात्मतत्त्वयोः।**
**कर्तृकर्मत्वसम्बन्धाभवे तत्कर्तृता कुतः ।।२००।।**

કોઈ પર સાથે સંબંધ છે જ નહિ . આહાહા! સર્વ સંબંધ નિષેધ છે. આ તો વીતરાગની વાણી, બાપુ! દિગંબર સંતોની વાણી એટલે... આહાહા! પરમેશ્વર કેવળી પરમાત્માના વેણ છે આ. એને સમજવા... આહાહા! એને અંતરમાં ઘડ બેસાડવી એ બાપુ અપૂર્વ પુરુષાર્થ છે. આહાહા! એ કાંઈ વાતે વડા થાય એવું નથી. આહાહા! ભાષાથી એમ કહે કે આત્મા અને રાગ જુદા, એ જુદી ચીજ છે. પણ ભાવથી રાગ અને આત્મા જુદો (એ ઘડ બેસાડવી)... આહાહા! એ કાંઈ વાત છે? જુઓ! ૨૦૦મો શ્લોક જ આવ્યો છે.

**'જેમ ઉપચારમાત્રથી દ્રવ્ય પોતાના પરિણામનો કર્તા છે, તે જ પરિણામ દ્રવ્યથી કરાયેલો છે તેમ અન્ય દ્રવ્યનો કર્તા અન્ય દ્રવ્ય ઉપચારમાત્રથી પણ નથી,...'** આહાહા! ભગવાનઆત્મા ઉપચારથી પણ રાગનો કર્તા નથી એમ કહે છે. આહાહા! રાગને અને એને અહીં પરદ્રવ્યમાં પુદ્‌ગલમાં જ નાખ્યા છે. એ નથી અંતરની. આ ક્યાં 'સોનગઢ'નું છે આ પુસ્તક? આ ગાથામાં છે. આહાહા! **'ઉપચારમાત્રથી પણ નથી, કારણ કે એક સત્ત્વ નથી,...'** જોયું! ખરેખર તો રાગનું અને ચૈતન્યનું સત્ત્વ એક જ નથી. સત્ત્વ જ ભિન્ન છે. આહાહા! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એનો જે વિકલ્પ છે એનું સત્ત્વ અને ચૈતન્યનું સત્ત્વ બે તદ્દન ભિન્ન છે. કેમકે રાગ છે તે અજીવ છે, અચેતન છે, જડ છે, કલુષિત છે, દુઃખ છે. આહાહા! ભગવાન એનાથી જુદી સત્તા છે. આનંદ છે, જીવ છે, શુદ્ધ છે, પવિત્ર છે, વીતરાગ છે. આહાહા!

કાલે આવ્યું નહોતું? રાત્રે કહ્યું હતું. રાગના ત્યાગ સ્વભાવવાળો ભગવાન છે. એટલે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વીતરાગસ્વરૂપે પ્રભુ છે એમ કહ્યું. આહાહા! જેમ આત્મા જ્ઞાન-દર્શન સ્વભાવથી ભરેલો છે એમ આત્મા રાગના ત્યાગ સ્વભાવવાળો છે એટલે કે વીતરાગ સ્વભાવવાળો છે. વીત-રાગ. વીત એટલે નહિ, રાગ. આહાહા! રાગના ત્યાગ સ્વભાવસ્વરૂપ ભગવાનઆત્મા છે.

મુમુક્ષુ :– અમારો આત્મા પણ?

ઉત્તર :– બધા આત્મા. તમારો શું? અભવિનો આત્મા પણ.

મુમુક્ષુ :– અત્યારે?

ઉત્તર :– અત્યારે. એ હમણા ઘણું કહ્યું હતું. 'પરમાત્મપ્રકાશ'માં. આખા લોકાલોકમાં અને સર્વ ત્રિકાળ અને સર્વ જીવ અને સંપૂર્ણ સ્વભાવથી ભરેલા ભગવાન સર્વ જીવ છે. સર્વ જીવ (એવા છે) એવી ભાવના કરે છે. આહાહા! બાપુ! ભગવાન! ચાર બોલ લીધા છે. 'સમયસાર'માં બંધ અધિકારમાં છેલ્લે છે, સર્વવિશુદ્ધમાં છે અને 'પરમાત્મપ્રકાશ'માં પણ છે. એ હમણા વાંચ્યું હતું. સર્વ લોકાલોકમાં જેટલા જીવ છે અને ત્રણકાળમાં પૂર્ણ સ્વભાવથી ભરેલા ભગવાન છે. આહાહા! 'શ્રીમદ્દે' એમ કહ્યું, 'સર્વ જીવ છે સિદ્ધ સમ' અભવિને પણ સિદ્ધ સમાન છે. આહાહા! એની પર્યાયમાં ફેર છે. વસ્તુ તો વસ્તુ છે. ભગવાનસ્વરૂપ છે. આહાહા!

એ કહ્યું હતું ને? (સંવત) ૧૯૮૫ની સાલ. ૧૯૮૫. ૪૮ વર્ષ થયા. એક સ્થાનકવાસી હતા. એમણે 'મોહનમાળા' પુસ્તક બનાવ્યું હતું. મારી પાસે આવ્યા. ૧૯૮૦ની સાલની વાત છે. ૮૦-૮૦ની સાલ. આવ્યા. 'મોહનલાલજી' હતા. નહિ? 'લીંબડી...' ના. 'મણિલાલજી' અને 'મોહનલાલજી'. પણ તે દિ' તો મારી છાપ બધી એવી આકરી હતી. સાધુ ડરે. એ બોલશે તો સંપ્રદાયના માણસો માનશે, આપણું નહિ ચાલે. પચાસ વર્ષ પહેલા એટલી છાપ હતી. એમાં ૧૯૮૫માં એમણે એક ચર્ચા મૂકી કે અભવિને ત્રણ આવરણ હોય. મતિ, શ્રુત અને અવધિ ત્રણ આવરણ હોય. પાંચ ન હોય. બિલકુલ જૂઠી વાત છે. પાંચેય આવરણ છે. એને એમ કે કેવળજ્ઞાન થતું નથી માટે (આવરણ ન હોય). પણ થતું નથી માટે આવરણ નથી એમ કોણે કહ્યું? મોટી ચર્ચા થઈ. ૧૯૮૫ની સાલની વાત છે. 'મણિલાલજી' હતા એ શાંત હતા. મારી ઉંમર નાની ને? ઉંમર નાની. આ તો ૪૮ વર્ષ પહેલાની વાત છે. ૪૦ વર્ષની ઉંમર. એ બધા મોટી ઉંમરના. ૫૦-૫૦ વર્ષની દીક્ષાવાળા. પછી 'મણિલાલજી' કહે સાંભળો, મહારાજ! 'કાનજીમુનિ' શું કહે છે એ સાંભળો.

મેં કહ્યું, બાપુ! અભવિને પાંચ આવરણ છે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાન પાંચેય આવરણ છે. કેમકે શક્તિરૂપે કેવળજ્ઞાન છે. એમ ન ચાલે કીધું. અહીં તો અંદરથી બેસવું જોઈએ તો બેસે. એમ ને એમ માની લઈએ એમ નથી. અભવિને પાંચ આવરણ છે. કેવળજ્ઞાન થતું નથી એટલે શું? એ તો પર્યાયની વાત થઈ. કેવળજ્ઞાન સ્વરૂપે અભવિ જીવ બિરાજે છે. આહાહા! નિમિત્ત તરીકે કેવળજ્ઞાનાવરણી પ્રકૃતિ છે. બધા જીવને પાંચેય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રકૃતિ છે. અભવિ-ભવિ બધાને. એનો અર્થ એ થયો કે બધા કેવળજ્ઞાનના કંદ છે. 'ધન્નાલાલજી'! એમ ન ચાલે, બાપુ! શાસ્ત્ર કહે છે પણ છતાં ન્યાયથી પાછું બેસવું જોઈએ ને? આહાહા!

મુમુક્ષુ :– 'પ્રવચનસાર'માં આવે છે, અશુદ્ધ વખતે અશુદ્ધ થઈ જાય.

ઉત્તર :– કોણ કહે છે? પર્યાયમાં અશુદ્ધ, દ્રવ્ય કોને અશુદ્ધ થાય? એ હમણાં 'મખનલાલજી'નો પ્રશ્ન આવ્યો છે. 'મખનલાલજી'નો આવ્યો છે કે પર્યાયમાં જ્યારે પુણ્ય-પાપની અશુદ્ધતા થાય તો દ્રવ્ય પણ અશુદ્ધ થઈ જાય. આ વળી નવું કાઢ્યું હમણા કીધું. પ્રભુ! શું કરવું છે તમારે આ? 'રતનલાલજી' તો કહેતા. 'રતનલાલ મુખ્ત્યાર'. પર્યાયમાં અશુદ્ધતા હોય તો દ્રવ્ય પણ અશુદ્ધ થઈ જાય. કેમકે 'પ્રવચનસાર'માં આ છે. શુભ વખતે શુભરૂપ (થાય છે). પણ એ તો પર્યાયમાં શુભરૂપે શુભ. દ્રવ્ય તો શુદ્ધ ત્રિકાળ શુદ્ધ છે. આનંદનો નાથ ભગવત્‌સ્વરૂપ ત્રિકાળ છે. 'પોપટભાઈ'! આવી વાતું છે, બાપુ! આહાહા!

વસ્તુ છે એ તો વસ્તુ છે ને. દ્રવ્ય એટલે? એ તો પાઠમાં સંસ્કૃત ટીકામાં પણ છે. એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધી જીવ કહો. વસ્તુ તો દ્રવ્ય શુદ્ધ ત્રિકાળી શુદ્ધ જ છે. એ તો પર્યાયમાં એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચોઇન્દ્રિય, પંચેન્દ્રિય (છે), એ કાંઈ વસ્તુ નથી. આહાહા! અને એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણેન્દ્રિય એ કાંઈ આત્મા નથી. 'પંચાસ્તિકાય'માં એમ લખ્યું છે. જ્ઞાનસ્વરૂપ તે આત્મા છે. સમજાણું કાંઈ? આવી વાતું છે. અજાણ્યા માણસને તો એવું લાગે કે આ શું છે? આ ક્યાંની વાત કરે છે? આપણા જૈનધર્મની? આપણે તો અત્યારે છ કાયની દયા પાળવી ને વ્રત કરવા ને અપવાસ કરવા એવું બધું સાંભળ્યું છે. એ બધા ગપેગપ છે. આહાહા! કોણ પરની દયા પાળે અને કોણ દયા પાળવાના ભાવ પોતાના માને? સમજાણું કાંઈ?

(અન્ય દ્રવ્યનો કર્તા અન્ય) **'દ્રવ્ય ઉપચારમાત્રથી પણ નથી,...'** આહાહા! નિશ્ચયથી તો રાગના ઉપચારમાત્રથી પણ તે કર્તા-કર્મ નથી. ઉપચારમાત્રથી એના નિર્મળ પરિણામનું કર્મ અને આત્મા કર્તા એ ઉપચારમાત્રથી ભેદ છે. આહાહા! ગજબ વાત છે. આહાહા! બાપુ! એ વીતરાગની સાચી વાત કાને પડવી એ કોઈ ભાગ્ય વિના મળે એવી નથી. આહાહા! પૈસાના ભાગ્ય તો ધૂળના તો અનંતવાર થયા. આહાહા! ચેતન ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એ રાગનો કર્તા ઉપચારમાત્રથી પણ નથી, વ્યવહારથી પણ નથી એમ કહે છે. વ્યવહારથી કહીએ તો ફક્ત વીતરાગી પરિણામનો કર્તા આત્મા, વીતરાગી પરિણામ એનું કાર્ય એ વ્યવહાર ઉપચારથી છે. આહાહા! અરે..! આવી વાત સાંભળવા ક્યાં મળે? પરમાત્મા, પરમેશ્વરના વિરહ પડ્યા. ભગવાન મહાવિદેહમાં બિરાજે. સમજાણું કાંઈ? આહાહા! ત્યાં તો ધમધોકાર પેઢી ચાલે છે. ધર્મની પેઢી ભગવાન પાસે તો ચાલે છે. આહાહા! અહીં ભરતક્ષેત્રમાં વિરહ પડી ગયા. સાચી વાત બહાર આવે તો કહે, એય..! ખોટું ચાલે છે. પ્રભુ! શું કરે છે? બાપુ!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાઈ! તને નુકસાનનું કારણ છે. આહાહા!

અહીં કહે છે, '**કારણ કે એક સત્ત્વ નથી, ભિન્ન સત્ત્વ છે.**' આહાહા! પુણ્ય અને પાપના ભાવ અને આત્માના ભાવ બેનું સત્ત્વ એક નથી. આહાહા! અને '**व्याप्यव्यापकभावसम्भवम् ऋते कर्तृकर्मस्थितिः का પરિણામ-પરિણામીમાત્રભેદની ઉત્પત્તિ વિના...**' શું કહે છે? પરિણામી દ્રવ્ય અને પરિણામ નિર્મળ એ સિવાય, પરિણામી અને પરિણામ સિવાય '**ઉત્પત્તિ વિના 'જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલકર્મનો કર્તા જીવદ્રવ્ય' એવો અનુભવ ઘટતો નથી,...**' અહીં તો કર્મ લીધું છે પણ અંદર ભાવકર્મ પણ લેવું. જડ ઘાતિકર્મ લીધું છે. પણ ભાવ ઘાતિકર્મ છે એ પણ પરવસ્તુ છે, આત્મા નથી. આહાહા! એ 'પ્રવચનસાર'માં ૧૦૦મી ગાથામાં આવ્યું છે. દ્રવ્ય અને ભાવ બે ઘાતિકર્મ છે. જડ છે એની સાથે શું સંબંધ છે? પોતે ભાવ ઘાત કરે છે ત્યારે ઓલા દ્રવ્ય ઘાતિ નિમિત્ત કહેવામાં આવે છે. એ આત્માને કાંઈ ઘાતતો નથી. આહાહા! સમજાણું કાંઈ?

જેને '**પરિણામ-પરિણામીમાત્રની ભેદની ઉત્પત્તિ વિના...**' આહાહા! પરિણામી ભગવાન અને પરિણામ એનું નિર્મળ, એવા પરિણામ-પરિણામીમાત્રની ભેદની સિવાય.. આહાહા! એ રાગનો અને પરનો કર્તા તો ઉપચારમાત્રથી પણ નથી. કેમકે એમાં વ્યાપ્ય-વ્યાપકપણું નથી. વ્યાપ્ય એટલે કાર્ય અને વ્યાપક એટલે કર્તા એવો સંબંધ રાગ સાથે નથી. આહાહા! સમજાણું કાંઈ? જૂના માણસે ઘૂટ્યું હોય બીજું, એમાં નીકળે બીજું એટલે (એવું લાગે) આ ક્યાંનું હશે? જૈનધર્મની વાત હશે આ?

મુમુક્ષુ :– બીજા શાસ્ત્રોમાં હોય.

ઉત્તર :– ક્યાંય બીજે લખ્યું નથી. બધે આ કહ્યું છે. ત્યારે કહ્યું ને ચારે અનુયોગનો સાર વીતરાગતા છે.

મુમુક્ષુ :– અમે તો 'સમયસાર' વાંચીએ છીએ.

ઉત્તર :– અમે તો બધા શાસ્ત્રો વાંચ્યા છે. વ્યાખ્યાનમાં ઘણા શાસ્ત્રો વંચાણા. 'પ્રવચનસાર', 'સમયસાર', 'ઇષ્ટોપદેશ', 'સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા', 'પ્રવચનસાર'ના પાછળના અધિકાર. બધા ઘણા પુસ્તકો વાંચ્યા છે. 'સ્વામિ કાર્તિકેયાનુપ્રેક્ષા', 'ઈષ્ટોપદેશ', 'સમાધિતંત્ર' આદિ ઘણા પુસ્તક વંચાઈ ગયા છે. 'અનુભવપ્રકાશ' 'ચિદ્‌વિલાસ' એ વ્યાખ્યાનમાં નથી આવ્યું. ઘણા પુસ્તકો.

મુમુક્ષુ :– બધા આપ વાંચી ગયા છો?

ઉત્તર :– બધા વંચાઈ ગયા. વ્યાખ્યાનમાં વાંચ્યા છે.

કહે છે કે '**પરિણામ અને પરિણામીમાત્ર ભેદની ઉત્પત્તિ વિના...**' આ બેનો ભેદ ભલે હો. પરિણામી ભગવાન અને પરિણામ વીતરાગી પર્યાય એ ભેદ વિના બીજા સાથે કર્તા-કર્મ બિલકુલ છે નહિ. આહાહા! પેલો કહે, નહિ. કર્તા કર્મ, આત્મા કર્મ બાંધે, આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કર્મ છોડે, નિર્જરા કરે, છોડે, બાપુ! એમ નથી, ભાઈ! તને ખબર નથી.

મુમુક્ષુ :– પરનો કર્તા ન માને તો એ દિગંબર નથી.

ઉત્તર :– દિગંબર નથી એમ કહે છે. 'ઇન્દોર'માં પંડિતો ભેગા થઈને એમ કહે (છે), કે જે કોઈ પરદ્રવ્યનો કર્તા ન માને તો દિગંબર નથી. અહીં કહે છે કે રાગનો કર્તા માને એ દિગંબર નથી. દિગંબર કોઈ પક્ષ નથી. એ તો વસ્તુનું સ્વરૂપ છે. આહાહા! થોડું ઝીણું છે, શેઠ! સૂક્ષ્મ વાત છે. છે? આહાહા! એની હા તો પાડ. આ વસ્તુ આ રીતે છે. હા પાડ તો આગળ હાલત થઈ જશે. પણ આ નહિ, આવું નહિ... આવું નહિ... નિષેધ કરતાં પ્રભુ તારો નકાર કર્યો છે. આહાહા!

મુમુક્ષુ :– ... વિવરણ કરે છે.

ઉત્તર :– આ તો વિવરણ છે. ચાલ્યું છે એનું આ તો વિવરણ આવ્યું.

**'એવો અનુભવ ઘટતો નથી, કારણ કે જીવદ્રવ્ય પુદ્‌ગલદ્રવ્ય એક સત્તા નથી,...'** આહાહા! **'ભિન્ન સત્તા છે. આવા જ્ઞાનસૂર્ય વડે...'** આહાહા! રાગથી ભિન્ન પડેલો ચૈતન્ય ભગવાન એનું ભાન થયે, **'જ્ઞાનસૂર્ય વડે મિથ્યાત્વરૂપ અંધકાર મટે છે...'** આહાહા! ચૈતન્યસૂર્ય ભગવાનઆત્મા (છે) એવું અંદરમાં ભાન થતાં તે જ્ઞાનસૂર્ય વડે કરીને મિથ્યાત્વનો અંધકાર નાશ થાય છે. આહાહા! સમજાણું કાંઈ? **'અને જીવ સમ્યગ્દષ્ટિ થાય છે.'** આહાહા! ત્યારે જીવ સમ્યગ્દષ્ટિ સત્યદૃષ્ટિ થાય છે. ભગવાનઆત્મા વિકાર પરિણામનો કર્તા-કર્મ વ્યવહારથી પણ નહિ. વ્યવહારથી ભેદ પાડીને કહેવું (કે) નિર્મળ પરિણામનો કર્તા જીવ અને નિર્મળ પરિણામ કર્મ. આવો જે અંદર જ્ઞાનસૂર્ય ઊગ્યો... આહાહા! મિથ્યાત્વનો નાશ કરે છે, સમકિતને ઉત્પન્ન કરે છે. ધર્મની શરૂઆતની વાતું કરી. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

(સ્ત્રગ્ધરા)

**ज्ञानी जानन्नपीमां स्वपरपरिणतिं पुद्गलश्चाप्यजानन्**
**व्याप्तृव्याप्यत्वमन्तः कलयितुमसहौ नित्यमत्यन्तभेदात्।**
**अज्ञानात्कर्तृकर्मभ्रममतिरनयोर्भाति तावन्न यावत्**
**विज्ञानार्चिश्चकास्ति क्रकचवददयं भेदमुत्पाद्य सद्यः।।५-५०।।**

**ખંડાન્વય સહિત અર્થ :– 'यावत् विज्ञानार्चिः न चकास्ति तावत् अनयोः कर्तृकर्मभ्रममतिः अज्ञानात् भाति' ( यावत् ) જેટલો કાળ ( विज्ञानार्चि ) ભેદજ્ઞાનરૂપ અનુભવ ( न चकास्ति ) પ્રગટ થતો નથી ( तावत् ) તેટલો કાળ ( अनयोः ) જીવ-પુદ્‌ગલ વિષે ( कर्तृ-कर्म-भ्रममतिः )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'જ્ઞાનાવરણાદિનો કર્તા જીવદ્રવ્ય' એવી છે જે મિથ્યા પ્રતીતિ તે ( अज्ञानात् भाति ) અજ્ઞાનપણાથી છે; વસ્તુનું સ્વરૂપ એવું તો નથી. કોઈ પ્રશ્ન કરે છે કે 'જ્ઞાનાવરણાદિ કર્મનો કર્તા જીવ' તે અજ્ઞાનપણું છે, તે કઈ રીતે છે? 'ज्ञानी पुद्गलः च व्याप्तृव्याप्यत्वम् अन्तः कलयितुम् असहौ' ( ज्ञानी ) જ્ઞાની અર્થાત્ જીવવસ્તુ ( च ) અને ( पुद्गलः ) જ્ઞાનાવરણાદિ કર્મપિંડ ( व्याप्तृ-व्याप्यत्वम् ) પરિણામી-પરિણામભાવે ( अन्तः कलयितुम् ) એક સંક્રમણરૂપ થવાને ( असहौ ) અસમર્થ છે, કેમ કે 'नित्यम् अत्यन्तभेदात्' ( नित्यम् ) દ્રવ્યસ્વભાવથી ( अत्यन्तभेदात् ) અત્યન્ત ભેદ છે. વિવરણ–જીવદ્રવ્યના ભિન્ન પ્રદેશ ચૈતન્યસ્વભાવ, પુદ્ગલદ્રવ્યના ભિન્ન પ્રદેશ અચેતનસ્વભાવ,–એ રીતે ભેદ ઘણો છે. કેવો છે જ્ઞાની? 'इमां स्वपरपरिणतिं जानन् अपि' ( इमां ) પ્રસિદ્ધ છે એવા ( स्व ) પોતાનાં અને ( पर ) સમસ્ત જ્ઞેયવસ્તુઓનાં ( परिणतिं ) દ્રવ્ય-ગુણ-પર્યાયનો અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનો ( जानन् ) જ્ઞાતા છે. ( अपि ) (જીવ તો) એવો છે. તો પછી કેવું છે પુદ્ગલ? તે જ કહે– '(इमां स्वपरपरिणतिं) अजानन्' ( इमां ) પ્રગટ છે એવા ( स्व ) પોતાના અને ( पर ) અન્ય સમસ્ત પરદ્રવ્યોનાં ( परिणतिं ) દ્રવ્ય-ગુણ-પર્યાય આદિને ( अजानन् ) નથી જાણતું–એવું છે પુદ્ગલદ્રવ્ય. ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય જ્ઞાતા છે, પુદ્ગલકર્મ જ્ઞેય છે–એવો જીવને અને કર્મને જ્ઞેયજ્ઞાયકસંબંધ છે તોપણ વ્યાપ્યવ્યાપકસંબંધ નથી; દ્રવ્યોનું અત્યન્ત ભિન્નપણું છે, એકપણું નથી. કેવો છે ભેદજ્ઞાનરૂપ અનુભવ? 'अयं क्रकचवत् सद्यः भेदं उत्पाद्य' જેણે કરવતની માફક નિર્દય રીતે (ઉગ્ર રીતે) શીઘ્ર જ જીવ અને પુદ્ગલનો ભેદ ઉત્પન્ન કર્યો છે. ૫-૫૦.

---

**શ્રાવણ વદ ૧૦, મંગળવાર તા.૯.૦૮.૧૯૭૭**
**કળશ - ૫૦, પ્રવચન - ૬૨**

કર્તા-કર્મ અધિકાર. ૫૦મી ગાથા. ૫૦મો શ્લોક છે.

**ज्ञानी जानन्नपीमां स्वपरपरिणतिं पुद्गलश्चाप्यजानन्**
**व्याप्तृव्याप्यत्वमन्तः कलयितुमसहौ नित्यमत्यन्तभेदात्।**
**अज्ञानात्कर्तृकर्मभ्रममतिरनयोर्भाति तावन्न यावत्**
**विज्ञानार्चिश्चकास्ति क्रकचवददयं भेदमुत्पाद्य सद्यः।।५-५०।।**

આહાહા! આવો અધિકાર છે. 'यावत् विज्ञानार्चिः न चकास्ति तावत् अनयोः कर्तृकर्मभ्रममतिः अज्ञानात् भाति' શું કહે છે? **'જેટલા કાળ ભેદજ્ઞાનરૂપ અનુભવ...'** આહાહા! કર્મની અને રાગની ક્રિયાથી પણ આત્મા ભિન્ન છે. તેમ કર્મ અજીવ છે અને પુણ્ય-પાપના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાવ છે એ આસ્રવ છે, પુણ્ય-પાપ તત્ત્વ છે. એનાથી **'विज्ञानार्चिः'** વિજ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા તો એનાથી ભિન્ન છે. આહાહા! એ ભિન્નનું જ્યાં સુધી ભાન ન થાય ત્યાં સુધી રાગનો કર્તા હું અને રાગ મારું કર્તવ્ય છે અને પુદ્‌ગલની બંધ અવસ્થા થાય એ મારું કાર્ય છે અને હું કર્તા છું એવું અજ્ઞાનપણે માને છે. આહાહા! ઝીણી વાત છે.

અહીંયાં તો પુણ્ય અને પાપના જે ભાવ છે એ પણ વિકારી ભાવ છે અને નિશ્ચયથી તો એ પુદ્‌ગલ જ છે. આહાહા! આવી વાત છે, પ્રભુ! એ પુણ્ય-પાપના વિકલ્પ રાગ અને શરીર અને કર્મ જે અજીવ એ અજીવથી અને આસ્રવથી **'विज्ञानार्चिः'** વિજ્ઞાનઘન ભગવાન, વિજ્ઞાનના તેજસ્વરૂપ પ્રભુ એ રાગથી ભિન્ન જ્યાં સુધી ન થાય ત્યાં સુધી રાગનો અને પરદ્રવ્યની પર્યાયનો કર્તા માને છે. 'જ્ઞાનચંદજી'! આવી વાત છે, ભગવાન! આહાહા!

'કરે કર્મ સો હી કરતારા જો જાણે સો જાણનહારા. જાણે સો કર્તા નહિ હોઈ, કર્તા સો જાણે નહિ કોઈ.' આહાહા! પરમાત્મા જિનેશ્વરદેવે કેવળજ્ઞાનમાં એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જોયા. ભગવાનની વાણીમાં જેવું દેખ્યું એવું આવ્યું. અને એ વાણીમાંથી ગણધર 'મુખ ઓમકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' ભગવાનના મુખથી ૐ ધ્વનિ નીકળે. હોઠ અને કંઠ હલ્યા વિના આખા શરીરમાંથી ૐ ધ્વનિ ઊઠે છે. એ 'મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' એ ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વ જેની રચના અંતર્મુહૂર્તમાં થાય એવા સંત ને ગણના નાયક એ ભગવાનની દિવ્યધ્વનિમાંથી શાસ્ત્રની રચના કરે છે. એ શાસ્ત્રની રચના માંયલી આ 'સમયસાર કળશ' ચીજ છે. આહાહા!

કહે છે કે જ્યાં સુધી ભગવાનઆત્મા... **'विज्ञानार्चिः'** છે ને? **'विज्ञानार्चिः'** વિજ્ઞાન-ભેદજ્ઞાનરૂપી અનુભવ. આહાહા! હું આત્મા (છું). દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય એ પણ રાગ છે. ઝીણી વાત છે, ભગવાન! માર્ગ બહુ સૂક્ષ્મ છે. એ રાગથી પોતાનો આત્મા **'विज्ञानार्चिः'** વિજ્ઞાનરૂપી સૂર્યનો જ્યાં સુધી અનુભવ ન થાય ત્યાં સુધી રાગ મારું કાર્ય અને હું રાગનો કર્તા (છું) એમ અજ્ઞાનભાવે માને છે. કહો, 'ધન્નાલાલજી'! ભારે.

શરીરની અવસ્થા થાય કે ભાષાની અવસ્થા થાય એ તો આત્માની કદી થતી નથી. એ તો જડના રજકણોની પર્યાય થવાના કાળે એ પરમાણુની પર્યાય થાય છે. એમાં આત્માનો કંઈ અધિકાર નથી. પણ અહીંયાં તો કહે છે કે જે અંદર રાગાદિ પુણ્ય-પાપનો ભાવ થાય એ પોતાની પર્યાયમાં પોતાના અપરાધથી થાય છે. આહાહા! પણ એ અપરાધનો કર્તા હું અને એ મારું કાર્ય છે એમ માને ત્યાં સુધી તેને વિજ્ઞાનનો અનુભવ નથી. ચૈતન્યની સત્તા ભગવાન સત્તા ચૈતન્ય આનંદકંદ જ્ઞાનઘન આત્મા જ્યાં સુધી રાગનો કર્તા થાય છે ત્યાં સુધી વિજ્ઞાનઘનનું ભાન નથી. 'પોપટભાઈ'! આવી વાતું છે. આહાહા!

અહીં તો ઉપર આપણે ત્યાં સુધી આવ્યું હતું કે... આહાહા! પ્રભુ! તું તો વિજ્ઞાનઘન ચૈતન્યસ્વરૂપ પ્રભુ છો ને. તો રાગનો હું કર્તા અને રાગ મારું કાર્ય અને હું એનો કર્તા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ તો એમાં છે જ નહિ. પણ રાગથી ભિન્ન પડીને પોતાનું જ્ઞાન થયું, તે જ્ઞાનની પર્યાય અને સમ્યગ્દર્શનની પર્યાય એ મારું કાર્ય અને આત્મા કર્તા એ પણ ઉપચારથી કહેવામાં આવે છે. આહાહા!

શું કહ્યું? ફરીને લઈએ. રાગાદિ ભાવ છે, પુણ્યાદિ દયા, દાન, વ્રતાદિ શુભઅશુભ વિકલ્પ એ મારું કર્તવ્ય અને એ મારું કાર્ય એ તો અજ્ઞાનભાવમાં છે, મિથ્યાત્વભાવમાં છે. આહાહા! પણ જ્યારે રાગથી ભિન્ન થઈને વિજ્ઞાનનો અનુભવ થયો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય-પરિણામ, પરિણામી ત્રિકાળી ભગવાનના અવલંબને થયા એ પરિણામ મારું કાર્ય અને હું એનો કર્તા છું એ પણ ઉપચારથી છે. કેમ ઉપચારથી છે? ઉપચારથી કેમ છે? પોતાના વીતરાગી પરિણામ રાગથી રહિત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ એ મારું કાર્ય અને હું કર્તા એ ઉપચારથી છે. પરનો કર્તા તો ઉપચારથી પણ નથી. ઉપર છે. ઉપરના શ્લોકમાં. પચાસમો શ્લોક છે ને? હિન્દી છે હિન્દી? ગુજરાતી પહેલા ઉપર ગયું. જુઓ!

**'અન્ય દ્રવ્યનો કર્તા અન્ય દ્રવ્ય ઉપચારમાત્રથી પણ નથી, કારણ કે એક સત્ત્વ નથી, ભિન્ન સત્ત્વ છે.'** આહાહા! છે ને? ઉપર આવી ગયું. **'જેમ ઉપચારમાત્રથી દ્રવ્ય પોતાના પરિણામનો કર્તા છે, તે જ પરિણામ દ્રવ્યથી કરાયેલો છે તેમ અન્ય દ્રવ્યનો કર્તા અન્ય દ્રવ્ય ઉપચારમાત્રથી પણ નથી,..'** ઝીણું છે, ભગવાન! ઉપરના શ્લોકમાં છે.

મુમુક્ષુ :– સૂક્ષ્મને માટે તો શિબિર ચાલે છે.

ઉત્તર :– લોકો સાંભળવા માટે આવ્યા (છે). આહાહા! આવો માર્ગ છે.

ચેતનસ્વરૂપ વિજ્ઞાનઘન પ્રભુ, એ તો ચિદ્રૂપમ, જ્ઞાનરૂપ આનંદરૂપ આત્મા છે. એનું ભાન થયું તો આનંદ અને જ્ઞાન સમકિતની પર્યાય જે ઉત્પન્ન થઈ, એનો આત્મા કર્તા અને એ પરિણામ મારું કર્મ એ પણ વ્યવહારથી ઉપચારથી છે. કેમ? કે પરિણામ અને પરિણામી બે ચીજ ભિન્ન છે. એક સત્ત્વ તો કહ્યું હતું, હોં! એ તો પર સત્ત્વની અપેક્ષાએ પોતાનું સત્ત્વ છે. પણ પરિણામ પરિણામનો કર્તા અને પરિણામ પરિણામનું કાર્ય એ નિશ્ચય છે. પરિણામ, સમ્યક્ ધર્મનો પરિણામ કર્તા અને આત્માનું કર્મ એ તો ઉપચારમાત્ર છે. દ્રવ્ય વસ્તુ પરિણામનો કર્તા તો ઉપચારથી છે. ગજબ વાત છે, ભગવાન! આ તો વીતરાગ માર્ગ છે. આવી ચીજ બીજે ક્યાંય નથી અને તે પણ દિગંબર દર્શન સિવાય ક્યાંય આ વાત છે નહિ.

મુમુક્ષુ :– આ 'સોનગઢ'ની વાત છે.

ઉત્તર :– 'સોનગઢ'? આ તો આત્માની વાત છે, ભગવાન! આહાહા!

આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ છે ને, ભાઈ! એ તો અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ આત્મા છે. અરે..! એને ખબર નથી. ચોર્યાસી લાખના અવતારમાં રખડી-રખડીને દુઃખી થયો. ચાર ગતિમાં ભવ કરીને દુઃખી છે ઇ. અહીંયાં તો પરમાત્મા એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ફરમાવે છે, સંતો આડતિયા થઈને સર્વજ્ઞની વાત સંતો આડતિયા થઈને દિગંબર મુનિઓ જગતને જાહેર કરે છે કે માર્ગ આ છે, પ્રભુ! આહાહા! સમજાણું કાંઈ?

કહે છે કે શરીરની પર્યાય આમ થાય છે, જુઓ! તો એનો કર્તા આત્મા ઉપચારથી પણ નથી, વ્યવહારથી પણ નથી. આહાહા! એ પરમાણુ છે, માટી છે, ધૂળ છે, પુદ્‌ગલ છે, જડ છે. જડની અવસ્થા જડથી થાય છે. એ હલન-ચલન આત્માથી થાય છે એમ ત્રણકાળમાં નથી. આહાહા! આમ હોઠ હલે, ભાષા પર્યાય થાય એ આત્માનું કર્તવ્ય નથી. વ્યવહારથી પણ નથી. કેમકે જડની પર્યાયના કાળે, જડની અવસ્થામાં જડ ઉત્પન્ન થાય છે. ભગવાનઆત્મા તો એનાથી ભિન્ન છે. ઝીણી વાત છે, પ્રભુ!

અહીં તો કહે છે.. **'विज्ञानार्चि'** થયો ત્યારથી રાગનું કર્તવ્ય મારું અને હું રાગનું કારણ છું એ વાત છૂટી જાય છે. આહાહા! શરીર, વાણી, મન અને પરની હું સેવા કરી શકું... આહાહા! ઝીણી વાત. ભગવાનની પૂજાના કાળમાં સ્વાહા (કરે છે), કહે છે કે એ ક્રિયા તો જડની છે, પ્રભુ! તને ખબર નથી. એ તો અજીવની ક્રિયા છે. એ તારાથી થતી નથી. આહાહા! અને એ સમયે તને ભક્તિનો શુભભાવ જે આવ્યો એ રાગ છે. એ રાગનો કર્તા હું, રાગ મારું કાર્ય એમ માને એ બધું અજ્ઞાન છે. આહાહા! છે?

**'विज्ञानार्चि ભેદજ્ઞાનરૂપ અનુભવ પ્રગટ થતો નથી...'** આહાહા! આ કાંઈ કથા-વાર્તા નથી. આ તો ગંભીર શબ્દ છે. વીતરાગી મુનિઓ, દિગંબર મુનિઓ એટલે વીતરાગી સંતો. આહાહા! અતીન્દ્રિય આનંદમાં ઝૂલનારા. જેની પર્યાયમાં અતીન્દ્રિય આનંદનું ઉગ્ર સ્વસંવેદન હોય છે. એને મુનિ કહીએ. આનંદનો નાથ, પ્રભુ! અતીન્દ્રિય આનંદનો શુદ્ધ ચૈતન્યઘન એને મુનિપણું જ્યારે થાય છે ત્યારે જેમ સમુદ્રના કાંઠે ભરતી આવે છે એમ આત્મામાં જ્યારે મુનિપણું થાય... આહાહા! અતીન્દ્રિય આનંદની પર્યાયરૂપી કાંઠે અતીન્દ્રિય આનંદની ભરતી આવે છે. આહાહા! સમ્યગ્દર્શનમાં પણ અતીન્દ્રિય આનંદનો સ્વાદ છે પણ થોડો છે. થોડું સમજો છો? ઓછું છે. અને પંચમગુણસ્થાન જે સાચા શ્રાવકનું છે એને પણ અતીન્દ્રિય આનંદની દશા ચોથા ગુણસ્થાન કરતાં વિશેષ અતીન્દ્રિય આનંદ આવે છે. અને મુનિને તો પ્રચુર આનંદ આવે છે. 'સમયસાર'ની પાંચમી ગાથા છે.

'કુંદકુંદાચાર્ય' કહે છે કે હું મારા વૈભવથી 'સમયસાર' કહીશ. મારો વૈભવ શું છે? આ ધૂળ વૈભવ છે? શેઠ! આ બધા કરોડોપતિ બેઠા, ધૂળના ધણી. એ ધૂળ, લક્ષ્મી એ તારો વૈભવ છે? શરીર પોતાનો વૈભવ છે? પુણ્ય-પાપના ભાવ એ નિજ વૈભવ છે? આહાહા! પોતાનો વૈભવ તો પુણ્ય-પાપથી ભિન્ન થઈને, અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનની પર્યાયમાં ભરતી આવવી.. આહાહા! એ પોતાનો વૈભવ છે. આહાહા! તો મુનિ કહે છે કે આ મારો નિજ વૈભવ પ્રચુર સ્વસંવેદન છે. પ્રચુર. ચોથે ગુણસ્થાને છે એનાથી છઠ્ઠે ગુણસ્થાને મુનિને પ્રચુર સ્વસંવેદન છે. પાંચમી ગાથામાં એવો પાઠ છે. આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– ...મુનિને સમજાય, અમને ન સમજાય.

ઉત્તર :– સમ્યગ્દૃષ્ટિ થયા પહેલા સમજાય છે. મુનિપણું શું છે, કેવળજ્ઞાન શું છે અને હું કોણ છું? એ નવ તત્ત્વનું ભિન્ન ભિન્ન ભાન તો સમ્યગ્દર્શન થયા પહેલા લક્ષમાં આવે છે. પછી અનુભવ થાય છે. આહાહા! આવી વાત છે. વીતરાગ પ્રભુનો માર્ગ... આહાહા!

એ આ શ્લોકમાં કહે છે. 'અમૃતચંદ્રાચાર્ય'નો શ્લોક છે. મૂળ પાઠ 'કુંદકુંદાચાર્ય'નો છે. 'અમૃતચંદ્રાચાર્ય'ના કળશ છે. એ કહે છે કે, પ્રભુ! આ આત્મા વિજ્ઞાનઘન છે. જ્યાં સુધી વિજ્ઞાનનો અનુભવ ન થાય.. આહાહા! વિજ્ઞાનસ્વરૂપ પિંડ પ્રભુ એને અનુસરીને, એના આશ્રયથી, અનુસરીને ભાવ (અર્થાત્) વીતરાગી પર્યાયનો અનુભવ ન થાય ત્યાં સુધી અજ્ઞાની રાગનો (હું) કર્તા અને રાગ મારું કાર્ય એમ માને છે. ભાષા સમજાય છે? થોડું થોડું હિન્દી આવડે છે. બહુ નથી આવડતું. અમે તો કાઠિયાવાડી ગુજરાતી છીએ ને. આ શરીરને ૮૮ વર્ષ થયા. કાઠિયાવાડી ભાષા છે. ૮૮ સમજ્યા? બે આઠ. ૯૦ માં ૨ ઓછા શરીરને થયા છે. ૮૮.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– અમે કોઈના નથી. અમે તો અમારા છીએ. કારણ કે કાઠિયાવાડી ભાષાને? અહીંયા કાઠિયાવાડમાં જન્મ (થયો), અહીંથી અગિયાર માઈલ (દૂર). અને અમારી દુકાન ગુજરાતમાં છે. 'ભરૂચ' અને 'વડોદરા'ની વચ્ચે. તો ત્યાં પણ ગુજરાતી ભાષા હતી. ૯ વર્ષ ત્યાં રહ્યા, ૧૩ વર્ષ અહીં રહ્યા. ૨૨ વર્ષ રહ્યા. પછી બધું છોડી દીધું. ૬૪ વર્ષ તો દુકાન છોડે થયા. શરીરને ૮૮મું વર્ષ ચાલે છે. જડ છે એને, હોં! આત્મા તો અનાદિ-અનંત છે. પણ ગુજરાતી ભાષામાંથી હિન્દી થોડું શીખતા શીખતા આવ્યા. પહેલા અહીંયા ત્રીસ વર્ષ પહેલા પરિષદ ભરી હતી. (સંવત) ૨૦૦૩ની સાલમાં. વિદ્વત પરિષદ ભરી હતી. 'પ્રવચન મંડપ'. ત્યારે હિન્દી બરાબર નહોતું આવડતું. હું તો ગુજરાતી બોલતો હતો અને એનું હિન્દી 'પરમેશ્વરદાસ' કરતા હતા. ૩૨ પંડિત આવ્યા હતા. વિદ્વત પરિષદ. ૩૦ વર્ષ પહેલા. તેથી થોડું થોડું હિન્દી (આવડે છે).

અહીં કહે છે **'જેટલો કાળ...'** એટલો શબ્દ છે. પહેલો શબ્દ છે. આ અધ્યાત્મ ભાષા છે, ભગવાન? આ કાંઈ વાર્તા-કથા નથી કે થોડા શબ્દમાં પૂરું થઈ જાય. છે? ૫૦. **'જેટલો કાળ વિજ્ઞાનાર્ચિ'** આહાહા! વિજ્ઞાનરૂપી સૂર્યનો અનુભવ ન થાય... આહાહા! **'ભેદજ્ઞાનરૂપ અનુભવ પ્રગટ થતો નથી તેટલો કાળ જીવ-પુદ્‌ગલ વિષે 'જ્ઞાનાવરણાદિનો કર્તા જીવદ્રવ્ય' એવી છે જે મિથ્યા પ્રતીતિ તે અજ્ઞાનપણાથી છે;...'** આહાહા! અહીં તો કર્મની વાત લીધી છે. પણ એ ભાવકર્મ જે રાગ છે એ પણ એમાં આવી જાય છે. સમજાણું કાંઈ? આહાહા! આનંદસ્વરૂપ પ્રભુ આત્મા એનું જ્યારે સમ્યગ્દર્શન થાય છે અર્થાત્ આનંદનો અનુભવ થાય ત્યારે તેને સમ્યગ્દૃષ્ટિ કહે છે. આમ દેવ-ગુરુ-શાસ્ત્રને માને અને નવતત્ત્વના ભેદને માન્યા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ સમકિતી નથી. ભગવાન! વાત તો બહુ સૂક્ષ્મ છે, ભાઈ! આ તો પરમાત્માના ઘરની વાત છે. સમજાણું કાંઈ?

કહે છે કે **'જેટલો કાળ વિજ્ઞાનાર્ચિ'** ચૈતન્યઘન પ્રભુનો અનુભવ, સમ્યગ્દર્શન ન થાય ત્યાં સુધી રાગનો કર્તા હું અને કર્મની પર્યાયનો કર્તા હું અને કર્મની અવસ્થા મારું કાર્ય અથવા રાગ મારું કાર્ય એમ આત્માનો અનુભવ ન થાય ત્યાં સુધી છે. 'ધન્નાલાલજી'! આહાહા! આવી (વાત) છે, પ્રભુ! **'અજ્ઞાનપણેથી છે;...'** છે? વસ્તુનું સ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ એનું અજ્ઞાન છે. વસ્તુનું જ્ઞાન નથી, વસ્તુનું અજ્ઞાન છે ત્યાં સુધી રાગનો કર્તા અને રાગ મારું કર્મ એમ અજ્ઞાની માને છે. આહાહા! સમજાણું કાંઈ? આ તો હું કરું... હું કરું... હું કરું... આહાહા! દયા, દાનના ભાવ, વ્રતના અને તપના ભાવ એ વિકલ્પ રાગ છે. એ રાગ મારું કાર્ય અને હું રાગનો કર્તા છું, એ વિજ્ઞાનસ્વરૂપ ભગવાન જ્ઞાનસ્વરૂપનું ભાન નથી-અનુભવ નથી ત્યાં સુધી માને છે. તો માનો. આહાહા! સમજાણું કાંઈ? **'વસ્તુનું સ્વરૂપ એવું તો નથી.'** આહાહા! ભગવાનઆત્મા જ્ઞાનપુંજ પ્રભુ એ વસ્તુનું સ્વરૂપ છે. રાગ કર્તા અને રાગ કર્મ એમ તો નથી. અને આ તો બહારની વાત મનાવી અને આમ કર્યું. કેમ સામે બંધ રાખ્યું છે?

**'કોઈ પ્રશ્ન કરે છે કે...'** શું કહ્યું? આહાહા! શું કહે છે? કે વસ્તુનું સ્વરૂપ આવું નથી. શું વસ્તુનું સ્વરૂપ એવું નથી? કે કર્મબંધનની પર્યાય હું કરું છું અને કર્મબંધનની પર્યાય મારું કાર્ય છે અને રાગ મારું કાર્ય અને હું રાગનો કર્તા છું એ વસ્તુનું સ્વરૂપ નથી. આહાહા! વ્યવહારરત્નત્રય જે છે એ રાગ છે. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો ભાવ એ રાગ છે. કેમકે એ પરદ્રવ્યની શ્રદ્ધા છે.

મુમુક્ષુ :– શ્રદ્ધાગુણની પર્યાય નહિ?

ઉત્તર :– એની પર્યાય નહિ. વ્યવહારશ્રદ્ધા તો રાગની પર્યાય છે. પંચમહાવ્રતના પરિણામ એ રાગની પર્યાય છે. અને શાસ્ત્ર ભણવા-વાંચન કરવું એ પણ રાગ વ્યભિચારીણી બુદ્ધિ છે. 'પદ્મનંદી પંચવિંશતિ'માં આવે છે. 'પદ્મનંદી પંચવિંશતી'માં. શાસ્ત્રમાં બુદ્ધિ જાય છે એ બુદ્ધિ વ્યભિચારિણી છે. આહાહા! પોતાનું–સ્વ ઘર છોડીને પરઘરમાં જાય છે. એ વિકલ્પ છે, રાગ છે, વ્યભિચાર છે. આહાહા! માર્ગ આવો છે, ભગવાન! પરમાત્મા જિનેશ્વરદેવ ત્રિલોકનાથ મહાવિદેહમાં બિરાજે છે. પાંચસો ધનુષ્યનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે. પ્રભુ મહાવિદેહમાં બિરાજે છે ત્યાં બે હજાર વર્ષ પહેલા 'કુંદકુંદાચાર્ય' ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા. અત્યારે તો એમાં પણ શંકા કરે છે કે મહાવિદેહમાં ગયા હતા કે નહિ? અરે..! પ્રભુ!

મુમુક્ષુ :– શ્વેતાંબર પણ કહે છે કે મહાવિદેહમાં ગયા છે.

ઉત્તર :– શ્વેતાંબર એ તો પછી આનું અનુમાન કરીને (કહે છે). શ્વેતાંબર પંથ જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નવો નીકળ્યો. એ ક્યાં જૈનધર્મ છે? એ તો બે હજાર વર્ષ પહેલા દિગંબરમાંથી (છૂટા પડ્યા છે). કપડા રાખી મુનિપણું મનાવે, સ્ત્રીને મુક્તિ (માને), ભગવાનને બે માતા-પિતા, એવી કલ્પનાથી બનાવ્યા છે. વસ્તુ એવી નથી. સમજાણું કાંઈ? ત્યાં એમ કહ્યું કે અમારા અર્જિકા ત્યાં ગયા હતા. 'કુંદકુંદાચાર્ય' ત્યાં ગયા હતા દિગંબરમાં તો અમારા આર્જિકા ત્યાં ગયા હતા. આર્જિકા સમજ્યાને? સાધ્વી. અરે..! ભાઈ! આ તો પ્રભુ પાસે ગયા હતા અને આઠ દિવસ રહ્યા હતા, ત્યાંથી આ સંદેશ લાવ્યા છે. આહાહા! પ્રભુનો આ સંદેશ છે, પ્રભુ! આહાહા!

જ્યાં સુધી તારી ચીજમાં તને આનંદનો અનુભવ ન થાય, તારા આનંદનો જ્યાં સુધી સ્વાદ ન આવે, અનુભવ ન થાય. સ્વાદ આવવો... આહાહા! આ મોસંબી કે ધૂળમાં કે સ્ત્રીના શરીરનો સ્વાદ નથી આવતો. એ તો જડ છે. અજ્ઞાનીને એ જડના લક્ષમાં આ ઠીક છે એવો વિકલ્પ ઉઠાવે છે એ રાગનો સ્વાદ અજ્ઞાનીને આવે છે. શરીરનો નથી આવતો. આ તો હાડકા, માંસ, ચામડા જડ છે. રૂપાળું હોય તોપણ માટી-ધૂળ છે. એ શું છે? આહાહા! એનો ભોગ લે તો એ શરીરનો અનુભવ થાય છે? આ તો જડ છે. અને ભગવાનઆત્મા તો અરૂપી છે. ઇ રૂપીનો સ્વાદ કેમ લે? પણ રૂપીની અનુકૂળતાને લક્ષમાં રાખીને રાગ ઉત્પન્ન કરે છે એ રાગનો સ્વાદ લે છે. આ તો તમારી હિન્દીમાં આવે છે. આહાહા! માર્ગ તો પ્રભુનો આવો છે, ભાઈ! એમાંથી છૂટીને આનંદનો સ્વાદ આવવો... આહાહા! કેમકે પ્રભુ આત્મા અનાકુળ અતીન્દ્રિય આનંદનો કંદ છે. સમજાણું કાંઈ?

એ તો અમે વારંવાર કહીએ છીએ ને? શક્કરકંદનું નામ લઈએ છીએ. શક્કરકંદ સમજો છો? આ શક્કરીયા કહે છે. અમારે ગુજરાતીમાં શક્કરિયા કહે છે. હિન્દીમાં શક્કરકંદ કહે છે. શક્કરકંદમાં લાલ છાલ છે એનું લક્ષ છોડી દ્યો તો આખી ચીજ શક્કરકંદ છે. શક્કર એટલે સાકરની મીઠાશનો પિંડ છે. તેથી તેને શક્કરકંદ કહે છે. શક્કરકંદ. એ લાલ છાલ વિના સાકરની મીઠાશનો પિંડ છે. એમ ભગવાનઆત્મા એ પુણ્ય-પાપના વિકલ્પ લાલ છાલ છે. એનું લક્ષ છોડીને જુઓ તો પ્રભુ એકલો અતીન્દ્રિય આનંદનો કંદ છે.

મુમુક્ષુ :– લાલ છાલને તો ફેંકી દે છે.

ઉત્તર :– આ ફેંકી દેવાની ચીજ છે. શુભ-અશુભભાવને ફેંકી દેવાના છે. એને દૃષ્ટિમાંથી છોડી દેવાના છે. અને ભગવાન આનંદકંદને દૃષ્ટિમાં લેવાનો છે. આહાહા! આવો માર્ગ છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે **'વસ્તુનું સ્વરૂપ એવું તો નથી.'** કેવું? કે રાગ મારું કાર્ય અને રાગનો હું કર્તા અને પુદ્ગલકર્મની અવસ્થા મારું કાર્ય અને હું કરું છું એ વસ્તુનું સ્વરૂપ નથી. આહાહા!

**'કોઈ પ્રશ્ન કરે છે કે 'જ્ઞાનાવરણાદિ કર્મનો કર્તા જીવ' તે અજ્ઞાનપણું છે, તે કઈ રીતે છે?'** કર્મનો કર્તા જીવ તે અજ્ઞાનપણે છે તે કઈ રીતે? પ્રશ્ન કર્યો કે જડની પર્યાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અને રાગની પર્યાયનો કર્તા આત્મા અજ્ઞાનપણે છે એ કઈ રીતે?

**'ज्ञानी पुद्गलः च व्याप्तृव्याप्यत्वम् अन्तः कलयितुम् असहौ'** આહાહા! ભગવાન-મુનિ એને જવાબ આપે છે. **'જ્ઞાની અર્થાત્ જીવવસ્તુ અને જ્ઞાનાવરણાદિ કર્મપિંડ ( व्याप्तृ-व्याप्यत्वम् ) પરિણામી-પરિણામભાવે એક સંક્રમણરૂપ થવાને અસમર્થ છે.'** શું કહે છે? પરિણામી આત્મા એ કર્મરૂપી પર્યાય અને રાગરૂપી પરિણામસ્વભાવમાં એક સંક્રમણ થવાને અસમર્થ છે. ભગવાન આનંદસ્વરૂપ રાગમાં ઘૂસી જાય, રાગમાં બદલાય જાય એમ થવાને સમર્થ નથી. આહાહા! આવી વાતું. ભાઈ! માર્ગ તો આવો છે, બાપુ! જન્મ-મરણ કરી કરીને (સોથા નીકળી ગયા).

આમ તો 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો' આવે છે ને 'છ ઢાળા'માં? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' નગ્ન મુનિ દિગંબર હજારો રાણીનો ત્યાગ, પંચમહાવ્રત જે અત્યારે નથી એવા પંચમહાવ્રત, શુક્લલેશ્યા (પાળી) અનંતવાર ગ્રૈવેયકમાં ગયો. પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો. પણ ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, મહાવ્રત આદિ વિકલ્પના રાગથી ભિન્ન ચીજ, એના અનુભવ વિના અંશે પણ સુખ પામ્યો નહિ. એનો અર્થ એ કે પંચમહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણ આદિ વિકલ્પ એ દુઃખરૂપ છે. રાગ છે એ દુઃખરૂપ છે. આહાહા! 'પંડિતજી'! આહાહા! 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, તોપણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો અર્થ શું થયો? કે પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ, વ્યવહાર, સમિતિ, ગુપ્તિ એ બધો વિકલ્પ, રાગ અને દુઃખ છે. આહાહા! ભગવાન તો આનંદસ્વરૂપ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– સાંભળીને બહુ ગભરામણ થાય છે.

ઉત્તર :– આ તો પરમાત્માનો માર્ગ છે, ભાઈ! આ કોઈ કથા-વાર્તા નથી. આ તો ભાગવત્ કથા છે. ભગવત્ સ્વરૂપની કથા છે. આહાહા!

અરે..રે..! ચોર્યાસીના અવતારમાં નરકના, નિગોદના ભવ કરી કરીને અનંત ભવ કર્યા છે. એ મિથ્યાત્વને લઈને. રાગ મારું કર્તવ્ય છે અને રાગ મારું કાર્ય છે એ મિથ્યાત્વભાવને લઈને ચોર્યાસી (લાખ યોનિના) અવતાર થયા. ચોર્યાસી લાખ યોનીમાં એક એક યોનીમાં અનંત અવતાર (કર્યા). આહાહા! એ બધા દુઃખી છે. એ કરોડોપતિ, અબજોપતિ છે એ બધા રાંકા, ભિખારી દુઃખી છે. એય..! 'પોપટભાઈ'! સંભળાય છે? '...ભાઈ'! થોડું-થોડું. આહાહા! કહે છે કે કરોડોપતિઓ અને અબજોપતિઓ જે છે એ રાંકા બિચારા ભિખારી છે. પોતાની ઋદ્ધિની ખબર નથી અને આ ઋદ્ધિ મારી એમ માનનારા રાંકા ભિખારી છે, દુઃખી છે. સમજાણું કાંઈ? અને એક નરકનો નારકી, સાતમી નરકમાં રહેનાર, જેને રાગથી ભિન્ન થઈને પોતાના આનંદનો અનુભવ થયો એ સુખી છે. આહાહા! સાતમી નરકમાં રહેલો નારકી, જેને પાણીનું બિંદુ ન મળે, આહારનો કણ ન મળે, રહેવાનું સ્થળ મળે નહિ. આહાહા! જન્મથી સોળ રોગ છે. પણ જ્યાં આત્મા અંદરથી ભિન્ન છે એમ ભાન થયું, સમ્યગ્દર્શનમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આનંદનો સ્વાદ આવ્યો એ સુખી છે. સમજાણું કાંઈ? આહાહા! મોટા મોટા ૩૧ સાગરની સ્થિતિના દેવ, મિથ્યાદૃષ્ટિ દેવ વ્રતાદિથી સ્વર્ગમાં જાય છે ને? એ દુઃખી છે. ત્યાં દુઃખી છે. રાગમાં પીલાય છે. આહાહા!

આ આત્મા... અજ્ઞાનપણે કઈ રીતે અસમર્થ છે? કે **'પરિણામી-પરિણામભાવે એક સંક્રમણરૂપ થવાને...'** રાગમાં પલટીને એકરૂપ થાય એવી તાકાત (નથી), અસમર્થ છે. ભગવાનઆત્મા પલટીને કર્મની પર્યાયરૂપ થઈ જાય કે શરીરની પર્યાયરૂપ થઈ જાય કે ભાષાની પર્યાયરૂપ થઈ જાય કે રાગની પર્યાયમાં સંક્રમણ કરીને પલટી જાય, તે અમસર્થ છે. આ તો આજે હિન્દી લીધું. થોડા આવ્યા છે ને? બારસના દિવસથી હિન્દી લેવાનું છે ને? પરમ દિવસે. આહાહા!

શું કહે છે? વ્યાપ્ય-વ્યાપક. વ્યાપ્ય એટલે કાર્ય અને વ્યાપક એટલે કર્તા. વ્યાપ્ય એટલે પર્યાય અને વ્યાપક એટલે પર્યાયવાન. વ્યાપ્ય એ પર્યાય છે અને વ્યાપક એ પરિણામી છે. શબ્દ આડાઅવળા છે. શબ્દ વ્યાપ્ય-વ્યાપક એમ છે ને? પણ શબ્દમાં પરિણામી પરિણામસ્વરૂપ એમ લીધું છે. તો પરિણામી એ વ્યાપક છે અને પરિણામ એ વ્યાપ્ય છે. સમજાણું કાંઈ? શબ્દ આગળપાછળ છે. વ્યાપ્ય એટલે અવસ્થા, પર્યાય, પરિણામ અને વ્યાપક એટલે પ્રસરનારું દ્રવ્ય. વસ્તુ છે એને વ્યાપક કહે છે અને પર્યાયને વ્યાપ્ય કહે છે. સમજાણું કાંઈ? તો કહે છે કે ભગવાનઆત્મા વ્યાપક થઈને રાગરૂપી પરિણામમાં બદલાઈ જાય એમ છે નહિ. એ વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા... સમજાણું કાંઈ?

'જિન સો હી હૈ આત્મા અન્ય સો હી હૈ કર્મ, યહી વચનસે સમજ લે જિન પ્રવચન કા મર્મ.' આહાહા! 'જિન સો હી આત્મા' એ પહેલા આવી ગયું છે. રાગના ત્યાગસ્વભાવ સ્વરૂપ ભગવાનઆત્મા છે. બપોરે આવશે. બપોરે 'સમયસાર' ચાલે છે. રાગના ત્યાગ સ્વભાવસ્વરૂપ આત્મા છે. એનો અર્થ શું થયો? એ તો વીતરાગસ્વરૂપ છે. આહાહા! એની શક્તિ અને સ્વભાવ વીતરાગસ્વરૂપ છે. એ વીતરાગસ્વરૂપ આત્મા રાગમાં સંક્રમણ થઈને પલટી જાય એવી અશક્તિ છે. આહાહા! જો પલટીને એમાં જાય તો રાગનો કર્તા અને રાગ કર્મ એમ બને છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– અનુમાન જ્ઞાનમાં આવે છે, અનુભવમાં આવતું નથી.

ઉત્તર :– અનુમાનમાં ખ્યાલમાં આવે પછી અનુભવમાં આવે ને? 'શુકનરાજજી'! પહેલા શુકન હોય. પછી એનું ફળ આવે ને? એનું નામ 'શુકનલાલ' છે. માણસ નથી કહેતા કે ભાઈ, શુકન સારા થયા. હવે ચાલો. એમ શુકનમાં પહેલા ચીજ લક્ષમાં આવવી જોઈએ. આહાહા! છે? 'જ્ઞાનચંદજી'! આહાહા! અરે..! ભાઈ! આવી તત્ત્વની વાત પરમાત્માના ઘરની છે તેને સાંભળવા માટે પણ ભાગ્ય જોઈએ. આહાહા!

પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવ જેને સો ઇન્દ્રો પૂજે, જેને સાંભળવા શક્રેન્દ્ર, સુધર્મ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દેવલોકનો ઇન્દ્ર (આવે) જેને અસંખ્ય દેવ છે. સમજાણું કાંઈ? અસંખ્ય દેવ. આહાહા! ૩૨ લાખ વિમાન. એક-એક વિમાનમાં અસંખ્ય દેવ. કોઈક વિમાન થોડા છે, સંખ્યાત. એ ૩૨ લાખનો સાહેબો ઇન્દ્ર, એને આત્મજ્ઞાન છે અને ભગવાને કહ્યું છે કે એ એકભવતારી છે. આહાહા! પરમાત્મા ત્રિલોકનાથે કહ્યું છે કે એ ઇન્દ્ર એકભવતારી છે. ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જવાના છે. આહાહા! અને એની પટરાણી-ઇન્દ્રાણી છે એ ઉત્પન્ન થઈ હતી ત્યારે મિથ્યાદૃષ્ટિ હતી. સ્ત્રી થઈ ને? સ્ત્રી થાય એ મિથ્યાદૃષ્ટિપણે થાય. પણ પછી આત્મજ્ઞાન પામી. એ પણ એકભવતારી છે. આહાહા! પતિ-પત્નિ બેય એક મનુષ્યભવ ધારણ કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષે જશે. એ ઇન્દ્ર અને ઇન્દ્રાણી જેની વાણી સાંભળવા સભામાં આવે એની વાણી કેવી હોય? ભગવાન! આહાહા! ત્રણ જ્ઞાન તો એની પાસે છે. મતિ, શ્રુત અને અવધિ. અને એક ભવે મોક્ષે જવાના છે એનો તો અંતર અનુભવમાં નિર્ણય થયો છે. આહાહા! એ સાંભળવા જાય એ વાણી કેવી હોય? બાપુ! આહાહા! એ વીતરાગની વાણી અલૌકિક છે, ભાઈ! 'બનારસીદાસ'માં એક આવે છે. 'બનારસી વિલાસ' છે ને? એમાં એક સ્તુતિ આવે છે. 'જિનાદેશ જાતા..' એમાં આ આવ્યું હતું. અતિતા, અજીતા નિર્વિકારા, સદા નિર્વિકારા. વીતરાગની વાણી સદા નિર્વિકારી છે એમ કહે છે.

મુમુક્ષુ :– 'ચિદાનંદ ભૂપાલકી રાજધાની...'.

ઉત્તર :– રાજધાની.. એ નીચે આવ્યું છે. ચિદાનંદ ભૂપાલ ઉપર છે, એની નીચે આવ્યું. આ નીચે આવ્યું. શું કહ્યું હમણા? ભૂલી ગયા. 'અતિતા-અજીતા સદા નિર્વિકારા.' આહાહા! સદા નિર્વિકાર. નિર્વિકાર જેની વાણી. અહીં નથી. નહિ? શ્રુતજ્ઞાન, મતિજ્ઞાન એમ આવે છે. આહાહા! અતિતા-અજીતા સદા નિર્વિકારા. આહાહા!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ના. એ નહિ. એ નહિ. પછી આવશે. બધી ખબર છે ને.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા, વ્યતીત અભિલાષા. એ .. એ નહિ. એ પહેલું પદ છે. એ તો 'અખે વૃક્ષ શાખા વ્યતીત અભિલાષા, ચિદાનંદ ભૂપાલ કી રાજધાની' ત્યાં એ આવે છે. આ શબ્દ ફેર છે. ખ્યાલ છે પણ કાંઈ બધું યાદ રહે છે? અહીં છે નહિ? નથી અહીંયાં? આહાહા! આમાં. લ્યો નીકળી. મેં કીધું અહીં છે ખરા. 'અતિતા અજીતા સદા નિર્વિકારા વિષય વાટિક ખંડની ખડગધારા.' ભગવાન ત્રિલોકનાથની દિવ્યધ્વનિ વાણી 'અતિતા અજિતા સદા નિર્વિકારા...' એ તો વીતરાગપણું બતાવનારી વાણી છે. આહાહા! 'વિષય વાટિકા...' વિષયની વાડીને ખંડન કરી નાખે. પાંચ ઇન્દ્રિયોના વિષયોના પ્રેમને તોડી નાખે એવી વીતરાગની વાણી છે. 'વિષય વાટિકા ખંડની ખડગધારા.' ખડગ-તરવાર. 'પૂરા પાપ વિક્ષેપ કર્તૃત્વ વાણી...' પૂરા પાપનો નાશ કરનારી વાણી છે. 'નમો દેવી વાગેશ્વરી જૈન વાણી' વાગેશ્વરી એટલે ઓલી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વાઘેશ્વરી એમ નહિ, હોં! આ વાકેશ્વરી. 'નમો દેવી વાકેશ્વરી.' વાણીમાં ઈશ્વર એવી વીતરાગની વાણી એવી ત્રણકાળમાં બીજે હોઈ શકે નહિ. 'નમો દેવી વાકેશ્વરી જૈન વાણી' એ આખું મોટું પદ છે. ઓલું જૈન ભૂપાલ કી પહેલા આવે છે. 'અખે વૃક્ષ શાખા વ્યતિત અભિલાષા કથા સંસ્કૃતા પ્રાકૃતા દેશભાષા, ચિદાનંદ ભૂપાલ કી રાજધાની, નમો દેવી વાકેશ્વરી જૈન વાણી' આહાહા! આમાં નીકળ્યું, હોં! એમાં આ હતું. આ ગુજરાતી કળશટીકા આપણે વાંચીએ છીએ ને? એમાં મોઢા આગળ પડ્યું હતું. ગુજરાતીમાં. આહાહા!

શું કહે છે અહીંયાં? પ્રભુ આત્મદ્રવ્ય જે વસ્તુ છે, આનંદ અને જ્ઞાનનો કંદ એ પલટીને કર્મની અવસ્થામાં સંક્રમણ થાય એવું કદી બને નહિ. આહાહા! એમ પુણ્ય અને પાપના, દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ એ રાગ છે. લોકોને ખબર ક્યાં છે? એ તો ધર્મ છે. (એમ માને છે) 'સુંદરજીભાઈ'! ઝીણી વાત છે. પણ આવ્યા ને હવે. આહાહા! એ રાગમાં, પરિણામમાં પરિણામી સંક્રમી જાય, પરિણામી એવો ભગવાનઆત્મા અને રાગ પરિણામ એ રાગમાં પલટાય જાય એવી ચીજ નથી. આહાહા! ભાઈ! વીતરાગ પરમેશ્વર એ ચીજ શું છે? ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... એમ કહે છે પણ એને 'ક' બોલવામાં અસંખ્ય સમય જાય, એના એક સમયમાં અનંતા સિદ્ધો જેના જ્ઞાનમાં જણાય, અનંતા ત્રણકાળના નિગોદના જીવો, ત્રણકાળના દ્રવ્ય, ગુણ અને પર્યાયો જેના જ્ઞાનમાં જણાય, બાપુ! એ પર્યાય કેવડી હશે! એવા જિનેશ્વરદેવ એમ કહે છે કે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. તારી પ્રભુતા છોડીને પામરતામાં તારું સંક્રમણ થાય એમ ન હોઈ શકે. એમ કહે છે. 'જ્ઞાનચંદજી'! આહાહા!

તું પ્રભુ! અનંત આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો સાગર વીતરાગ (છો), એ વીતરાગભાવનો પિંડ પ્રભુ રાગભાવમાં સંક્રમીને પલટીને અંદર ચાલ્યો જાય એમ ન બને. એ અજ્ઞાની માને કે રાગ મારું કર્તવ્ય અને રાગ મારું કામ. એમ માનો. પણ માને એથી રાગ કર્તવ્ય થઈ જાય છે એમ છે નહિ, કહે છે. આવે છે ને ઓલામાં? 'પ્રવચનસાર'ની ૨૦૦ ગાથા. 'પ્રવચનસાર' એટલે ભગવાનની વાણી પ્ર-વચન. પ્ર એટલે ઉત્કૃષ્ટ દિવ્યધ્વનિ. દિવ્યવાણી ૐકાર ધ્વનિ. એમાં એ આવ્યું છે. 'પ્રવચનસાર'ની ૨૦૦મી ગાથા. ભગવાન ગમે તે રીતે આત્મા માને પણ એ તો જ્ઞાયકરૂપ તે જ્ઞાયકરૂપ જ અનાદિથી રહ્યો છે. સમજાણું કાંઈ? આહાહા! અરે..! મૂળ ચીજની ખબર ન મળે અને એને ધર્મ થાય... આહાહા! બાપુ! વીતરાગ ધર્મ એ માર્ગ કોઈ અલૌકિક છે, ભાઈ! આહાહા! અનંતકાળમાં દુર્લભ થઈ ગયો. અત્યારે પરમ સત્યની વાણીનો ઉપદેશ દુર્લભ થઈ ગયો. આહાહા! એવી વાત છે, ભાઈ!

મુમુક્ષુ :– આપની કૃપાથી સરળ થઈ ગયું.

ઉત્તર :– આહાહા! લોકો હવે જિજ્ઞાસા(માં આવ્યા છે), સત્યને સાંભળવાના પ્રેમી છે. બાપુ! માર્ગ આ છે.

શું કહ્યું આ? '**नित्यम् अत्यन्तभेदात्**' ચૈતન્ય ભગવાન, રાગ અને પુદ્ગલમાં અત્યંત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભેદ છે. છે? 'રાજમલ'ની ટીકા છે. જેમાંથી 'સમયસાર નાટક' બનાવ્યું છે. એમાંથી 'બનારસીદાસે' 'સમયસાર નાટક' બનાવ્યું છે. આહાહા! **'કેમ કે नित्यम् अत्यन्तभेदात् દ્રવ્યસ્વભાવથી અત્યન્ત ભેદ છે.'** એટલે? રાગભાવ, પુદ્‌ગલભાવ અને આત્મભાવ એ ત્રણમાં અત્યંત ભેદ છે. જેમાં અત્યંત ભેદ હોય એ એક વસ્તુ બીજી વસ્તુમાં કેવી રીતે સંક્રમણ પામે? આહાહા! જ્ઞાયકસ્વરૂપ ભગવાન એ રાગમાં પલટીને કેમ સંક્રમણ થાય? ન બને. એ ભિન્ન સત્ત્વ છે. આહાહા! સમજાણું કાંઈ? આ તો કહે શરીર હું ચલાવું છું, વાણી હું બોલું છું, ઉપદેશ હું કરું છું. ભાઈ! એ વાણી છે, બાપુ! ભગવાન એ વાણીનો આત્મા કર્તા નથી. આહાહા! વાણીને કાળે, વાણીને કારણે વાણી આવે છે, ભાઈ! આત્મા એનો કર્તા નથી. એ ભાષા આત્માનું કાર્ય નથી. 'ધન્નાલાલજી'! આહાહા!

મુમુક્ષુ :– જીવ ભાવ કરે ત્યારે થાય. ભાવ નહિ કરે ત્યારે...

ઉત્તર :– ભાવ કરે તોપણ જ્યારે ભાષા... ભગવાનને કેવળજ્ઞાન વૈશાખ સુદ દશમે થયું. વાણી છાસઠ દિવસે નીકળી. એ વાણીને નીકળવાનો કાળ હતો ત્યારે નીકળી. આહાહા! બહુ ઝીણું. તત્ત્વ બહુ ઝીણું, બાપુ! એ વાણી ગણધર આવ્યા માટે નીકળી એમ પણ નહિ. એ તો નિમિત્તનું કથન છે. ભગવાનને કેવળજ્ઞાન તો વૈશાખ સુદ દશમે થયું. ત્યારે વાણી ન નીકળી. છાંસઠ દિવસે શ્રાવણ વદ એકમે ધ્વનિ છૂટી. ત્યારે પ્રશ્ન થયો કે ઇન્દ્ર! પહેલા ગણધરને કેમ ન લાવ્યા? અહીં કેવળજ્ઞાન થયું ત્યારે કેમ ન લાવ્યા? છાંસઠ દિવસ પછી (લાવ્યા). કાળલબ્ધિનયથી કહે. ઇન્દ્રને સમજવાની, મેળવવાની કાળલબ્ધિ નહોતી. આહાહા! 'ધવલ'માં પાઠ છે. 'ધવલ' 'ધવલ' 'જયધવલ', 'મહાધવલ'છે ને. ચાલીસ ગ્રંથ બહાર પડ્યા છે. બધા અહીંયાં છે. બધા જોયા છે. ચાલીસ ગ્રંથ બહાર પડ્યા છે. થોડા સાત-આઠ બાકી છે. અહીં તો બધું પહેલેથી... કરોડો શ્લોકો અને કરોડો.. શ્વેતાંબરના કરોડો શ્લોકો કેટલીવાર વાંચ્યા અને ભણ્યા હતા. કરોડો શ્લોકો, હોં! કરોડો. આહાહા! આ 'સમયસાર' જ્યાં જોયું, હાથમાં આવ્યું અને અંદરથી... ઓહોહો..! આ તો અશરીરી વાણી છે. શરીરરહિત થવાની વાણી છે. (સંવત) ૧૯૭૮ની સાલની વાત છે. કેટલા વર્ષ થયા? ૫૫. બે પાંચ. એ ત્યારે હાથમાં આવ્યું. આહાહા! આ તો જેને અશરીરી થવું હોય, સિદ્ધપદ પામવું હોય એવી આ વાણી છે. એવી વાણી ક્યાંય છે નહિ. આ એ વાણી છે, જુઓ! આહાહા!

કહે છે કે આત્મદ્રવ્ય વસ્તુ અને પુણ્ય-પાપનો ભાવ આસ્રવતત્ત્વ અને કર્મ અજીવતત્ત્વ (છે). તો એક તત્ત્વ બીજા તત્ત્વમાં સંક્રમણ પામી જાય એમ નથી. કેમકે બેમાં અત્યંત ભેદ છે. અત્યંત ભેદ છે. ખાલી ભેદ એમ ન લીધું. આહાહા! વ્યવહારરત્નત્રયનો રાગ અને ભગવાનઆત્મામાં અત્યંત ભેદ છે. અરે..! પ્રભુ! આવી વાત છે, ભાઈ! અરે..!

**'વિવરણ–'** કહ્યું તેનું વિવરણ. શું કહ્યું એનું સ્પષ્ટીકરણ કરે છે. વિવરણ છે ને વિવરણ? કાલે વિવરણ આવ્યું હતું. આહાહા! **'જીવદ્રવ્યના ભિન્ન પ્રદેશ ચૈતન્યસ્વભાવ,...'** અત્યંત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભેદ કેમ છે એનું વિવરણ. **'જીવદ્રવ્યના ભિન્ન પ્રદેશ ચૈતન્યસ્વભાવ,...'** આહાહા! **'પુદ્ગલદ્રવ્યના ભિન્ન પ્રદેશ અચેતનસ્વભાવ,–એ રીતે ભેદ ઘણો છે.'** આહાહા! ખરેખર તો 'સમયસાર'માં સંવર અધિકારમાં એમ લીધું છે કે જેટલા દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ ઉત્પન્ન થાય છે એના પ્રદેશ ભિન્ન છે. છે તો અસંખ્ય પ્રદેશ, પણ જેટલામાં રાગ ઉત્પન્ન થાય છે એનું ક્ષેત્ર અને પ્રદેશ ભિન્ન ગણવામાં આવ્યા છે. 'સંવર અધિકાર'માં વસ્તુ ભિન્ન છે, ક્ષેત્રે ભિન્ન છે, એમ કહ્યું છે. સમજાણું કાંઈ? થોડું થોડું સમજે, ભગવાન! આ તો અમૃતઘરની વાતું છે.

કહે છે કે પુણ્ય અને પાપના ભાવ જેટલા અંશમાં-ક્ષેત્રમાં ઉત્પન્ન થાય એ ક્ષેત્ર ભિન્ન છે અને પૂર્ણ આનંદઘન ભગવાનનું ક્ષેત્ર ભિન્ન છે. સમજાણું કાંઈ? જેમ પર્વત ઉપર ઘાસ ઊગે છે એટલું ક્ષેત્ર ભિન્ન છે અને બાકીનો પર્વત જે છે એનું ક્ષેત્ર ભિન્ન છે. સમજાણું કાંઈ? એમ અહીંયા કહે છે કે વિકાર જીવમાં ઉત્પન્ન થાય છે, પર્યાય ઉત્પન્ન થાય એના પ્રદેશ ભિન્ન છે એમ અહીંયા તો કહે છે. 'ચિદ્વિલાસ'માં તો એમ લીધું છે કે નિર્મળ પર્યાયના પ્રદેશ ભિન્ન છે અને ત્રિકાળ સ્વભાવના પ્રદેશ ભિન્ન છે. છે અસંખ્ય માયલા પણ બે ભાગ છે. આહાહા! શું કહ્યું?

**'જીવદ્રવ્યના ભિન્ન પ્રદેશ ચૈતન્યસ્વભાવ,...'** એ તો છે. ક્ષેત્ર ભિન્ન અને ભાવ ભિન્ન. બે લીધા. પુદ્ગલદ્રવ્યના પ્રદેશ ભિન્ન, એ ક્ષેત્ર ભિન્ન અને અચેતનસ્વભાવ ભાવ ભિન્ન. આહાહા! અત્યંત ભેદ છે. આહાહા! બે વચ્ચે અંતર ભિન્ન છે, ભગવાન! તને ખબર નથી. આહાહા! સમજાણું કાંઈ? બે ભિન્ન છે એ એક કેમ થાય? બે ભિન્ન છે, અત્યંત ભેદ છે એ બંને એક કેમ થાય? જ્ઞાયકભાવ રાગરૂપ કેમ થઈ જાય? જ્ઞાનભાવ જડની પર્યાયરૂપ કેમ થાય? ક્યારેય નથી થતા. માનો. માને એ બીજી વાત છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ વદ ૧૧, બુધવાર તા.૧૦.૦૮.૧૯૭૭
## કળશ - ૫૦, પ્રવચન - ૬૩

આ 'કળશટીકા' ચાલે છે. કર્તા-કર્મ અધિકાર. અહીંયાં વિવરણ છે ને? વિવરણ થોડું આવ્યું છે. તત્ત્વજ્ઞાનની વાત ઘણી સૂક્ષ્મ છે, પ્રભુ! સૂક્ષ્મ છે, અપૂર્વ છે અને એનો લાભ પણ અપૂર્વ છે. આહાહા! કહે છે કે, **'જીવદ્રવ્યના ભિન્ન પ્રદેશ ચૈતન્યસ્વભાવ,...'** ભગવાનઆત્મા જીવ દ્રવ્ય જે છે એ એનો ચૈતન્યસ્વભાવ છે. શું છે?

એ અત્યારે પછી ગડબડ ન હોય. પહેલા કરવું હોય તો કરી લ્યો. વ્યાખ્યાન ચાલે પછી (કાંઈ ન કરવું). સમજાય છે કાંઈ? કોઈ કોઈ શબ્દ ગુજરાતી આવી જાય છે. સમજાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે કાંઈ? એ તો ગુજરાતી આવી ગયું.

આ જીવદ્રવ્ય જે જીવવસ્તુ છે એ જીવદ્રવ્યના પ્રદેશ, જડના પ્રદેશથી પોતાના પ્રદેશ ભિન્ન છે. પરક્ષેત્રથી એનું ક્ષેત્ર ભિન્ન છે. અને એનો ચૈતન્યસ્વભાવ છે. ભગવાનઆત્માનો ચૈતન્યસ્વભાવ, જાણનસ્વભાવ છે. એ પરનો કર્તા કેમ થાય? એમ કહે છે. ચૈતન્યસ્વભાવ ભગવાનઆત્મા એ શરીર, વાણી, મન, કર્મ અને રાગ-દ્વેષના પરિણામ, એનો કર્તા કેમ થાય? સૂક્ષ્મ વાત છે, ભાઈ! જગતની ચીજથી ચૈતન્ય સ્વભાવના પ્રદેશ ભિન્ન છે. એવી ચીજ ચૈતન્યસ્વરૂપી ભગવાન અને પુદ્‌ગલદ્રવ્યના ભિન્ન પ્રદેશ છે. આ શરીર, કર્મ, એના પરમાણુના ભિન્ન પ્રદેશ છે. અત્યારે એટલી વાત લેવી છે. અને અચેતનસ્વભાવ છે. ખરેખર શરીર, વાણી, મન, કર્મ, અરે..! દયા, દાન, વ્રત, ભક્તિ, પુણ્ય-પાપના ભાવ એ તો અચેતનસ્વભાવ છે. આહાહા! ભગવાનઆત્માના પ્રદેશ, ક્ષેત્ર, અસંખ્ય પ્રદેશ એ જગતના પ્રદેશથી ભિન્ન છે. અને એનો સ્વભાવ ચૈતન્ય છે. આહાહા! જાણન-દેખન એનો સ્વભાવ છે. છે?

**'એ રીતે ભેદ ઘણો છે.'** એવા ભેદ ઘણા છે. આહાહા! જીવનો ચૈતન્ય સ્વભાવ અને શરીર, વાણી, મન આ તો જડ, માડી, ધૂળ છે. અને અંદરમાં પુણ્ય અને પાપના ભાવ થાય છે એ પણ ચૈતન્ય સ્વભાવથી તો ખાલી છે, અચેતન છે. આહાહા! સમજાણું કાંઈ? એ ભેદ ઘણા છે. ભગવાનઆત્માનો ચૈતન્ય સ્વભાવ અને શુભ-અશુભ રાગનો અચેતનસ્વભાવ અને શરીર ને કર્મનો અચેતનસ્વભાવ બેમાં ઘણો ભેદ છે. બેમાં ભિન્નતા ઘણી છે.

હવે આમાં આવ્યું, ભાઈ! ૨૧૬નું. સ્વપરપરિણતિ. આમાં આવ્યું. **'इमां स्वपरपरिणतिं जानन् अपि'** જરી સૂક્ષ્મ છે, ભગવાન! આત્માની જે જ્ઞાનપર્યાય છે એ સ્વને જાણે છે, પોતાના ત્રિકાળી દ્રવ્ય અને ગુણને પર્યાય જાણે છે અને એ પર્યાય રાગાદિ પરને પણ જાણે છે. આહાહા! અહીંયા એટલું લેવું છે કે જ્ઞાનસ્વરૂપી આત્મા એ રાગાદિ ભાવને જાણે છે, સ્વને જાણે છે અને પરને જાણે છે, પણ પરનો કર્તા થતો નથી. એવો એનો સ્વભાવ છે. આહાહા! સમજાણું કાંઈ? અને ૨૧૬ ગાથાની સૂક્ષ્મ વાત લઈએ તો.. આ તો શરૂઆતની ગાથા છે માટે આટલું લીધું છે કે પોતાનો ચૈતન્યસ્વભાવ, જાણકસ્વભાવ અને રાગાદિ-પુણ્યાદિ ભાવનો અચેતનસ્વભાવ (છે). તો ચેતનસ્વભાવ અચેતન સ્વભાવનો કર્તા કેમ થાય? અને ચૈતન્યસ્વભાવ પુણ્ય-પાપના ભાવનું કાર્ય કેમ હોય? ઝીણી વાત છે, ભગવાન! આહાહા!

એ વાતને આગળ લઈ જતા વાત એમ છે કે પોતાનો આત્મા પોતાની જ્ઞાનની પર્યાયમાં સ્વજ્ઞેયને જાણે છે. આખા દ્રવ્ય અને ગુણ એને જાણે છે, પોતાની પર્યાયને જાણે છે અને એ પર્યાય રાગાદિ, પુદ્‌ગલ આદિ સર્વ દ્રવ્યને જાણે છે. આહાહા! પણ એ જાણે છે એવી પર્યાય, એ દ્રવ્ય જે ત્રિકાળ છે તે રૂપ થતી નથી. સમજાણું કાંઈ? વીતરાગનું તત્ત્વજ્ઞાન બહુ સૂક્ષ્મ છે. આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચૈતન્યસ્વભાવ એ તો ત્રિકાળી અને એની વર્તમાન જ્ઞાનની પર્યાયમાં સ્વપર જાણવાનો એનો સ્વભાવ છે તો સ્વપરને જ્ઞાનની વર્તમાન દશા જાણે. છતાં એ જ્ઞાનની પર્યાય સ્વજ્ઞેય જે દ્રવ્ય છે એ રૂપે થતી નથી. પોતાના જ્ઞાનની પર્યાય સ્વપરપ્રકાશક સામર્થ્યવાળી પર્યાય છે, એ સ્વદ્રવ્ય ત્રિકાળી ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, પૂર્ણાનંદ પૂર્ણમિદં જે દ્રવ્ય સ્વભાવ છે એને જ્ઞાનની વર્તમાન દશા જાણે છે. જાણતી હોવા છતાં એ પર્યાય દ્રવ્યમાં ઘુસી જતી નથી, દ્રવ્યરૂપ નથી થઈ જતી. આહાહા! આવી વાત હવે. માણસને (આકરી લાગે). કહો, 'ધન્નાલાલજી'! આહાહા!

જાણવાની પર્યાય સ્વપરપરિણતિને જાણે છે. સ્વપરમાં દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રુવ (આવી ગયા). પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવ અને પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય અને પરના ઉત્પાદ-વ્યય-ધ્રુવ અને દ્રવ્ય-ગુણ-પર્યાયને વર્તમાન જ્ઞાનની પર્યાય પોતાના સામર્થ્યથી જાણે છે. પણ એ પર્યાય રાગરૂપ તો થતી નથી, કર્મરૂપ પણ થતી નથી પણ એ પર્યાય દ્રવ્યરૂપ પણ થતી નથી.

હા. એવી વાત છે, ભગવાન! આ તો વીતરાગ જૈનશાસન, જૈન પરમેશ્વર... એવી વાત ક્યાંય છે નહિ. સર્વજ્ઞ પરમેશ્વર એમ ફરમાવે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. અહીં તો ભગવાન તરીકે જ બોલાવે છે. કાલે કહ્યું હતું. ૭૨મી ગાથા. આત્માને તો ભગવાન તરીકે બોલાવે છે. આહાહા! કેમ? કે પર્યાયમાં ભગવાનપણું, પરમાત્મપણું, અરિહંતપણું જે પ્રાપ્ત થાય છે એ ક્યાંથી થાય છે? પ્રભુ! એ અંતર પરમાત્મ સ્વરૂપ છે એમાંથી પરમાત્મા આવે છે. દ્રવ્યસ્વભાવ પરમાત્મસ્વરૂપે છે, પ્રભુ! તને તારી કિંમત નથી. આહાહા! અને બીજાની કિંમત કરે. પોતાની ચીજ એક સમયમાં ધ્રુવ અનંત પરમાત્મસ્વરૂપે ભરેલી છે. પરમાત્મસ્વરૂપ જ છે. આહાહા! એ પરમાત્મસ્વરૂપનું જ્ઞાન પર્યાયમાં થાય છે પણ પર્યાયમાં એ દ્રવ્ય નથી આવતું. આહાહા! ગજબ વાત, પ્રભુ! સમજાણું કાંઈ?

એ વર્તમાન જ્ઞાનની પર્યાય એટલી સામર્થ્યવાળી છે. સામર્થ્ય તો છે. પણ સ્વ ઉપર લક્ષ થતાં પોતાની પર્યાયમાં સામર્થ્યતા પ્રગટે છે. 'ઋષભલાલજી'! બાલ કી ખાલ હૈ. માર્ગ આવો છે, ભાઈ! આહાહા! અંદર સચ્ચિદાનંદ પ્રભુ, અનંત શક્તિ-ગુણ સંપન્ન આત્મા છે એને પરમાત્મસ્વરૂપ જ કહ્યું છે. સર્વ જીવ સર્વ કાળમાં, સર્વ ક્ષેત્રમાં પૂર્ણ આનંદ, જ્ઞાન સ્વભાવથી ભરેલા સર્વ જીવ છે. આહાહા! સમજાણું કાંઈ? વાત બેસવી કઠણ, બાપુ! ભાઈ! અને એ વાત જેને પ્રતીતમાં આવી એના જન્મ-મરણનો અંત આવે છે. કેમકે એ ચીજમાં જન્મ-મરણ અને જન્મ-મરણના કારણનો સ્વરૂપમાં અભાવ છે. અને એમાં ભાવ છે તો પરમાનંદ પરમ જ્ઞાનાદિ અતીન્દ્રિય સ્વભાવથી ભરેલો ભાવ છે.

પરમાનંદનો નાથ પ્રભુ પોતાનું સ્વરૂપ, એને જ્ઞાનની વર્તમાન પર્યાયમાં, અવસ્થામાં જણાય છે. એ પર્યાયનું સામર્થ્ય એટલું છે. આહાહા! 'સમયસાર'ની ૧૭-૧૮ ગાથામાં તો એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લીધું છે. ૧૭ કહે છે ને? ૧૭. ૧ ને ૭. ભગવાન 'કુંદકુંદાચાર્ય' અને એના ટીકાકાર 'અમૃતચંદ્રાચાર્ય' વીતરાગી સંત કહે છે કે પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. તારી વર્તમાન જ્ઞાનની પર્યાયમાં પૂર્ણાનંદનો નાથ પરમાત્મસ્વરૂપ તું છો એનું જ જ્ઞાન થાય છે. કેમકે જ્ઞાનની પર્યાય સ્વપરપ્રકાશક સામર્થ્યવાળી છે. આહાહા! 'માણેકચંદભાઈ'! ઝીણું બહુ, બાપુ! આહાહા! વાણિયાને જૈનધર્મ મળ્યો પણ જૈન... આહાહા! સંપ્રદાય મળ્યો. વસ્તુસ્થિતિ બહુ (સૂક્ષ્મ). આહાહા!

કહે છે કે જ્ઞાનની એક સમયની પર્યાય... સ્વપરપરિણતિ કહ્યું ને? અંદર ક્યાં છે? **'स्वपरपरिणतिं जानन्'** છે? આહાહા! પોતાની પરિણતિમાં તો દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેય આવ્યા. પાઠ એમ છે કે સ્વપરપરિણતિ. પણ પરિણતિમાં પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેય આવ્યા. અને પરપરિણતિમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેય આવ્યા. એકલી પરિણતિ એમ નહિ. આહાહા! સમજાણું કાંઈ? એ અર્થ લેશે. અર્થ છે. જુઓ! **'દ્રવ્ય-ગુણ-પર્યાય અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય...'** પરિણતિનો અર્થ કર્યો છે. છે? આહાહા! દિગંબર સંતોની વાણી કેવળજ્ઞાનને સ્પર્શે એવી વાણી છે. પણ એને ત્યાં પહોંચવામાં ઘણો પુરુષાર્થ જોઈએ. આહાહા! એ કાંઈ બહારમાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરવાથી પ્રાપ્ત થાય એમ છે નહિ. સમજાણું કાંઈ?

અંતર્મુખમાં દૃષ્ટિ કરવાથી... આહાહા! એ દૃષ્ટિ તો પર્યાય છે પણ પર્યાય માને છે ત્રિકાળી દ્રવ્યને. આહાહા! એ માનવાની શ્રદ્ધામાં ત્રિકાળી દ્રવ્યની શ્રદ્ધા થઈ પણ એ પર્યાયમાં ત્રિકાળી દ્રવ્ય આવ્યું નહિ. આહાહા!

એ તો બે ચીજ ભિન્ન છે. આહાહા! એની આ ચીજ પૂર્ણાનંદ પરમાત્મા છે એવી શ્રદ્ધા પોતામાં પોતાથી થઈ. પોતામાં પોતાથી થઈ. દ્રવ્યના કારણે પણ નહિ. સૂક્ષ્મ વાત છે, ભગવાન! આહાહા! જૈનદર્શનનું તત્ત્વજ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ઘણું સૂક્ષ્મ છે. અને એ પ્રાપ્ત થતા જન્મ-મરણનો અંત આવે છે અને ભણકારા વાગ્યા કે હવે અલ્પકાળમાં પરમાત્મા થઈ જશે. આહાહા! અને સમ્યગ્દર્શન વિના લાખ-કરોડ અપવાસ કરે, ક્લેશ કરે, વ્રત પાળે, ભક્તિ કરે, બધો સંસાર છે. 'જ્ઞાનચંદજી'! આહાહા! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– વ્યાપક દ્રવ્ય વ્યાપ્ય પર્યાયમાં...

ઉત્તર :– પર્યાયમાં નથી આવતું. એ તો ૪૯ ગાથામાં (આવ્યું છે). આત્મા પોતાના દ્રવ્યથી પર્યાયને સ્પર્શતો નથી. પોતાનું ત્રિકાળી ભગવાન સ્વરૂપ છે એ પર્યાયને સ્પર્શતું નથી. અને પોતાની પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી. આહાહા! ભગવાનઆત્માની જ્ઞાનપર્યાય, સમ્યક્ ચૈતન્ય પર્યાય એ વ્યવહારરત્નત્રયનો દયા, દાનનો વિકલ્પ છે એને તો સ્પર્શતી નથી અને એનું જ્ઞાન થયું એ રાગથી અહીંયા જ્ઞાન થયું એમ પણ નથી. અરે..રે..! આવી વાત છે. એ જ્ઞાનની પર્યાયનું સ્વયંસિદ્ધ સામર્થ્ય એટલું છે કે રાગને અડ્યા વિના રાગનું જ્ઞાન કરે છે. અને જ્ઞાનની પર્યાય દ્રવ્યને સ્પર્શ્યા વિના દ્રવ્યનું જ્ઞાન કરે છે. 'દશરથલાલજી'!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બાલ કી ખાલ હૈ. માર્ગ આવો છે. લોકોને સત્ય વાત શું છે એ સાંભળવા મળી નથી. સમજાણું કાંઈ? સંપ્રદાયમાં જન્મ્યા અને પછી કહે અમે દિગંબર છીએ, પેલા કહે અમે શ્વેતાંબર છીએ... આહાહા!

પ્રભુ! સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ પરમાત્મા ગણધરો અને ઇન્દ્રની વચ્ચે જે વાત કરતા હતા એ આ વાત છે. પ્રભુ! તું આવી ચીજ છો. એક સમયની જ્ઞાનની પર્યાયમાં આખું દ્રવ્ય અને પૂર્ણ ગુણ જણાય છે. એમ હોવા છતાં પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી. અને પર્યાયમાં જગતના છ દ્રવ્ય પોતાના સિવાય અનંત સિદ્ધો, અનંત નિગોદના જીવો, એનાથી અનંતગુણા પરમાણુઓ, એના ઉત્પાદ-વ્યય-ધ્રુવ અને એના દ્રવ્ય-ગુણ-પર્યાય અને પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય એ બધું જ્ઞાનની પર્યાયમાં જણાય એવી તાકાત છે. આહાહા! એવી પર્યાયને એ રૂપે ન માને અને અલ્પજ્ઞ છે અને રાગને જાણે તો રાગરૂપ થઈ ગઈ, એમ ત્રણકાળમાં નથી. ધર્મીને પણ વ્યવહાર આવે છે. સમજાણું કાંઈ? રાગ આવે છે (પરંતુ) હેયબુદ્ધિએ આવે છે. વ્યવહાર તો આવે છે. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી ધર્મીજીવને આત્મજ્ઞાન થયું કે હું શુદ્ધ આનંદકંદ પ્રભુ છું, મારા દ્રવ્યસ્વભાવમાં પર્યાયનો પણ અભાવ છે. એવા દ્રવ્યસ્વભાવનો અનુભવ અંતર્મુખ થઈને જ્યારે ધ્યાનમાં પ્રાપ્ત થયો... આહાહા! ત્યારે એ જ્ઞાનની પર્યાયમાં એટલી તાકાત છે કે બધા દ્રવ્યને જાણે, પૂર્ણ પરમાત્મસ્વરૂપને સ્પર્શ્યા વિના પોતાના અસ્તિત્વમાં એનું જ્ઞાન કરે. એનું અસ્તિત્વ છે તો અસ્તિત્વનું જ્ઞાન થયું એમ પણ નથી. આહાહા! પોતાની પર્યાયના અસ્તિત્વનું સામર્થ્ય જ એટલું છે. 'ધન્નાલાલજી'! આવી વાત છે.

આ વસ્તુસ્થિતિ જિનેશ્વરદેવે કહી છે. કરી નથી. કોઈ વસ્તુ ભગવાન કરતા નથી. કોઈ ચીજના કર્તા નથી. આહાહા! એ તો જાણનાર ભગવાન સર્વજ્ઞ પરમાત્મા વીતરાગ કેવળી પ્રભુ એમ ફરમાવે છે કે અમારી જ્ઞાનની પર્યાય જે અમને થઈ એ લોકાલોક છે માટે થઈ એમ નથી. અને અમારી પર્યાયમાં ત્રિકાળી દ્રવ્ય-ગુણ પણ જણાયા તો એ ત્રિકાળી દ્રવ્ય-ગુણ છે તો પર્યાયમાં એની જાણવાની તાકાત છે એમ પણ નથી. 'જ્ઞાનચંદજી'! માર્ગ આવો છે. લ્યો, શિક્ષણ શિબિરનું આ માંગલિક ચાલે છે. છે? આહાહા!

મુમુક્ષુ :– આપ આ સંદેશો લાવ્યા છો.

ઉત્તર :– આ સંદેશ છે. આહાહા!

એ રીતે જ્યારે આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ, સ્વ-પોતાની પર્યાયમાં એનું જ્ઞાન ન થાય અને પોતાની પર્યાયમાં ત્રિકાળીની પ્રતીતિ ન થાય ત્યાં સુધી એ અજ્ઞાની છે. અજ્ઞાની છે એના વ્રત અને તપ એ બધા બાળવ્રત અને બાળતપ છે. સમજાણું કાંઈ? આહાહા! આવી વાતું.

મુમુક્ષુ :– બાળવ્રતથી કંઈ ને કંઈ ફાયદો તો થતો હશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– રખડવાનો ફાયદો છે. ગતિ મળશે. સંયોગભાવથી સંયોગી ચીજ મળે.

મુમુક્ષુ :– એ તો કોઈ ફાયદો ન થયો.

ઉત્તર :– રખડવાનો ફાયદો થયો ને.

પુણ્ય અને પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ સંયોગી ભાવ છે, એ પોતાનો સ્વભાવભાવ નહિ. આહાહા! સંયોગથી ઉત્પન્ન થયેલી સંયોગી ચીજ છે. એનું ફળ તો પદાર્થનો સંયોગ મળે એ એનું ફળ છે. આહાહા! પોતાની ચીજ જે આનંદકંદ પ્રભુ છે.. આહાહા! એક સમયની પર્યાયમાં... બસ, ત્યાં બેસી જાવ કહે છે. સમજાણું કાંઈ?

એક સમયની જ્ઞાનની પર્યાય, મતિ-શ્રુતજ્ઞાનની પર્યાય એ પણ બધા દ્રવ્ય-ગુણને જાણે છે. એમ જાણતી હોવા છતાં એ પર્યાય દ્રવ્ય-ગુણરૂપ થતી નથી. આહાહા! એવી પર્યાયની તાકાત છે. દ્રવ્યની કેટલી તાકાત! જેટલી તાકાત છે એવી તાકાતનું જ્ઞાન થયું છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! અનંત અનંત શક્તિનો પ્રભુ ભગવાન, જેની શક્તિઓ સંખ્યાએ આકાશના પ્રદેશ જે આકાશનો અંત નથી. આકાશ ક્યાં નથી? અનંત... અનંત... અનંત... અનંત... આ લોક-જગત તો અસંખ્ય યોજન છે. પણ પછી ખાલી ભાગમાં આકાશ... આકાશ... આકાશ... આકાશ... આકાશ... આકાશ... ક્યાંય અંત નથી. અનાદિ અંત વિનાનું ચારે બાજુ એટલું આકાશ છે. એમાં એક પરમાણુ, એક રજકણ પોઈન્ટ મૂકે તેને પ્રદેશ કહીએ તો એના એવા અનંત પ્રદેશ છે. એવા અનંત પ્રદેશથી પણ એક આત્મામાં શક્તિ-ગુણની સંખ્યા અનંતગુણી છે. સમજાણું કાંઈ? એવો ભગવાન અનંત શક્તિનો ભંડાર એ સ્વજ્ઞેય છે. એ જ્ઞાનની પર્યાયમાં સ્વજ્ઞેય છે. આહાહા!

અહીં તો એટલું લેશે કે જ્ઞાનની પર્યાય પરને જાણવા છતાં પરરૂપ થતી નથી. એટલું લેવું છે. સમજાણું કાંઈ? મતિ-શ્રુત આદિની જ્ઞાનની પર્યાય થાય એ શરીર, વાણી અને વ્યવહારરત્નત્રયને રાગને જાણે છે. એ પોતાની શક્તિથી પરને સ્પર્શ્યા વિના જાણે છે. છતાં એ પર્યાય પરરૂપ થતી નથી. અહીં એટલું લેવું છે. ત્યાં ૨૧૬ શ્લોકમાં તો એ સ્વને જ્ઞેય તરીકે જાણે છતાં સ્વ અને પરજ્ઞેયરૂપ પર્યાય થતી નથી. અરે..રે..! આ શું કહે છે? આવો માર્ગ હવે. એ કરતા તો દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા, મંદિર કરવું, ભક્તિ કરવી, પૂજા કરવી, જાત્રા કરવી એ સહેલું સટ હતું, લ્યો! બધું રખડવાનું હતું. કહો, 'નેમચંદજી'! આ ક્યાં આવું નવું કાઢ્યું એમ કહે છે. નવું નથી, પ્રભુ! માર્ગ અનાદિનો છે. તને સાંભળવા મળ્યો નથી, જાણવામાં નથી આવ્યો માટે નથી એમ છે નહિ. આહાહા!

અહીં કહે છે કે '**इमां स्वपरपरिणतिं जानन् अपि**' છે? આહાહા! પોતાની જ્ઞાનની વર્તમાન પર્યાય સ્વપરને જાણવા છતાં '**પ્રસિદ્ધ છે એવા પોતાના અને સમસ્ત જ્ઞેયવસ્તુઓના...**' જુઓ! છે? '**પોતાનાં અને સમસ્ત જ્ઞેયવસ્તુઓનાં..**' પરિણતિની વ્યાખ્યા કરી. પરિણતિનો અર્થ તો પર્યાય થાય છે પણ આ પરિણતિની વ્યાખ્યા આ છે. શું? '**દ્રવ્ય-ગુણ-પર્યાય...**'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે સમજાણું? સામે પુસ્તક છે કે નહિ? આ તો ભગવાનનું શાસ્ત્ર છે. એનો ઉકેલ ઘણો સૂક્ષ્મ છે, ભગવાન! આહાહા! આ કાંઈ કલ્પનાથી બનાવેલું શાસ્ત્ર નથી. સમજાણું કાંઈ? આ તો ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવની વાણીમાં (આવેલી વાત છે). 'મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે' ભગવાનના મુખમાંથી ૐ ધ્વનિ નીકળે છે. આવી વાણી નથી હોતી. સર્વજ્ઞ પરમાત્મા વીતરાગ પરમાત્મા બિરાજે છે. 'મહાવીર' ભગવાન આદિ તો ણમો સિદ્ધાણંમાં ગયા. પરમાત્મા 'સીમંધર' ભગવાન બિરાજે છે એ તો હજી ણમો અરિહંતાણંમાં છે. એને વાણી નીકળે છે. સિદ્ધને વાણી નથી. સમજાણું કાંઈ?

એ અરિહંતપદે પ્રભુ મહાવિદેહમાં મનુષ્યપણે અત્યારે બિરાજે છે. પાંચસો ધનુષ્યનો દેહ છે. બે હજાર હાથ ઊંચા છે અને કરોડ પૂર્વનું આયુષ્ય છે. કરોડ પૂર્વમાં : એક પૂર્વમાં સીતેર લાખ અને છપ્પન હજાર કરોડ વર્ષ જાય. સીત્તેર લાખ અને છપ્પન હજાર કરોડ વર્ષનું એક પૂર્વ. એવા કરોડ પૂર્વનું 'સીમંધર' ભગવાનનું આયુષ્ય છે. આહાહા! એ ભગવાનની-પરમાત્માની વાણી ૐ ધ્વનિ છૂટે છે. 'મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' એ ગણધર સંત જે અંતર્મુહૂર્તમાં ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વની રચના કરવાની તાકાતવાળા, એ ભગવાનની વાણી સાંભળીને શાસ્ત્ર રચે. સમજાણું કાંઈ? 'મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે.' ભવ્યજીવ જે છે એ વાસ્તવિક રીતે સંશય નિવારી શકે છે. લાયક નથી એને તો સંશય નિવારણની ખબર પણ નથી. આહાહા! સમજાણું કાંઈ? એ આગમની રચના માહ્યલું આ આગમ છે. 'સમયસાર' ગણધરની રચના છે. ભગવાનના શ્રીમુખેથી નીકળેલી વાત ગણધર સંત અને ચાર જ્ઞાનના ધારી અને તે ભવે મોક્ષ જનાર છે એમની રચના માહ્યલું આ 'સમયસાર' છે. સમજાણું કાંઈ? આ એના કળશો છે. ભગવાન 'કુંદકુંદાચાર્યે' પંચમઆરામાં તીર્થંકર જેવું કામ કર્યું છે અને 'અમૃતચંદ્રચાર્યે' ગણધર જેવી ટીકા બનાવી છે. આહાહા! એવી ચીજ અત્યારે ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ?

અહીંયા તો સ્વપર પરિણતિ શબ્દ છે ને? ભાઈ! આત્માની જ્ઞાનની પર્યાયમાં એવી તાકાત છે કે સ્વજ્ઞેય અને પરજ્ઞેયને જાણે છે. એ સ્વજ્ઞેયને અને પરજ્ઞેયને સ્પર્શ્યા વિના જાણવાની તાકાતવાળી છે. આહાહા! કોને? જેને સમ્યગ્જ્ઞાન થયું છે તેને. અલ્પજ્ઞાનમાં આત્મા જણાય તો છે, એમ કહે છે. શું કહ્યું? ૧૭-૧૮ ગાથામાં કે અજ્ઞાનીની જ્ઞાનની જે વર્તમાન વ્યક્ત-પ્રગટ પર્યાય છે એમાં જ્ઞેય જણાય છે. આખું દ્રવ્ય જ્ઞાનની પર્યાયમાં, અજ્ઞાનીની જ્ઞાનની પર્યાયમાં પણ આખું દ્રવ્ય જણાય છે. આહાહા! પણ અજ્ઞાનીની દૃષ્ટિ એની ઉપર નથી. પર્યાયમાં આખો જ્ઞેય જ્ઞાયકભાવ પરમાનંદપ્રભુ, એક પર્યાયમાં આખું દ્રવ્ય અજ્ઞાનીને પણ જણાય છે. કેમકે જ્ઞાનની પર્યાયનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે તો સ્વપરપપ્રકાશકમાં જ્ઞાનની પર્યાય અંદર સ્વનો પ્રકાશ કરે છે. પણ અજ્ઞાનીની દૃષ્ટિ એની ઉપર નથી. અજ્ઞાનીની દૃષ્ટિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રાગ, દયા, દાન, વિકલ્પ અને પર્યાય ઉપર છે. તેથી જણાય છે છતાં માનતો નથી. 'દશરથલાલજી'! આ માસ્તરપણું ભિન્ન જાતનું છે. આહાહા! સમજાણું કાંઈ? બાપુ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એણે કહેલો પંથ, પ્રભુનો પંથ એ બલિહારી જુદી ચીજ છે. એને જેણે જાણ્યો... આહાહા! એ 'શ્રીમદ્'માં આવે છે. જિનવાણી જાણી તેણે જાણી છે. બાકી બધા બાળ અજ્ઞાનીઓ જાણ્યા વિના રહ્યા છે.

જિનવાણીમાં એમ આવ્યું કે, જ્ઞાનની એક સમયની પર્યાય સ્વપરપરિણતિ સર્વને જાણે છે. હવે પરિણતિની વ્યાખ્યા. શ્લોક એવો આવ્યો છે. સવારમાં તો આપણે ચાલશે. કાલે બપોરથી શક્તિ લઈશું. ૪૭ શક્તિ છે ને? એ કાલે બપોરથી લઈશું. આ 'કળશટીકા' તો કાયમ ચાલશે. આહાહા! ભગવાન! આ તો શાંતિનો માર્ગ છે. આ તો અંતરની ધીરજની વાત છે. આહાહા!

હમણાં થોડા શબ્દો બનાવ્યા હતા ને? આવ્યું ને? હિન્દીમાં નથી આવ્યું. ગુજરાતીમાં (છે). તેર બોલ આવ્યા છે. 'ધ્રુવ ધામના ધ્યેયના ધ્યાનની ધખતી ધુણી ધીરજથી અને ધગશથી ધખાવનાર ધર્મનો ધારક ધર્મી ધન્ય છે.' આવ્યું? ગુજરાતીમાં આવ્યું છે. 'ભાવનગર' બનાવ્યું હતું. અહીં નથી? 'જૈનતત્ત્વ મિમાંસા'માં. 'જૈનતત્ત્વ મિમાંસા'માં છે. અહીંયા નથી. હમણા 'ભાવનગર' બનાવ્યું હતું. તેર બોલ છે, તેર બોલ. 'ધ્રુવ ધામના ધ્યેયના ધ્યાનની ધખતી ધુણી ધીરજથી અને ધગશથી ધખાવનાર ધર્મનો ધારક ધર્મી ધન્ય છે.' બધા ધ-ધ આવ્યા છે. તેર ધ-ધા છે. એ ગુજરાતીમાં આવી ગયું છે. હમણા 'ભાવનગર' બનાવ્યું હતું. આવ્યું છે ને? અંદર ધખતી પેઢી ચલાવ. આહાહા! ધ્રુવસ્વરૂપ ભગવાનઆત્માની ધગતી પર્યાયમાં પેઢી ચલાવીને ધર્મ ધુરંધર ધોરી ધન્ય ધામ ધર્મી છે. સમજાણું કાંઈ? એ છે, બનાવ્યું છે પણ કાંઈ બધું યાદ રહે છે? 'ભાવનગર' ઘણો તાવ આવ્યો હતો ને? ત્યારપછી આ બનાવ્યું હતું. આ ફાગણ માસમાં. આહાહા!

એક સમયમાં ધ્રુવ સ્વરૂપ ભગવાનઆત્મા અને ઉત્પાદ-વ્યયની પર્યાય એ ત્રણને અહીં પરિણતિ કહે છે. આહાહા! કહે છે કે ત્રણેયને જાણનારી પર્યાય ત્રણેયને જાણે છે. પરિણતિ સ્વપરિણતિને જાણે છે. સમજાણું કાંઈ? આહાહા! આવી વાત હવે. શું થાય? બાપુ! પરમાત્મા કેવળી તીર્થંકરદેવ જિનેશ્વરનો માર્ગ તો આ છે, પ્રભુ! તને ઠીક ન પડે, ખ્યાલમાં ન આવે એથી કાંઈ વસ્તુ બીજી થઈ જતી નથી. સમજાણું કાંઈ? આહાહા! અહીં, પરમાત્મા કહે છે એ સંતો આડતિયા થઈને સર્વજ્ઞનો માલ જગત પાસે જાહેર કરે છે. જગતને રુચે, ન રુચે એ સ્વતંત્ર પ્રાણી છે. સમજાણું કાંઈ? આહાહા!

અહીં કહે છે કે, આત્માની જ્ઞાન પર્યાય સ્વપર પરિણતિને જાણે છે. હવે પરિણતિની વ્યાખ્યા છે. આહાહા! ભાઈ! આ તો ભગવાનની વાણી છે. આ કોઈ કથા-વાર્તા નથી. એક ચકલી લાવી ચોખાનો દાણો, ચકલો લાવ્યો મગનો દાણો. બેએ બનાવી ખીચડી. આવે છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ને? નાની ઉંમરમાં વાર્તા આવે છે. એ ખીચડી લઈને કુંભારને આપી અને કુંભારે ઘડુલો આપ્યો, ઘડો આપ્યો... આહાહા! આ તો ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વરને ઇચ્છા વિના વાણી-ૐ ધ્વનિ, સ્વપરપ્રકાશક વાણી (નીકળે છે). સ્વપર જાણનાર તો ભગવાનઆત્મા છે. વાણી સ્વપરપ્રકાશક છે. આહાહા! એ વાણી ભગવાને કહી એમ છે નહિ. વાણીની ક્રિયા વાણીથી પોતાના જ્ઞાન વિના થાય છે. આહાહા! સમજાણું કાંઈ?

એ અહીંયા કહે છે કે, ચેતન અને અચેતનમાં ભેદ ઘણો. અને જ્ઞાની કેવા છે? કે બેયને, પોતાની સ્વપર પરિણતિને જાણે. ધર્મીજીવનું જ્ઞાન સ્વ અને પર બેયને જાણે. આહાહા! સમજાણું કાંઈ? આવી વાત. આમાં કરવું શું એની સૂઝ પડતી નથી. ગીરનાર, સમ્મેદશિખરની જાત્રા કરવી. સમ્મેદશિખર ભગવાન તારી ચીજ અંદર છે. ત્યાં આરૂઢ થા એ જાત્રા છે. પરની જાત્રાનો ભાવ તો પુણ્ય છે, શુભભાવ છે. આહાહા! બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

અહીંયાં તો પરમાત્મા શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય... છે? **'સમસ્ત જ્ઞેયવસ્તુઓનાં દ્રવ્ય-'** જોયું! સમસ્ત જ્ઞેય એટલે સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય. સમસ્ત જ્ઞેયના **'દ્રવ્ય-ગુણ-પર્યાય...'** ત્રણેયને પરિણતિ કહેવામાં આવે છે અને જ્ઞાનની પર્યાય સ્વપરિણતિને જાણે છે. આહાહા! આવી વાત યાદ રહેવી પણ મુશ્કેલી. કોઈ સાંભળવા ન આવ્યું હોય અને ઘરે પૂછે કે શું સાંભળ્યું તમે? કોણ જાણે એવી કાંઈક વાત કરતા હતા. એય..! 'પોપટભાઈ'! ધૂળનું હોય તો બહુ યાદ રહે છે. પૈસા-ધૂળ મળતી હોય ને (તો યાદ રહે). આહાહા! માટી-ધૂળ પ્રભુ એ તો અજીવ-ધૂળ છે. એનો કર્તા તો નહિ પણ એને જાણનાર કહેવું એ પણ ઉપચારથી છે. આહાહા! સમજાણું કાંઈ? એ લક્ષ્મીને જાણે છે એમ કહેવું એ પણ ઉપચારથી છે. અરે..! પોતાની જાણન પર્યાય છે... સમજાણું કાંઈ? એ પરિણતિ આત્માનું કાર્ય છે અને આત્મા કર્તા છે એ પણ ઉપચારથી છે. શું કહ્યું ઇ? અરે..! એક પછી એક વાત હજી માંડ પકડાય ત્યાં બીજી આકરી (આવે). આહાહા!

મુમુક્ષુ :– ફરીથી.

ઉત્તર :– ફરીથી કહીએ. એ કાંઈ જતું નહિ કરીએ.

અહીં કહે છે કે પોતાની જે જ્ઞાનપર્યાય સમ્યગ્દર્શનથી, અંતરના ધ્યેયથી ઉત્પન્ન થઈ એ જ્ઞાનની પર્યાય રાગની તો કર્તા નથી અને એ પર્યાય દ્રવ્યને જાણે છે એમ કહેવું એ પણ ઉપચાર છે. કેમકે દ્રવ્ય પર્યાયમાં આવતું નથી. બીજી વાત. એ જ્ઞાનની પર્યાય અને સમ્યગ્દર્શનની પર્યાય થઈ એનો આત્મા કર્તા અને પર્યાય એનું કાર્ય એ પણ વ્યવહાર છે, ઉપચાર છે. કેમ? કે દ્રવ્ય પર્યાયનો કર્તા નિશ્ચયથી નથી. પર્યાય પર્યાયનો કર્તા અને પર્યાય પર્યાયનું કાર્ય. દ્રવ્યને એનો કર્તા કહેવો એ વ્યવહાર અને ઉપચાર છે. સમજાણું કાંઈ? વાત તો બીજી છે, પ્રભુ! આહાહા! 'માણેકચંદભાઈ'! આવી વાતું છે.

સ્વપરિણતિ દ્રવ્ય-ગુણ-પર્યાય અને પર પરિણતિ દ્રવ્ય-ગુણ-પર્યાય. આહાહા! છે ને?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય...'** સ્વપરિણતિ એટલે કે ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. ત્રિકાળ ધ્રુવ અને ઉત્પાદ-વ્યય પર્યાય નિર્મળ, હોં! આહાહા! સમજાણું કાંઈ? જ્ઞાતા છે. આત્માની પર્યાય એની તો જ્ઞાતા છે. જાણનારી છે. આહાહા! અરે..! માથું ફરી જાય એવું છે.

મુમુક્ષુ :– જ્ઞાતા શબ્દ પર્યાયવાચક છે?

ઉત્તર :– પર્યાય. અત્યારે તો આખો આત્મા લેવો છે-જાણનાર જ્ઞાતા. ખરેખર તો જ્ઞાતાની પર્યાય છે એ જ્ઞાતા છે. દ્રવ્ય તો ત્રિકાળી ધ્રુવ છે. સમજાણું કાંઈ? જાણવાની પર્યાય છે એ જાણે છે. ધ્રુવ શું જાણે? ધ્રુવ તો ધ્રુવ છે. એ તો કુટસ્થ નિત્ય વસ્તુ પડી છે. એ કંઈ જાણવાનું કાર્ય નથી કરતી. આહાહા! એવી વાત છે. જાણવાની પર્યાયનું કાર્ય તો પર્યાયમાં થાય છે. હજી પર્યાય શું અને દ્રવ્ય શું એ પણ બરાબર સાંભળ્યું ન હોય. અરે..! ભગવાન! આહાહા!

ભગવાન પરમેશ્વર ફરમાવે છે એ જ વાણી આ સંતોની છે. દિગંબર સંતો એટલે વીતરાગના કેડાયતો અને અલ્પકાળમાં કેવળજ્ઞાન લેવાની તૈયારીવાળા. અલ્પકાળમાં કેવળજ્ઞાન લેશે. એ જંગલમાં રહેતા હતા. નગ્ન મુનિપણું અને અંદરમાં નગ્નપણું, વિકલ્પની લાગણી વિના નિર્વિકલ્પ આનંદનું વેદન (છે). અંતરના વિકલ્પના કપડા સિવાય અને બહારમાં આ વસ્ત્ર સિવાય. એકલા વસ્ત્રનો ત્યાગ એ કાંઈ દિગંબર નથી. આહાહા! સમજાણું કાંઈ? જેને અંદર રાગનો, મહાવ્રતનો વિકલ્પ છે એનાથી પણ એ રહિત છે. એવા દિગંબર સંતોની આ વાણી છે. એમ કહેવું એ વ્યવહાર છે. વાણી તો વાણી છે. શું થાય? વ્યવહારથી સમજાવ્યા વિના બીજો કોઈ ઉપાય નથી.

કહે છે કે પોતાની પરિણતિને અને પરની પરિણતિને આત્મા જાણે છે. બસ. હવે પરિણતિનો અર્થ શું? પરિણતિ તો પર્યાયને કહે છે. પણ અહીંયાં એમ ન લેવું. અહીંયાં તો પોતાની જ્ઞાનપર્યાય સમ્યગ્જ્ઞાન થયું, ચૈતન્યના લક્ષે જે જ્ઞાન થયું... શાસ્ત્રજ્ઞાન પણ જ્ઞાન નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– પરિણતિનો અર્થ દ્રવ્ય-ગુણ-પર્યાય કર્યો.

ઉત્તર :– દ્રવ્ય-ગુણ-પર્યાય. કારણ કે એકલી પરિણતિને પર્યાય જાણે છે. આહાહા!

એ જ્ઞાનની પર્યાય જે છે... અહીં તો સમ્યગ્જ્ઞાનની પર્યાયની વાત છે ને? દ્રવ્ય સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન ભગવાન છે એનું જ્યાં જ્ઞાન થયું, એવી જે જ્ઞાનની પર્યાય એ સ્વપર પરિણતિને જાણે છે. એનો અર્થ, સ્વની પરિણતિનો અર્થ કે સ્વના દ્રવ્ય-ગુણ-પર્યાય, સ્વના ઉત્પાદ-વ્યય અને ધ્રુવ. પરની પરિણતિનો અર્થ પરના દ્રવ્ય, ગુણ અને પર્યાય, અને પરના ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. આહાહા! આવો માર્ગ હવે. એ સાધારણ માણસને બિચારાને... આહાહા! માર્ગ એવો સૂક્ષ્મ છે અને એના લાભ એવા છે. લાભ-અનંતઆનંદ. જ્યાં તત્ત્વજ્ઞાન સમ્યગ્દર્શન થયું, સ્વદ્રવ્યને આશ્રયે આનંદનો સ્વાદ આવ્યો એ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો એનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નામ સમ્યગ્દર્શન છે. આમ ને આમ શ્રદ્ધા કરે એમ નહિ.

મુમુક્ષુ :– એનો સ્વાદનો નમૂનો બતાવો.

ઉત્તર :– એ તો કહ્યું નહિ? કે સ્ત્રીનું શરીર છે એ હાડકા, માંસ છે. એના ભોગના કાળે એને એના શરીરનો સ્વાદ નથી આવતો. સુવાળું શરીર છે, માખણ છે, ઇન્દ્રિય કઠણ થઈને વિષય લે છે. અરે..! પ્રભુ! સાંભળ તો ખરો. એ ચીજને તો આત્મા અડતો પણ નથી. ફક્ત એ ઉપર લક્ષ જાય છે અને ઠીક છે એવો રાગ ઉત્પન્ન કરે છે એ રાગનો અને આકુળતાનો સ્વાદ લે છે. સમજાણું કાંઈ? અને વીંછીનો ડંખ હોય છે. બહુ કડક હોય છે. અમે તો એકવાર વીંછી જોયો છે. અમે તો એકલા જંગલમાં જતા હતા. ઘણો મોટો અને લાંબો હતો. કાળો. કરડે તો મરી જ જાય એવો વીંછી હતો. એ વીંછી ડંખ મારે તો ડંખનું વેદન નથી. એ ડંખ તો જડ, પરમાણુ છે. એમાં જે અણગમો-દ્વેષ ઉત્પન્ન થાય છે એનું વેદન છે. લોજિક-ન્યાયથી સમજવું પડશે કે નહિ? સમજાણું કાંઈ? એ રાગ અને દ્વેષનો સ્વાદ, પુણ્ય અને પાપનો સ્વાદ એ આકુળતા અને દુઃખનો સ્વાદ છે. આહાહા! હવે એ આકુળતાના સ્વાદ ઉપરથી લક્ષ છોડીને ચિદાનંદ આનંદનો કંદ પ્રભુ (એની ઉપર લક્ષ કર). આહાહા!

કાલે કહ્યું હતું ને? અમે તો વારંવાર કહીએ છીએ. શક્કરકંદ. શક્કરકંદ હોય છે ને? શક્કરકંદ-શક્કરિયા. શક્કરકંદ. ઉપરની લાલછાલ સિવાય આખું દળ સાકરની મીઠાશનો પિંડ છે. એમ ભગવાનઆત્મા પુણ્ય-પાપના વિકલ્પની છાલથી રહિત અંદર આનંદનો કંદ છે. આહાહા! સમજાણું કાંઈ? એ આનંદના કંદ ઉપર દૃષ્ટિ પડતાં સમ્યગ્દૃષ્ટિમાં અતીન્દ્રિયનો સ્વાદ આવે છે. આહાહા! જેમ ઓલો રાગનો, આકુળતાનો સ્વાદ આવતો હતો. શરીરનો નહિ, લાડવાનો નહિ, ચુરમાનો નહિ, રસગુલ્લાનો નહિ, મોસંબીનો નહિ, એ તો જડ છે. જડનો સ્વાદ ક્યાંથી આવ્યો? એ તો માટી છે ને? આત્મા તો અરૂપી છે. એમાં ઠીક છે એવી મિથ્યાબુદ્ધિ ઉત્પન્ન કરે છે તો એને મિથ્યાત્વનો અને રાગનો સ્વાદ આવે છે. આહાહા!

અહીંયા ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ, એનો જ્યાં અંતર્મુખ સ્વીકાર થયો અને એની પર્યાય જ્ઞાન સ્વરૂપને જાણવામાં ગઈ તો પોતાની પર્યાયમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. એનું નામ ભગવાન સમ્યગ્દર્શન-જ્ઞાન અને ધર્મ કહે છે. 'જ્ઞાનચંદજી'! આહાહા! આવી વાતું સાંભળવા મળે નહિ. જ્યાં હોય ત્યાં વ્રત કરો, અપવાસ કરો, પડિમા લઈ લ્યો. આહાહા! અરે..રે..! પ્રભુ! સર્વજ્ઞ પરમેશ્વરનો આ હુકમ છે કે તારી ચીજ આનંદથી ભરી છે, પ્રભુ! ત્યાં નિધાનમાં નજર કર. એક સમયની પર્યાય તુચ્છ અને રાગ પામર ઉપર તારી નજર હોવાથી તારી પ્રભુતાનો નાશ થાય છે. દૃષ્ટિમાં, હોં! પ્રભુતા તો પ્રભુતા છે અંદર. આહાહા! આવી રીત હવે.

કહે છે.. આ બે લીટીમાં આમ થયું. એ સ્વપર પરિણતિ આવી ને? અને કાલે આવ્યું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હતું ને ભાઈ આપણે એ? ૨૧૬. સ્વપરપરિણતિ. એટલે આમાં બરાબર મેળ ખાઈ ગયો. આહાહા! અહીં એટલું કહેવું છે કે સ્વપરપરિણતિને જાણનારો છે. રાગને, શરીરને જાણનારો છે પણ રાગરૂપ થઈને જાણે છે એમ નથી. જ્ઞાનસ્વરૂપ જ્ઞેયરૂપ થઈ જાય છે, પરજ્ઞેય અને પરજ્ઞેય જ્ઞાનમાં આવી જાય છે એમ છે નહિ. આહાહા! જુઓ! ભેદજ્ઞાન. તત્ત્વની ભિન્નતાના સ્વરૂપના ભણકાર. આહાહા! 'માણેકચંદભાઈ'! ઓલા પૈસામાં ક્યાંય સાંભળ્યું પણ નહિ હોય. આ બધું ધૂળધાણી છે. એ પૈસાવાળા છે. સમજાણું કાંઈ? આહાહા! અને પૈસા દાનમાં દે તોપણ રાગભાવ છે. પૈસા મારા એમ માનીને આપે તો મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :– એક તો રૂપિયા ગયા અને મિથ્યાત્વ થયું.

ઉત્તર :– ગયા તે કોને હતા તે ગયા? એ તો જડના હતા. એમ કહે છે, પૈસા ગયા અને વળી પાછુ મિથ્યાત્વનું પાપ બંધાણું. પણ એ તો મારા માનીને આપે તો મિથ્યાત્વનું પાપ છે. પણ એ તો ભિન્ન ચીજ છે. મને રાગની મંદતા થઈ અને એ ચીજ તો એને કારણે જાય છે. હું દેનારો નથી. સમજાણું કાંઈ? એક કલાકમાં કેટલી વાત યાદ રાખવી! બધી બીજી જાત. જેટલું સાંભળ્યું હોય... અહીં અમને તો ખબર છે ને, બાપુ! આહાહા! માર્ગ તો આ છે, પ્રભુ! આહાહા!

તારી પ્રભુતા તારી પ્રતીતિમાં ન આવે ત્યાં સુધી તારા દર્શન અને જ્ઞાન સાચા નથી. આહાહા! તારી પર્યાયમાં તારી પૂર્ણતાની પ્રતીતિ ન આવે અને આનંદનો સ્વાદ ન આવે ત્યાં સુધી તને તારી પ્રતીતિની ખબર નથી. આહાહા! સ્વરૂપ પૂર્ણાનંદના નાથની પ્રતીતિ પ્રસન્નતામાં થાય છે એમ કહે છે. આનંદ એટલે પ્રસન્નતા. સ્વને છોડીને રાગાદિની પ્રતીતિ કરવી એ તો દુઃખની દશા છે. આહાહા! રાગને ભિન્ન કરીને સ્વની પ્રતીતિ કરે તો તો આનંદની પ્રસન્નતા છે. પણ પોતાનો સ્વભાવ છોડીને એકલો રાગ છે, પુણ્ય છે, પાપ છે, શરીર છે એ માન્યતા પરપ્રકાશક મિથ્યાજ્ઞાન છે. આહાહા! ત્યાં તો અપ્રસન્નતા છે. દુઃખ છે, દુઃખ. આહાહા!

'**જ્ઞાતા છે. (જીવ તો) એવો છે.**' ભગવાન તો આવો છે. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે. પરના દ્રવ્ય-ગુણ-પર્યાયને (જાણે). હજી દ્રવ્ય-ગુણ-પર્યાય સમજે નહિ. દ્રવ્ય એટલે વસ્તુ ત્રિકાળી અને ગુણ એટલે એની શક્તિ અને પર્યાય એટલે વર્તમાન અવસ્થા, એ ત્રણેયને જાણે અને પરના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેયને જાણે એ જ્ઞાતા. એ જાણનહારા-જાણનહાર કરનહારા નહિ. અને રાગનો કરનાર એ જાણનહાર નહિ. આહાહા! સમજાણું કાંઈ? '**પોતાના અને અન્ય સમસ્ત પરદ્રવ્યોનાં દ્રવ્ય-ગુણ-પર્યાય આદિને નથી જાણતું–એવું છે પુદ્‌ગલદ્રવ્ય.**' રાગાદિ પુદ્‌ગલ પોતાને નથી જાણતો અને પરને નથી જાણતો. બે ચીજ તદ્દન ભિન્ન છે. એવું ભેદજ્ઞાન કરવું એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ધર્મ છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્રાવણ વદ ૧૨, ગુરુવાર તા.૧૧.૦૮.૧૯૭૭
## કળશ - ૫૦, પ્રવચન - ૬૪

સિદ્ધાંતમાં પહેલા એવી વાત ચાલી છે. ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં, એમ આવ્યું છે. આ તમારે શિક્ષણ શિબિર આજે ચાલુ થઈને? માંગલિક કરે છે. સિદ્ધાંતમાં એમ આવ્યું છે કે ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. એમ આવ્યું છે. પછી વાતને ટૂંકી કરી નાખી. ણમો લોએ સવ્વ સાહૂણં. પણ ણમો લોએ સવ્વ અરિહંતાણં એ બધાને લાગુ પડે છે. અને એ ઉપરાંત 'ધવલ'માં ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં એવો પાઠ છે. આહાહા! અનંતકાળમાં ભૂતમાં અરિહંત થઈ ગયા અને વર્તમાનમાં લાખો અરિહંત બિરાજે છે. તીર્થંકર ભલે સંખ્યાત છે પણ કેવળી લાખો બિરાજે છે. અને ભવિષ્યમાં અનંત અરિહંત થશે એ બધાને અહીં આચાર્યદેવ 'ધવલ'માં એમ લે છે. ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. 'જ્ઞાનચંદજી'! આજે પહેલા નવી વાતથી શરૂઆત કરી છે.

ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં. જે જીવ હજી સિદ્ધ થયા નથી એ કોઈ તો નરકમાં પડ્યા છે, કોઈ નિગોદમાં પડ્યા છે. પણ ભવિષ્યમાં સિદ્ધ થશે તો કહે છે કે હું તો વર્તમાનમાં ત્રિકાળવર્તી સિદ્ધાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણંને નમસ્કાર કરું છું. આહાહા! 'પોપટભાઈ'! અને ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આઈરિયાણં. અનંત આચાર્યો થયા, વર્તમાનમાં પણ અનંત આચાર્ય અનુભવી આનંદના વેદનાર આચાર્યો છે. ભવિષ્યમાં અંતર અતીન્દ્રિય આનંદના વૈભવને વેદનારા આચાર્યો થશે. એ બધાને અત્યારે જ ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આઈરિયાણં.

ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉવજ્ઝાયાણં. 'ધવલ'માં એમ પાઠ છે. સમજાણું કાંઈ? તમે આટલે દૂરથી આવ્યા તો વાત કાંઈક નવી સમજવી જોઈએ. આહાહા! ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં. પોતાનો અતીન્દ્રિય આનંદનો વૈભવ જેણે પ્રગટ કર્યો અને ભવિષ્યમાં પ્રગટ કરશે... આહાહા! સાધે ઇતિ સાધુ. પોતાના અતીન્દ્રિય આનંદ સ્વરૂપનો સાધક થઈને જે સાધુ બન્યા છે અને બનશે... આહાહા! અમે તો વર્તમાનમાં પણ એવા... આહાહા! ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં. સમજાણું કાંઈ? એ ભગવાનની વાણી છે.

'બનારસીદાસ'માં આવે છે, 'મુખ ઊઁકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' 'બનારસી વિલાસ' ગ્રંથ છે. 'બનારસી વિલાસ'. 'સમયસાર નાટક' જુદું છે. 'બનારસી વિલાસ'માં એવો શ્લોક આવ્યો છે કે, 'મુખ ઊઁકાર ધ્વનિ...' એ અરિહંતો... 'મહાવીર' આદિ સિદ્ધ છે એ તો ણમો સિદ્ધાણંમાં આવી ગયા. એને વાણી નથી. પણ અરિહંત પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે એને તો વાણી છે. તો કેવી વાણી છે? 'મુખ ઊઁકાર...' હોઠ બંધ છે, કંઠ ધ્રુજતો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી અને અક્ષરની વાણી આવી ભેદરૂપ હોતી નથી. 'મુખ ૐકાર ધ્વનિ સુણિ અર્થ ગણધર વિચારે.' ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વની રચના જેને અંતર્મુહૂર્તમાં થાય એવા ગણધર ભગવાનની ૐ ધ્વનિમાંથી આગમ રચે છે. એ આગમ રચે છે અને 'ભવિ જીવ સંશય નિવારે'. ભગવાનની વાણી સાંભળીને... આહાહા! ભવ્ય જીવો સંશય નિવારે અને આત્માનો અનુભવ કરે. અનુભવ કરે એ સમજો છો? હિન્દી ચાલે છે. અનુભવ કરે. અમને બહુ હિન્દી નથી આવડતું. થોડી થોડી આવડે છે. અમે તો ગુજરાતી છીએને. આહાહા!

'ભવિક જીવ સંશય નિવારે.' એ આ વાણી ભગવાનની છે. આ વાણી. સર્વજ્ઞ પરમેશ્વરે જે ૐ ધ્વનિ કહી એમાંથી સંતોએ શાસ્ત્રની રચના કરી, 'કુંદકુદાચાર્યે' સાક્ષાત એ વાણી સાંભળીને (અહીં આવી શાસ્ત્ર બનાવ્યા). આહાહા! દિગંબર સંત હતા. ભગવાન પાસે ગયા હતા. પરમાત્મા બિરાજે છે ત્યાં ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું. એમાનું એક આ 'સમયસાર' શાસ્ત્ર છે, એમાનું એક આ 'કળશટીકા' છે. 'કુંદકુંદાચાર્ય'ના શ્લોક છે અને 'અમૃતચંદ્રાચાર્ય'ના કળશ છે. સૂક્ષ્મ વાત તો છે, પ્રભુ!

અહીં સુધી આવ્યું છે, **'इमां स्वपरपरिणतिं जानन् अपि એવાં પોતાનાં અને સમસ્ત જ્ઞેયવસ્તુઓનાં દ્રવ્ય-ગુણ-પર્યાયનો અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનો જ્ઞાતા છે.'** છે? શું કહ્યું? ભગવાનઆત્મા... અહીં તો આચાર્ય પોતે ભગવાન તરીકે બોલાવે છે, હોં! ૭૨ ગાથામાં કાલે કહ્યું હતું ને? આહાહા! ભગવાનઆત્મા. આહાહા! પર્યાયમાં ચાહે તો અલ્પજ્ઞતા હો, વિશેષતા હો, સર્વજ્ઞ હો પણ વસ્તુ તરીકે તો એ ભગવાનસ્વરૂપે આત્મા છે. અને ભગવાનસ્વરૂપ છે તો પર્યાયમાં ભગવાનસ્વરૂપ પરિણમન થાય છે. એ પર્યાય ભગવત્‌સ્વરૂપ પરમાત્માને કાંઈ બહારથી નથી આવતી. સમજાણું કાંઈ? આહાહા!

એ ભગવત્‌સ્વરૂપ આત્મા કેવો છે? એ કહે છે. જેને આત્મા આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય એનો અંતર સમ્યગ્દર્શનમાં સ્વીકાર થઈને પોતાના આનંદનું જેને વેદન થાય છે.. આહાહા! એવા ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવ એ કેવા છે? એમ કહે છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે, પ્રભુ! અજાણ્યા માણસો પણ કેટલા દૂર દૂરથી આવ્યા છે. સગવડતા-અગવડતા અહીં હોય કે ન હોય. પણ બહારથી દૂરથી ઘણા આવ્યા છે. આહાહા!

કહે છે કે એકવાર પ્રભુ! સાંભળ તો ખરો. તારો અંતર નિજ વૈભવ, અંતરમાં તારી સંપદા છે, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય, અનંતપ્રભુતા... આહાહા! એવા શક્તિવંત પરમાત્મા અંદર બિરાજે છે. સમજાણું કાંઈ? 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, યહી વચનસે સમજલે જિન પ્રવચન કા મર્મ.' ભગવાન ત્રિલોકનાથના પ્રવચનનો મર્મ, જિન સો હી આત્મા (છે). એ જિનસ્વરૂપી.. કાલે-પરમદિવસે આવી ગયું છે. બપોરે આવ્યું હતું. રાગના ત્યાગ સ્વભાવરૂપ સ્વભાવ છે. ભગવાનનો સ્વભાવ આ આત્માનો, હોં! ભગવાન એટલે આ આત્મા. રાગના ત્યાગરૂપ જેનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અર્થાત્ એ વીતરાગસ્વરૂપ જ છે, અત્યારે, હોં! વકીલ! એવી વાત છે.

કહે છે કે, પોતાના નિજ વૈભવમાં કદી નજર ન કરી, નિધાનને કદી નિરખ્યો નહિ. અનાદિકાળથી દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ મારું કામ છે અને હું એનો કર્તા છું, એમાં રોકાઈને પોતાની નિજ સંપદાનો અનાદર કર્યો. સમજાણું કાંઈ? આહાહા! એ કર્તા-કર્મ અધિકાર ચાલે છે ને?

ચાહે તો અશુભભાવ હોય કે ચાહે તો શુભભાવ દયા, દાન, વ્રત, તપના ભાવ હો. પણ એ મારું કાર્ય છે અને હું કર્તા છું, એમાં તારી સંપદા તું ભૂલી ગયો. સમજાણું કાંઈ ભાઈ? એ કહે છે. 'કરે કર્મ સો હી કરતારા.' જે રાગભાવ, પુણ્યભાવ મારું કાર્ય છે અને હું કરું છું, એ રાગને કરનાર પોતાની ચીજને ભૂલી ગયો. આહાહા! સાધારણ માણસને... પણ ભાષા તો સાદિ છે, ભગવાન! ભાવ ભલે ઊંચા હોય. આહાહા! પ્રભુ! તારા ઘરની વસ્તુની વાત ચાલે છે ને, નાથ! આહાહા!

કહે છે કે તારી નિજ સંપદા અનંત આનંદ અને અનંત જ્ઞાનથી ભરેલી છે. એને ભૂલીને એ શુભભાવનું કર્તવ્ય મારું અને કાર્ય મારું એ અજ્ઞાનભાવ છે. આ વાત લોકોને આકરી લાગે પણ શું થાય? બાપુ! પ્રભુ! તું એવો છો. તારા વૈભવની તને ખબર નથી. પરમાત્મા... આહાહા! ભગવાન તરીકે બોલાવીને એને જગાડે છે.

મુમુક્ષુ :– આપ કહો છે, આમાં નથી લખ્યું.

ઉત્તર :– એમાં શું લખ્યું છે, જુઓ!

**'इमां स्वपरपरिणतिं जानन् अपि'** શું કહે છે? કે આ આત્મા આનંદ આદિ સ્વસ્વભાવ અને એની પરિણતિ : ઉત્પાદ, વ્યય અને ધ્રુવ અને દ્રવ્ય, ગુણ અને પર્યાય, એ ત્રણેયને પરિણતિ કહે છે, પ્રભુ! પરિણતિ શબ્દે અહીં એકલી પર્યાય ન લેવી. સમજાણું કાંઈ? શું છે? ભાઈ! છે? શું છે? જુઓ! બીજી લીટી છે. **'इमां स्वपरपरिणतिं जानन्'** છે? આ શેઠ કહે છે ને તમે કહો છો એ વાત ક્યાં આવી?

હા. સ્વપરપરિણતિમાં કેટલું નાખ્યું છે એ તો સાંભળો. શેઠ પૂછે છે કે આમાં ક્યાં છે? ભગવંત! તું એકવાર સાંભળ તો ખરો.

તું કેવો છો? કે સ્વ અને પરપરિણતિનો જ્ઞાતા છો. છે? આહાહા! ભાઈ! જૈનધર્મ વીતરાગનો ધર્મ વસ્તુનું સ્વરૂપ છે. એ કોઈ કલ્પિત પક્ષ-વાડો નથી. સમજાણું કાંઈ? કહે છે કે **'स्वपरपरिणतिं जानन्'** આત્મા જ્ઞાતા થઈને પોતાની નિજ સંપદાનો જાણનાર થઈને.. અહીં કર્તા-કર્મ છે ને? તો રાગ મારું કાર્ય અને હું કર્તા છું એવી બુદ્ધિ છોડીને... અહીં લોજિકથી તો કહે છે. અને પોતાનો આત્મા, પોતાની સ્વપરિણતિ, દ્રવ્ય, ગુણ અને પર્યાય. દ્રવ્ય એટલે અનંત ગુણનો પિંડ, ગુણ એટલે અનંત શક્તિ અને પર્યાય એટલે એની હાલત દશા. એને પરિણતિ કહે છે. એકલી પર્યાયને અહીં પરિણતિ નથી કહેતા. અને ઉત્પાદ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વ્યય-ધ્રુવને પણ પરિણતિ કહે છે. અહીં તો ઉત્પાદ એ લેવો છે... સૂક્ષ્મ છે, ભગવાન! આનંદની પર્યાય ઉત્પન્ન થવી, પૂર્વની પર્યાયનો વ્યય થવો અને ધ્રુવ આનંદરૂપે કાયમ સદશ્ય રહેવું એ ત્રણેયને પરિણતિ કહે છે.

અરે..! ભાઈ! આવા મનુષ્યદેહમાં પરમાત્માની વાસ્તવિક વાત એની દૃષ્ટિમાં ન આવે તો ભવભ્રમણ નહિ ટળે, નાથ! ચોર્યાસીના અવતાર, અરે..! ચોર્યાસીની અબધિ, ભવાબ્ધિ. ભવરૂપી અબ્ધિ સંસાર, દરિયો મોટો છે. એ ચોર્યાસી લાખમાં અવતાર કરી કરીને (ભરી ગયો છે). તારા અવતારનો અંત ત્યારે આવશે કે જ્યારે તારી પરિણતિ દ્રવ્ય-ગુણ-પર્યાય નિર્મળ છે એને જાણનારો થઈશ અને પરદ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાયને પણ જાણનારો છે. સ્વપરપરિણતિ શબ્દ લીધો છે ને? સ્વપરપરિણતિ શબ્દ આ તો બહુ ગંભીર છે, બાપુ! આ કાંઈ કથા નથી. આ તો તત્ત્વ, અભ્યાસ, અધ્યાત્મનો ઊંડા સમુદ્રમાંથી મીઠું પાણી કાઢે છે. આહાહા!

કહે છે કે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. તારી ચીજ એવી છે કે સ્વપરની પરિણતિને જાણનાર જ્ઞાતા એ તારી ચીજ છે. છે? **'स्वपरपरिणतिं'** અને તે પ્રસિદ્ધ છે. ભાષા છે? **'इमां'** આહાહા! ભગવાનઆત્મા જે ત્રિકાળી દ્રવ્ય અને એના અનંત ગુણ-શક્તિ અને એની નિર્મળ પરિણતિ, એ દ્રવ્ય-ગુણ-પર્યાયને પરિણતિ કહે છે અથવા ઉત્પાદ, વ્યય અને ધ્રુવને પરિણતિ કહે છે. બેયને (પરિણતિ કહે છે). આહાહા! એ સ્વપરિણતિ અને પરપરિણતિને જાણનારો આત્મા છે. સમજાય છે ને ભાઈ? 'જિનેશ્વરદાસજી' નથી આવતા? આહાહા! એ ઘણા દિવસથી નથી આવ્યા.

અહીંયાં તો પરમાત્મા ત્રિલોકનાથની દિવ્યધ્વનિમાં આવ્યું. દિવ્ય એટલે પ્રધાન અવાજ. જેને પ્રવચન કહે છે. પ્ર-વચન કહો કે દિવ્યધ્વનિ પ્ર-વિશેષે દિવ્ય અવાજ કહો. સમજાણું કાંઈ? એ પ્રવચનમાં, ભગવાનની વાણીમાં એમ આવ્યું કે, પ્રભુ! તું તો જ્ઞાતા છો ને. તું રાગનો કર્તા અને રાગ તારું કાર્ય એ તારી ચીજમાં નથી, નાથ! તું તને ભૂલી ગયો. સમજાણું કાંઈ? આહાહા!

**'स्वपरपरिणतिं जानन्'** આહાહા! એક શબ્દ તો, જુઓ! કાલે એક કલાક ચાલ્યું હતું. બે લીટી એક કલાક ચાલી હતી. આ તો નવા માણસો આવ્યા છે ને. કાલે પણ એ ચાલ્યું હતું. બે લીટીમાં એક કલાક, હોં! આહાહા! અહીંયાં તો પરમાત્મા ત્રિલોકનાથની વાણી, એનો ભાવ સંતો આડતિયા થઈને જગત પાસે પ્રસિદ્ધ કરે છે. માલ તો સર્વજ્ઞનો છે. વીતરાગી દિગંબર સંતો આડતિયા સમજો છો? વેપારીની વચ્ચે માલની આપ-લે કરે. એ આડતિયા થઈને જગતને પ્રસિદ્ધ કરે છે કે, પ્રભુ તો આમ કહે છે. તારો માલ તો આવો છે. આહાહા!

ભગવંત! તારા સ્વરૂપમાં અનંત આનંદ અને જ્ઞાન પડ્યા છે, નાથ! તું ભૂલી ગયો. આહાહા! અને એક સમયની પર્યાયને જ પોતાની પૂર્ણ માનીને મિથ્યાદૃષ્ટિમાં ચાલ્યો ગયો. મિથ્યા એટલે જૂઠી. અસત્‌દૃષ્ટિમાં વયો ગયો. રાગને પોતાનો માન્યો એ તો વળી મોટી ભૂલ પણ પોતાની એક સમયની વ્યક્ત પ્રગટ પર્યાય છે એટલો હું છું... પ્રભુ! તું તારી ચીજને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભૂલી ગયો. એ પર્યાયના અંશમાં તારી ચીજ (આવી નથી). સમજાણું કાંઈ? આહાહા!

જે દ્રવ્ય વસ્તુ છે, વસ્તુ એને પોતાની પરિપૂર્ણ ચીજને ન સ્વીકારતાં અનાદિથી પોતાની એક સમયની પર્યાયની વ્યક્તતા, પ્રગટતા, અંશ છે એમાં તારી રમત છે. સમજાણું કાંઈ? એ પર્યાયમાં તારી રમત છે અને પર્યાયને જ પોતાનું પૂર્ણ સ્વરૂપ માન્યું. એ મિથ્યાભ્રમ છે, અજ્ઞાન છે. આહાહા! અને તું છો કેવો? તારી ચીજમાં પ્રભુ અનંત આનંદ પડ્યો છે તને ખબર નથી. આહાહા!

મૃગની નાભીમાં કસ્તુરી છે, કસ્તુરીની કિંમત મૃગને નથી. મૃગની નાભીમાં, હરણની નાભીમાં રહેલી કસ્તુરીની સુગંધ ક્યાંથી આવે છે? એ બહાર શોધવા જાય છે. અંતરમાં કસ્તુરી પડી છે એની કિંમત નથી. એમ ભગવાનઆત્મા અંતરમાં અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય ઈશ્વરતા પરિપૂર્ણ છે. એને તો તું માનતો નથી અને પર્યાય ને રાગને મારો માને છે તો તું મૃગલા જેવો છો. કહો, 'ધન્નાલાલજી'! અહીંયાં તો આવી વાત છે, ભગવાન! આહાહા!

તું છો કેવો? એક સમયની પર્યાય જેટલો નથી તો કેવો છો? તું એવો છો કે સ્વપરપરિણતિને જ્ઞાન પર્યાયમાં જાણનાર, એવો હું છું. મારા દ્રવ્ય, ગુણ અને પર્યાયને પરિણતિ કહે છે અને મારા ઉત્પાદ, વ્યય અને ધ્રુવને પરિણતિ કહે છે. એ મારા ઉત્પાદ-વ્યય-ધ્રુવ અને દ્રવ્ય-ગુણ-પર્યાયને મારા જ્ઞાનમાં જાણનારો છું. પોતાના દ્રવ્યને, ગુણને અને પર્યાયને જાણનાર છું. આહાહા! અને પરદ્રવ્યના ગુણ-પર્યાય અને પરદ્રવ્યના ઉત્પાદ-વ્યય-ધ્રુવને હું જાણનારો છું. જેવા છ બોલ આમાં છે એવા છ બોલ પરમાં. આહાહા! કહો, 'દશરથલાલજી'! માર્ગ આવો છે, ભગવાન! કઠણ પડે. શું કરે? શું થાય? અમારા 'જ્ઞાનચંદ પંડિત' કહેતા હતા કે, અજાણ્યા માણસો ઘણા આવ્યા છે. પણ મેં કીધું માર્ગ તો જેવો છે એવો આવશે. અજાણ્યા તો અનાદિકાળના છે, પ્રભુ! હવે એનું જ્ઞાન કરવું છે કે નહિ? આહાહા!

અહીં તો કહે છે કે **'इमां स्वपरपरिणतिं जानन् अपि'** **'इमां'** છે ને? અરે..! કહે છે, પ્રસિદ્ધ છે ને? પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય અને ઉત્પાદ-વ્યય-ધ્રુવ પ્રસિદ્ધ છે અને પરદ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાય અને ઉત્પાદ-વ્યય-ધ્રુવ પ્રસિદ્ધ છે. આહાહા! આવો ધર્મ. આ કરતા તો દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો એ સહેલું હતું, લ્યો! એ ધૂળમાં પણ ધર્મ નથી. એ તો રાગ છે. અને પરની દયા પાળી શકું છું એવી માન્યતા મિથ્યા ભ્રમ છે. દયાનો ભાવ આવે પણ એ તો રાગ છે. આહાહા! નિશ્ચયમાં તો એ રાગ પોતાના સ્વરૂપની હિંસા છે. એ આવે છે. જ્યાં સુધી વીતરાગતા ન પ્રગટે ત્યાં સુધી જ્ઞાનીને પણ રાગ આવે છે. પણ માને છે કે આ રાગ દુઃખ છે. સમજાણું કાંઈ? એનો પણ હું તો જાણનારો છું, હું કર્તા નથી. આહાહા! ભાઈ! આ વીતરાગ માર્ગ છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ, જિનેશ્વરદેવની વાણી, એની પાટે બેસીને બીજી વાત કરવી...? આહાહા! છે? આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે, જુઓ! 'રાજમલ' ટીકા કરે છે. કળશ 'અમૃતચંદ્રાચાર્ય'ના છે. 'રાજમલ' ટીકા કરે છે. એમાંથી 'સમયસાર નાટક' બનાવ્યું છે. 'બનારસીદાસે' એમાંથી 'સમયસાર નાટક' બનાવ્યું છે. તો કહે છે કે **'इमां પ્રસિદ્ધ છે એવા પોતાનાં અને સમસ્ત જ્ઞેયવસ્તુઓનાં...'** જુઓ! સમસ્ત જ્ઞેય... આહાહા! અનંત સિદ્ધો, અનંત નિગોદના જીવો, એના દ્રવ્ય-ગુણ અને પર્યાય અને એના ઉત્પાદ-વ્યય-ધ્રુવ... આહાહા! એ **'સમસ્ત જ્ઞેયવસ્તુઓનાં...' 'પોતાનાં અને સમસ્ત જ્ઞેયવસ્તુઓનાં (परिणतिं) દ્રવ્ય-ગુણ:પર્યાયનો અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનો જ્ઞાતા છે.'**

ભગવાનઆત્મા તો એવો છે. પરમેશ્વર ફરમાવે છે. ત્રિલોકનાથ ઇન્દ્ર અને ગણધરોની વચ્ચે મહાવિદેહમાં વાણી નીકળે છે એ વાણી આ છે. આહાહા! ભગવંત! તું કેવો છો? તારો સ્વભાવ કેવો છે? કે સ્વપરપરિણતિ. સ્વના દ્રવ્ય-ગુણ-પર્યાય, સ્વના ઉત્પાદ-વ્યય-ધ્રુવ, પરના દ્રવ્ય-ગુણ-પર્યાય, કેવળીની પર્યાય, અનંત સિદ્ધોની પર્યાય... આહાહા!

મુમુક્ષુ :– જાણનારો છે.

ઉત્તર :– જાણનારો છે. આહાહા! પ્રભુ! તું તો જ્ઞાનસ્વરૂપ છો ને. ચિદ્રૂપમ્. જ્ઞાનનું રૂપ, તારું સ્વરૂપ, જ્ઞાનનું રૂપ તારું સ્વરૂપ (છે). ભાષા સહેલી છે પણ ભાવ તો (ગંભીર છે). અનંતકાળ થયો, 'અનંતકાળથી આથડ્યો વિના ભાન ભગવાન.' એ સ્વરૂપના ભાન વિના ચાર ગતિમાં રખડે છે. એ પોતાના અપરાધથી રખડે છે, હોં! કર્મને કારણે નહિ. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ' આવે છે. 'ચંદ્રપ્રભુ' ભગવાનની સ્તુતિમાં આવે છે. 'કર્મ બિચારે કૌન?' કર્મ તો જડ, અજીવ છે. એ છે કે નહિ એની એને ખબર નથી. શરીર છે કે નહિ એ શરીરને ખબર છે? આ તો માટી-ધૂળ છે. એ છે એને જાણનાર તો જ્ઞાન છે. આહાહા! અને હું છું એને જાણનાર પણ જ્ઞાન છે. આહાહા! ભાઈ! માર્ગ તો બહુ સૂક્ષ્મ છે. અપૂર્વ તત્ત્વજ્ઞાન, જૈનદર્શનના તત્ત્વજ્ઞાનની અલૌકિક વાત છે. જૈન પરમેશ્વર સિવાય આવી ચીજ દુનિયામાં ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? અરે...! દિગંબર સંતો સિવાય આ વાત ક્યાંય નથી. શ્વેતાંબરમાં નથી તો પછી બીજા અન્યમતમાં તો ક્યાંથી હોય? પ્રભુ!

મુમુક્ષુ :– શ્વેતાંબર-દિગંબરમાં થોડોઘણો ફેર છે.

ઉત્તર :– ઉગમણો-આથમણો ફેર છે. ઊગમણો-આથમણો સમજો છો? પૂર્વ-પશ્ચિમ. આહાહા! એ તો વસ્તુનું સ્વરૂપ બદલીને નીકળ્યા છે (શ્વેતાંબર) બે હજાર વર્ષ પહેલા. એ લોકોને દુઃખ લાગે. પણ સત્ય તો આ છે. કહો, 'નંદકુમારજી'! આ તો દિગંબર સંતો પરમાત્માની વાણી અને પરમાત્માનો અનુભવ કરીને કહે છે. સ્વપરપરિણતિ... આહાહા! કહો, શેઠ! ક્યાંથી કહ્યું? એમાં આવ્યું? સ્વપરપરિણતિ પ્રસિદ્ધ છે. એ સ્વપરપરિણતિ પ્રસિદ્ધ છે એનો જ્ઞાતા છે. પ્રસિદ્ધ છે એનો જ્ઞાતા છે. છે એનો જ્ઞાતા છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! ભગવાન! જિનવાણી બહુ સૂક્ષ્મ છે. જિનવાણીનો ભાવ સમજવો, તો તો ન્યાલ થઈ જાય. આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અત્યારે તો એમ કહે છે ને કે શુભભાવ કરો. કરતા કરતા ધર્મ થશે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા (આદિ) શુભભાવ કરો. અહીં તો કહે છે, પ્રભુ! શુભભાવ એ તો રાગ છે. રાગને પણ જાણનાર આત્મા છે, રાગનો કર્તા આત્મા નથી. આહાહા! ભારે પડખું ફેરવવું. આ નિંદરમાં સૂવે છે ને? એક બાજુ સૂતો હોય તો આ બાજુ સૂવે. કરવટ ફેરવે છે. એમ પર્યાયબુદ્ધિવાળાએ અંદર પડખું ફેરવવાનું છે, અંદર ત્રિકાળીની બુદ્ધિ કરવાની છે. આ તો કહે રાગ કરો, આમ કરો અને આમ કરો. પ્રરૂપણા પણ એવી ચાલે છે, પ્રભુ! શું કરે?

મુમુક્ષુ :– તગડો શુભભાવ હોય તો વિદેહક્ષેત્ર જઈ શકીએ, ત્યાંથી થઈ જશે.

ઉત્તર :– ધૂળમાં નથી. અનંતવાર મહાવિદેહમાં ગયો. સાંભળ્યું નથી? 'પરમાત્મપ્રકાશ'માં કહ્યું છે. સાક્ષાત્ ત્રિલોકનાથ જિનેશ્વરદેવ સમવસરણમાં બિરાજે છે ત્યાં અનંતવાર જન્મ્યો છે અને સમવસરણમાં અનંતવાર ગયો છે. ભગવાનની પૂજા, સમવસરણમાં સાક્ષાત્ તીર્થંકરની પૂજા મણિરત્નના દીવા, હીરાના થાળ, કલ્પવૃક્ષના ફૂલથી જય ભગવાન... એવું તો અનંતવાર કર્યું છે. એ તો શુભભાવ છે. મહાવિદેહક્ષેત્રમાં તો અનંતવાર જન્મ્યો છે. બાકી ૪૫ લાખ યોજનમાં એક-એક કણમાં અનંતવાર જન્મ્યો છે. તો ત્યાં અનંતવાર જન્મ્યો છે. ત્યાં તો ભગવાન કાયમ બિરાજે છે. ત્રિલોકનાથ પરમેશ્વર અને લાખો કેવળીઓનો કદી વિરહ નથી. અરે..! ભરતક્ષેત્રમાં પ્રભુના વિરહ પડ્યા. પરમાત્માના અહીંયાં વિરહ છે. મહાવિદેહમાં તો (પરમાત્મા) કાયમ બિરાજે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– ત્યાં ગયા, બધી ક્રિયા કરી તોપણ કસર શું રહી ગઈ?

ઉત્તર :– પોતાની દૃષ્ટિ બદલાણી નહિ. સમજાણું કાંઈ? અનંતવાર સાંભળ્યું, અનંતવાર પૂજા કરી. એ તો પરદ્રવ્યની પૂજા શુભભાવ છે.

'મોક્ષપાહુડ'માં 'કુંદકુંદાચાર્ય' ભગવાન કહે છે, **'परदव्वादो दुग्गई'** આહાહા! પરદ્રવ્ય ભગવાન છે એ તરફ લક્ષ કરીશ તો તારી દુર્ગતિ થશે. દુર્ગતિનો અર્થ રાગ એ દુર્ગતિ છે. તારી ચૈતન્યની ગતિ નહિ. આહાહા! 'નંદકુમારજી'! 'મોક્ષપાહુડ' છે, 'અષ્ટપાહુડ' છે અહીંયાં. એ 'મોક્ષપાહુડ'. 'મોક્ષપાહુડ'ને? 'કુંદકુંદાચાર્ય'ની ગાથા **'परदव्वादो दुग्गई'**. ગજબ વાત છે ને. તીર્થંકર કહે છે કે અમારી સામું જોવાથી તને રાગ થશે. તારી ચૈતન્યની પરિણતિમાં એ દુર્ગતિ છે. ગતિ નથી. **'परदव्वादो दुग्गई सद्दव्वादो हु सुग्गई'** 'અષ્ટપાહુડ' છે, એમાં ૧૬મી ગાથા છે.

મુમુક્ષુ :– બહુ કઠણ વાત છે.

ઉત્તર :– આ કુંદકુંદાચાર્ય કહે છે.

મુમુક્ષુ :– આ પુસ્તક તો 'સોનગઢ'થી છપાણું છે.

ઉત્તર :– 'સોનગઢ'નું છે? છપાણું ગમે ત્યાં હોય પણ વાણી કોની છે?

મુમુક્ષુ :- 'સોનગઢ'થી છપાયું છે ને.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉત્તર :– અહીં છપાણું છે. ક્યાં છપાયું છે એની મને બહુ ખબર નથી. ક્યાં છપાયું? અહીં?

મુમુક્ષુ :– 'કિસનગઢ'

ઉત્તર :– 'કિસનગઢ' છપાયું છે, લ્યો ઠીક! અમને તો ખબર નથી.

મુમુક્ષુ :– 'સોનગઢ'માં તો ખુલાસો થાય છે.

ઉત્તર :– ખુલાસો થાય છે, લ્યો શેઠ કહે છે.

પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. અહીં તો ત્રણલોકના નાથની વાણીમાં 'કુંદકુંદાચાર્ય' એ વાણી દ્વારા કહે છે, કે પ્રભુ એમ કહે છે કે પ્રભુ! તું સાંભળ તો ખરો. અમે તો તારાથી પરદ્રવ્ય છીએ ને. અને પરદ્રવ્ય ઉપર તારું લક્ષ જશે તો તને રાગ થશે અને ચૈતન્યપરિણતિ નહિ થાય. રાગ આવે છે. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી જ્ઞાનીને રાગ આવે છે. પણ એ દુઃખરૂપ અને હેય છે.

મુમુક્ષુ :– મૂળ દૃષ્ટિની વાત છે.

ઉત્તર :– મૂળ દૃષ્ટિની વાત છે આ. મૂળ દૃષ્ટિની વાત છે. આહાહા!

મુમુક્ષુ :– ઊંચી વાત છે.

ઉત્તર :– ઊંચી એટલે આ જ છે. આ જ સત્ય છે. ભાઈ!

'કુંદકુંદાચાર્ય' ૧૬મી ગાથામાં કહે છે. સમજાણું કાંઈ? ૧૩મી ગાથામાં છે. **'परदव्वाओ बज्झदि वरओ मुच्चेइ विविहकम्मेहिं' 'परदव्वाओ'** પરદ્રવ્યમાં લક્ષ જતાં રાગ થાય છે તો કર્મબંધ થશે. આ 'અષ્ટપાહુડ' છે.

અહીં છપાયું છે. છપાયું ગમે ત્યાં હોય પણ વાણી કોની છે એ લેવું જોઈએ. અરે..રે..! હરિજનના ઘરમાં છપાય. એમાં શું થયું? એના ઘરની ચીજ છે? આહાહા!

અહીં તો કહે છે, સ્વપરપરિણતિ પ્રસિદ્ધ છે. આહાહા! શું કહ્યું? પોતાનું દ્રવ્ય જે વસ્તુ અને ગુણ જે શક્તિ અને પર્યાય–અવસ્થા એ પ્રસિદ્ધ છે. છે, પ્રસિદ્ધ છે. અને પોતાના આત્મામાં ઉત્પાદ-વ્યય અને ધ્રુવ. નવી અવસ્થા ઉત્પન્ન થવી, જુની અવસ્થાનો વ્યય થવો, સદૃશ્યરૂપ ધ્રુવનું રહેવું એ પ્રસિદ્ધ છે. એક વાત. અને પરઆત્મા સિવાય પરજ્ઞેયો જે છે એના પણ દ્રવ્ય-ગુણ-પર્યાય પ્રસિદ્ધ છે અને એના ઉત્પાદ-વ્યય-ધ્રુવ પ્રસિદ્ધ છે. બેયને જાણનાર ભગવાન જ્ઞાતા છે. આ તો કાલે ચાલી ગયું છે, પાછું બીજી રીતે ચાલ્યું. એ તો ચીજ એવી છે. દરિયો-સમુદ્ર છે. આહાહા!

'કુંદકુંદાચાર્ય' દિગંબર સંતોની વાણી તો સમુદ્ર છે. આહાહા! 'સહેજે સમુદ્ર ઉલસ્યો જેમાં રતન તણાણા જાય.' સમુદ્ર ઉલસ્યો એમાં રત્ન આવ્યા રત્ન. 'ભાગ્યવાન કર વાવરે એની મોતીએ મુઠીયું ભરાય.' ભાગ્યવાન હોય એની મોતીથી મુઠ્ઠી ભરાય. ભાગ્યહિન વાવરે તો એના શંખલે મુઠીયું ભરાય. સમજાણું કાંઈ? આહાહા! આવી વાત છે, ભાઈ! અરે..રે..!

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જન્મ-મરણ કરીને... હમણા તો એવું સાંભળીએ છીએ કે કોઈને કેન્સર થયું, ગળું એવું થયું ને સડી ગયું. હાર્ટ ફેઈલ. ૨૫-૨૫ વર્ષના જુવાન, હાર્ટ ફેઈલ. દેહની સ્થિતિ પૂરી થવામાં એ તો નિમિત્ત છે. દેહની સ્થિતિ પૂરી થવાનો જ એ કાળ હતો. સમજાણું કાંઈ? આહાહા!

એક બાળકની વાત છે ને? ૨૬ વર્ષનો જુવાન હતો. ૨૬ વર્ષનો જુવાન. 'અમેરિકા'માં. 'અમેરિકા'માં આપણા કાઠિયાવાડી હતો. શું કહેવાય? 'જલગાવ'. 'વજુભાઈ'ના ભાણેજ. 'વજુભાઈ'ની બહેનનો દીકરો. ૨૬ વર્ષની ઉંમર. 'અમેરિકા'માં ૯૦ ટકે પાસ. આટલા લાખો માણસો અમેરીકામાં. એવી બુદ્ધિ. ૯૦ ટકા સમજ્યા? ૯૦ નંબરે-ટકાએ પાસ. એ લોકોએ કહ્યું અમે તમને નહિ જવા દઈએ. અમારે તમને માન આપવું છે. માન-સન્માન ઘણું કર્યું. એ બધો સામાન બાંધીને તૈયાર થઈ ગયો. ભાઈ પાસે અહીં કાઠિયાવાડમાં લગ્ન કરવા માટે આવવાનો હતો. અગિયાર વાગ્યા સુધી 'અમેરિકા'ના લોકોએ માન-સન્માન ઘણું કર્યું. ત્યારબાદ સૂતો અને જોયું તો સવારે મરી ગયો. લોકોનું માન એટલું.. ઓહો..! કાઠિયાવાડી માણસ 'અમેરિકા'માં ૯૦ ટકે પાસ! બહુ બુદ્ધિ. લોકોએ ઘણું સન્માન આપ્યું. અને સવારે તૈયારી કરી રાખી હતી. 'અમેરિકા'માં એનો બીજો ભાઈ છે એની પાસે જઈને અહીં આવવાનો હતો. સવારે જોયું ત્યાં દેહ ખલાસ થઈ ગયો. હાર્ટ ફેઈલ થઈ ગયું. આહાહા! દેહની સ્થિતિ, પ્રભુ! એ જે સ્થિતિએ પૂરી થવાની હશે તે સમયે થશે. ઇન્દ્ર પણ કોઈ એક સમય વધારી શકે (એમ છે નહિ). આહાહા!

કરવાનું કામ તો આ છે. હું તો સ્વપરપરિણતિને જાણનાર-દેખનાર જ્ઞાતા છું. પરની પરિણતિને કરનારો અને એ કાર્ય મારું એમ તો છે નહિ... આહાહા! પણ મારી પરિણતિનું કાર્ય મારું અને હું કર્તા એ પણ વ્યવહારથી છે. શું કહ્યું? સમજો, પ્રભુ! મારી ધર્મની પરિણતિ જે થઈ, જ્ઞાતા-દૃષ્ટાની પર્યાય થઈ એ મારું કાર્ય અને હું કર્તા એ પણ ઉપચારથી છે. કેમકે દ્રવ્ય પર્યાયનો કર્તા નથી. પર્યાયનો કર્તા પર્યાય છે તો દ્રવ્યને કર્તા કહેવો એ ઉપચાર-વ્યવહાર છે. આહાહા! સમજાણું કાંઈ? ન સમજાય એમ ન માનવું, પ્રભુ! આત્મા તો કેવળજ્ઞાનની લેવાની તૈયારીવાળો, અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન લે છે ને, નાથ! તો હું નહિ સમજી શકું એમ ન માનવું. સમજાણું કાંઈ? હું નહિ સમજી શકું એ જ એને સમજવા નથી દેતું. આહાહા! સમજાણું કાંઈ?

'**જ્ઞાતા છે.**' લ્યો! ત્યાં સુધી તો કાલે આવ્યું હતું. આજે પોણી કલાક ચાલ્યું. આહાહા! '**તો પછી કેવું છે પુદ્‌ગલ?**' '**(જીવ તો) એવો છે.**' છે? જીવ તો આવો છે, આત્મા તો એવો છે કે પોતાની પરિણતિ દ્રવ્ય-ગુણ-પર્યાય અને ઉત્પાદ-વ્યય-ધ્રુવને જાણે છે, બસ. જાણે છે. અને પરદ્રવ્ય-ગુણ-પર્યાય અને પરદ્રવ્યને જાણે છે બસ. એવો આત્મા છે. પરનું કંઈ કરી શકે, પરનું કાર્ય (કરે), એવું એ ચીજમાં છે જ નહિ. આહાહા! સમજાણું કાંઈ? ભાષા તો પ્રભુ સાદિ છે. આ કોઈ સંસ્કૃત અને વ્યાકરણ મોટા-મોટા એવી કોઈ ચીજ નથી. અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ન સમજાય એમ નથી. સમજી શકે છે, પ્રભુ! તારી શક્તિ મોટી છે. તું પરમાત્માની શક્તિથી ભરેલો છો. આહાહા!

**'તો પછી કેવું છે પુદ્ગલ?'** અહીંયાં તો દયા, દાનના પરિણામ પણ પુદ્ગલમાં લેવા છે. સમજાણું કાંઈ? શરીર, વાણી, મન એ તો પુદ્ગલ જડ છે. એ તો માટી-ધૂળ છે, અજીવ છે પણ અંદરમાં કર્મ છે એ પણ અજીવ પુદ્ગલ છે. એ તો છે પણ અંદરમાં પુણ્ય-પાપના ભાવ થાય એને પણ અહીં પુદ્ગલ કહ્યા. કેમકે અચેતન છે. શુભ-અશુભભાવમાં ચેતનનો અંશ નથી. એ જડ છે તો એ પોતાને જાણતા નથી, પરથી જણાનારી ચીજ છે તો એ જડ છે. ભાઈ! સમજાણું? ફરીથી.

મુમુક્ષુ :– રાગાદિ ભાવ પુદ્ગલ?

ઉત્તર :– એ પુદ્ગલ છે. એમ અહીંયા કહે છે. પુદ્ગલની વ્યાખ્યા-જે શુભ-અશુભભાવ છે એ રાગ છે અને રાગ પોતાને જાણતો નથી અને રાગ ચૈતન્યસ્વરૂપ ભગવાન છે એને પણ જાણતો નથી, રાગ ચેતન દ્વારા જણાય છે માટે રાગ અચેતન છે. લોજિકથી થોડું... એમાં તો અજીવ કહ્યું. શાસ્ત્રમાં રાગને અજીવ કહ્યો છે, પુદ્ગલ કહ્યો છે, અચેતન કહ્યો છે, મેલ કહ્યો છે, દુઃખ કહ્યું છે. એ વાત કાલે આવી હતી. ૭૨ ગાથામાં.

ભગવાનઆત્મા... એમ કહીને બોલાવ્યા છે. રાગ તે અશુચિ છે. ચાહે તો પંચમહાવ્રતના પરિણામ હો પણ રાગ એ અશુચિ છે, પ્રભુ! તને ખબર નથી. અને રાગ એ જડ છે. એમાં ચૈતન્યના પ્રકાશનો અંશ નથી. ઇ અંધ છે. આવી વાત સાંભળવા મળવી કઠણ છે, ભગવાન! શું થાય? એ રાગ દુઃખ છે. ત્રણ બોલ લીધા છે. ૭૨ ગાથામાં કહ્યું છે. 'સમયસાર'ની ૭૨મી ગાથા. દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ છે એ અશુચિ છે, જડ છે અને દુઃખ છે. ભગવાનઆત્મા નિર્મળાનંદ શુચિ છે, ચૈતન્યસ્વરૂપ છે અને આનંદસ્વરૂપ છે. આહાહા! આવું ભેદજ્ઞાન! ઝીણી વાત છે, ભગવાન! આહાહા! અહીં તો કાયરના કામ નથી. આહાહા! વીરના માર્ગ વીરોને માટે છે. કહો, રાગની મંદતા કરે તો દાનના ભાવ થાય છે, અભિમાન માટે કરે તો તો પાપ છે. પાંચ લાખ, દસ લાખ પૈસા દેવા એમાં રાગ મંદ કરે તો પુણ્ય છે. અને પુણ્ય છે એ અચેતન છે. આહાહા! ગજબ વાત છે.

બાલની છાલ. આ વાળ હોય છે ને વાળ? વાળમાં એવું હોય છે. આ વાળ છે ને? એમાં છેડે બે ભાગ હોય છે. અમે તો બધું જોયું છે ને. એક એક ચીજને નજરે જોઈને નક્કી કરી છે. એકવાર જંગલમાં અમે બેઠા હતા તો વાળ તોડીને જોયું તો વાળને છેડે બે ભાગ હતા. છેડે સમજ્યા? ચીરે તો ચીરી ન શકે. આ વાળ. વાળને છેડે બે ભાગ હતા. આહાહા! વાળની છાલ.

અહીં તો રાગ અને ભગવાન બેય ભિન્ન છે. આહાહા! રાગને પણ પરદ્રવ્યના ગુણ-પર્યાય તરીકે જાણે છે. આહાહા! આ કર્તા-કર્મ અધિકાર છે. સમજાણું કાંઈ? ભાઈ! પરમાત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જિનેશ્વરદેવનો માર્ગ બહુ સૂક્ષ્મ છે, પ્રભુ! અને જેનું ફળ પણ અનંત આનંદ. જેમાં અનંત આનંદ સર્વજ્ઞ પરમાત્મા થવાય એનો ઉપાય કેવો હોય! લોકો તો બહારથી માંડીને બેઠા છે, આપણે આ વ્રત કરીએ, અપવાસ કરીએ એ ધર્મ. પ્રભુ! તું ભ્રમણામાં ભગવાનને ભૂલી ગયો. સમજાણું કાંઈ? આહાહા!

**'તો પછી કેવું છે પુદ્ગલ તે જ કહે છે— (इमां स्वपरपरिणतिं) अजानन्'** આહાહા! **'પ્રગટ છે...'** એ પણ પ્રગટ છે એમ કહે છે. **'એવાં પોતાનાં અને અન્ય સમસ્ત પરદ્રવ્યોનાં દ્રવ્ય-ગુણ-પર્યાય આદિને નથી જાણતું—'** રાગ ને શરીર પોતાને નથી જાણતા અને પરને પણ નથી જાણતા. 'જ્ઞાનચંદજી'! વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ ઊઠે છે, રાગ, એ તો પોતાને પણ નથી જાણતો અને જ્ઞાતાસ્વરૂપ અંદર ચૈતન્ય છે એને પણ નથી જાણતો. તો નિશ્ચયમાં પોતાના સ્વભાવની અપેક્ષાએ રાગને પણ અચેતન પુદ્ગલ કહેવામાં આવ્યો છે. આહાહા! નીકળી જાય છે ને, છૂટી જાય છે ને? સિદ્ધ થાય તો પછી પુણ્યભાવ રહે છે? એનું હોય તો રહે. એના છે ક્યાં? આહાહા! 'પોપટભાઈ'! આવું ઝીણું છે. 'મુંબઈ'-બુંબઈમાં મળે એવું નથી. એ કરોડપતિ છે. 'મુંબઈ'માં બધા મોટા ધંધા છે. એ પણ કરોડપતિ છે. બે કરોડપતિ શેઠિયા બેઠા છે. એ 'સાગર'ના છે. સાગર... સાગર. બીડીવાળા. આ અમારા 'વઢવાણ'ના છે.

મુમુક્ષુ :– પહેલા વખાણ કરો છો પછી ધૂળ કહો છો.

ઉત્તર :– ધૂળ છે. વખાણ કોણ કરે છે?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કિંમત છે એ ધૂળ છે, માટી છે. આ શરીર ધૂળ છે, આ માટી છે. પ્રભુ! આ તો અજીવ છે. આહાહા! એકવાર મહાણની રાખ થશે એની. અગ્નિ-અગ્નિ નીકળશે. આ તો માટી-ધૂળ છે. રાગને જ્યાં અચેતન કહ્યો તો શરીરની તો શું વાત કરવી? પ્રભુ! આહાહા!

**'એવું છે પુદ્ગલદ્રવ્ય.'** એ નથી જાણતા પોતાને, નથી જાણતા પરને **'એવું છે પુદ્ગલદ્રવ્ય.'** છે એમાં? **'ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય જ્ઞાતા છે, પુદ્ગલકર્મ જ્ઞેય છે—'** આહાહા! ભગવાન તો જાણનાર-દેખનાર છે. અને રાગાદિ, પુદ્ગલ શરીરાદિ તો જ્ઞેય છે. પરજ્ઞેય તરીકે છે. આહાહા! સ્વજ્ઞેય તરીકે ભગવાન આનંદપ્રભુ આત્મા છે અને પરજ્ઞેય તરીકે તો આ પુદ્ગલ રાગાદિ પરજ્ઞેય છે. પર તરીકે જાણવા લાયક જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે, વ્યવહાર છે. આહાહા!

**'એવો જીવને અને કર્મને જ્ઞેયજ્ઞાયકસંબંધ છે...'** આહાહા! જીવને અને કર્મ જે જડ છે એને આવો જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે. આહાહા! એ જડકર્મ જ્ઞેય છે અને આત્મા જ્ઞાયક છે. આહાહા! એ પણ વ્યવહાર છે. પોતાનું સ્વરૂપ પોતાનું જ્ઞેય અને પોતાનું સ્વરૂપ પોતાનું જ્ઞાન અને પોતાનું સ્વરૂપ પોતાનું જ્ઞાયક. એ જ્ઞાયક, જ્ઞેય ને જ્ઞાન પોતાનું છે એ નિશ્ચય છે. અને રાગાદિ પરજ્ઞેય એ વ્યવહાર છે. આહાહા! સમજાણું કાંઈ? વાત તો એવી નીકળી છે.

**'તોપણ વ્યાપ્યવ્યાપક સંબંધ નથી;...'** શું કહ્યું? કે જેટલા પ્રમાણમાં રાગ હોય એટલા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રમાણમાં સામે કર્મ બંધાય. એમ હોવા છતાં પણ કર્મની પર્યાય વ્યાપ્ય અને આત્મા કર્તા-વ્યાપક એમ છે નહિ. વ્યાપ્ય એટલે પર્યાય-કાર્ય અને વ્યાપક એટલે કર્તા-દ્રવ્ય. તો કર્મની પર્યાય અહીંયાં જેટલા પુણ્ય-પાપના ભાવ થાય છે એ પ્રમાણે પરમાણુમાં કર્મની અવસ્થા થાય છે. તો એ કર્મની અવસ્થા વ્યાપ્ય-કાર્ય અને આત્મા કર્તા એમ નથી. આહાહા! જેટલા પ્રમાણમાં રાગ-દ્વેષ થાય એટલા પ્રમાણમાં કર્મ પરમાણુ હોય તોપણ એ વ્યાપ્ય અને આત્મા વ્યાપક એમ છે નહિ. એ કાર્ય અને આત્મા કર્તા એમ નથી. આહાહા! તો આ દુનિયા ને શરીર ક્રિયા, વાણી, ધંધા એ પર્યાયનો કર્તા આત્મા નથી. છે? આહાહા!

મુમુક્ષુ :– વ્યાપ્યવ્યાપકપણું નથી

ઉત્તર :– :– .. થી કહ્યું. આહાહા!

**'કેવો છે ભેદજ્ઞાનરૂપ અનુભવ?'** હવે કહે છે કે અંદર ભેદજ્ઞાન કર્યું એ ચીજ કેવી છે? એ વિશેષ આવશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**શ્રાવણ વદ ૧૩, શુક્રવાર તા.૧૨.૦૮.૧૯૭૭**
**કળશ - ૫૦-૫૧, પ્રવચન - ૬૫**

આ 'કળશટીકા'નો કર્તાકર્મ અધિકારનો ૫૦ શ્લોક છે. તેની છેલ્લી બે લીટી બાકી છે. આ અધિકારમાં શું ચાલે છે? કે આત્મા છે. જે કર્મની પર્યાય થાય છે જેટલો અહીં આત્મા રાગ-દ્વેષ કરે, એટલો જ કર્મની પર્યાયમાં બંધનરૂપ થાય છે, પણ એ પર્યાયનો કર્તા આત્મા નથી. સમજાણું કાંઈ? જેટલા પુણ્ય અને પાપના ભાવ પોતાની પર્યાયમાં વિકારનું કાર્ય સ્વતંત્ર જીવ કરે એ સમયે કર્મની પર્યાય જે કર્મવર્ગણા હતી એ કર્મરૂપ થઈ. એ પર્યાયનો કર્તા આત્મા નથી. અને આત્મા વ્યાપક થઈને એ કર્મની પર્યાય વ્યાપ્ય એટલે કાર્ય થાય એમ નથી. આહાહા! નજીકમાં પણ જેટલા પ્રમાણમાં વિકૃત થાય એટલા પ્રમાણમાં પરમાણુની કર્મરૂપ અવસ્થા થાય, એ અવસ્થાનો પણ કર્તા નથી, તો આ શરીર, વાણી, મન અને લક્ષ્મી જડ આદિ ધૂળ બહારમાં છે એની અવસ્થા આત્મા કરે અને આત્મા એનો કર્તા, એ તો ત્રણકાળમાં નથી. સમજાણું કાંઈ?

એ કહે છે જરી. એવી બે ચીજ ભિન્ન છે. કર્મ અને આત્મા બે ચીજ ભિન્ન છે. કર્મથી વિકાર થાય છે એમ પણ નથી. કર્મ પરમાણુ છે એ વ્યાપક થઈને, કર્તા થઈને જીવના વિકાર પરિણામ કર્મથી થાય એમ પણ નથી. કેમકે કર્મ વ્યાપક અને વિકાર વ્યાપ્ય એમ એ નથી. સૂક્ષ્મ છે. કાલે આવ્યું છે. એ તો સંપ્રદાયમાં પહેલેથી ચાલે છે કે કર્મથી વિકાર થાય છે. કાલે આવ્યું. 'જ્ઞાનમતિ' છે. 'દિલ્હી'માં ... આત્મામાં જે બગાડ થાય છે એ કર્મથી થાય છે. એ વાત તદ્દન જુઠી છે. કેમકે કર્મની પર્યાય જડ પરમાણુની અવસ્થા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. અને વિકારની અવસ્થા આત્માની ઊલટી અવસ્થા પોતામાં છે. એ અવસ્થાનો વ્યાપ્ય અને આત્મા વ્યાપક, વિકાર પર્યાયનું વ્યાપ્ય એટલે કાર્ય અને આત્મા કર્તા એ બરાબર છે. અને કર્મ જે છે એ વ્યાપક થઈને જીવનો વિકાર વ્યાપ્ય કરે એમ છે નહિ. અરે..રે..! આવી વાતું. સમજાણું કાંઈ? આહાહા!

જેમ આ શરીર ચાલે છે, જુઓ! તો એનું વ્યાપ્ય કાર્ય જડનું છે. વ્યાપક એ પરમાણુ રજકણ છે. વ્યાપક એટલે કર્તા અને વ્યાપ્ય એટલે પર્યાય-અવસ્થા-કાર્ય. આ જડની અવસ્થા આમ થાય છે એમાં પરમાણુનું જે વ્યાપ્ય (એટલે) પરમાણુનું કાર્ય (થાય) છે એ પરમાણુ એનો વ્યાપક-કર્તા છે. આત્મા આંગળીને હલાવી શકે એમ ત્રણકાળમાં નથી. આહાહા! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આત્મા નીકળી જાય પછી...

ઉત્તર :– શું મડદામાં પરમાણુની પર્યાય નથી થતી? અત્યારે પણ એનાથી અવસ્થા થાય છે. આ શરીર મડદું જ છે. કર્તા-કર્મ (અધિકારની) ૯૬ ગાથામાં એમ કહ્યું છે કે 'મૃતક કલેવરમાં અમૃત સાગર ભગવાન મૂર્છિત થયો છે.' એમ આવ્યું છે. 'સમયસાર'ની ૯૬મી ગાથા. આ તો મૃતક કલેવર છે. આ રજકણ છે એ તો મૃતક કલેવર છે. એમાં ચૈતન્ય છે નહિ. પરમાણુમાં ચૈતન્ય નથી. ચૈતન્ય તો અંદર ભિન્ન ચીજ છે. આ મૃતક કલેવરમાં અમૃત સાગર ભગવાન અતીન્દ્રિય આનંદનો સાગર પોતાને ભૂલીને શરીર મૃતક છે એમાં મૂર્છાઈ ગયો છે. આહાહા! છતાં મૂર્છાનું વ્યાપ્ય આત્માનું કાર્ય છે. એ કર્મનો દર્શનમોહ ઉદય થયો માટે એવી મૂર્છા થઈ એમ નથી. આહાહા! ઝીણી વાત બહુ, બાપુ! વીતરાગમાર્ગ ઘણો સૂક્ષ્મ છે. આહાહા! અંતરમાં ભેદ કરવાની વાત બતાવે છે.

કર્મની પર્યાય કર્મમાં થાય છે તો વ્યાપ્ય-વ્યાપકપણું તો પુદ્ગલમાં વ્યાપ્ય-વ્યાપક છે. આત્મા એનું વ્યાપ્ય એટલે કર્મની પર્યાયનો કર્તા (અને) આત્મા વ્યાપક એમ નથી. અને કર્મ વ્યાપક અને આત્માની વિકારી પર્યાય એનું વ્યાપ્ય એમ પણ નથી. ઘણી ગડબડ છે. એ પ્રશ્ન ૨૦ વર્ષ પહેલા 'વર્ણીજી' સાથે ચાલ્યો હતો. એ વાત પાછી કાલે આવી. એક આર્જિકા પુસ્તક બહાર પાડે છે ને? જ્ઞાનમતિ. 'દિલ્હી'. અહીંનો વિરોધ કરે છે, એકાંત છે. એમ કે વ્યવહારનયથી આત્માનો વિકાર કર્મથી થાય છે.

મુમુક્ષુ :– વ્યવહારનયથી થાય છે એનો...

ઉત્તર :– એનો અર્થ કે નથી થતો. આહાહા! એણે લખ્યું છે, ભાઈ! તું રખડે છો, તમારો બગાડ કર્મથી થયો છે. ધૂળમાં પણ નથી. આહાહા! દૃષ્ટિ તદ્દન વિપરીત છે. પોતાની વિકારી પર્યાયનો કર્તા કર્મ અને કર્મની પર્યાયનો કર્તા આત્મા (એમ માનનાર) મિથ્યાદૃષ્ટિ છે. 'દેવીલાલજી'! સમજાણું કાંઈ? આહાહા!

આ જડ, માટી પરમાણુ છે. એની જે અવસ્થા છે એ અવસ્થાનું વ્યાપ્ય પર્યાય એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરમાણુ છે. એ માટીના પરમાણુ વ્યાપક થઈને એ અવસ્થા થઈ છે. આત્માથી નહિ. આહાહા! અને આત્મામાં જે વિકૃતભાવ થાય છે એ કર્મથી થાય છે એમ વાત નથી. જૈનમાં તો કર્મ ઘણું ઘૂસી ગયું છે. દુનિયાએ ઈશ્વરકર્તા માની લીધા. જૈનમાં કર્મ કર્તા માની લીધું. ઈશ્વર તો હજી ચૈતન્ય છે અને કર્મ તો જડ છે. આહાહા! જડ આત્માને રખડાવે છે અને જડથી આત્મામાં નુકસાન થાય છે... આહાહા!

અહીંયાં ભગવાન 'કુંદકુંદાચાર્ય'ના શ્લોકનો ભાવ 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે. દિગંબર સંત એટલે ઓહોહો..! અલ્પકાળમાં કેવળજ્ઞાન લેવાની તૈયારી એમની છે. પંચમઆરો હતો તો મુક્તિ કેવળજ્ઞાન છે નહિ. તો કેવળજ્ઞાન લેવાની તૈયારી કરીને સ્વર્ગમાં ગયા છે. અને ત્યાંથી નીકળીને મુનિ થઈને કેવળજ્ઞાન લઈને સંતો મોક્ષે જશે. આ 'કુંદકુંદાચાર્ય' આદિ. આહાહા! એમની આ વાણી છે. આહાહા! ભગવંત! કહે છે... આ છેલ્લી બે લીટી બહુ સૂક્ષ્મ છે. જ્યારે પોતાનો આત્મા કર્મની પર્યાયનો કર્તા નથી અને કર્મની પર્યાય પોતાના વિકારી પર્યાયનો કર્તા નથી એવું ભેદજ્ઞાન કરો, કહે છે. સમજાણું કાંઈ? આહાહા! કહો, 'પોપટભાઈ'! આ તમારે લાદી-ફાદીનું તો ક્યાંય રહી ગયું. ન્યાં રહી ગયું. મોટી લાદીના (કારખાના) છે. પંદર લાખ, વીસ લાખનું મોટું છે. અમે 'થાન'માં ઉતર્યા હતા ને? 'થાન-થાન' ને? શું કહેવાય? 'થાણા'. 'થાન' તો ગુજરાતમાં છે. આહાહા!

અહીં કહે છે કે એકપણું નથી. કર્મની જડ પર્યાય અને આત્માની વિકૃત પર્યાય બે એક નથી. બે તદ્દન ભિન્ન છે. અહીંયાં તો કહે છે કે જ્યારે બે ભિન્ન છે તો કર્મની પર્યાયથી પોતાને ભિન્ન કરવામાં શું છે? ભેદજ્ઞાન. એ ભેદજ્ઞાન અહીં બતાવે છે.

**'કેવો છે ભેદજ્ઞાનરૂપ અનુભવ?'** છેલ્લો શબ્દ છે. આહાહા! એ કર્મથી પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય ભિન્ન છે. એવું પરથી ભિન્ન ભેદજ્ઞાન, જે અનંતકાળમાં કર્યું નથી. આહાહા! એ કર્મથી ભિન્ન કરવામાં જ્યારે કર્મથી ભિન્ન મારી ચીજ છે એવો ભેદ કરતાં રાગથી પણ ભિન્ન થઈ ગયો. શું કહ્યું? કર્મ જે જડ છે, એની પર્યાય એ મારું કાર્ય નથી અને કર્મનું કાર્ય મારો વિકાર નથી. એમ જ્યારે કર્મથી ભિન્ન અંદર પડે છે, આત્મા તરફ વળે છે, તો કર્મથી ભિન્ન પડે છે. કર્મથી ભિન્ન થવાને કાળે રાગથી પણ ભિન્ન થઈ ગયો. સમજાણું કાંઈ? બેય તરફનું લક્ષ છૂટી ગયું. આહાહા! જરી સૂક્ષ્મ વાત છે, ભગવાન! આ તો પ્રથમ સમ્યગ્દર્શનની ભેદજ્ઞાનની વાત છે.

**'भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन'** અત્યાર સુધી જેટલા પરમાત્મા સિદ્ધ થયા એ ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે. **'भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन'** જેટલા પરમાત્મા સિદ્ધ થયા એ ભેદજ્ઞાનથી થયા છે. **'अस्यैवाभावतो बद्धा'** કર્મથી બંધાણા છે એમ નથી લીધું. ભેદજ્ઞાનના અભાવથી બંધનમાં પડ્યો છે. સમજાણું કાંઈ? **'अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन'** નિગોદથી માંડીને જેટલા આત્માઓ ભાવબંધનમાં છે, એ પોતાના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાવબંધનથી ભિન્ન નહિ પડતા ભાવબંધનમાં છે. એ પોતાના પુરુષાર્થની ઊલટી દશાથી ભાવબંધનમાં છે. કર્મથી નથી. આહાહા! અરે..! આવું ઝીણું હવે. એ કહે છે, જુઓ!

**'કેવો છે ભેદજ્ઞાનરૂપ અનુભવ?'** શું કહે છે? કર્મ ઉપરથી લક્ષ છોડીને, જે અનાદિનું કર્મ ઉપર લક્ષ છે એ લક્ષ છોડીને ચૈતન્યસ્વરૂપ ભગવાન આનંદમૂર્તિ જ્ઞાયક પ્રભુ છે એ તરફ લક્ષ જાય છે ત્યારે કર્મથી ભિન્ન પડે છે અને રાગથી પણ ભિન્ન પડે છે અને પોતાના આનંદનો અનુભવ થાય છે. આહાહા! એનું નામ ભેદજ્ઞાન કહેવાય છે. કહો, 'નંદકિશોરજી'! કાલે 'નંદકુમાર' કહ્યું હતું. કુમાર યુવાન અવસ્થા છે. આત્માનંદની યુવાન અવસ્થા. આહાહા!

શાસ્ત્ર એ કહે છે કે આત્મા રાગની એકતાબુદ્ધિ કરે છે ત્યાં સુધી બાળક-અજ્ઞાની છે. શરીરની બાળ, યુવાન, વૃદ્ધાવસ્થા એ આત્મામાં નથી. પણ એ આત્મા પોતાનું ચિદાનંદસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદના નાથને છોડીને દયા, દાન, વ્રતાદિના વિકલ્પ સાથે એકત્વ કરે છે એ એની બાળ અવસ્થા છે. ભાઈ! એ બહિરાત્મ અવસ્થા બાળ અવસ્થા છે. આહાહા! અને જ્યારે કર્મથી અને રાગથી ભિન્ન પોતાની ચીજને જાણી એ આત્માની અંતરઆત્મ અવસ્થા એ યુવાવસ્થા છે. સમજાણું કાંઈ? આ બહારની યુવાવસ્થા તો જડ, માટી, ધૂળ છે. આહાહા! ક્ષણમાં પલટી જાય, ક્ષણમાં રાખ થઈ જાય. અત્યારે તો ઘણાને હાર્ટફેઈલ થાય છે ને. આહાહા! યુવાન માણસ. એક માણસ વાત કરતો હતો. ભાઈ કહેતા હતા. કેવું તમારે? 'મલકાપુર'. 'નેમચંદભાઈ' ક્યાં ગયા? એ 'મલકાપુર'માં એક છે ને. એક ભાઈ કહેતા હતા. કપડાના વેપારી. આપણા યુવાન માણસ, નહિ? કપડાના વેપારી છે ને. 'મોક્ષમાર્ગ પ્રકાશક'નો ઘણો અભ્યાસ છે. એનું નામ શું? 'હુકમચંદ'?

મુમુક્ષુ :– 'સ્વરૂપચંદ'

ઉત્તર :– હા. 'સ્વરૂપચંદ'. એ કહેતા હતા કે એનો કોઈ મિત્ર હતો. અમે બે સાથે બેઠા હતા. એ 'સ્વરૂપચંદ' કહેતા હતા. બે સાથે બેઠા હતા. બેય યુવાન આદમી. વાતચીત કરતા કરતા ફૂ... બસ. એટલું થયું ત્યાં દેહ છૂટી ગયો. 'સ્વરૂપચંદ' કહેતો હતો. એનો કોઈ મિત્ર હતો. આહાહા! 'મલ્કાપુર'. પણ આ તો માટી, ધૂળ છે, ભગવાન! એની અવસ્થા (ફરવામાં) સમય લાગતો જ નથી. એક સમયમાં સમયાંતર થઈને ફડાક થઈ જાય. એ ક્ષેત્રથી તો ભિન્ન છે પણ ક્ષેત્રથી દૂર થવાની એક સમયની સ્થિતિ છે. આહાહા! હાર્ટ ફેઈલ. આહાહા! પ્રભુ! તારું હાર્ટ ફેઈલ થઈ ગયું છે. રાગ અને કર્મની પર્યાય એ મારું કાર્ય એ ચૈતન્યમાં હાર્ટ ફેઈલ થઈ ગયું છે. 'ધન્નાલાલજી'! હવે હાર્ટ ફેઈલને એકવાર છોડ, પ્રભુ! એમ કહે છે. આહાહા! શું કરવું?

**'કેવો છે ભેદજ્ઞાનરૂપ અનુભવ?'** આહાહા! કર્મનું લક્ષ છોડીને ચૈતન્ય આનંદસ્વરૂપ ભગવાનઆત્મા ઉપર દૃષ્ટિ લગાવી ભેદજ્ઞાનરૂપ અનુભવ થયો, આનંદનો અનુભવ થયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જે રાગની એકતામાં આકુળતાનો અનુભવ હતો, અનાદિ સંસારમાં કર્મચેતનાનો અનુભવ હતો. સમજાણું કાંઈ? કર્મચેતના અર્થાત્? કર્મ એટલે જડ એ નહિ. રાગ. રાગ એ વિકારી કાર્યની ચેતનામાં અનાદિથી રમત કરે છે. એ કર્મચેતનામાં રમવું અને એકત્વબુદ્ધિમાં રહેવું એ જ સંસાર, બાળ અવસ્થા, બહિરાત્મ અવસ્થા, મૂંઢ અવસ્થા છે. ચાહે તો રાજા હોય કે અબજોપતિ હો, બધા મૂરખ અને મૂંઢ છે. આહાહા! સમજાણું કાંઈ? અને જ્યારે એનું ભેદજ્ઞાન કરે... આહાહા! ઘણી સૂક્ષ્મ વાત, ભગવાન! એ કર્મ ઉપર જે અનાદિનું લક્ષ છે અને પોતાના લક્ષથી ચ્યુત છે એ પરના લક્ષથી ચ્યુત થઈને... આહાહા! પોતાના આનંદ જ્ઞાયક સ્વરૂપમાં એકાગ્ર થાય છે તો એને ભેદજ્ઞાન થાય છે. ત્યારે એને રાગથી ભિન્ન આત્માનો અનુભવ થાય છે. એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ છે. સમજાણું કાંઈ? આહાહા! હવે ભેદજ્ઞાન કેમ કરે છે?

**‘अयं क्रकचवत्’** છે ને શબ્દ? ત્યાં જરી **‘अदयं’** જોઈએ. **‘अयं’**માં એક **‘द’** વચમાં નાખી દેવો જોઈએ. એ ભૂલ થઈ છે. છાપવામાં ભૂલ થઈ છે. પાઠમાં છે, જુઓ! **‘क्रकचवददयं’** ચોથું પદ છે. છે ને? ૫૦. **‘क्रकचवददयं भेदमुत्पाद्य सद्यः’** આહાહા! શું કહ્યું? **‘अयं’**માં **‘द’** જોઈએ. નિર્દય રીતે રાગ અને કર્મથી આત્મા પોતાને ભિન્ન પાડે છે. દયા નથી રાખતો. કોઈને નિર્દય રીતે કાપે છે ને? બોકડાને. એમ ભગવાનઆત્મા.. આહાહા! કર્મ તરફ લક્ષ છે એને નિર્દયથી પોતાના લક્ષમાં જોડે છે. દયા નથી કરતા કે અરે..રે..! અનાદિનો સંબંધ છે એને કેમ તોડું?

‘પરમાત્મપ્રકાશ’માં એમ કહ્યું છે. રાગ પોતાનો છે એમ બંધુ તરીકે માન્યું છે, એ બંધુને મારવો. બંધવ છે. અનાદિથી રાગ સાથે છે ને? વિકારનો, પુણ્ય-પાપનો, મિથ્યાત્વનો ભાવ અનાદિનો બંધુ તરીકે છે. બંધુને છેદનાર ધર્માત્મા છે. સમજાણું કાંઈ? આહાહા! ધીમેથી સમજવું, ભગવાન! આ તો અનંતકાળમાં ભેદજ્ઞાન થયું નથી એ ચીજ છે. ચાહે તો શાસ્ત્રનું અગિયાર અંગનું જ્ઞાન કર્યું, નવ પૂર્વ ભણ્યો પણ ભેદજ્ઞાન ન કર્યું. સમજાણું કાંઈ? અને ભેદજ્ઞાન વિના સમ્યગ્દર્શન થતું નથી. સમ્યગ્દર્શન વિના મોક્ષનો માર્ગ ખીલતો નથી. મોક્ષમાર્ગમાં આવ્યા વિના મોક્ષ થતો નથી.. આહાહા!

**‘अदयं क्रकचवत् सद्यः भेदं उत्पाद्य’ ‘જેણે...’** નિર્દય રીતે.. એમ લેવું. એવો શબ્દ જરા જોડી દેવો. અંદર નથી. છાપવામાં ભૂલ થઈ છે. **‘જેણે નિર્દય રીતે કરવતની માફક શીઘ્ર જ જીવ અને પુદ્ગલનો ભેદ ઉત્પન્ન કર્યો છે.’** આહાહા! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ જ્ઞાયકસ્વભાવ અને કર્મ જડપર્યાય અને એના નિમિત્તના અવલંબને પોતાને રાગ થાય છે એ રાગનું અને કર્મનું લક્ષ છોડીને.. સંબંધ તો બંધ.. એ રાગનો સંબંધ તો બંધુ તરીકે, ભાઈ તરીકે અનાદિનો છે. ધર્માત્મા બંધુને છેદનારા છે. ભાઈ-ભાઈ જુદા પડે છે એમ કહે છે ને? ભાઈ ભાઈ હોય એ જુદા પડે. સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પાંચ-સાત ભાઈઓ હોય ને? એક ઓસરી, ઓસરીને શું કહે? વરંડો. તો ઓસરીમાં એના પિતાજી પહેલેથી ઘરની ઓસરીમાં પહેલેથી બે થાંભલી કરે. થાંભલી સમજો છો? લાકડાની હોય. બે વચ્ચે અંતર રાખે. એક થાંભલી આમ અને એક થાંભલી આમ હોય. જોયું છે? પહેલેથી એ કરી રાખે. છે તો સાથે પણ વચ્ચે થાંભલી રાખે. એક સાથે બે રાખે. આ બાજુનું આનું અને આ બાજુનું એનું. ભાગ પાડવો હોય તો એમ કરે. થાંભલી કહે? ખંભા. એ બે થાંભલી સાથે ઓસરીમાં રાખે. જ્યારે ભાગ પાડે ત્યારે આ બાજુનું આનું અને આ બાજુનું આનું.

એમ આત્મામાં રાગ અને આત્મામાં એક સંધિ નથી થઈ એમ કહે છે. જુદા જુદા છે. એ આગળ આવી ગયું. પુણ્ય અને પાપનો વિકલ્પ રાગ અને ભગવાન જ્ઞાયકસ્વભાવ, બેમાં એકરૂપ સંધિ નથી થઈ. નિઃસંધિ છે, ભેદ છે. 'પોપટભાઈ'! તમારે તો છ છોકરા છે તો કેટલું કરવું પડતું હશે? આહાહા!

અહીંયાં તો કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. આહાહા! રાગની સાથે તારો સંબંધ અનાદિથી છે. ભાઈબંધ તરીકે એનો બંધ રાખ્યો છે. હવે તું '**अदयं**' દયા ન કર. કે અરે..! અનાદિનો સંબંધ છે એને કેમ તોડું? આહાહા!રાગ, શરીર, કર્મ એ તરફનું લક્ષ છોડીને નિર્દય રીતે નિષ્ઠુર પરિણામથી, નિષ્ઠુર એટલે દરકાર કર્યા વિના પોતાનો ચૈતન્ય જ્ઞાયકભાવ છે એ તરફ ઝુકી જા. આહાહા! આવી વાત છે, ભગવાન! આ ધર્મ છે. આવો ધર્મ છે. સમજાણું કાંઈ? બાકી બધી વાતું છે. '**अदयं નિર્દય રીતે કરવતની માફક...**' કરવત છે ને? કરવત. આરા. રાગ અને કર્મની પર્યાય ઉપરથી લક્ષ છોડીને કરવતની માફક એનાથી ભિન્ન ભેદજ્ઞાન કર.

મુમુક્ષુ :– દયામાં તો ધર્મ સાંભળ્યો હતો પરંતુ આ...

ઉત્તર :– દયામાં ધર્મ નથી. દયા પરિણામ એ રાગ છે અને હિંસા છે. પરની દયા તો કરી શકતો નથી. પણ પરની દયાનો ભાવ આવે એ રાગ છે. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં એને હિંસા કહી છે. સ્વરૂપની હિંસા થાય છે. આહાહા! આવી વાત છે, ભાઈ! ચોર્યાસી લાખના અવતાર કરતાં કરતાં દુઃખમાં ગરકાવ થઈ ગયો છે. દુઃખના દરિયામાં ગરકાવ થઈ ગયો છે. આહાહા! પ્રભુ! એકવાર તો છોડ. એ રાગ દુઃખરૂપ છે. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ હોય, પ્રભુ! એ રાગ છે, દુઃખ છે. એ તારી ચીજથી વિપરીત ચીજ છે. તારી ચીજ તો અતીન્દ્રિય આનંદથી ભરેલો પ્રભુ છે ને. સમજાણું કાંઈ? આહાહા!

રાગથી અને કર્મથી નિર્દય રીતે કરવતની માફક... આહાહા! અંદરનો અભ્યાસ તો કર, કહે છે. રાગનું લક્ષ અને શરીર, કર્મના લક્ષને છોડીને અંતરમાં લક્ષ જોડવાનો (અભ્યાસ તો કર). કહો, સમજાણું કાંઈ? આ માર્ગ આવો છે, ભગવાન! સહેલો લાગે, આકરો લાગે જે છે ઇ આ છે. પણ એ વિના એના જન્મ-મરણનો અંત કદી નથી આવતો. આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમજાણું કાંઈ?

**'કરવતની માફક શીઘ્ર...'** **'सद्यः'** છે ને **'सद्यः'**? **'अदयं'** અને **'सद्यः'** બે શબ્દ છે. નિર્દય રીતે ભેદજ્ઞાનરૂપી કરવતથી **'શીઘ્ર જ જીવ...'** શીઘ્ર-એક સમયમાં. આહાહા! પછી કરશું, હળવે હળવે કરશું એમ નહિ. સમજાણું કાંઈ? ત્યાં 'મુંબઈ' એક ભાઈ કરોડપતિ છે ને? 'સર્વોદય' નહિ? 'સર્વોદય'. ત્યાં વ્યાખ્યાન આપે છે. સર્વોદય હોસ્પિટલ. 'કાંતિલાલ' છે. એક જ દીકરી છે. એની પાસે એક કરોડ રૂપિયા છે. ઉંમર નાની છે. એના પિતાજી આજે કહી ગયા કે જેટલી જમીન લીધી હતી એમાંથી કરોડ રૂપિયા ઊપજ્યા. તો વ્યાખ્યાનમાં આવે. ત્યાં વ્યાખ્યાન ચાલે છે ને? દેવદર્શન. ત્યાં ઘણા માણસો આવે. દસ-દસ હજાર માણસ આવે. 'મુંબઈ'માં તો પંદર-પંદર હજાર માણસ આવતું. ૮૭ મું (વર્ષ) બેઠું ને. 'દાદર'માં પંદર-પંદર હજાર માણસ. લોકોને જિજ્ઞાસા થઈ કે આ શું કહે છે! તો એ સાંભળે ખરા પણ ખરેખર તો એ સાંભળવા વખતે બેસે નહિ. બધા માણસ આવે એને માટે પાથરવું ને એ કરે. સેવા કરવી, સેવા કરીએ, એમ કહે. વ્યવસ્થા કરી. પછી મારી પાસે એકવાર આવ્યા. 'મુંબઈ'. ધર્મ તો આ છે. ... ચાર હજાર ભવ પછી સમજશે. ... સર્વોદય 'કાંતિલાલ' 'લીંબડી'વાળા છે. અહીં એકવાર આવ્યા હતા. ત્યાં જવાનું હતું. ૮૭વર્ષ. 'જામનગર'... આવ્યા હતા. વિનંતી કરવા આવ્યા હતા કે અમારા મકાનમાં ઉતરજો. એ કહે કે ચાર હજાર ભવ પછી તમે કહો છો એવો ધર્મ થશે. પણ ચાર હજાર ભવમાં શું થશે? આહાહા!

મુમુક્ષુ :– ... ચાર હજાર ભવ ક્યારે પૂરા થાય?

ઉત્તર :– પણ જેની રુચિ છે એનો વાયદો શું? તને જેની રુચિ છે એનો વાયદો ન હોય, વાયદો કરે છે તો તને રુચિ નથી.

અહીં કહે છે શીઘ્ર. આ શીઘ્ર શબ્દનો અર્થ ચાલે છે. છે? **'सद्यः'** શીઘ્ર જ. આહાહા! તત્કાલ. 'પ્રવચનસાર'માં તો કહે છે કે, ભગવાન! આ વાત સાંભળીને આજે જ ભેદજ્ઞાન કર. આહાહા! 'પ્રવચનસાર'માં છેલ્લા શ્લોકમાં છે. .. આજ. કાલના વાયદા છોડી દે. પછી કરીશ.. પછી કરીશ.. પછી કરીશ તો પાછળ રહી જઈશ. સમજાણું કાંઈ?

બારોટની વાત આવે છે ને? બારોટ નથી હોતા? બારોટને શું કહે છે? બાટ. એ બારોટ એકવાર વાણિયાના ઘરે ગયો. તો ત્યાં વાણિયાના કોઈના લગ્ન હતા. આ કહે, અમારું ભોજન? તો કહે, તમારું ભોજન કાલે. વાણિયા કહે, આજે અમારું વાણિયાનું ભોજન, કાલે તમારું ભોજન. બીજે દિવસે આવ્યા, આ શું લખ્યું છે? કાલે. એ કાલ આવે નહિ અને બારોટને ભોજન મળે નહિ. એમ લખ્યું હતું. અમારી દીક્ષા વખતે એવું હતું. આજે વાણિયા જમે અને કાલે બારોટ જમે. તો કાલ તો કદી આવે નહિ. કાલ આવે તો કહે, જુઓ! શું લખ્યું છે? કાલે.

એમ હમણા નહિ પછી કરીશ. તો તારું પછી ક્યારે આવશે? સાંભળ તો ખરો. થોડું

કરી લઈએ. દીકરીના લગ્ન થઈ જાય, દીકરાના લગ્ન થઈ જાય, મકાનનું કામ કરી લઉં પછી વૃદ્ધાવસ્થામાં કરીશ. યુવાન અવસ્થામાં નહિ. યુવાન અવસ્થામાં મરી જઈશ તો ક્યારે કરીશ? 'પોપટભાઈ'! આ ... શીઘ્ર કર. એક સમયમાં શરીર અને કર્મની પર્યાયથી ભિન્ન અને રાગની પર્યાયથી ભિન્ન, પરનું લક્ષ છોડીને જ્ઞાયકભાવ ચિદાનંદ સ્વરૂપ, એનું લક્ષ શીઘ્ર કર. 'જ્ઞાનચંદજી'! આહાહા! હું આટલું કરી લઉં, પછી વાત... આટલું કરું પછી વાત... આટલું કરી પછી-પછી કરીને પાછળ રહી જઈશ. કદી પહેલા નહિ આવે. આહાહા!

**'જીવ અને પુદ્‌ગલનો ભેદ ઉત્પન્ન કર્યો છે.'** આહાહા! ભગવાનઆત્મા જ્ઞાયકસ્વરૂપ ચિદ્‌ઘન આનંદકંદ, જ્ઞાનસ્વરૂપ એકલો અને કર્મ ને રાગથી ભિન્ન બેથી ભેદજ્ઞાન કર્યું. એનું નામ સમ્યગ્દર્શન છે અને એનું નામ ધર્મની પહેલી સીઢી અને શરૂઆત છે. ૫૦મો શ્લોક પૂરો થયો.

( આર્યા )

**यः परिणमति स कर्ता यः परिणामो भवेत्तु तत्कर्म।**
**या परिणतिः क्रिया सा त्रयमपि भिन्नं न वस्तुतया।।६-५१।।**

**ખંડાન્વય સહિત અર્થ :– 'यः परिणमति स कर्ता भवेत्' ( यः ) જે કોઈ સત્તામાત્ર વસ્તુ તે ( परिणमति ) જે કોઈ અવસ્થા છે તે-રૂપે પોતે જ છે તેથી ( स कर्ता भवेत् ) તે અવસ્થાની તે સત્તામાત્ર વસ્તુ 'કર્તા' પણ હોય છે; અને આમ કહેવું વિરુદ્ધ પણ નથી, કારણ કે અવસ્થા પણ છે. 'यः परिणामः तत् कर्म' ( यः परिणामः ) તે દ્રવ્યનો જે કોઈ સ્વભાવ–પરિણામ છે ( तत् कर्म ) તે–દ્રવ્યનો પરિણામ–'કર્મ' એ નામથી કહેવાય છે. 'या परिणतिः सा क्रिया' ( या परिणतिः ) દ્રવ્યનું જે કંઈ પૂર્વ અવસ્થાથી ઉત્તર અવસ્થારૂપ થવું ( सा क्रिया ) તેનું નામ 'ક્રિયા' કહેવાય છે. જેવી રીતે માટી ઘટરૂપ થાય છે તેથી માટી 'કર્તા' કહેવાય છે, નીપજેલો ઘડો 'કર્મ' કહેવાય છે તથા માટીપિંડથી ઘડારૂપ થવું 'ક્રિયા' કહેવાય છે. તેવી જ રીતે સત્વરૂપ વસ્તુ 'કર્તા' કહેવાય છે, તે દ્રવ્યનો નીપજેલો પરિણામ કર્મ કહેવાય છે અને તે ક્રિયારૂપ થવું 'ક્રિયા' કહેવાય છે. 'वस्तुतया त्रयं अपि न भिन्नं' ( वस्तुतया ) સત્તામાત્ર વસ્તુના સ્વરૂપનો અનુભવ કરતાં ( त्रयम् ) કર્તા-કર્મ-ક્રિયા એવા ત્રણ ભેદ ( अपि ) નિશ્ચયથી ( न भिन्नं ) ત્રણ સત્ત્વ તો નથી, એક જ સત્ત્વ છે. ભાવાર્થ આમ છે કે કર્તા-કર્મ ક્રિયાનું સ્વરૂપ તો આ પ્રકારે છે, તેથી જ્ઞાનાવરણાદિ દ્રવ્યપિંડરૂપ કર્મનો કર્તા જીવદ્રવ્ય છે એમ જાણવું જૂઠું છે; કેમકે જીવદ્રવ્યનું અને પુદ્‌ગલદ્રવ્યનું એક સત્ત્વ નથી (ત્યાં) કર્તા-કર્મ-ક્રિયાની ઘટના કેવી? ૬-૫૧.**

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



૫૧.

**यः परिणमति स कर्ता यः परिणामो भवेत्तु तत्कर्म।**

**या परिणतिः क्रिया सा त्रयमपि भिन्नं न वस्तुतया।।६-५१।।**

'**यः परिणमति स कर्ता भवेत्**' શું કહે છે? '**જે કોઈ સત્તામાત્ર વસ્તુ...**' આત્મા સત્તા હોવાવાળી ચીજ છે, મોજુદ ચીજ છે, સત્તા માત્ર વસ્તુ છે એમ પરમાણુ પણ સત્તામાત્ર જડ વસ્તુ છે. '**સત્તામાત્ર વસ્તુ તે જે કોઈ અવસ્થા છે તે-રૂપે પોતે જ છે...**' શું કહ્યું? એ વસ્તુની જે પર્યાય-અવસ્થા થાય છે એ વસ્તુની છે. અહીંયા તો આત્મામાં વિકાર થાય છે તે પણ આત્માનો છે એમ સિદ્ધ કરવું છે. અત્યારે તો પરથી ભિન્ન સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આત્મામાં જે પુણ્ય-પાપની અવસ્થા થઈ તો કહે છે કે એ સત્તાની અવસ્થા છે. જીવ જે સત્તા છે એની પુણ્ય-પાપની અવસ્થા છે. એ કર્મની અવસ્થા નથી. આહાહા!

મુમુક્ષુ :– કર્મથી ભિન્ન પાડીને...

ઉત્તર :– કર્મથી ભિન્ન પાડ. આહાહા! કેમકે કર્મની અવસ્થા... એ કર્મ પણ પરમાણુ છે ને? અને પરમાણુ સત્તા છે કે નહિ? પરમાણુની સત્તા છે કે નહિ? સત્તા છે તો એની અવસ્થા થાય છે કે નહિ? એની અવસ્થા થાય છે એ સત્તાની અવસ્થા છે. એ સત્તા કર્તા અને અવસ્થા એનું કાર્ય છે. કર્મની અવસ્થા કર્મની સત્તાનું કાર્ય છે અને અવસ્થા એનું કર્મ છે. તારી સત્તા એની કર્તા છે અને કર્મની પર્યાય તારું કાર્ય એમ નથી. આહાહા! પરની દયા પાળી એ પર્યાય થઈ. એ પર્યાયનું કાર્ય તો એણે કર્યું છે. શરીર જે છે એની એ પર્યાય છે. એ પર્યાયનો કર્તા એ છે. એને જીવાડું એવી તારી પર્યાયનો કર્તા (છે), એની પર્યાયનો કર્તા તો નથી. આહાહા! સમજાણું કાંઈ? આવું ઝીણું છે. માર્ગ તો સૂક્ષ્મ છે.

અંદર અરૂપી પ્રભુ! આહાહા! જે શરીરથી તો જણાતો નથી, કર્મથી જણાતો નથી, દેવ-ગુરુની વાણી, દિવ્યધ્વનિથી જણાતો નથી અને અંદર વિકલ્પ ઊઠે છે એનાથી પણ જણાતો નથી. આહાહા! એવી ચીજ પોતાની સત્તા રાખે છે તો એ સત્તા, એ ચીજ જેની અવસ્થા ક્ષણે ક્ષણે થાય એ અવસ્થાની સત્તા કર્તા છે અને અવસ્થા એનું કર્મ-કાર્ય છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! જુઓ! આ પાપણ છે ને? ઇ આમ આમ અવસ્થા થાય છે. તો એ પરમાણુ સત્તા છે, પરમાણુ અસ્તિત્વ છે. અસ્તિત્વ છે, જો અસ્તિત્વ છે તો સત્તા છે. સત્તા છે તો એની આમ આમ અવસ્થા થાય એ સત્તાની અવસ્થા છે, આત્માની અવસ્થા નથી. આહાહા! સમજાણું કાંઈ? 'નંદકિશોરજી'! આવી વાત છે. આહાહા! ભગવાનનો માર્ગ જુદો છે. એની વકીલાત બીજી જાતની છે. આહાહા!

પરમાત્મા જિનેશ્વરદેવ એમ ફરમાવે છે કે જેની સત્તા છે, આત્મા સત્તાસ્વરૂપ છે કે અસત્તા સ્વરૂપ છે? તો સત્તા સ્વરૂપ છે તો એની અવસ્થા છે એ સત્તાની અવસ્થા છે કે બીજાની સત્તાની અવસ્થા છે? આહાહા! ચાહે તો સમ્યગ્દર્શનની અવસ્થા હો, કે ચાહે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો રાગની અવસ્થા હો પણ એ અવસ્થા સત્તા-વસ્તુ છે એની અવસ્થા છે. પરસત્તા જે કર્મ આદિ છે એની એ અવસ્થા નથી. આહાહા! સમજાણું કાંઈ? એમ **'જે કોઈ અવસ્થા છે તે-રૂપે પોતે જ છે...'** તે રૂપે જે સત્તા છે એ પોતાની અવસ્થારૂપ પોતે જ છે. એ અવસ્થા બીજાથી થઈ (એમ નથી). આહાહા!

અહીંયાં તો કહે છે કે આત્મામાં જે વિકાર થાય, એ સત્તા જે આત્મા છે એની એ અવસ્થા છે. અહીંયાં તો ફક્ત પરથી ભિન્ન કરવું છે ને? આત્મ સત્તા છે, અસ્તિત્વ છે, અને વિકાર થાય છે એ સત્તાની અવસ્થા છે. એ વિકાર કર્મની અવસ્થા છે (એમ નથી). આહાહા! ઝીણું, ભાઈ! એ શબ્દો પકડવા જુદી વસ્તુ છે. આહાહા! અંદરમાં ભાવ ભિન્ન પાડવા એ બહુ અલૌકિક વાત છે. અને કર્તવ્ય તો આ જ છે, બીજું તો છે નહિ. બીજાને સમજાવતા આવડે, ન આવડે એની સાથે કોઈ સંબંધ નથી. કેમકે ભાષા થાય છે એ જડની પર્યાય છે, એ આત્માનું કાર્ય નથી. કેમકે પરમાણુ સત્તા છે કે નહિ? તો સત્તાની ભાષા અવસ્થા એ સત્તાની અવસ્થા છે. પરમાણુની સત્તાની અવસ્થા છે, આત્માની નહિ. આહાહા! આવી વાત. અહીં તો મોટા ડાહ્યા માણસો તો કંઈક ઉથલ-પાથલ કરે ને. જૂઠું અભિમાન છે.

મુમુક્ષુ :– સર્વજ્ઞ અનુસારીણી કેમ કહ્યું?

ઉત્તર :– (સર્વજ્ઞ) અનુસારે નીકળે છે પણ વાણી વાણીથી નીકળે છે. જ્ઞાન સર્વજ્ઞ છે એ એનું નિમિત્ત છે એટલું. વાણીની પર્યાયનો કર્તા એ પરમાણુની સત્તા છે. ૐ ધ્વનિ નીકળે છે એ ધ્વનિની જે પર્યાય છે એની પરમાણુની સત્તા એની અવસ્થા છે. આત્માની અવસ્થા ભાષા નથી. આહાહા! હું ઉપદેશ કરું છું. અમારે એક છે ને? 'બુલંદશહેર'વાળા. 'કૈલાસચંદજી'. પહેલા બહુ આવતા. જોરથી બોલો, એમ કહેતા હતા. ખબર છે? જીવો, જીવવા દ્યો. એ વાક્ય ભગવાનનું નથી. એની હમણા ટીકા થઈ છે. એ લોકો તો કહે જીવો અને જીવવા દો. પણ એ તો અંગ્રેજના વાક્ય છે, જીવો અને જીવવા દ્યો. જૈનમાં ક્યાં છે?

મમુક્ષુ :– એ તો ..

ઉત્તર :– એની વાત છે. અહીં તો ભગવાન જીવો-જીવવા દો. આયુષ્યે જીવે અને .. એમ છે? એ તો બપોરે વાત ચાલી નહિ? પોતાની જીવનશક્તિથી જીવો અને જીવવા દ્યો. બસ. આહાહા! આયુષ્ય.. જીવો અને જીવવા દ્યો. હવે ધૂળમાં જીવો-જીવવા દ્યો એ તો અનંતકાળથી કર્યું. એ શું ચીજ છે? એની ટીકા કરી કે 'સોનગઢ'વાળા એમ કહે છે કે જીવો-જીવવા દ્યો, એ વીતરાગની વાણી નથી.

અહીંયાં તો કહે છે. ૧૭૨ ગાથા છે ને? અલિંગગ્રહણના વીસ બોલ. એમાં તેરમાં બોલમાં તો એમ આવ્યું છે કે મન અને ઇન્દ્રિયથી જેને જીવવું નથી એવા આત્માને આત્મા કહે છે. અલિંગગ્રહણના વીસ બોલ છે. ૧૭૨ ગાથામાં 'અલિંગગ્રહણ' એટલા શબ્દના વીસ બોલ ઉતાર્યા છે. અલિંગગ્રહણ અર્થાત્ મન અને ઇન્દ્રિયના લિંગથી આત્મા જીવતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ એનું જીવન નથી. તેરમો બોલ છે. વીસ બોલ છે ને? અલિંગગ્રહણ.

શું કહે છે? કે આ આત્મા જે છે એ મન અને ઇન્દ્રિયથી જીવતો જ નથી. એનું જીવન મન અને ઇન્દ્રિયથી છે જ નહિ. એનું જીવન તો.. બપોરે ચાલ્યું હતું ને? જીવત્વશક્તિ. એ શક્તિવાનની શક્તિ અને શક્તિમાં ભાવપ્રાણ, જ્ઞાન-દર્શન-આનંદ બળ એનાથી જીવ જીવે છે. દસ પ્રાણ જડ અને યોગ્યતાથી જીવે એને અહીં જીવ કહેતા જ નથી. આહાહા! છ કાયના જીવને છ કાયના જીવ કહેતા જ નથી. જીવ તો જ્ઞાનમય છે એ જીવ છે. 'પંચાસ્તિકાય'માં છે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણેન્દ્રિય, પંચેન્દ્રિયને જીવ કહે છે, એ જીવ છે જ નહિ. જીવ તો એમાં જ્ઞાનમય વસ્તુ છે એ જીવ છે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય તો પર્યાયની અવસ્થા, વિકૃત અવસ્થાની વાત છે. આહાહા! અહીં તો કહે છે કે મન અને ઇન્દ્રિયથી જેનું જીવન નથી તેને અલિંગગ્રહણ કહે છે. મન અને ઇન્દ્રિય લિંગ છે એનાથી જેનું જીવન નથી તેને અલિંગગ્રહણ કહે છે. આવી વાત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બહુ ઊંચી વાત છે. ચૈતન્ય ભગવાનની વાત છે.

ઉત્તર :- ભાઈ તો એમ કહે છે. વાત તો એકડાની વાત છે. આહાહા!

મુમુક્ષુ :- ઊંચી વાત તો ચારિત્રની કહેવાય

ઉત્તર :- ઊંચી તો કેવળજ્ઞાન થાય એ વાત છે. અહીં તો હજી પહેલા ભેદજ્ઞાનની વાત છે. આહાહા! ત્યાં 'અલિંગગ્રહણ'માં તો એમ લીધું કે ઇન્દ્રિયથી આત્મા જણાતો નથી. ઇન્દ્રિયથી આત્મા જાણતો નથી. બીજો બોલ છે. ઇન્દ્રિયપ્રત્યક્ષનો એ વિષય નથી. બીજાને અનુમાનથી આત્મા જણાય એવો આત્મા નથી. પોતાનો આત્મા એકલા અનુમાનથી જાણે છે એમ પણ નથી.

ભગવાનઆત્મા પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા આત્મા છે. આહાહા! એ છઠ્ઠો બોલ છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા.. ભગવાન! બાપુ! આ તો બીજી વાત છે. ઝીણી પડે પણ એને સમજવી તો પડશે ને. અરે..! ચાર ગતિમાં દુઃખી પ્રાણી છે. આનંદની ઊલટી અવસ્થામાં રમે છે. આનંદસ્વરૂપ તો ભગવાનઆત્મા છે. એની ઊલટી અવસ્થા પુણ્ય અને પાપ. ઊલટી સમજાય છે ને? વિપરીત. પુણ્ય અને પાપ અને મિથ્યાશ્રદ્ધા એ વિપરીત અવસ્થા છે એ તો દુઃખદાયક દશા છે. આહાહા! બહારમાં સંયોગો ચાહે તો ઇન્દ્ર જેવા હોય, નવમી ગ્રૈવેયક જેવા સંયોગ હોય પણ અંદરમાં રાગ અને પુણ્યના પરિણામની એકત્તાબુદ્ધિના મિથ્યાત્વભાવથી એ દુઃખી છે. સમજાણું કાંઈ?

'સુખિયા જગતમેં સંત દુરિજન દુખિયા.' પોતાના આનંદસ્વરૂપને રાગથી ભિન્ન પાડીને ભેદજ્ઞાનનો અનુભવ કરે... આહાહા! એ પ્રાણી જગતમાં સુખી છે. ચાહે તો એ નરકમાં હો. 'શ્રેણિક' રાજા. પહેલી નરકમાં છે. ત્યાં સમયે સમયે તીર્થંકરગોત્ર બાંધે છે. ક્ષાયિક સમકિતી છે. ભગવાન પાસે તીર્થંકરગોત્ર બાંધ્યું હતું. પણ પૂર્વે સમકિત પહેલા નરકનું આયુષ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બંધાઈ ગયું હતો એટલે આયુષ્ય તો પલટે નહિ. સ્થિતિ ઘટે, રસ ઘટે, અભાવ ન થાય. ક્ષાયિક સમકિત પ્રાપ્ત કર્યું, તીર્થંકરગોત્ર બાંધ્યું, નરકનું આયુષ્ય બંધાણું તો નરકમાં ગયા પણ ત્યાં આત્મજ્ઞાનથી સુખી છે. જેટલો રાગ થાય છે એટલા દુઃખી છે. પ્રતિકુળ સંયોગમાં ઠીક નથી પડતું એટલો દ્વેષ (થાય છે), એ દુઃખી છે. પણ આત્માના અવલંબનથી સમકિત થયું એટલા સુખી છે. સમજાણું કાંઈ? ધર્મીને બે ધારા વહે છે. એક આનંદધારા, જ્ઞાનધારા અને એક રાગધારા. રાગધારા એ બંધનું કારણ છે, આનંદધારા એ અબંધનું કારણ છે. આહાહા! આ વાત છે, ભગવાન! આ તો સાદી ભાષા છે ને.

મુમુક્ષુ :– સમકિતથી પણ આયુષ્યબંધ...

ઉત્તર :– પહેલા આયુષ્ય બંધાઈ ગયું ને? લાડવો થયો, ચુરમાના લાડુ બનાવે છે ને? એમાં લોટ, ઘી અને સાકર મેળવે. એ લાડવામાંથી ઘી કાઢીને પૂરી બનાવે એમ થઈ શકે? એમાંથી ઘી કઈ રીતે કાઢે? અને એમાંથી લોટ કાઢીને રોટલી થાય? એમાં લોટ તો છે. આ લાડુમાં થોડું ઘી નાખે તો ચાલે કેં થોડા પાંચ દિ' આઠ દિ' સૂકવે તો ચાલે. પણ એ લાડુનો અભાવ થઈ જાય એમ નથી. એમ નરકનું આયુષ્ય બંધાણુ એ લાડુમાં ક્યારેક સ્થિતિ, રસ વધી જાય કે સ્થિતિ, રસ ઘટી જાય પણ એ નરકના આયુષ્યનો અભાવ થાય એમ કદી બનતું નથી. ન્યાય સમજો છો ને?

'શ્રેણિક' રાજા ત્યાં ગયા એ પોતાની યોગ્યતાથી ગયા છે, હોં! કર્મથી ગયા એ તો નિમિત્તનું કથન છે. પોતાની યોગ્યતાથી નરકમાં જવાની ગતિ કરી. નરકનું આયુષ્ય તો નિમિત્તમાત્ર છે. આહાહા! નરકના આયુષ્યને કારણે ત્યાં ગયા એ તો નિમિત્તનું કથન છે. પોતાની પર્યાયમાં નરકનું આયુષ્ય બાંધ્યું હતું તો એ યોગ્યતાથી ત્યાં ગયા હતા. પણ સાથે સમકિતી હતા અને એને સમયે સમયે તીર્થંકરગોત્ર પણ બંધાય છે. ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિ રહી ગઈ. તેત્રીસ સાગરની સ્થિતિ બંધાણી હતી.

મુનિની અશાતા. ગળામાં સાપ નાખી દીધો અને કરોડો કીડીઓ લાગેલી હતી. એ બૌદ્ધ હતા, બૌદ્ધ. એમ કર્યા પછી પોતાની સ્ત્રી પાસે આવ્યા. એ સ્ત્રી સમકિતી હતી. ચેલણા સમકિતી હતી. એને કહ્યું તારા ગુરુના ગળામાં સાપ નાખી દીધો છે. એણે કાઢી નાખ્યો હશે. પ્રભુ! અમારા ગુરુ એવા ન હોય. એક ઉપસર્ગ આવે અને કાઢી નાખે એમ નથી. કહે મેં ગળામાં નાખ્યો તો એમણે કાઢી નાખ્યો હશે. બૌદ્ધ હતા ને બૌદ્ધ? એટલે એને શ્રદ્ધા નહોતી. અને ચેલણા સમકિતી હતી. આત્મજ્ઞાની સ્ત્રી હતી. આત્મા ક્યાં સ્ત્રી છે, પુરુષ ક્યાં છે, નપુસંક ક્યાં છે કે નારકી ક્યાં છે. એ તો આત્મા છે. ચાલો!

મુનિ ધ્યાનમાં બેઠા હતા. આનંદમાં રમતા હતા. જુઓ! સ્વામી! આ સર્પ ગળામાં પડ્યો છે. પછી .. કીડીઓ ઘણી હતી ને? કરોડો કીડીઓ. જુઓ! પ્રભુ! મુનિ તો આત્મામાં મગ્ન છે. એને ઉપસર્ગ દૂર કરું એવી વાત નથી. આહાહા! એ તો અતીન્દ્રિય આનંદમાં મગ્ન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'સમયસાર'ની પાંચમી ગાથામાં આવે છે ને? 'કુંદકુંદાચાર્ય' કહે છે કે 'મહાવીર' ભગવાન કેવા હતા? કે નિર્મળ જ્ઞાનમાં અતિ મગ્ન હતા, નિર્મળ વિજ્ઞાનઘનમાં મગ્ન હતા. એમ ગણધર પણ નિર્મળજ્ઞાનમાં મગ્ન હતા. તો ત્યાંથી માંડી અમારા ગુરુ પણ વિજ્ઞાનઘનમાં મગ્ન હતા. એનું નામ મુનિપણું છે. કોઈ વિકલ્પ અને શરીર નગ્નપણું (હોય), એ તો પરની જડ ચીજ છે. આહાહા!

મુમુક્ષુ :– કીડીઓ શરીરને ચટકા ભરતી હતી તો કષ્ટ નહોતું થતું?

ઉત્તર :– જેટલો અનુકૂળતામાં રાગ હતો એટલો પ્રતિકુળમાં દ્વેષ થાય. છતાં એ દ્વેષ અને રાગના જાણનાર રહે છે. ઝીણી વાત છે, ભગવાન! સમજાણું કાંઈ? વીતરાગનો ધર્મ બહુ અલૌકિક વાત છે. જેનું ફળ અનંત-આનંદ. 'સાદિ અનંત-અનંત સમાધિ સુખમાં...' સાદિ એટલે જ્યારથી મોક્ષ થયો તે સાદિ થઈ ને? 'સાદિ અનંત અનંત સમાધિ સુખ...' આહાહા! આનંદનું સુખ. એનો ઉપાય કેવો હોય? અલૌકિક વાત છે, ભગવાન!

અહીંયા કહે છે કે, જેની સત્તા છે એની એ અવસ્થા છે. બીજાની સત્તામાં બીજાની અવસ્થા છે. પોતાની સત્તામાં પોતાની અવસ્થા છે. આત્મા સત્તા છે તો નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાનની અવસ્થા અથવા રાગાદિ અવસ્થા એ સત્તાની અવસ્થા છે. સમ્યગ્દર્શન પર્યાય થઈ એ સત્તાની અવસ્થા છે. એ કર્મ ખસી ગયું માટે આવી અવસ્થા થઈ એમ નથી. સમજાણું કાંઈ? આહાહા! અને કર્મમાં જે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આદિ પર્યાય ઉત્પન્ન થાય છે એ પરમાણુ સત્તા છે, હોવાવાળી ચીજ છે. એ સત્તા કર્મની અવસ્થા છે. તો એ સત્તા કરનાર અને અવસ્થા એનું કાર્ય છે. આત્મા એનો કરનારો અને આત્માનું કાર્ય કર્મની અવસ્થા એમ ત્રણકાળમાં નથી.

ભગવાનઆત્મા પોતાના જ્ઞાયક સ્વભાવની અનુભવદૃષ્ટિથી ભેદજ્ઞાન કરે છે તો જે પર્યાય સમ્યક્ થઈ એ આત્માની સત્તાથી થઈ છે. આહાહા! અને જેટલો વિકાર છે એ પણ પોતાની સત્તાથી વિકાર થયો છે. એ સત્તાની અવસ્થા જ સત્તાનું કાર્ય છે. બીજી સત્તાનું એ કાર્ય છે (એમ નથી). આહાહા! અત્યારે તો આ કર્મની બહુ ગડબડ થઈ ગઈ છે ને? બહુ થઈ ગઈ. વીસ વર્ષ પહેલા 'વર્ણીજી' સાથે ચર્ચા થઈ હતી. ઘણી ચર્ચા થઈ. બધાની દૃષ્ટિ એવી હતી.

મુમુક્ષુ :– અત્યારે પણ એવી જ છે.

ઉત્તર :– અત્યારે એવી છે. હું (અમે) તો (સંવત) ૧૯૭૧ની સાલથી પ્રભુ કહીએ છીએ. ૭૧. ૬૨ વર્ષ થયા. ૭૧ વર્ષથી અમે (કહીએ છીએ), વિકાર પોતાથી થાય છે, કર્મથી કિંચિંત-જરા પણ થતો નથી. પોતાના ઊલટા પુરુષાર્થથી પોતાની સત્તામાં વિકાર થાય છે અને વિકારનો નાશ પોતાના પુરુષાર્થથી કરે છે. ૧૯૭૧-૭૧. સંવત ૧૯૭૧ની સાલ. ૬૨ વર્ષ થયા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– જે નથી સમજતા એ આજે પણ નથી સમજતા.

ઉત્તર :– આજે પણ નથી સમજતા. એ કહે છે ને 'વર્ણીજી' જેવા ક્ષુલ્લક અને શાસ્ત્રનો અભ્યાસ ઘણો પણ દૃષ્ટિ આ નહિ. એને કહ્યું, બધા પંડિતો બેઠા હતા.

મુમુક્ષુ :– શિખરજીની વાત છે?

ઉત્તર :– શિખરજીની વાત છે. ૨૦ વર્ષ થયા. વિકાર છે એ પોતાની ષટ્કારક પરિણતિથી પોતામાં થયો છે. રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ મિથ્યાત્વભાવ પોતાની પર્યાયમાં કર્તા-કર્મ, પર્યાય કર્તા, પર્યાય કર્મ, પર્યાય સાધન, પર્યાય અપાદાન, પર્યાય અધિકરણ, પર્યાય સંપ્રદાન. દ્રવ્ય-ગુણ પણ નહિ, એમ કહ્યું. 'ફુલચંદજી' હતા. આ તો વીસ વર્ષ પહેલાની વાત છે. તેરની સાલ. સ્વામીજી કહે છે કે વિકાર પોતાથી થાય છે, પરના કારકની અપેક્ષા એને નથી.

ભાઈ! અહીં એમ કહે છે કે જે ચૈતન્યસત્તા છે એની અવસ્થા થાય એ ચૈતન્યસત્તાની છે. એ અવસ્થા કર્મથી થઈ છે અને કર્મની છે એમ નથી. સમજાણું કાંઈ? પણ બીજી જગ્યાએ એમ આવે છે. કાલે-પરમ દિવસે જ આવ્યું હતું કે પુણ્ય-પાપ ભાવ એ પુદ્ગલના છે. એ સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ વાત ચાલી છે. જ્યારે સ્વભાવ ચૈતન્યમૂર્તિનું ભાન થયું તો એનું વ્યાપક થઈને વ્યાપ્ય એની નિર્મળ અવસ્થા થાય. એ તો સ્વભાવની દૃષ્ટિનું ભાન કરાવવા માટે કાલે લીધું. એમાં વિકાર થાય છે તો કર્મ વ્યાપક થઈને થાય છે. કેમકે એમાંથી નીકળી જાય છે તો નીકળી જનારી ચીજનું કાર્ય છે એમ કહ્યું છે. આહાહા! એકવાર એમ કહે કે પુદ્ગલના પરિણામ છે અને એકવાર એમ કહે કે સત્તાની અવસ્થા છે. 'ધન્નાલાલજી'!

એ અહીં કહે છે, **'તે-રૂપ પોતે જ છે...**' છે? જે કંઈ સત્તા છે એની મલિન કે નિર્મળ અવસ્થા થાય એ તે રૂપ અવસ્થા આત્મા છે. કર્મમાં છે તો કર્મની અવસ્થા કર્મ છે. એ કર્મ છે, વિકારી પર્યાય કર્મ છે. છે? **'જે કોઈ અવસ્થા છે તે-રૂપ પોતે જ છે તેથી તે અવસ્થાની તે સત્તામાત્ર વસ્તુ 'કર્તા' પણ હોય છે;...**' જે જે સત્તાની અવસ્થા છે એનો કર્તા એ સત્તા છે. આહાહા! બહુ સૂક્ષ્મ છે. ઘરે પડ્યું હોય તો વાંચવાનો વખત મળે તો સમજાય નહિ. 'પોપટભાઈ'! પેટીમાં-પટારામાં પડ્યું હોય. **'અને આમ કહેવું વિરુદ્ધ પણ નથી, કારણ કે અવસ્થા પણ છે.**' શું કહે છે? કે વસ્તુ છે એની અવસ્થા પણ છે. અવસ્થા છે એનો કર્તા એ સત્તા છે અને અવસ્થા એનું કાર્ય છે. એ વિરુદ્ધ નથી એમ કહે છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્રાવણ વદ ૧૫, રવિવાર તા.૧૪.૦૮.૧૯૭૭
## કળશ - ૫૧, પ્રવચન - ૬૬

આ 'કળશટીકા' ચાલે છે. ૫૧મો શ્લોક છે. થોડું સૂક્ષ્મ છે. અપૂર્વ વાત છે, ભાઈ! અનંતકાળથી પોતાની ચીજ જે આત્મા છે એ પોતાના પરિણામનો કર્તા છે. પરિણામ શબ્દે અવસ્થા. અવસ્થાયી આત્મા ત્રિકાળી ચીજ-વસ્તુ છે અને એના વર્તમાન પરિણામ-પર્યાય-અવસ્થા જે છે એ અવસ્થા એનું કાર્ય છે અને આત્મા એનો કર્તા છે. પણ પરદ્રવ્યની પર્યાયનો આત્મા કર્તા (થાય) એમ નથી. જેમ પૂજામાં શરીરથી આમ થાય છે ને? સ્વાહા. ભાષા અને હાથ. એ સ્વાહા ભાષાની જડની પર્યાય છે. એનો કર્તા આત્મા નથી.

મુમુક્ષુ :– જડ પૂજા કરવા જાય છે?

ઉત્તર :– પૂજા કરવાનો ભાવ આવ્યો એ રાગ છે. પણ હાથથી અર્ઘ મૂક્યો અને આમ થયું એ ક્રિયા રાગથી થતી નથી. ઝીણી વાત છે, ભગવાન!

એણે વાસ્તવિક તત્ત્વ શું છે એવી તત્ત્વદૃષ્ટિ કદી કરી જ નથી. એક દ્રવ્યની ચીજ બીજા દ્રવ્યની પર્યાયનો કર્તા છે એવી માન્યતા ભ્રમ ને અજ્ઞાન ને પાખંડ છે. કેમકે પ્રત્યેક તત્ત્વ એની વર્તમાન અવસ્થા વિના રહેતું નથી. તો એ અવસ્થા, એ પ્રત્યેક તત્ત્વનું કાર્ય અવસ્થા છે એ એનું કાર્ય છે અને વસ્તુ એની કર્તા છે. આ શરીર આમ ચાલે છે તો આ અવસ્થા છે. અંદર આ જડ, માટી, ધૂળ પરમાણુ છે એવી એની અવસ્થા થાય છે. એ અવસ્થા પરમાણુનું કાર્ય છે. પરમાણુ એનો કર્તા છે. આત્માનું એ કાર્ય છે અને આત્મા કરે છે એમ ત્રણકાળમાં નથી. લોજિક ઝીણું છે, ડોક્ટર!

હવે થોડું ડોક્ટરનું લઈએ. આ ઇંજેક્શન લગાવે છે ને? ઇંજેક્શન. નાડી બરાબર તપાસે ને? તો કહે છે કે એ આંગળીની પર્યાયનો કર્તા એ પરમાણુ છે. પણ આમ-આમ ખાડા પડે છે એનો કર્તા આંગળી નથી. આ ડોક્ટર છે. આ 'પ્રવિણભાઈ' છે. 'પ્રવિણભાઈ' ડોક્ટર આવ્યા છે. કાલે ત્યાં ગયા હતા કે નહિ? આહાહા!

ભગવાન! તારા રાગાદિ પરિણામ થાય તેનો તું અજ્ઞાનભાવે કર્તા થાય. એ અજ્ઞાનભાવે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આવે છે, એ રાગ છે. અને રાગ મારું કર્તવ્ય અને હું કર્તા છું એ અજ્ઞાનભાવે બરાબર છે. સમજાણું કાંઈ? રાગનો વિકલ્પ જે ઊઠે છે, ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ અરે..! કામ-ક્રોધાદિનો રાગ એ એક અવસ્થા છે. અહીં કહ્યું છે ને? **'परिणमति स कर्ता'** તો આત્મા રાગરૂપ થાય છે એ કર્તા અને રાગ એનું કાર્ય એ અજ્ઞાનભાવે છે. આહાહા! આવી વાત છે. છે?

**'यः परिणमति स कर्ता भवेत् જે કોઈ સત્તામાત્ર વસ્તુ તે જે કોઈ અવસ્થા છે...'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દશા, વર્તમાન હાલત. **'તે-રૂપ પોતે જ છે...'** આહાહા! આ ભાષા બોલાય છે ભાષા-અવાજ, એ પરમાણુની-રજકણની સત્તા છે. એ સત્તાની ભાષા અવસ્થા છે. આત્માની નહિ. અંદર ઇંજેક્શન લગાવે છે તો ઇંજેકશનમાં એ અવસ્થા જે આમ થાય છે એનો અવસ્થાનો કર્તા એ ઇંજેક્શનના રજકણ છે. શરીરને કારણે ઇંજેક્શનની અવસ્થા અંદર પેસે છે એમ નથી. આહાહા!

એ અહીં કહે છે કે જે પલટે છે એ કર્તા છે. જે ચીજ સત્તા-અસ્તિત્વ છે. પરમાણુનું કે આત્માનું અસ્તિત્વ છે, મોજૂદગી ચીજ છે એ સત્તામાત્ર વસ્તુ વર્તમાન અવસ્થામાં જે પરિણમન કરે છે, એ અવસ્થા એનું કાર્ય છે અને વસ્તુ એની કર્તા છે. ભાષા તો સમજાય છે ને? કઠણ વાત છે, ભાઈ! 'પોપટભાઈ'!

મુમુક્ષુ :- કઠણ નથી.

ઉત્તર :- નહિ? આહાહા! અહીંયાં એમ કહે છે કે,.. પૈસા આવે છે... હવે પૈસાવાળાની વાત લઈએ. 'કિરણભાઈ'! એ ડોક્ટર કહે હમણા 'કિરણભાઈ'ને મળવું છે. ડોક્ટર આવ્યા છે ને? 'રસ્તોગી' કીધું, હમણા અહીં આવશે. આહાહા! શું કહે છે? ઇંજેક્શનની અવસ્થા હો કે દવાની પર્યાય હો એ દવાની પર્યાય પરમાણુની અવસ્થા છે. એ અવસ્થાનો કર્તા આત્મા છે એમ નથી. 'કિરણભાઈ'! ભારે આકરું કામ ભાઈ આમાં. આ મોટા પૈસાવાળા.. પૈસા આવે છે ને પૈસા? એ પરમાણુ માટી-ધૂળ છે. પૈસા પરમાણુ નોટ હોય કે સોનાની લગડી હોય કે હિરા-માણેક હોય પણ છે તો જડ. એ જડના રજકણ જે છે અસ્તિત્ત્વ મોજુદગી સત્તા ચીજ છે. એ પૈસા અહીં આવે છે. એની અવસ્થાનો કર્તા પૈસાના રજકણ છે. આત્મા કહે કે હું કમાણો, મેં ધંધામાં ધ્યાનમાં રાખ્યું. ધ્યાન રાખ્યું એ તો રાગ છે. તો રાગથી પૈસા આવે છે? એમ કહે છે.

મુમુક્ષુ :– બરાબર આવે છે.

ઉત્તર :– ધૂળેય નથી આવતા. બરાબર આવે છે એ બરાબર છે. પણ બરાબર કોનાથી આવે છે? શેઠ છે. 'ગ્વાલિયર'ના શેઠ શરાફી છે. અહીંયાં તો ઘણા માણસો આવે છે ને. આહાહા! એ પરમાણુ લક્ષ્મી આવે છે એ વસ્તુ છે કે અવસ્તુ છે? સત્તામાત્ર વસ્તુ છે કે નાસ્તિ છે? એ કહે છે.

**'સત્તામાત્ર વસ્તુ...'** આ તો ભાઈ અધ્યાત્મ-શબ્દ છે. આ કાંઈ કથા-વાર્તા નથી. એ પરમાણુઓ લક્ષ્મીની સત્તામાત્ર વસ્તુ છે કે અસત્તા છે? કે નાસ્તિ છે? જો સત્તામાત્ર વસ્તુ છે તો એની અવસ્થા પલટીને અહીં આવે એ અવસ્થાનો કર્તા એ પરમાણુ છે. મેં રાગ કર્યો માટે મને પૈસા મળ્યા એ ભ્રમ અને અજ્ઞાની, પાખંડી છે. 'ધીરુભાઈ'! અહીં તો આ વાત છે.

મુમુક્ષુ :– એ વાત સાંભળવા તો આવ્યા છીએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– આવ્યા છે ને એને માટે.

બીજી વાત. દૃષ્ટાંત આપશે કે માટીમાંથી ઘડો બને છે, તો માટી સત્તામાત્ર વસ્તુ છે, અસ્તિત્વ છે, એમાંથી ઘડાની જે પર્યાય થાય છે એ માટીનું કાર્ય છે. માટી કર્તા અને ઘટ એનું કાર્ય છે. કુંભાર કર્તા અને માટીનો ઘડો કાર્ય એમ ત્રણકાળમાં નથી. એવી વાત છે. સમજાણું કાંઈ? એમ સમુદ્ર. સમુદ્રમાં તરંગ ઊઠે છે, તરંગ. તો એ તરંગ કાર્ય છે અને સમુદ્ર એનો કર્તા છે. તરંગ ઊઠે છે અને પવન આવ્યો અને ઝાપટ લાગી તો પવનથી તરંગ ઊઠે છે, એ પવનનું કાર્ય તરંગ છે એમ નથી. આવી વાત છે, ભાઈ! તત્ત્વ ઘણું સૂક્ષ્મ છે. લોકોને ખ્યાલ નથી. સાંભળ્યું નથી, સમજ્યા નથી. આમ ને આમ અનંતકાળથી અંધાધૂંધી છે.

મુમુક્ષુ :– જ્યારે પવન નથી હોતો ત્યારે તરંગ નથી ઉઠતા.

ઉત્તર :– પવન નિમિત્ત છે. પવનની પર્યાય પવનમાં છે. પવન આમ આવે છે એ પણ પરમાણુ છે કે નહિ? સત્તામાત્ર વસ્તુ છે કે નહિ? તો આવી અવસ્થા એની છે કે સમુદ્રની છે? અને સમુદ્રમાં તરંગ ઊઠે એ અવસ્થા સમુદ્રની છે કે પવનની છે? આહાહા! સમજાણું કાંઈ? વાત સૂક્ષ્મ છે, ભાઈ!

અહીં તો ભેદજ્ઞાનની વાત છે. પ્રત્યેક પદાર્થ ભિન્ન છે અને ભિન્નની અવસ્થા ભિન્ન તત્ત્વ કરે છે. આત્મા એનો કર્તા છે એવી મિથ્યાશ્રદ્ધા, જૂઠી માન્યતા અને અસત્યનું સેવન કરે છે. આવું અનંતકાળથી એણે કદી સાંભળ્યું જ નથી. આહાહા! આમ ને આમ જિંદગી ગુમાવી. આહાહા! સમજાણું કાંઈ? ઘડો.. આહાહા! ગજબ વાત છે. લોકો તો એમ કહે કે કુંભાર વિના ઘડો બનતો નથી. ભગવાન એમ કહે કે માટી વિના ઘડો બનતો નથી. કુંભારથી ઘડો બનતો નથી.

મુમુક્ષુ :– બેયની વાત માન્ય રાખવી.

ઉત્તર :– બેયની માન્ય રાખવી. એની અવસ્થાનો એ કર્તા અને એની અવસ્થાનો એ કર્તા, એ માન્ય રાખવી. કુંભાર ઘડાનો કર્તા છે અને માટી ઘડાનો કર્તા છે એમ બેયની વાત એમ નહિ. સમજાણું કાંઈ?

એમ ભગવાનઆત્મા અંતરમાં રાગની પર્યાય, પુણ્ય અને પાપના ભાવ અવસ્થા કરે. પણ એ પુણ્ય-પાપની અવસ્થાથી પૂજા-ભક્તિની ક્રિયા થાય કે એને ભગવાનની પ્રતિમા સ્થાપવાનો ભાવ થયો તો એ શુભભાવ છે. પ્રતિમા સ્થાપવાની અવસ્થા કરી અને આત્મા, એના રાગનો કર્તા છે એમ નથી. એ પ્રતિમા પરમાણુ છે. પરમાણુ-રજકણનું દળ છે. એ પોતાની પર્યાયનો કર્તા પરમાણુ છે. અજ્ઞાની એમ માને કે મેં શુભભાવ કર્યો તો પ્રતિમાની અહીંયા સ્થાપના થઈ. બહુ ફેર. એ કહે છે. આહાહા!

મુમુક્ષુ :- અહીંયા તો આ લખ્યું નથી, આ તો આપ કહો છો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :- આ શું કહે છે? **'કોઈ સત્તામાત્રવસ્તુ...'** સિદ્ધાંત શું કહ્યો? કોઈ રહેલી ચીજ, મોજૂદગી ચીજ, સત્તામાત્ર વસ્તુ. આ તો સિદ્ધાંત છે. આહાહા! એ કોઈ અવસ્થા છે. એ કોઈ પરમાણુની કે આત્માની કે સત્તામાત્ર વસ્તુની વર્તમાન જે અવસ્થા થાય એ રૂપ તે પોતે જ છે-એ અવસ્થારૂપ એ ચીજ જ છે. આહાહા! માટીમાં ઘડાની અવસ્થા થઈ તો એ માટી જ છે, કુંભાર નહિ. આહાહા! તવામાં રોટલીની અવસ્થા થઈ. તાવડી. એ તાવડીથી રોટલીની અવસ્થા થઈ એમ નથી એમ અહીં કહે છે. કેમકે આ રજકણ ભિન્ન છે, પેલા રજકણ ભિન્ન છે. આહાહા! કેમકે તવાના રજકણની સત્તા ભિન્ન છે અને રોટલીના રજકણની સત્તા ભિન્ન છે. રોટલીની અવસ્થા થાય એ લોટના પરમાણુની છે. એનો એ કર્તા છે અને રોટલીની અવસ્થા એનું કાર્ય છે. રોટલીનું કાર્ય સ્ત્રીનું છે એમ ત્રણકાળમાં નથી.

મુમુક્ષુ :– આ 'સોનગઢ'નું એકાંત કથન છે.

ઉત્તર :– સમ્યક્ એકાંત કથન આ છે. સિદ્ધાંત એટલે નિયમ તો આ છે. નિયમ પ્રમાણે સ્વભાવ નિયમ ચાલે છે. એમાં ગડબડ કરી નાખે... આહાહા! હું પરનો કર્તા છું અને પર મારામાં કંઈ કરે છે (એમ નથી).

બીજી વાત. આત્મામાં જે રાગાદિ પુણ્ય-પાપના ભાવ થાય છે એ અજ્ઞાની આત્માનું કાર્ય અને અજ્ઞાની કર્તા. પણ એ વિકારનો કર્તા કર્મ છે અને કર્મનું કાર્ય વિકાર છે એમ નથી. સમજાણું કાંઈ? શું થાય? કર્મનો એવો ઉદય આવ્યો માટે અમારે વિકાર કરવો પડે. મૂંઢ છો. ભાઈ! એવી સૂક્ષ્મ વાત છે.

કર્મ છે એ એની સત્તામાં છે. એની મોજૂદગી ચીજ છે. કર્મરૂપી અવસ્થા જે થઈ એનો કર્તા તો કર્મ છે. પણ આત્મામાં વિકાર થયો એનો કર્તા કર્મ છે અને કર્મનું એ વિકાર કાર્ય છે એમ ત્રણકાળમાં નથી. આત્મા સદા પોતાની પરિણતિથી પર્યાયમાં પરિણમે છે. કર્મ કર્મની પર્યાયથી પરિણમે છે. બેયને નિમિત્ત-નિમિત્ત સંબંધ છે પણ કર્તા-કર્મ સંબંધ નથી. આહાહા! આવી વાત કદી સાંભળી નથી. આખો દિ' મેં કર્યું, હું કરું.

'નરસિંહ મહેતા' કહે છે ને? 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે' મોટું બસ્સો મણનું ગાડુ હોય એની નીચે કૂતરો હોય. એની પીઠ અડતી હોય તો એ એમ જાણે મારાથી ગાડુ ચાલે છે. એમ અજ્ઞાની દુકાન પર ઊભો હોય કે પોતાની પદ્વીમાં ઊભો હોય ત્યાં જે પરમાણુની અવસ્થા થાય છે તેને મેં કરી, એ કૂતરા જેવો ગધેડો છે. 'માણેકચંદભાઈ'! આવું છે. આહાહા! એ કહે છે. આ તો એકલા સિદ્ધાંત છે.

**'જે કોઈ અવસ્થા છે તે-રૂપ પોતે જ છે...'** માટીમાં ઘડાની અવસ્થા થઈ એ માટી જ છે. એ કુંભાર નથી. કુંભારની રાગની પર્યાય કુંભારના આત્મામાં થઈ એનો આત્મા કર્તા અને એને રાગ થયો કે આ ઘડો હું કરું, એ રાગ એનું કાર્ય છે. પણ ઘડો એનું કાર્ય છે એમ ત્રણકાળમાં નથી. એવી વસ્તુની સ્થિતિ છે એને અજ્ઞાની અનાદિથી ગડબડ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરી રહ્યો છે. એ જ મિથ્યા ભ્રમ અને એ પરિભ્રમણનું કારણ છે. જૂઠી દૃષ્ટિ ચાર ગતિમાં રખડવાનું કારણ છે. કહો, સમજાણું કાંઈ?

**'તેથી તે અવસ્થાની તે સત્તામાત્ર વસ્તુ 'કર્તા' પણ હોય છે;...'** જુઓ! પ્રત્યેક આત્મા અને પ્રત્યેક ભિન્ન ભિન્ન દરેક રજકણ, એક એક પોઈન્ટ. આ જે આંગળી છે એ એક પોઈન્ટ નથી, એક તત્ત્વ નથી. અનંત પરમાણુનો પિંડ છે. એના ટુકડા કરતા... કરતા.. કરતા... કરતા... કરતા... છેલ્લો ટુકડો જે રહે જેના બે ટુકડા ન થાય એનું નામ એક પરમાણુ. પરમ-અણુ. છેલ્લામાં છેલ્લો નાનામાં નાનો અણુ. પોઈન્ટથી તો વાત ચાલે છે. એવા અનંત પરમાણુનો આ પિંડ છે. આ કાંઈ આત્મા નથી. આ તો માટી-ધૂળ છે. એમાં છેલ્લો પોઈન્ટ... ટુકડા કરતા કરતા છેલ્લે જેના બે ભાગ ન થાય એવી ચીજને પરમ-અણુ કહે છે. પરમ-અણુ- પરમાણુ. એ પરમાણુમાં જે પર્યાય અવસ્થા થાય છે... અત્યારે અવસ્થા આવી છે એ પહેલા લોટની હતી, પહેલી ઘઉંની હતી, પહેલી ધૂળની હતી. એ અવસ્થા પરમાણુની છે. એની અવસ્થાનો કર્તા પરમાણુ છે. આ અવસ્થાને કરનારો આત્મા નથી. આવી અવસ્થા લોહીની થઈ અને આત્માથી થઈ એમ ત્રણકાળમાં નથી. આહાહા! સમજાણું કાંઈ?

**'તે સત્તામાત્ર વસ્તુ 'કર્તા' પણ હોય છે; અને આમ કહેવું વિરુદ્ધ નથી, કારણ કે અવસ્થા પણ છે.'** શું કહે છે? જેમ પરમાણુ અને આત્મા વસ્તુ છે એમ એની અવસ્થા પણ છે, પર્યાય પણ છે, પરિણમન પણ છે, અવસ્થા પણ છે, અંશ પણ છે, બદલતી દશા પણ છે. આહાહા! સમજાણું કાંઈ? **'યઃ પરિણામઃ તત્ કર્મ તે દ્રવ્યનો જે કોઈ સ્વભાવ પરિણામ છે...'** અહીં થોડું એમ લીધું છે. નિશ્ચયથી તો ભગવાનઆત્મા પોતાના સ્વરૂપને ભૂલીને શુભ-અશુભભાવનો કર્તા થાય છે તો એ શુભ-અશુભભાવ અજ્ઞાનીનું કર્મ છે અને અજ્ઞાની આત્મા એનો કર્તા છે. પણ અહીં તો સ્વભાવપરિણામ લીધા છે. સ્વભાવમાં તો બેય આવે છે-વિકાર પણ આવે છે અને નિર્વિકાર પણ આવે છે. હવે શું કહે છે?

જ્યારે ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ સચ્ચિદાનંદ પ્રભુ છે. આત્મા તો સચ્ચિદાનંદ, સત્–શાશ્વત, ચિદ્–જ્ઞાન, આનંદ–સુખ. એ આનંદ અને જ્ઞાનનો પિંડ આત્મા છે. આહાહા! જેમ અગ્નિ ઉષ્ણતાનો પિંડ છે, સાકર ગળપણનો પિંડ છે, ગળપણને શું કહે છે? મીઠાશ. તમારી ભાષામાં. એમ ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદનો પિંડ છે. આહાહા! અરે..રે..! એવી દૃષ્ટિ જ્યારે થઈ ત્યારે એને પર્યાયમાં જ્ઞાન અને આનંદની જે પર્યાય થાય છે એનો આત્મા કર્તા અને આનંદની પર્યાય એનું કાર્ય છે. આહાહા! પોતાના સિવાય બીજો આત્મા અને બીજા રજકણની અવસ્થાનું કાર્ય આત્માનું તો છે જ નહિ. આ શરીરની અવસ્થા અને વાણીની અવસ્થા થાય છે એ પરમાણુની અવસ્થા છે એ આત્માથી થતી નથી. પણ આત્મામાં પુણ્ય અને પાપના વિકલ્પ જે પરલક્ષીભાવમાં થાય છે ત્યાં સુધી એ વિકારનો કર્તા અજ્ઞાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અને વિકારી પરિણામ કાર્ય એ એનો ભાવ છે. પણ જ્યારે આત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિ હું છું, જેની દૃષ્ટિ તત્ત્વ ઉપર પડી છે કે આ આત્મા જ્ઞાન અને આનંદનો પિંડ છે... આહાહા! દૃષ્ટાંત નહોતું આપ્યું? અમે તો વારંવાર આપીએ છીએ.

શક્કરકંદ હોય છે ને? શક્કરકંદ. અમારે ગુજરાતીમાં શક્કરિયા કહે છે. શક્કરકંદ. એક શક્કરકંદ હોય એમાં ઉપરની લાલ છાલને ન જુઓ તો આખું શક્કરકંદ છે. શક્કરકંદનો અર્થ? સાકરની મીઠાશનો પિંડ. શક્કરકંદનો અર્થ એ છે. એ લાલ છાલને લક્ષમાં ન લ્યો તો એ આખી ચીજ છે એ શક્કરકંદ છે. શક્કરકંદ એટલે સાકરની મીઠાશનો પિંડ છે.

એમ ભગવાનઆત્મા કર્મ અને શરીર તો ભિન્ન ચીજ છે એની તો દૃષ્ટિ છોડી દે. પણ પુણ્ય-પાપનો, દયા, દાન, વ્રત, ભક્તિનો જે વિકલ્પ ઊઠે છે એ લાલ છાલ છે. આહાહા! એ લાલ છાલની દૃષ્ટિ છોડી દે તો અંદર સાકરનો પિંડ છે. અતીન્દ્રિય આનંદની મીઠાશનો પિંડ છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

મુમુક્ષુ :– છાલ વિકારી ભાવ છે?

ઉત્તર :– વિકારી ભાવ છે. ચાહે તો હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસનાનો ભાવ હો કે ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, અનુકંપાનો ભાવ હો, એ બધા લાલ છાલ છે. આહાહા! સમજાણું કાંઈ? નાળીયેરનું દૃષ્ટાંત તો અમે ઘણી વાર આપીએ છીએ.

શ્રીફળ-નાળિયેર છે ને? તો નાળિયેરના ઉપરના છાલા છે એ નાળિયેર નથી. અંદર કાચલી છે. તમારે હિન્દીમાં શું કહે છે? નરેટી. એ કાચલી છે એ કોઈ નાળિયેર નથી. અને કાચલી કોરની જે લાલ છાલ હોય છે... જે ટોપરાપાક કરે ત્યારે કાઢી નાખે. એ લાલ છાલ છે એ પણ ટોપરું નથી. અંદરમાં ટોપરું તો શેર-દોઢ શેર ધોળું-સફેદ મીઠાશનો પિંડ એ શ્રીફળ છે. સમજાણું કાંઈ?

એમ આ ભગવાનઆત્મા.. આ તો ઉપરના છાલા છે. જેમ નાળિયેરમાં ઉપર છાલા છે એવા છાલા છે. અને કાચલી એ કર્મ છે. એણે પૂર્વે કોઈ પુણ્ય-પાપના ભાવ કર્યા હોય તો કર્મ કર્મના કારણે બંધાય છે. એ કર્મબંધનો કર્તા પુણ્ય-પાપ ભાવ નથી. અહીં વાત તો એ ચાલે છે. આહાહા! એ પુણ્ય-પાપના ભાવ છે એ લાલ છાલ જેવા છે. કર્મ કાચલી છે અને છાલા ઉપરના છે અને પુણ્ય-પાપના વિકલ્પની વૃત્તિ ઉઠે છે એ લાલ છાલ છે. ટોપરાપાક બનાવનારી બાઈ એને કાઢી નાખે છે. તેમ જેને આત્માનો ધર્મ કરવો હોય એ પુણ્ય-પાપના વિકલ્પને ઘસીને છૂટા પાડી દે. સમજાણું કાંઈ? વાત આવી છે, ભાઈ!

પરિભ્રમણ કરતા કરતા અનંતકાળ થયો. અનંતવાર અબજોપતિ થયો, અનંતવાર ભિખારી થયો, અનંતવાર દેવ થયો. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાદિ ઘણા કર્યા હોય તો કોઈ સ્વર્ગમાં જાય છે. એનાથી શું થયું? એ કાંઈ જન્મ-મરણનો અંત નથી. આહાહા! જન્મ-મરણનો અંત કરવાની ચીજ તો આ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સચ્ચિદાનંદ પ્રભુ શરીર કર્મથી તો ભિન્ન છે. પુણ્ય-પાપના વિકલ્પનું કાર્ય મારું એનાથી પણ ભિન્ન છે. આહાહા! સૂક્ષ્મ વાત છે, ભગવાન! આનંદનો અનુભવ,.. આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. વસ્તુ છે કે નહિ? વસ્તુ છે તો શાશ્વત છે કે નહિ? કે નાશવાન છે? આત્મા શાશ્વત અવિનાશી છે. દ્રવ્ય અવિનાશી અને એના આનંદ અને જ્ઞાન ગુણ અવિનાશી છે. આહાહા! સૂક્ષ્મ વાત છે, ભાઈ! આહાહા! એ આનંદના નાથની જ્યાં અંદરમાં દૃષ્ટિ કરે છે અને વર્તમાન પર્યાય-અવસ્થામાં જ્યાં પૂર્ણાનંદનો સ્વીકાર થાય છે, તો અવસ્થા એનું કાર્ય છે અને આત્મા એનો કર્તા છે. એ અવસ્થામાં આનંદદશા થાય છે. આહાહા! એનું નામ ધર્મ છે. શરીરની ક્રિયા એ ધર્મ નથી, પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે છે એ પણ ધર્મ નથી.

ધર્મ તો આનંદસ્વરૂપ ભગવાનઆત્મા પૂર્ણાનંદથી ભરેલો. પૂર્ણ ઇદમ્. વસ્તુ છે એ પૂર્ણ ઇદમ્. પૂર્ણ. આ પૂર્ણ છે. ઇદં એટલે આ. આનંદ અને જ્ઞાનથી પૂર્ણ છે એની ખબર નથી. સમજાણું કાંઈ? એવી ચીજની દૃષ્ટિ કરવાથી આનંદની, જ્ઞાનની, શાંતિની જે અવસ્થા થઈ એ અવસ્થાનું કાર્ય આત્મા અને આત્મા એનો કર્તા. એ પણ ઉપચારથી છે. સાંભળો. શું કહ્યું ઇ? કે આત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ છે, સચ્ચિદાનંદ છે-સત્-શાશ્વત, ચિદ્ એટલે જ્ઞાન અને આનંદ. અતીન્દ્રિય આનંદ, હોં! આ વિષયમાં આનંદ છે એમ માને એ તો દુઃખ છે. વિષયાનંદમાં લક્ષ્મીમાં આનંદ છે. આબરૂ-બાબરૂ સાંભળે એમાં આનંદ માને છે એ તો રાગનું દુઃખ છે. ત્યાં ધૂળેય સુખ નથી. ભગવાનઆત્મા આનંદસ્વરૂપ એની અસ્તિત્વતા એટલી મોટી છે કે શાશ્વત આનંદનો સ્વભાવ એનો છે. એ શાશ્વત વસ્તુ ઉપર દૃષ્ટિ કરવાથી જે આનંદ અને સમ્યગ્દર્શન-જ્ઞાન આદિની પર્યાય થઈ એ આત્માનું કાર્ય છે, આત્મા એનો કર્તા છે. એ પણ ઉપચારથી છે. શું કહ્યું? સાંભળો. આ તો અમૃતના વેણલા છે, બાપા! આહાહા! કદી કર્યું નથી, કદી સાંભળ્યું નથી, ચીજ કેવી શું છે એનો કદી પત્તો લીધો નથી. આહાહા!

કહે છે કે શરીર, વાણી, મનની અવસ્થાનો કર્તા તો આત્મા નથી. અને પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે છે એનો કર્તા પણ આત્મા નથી, પણ પોતાનો આત્મા આનંદસ્વરૂપ (છે તેના) ઉપર દૃષ્ટિ પડતાં, પૂર્ણાનંદનો સ્વીકાર થતાં પર્યાયમાં જે આનંદ આવ્યો એ કર્મ-કાર્ય છે અને આત્મા કર્તા છે એ પણ ઉપચારથી છે. અર્થાત્ આનંદની અવસ્થા આનંદથી થઈ છે. આનંદની અવસ્થા કર્તા, આનંદની અવસ્થા કાર્ય, આનંદની અવસ્થા આધાર. આહાહા! સૂક્ષ્મ છે, ભગવાન! વાત તો આવી છે. આખી દુનિયાથી ફેર છે. એય..! 'ચંદુભાઈ'! અહીં તો આખી દુનિયા જોઈ છે ને? આ શરીરને ૮૮ વર્ષ થયા. શરીરને, હોં! આત્મા તો અનાદિ-અનંત છે. આ તો શરીરને ૮૮ વર્ષ થયા. બે આઠ. આહાહા! ઘણું જોયું છે, ઘણું સાંભળ્યું છે. અનેક પ્રકારના શાસ્ત્ર પણ જોયા છે. કરોડો શ્લોકો. આહાહા! પણ આ ચીજ શું છે એની લોકોને ખબર નથી. સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં કહે છે કે **'परिणतिः सा क्रिया'**. આત્મા આનંદરૂપ પરિણમે છે. સમજાણું કાંઈ? ધર્મની દશા એનું નામ છે. આહાહા! અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો, આત્માનો અનુભવ થવો, અનુભવમાં આનંદની છાપ, મહોરછાપ પડી છે. આહાહા! એ આનંદની પર્યાયનો કર્તા આત્મા અને એ પર્યાય એનું કાર્ય એ બેને ભિન્ન કરીને માનવા એ ઉપચાર છે, વ્યવહાર છે. બાકી આનંદની પર્યાયનો કર્તા આનંદની પર્યાય, આનંદની પર્યાયનું કાર્ય આનંદની પર્યાય, એક એક સમયની પર્યાયમાં ષટ્કારકનું પરિણમન સ્વતંત્ર થાય છે. ભાઈ! 'સહરાનપુર'માં... અરે..રે..! દુનિયા દુઃખી. કરોડોપતિ દુઃખી, 'પોપટભાઈ'!

મુમુક્ષુ :– સાચી વાત છે. સુખી હોય તો અહીં આવે શું કરવા?

ઉત્તર :– શું કરવા? પૈસાવાળા છે. બે કરોડ રૂપિયા છે. ધૂળ છે, દુઃખી છે. આ અમારા શેઠ રહ્યા નહિ? એ તો ભાઈ ઓળખતા હશે. 'શોભાલાલ'. બહુ પૈસાવાળા છે. પૈસાવાળા એટલે શું? આહાહા! પાણીમાં કોઈ અપથ્ય આવી જાય તો વાળા નીકળે છે ને? શું કહે છે? નાર. વાળો નીકળે તો દુઃખ થાય છે. તો આ કેટલા વાળા? પૈસાવાળા, બાયડીવાળા, કુટુંબવાળા, આબરૂવાળા, દીકરાવાળા, વેવાઈવાળા. કેટલા વાળા વળગ્યા એને! ભગવાન! એ દુઃખી છે. આહાહા! લોકો એમ કહે કે પૈસાવાળા સુખી છે. ધૂળમાં પણ સુખી નથી. સુખ તો આત્માના આનંદમાં છે. ત્યાં તો નજરું નથી અને નજર અહીં બહારમાં છે. આહાહા! હરણની નાભીમાં કસ્તુરી, કસ્તુરીની કિંમત હરણને નથી. એમ ભગવાનઆત્મામાં અતીન્દ્રિય આનંદરૂપી કસ્તુરી પડી છે. આહાહા! એની કિંમત નથી અને આ પુણ્યના ફળ પાંચ-પચાસ કરોડ મળે એની કિંમત ટાંકે. ધૂળની. એ હરણ જેવો મૃગલો છે. એ આવે છે ને? 'મનુષ્યા સ્વરૂપે મૃગા ચરન્તી' મનુષ્યના રૂપે મૃગલા ચરે છે. એ મૃગલા છે. આહાહા!

અહીં કહે છે.. આહાહા! **'આમ કહેવું વિરુદ્ધ પણ નથી,...'** શું કરવા એટલું કહ્યું? ભાઈ! વિરુદ્ધ નહિ એટલે કર્તા અને કર્મ કહેવું છે ને? એથી એ તો વ્યવહાર તરીકે વિરુદ્ધ નહિ. **'કારણ કે અવસ્થા પણ છે.'** આત્માની નિર્મળ આનંદ અવસ્થા પણ છે અને આત્મા એનો કર્તા એમ કહેવું વિરુદ્ધ નથી. નહિતર તો કર્તા ને કાર્ય કહેવું એ બે ભિન્ન છે. છતાં એ અંતરની ચીજ છે. ભગવાન આનંદસ્વરૂપે, આનંદરૂપે થાય છે તો એ આનંદની અવસ્થા કાર્ય (એમ કહેવાય). ભાષા એમ લીધી છે ને? આગળથી લઈએ. **'દ્રવ્યનો જે કોઈ સ્વભાવ પરિણામ છે તે–દ્રવ્યનો પરિણામ–'કર્મ'...'** એમ સ્વભાવનો અર્થ લીધો છે.

અહીંયાં તો નિશ્ચયથી તો વિકારી પરિણામ, પુણ્ય-પાપ એનું કાર્ય છે અને અજ્ઞાની કર્તા છે એટલું સિદ્ધ કરવું છે. પણ એનું ફળ લેવું હોય તો વિકારી પરિણામ પણ એનું કાર્ય નથી. આત્મા આનંદસ્વરૂપ ભગવાનઆત્મા છે એમ જ્યાં સ્વીકાર થયો, પૂર્ણાનંદ પ્રભુ શાશ્વત મહા આનંદની સત્તા છે એનો જ્યાં દૃષ્ટિમાં સ્વીકાર થયો તો જે આનંદની દશા થઈ એ પોતાનું કાર્ય અને આત્મા કર્તા, એ બેને ભેદથી કહેવું એ વિરુદ્ધ નથી. સમજાણું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાંઈ? 'ધીરૂભાઈ'! તમારી કંપની-બંપની મોટી કંપનીમાં છે ઇ. બધા ગપેગપ ત્યાં. આહાહા!

મુમુક્ષુ :– હું કરું.. હું કરું...

ઉત્તર :– હું કરું.. હું કરું... હું કરું છું અને આ હું કરું છું. ભગવાન! તું કોણ? તારી સત્તા ઓળંગીને બીજા દ્રવ્યની સત્તા તારામાં પ્રવેશ કરે છે? તારું હોવાપણું જે છે એ છોડીને પરદ્રવ્યની સત્તામાં પ્રવેશે છે કે પરનો કર્તા થાય? ભાઈ!

મુમુક્ષુ :– હું કરું છું.. હું કરું છું એ ગપ છે?

ઉત્તર :– અજ્ઞાનીનું માનેલું ગપ છે. અમે શરાફ કરીએ છીએ, શેઠિયા કરીએ છીએ, બધું ગપ છે. 'ગ્વાલિયર'ના શરાફ છે, શરાફ. આહાહા! ગાદી ઉપર બેસે. પચ્ચીસ હજાર આમ દ્યો, પાંચ હજાર આમ લ્યો. કોણ કરે?

મુમુક્ષુ :– બધું ગપે ગપ?

ઉત્તર :– ગપેગપ નહિ. મિથ્યા ભ્રમણાનું સત્ય છે. એ ભ્રમણા વસ્તુ છે. એ ભ્રમણા નથી એમ નથી. 'પોપટભાઈ'! આહાહા!

આમાં દૃષ્ટાંત આપ્યું છે. આ કળશટીકામાં સંસ્કૃતમાં, ભાઈ! આ કળશની ટીકામાં સંસ્કૃતમાં. કેમકે આ ટીકા તો ૮૬ ગાથાની છે. પણ ૮૩ ગાથામાં આવ્યું છે ને? એનું આમાં સંસ્કૃતમાં નાખ્યું છે. કળશટીકા સંસ્કૃત છે એમાં એ નાખ્યું છે. સમુદ્ર છે એની પર્યાય- જે તરંગ ઉઠે છે એ તરંગનો કર્તા સમુદ્ર છે અને સમુદ્ર એનો કર્તા અને તરંગ એનું કાર્ય. પણ પવન આવ્યો અને તરંગ ઊઠ્યા એ પવન એનો કર્તા અને તરંગ એનું કાર્ય એમ છે નહિ. આહાહા!

અત્યારે તો આ બહુ ચાલ્યું છે. કર્મ નિમિત્ત છે તો તેનાથી જીવમાં વિકાર થાય છે. કર્મ વિના વિકાર કેમ થાય? એવું અત્યારે બહુ ગપ ચાલે છે. જૈનમાં કર્મ કર્તા થઈ ગયા. બીજામાં ઈશ્વર કર્તા થઈ ગયો. અહીં કહે, કર્મ કર્તા. સમજાણું કાંઈ? હમણા આર્જિકાનું આવ્યું છે. વ્યવહારનયથી કર્મથી પણ બગાડ થાય છે. આત્મા ચાર ગતિમાં રખડે છે એ શું કર્મથી રખડે છે કે પોતાથી રખડે છે? કર્મથી રખડે છે. તારી ભૂલ છે, પ્રભુ! 'કર્મ બિચારે કોણ? ભૂલ મેરી અધિકાઈ' કર્મ તો જડ છે. એની ચીજની એને ખબર નથી. તું જ્ઞાનસ્વરૂપ છો એ તને ખબર છે અને એ જડ છે એ તને ખબર છે. શરીરને ખબર છે કે હું શરીર છું? આ જડ માટીને ખબર છે? આહાહા! આ અસ્તિ છે એની ખબર એને છે? એની ખબર તો જ્ઞાનને છે કે આ જડ છે અને હું ચૈતન્ય છું. આ અજીવ છે, હું જીવ છું. એ માટી છે, હું ચૈતન્ય માટી છું-ચૈતન્યસ્વરૂપ છું. આહાહા! એનું જ્ઞાન તો આત્માને છે, જડને તો છે નહિ. તો કર્મ બિચારે કોણ? 'ભૂલ મેરી અધિકાઈ.' હું મારી ભૂલથી રખડું છું. કર્મથી નહિ. 'અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા.' કર્મથી ભૂલ્યો છે એમ નથી. કર્મ તો નિમિત્તમાત્ર છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– બીજાની ભૂલ કાઢવી એ...

ઉત્તર :– એ અનાદિનો અભ્યાસ છે ને, દરબાર! દરબાર છે. સરવાળાના 'વઢવાણ' પાસે છે. આહાહા! એને હજી ખબર નથી કે શું ભૂલ છે.

અહીંયાં કહે છે કે તારી ભૂલ જે છે, પુણ્ય-પાપના ભાવ અને ભ્રમણા-હું પરનું કરું છું એવી ભ્રમણાનો કર્તા તું છો અને એ ભ્રમણા તારું કાર્ય એ અજ્ઞાનભાવે છે. આહાહા! અને જ્ઞાનભાવે ચૈતન્યસ્વરૂપ ભગવાન આનંદસ્વરૂપ સત્તા છે, શાશ્વત છે, એનું પરિણમન પર્યાયમાં આવ્યું, ધર્મ દૃષ્ટિ થઈ, ધર્મી એવા ભગવાનઆત્મા ઉપર દૃષ્ટિ થઈ... બીજી વાત છે, અલૌકિક છે, પ્રભુ! તો ભગવાન પૂર્ણાનંદ શાશ્વત અવિનાશી જે સ્વરૂપ તત્ત્વ છે એ ઉપર દૃષ્ટિ પડતાં પર્યાયમાં આનંદની દશા થઈ એ આત્માની અવસ્થા અને આત્મા એનો કર્તા એ વિરુદ્ધ નથી. આહાહા! 'પ્રવિણભાઈ'! આવું છે. કેમકે ઓલા બે કીધા ને? બે થઈ ગયાને? એટલે એની સત્તાનું એ પરિણમન છે માટે વિરુદ્ધ નથી.

**'તે–દ્રવ્યનો પરિણામ–'કર્મ'...'** દ્રવ્યનું એ કાર્ય છે એનું એ કર્મ કહેવાય છે. **'એ નામથી કહેવાય છે. દ્રવ્યનું જે કંઈ પૂર્વ અવસ્થાથી ઉત્તર અવસ્થારૂપ થવું તેનું નામ 'ક્રિયા' કહેવાય છે.'** દરેક પદાર્થનું પૂર્વ અવસ્થાથી ઉત્તર અવસ્થારૂપ થવું તેને ક્રિયા કહે છે. દૃષ્ટાંત આપે છે. **'જેવી રીતે માટી ઘટરૂપ થાય છે...'** છે? માટી ઘટરૂપ થાય છે, કુંભારથી નહિ. આહાહા!**'તેથી માટી 'કર્તા' કહેવાય છે,...'** જડ છે ને. જડને તો ખબર નથી કે હું કર્તા છું. ન હોય પણ પરિણમન કરે છે કે નહિ? આહાહા! સૂક્ષ્મ વાત છે, બાપુ! **'તેથી માટી 'કર્તા' કહેવાય છે, નીપજેલો ઘડો...'** જુઓ! શું કહે છે? ઘડો નીપજ્યો. માટી ઉત્પન્ન થતી નથી. માટી તો છે જ. માટીમાંથી **'નીપજેલો ઘડો 'કર્મ' કહેવાય છે...'** એ કાર્ય કહેવાય છે. માટીનું ઘડારૂપ થવું એ માટીનું કાર્ય છે. આહાહા! એ કુંભારનું કાર્ય નથી. કુંભારથી કદી ઘડો થતો જ નથી. ત્યાં તો દૃષ્ટાંત આપ્યું છે. કુંભારથી ઘડો નીપજે તો કુંભારના શરીર પ્રમાણે તેનો આકાર થવો જોઈએ, કુંભારનો સ્વભાવ એમાં પ્રવેશવો જોઈએ. માટે કુંભાર ઘડાનો કર્તા નથી. આહાહા! ભારે આકરી વાતું, ભાઈ! એમ પૂજા-ભક્તિમાં સ્વાહા (બોલે છે). કહે છે કે એ શરીરની ક્રિયા અને ભાષાની ક્રિયા એનો કર્તા આત્મા નથી. 'નંદકિશોરજી'! આવી વકીલાત ભગવાનની છે.

મુમુક્ષુ :– પણ નિમિત્ત-નૈમિત્તિક તો સંબંધ છે.

ઉત્તર :– નિમિત્તનૈમિત્તિક સંબંધનો અર્થ શું? એક બીજી ચીજ છે. પણ એનાથી થયું એમ નથી. કુંભાર હાજર હોય પણ કુંભારથી ઘડો નીપજ્યો એમ ત્રણકાળમાં નથી.

મુમુક્ષુ :– હોંશિયાર કુંભાર હોય સારો ઘડો થાય, ઠોઠ કુંભાર હોય તો બગાડે.

ઉત્તર :– એ ઘડો સારા થવાની અવસ્થા થઈ તો એ માટીથી થઈ છે, કુંભારથી નહિ.

એ પ્રશ્ન ઉઠ્યો છે. શાસ્ત્રમાં પાઠ છે કે સારો ઘડો બનાવવા વિચિક્ષણ કુંભારને કેમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગોતે છે? સારો ઘડો બનાવવો હોય તો વિચિક્ષણ કુંભારને કેમ ગોતે છે? તો વિચિક્ષણ કુંભારથી ઘડો બને છે. ના. કુંભારની વિચિક્ષણતાની પર્યાય કુંભારના આત્મામાં રહી. એણે ક્યાં ઘડામાં પ્રવેશ કર્યો કે એ ઘડો બનાવી દે. સમજાણું કાંઈ? આ નોરતામાં નથી કરતા? નોરતા-નોરતામાં. શું કહેવાય એ? ઘડો બનાવે છે ને?

મુમુક્ષુ :– ગરબો..

ઉત્તર :– ગરબો. બસ એ. નોરતામાં ગરબા બનાવે ને? એને કાણા હોય. અંદર દીવો હોય. ઘડો આમ ન રાખે. એ કાણાવાળા હોય. હોંશિયાર કુંભાર હોય એ કરી શકે એમ અજ્ઞાની માને. સમજાણું કાંઈ? કારણ કે કાણા પાડે ને? કાણા સમજો છો? છેદ. ગરબાની અંદર દીવો હોય અને ગરબો કાણાવાળો હોય. એ દૃષ્ટાંત આપ્યું છે. સિદ્ધાંતમાં એનું દૃષ્ટાંત આપ્યું છે. કે ઘડો ફૂટી જાય તોપણ દીવો ઓલવાતો નથી. એમ આ શરીર ફૂટી જાય તો આત્મા-દીવો ઓલવાતો નથી. આત્મા તો ભિન્ન છે.

મુમુક્ષુ :– ફરીથી દૃષ્ટાંત સમજાવો.

ઉત્તર :– ફરીથી? 'સમયસાર'માં આવ્યું છે કે ઘડો અને દીવો બે ચીજ ભિન્ન છે. અને ઘડો ફૂટી જાય તો દીવો ઓલવાય જાય એમ નથી. દીવો તો દીવો જ છે. અને કદાચિત દીવો ઓલવાય જાય અને ઘડો ફૂટી જાય એમ પણ નથી. .. જીવ ચાલ્યો જાય તો આ માટીનો ઘડો તૂટી જાય, ફૂટી જાય એમ નથી. સમજાણું કાંઈ? બે ચીજ તદ્દન ભિન્ન છે. ભિન્નના ભેદજ્ઞાનના અભાવમાં બેને એક માને છે. આહાહા!

મુમુક્ષુ :– એ વાત તો બરાબર છે પણ આપે (સંવત) ૧૯૯૧ની સાલમાં મુહપત્તિ છોડી હતી કે નહિ?

ઉત્તર :– છોડી નહોતી છૂટી ગઈ છે. નગ્ન મુનિ હોય છે એ વસ્ત્ર છોડતા નથી. વસ્ત્ર છૂટી જાય છે. એ પ્રશ્ન થયો હતો. અહીં તો ઘણા પ્રશ્નો થયા હતા. 'ચાંદમલજી' હતા ને 'ચાંદમલજી'? 'ઉદયપુર' 'ચાંદમલજી' બ્રહ્મચારી નહોતા?

મુમુક્ષુ :– 'ઉદયપુર'વાળા.

ઉત્તર :– 'ઉદયપુર'વાળા. અહીં તો ઘણા આવી ગયા છે ને. ઘણા પંડિત લોકો આવી ગયા. એકવાર સ્વાધ્યાય મંદિરમાં પ્રશ્ન ઉઠ્યો હતો કે મુનિ કપડા ઉતારે છે કે નહિ? જુઓ! મુનિ નગ્ન થાય છે. ભાઈ! કપડા ઉતારતા નથી. જડની પર્યાય ઉતારવી એ આત્માનું કાર્ય નહિ. બહુ ચર્ચા થઈ હતી. ૪૩ વર્ષ તો અહીંયા થયા. ૪૩ ચોમાસા. ચાર અને ત્રણ. ૪૫ બીજે ઠેકાણે થયા. ૮૮ વર્ષ થયા. આહાહા! ભગવાન! તારી ચીજ જુદી છે, પ્રભુ! નાથ! આહાહા! કપડા ઉતારવા એ આત્માનું કાર્ય છે અને આત્મા એનો કર્તા છે એમ છે નહિ.

'પ્રવચનસાર'ની ૧૦૨ ગાથામાં છે કે એ કપડાની અવસ્થા એ સમયે નીકળવાની હતી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ એનો જન્મક્ષણ હતો. એનાથી છૂટી જવું એ એની જન્મક્ષણ હતી. એ કપડા આત્માએ ઉતાર્યા અને વિકલ્પ આવ્યો અને વસ્ત્રો ઉતાર્યા (એમ નથી). વિકલ્પ કર્તા છે અને કપડા ઉતરે એ કાર્ય છે એમ છે નહિ. ભારે ઝીણું, બાપુ! કપડા અનંત પરમાણુનું દળ છે. કપડા છે તે શું છે? આટલામાં અનંત રજકણ છે. આટલામાં અનંત રજકણ છે. એક એક પોઈન્ટ-ટુકડો કરો તો નાનો પરમાણુ છે એવા અનંત પરમાણુઓ છે. તો એ ચીજ જુઓ. આમ હતી. એ અવસ્થાનો કર્તા કોણ? કે એ કપડા. આંગળી નહિ. ભિન્ન ચીજની અવસ્થાનો કર્તા ભિન્ન એમ ત્રણકાળમાં બનતું નથી. 'ધીરુભાઈ'! 'મુંબઈ'માં તો સાંભળવાનું મળે નહિ. જ્યાં ત્યાં રખડવાનું બધું મળે.

મુમુક્ષુ :– સાંભળવાનું મળે પણ બીજું મળે.

ઉત્તર :– વાત સાચી છે. બીજું મળે. મોહમયી નગરી એકલી... આહાહા! અરે..! પ્રભુ! કહે છે સાંભળ તો ખરો, નાથ! આહાહા!

**'પૂર્વ અવસ્થાથી ઉત્તર અવસ્થારૂપ...'** આવ્યું ને? માટીના પિંડથી ઘડો બનવો એ ક્રિયા છે. શું કહે છે? માટી ઘટરૂપ થઈ તો ઘટ એનું કાર્ય છે અને માટી કર્તા. અને પિંડ અવસ્થાથી ઘટરૂપ અવસ્થા થઈ એ ક્રિયા છે. માટીનો પિંડ હતો ને? પિંડની અવસ્થા ઘટરૂપ થઈ એ ક્રિયા. પણ કર્તા માટી, ઘડો કર્મ અને પિંડથી પલટતી ક્રિયા ત્રણે એક ચીજની છે. આહાહા! ભારે, ભાઈ!

આ હોંશિયાર બાઈ હોય છે ને? સારા પાપડ બનાવે. શું કહેવાય? વડી બનાવે. સેવ-સેવ બનાવે. સેવને શું કહે છે? ખાટલો હોય ને એના ઉપર લાકડાનું પાટિયું નાખીને વણે. આ સેવ બનાવે છે ને ઘઉંની સેવ? તો કહે છે કે હોંશિયાર બાઈ હોય એ ઘણી સારી સેવ બનાવે, વડી-પાપડ બનાવે. મૂંઢ છે. પરની પર્યાય કોણ કરે? સારું ભરત ભરે. ભરત ભરે ને? ચાકળામાં કાચના ટુકડા મૂકે, આભલા ભરે અને પછી ચારે કોર દોરા નાખે એટલે આભલુ ન નીકળી જાય. એ ક્રિયા કોણ કરે છે? આહાહા! ભગવાન! તને ખબર નથી. એ પરમાણુની પર્યાય કરે છે, તારાથી નહિ. આવું છે, 'પોપટભાઈ'! ઝીણું બહુ. બાપુ! મારગડા તો સૂક્ષ્મ છે. ધર્મનો માર્ગ બહુ સૂક્ષ્મ છે, ભાઈ! આહાહા! અનંતકાળમાં કદી એણે આ રસ્તો પકડ્યો જ નથી. આહાહા! જ્યાં ત્યાં મેં કર્યું... મેં કર્યું... મેં કર્યું... અભિમાનમાં જિંદગી વીતાવી. આહાહા!

અહીં કહે છે, **'માટીપિંડથી ઘડારૂપ થવું 'ક્રિયા' કહેવાય છે; તેવી જ રીતે સત્ત્વરૂપ વસ્તુ 'કર્તા' કહેવાય છે,...'** કોઈપણ પરમાણુ કે આત્મા જે સત્ત્વ વસ્તુ છે એને કર્તા કહેવાય છે. **'તે દ્રવ્યનો નીપજેલો પરિણામ...'** એ પદાર્થમાં નવી ઉત્પન્ન થયેલી દશાને **''કર્મ' કહેવાય છે...'** બરાબર છે? અંદરમાં છે એનો અર્થ થાય છે. આ તો મહાસિદ્ધાંત સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ, એમની વાણીમાં આવ્યું એ આ સિદ્ધાંત છે. ભાઈ! તારે અભિમાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છોડવું પડશે કે હું કરું... હું કરું... હું કરું. આહાહા! ગાદી ઉપર બેઠા હોય તો દુકાનનો ધંધો બરાબર ચાલે. હું બેઠો છું માટે બરાબર વ્યવસ્થિત ચાલે છે. અને નોકર આવ્યો ત્યારથી વ્યવસ્થા બગડી ગઈ.

મુમુક્ષુ :– ઘણે ઠેકાણે નોકરથી જ (બરાબર ચાલે છે)

ઉત્તર :– એમ પણ છે. કોઈ ઠેકાણે નોકરથી બરાબર વ્યવસ્થા થાય છે. 'રાણપુર'માં એક શેઠ અને નોકર હતા. નોકર એવો હતો, એવું કામ કરે એમ માને.. શેઠ આવે ને જરી ગડબડ કરે તો નોકર એમ કહે કે, શેઠ ઘરે ચાલ્યા જાવ. નોકર એમ કહે. એ વયો જાય. તમારું કામ નથી. તમને ખબર પડે નહિ ને તમે આવીને ગડબડ કરો છો. નોકર એમ કહે, હોં! શેઠ પણ સમજે. ઘરે વયા જાય. પણ એ માને કે હું બરાબર વ્યવસ્થા કરું છું અને શેઠને નથી આવડતું. એ મૂંઢ છે. અમે તો ઘણું બધું જોયું છે ને. 'રાણપુર'માં હતા. વાણિયા હતા. એનો નોકર બહુ હોંશિયાર. અભિમાન કરવામાં. શેઠ આવીને વચ્ચે થોડું બોલે કે, ભાઈ! આમ કરોને. તમને કોણ પૂછે છે. વયા જાવ. ચાલો હું જાવ. એ શેઠ પણ એવો પાછો, હોં! નોકરને કહે, મને આવડતું નથી વાત સાચી છે. એ આવડે શું? ધૂળ. બહારના કાર્ય. આ નામું બરાબર લખે છે. મોતીના અક્ષર જેવા. એ ક્રિયા આત્માની છે? એ ક્રિયા આંગળીની છે? ગજબ વાત છે, ભગવાન! એ રજકણનું સત્ત્વ છે એની એ પર્યાય છે. દુનિયાથી ભિન્ન ચીજ છે, ડોક્ટર!

મુમુક્ષુ :– લોકોત્તર વાત છે.

ઉત્તર :– લોકોત્તર વાત છે. આહાહા! દુનિયાથી જુદી ચીજ છે, પ્રભુ! તારા સત્ત્વમાં તારી પર્યાયનું કાર્ય, તારું સત્ત્વ હોય એમાં હો, પણ તારું સત્ત્વ, અસ્તિત્વ પરની સત્તામાં તારું અસ્તિત્વ પ્રવેશ કરતું નથી. તો પરની સત્તાની પર્યાયનું અસ્તિત્વ તારું છે એમ ક્યાંથી આવ્યું? લોજિકથી તો વાત ચાલે છે, ભગવાન! સમજાણું કાંઈ?

**'वस्तुतया त्रयं अपि न भिन्नं સત્તામાત્ર વસ્તુના સ્વરૂપનો અનુભવ કરતાં કર્તા-કર્મ-ક્રિયા એવા ત્રણ ભેદ...'** છે. વ્યવહારથી ત્રણ ભેદ છે. માટી કર્તા, ઘટ કર્મ, પિંડ અવસ્થા એ પલટીને ઘટની ક્રિયા થઈ એવા ત્રણ બોલ વ્યવહારથી કહેવામાં આવે છે. **'નિશ્ચયથી ત્રણ સત્ત્વો તો નથી, એક જ સત્ત્વ છે.'** ત્રણેનું સત્ત્વ એક જ છે. ત્રણેનું એક સત્ત્વ છે. કર્તાનું સત્ત્વ, કાર્યનું સત્ત્વ અને ક્રિયાનું સત્ત્વ-ત્રણેનું એક સત્ત્વ છે. બીજા સત્ત્વએ એમાં પ્રવેશ કર્યો છે એમ નથી. આહાહા! ભારે ઝીણું પડે. પણ શું થાય? આ તો સવારમાં ચાલે જ છે. આ તો એમ ને એમ રાખ્યું છે. બપોરે જરી ફેર કર્યો. શક્તિની વ્યાખ્યા સૂક્ષ્મ છે. સાંભળે તો ખરા શું ચીજ છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે જ્ઞાનમાં ત્રણકાળ, ત્રણલોક જાણ્યા અને વાણીમાં એ ધ્વનિ આવી. જેવું જોયું એવું વાણીમાં આવ્યું. આહાહા!

**'નિશ્ચયથી ત્રણ સત્ત્વ તો નથી,...'** શું કહે છે? માટી કર્તા, ઘટ કર્મ અને પિંડથી ઘટની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ક્રિયા થઈ એ ત્રણ સત્ત્વ નથી. ત્રણનું સત્ત્વ તો એક જ છે. એમ ભગવાનઆત્મા આનંદની પર્યાયનો કર્તા, આનંદની પર્યાય કાર્ય અને પૂર્વની અવસ્થા પલટીને આનંદ આવ્યો એ ક્રિયા, એ ત્રણેયમાં આત્મા તો એક જ છે. આહાહા! ક્યાં દેહ છોડીને ચાલ્યો જશે. આ દેહનો એક રજકણ સાથે નહિ આવે. આ તો માટી છે. આહાહા! હમણાં તો હાર્ટફેઈલનું બહુ સાંભળીએ છીએ ને. નાના-નાની ઉંમરમાં હાર્ટફેઈલ થઈ જાય છે. આહાહા! બોલતા-બોલતા. એક તો બોલતા-બોલતા છૂટી ગયો.

હમણા કહ્યું નહોતું? એક છોકરો, નહિ? 'જલગાંવ'ના 'વજુભાઈ'ના બેનનો દીકરો. 'અમેરિકા'માં. ઘણો હોંશિયાર. ૨૬ વર્ષની ઉંમર. ૯૦ ટકાએ પાસ થયો. 'અમેરિકા'માં પાસ! લાખો છોકરાઓમાં ૯૦ ટકાએ પાસ થયો તો લોકોએ બહુ સન્માન કર્યું. બહુ માન આપ્યું. ઓહોહો..! કાઠિયાવાડી ગુજરાતી માણસ! 'અમેરિકામાં' ૯૦ ટકાએ પાસ! છોકરો કહે મારે દેશમાં જાવું છે. એ કહે નહિ અમારે માન દેવું છે. બહુ માન આપ્યું. માન દેતા દેતા અગિયાર વાગ્યા પછી બધા છૂટા પડ્યા. અગિયાર વાગે સૂતો. સવારે ઉઠીને જોયું તો મડદું. આહાહા! અત્યારે બન્યું છે. 'અમેરિકા'માં. આપણે 'જલગાંવ'થી 'વજુભાઈ' આવે છે ને? એની બહેનનો દીકરો. અહીં આવીને લગ્ન કરવાના હતા. ત્યાં 'અમેરિકા'માં એનો બીજો ભાઈ હતો. ત્યાં જવાનો હતો. માલ-સામાન બાંધી રાખ્યો હતો. શું કરે તારી સ્થિતિ? આહાહા! અગિયાર વાગે સૂતો અને સવારમાં જગાડવા જાય તો મડદું. આહાહા! ૨૬ વર્ષ. એ તો સ્થિતિ જે સમયે પૂરી થવાની હશે તે થશે. ત્રણકાળમાં તારા ડોક્ટર-બોક્ટર, ઇન્દ્ર ઉપરથી આવે તોપણ ફરે નહિ એમ કહે છે. ડોક્ટર ચાલ્યા જાય છે કે નહિ? 'હેમંતકુમાર'. ડૉક્ટર! 'હેમંતકુમાર'નું સાંભળ્યું છે કે નહિ? બે-ત્રણ વાર આવ્યા હતા. 'હેમંતકુમાર' ઓપરેશન કરતા હતા. કરતા કરતા (કહ્યું), મને કાંઈક થાય છે. 'ભાવનગર' હોસ્પિટલના મોટા સર્જન અને 'પ્રભાશંકર પટ્ટણી'ના સગા થાય. ખુરશીએ બેઠા ત્યાં દેહ (છૂટી ગયો).

જે સમયે દેહની સ્થિતિ છૂટે એ દેહની અવસ્થા છે. એનો કર્તા દેહ છે. આત્મા દેહ છોડવાનો કર્તા છે નહિ, એમ કહે છે. આહાહા! એવી દૃષ્ટિ-પરદ્રવ્યના કર્તાપણાની દૃષ્ટિ છોડી દે તો તારી વિકારી પર્યાયનો કર્તા.. એમ માને કે એની દૃષ્ટિ છોડીને હું નિર્વિકારી સ્વરૂપ છું એવી દૃષ્ટિ થઈને નિર્વિકારી કાર્ય થાય તેનું નામ ધર્મ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## શ્રાવણ સુદ ૧, સોમવાર તા.૧૫.૦૮.૧૯૭૭
## કળશ - ૫૧ તથા ૫૨, પ્રવચન - ૬૭

'કળશ ટીકા' કર્તા-કર્મ અધિકાર (ચાલે છે). કોઈપણ આત્મા અને પરમાણુ જે એક દ્રવ્ય છે એ પરદ્રવ્યની પર્યાયનો કર્તા નથી. અને પોતાના પરિણામ જે થાય છે તેનો કર્તા પરદ્રવ્ય નથી. એવો નિર્ણય કરે તો એનું પરિણામ-તાત્પર્ય એ છે કે મારી પર્યાયનો કર્તા હું છું. નિમિત્ત અને ઉપાદાન બે થઈને ક્રિયા થાય છે એમ નથી. એ સિદ્ધ કરવું છે. બે એક સાથે છે ને? માટીમાંથી ઘડો બને છે. કુંભારનો વિકલ્પ, હાથ ચાલે છે, એકસાથે છે છતાં ઘડાની પર્યાયનો કર્તા કુંભાર નથી. એમ આ આત્મા... ભાવાર્થ છે ને?

'**કર્તા-કર્મ-ક્રિયાનું સ્વરૂપ તો આ પ્રકારે છે,...**' શું? અહીં પહેલા આત્મા ઉપર લઈએ. આત્મા છે એ પોતાની શુદ્ધ કે અશુદ્ધ પર્યાયરૂપી કર્મ... આત્મા છે એ શુદ્ધ કે અશુદ્ધરૂપી વિકારી પરિણમન (થાય) એ એનું કાર્ય છે. અત્યારે તો સામાન્ય વાત ચાલે છે. આત્મામાં અશુદ્ધ પરિણામ થાય, મલિન, મિથ્યાત્વ રાગ-દ્વેષના ભાવના પરિણામનો કર્તા આત્મા છે. એ આત્માનું કાર્ય છે. કર્મનું નહિ. સમજાણું કાંઈ? અને પોતાની પર્યાય જે પૂર્વની અવસ્થાથી પલટે છે એ ક્રિયાનો કર્તા પણ આત્મા છે. પૂર્વની અવસ્થા રાગવાળી હતી અને પછી પણ રાગવાળી થઈ. અથવા પૂર્વે રાગની અવસ્થા હતી એ પોતાની ચૈતન્યદ્રવ્યની દૃષ્ટિ થતાં અરાગ અવસ્થા સમ્યગ્દર્શનની પર્યાય થઈ, એ ક્રિયાનો કર્તા આત્મા છે. 'ધીરુભાઈ'! આ તો થોડું ધીરુ થઈને સમજવા જેવું છે. કાલે આવ્યું નહોતું? ધીરજથી... આહાહા! માર્ગ એવો છે, ભગવાન! અરે..!

અનાદિથી બે દ્રવ્યની પર્યાય એક દ્રવ્ય કરે છે એવી માન્યતા–ભ્રમણા, એનું પર ઉપર લક્ષ છે. અને એક દ્રવ્યની પર્યાય બે દ્રવ્ય કરે એ પણ મિથ્યાત્વ છે અને બે દ્રવ્યની પર્યાય એક દ્રવ્ય કરે છે એ પણ મિથ્યાત્વ છે. આહાહા! પોતાની વિકારી કે અવિકારી પરિણતિ જે સમયે જે પ્રકારે થાય છે એ વિકારી કે અવિકારી પરિણામ આત્માનું કાર્ય છે. બે મળીને થયું છે એમ છે નહિ. એ કહે છે ને? અત્યારે બહુ ચાલે છે. ઉપાદાન-નિમિત્ત બે મળીને ઉપાદાનનું કાર્ય થાય છે. એમ નથી, ભાઈ! વસ્તુની સ્થિતિ એવી નથી. એ કહ્યું ને?

'**કર્તા-કર્મ-ક્રિયાનું સ્વરૂપ તો...**' પૂર્વે કહ્યું એમ છે કે રાગની પરિણતિ કરો કે નિર્વિકલ્પ સમ્યગ્દર્શનની પર્યાય કરો એનો કર્તા આત્મા છે અને પરિણામ, પરિણતિ થઈ એ કાર્ય છે અને પૂર્વની અવસ્થા પલટીને ક્રિયા થઈ એ ક્રિયાનો કર્તા પણ આત્મા છે. આહાહા! પરની સાથે કોઈ સંબંધ નથી. આહાહા! પરની સાથે સંબંધ માની રાખ્યો છે. એ મિથ્યાભ્રમ છે. આહાહા! સમજાણું કાંઈ? આચાર્ય તો ત્યાં સુધી કહે છે કે આત્મા બંધનની પર્યાયનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કર્તા છે એ પણ મિથ્યાભ્રમ છે. કર્તા છે પણ ભ્રમણાથી વિકારની પર્યાય કરે છે. સમજાણું કાંઈ? એ આવ્યું ને? 'શ્રીમદ્'માં આવ્યું છે. દિગંબરના આચાર્ય એમ કહે છે કે આત્માનો મોક્ષ થતો નથી. મોક્ષ સમજાય છે એમ કહ્યું છે. એનો અર્થ શું છે? કે આત્મા પરિણતિ કરે છે ત્યાં સુધી અજ્ઞાનથી બંધનમાં છે પણ વસ્તુ સ્વરૂપ એવું નથી. વસ્તુ સ્વરૂપ તો મોક્ષસ્વરૂપ જ છે. મોક્ષ થયો એમ કહેવું એ તો વ્યવહારની-પર્યાયની વાત છે. મોક્ષ જ છે. માન્યું છે કે હું બંધમાં છું. રાગના બંધમાં, હોં! પરના બંધમાં તો નથી. આહાહા! એ પુણ્ય અને પાપના રાગના બંધનમાં છું એવી માન્યતા એની છે. વસ્તુ કદી બંધનમાં આવી જ નથી. વસ્તુ આત્મા છે એ તો મોક્ષસ્વરૂપ જ છે. એ કહ્યું ને?

'સમયસાર'ની પંદરમી ગાથામાં કહ્યું, **'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं'** અબદ્ધ લીધું છે. બદ્ધ નથી એમ કહો કે મોક્ષ કહો. આહાહા! પોતાનું સ્વરૂપ મુક્તસ્વરૂપ જ છે. રાગથી ભિન્ન જે દ્રવ્ય સ્વભાવ છે એ મુક્તસ્વરૂપ જ છે. એવી દૃષ્ટિ થતાં એને આત્મા મોક્ષસ્વરૂપ છે એવું ભાન થયું તો પર્યાયમાં પણ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો. આ એનું તાત્પર્ય છે. બંધ મારો છે, હું બંધનો કર્તા છું એ પર્યાયદૃષ્ટિની વાત છે. પરથી તો નહિ. મિથ્યાત્વ, રાગનું બંધન છે એ પણ પર્યાયદૃષ્ટિથી બંધન છે. પરથી તો બંધન નથી, દ્રવ્ય બંધનમાં નથી. આહાહા! પણ જ્યારે દ્રવ્યદૃષ્ટિથી જુઓ તો.. દ્રવ્ય સ્વભાવ ચૈતન્ય ઝળહળ જ્યોતિ આનંદનો કંદ પ્રભુ, અતીન્દ્રિય સુખસાગરનો સીંધુ, ભગવાનઆત્મા આનંદના અમૃત સાગરનો સીંધુ એ ભવસીંધુની પર્યાયથી ભિન્ન છે. આહાહા!

કર્તા-કર્મ-ક્રિયા એક જ દ્રવ્યમાં પોતાથી થાય છે એમ પહેલા નિર્ણય કરાવ્યો. વિકારી પરિણામ હો કે ધર્મની સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાય હો, એનો કર્તા આત્મા છે. એ પરિણામ ધર્મની પર્યાય કે અધર્મની પર્યાય થઈ એ આત્માનું કાર્ય છે. અને પલટતી ક્રિયા પણ આત્માનું કાર્ય છે. પલટે છે તો નિમિત્ત આવ્યું માટે પલટે છે, એમ નથી. આહાહા! જ્યારે એવો નિર્ણય થાય છે ત્યારે એ નિર્ણયમાંથી છૂટીને, પર્યાયદૃષ્ટિથી લક્ષ છોડીને, પર્યાય મારું કાર્ય છે અને હું કર્તા એ પણ દૃષ્ટિ છોડીને... આહાહા! મોક્ષસ્વરૂપ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ સુખનો સાગર... આહાહા!

'અધ્યાત્મ પંચસંગ્રહ' 'દિપચંદજી' કૃત છે. એમાં તો એમ લીધું છે. એક એક ગુણમાં નવ રસ ઉતાર્યા છે. નવ રસ. રસ સમજ્યા? અદ્ભૂત રસ, બિભત્સ રસ, શ્રૃંગાર રસ આદિ. આત્મા આનંદ રસ છે. આહાહા! એ અતીન્દ્રિય આનંદરસસ્વરૂપ ભગવાન તો મુક્તસ્વરૂપ છે એની દૃષ્ટિ કરવી. પર્યાયમાં વિકારી કે અવિકારીનો કર્તા છે એમ સિદ્ધ કર્યું પણ પછી મોક્ષસ્વભાવમાં દૃષ્ટિ કરવી. 'નંદકિશોરજી'! વાત તો આવી છે, ભગવાન! બહુ ઝીણું, બાપુ! આહાહા! અરે..! ચોર્યાસીના ભવસીંધુના દરિયામાં રઝળતો, રખડતો, જેમ ઘાણીમાં તલ પીલાય એમ દુઃખમાં પીલાય છે. આહાહા! એને ખબર નથી. સનેપાત છે સનેપાત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સનેપાત સમજ્યા? વાત, પિત્ત અને કફ ત્રણનું જોર થાય તેને સન્નીપાત કહે છે. ત્રણનું જોડાણ. સની અર્થાત્ જોડાણ. વાત, પિત્ત અને કફ (વકરે તો) સનેપાત થાય તો દાંત કાઢે છે. સુખી છે? દાંત કાઢે છે ને? હસે છે ને? એ દુઃખમાં એટલો ગરકાવ થઈ ગયો છે કે હસુ છું કે નહિ એની એને ખબર નથી.

એમ ભગવાનઆત્મા મિથ્યા શ્રદ્ધા-રાગ મારી ચીજ છે અને હું રાગનો કર્તા છું ત્યાં સુધી તો મિથ્યાત્વ છે. અહીંયાં તો પરદ્રવ્યથી ભિન્ન કરવાની, મિથ્યાત્વની પર્યાય પણ જીવની છે એટલું કહ્યું છે. સમજાણું કાંઈ? એ તો પર્યાયની સ્વતંત્રતા પોતાથી છે એટલું સિદ્ધ કરવું છે. પછી મિથ્યાત્વનું પરિણામ પણ પોતાનું સ્વરૂપ નથી. આહાહા! હું તો આનંદસ્વરૂપ અતીન્દ્રિય સુખસીંધુ (છું). એમાં આવે છે ને?

'કહે વિચિક્ષણ પુરુષ, સદાહુ એક હું અપને રસ સુ ભર્યો અનાદિ ટેક હું.' મારા આનંદના રસથી અનાદિથી ભરેલો ટેક એટલે મારી મર્યાદા એવી છે. 'કહે વિચિક્ષણ પુરુષ સદાહુ એક હું, અપને રસસું ભર્યો અનાદિ ટેક હું. મોહ કર્મ મમ નાંહિ, નાંહિ ભ્રમકૂપ હૈ..' આ મિથ્યાત્વનું પરિણામ કરે છે એ ભ્રમકૂપ છે, એમ કહે છે. 'મોહ કર્મ મમ નાંહિ, નાંહિ ભ્રમકૂપ હૈ, (શુદ્ધચેતના) સીંધુ હમારો રૂપ હૈ.' આહાહા! અમારું રૂપ તો પ્રભુ આનંદ સુખનો સીંધુ-સાગર છે. આહાહા! અરે..! કેમ બેસે? કદી નજરું કરી નથી. જેની નજર છે એના નિધાનને નિહાળ્યા નથી. અને એ નજરે–પોતાની નજરે પરને નીહાળ્યું. આહાહા! જે નજરની ચીજ નથી એને નિહાળી અને જે નજરની ચીજ છે ત્યાં નજર કરી નહિ. સમજાણું કાંઈ? એ કહે છે. આહાહા! 'મોહ કર્મ મમ નાંહિ નાંહિ ભ્રમકૂપ હૈ, (શુદ્ધચેતના), સુખ સીંધુ હમારો રૂપ હૈ.' આહાહા! આનંદસ્વરૂપ (એ મારું રૂપ છે).

વિકારી પર્યાય કે અવિકારી પર્યાયનો કર્તા હું, મારું કાર્ય અને મારી ક્રિયા એ મારી છે એમ માનીને ત્યાં રોકાવું નહિ. એમ કહીને વીતરાગતા બતાવવી છે. સમજાણું કાંઈ? એટલું કહીને વીતરાગતા બતાવવી છે. આહાહા! ભગવાન! તારી વિકારી પર્યાયનો કર્તા તું છો એ વાત અજ્ઞાનપણે તો બરાબર છે. સમજાણું કાંઈ? પણ એ વિકારી પર્યાય પણ તારી ચીજ નથી. કેમ કે તારી કોઈ શક્તિ વિકાર કરે એવી કોઈ અનંત શક્તિમાં કોઈ શક્તિ નથી. અનંત શક્તિ-ગુણ છે. બપોરે ચાલે છે ને? જીવત્વ, ચિતિ, દશિ આદિ શક્તિ અનંત છે. શક્તિ કહો, ગુણ કહો, વસ્તુ સત્ત્વ છે સત્ છે એનું સત્ત્વ કહો, એ સત્ત્વની શક્તિમાં એવી કોઈ શક્તિ નથી કે વિકાર કરે. આહાહા! એ શક્તિ અને શક્તિવાન એના ઉપર દૃષ્ટિ કરવી એ આ સર્વનું તાત્પર્ય છે.

મુમુક્ષુ :– એ તો આપ જેવાનું કામ છે અમે તો ગૃહસ્થ છીએ.

ઉત્તર :– અરે..! કોઈ ગૃહસ્થ-ફૃહસ્થ નથી. બધા આત્મા ભગવાન છે. ગૃહસ્થની વ્યાખ્યા કાલે કરી હતી ને? ભગવાન! ગૃહસ્થ. શું કહ્યું હતું? પોતાના ગુણ ગૃહમાં પોતાના ઘરમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રહે એ ગૃહસ્થ છે. એમાં છે. આ છે ને? આ 'અધ્યાત્મ પંચસંગ્રહ' છે. 'દિપચંદજી'નું 'અધ્યાત્મ પંચસંગ્રહ' પરમાત્મપુરાણ, સ્વરૂપાનંદ આદિ પાંચ (અધિકાર) છે એમાં લીધું છે કે ગૃહસ્થ એટલે શું? સમજ્યા? જોવું છે? કયે ઠેકાણે ખબર પડે?

મુમુક્ષુ :– પોતાના આત્મામાં ઘરમાં રહે એ ગૃહસ્થ.

ઉત્તર :– આત્મા ગૃહસ્થ છે. આહાહા! સમજાણું કાંઈ? આવ્યું. છટ્ઠા પાને છે. 'નિજ જ્ઞાન સત્તા ગૃહમેં તિષ્ઠતે હૈં.' ગૃહસ્થ. આ ગૃહસ્થ નહિ. સંસારના ઘરમાં રહે એ ગૃહસ્થ છે જ નહિ. નિજ જ્ઞાનસત્તા ગૃહમેં તિષ્ઠતે હૈં તાતે જ્ઞાન ગૃહસ્થ કહીએ. જ્ઞાનને ગૃહસ્થ કહીએ. આહાહા! ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી જ્ઞાનઘરમાં રહે છે. એ રાગમાં જતો નથી. આહાહા! 'પોપટભાઈ'! આ ગૃહસ્થ. આ બધા પૈસાવાળા ગૃહસ્થ છે એમ લોકો કહે છે. ગૃહસ્થ છે, આ ગૃહસ્થ છે એટલે શું કે બહુ પૈસાવાળા છે. આહાહા! જ્ઞાનસત્તા ગૃહમાં તિષ્ઠતે હૈ ગૃહસ્થ. દર્શન પોતાના દર્શન સત્તાગૃહમાં સ્થિતિ કરે. આહાહા! દેખવાનો જે દૃષ્ટિ સ્વભાવ જે બપોરે ચાલે છે, એ દૃષ્ટિસ્વભાવ પોતાના ગૃહમાં-ઘરમાં રહે છે માટે ગૃહસ્થ છે. એ પરમાં જતો નથી. આહાહા! એવા અનંતગુણ લીધા છે, હોં! દર્શનગૃહ, વીર્ય પોતાના સત્તા ગૃહમાં નિવસે હૈં. આત્મવીર્ય જે છે એ પોતાની સત્તામાં રહે છે, એ રાગની સત્તામાં રચનામાં જતું નથી. આહાહા! આવી વાત છે. આહાહા!

મુમુક્ષુ :– વાત તો તમારી બધી સાચી છે પણ અમને અ, આ, ઇ થી ભણાવો.

ઉત્તર :– આ કક્કો તો કહીએ છીએ. કક્કાની પંક્તિ ચાલે છે. કક્કા-કેવળજ્ઞાન કઈ રીતે થાય એનું નામ કક્કા. 'શીતલપ્રસાદજી'! એ કક્કા શબ્દ આવે છે. ક, ખ એમાં બધું ઉતાર્યું છે. શાસ્ત્ર તો ઘણું ઉતારે છે ને. કક્કા કેવળજ્ઞાન ઉત્પન્ન થાય.... આહાહા! 'નંદકિશોરજી'! અહીં તો બધી વાત છે. ભાઈ! શાસ્ત્રમાં તો ભંડાર ભર્યો છે. દિગંબર શાસ્ત્રમાં તો એટલો ભંડાર ભર્યો છે કે કેવળજ્ઞાનને પણ ભૂલાવી દીધું છે. કેવળજ્ઞાન ઊભું કરી દીધું છે. આહાહા!

મુમુક્ષુ :– કેવળજ્ઞાનનો વિરહ ભૂલાવી દીધો.

ઉત્તર :– હા વિરહ ભૂલાવી દીધો. કેવળજ્ઞાન નથી એમ ભૂલાવી દીધું છે. આહાહા!

ભગવાનઆત્મા પોતાનું આનંદસ્વરૂપ જે અંતર આનંદ છે, એ આનંદ આનંદમાં રહે તે ગૃહસ્થ છે. એ આનંદ ઓળંગીને પુણ્ય-પાપના ભાવમાં જાય એ ગૃહસ્થ નથી એ તો વ્યભિચારી છે. 'ધીરુભાઈ'! આવી વાત છે, ભગવાન! આહાહા!

મુમુક્ષુ :– બંગલામાં રહે એનું શું કરવું?

ઉત્તર :– બંગલામાં કોણ રહેતો હતો? ધૂળ? એય..! 'કિરણભાઈ'! આ તમારી વાત કરે છે. બે લાખના બંગલા 'નવનીતભાઈ'એ કરાવ્યા. હવે એ ત્યાં વેપારમાં રહેશે અને અહીં ખાલી રહેશે. આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અરે.! ભગવાન! અહીંયાં તો પરમાત્મા ત્રિલોકનાથ એમ ફરમાવે છે કે, પ્રભુ! તું રાગમાં રહે એ તારી ચીજ નથી. એ તો તું વ્યભિચારી થયો. આહાહા! જેમ પરસ્ત્રીનું સેવન કરનારો વ્યભિચારી (કહેવાય), એમ પોતાની ચેતના પરિણતિનો સંભોગ છોડીને રાગનો ભોગ કરનાર વ્યભિચારી છે. સમજાણું કાંઈ? પોતાનો ચૈતન્ય ભગવાન એનો ચેતનાસ્વભાવ... આહાહા! એ તો પહેલા આવ્યું ને? જીવતરશક્તિ. એ ચેતના શક્તિની સાથે એકાગ્ર થવું, ભોગ લેવો એ પોતાનો ભોગ અને આનંદ છે. ચેતના પોતાની રાણી, પટરાણી એવી પર્યાય... આહાહા! એને છોડીને... સમજાણું કાંઈ?

એક ગૃહસ્થનો છોકરો હોય. એ બધું આવ્યું છે. સુખ ગૃહસ્થ છે, જોયું! અનાકુળ લક્ષણ સુખસત્તા ગૃહમાં સ્થિતિ કરી છે. આહાહા! આનંદ આનંદમાં રહ્યો છે એ ક્યારે જણાય? કે જ્યારે દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય ત્યારે. જાય તો, એમ હિન્દીમાં એમ કહે ને? સમજાણું કાંઈ? આહાહા! અનાકુળ આનંદ પણ પોતાના ગૃહમાં-ઘરમાં રહે છે. પુણ્ય અને પાપના વિકલ્પ દુઃખરૂપ છે એમાં આનંદ આવતો નથી, જતો નથી.

મુમુક્ષુ :- વીસ દિવસ સુધી તમારી વાત સાંભળીએ તો કામ નહિ થાય?

ઉત્તર :- આ તો એક દિવસમાં સમજાય એવી ચીજ છે ને, ભગવાન! આહાહા! પાણી છે ને પાણી? એ અગ્નિના નિમિત્તથી પોતામાં ઉષ્ણ થયું. પણ એ પાણી આમ ગુલાંટ મારે. અધમણ પાણી હોય અને અગ્નિનું નિમિત્ત, ઉષ્ણ તો પોતાથી થયું છે. પોતામાં થયું છે. અગ્નિથી નહિ. પણ એ ઉષ્ણતા પર્યાય સહિત જે પાણી છે એ પાણીને આમ ગુલાંટ મારે તો ઉષ્ણતાનો નાશ કરે અને અગ્નિનો પણ નાશ કરી દે.

સ્વતંત્રતાનો દિવસ તો એ છે કે જ્યારે રાગની રુચિ છોડીને આનંદના નાથની અંદર રુચિ કરે છે તો સ્વતંત્રતા પ્રાપ્ત થાય છે. એમાં પોતાનું સ્વરાજ મળે છે. પોતાનું સ્વરાજ. ભગવાન શિવસ્વરૂપ આત્મા, અસંખ્ય પ્રદેશ એ પ્રજા એ દેશ છે અને એમાં અનંતગુણ એ એની પ્રજા છે. અંદરથી જ્યારે પોતાનો એ દેશ મળ્યો... આહાહા! ત્યારે સ્વતંત્ર થયો. સમ્યગ્દર્શનમાં પોતાના દેશનું ભાન થયું. પોતાનો દેશ અને દેશની વસ્તી. વસ્તી એટલે પોતાના સ્વભાવમાં વસ્તુમાં રહેલા ગુણ. વસ્તુ કહે છે ને? આત્માને વસ્તુ કેમ કહે છે? કે એમાં જ્ઞાન-દર્શન આદિ અનંત શક્તિ ગુણ વસેલા છે, અંદરમાં રહેલા છે માટે એને વસ્તુ કહે છે. આહાહા! એ વસ્તુની દૃષ્ટિ જ્યાં થઈ અને છે એવી છે, તો કહે છે કે એને સ્વતંત્રતાનું સ્વરાજ મળ્યું. સ્વસ્વભાવવાળું રાજ મળ્યું. રાજનો અર્થ શોભા થાય છે. સ્વરાજ-સ્વશોભા પ્રાપ્ત થઈ. અને રાગ અને પુણ્ય-પાપમાં જાય છે તો અશોભા (મળે છે). આહાહા!

વ્યભિચાર થયો એમ કહે છે. સમજાણું કાંઈ? અહીં કહે છે કે કર્તા-કર્મ-ક્રિયા જે ત્રણ કહ્યું કે આત્મા જ પોતાની પર્યાયનો કર્તા, આત્મા જ કર્તા અને ક્રિયા એનું કાર્ય અને પલટતી ક્રિયાનો કર્તા પણ આત્મા છે. એ કહ્યું છે **'તેથી જ્ઞાનાવરણાદિ દ્રવ્યપિંડરૂપ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**કર્મનો કર્તા જીવદ્રવ્ય છે એમ જાણવું જૂઠું છે;...**' અહીંયા રાગ-દ્વેષ થયો, રાગ-દ્વેષની પરિણતિ થઈ એનો કર્તા અજ્ઞાનભાવે આત્મા છે. પણ એ કારણે ત્યાં કર્મની-બંધની પર્યાય થઈ એનો કર્તા આત્મા છે એમ ત્રણકાળમાં નથી. આહાહા! આવી વાતું છે બધી. **'એમ જાણવું જૂઠું છે;...**' હું રાગરૂપ થયો તો કર્મબંધનમાં જ્ઞાનાવરણી આદિ બંધન થયું એ બંધની પર્યાયનો કર્તા હું અને એ બંધનની પર્યાય મારું કાર્ય છે, એ બધી જૂઠી વાત છે. આહાહા! જેટલા પ્રમાણમાં રાગ-દ્વેષ થાય છે એટલા પ્રમાણમાં એ કર્મની પર્યાય કર્મરૂપે થાય તેનો પણ કર્તા નથી. તો આ શરીર-વાણી મન, જડ, ધૂળ માટી આદિ, એની પર્યાયની ક્રિયાનો કર્તા આત્મા ત્રણકાળમાં નથી. 'પોપટભાઈ'! એ તમારી લાદી-ફાદીમાં કરવાનું નથી કરતા એમ કહે છે.

મુમુક્ષુ :– હવે ઇ ક્યાં કરે છે.

ઉત્તર :– હવે છોકરા કરે છે. છોકરાઓ પણ કરતા નથી. આહાહા! શરાફ બજારનો ધંધો કોણ કરે છે એ કહે છે. બે-પાંચ હજાર.. .. છે ને અમારે ક્યાં ગયા 'જાદવજીભાઈ'? નથી બેઠા? 'જાદવજીભાઈ'ને હુંડીનો વેપાર છે. 'કલકતા'માં. હુંડી-હુંડી. ધીરધારનો ધંધો છે. પૈસા લેવા-દેવાની ક્રિયા આત્મા કરી શકે છે?

મુમુક્ષુ :– આપ બતાવો શું કરે છે.

ઉત્તર :– આ કહીએ છીએ ને. આ સામે શરાફ શેઠ બેઠા છે. આહાહા!

ભગવાન! તું તો અજ્ઞાનભાવે રાગ-દ્વેષ કર, પણ એનાથી કર્મબંધની પર્યાય તારું કાર્ય છે એમ ત્રણકાળમાં નથી. જ્યારે રાગ પ્રમાણે બંધન છે તો પણ બંધનની પર્યાયનો કર્તા નથી. તો પછી આ રાગને કારણે આ શરીર ચાલે છે, ઇચ્છા થઈ તો શરીર ચાલે, ઇચ્છા હોય તો ભાષા બોલાય એમ ત્રણકાળમાં નથી. આહાહા! માર્ગ બહુ સૂક્ષ્મ, ભાઈ!

**'કેમ કે જીવદ્રવ્યનું અને પુદ્ગલદ્રવ્યનું એક સત્ત્વ નથી...**' જીવદ્રવ્યનું હોવાપણું અને પુદ્ગલનું હોવાપણું એ બેનું એક સત્ત્વ નથી. બેના બે સત્ત્વ ભિન્ન છે. આહાહા! **'(ત્યાં) કર્તા-કર્મ-ક્રિયાની ઘટના કેવી?'** પછી ત્યાં કર્મની પર્યાય મેં કરી અને કર્મની પર્યાય મેં ભોગવી એ ઘટના ક્યાં છે? ભગવાન! સમજાણું કાંઈ? એ ૫૧મો શ્લોક થયો. લ્યો! અમારા શેઠ ખુશ થાય છે. અમારે તો બધા ભગવાનઆત્મા છે, બાપા! આનંદથી ભરેલા સુખ સીંધુ છે. કહ્યું નહિ? 'મોહ કર્મ મમ નાંહિ, નાંહિ ભ્રમકૂપ હૈ.' આહાહા! હજી એક શબ્દ રહી ગયો અંદર. 'શુદ્ધ ચેતના સીંધુ હમારો રૂપ હૈ.' આહાહા! હું તો ચૈતન્ય છું. શુદ્ધ ચેતના સીંધુ અમારું રૂપ છે. શુદ્ધચેતના સીંધુ-દરિયો. ચેતનાનો દરિયો ભર્યો છે. એ અમારું રૂપ છે. એમ વિચિક્ષણ એટલે જ્ઞાની જાણે છે અને માને છે. 'કહે વિચિક્ષણ પુરુષ...' વિચિક્ષણ એટલે સમકિતી એને વિચિક્ષણ કહીએ. સંસારના ડાહ્યા એ વિચિક્ષણ એ વિચિક્ષણ નથી. એ તો બધી મુર્ખાઈ છે. આહાહા! એય..! 'ધીરુભાઈ'! પાંચ હજારનો પગાર અને દસ હજારનો પગાર, કંપનીમાં મોટા લાખો રૂપિયા ભેગા કરે એ વિચિક્ષણતા નથી, એમ કહે છે. આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિચિક્ષણ તો એને કહીએ કે ચેતના સુખ સીધું અમારું રૂપ છે એને વિચિક્ષણ કહીએ. આહાહા! અહીં એ કહે છે. ૫૧મો શ્લોક પૂરો થયો.

( આર્યા )

एकः परिणमति सदा परिणामो जायते सदैकस्य।
एकस्य परिणतिः स्यादनेकमप्येकमेव यतः।।७-५२।।

**ખંડાન્વય સહિત અર્થ :– 'सदा एकः परिणमति' ( सदा ) ત્રણે કાળે ( एकः ) સત્તામાત્ર વસ્તુ ( परिणमति ) પોતાનામાં અવસ્થાન્તરરૂપ થાય છે; 'सदा एकस्य परिणामः जायते' ( सदा ) ત્રિકાળગોચર ( एकस्य ) સત્તામાત્ર છે વસ્તુ તેની ( परिणामः जायते ) અવસ્થા વસ્તુરૂપ છે; [ભાવાર્થ આમ છે કે જેમ સત્તામાત્ર વસ્તુ અવસ્થારૂપ છે તેમ અવસ્થા પણ વસ્તુરૂપ છે;] 'परिणतिः एकस्य स्यात्' ( परिणतिः ) ક્રિયા ( एकस्य स्यात् ) તે પણ સત્તામાત્ર વસ્તુની છે; [ભાવાર્થ આમ છે કે ક્રિયા પણ વસ્તુમાત્ર છે, વસ્તુથી ભિન્ન સત્ત્વ નથી;] 'यतः अनेकम् अपि एकम् एव' ( यतः ) કારણ કે ( अनेकम् ) એક સત્ત્વના કર્તા-કર્મ-ક્રિયારૂપ ત્રણ ભેદ ( अपि ) –એવું પણ જોકે છે તોપણ ( एकम् एव ) સત્તામાત્ર વસ્ત છે, ત્રણેય વિકલ્પો જૂઠા છે. ભાવાર્થ આમ છે કે જ્ઞાનાવરણાદિ દ્રવ્યરૂપ પુદ્ગલપિંડ-કર્મનો કર્તા જીવવસ્તુ છે એવું જાણપણું મિથ્યાજ્ઞાન છે, કેમકે એ સત્ત્વમાં કર્તા-કર્મ-ક્રિયા ઉપચારથી કહેવાય છે; ભિન્ન સત્ત્વરૂપ છે જે જીવદ્રવ્ય અને પુદ્ગલદ્રવ્ય તેમને કર્તા-કર્મ-ક્રિયા ક્યાંથી ઘટશે? ૭-૫૨.**

---

૫૨.

एकः परिणमति सदा परिणामो जायते सदैकस्य।
एकस्य परिणतिः स्यादनेकमप्येकमेव यतः।।७-५२।।

વજન અહીં સદા ઉપર આવશે. '**सदा एकः परिणमति**' આહાહા! '**ત્રણ કાળે સત્તામાત્ર વસ્તુ પોતાનામાં અવસ્થાન્તરરૂપ થાય છે;...**' આહાહા! શું કહે છે? પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ ભિન્ન-ભિન્ન ત્રિકાળી વસ્તુ સત્ છે, એ '**ત્રણ કાળે સત્તામાત્ર વસ્તુ પોતાનામાં અવસ્થાન્તરરૂપ થાય છે;...**' પોતામાં પૂર્વ અવસ્થાથી ભિન્ન અવસ્થારૂપ થાય છે. પરને કારણે નહિ. અહીંયા પાણી ઉનું થયું એ અગ્નિ થઈ તો પાણી ઉનું થયું એમ નથી. અગ્નિને જોવાથી સંયોગને દેખે છે પણ (પાણી) પોતાની ઉષ્ણતા પર્યાયરૂપે પરિણમ્યું છે એ પોતાથી છે, અગ્નિથી નહિ. સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે **'ત્રણે કાળે સત્તામાત્ર વસ્તુ...'** વસ્તુ છે ને? સત્તા અસ્તિત્વ છે ને? પરમાણુની, આત્માની, અનંત આત્માની, અનંત રજકણનું અસ્તિત્વ છે, અસ્તિ છે, સત્તા છે, સત્તા છે. **'સત્તામાત્ર વસ્તુ પોતાનામાં અવસ્થાન્તરરૂપ થાય છે;...'** પોતામાં અવસ્થાથી અવસ્થાન્તરરૂપ થાય છે. પૂર્વ અવસ્થા બદલાઈને નવી અવસ્થા પોતાથી થાય છે. કોઈ સંયોગને કારણે અવસ્થા પલટે એમ છે નહિ. આહાહા!

**'सदा एकस्य परिणामः जायते' 'ત્રિકાળગોચર સત્તામાત્ર છે વસ્તુ તેની અવસ્થા વસ્તુરૂપ છે;...'** એની અવસ્થા એ વસ્તુથી થઈ એ વસ્તુસ્વરૂપ છે. આહાહા! ચાહે તો વિકારરૂપ હો, ચાહે તો સમ્યગ્દર્શનની પર્યાયરૂપ હો પણ એ સત્તાની ચીજ અવસ્થારૂપ થઈ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનપણે પણ એ સત્તા ચીજ છે એ અવસ્થારૂપ થઈ છે. વિકારરૂપી સત્તા છે એ પણ પોતાને ભૂલીને અવસ્થારૂપ થઈ છે. આહાહા! પરને કારણે પરિણમનમાં ફેરફાર થાય એમ ત્રણકાળમાં નથી. સદા શબ્દ છે ને? સદા-ત્રિકાળ. અનાદિઅનંત ત્રિકાળ વસ્તુ સત્તા માત્ર ભિન્ન, એ સત્તા અવસ્થાંતરરૂપ થાય છે એ સત્તાથી થાય છે. પરથી અવસ્થાંતર થતી નથી. જોવામાં તો એમ આવે, લ્યો! બહાર હતા ત્યારે તો આવું જ્ઞાન નહોતું અત્યારે સાંભળતાં જ્ઞાનપર્યાય થઈ. કહે છે કે એ સાંભળવાથી નથી થઈ. એ સત્તામાત્ર વસ્તુની અવસ્થાંતર બીજી અવસ્થા થઈ એ અવસ્થાંતર થઈ માટે જ્ઞાન વધ્યું જાય. આ વાણી સાંભળી માટે ત્યાં એ જાતનું જ્ઞાન થયું એમ નથી. આહાહા!

મુમુક્ષુ :- તો પછી દર્શનમોહ, ચારિત્રમોહનું શું થયું?

ઉત્તર :- ભ્રાંતિ કરે છે એ દર્શનમોહ. દર્શનમોહ જડમાં રહ્યો, એ એને કારણે. એમાં આત્માને શું? દર્શનમોહની, મોહની પ્રકૃતિ જડ, એની પર્યાયનો કર્તા તો પરમાણુ છે. આત્મા એનો કર્તા નથી. એમ ચારિત્રમોહની બંધન પર્યાય છે એનો કર્તા બંધન પરમાણુ છે, આત્મા નથી. આહાહા! એ તો સ્તુતિમાં કહ્યું નહોતું? 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ' એ 'ચંદ્રપ્રભુ' ભગવાનની સ્તુતિમાં આવે છે. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ,..' જડ અજીવ કર્મ એ કોઈ મારી ચીજને સ્પર્શતા નથી. મારી ભૂલથી હું ભૂલ કરું છું અને ભૂલને ટાળનાર પણ હું છું. સમજાણું કાંઈ? આહાહા!

**'ત્રણે કાળે સત્તામાત્ર વસ્તુ પોતાનામાં અવસ્થાન્તરરૂપ થાય છે;...'** આહાહા! લોકો દૃષ્ટાંત આપે છે કે પાણીનો પ્યાલો છે, એ પાણીના પ્યાલામાં જેવો રંગ નાખો એવી એની પર્યાય થાય છે. નિમિત્તપ્રધાનને માનનારા દે છે. છાપામાં ઘણું આવે છે. ખોટું છે. પર્યાય પણ જ્યારે લાલ રંગરૂપે થવાની છે ત્યારે પોતાથી થાય છે. લાલરંગ પડ્યો માટે થઈ એમ નથી.

મુમુક્ષુ :- પોતાથી જ થાય છે.

ઉત્તર :- એનાથી જ થાય છે. પરથી શું થાય? પરને તો સ્પર્શતો પણ નથી. 'સમયસાર'ની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ત્રીજી ગાથામાં આવ્યું કે, પ્રત્યેક આત્મા અને પ્રત્યેક રજકણ પોતાના ગુણ-પર્યાયરૂપ શક્તિને સ્પર્શે-ચુંબે છે. પરને ત્રણકાળમાં સ્પર્શતા નથી કે અડતા નથી. આહાહા! સમજાણું કાંઈ? આ બાળક છે ને બાળક? એના કોમળ અંગોને ચુંબે છે. ના, ના. એ ચુંબતા જ નથી. એના ગાલને સ્પર્શતો પણ નથી.

મુમુક્ષુ :– આપ કહો છો.

ઉત્તર :– ભગવાન ન્યાયથી તો કહે છે. પોતાની સત્તામાં જે ગુણ છે અને પોતાની સત્તાની પર્યાયરૂપ સત્ત્વ છે એને તત્ત્વ ચુંબે છે. પરના દ્રવ્ય-ગુણ પર્યાયને ત્રણકાળમાં ચુંબતી નથી. આહાહા! આવી ચીજ છે.

**'ભાવાર્થ આમ છે કે જેમ સત્તામાત્ર વસ્તુ અવસ્થારૂપ છે તેમ અવસ્થા પણ વસ્તુરૂપ છે;...' 'परिणतिः एकस्य स्यात्' 'ક્રિયા તે પણ સત્તામાત્ર વસ્તુની છે;...'** બીજાના કારણે અવસ્થા બદલી અને બીજી સત્તા થઈ ગઈ એમ નથી. આહાહા! મિથ્યાદર્શનનો નાશ થઈને ચૈતન્ય જ્ઞાયક સ્વભાવનું અવલંબન લેતાં જે સમ્યગ્દર્શનની પર્યાય થઈ, મિથ્યાત્વનો નાશ થયો એ અવસ્થાંતર થયું. એક સમયમાં અવસ્થાંતર થયું. એ અવસ્થાંતર થયું એનો કર્તા કોણ? આત્મા. કર્મ ખસ્યા, કર્મ દૂર થયા માટે મિથ્યાત્વનો નાશ થયો એમ ત્રણકાળમાં નથી. આહાહા! સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે ક્રિયા પણ વસ્તુમાત્ર છે,...'** જે કાંઈ સત્તા છે એ પણ વસ્તુ છે અને એની અવસ્થા પણ એની વસ્તુ છે. એ અવસ્થા બીજાની છે અને બીજાથી થઈ છે (એમ નથી). આહાહા! આ આંગળી છે, જુઓ! આંગળીની આવી અવસ્થા થાય છે. તો એ સત્તા રજકણ છે એની અવસ્થા છે. એનાથી અવસ્થા થઈ છે. આત્માની ઇચ્છાથી કે જ્ઞાનથી અવસ્થા થઈ એમ ત્રણકાળમાં નથી. આહાહા! સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે ક્રિયા પણ વસ્તુમાત્ર છે, વસ્તુથી ભિન્ન સત્ત્વ નથી;...' 'यतः अनेकम् अपि एकम् एव' 'કારણ કે એક સત્ત્વના...'** ત્રણ બોલ આવ્યા. ત્રણ આવ્યા ને? આત્માનું એક સત્ત્વ કે એક પરમાણુની સત્તા, એક આત્મા પોતાની પર્યાયનો કર્તા, પર્યાયરૂપ રૂપાંતર થાય એ ક્રિયાનો કર્તા અને ક્રિયાનું કર્મ જે રાગ થયો એ એનું કર્મ અથવા સમકિત થયું એ કર્મ. ત્રણેય મળીને વસ્તુ તો એક જ છે. ત્રણ વસ્તુ નથી. સમજાણું કાંઈ? આહાહા! અત્યારે તો આ બહુ ગડબડ થઈ ગઈ. લોકોનો તો એવો જ પોકાર છે કે કર્મથી વિકાર થાય.. કર્મથી વિકાર થાય. ન માનો તો એકાંત છે એમ કહે છે.

મુમુક્ષુ :– આ પુસ્તક એની પાસે નહિ હોય.

ઉત્તર :– પાસે હોય તોપણ શું કરે? એ વસ્તુ શું કરે? એ પુસ્તક કાંઈ બોલે કે અમારો અર્થ આમ કરવો? 'ધીરુભાઈ'! પોતાની દૃષ્ટિથી લગાવી દે છે. આહાહા!

એ ચર્ચા ૨૦ વર્ષ પહેલા થઈ હતી ને. કહ્યું ને? 'વર્ણીજી' સાથે બધા પંડિતો બેઠા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હતા. ૨૦ વર્ષ પહેલા. શેઠિયા પણ બેઠા હતા. 'ધન્નાલાલ'. શેઠિયા નહિ ? 'વર્ણીજી' સાથે બેઠા. શેઠિયા પણ સાથે હતા. ભાઈ 'દિપચંદજી'. આ તો 'વર્ણીજી'ની સાથે (સંવત) ૨૦૧૩ની સાલમાં સમ્મેદશિખરમાં મોટી ચર્ચા થઈ. પહેલા મેં આમ સાધારણ કહ્યું, પર્યાયમાં મિથ્યાત્વ કે રાગ-દ્વેષ વિકાર થાય છે, એના ષટ્કારકનું પરિણમન પોતાથી છે. પોતાના દ્રવ્ય-ગુણથી તો નહિ. કેમકે દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે. અશુદ્ધતા ઉત્પન્ન થાય છે એ પર્યાયના ષટ્કારકથી ઉત્પન્ન થાય છે, પરને કારણે નહિ. મોટી ગડબડ થઈ ગઈ. છાપામાં પણ આવ્યું છે. છાપું છે? 'રતનચંદજી મુખત્યાર'.. એ ઉતાર્યું છે... શું કહેવાય? ટેપ રેકોર્ડિંગ.

મુમુક્ષુ :– 'રતનચંદજી મુખત્યાર'?

ઉત્તર :– એ 'વર્ણીજી'ને પૂછતા હતા.

મુમુક્ષુ :- એમના ગામના છે.

ઉત્તર :- ભલે ગામના હોય. એની લાઈન જુદી, આની લાઈન જુદી. 'રતનચંદજી મુખત્યાર' 'વર્ણીજી'ને પૂછે છે કે જ્ઞાનમાં જે ઓછપ થઈ, જીવનો સ્વભાવ તો કેવળજ્ઞાન છે અને વર્તમાનમાં તો અમારી સંસારી અવસ્થા છે. એમાં જેટલા પણ જીવ છે એમાં જ્ઞાનમાં જે ઓછપ થઈ એ શું કર્મના ઉદયને કારણે ઓછપ થઈ? કે વિના કર્મના ઉદયને કારણે ઓછપ છે? 'વર્ણીજી' (કહે છે), બેય કારણ છે, એમ કહે છે. પછી 'રતનચંદજી' પૂછે છે. 'કાનજીસ્વામી' એમ કહે છે, મહારાજ! જ્ઞાનાવરણાદિ કર્મ કાંઈ નથી કરતા. પોતાના જ્ઞાનની ઓછપમાં જ્ઞાનાવરણી કાંઈ નથી કરતું.

મુમુક્ષુ :– વીસ વર્ષ પહેલા.

ઉત્તર :– હા. વીસ વર્ષ પહેલા. રેકોર્ડિંગ થઈ ગયું છે. મહારાજ! જ્ઞાનમાં ઓછપ થાય છે એ પોતાના કારણે થાય છે, પોતાની યોગ્યતાથી થાય છે, 'કાનજીસ્વામી' એમ કહે છે કે જ્ઞાનાવરણાદિ કર્મ કાંઈ નથી કરતું. તો મહારાજ! શું એ ઠીક છે? 'વર્ણીજી' મહારાજ, આ ઠીક છે. તમે જ સમજો. શું ઠીક છે? એ ઠીક નથી. કોઈપણ કહે ચાહે અંગધારી કહે તોપણ ઠીક નથી. આ ચાલતું જ નહોતું. એ પ્રથા જ નહોતી. એ પ્રથા તૂટી ગઈ હતી. એને એ સંસ્કાર નહોતા. પૂર્વના સંસ્કાર નહોતા અને વર્તમાનમાં કોઈ ગુરુગમ નહોતો. માટે એમ ચાલ્યું છે. વાત એમ છે. અને અહીં તો અંદર પૂર્વનો ગુરુગમ ભગવાનનો હતો. આ તો રોગ બહુ થઈ ગયો, સહન ન થયું તેથી કાઠિયાવાડમાં જન્મ થયો. બાકી અમારે તો ભગવાનના સંસ્કાર હતા. તો (સંવત) ૧૯૭૧ની સાલમાં પહેલા સંસ્કાર આવ્યા. ૬૨ વર્ષ પહેલા. વિકાર પોતાથી થાય છે કર્મથી બિલકુલ થતા નથી. જ્ઞાનાવરણી કર્મથી જ્ઞાનમાં કમી થાય છે એમ બિલકુલ નથી. અને જ્ઞાનાવરણીનો ક્ષય થાય તો કેવળજ્ઞાન થાય છે, જ્ઞાન થાય છે એમ બિલકુલ નથી. આમાં ઘણું આવ્યું છે. પહેલા ચર્ચા થઈ હતી ને? પાછળથી 'રતનચંદજી'એ રેકોર્ડિંગ ઉતાર્યું. અમે 'જમશેદપુર' ગયા. સમ્મેદશિખરથી જમશેદપુર ગયા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હતા. ત્યાં પાછળથી આ ઉતારી લીધું. 'જમાદારે' આ બનાવ્યું. આ જમાદાર છે ને? 'બાબુલાલ જમાદાર'. જુઓ! 'વર્ણીજી' પણ એમ કહે છે. 'કાનજીસ્વામી' માટે એનો વિચાર ખોટો છે. આ ખુલાસો કર્યો. નામ એનું છે. ખુલાસો પૂછે છે. એનું નામ પણ છે. જુઓ! ખુલાસો. આ પુસ્તક નવું છપાયું છે. તમે જોયું કે નહિ? અહીં તો પ્રભુ! સાંભળ તો ખરો, નાથ! ન મળ્યું તો શું થયું?

મુમુક્ષુ :– તમારા ખુલાસા તો બધા આવી ગયા.

ઉત્તર :– એના મુખેથી આવ્યું છે. 'કાનજીસ્વામી' એમ કહે છે કે આત્મામાં ઓછપ અને વૃદ્ધિ થાય છે એ પોતાની યોગ્યતાથી થાય છે, કર્મથી બિલકુલ નહિ. હવે ચર્ચા શું કરવી? ભગવાન! એ તો એવી વાત છે શું કરીએ?

વસ્તુની સ્થિતિ એવી છે. ભગવાને તો જેવું જોયું એવું કહ્યું છે. એણે કાંઈ કર્યું નથી. પરના કામ કર્યા છે? એ તો જોયું છે એવું કહ્યું છે કે આવો માર્ગ છે, ભગવાન! આહાહા! તારા જ્ઞાનની પર્યાયમાં ઓછપ થાય છે એ તારા પુરુષાર્થના કારણે થાય છે. ભાવઘાતિ કર્મને કારણે, દ્રવ્યઘાતિ કર્મને લઈને નહિ. આહાહા! તારી પર્યાય તું હિણી કરે છે એ ભાવઘાતિ કર્મ તેં ઉત્પન્ન કર્યા છે. દ્રવ્યઘાતિકર્મ તો જડ છે એ તો નિમિત્ત છે. આહાહા! 'નંદકિશોરજી'! આ બધા વકીલો પણ બહુ બુદ્ધિવાળા પણ આમાં બહુ ધ્યાન આપે નહિ. પછી જય જય નારાયણ. સંપ્રદાયનું હોય એ વાંચે.

મુમુક્ષુ :– અમને એમ બેસે છે, મહારાજ! કે અધ્યાત્મ તો તમે કહો છો તે ઠીક છે અને સંયોગથી તેઓ કહે છે એ ઠીક છે.

ઉત્તર :– પરથી થાય એ વાત જૂઠી છે. એ વાત તો અહીં ચાલે છે.

જ્ઞાનની હિણી પર્યાય થાય એ કર્તાનું કર્મ છે. એ જ્ઞાનાવરણીનું કર્મ-કાર્ય નથી. આહાહા! સમજાણું કાંઈ? એમ એકદમ જ્ઞાનાવરણીનો નાશ થાય તો કેવળજ્ઞાન થાય એમ પણ નથી. પોતાની પર્યાયમાં પોતાના પુરુષાર્થથી સ્વભાવમાં ઉગ્રપણે એકાગ્ર થાય છે (ત્યારે કેવળજ્ઞાન થાય છે). પર્યાયમાં કેવળજ્ઞાનની પર્યાય થઈ એ કાર્ય, એનો કર્તા આત્મા છે. જ્ઞાનાવરણી કર્મ દૂર થયા તો અકર્મ પર્યાય થઈ. એ 'જૈનતત્ત્વ મિમાંસા'માં લખ્યું છે, કે જ્ઞાનાવરણી કર્મ ગયા તો કર્મની પર્યાય અકર્મ થઈ. એનાથી કેવળજ્ઞાન થયું એ ક્યાંથી આવ્યું? 'બાબુભાઈ'! એમાં લખ્યું છે. આહાહા!

અહીંયાં આપણે (સંવત) ૨૦૦૩ની સાલમાં વિદ્વત પરિષદ ભરી હતી ને? ૩૦ વર્ષ થયા. ૨૦૦૩ની સાલમાં વિદ્વત પરિષદ (ભરી હતી). અહીં બધા વિદ્વાન આવ્યા હતા. અમે બહુ બહાર નથી નીકળતા એટલે બધા વિદ્વાન અહીં આવ્યા હતા. કેટલા આવ્યા હતા? ૩૦. નહિ? ૩૨ પંડિત અહીં વિદ્વત પરિષદમાં આવ્યા હતા. બધાને આવવા-જવાનો ખર્ચો આપ્યો હતો. કેમકે અમે તો બહુ બહાર નથી નીકળતા. ૩૦ વર્ષ થયા. ઓલા મકાનમાં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રવચન મંડપમાં. ત્યાં આગળ એ ચર્ચા થઈ હતી. એ વખતે. એ વખતે આ 'ફુલચંદજી'ને એવું થયું કે એક પંડિતને રોગ થયો તો અઢાર દિવસ વધારે રહેવું પડ્યું. તેથી એને અઢાર દિવસ વધારે સાંભળવાનું મળ્યું. ત્યારબાદ એણે 'પંચાધ્યાયી' છપાવ્યું. 'પંચાધ્યાયી'ના પહેલા પાને એમણે લખ્યું છે કે આ પંચાધ્યાયીનો અર્થ 'સોનગઢ'ના સંત 'કાનજીસ્વામી'ના અનુભવ પૂર્ણ વાણીથી મેં લખ્યો છે. 'પંચાધ્યાયી' છે? પહેલા પાને છે, પહેલા પાને લખ્યું છે. અહીં અઢાર દિવસ રહેવું પડ્યું.

૩૨ પંડિતો આવ્યા હતા એમાં એક પંડિતને તાવ આવ્યો એ કારણે 'ફૂલચંદજી'ને અહીં રહેવું પડ્યું. અઢાર દિવસ સાંભળ્યું તો.. ઓહો..! આ વાત તો જુદી છે. 'પંચાધ્યાયી'નો અર્થ કરતા પહેલા પાને લખ્યું છે કે આ 'પંચાધ્યાયી'નો અનુવાદ 'સોનગઢ'ના સંતની અનુભવપૂર્ણ વાણીથી લખ્યો છે. ૩૦ વર્ષ થયા. ત્રીજી સાલમાં પ્રવચન મંડપમાં. આ (પરમાગમ મંદિર) તો હમણા થયું ને. આ તો સાડા ત્રણ વર્ષ થયા. આહાહા! અરે..! પ્રભુ! ભગવાન! માર્ગ તો આવો છે, નાથ! એ તો પરમાત્મા કહે છે. ન્યાયથી, લોજિકથી અને પોતાની સ્વતંત્રતાથી બેસે એવી વાત છે.

વિકાર કેમ થયો? તો કર્મથી થયો એમ માનવું. એનો એ સમયે અમે નિષેધ કર્યો. બિલકુલ નહિ. પોતાનો વિકાર પોતાથી થાય છે. કર્મથી નહિ. એને એમ લાગ્યું કે, આહાહા! આ લોકો મૂળમાં ભૂલી ગયા, મૂળમાં ભૂલ્યા. વિકાર પુદ્ગલથી નથી થતો તો વિકાર સ્વભાવ થઈ જાય. અરે..! સાંભળ તો ખરો. સમજાણું કાંઈ? અમે વિહાર કરીને ગયા. કયું ગામ હતું? 'કલકત્તા'. 'કલકત્તા'. 'ગજરાજજી'ને ત્યાં ભોજન હતું. 'ગજરાજજી' છે ને? એને ત્યાં ભોજન હતું. ત્યાં 'શાહુજી' શેઠ પત્ર લઈને આવ્યા. આ શું છે? વિકાર પોતાથી થાય કે કર્મથી થાય? મેં કીધું, એનો ઉત્તર અપાઈ ગયો છે. ચાલો ઊઠો. શેઠ હોય તો અમારે શું? આ પત્ર છે કે વિકાર કેમ થાય? વિકાર પોતાથી થાય છે. શું કહ્યું? હમણા આવશે. ૫૩માં આવશે. ૫૩ કળશ છે ને? જુઓ! અંદર છે. આ બાજુના પાને બીજી લીટીમાં છે.

**'જીવદ્રવ્ય પોતાની શુદ્ધ ચેતનારૂપે અથવા અશુદ્ધ ચેતનારૂપે વ્યાપ્ય-વ્યાપકપણે પરિણમે છે,...'** છે? ૫૩મો શ્લોક. છે? એનો આધાર. વિકાર અશુદ્ધરૂપે પરિણમો કે શુદ્ધરૂપે પરિણમો એ વ્યાપ્ય કાર્ય વ્યાપક આત્માનું છે. પરનું બિલકુલ નહિ. આહાહા! અંદર થોડો અભ્યાસ કરવો પડશે 'ધીરુભાઈ'! અહીં તો એ જ કહીએ ને. બીજો ઠપકો શું આપે? આહાહા! અરે..! આવી જિંદગી. આવી સ્વતંત્ર ચીજ ન સમજાય એનું શું થશે?

મુમુક્ષુ :– બધી જવાબદારી જ્ઞાન ઉપર આવી.

ઉત્તર :– બીજું શું છે? ભગવાન! તારું જ્ઞાન જૂઠું તો બધું જૂઠું. સાચું તો સાચું. એ જ લોકોમાં–સંપ્રદાયમાં ચાલે છે. કે કર્મથી વિકાર થાય છે.. કર્મથી વિકાર થાય છે. શ્વેતાંબરમાં તો એ જ વાત મુખ્ય છે. કારણ કે એ તો પાછળથી નીકળ્યો છે ને? દિગંબરમાંથી બે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હજાર વર્ષ પહેલા નીકળ્યો છે. એમાં તો એ ચર્ચા છે. અમારી આ વાત સાંભળીને 'ખેડા'વાળા 'જેઠાભાઈ' છે. 'ખેડાવાળા' 'જેઠાભાઈ' શ્વેતાંબર છે. શ્વેતાંબરના ખાસ. અપવાસ કરે, ઉના પાણી પીવે. એમાં આ સાંભળ્યું. પહેલીવાર સાંભળ્યું તો એમને રુચિ નહિ. પછી સાંભળ્યું તો કહે ઓહો..! આ તો કોઈ જુદી જ વાત કરે છે. એના સાધુ પાસે ૫૦ પ્રશ્નો કાઢ્યા. ૫૦ પ્રશ્નો પૂછ્યા. તો કોઈએ પ્રશ્નનો સાધારણ ઉત્તર આપ્યો. પણ 'રામવિજય' હતા ને? એની સાથે ચર્ચા કરી. 'જેઠાભાઈ' 'મુંબઈ' રહે છે. એ કહે, ચર્ચા કરીએ. તો 'રામવિજયે' એમ કહ્યું કે પહેલી શરત એ કે કર્મથી વિકાર થાય છે એમ માનો તો અમે ચર્ચા કરીએ. કેમકે શ્વેતાંબરમાં એ ચીજ જ છે. સમજાણું કાંઈ? આવી સ્પષ્ટતા તો દિગંબરમાં છે, બીજે ક્યાંય નથી.

જુઓ! આ શું કહે છે? ભાવાર્થ. ૫૩-૫૩. **'જીવદ્રવ્ય પોતાની શુદ્ધચેતનારૂપે...'** શુદ્ધચેતનારૂપ–સમ્યગ્દર્શન-જ્ઞાનરૂપી પરિણતિ **'અથવા અશુદ્ધ ચેતનારૂપે...'** પુણ્ય-પાપ મિથ્યાત્વરૂપી પરિણતિ **'વ્યાપ્ય-વ્યાપકપણે પરિણમે છે,...'** એ પરિણતિ વ્યાપ્ય છે અને આત્મા વ્યાપક છે. એમ છે. **'પુદ્‌ગલદ્રવ્ય પણ પોતાના અચેતન લક્ષણરૂપે–શુદ્ધ પરમાણુરૂપે અથવા જ્ઞાનાવરણાદિ કર્મપિંડરૂપે પોતાનામાં વ્યાપ્ય-વ્યાપકપણે પરિણમે છે.'** પરને કારણે નહિ. આહાહા! આ પુસ્તક કાંઈ અમે કર્યું છે? આ પુસ્તક તો 'રાજમલજી'નું લખેલું છે. આહાહા! વસ્તુની સ્થિતિ એવી છે. અને અમે તો પહેલા કહ્યું હતું. આ પુસ્તક તો પહેલેથી છે.

ભાઈ ઠીક કહે છે. અહીં કરે .. પુસ્તક પુસ્તકમાં છે. આહાહા! અને તે અમે કહ્યું હતું. પ્રભુ! ક્રમબદ્ધ પર્યાય છે. જે સમયે જે થવાની છે... કાલે કહેવાનું રહી ગયું હતું. 'પ્રવચનસાર'નો જ્ઞેય અધિકાર છે ને? જ્ઞેય અધિકાર સમકિતનો અધિકાર છે. એની ત્રણ ગાથામાં એવી વાત ચાલી છે. ૧૦૨ (ગાથા) જ્ઞેય અધિકારમાં છે. તો જ્ઞેયનો સ્વભાવ એવો છે કે જન્મક્ષણ (અર્થાત્) જે સમયે જે પર્યાય ઉત્પન્ન થવાની છે તે ઉત્પન્ન થશે. એ ૧૦૨ ગાથામાં છે. એ જ્ઞેયનો સ્વભાવ છે. અને જ્ઞેયસ્વભાવની એવી પ્રતીતિ કરવી એનું નામ સમકિત. તો છએ દ્રવ્યનો સ્વભાવ... ૧૦૨ ગાથા. જન્મક્ષણ. પ્રત્યેક દ્રવ્યની પ્રત્યેક સમયે જન્મ એટલે ઉત્પન્ન થવાનો કાળ છે તો વિકાર કે અવિકાર થાય છે. છએ દ્રવ્યમાં.

૧૦૧ ગાથામાં તો એમ લીધું છે કે ઉત્પાદ ઉત્પાદથી થાય છે, ઉત્પાદ, વ્યય અને ધ્રુવથી પણ નથી થતો. આહાહા! જુઓ! જ્ઞેયનો સ્વભાવ. ત્યાં જ્ઞેયની વ્યાખ્યા છે. 'પ્રવચનસાર' બીજો (અધિકાર). જ્ઞેય અધિકાર માટે 'જયસેનાચાર્યે' લખ્યું છે કે આ સમકિતનો અધિકાર છે. તો જ્ઞેયનો સ્વભાવ જ એવો છે. પોતપોતાના સમયે વિકાર કે અવિકારનો જે સમય છે એ સ્વસમયે ઉત્પન્ન થાય છે. અને એક બીજી વાત. ૧૦૧ ગાથા. ઉત્પાદ ઉત્પાદને કારણે છે, વ્યય-વ્યયને કારણે છે, ધ્રુવ-ધ્રુવને કારણે છે. ઉત્પાદ ધ્રુવના કારણે નહિ, વ્યયને કારણે નહિ. આહાહા! એવો જ્ઞેયનો સ્વભાવ છે. એ સમકિતનો અધિકાર છે. આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



૧૦૦, ૧૦૧, ૧૦૨ અને ૯૯. ૯૯મી ગાથામાં (એમ કહ્યું) પોત પોતાના અવસરે પ્રત્યેક દ્રવ્યની પર્યાય થાય છે એવો પાઠ છે.

મોતીની માળા હોય છે ને માળા? જ્યાં જ્યાં મોતી છે ત્યાં જ છે, આગળ-પાછળ નથી. એમ ભગવાનરૂપી આત્મામાં પર્યાયરૂપી માળા જે સમયે જે છે તે સમયે તે પર્યાયરૂપી મણકાની માળા થાય છે. આઘીપાછી નહિ. એ તો કહ્યું હતું. પણ શું કરે? ભાઈ! બધી વાત ઉડાડી દીધી કે આ લોકો મૂળમાં ભૂલ્યા છે. અને લોકોને બુડાડી દેશે. અરે..! પ્રભુ! શું કરે? એને ખબર નથી. આહાહા!

અહીં એ કહે છે, જુઓ! કહ્યું ને? અશુદ્ધ શુદ્ધ પરિણતિ પોતાથી વ્યાપ્ય-વ્યાપક છે. પરની સાથે વ્યાપ્ય અને વ્યાપક નથી. એ અહીં કહ્યું. **'ક્રિયા પણ વસ્તુમાત્ર છે, વસ્તુથી ભિન્ન સત્ત્વ નથી;...' 'यतः अनेकम् अपि एकम् एव' 'કારણ કે એક સત્ત્વના કર્તા-કર્મ ક્રિયારૂપ ત્રણ ભેદ એવું જોકે છે તોપણ સત્તામાત્ર વસ્તુ છે,...'** વસ્તુ એક છે. એના કર્તા-કર્મ-ક્રિયા ત્રણ, ત્રણનો કર્તા એક જ ચીજ છે. આહાહા! પરની સાથે કોઈ સંબધ નથી. **'તોપણ સત્તામાત્ર વસ્તુ છે, ત્રણેય વિકલ્પો જૂઠા છે.'** આહાહા! રાગનો કર્તા જીવ કહેવો એ તો છે પણ ત્રણ ભેદ પાડવા એ જૂઠા છે. એમ કહે છે. આહાહા! છે?

**'ભાવાર્થ આમ છે કે જ્ઞાનાવરણાદિ દ્રવ્યરૂપ પુદ્‌ગલપિંડ-કર્મનો કર્તા જીવવસ્તુ છે એવું જાણપણું મિથ્યાજ્ઞાન છે, કેમકે એક સત્ત્વમાં કર્તા-કર્મ-ક્રિયા ઉપચારથી કહેવાય છે;...'** ભાષા જુઓ. એ પણ ઉપચારથી છે. પોતાના વિકારી પરિણામ કે અવિકારી પરિણામ એ પોતાનું કાર્ય અને આત્મા કર્તા એ પણ ઉપચાર વ્યવહારથી છે. બાકી પર્યાય પર્યાયનો કર્તા અને પર્યાય પર્યાયનું કર્મ એ યથાર્થમાં છે. આહાહા! છે ને? **'ભિન્ન સત્ત્વરૂપ છે જે જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્ય તેમને કર્તા-કર્મ-ક્રિયા ક્યાંથી ઘટશે?'** પોતામાં પણ ત્રણ સ્વતંત્ર ઉપચારથી છે તો પરમાં તો ક્યાંથી ઘટશે? વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

( આર્યા )

नोभौ परिणमतः खलु परिणामो नोभयोः प्रजायेत।
उभयोर्न परिणतिः स्वाद्यदनेकमनेकमेव स्यात्।।८-५३।।

**ખંડાન્વય સહિત અર્થ :– 'खलु उभौ न परिणमतः' ( खलु ) એવો નિશ્ચય છે કે ( उभौ ) એક ચેતનાલક્ષણ જીવદ્રવ્ય અને એક અચેતન કર્મપિંડરૂપ પુદ્‌ગલદ્રવ્ય ( न परिणमतः ) મળીને એકપરિણામરૂપે પરિણમતાં નથી; [ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય પોતાની શુદ્ધ ચેતનારૂપે અથવા અશુદ્ધ ચેતનારૂપે વ્યાપ્ય-વ્યાપકપણે પરિણમે છે, પુદ્‌ગલદ્રવ્ય પણ પોતાના અચેતન લક્ષણરૂપે–શુદ્ધ પરમાણુરૂપે અથવા જ્ઞાનાવરણાદિ કર્મપિંડરૂપે પોતાનામાં**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**વ્યાપ્ય-વ્યાપકપણે પરિણમે છે, વસ્તુનું સ્વરૂપ એવું તો છે પરંતુ જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્ય બંને મળીને, અશુદ્ધ ચેતનારૂપ છે જે રાગ-દ્વેષરૂપ પરિણામ તે-રૂપે પરિણમે છે એમ તો નથી; અથવા જીવ અને પુદ્‌ગલ મળીને જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલકર્મપિંડરૂપે પરિણમે છે એમ તો નથી;] 'उभयोः परिणामः न प्रजायेत' ( उभयोः ) જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્ય તેમના ( परिणामः ) બંને મળીને એકપર્યાયરૂપ પરિણામ ( न प्रजायेत ) થતા નથી; 'उभयो परिणतिः न स्यात्' ( उभयो ) જીવ અને પુદ્‌ગલની ( परिणतिः ) મળીને એક ક્રિયા ( न स्यात् ) થતી નથી;–વસ્તુનું સ્વરૂપ આવું જ છે; 'यतः अनेकम् अनेकम् एव सदा' ( यतः ) કારણ કે ( अनेकम् ) ભિન્ન સત્તારૂપ છે જીવ-પુદ્‌ગલ ( अनेक्म एव सदा ) તે તો જીવ-પુદ્‌ગલ સદાય ભિન્નરૂપ છે, એકરૂપ કેમ થઈ શકે? ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય-પુદ્‌ગલદ્રવ્ય ભિન્ન સત્તારૂપ છે તે જો પહેલાં ભિન્ન સત્તાપણું છોડી એક સત્તારૂપ થાય તો પછી કર્તા-કર્મ-ક્રિયાપણું ઘટે. તે તો એકરૂપ થતાં નથી તેથી જીવ-પુદ્‌ગલનું પરસ્પર કર્તા-કર્મ-ક્રિયાપણું ઘટતું નથી. ૮-૫૩.**

---

**શ્રાવણ સુદ ૨, મંગળવાર તા.૧૬.૦૮.૧૯૭૭**
**કળશ - ૫૩, પ્રવચન - ૬૮**

'કળશટીકા' કર્તા-કર્મ (અધિકાર). ૫૩ કળશ છે.

**नोभौ परिणमतः खलु परिणामो नोभयोः प्रजायेत।**
**उभयोर्न परिणतिः स्वाद्यदनेकमनेकमेव स्यात्।।८-५३।।**

શું કહે છે? **'खलु'. 'એવો નિશ્ચય છે કે એક ચેતનાલક્ષણ જીવદ્રવ્ય અને એક અચેતન કર્મપિંડરૂપ પુદ્‌ગલદ્રવ્ય...'** અહીં કર્મ અને આત્મા વચ્ચેની વાત છે. કેમકે જીવ પોતાથી અહીં જેટલા રાગ-દ્વેષ કરે છે એ પ્રમાણે ત્યાં કર્મ બંધાય છે. છતાં એ કર્મની પર્યાયનો કર્તા આત્મા નથી. આત્માની પર્યાય રાગ, એની કર્તા નથી. આહાહા! એક સાથે છે. પ્રશ્ન ઉઠે ને કે બે એક સાથે છે ને? સાથે ભલે હો. અહીંયા રાગ-દ્વેષ થયો... આહાહા! ત્યાં ચારિત્રમોહનું કર્મબંધન થયું. એ ચારિત્રમોહની પર્યાયનું બંધન આત્મા કરતો નથી. આહાહા! અજ્ઞાની આત્મા તો પોતાના પરિણામમાં રાગ-દ્વેષ કરે છે. સમજાણું કાંઈ?

અહીં બેય વાત લેશે. બે કઈ? ચાહે તો જીવ પોતાના આનંદસ્વરૂપ ભગવાન જ્ઞાતા-દ્રષ્ટાપણે પરિણમે તો પણ તે પોતાની પર્યાયનો કર્તા છે. અને અશુદ્ધ વિકારપણે પરિણમે... અહીં બેય વાત છે. તો પોતાની વિકારી પર્યાયનો કર્તા અજ્ઞાની (છે). અને શુદ્ધ જ્ઞાતા-દ્રષ્ટા આનંદનું પરિણમન એ જ્ઞાનીનું કાર્ય છે. આહાહા! ધર્મીનું કાર્ય એ છે કે પોતાનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચૈતન્ય આનંદસ્વરૂપ જ્ઞાયકસ્વભાવ, એના જે નિર્મળ આનંદ અને શાંતિના પરિણામ છે એનો કર્તા ધર્મીજીવ છે. પણ એ પોતાના નિર્મળ પરિણામનો કર્તા થયો તો કર્મના નાશનો પણ એ કર્તા છે એમ નથી. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! અનંતકાળથી એણે સ્વતત્ત્વ શું ચીજ છે એના ઉપર કદી દૃષ્ટિ કરી નથી. બધી રમતું બહારમાં. અને તે પણ પોતાની પર્યાય છોડીને બહારની પર્યાયમાં તો કદી પ્રવેશ જ કર્યો નથી. સમજાણું કાંઈ? આહાહા!

અહીં કહે છે કે '( **उभौ** ) **ચેતનાલક્ષણ જીવદ્રવ્ય અને એક અચેતન કર્મપિંડરૂપ પુદ્ગલદ્રવ્ય ( न परिणमतः ) મળીને એક પરિણામરૂપે પરિણમતા નથી;...'** જીવના પરિણામ અને કર્મના પરિણામ બે મળીને જીવના પરિણામ નથી થતા. એમ આત્માના પરિણામ અને પુદ્ગલના પરિણામ બે મળીને પુદ્ગલના પરિણામ નથી થતા. કુંભારના પરિણામ અને માટીનું ઘટરૂપ પરિણામ એ બેથી ઘડાના પરિણામ નથી થયા. સમજાણું કાંઈ? કુંભારના પરિણામથી અને માટીના પરિણામથી એ બેના પરિણામથી ઘડો નથી થયો. આહાહા! એ ઘડો બે દ્રવ્યનું કાર્ય નથી. એ એકલું માટીનું જ કાર્ય છે. આહાહા! જડ છે એમાં વળી કાર્ય શું? જડ છે તો શું થયું? પોતાનું પરિણમન કરે છે કે નહિ? સમજાણું કાંઈ?

એ કહે છે **'ચેતનાલક્ષણ જીવદ્રવ્ય અને એક અચેતન કર્મપિંડરૂપ પુદ્ગલદ્રવ્ય મળીને એક પરિણામરૂપે પરિણમતાં નથી; [ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય પોતાની શુદ્ધ ચેતનારૂપે...]'** જુઓ! બે વાત લીધી છે. આહાહા! જ્યારે આત્મા રાગથી ભિન્ન પોતાની ચૈતન્ય ચીજ અતીન્દ્રિય આનંદ સ્વરૂપ ભગવાનઆત્મા છે એ જ્યારે રાગથી ભિન્ન થઈને પોતાના આત્માનો અનુભવ કર્યો, તો એ અનુભવની પરિણતિને કરનાર જીવ છે. કોઈ વાણીથી અનુભવ થાય છે કે તીર્થંકરના દર્શનથી થાય છે, એ નિર્મળ પરિણતિ બે દ્રવ્યની નથી એક આત્માની છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– અરિહંતે ચાર ઘાતિ કર્મનો નાશ કર્યો.

ઉત્તર :– કર્મનો નાશ કર્યો એ તો નિમિત્તથી કથન છે. એ તો પોતાની પર્યાયથી ત્યાં કર્મરૂપ પર્યાય પલટીને અકર્મ થવાનો કાળ હતો માટે અકર્મ થઈ છે. આત્માએ વિકારનો નાશ કર્યો અને કર્મનો પણ નાશ કર્યો... શેઠ કહે છે, બરાબર છે. શેઠ જાણીને કહે છે. એ બરાબર નથી. તમારા હૃદયમાં પણ એમ હતું. 'જ્ઞાનચંદજી'! આહાહા! અથવા ભાષાની પર્યાય થાય છે અને સામે શ્રોતાને જ્ઞાનની પર્યાય થાય છે, તો એ બેય પરિણામનો કર્તા આત્મા નથી. ભાષાની પર્યાય અને જ્ઞાનની પર્યાયનો કર્તા આત્મા નથી. ભાષાની પર્યાય પોતે કરી અને સામે જ્ઞાનની પર્યાય ભાષાની પર્યાયે કરી, એમ નથી. આવી વાત છે, ભાઈ! આહાહા! વીતરાગ વિજ્ઞાન આવું છે. આહાહા!

**'જીવદ્રવ્ય પોતાની શુદ્ધ ચેતનારૂપે...'** જુઓ! આહાહા! દયા, દાન, ભક્તિ, વ્રત, ઉપદેશ દેવો કે સાંભળવાનો જે વિકલ્પ છે... આહાહા! એનાથી પણ ભિન્ન પોતાની ચીજ આનંદકંદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાયકભાવથી ભરી છે એવી અંતરમાં શુદ્ધ ચૈતન્યદ્રવ્યની દ્રવ્યદૃષ્ટિ થઈ તો દ્રવ્યદૃષ્ટિથી જે નિર્મળ દ્રવ્ય પરિણતિ થઈ એનો કર્તા જીવ છે. કર્મે માર્ગ કરી આપ્યો માટે એ પરિણામ થયા, કર્મ થોડા હટી ગયા અને માર્ગ આપ્યો માટે ધર્મના પરિણામ થયા, એમ નથી. આહાહા!

મુમુક્ષુ :– દૃષ્ટિથી પરિણતિથી થઈ.

ઉત્તર :– એ દૃષ્ટિ એ જ પરિણતિ છે. દૃષ્ટિ એ જ પરિણતિ છે. ત્રિકાળી તો ધ્રુવ છે. ધ્રુવ ઉપર દૃષ્ટિ દેતા સમ્યગ્દર્શન આદિની પર્યાય ઉત્પન્ન થાય એ શુદ્ધ ચેતના પરિણામ છે. આહાહા! એનો આત્મા કર્તા છે એમ ઉપચારથી કહેવામાં આવે છે. એ પણ ઉપચારથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બાકી તો ચેતના પરિણામનો પરિણામ કર્તા પરિણામી છે. અહીં તો પરથી ભિન્ન પાડવાની વાત છે. આહાહા! બહુ સૂક્ષ્મ, ભાઈ! અનંતકાળમાં તત્ત્વની દૃષ્ટિ શું ચીજ છે એ કદી કરી નથી. આહાહા! અગિયાર અંગ ભણ્યો...

મુમુક્ષુ :– ધારી લીધું.

ઉત્તર :– છોડી દીધું. થઈ રહ્યું. પરને માટે. આહાહા!

મુમુક્ષુ :– અશ્રુતપૂર્વ છે, ક્યારેય સાંભળ્યું નથી.

ઉત્તર :– હા, અશ્રુતપૂર્વ છે. એવી વાત છે. આહાહા!

પરમાત્મા એમ કહે છે કે મારી સામે તારી દૃષ્ટિ જશે તો તને રાગ થશે. આહાહા! કેમકે અમે પરદ્રવ્ય છીએ. રાગ થશે એ અમારા કારણે નથી થયો. આહા..! સમજાણું કાંઈ? એ શુદ્ધ ચેતના પોતાની પર્યાય અથવા અશુદ્ધ ચેતનારૂપ... રાગ અને દ્વેષ મિથ્યા પરિણામ વ્યાપ્ય છે, કાર્ય છે અને આત્મા અજ્ઞાનભાવે એનો કર્તા છે. સમજાણું કાંઈ?

વ્યાપ્ય-વ્યાપક. વ્યાપ્ય અવસ્થા છે અને વ્યાપક એક દ્રવ્ય કર્તા છે. અજ્ઞાનભાવે દ્રવ્ય જે વિકારની અવસ્થા કરે છે એ વ્યાપક છે અને વિકાર અવસ્થા એનું વ્યાપ્ય, વ્યાપ્ય એટલે કાર્ય છે. તો વ્યાપ્ય-વ્યાપક પોતામાં હોય છે. કર્મમાં પોતે વ્યાપ્ય-વ્યાપક થાય અને કર્મ પોતામાં વ્યાપક થઈને પોતાનું કાર્ય રાગ કરાવે, એમ છે નહિ. આહાહા! છે?

**'વ્યાપ્ય-વ્યાપકપણે પરિણમે છે,...'** ચાહે તો શુદ્ધ પરિણમન (હો). આહાહા! પોતાનો શુદ્ધ ચૈતન્ય નિત્યાનંદ પ્રભુ, એનો સ્વીકાર કરવાથી જે શુદ્ધ ચેતના પરિણામ થયા એ વ્યાપ્ય છે, આત્મા વ્યાપક છે. અને આત્માના જ્ઞાન અને ભાન વિના પરના લક્ષે જે વિકાર પરિણામ થયા, એ વિકારી પરિણામ વ્યાપ્ય છે, અજ્ઞાની આત્મા એનો વ્યાપક છે. સમજાણું કાંઈ? આહાહા! જુઓ! **'વ્યાપ્ય-વ્યાપકપણે પરિણમે છે, પુદ્ગલદ્રવ્ય પણ પોતાના અચેતન લક્ષણરૂપે...'** પરમાણુ પોતાના અચેતન લક્ષણરૂપ **'શુદ્ધ પરમાણુરૂપે...'** ચાહે તો પરમાણુ એકલો શુદ્ધપણે પરિણમો તો એના પરિણામનો કર્તા એ પરમાણુ છે. સમજાણું કાંઈ? અને ચાહે તો **'જ્ઞાનાવરણાદિ કર્મપિંડરૂપે પોતાનામાં વ્યાપ્ય-વ્યાપકપણે પરિણમે છે,..'** જ્ઞાનાવરણી આદિ આઠ કર્મની પર્યાય થાય છે તો એ પર્યાય વ્યાપ્ય છે અને પરમાણુ એનો વ્યાપક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આત્માએ રાગ કર્યો તો વ્યાપક થઈને કર્મની વ્યાપ્ય પર્યાય કરે એમ નથી. આહાહા! ભારે કામ, ભાઈ! સમજાણું કાંઈ?

**'વસ્તુનું સ્વરૂપ એવું છે...'** પોતાનામાં વ્યાપ્ય-વ્યાપકપણે થાય, એ તો વસ્તુનું સ્વરૂપ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? જુઓ! આ શરીર ચાલે છે તો એ અવસ્થા વ્યાપ્ય છે અને એ પરમાણુ વ્યાપક છે. પણ આત્મા વ્યાપક થઈને એ અવસ્થાનું વ્યાપ્ય કરે એમ બિલકુલ નથી. આહાહા! કેટલું અભિમાન! શરીરની ક્રિયા મેં કરી, વાણી મેં કરી... આહાહા! એ બધા પરના પરિણામ એ મારું વ્યાપ્ય અને હું વ્યાપક એ ખોટી વાત છે.

મુમુક્ષુ :– ગ્રંથ તો આ જ છે તો આપ અર્થ ક્યાંથી કાઢો છો?!

ઉત્તર :– કાઢીએ છીએ. તમને તો ખબર પડી ગઈ. અમારી દૃષ્ટિથી કાઢીએ છીએ. ગ્રંથ તો આ જ છે. શું કરે? અને ખૂબી તો હશે થશે.

**'પરંતુ જીવદ્રવ્ય અને પુદ્ગલદ્રવ્ય બંને મળીને, અશુદ્ધ ચેતનારૂપ છે...'** એમ નથી. જુઓ! બીજી જગ્યાએ આવે છે. 'જયસેનાચાર્ય'ની ટીકામાં. એ દૃષ્ટાંત બધાને આપે છે. જુઓ! એક પુત્ર થાય તો એકલો માતાનો અને પિતાનો નથી, બેયનો છે. એમ કહે છે. અમને ખબર છે. એક પુત્ર છે એ માતા અને પિતા બેયનો છે. એમ વિકાર એકલો જીવનો છે એમ નથી. પુદ્ગલનો અને જીવનો બેય મળીને વિકાર છે એમ કહે છે. અને એ પાઠ છે. એ તો પ્રમાણજ્ઞાન કરાવવા માટે વાત છે. જ્યારે વિકાર થયો તો કર્મ નિમિત્તરૂપે હતું એવું જ્ઞાન કરાવ્યું. નિમિત્તથી થયું નથી. એ 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે. બે મળીને વિકાર થાય છે. જેમ (માતા અને પિતા) બેય મળીને પુત્ર થાય છે, એમ પુદ્ગલ અને જીવ બે મળીને વિકાર થાય છે. એ તો પ્રમાણજ્ઞાન કરાવે છે. પ્રમાણનો અર્થ શું? કે નિશ્ચયથી તો વિકાર પોતાથી થયો છે. એ નિશ્ચયને લક્ષમાં રાખી નિમિત્ત કોણ છે એની મેળવણી કરવી એનું નામ પ્રમાણજ્ઞાન છે.

મુમુક્ષુ :– તો જ્ઞાન સાચું કે ખોટું?

ઉત્તર :– કહ્યું ને? કે નિશ્ચય રાખીને નિમિત્તની મેળવણી કરવી એ પ્રમાણજ્ઞાન છે. બેનું જ્ઞાન છે. નિશ્ચય ન હોય તો પ્રમાણજ્ઞાન સાચું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– પ્રમાણજ્ઞાન...

ઉત્તર :– નિશ્ચય તો છે જ. રાગ રાગથી થયો, વિકાર વિકારથી થયો એ નિશ્ચય તો છે જ. એ ઉપરાંત નિમિત્તનું જ્ઞાન કરાવવા બેનું કાર્ય છે એમ કહેવામાં આવે છે. પણ બેનું કાર્ય છે જ નહિ. આહાહા!

મુમુક્ષુ :– સમજાણું નહિ, આપે શું કહ્યું ઇ?

ઉત્તર :– જેમ માતા અને પિતા બે હોય તો પુત્ર થાય છે. અહીં તો કહે છે કે બે થઈને પુત્ર નથી. પુત્ર તો પુત્રને કારણે થાય છે. એમ ત્યાં કહે છે કે આત્મા અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કર્મ બે મળીને વિકાર થાય છે. એ તો પ્રમાણજ્ઞાન એટલે નિમિત્ત છે કે નહિ એટલું જ્ઞાન કરાવવા માટે કહ્યું.

અહીંયાં તો કહે છે, જુઓ! **'જીવદ્રવ્ય અને પુદ્ગલદ્રવ્ય બંને મળીને, અશુદ્ધચેતનારૂપ છે જે રાગ-દ્વેષરૂપ પરિણામ તે-રૂપે પરિણમે છે એમ તો નથી;...'** છે? વિકારમાં તો બહુ ગડબડ છે. બધે આમ જ ચાલે છે કે વિકાર પોતાથી અને કર્મથી બેથી થાય છે. આહાહા! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– પુસ્તક પુસ્તકમાં ફરક છે. 'ગોમ્મટસાર'માં બીજું કાંઈક લખ્યું છે...

ઉત્તર :– 'ગોમ્મટસાર'માં તો નિમિત્તથી કથન છે. ઠીક કહ્યું. નિમિત્ત જ્ઞાનાવરણી આવ્યું ને? જ્ઞાનાવરણી. એમાં શું આવ્યું? જ્ઞાનને આવરણ કરનારા. તો પરદ્રવ્ય આવરણ કરે છે? એક દ્રવ્ય બીજા દ્રવ્યને આવરણ કરે છે? પણ એ તો પોતાની જ્ઞાનની હિણી પરિણતિ પોતાથી થાય છે એ ભાવઘાતિ કર્મ થયું. જ્ઞાનાવરણીને નિમિત્ત કહે છે એ દ્રવ્યઘાતિનું નિમિત્ત કહેવામાં આવ્યું. પણ એનાથી થયું નથી. આહાહા! એ 'પ્રવચનસાર'ની ૧૬મી ગાથામાં લીધું છે. સ્વયંભૂ. ૧૬મી ગાથા છે ને? સ્વયંભૂ. પોતાથી પોતાનું કેવળજ્ઞાન પ્રગટ કર્યું છે. પોતાના કર્તા-કર્મથી પ્રગટ કર્યું છે. ૧૬મી ગાથા.

મુમુક્ષુ :– ક્યો ગ્રંથ?

ઉત્તર :– 'પ્રવચનસાર' સ્વયંભૂ.

**'સ્વયમેવ છ કારકરૂપ થતો હોવાથી, અથવા ઉત્પત્તિ-અપેક્ષાએ દ્રવ્યભાવભેદે ભિન્ન ઘાતિકર્મોને...'** જુઓ! દ્રવ્યભાવરૂપ ભિન્ન ઘાતિકર્મ. ભાવઘાતિ પોતાની જ્ઞાનની પર્યાયને પોતાથી હિણી કરે છે એ ભાવઘાતિ છે. અને દ્રવ્યઘાતિ એ જ્ઞાનાવરણી કર્મ અને નિમિત્ત છે એ દ્રવ્યઘાતિ. **'દ્રવ્ય-ભાવભેદે ભિન્ન ઘાતિકર્મોને દૂર કરીને...'** એનો અર્થ શું? **'સ્વયમેવ આવિર્ભૂત થયો હોવાથી,...'** વિકારી પર્યાય અને અલ્પજ્ઞાનને દૂર કરીને, તો નિમિત્ત દૂર કરીને એમ કહેવામાં આવ્યું. પોતાનો સ્વરૂપ આત્મા પોતાના આનંદસ્વરૂપે, જ્ઞાનસ્વરૂપે આવિર્ભૂત થઈને પ્રગટ્યો. પોતાની પર્યાયમાં કેવળજ્ઞાનથી ઝળહળ જ્યોતિ સ્વયંભૂ ભગવાન (પ્રગટ થયો). સ્વયંભૂ. સ્વયંભૂ ભગવાન કોઈ બીજા છે એમ નથી. અહીં તો ભગવાનઆત્મા જ સ્વયંભૂ છે. પોતાથી પોતાની કેવળજ્ઞાનની પર્યાય પોતાના કર્તા-કર્મ-કરણથી ઉત્પન થઈ છે. એમાં કર્મની કોઈ અપેક્ષા નથી. નિમિત્ત છે પણ નિમિત્ત કર્તા નથી. નિમિત્ત–નિમિત્ત સંબંધ બીજી ચીજ છે અને નિમિત્ત કર્તા છે એ બીજી ચીજ છે. સમજાણું કાંઈ?

એ વાત તો ભાઈ 'કૈલાસચંદજી'એ કબુલ કરી છે. પહેલા તો ત્યાં ફેર હતો. (સંવત) ૨૦૧૩ની સાલમાં. એમણે બે વાત કબુલ કરી કે ક્રમબદ્ધ છે. દરેક દ્રવ્યની પર્યાય ક્રમસર થાય છે. એક પછી એક જ્યાં જ્યાં જે દ્રવ્યની પર્યાય થવાની છે તે થાય છે. ક્રમબદ્ધ ન માનો તો સર્વજ્ઞ સિદ્ધ નથી થતા. બીજી વાત હમણા કબુલી છે. આવ્યું છે. બીજી વાત-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'સોનગઢ'વાળા નિમિત્તને નથી માનતા એમ નથી. નિમિત્ત પરમાં કંઈ કરે છે, એમ નથી માનતા. (નિમિત્ત) કંઈ કરતું નથી. બે વાત આવી છે. એ વખતે ૨૦૧૩ની સાલમાં બે વાત વિપરીત હતી. તમે ત્યાં હતા? ૨૦૧૩ની સાલ. હતા? ૨૦ વર્ષ પહેલા વર્ણીજી સાથેની ચર્ચામાં. સમજાણું કાંઈ? ભાઈ! આ વાદવિવાદનો વિષય નથી. આ તો પોતાના હિતની વાત છે. સમજાણું કાંઈ?

પોતાનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ દ્રવ્યશક્તિપિંડ પ્રભુ. બપોરે ચાલે છે ને... આહાહા! સુખ શક્તિનો તો ભંડાર છે. આહાહા! આનંદની તો નિધાન ખાણ છે. આહાહા! બહારથી રાજી થવું, ખુશ થવું એ તો મિથ્યા ભ્રમ છે. સમજાણું કાંઈ? બહારની અનુકૂળતા જોઈને રાજી થાય, ખુશી થાય.. આહાહા! એ તો દુઃખની પર્યાય છે. એમાં સુખ માન્યું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– દૂર કરી એ ભાવઘાતિ...?

ઉત્તર :– એ કહ્યું ને? દૂર કરીને. ભાવને દૂર કર્યો એ પણ વ્યવહાર છે. અને નિમિત્તને દૂર કર્યું એ તો પોતામાં છે જ નહિ પણ દૂર થઈ જાય છે એને દૂર કર્યો એમ કહેવામાં આવે છે.

ફરીવાર. આત્મા છે. 'સમયસાર'ની ૩૪મી ગાથામાં આવ્યું છે કે વિકારનો ત્યાગ કરે એ પણ નામમાત્ર કથન છે. ત્યાગ શું કરે? જ્ઞાનમાં કાંઈ રાગ ઘૂસી ગયો છે, તો ત્યાગ કરે? જ્ઞાનાનંદ સ્વભાવ પોતાની ચૈતન્યજ્યોતિ છે એવું ભાન થયું, તો એ સમયે રાગ ઉત્પન્ન થતો નથી. રાગ ઉત્પન્ન થતો નથી એણે રાગનો ત્યાગ કર્યો એમ કથનમાત્ર છે. સમજાણું કાંઈ? 'સમયસાર'ની ૩૪મી ગાથા. પરનો ગ્રહણ-ત્યાગ તો આત્મામાં છે જ નહિ. આત્મા પરના ગ્રહણ-ત્યાગથી તો અનાદિથી શૂન્ય છે, ભિન્ન છે. સમજાણું કાંઈ? એમાં શક્તિ છે. આગળ આવશે. ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ છે. પરનો ત્યાગ અને પરના ગ્રહણથી તો આત્મા શૂન્ય છે. અંદર પરનો ત્યાગ-ગ્રહણ ક્યાં છે? પરમાણુ પકડે છે તો પરમાણુ છોડે? સ્ત્રી, કુટુંબને પકડ્યા છે તો સ્ત્રી કુટુંબને છોડે? એ તો છૂટા જ પડેલા છે. પરના ત્યાગ-ગ્રહણ કરવા એ તો આત્મામાં છે જ નહિ. હવે અંદર વિકાર અને સ્વભાવની વાત રહી. વિકારનો ત્યાગ પણ સ્વરૂપની દૃષ્ટિ અને સ્વરૂપમાં ઠરવાથી વિકાર ઉત્પન્ન થતો નથી એને વિકારને દૂર કર્યો એમ વ્યવહારથી કથન કરવામાં આવે છે. આવી વાત છે, ભાઈ! શું થાય? માર્ગ બહુ ફરી ગયો, બહુ ફરી ગયો. પોતાના હિતની વાત બહુ દૂર થઈ ગઈ. આહાહા! સમજાણું કાંઈ?

એ કહ્યું ને? શુદ્ધ અનંત શક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવમાં પોતે જ આધાર હોવાથી. પોતાની કેવળજ્ઞાનની પર્યાયને ઉત્પન્ન કરવાનો આધાર આત્મા છે. કર્મ-ફર્મ આધાર છે કે બીજું કોઈ છે, એમ છે નહિ. આહાહા! સમજાણું કાંઈ? ઉત્પત્તિ અપેક્ષાએ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. સમ્યગ્દર્શન આદિ જે જે સમયે ઉત્પન્ન થયું. એ દ્રવ્યભાવ ભેદ ઘાતિકર્મોને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દૂર કરીને દ્રવ્યભાવ બેય. ભાવઘાતિકર્મનું પણ અહીં જ્ઞાનપ્રધાન કથન છે તો ભાવકર્મને દૂર કરવો એમ વ્યવહારથી કહ્યું છે. અને દ્રવ્યકર્મને દૂર કરવા એ તો અસદ્ભૂત વ્યવહારનયથી કહ્યું છે. આવી વાત છે. 'નંદકિશોરજી'! આ બધું આવું ઝીણું છે. આહાહા! શું કરે? વસ્તુની સ્થિતિ જે છે એવી રહેશે. એ કોઈ બીજી રીતે માને તો બીજી સ્થિતિ થઈ જાય છે?

એ કહ્યું, જુઓ! તેથી એવો નિશ્ચય કરવો કે પરની સાથે આત્માને કારકપણાનો સંબંધ છે જ નહિ. કર્મનો કર્તા અને કર્મનો કર્મ, કર્મનો કર્મ અને કર્મનું કરણ-સાધન આત્મા અને કર્મને છોડવા એ કારક છે નહિ. એવા શુદ્ધ આત્મસ્વભાવની પ્રાપ્તિને માટે... આહાહા! ભગવાન શુદ્ધ ચૈતન્યસ્વરૂપ બિરાજમાન છે એની પ્રાપ્તિ માટે સામગ્રી શોધવાની વ્યગ્રતાથી નકામો પરતંત્ર થાય છે. આવી અનુકૂળતા મળે તો મને ઠીક. છે? પોતાના શુદ્ધ સ્વભાવની પ્રાપ્તિમાં વિકલ્પ પણ સાધન નથી. દેવ-ગુરુ પણ કારણ નથી. આહાહા! એવી વાત છે. ઇ વીતરાગ એમ કહે કે તારા ધર્મની પરિણતિમાં અમારું કોઈ કારણ નથી. આહાહા! અમે કારક નથી. તારી ધર્મ પરિણતિમાં તું આત્મા કર્તા અને કરણ કહેવું એ પણ ઉપચારથી છે. આહાહા! ધર્મ પરિણતિ-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પરિણતિ જ ષટ્કારકરૂપે પરિણમીને ઉત્પન્ન થઈ છે. સમજાણું કાંઈ? બાહ્ય સાધન શોધવા, બાહ્ય સાધન એવું મળે, સંઘયણ મળે, મનુષ્યપણું એવું હોય એવી વ્યગ્રતાથી જીવો નકામા પરતંત્ર થાય છે. ૧૬મી ગાથા છે. સમજાણું કાંઈ?

અહીં કહ્યું, જુઓ! **'પરંતુ જીવદ્રવ્ય અને પુદ્ગલદ્રવ્ય બંને મળીને, અશુદ્ધ ચેતનારૂપ છે જે રાગ-દ્વેષરૂપ પરિણામ તે-રૂપે પરિણમે છે એમ તો નથી;...'** આહાહા! અહીં તો બધા એમ કહે છે કે કર્મ અને આત્મા બે મળીને વિકાર થાય છે. અહીં તો ના પાડે છે. પુસ્તક અહીંનું છે?

મુમુક્ષુ :– બીજા આચાર્યએ કહ્યું.

ઉત્તર :– બીજા આચાર્ય કહે તો આચાર્ય છે ને? 'અમૃતચંદ્રાચાર્ય'નું છે આ. 'અમૃતચંદ્રાચાર્ય'ના શ્લોક છે. 'સમયાસાર'ની ટીકા કરી એના આ કળશ છે. 'રાજમલ' ટીકાકાર છે.

મુમુક્ષુ :– 'નેમિચંદ્રાચાર્ય'ને વાંચો.

ઉત્તર :– 'નેમિચંદ્રસિદ્ધાંત ચક્રવર્તી' પણ આ જ છે, એ તો નિમિત્તનું કથન છે. 'ગોમ્મટસાર'માં જ્ઞાનાવરણી જ્ઞાનને રોકે એ તો નિમિત્તથી કથન છે. એમ નથી. એ તો અલ્પ-ટૂંકી ભાષા કરવા એમ કહેવામાં આવે છે. એમ લાંબુ-લાંબુ કરે કે જ્ઞાન પોતાની પર્યાયમાં હિણી(દશા) કરે ત્યારે જ્ઞાનાવરણીને નિમિત્ત કહે છે પણ નિમિત્ત કરતું નથી. એવી લાંબી-લાંબી વાત નહિ કરતા ટૂંકામાં કહ્યું.

'પંચાસ્તિકાય'માં આપણા પંડિતજીએ નાખ્યું છે. 'પંચાસ્તિકાય'ને ભાઈ? પંડિતજીએ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નાખ્યું છે. 'હિંમતભાઈ પંડિત'. પંડિતજીએ ઘણું કામ કર્યું છે. શાંત છે, શાંત. બહારમાં વાંચન-બાંચનમાં પણ એને રસ નથી. પંડિતજી 'હિંમતભાઈ'. આ 'હિંમતભાઈ' છે. જાણો છો કે નહિ? 'નેમિચંદ'! 'હિંમતભાઈ'. આ બધું એણે બનાવ્યું છે. 'સમયસાર', 'પ્રવચનસાર', 'નિયમસાર'ની ટીકા હિન્દી-ગુજરાતી બધું એણે કર્યું છે. સમજાણું કાંઈ? છતાં બોલવાનો બહુ રસ નહિ. બહુ કહે ત્યારે માંડ માંડ થોડું બોલે. આહાહા!

અહીં કહે છે **'તે-રૂપે પરિણમે છે એમ તો નથી;...'** આહાહા! શુદ્ધ પરિણમન પોતાથી થાય અને કર્મના માર્ગથી થાય એમ તો છે જ નહિ. એમ વિકાર પરિણમન પોતાથી થાય અને કર્મથી પણ થાય એમ નથી. આહાહા! અત્યારે મોટી ગડબડ છે.

મુમુક્ષુ :– કોઈ રસ્તો કાઢો.

ઉત્તર :– આ રસ્તો કાઢ્યો ને. વાણિયા જેવો રસ્તો છે?

વાણિયાનું દૃષ્ટાંત આપીએ છીએ. એક વેપારી વાણિયો હતો. એના કણબી પાસે પાંચ હજાર લેણા હતા. કણબી સમજો છો? કૃષિકાર. કૃષિકાર પાસે પાંચ હજાર (લેવાના નીકળતા હતા). કણબી પાસે બધું મળીને બે હજાર રૂપિયા માંડ માંડ હતા. બેય મળ્યા તો વાણિયો કહે પાંચ હજારમાં એક પાય ઓછી નહિ લઉં. ઓલો કહે કે એક હજાર ઉપર એક પાય મારી પાસે નથી. આની પાસે બે હજાર ઉપર હતા એ એને ખબર હતી. પછી આ કહે પાંચ હજારમાં એક હજાર ઓછા આપો. તો ઓલો કહે કે એક હજાર ઉપર બસ્સો વધારે લઈ લો. એમ કરતા કરતા કરતા કરતા આ વાણિયા બે હજાર ઉપર આવ્યો અને ઓલો બે હજાર ઉપર આવ્યો. એવા વાણિયાવેડા છે અહીંયાં?

એ તો 'હિંમતભાઈ પંડિતજી' કહેતા હતા. ક્યાં ગયા? બેઠા છે. 'હિંમતભાઈ-હિંમતભાઈ'. છે? પાછળ બેઠા છે. તો 'હિંમતભાઈ' લાવ્યા હતા. ત્યાં છે ને 'પૂનમચંદ ઘાસીલાલ' 'કાલબાદેવી' છે ને? એનું મંદિર છે. તો ત્યાંથી 'હિંમતભાઈ' લાવ્યા હતા. કે ભાઈ 'કાનજીસ્વામી' થોડું ઢીલું મૂકે અને થોડું અમે મૂકીએ તો આપણે એક થઈ જઈએ.

મુમુક્ષુ :– સમન્વય કરો.

ઉત્તર :– સમન્વય કરો, (એમ એણે કહ્યું). ઢીલું શું મૂકે? સત્યમાં થોડું ઉણું બતાવીએ? અમે ઢીલું મુકીએ તો આપણે સમન્વય થઈ જાય. પણ આમાં ઢીલું મૂકવા જેવું છે શું? તું કહે છે કે શુભભાવથી ધર્મ થાય છે અને કર્મ અને આત્મા બે મળીને વિકાર થાય, એમાં ઢીલું શું મૂકે? અહીં તો કહે છે, ત્રણકાળમાં શુભભાવથી ધર્મ થતો નથી. અને ત્રણકાળમાં કર્મ અને આત્મા બેય મળીને વિકાર થતો નથી. પોતાથી સ્વતંત્ર વિકાર થાય છે. એ 'હિંમતભાઈ' લાવ્યા હતા. મોડા આવ્યા હશે એટલે પાછળ બેઠા છે. સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે, ઉભય મળીને એક ક્રિયા નથી. હવે બીજું કહ્યું. **'જીવદ્રવ્ય અને પુદ્ગલદ્રવ્ય તેમના બંને મળીને એક પર્યાયરૂપ પરિણામ થતા નથી; उभयो परिणतिः न**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**स्यात् જીવ અને પુદ્ગલની મળીને એક ક્રિયા થતી નથી;...**' રાગની ક્રિયા સ્વતંત્ર છે. પૂર્વની પલટીને સમ્યગ્દર્શન થાય કે રાગ પલટીને રાગ થાય, એ પોતાની ક્રિયાનો કર્તા આત્મા છે. કર્મ પલટીને અકર્મ થાય એની ક્રિયાનો કર્તા એ પુદ્ગલ છે. આત્મા કર્મરૂપ ઘાતિકર્મનો નાશ કરે એમ છે નહિ. છે? '**વસ્તુનું સ્વરૂપ આવું જ છે;...**' જુઓ!

'**यतः अनेकम् अनेकम् एव सदा**' '**કારણકે ભિન્ન સત્તારૂપ છે...**' જુઓ! શું કહે છે? જીવ અને પરદ્રવ્ય આદિની ભિન્ન સત્તા છે. ભિન્ન સત્તા એ અનેક સત્તા છે. તો અનેક સત્તા અનેકપણે રહીને કામ કરે છે. અનેક સત્તા મળીને કામ કરે છે એમ નથી. સમજાણું કાંઈ? આહાહા! '**કારણ કે ભિન્ન સત્તારૂપ...**' જીવ-પુદ્ગલની સત્તા જ ભિન્ન છે. '**अनेकम् एव सदा**' '**જીવ-પુદ્ગલ તે તો જીવ-પુદ્ગલ સદાય ભિન્નરૂપ છે, એકરૂપ કેમ થઈ શકે છે?**'

'**ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય-પુદ્ગલદ્રવ્ય ભિન્ન સત્તારૂપ છે...**' હવે સિદ્ધાંત સિદ્ધ કરે છે. '**તે જો પહેલાં ભિન્ન સત્તાપણું છોડી...**' ભિન્ન સત્તાપણું છોડીને '**એક સત્તારૂપ થાય તો પછી કર્તા-કર્મ-ક્રિયાપણું ઘટે.**' બે સત્તા ભિન્ન છે એ બે સત્તા છોડીને એક થાય તો કર્તા-કર્મપણું ઘટે છે. આહાહા! સમજાણું કાંઈ? કુંભારની સત્તા ભિન્ન, માટીની સત્તા ભિન્ન. બે ભિન્ન છે તો બે મળીને ઘટનું પરિણામ થાય એમ ત્રણકાળમાં નથી. તો કુંભારના પરિણામનો અભાવ થયો કાં માટીના પરિણામનો અભાવ થાય. સત્તા ભિન્ન છે અને એક પરિણામ બે કરે તો તો બે સત્તા એક થઈ. એક સત્તાનો નાશ થશે. આહાહા! સમજાણું કાંઈ?

રોટલીના ટુકડા થાય છે. રોટલી લે ને રોટલી? દાળમાં. તો કહે છે કે એ રોટલીનો ટુકડો થયો અને દાળમાં આવ્યો તો એ ક્રિયાનો કર્તા એ પરમાણુ છે. આત્માની ઇચ્છાથી એ ક્રિયા થઈ તો બે દ્રવ્યની સત્તા ભિન્ન રહેતી નથી. સમજાણું કાંઈ? આહાહા!

મુમુક્ષુ :– રોટલીનો ટુકડો આત્માએ નથી કર્યો. હાથે તો કર્યો ને?

ઉત્તર :– બિલકુલ નહિ. હાથથી પણ નથી થયા. એ રોટલીના ટુકડા ટુકડાથી થયા છે. રોટલી લે, શાક લે, ચટણી લે. કહે છે કે હાથ ઊંચો થયો અને અહીં આવી અને ટુકડા થયા એ પરમાણુની પર્યાયથી થયા છે. પોતાથી થયા નથી. દાંતથી પણ ટુકડા થયા નથી. આહાહા!

મુમુક્ષુ :– બહુ ગજબ વાત છે.

ઉત્તર :– ભિન્ન સત્તા છે તો ભિન્ન સત્તાનું કાર્ય ભિન્ન સત્તાથી છે. આહાહા! સમજાણું કાંઈ? શ્વાસ લે છે, શ્વાસ. એ શ્વાસની ક્રિયા જડની છે. એ આત્માથી ભિન્ન સત્તા રાખે છે. આત્મા ભિન્ન સત્તાનું કાર્ય કરે તો પોતાની સત્તા ખોઈ બેસે અને અંદર સત્તામાં પ્રવેશ થઈ જાય. સમજાણું કાંઈ? આવી વાત! ભારે, ભાઈ! વૈદ તપાસે ત્યારે કહે છે કે શ્વાસ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લ્યો. શ્વાસ છોડો, ધીમે લ્યો. તો શું શ્વાસની ક્રિયા આત્મા કરી શકે છે? આહાહા!

મુમુક્ષુ :– ડોક્ટર તો કહે છે.

ઉત્તર :– એ ડોક્ટર કહે એને વ્યવહાર છે તો નિમિત્તથી કહે ને. ઓલો કહે કે હું કરું. શું કરે? શ્વાસની ક્રિયા તો શ્વાસથી થાય છે. આત્મા અને પુદ્ગલ-શ્વાસ બે ભિન્ન ચીજ છે. બે ચીજ ભિન્ન છે તો સત્તા ભિન્ન છે. બે ભિન્ન સત્તા છે તો એક સત્તા પરમાં ભળી જાય તો પોતાનો અભાવ થઈ જાય તો પરની સત્તાની ક્રિયા કરે. આહાહા! સમજાણું કાંઈ? આવી વાત છે. બહુ ઝીણું.

તત્ત્વ ભિન્ન છે ને? અજીવતત્ત્વ ભિન્ન છે, જીવતત્ત્વ ભિન્ન છે. પછી વળી પુણ્ય-પાપ ભિન્ન છે, આત્મા ભિન્ન છે. ભિન્ન તત્ત્વને ભિન્ન તત્ત્વ શું કરે? નિશ્ચયથી તો પુણ્ય-પાપ તત્ત્વ પણ ભિન્ન છે. પરિણામ, હોં! એ અજ્ઞાનભાવે પુણ્ય-પાપનો કર્તા થાય પણ જ્ઞાનભાવે પુણ્ય-પાપનો કર્તા આત્મા એમ ત્રણકાળમાં નથી. આહાહા! એ તો જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા ... જાણવાની પર્યાય સ્વપરપ્રકાશક થઈ, એનો કર્તા આત્માને કહેવો એ પણ ઉપચાર છે. આહાહા! સમજાણું કાંઈ? આવી વાત છે.

મુમુક્ષુ :– બધા લોકો ભોળા છે.

ઉત્તર :– હા, એમ કહે છે. સામાવાળા એમ કહે છે. બીજા સામાવાળા એમ કહે છે કે જે માથે કહે, જી હા. 'રામજીભાઈ'ને એ ભોળા લોકો છે. અરે..! ભાઈ! બાપુ! તું એકવાર સાંભળ તો ખરો. આહાહા! આ વસ્તુની સ્થિતિ શું છે? એક ચીજ બીજી ચીજને કરે તો પોતાની સત્તા ખોઈ બેસે. આહાહા! ભિન્ન સત્તાવાળી ચીજને ભિન્ન સત્તાવાળી ચીજ કાંઈ કરે (તો પોતાની સત્તા ખોઈ બેસે). એ કહે છે, જુઓ!

**'પહેલાં ભિન્ન સત્તાપણું છોડી એક સત્તારૂપ થાય...'** છે? આહાહા! **'જીવ-પુદ્ગલ સદાય ભિન્નરૂપ છે,...' 'તે જો પહેલા ભિન્ન સત્તાપણું છોડી એક સત્તારૂપ થાય તો પછી કર્તા-કર્મ-ક્રિયાપણું ઘટે.'** પણ એ તો પોતાની સત્તા છોડીને કદી પરસત્તામાં જતા નથી. આહાહા! સમજાણું કાંઈ? અભિમાન છે અભિમાન. મેં કર્યું... મેં કર્યું... ઉપદેશ પણ મેં કર્યો અને એનાથી લોકો સમજ્યા એ મારાથી સમજ્યા છે. એય..! 'નંદકિશોર'! અને લોકો ખૂબ રાજી થાય તો આપણને પણ ઠીક થાય. બધું ભ્રમ છે. સમજાણું કાંઈ? વાત બહુ કઠણ, બાપુ!

પોતાની ચીજ પરથી તો ભિન્ન છે પણ નવ તત્ત્વની અપેક્ષાથી પુણ્ય-પાપના તત્ત્વથી જ્ઞાયકતત્ત્વ તો ભિન્ન છે. જ્ઞાયકતત્ત્વ નિશ્ચયથી જો વિકારનો કર્તા હોય તો જ્ઞાયકસત્તા વિકારમાં ભળી જાય તો કર્તા થાય. પણ એ તો ભળતી નથી. સમજાણું કાંઈ? અજ્ઞાનપણે માને છે કે રાગાદિ પુણ્ય-પાપનો કર્તા હું છું. એમ તો છે. પણ એ તો સત્તા અને રાગ-દ્વેષની સત્તા ભિન્ન નથી એને એ માને છે. એ માને છે. આહાહા! પણ જેને પુણ્ય-પાપના ભાવની સત્તા અને ભગવાન જ્ઞાયકની સત્તા ભિન્ન છે એવી જેની દૃષ્ટિ છે એ તો પુણ્ય-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પાપની સત્તામાં પોતાની જ્ઞાન સત્તાને ભેળવતા નથી. જો ભળી જાય તો પોતાની સત્તા ખોઈ બેસે અને રાગરૂપ થઈ જાય. પણ એવી ચીજ તો નથી. આહાહા! ભારે વાતું, ભાઈ! આવી વાત છે.

**'પછી કર્તા-કર્મ-ક્રિયાપણું...'** શું પછી? પહેલા ભિન્ન સત્તારૂપ છોડીને. પહેલા સત્તાને છોડે, બે મળીને એક સત્તારૂપ થાય તો **'પછી કર્તા-કર્મ-ક્રિયાપણું ઘટે. તે તો એકરૂપ થતાં નથી...'** આહાહા! સ્ત્રી દાળ-ભાતની કર્તા નથી એમ કહે છે. અને દાળ-ભાત પાણીથી પાકે છે એમ પણ નથી. ગરમ પાણીથી ચોખા પાકે છે એમ પણ નથી. કેમકે ચોખા પાકવાની ચીજ પોતાથી છે, પોતાની સત્તામાં છે અને પાણીની સત્તા ભિન્ન છે. જો પાણીની સત્તાથી ચોખા પાકે તો બે સત્તા એક થઈ જાય.

મુમુક્ષુ :– પાણીથી ચડતા રોજ જોઈએ છીએ.

ઉત્તર :– કોણ દેખે છે કોઈ? સંયોગને દેખે છે, વસ્તુને ક્યાં જુએ છે. ચોખા પોતાથી પાકે છે, પરથી બિલકુલ પાકતા નથી. એય..! 'પોપટભાઈ'! એ અગ્નિથી પણ પાકતા નથી. એ પાણી ગરમ થાય છે એ પોતાની સત્તાથી પાણી પોતાની પર્યાયમાં ઉષ્ણ થાય છે. અગ્નિની સત્તા ભિન્ન છે અને એની સત્તા ભિન્ન છે. અગ્નિની સત્તા છોડીને અગ્નિ ગરમ પાણીમાં ઘૂસી જાય તો તો અગ્નિ ઉષ્ણતાની કર્તા કહેવામાં આવે. પણ એ તો પોતાની સત્તા છોડતી નથી. સમજાણું કાંઈ? વીતરાગનું ભેદજ્ઞાન સૂક્ષ્મ બહુ, ભાઈ! આહાહા! ત્યાં કોઈની સિફારીશ ચાલતી નથી. સિફારીશને હિન્દીમાં શું કહે છે? ત્યાં કોઈની સિફારીશ ચાલતી નથી. ઓહો..!

બે વાત તો કરી. એક તો આત્મા પોતાની શુદ્ધચેતનારૂપ પરિણમે છે તો એ પરિણામનો કર્તા એ જીવ છે. એ પરિણામનો કર્તા કર્મ છે, કર્મે માર્ગ આપ્યો તો પરિણામ આમ થયા એમ નથી. બીજી વાત : અશુદ્ધચેતના વિકાર કરે એ પણ કર્મ છે તો વિકાર થયો એમ નથી. હમણા આવ્યું છે. એ પહેલા પણ એ કહેતા. 'વિકાસચંદજી' છે ને એક 'વિકાસચંદજી'? અમારા 'ચેતનજી' ક્યાં ગયા? 'ચેતનજી'ના મિત્ર હતા. 'વિકાસચંદજી' છે. પહેલા શ્વેતાંબર સાધુ હતા. શ્વેતાંબર નહિ, સ્થાનકવાસી. નહિ? પહેલા સ્થાનકવાસી પછી શ્વેતાંબરના સાધુ અને પછી દિગંબર બ્રહ્મચારી. અમારા ઉપર બહુ પત્ર આવે. શિખામણ દેવા માટે ઘણા પત્રો આવે. તમે ભૂલમાં પડ્યા છો. તમે સરાગ સમકિત માનતા નથી. રાગવાળું સમકિત છે. સમકિત વીતરાગી છે. અને પરદ્રવ્યનો કર્તા બિલકુલ નથી, એમ નથી. આહાહા! એવું આવે છે.

એણે એક પ્રશ્ન 'ઇડર'માં કર્યો હતો કે સિદ્ધને કર્મ નથી તો વિકાર નથી થતો. અહીંયા કર્મ છે ત્યાં વિકાર થાય છે. બસ, એ જ પ્રશ્ન હમણા આવ્યો છે. 'જ્ઞાનમતિ' તરફથી. જ્ઞાનમતિ છે ને? 'હસ્તિનાપુર' અને અહીંયાં 'દિલ્હી'માં (જંબુદ્વીપ) બનાવે છે. કર્મ વિના વિકાર થાય તો સિદ્ધને પણ થાય. અરે..! ભગવાન! શું કહે છે તું? શું ગડબડ ચલાવી છે. લોકોને–સાંભળનારને કાંઈ ખબર ન પડે. એમાં કાંઈક ત્યાગ દેખે, ક્યાંક ભાષા-બાષામાં

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચમકાર લાગે તો ઓહો.હો..! એમાં શું થયું? ભાઈ! ભાષામાં શું છે? આહાહા! એમાં એ પણ આવ્યું છે, અહીંનો વિરોધ છે. એ તો એકાંત છે એમ કહે છે. અમે તો 'દિલ્હી'માં મળ્યા હતા. અમે 'દિલ્હી' ગયા હતા ને? ત્યાં એક મંદિર હતું. દર્શન કરવા જતા હતા. કહ્યું હતું, અમે એ મંદિરમાં દર્શન કરવા આવવાના છીએ. દિગંબર મંદિર. અમે અને બે સાધુ બેઠા હતા. કોઈ માણસ નહોતા. ત્રણ જણ વાત કરતા હતા. એ વાત કરતા હતા કે તિલોયપણ્ણતિમાં આમ છે, ફલાણું છે, ફલાણું છે. હું થોડીવાર એની પાસે બેઠો. મેં કીધું માતા! સમકિતદર્શન ભિન્ન ચીજ છે. કોઈ વિરોધ તો છે નહિ. માતા! એ સમ્યગ્દર્શન કોઈ બીજી ચીજ છે. કોઈએ બહારથી તિલોય પણ્ણતિ વાંચ્યું, એવા વિષય જાણ્યા. ... આહાહા!

અહીંયાં તો વ્યવહારરત્નત્રયથી પણ નિશ્ચય સમ્યગ્દર્શન નથી થતું. કારણ કે વ્યવહારરત્નત્રય એ વિકાર સત્તા છે અને સમ્યગ્દર્શનની નિર્વિકારી સત્તા છે. નિર્વિકારી સત્તા વિકારની સત્તાથી કદી થતી નથી. આહાહા! પણ માણસને ક્યાં દરકાર છે? એક તો સંસારમાં ૨૦ કલાક રચ્યાપચ્યા હોય, ૬-૮ કલાક ઉંઘના, ૨-૪ કલાક ભોગના, ૨-૪ કલાક ખાવું-પીવું અને એકાદ-બે કલાક સ્ત્રી અને છોકરાઓને રાજી રાખવામાં જાય, એટલો વખત તો પાપમાં વખત જાય. એમાંથી એકાદ કલાક સાંભળવા મળે એનો નિર્ણય કરવાનો સમય નથી. જે માથે કહે એ, જય નારાયણ જય. આહા..! અરે..! ભાઈ! આ તો પ્રભુનો માર્ગ છે. સમજાય છે કાંઈ? આહાહા! બહુ સરસ વાત લીધી.

આનંદનું ચેતન પરિણમન હો કે વિકારનું, બે દ્રવ્ય મળીને એ પરિણામ થયા નથી. આહાહા! અને પુદ્ગલમાં જ્ઞાનાવરણીની પર્યાય હો કે અંતરાયની પર્યાય હો તો આત્મા અને એ બે મળીને એ અંતરાયની પર્યાય થઈ નથી. આહાહા! (સંવત) ૨૦૦૬ની સાલમાં 'રાજકોટ'માં એ પ્રશ્ન થયો હતો. આત્મા રાગ ન કરે તો ચારિત્રમોહ કેમ બંધાય? સમજાણું કાંઈ? ૨૦૦૬ની સાલ 'રાજકોટ'ની વાત છે. 'ચીમનલાલ' પણ આવ્યા હતા. 'ચીમનલાલ' પણ આવ્યા હતા. ગુજરી ગયા. 'મૂળશંકર'ના ભાઈ હતા. રાગ ન કરે તો કર્મ કેમ બંધાય? રાગ કરે તો કર્મબંધ થાય. એમ નથી, ભગવાન! તને ખબર નથી. એ તો નિમિત્તનું કથન છે. કર્મની પર્યાય કર્મથી થાય છે, એ કાંઈ રાગથી થાય છે? બે સત્તા ભિન્ન છે તો બે સત્તા મળીને એક સત્તા થાય તો એક સત્તાનો નાશ થઈ જાય. આહાહા! વાત તો એવી છે, ભગવાન! અરે..! શું કરીએ?

ભગવાનના વિરહ પડ્યા. ત્યાં ભગવાન હતા. પરમાત્મા તો મહાવિદેહમાં બિરાજે છે. એમની તો વાણી આ છે. એમાં કોઈનો પક્ષ ચાલે નહિ. કે ભાઈ અમને માનનારા લાખો માને છે માટે સત્ય છે એમ નથી. સત્યને માનનારની સંખ્યાથી સત્યની કિંમત નથી. સત્યને માનનાર ભલે એક હો પણ સત્ય તો સત્ય છે. આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'તે તો એકરૂપ થતાં નથી તેથી જીવ-પુદ્ગલનું પરસ્પર કર્તા-કર્મ-ક્રિયાપણું ઘટતું નથી.'** આહાહા! ઘડાની પર્યાય માટીથી થઈ એ કુંભારથી કદી થતી નથી. આહાહા! કુંભાર પોતાની સત્તા ખોઈ બેસે અને માટીમાં ચાલ્યો જાય તો ઘડાની પર્યાયનો કર્તા કુંભાર કહેવાય. 'પોપટભાઈ'! તમારે તો બધું ઘણું મોટુ મોટું કામ છે. છ છોકરા અને કરોડોપતિ માણસ. કામ કેટલા ઉપાધિના. ઉપાધિના. આહાહા! અહીંયાં તો એક પરમાણુ બીજા પરમાણુમાં ... એ ચર્ચા પણ થઈ હતી. એક પરમાણુની બે ગુણ ચીકાશ છે, બીજા પરમાણુમાં ચાર ગુણ ચીકાશ છે. 'તત્ત્વાર્થ સૂત્ર'માં આવે છે. ચાર ગુણ ચીકાશપર્યાય છે એ બે ગુણને ચાર ગુણ કરી નાખે. પરિણમાવી દે.

મુમુક્ષુ :– એ તો .. માં લખ્યું છે.

ઉત્તર :– લખ્યું છે પણ એ તો નિમિત્તનું કથન છે માટે કહે છે. ... જ્યારે ચારગુણ ચીકાશના પરમાણુ આવ્યા તો પોતામાં ચારગુણ ચીકાશ થવાનો સ્વકાળ છે. એ ચાર ગુણ પર્યાય આવી એથી પરિણમન થયું એમ છે નહિ. બહુ ચર્ચા ચાલે છે. અહીં તો ૪૨-૪૩ વર્ષ થયા. બહુ ચર્ચા થઈ હતી. પરમાણુની પણ ચર્ચા આવી હતી. સ્કંધમાં મળે છે, જુઓ! એક છૂટો પરમાણુ છે તો એનો વિભાવ પરિણામ... આમાં આવે તો વિભાવરૂપ પરિણામ થાય છે. સ્થુળ. એક પરમાણુ ભિન્ન સૂક્ષ્મ છે અને અહીં આવ્યો તો સ્થુળ થઈ ગયો. અહીં પરમાણુ સ્થુળ છે. તો એ સ્થુળ થયો એ સ્કંધમાં મળ્યો ત્યારે સ્થુળ થયો ને? બિલકુલ ખોટી વાત છે. આ પ્રશ્ન આવ્યો હતો.

એક સૂક્ષ્મ પરમાણુ ભિન્ન છે. અહીંયાં સૂક્ષ્મ રહ્યો નહિ. અહીંયાં તો વિભાવરૂપ સ્કંધ થઈ ગયો. સ્થુળ થઈ ગયો. એક એક પરમાણુ સ્થુળ, હોં! એમાં એક એક પરમાણુ સ્થુળ છે. છૂટા પડે તો સૂક્ષ્મ છે. એનો અર્થ કે અહીંયા આવ્યો તો સ્થૂળ થયો, એમ છે નહિ. પોતાની સ્થુળ પર્યાયરૂપે પરિણમવાનો કાળ હતો તો ત્યાં સ્થુળરૂપે થયો. બે અધિક ગુણ..બહુ ચર્ચા થઈ. 'તત્ત્વાર્થસૂત્ર'માં આવ્યું છે. બે અધિક ગુણ છે એ અહીં પરિણમાવી દે છે. બિલકુલ ખોટી વાત છે. એ તો બીજી ચીજ શું છે એ બતાવે છે.

મુમુક્ષુ :– પોતાના ગુણથી સ્થુળ થયો?

ઉત્તર :– સ્થુળ પોતાથી થયો છે. છુટો પડે તો પોતાથી સૂક્ષ્મ થઈ જશે.

એક એક પરમાણુ એમાં છે એ સ્થુળ છે, બધા મળીને સ્થુળ છે. એક પરમાણુ સૂક્ષ્મ છે તો બધા પરમાણુ સૂક્ષ્મ થાય એમ સ્થુળ થતા નથી. સમજાણું કાંઈ? આ તો સ્થુળ છે. આંખનો વિષય છે. પરમાણુ તો અતીન્દ્રિય વિષય છે. એ પરમાણુ અતીન્દ્રિય વિષય છે તે જ્યારે અહીં આવે છે તો પોતાની પર્યાયમાં પોતાથી સ્થુળ થઈ જાય છે. તો બધા પરમાણુ સ્થુળ છે છતાં એક એક પરમાણુનો બીજા પરમાણુમાં અભાવ છે. 'બાબુભાઈ'! ... પ્રશ્ન બહુ આવ્યા. .. છે 'શાંતિલાલ દેસાઈ' છે. 'ચુનીભાઈ' ના ભાઈ. 'સંબલપુર' છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ત્યાંથી આવ્યા. પ્રશ્ન ઘણા થાય. એ તો લાવે. ફલાણા આમ કહે છે અને ફલાણા આમ કહે છે.

અહીં તો ભાઈ ભગવાન આમ કહે છે કે એક સત્તા બીજી સત્તામાં ભળી જાય તો બે સત્તા થઈને કાર્ય થાય પણ ભિન્ન સત્તા અને ભિન્ન સત્તાનું કાર્ય કદી એક થતું નથી. અનંત પરમાણુ અનંતરૂપે રહીને પોતાનું કાર્ય કરે છે. અનંત આત્મા અનંતપણે રહીને એક નિગોદના શરીરમાં... આહાહા! લસણનો રાય જેટલો ટુકડો લ્યો. એના એક ટુકડામાં અસંખ્ય શરીર છે. અને એક એક શરીરમાં અનંત જીવ છે. એક એક જીવમાં તેજસ અને કાર્મણ બે શરીર છે. ઔદારિક એક છે. પણ એક એક ભિન્ન .. કાર્મણ શરીર છે. એક એક કાર્મણ શરીરમાં અનંત સ્કંધનો પિંડ છે. એક એક સ્કંધમાં અનંત પરમાણુ છે. એક એક પરમાણુ પોતાથી છે અને બીજા પરમાણુથી નથી. આહાહા! સમજાણું કાંઈ? તો હવે આ મારા દીકરા, આ મારી બાયડી ક્યાં રહ્યું? ભાઈ! તારે શું છે? આ મારી અર્ધાંગના છે, આ મારો પુત્ર છે, અમારો વારસો રાખશે. તારો વારસો શું? ધૂળનો?

અહીં કહે છે **'કર્તા-કર્મ-ક્રિયાપણું ઘટતું નથી.'** એક દ્રવ્યમાં પરદ્રવ્યનું કર્તાપણું, પરદ્રવ્યનું કાર્યપણું, પરદ્રવ્યની ક્રિયાપણું ઘટતું નથી. કર્તા-કર્મ-ક્રિયા પોતપોતાથી ઘટે છે, પરથી નહિ. એ ૫૩ શ્લોક થયો. હવે ૫૪ પછી આવશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

( આર્યા )

**नैकस्य हि कर्तारौ द्वौ स्तो द्वे कर्मणी न चैकस्य।**
**नैकस्य च क्रिये द्वे एकमनेकं यतो न स्यात्।।९-५४।।**

**ખંડાન્વય સહિત અર્થ :– અહીં કોઈ મતાન્તર નિરૂપશે કે દ્રવ્યની અનન્ત શક્તિઓ છે, તો એક શક્તિ એવી પણ હશે કે એક દ્રવ્ય બે દ્રવ્યોના પરિણામને કરે; જેવી રીતે જીવદ્રવ્ય પોતાના અશુદ્ધ ચેતનારૂપ રાગ-દ્વેષ મોહ પરિણામને વ્યાપ્ય-વ્યાપકપણે કરે તેવી જ રીતે જ્ઞાનાવરણાદિ કર્મપિંડને વ્યાપ્ય-વ્યાપકપણે કરે. ઉત્તર આમ છે કે દ્રવ્યને અનન્ત શક્તિઓ તો છે પરંતુ એવી શક્તિ તો કોઈ નથી કે જેનાથી, જેવી રીતે પોતાના ગુણ સાથે વ્યાપ્ય-વ્યાપકપણે છે તેવી જ રીતેપરદ્રવ્યના ગુણ સાથે પણ વ્યાપ્ય-વ્યાપકપણે થાય. 'हि एकस्य द्वौ कर्तारौ न' ( हि ) નિશ્ચયથી ( एकस्य ) એક પરિણામના ( द्वौ कर्तारौ न ) બે દ્રવ્ય કર્તા નથી; [ ભાવાર્થ આમ છે કે અશુદ્ધ ચેતનારૂપ રાગ-દ્વેષ-મોહપરિણામનું જેવી રીતે વ્યાપ્ય-વ્યાપકપણે જીવદ્રવ્ય કર્તા છે તેવી જ રીતે પુદ્‌ગલદ્રવ્ય પણ અશુદ્ધ ચેતનારૂપ રાગ-દ્વેષ-મોહપરિણામનું કર્તા છે એમ તો નથી; જીવદ્રવ્ય પોતાના રાગ-દ્વેષ-મોહપરિણામનું**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કર્તા છે, પુદ્‌ગલદ્રવ્ય કર્તા નથી;] 'एकस्य द्वे कर्मणी न स्तः' ( एकस्य ) એક દ્રવ્યના ( द्वे कर्मणी न स्तः ) બે પરિણામ હોતા નથી; [ભાવાર્થ આમ છે કે જેવી રીતે જીવદ્રવ્ય રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ ચેતનાપરિણામનું વ્યાપ્ય-વ્યાપકપણે કર્તા છે તેવી રીતે જ્ઞાનાવરણાદિ અચેતન કર્મનો કર્તા જીવ છે એમ તો નથી; પોતાના પરિણામનો કર્તા છે, અચેતનપરિણામરૂપ કર્મનો કર્તા નથી;] 'च एकस्य द्वे क्रिये न' ( च ) વળી ( एकस्य ) એક દ્રવ્યની ( द्वे क्रिये न ) બે ક્રિયા હોતી નથી; [ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય જેવી રીતે ચેતનપરિણતિરૂપ પરિણમે છે તેવી જ રીતે અચેતનપરિણતિરૂપ પરિણમતું હોય એમ તો નથી;] 'यतः एकम् अनेकं न स्यात्' ( यतः ) કારણ કે ( एकम् ) એક દ્રવ્ય ( अनेकं न स्यात् ) બે દ્રવ્યરૂપ કેમ થાય? ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય એક ચેતનદ્રવ્યરૂપ છે તે જો પહેલાં અનેક દ્રવ્યરૂપ થાય તો જ્ઞાનાવરણાદિ કર્મનું કર્તા પણ થાય, પોતાના રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ ચેતનપરિણામનું પણ કર્તા થાય; પણ એમ તો છે નહિ. અનાદિનિધન જીવદ્રવ્ય એકરૂપ જ છે, તેથી પોતાના અશુદ્ધ ચેતન પરિણામનું કર્તા છે, અચેતનકર્મનું કર્તા નથી. આવું વસ્તુસ્વરૂપ છે. ૯-૫૪.

---

**શ્રાવણ સુદ ૩, બુધવાર તા.૧૭.૦૮.૧૯૭૭**
**કળશ - ૫૪-૫૫, પ્રવચન - ૬૯**

'કર્તા-કર્મ અધિકાર'. ૫૪ છે ને? ૫૪મો કળશ છે. કર્તા-કર્મ અધિકાર ચાલે છે.

**नैकस्य हि कर्तारौ द्वौ स्तो द्वे कर्मणी न चैकस्य।**
**नैकस्य च क्रिये द्वे एकमनेकं यतो न स्यात्।।९-५४।।**

શું કહે છે? અર્થ :- **'અહીં કોઈ મતાન્તર નિરૂપશે કે...'** મતાન્તર-વાસ્તવિક છે એનાથી વિરુદ્ધ કોઈ કહેશે. શું? **'કે દ્રવ્યની અનંત શક્તિઓ છે,...'** આત્મામાં અનંત શક્તિ છે, પરમાણુમાં પણ અનંત શક્તિ છે. સમજાણું કાંઈ? આત્મામાં જેટલી શક્તિ છે એટલી એક પરમાણુમાં શક્તિ છે. આકાશના અનંત પ્રદેશ છે એનાથી અનંતગુણી સંખ્યાએ એક એક આત્મામાં શક્તિ છે. એટલી અનંત શક્તિ પરમાણુમાં પણ છે. આકાશના પ્રદેશ અનંત છે, જેનો અંત નથી, એના પ્રદેશની સંખ્યા કરતા એક પરમાણુમાં અનંતગુણી શક્તિ છે. આહાહા! જેટલી એક આત્મામાં છે એટલી (પરમાણુમાં છે). અહીં ચૈતન્ય આનંદ આદિ છે. ત્યાં જડ આદિ છે પણ શક્તિ સંખ્યાએ અનંત છે. અને તે સરખી અનંત છે.

તો શિષ્ય મતાન્તરથી પ્રશ્ન કરે છે કે **'તો એક શક્તિ એવી પણ હશે...'** અનંત શક્તિ છે **'તો એક શક્તિ એવી પણ હશે કે એક દ્રવ્ય બે દ્રવ્યોના પરિણામને કરે;...'** આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનંત શક્તિવંત છે તો પોતાના પરિણામને પણ કરે અને કર્મની પર્યાય, શરીરની પર્યાય, વાણીની પર્યાય, બે દ્રવ્યોના પરિણામને કરે એવી શક્તિ હશે. એમાં શું છે? 'દેવીલાલજી'! છે ને? **'એક દ્રવ્ય બે દ્રવ્યોના પરિણામને કરે;...'** એક દ્રવ્ય બે દ્રવ્યના પરિણામને કરે. પોતાના રાગને કરે અને ભાષાની પર્યાયને પણ કરે. આત્મામાં ઘણી શક્તિ છે. તો અનંત શક્તિમાં એવી કોઈ શક્તિ હશે કે જે પોતાના પરિણામને પણ કરે અને શરીરને ચલાવવાની ક્રિયા પણ કરે. સમજાણું કાંઈ? એવા મતાન્તરથી શિષ્યનો પ્રશ્ન છે.

એમ નથી, ભગવાન! સાંભળ! દુનિયામાં એમ કહે છે. અમારા ગુજરાતમાં કહે છે. જેમ એક ગોવાળ હોય ને ગોવાળ? તો એક ગાયનો ગોવાળ તો બે ગાયનો ગોવાળ, એમાં શું થયું? સમજાણું કાંઈ? તમારી ભાષા હશે કાંઈક. ગોવાળ એક ગાયને ચલાવે તો બે ગાયને પણ ચલાવે. એમાં શું હરકત છે? અમારે ગુજરાતમાં તો એમ કહે છે, તમારે કાંઈક તો હશે. એ વાત અહીં ચાલે છે. એક ગોવાળ હોય ને? ગાયને ચરાવનાર. એક ગાયને ચરાવે તો બે ગાયને ચરાવે એમાં શું હરકત છે?

એમ આત્મા અને પરમાણુમાં સંખ્યાએ અનંત શક્તિ છે. સંખ્યાએ, હોં! અને એક એક શક્તિમાં અનંત શક્તિ છે તો એક શક્તિ એવી પણ હશે કે પોતાના પરિણામ જીવ કરે અને પરના પરિણામ કરે એમાં શું વાંધો છે? જેમ આત્મામાં વીર્ય નામની શક્તિ છે. તો રાગ તો કરે નહિ એ તો વળી સૂક્ષ્મ વાત છે. વીર્યશક્તિ તો નિર્મળ પરિણામને જ કરે. બપોરે ચાલે છે. પણ વીર્ય પરિણામ પોતાની નિર્મળ પર્યાયને પણ કરે અને શરીરને પણ બળ કરીને બીજા જીવને જીવાડે, પાણીમાં પડ્યો હોય તો હાથ આપીને બહાર કાઢે. તો એ શરીરની ક્રિયા પણ આત્મા કરે. એવી એક શક્તિ (હશે). આત્મા તો અનંત શક્તિવંત છે.

મુમુક્ષુ :– એક આવી પણ હોય.

ઉત્તર :– એક પણ શક્તિ ... 'ડાલચંદજી'! આહાહા! ભગવાન એમ છે નહિ. સમજાણું કાંઈ? આ હાથની મુઠ્ઠી વાળે અને કોઈને મારે. તો એ રાગને પણ કરે અને શરીરની આવી ક્રિયા કરે એમ છે નહિ. આહાહા! એક દ્રવ્ય બે પરિણામને કરે એવી શક્તિ હોય તો શું હરકત છે? શિષ્ય એમ કહે છે. એમ છે નહિ, ભગવાન! સાંભળ. આહાહા! છે?

**'એક દ્રવ્ય બે દ્રવ્યોના પરિણામને કરે; જેવી રીતે જીવદ્રવ્ય પોતાના અશુદ્ધ ચેતનારૂપ રાગ-દ્વેષ-મોહપરિણામને વ્યાપ્ય-વ્યાપકપણે કરે.'** અત્યારે તો એ સિદ્ધ કરવું છે ને? દ્રવ્યની દૃષ્ટિ સિદ્ધ કરવી હોય, દ્રવ્ય સ્વભાવ સિદ્ધ કરવો હોય અને સમ્યગ્દર્શનનો વિષય જે શુદ્ધ ચૈતન્યઘન છે એને સિદ્ધ કરવો હોય તો રાગ-દ્વેષના પરિણામનો કર્તા આત્મા નથી. સમજાણું કાંઈ? પોતાનો ચૈતન્યઘન ભગવાન શુદ્ધ આનંદકંદ પ્રભુ એવી દ્રવ્યની સિદ્ધિ શ્રદ્ધામાં કરવી હોય અને ઉપદેશમાં કરવી હોય ત્યારે તો દ્રવ્યસ્વભાવ પોતાના નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચારિત્રના પરિણામનો કર્તા છે. એ પરિણામનો પણ કર્તા અને રાગનો પણ કર્તા એમ બે નથી. સમજાણું કાંઈ?

અહીંયાં તો પ્રત્યેક દ્રવ્યની વર્તમાન પરિણતિરૂપ પર્યાય થાય છે, તો આત્મામાં વર્તમાનમાં અજ્ઞાનભાવે... આહાહા! સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આનંદઘન છે એવી દૃષ્ટિનો જેને અભાવ છે એ જીવ પોતાની પર્યાયમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ કરે. પણ એ મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ કરે અને સાથે કર્મબંધનની પર્યાય પણ કરે, એમ થતું નથી. આહાહા! સમજાણું કાંઈ? પરની દયા પાળવાનો રાગ આવે, તો રાગને પણ કરે અને પરની દયા પણ પાળી શકે, એમ છે નહિ. આહાહા! કહો, 'પોપટભાઈ'! રાગ પણ કરે અને પૈસા દે એ પણ ક્રિયા કરે. નહિ? 'લાલચંદજી'! આ શેઠિયાઓ છે. બે ક્રિયા ન કરી શકે?

મુમુક્ષુ :– કરી શકે ને.

ઉત્તર :– કરી શકે ને. આ શેઠિયાએ કરી હશે. એ પણ ના પાડે છે. વિકલ્પ હો, પણ વિકલ્પ આવ્યો તો દાનના પૈસા આપ્યા એ પર્યાય જીવે કરી એમ છે નહિ. આહાહા! 'પોપટભાઈ'!

**'તેવી જ રીતે જ્ઞાનાવરણાદિ કર્મપિંડને વ્યાપ્ય-વ્યાપકપણે કરે.'** એમ નથી. જેમ આત્મા વ્યાપક એટલે વિસ્તાર પામીને પ્રસરે તો રાગરૂપી વ્યાપ્યનો કર્તા થાય, પણ એવા પરિણામ રાગનો કર્તા થાય અને કર્મની પર્યાયનો પણ કર્તા થાય, એમ છે નહિ. આહાહા! આવી ચીજ છે.

મુમુક્ષુ :– રાગ થાય ત્યારે કર્મ બંધાય.

ઉત્તર :– એ જ કહે છે. તે માટે તો દૃષ્ટાંત કહ્યું. રાગ થાય ત્યારે જ કર્મ બંધાય છે. કર્મની પર્યાય થવાનો સ્વકાળ કર્મમાં છે. રાગથી એ પર્યાય બંધાય એમ છે નહિ. અરે..! અનંતકાળથી પોતાની ચીજ પોતાના પરિણામનો કર્તા છે, પરનો નહિ એવું ભેદજ્ઞાન કદી કર્યું નથી. જ્યાં-ત્યાં અભિમાન (કર્યા). સમજાણું?

ઉપદેશનો જે વિકલ્પ આવે છે, તો અહીં તો કહે છે કે અજ્ઞાની વિકલ્પનો કર્તા હો, પણ ભાષાની પર્યાયનો કર્તા થાય એમ ત્રણકાળમાં નથી. આહાહા! અજ્ઞાની. જ્ઞાનીને વિકલ્પ આવે છે એ વિકલ્પના જ્ઞાનના પરિણામનો કર્તા છે. સમજાણું કાંઈ? આહાહા! વિકલ્પ આવ્યો તે જ સમયે ધર્મીને જ્ઞાયકસ્વરૂપ દૃષ્ટિમાં આવ્યું છે, એની પર્યાયમાં સ્વ અને રાગ સંબંધી જ્ઞાનની પર્યાય પ્રગટે છે, સ્વપરપ્રકાશક પર્યાય પ્રગટે છે પણ જ્ઞાની એ રાગનો કર્તા નથી. આહાહા!

મુમુક્ષુ :– જ્ઞાતા છે.

ઉત્તર :– જ્ઞાતા છે. જ્ઞાતાના પરિણામનો કર્તા છે. આહાહા! અરે..! આટલો ભેદ. સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જેની દૃષ્ટિ પર્યાયમાં, રાગમાં, પુણ્ય-પાપના ભાવમાં છે એ પરિણામનો કર્તા અજ્ઞાની છે. પણ એ પરિણામનો કર્તા થયો અને એ જ સમયે એટલા પ્રમાણમાં કર્મબંધન થયું. તો એ કર્મબંધનની પર્યાયનો કર્તા પણ આત્મા અને વિકારનો કર્તા પણ આત્મા, એમ બે પરિણામનો એક કર્તા નથી. બે ભિન્ન-ભિન્ન પરિણામના બે ભિન્ન-ભિન્ન કર્તા છે.

મુમુક્ષુ :– વૈભાવિક શક્તિ વધારે છે.

ઉત્તર :– વૈભાવિક શક્તિ વધારે નથી. વૈભાવિક શક્તિ તો પોતામાં નિમિત્તાધિન થઈને વિકાર થાય છે એ વૈભાવિક શક્તિ. વૈભાવિક શક્તિ વિકાર કરે એમ નહિ.

છ દ્રવ્ય છે. છ દ્રવ્ય છે ને? ભગવાને જોયા. જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ. એ જીવ અને પુદ્‌ગલ બેમાં એવી એક શક્તિ છે એ કારણે વિભાવ કહ્યો. પણ વિભાવનો અર્થ વિકાર કરે માટે વૈભાવિક શક્તિ છે, એમ નથી.

ફરીથી. આત્મામાં એક વૈભાવિક શક્તિ છે. 'દેવીલાલજી'એ પ્રશ્ન કર્યો. તો વૈભાવિક શક્તિ છે માટે વિકાર કરવાનો સ્વભાવ છે, એમ છે નહિ. વૈભાવિક શક્તિનો અર્થ અસંખ્ય કાળાણુ, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશમાં એ શક્તિ નથી. એ કારણે જીવ અને પુદ્‌ગલમાં વિશેષરૂપ વિભાવ શક્તિ હોવાથી વિભાવ શક્તિ કહેવામાં આવી છે. પણ વિકાર કરે એ વિભાવ શક્તિ એમ નથી. આહાહા! સમજાણું કાંઈ? અરે..! પ્રભુનો માર્ગ તો (આવો છે) ભાઈ!

'શ્રીમદે' ખુલાસો કર્યો છે. અને આપણે આમાં તો આવે જ છે કે વૈભાવિક શક્તિ કેમ કહી? કે બીજા ચાર દ્રવ્યમાં નથી અને જીવ, પુદ્‌ગલમાં છે એ કારણે વિશેષ શક્તિ એ વિભાવ. વિભાવ (એટલે) વિકાર કરે એમ નથી. ચાર દ્રવ્યમાં નથી અને જીવ, પુદ્‌ગલમાં છે એ વિશેષ શક્તિનું નામ વૈભાવિક શક્તિ કહી. પણ વૈભાવિક શક્તિ વિકાર એમ છે નહિ. વૈભાવિક શક્તિ તો સિદ્ધમાં પણ છે. શું કહ્યું એ? સિદ્ધમાં છે. શુદ્ધ પરિણમન છે, નિર્મળ પરિણમન છે. અહીંયા વૈભાવિક શક્તિ છે તો જેની પર્યાયબુદ્ધિ છે અને નિમિત્તાધિન બુદ્ધિ છે એ વૈભાવિક શક્તિ નિમિત્તાધિન થઈને વિકાર કરે છે. અને વૈભાવિક શક્તિ છે... સમ્યગ્દૃષ્ટિ જીવ કે જેણે રાગથી ભિન્ન પોતાની ચીજને અનુભવી, પ્રતીતિ કરી, વૈભાવિક શક્તિ વિશેષ છે તો એનું થોડું શુદ્ધ પરિણમન પણ છે અને થોડું અશુદ્ધ પણ છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– જરા અસ્થિરતામાં અશુદ્ધ છે. પણ એ અશુદ્ધતામાં અસ્થિર છે. એક શક્તિના એક પર્યાયમાં બે ભાગ. આહાહા! આવી વાત ઝીણી બહુ, ભાઈ!

પોતામાં વૈભાવિક શક્તિ અનાદિઅનંત છે. આત્મામાં, હોં! અનાદિઅનંત છે. સિદ્ધમાં પણ વૈભાવિક શક્તિ છે. પણ વૈભાવિક શક્તિનો એવો અર્થ નથી કે વિકાર કરે એ વૈભાવિક શક્તિ. ચાર દ્રવ્યમાં નથી માટે એને વૈભાવિક શક્તિ કહી છે. એ વૈભાવિક શક્તિ સિદ્ધમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પૂર્ણ નિર્મળ થઈ, અજ્ઞાનમાં વૈભાવિક શક્તિ પૂર્ણ વિપરીતરૂપે વિકાર કરે છે. અને સમ્યગ્દર્શનમાં પોતાની ચીજ શુદ્ધ ચૈતન્ય છે એવું ભાન ધર્મીને થયું એની વૈભાવિક શક્તિમાં જેટલું શ્રદ્ધજ્ઞાન થયું એટલી નિર્મળ છે. અને જેટલી અસ્થિરતા છે એટલી મલિન છે. પણ એ મલિનતાનો કર્તા જ્ઞાની નથી. આહાહા!

કહે છે કે, નિર્મળ પર્યાય જે થઈ એનો પણ કર્તા અને મલિનનો પણ કર્તા છે એમ નથી. અને મલિન પરિણામનો કર્તા અને એ સમયે એટલા પ્રમાણમાં કર્મનું બંધન થાય એ પર્યાયનો પણ કર્તા છે, એમ નથી. આહાહા! આવી સૂક્ષ્મ વાત છે, ભાઈ! ભિન્ન તત્ત્વ છે તો ભિન્ન તત્ત્વની પર્યાય ભિન્નમાં ભિન્નથી થાય છે. સમજાણું કાંઈ? એ તો કહ્યું હતું ને?

'પંચાસ્તિકાય'ની ૬૨ ગાથા. એ વખતે ત્યાં કહ્યું હતું. (સંવત) ૨૦૧૩ની સાલમાં 'વર્ણીજી' પાસે 'સમ્મેદશિખર'માં બધા બેઠા હતા. 'ફુલચંદજી' હતા, 'કૈલાસાચંદજી' હતા. 'રામજીભાઈ' છે, અમારા 'પંડિત હિંમતભાઈ' છે. બધા પંડિતોમાં ઇ ઉત્કૃષ્ટ છે, હોં! બોલતા નથી માટે એમ ન સમજવું કે અમે .. ઘણી શક્તિ છે, ઘણી શક્તિ છે. આખું 'સમયસાર', 'પ્રવચનસાર' બનાવ્યું છે. અહીં તો કહે છે કે રાગનો પણ કર્તા થાય અને શાસ્ત્રના અનુવાદની ક્રિયાનો પણ કર્તા થાય, એમ બે નથી બનતું.

મુમુક્ષુ :– હમણા તો તમે કહ્યું.

ઉત્તર :– શું કહ્યું? એ તો નિમિત્તનું કથન છે એમ કહ્યું.

મુમુક્ષુ :– 'હિંમતભાઈ'ને કહેતા હતા ને.

ઉત્તર :– એ તો બીજાથી વિશેષ છે એમ કહ્યું. સમજાણું કાંઈ? ભાષણ નથી કરતા. કોઈ વખતે થોડું બોલે છે. બાકી એની શક્તિ ઘણી છે.

મુમુક્ષુ :– બોલવાની ક્રિયા તો કરે છે.

ઉત્તર :– બોલવાની ક્રિયા કરતા નથી એમ કહે છે. આહાહા! બહુ સૂક્ષ્મ વાત, ભાઈ! ભિન્ન તત્ત્વ છે ને? તો ભિન્ન તત્ત્વના પરિણામ ભિન્નથી થાય એમ બનતું નથી. પોતાથી થાય છે તો કર્તા કહેવામાં આવે છે. આ લાકડી લ્યો. આ લાકડી આમ ચાલે છે. આંગળીના પરિણામથી એ પરિણામ આમ આમ થાય છે એમ પણ નથી. એ નિમિત્તરૂપ હો, પણ એનાથી થયું એમ નથી. તો એને નિમિત્ત ન કહેવાય. આમ થયું એ આંગળીથી થયું એમ નથી. અને ઇચ્છા થઈ કે હું લાકડીને ચલાવું તો એ ઇચ્છાનો પણ કર્તા થાય અને એની પર્યાયનો પણ કર્તા થાય, એમ બે છે નહિ. આહાહા! આવો સૂક્ષ્મ માર્ગ, ભાઈ!

મુમુક્ષુ :– નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

ઉત્તર :– એનો અર્થ શું થયો? નિમિત્ત છે પણ નિમિત્ત કર્તા નથી એમ છે.

મુમુક્ષુ :– નિમિત્ત હતું તો કાર્ય થયું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– નિમિત્ત છે તો નિમિત્તમાં કાર્ય થયું. 'ઉપાદાન બળ જહાં-તહાં નહિ નિમિત્ત કો દાવ.' છે? 'બનારસીદાસ'ના સાત શ્લોક છે ને? 'ઉપાદાન બળ જહાં-તહાં...' જહાં-તહાં પોતાની પર્યાયનો કર્તા આત્મા છે, જડની પર્યાયનો કર્તા જડ છે. 'નહિ નિમિત્તનો દાવ' નિમિત્તના દાવનો પેચ કદી આવતો નથી કે આ નિમિત્ત આવ્યું માટે આમ થયું એમ કદી બનતું નથી. સમજાણું કાંઈ? 'બનારસીદાસ'માં એ સાત શ્લોક પાછળ છે. ભાઈ 'ભૈયા ભગવતીદાસ'ના ઉપાદાન-નિમિત્તના ૪૭ શ્લોક છે અને 'બનારસીદાસ'ના સાત શ્લોક છે. આપણે 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છપાવ્યા છે.

અહીં કહે છે, જેમ આત્મા '**પોતાના અશુદ્ધ ચેતનારૂપ રાગ-દ્વેષ-મોહપરિણામને વ્યાપ્ય-વ્યાપકપણે કરે.**' નિશ્ચયથી તો પર્યાય વ્યાપક છે અને પર્યાય વ્યાપ્ય છે. પણ અહીં જરી આત્મા વ્યાપક છે અને વિકારી પર્યાય વ્યાપ્ય છે, એમ કહ્યું. સમજાણું કાંઈ? દ્રવ્ય અને ગુણ શુદ્ધ છે એ વ્યાપક થઈને પ્રસરે અને વિકાર થાય એમ નથી. સમજાણું કાંઈ? પણ અહીં વ્યાપ્ય-વ્યાપક કહેવું છે, તો એ દ્રવ્ય જે છે એ વ્યાપક, પર્યાયમાં પર્યાય એ તરફના લક્ષવાળી છે તો પ્રસરે છે અને વિકાર એ વ્યાપ્ય છે. તો વ્યાપ્ય-વ્યાપક એની પર્યાયમાં છે. પરની પર્યાય સાથે વ્યાપ્ય-વ્યાપક છે એવું ત્રણકાળમાં નથી. આહાહા! બીજાને કોણ સમજાવી શકે?

મુમુક્ષુ :– જ્ઞાનીપુરુષ.

ઉત્તર :– એ તો 'સમાધિ શતક'માં કહ્યું ને? પ્રભુ! આહાહા! મુનિરાજ 'પૂજ્યપાદ સ્વામી' 'સમાધિશતક'માં કહે છે કે સમજાવવાનો જે વિકલ્પ ઊઠે છે એ અમારું પાગલપણું છે. આહાહા!

મુમુક્ષુ :– એ તો ચારિત્રનું પાગલપણું છે.

ઉત્તર :– હા, તો ચારિત્રનું પાગલપણું કહ્યું ને, દર્શનનું પાગલપણું નથી. દર્શનનું પાગલપણું તો વિકલ્પને પોતાનો માને તો દર્શનનું પાગલપણું, મિથ્યાત્વનું પાગલપણું છે. એ 'તત્ત્વાર્થસૂત્ર'ના પહેલા અધ્યાયમાં આવે છે. 'તત્ત્વાર્થસૂત્ર'ના પહેલા અધ્યાયમાં છેલ્લે આવે છે. ઉન્મતવત્, ઉન્મવત્. એ ઉન્મતવત્ મિથ્યાદર્શનનું છે. આહાહા! પરનું હું કરું, પરથી મને લાભ થાય, રાગથી મને લાભ થાય એ મિથ્યાત્વનું ઉન્મત્તપણું છે. અને મિથ્યાત્વનું ઉન્મત્તપણું ગયા પછી પણ... આહાહા! 'સમાધિ શતક'માં 'પૂજ્યપાદસ્વામી' દિગંબર સંત, ભાવલિંગી આનંદમાં ઝુલનારા એમ કહે છે કે આ વિકલ્પ આવે છે એટલું અમારી અસ્થિરતાનું ઉન્મતપણું છે. કેમ? શું વિકલ્પથી લોકો સમજી શકે છે? એ તો એની પર્યાયથી સમજે છે. હું કોને સમજાવું? જે દેખાય છે એ તો જડ છે, એ તો સમજતા નથી. અને અંદર ચૈતન્ય છે એ તો અમને દેખાતો નથી. આહાહા! 'નંદકિશોરજી'! વાત બહુ સૂક્ષ્મ છે, ભગવાન! આહાહા!

કહે છે કે, વિકલ્પ ઉઠે છે... આહાહા! એટલો ચારિત્રનો દોષ અને પાગલપણું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અને એમાં એમ થઈ જાય કે લાખો લોકો ખુશ થાય છે, એમાં પોતે પણ ખુશ થાય એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા! ઝીણી વાત, ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે. આહાહા! રાગનો કણ પણ દુષિત છે. આહાહા! એ ચૈતન્યપ્રભુ રાગના કાળમાં રાગનું જ્ઞાન કરવાની સ્વતંત્ર સ્વપરપ્રકાશક સ્વભાવની પર્યાય ઉત્પન્ન થાય છે તો જ્ઞાનીને એ પર્યાયનો કર્તા ઉપચારથી કહેવામાં આવે છે. પણ રાગનો કર્તા ઉપચારથી પણ નથી, એ તો અજ્ઞાન છે. આહાહા! સમજાણું કાંઈ?

શું કહ્યું? અહીં તો વ્યાપ્ય-વ્યાપક કહ્યું છે. એ તો અજ્ઞાનીની વાત થઈ. અજ્ઞાની પોતાની પર્યાયમાં રાગ-દ્વેષ કરે છે એટલું અહીંયા સિદ્ધ કરવું છે. એ રાગ-દ્વેષ કરે છે તો કર્મબંધનની પર્યાય થાય છે એના પરિણામનો પણ કર્તા આત્મા છે, એમ છે નહિ. એટલું સિદ્ધ કરવું છે. નિશ્ચયથી જ્યારે ભગવાનઆત્મા.. એવો ખ્યાલ આવ્યો કે, અરે..રે..! અજ્ઞાનભાવથી વિકારનો કર્તા છે, તો એવું અજ્ઞાન શું કામ રાખીએ? આગળ કર્તા કર્મ અધિકારમાં આવશે ૯૨-૯૩ ગાથામાં છે. આહાહા! ધ્યાનથી સમજવું, પ્રભુ! રાગ મારું કર્તવ્ય છે અને હું કર્તા છું એને તો અજ્ઞાન કહે છે. આવું અજ્ઞાન જાણે એ કર્તા ક્યાંથી થાય? એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

અહીંયાં તો વિકારી પરિણામનો કર્તા જીવ અને શરીરને ચલાવનાર કર્તા જીવ, વિકારી રાગનો કર્તા જીવ, ભાષાની પર્યાયનો કર્તા જીવ, રાગનો કર્તા જીવ અને કર્મબંધનની પર્યાયનો કર્તા જીવ, એમ બે પરિણામનો એક કર્તા હોઈ શકે નહિ. આહાહા! સમજાણું કાંઈ?

**'ઉત્તર આમ છે કે દ્રવ્યને અનન્ત શક્તિઓ તો છે પરંતુ એવી શક્તિ તો કોઈ નથી કે જેનાથી, જેવી રીતે પોતાના ગુણ સાથે વ્યાપ્ય-વ્યાપકપણે છે...'** પોતાની પર્યાયની સાથે લેવું. ગુણ સાથે તો વ્યાપ્ય-વ્યાપક છે જ. પોતાની પર્યાય સાથે વ્યાપ્ય-વ્યાપક છે **'તેવી જ રીતે પરદ્રવ્યના ગુણ સાથે પણ વ્યાપ્ય-વ્યાપકપણે થાય.'** એવી તો કોઈ શક્તિ નથી. આહાહા!

કાલે 'નેમિનાથ' ભગવાનનું દૃષ્ટાંત નહોતું આપ્યું? આખી સભા એકઠી થઈ હતી. કોઈ કહે પાંડવનું જોર છે, કોઈ કહે ભીમનું જોર છે, કોઈ કહે અર્જુનનું જોર છે. કોઈ કહે એ તો ઠીક પણ ભગવાન 'નેમિનાથ' પ્રભુ બેઠા છે. ત્રણ જ્ઞાનના (ધણી છે), એનું ઘણું બળ છે. 'નેમિનાથ' ભગવાનને પણ એવો વિકલ્પ આવ્યો કે હું નીચે પગ રાખુ છું. 'શ્રીકૃષ્ણ' આવો, મારા પગને હલાવો. એ શક્તિ કાંઈ આત્માની નથી. પરમાણુની શક્તિ છે. સમજાણું કાંઈ? આત્માની શક્તિ શરીરમાં પ્રવેશ કરે છે એમ નથી. આત્માની પરિણતિની શક્તિ પોતાની પર્યાયમાં રહે છે. આત્મામાં બહુ શક્તિ છે તો જડમાં એ શક્તિ આવી જાય છે? આહાહા! સમજાણું કાંઈ? ઓહોહો..!

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં એક દૃષ્ટાંત આપ્યું છે ને? થોડું સૂક્ષ્મ છે. ઇન્દ્રિય કઠણ થાય, વિષયના કાળમાં ઇન્દ્રિય કઠણ થાય છે તો એ પર્યાય આત્માએ કરી અને રાગ પણ આત્માએ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કર્યો એમ વાત નથી. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં લીધું છે. શરૂઆતના અધિકારમાં. આહાહા! એ જડની પર્યાય છે, પ્રભુ! તને ખબર નથી. સમજાણું કાંઈ? જડની પર્યાય પણ આત્મા કરે અને આત્મા રાગ પણ કરે એવી બે વાત ત્રણકાળમાં નથી. આહાહા! આવી વાત! 'જ્ઞાનચંદજી'! એમાં લખ્યું છે, 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. દર્શનમોહનીયનો અધિકાર છે ને?

મુમુક્ષુ :– ક્રોધ કરે તો લાલ થાય.

ઉત્તર :– ઇન્દ્રિય કઠણ થાય એવું લીધું છે. ક્રોધ કરે તો લાલ થાય, શરીરની પર્યાય લાલ થાય છે તો ક્રોધ કર્યો માટે લાલ થઈ એમ નથી. ક્રોધના પરિણામ જીવની પર્યાયમાં છે, લાલ થવું એ જડની પર્યાયમાં છે. આહાહા! સમજાણું કાંઈ? બહુ સૂક્ષ્મ વાત, બાપુ!

મુમુક્ષુ :– આ બધું સમજવાથી શું ફાયદો?

ઉત્તર :– ફાયદો એ છે કે હું પરથી ભિન્ન છું તો દૃષ્ટિ દ્રવ્ય ઉપર કરવી. એ ફાયદો છે. હું પર્યાયનો કર્તા છું, પરનો કર્તા નથી તો પરથી લક્ષ હટાવીને દ્રવ્ય ઉપર લક્ષ કરવું. ભાઈ! શેઠ! 'ડાલચંદજી'! એ શરાફ શેઠ છે અને આ પણ અમારા શેઠ છે. સમજાણું કાંઈ? આહાહા!

શું કહ્યું? જડના પરિણામ પણ આત્મા કરે અને આત્મા રાગના પણ પરિણામ કરે (એમ ત્રણકાળમાં નથી). આહાહા! ગજબ વાત છે. એક સમયમાં સાથે છે, બેય સાથે છે. આહાહા! ક્રોધ થયો એ જ સમયે શરીર લાલ થઈ જાય છે. સાથે છે તો એ ક્રોધે શરીરને લાલ કર્યું કે નહિ? બિલકુલ નહિ. આહાહા! એક દ્રવ્ય બે પરિણામનો કર્તા થાય એમ બને નહિ. જેમકે ખાવાનો વિકલ્પ ઉઠ્યો એનો પણ કર્તા છે અને રોટલી, દાળ-ભાત, શાક ખાવાની ક્રિયાનો પણ કર્તા થાય એમ છે નહિ. એ ખાવાના પરિણામ જડની પર્યાય છે. લાડુ આવે, રોટલી આવે, ભૂકો થાય એ તો જડની પર્યાય છે. જડની પર્યાય આત્મા કરી શકે એમ ત્રણકાળમાં નથી. રોટલીનો ટુકડો કરે અને પાતળું કરીને ગળે ઉતારે એ આત્માની ક્રિયા જ નથી, એમ કહે છે. આહાહા!

મુમુક્ષુ :– .. વિના રોટલી...

ઉત્તર :– એ રોટલીના કટકા એને કારણે થાય છે. આત્માના કારણે નહિ. 'નંદકિશોરજી'! આ વકીલાત જુદી જાતની છે. માર્ગ, બાપુ! આ તો તત્ત્વની ભિન્નતા, પ્રત્યેક દ્રવ્યની ભિન્નતા પોતાના પરિણામમાં છે. એ પરિણામ પોતામાં થાય છે તો બીજામાં પણ એ પરિણામ થાય એમ નથી. પોતાના ગુણને આધારે છે.

**'हि एकस्य द्वौ कर्तारौ न निश्चयथी એક પરિણામના બે દ્રવ્ય કર્તા નથી;...'** છે? આહાહા! **'ભાવાર્થ આમ છે કે અશુદ્ધ ચેતનારૂપ રાગ-દ્વેષ-મોહપરિણામનું જેવી રીતે વ્યાપ્ય-વ્યાપકપણે જીવદ્રવ્ય કર્તા છે...'** અત્યારે તો એની પર્યાય સિદ્ધ કરવી છે ને? સમજાણું કાંઈ? જ્યારે દ્રવ્ય સ્વભાવની સિદ્ધિ કરવી હોય તો દ્રવ્ય શુદ્ધ ચૈતન્યઘનમાં છે અને પુણ્ય-પાપના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરિણામ પુદ્ગલ છે એમ કહેવામાં આવે છે. આહાહા! કેમકે એ નિમિત્તને આધિન થાય છે તો પુદ્ગલ કહીને છોડી દીધું. અહીંયા તો પરિણામ પોતામાં પોતાથી થાય છે એટલું સિદ્ધ કરવું છે. પર્યાયદષ્ટિથી. સમજાણું કાંઈ? આહાહા! એ વ્યવહાર છે. અશુદ્ધ પરિણામનો જીવ કર્તા એ પણ વ્યવહાર છે. એને અશુદ્ધ નિશ્ચયનય કહો. તો અશુદ્ધ નિશ્ચય એ ખરેખર વ્યવહારમાં જાય છે. સમજાણું કાંઈ? આહાહા!

એ કહે છે, કે **'રાગ-દ્વેષ-મોહપરિણામનું જેવી રીતે વ્યાપ્ય-વ્યાપકપણે જીવદ્રવ્ય કર્તા છે...'** જીવ વ્યાપક છે અને વિકારી પર્યાય વ્યાપ્ય. **'તેવી જ રીતે પુદ્ગલદ્રવ્ય પણ અશુદ્ધ ચેતનારૂપ રાગ-દ્વેષ-મોહપરિણામનું કર્તા છે એમ તો નથી;...'** શું કહે છે? કે પોતામાં જે રાગ-દ્વેષ થયા એનો પણ કર્તા થાય અને પુદ્ગલ દ્રવ્યનો પણ કર્તા થાય, જડકર્મનો ઉદય આવ્યો એણે અશુદ્ધ રાગ-દ્વેષ કરાવ્યા, એમ છે નહિ. આહાહા! આ તો મોટી ગડબડ છે. છે? **'તેવી જ રીતે પુદ્ગલદ્રવ્ય પણ અશુદધ ચેતનારૂપ રાગ-દ્વેષ-મોહપરિણામનું કર્તા છે એમ તો નથી;...'** આહાહા! અત્યારે તો આ બહુ મોટી ચર્ચા ચાલે છે. નહિ. કર્મથી વિકાર થાય છે, કર્મથી વિકાર થાય છે, પરદ્રવ્યથી પર્યાયમાં વિકાર થાય છે. પરદ્રવ્યને તો સ્પર્શતો પણ નથી. એ સ્તુતિમાં આવે છે 'કર્મ બિચારે કોણ ભૂલ મેરી અધિકાઈ.' સ્તુતિમાં આવે છે. કર્મ તો જડ છે, એ તો અજીવ છે. એની પર્યાય એનામાં થાય છે. એ પર્યાય આત્મામાં વિકાર કરાવે એમ છે નહિ. આહાહા! બીજામાં ઈશ્વરકર્તા માને. એના વગર એક પાંદડુ ન ફરે એમ એ લોકો કહે. ઈશ્વર વિના એક પાંદડુ હલે નહિ. એ પ્રત્યક્ષ સાંભળ્યું છે.

મુમુક્ષુ :– એ તો સર્વશક્તિમાન છે.

ઉત્તર :– સર્વશક્તિ પરશક્તિમાં શું કરે? સર્વશક્તિ બધી એનામાં રહી. ઈશ્વર પરનો કર્તા છે એમ ત્રણકાળમાં નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ..

ઉત્તર :– બધે ઊંધુ માર્યું છે. અમે તો પ્રત્યક્ષ સાંભળ્યું છે. નાની ઉંમરમાં હું એક મંદિરમાં ગયો હતો. ૨૨-૨૩ વર્ષની ઉંમર હતી. હજી દીક્ષા નહોતી લીધી. શરીર તો બહુ સુંદર હતું. અત્યારે તો ૮૮ થયા. એ વખતે. અમને જોઈને એક સાધુ બોલ્યા કે ઈશ્વર વિના પાંદડુ પણ હલે નહિ. સાધુ કપડા ધોતા હતા. 'ગઢડા' ગામમાં પ્રસિદ્ધ હતા ને? અમારા પિતાજીના પિતાજી પ્રસિદ્ધ હતા. ગામમાં પહેલી મેડી પિતાજીની હતી. ગૃહસ્થ હતા. એ વખતે ગૃહસ્થ અત્યારે તો દસ-દસ હજારની ઉપજ એક દિવસમાં કરે. એ વખતે દસ હજારની પુંજી હતી. પણ ગૃહસ્થ હતા. રાજકુમાર જેવું શરીર હતું. કાંઈ ધંધો નહોતા કરતા. બે મહિના રૂની પેટી લેવા માણસને 'ધોલેરા' માણસ મોકલતા. બે મહિનામાં બે હજાર પેદા કરે. બસ. પછી દસ મહિના તમારી જેમ એ મજુરી કરે નહિ. શેઠ! 'ડાલચંદજી'! આ તો બારે માસ...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અમારા પિતાજીના માતા કહેતા હતા. પિતાજીની માતા નાની ઉંમરમાં થાય ને. આપણા ઘરમાં બે મહિના ધંધો ચાલતો. બે મહિનામાં બે હજારની ઊપજ થતી. બસ. અને મોટું ઘર. એટલે પૈસા આપણે બાર મહિનામાં ત્રણસો રૂપિયાનો ખર્ચ. અહીં તો તમારે મહિનામાં ત્રણ સો શાકના થાય. એ વખતે તો ખર્ચ બહુ થોડો હતો. પૈસા થોડા પણ બહુ સંતોષી. બહુ ઉપાધિ નહિ. બે મહિના ધંધો કરે પછી દસ મહિના નહિ. સગાવહાલામાં જાય, સગાવહાલા અહીં આવે. દસ માસ ધંધો ન કરે. એમ કહેતા હતા. અહીં તો તમારે સવારથી સાંજ બારે માસ ચાલે. કરોડોપતિ હોય આ અમારે જુઓને શેઠિયા. આ કરોડપતિ છે, આ કરોડપતિ શેઠ છે. બીડીયુંમાં આખો દિ' રહ્યા કરે. આ તો વળી નિવૃત્તિ લઈને અહીં આવે છે, હોં! 'ભગવાનદાસ' ... આહાહા!

કરવાનું તો આ છે, ભગવાન! આવું મનુષ્યપણું મળ્યું. એમાં દેહથી હું ભિન્ન, રાગના પુણ્યના પરિણામથી હું ભિન્ન, હું રાગને જાણનાર એ પણ ઉપચારથી છે... આહાહા! તો રાગનો કર્તા ક્યાંથી થયો? ભાઈ? એમ આત્મા પોતાની પર્યાયમાં પોતાને ભૂલીને રાગ-દ્વેષ-મિથ્યાત્વના પરિણામ કરો, પણ એ સમયે કર્મબંધન થાય એ પર્યાય પણ આત્મા કરે, એમ એક દ્રવ્ય બે દ્રવ્યના પરિણામ કરે એમ છે નહિ. આહાહા! છે? **'રાગ-દ્વેષ-મોહપરિણામનું કર્તા છે, પુદ્ગલદ્રવ્ય કર્તા નથી;...'** ફરીથી.

પહેલા તો એમ કહ્યું કે પુદ્ગલદ્રવ્ય જીવના રાગ-દ્વેષ કરે અને જીવ રાગ-દ્વેષ કરે એમ છે નહિ. પછી જીવદ્રવ્ય પોતાના રાગ-દ્વેષ-મોહપરિણામનો કર્તા અને પુદ્ગલદ્રવ્યનો કર્તા નથી. પુદ્ગલદ્રવ્યનો કર્તા નથી. પોતાના રાગ-દ્વેષ કરે પણ પુદ્ગલદ્રવ્યનું બંધન થાય છે એનો કર્તા નથી. પહેલા એમ લીધું કે પોતામાં રાગ-દ્વેષ-મોહ છે એ પુદ્ગલદ્રવ્ય કરાવે છે અને પોતે પણ કરે એમ નથી. હવે એ પુદ્ગલની પર્યાય એ રાગ-દ્વેષ કરવાવાળો રાગ-દ્વેષ કરે અને પુદ્ગલની પર્યાય પણ કરે એમ છે નહિ. આહાહા! માર્ગ સૂક્ષ્મ બહુ, ભાઈ! આહાહા! આ સાધારણ વાત નથી. જૈનદર્શન વિના આવી ચીજ બીજે ક્યાંય છે નહિ, ક્યાંય છે નહિ.

આત્માની વાતું તો ઘણી કરે છે ઉપનિષદ્ ને વેદાંત ને. એ બધી વાત કાલ્પનિક છે. આ તો વસ્તુની સ્થિતિ સર્વજ્ઞે જોઈ. જેવી સર્વજ્ઞે જોઈ એવી કહી એવી વસ્તુની સ્થિતિ છે. આહાહા! પણ આ તો ભાગ્ય હોય એને તો કાને પડે એવી ચીજ છે. આહાહા! અને પુરુષાર્થ કરે એને એ વાત જ્ઞાનમાં આવે છે, એમ વાત છે. બે વાત થઈ. જીવના પરિણામ જીવ પણ કરે અને પુદ્ગલ પણ કરે એમ પણ નથી. અને જીવના પરિણામ જીવ કરે અને પુદ્ગલના પરિણામ પણ કરે. પહેલામાં શું આવ્યું? કે જીવના રાગ-દ્વેષ પરિણામ જીવ પણ કરે અને પુદ્ગલ પણ રાગ-દ્વેષને કરે એમ નથી. હવે અહીંયા જીવ રાગ-દ્વેષને કરે અને પુદ્ગલની પર્યાય પણ કરે એમ છે નહિ. સમજાણું કાંઈ? આહાહા! સમજવાની તો આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચીજ છે. બાકી તો ગમે તે પ્રકારે જ્ઞાન કરે... આહાહા!

**'ભાવાર્થ આમ છે કે જેવી રીતે જીવદ્રવ્ય રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ ચેતનાપરિણામનું વ્યાપ્ય-વ્યપકપણે કર્તા છે તેવી રીતે જ્ઞાનાવરણાદિ અચેતન કર્મનો કર્તા જીવ છે એમ તો નથી;...'** આવ્યું? **'પોતાના પરિણામનો કર્તા છે, અચેતનપરિણામરૂપ કર્મનો કર્તા નથી;...'** જીવ પોતાના વિકારી પરિણામનો કર્તા છે. પણ અચેતન પરિણામરૂપ કર્મનો કર્તા નથી. એ અચેતન કર્મપર્યાય થાય છે એ પરમાણુની પર્યાય પરમાણુમાં થાય છે. એ સમયે પરમાણુ વિસસ્રાવર્ગણા કર્મ ઘણા પડ્યા છે તો એ સમયે એ કર્મરૂપી પર્યાય થવાની લાયકાત છે તો એ કર્મરૂપે પરિણમે છે, રાગને કારણે નહિ. આહાહા! સમજાણું કાંઈ? એ એક વાત થઈ.

બીજી. **'च एकस्य द्वे क्रिये न'** કર્તાની ના પાડી, હવે બેની એક ક્રિયા નથી (કહે છે). પલટવું-બદલવું. આત્મા પોતાને બદલાવે અને કર્મની પર્યાયને બદલાવી શકે (અર્થાત્) કર્મરૂપ નથી એને કર્મરૂપ બનાવે. એમ છે નહિ. આહાહા! **'च एकस्य द्वे क्रिये न'** **'એક દ્રવ્યની બે ક્રિયા હોતી નથી; ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય જેવી રીતે ચેતનપરિણતિરૂપ પરિણમે છે...'** ક્રિયાની વાત છે, હોં! **'ચેતનપરિણતિરૂપ પરિણમે છે તેવી જ રીતે અચેતનપરિણતિરૂપ પરિણમતું હોય એમ તો નથી;...'** આહાહા! રાગરૂપે પરિણમે એમ ભાષાની પર્યાયરૂપ પણ પરિણમે એમ નથી. આહાહા! ગજબ વાત છે, ભાઈ!

એક વાર 'ઇંદોર'માં એ ચર્ચા ચાલી હતી. પચાસ પંડિતો એકઠા થયા હતા. ત્યારે આવી વાત ચાલી હતી કે પરદ્રવ્યનો કર્તા ન માને એ દિગંબર નથી. 'ઇંદોર'માં ચાલી હતી. વાત બહાર આવી હતી. ભાઈને ખબર નથી, પંડિતજી! નહિ ખબર હોય. ઘણા વર્ષ પહેલા ચાલી હતી. પચાસેક પંડિત ભેગા થયા હતા ત્યારે એમાં આવી વાત નીકળી હતી. અહીંનો વિરોધ કરવા માટે. અહીં કહે છે ને પરદ્રવ્યનો કર્તા આત્મા નથી. ત્યારે એ કહે કે પરદ્રવ્યને ન કરે એ દિગંબર નથી. અર..ર..! તારે શું કરવું છે? પ્રભુ! અહીં તો ત્યાં સુધી છે કે પરના પરિણામ તો કરે નહિ પણ પોતાના રાગના પરિણામ કરે એ અજ્ઞાન ભાવે કરે એમ કહે છે. આહાહા!

મુમુક્ષુ :– બહુ મોટો ફેર છે.

ઉત્તર :– મોટો ફેર, પણ શું થાય? માણસને એમ કે અમે બીજાનું કરી દઈએ છીએ, બીજાને સમજાવી દઈએ. જુઓ! આ પહેલા નહોતા સમજતા પણ અમારી ભાષાથી સમજાણું. એ મિથ્યા અભિપ્રાય છે. આહાહા!

**'કારણ કે એક દ્રવ્ય બે દ્રવ્યરૂપ કેમ થાય?'** એક દ્રવ્ય થયા વિના બે દ્રવ્યની ક્રિયા કેમ કરે? **'ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય એક ચેતનદ્રવ્યરૂપ છે તે જો પહેલાં અનેક દ્રવ્યરૂપ થાય...'** આત્મા ચેતન છે એ પુદ્‌ગલદ્રવ્યરૂપ જો થાય **'તો જ્ઞાનાવરણાદિ કર્મનું કર્તા પણ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**થાય,..'** આહાહા! ભગવાન ચેતનસ્વરૂપ છે અને એની વિકારી પર્યાય પણ ચેતનની છે. એ ચેતનસ્વરૂપ પલટીને કર્મની પર્યાયમાં જાય, જો જડ થાય તો પરની કર્તા થાય. ચેતન પરિણતિ કદી જડ તો થતી નથી. આહાહા! આચાર્યોએ જંગલમાં રહીને દિગંબર મુનિઓએ વીતરાગી ભાવ પ્રસિદ્ધ કર્યા છે. આવી વાત ક્યાંય નથી. સમજાણું કાંઈ? વસ્તુસ્થિતિ એવી છે.

**'જીવદ્રવ્ય એક ચેતનદ્રવ્યરૂપ છે તે જો પહેલાં અનેક દ્રવ્યરૂપ થાય તો જ્ઞાનાવરણાદિ કર્મનું કર્તા પણ થાય. પોતાના રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ ચેતનપરિણામનું પણ કર્તા થાય; પણ એમ તો છે નહિ. અનાદિનિધન જીવદ્રવ્ય એકરૂપ જ છે,...'** આહાહા! અનાદિઅનંત જીવ ભગવાનઆત્મા તો એકરૂપ પોતામાં છે. જડરૂપ કદી થતો નથી. જડરૂપ થયા વિના જડની પર્યાય કેમ કરે? એમ કહે છે. આહાહા! **'તેથી પોતાના અશુદ્ધ ચેતન પરિણામનું કર્તા છે, અચેતનકર્મનું કર્તા નથી. આવું વસ્તુસ્વરૂપ છે.'**

( શાર્દૂલવિક્રીડિત )

आसंसारत एव धावति परं कुर्वेऽहमित्युच्चकै-
र्दुर्वारं ननु मोहिनामिह महाहङ्कांररूपं तमः।
तद्भूतार्थपरिग्रहेण विलयं यद्येकवारं व्रजेत्
तत्किं ज्ञानघनस्य बन्धनमहो भूयो भवेदात्मनः।।१०-५५।।

**ખંડાન્વય સહિત અર્થ :– 'ननु मोहिनाम् अहम् कुर्वे इति तमः आसंसारतः एव धावति' ( ननु ) અહો જીવ! ( मोहिनाम् ) મિથ્યાદૃષ્ટિ જીવોનો ( अहम् कुर्वे इति तमः ) 'જ્ઞાનાવરણાદિ કર્મનો કર્તા જીવ છે' એવો છે જે મિથ્યાત્વરૂપ અંધકાર તે ( आसंसारतः एव धावति ) અનાદિ કાળથી એક સંતાનરૂપ ચાલ્યો આવ્યો છે. કેવો છે મિથ્યાત્વરૂપી અંધકાર? 'परं' પરદ્રવ્યસ્વરૂપ છે. વળી કેવો છે? 'उच्चकैः दुर्वारं' અતિશય ધીઠ છે. વળી કેવો છે? 'महाहंकाररूपं' ( महाहंकार ) 'હું દેવ, હું મનુષ્ય, હું તિર્યંચ, હું નારક' એવી જે કર્મના પર્યાયમાં આત્મબુદ્ધિ ( रूपं ) તે જ છે સ્વરૂપ જેનું એવો છે. 'यदि तद् भूतार्थपरिग्रहेण एकवारं विलयं व्रजेत्' ( यदि ) જો કદી, ( तत् ) એવો છે જે મિથ્યાત્વ-અંધકાર તે ( भूतार्थपरिग्रहेण ) શુદ્ધસ્વરૂપ-અનુભવ વડે ( एकवारं ) અન્તર્મુહૂર્તમાત્ર ( विलयं व्रजेत् ) વિનાશને પામે તો, [ભાવાર્થ આમ છે કે જીવને યદ્યપિ મિથ્યાત્વ-અંધકાર અનન્તકાળથી ચાલ્યો આવ્યો છે તથાપિ જો સમ્યક્ત્વ થાય તો મિથ્યાત્વ છૂટે, જો એક વાર છૂટે તો,] 'अहो तत् आत्मनः भूयः बन्धनं किं भवेत्' ( अहो ) હે જીવ! ( तत् ) તે કારણથી ( आत्मनः ) આત્માને અર્થાત્ જીવને ( भूयः ) ફરીને ( बन्धनं किं भवेत् )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**એકત્વબુદ્ધિ શું થાય? અર્થાત્ ન થાય. કેવો છે આત્મા? 'ज्ञानघनस्य' જ્ઞાનનો સમૂહ છે. ભાવાર્થ–શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં સંસારમાં પરિભ્રમણ થતું નથી. ૧૦-૫૫.**

---

હવે ૫૫મો કળશ.

**आसंसारत एव धावति परं कुर्वेऽहमित्युच्चकै-**
**र्दुर्वारं ननु मोहिनामिह महाहङ्कांररूपं तमः।**
**तद्भूतार्थपरिग्रहेण विलयं यद्येकवारं व्रजेत्**
**तत्किं ज्ञानघनस्य बन्धनमहो भूयो भवेदात्मनः।।१०-५५।।**

આહાહા! **'ननु मोहिनाम् अहम् कुर्वे इति तमः आसंसारतः एव धावति' 'અહો જીવ! મિથ્યાદૃષ્ટિ જીવોનો अहम् कुर्वे इति तमः 'જ્ઞાનાવરણાદિ કર્મનો કર્તા જીવ' એવો છે જે મિથ્યાત્વરૂપ અંધકાર તે અનાદિ કાળથી એક સંતાનરૂપ ચાલ્યો આવે છે.'** આહાહા! હું કર્મને બાંધું છું, હું કર્મને છોડું છું, હું કર્મનો નાશ કરું છું, એવી બુદ્ધિ મિથ્યાદૃષ્ટિને અનાદિથી ચાલી આવે છે. આહાહા! **'आसंसार'** છે ને? **'आ'** એટલે અનાદિનો સંસાર. આહાહા! નિગોદના જીવમાં પણ એ પરિણામ છે. સમજાણું કાંઈ? લસણ, ડુંગળીના એક રાય જેટલા ટુકડામાં અસંખ્ય શરીર છે અને એક શરીરમાં અનંત જીવ અને એક જીવમાં અનંત શક્તિઓ છે. એ રાગને કરે, પુણ્ય-પાપને કરે અને પરનું કરે એવી બુદ્ધિ અનાદિથી ચાલી આવે છે, એમ કહે છે. આહાહા!

**'કેવો છે મિથ્યાત્વરૂપી અંધકાર? પરદ્રવ્યસ્વરૂપ છે.'** આહાહા! એ પરદ્રવ્યના પરિણામ હું કરું એ પરિણામ જ પરદ્રવ્યસ્વરૂપ છે એમ કહે છે. શું કહ્યું? જુઓ! પહેલા કહ્યું કે અશુદ્ધ પરિણતિ એની છે. હવે અહીં કહે છે કે આત્મા પરદ્રવ્યના કર્મની બંધનપર્યાયને કરે એવો મિથ્યાત્વભાવ છે એ પરદ્રવ્ય છે, સ્વદ્રવ્ય નથી. આહાહા! સમજાણું કાંઈ? છે ને? **'વળી કેવો છે? उच्चकैः दुर्वारं અતિશય ધીઠ છે.'** આહાહા! અનાદિથી પરદ્રવ્યના પરિણામ હું કરું એવો મિથ્યાત્વભાવ મહા ધીઠ છે. આહાહા! સત્યને સ્વીકારતો નથી અને ઊંધી દૃષ્ટિમાં પડ્યો છે એમ કહે છે. સમજાણું કાંઈ? ધીઠ છે ધીઠ, નથી કહેતા? ધીઠ છે ધીઠ. આહાહા!

**'महाहंकाररूपं'** આહાહા! મહાઅહંકાર અનાદિથી. હું દેવ છું. અરે..! પ્રભુ! એ તો મિથ્યા અહંકાર છે. આહાહા! હું દેવ છું. તું તો ભગવાન જ્ઞાનસ્વરૂપ આનંદ છો ને. દેવ છું એવો અહંકાર ક્યાંથી આવ્યો? પ્રભુ! આહાહા! તારી પ્રભુતામાં તેં લાંછન કેમ લગાવ્યું? આહાહા! સમજાણું કાંઈ? **'હું દેવ, હું મનુષ્ય,...'** છું, હું શેઠ છું, હું પૈસાવાળો છું, હું નિર્ધન છું. અરે..! એવો મિથ્યાત્વનો અહંકાર તને ક્યાંથી આવ્યો? છે? **'હું તિર્યંચ,...'** છું. પશુ છું. અરે..! પ્રભુ! પશુ તો જડ શરીર છે. આત્મા પશુ છે? એ અહંકાર. પશુ હોય તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

શરીર ઉપર દૃષ્ટિ છે. આ ખાવું, આ પીવું, આ શરીર છે. અંદર ભગવાન ચૈતન્ય બિરાજે છે એની તો ખબર નથી. હું મનુષ્ય છું. મનુષ્યા સ્વરૂપેણ મૃગા ચરન્તી. હું મનુષ્ય છું, હું તિર્યંચ છું, હું સ્ત્રી છું, હું પુરુષ છું... આહાહા! એ મનુષ્યરૂપે મૃગલા જેવા મિથ્યાદૃષ્ટિ છે, કહે છે. ચૈતન્ય ભગવાન અંદર આનંદસ્વરૂપ છે એ તરફનો ભરોસો નથી અને આ ભરોસા ઉપર ચાલ્યો ગયો. હું મનુષ્ય છું, હું તિર્યંચ છું. આહાહા! હું નારક છું.

**'એવી જે કર્મના પર્યાયમાં આત્મબુદ્ધિ તે જ છે સ્વરૂપ જેનું એવો છે.'** આહાહા! કેમકે ભગવાનઆત્મા જે શુદ્ધ ચૈતન્ય અરૂપી સૂક્ષ્મ છે એની તો દૃષ્ટિની ખબર નથી. તો જ્ઞાનની પર્યાયમાં જે જણાય છે એ ચીજ હું છું. આ શરીર હું છું. જુવાન છું, વૃદ્ધ છું, બાળ છું, સ્ત્રી છું, પુરુષ છું, નપુંસક છું એ બધો મિથ્યા અહંકાર છે. આહાહા! સમજાણું કાંઈ? એ તો ભગવાન જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ છે. કદી પરરૂપ થયો નથી. સમજાણું કાંઈ?

**'આત્મબુદ્ધિ તે જ છે સ્વરૂપ જેનું એવો છે.' 'यदि तद् भूतार्थपरिग्रहेण एकवारं विलयं व्रजेत्'** આહાહા! અનાદિથી હું એકેન્દ્રિય છું, બે ઇન્દ્રિય છું, ત્રણ ઇન્દ્રિય છું, પંચેન્દ્રિય છું, પંડિત છું, મૂર્ખ છું એ બધું પર્યાયનું અભિમાન છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મૂર્ખ માનવામાં તો અભિમાન નથી.

ઉત્તર :- આત્મા મૂર્ખ છે જ નહિ. પર્યાયમાં મૂર્ખ માને એ મૂઢ છે, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? એ તો ચૈતન્યસ્વરૂપ, પરમેશ્વરસ્વરૂપ, ભગવાનસ્વરૂપ છે. આહાહા! અરે..! એને મૂર્ખ કહેવો એ મોટું મિથ્યાત્વનું કલંક છે, કહે છે. આહાહા! હું તો મૂંઢ છું, હું અજ્ઞાની છું. અરે..! પ્રભુ! શું કરે છે તું? આહાહા! તારી ચીજની તને ખબર નથી, પ્રભુ! આહાહા! તું તો સચ્ચિદાનંદ પ્રભુ છો ને! સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનું પૂર અંદર પડ્યું છે ને? આહાહા! જ્ઞાનના નૂરના તેજના પૂર, અમૃત સાગરના સ્વભાવથી ભરેલો પ્રભુ છે. આહાહા! એવી ચીજને લક્ષમાંથી છોડીને હું દેવ, મનુષ્ય એ તો કર્મની પર્યાય છે. એ જીવની પર્યાય નથી. એ કર્મની પર્યાયમાં (અહંકાર કરે છે). અમે વાણિયા છીએ, અમે દરબાર છીએ, અમે હરિજન છીએ, અમે વૈશ્ય છીએ, અમે ક્ષુદ્ર છીએ... આહાહા! એવી માન્યતા મિથ્યાત્વ અંધકાર છે. સમજાણું કાંઈ?

નિશ્ચયમાં ક્ષત્રિય એને કહીએ કે પોતાના સ્વભાવમાં ક્ષત્રિયપણું છે. આહાહા! પરને જીતીને પોતાની દૃષ્ટિમાં-સ્વરૂપમાં રહે એ ક્ષત્રિય છે. વૈશ્ય એને કહીએ કે જે પોતાના જ્ઞાયકસ્વભાવની રીતીનો વેપાર કરે એ વૈશ્ય છે. સમજાણું કાંઈ? એ 'પંચસંગ્રહ'માં છે. 'પંચસંગ્રહ' છે ને? 'દિપચંદજી' કૃત પાંચ સંગ્રહ છે. નથી જોયું? પંડિતજી! 'પંચસંગ્રહ'. બહુ સરસ છે. આ 'પંચસંગ્રહ' છે. પાંચ. અહીં તો ઘણા સમયથી છે. એમાં પાંચ છે. 'અધ્યાત્મ પંચસંગ્રહ' નામ છે. પરમાત્મપુરાણની વ્યાખ્યા છે, જ્ઞાનદર્પણ છે, સ્વરૂપાનંદ છે, ઉપદેશ સિદ્ધાંત રત્ન છે, સવૈયા ટીકા છે. પાંચ છે. આખું પુસ્તક બહુ અધ્યાત્મથી ભરેલું

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. શબ્દ, હોં! આહાહા!

અહીં કહે છે, પ્રભુ! તું અનાદિથી પોતાનો જ્ઞાયકસ્વભાવ ચૈતન્ય આનંદપ્રભુ અતીન્દ્રિય આનંદના ભંડાર સ્વરૂપ, ઓહોહો..! અને તે પણ પૂર્ણાનંદ ઇદમ્, પૂર્ણ જ્ઞાનમ્, પૂર્ણ આનંદ, પૂર્ણ શ્રદ્ધા. ત્રિકાળીની વાત છે, હોં! પૂર્ણ ઈશ્વરતા, પૂર્ણ પ્રભુતા, પૂર્ણ વીર્યતા... આહાહા! એવી શક્તિને પોતાની ન માનતા એ પર્યાયમાં કર્મની પર્યાય જે મળી એને પોતાની માને છે એ મોટો મિથ્યાત્વ અંધકાર છે. આહાહા! જ્ઞાનનો કાંઈક ક્ષયોપશમ હોય એનો પણ અહંકાર છે એ મિથ્યાત્વ છે. આહાહા! પરલક્ષી ક્ષયોપશમ છે હજી, આત્માનો ક્ષયોપશમ હોય તો અભિમાન ગળી જાય છે. સમજાણું કાંઈ?

એ આવે છે ને? 'મોક્ષમાર્ગ પ્રકાશક'ના પહેલા અધ્યાયમાં આવે છે. પંડ્યા... પંડયા... પંડ્યા... ફોતરા ખંડ્યા. હે પંડિત! હે પંડિત! હે પંડિત! તેં તુષ.. તુષ. મૂળ ચીજની દૃષ્ટિ કરી નહિ તેં ફોતરા ખાંડ્યા. ફોતરા ખાંડવાથી એમાંથી ચોખા નીકળશે...! એ દૃષ્ટાંત 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. એમાં લીધું છે. એક ગૃહસ્થ બાઈ હતી. કરોડપતિ. ખાંડ્યા-ખાંડ્યા હોય ને? શું કહે? ખાંડ્યામાં ચોખા ખાંડતી હતી. ચોખા નીચે રહી જાય અને એના ફોતરા ઉપર રહે. એક ગરીબ બાઈ આવી. એણે જોયું ઓહો..! આ ફોતરા ખાંડે છે. એ ફોતરા નથી અંદર ચોખા છે. ફોતરા ઉપર રહે છે અને ચોખા નીચે જતા રહે છે. એ જોઈને પોતાના પતિને કહે કે તમે પણ ફોતરા લાવો. ઓલા લાખોપતિ છે એ ફોતરા ખાંડે તો આપણે પણ ફોતરા ખાંડીએ.

એમ અજ્ઞાની, જ્ઞાની પોતાના સ્વરૂપમાં, અનુભવમાં છે છતાં કોઈ મહાવ્રતાદિનો વિકલ્પ આવે એ ફોતરા છે. તો એ ફોતરા ખાંડતા જોઈને અમે પણ એમ કરીએ. પણ ફોતરાની પાછળ અંદર આનંદનો નાથ એના અનુભવમાં છે એની તો એને ખબર નથી. જ્ઞાની પણ વ્રત પાળે છે, આમ કરે છે, આમ કરે છે તો અમે પણ એમ કરીએ. આહાહા! અંદર એ ચોખા... ચોખા કહે છે ને? ચાવલ નીચે રહી જાય છે. છૂટા પડી જાય પછી નીચે રહી જાય. ઉપર ફોતરા રહે. એમ ભગવાનઆત્મા **'भूतार्थपरिग्रहेण'** એમ કહે છે. આહાહા! શું કહ્યું?

**'જે મિથ્યાત્વ-અંધકાર તે શુદ્ધસ્વરૂપ-અનુભવ વડે...'** **'भूतार्थपरिग्रहेण'** ભાષા જુઓ! ૧૧મી ગાથાની. ૧૧ ગાથામાં છે ને **'भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो'** એક સમયમાં ભૂતાર્થ સત્યાર્થ પ્રભુ ત્રિકાળ ધ્રુવ છે. આહાહા! સમજાણું કાંઈ? **'भूतार्थपरिग्रहेण'** આહાહા! **'શુદ્ધસ્વરૂપ-અનુભવ વડે...'** શબ્દો ટૂંકા લઈ લીધા. **'भूतार्थपरिग्रहेण'** સત્ય ત્રિકાળ એનો પરિગ્રહેણ એટલે અનુભવ કર્યો. ત્રિકાળ ચીજ જે શુદ્ધ ચૈતન્યઘન છે એ ભૂતાર્થ છે. એનો **'परिग्रहेण'** અનુભવ કર્યો. આહાહા! પરિ-સમસ્ત પ્રકારે પકડી લીધો તો અનુભવ થયો. આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'અન્તર્મુહૂર્તમાત્ર...'** આહાહા! એકવાર **'અન્તર્મુહૂર્તમાત્ર વિનાશને પામે તો,...'** ખલાસ થઈ જાય. આહાહા! ત્રિકાળી ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, એને ભૂતાર્થ **'भूतार्थपरिग्रहेण'** સત્યાર્થને પકડીને અનુભવ કરે તો મિથ્યાત્વનો તે ક્ષણે નાશ થાય છે. વિશેષ વાત કરશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ ૪, ગુરુવાર તા.૧૮.૦૮.૧૯૭૭
## કળશ - ૫૫, પ્રવચન - ૭૦

'કળશટીકા' કર્તા-કર્મ અધિકાર. ૫૫ છે ને? અહીં આવ્યું. **'यदि तद् भूतार्थपरिग्रहेण एकवारं विलयं व्रजेत्'** શું કહે છે? કે અનાદિ સંસાર પંચ પરિવર્તનમાં અનંતકાળ વીતાવ્યો. પંચ પરિવર્તન સંસાર. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ. અનંત દ્રવ્યમાં અનંતવાર પરિવર્તન કર્યું, અનંત ક્ષેત્રમાં અનંતવાર પરિવર્તન કર્યું, કાળના સમયે સમયે અસંખ્ય ચોવીસીમાં દરેકમાં અનંતવાર પરિવર્તન કર્યું અને ભવમાં પણ અનંત પરિવર્તન કર્યા અને ભાવ-શુભાશુભભાવમાં પણ અનંતવાર પરિવર્તન કર્યું. ભાવ પણ પુદ્ગલ પરાવર્તન અનંતવાર થયા. શુભ અને અશુભ બેય. એ સંતાનરૂપ અનાદિથી ચાલી આવે છે. એ શુભભાવ અનંતવાર કર્યા એ કોઈ ધર્મ નથી અને એ ધર્મનું કારણ પણ નથી.

ધર્મનું કારણ ક્યાંથી શરૂ થાય છે? એમ કહે છે. **'भूतार्थपरिग्रहेण'** છે? એ મહાસિદ્ધાંત છે. એ ૧૧મી ગાથામાં કહ્યું ને? **'भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो'** એક સમયમાં સત્યાર્થ-ભૂતાર્થ... આ શેઠનું યાદ આવ્યું. કારણ પરમાત્મા. એક સમયમાં જે ધ્રુવ છે એને કારણપરમાત્મા કહે છે, ધ્રુવને કારણજીવ કહે છે, ધ્રુવને ભૂતાર્થ કહે છે, ધ્રુવને સત્યાર્થ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? ઉત્પાદ-વ્યયની એક સમયની જે પર્યાય છે... ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્. એમ આવ્યું ને? ઉત્પાદ-વ્યય તો પર્યાય છે, એ કાર્ય છે. આ વસ્તુનું કારણ નથી. આહાહા!

ધ્રુવ જે ચીજ છે, ધ્રુવ ભૂતાર્થ-સત્યાર્થ-સદૃશ્ય એકરૂપ સામાન્ય અભેદ... આહાહા! સર્વસ્વ ચૈતન્યનો સાર જે ચીજ છે. એક સમયની પર્યાય ધ્રુવને વિષય કરે છે. પર્યાય પર્યાયને વિષય કરે એ વાત તો અનાદિકાળથી ચાલતી આવી છે. સમજાણું કાંઈ? પર્યાય પર્યાયનો વિષય કરે એ તો અનાદિનો સંસાર છે. પર્યાયમૂઢા પરસમયા. પર્યાય એક સમયમાં પણ પોતાની માનીને મૂંઢ છે. એ તો એની અનાદિકાળની પર્યાયદૃષ્ટિ છે.

અહીં કહે છે કે એકવાર પણ ભૂતાર્થ ભગવાન સત્યાર્થ પરમાત્મા... આહાહા! જે એક સમયની પર્યાયની પાછળ ધ્રુવ સ્વરૂપ અનંત શક્તિનો પિંડ છે. બપોરે શક્તિ ચાલે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે ને? એ અનંત શક્તિનો એકરૂપ ધ્રુવ એ કારણપરમાત્મા છે. સમજાણું કાંઈ?

એ પ્રશ્ન ચાલ્યો હતો ને? કહ્યું હતું ને? એ 'વારિયા'એ પ્રશ્ન કર્યો હતો. 'વીરજીભાઈ' છે એનો દીકરો 'ત્રિભુવનભાઈ' 'રાજકોટ' છે. એણે પ્રશ્ન કર્યો કે, મહારાજ! તમે કહો છો કે કારણપરમાત્મા ત્રિકાળ છે. કારણ પરમાત્મા ધ્રુવ કહો, કારણપરમાત્મા કહો, ભૂતાર્થ કહો કે સત્યાર્થ કહો. એક સમયમાં ત્રિકાળી ચીજને ભૂતાર્થ, સત્યાર્થ, કારણપરમાત્મા, કારણજીવ ધ્રુવ સામાન્ય અભેદ (કહો, બધું એકાર્થ છે). તો એણે પ્રશ્ન કર્યો કે કારણપરમાત્મા હોય તો કાર્ય આવવું જ જોઈએ. 'ડાલચંદજી'! પ્રશ્ન એ હતો. તમે દ્રવ્યને કારણપરમાત્મા કહો છો તો કાર્ય આવવું જોઈએ. તો અત્યાર સુધી કાર્ય કેમ ન આવ્યું? તો કારણપરમાત્મા છે કે નહિ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– .. ભલે સમ્યગ્દર્શન કાર્ય હો. પણ એ કારણપરમાત્મા, ભાઈ! ભૂતાર્થ છે. આ ભૂતાર્થ શબ્દનું ચાલે છે. પણ એના સ્વીકાર વિના એની પર્યાયમાં ભૂતાર્થ છે એ ક્યાં આવ્યું? કારણપરમાત્મા તો ત્રિકાળ ભૂતાર્થ છે, સત્યાર્થ છે, અભેદ છે, સામાન્ય છે, સદશ્ય છે. પણ પર્યાયમાં સ્વીકાર વિના એને ક્યાં આવ્યું? 'જ્ઞાનચંદજી'! આહાહા! ઝીણી વાત, બાપુ!

જેમ બહારની ચીજોના આકર્ષણમાં આકર્ષાઈ જાય છે (એ) અશુભની ચેષ્ટા. એમ શુભની ચેષ્ટામાં આકર્ષણ થાય તો કારણપરમાત્માને ભૂલી જાય છે. સમજાણું કાંઈ? અહીંયાં કહે છે કે એ પરમાં આકર્ષણ થવું. લોહચુંબકમાં જેમ લોઢુ ખેંચાય એમ પરમાં તારી વૃત્તિ ખેંચાય છે. અનુકૂળ શરીર આદિ જોઈને વૃત્તિ ખેંચાય છે. પ્રતિકૂળતા જોઈને પણ દુઃખરૂપે ખેંચાય છે અને દયા, દાન, વ્રતના શુભભાવના પરિણામમાં પણ તારી વૃત્તિ ખેંચાય છે. એ સંસારમાં અનંતવાર પરિવર્તન કર્યાં, પ્રભુ! એ શુભભાવ પણ અનંતવાર થયો છે. ભાવ છે ને? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ. પાંચ પરિવર્તન અનંતવાર કર્યાં. આહાહા!

મુમુક્ષુ :– કઈ વાત બાકી રહી ગઈ?

ઉત્તર :– આ ભૂતાર્થ પરિગ્રહેણ બાકી રહી ગયું. સમજાણું કાંઈ? આહાહા! ખોટો રૂપિયો ચલાવ્યો. સાચા રૂપિયા ઉપર લક્ષ ન આપ્યું. આહાહા!

જે એક સમયમાં, 'ક' બોલે એમાં અસંખ્ય સમય જાય છે, એવા એક સમયમાં ધ્રુવ ભગવાન, અનંત જ્ઞાન, દર્શન, આનંદ અને વીર્યથી ભરેલો, પ્રભુ! એને અહીંયા કારણપરમાત્મા કહો, ભૂતાર્થ કહો, સત્યાર્થ કહો એને **'परिग्रहेण'**. આહાહા! શુભાશુભભાવ તો **'परिग्रहेण'** (અર્થાત્) સમસ્ત પ્રકારે ગ્રહીને પરિભ્રમણ કરે છે. આહાહા! પણ એકવાર એમ શબ્દ આવશે, હોં! છે? **'भूतार्थपरिग्रहेण'** શબ્દમાં એમ છે **'भूतार्थ'** એનું **'परिग्रहेण'**. **'परि'** એટલે સમસ્ત પ્રકારે **'ग्रहेण'** એટલે અનુભવ થાય. **'परिग्रहेण'** છે ને? **'भूतार्थपरिग्रहेण'** સત્યાર્થ પ્રભુ એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમયમાં આનંદકંદ નાથ! આહાહા! અતીન્દ્રિય આનંદનું દળ, પિંડ. દળના લાડુ થાય છે. તમારે ત્યાં શું કહે છે, ખબર નથી. અમારે તો કાઠિયાવાડમાં દળના લાડુ બનાવે છે. દળ-દળના લાડુ. અમારે કાઠિયાવાડમાં દળના લાડુ બનાવે છે. એવો આ દળ-લાડુ છે. અતીન્દ્રિય આનંદનો દળ-પિંડ છે. આહાહા!

અરે..! એ તરફની મહિમા કદી આવી નથી. અને જે ચીજ પૂર્ણ અને અખંડ છે એની વિરુદ્ધ જે વાત છે એમાં એની મહિમા, મહાત્મ્ય આવ્યું એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા! ખેંચાણ છે ત્યાં. લોહચુંબક ખેંચે ને? એમ બહારની અનુકૂળતા શરીર ને પૈસા, આબરૂ, ધૂળ ને ધાણી ખેંચે છે. આહાહા! ... મસાણના હાડકામાં ફાસફુસ છે એવી આ ફાસફુસ છે. આહાહા! એ શુભ-અશુભભાવમાં ખેંચાય જાય છે અને ભૂતાર્થને ભૂલી જાય છે. આહાહા! અને એ પર્યાયમાં ભૂલે છે. દ્રવ્ય-ગુણમાં કોઈ ભૂલી જાય છે એમ નથી. સમજાણું કાંઈ? એ જ પર્યાયમાં જેમ ભૂલે છે... એ તો કહ્યું ને? પહેલા આવી ગયું.

**'दुर्वारं'** મિથ્યાત્વ છોડવું **'दुर्वारं'** મહામુશ્કેલ છે. એનો અર્થ અતિ ધીઠ કહ્યો. **'दुर्वारं'** ઉપર આવ્યું ને? પહેલી લીટીમાં **'उच्चकैः दुर्वारं'** કાલે આવ્યું હતું. ક્યાં છે? હિન્દીમાં ફેર છે. અમારી હિન્દીમાં છે. બીજી લીટી. **'दुर्वारं'** અતિ ધીઠ અર્થ છે. ઓહોહો..! કહે છે કે પુણ્ય અને પાપ અને એના ફળનું આકર્ષણ એ મિથ્યાત્વ અતિ ધીઠ છે. મહા **'दुर्वारं'**. એ શ્લોકમાં ચાલ્યું છે ને? એ શ્લોક કાલે ચાલ્યો હતો ને? 'મણિ' આવ્યા? અર્થ બોલો અર્થ શું છે? હા ઇ. અતિ ધીઠ લીધું ને? **'दुर्वारं'** શબ્દ છે. એને ટાળવું મહા મહા અશક્ય. એનો અર્થ મહાપુરુષાર્થ છે. અશક્ય નથી. પણ **'दुर्वारं'** તો છે. આહાહા! પુણ્ય-પાપ ને એના ફળમાં અનાદિનો પ્રેમ પડ્યો છે. એના રસને લીધે મિથ્યાત્વને છોડવો **'दुर्वारं'** છે. આહાહા! સમજાણું કાંઈ? છતાં પોતાની ચીજ અંદર છે એને... આહાહા! છે? આહાહા!

**'भूतार्थपरिग्रहेण एकवारं विलयं व्रजेत्'** આહાહા! અંતર પરમાત્મસ્વરૂપને એકવાર ગ્રહણ કરવાથી, ભાષા અહીંયા એવી છે. સત્યાર્થ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપને એકવાર ગ્રહણ કરવાથી. એકવારનો અર્થ અહીંયા અન્તર્મુહૂર્ત કર્યો. ત્રિકાળ આત્મા ભૂતાર્થ છે એનો જો એક ક્ષણ પણ અનુભવ કરે... **'परिग्रहेण'** પૂર્ણાનંદના નાથને **'परि'** એટલે સમસ્ત પ્રકારે ગ્રહણ કરે, પર્યાયમાં એનો આદર કરે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

ત્રિકાળી સ્વરૂપને કારણપરમાત્મા કહે છે. ત્રિકાળી સ્વરૂપને કારણજીવ કહે છે. દ્રવ્યને-જીવદ્રવ્યને. એને અહીંયા ભૂતાર્થ કહ્યું છે. અને ૧૧મી ગાથામાં પણ એને ભૂતાર્થ કહ્યું. **'भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो'** ૧૧મી ગાથા જૈન શાસનનો પ્રાણ છે. ૧૧મી ગાથા જૈન શાસનનો પ્રાણ છે, ધર્મના પ્રાણ છે. આહાહા! જૈનદર્શન કોઈ પક્ષ નથી. વસ્તુના સ્વભાવનો એ પ્રાણ છે. આહાહા!

એકવાર પણ ભૂતાર્થ ભગવાનઆત્મા (લક્ષમાં આવે)... આહાહા! પર ઉપરની દૃષ્ટિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છોડીને સમ્યગ્દર્શનની પર્યાય કે જ્ઞાનની પર્યાયમાં એને પકડવો, જ્ઞાન સ્વભાવને જ્ઞાનની પર્યાયથી પકડવો, અનુભવ કરવો. આહાહા! પુણ્ય-પાપનો અનુભવ તો અનંતવાર થયો. અને એ દુઃખનો અનુભવ છે. દુઃખના અનુભવના ફળમાં ચાર ગતિ એ પણ દુઃખ છે. સ્વર્ગ ગતિ પણ પરાધીન દુઃખ છે. આહાહા! સમજાણું કાંઈ? 'પંચાસ્તિકાય'માં કહ્યું કે ચારેય ગતિ પરાધીન છે, ભાઈ! આહાહા! ત્યાં સ્વર્ગમાં પણ રાગનું વેદન પરાધીન દુઃખનું વેદન છે. એકવાર એ વેદન છોડીને... આહાહા! ભગવાન જ્યાં પરિપૂર્ણ જેની સત્તા અંદર છે. ઉત્પાદ-વ્યયની સત્તા તો એક સમયની છે. ધ્રુવની સત્તા ત્રિકાળ છે. એ ન પડે અને પૂર્ણ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે એવી ચીજ છે. સમ્યગ્દર્શન પામે અને પડી જાય એવી નમાલી વાત અહીંયા નથી લેતા. એ જ્ઞાન કરાવવા કહે. સમજાણું કાંઈ?

'પ્રવચનસાર'ની ૯૨મી ગાથામાં છે. એકવાર અમારો આત્મા સમ્યગ્દર્શન પામ્યો, વસ્તુની સ્થિતિ (જાણી), હવે અમને ફરીને મિથ્યાત્વ નહિ થાય. અરે..! પણ તમે છદ્મસ્થ સાધુ છો, પંચમઆરાના સાધુ અને આટલું જોર! સર્વજ્ઞના વિરહમાં! અમે કહીએ છીએ, સાંભળને. આહાહા! 'ડાલચંદજી'! દિગંબર સંતોના પોકાર છે. અહીં એ પોકાર 'અમૃતચંદ્રાચાર્ય' કરે છે. 'કુંદકુંદાચાર્ય'નો પણ એ (પોકાર) છે. પ્રભુ પરમાત્મ સ્વરૂપનો એકવાર સ્પર્શ કર્યો... જુઓ! અહીં પુણ્ય-પાપનો સ્પર્શ તો અનંતવાર કર્યો પણ ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, સચ્ચિદાનંદ પ્રભુ, જેની પર્યાયના આનંદ આગળ ઇન્દ્રના ઇન્દ્રાસનો અને કરોડો અપ્સરાના જે ભોગ એ ઝેર જેવા લાગે એવો અનુભવ છે. આહાહા!

પોતાનો આત્મા આનંદસ્વરૂપ પ્રભુ ભૂતાર્થ છે, સત્યાર્થ છે, કારણપ્રભુ છે. તો એણે કહ્યું કે કારણ છે તો કાર્ય કેમ નથી આવતું? કારણ છે એવો સ્વીકાર ક્યાં કર્યો છે? સ્વીકાર વિના કારણ છે એમ ક્યાંથી આવ્યું? કારણપરમાત્મા ભૂતાર્થ છે, તો કારણ છે તો કાર્ય કેમ ન આવ્યું? પણ કારણ છે એમ સ્વીકાર ક્યાં થયો છે? આહાહા! પરિગ્રહણ નથી કર્યું, એને પકડ્યો નથી. છે એવું પર્યાયમાં ભાન થાય તો, પર્યાયમાં ભાન થાય તો છે. ભાન ન હોય તો છે એમ ક્યાં આવ્યું? આહાહા! 'જ્ઞાનચંદજી'! અહીં પ્રશ્ન તો ઘણા ચાલ્યા છે.

એક વારિયાજી છે. એણે તો સમજવા માટે પ્રશ્ન કર્યો હતો. 'ત્રિભુવનભાઈ'એ. એના પિતાજી 'વીરજીભાઈ' હતા. કાઠિયાવાડમાં દિગંબરનો અભ્યાસ પહેલા એને જ હતો. 'જામનગર'માં 'વીરજી વકીલ' હતા. કાઠિયાવાડમાં દિગંબર શાસ્ત્રનો સૌથી પહેલો અભ્યાસ એમને હતો. એ ૯૨-૯૩ વર્ષે ગુજરી ગયા. એના દીકરા છે. બધાને પ્રેમ છે અહીંનો. એણે આ પ્રશ્ન કર્યો હતો. કે તમે કારણ પરમાત્મા કારણ પરમાત્મા કહો છે. કારણ હોય તો કાર્ય થવું જોઈએ. કોને? કારણપરમાત્મા છે એવો સ્વીકાર થયો એને કાર્ય થવું જ જોઈએ.

મુમુક્ષુ :– એ વાત જાણતા નથી.

ઉત્તર :– જાણતા નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાન અંદર સત્યાર્થ એટલે સચ્ચિદાનંદ પ્રભુ છે. આહાહા! પોતાના સ્વભાવની ધ્રુવતાથી બિરાજમાન પરમાત્મા અંદર છે. એનો પર્યાયમાં સ્વીકાર કર્યા વિના એ છે એમ ક્યાંથી આવ્યું? ભાઈ! આહાહા! ... છે તો છે. પણ કોને છે? માને એને. સમજાણું કાંઈ? આહાહા!

અહીં કહે છે... આવે છે. સંતોના અધ્યાત્મના મોટા દરિયા ઉછળ્યા છે. આહાહા! આ એક શબ્દમાં તો બહુ ગંભીરતા છે. અહીં તો એમ કહે છે કે અનાદિના પુણ્ય અને પાપ અને એના ફળમાં અહંકાર એ મિથ્યાત્વભાવ પ્રભુ! તે અનંતવાર કર્યા. એ જૂઠા ભાવ છે, અસત્ય ભાવ છે. અને તારી ચીજથી પુણ્ય-પાપ અને ફળને અધિકરૂપે સ્વીકારવાથી તારી ચીજની નીચતા તને ખ્યાલમાં આવી. પેલાની અધિકતા થઈ, આની નીચતા થઈ. આહાહા! એકવાર પ્રભુ તારી અધિકાઈનો સ્વીકાર કર અને એ નીચતાનો અનાદર કર. સમજાણું કાંઈ? 'પોપટભાઈ'! આ તમારા પૈસા પણ એમાં આવે, હોં! પૈસા અંદર ખેંચે. છ છોકરા 'હસમુખ' ને ફલાણું. એમ તો 'હસમુખ' આવ્યો છે. આ અક્ષર કોર્તયા છે ને એ એમનો મોટો દીકરો ત્યાંથી લઈ આવ્યો છે. શું કહેવાય એ? 'ઈટાલી'. ત્યાં ગયો હતો. ત્યાંથી એ લઈ આવ્યો. પોતે, હોં! અમારે જોઈએ છે. અમારે ત્યાં ધંધો નથી કરવો. ધર્મના અક્ષર લખવા છે. એમ મહેનત કરીને લઈ આવ્યો. ૨૯ હજારનું. છે ને? મશીન છે આ. મશીનથી કોતર્યું છે ને આ? સાડા ત્રણ લાખ (અક્ષરો) મશીનથી કોતર્યા છે. લખવામાં પાંચ વર્ષ થાય. આ તો પાંચ મહિનામાં પૂરું થઈ ગયું. ૨૯ હજારનું મશીન આવ્યું, ૨૦ હજારનો ખર્ચ થયો. અને ડાઈના ૪૯ હજાર થયા. ૬૦ હજાર. ૬૯ હજાર, હોં! ૭૦માં એક ઓછા. પૈસા પડ્યા છે, મશીન છે 'મગનભાઈ'ની પાસે. આહાહા! એ પણ જ્યારે થવાનું હોય ત્યારે થાય છે. સમજાણું કાંઈ? એ તરફનું આકર્ષણ છોડી દે, કહે છે. આહાહા!

અરે..! ત્રણલોકના નાથની દિવ્યધ્વનિ તરફનું આકર્ષણ છે એ પણ છોડી દે. પ્રભુ કહે છે કે અમારી વાણી સાંભળવાથી તને વિકલ્પ થશે. કેમકે અમે પરદ્રવ્ય છીએ. આહાહા! 'મોક્ષપાહુડ'ની ૧૬મી ગાથામાં તો એમ કહ્યું. **'परदव्वादो दुग्गइ'** પ્રભુ! તારી અપેક્ષાથી અમે પરદ્રવ્ય છીએ. અમારા તરફના લક્ષથી તને રાગ થશે. એ ચૈતન્યની ગતિ નથી, એ દુર્ગતિ છે. અર..ર..! ધર્મીને પણ વ્યવહાર ભાવ આવે છે પણ હેયબુદ્ધિએ આવે છે. ભક્તિનો, પૂજાનો ભાવ તો આવે છે પણ એ હેયબુદ્ધિએ છે. ઉપાદેયબુદ્ધિ તો એકલી ભૂતાર્થની છે. આહાહા!

ભગવાનઆત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણમિદં. અન્યમતિમાં પૂર્ણમિદં એમ કહે છે. પણ પૂર્ણમિદંનો અર્થ પૂર્ણ ધ્રુવસ્વરૂપ છે એને પૂર્ણમિદં કહે છે. અન્યમતિમાં પૂર્ણમિદં કરીને 'ગીતા'માં કહે છે. પૂર્ણઇદં એટલે આ પૂર્ણ છે. ઇદં આ પૂર્ણ છે. એમ આ ધ્રુવ પૂર્ણ છે. સમજાણું કાંઈ? આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(અહીંયા) એમ વાત તો કરી કે પરનો અહંકાર છોડવો દુર્વાર છે, બાપુ! મહાપુરુષાર્થ છે. એમ એ હટે નહિ. પણ જો એકવાર પણ તારા ભૂતાર્થનું પરિગ્રહણ કર્યું... આહાહા! પછી મિથ્યાત્વ નહિ થાય એમ કહે છે. સમજાણું કાંઈ? પ્રભુ! તમે છદ્મસ્થ છો ને? પંચમઆરાના સંત છો ને? તમે ભગવાન પાસે ગયા હતા, ભગવાને કહ્યું કે તમને સમકિત થયું છે એ નહિ પડે? અમારા આત્માએ કહ્યું છે. 'જ્ઞાનચંદજી'! સમજાણું કાંઈ?

એ 'પ્રવચનસાર'ની ૯૨મી ગાથામાં એમ કહ્યું છે. અમને જે આગમકુશળતાથી અમારો અનુભવ થયો એ હવે નહિ પડે. એ અનુભવની દૃષ્ટિથી અમે કેવળજ્ઞાન લઈશું. આહાહા! વચ્ચે પડી જાય ને મિથ્યાત્વ આવે ને એ વાત અમને લાગુ નથી પડતી. સમજાણું કાંઈ? આહાહા! અંદર કેટલું જોર છે! 'ધન્નાલાલજી'! આહાહા! આ શરાફ બજાર ચાલે છે. આ બેય શેઠિયા શરાફવાળા છે. સમજાણું કાંઈ?

કાલે રૂપિયાનું કહ્યું હતું ને? કે ખોટા રૂપિયાને શરાફ આગળ ન ચલાવે. જડી દ્યો અહીંયા. એમ ખોટી શ્રદ્ધા, ખોટા જ્ઞાન શરાફ બજાર જ્ઞાની નહિ ચલાવે. એ 'મોક્ષમાર્ગપ્રકાશક'માં આવે છે, ભાઈ! 'મોક્ષમાર્ગપ્રકાશક'માં આવે છે. કે કોઈ પરંપરા જૂઠી ચલાવી હોય તો એ જૂઠીનો નિષેધ કરનાર આત્મા નીકળશે જ. 'મોક્ષમાર્ગપ્રકાશક'માં છે. સમજાણું કાંઈ? આહાહા! ખોટી વાત નહિ ચાલે. જૈનદર્શન, વીતરાગમાર્ગ પરમાત્માનો... આહાહા! એમાં કોઈએ ખોટી પરંપરા ચલાવી હોય. એવો પુરુષ નીકળે કે એ પરંપરા ન ચલાવે. એમાં લખ્યું છે. આહાહા! એવો આત્મા નીકળે જ. આહાહા!

અહીં કહે છે કે **'भूतार्थपरिग्रहेण एकवारं'** ભૂતાર્થનો અર્થ શું કર્યો? શુદ્ધ સ્વરૂપ. **'भूतार्थ'**નો અર્થ શુદ્ધ સ્વરૂપ એટલે ત્રિકાળ સત્ય ધ્રુવ, કારણપ્રભુ, **'परिग्रहेण'**નો અર્થ શું કર્યો? અનુભવ દ્વારા. આખી ધ્રુવ ચીજને પકડી લીધી. આહાહા! જ્ઞાનની પર્યાયે આખા ધ્રુવને પકડમાં લઈ લીધો, અનુભવમાં લઈ લીધો. અનુભવ તો પર્યાયનો થાય છે પણ ધ્રુવનો અનુભવ એમ કહેવામાં આવે છે. રાગનો અનુભવ હતો એ અપેક્ષાએ અહીંયાં ધ્રુવનો અનુભવ કહેવામાં આવ્યો છે. પણ અનુભવ તો પર્યાયમાં થાય છે. અનુભવ કાંઈ ધ્રુવમાં નથી થતો. સમજાણું કાંઈ? આહાહા!

૧૧મી ગાથામાં પણ એમ કહ્યું છે. ૧૧મી છે ને? **'भूदत्थमस्सिदो खलु'** જ્ઞાયકભાવ જે તિરોભૂત હતો, દૃષ્ટિથી વિપરીતતામાં હતો... આહાહા! જ્યાં સમ્યગ્દર્શન થયું તો જ્ઞાયકભાવ આવિર્ભાવ થયો એવો પાઠ છે. જ્ઞાયકભાવનો આવિર્ભાવ થાય અને તિરોભાવ થાય એમ ખરેખર થતું જ નથી. જ્ઞાયકભાવ તો ત્રિકાળ જ્ઞાયકભાવ જ છે. પણ પાઠ એવો લીધો છે કે સમ્યગ્દર્શન વિના જ્ઞાયકભાવ તિરોભૂત હતો. દૃષ્ટિમાં નહોતો તો તિરોભૂત હતો. અને દૃષ્ટિમાં આવ્યો તો જ્ઞાયકભાવનો આવિર્ભાવ થયો એમ કહ્યું. જ્ઞાયકભાવનો આવિર્ભાવ નથી થતો. જ્ઞાયકભાવ તો ત્રિકાળ જ્ઞાયકભાવ જ છે. પણ અનુભવ થયો તો જ્ઞાયકભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવિર્ભાવ થયો એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– દૃષ્ટિમાં આવ્યો ત્યારે...

ઉત્તર :– ત્યારે આવિર્ભાવ થયો એમ કહેવામાં આવ્યું. બાકી જ્ઞાયકભાવ તો ત્રિકાળ જ્ઞાયકભાવ જ છે.

'પ્રવચનસાર'ની ૨૦૦ ગાથામાં આવે છે ને? 'પ્રવચનસાર'ની ૨૦૦ ગાથા. કે જ્ઞાયકભાવ તો જ્ઞાયકભાવ ત્રિકાળ રહ્યો છે. ભલે ઊંધું માને. 'પ્રવચનસાર'ની ૨૦૦ ગાથા છે. જ્ઞાયકભાવ ભગવાન ચૈતન્યરસકંદ ધ્રુવ એ જ્ઞાયકભાવ તો અનાદિથી એવો જ છે. એમાં કોઈ ગડબડ થઈ નથી. ગડબડ તો પર્યાયમાં થાય છે. સમજાણું કાંઈ? છતાં પણ ત્યાં એમ કહ્યું. અહીંયાં પણ એમ કહ્યું **'भूतार्थपरिग्रहेण'** ભૂતાર્થનો અનુભવ. છે? શુદ્ધ સ્વરૂપનો અનુભવ. શુદ્ધ સ્વરૂપ ધ્રુવનો અનુભવ છે? પણ એનો અર્થ એમ કે ધ્રુવનો સ્વીકાર થયો, પર્યાયમાં અનુભવ આવ્યો એને ધ્રુવનો અનુભવ થયો એમ કહેવામાં આવે છે. અનુભવ તો પર્યાય છે. આહાહા! સમજાણું કાંઈ? ધ્રુવ જે સદૃશ્ય વસ્તુ એનો અનુભવ પર્યાયમાં ક્યાંથી આવે? સમજાણું કાંઈ? આહાહા! જરી સૂક્ષ્મ વાત છે. આ શ્લોક જ એવો છે. આહાહા!

મુમુક્ષુ :– આપ તો સૂક્ષ્મને પણ મોટી કરી દ્યો છો.

ઉત્તર :– આ તો ભગવાનનો માર્ગ આવો છે.

મુમુક્ષુ :– અનુભવ તો પર્યાય છે, એનો અનુભવ કરે એ તો ...

ઉત્તર :– એ તો ધ્રુવ છે, દ્રવ્ય છે. દ્રવ્યનો અનુભવ થાય છે? દ્રવ્યનો અનુભવ થયો. રાગનો અનુભવ થાય છે એ અજ્ઞાનનો અનુભવ છે, તો આ ધ્રુવનો અનુભવ થયો એમ કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ? આવી વાત છે. આ તો વીતરાગી સંતો કેવળજ્ઞાનના કેડાયતો એની વાત છે. બાપુ! આ કાંઈ વાર્તા-કથા નથી. દિગંબર સંતો એટલે કોણ! આહાહા! પરમાત્માના વારસદાર. શું કહેવાય તમારે? વારસદાર. દિગંબર સંતો એટલે પરમાત્માના વારસદાર. આહાહા!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આ તો મુનિની વાત કરીએ છીએ. મુનિ ચારિત્રવંત, આનંદકંદમાં (મગ્ન રહેનારા)! આહાહા! 'સમયસાર'ની પાંચમી ગાથામાં લીધું છે ને? કે અમારા વૈભવથી અમે કહીશું. અમારો વૈભવ શું છે? કે અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વસંવેદન, એમાં આનંદની મહોરછાપ પડી છે એ અમારો વૈભવ છે. મુનિરાજ 'કુંદકુંદાચાર્ય' એમ કહે છે. આહાહા! અમારા નિજ વૈભવથી કહીશું. આ તમારા ધૂળના વૈભવની વાત નથી, હોં! એય...! 'પોપટભાઈ'! એ તો બધો કચરો છે. આહાહા!

અહીં કહે છે કે એકવાર પણ ભૂતાર્થનું પરિગ્રહણ થાય... ઓહોહો..! એકવાર તારું પડખું ફરી જાય... આહાહા! પર્યાય અને રાગ ઉપર તારી રુચિ અને તારું સર્વસ્વ ત્યાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચોંટેલું છે તો એમાં સર્વસ્વ નથી. સર્વસ્વ તો ધ્રુવમાં છે, ભૂતાર્થમાં છે. આહાહા! સર્વસ્વ-આખો સાર પડ્યો છે. જેમાંથી અનંત કેવળજ્ઞાન પ્રગટ થાય, એવી અનંતી પર્યાય પ્રગટ થાય એવો નિધાન ધ્રુવ છે. કેવળજ્ઞાન એક સમયમાં ત્રણકાળ ત્રણલોક દેખે એવી એક પર્યાય, એવી બીજે સમયે બીજી એમ સાદિ અનંત અનંત પર્યાય છે. આહાહા! જ્યારથી ઉત્પન્ન થઈ તે અનંતકાળ રહેશે પણ ભિન્ન ભિન્ન થઈને રહેશે. એવી અનંત કેવળજ્ઞાનની પર્યાયનો પિંડ જ્ઞાનગુણ છે. આહાહા!

એવી અનંતી પર્યાયનો, શ્રદ્ધાની અનંતી પર્યાયનો પિંડ શ્રદ્ધાશક્તિ છે. એમ અતીન્દ્રિય આનંદની પર્યાય ભગવાનને પ્રગટી એ અતીન્દ્રિય આનંદ તો એક સમય રહે છે. બીજે સમયે બીજો, ત્રીજા સમયે ત્રીજો... એમ સાદિ અનંત-અનંત આનંદ, એવો અનંત આનંદનો પિંડ એ આનંદગુણ ધ્રુવમાં છે. આવી વાત છે, ભાઈ! 'નંદકિશોરજી'! વીતરાગમાર્ગ માણસે સાંભળ્યો જ નથી કે વીતરાગ શું કહે છે. આહાહા!

જેમાં ભૂતાર્થપરિગ્રહણ જ્યાં થયું તો પર્યાયમાં વીતરાગતા થઈ. પર્યાયમાં જ રાગ અને પરનું વેદન હતું તે વિકારનું વેદન હતું, વિકાર હતો. એ અજ્ઞાનમાં તો વિકાર વ્યક્ત એટલે પ્રગટ થયો. આહાહા! ચાહે તો શુભરાગ હો પણ એ અજ્ઞાન અને વિકાર વ્યક્ત પ્રગટ છે. આહાહા! ભગવાનઆત્મા... એક લીટીમાં ઘણું ભર્યું છે. એની ચર્ચા 'નંદલાલ' .. લોકો પણ કહે છે કે સમકિતી પડી જાય છે. પડી જાય છે એ તો કોઈ વ્યક્તિનું જ્ઞાન કરાવ્યું છે. અહીં તો કહે છે કે પડવું એ અમારા ચોપડામાં નથી. 'જ્ઞાનચંદજી'! ઓલો કહેતો હતો ને? ઓલો નહિ? કોણ ઓલો? 'નેપોલિયન બોનાપાર્ટ', 'નેપોલિયન'. અમારા ચોપડામાં અમે હારી જઈશું એ વાત જ નથી. અમે જ્યાં જઈશું ત્યાં અમે જીતીશું. 'નેપોલિયન' કહેતો હતો. જોયું છે ને અમે તો બધું જોયું છે. નાની ઉંમરમાં નાટક પણ જોયા છે. ધર્મના નાટક, હોં! ધર્મના નાટક.

એકવાર નહોતું કહ્યું? છોકરાને ઝુલાવતા હતા. 'વડોદરા'માં નાટક (જોયું હતું). (સંવત) ૧૯૬૪ની સાલની વાત છે. સંવત્ ૧૯૬૪. કેટલા વર્ષ થયા? ૭૦ વર્ષ થયા. ૧૮ વર્ષની ઉંમર હતી અને ૭૦ થયા અત્યારે તો ૮૮ છે. નાટક જોવા ગયા હતા ત્યાં બાઈ ઝુલાવતી હતી. બેટા! 'નિર્વિકલ્પો અહમ્' આપણે 'સમયસાર'માં આવે છે. સમજાણું કાંઈ? બંધ અધિકાર છે ને? એમાં આવે છે. **'तस्य बंधस्य विनाशार्थ'** બંધના નાશને માટે **'विशेषभावनामाह'** વિશેષરૂપી ભાવના **'आह'** નામ કહે છે. 'જયસેનાચાર્ય' **'सहजशुद्धज्ञानानंदैकस्वभावोऽहं,...'** હું તો સ્વભાવિક સહજાનંદ સ્વરૂપ છું. આહાહા! આગળ તો લેશે કે બધા જીવ એવા છે. બધા જીવ ભગવાન પૂર્ણાનંદથી ભરેલા છે. આહાહા! પર્યાયદૃષ્ટિ તેં છોડી તો એ પર્યાયદૃષ્ટિથી પરને ન જો. છે?

**'सहजशुद्धज्ञानानंदैकस्वभावोऽहं, निर्विकल्पोहं,'** આ શબ્દ ત્યાં બાઈ બોલી હતી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



૧૯૬૪ની સાલમાં નાટકમાં, હોં! 'निर्विकल्पोहं,' બેટા! ઉદાસીન. જુઓ! 'उदासीनोहं' આપણે અહીંથી નીકળ્યું. 'निरंजननिजशुद्धात्मसम्यक्श्रद्धानज्ञानानुष्ठानरूपनिश्चयरत्नत्रयात्मक निर्विकल्पसमाधि-संजातवीतरागसहजानंदरूपसुखानुभूतिमात्रलक्षणेन...' આહાહા! 'स्वसंवेदनज्ञानेन संवेद्यो गम्यः' હું તો મારા જ્ઞાનનું વેદન કરનારો એવો હું છું. એવો હું ગમ્ય છું. સ્વસંવેદન-પોતાના જ્ઞાનથી ગમ્ય છું. રાગથી ગમ્ય નથી. આહાહા! આ બે-ત્રણ શબ્દ યાદ રહી ગયા છે. ૭૦ વર્ષ પહેલાની વાત છે ને. 'निर्विकल्पोहं, उदासीनोहं' એમ એ બાઈ નાટકમાં હાલરડા ગાતી હતી.

અહીં તો ભગવાન આચાર્ય મહારાજ કહે છે કે પ્રભુ! તું આવી ભાવના કર ને. આહાહા! છે? 'प्राप्यः, भरितावस्थोऽहं' હું સ્વભાવની પૂર્ણતાથી ભરેલો ભગવાન છું. આહાહા! 'भरितावस्थोऽहं' અવસ્થા એટલે પર્યાય ન લેવી. અ નિશ્ચય સ-મારામાં નિશ્ચયથી ભરિત અવસ્થાથી ભરેલો છું. ભાષા અવસ્થા છે. પણ અવસ્થાનો અર્થ અહીં પર્યાય ન લેવી. અવ-સ્થ. અવ-નિશ્ચય. મારી ચીજમાં નિશ્ચયથી પૂર્ણ સ્વભાવ ભરેલો છે. આહાહા! આ ભૂતાર્થની વાત ચાલે છે. આહાહા!

'राग-द्वेष-मोह-क्रोध-मान-माया-लोभ–पंचेन्द्रियविषयव्यापार' એનાથી રહિત છું. 'मनोवचनकायव्यापारद्रव्यकर्म...' એ દ્રવ્યકર્મ છાપવાનું ભૂલાઈ ગયું છે. છાપવામાં ભૂલ છે. 'પરમાત્મપ્રકાશ'માં છે. અહીંયા ભૂલ છે. 'द्रव्यकर्म-भावकर्म-नोकर्म-ख्याति-पूजा-लाभ-दृष्टश्रुतानुभूतभोगाकांक्षारूपनिदानमायामिथ्याशल्यत्रयादिसर्वविभावपरिणामरहितः शून्योऽहं...' હું તો વિકલ્પથી શૂન્ય પરમાત્મા છું. આહાહા! ત્રણ જગ્યાએ છે. બંધ અધિકારમાં છે, છેલ્લે સર્વવિશુદ્ધ અધિકારમાં છે અને 'પરમાત્મપ્રકાશ'માં છેલ્લે છે. 'જયસેનાચાર્ય'નો આ અધિકાર ત્રણ જગ્યાએ છે.

હવે કહે છે 'जगत्रये' ત્રણ જગતમાં ત્રણકાળમાં 'मनवचनकायैः कृतकारितानुमतैश्च शुद्धनिश्चयेन, तथा सर्वे जीवाः...' એવા છે. આહાહા! સર્વ લોકમાં, સર્વ કાળમાં, સર્વ જીવ પરિપૂર્ણ સ્વભાવથી ભરેલા બધા ભગવાન છે. 'પોપટભાઈ'! છે? આહાહા! 'सर्वे जीवाः इति निरंतर भावना कर्तव्या' નિરંતર આ ભાવના કરવી. આહાહા! ત્રણલોક, ત્રણકાળ સર્વ જીવ પરિપૂર્ણ સ્વભાવથી ભરેલા છે એવી ભાવના કરવી. આહાહા! સમજાણું કાંઈ? 'सर्वे जीवाः इति निरंतर' સર્વ જીવ એવા છે, અભવિ પણ એવા છે. આહાહા! એની તો પર્યાયમાં ભૂલ છે. બધા અભવિ પણ પૂર્ણ આનંદ અને પૂર્ણ સ્વભાવથી ભરેલા છે. સમજાણું કાંઈ?

એકવાર કહ્યું હતું ને? (સંવત) ૧૯૮૫માં પ્રશ્ન ઉઠ્યો હતો. અમે તો સ્થાનકવાસી સંપ્રદાયમાં હતા ને? તો ૧૯૮૫માં પ્રશ્ન ઉઠ્યો. ૮૫ની સાલ. કેટલા વર્ષ થયા? ૪૮. ૫૦માં બે ઓછા. એક સાધુ હતા એણે મોહનમાળા બનાવી. તો એમાં એમ લખ્યું હતું કે અભવિને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ત્રણ આવરણ છે. મતિ, શ્રુત અને અવધિ ત્રણ આવરણ હોય છે. મનઃપર્યય અને કેવળજ્ઞાન આવરણ નથી હોતું. એમ લખ્યું હતું. કેમકે એને મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન નથી માટે આવરણ નથી. એવું પુસ્તક બનાવ્યું હતું. ચર્ચા થઈ. આ શું કહો છો? શું લખ્યું છે? અભવિને પાંચ આવરણ છે. શક્તિરૂપે કેવળજ્ઞાન છે એનું આવરણ છે. ત્રણ આવરણ નથી. મતિ, શ્રુત અને અવધિ ત્રણ જ આવરણ નથી. પાંચ આવરણ છે. ભાઈ! ૧૯૮૫ની સાલમાં. ૪૮ વર્ષ પહેલા. અમે કોઈ પક્ષમાં નહોતા. સત્ય શું છે? અમે સંપ્રદાયમાં આવી ગયા માટે અહીં રહીશું એમ ન માનો. કીધું. અમે તો જ્યાં સત્ય હશે ત્યાં જઈશું. અભિવને ત્રણ આવરણ છે એમ કહ્યું. ૧૯૮૫ની સાલમાં 'વઢવાણ'માં. એની દીક્ષા ૫૦ વર્ષની. મારી દીક્ષા થોડી. ૧૫ વર્ષની. અને એની ૫૦-૫૦ વર્ષની દીક્ષા. પણ અમારી છાપ એવી હતી ને. લોકો ડરતા. ડરે. 'કાનજીસ્વામી'નું લોકો માનશે અને આપણું નહિ માને. એના સાધુ હતા. એ કહેતા હતા. એ ગુરુને કહે, 'કાનજીસ્વામી' કહે એ સાંભળો. ૫૦ વર્ષની દીક્ષા હતી. બાપુ! આ કોઈ પક્ષનો માર્ગ નથી. આ તો વસ્તુનું સ્વરૂપ એવું છે. અભવિને પણ પાંચ આવરણ છે. ખુલતું નથી માટે પાંચ આવરણ નથી અને ત્રણ આવરણ છે એમ વાત નથી.

એમ અહીંયા કહે છે, સર્વ જીવો પૂર્ણ કેવળજ્ઞાન આનંદથી ભરેલા પરિપૂર્ણ છે. અભવિ પણ એવા છે. છે? અહીં ભૂતાર્થ જે કહ્યું એ ભૂતાર્થ સત્યાર્થથી તો બધા જીવ પરિપૂર્ણ ભરેલા છે. આહાહા! અરે..! એને વિશ્વાસ કેમ આવે? વેદાંત તો કહે એક આત્મા સર્વવ્યાપક છે. વેદાંત સર્વવ્યાપક એક આત્મા જ છે (એમ કહે છે). અહીં તો અનંત જીવો નિગોદના જીવો, ડુંગળી અને લસણની એક રાય જેટલી કટકીમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંત જીવ અને એક એક જીવ સર્વ પરિપૂર્ણ ગુણથી ભરેલા છે. પર્યાયમાં ફેર છે, વસ્તુમાં ક્યાં ફેર છે? સમજાણું કાંઈ? 'પંચાસ્તિકાય'માં આવ્યું છે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચોઇન્દ્રિય, પંચેન્દ્રિય એમાં સળંગ ધ્રુવ પરમાત્મા ધ્રુવરૂપે તો કાયમ બિરાજે જ છે. એકેન્દ્રિયરૂપ, બેઇન્દ્રિયરૂપ થયો જ નથી. આહાહા!

અહીં એ કહે છે, '**भूतार्थपरिग्रहेण**'. આહાહા! ગજબ વાત છે! આચાર્યની લાઈન...! ભૂતાર્થ શુદ્ધ સ્વરૂપ, ત્રિકાળી શુદ્ધ સ્વરૂપ. એકેન્દ્રિયના, નિગોદના જીવ પણ શુદ્ધ સ્વરૂપે છે. આહાહા! સમજાણું કાંઈ? અભવિ અને નિગોદના જીવ પણ શુદ્ધ સ્વરૂપે છે. એક રાયના ટુકડામાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંત જીવ. એક એક જીવ શુદ્ધ સ્વરૂપે ભૂતાર્થ સત્યાર્થ પડ્યા છે. એની દૃષ્ટિમાં નથી પણ વસ્તુમાં નથી, એમ નથી. સમજાણું કાંઈ? આવો માર્ગ કોઈ દિ' સાંભળવા મળે નહિ. આ તો અપૂર્વ વાતું છે, ભગવાન! અતીન્દ્રિય આનંદના કંદથી પરિપૂર્ણ પરમાત્મા બધા બિરાજે છે. આહાહા! તારો જેવો દ્રવ્યસ્વભાવ છે એવો જ સર્વ જીવોનો દ્રવ્યસ્વભાવ એકસરખો છે. ભૂલ આદિ છે, સંસાર આદિ છે એ તો પર્યાયમાં છે. સંસાર પણ પર્યાયમાં, મોક્ષમાર્ગ પણ પર્યાયમાં અને સિદ્ધ પણ પર્યાયમાં. દ્રવ્ય તો ત્રિકાળી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે એ છે. આહાહા! 'નંદકિશોરજી'! સમજાય છે? આહાહા!

આમાં તો હજી વિશેષ લેવું છે. **'भूतार्थपरिग्रहेण'** એટલે **'एकवारं'** શબ્દ છે ને? તો **'एकवारं'**નો અર્થ અંતર્મુહૂર્ત કર્યો. અંતર્મુહૂર્ત માત્ર જ્યાં સ્વભાવમાં ગયો અને પ્રતીતિ-અનુભવ થયો... આહાહા! તો **विलयं व्रजेत् 'વિનાશને પામે.'** મિથ્યાત્વનો નાશ થાય અને એકવાર સ્વરૂપની પ્રાપ્તિ થઈ જાય. આહાહા!

**'ભાવાર્થ આમ છે કે જીવને યદ્યપિ મિથ્યાત્વ-અંધકાર અનન્ત કાળથી ચાલ્યો આવ્યો છે...'** એમાં આવ્યું હતું ને? **'અનાદિ કાળથી એક સંતાનરૂપ ચાલ્યો આવ્યો છે.'** ચોથી લીટી છે. છે ને? **'आसंसारतः एव धावति'** છે? **'आसंसारतः एव धावति'** આહાહા! અનાદિકાળથી. આ તો મુનિ સંતોની અધ્યાત્મની વાણી છે. એ કાંઈ વાર્તા-કથા છે? એના શબ્દોમાં તો મહા ગંભીરતા ભરી છે. આહાહા! અરે..! દુનિયાના ભાગ્ય કે આ વસ્તુ રહી ગઈ. વિરહ પડ્યા, સંતોના વિરહ પડ્યા, કેવળીઓના વિરહ પડ્યા પણ એની વાણી રહી ગઈ. આહાહા! એ પણ દિગંબર સંતો સિવાય ક્યાંય નથી, બાપા, હોં! બીજાને દુઃખ લાગે, શું થાય? સમજાણું કાંઈ? એ શ્વેતાંબર, સ્થાનકવાસીમાં પણ આ ચીજ નથી. આહાહા!

એક શ્લોક તો, જુઓ! **'भूतार्थपरिग्रहेण एकवारं विलयं व्रजेत्'** અંતર્મુહૂર્તમાં જો નાશ થાય.. આહાહા! **'જો સમ્યક્ત્વ થાય તો મિથ્યાત્વ છૂટે, જો એક વાર છૂટે તો,...'** **'अहो तत् आत्मनः भूयः बन्धनं किं भवेत्'** આહાહા! **'હે જીવ!'** છે? **'હે જીવ!'** ભગવાન! તું કેવો છો પૂર્ણાનંદ નાથ? તારી ભૂતાર્થશક્તિની પ્રાપ્તિ થાય અને મિથ્યાત્વનો નાશ થાય... આહાહા! **'તે કારણથી આત્માને અર્થાત્ જીવને ફરીને એકત્વબુદ્ધિ શું થાય? અર્થાત્ ન થાય.'** આહાહા! અરે..! સમકિત પડી જશે? અરે..! પડવાની શું વાત કરે છે તું? ભગવાન દ્રવ્ય પડે તો સમકિત પડે. ભૂતાર્થ ભગવાન ચિદાનંદ પ્રભુની દૃષ્ટિ થઈ અને મિથ્યાત્વનો નાશ થયો તો ફરી મિથ્યાત્વ ઉત્પન્ન થાય એમ ત્રણકાળમાં બનતું નથી. આહાહા! જુઓ! આ વાણી.

પ્રભુ! છદ્મસ્થ છો ને. પંચમઆરામાં કેવળી પાસે ગયા નહિ ને આટલું જોર! 'કુંદકુંદાચાર્ય' તો ગયા હતા. આ 'અમૃતચંદ્રાચાર્ય'ના કળશ છે. 'કુંદકુંદાચાર્ય' (સીમંધર) ભગવાન પાસે ગયા હતા. આ ભગવાન પાસે. હું પણ ભગવાન પાસે ગયો છું. આ (પોતાના) ભગવાન. અહીં કહે છે આહાહા! અરે...! આવી વાતું ભાગ્યશાળીને સાંભળવા મળે એવી ચીજ છે. આહાહા!

કહે છે, એકવાર પણ **'व्रजेत्'** **'હે જીવ!'** **'अहो '** ની વ્યાખ્યા કરી. **'तत् आत्मनः भूयः बन्धनं किं भवेत्'** **'તે કારણથી આત્માને અર્થાત્ જીવને ફરીને એકત્વબુદ્ધિ શું થાય?'** રાગની એકત્વબુદ્ધિ તોડીને સ્વભાવની એકત્વબુદ્ધિ થઈ તો ફરીને રાગની એકત્વબુદ્ધિ કેમ થાય? બિલકુલ નહિ થાય. આહાહા! સમજાણું કાંઈ? દ્રવ્યનો નાશ થાય તો દ્રવ્યની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એકતાબુદ્ધિનો નાશ થાય, એમ કહે છે. આહાહા! છે તો ક્ષયોપશમ સમકિતી. આચાર્ય ક્ષયોપશમ સમકિતી છે. ક્ષાયિકસમકિતી નથી. કારણ કે ભગવાન પાસે જાય તેને ક્ષાયિકસમકિત થાય. 'કુંદકુંદાચાર્ય' ભગવાન પાસે ગયા હતા પણ ક્ષાયિકસમકિત નથી થયું પણ અપ્રતિહત્ દર્શન થયું કે જે સમકિત થઈને કેવળજ્ઞાન લેશે. છે ક્ષયોપશમ પણ કેવળજ્ઞાન લેશે, ક્ષાયિક લેશે એવું એ ક્ષયોપશમ (સમકિત) છે. એ પોકાર 'અમૃતચંદ્રાચાર્ય' કરે છે. સમજાણું કાંઈ? આહાહા!

'બહેન'ને પણ જાતિસ્મરણમાં એમ આવ્યું છે. 'ચંપાબહેન'ને જાતિસ્મરણમાં એમ આવ્યું કે સમકિત બે પ્રકારના છે. એક જોડણી ક્ષાયિક અને એક પ્રગટ ક્ષાયિક. એવું જાતિસ્મરણમાં આવ્યું છે. અમે જોયું છે. પુસ્તકમાં લખ્યું છે. જોડણી ક્ષાયિક એમ આવ્યું છે. ભગવાન પાસે સાંભળ્યું છે. એટલે ક્ષયોપશમ સમકિત છે એ ક્ષાયિક થશે એને જોડણી ક્ષાયિક કહે છે.

મુમુક્ષુ :– થશે જ.

ઉત્તર :– થશે જ, પડે નહિ. છે તો આ ક્ષયોપશમ સમકિત, પણ થશે જ. અને એ ક્ષાયિક પ્રગટ વર્તમાન છે. એ તો વર્તમાન છે જ. પણ ક્ષયોપશમ (સમકિત) ક્ષાયિક થશે એવું જોડણી ક્ષાયિક છે એ વાત અહીંયા ભગવાન કહે છે. આહાહા! સમજાણું કાંઈ? એવી વાત છે, ભાઈ! આ તો વિશ્વાસ કરવો કઠણ જગતને.

અરે..! એ 'બહેન'ને માટે લોકો જૂઠા લખે છે. કોણ છે એ બહેનની ખબર નથી. એ કોઈ 'ચંપાબહેન' હશે કોઈ બગડી ગયેલ. હવે એનું અહીં લગાડી દીધું. અર..ર..ર..! અને આને તો કાંઈ ખબર પણ નથી. આ કોણ છે.. કોણ છે... કોઈ 'ચંપા...' છે ખરી. એક બાઈ હતી. બગડ્યું. એ અહીં લગાડી દીધું કે શિથિલ થયા, વિપરીત થયા તો અહીં આવી ગયા. અર..ર..! પ્રભુ! આવું જૂઠું ન હોય, બાપુ! ભાઈ! તને મુશ્કેલ પડશે. એ વિપરીત પરિણામનું ફળ આકરું આવે, ભાઈ! આહાહા!

અહીં કહે છે કે **'भूयः बन्धनं किं'**. એ 'નંદલાલ' એમ કહેતા હતા કે એ ભલે પડી જાય પણ સમ્યગ્દર્શન તો રહે. એની શ્રદ્ધાનું અસ્તિત્વ રહે નહિ. પડી જાય પછી ન રહે. નિગોદમાં ચાલ્યો જાય છે. ભવકટી કરી છે તો પછી હવે અનંત ભવ નહિ રહે. પણ અહીં તો પડી જાય એ વાત જ નથી. અમારા ચોપડામાં એ નથી. આહાહા! **'કેવો છે આત્મા?'** જ્ઞાનનો ઘન છે એ તો **'જ્ઞાનનો સમૂહ છે.'** જ્ઞાનનો ચૈતન્યપ્રકાશનો પિંડ છે. પુણ્ય-પાપ અને એના ફળના અંધકારથી ચૈતન્યપ્રકાશ ભિન્ન છે. ચૈતન્યપ્રકાશનો સૂર્ય ભિન્ન છે. જ્ઞાનનો ઘન છે. આહાહા!

**'ભાવાર્થ–શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં સંસારમાં પરિભ્રમણ થતું નથી.'** એવી થોડી વાત કહી. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



( અનુષ્ટુપ )

आत्मभावान् करोत्यात्मा परभावान् सदा परः।
आत्मैव ह्यात्मनो भावाः परस्य पर एव ते।।११-५६।।

**ખંડાન્વય સહિત અર્થ :– 'आत्मा आत्मभावान् करोति' ( आत्मा ) જીવદ્રવ્ય ( आत्मभावान् ) પોતાના શુદ્ધચેતનારૂપ અથવા અશુદ્ધચેતનારૂપ રાગ-દ્વેષ-મોહભાવ, ( करोति ) તે-રૂપે પરિણમે છે. 'परः परभावान् सदा करोति' ( परः ) પુદ્ગલદ્રવ્ય ( परभावान् ) પુદ્ગલદ્રવ્યના જ્ઞાનાવરણાદિરૂપ પર્યાયને ( सदा ) ત્રણે કાળે ( करोति ) કરે છે. 'हि आत्मनः भावाः आत्मा एव' ( हि ) નિશ્ચયથી ( आत्मनः भावाः ) જીવના પરિણામ ( आत्मा एव ) જીવ જ છે. ભાવાર્થ આમ છે કે ચેતનપરિણામને જીવ કરે છે, તે ચેતનપરિણામ પણ જીવ જ છે, દ્રવ્યાન્તર થયું નથી. 'परस्य ते परः एव' ( परस्य ) પુદ્ગલદ્રવ્યના ( ते ) પરિણામ ( परः एव ) પુદ્ગલદ્રવ્ય છે, જીવદ્રવ્ય થયું નથી. ભાવાર્થ આમ છે કે જ્ઞાનાવરણાદિ કર્મનું કર્તા પુદ્ગલ છે અને વસ્તુપણ પુદ્ગલ છે, દ્રવ્યાન્તર નથી. ૧૧-૫૬.**

**શ્રાવણ સુદ ૫, શુક્રવાર તા.૧૯.૦૮.૧૯૭૭**
**કળશ - ૫૬-૫૭, પ્રવચન - ૭૧**

'કળશટીકા' ૫૫ (કળશ) થઈ ગયો ને? ભાવાર્થ :- '**શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં સંસારમાં પરિભ્રમણ થતું નથી.**' ઓહો..! ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પવિત્ર છે. એ પુણ્ય અને પાપના વિકલ્પથી રહિત એવી જે શુદ્ધ સ્વરૂપ ચીજનો અનુભવ થતાં પરિભ્રમણ કરવું પડતું નથી. જ્યાં સુધી શુદ્ધ સ્વરૂપનો અનુભવ નથી ત્યાં સુધી પુણ્ય-પાપ કરે છે અને પરિભ્રમણ કરે છે. આહાહા! સમજાણું કાંઈ? ભાવાર્થની એક લીટી બાકી હતી. આહાહા! ૫૬.

आत्मभावान् करोत्यात्मा परभावान् सदा परः।
आत्मैव ह्यात्मनो भावाः परस्य पर एव ते।।११-५६।।

**'आत्मा आत्मभावान् करोति' 'જીવદ્રવ્ય...'** જોયું! શબ્દ આત્મા છે તો જીવદ્રવ્ય કહ્યું. કોઈ પાછા એમ કહે કે આત્મા ભિન્ન અને જીવદ્રવ્ય ભિન્ન છે. એ માટે આટલો શબ્દ લીધો. વેદાંતમાં આત્માને ભિન્ન કહે છે, જીવને ભિન્ન કહે છે. આત્મા શુદ્ધ છે તેને આત્મા કહે અને પુણ્ય-પાપવાળા ભાવને જીવ કહે. એમ છે નહિ. તેથી આ ગ્રંથકારે '**आत्मा**' મૂળમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શબ્દ છે. એને જીવદ્રવ્ય કહ્યું. જીવદ્રવ્ય કહો કે ભગવાનઆત્મા કહો, બે એક જ ચીજ છે.

**'आत्मभावान्'** ભાષા જુઓ! **'પોતાના શુદ્ધચેતનારૂપ...'** આત્મભાવ. જ્ઞાન અને આનંદરૂપી પરિણમન થવું એને શુદ્ધ ચૈતન્યનો ભાવ કહેવાય છે, એને ધર્મપરિણતિ કહે છે. **'आत्मभावान्'** **'પોતાના શુદ્ધચેતનારૂપ..'** એ **'आत्मभावान्'**. શુદ્ધની અપેક્ષાએ પોતાનો શુદ્ધ ચૈતન્ય એ **'आत्मभावान्'** આહાહા! પુણ્ય-પાપના રાગથી ભિન્ન, પોતાના સ્વભાવથી અભિન્ન એવો આત્મા એનું શુદ્ધ ચૈતન્ય પરિણમન, સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ, મતિ-શ્રુત જ્ઞાનાદિનું શુદ્ધ પરિણમન કે કેવળજ્ઞાનાદિનું શુદ્ધ પરિણમન એ **'आत्मभावान्'**. આહાહા! **'आत्मभावान्'** **'करोति'** શબ્દ છે ને? **'करोति'** ની વ્યાખ્યા એનું પરિણમન થવું, એવો એનો અર્થ લીધો છે. **'करोति'**નો અર્થ પરિણમવું, બસ એટલો અર્થ લીધો છે. આહાહા! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યરૂપી ભાવ, શુદ્ધ ઉપયોગરૂપી ભાવ એને **'करोति'** એટલે પરિણમે છે, **'करोति'** એટલે પરિણમે છે. આહાહા!

**'અથવા અશુદ્ધચેતનારૂપ રાગ-દ્વેષ-મોહભાવ, करोति તે-રૂપે પરિણમે છે.'** ચાહે તો શુદ્ધ પરિણતિરૂપ કહો કે અજ્ઞાનભાવે અશુદ્ધ પરિણતિ કહો પણ એને આત્મભાવ કહે છે. અશુદ્ધચેતના રાગ-દ્વેષ, મિથ્યાત્વરૂપે (પરિણમે) તેને પણ અહીંયા આત્મા જીવદ્રવ્યનું અશુદ્ધ પરિણમન જીવનો ભાવ છે એમ કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? એ પુદ્‌ગલનો નહિ. એમ અહીં કહે છે.

મુમુક્ષુ :– ... એટલે અહીં સિદ્ધ કરે છે.

ઉત્તર :– બીજા લોકો રાગ-દ્વેષ-મોહને પુદ્‌ગલ કહે. એ કઈ અપેક્ષાએ? એ તો ચૈતન્યસ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન, એની જ્યાં અનુભવદૃષ્ટિ થઈ, સમ્યગ્દર્શન થયું એ અપેક્ષાએ વિકારના પરિણામને પુદ્‌ગલના પરિણામ કહીને ભિન્નતા કરાવી છે. અહીં તો એની પર્યાયમાં પર્યાયને કરનારો પોતે જ છે. આહાહા!

**'પોતાના શુદ્ધચેતનારૂપ...'** ભાષા એમ છે ને? **'અથવા અશુદ્ધચેતનારૂપ રાગ-દ્વેષ-મોહભાવ करोति તે-રૂપે પરિણમે છે.'** આહાહા! અહીં તો એ સિદ્ધ કરવું છે કે ચાહે તો પોતાના શુદ્ધ સ્વરૂપે પરિણમો, પર્યાયમાં થાઓ કે ચાહે તો અશુદ્ધ પરિણમો, પણ એ પુદ્‌ગલદ્રવ્યની કર્મની પર્યાયનો એ કર્તા નથી. અને પુદ્‌ગલની ઉદયિક ક્રિયા છે એ અશુદ્ધ પરિણતિને કરતી નથી. સમજાણું કાંઈ? આવી વાત બહુ સૂક્ષ્મ.

**'પોતાના શુદ્ધચેતનારૂપ અથવા અશુદ્ધચેતનારૂપ રાગ-દ્વેષ-મોહભાવ તે-રૂપે પરિણમે છે.'** **'सदा'** શબ્દ એમાં નથી લીધો. પણ એ **'सदा'** લઈ લેવો. પાછળ **'सदा'** શબ્દ આવે છે ને? **'परभावान् सदा'** તો આમાં પણ **'सदा'** શબ્દ લેવો. પોતાનો આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જ્ઞાન અને આનંદરૂપે પરિણમે, મતિ-શ્રુત-જ્ઞાનાદિનું પરિણમન થાઓ કે કેવળજ્ઞાનરૂપે પરિણમો પણ સદા પોતાની પરિણતિરૂપ જ પરિણમનાર છે. આહાહા! એમ કહીને **'सदा'** જડની

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાયનો કર્તા નથી. એ માટે **'સદા'** શબ્દ વાપર્યો છે. કોઈ કાળે પણ કર્મની પર્યાય કરે, શરીરની કરે, વાણીની કરે એમ છે નહિ. આહાહા! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– શરીરની સંભાળ તો રાખવી પડે ને.

ઉત્તર :– કોણ સંભાળ કરે? ભગવાન! આ તો માટી-ધૂળ છે. એના ક્રમબદ્ધમાં જે પર્યાય થવાની હશે તે થશે. ક્રમબદ્ધ તો બપોરે આવે છે ને? એ પરમાણુમાં પણ જે સમયે જે પર્યાય થવાની હશે તે થશે. એમાં-પરમાં આત્મા ફેરફાર કરે એમ તો છે જ નહિ પણ પોતાની પર્યાય ક્રમસર થાય છે એમાં પણ આત્મા ફેરફાર કરી શકે નહિ. આહાહા! એવી વસ્તુની મર્યાદા છે. સમજાણું કાંઈ?

**'परः परभावान् सदा करोति'** **'પુદ્‌ગલદ્રવ્ય પુદ્‌ગલદ્રવ્યના જ્ઞાનાવરણાદિરૂપ પર્યાયને...'** **'સદા'** શબ્દ છે ને? **'ત્રણે કાળે કરે છે.'** આહાહા! એ જ્ઞાનાવરણી પર્યાયરૂપે પરિણમે એ પુદ્‌ગલ પરિણમે છે. આત્મા એ રૂપે પરિણમતો નથી. આત્મા કર્મને પરિણમાવતો નથી. આહાહા! અહીંયાં તો બે-ચાર શ્લોકથી કર્મ અને આત્માની વાત ચાલે છે. જેટલા પ્રમાણમાં રાગ-દ્વેષ છે... શું છે? જેટલા પ્રમાણમાં રાગ-દ્વેષનું પરિણમન છે, તેટલા પ્રમાણમાં દર્શનમોહ, ચારિત્રમોહનું કર્મ બંધાય છે. છતાં એ પર્યાયનો કર્તા આત્મા નથી. આહાહા! જીવ ઇચ્છારૂપે પરિણમો. પણ આ શરીરને પરિણમાવી શકે, હલાવી શકે, ભાષા કરી શકે એમ ત્રણકાળમાં નથી. આહાહા! **'જ્ઞાનાવરણાદિરૂપ પર્યાયને ત્રણેકાળે કરે છે.'**

**'हि आत्मनः भावाः आत्मा एव'** હવે શું કહે છે? **'નિશ્ચયથી જીવના પરિણામ જીવ જ છે.'** આહાહા! એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપણે પરિણમે તો પણ એ જીવ છે અને રાગ-દ્વેષ-મોહરૂપ પરિણમે તો પણ એ જીવ છે. સમજાણું કાંઈ? છે? પહેલા બે ખુલાસા કર્યા કે આત્મા શુદ્ધ-અશુદ્ધ ચેતનારૂપ પરિણમે છે. પુદ્‌ગલ પોતાની પર્યાયને કરે. બસ એટલી વાત લીધી. હવે અહીંયાં આત્મા જે શુદ્ધ-અશુદ્ધપણે પરિણમે છે એ જીવ જ છે, આત્મા જ છે. આહાહા! મિથ્યાત્વપણે પરિણમે તોપણ એ આત્મા છે, એ કાંઈ પુદ્‌ગલ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? પહેલી વાત એ કહી કે આત્મા સદા પોતાની શુદ્ધ-અશુદ્ધ પરિણતિરૂપ પરિણમે છે. પરથી નહિ. અને પુદ્‌ગલ પોતાની પર્યાયરૂપ પરિણમે છે એ જીવની પરિણતિને નથી કરતું. એટલી વાત.

મુમુક્ષુ :– પહેલા પરિણતિ સાથે સંબંધ બતાવ્યો.

ઉત્તર :– પરિણતિ એની છે એ બતાવ્યું. હવે એ પરિણતિ જીવની છે એમ કહે છે. ચાહે તો મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, કેવળજ્ઞાનપણે થાઓ, તો પણ એ આત્મા જ છે. ચાહે તો મિથ્યાત્વરૂપે અને રાગ-દ્વેષરૂપે થાઓ તોપણ એ આત્મા જ છે. અહીં તો પુદ્‌ગલ નથી એમ સિદ્ધ કરવું છે ને. સમજાણું કાંઈ? આહાહા!

મુમુક્ષુ :– પર્યાયને તો વેષ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– વેષ કહ્યું ને અહીં. એની પર્યાય છે તો જીવ જ છે. પરથી ભિન્ન કરવું છે. પાછળ કળશ આવશે. ૫૭મો કળશ આવશે. ૫૭-૫૮-૫૯. આહાહા!

**'જીવના પરિણામ જીવ જ છે. ભાવાર્થ આમ છે કે ચેતનપરિણામને જીવ કરે છે, તે ચેતનપરિણામ પણ જીવ જ છે,...'** જીવ પોતાની શુદ્ધ પરિણતિ કરો કે અશુદ્ધપરિણતિ કરો, પણ એ જીવ જ છે. એને પુદ્‌ગલની સાથે કોઈ સંબંધ નથી. આહાહા! **'ભાવાર્થ આમ છે કે ચેતનપરિણામ જીવ કરે છે, તે ચેતનપરિણામ પણ જીવ જ છે, દ્રવ્યાન્તર થયું નથી.'** શું કહે છે? જીવ ચાહે તો શુદ્ધ-અશુદ્ધપણે પરિણમો, અશુદ્ધપણે પરિણમો પણ દ્રવ્યાન્તર પરરૂપે થતું નથી. પોતાની પર્યાયરૂપ રહ્યું છે. દ્રવ્યાન્તર-અનેરા દ્રવ્યરૂપે. વિકારપણે પરિણમ્યો તો અનેરા દ્રવ્યરૂપે થઈ ગયો એમ નથી. આહાહા! સમજાણું કાંઈ?

**'परस्य ते परः एव' 'પુદ્‌ગલદ્રવ્યના પરિણામ પુદ્‌ગલદ્રવ્ય છે, જીવદ્રવ્ય થયું નથી.'** જ્ઞાનાવરણી આદિ આઠ કર્મની પર્યાય, જે કર્મવર્ગણા હતી એ કર્મની પર્યાયપણે પરિણમી એ અજીવ છે, પુદ્‌ગલ છે, એ જીવ નથી. આહાહા! **'પરિણામ પુદ્‌ગલદ્રવ્ય છે, જીવદ્રવ્ય થયું નથી. ભાવાર્થ આમ છે કે જ્ઞાનાવરણાદિ કર્મનું કર્તા પુદ્‌ગલ છે...'** આહાહા! છ પ્રકાર જ્ઞાનાવરણી બંધનમાં કારણ છે ને? 'તત્ત્વાર્થસૂત્ર'. ક્યાં ગયા? 'પંડિતજી'!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ. જ્ઞાનાવરણી છ પ્રકારે બંધાય છે. પણ એ છ પ્રકારનું પરિણમન એ જીવનું છે, એ જીવ છે. અને જ્ઞાનાવરણી જે બંધાય છે એ પુદ્‌ગલ છે. છ પ્રકારે બંધાય છે એમ કહ્યું એ તો નિમિત્તથી કથન છે. આહાહા! આવે છે ને? છ પ્રકારે જ્ઞાનાવરણી, છ પ્રકારે દર્શનાવરણી, વેદનીય, મોહનીય. આહાહા! એ ભાવ જે છે એનો કર્તા જીવ છે, જીવ જ છે. પણ પુદ્‌ગલ જે પરિણમે છે એને એમ કહ્યું કે છ કારણે જ્ઞાનાવરણી બંધાયું. તો જ્ઞાનાવરણીની પર્યાય છ કારણથી નથી થઈ. એની પર્યાયથી જ્ઞાનાવરણી પર્યાય થઈ એમ કહે છે. સમજાણું કાંઈ? એવો જડ અને ચેતન વચ્ચે ભેદ છે.

**'અને વસ્તુ પણ પુદ્‌ગલ છે,...'** શું કહે છે? એ આઠ કર્મની પર્યાયરૂપે પરિણમે છે એ જડ છે, આત્મા નથી. આહાહા! **'દ્રવ્યાન્તર નથી.'** એ પુદ્‌ગલની પર્યાય જ્ઞાનાવરણીરૂપે થઈ, તો જીવરૂપ થઈ એવું દ્રવ્યાન્તર નથી. અનેરા દ્રવ્યપણે નથી થયું, પોતાના દ્રવ્યની પર્યાયપણે થયું છે. આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



( વસન્તતિલકા )

अज्ञानतस्तु सतृणाभ्यवहारकारी
ज्ञानं स्वयं किल भवन्नपि रज्यते यः।
पीत्वा दधीक्षुमधुराम्लरसातिगृद्धया
गां दोग्धि दुग्धमिव नूनमसौ रसालम्।।१२-५७।।

**ખંડાન્વય સહિત અર્થ :– 'यः अज्ञानतः तु रज्यते' ( यः ) જે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ ( अज्ञानतः तु ) મિથ્યા દૃષ્ટિથી જ ( रज्यते ) કર્મની વિચિત્રતામાં પોતાપણું જાણીને રંજાયમાન થાય છે તે, [તે જીવ કેવો છે ?] 'सतृणाभ्यवहारकारी' ( सतृणा ) ઘાસ સહિત ( अभ्यवहारकारी ) આહાર કરે છે. ભાવાર્થ આમ છે કે જેમ હાથી અન્ન-ઘાસ મળેલાં જ બરાબર જાણીને ખાય છે, ઘાસનો અને અન્નનો વિવેક કરતો નથી, તેમ મિથ્યાદૃષ્ટિ જીવ કર્મની સામગ્રીને પોતાની જાણે છે, જીવનો અને કર્મનો વિવેક કરતો નથી. કેવો છે? 'किल स्वयं ज्ञानं भवन् अपि' ( किल स्वयं ) નિશ્ચયથી સ્વરૂપમાત્રની અપેક્ષાએ ( ज्ञानं भवन् अपि ) જોકે જ્ઞાનસ્વરૂપ છે. વળી જીવ કેવો છે? 'असौ नूनम् रसालम् पीत्वा गां दुग्धम् दोग्धि इव' ( असौ ) આ છે જે વિદ્યમાન જીવ ( नूनम् ) નિશ્ચયથી ( रसालम् ) શિખંડ ( पीत्वा ) પીને એમ માને છે કે ( गां दुग्धम् दोग्धि इव ) જાણે ગાયનું દૂધ પીએ છે. શાનાથી? 'दधीक्षुमधुराम्लसातिगृद्धया' ( दधीक्षु ) શિખંડમાં ( मधुराम्लस ) મીઠા અને ખાટા સ્વાદની ( अतिगृद्धया ) અતિશય આસક્તિથી. ભાવાર્થ આમ છે કે સ્વાદલંપટ થયો થકો શિખંડ પીએ છે, સ્વાદભેદ કરતો નથી. એવું નિર્ભેદપણું માને છે કે જેવું ગાયનું દૂધ પીતાં નિર્ભેદપણું માનવામાં આવે છે. ૧૨-૫૭.**

---

હવે ૫૭મો શ્લોક.

अज्ञानतस्तु सतृणाभ्यवहारकारी
ज्ञानं स्वयं किल भवन्नपि रज्यते यः।
पीत्वा दधीक्षुमधुराम्लरसातिगृद्धया
गां दोग्धि दुग्धमिव नूनमसौ रसालम्।।१२-५७।।

અહો..! **'यः अज्ञानतः तु रज्यते' 'જે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ...'** આહાહા! અનાદિથી પોતાના આનંદ અને શુદ્ધ સ્વરૂપના ભાન વિનાનો અજ્ઞાની **'મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાદૃષ્ટિથી જ...' 'अज्ञानतः'** કર્મને કારણે નહિ. **'મિથ્યાદૃષ્ટિથી જ કર્મની વિચિત્રતામાં પોતાપણું જાણીને**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**રંજાયમાન થાય છે...**' આહાહા! કર્મની રાગ-દ્વેષરૂપ પર્યાય અને કર્મની પૈસા-લક્ષ્મી-આબરૂની પર્યાય એ બધી કર્મની સામગ્રી છે. પહેલા કહ્યું હતું કે રાગ-દ્વેષ જીવ ભાવના છે. અહીં હવે થોડું લે છે. અંદરમાં પુણ્ય-પાપનો ભાવ થાય અને એનો બંધ થાય અને એનાથી આ પૈસા, લક્ષ્મી આદિ ધૂળ મળે એ બધી કર્મની સામગ્રી છે. સમજાણું કાંઈ? પોતાનો આનંદસ્વરૂપ ભગવાન છે એની એ સામગ્રી નથી. આહાહા!

શું કહે છે? '**કર્મની વિચિત્રતામાં...**' એ વિચિત્રતા છે. પુણ્ય-પાપના અનેક પ્રકારના ભાવ અને એના કર્મબંધનથી અનેક પ્રકારની અનુકૂળતાની, પ્રતિકુળતાની સામગ્રીના ગંજ છે એ બધી કર્મની સામગ્રી છે. આહા..! '**તે જીવ કેવો છે?**' અજ્ઞાનથી રંજાયમાન થાય છે. આહાહા! પોતાપણું જાણીને રંજાયમાન થાય છે. આહાહા! શરીર, પુણ્ય-પાપના ભાવ, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ, પરિવાર, મકાન, બંગલા, આબરૂ એ બધી કર્મની સામગ્રી છે. એમાં પોતાપણું માનીને મૂંઢ જીવ મિથ્યાદષ્ટિને સેવે છે. આહાહા!

'**રંજાયમાન થાય છે...**' આહાહા! '**પોતાપણું જાણીને રંજાયમાન થાય છે...**' એ સિદ્ધાંત કહ્યો. હવે દૃષ્ટાંત આપે છે. '**सतृणाभ्यवहारकारी**' '**ઘાસ સહિત આહાર કરે છે.**' હાથી. હાથીને અધમણ ઘાસ નાખે અને સાથે અધમણ ચુરમું નાખે. ચુરમું કહે છે? લાડુ. હાથીને ભાન ન હોવાથી તે એ ઘાસના પડછા લાંબા પહોળા હોય છે. ટૂંકા ઘાસ નહિ પણ લાંબુ પહોળું ઘાસ હોય છે ને? એ ઘાસ નાખે. તો પડછામાં ચુરમાને એકઠું કરીને ખાય. એ ઘાસ અને ચુરમું ભિન્ન છે એની ખબર નથી. પડછા સમજો છો?

મુમુક્ષુ :– પુળા.

ઉત્તર :– પુળા નહિ. એ ઘાસ પોળું આટલું પહોળું હોય છે. એકલું લાંબુ ઘાસ નહિ. અમારી ભાષામાં...

મુમુક્ષુ :– ...

ઉત્તર :– નહિ. નહિ. એ ઘાસ આટલું પહોળું. ચાર-ચારતસુ પાંચતસુ પહોળું. સમજ્યા? આમ પહોળું અને લાંબુ ઘાસ હોય. એ નાખે તો એમાં ચુરમાને ભેગું કરીને ખાય. જેમ આ રોટલીમાં દાળ નાખીને ખાય ને?

મુમુક્ષુ :– એ પુળામાં ચુરમું છે.

ઉત્તર :– પુળામાં ચુરમું છે. એ ઘાસના પોળામાં પોળા છે. પોળા તો આખી વસ્તુને કહે છે. પણ એ ઘાસ પડછા હોય છે. હાથી એમાં ભેગું કરીને ખાય છે. ભાન વિનાનો, વિવેક નથી. અરે..રે..! તે ઘાસની સાથે ચુરમું ભેગુ કરીને ખાય છે. એમ અજ્ઞાની... આહાહા! છે? '**જેમ હાથી અન્ન-ઘાસ મળેલાં જ બરાબર જાણીને ખાય છે,...**' બરાબર જાણીને ખાય છે. ઘાસ અને ચુરમું-અનાજ બે એક જ ચીજ છે એમ માનીને ખાય છે. આહાહા! '**ઘાસનો અને અન્નનો વિવેક કરતો નથી,...**' આ તો હજી દૃષ્ટાંત છે, હોં!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'તેમ મિથ્યાદષ્ટિ જીવ...'** જેને ચૈતન્યસ્વરૂપ ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યઘન છે એવી દૃષ્ટિ નથી અને રાગને પોતાનો માનીને **'કર્મની સામગ્રીને પોતાની જાણે છે,...'** એ રાગને પોતાનો માનીને અનુભવે છે. રાગ ઘાસ સમાન છે અને ભગવાન આનંદસ્વરૂપ છે. ફેર એટલો છે કે એમાં ચુરમા અને ઘાસ બે ભિન્ન ચીજ છે. અહીયાં આનંદ છે અને એની સાથે રાગ-ઘાસ છે. તો ઘાસ રાગ અને આનંદને સાથે અનુભવે છે એમ નથી. શું કહ્યું?

જેમ હાથી છે એ ઘાસ અને ચુરમુ બે ભેગું કરીને ખાય છે તો અજ્ઞાની છે. એમ અહીંયા આત્માનો આનંદ અને રાગનું દુઃખ બેને એકરૂપે અનુભવે છે. પણ જેમ ઓલા ઘાસમાં ચુરમું છે એમ રાગમાં આનંદ છે એમ નથી. સમજાણું કાંઈ? દૃષ્ટાંતમાં જે છે કે એ તો ચુરમું અને ઘાસ ભેગું કરીને ખાય છે. એમ ભાષાથી સમજાવાય છે. ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ, જેમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ છે એ સ્વાદને છોડીને રાગ અને પુણ્ય-પાપના ભાવના સ્વાદનો લંપટી થઈને એ વિકારનો સ્વાદ લે છે.

મુમુક્ષુ :– એને જ આનંદ માને છે.

ઉત્તર :– માને છે. એમાં આનંદ છે નહિ. આનંદ તો ભગવાનઆત્મામાં છે પણ એની તો ખબર નથી.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા. હાથી ઘાસ અને અનાજ બે ભેગા કરીને ખાય છે. ઘાસ અને અનાજનો વિવેક નથી. એમ અહીંયા પુણ્ય-પાપ અને આત્માને ભેગા કરીને ખાય છે એનો અર્થ આનંદની સાથે રાગને ખાય છે એમ નથી. આનંદ તો આનંદ છે અંદર. પણ એનું લક્ષ છોડીને એકલા રાગ અને દ્વેષનો અનુભવ કરે છે એ ઘાસ ખાય છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! અરે..! અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ, કહે છે. અતીન્દ્રિય આનંદના સ્વભાવનો સાગર, નાથ! એની સત્તાનો સ્વીકાર નથી. એ આનંદસ્વરૂપ ભગવાનઆત્માની સત્તાનો સ્વીકાર નથી અને એ પુણ્ય-પાપના ભાવ અસંખ્ય પ્રકારના છે. અસંખ્ય પ્રકાર (છે). શુભભાવના પણ અસંખ્ય પ્રકાર, અશુભભાવના પણ અસંખ્ય પ્રકાર છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એવા અસંખ્ય પ્રકારના ભાવ છે. એ અજ્ઞાની પોતાના આનંદના ભાવને છોડીને ઘાસતુલ્ય જે વિકાર છે એને અનુભવે છે. 'પોપટભાઈ'! આમ વાત છે.

મુમુક્ષુ :– બહુ સરસ વાત છે.

ઉત્તર :– આવું અનાદિથી કરે છે, બાપા! ભાઈ! શું કરે છે તું આ? કહે છે.

એ હાથીને જેમ ઘાસ અને અનાજના જુદાપણાનો વિવેક નથી એમ તને પુણ્ય-પાપના ભાવ અને ભગવાન ભિન્ન છે એનો વિવેક નથી. આહાહા!

મુમુક્ષુ :– પશુ જેવું જીવન છે.

ઉત્તર :– ઢોરથી બેજ છે. પશુમાં તો કોઈ સમ્યગ્દષ્ટિ થાય છે. એ આત્માનો અનુભવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરે છે. અઢી દ્વીપ બહાર અસંખ્ય સિંહ, વાઘ, મચ્છ, હજાર યોજનના મચ્છ એવા અસંખ્ય બહાર સ્વયંભૂ રમણસમુદ્રમાં પડ્યા છે. પંચમ ગુણસ્થાનવાળા સમકિતી, આત્માના આનંદના રસીલા, તિર્યંચ. અહીંયા પણ હતા ને? 'ભરત' હતા ને 'ભરત'? 'રામ'ના ભાઈ 'ભરત'. 'ભરત' શણગારેલા હાથી ઉપર બેસીને ભગવાનના દર્શન કરવા જતા હતા. ત્યાં 'ભરત'ને વૈરાગ્ય થયો. આ 'ભરત' એટલે 'ભરતચક્રવર્તી' નહિ. 'રામચંદ્રજી'ના ભાઈ. એ દીક્ષીત થયા. એ હાથી ઉપર બેસતા હતા એ હાથી અને એ પૂર્વભવમાં મિત્ર હતા. તે હાથીને જાતિસ્મરણ થયું. આપણે ત્યાં સ્વાધ્યાય મંદિરમાં છે. એ તો આત્મા છે ને? આહાહા! અંદરમાં પૂર્વભવની સ્મૃતિ આવી. ધારણામાં તો પડી હતી. અવગ્રહ, ઇહા, અવાય, ધારણામાં તો બધી શક્તિ, સ્મૃતિ પડી હતી.

મુમુક્ષુ :– વ્યક્ત થઈ ગઈ.

ઉત્તર :– વ્યક્ત થઈ ગઈ. આહાહા!

અરે..! હું કોણ હતો? કોણ છું? અરે..! મારો મિત્ર તો દીક્ષીત થઈ ગયો. આહાહા! સમજાણું કાંઈ? એ હાથીના હોદ્દે બેસીને 'ભરત' આવ્યા હતા. એ બધો શણગાર-બણગાર છોડી દીધો. અને પંદર-પંદર દિવસે આહાર લેવો એવી પ્રતિજ્ઞા કરી. સમ્યગ્દષ્ટિ, જાતિસ્મરણવાળા. પશુ તો દેહ-જડ છે. એની સાથે શું સંબંધ છે? ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ (બિરાજે છે).

એ તો કાલે નહોતું કહ્યું? **'सर्वे जीवाः'**. સર્વ કાળમાં, સર્વ ક્ષેત્રમાં લોકાલોકમાં પરિપૂર્ણ શક્તિથી ભરેલા ભગવાન છે. સર્વ જીવ એમ છે. સમજાણું કાંઈ? કાલે બંધ અધિકારમાં કહ્યું હતું ને? **'सर्वे जीवाः'** આહાહા! જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ અને પ્રભુતા આદિ શક્તિથી પરિપૂર્ણ ભરેલા ભગવાનઆત્મા બધા છે. પર્યાયમાં ભૂલ છે એ દૃષ્ટિ છોડી દે. **'सर्वे जीवाः'** સર્વ કાળે, સર્વ ક્ષેત્રમાં પોતાની પૂર્ણ શક્તિના ભંડારથી ભરેલા પરમાત્મા છે. આહાહા! સમજાણું કાંઈ? એ વાત છે ને? શ્લોકમાં આવે છે. 'સર્વ જીવ છે જ્ઞાનસમ'

મુમુક્ષુ :– ..એવો જે સમભાવ..

ઉત્તર :– સામાયિકમાં આવે છે. સામાયિકમાં આવે છે ને? 'સર્વ જીવ તે જ્ઞાનમયી' જ્ઞાનનો પુંજ, આનંદનો પુંજ. આહાહા! એવો આત્મા પોતાના આનંદને છોડીને અજ્ઞાની ઘાસ સમાન... હાથી વિવેક રહિત ઘાસ અને ચુરમાને ખાય છે, એ તો દૃષ્ટાંતનો એક અંશ લેવો. એમ ભગવાનઆત્મા આનંદસ્વરૂપને છોડીને... એમાં આનંદ અને રાગ ભેગો છે એમ અહીં નથી. એમાં તો ચુરમા અને ઘાસ ભેગા છે. અહીં આનંદ અને રાગ ભેગા છે એમ નથી. એકઠાનો અર્થ એટલો કે આનંદનો નાથ ભગવાનઆત્મા એની પર્યાયમાં આનંદ તો નથી, તો એકલા રાગ અને દ્વેષનો સ્વાદ વિવેક વિનાના અજ્ઞાની લે છે. આહાહા! સમજાણું કાંઈ? છે ને?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'જીવનો અને કર્મનો વિવેક કરતો નથી.'** આહાહા! છે? **'કર્મની સામગ્રીને પોતાની જાણે છે,...'** આહાહા! એ પૈસા ને છોકરા ને 'હસમુખ' ને પોતાના દીકરા છે એમ જાણે. એય..! 'પોપટભાઈ'! 'પોપટભાઈ'નો દાખલો આપીએ ને. મોઢા આગળ (બેઠા છે). આ શેઠ લ્યોને, 'માણેકચંદ' અમારો દીકરો છે. ક્યાં દીકરા કોના કહેવા? આહાહા! એ તો બધી કર્મની સામગ્રી છે. પૈસા, આબરુ, મકાન, નોકર-ચાકરના ઠાઠ જામે છે એ તો બધી જડકર્મની સામગ્રી છે. આહાહા! એ સામગ્રીને પોતાની માનીને રાગ અને દ્વેષનો અનુભવ કરે છે એ હાથી સમાન અવિવેકી છે. આહાહા! સમજાણું કાંઈ? અહીં સુધી લઈ ગયા. કર્તાકર્મ (અધિકાર) છે ને.

વિકારી પરિણામનો કર્તા વિકારી પરિણામ છે જીવની પર્યાય પણ અહીં તો ત્યાં સુધી લીધું કે વિકારી પરિણામનો કર્તા થઈને.. 'કરે કર્મ સો હી રે કરતારા.' 'બનારસીદાસ'નું વાક્ય છે. અહીં 'અમૃતચંદ્રાચાર્ય' (કહે છે). 'કરે કર્મ સો હી કરતારા, જો જાણે સો જાણનહારા. કર્તા સો જાણે નહિ કોઈ, જાણે સો કર્તા નહિ હોઈ.' આ શ્લોક 'અમૃતચંદ્રાચાર્ય'નો છે. એનું હિન્દી 'બનારસીદાસે' બનાવ્યું. રાગનો કર્તા 'કરે કર્મ સો હી કરતારા.' જે પુણ્ય-પાપનો કર્તા માને છે એ મિથ્યાદૃષ્ટિ કર્તા થાય છે. આહાહા! 'જો જાને સો જાનનહારા.' એ વિકારના પરિણામનો પોતાના સ્વલક્ષે અનુભવ કરે છે તો રાગને જાણનારો અજ્ઞાની રહે છે. આહાહા! રાગ મારું કાર્ય અને હું કર્તા એમ ધર્મી માનતા નથી. અજ્ઞાની રાગ મારું કાર્ય અને હું કર્તા એમ 'કરે કર્મ સોહી કરતારા'.

'કર્તા સો જાને નહિ કોઈ' એ રાગ અને પુણ્ય-પાપના, દયા, દાન, વ્રતાદિના વિકલ્પનો કર્તા માને છે, એ જાણનહારા રહેતા નથી. 'અને જાણે સો કર્તા નહિ હોઈ' હું તો આનંદ જ્ઞાનસ્વરૂપ છું. મારી સામગ્રીમાં તો આનંદાદિ, શાંતિની સામગ્રીથી ભરેલો છું. એ પુણ્ય અને પાપ અને એની સામગ્રી મારી નથી. સમજાણું કાંઈ? આહાહા! ઇન્દ્ર જેવા, જેને ૩૨ લાખ તો વિમાન. અત્યારે શક્રેન્દ્ર છે. સુધર્મ દેવલોક ૩૨ લાખ વિમાન છે. એક એક વિમાનમાં અસંખ્ય દેવ. એ અસંખ્યદેવનો સ્વામી એમ માને છે કે એ મારી ચીજ નથી, એ મારી ચીજ નથી. શાસ્ત્રમાં એને એકભવતારી કહ્યો છે. ત્યાંથી નીકળી મનુષ્ય થઈને મોક્ષે જશે. તો કહે છે કે જેટલી સામગ્રી છે એ હું નથી.

મુમુક્ષુ :– કર્મની સામગ્રી છે.

ઉત્તર :– એ કર્મની સામગ્રી છે. મારી સામગ્રી તો અનંતઆનંદ, જ્ઞાન અને શાંતિથી ભરેલી સામગ્રી છે. કહો, 'ડાલચંદજી'! આહાહા! દૃષ્ટિએ દૌલત દેખી... આહાહા! પોતાનો આનંદ અને શાંતિનું નિધાન જેણે-દૃષ્ટિએ જોયું, એ રાગનો કર્તા કેમ થાય? કહે છે. સૂક્ષ્મ વાત છે, ભાઈ! આહાહા! જેણે પોતાની આનંદ અને જ્ઞાનની... અહીંયા જ્ઞાન કહેશે, જેણે પોતાની દૌલતને જોઈ નથી એ પુણ્ય અને પાપ અને એના ફળરૂપ સામગ્રીને પોતાની સામગ્રી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(માને છે). આહાહા! એમ માનીને અવિવેકી હાથીની પેઠે ઘાસ અને ચુરમાને એક કરીને ખાય છે એમ ભગવાનને આનંદને છોડીને... આહાહા! એકલા રાગ અને પુણ્ય-પાપના ભાવનો સ્વાદ લે છે. આહાહા!

બાળક હોય છે ને બાળક? જેઠ મહિનામાં તડકા હોય. તડકા સમજો છો? ધૂપ. એની માએ દૂધ પાયું. તો થોડું વધારે દૂધ પાયું હોય. બીજાએ એની બહેને પાછું દૂધ પાયું. બહુ દૂધ પીવડાવ્યું હોય તો શેરણું થઈ જાય. ઝાળા થઈ જાય. પણ ગરમી વધારે હોય એટલે ઝાળામાં હાથ નાખે તો ઠંડુ લાગે. એ ઝાળાને હાથમાં લઈને ચાટે. એવા બાળકને જોયું છે? એ ઝાળાનો સ્વાદ લે છે. હાથમાં ઠંડુ લાગે, ઠંડુ. એમ અજ્ઞાની... આહાહા! પુણ્ય-પાપના ઝાળા કાઢીને (એનો સ્વાદ લે છે). એ ઝાળા વિષ્ટા છે, ઝેર છે. આહાહા! વિષ્ટા કહે છે લોકો. શાસ્ત્રે તો એને ઝેર કહ્યું છે, વિષકુંભ કહ્યું છે. 'મોક્ષ અધિકાર'માં દયા, દાન, વ્રત, ભક્તિ, શુભાશુભભાવને ઝેરનો ઘડો કહ્યો છે. ભગવાન અમૃતનો ઘડો છે. આહાહા! આનંદથી છલોછલ ભરેલો પ્રભુ, એ રાગ અને પુણ્ય-પાપના ભાવને પરમાત્મા ઝેર કહે છે. ઝેરનો ઘડો છે. પ્રભુ! ઝેરનો ઘડો તું ચાંટે છો. આહાહા!

મુમુક્ષુ :– બેય કહ્યું છે, અમૃતકુંભ અને વિષકુંભ.

ઉત્તર :– આ અમૃતકુંભ છે, પેલો ઝેરકુંભ છે.

મુમુક્ષુ :– વ્યવહારને અમૃતકુંભ કહ્યું.

ઉત્તર :– કઈ અપેક્ષાએ? એ તો જેને અમૃતકુંભનો અનુભવ થયો એના શુભભાવને ઉપચારથી, વ્યવહારથી અમૃતકુંભ કહ્યો. ઉપચારથી, યથાર્થમાં નથી. આરોપથી કહ્યું. કહ્યું ને? જેને અંતર આનંદ અમૃતનો અનુભવ થયો... આહાહા! એના આનંદના સ્વાદ આગળ શુભરાગ થાય છે. પૂર્ણ ન હોય તો. ચરણાનુયોગના અધિકારમાં એ સમ્યગ્દષ્ટિનો જે શુભભાવ છે એને વ્યવહારનયથી અમૃત કહ્યું છે. નિશ્ચયથી તો ઝેર છે. આહાહા! સમજાણું કાંઈ? અરે..! ચૈતન્યરાજા બિરાજમાન, અનંતગુણથી શોભાયમાન પ્રભુ, એની રુચિ છોડીને એનાથી વિરૂદ્ધ જે પુણ્ય-પાપના ભાવ છે એની રુચિમાં... આહા..! જડનો, વિકારનો સ્વાદ લે છે. એ હાથી જેવો અવિવેકી છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– સો ટકામાં એક ટકો અમૃત..

ઉત્તર :– એક ટકો પણ અમૃત નથી. આરોપથી કહ્યું. એ કહ્યું નહિ? મોક્ષમાર્ગ જે પોતાના સ્વભાવની દૃષ્ટિથી–નિશ્ચયથી થયો, ત્યારે એની સાથે રાગની મંદતા છે. તો સહચર જોઈને, નિમિત્ત દેખીને ઉપચારથી વ્યવહાર કહ્યું. છે તો બંધનું કારણ. સમજાણું કાંઈ? એ તો બપોરે ચાલે છે. નહિ? મોક્ષ અધિકાર બહુ સારો છે. નિશ્ચય-વ્યવહારનો.

પોતાના સ્વરૂપની રાગથી ભિન્ન થઈને અનુભૂતિ થઈ, અનુભવ થયો તેને અહીંયા જ્યાં સુધી સ્થિર ન થાય ત્યાં સુધી અશુભથી બચવા ધર્માત્માને પણ શુભરાગ આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ એ શુભને ઝેર કહીને હેય જાણે છે. વ્યવહારે એને અમૃતનો આરોપ કહીને.. અમૃત તો આત્માની પર્યાય છે પણ રાગને સહચર દેખી વ્યવહારથી અમૃત કહ્યું. નિશ્ચયથી તો ઝેર છે. આહાહા!

મુમુક્ષુ :– અપૂર્વકરણમાં નિર્જરા થાય છે રાગમાં.

ઉત્તર :– એ નહિ. એ તો શુદ્ધઉપયોગનું લક્ષ છે માટે નિર્જરા થાય છે. આત્મા શુદ્ધાભિમુખ થયો, શુદ્ધની સન્મુખ થયો તેનાથી નિર્જરા થાય છે. જરી ઝીણી વાત છે. સમજાણું કાંઈ? એ ત્રણ કરણ છે ને? એ કરણને પણ છોડીને શુદ્ધ ઉપયોગમાં સન્મુખ થાય છે ત્યારે એને નિર્જરા થાય છે. આહાહા!

મુમુક્ષુ :– કહે છે મિથ્યાત્વના ઘરમાં બેઠા છો.

ઉત્તર :– બેઠો છે.

અહીંયાં તો કહે છે કે પ્રભુ! સાંભળ તો ખરો. આહાહા! 'અબ હમ કબહુ ન નિજ ઘર આયે...' આવે છે? 'અબ હમ કબહુ ન નિજ ઘર આયે, અબ હમ કબહુ ન નિજ ઘર આયે, પરઘર ભમત અનેક નામ ધરાયે.' હું દયાવાળો છું, હું પુણ્યવાળો છું, હું પાપવાળો છું. 'પરઘર ભમત અનેક નામ ધરાયે, અબ હમ કબહુ ન નિજ ઘર આયે.' નિજ ઘર કાલે કહ્યું હતું ને? ગૃહસ્થ. પોતાના ઘરમાં ઠરે એ ગૃહસ્થ છે. શરીરમાં, પૈસામાં, મકાનમાં રહે એ ગૃહસ્થ છે (એમ નથી). આહાહા!

અહીં કહે છે.. આહાહા! **'કર્મની સામગ્રીને પોતાની જાણે છે, જીવનો અને કર્મનો વિવેક કરતો નથી.'** આહાહા! ભગવાન તો જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, જ્ઞાતાસ્વરૂપ છે અને રાગ અંધકારસ્વરૂપ, ઝેરસ્વરૂપ.. આહાહા! દુઃખ સ્વરૂપ છે. બેનો વિવેક નથી કરતો. અરે..રે..! પરિભ્રમણ કરતા કરતા અનંતકાળ વીત્યો. નિગોદમાં એક શ્વાસમાં અઢાર ભવ કર્યા. આહાહા! એ આ મિથ્યાત્વભાવને કારણે. રાગ મારી ચીજ છે એવો સ્વાદ લેવાથી જે ઝેરનો સ્વાદ આવ્યો, એનું ફળ ચાર ગતિમાં રખડવું છે.

શાસ્ત્ર તો એમ કહે છે કે મિથ્યાત્વ એ સંસાર છે. સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મી એ સંસાર નથી. કારણ કે એ તો પરચીજ છે. સંસાર પોતાની પર્યાયમાં રહે છે. સંસાર પોતાની પર્યાયથી ભિન્ન નથી. ભિન્ન ચીજ છે એ તો બીજી ચીજ છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વ એ સંસાર છે એમ આચાર્ય પોકાર કરે છે. મિથ્યાત્વનો અર્થ એ કે રાગ અને પુણ્યના અને પાપના ભાવને પોતાના માની સેવન કરવું એ મિથ્યાત્વ છે, એ જ સંસાર છે. સ્ત્રી, કુટુંબ, પરિવાર એ સંસાર નથી. એ તો પરચીજ છે. પરચીજમાં આત્માનો સંસાર ક્યાંથી આવ્યો? આત્માનો સંસાર તો મિથ્યાત્વભાવમાં છે. આહાહા! એ મિથ્યાત્વ એ જ સંસાર છે. સ્ત્રી, કુટુંબ, દુકાન છોડીને એણે સંસાર છોડ્યો એમ બિલકુલ બરાબર નથી. આહાહા! આ બાયડી-છોકરા છોડ્યા, દુકાન છોડી, લુગડા ફેરવ્યા, થઈ ગયા નગ્ન માટે થઈ ગયા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ત્યાગી. એમ છે નહિ, ભગવાન! ઝીણી વાત, બાપુ!

મુમુક્ષુ :– કથંચિત્ છે..

ઉત્તર :– જરાપણ નથી. પરના ગ્રહણ-ત્યાગ આત્મામાં છે જ નહિ.

મુમુક્ષુ :– પરદ્રવ્ય નિમિત્ત... સાપેક્ષતાથી છે.

ઉત્તર :– એ કઈ અપેક્ષાએ કહ્યું? નિમિત્ત મટવાનો, રાગ ઘટ્યો એ અપેક્ષાએ. રાગ ઘટ્યો એ અપેક્ષાએ કહ્યું છે. આમાં લીધું છે કે પરની ક્રિયા તો આત્મા કરી શકતો નથી. એમાં ન લીધું?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એમાં લીધું છે કે વ્રતાદિની ક્રિયા શરીરની છે એનો કર્તા આત્મા નથી. એના પરિણામ છે એનો કર્તા છે. એ પણ કર્તા ત્યાં કેમ લીધું? દૃષ્ટિની અપેક્ષાએ તો કરવા લાયક નથી. પણ અહીં કહ્યું ને? કે **'करोति'** પરિણમે માટે **'करोति'** કહ્યું. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને રાગ પરિણમે છે ને? એ અપેક્ષાએ **'करोति'** કહ્યું. પરિણમે તે કર્તા. એટલી અપેક્ષા. કરવા લાયક છે માટે કર્તા છે, એમ નથી. આહાહા! સમજાણું કાંઈ? વાત તો સ્પષ્ટ-ચોખ્ખી વાત છે. આહાહા!

અહીં તો કહે છે કે, '**જીવ કર્મની સામગ્રીને પોતાની જાણે છે, જીવનો અને કર્મનો વિવેક કરતો નથી.**' આહાહા! અમારી નિશાળમાં... પહેલાની વાત છે. ૭૫ વર્ષ પહેલાની વાત છે. પોણોસો વર્ષ પહેલાની. ૧૨-૧૩ વર્ષની ઉંમર હતી. અમારી સાથે એક નિશાળિયો હતો. ભાવસારનો છોકરો હતો. 'સુંદર રૂપા' એનું નામ 'સુંદરજી' હતું અને એના પિતાજીનું નામ 'રૂપા' 'રૂપચંદ' (હતું). ભાવસાર નહિ? આ ભાવસાર હોય છે ને? કપડા રંગે છે.

મુમુક્ષુ :– છીપા

ઉત્તર :– છીપા-એ ભાવસાર. અમારા ગામ 'ઉમરાળા'માં એ ભાવસારની નાત છે. સાથે ભણતા હતા. એને એવી ટેવ હતી.. અમે બધા સાથે હોઈએ. એ નાકમાંથી ગુંગો કાઢે. કાઢીને દાંતની વચ્ચે દાબે, દાંતની વચ્ચે દાબે. ત્યાં સુધી પણ નહિ. પણ જીવથી એનો સ્વાદ લેતો હતો. દાંતે દાબે પછી આમ (જીભથી સ્વાદ લે). અરે..! 'સુંદરજી'! આ શું કરે છે તું? નામ 'સુંદરજી'. 'સુંદર રૂપા'. પિતાજીનું નામ 'રૂપા'. આ શું કરે છે ભાઈ? (તો કહે), ભાઈ! મને ટેવ પડી ગઈ છે. એટલું કાઢી નાખે વળી. વળી જ્યાં અમારી આડીઅવળી નજર જાય તો બીજો કાઢે. અરે..! ભાઈ! શું કરે છે તું આ? અમે અહીં બધા બેઠા છીએ. ભાઈ! મને ટેવ પડી ગઈ છે.

એમ પરમાત્મા કહે છે કે તું છે તો 'સુંદર રૂપા'. આ તો અમારે નિશાળમાં બન્યું હતું. પણ તું ક્ષણમાં પુણ્યનો સ્વાદ લે છો, ક્ષણમાં પાપ કરીને એનો સ્વાદ લે છો એ ગુંગાનો સ્વાદ છે. એ 'સુંદર'નો સ્વાદ નથી. આહાહા! સમજાણું કાંઈ? અહીં તો નાની ઉંમરથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ બધી વિચારણા ચાલતી હોય છે ને? કોઈ કાંઈક કહે, કોઈક કાંઈ કહે એમ વિચાર તો બહુ પહેલેથી ચાલતા હતા. અરે..! ભાઈ! આ શું કરે છે તું? ભાઈ! મને ટેવ પડી ગઈ છે, (એમ) કહે.

અહીં ભગવાન કહે છે, પ્રભુ! અહીં તો વિશેષ કહેશે. જુઓ! **'કેવો છે?'** આત્મા **'किल स्वयं ज्ञानं भवन् अपि'** એમ કહેશે. એ જ્ઞાનની સાથે આનંદ છે એમ નહિ. જ્ઞાન ભવન એટલું. કેવો છે આત્મા? **'स्वयं ज्ञानं भवन् अपि'** આહાહા! **'નિશ્ચયથી તો સ્વરૂપમાત્રની અપેક્ષાએ જોકે જ્ઞાનસ્વરૂપ છે.'** એ તો જાણનસ્વરૂપ છે, એ રાગસ્વરૂપ વસ્તુ છે જ નહિ. આહાહા! જેનું સ્વરૂપ જ્ઞાન છે. સ્વ-રૂપ-પોતાનું રૂપ એ જ્ઞાન છે. આહાહા! પ્રજ્ઞાબ્રહ્મ ભગવાનઆત્મા. આહાહા! **'स्वयं ज्ञानं भवन् अपि'** આહાહા! એ તો જ્ઞાતાદૃષ્ટા હોવા છતાં... આહાહા! જગત દૃશ્ય છે, ભગવાનઆત્મા દૃષ્ટા છે. જગત જ્ઞેય છે, આત્મા જ્ઞાન છે. એવો સંબંધ કહેવો એ પણ વ્યવહાર છે. આહાહા! આત્મા તો પોતામાં જ્ઞાનસ્વરૂપ જ છે. ચૈતન્યના પ્રકાશનો, ચૈતન્યનો પ્રકાશનો ચૈતન્ય પુંજ છે. એ પ્રકાશમાં રાગ અને પુણ્ય-પાપ છે જ નહિ. એ પુણ્ય અને પાપ તો અંધકાર સમાન અચેતન છે. ચેતનસ્વરૂપ ભગવાનઆત્મામાં એ અચેતન નથી. એમ હોવા છતાં.. એમ કહે છે ને? જુઓ!

**'જોકે જ્ઞાનસ્વરૂપ છે.'** આહાહા! **'નિશ્ચયથી સ્વરૂપમાત્રની અપેક્ષાએ જોકે જ્ઞાનસ્વરૂપ છે.'** ઓહોહો..! **'વળી જીવ કેવો છે?' 'असौ नूनम् रसालम् पीत्वा गां दुग्धम् दोग्धि इव' 'આ છે જે વિદ્યમાન જીવ નિશ્ચયથી શિખંડ પીને..'** શિખંડ.. શિખંડ. ખાટો ને મીઠો શીખંડ. આહાહા! શિખંડને ખાઈને. દારૂ પીધેલ પ્રાણીને શિખંડ આપો તો એને ગાયના દૂધ જેવું લાગે. ખાટો-મીઠો સ્વાદ એને ન આવે. દારૂનું જોર છે. દારૂ પીધો છે ને. એ દૃષ્ટાંત 'સમયસાર નાટક'માં આપ્યું છે. દારૂ પીધેલને શિખંડ આપો તો એને ગાયના દૂધ જેવું લાગે. ખાટા-મીઠાનો સ્વાદ જ છૂટી જાય. આહાહા! એમ પોતાના સ્વરૂપને ભૂલીને મિથ્યાત્વરૂપી મેલમાં ચડી ગયો.. આહાહા! એને પુણ્ય-પાપના ભાવ (એનો સ્વાદ આવે છે). જેને શિખંડનો સ્વાદ નથી આવતો, ખાટા-મીઠાનો સ્વાદ નથી આવતો, આત્માનો સ્વાદ નથી આવતો. એકલો પરનો-ઝેરનો સ્વાદ આવે છે. સમજાણું કાંઈ? અરે..! આવી વાતું છે, ભાઈ!

સમ્યગ્દૃષ્ટિને ભોગનો રાગ હોય છે પણ રાગમાં રસ નથી, રુચિ નથી. સમજાણું કાંઈ? એમ કહ્યું કે જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. 'નિર્જરા અધિકાર'માં એમ કહ્યું ને? એ ભોગ તો બંધનું જ કારણ છે. પણ એનો જ્ઞાતા-દૃષ્ટા રહ્યો, ભોગનો રાગ આવ્યો એનો સ્વામી ન થયો. સ્વામી નથી અને એના સ્વાદની રુચિ નથી. ધર્મીને ભોગના રાગમાં સુખબુદ્ધિ નથી. સમજાણું કાંઈ? અજ્ઞાનીને રાગમાં ભોગમાં મીઠાશબુદ્ધિ છે. આહાહા! એટલો ફેર છે. સમજાણું કાંઈ? 'નંદકિશોરજી'! વાત તો આવી છે, ભગવાન!

મુમુક્ષુ :– ..

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– માટે કહે છે ને. એ ઝેરનો સ્વાદ છોડ ને આત્માનો સ્વાદ લે. તને ખબર નથી કે આત્માનો અને રાગનો સ્વાદ શું છે. એ રાગનો સ્વાદ લઈને પોતાનો સ્વાદ માને છે એ ઘાસમાં ચુરમું ભેગું કરીને એકલું ઘાસ ખાય છે એમ માને છે. આહાહા! એમ અજ્ઞાની શરીરની સુંદરતા, માખણ જેવું પોચું શરીર હોય અને લાડુ ખાઈને ભોગ લે. સમજાણું કાંઈ? આ તો બધું અમે સાંભળ્યું છે. આમ બહુ યુવાની હોય અને ભોગ લેવા જાય તો થોડા પેંડા, સાટા લઈ જાય. પેંડા સાટા ખાધા પછી ભોગ લે. એવું સાંભળ્યું છે. અમે ક્યાં કંઈ કર્યું છે. 'પોપટભાઈ'!

એકવાર નજરે જોયું હતું. એક જણે નવ વાગે શેર પેંડા લીધા. નવ વાગે. ઉંઘવાને ટાણે. શેર પેંડા લીધા. મેં કીધું અત્યારે આ પેંડા કેમ લેતા હશે? પાંચ-છ વાગે તો ભોજન કર્યું. ભોજન કર્યું. વાળુ સમજ્યા? ભોજન કર્યું છે અને આ પેંડા અત્યારે કેમ ખરીદે છે? પછી ખ્યાલ આવ્યો કે, ઠીક! અરે..! જગતના પ્રાણી શું કરે છે? ભોગના સ્વાદ પહેલા પેંડા-બેંડા ખાઈને પછી ભોગ લે. અરે..રે..! શું કરે છે તું? પ્રભુ! એ રાગનો સ્વાદ, ઝેરનો સ્વાદ છે. જ્ઞાનીને પણ રાગ તો આવે છે. ભરતચક્રવર્તીને ૯૬ હજાર સ્ત્રી હતી. ૯૬ હજાર. અરે..! દુઃખના ઘા વાગે. સર્પ જેમ દેખે, કાળો નાગ જોવે છે. એમ શુભરાગ આવે એને કાળો નાગ જોવે છે. દૃષ્ટિમાં ફેર છે.

મુમુક્ષુ :– દૃષ્ટિ આત્માની થઈ તો એ નાગ દેખાય છે.

ઉત્તર :– નાગ દેખાય છે. 'પોપટભાઈ'! આવી વાતું છે, બાપુ! આહાહા! અરે..! પ્રભુ! તારા અનુભવના ભોગ છોડીને એ રાગનો સ્વાદ, ઝેરનો સ્વાદ છે. તને મીઠાશ આવે છે તો તું મિથ્યાદૃષ્ટિ છો. આહાહા!

અહીં કહે છે કે **'વિદ્યમાન જીવ નિશ્ચયથી શિખંડ પીને એમ માને છે કે જાણે ગાયનું દૂધ પીએ છે.'** ભાન નથી ને? દારૂ પીધો છે. એમ અહીંયા મોહનો દારૂ પીધો છે અને રાગનો સ્વાદ લઈને પોતાનો સ્વાદ લે છે એમ મિથ્યાદૃષ્ટિ માને છે. આહાહા! ઝીણી વાત, ભાઈ! દૃષ્ટિ ફેરે સ્વાદ ફેર. રાગની દૃષ્ટિ છે ત્યાં ઝેરનો સ્વાદ છે અને પોતાના આનંદની દૃષ્ટિ થઈ ત્યાં આનંદનો સ્વાદ છે. આહાહા! આવો માર્ગ હવે. સમજાણું કાંઈ? કહો, દરબાર! ગરાહ-બરાહ પૈસાના આવે, છોકરા ચાર-પાંચ હોય, બાયડી હોય. અને દીકરા સરકારને ત્યાં નોકર હોય. હજારનો પગાર હોય. બસ, થઈ રહ્યું ઓહોહો..! આ તો દાખલો આપીએ છીએ, દરબાર! અહીં તો પૈસાવાળા ઘણા બેઠા છે ને કરોડપતિઓ. અંદરથી મજા માને. આહાહા! ધૂળેય મજા નથી. સાંભળ તો ખરો.

એ અહીં કહે છે, હોં! **'જાણે ગાયનું દૂધ પીએ છે. શાનાથી ? અતિશય આસક્તિથી.'** એને અતિ આસક્તિ છે. એને શિખંડનો ખાટો-મીઠો સ્વાદ આવતો નથી. ગાયના દૂધ જેવો આવે છે. આહાહા! છે? **'ભાવાર્થ આમ છે કે સ્વાદલંપટ થયો થકો શિખંડ પીએ છે, સ્વાદભેદ**

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**કરતો નથી. એવું નિર્ભેદપણું માને છે કે જેવું ગાયનું દૂધ પીતાં નિર્ભેદપણું માનવામાં આવે છે.'** એમ અજ્ઞાની રાગનો સ્વાદ લઈને એ પોતાનો સ્વાદ છે, નિર્ભેદ-અભેદ છે એમ માને છે. એ મિથ્યાદૃષ્ટિ છે. એને સ્વરૂપની ખબર નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**શ્રાવણ સુદ ૬, શનિવાર તા.૨૦.૦૮.૧૯૭૭**
**કળશ - ૫૭-૫૮, પ્રવચન - ૭૨**

'કર્તા-કર્મ અધિકાર'. ૫૭ ગાથા ચાલી ને? ૫૭મો શ્લોક. ૫૭માં શ્લોકમાં શું કહ્યું? ૫૭માં ભોકતાની વ્યાખ્યા છે. ૫૮માં શ્લોકમાં કર્તાની વ્યાખ્યા છે. અર્થાત્ જ્યાં સુધી એ રાગ ને પુણ્ય-પાપના ભાવને ભોગવે છે ત્યાં સુધી તેને આત્માના આનંદના સ્વાદનો અભાવ છે. હાથી ઘાસ અને ચુરમું એકસાથે ખાય છે. એને વિવેક નથી કે ઘાસ અને ચુરમું ભિન્ન ચીજ છે. ભોકતાની વ્યાખ્યા છે. એમ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદના રસથી ભરેલો છે એનું અનાદિકાળથી ભાન નથી તો એ શુભ-અશુભ રાગાદિને હરખ ને શોક કરીને વેદે છે. આહાહા! ઝીણી વાત છે, ભગવાન! મિથ્યાદૃષ્ટિ જીવ...

'શુદ્ધતા વિચારે ધ્યાવે શુદ્ધતા...' આવે છે ને? 'શુદ્ધતામેં કેલી કરે, શુદ્ધતામેં મગન રહે.' અહીં એ લેવું છે. આહાહા! પોતાની ચીજ શુદ્ધ આનંદસ્વરૂપ છે એનો વિચાર કરી પોતામાં મગ્ન રહે, એમાં આનંદનો સ્વાદ આવે એને ધર્મી કહે છે. ધર્મીનો એ ધર્મ છે. સમજાણું કાંઈ?

અહીંયાં હાથીનું અને શિખંડનું એમ બે દૃષ્ટાંત આપ્યા. એમાં ભોકતાને સિદ્ધ કરે છે. હાથી ઘાસ અને ચુરમું એક કરીને ખાય છે. એના સ્વાદનો ભેદ નથી જાણતો. એમ અજ્ઞાની.. આહાહા! આનંદઘન પ્રભુ ચિદાનંદસ્વરૂપ ચિદ્ જ્ઞાન અને આનંદઘન સ્વરૂપનો સ્વાદ નહિ જાણતો એ હરખ-શોકના દયા, દાન, વ્રત, ભક્તિના ભાવમાં હરખનું વેદન કરે છે. આહાહા! સમજાણું કાંઈ? હાથીની પેઠે અવિવેકી છે, એમ કહે છે.. આહાહા! ઝીણી વાત, ભાઈ!

એમ શિખંડ. શિખંડનો સ્વાદ... શિખંડ કહે છે ને શિખંડ? શિખંડનો સ્વાદ તો ખાટો-મીઠો છે. પણ દારૂ પીને બેઠો હોય એને શિખંડનો સ્વાદ ગાયના દૂધ જેવો લાગે. એને ખાટા-મીઠા સ્વાદનો વિવેક નથી. આહાહા!

અહીંયાં ચૈતન્ય ભગવાન આનંદના રસથી ભરેલો છે એનો સ્વાદ ન લેતાં હરખ-શોકનો, પુણ્ય-પાપના ભાવમાં હરખ-શોક થઈને, અતિ ગૃદ્ધિ થઈને... આહાહા! જેમ એ શિખંડનો સ્વાદી અતિ ગૃદ્ધિ થઈને (સ્વાદ લે) તેને ખાટા-મીઠા સ્વાદની ખબર નથી. ઝીણી વાત છે. આહાહા! એમ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદથી ભરેલો પરિપૂર્ણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ શરીર છે ને? આ કળશના ઘાટ જેવું શરીર છે ને? જુઓ! કળશો હોય ને લોટો? આ લોટો છે. એમાં ભગવાન.. લોટામાં જેમ પાણી ભિન્ન છે એ પાણીનો આકાર અને લોટાનો આકાર બે ભિન્ન છે. લોટાના આકારે પાણીનો આકાર થયો એમ નથી. પાણી તો પોતાના આકારે રહ્યું છે, લોટો પોતાના આકારે થયો.

એમ ભગવાનઆત્મા શરીર આકાર જડ છે. એ જ પ્રમાણે પોતાનો આકાર છે પણ એ શરીરને કારણે નહિ. આહાહા! આ કાશી ઘાટનો કળશો છે. ભગવાન અંદર જળ ભર્યું છે. એનો આકાર શરીરના આકારે નથી. શરીરના આકાર પ્રમાણે છે પણ શરીરના આકારથી આકાર નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આકાર પ્રમાણે છે.

ઉત્તર :– આકાર ભલે એના પ્રમાણે હોય પણ છે પોતાથી.

એમ અંતર આત્મા અતીન્દ્રિય આનંદના સ્વભાવથી ભરેલો ભગવાન છે. અજ્ઞાની એ આનંદનો સ્વાદ ન લેતા (રાગનો સ્વાદ લે છે). 'શુદ્ધતા વિચારે ધ્યાવે શુદ્ધતામેં કેલી કરે.' ધર્મીજીવની આ સ્થિતિ છે. અહીં તો અત્યારે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવને લોકો ધર્મ માને છે. એ તો દુઃખનો ભોક્તા છે. એ દુઃખનો ભોગ છે. શિખંડના સ્વાદના લંપટીને શિખંડના ખાટા-મીઠા સ્વાદની ખબર નથી. એમ પુણ્ય આદિના પરિણામના સ્વાદમાં ગૃદ્ધિ છે, એને ભગવાનનો સ્વાદ આનંદ છે, ભિન્ન છે એનું ભાન નથી. આહાહા! સમજાણું કાંઈ?

આ પાંચ ઇન્દ્રિયના વિષય તરફનો ઝુકાવ એ બધો રાગ છે. રાગના સ્વાદમાં દુઃખ ને આકુળતા છે. એ દુઃખના સ્વાદમાં આનંદના સ્વાદનો અનાદર થઈ ગયો. અર્થાત્ ભગવાનઆત્મા અતીન્દ્રિય સચ્ચિદાનંદસ્વરૂપ, ભગવાનસ્વરૂપ, આત્મા ભગવાનસ્વરૂપ છે. ભગ એટલે જ્ઞાન અને આનંદની લક્ષ્મીવાન એ આત્મા છે. એ તરફની સન્મુખતા છોડીને પુણ્ય અને પાપના ભાવના હરખ-શોકની સન્મુખતા થઈને, સ્વભાવની વિમુખતા થઈને અને વિકારની સન્મુખ થઈને વિકારનો સ્વાદ લે છે એ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. ઝીણી વાત, બાપુ! આહાહા!

ભાઈ! તારો ભગવાન આનંદથી ભર્યો છે ને, પ્રભુ! એ આનંદની સન્મુખના વેદન વિના, એનાથી વિમુખ થઈને પુણ્ય અને પાપના હરખ-શોકના વેદન, ભગવાન! એ દુઃખનો ભોક્તા છે. આવી વાત છે, બાપુ! આહાહા! દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિનો થોડો જ્યાં શુભભાવ થયો ત્યાં હરખ માને છે કે અમને કંઈક થયું. અહીં પરમાત્મા એમ ફરમાવે છે કે એ હરખ એ દુઃખ છે. આહાહા! એ દુઃખના સ્વાદમાં મશગુલ-ગૃદ્ધિ થઇ ગયો. ભગવાન આનંદસ્વરૂપ છે એનો અનાદર થઈ ગયો. પુણ્ય અને પાપમાં ધર્મીની સુખબુદ્ધિ ઊડી જાય છે. હરખ-શોકમાંથી પણ સુખબુદ્ધિ ઊડી જાય છે. આહાહા! અજ્ઞાનીની હરખ-શોકની રુચિમાં સુખબુદ્ધિ છે. આમ વાત છે. 'નંદકિશોરજી'! આવો ભારે ઝીણો માર્ગ, ભાઈ! આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં હાથીનું દૃષ્ટાંત આપીને ભોક્તાની વાત કરી અને શિખંડનું દૃષ્ટાંત આપીને પણ ભોક્તાની વાત કરી. કે હરખ-શોકને ભોગવે છે પ્રભુ! એ ઝેરનો સ્વાદ લે છે. આહાહા! અતીન્દ્રિય આનંદ... 'શુદ્ધતા વિચારે ધ્યાવે શુદ્ધતા મેં કેલી કરે. શુદ્ધતામેં મગન રહે. અમૃતધારા વરસે.' એ 'સમયસાર નાટક'નો શ્લોક છે. છે 'અમૃતચંદ્રાચાર્ય'ના કળશ, એનો એ શ્લોક છે. આહાહા! આત્મા શુદ્ધસ્વરૂપ, આનંદસ્વરૂપ, ભગવાનસ્વરૂપ છે એની સન્મુખ થઈને શુદ્ધતાનું જ્ઞાન કરે, શુદ્ધતામાં કેલી કરે, શુદ્ધતામાં રમત કરે. આહાહા! અને શુદ્ધતામાં મગન રહે એને આત્માના આનંદની અમૃતધારા વહે એ આત્માનો સ્વાદ છે. અને એનું નામ ધર્મ છે. આહાહા! આવી વાત ભારે.

એથી વિરુદ્ધ ચિદ્રૂપ ભગવાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, પરમાત્મા નિત્યાનંદ પ્રભુ ધ્રુવ જે અનાદિઅનંત ચૈતન્યકંદ આત્મા.. આહાહા! એનો અનાદર કરીને, એના ઉપરનું લક્ષ છોડીને માત્ર હરખ-શોક, પુણ્ય-પાપના ભાવનો ભોક્તા થાય છે એ મિથ્યાદૃષ્ટિ છે. 'જ્ઞાનચંદજી'! વાત આવી છે, ભગવાન! એ ભોકતાની વાત કરી. હવે કર્તાની વાત કહે છે. ભોક્તા અને કર્તા બેય મિથ્યાદૃષ્ટિ છે. આહાહા!

( શાર્દૂલવિક્રીડિત )

अज्ञानात् मृगतृष्णिकां जलधिया धावन्ति पातुं मृगा
अज्ञानात्तमसि द्रवन्ति भुजगाध्यासेन रज्जो जनाः।
अज्ञानाच्च विकल्पचक्रकरणाद्वातोत्तरङ्गाब्धिवत्
शुद्धज्ञानमया अपि स्वयममी कर्त्रीभवंत्याकुलाः।।१३-५८।।

**ખંડાન્વય સહિત અર્થ :– 'अमी स्वयम् शुद्धज्ञानमयाः अपि अज्ञानात् आकुलाः कर्त्रीभवन्ति' ( अमी ) સર્વ સંસારી મિથ્યાદૃષ્ટિ જીવ ( स्वयम् ) સહજથી ( शुद्धज्ञानमयाः ) શુદ્ધસ્વરૂપ છે ( अपि ) તોપણ ( अज्ञानात् ) મિથ્યાદૃષ્ટિને લીધે ( आकुलाः ) આકુલિત થતા થકા ( कर्त्रीभवन्ति) બળજોરીથી જ કર્તા થાય છે. શા કારણથી? 'विकल्पचक्रकरणात्' ( विकल्प ) અનેક રાગાદિના ( चक्र ) સમૂહને ( करणात् ) કરવાથી. કોની માફક? 'वातोत्तरङ्गाब्धिवत्' ( वात ) પવનથી ( उत्तरङ्ग ) ડોલતા-ઉછળતા ( अब्धिवत् ) સમુદ્રની માફક. ભાવાર્થ આમ છે કે જેવી રીતે સમુદ્ર સ્વરૂપે નિશ્ચળ છે, પવનથી પ્રેરિત થઈને ઊછળે છે અને ઊછળવાનો કર્તા પણ થાય છે, તેવી રીતે જીવદ્રવ્ય સ્વરૂપથી અકર્તા છે, કર્મસંયોગથી વિભાવરૂપે પરિણમે છે તેથી વિભાવપણાનો કર્તા પણ થાય છે; પરન્તુ અજ્ઞાનથી, સ્વભાવ તો નથી. દૃષ્ટાન્ત કહે છે– 'मृगाः मृगतृष्णिकां अज्ञानात् जलधिया पातुं धावन्ति' ( मृगाः )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જેમ હરણો ( मृगतृष्णिकां ) મૃગજળને ( अज्ञानात् ) મિથ્યાભ્રાન્તિથી ( जलधिया ) પાણીની બુદ્ધિએ ( पातुं धावन्ति ) પીવા માટે દોડે છે અને 'जनाः रज्जौ तमसि अज्ञानात् भुजगाध्यासेन द्रवन्ति' ( जनाः ) જેમ મનુષ્ય જીવો ( रज्जौ ) દોરડામાં ( तमसि ) અંધકાર વિષે ( अज्ञानात् ) ભ્રાંતિને લીધે ( भुजगाध्यासेन ) સર્પની બુદ્ધિથી ( द्रवन्ति ) ડરે છે. ૧૩-૫૮.**

૫૮.

**अज्ञानात् मृगतृष्णिकां जलधिया धावन्ति पातुं मृगा**
**अज्ञानात्तमसि द्रवन्ति भुजगाध्यासेन रज्जो जनाः।**
**अज्ञानाच्च विकल्पचक्रकरणाद्वातोत्तरङ्गाब्धिवत्**
**शुद्धज्ञानमया अपि स्वयममी कर्त्रीभवंत्याकुलाः।।१३-५८।।**

ઓલામાં **'रसालम्'** હતું ને? સ્વાદનું. ભોક્તાનું હતું. આ કર્તાની વ્યાખ્યા છે. આહાહા! **'अमी स्वयम् शुद्धज्ञानमयाः अपि अज्ञानात् आकुलाः कर्त्रीभवन्ति'** આહાહા! ભગવાન અંદર આત્મા... **'अमी'** શબ્દ છે ને? **'સર્વ સંસારી મિથ્યાદષ્ટિ જીવ...'** આહાહા! **'સહજથી શુદ્ધસ્વરૂપ છે...'** એનો સ્વભાવ જ પવિત્ર આનંદ શુદ્ધ સ્વરૂપ છે. અનાદિનો સહજ સ્વભાવિક શુદ્ધ સ્વરૂપ છે. **'તોપણ अज्ञानात् મિથ્યા દષ્ટિને લીધે आकुलाः આકુલિત થતા થકા...'** એ શુભ-અશુભભાવમાં પોતાની રુચિ કરીને આકુલિત થાય છે. આહાહા! આકુળતાના પંજામાં પકડાઈ ગયો. 'પોપટભાઈ'! આહાહા! સ્ત્રી ને પૈસા ને કુટુંબ અનુકૂળ છે એવો રાગભાવ, એ આકુળતામાં પડ્યો. અને પ્રતિકુળતા વીંછીનો, સર્પનો ડંખ આદિ છે એ એને સ્પર્શતો તો નથી પણ એ અંદર આવે તો ઠીક નથી, અણગમો ઉત્પન્ન થાય છે, એ દ્વેષમાં એની અર્પણતા થઈ. આહાહા! સૂક્ષ્મ અપૂર્વ વાત છે, ભગવાન! આહાહા! એ કર્તા થઈને આકુળતા કરે છે, એ ભોક્તા થઈને આકુળતા વેદે છે, કર્તા થઈને આકુળતા વેદે છે એમ કહે છે. શું કહ્યું? જુઓ!

**'મિથ્યાદષ્ટિને લીધે આકુલિત થતા થકા...'** **'कर्त्रीभवन्ति'** જોર અહીંયા છે. **'બળજોરીથી જ કર્તા થાય છે.'** ઇ શું કહે છે? આહાહા! ભગવાન તો શુદ્ધ જ્ઞાનમય જ્ઞાતા-દૃષ્ટા છે. રાગનો બળજોરીથી કર્તા થાય છે. ઊલટું જોર દઈને રાગનો કર્તા થાય છે. આહાહા! આવી નિશ્ચય સત્ય વાત લોકોને એમ લાગે કે એકાંત છે. કાંઈ કરવું (એમ તો આવતું નથી). 'આગ્રા'માં એક માણસ કહેતો હતો. વ્યાખ્યાન હતું ત્યારે 'આગ્રા'માં બહુ માણસ હતું. એક પંડિત હતા પંડિત. શું નામ હતું?

મુમુક્ષુ :– 'બાબુલાલ'.

ઉત્તર :– 'બાબુલાલ' લાંબા, જાડા હતા. 'આગ્રા'માં. એ ઊભા થઈ ગયા અને પછી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બહુ મજા આવી. કરવું-ફરવું કાંઈ નહિ. મજા ઘણી. અરે..! ભગવાન! શું કરવું છે? પ્રભુ! તારે શું કરવું છે? આહાહા! એમ કે કાંઈ કરવું, ભક્તિ, પૂજા, દયા, દાન આદિ કાંઈ કરવું નહિ ને મજા ઘણી. 'બાબુલાલ' નામ હતું? 'બાબુરામ'. અરે..! ભગવાન! બાપુ! શું કહે છે? ભાઈ! એ કરવામાં રાગને કરું, ત્યાં મરવું છે. આત્માની શાંતિનો એમાં નાશ થાય છે. ભાઈએ લખ્યું છે. નહિ? 'સોગાની' 'નિહાલચંદભાઈ'. તમને 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' મળ્યું છે કે નહિ? 'નંદકિશોર'! નથી મળ્યું? બપોરે લઈ જજો. વાંચો તો ખરા. તમે બધા વકીલ થયા, બુદ્ધિવાળા લોકમાં (કહેવાઓ).

મુમુક્ષુ :- કરવું તે મરવું.

ઉત્તર :- કરવું તે મરવું એમાં છે. ભાઈ! એમાં એવું લખ્યું છે. રાગ કરવો, આમ કરવું.. આમ કરવું... એ મરવું છે. અહીં એ કહે છે.

શુદ્ધ જ્ઞાનમય હોવા છતાં. એમ આવ્યું ને? શું કહ્યું? જુઓ! **'સર્વ સંસારી મિથ્યાદૃષ્ટિ જીવ સહજથી શુદ્ધસ્વરૂપ છે...'** શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા આનંદકંદ પ્રભુ છે. **'તોપણ મિથ્યાદૃષ્ટિને લીધે આકુલિત થતા થકા બળજોરીથી જ કર્તા થાય છે.'** ઝીણી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ વીતરાગભાવથી ઉત્પન્ન થાય છે. રાગથી ઉત્પન્ન થતો નથી. રાગ તો આકુળતા છે, દુઃખ છે. તો વ્યવહારરત્નત્રય કરતા કરતા નિશ્ચય થાય, ભગવાન! એમ છે નહિ. પ્રભુ! છેતરાય જાય છે. મનુષ્યભવ ચાલ્યો જશે અને ભવાબ્ધિ ચોર્યાસીના અવતાર એમાં ઉભા રહી જશે. આહાહા!

કહે છે, ભગવાનઆત્મા શુદ્ધસ્વરૂપ, પવિત્રસ્વરૂપ, આનંદસ્વરૂપ, ભગવત્સ્વરૂપ આત્મા હોવા છતાં બળજોરીથી પોતાના સ્વરૂપનો આશ્રય ન કરતા, અનાદર કરીને એ પુણ્ય-પાપના ભાવ વિકલ્પ જે રાગ, એનો કર્તા થાય છે. સમજાણું કાંઈ? વિષય સૂક્ષ્મ છે. ધર્મ કોઈ એવી ચીજ છે કે જેમાં સમ્યગ્દર્શન થતાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો એનું નામ ધર્મ છે. એમ ને એમ ધર્મ કર્યો, ભક્તિ કરી, પૂજા કરી, આ કર્યું ને વ્રત કર્યા (એ ધર્મ, એમ નથી). અને શેઠિયાઓને નવરાશ ન મળે ને એ કરે એ ઠીક, ધર્મ મનાવે. ઓલા પંડિત કહે હા, ઓલા કહે કે હા. 'મફતભાઈ'! આ અમારે 'ભાવનગર'ના શેઠ રહ્યા ને. માથે કહે ઇ જી હા કરે. આ કરવું, વ્રત પાળવા, ભક્તિ કરવી, પૂજા કરવી. શું એ નથી? ધર્મ નથી?

હમણા 'મખનલાલજી'એ લીધું છે. પ્રશ્ન ઘણા ઉઠાવ્યા છે. શુભભાવ ધર્મ છે, મોક્ષનો માર્ગ છે. છાપામાં આવ્યું છે. 'કૈલાસચંદજી' કહે શુભભાવ બંધનું કારણ છે. હવે અત્યારે પંડિતો વચ્ચે ચર્ચા થઈ. આટલા વર્ષ પછી! 'ગાંધી'! એકકોર 'કૈલાસચંદ' અને એકકોર 'મખનલાલજી'. 'મખનલાલજી'એ કહ્યું કે શુભભાવ મોક્ષનો માર્ગ છે, ત્યારે 'કૈલાસચંદજી' કહે, નહિ. શુભભાવને હેય માને એ મિથ્યાદૃષ્ટિ છે, એવું 'મખનલાલજી'એ કહ્યું. 'કૈલાસચંદજી'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે કે 'કુંદકુંદાચાર્ય' કહે છે શુભભાવ હેય હોય તો 'કુંદકુંદાચાર્ય' મિથ્યાદૃષ્ટિ થયા. 'પ્રવચનસાર'માં. 'પ્રવચનસાર'માં પહેલા ભાગમાં છે. 'કૈલાસચંદજી' કહે છે. અમે તો પહેલેથી કહીએ છીએ. સમજાણું કાંઈ?

રાગ હેય છે. વીતરાગચારિત્ર એ ઉપાદેય છે. આહાહા! 'પ્રવચનસાર'ની પહેલી શરૂઆતની ગાથા. રાગનો કણ વચ્ચે આવે છે. જ્યાં સુધી સાતમા ગુણસ્થાને વીતરાગતા ન પ્રગટે ત્યાં સુધી છઠ્ઠા ગુણસ્થાને આનંદના સ્વાદની સાથે રાગ આવે છે. પણ એ રાગનો કણ છે એ હેય છે. છઠ્ઠે ગુણસ્થાને આત્મઅનુભવી જીવને, જેને ત્રણ કષાયનો અભાવ થઈને આનંદની લહેર ઉઠે છે. મુનિરાજ તો આનંદના પ્રચુર વેદનમાં પડ્યા છે. એમાં પુરુષાર્થની નબળાઈથી પંચમહાવ્રતનો રાગ આવે છે એ હેય છે. તો 'કૈલાસચંદજી'એ લખ્યું કે 'કુંદકુંદાચાર્ય' તો કહે છે કે શુભભાવ હેય છે. અને તમે કહો છો કે શુભભાવ હેય માને એ મિથ્યાદૃષ્ટિ છે. તો 'કુંદકુંદાચાર્ય' મિથ્યાદૃષ્ટિ છે? મોટી ચેલેન્જ આપી. એમાં છે.

મુમુક્ષુ :– કરુણાદીપ

ઉત્તર :– 'કરુણાદીપ'માં. એ કાંઈ યાદ ન રહે. 'કરુણાદીપ'માં બહુ મોટો લેખ છે. 'કૈલાસચંદજી'ને ચેલેન્જ આપે છે. ચેલેન્જ આપીએ છીએ કે શુભભાવ મોક્ષનો માર્ગ છે. લાવો ચેલેન્જ. અરે..! ભગવાન! આ ક્યાંથી (લાવ્યા)? આહાહા! અહીંયાં કહે છે કે શુભભાવનો કર્તા થાય એ મિથ્યાદૃષ્ટિ છે. આટલો ફેર છે, પ્રભુ! શું થાય?

મુમુક્ષુ :– આ ઉપકાર આપનો છે.

ઉત્તર :– આ વસ્તુસ્થિતિ આવી છે. અમે તો પહેલાથી કહેતા આવીએ છીએ. 'કૈલાસચંદજી' એકવાર એમ કહેતા હતા કે શુભભાવ પણ ધર્મ છે. પહેલા એમ કહેતા હતા. ખબર છે. હવે જરી ફેર પડી ગયો.

અહીંયાં કહે છે કે ભગવાન! એકવાર સાંભળ, નાથ! તું ભગવત્ સ્વરૂપ છો ને, નાથ! શુદ્ધ આનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદકંદ છો ને. એ રાગનો બળજોરીથી કર્તા થાય છે. એ તારી ચીજ નથી. એવા પુણ્યના પરિણામનો બળજોરીથી કર્તા થાય છે. જોરથી, ઉંધા જોરથી કર્તા થાય છે, એમ કહે છે. આહાહા! આવો માર્ગ છે, ભાઈ! હજી એનું જ્ઞાન પણ નથી કે શું સત્ય છે અને શું અસત્ય છે? એનો પ્રયોગ અંદરમાં કેમ કરે? અને ધર્મ કેમ થાય? આહાહા!

આ તો ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વરનો હુકમ છે એ આચાર્ય કહે છે. સમજાણું કાંઈ? નહિતર તો આચાર્ય પોતે કહે એ સત્ય છે. આ સંત છે, વીતરાગી મુનિ છે. છતાં પણ એ કહે છે, જિનવરદેવ આમ કહે છે. આહાહા! 'કુંદકુંદાચાર્ય' એમ કહે, હોં! નહિતર એ તો મુનિ છે. એ પોતે વીતરાગી મુનિ કહે એ સત્ય છે. પણ દુનિયાને કહે ત્યારે, જિનવર **'एवं भणंति'**, એમ કહે છે. 'કુંદકુંદાચાર્ય' હોં! 'સમયસાર'ની ગાથામાં આવે છે. જિનવર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'एवं भणंति'**. આહાહા! પરને જીવાડવા, મારવા, સુખી-દુઃખી કરવા એ તારો અધ્યવસાય મિથ્યાત્વ છે, એમ જિનવરદેવ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? નામ લે છે. ભગવાનનું નામ લઈને કહે છે. આહાહા! ધન્ય અવતાર ! એ તો મુનિ સંત છે, વીતરાગી મુનિ છે. એક કષાયનો અંશ જરી છઠ્ઠે ગુણસ્થાને આવે છે. એ પણ હેયબુદ્ધિએ છે. આહાહા! કર્તાબુદ્ધિએ નહિ. આહાહા! કર્તાબુદ્ધિએ હોય તો મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ?

૫૭ માં શ્લોકમાં ભોક્તાની વાત કરીને મિથ્યાદષ્ટિ કહ્યો. હરખ-શોકનો ભોક્તા એ મિથ્યાદષ્ટિ છે. પોતાના સ્વાદનો ભોક્તા નથી. આહાહા! આવી વાત. અહીંયાં **'कर्त्रीभवंत्याकुलाः'** ૫૮ કળશમાં છેલ્લો શબ્દ છે ને? છેલ્લું પદ છે. આહાહા! ભાઈ! આ તો શાંતિનો માર્ગ છે. આ કોઈ ઝપટ બોલે ને આમ, તેમ ધમાલ કરે, મોટી રથયાત્રા કાઢે, મંદિરો બનાવે, મોટા ભાષણ કરે માટે ધર્મ થાય (એમ નથી). આહાહા!

અહીંયાં તો કહે છે, પ્રભુ! ભાષાનો કર્તા આત્મા નથી. એ તો સ્વતંત્ર પરમાણુની પર્યાય છે. પણ તારામાં જે દયા, દાન, વ્રત, ભક્તિનો જે શુભરાગ આવે છે... આહાહા! એ શુદ્ધસ્વરૂપ ભગવાન આનંદકંદ પવિત્ર છે, (એનાથી વિપરીત) બળજોરીથી અપવિત્ર અશુદ્ધનો કર્તા થાય છે. એમ કહે છે. ભાઈ! આહાહા! ભાષા તો જુઓ! 'અમૃતચંદ્રાચાર્ય'... આહાહા! દિગંબર સંત. આહાહા! ધન્ય અવતાર! જેણે મનુષ્યપણું સફળ કર્યું અને કેવળજ્ઞાનનો કાળ ન હોવાથી કેવળજ્ઞાન ન થયું. સ્વર્ગમાં ગયા, ત્યાંથી નીકળી કેવળજ્ઞાન લઈને મુક્તિ પામશે. આહાહા! ધન્ય અવતાર! ચારિત્રસહિત જ્યાં વીતરાગતા આવી... આહાહા! સમજાણું કાંઈ?

એ 'અમૃતચંદ્રાચાર્ય' એમ કહે છે, ભગવંત! તારું સ્વરૂપ તો નિર્મળ અને શુદ્ધ છે ને, નાથ! તું રાગ જે અશુદ્ધ છે એનો બળજોરીથી કર્તા કેમ થાય છે? ઊલટી દષ્ટિ-બળજોરીનો અર્થ ઇ. રાગનું કર્તાપણું સ્વભાવમાં તો છે જ નહિ. આહાહા! એકવાર કહ્યું હતું ને. 'ઇંદોર'માં પચાસ પંડિતો ભેગા થયા. પ્રશ્ન આવ્યો હતો. પરદ્રવ્યનો કર્તા ન માને એ દિગંબર નહિ. અરે..! ભગવાન! વાત એ કે અહીંનો વિરોધ કરવો. અરે..! પ્રભુ! ભાઈ! સમજાણું કાંઈ? પંડિતજીને નહિ ખબર હોય. એકવાર 'ઇંદોર'માં થયું હતું. પચાસેક પંડિત (ભેગા થયા). ઘણા વર્ષ થયા. એ એમ કહે કે પરદ્રવ્યનો કર્તા નહિ? પરદ્રવ્યનું કાંઈ કરી ન શકે? મંદિર બનાવવા, ભગવાનની મૂર્તિ આદિ. અરે..! ભગવાન! એ પરદ્રવ્યની તો અહીંયા વાતેય નથી. આહાહા!

અહીં તો પ્રભુ! તું શુદ્ધ છો ને. એ શુદ્ધમાં અશુદ્ધતાનો કર્તા તો બળજોરીથી થાય છે. તારી મિથ્યાદષ્ટિથી તું થયો એમ કહે છે. આહાહા! તારી શક્તિ અને તારા સ્વરૂપમાં તો પવિત્રતાનો પિંડ પડ્યો છે ને, પ્રભુ! એ પવિત્રતાને છોડીને જોરથી એમાં નથી, એ શુદ્ધ રાગનો કર્તા નથી, પણ મિથ્યા દષ્ટિના જોરથી તું રાગનો કર્તા થાય છે, તું દુઃખી થઈશ. આકુળતા (થશે). છે? **'कर्त्रीभवंत्याकुलाः'** આહાહા! ગજબ વાત છે. સર્વજ્ઞ પરમેશ્વરનો તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ માર્ગ છે. આહાહા! હવે એને એકાંત કહીને એકાંત છે... એકાંત છે. ભગવાન! આ 'અમૃતચંદ્રાચાર્ય' શું કહે છે?

મુમુક્ષુ :– વ્યવહારથી ધર્મ થાય એમ આપ કહેતા નથી.

ઉત્તર :– એ તો ત્રણકાળમાં કહેતા નથી. અહીં તો વ્યવહાર તે દુઃખરૂપ છે. વ્યવહાર એ ઝેર છે. કર્તા થઈને ઝેરનો સ્વાદ લે એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા!

મુમુક્ષુ :– નય ઘણા છે.

ઉત્તર :– નય છે તો શું થયું? કોઈ નયને લાગુ પડે છે. નિશ્ચયથી કર્તા નથી એ નય લાગુ પડે છે. અજ્ઞાનભાવે કર્તા છે એ લાગુ પડે છે. આહાહા! અશુદ્ધ નિશ્ચયથી કર્તા કહો કે વ્યવહારથી કર્તા કહો, કે પરમાર્થથી કર્તા ન કહો એક જ વાત છે. આહાહા! અરે..! પ્રભુનો માર્ગ, ભાઈ! આહાહા!

મનુષ્યદેહ ચાલ્યો જાય છે. ક્ષણ અને પળ, દિવસ અને રાત એ દેહ છુટવાની જે મુદત છે એની સન્મુખ જાય છે. આહાહા! ભાઈ! જે દેહ છુટવાની મુદ્દત છે એ તો પાકી છે. એમાં કોઈ સમય ફેર થશે નહિ. જે ક્ષેત્રે, જે કાળે, જે સંયોગે દેહ છુટવાનો કાળ ભગવાને જોયો છે એ સમયે છૂટશે. એ છુટવાના કાળમાં જેટલા દિવસ અને વર્ષ જાય એ મૃત્યુની સન્મુખ જાય છે. મૃત્યુના કાળની સન્મુખ જાય છે. આહાહા!

અહીંયાં પરમાત્મા એમ કહે છે, અરે..! પ્રભુ! તું શુદ્ધ છે ને? આવ્યું ને? છે? **'शुद्धज्ञानमयाः'** આહાહા! પ્રભુ! તું તો શુદ્ધજ્ઞાનમય છો ને. એ જ્ઞાનમયમાં આનંદમય આવ્યું. મૂળ જ્ઞાનપ્રધાનથી કથન છે. પ્રભુ! તું તો આનંદમય છો ને. તું તો રાગના અકર્તાસ્વરૂપ છો ને? આહાહા! તું તો વ્યવહારરત્નત્રયના વિકલ્પનો અકર્તા સ્વરૂપ (છો). શુદ્ધજ્ઞાનમયનો અર્થ ઇ. પ્રભુ તું તો રાગના અકર્તાસ્વરૂપ છો ને. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! ગજબ શ્લોક છે. દિગંબર સંતોની વાણી રામબાણ છે. જેમ રામનું બાણ છૂટે અને સામે મૃત્યુ ન થાય એમ બને નહિ. રામબાણ માર્યું એ માર્યું. આહાહા!

પ્રભુ! તું શુદ્ધ જ્ઞાન છો ને! આહાહા! તું તો જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવથી ભરેલો છો ને. આહાહા! પ્રભુ! તું તો વીતરાગ સ્વરૂપથી પરિપૂર્ણ છો ને. એવી ચીજ હોવા છતાં બળાત્કાર મિથ્યાત્વના જોરથી... આહાહા! ભાષા તો જુઓ! પાછા 'રાજમલજી'એ ટીકા પણ કેવી કરી! 'રાજમલજી' ગૃહસ્થ હતા. જૈનધર્મના મર્મી. આમાંથી 'સમયસાર નાટક' બનાવ્યું. આહાહા! અરે..! એક કલાક પણ આવી વાત ક્યાં છે? સમજાણું કાંઈ? આહાહા!

કહે છે, ઓહોહો..! ગજબ વાત છે. **'સહજથી શુદ્ધસ્વરૂપ...'** ભાષા જુઓ! શું છે? તું તો સ્વભાવિક શુદ્ધ ને આનંદસ્વરૂપ પ્રભુ છો ને. બીજી ભાષાએ કહીએ, પ્રભુ! તું તો રાગના અકર્તાપણાના સ્વભાવસ્વરૂપ છો ને. આહાહા! જ્ઞાનમયનો અર્થ ઇ. આહાહા! તારો સ્વભાવ જ સ્વાભાવિક જ્ઞાતા દૃષ્ટા, આનંદ, વીતરાગકંદ પ્રભુ તું છો ને? તો આ હઠ ક્યાંથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પકડી? બળાત્કારનો અર્થ હઠ. હઠ કરીને રાગનો જોરથી કર્તા થાય એ વસ્તુમાં નથી. 'જ્ઞાનચંદજી'! આહાહા!

મુમુક્ષુ :– ..

ઉત્તર :– આ પંડિતો રહ્યા, જુઓને! હવે આ પંડિતો બધા થયા.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– બીજાને સંભળાવે આવું ઉંધુ. એ તો હવે આ લોકો પંડિત જાગ્યા.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– સત્યને કબુલે એ 'સોનગઢિયા' એમ ને? એને જે સત્ય લાગ્યું એ રુચ્યું છે.

મુમુક્ષુ :– ભોળા લોકો...

ઉત્તર :– ભોળા લોકો એમ કહે છે. 'રામજીભાઈ' જેવા ભોળા લોકો. મહારાજ માથે કહે ઇ જી હા, જી હા, કર્યા કરે. અરે..! ભગવાન! અહીં તો એક એક શબ્દ અને એક એક ભાવની કસોટી કરીને પરીક્ષા કરવી છે. એમ ને એમ માનવાનું નથી. આહાહા!

ભગવાનના વિરહ સંતોએ ભૂલાવી દીધા છે. એવી સ્પષ્ટ અનુભવની વાણી એમણે કહી છે. આહાહા! સમજાણું કાંઈ? બહું જાણપણું હો-ન હો, બીજાને સમજાવતા આવડતું ન હોય એની સાથે કોઈ સંબંધ નથી. આહાહા! ભગવાન! તું તો શુદ્ધ જ્ઞાનમય છો ને? એમ કહીને શું કહે છે? સહજ શુદ્ધ જ્ઞાનમય છે ને. સ્વભાવિક તારો આનંદ અને જ્ઞાન અને રાગના અકર્તાપણાનો તારો સ્વભાવ છે ને. આહાહા! કેમકે એમાં–આત્મામાં અકર્તા નામનો ગુણ છે. સમજાણું કાંઈ? આ ૪૭ શક્તિ છે ને? એમાં અકર્તાશક્તિ છે. રાગને કરવો નહિ, એવી એની શક્તિ છે. આહાહા! એ અહીં કહે છે કે તું તો જ્ઞાનમય એટલે રાગ, વ્યવહારરત્નત્રયનો કર્તા નહિ એવો અકર્તા તારો સ્વભાવ છે ને? આહાહા! સમજાણું કાંઈ?

**'સહજથી...'** **'स्वयम्'** છે ને? **'स्वयम्'** સ્વયં જ્ઞાનમય છે. સ્વયં અકર્તામય છે. રાગ અને પુણ્ય અને વ્યવહારનો અકર્તા સ્વયં છે. આહાહા! આ લગ્ન હોય ત્યારે તમારે કાગળમાં નથી લખતા? દીકરીના જમાઈ ન આવતા હોય તો લખે, થોડું લખ્યું ઘણું કરીને જાણજો. એમ લખે. થોડું લખ્યું, ઘણુ કરીને જાણજો. એમ આવે. પાંચ-સાત દીકરીઓ હોય. એમાં કોઈક કડક જમાઈ હોય એ ન આવે તો આવું લખવું પડે.

મુમુક્ષુ :– થોડા લિખા બહુત...

ઉત્તર :– થોડું લખ્યું ઘણું કરીને જાણજો. આપના આવવાથી મંડપની શોભા વધશે. એમ લખે. દુનિયાની તો બધી ખબર છે ને. આહાહા!

અહીંયાં કહે છે કે થોડું લખ્યું ઘણું કરીને જાણજો કે તારી ચીજ તો આનંદકંદ છે, પ્રભુ! આહાહા! તારી ચીજ તો પુણ્ય અને દયા, દાનના રાગનો અકર્તા તારો સ્વભાવ છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ને. આહાહા! 'વેણીપ્રસાદજી'! એમાં પ્રસાદ થઈ જાઓ એમ કહે છે. આહાહા! ભગવાન! ભાષા કેવી છે. સ્વભાવિક તું તો જ્ઞાનમય છો ને, નાથ! આહાહા!

મુમુક્ષુ :- ભાષા તો જેવી છે તેવી છે, સ્પષ્ટતા કેવી છે!

ઉત્તર :- આહાહા! લોકોના ભાગ્ય છે ને ઇ. વાણી આવવી એ વાણીને કારણે છે. આહાહા!

મુમુક્ષુ :– હમારે કારણ સે હૈ?

ઉત્તર :– એમ છે ને? દિવ્યધ્વનિમાં નથી આવતું? 'ભવિ ભાગનજોગ' આવે છે. ભવિના ભાગનજોગ વાણી નીકળે છે એવું નિમિત્તથી કથન છે. ભવિભાગનજોગ આવે છે ને? ભવ્યના ભાગ્યને યોગે હે નાથ! તું તો વીતરાગ છો. તારામાં વાણી નીકળવી, કરવી એ તો છે નહિ. ભવિભાગન જોગ દિવ્યધ્વનિનો પ્રસાદ આવે છે. આહાહા! આહાહા! ગજબ અર્થ કર્યો ને! અર્થ કરનારે પણ ગજબ કર્યો છે ને! પ્રભુ!

**'મિથ્યાદષ્ટિ જીવ સહજથી શુદ્ધસ્વરૂપ છે...'** એમ કહીને શું કહે છે? કે રાગ અને પરનો અકર્તા સ્વભાવ તારો છે. તારો સ્વભાવ જ અકર્તા શુદ્ધ જ્ઞાનમય છે. આહાહા! તું આ શું કરે છે? ભગવાન! આ શું કરે છે? આવી હઠ? **'બળજોરીથી જ કર્તા થાય છે.'** જ શબ્દ છે? **'બળજોરીથી જ કર્તા થાય છે.'** આહાહા! 'જ' શબ્દ પડ્યો છે ને? બળાત્કાર. વસ્તુમાં નથી એવું જોર મિથ્યાદષ્ટિપણે કરે છે. બળાત્કાર ઊલટા વીર્યથી તું રાગનો કર્તા થાય છે. આહાહા! માણસને આ માર્ગ આકરો પડે. પરમસત્ય તો આ છે પણ પ્રથા (ઉંધી થઈ ગઈ).

મુમુક્ષુ :– બન્ને શ્લોકમાં ઘણો ફરક છે.

ઉત્તર :– પેલામાં ભોક્તાનું હતું, આ કર્તાનું છે.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– એ પણ આવ્યું. ૫૬માં એ આવ્યું. .. ત્યાં શુદ્ધ-અશુદ્ધની પરિણતિ કહે છે એટલું. એને પરથી ભિન્ન પાડે એટલી વાત છે. શુદ્ધ-અશુદ્ધ પરિણમન તારું છે એટલી પર્યાયની સિદ્ધિ કરે છે. હવે અહીં દ્રવ્ય સ્વભાવની સિદ્ધિ કરવી છે. સમજાણું કાંઈ? એ અશુદ્ધ પરિણતિ તારામાં થાય છે, તારી છે. એ તો એની પર્યાયની સ્વતંત્રતાની સિદ્ધિ કરે છે. હવે અહીંયા દ્રવ્ય સ્વભાવની સિદ્ધિ કરે છે.

ભગવાન! તારો સ્વભાવ તો જ્ઞાનમય અને આનંદમય છે ને, પ્રભુ! આ શું કરે છે તું? આમ બળજોરીથી, હઠથી, જોરાવર થઈને રાગનો કર્તા થાય છે, શું કરે છે તું? હઠથી શું કામ કરે છે? એવો હઠવાદી શું કામ થયો? આહાહા! સમજાણું કાંઈ? ક્યાં ગયા 'માણેકચંદભાઈ'? ક્યાં બેઠા છે? અહીં બેઠા છે. ઠીક! બાપા-શેઠ અહીં બેઠા છે અને 'માણેકચંદભાઈ' આમ બેઠા છે. આ વાત આવી છે, ભાઈ! આહાહા! ૫૬માં શ્લોકમાં તો

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શુદ્ધ-અશુદ્ધ પરિણતિની પર્યાય તારી છે અને તું કરે છે એટલું પરદ્રવ્યથી ભિન્ન કરવું છે.

મુમુક્ષુ :– પરિણતિ પોતાની છે.

ઉત્તર :– પોતાની છે એટલું. હવે એ રાગની પરિણતિ સ્વભાવમાં નથી (એમ સિદ્ધ કરવું છે). આહાહા! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– કાંઈ સમજાતું નથી.

ઉત્તર :– ફરીથી લઈએ. ૫૬મા કળશમાં એમ કહ્યું કે **'आत्मा आत्मभावान् करोति'** એ ભાવનો અર્થ બે છે. શુદ્ધ પરિણતિ અને અશુદ્ધ પરિણતિ. પરથી ભિન્ન પાડીને તારી પરિણતિ, તારી પર્યાયમાં તારાથી થઈ છે, બસ એટલું. એમ કહીને પરથી નથી થઈ એમ નિષેધ કરવો છે. હવે અહીંયાં તો એ નિષેધ કરે છે કે અશુદ્ધ પરિણતિનો કર્તા થઈને કરે છે, કર્તા થઈને કરે છે એ તારો સ્વભાવ નથી.

મુમુક્ષુ :– પર્યાયની અપેક્ષા...

ઉત્તર :– (ત્યાં) પર્યાયની અપેક્ષા છે, અહીં દ્રવ્ય સ્વભાવની અપેક્ષા છે. શુદ્ધ જ્ઞાનમય લીધું ને? સમજાણું કાંઈ? આહાહા! આવું છે.

**'મિથ્યાદૃષ્ટિને લીધે अज्ञानात् આકુલિત થતા થકા...'** ભાષા જુઓ! આહાહા! એ રાગનો કર્તા આકુલિત થઈને થાય છે. આહાહા! ભગવાન! તારા આનંદસ્વભાવને તું ભૂલી જાય છે. જે સહજ સ્વભાવ, આનંદ અને અકર્તા સ્વભાવ તારો છે એમાં બળજોરીથી આકુલિત થયો થકો... આહાહા! દુઃખી થયો થકો તું દુઃખી થઈને રાગનો કર્તા થાય છે. આહાહા! આવી વાત છે. બળાત્કાર-ભાષા તો જુઓ! 'રાજમલ'ની ટીકા. ગૃહસ્થ હતા તો પણ કેટલી સત્ય વાત કરે છે. અર્થ 'રાજમલ'ના છે. આહાહા!

**'બળજોરીથી જ...'** શબ્દ છે, જોયું! તારી જૂઠી બળજોરી છે. આહાહા! **'શા કારણથી?' 'બળજોરીથી જ કર્તા થાય છે. શા કારણથી?'** શુદ્ધ જ્ઞાનમય, આનંદમય હોવા છતાં બળજોરીથી આકુલિત થયો થકો રાગનો કર્તા થાય છે. કેમ? **'विकल्पचक्रकरणात्' 'અનેક રાગાદિના ચક્ર સમૂહને કરવાથી.'** આહાહા! અનેક પ્રકારના શુભરાગ, અસંખ્ય પ્રકારના અશુભરાગ એ અનેક પ્રકારના રાગ. રાગ આદિ છે ને? રાગ, દ્વેષ, શોક, હરખ આદિ વગેરે. **'અનેક રાગાદિના સમૂહને કરવાથી.'** શા કારણથી થયું? કે આ કારણથી. અનેક પ્રકારના રાગ કરવામાં તારી બુદ્ધિ ત્યાં જોડાઈ ગઈ. ચૈતન્ય તરફ રહી નહિ. આહાહા!

હવે અહીં તો પોકાર આ કરે છે, શુભભાવથી ધર્મ થાય છે, શુભભાવ મોક્ષનો માર્ગ છે. અરે..રે..! અહીં કહે છે કે શુભભાવનો કર્તા બળજોરીથી થાય છે તો મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. હવે આમાં ક્યાં મેળ કરવો? વાદ કરો, કહે છે. ચર્ચા તો 'ફુલચંદજી'ની સાથે થઈ ગઈ. 'ખાણિયા' ચર્ચા થઈ ગઈ. 'જ્ઞાનચંદજી' કહે અમે વાંચી હતી. બેય પુસ્તક વાંચ્યા છે? આઠ-આઠ રૂપિયાનું છે ને? આહાહા! 'ખાણિયા ચર્ચા' છે ને ભાઈ? શેઠ! વાંચ્યું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે ને? બે ભાગ છે. આઠ-આઠ રૂપિયાના. આહાહા! ચર્ચા તો ઘણી થઈ ગઈ. ફરીને ચર્ચા (કરો). પણ કોની (સાથે)? આહાહા!

'કુંદકુંદાચાર્ય' 'નિયમસાર'માં કહે છે. પ્રભુ! તારે જ્ઞાનધન પ્રાપ્ત કરવું હોય, જેમ લક્ષ્મી કોઈને મળી હોય અને દેશમાં આવીને એકલો ખાય છે. ઢંઢેરો નથી પીટતો કે હું પાંચ કરોડ લાવ્યો, પાંચ કરોડ લાવ્યો. નહિતર લૂંટી લેશે. કુટુંબ ને બુટુંબ ને મહાજન ને એ લોકો. એમ જો તને આત્મજ્ઞાન થયું હોય તો સ્વસમય અને પરસમય સાથે વાદ કરીશ નહિ. કોઈની સાથે ચર્ચા ન કરીશ. એવો પાઠ છે. કેમ? કે ણાણા જીવા ણાણા કમ્મા ણાણા લબ્ધિ. 'નિયમસાર'માં એવો શબ્દ છે. અનેક પ્રકારના જીવ ભવિ-અભવિ, દુર્ભવિ. ણાણા કમ્મા, કર્મ અનેક પ્રકારના છે. ણાણા લબ્ધિ, એના ક્ષયોપશમમાં પણ અનેક પ્રકારની પ્રાપ્તિ છે. કોની સાથે તું ચર્ચા કરીશ? આહાહા! સમજાણું કાંઈ? સ્વસમય સાથે અને પરસમય સાથે, બેય સાથે વાદ કરીશ નહિ, પ્રભુ! તું તારા અનુભવમાં જા. આનંદનો અનુભવ કર તું. બસ. એને લુંટ. બીજી વાત રહેવા દે, છોડી દે. આહાહા!

**'विकल्पचक्रकरणात्'** આહાહા! **'કોની માફક?'** હવે દૃષ્ટાંત આપે છે. **'वातोत्तरङ्गाब्धिवत्' 'પવનથી ડોલતા-ઊછળતા સમુદ્રની માફક.'** આહાહા! સમુદ્ર તો નિશ્ચળ છે પણ અહીંયા દૃષ્ટાંત દેવું છે કે પવનના કારણે ડોલતો સમુદ્ર છે. છે તો પોતાની પર્યાયને કારણે. સમજાણું કાંઈ? પવનથી એ તરંગ ઉઠતા. પણ અહીં બતાવવું છે કે કર્મના નિમિત્તના સંબંધમાં જતા તને ''**विकल्पचक्र**' ઉત્પન્ન થાય છે. એ વાત છે. આહાહા! સમજાણું કાંઈ? એ તો ૮૩ ગાથામાં આવી ગયું છે. ૮૩ ગાથા. કર્તાકર્મ. સમુદ્રમાં જે તરંગ ઊઠે છે એમાં પવન નિમિત્ત છે. વાયુથી તરંગ નથી ઉઠતા. એ ૮૩ ગાથામાં કહ્યું. જેમ આ ૫૬માં કળશમાં કહ્યું ને? કે તારી અશુદ્ધ પરિણતિ તારામાં છે. એ સિદ્ધ ત્યાં કર્યું છે. સમુદ્ર ઉછળે છે એ વાયુને કારણે નહિ. પોતાના તરંગ ઉઠે છે એ પોતાના કારણે છે. પવન તો નિમિત્ત છે. પવનથી તરંગ ઉઠતા નથી. આહાહા! સમજાણું કાંઈ? ધ્વજા આમ હલે છે ને? કપડાની ધ્વજા આમ હલે છે તો એ પવનના કારણે નહિ. પોતાની પર્યાયથી આમ-આમ હલે છે. પવન તો નિમિત્ત છે. પવન તો એને સ્પર્શતો પણ નથી. આહાહા! પવનથી નહિ એમ અહીંયાં કહે છે.

અહીંયા બીજી વાત કરવી છે. અહીંયાં નિશ્ચળ સમુદ્રની સ્થિતિ બતાવવી છે એમ શુદ્ધ જ્ઞાનમય ઘન આત્માને બતાવવો છે. એ પવનથી તરંગ ઉઠે છે એમ કર્મના નિમિત્તથી વિકલ્પનું ચક્ર તું ઉઠાવે છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! આમાં તો સંદેહને કોઈ સ્થાન નથી. આહાહા!

**'ડોલતા-ઉછળતા સમુદ્રની માફક.'** અહીંયા સમુદ્રને નિશ્ચળ લેવો અને તરંગ ઉઠે છે એ પવનથી ઉઠે છે એમ અહીંયા સિદ્ધ કરવું છે. એમ ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ સ્થિર છે. એમાં કર્મના નિમિત્તના સમુદ્રમાં તું વિકલ્પનું ચક્ર ઉઠાવે છે. એમ સિદ્ધ કરવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. સમજાણું કાંઈ? આહાહા!

**'ભાવાર્થ આમ છે કે જેવી રીતે સમુદ્ર સ્વરૂપે નિશ્ચળ છે,...'** અહીંયા એમ લેવું છે. સ્વરૂપ નિશ્ચળ એકરૂપ (છે). આહાહા! **'પવનથી પ્રેરિત થઈને ઊછળે છે...'** એ પવનના નિમિત્તે ઉછળે છે એટલું સિદ્ધ કરવું છે. તરંગો ઉઠે છે એ પોતાથી, એ ૫૬માં કળશમાં કહ્યું એમ. પણ અહીંયા તો હવે શુદ્ધ જ્ઞાનઘન છે એમ કહીને વિકારના પરિણામ નિમિત્તને કારણે, નિમિત્તના સંબંધે ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? અરે..! એકવાર એમ કહે કે વિકલ્પના તરંગો તારી પર્યાય તારાથી થાય છે. કર્મથી નહિ. અહીં તો શુદ્ધ જ્ઞાનઘન સિદ્ધ કરવો છે. ત્યાં તો પરિણતિ સિદ્ધ કરી. હવે આત્મા શુદ્ધ જ્ઞાનઘનસ્વરૂપ ભગવાનઆત્મા.. આહાહા! એવો સહજ સ્વભાવ હોવા છતાં, પવનના નિમિત્તે જેમ સમુદ્ર નિશ્ચળ છે છતાં તરંગો ઉઠે છે, એમ વિકલ્પના ચક્રથી તારામાં તરંગ ઉઠે છે. આહાહા! છે?

**'પ્રેરિત થઈને ઊછળે છે અને ઉછળવાનો કર્તા પણ થાય છે.'** કોણ? દરિયો. **'તેવી રીતે જીવદ્રવ્ય સ્વરૂપથી અકર્તા છે,...'** ભાષા, જુઓ! શુદ્ધ જ્ઞાનમય આવ્યું હતું ને? શુદ્ધ જ્ઞાનમય કહેવાથી સ્વરૂપ તો રાગનું અકર્તા જ છે. આહાહા! વ્યવહારરત્નત્રયના રાગનો અકર્તા આત્મા છે, અકર્તા જ છે. આહાહા! એ શુદ્ધ જ્ઞાનમય કહેવામાં આ કહેવું હતું. રાગનો અકર્તા એનો સ્વભાવ છે, રાગનો કર્તા એનો સ્વભાવ નથી. આહાહા! આવી વાત! અજાણ્યા માણસને એવું લાગે, શું કહે છે આ? કેવી ભાષા? શું છે? બાપુ! ભગવાનનો માર્ગ તો આવો છે. તું તો આનંદકંદ છો ને, નાથ! રાગ અને વિકલ્પનો અકર્તા તારો સ્વભાવ છે. તું બળજોરીથી મિથ્યાશ્રદ્ધાથી કર્તા થાય છે એ તારામાં સંસાર છે. આહાહા! સમજાણું કાંઈ? વાત તો થોડી આકરી છે.

**'જીવદ્રવ્ય સ્વરૂપથી અકર્તા છે,...'** જુઓને! ત્યાં કહ્યું હતું ને? **'શુદ્ધજ્ઞાનમયाः'** એ **'શુદ્ધજ્ઞાનમયाः'**માં એ સિદ્ધ કરવું હતું કે એ તો રાગનો અકર્તા સ્વભાવસ્વરૂપ શુદ્ધ જ્ઞાનમય છે. સમજાણું કાંઈ? આત્મા તો રાગનો અકર્તા સ્વભાવસ્વરૂપ શુદ્ધ જ્ઞાનમય છે, એમ કહેવું હતું. આહાહા! **'કર્મસંયોગથી વિભાવરૂપે પરિણમે છે...'** જુઓ! કર્મથી નહિ પણ કર્મના સંયોગથી. સંયોગ ઉપર દૃષ્ટિ કરે છે તો એકદમ વિકલ્પ ચક્ર ઊઠે છે. **'કર્મસંયોગથી વિભાવરૂપે પરિણમે છે...'** જેમ સમુદ્ર નિશ્ચળ હોવા છતાં પવનના નિમિત્તે તરંગો ઉઠે છે એમ ભગવાન! તારો રાગનો અકર્તા સ્વભાવ હોવા છતાં કર્મના સંયોગ સંબંધે રાગનો કર્તા તું થાય છે. આહાહા! અરે..! આવી વાતું હવે.

**'તેથી વિભાવપણાનો કર્તા પણ થાય છે;...'** જોયું? **'કર્મસંયોગથી વિભાવરૂપે પરિણમે છે તેથી વિભાવપણાનો કર્તા પણ થાય છે;...'** અજ્ઞાનપણે. **'પરન્તુ અજ્ઞાનથી,...'** જોયું? વિભાવનો કર્તા થાય છે એ અજ્ઞાનથી. સ્વરૂપમાં નથી. સ્વરૂપ તો જ્ઞાનઘન આત્મ ચૈતન્યપ્રભુ, એના કારણે નહિ પણ અજ્ઞાનથી. આહાહા! એ શુદ્ધ ચૈતન્યના અજ્ઞાનને કારણે. આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'સ્વભાવ તો નથી.'** વિકલ્પ જે રાગ છે એનો કર્તાનો સ્વભાવ જીવમાં છે જ નહિ. આહાહા! સ્વભાવ હોય તો કદી કર્તા છૂટે નહિ અને સિદ્ધપદ પ્રાપ્ત થાય નહિ.

મુમુક્ષુ :– ... ઉછળવું એ વિભાવ છે.

ઉત્તર :– એ વિભાવ છે. પોતાનો નહિ. આહાહા! સમજાણું કાંઈ? ભાષા તો સાદિ છે, ભગવાન! પણ થોડું લખ્યું ઘણું સમજજો. એવી વાત છે.

**'દૃષ્ટાન્ત કહે છે–' 'मृगाः मृगतृष्णिकां अज्ञानात् जलधिया पातुं धावन्ति'** આહાહા! સમય થઈ ગયો. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## શ્રાવણ સુદ ૭, રવિવાર તા.૨૧.૦૮.૧૯૭૭
## કળશ - ૫૮-૫૯, પ્રવચન - ૭૩

'કળશટીકા' ૫૮મો કળશ ચાલે છે. ૫૭માં એમ આવ્યું કે આત્મા પુણ્ય અને પાપનો ભોક્તા નથી. કેમકે એ વિકાર છે. પરનો ભોક્તા તો નથી. શરીર, વાણી, મન (આદિ) પર પદાર્થનો ભોક્તા તો છે જ નહિ. અંદરમાં પુણ્ય અને પાપનો શુભ-અશુભ વિકાર થાય છે, એનો ભોક્તા આત્માનો સ્વભાવ નથી. આહાહા! એનો સ્વભાવ તો આનંદ અને શુદ્ધતાના અનુભવનો ભોક્તા થાય એ એનો સ્વભાવ છે. ૫૮માં કળશમાં એમ કહ્યું, 'પંડિતજી'! અહીંયાં **'कर्त्रीभवन्ति'** શબ્દ પડ્યો છે ને? **'कर्त्री'** શબ્દ કેમ લીધો? 'ચેતનજી' કહે, કર્તામાં એમ આવે છે. **'कर्त्रीभवन्ति'** છે ને? **'कर्त्रीभवन्ति'** શબ્દ નથી લીધો. સંસ્કૃત એ કર્યું. ભાઈ 'ચેતનજી'. ક્યાં ગયા? 'ચેતનજી' નથી?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા. એ.

મુમુક્ષુ :– કર્તા-અકર્તા

ઉત્તર :– હા હા કહ્યું હતું. **'कर्त्रीभवन्ति'** સંસ્કૃતમાં એમ છે. આ ૫૮મી ગાથામાં **'कर्त्रीभवन्ति'**ની વ્યાખ્યા છે. અર્થાત્ સમુદ્રમાં, સમુદ્ર જેમ નિશ્ચળ છે પણ પવનના નિમિત્તથી તરંગ ઉઠે છે અને એ તરંગનો કર્તા સમુદ્ર થાય છે.

એમ ભગવાનઆત્મા... કાલે આવી ગયું છે. શુદ્ધ જ્ઞાનમય હોવા છતાં, જેમ સમુદ્ર નિશ્ચળ છે એમ ભગવાનઆત્મા દરિયો-સમુદ્ર, જ્ઞાનસ્વરૂપનો સમુદ્ર નિશ્ચળ છે. આહાહા! પણ કર્મના સંયોગનો સંબંધ કરીને વિકાર ઉત્પન્ન કરે છે. આહાહા! એ વિકારનો કર્તા આકુળતાથી થાય છે. આહાહા! આવી વાત ઝીણી. અત્યારે તો એમ ચાલે કે શુભરાગ એ મોક્ષનો માર્ગ છે. એમ કહે છે. કહો, શુભ ઉપયોગ, શુભરાગ એ મોક્ષનો માર્ગ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં તો કહે છે, પ્રભુ! એકવાર સાંભળ ને, ..પણે. એ શુભરાગ, એના કર્તા થવું એ પર્યાયબુદ્ધિ, મિથ્યાદષ્ટિ છે. આહાહા! બહુ સૂક્ષ્મ વાત. સમજાણું કાંઈ?

અહીંયાં તો શુભરાગને અજીવમાં નાખ્યો છે. એ જીવનું સ્વરૂપ જ નથી. એમ કહ્યું ને? ઉપર કહ્યું ને? **'शुद्धज्ञानमयाः'** શુદ્ધસ્વરૂપ આત્મા છે. આહાહા! એ તો જ્ઞાનમય, ચૈતન્યમય પ્રભુ આત્મા છે. આહાહા! એ ચૈતન્યના પ્રકાશનો પુંજ આત્મા છે. એમ હોવા છતાં કર્મના સંયોગનો સંબંધ કરે છે તો એમાં પુણ્ય-પાપનો ભાવ ઉત્પન્ન થાય છે, અજ્ઞાનભાવે એનો કર્તા થાય છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! આવ્યું?

અહીં સુધી આવ્યું, જુઓ! **'તેવી રીતે જીવદ્રવ્ય સ્વરૂપથી અકર્તા છે,...'** છે? 'ડાલચંદજી'! છે? સ્વરૂપથી તો ભગવાન અકર્તા છે. આહાહા! જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા પોતાના સ્વરૂપથી તો શુભ, દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ પણ સ્વરૂપથી તો અકર્તા છે. આહાહા! સમજાણું કાંઈ? **'કર્મસંયોગથી વિભાવરૂપે પરિણમે છે...'** આહાહા! કર્મરૂપી પદાર્થ એ જડ, નિમિત્ત, એનો સંગ કરવાથી, એનાથી નહિ પણ એનો સંગ કરવાથી વિકારના પરિણામ કરે છે. આહાહા! **'તેથી વિભાવપણાનો કર્તા પણ થાય છે;...'** કર્તા પણ થાય છે એમ કેમ કહ્યું? કે જ્ઞાનમય હોવા છતાં... આહાહા! એ કર્મના સંયોગના સંગમાં લક્ષ કરીને પર્યાયબુદ્ધિવંત અજ્ઞાની, એ કર્મના સંયોગના સંબંધે શુભભાવ કરે છે. એનો કર્તા પણ થાય છે. એમ કહ્યું ને? જ્ઞાતા પણ છે પણ એ તો સ્વરૂપે છે. આહાહા!

મુમુક્ષુ :– રાગનો કર્તા પણ છે.

ઉત્તર :– રાગનો કર્તા પણ થાય છે. આહાહા! પણ એ કર્તા અજ્ઞાનથી થાય છે. આહાહા! સૂક્ષ્મ વાત, ભાઈ! ભગવાન ચૈતન્યજ્યોત પ્રકાશનો પુંજ અને રાગાદિ તો અંધકાર છે. સમજાણું કાંઈ? ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ (હોય). ભગવાન ૭૨ ગાથામાં તો એમ કહે છે કે એ અશુચિ છે, મેલ છે. ભગવાન નિર્મળાનંદ એનાથી ભિન્ન છે. એવી દૃષ્ટિ ન કરતાં રાગ જે અશુચિ, મેલ છે એની દૃષ્ટિ કરે છે એને મેલનો અનુભવ થાય છે. આહાહા! સમજાણું કાંઈ? અને (રાગ) અશુચિ છે તો ભગવાનઆત્મા શુચિ છે. એમ ૭૨ ગાથામાં કહ્યું ને? ૭૦ અને ૨. 'સમયસાર'.

ભગવાનઆત્મા... આહાહા! આચાર્યો પણ બોલે છે. પુણ્ય અને પાપના ભાવ, પ્રભુ! એ અશુચિ છે, મેલ છે. મેલપણે પાણીમાં જેમ કાદવનો મેલ છે... કાદવ કહે ને? કીચડ... કીચડ. એ મેલપણે જેમ અનુભવમાં આવે છે એમ ભગવાનઆત્મામાં શુભ-અશુભભાવ મેલપણે અનુભવમાં આવે છે. ભગવાનઆત્મા... 'અમૃતચંદ્રાચાર્યે' ૭૨ ગાથાની સંસ્કૃત ટીકામાં એમ લીધું. ભગવાનઆત્મા એમ કહ્યું. આહાહા! એ તો અતિ નિર્મળાનંદ પ્રભુ છે. આહાહા! એ નિર્મળ આનંદમાં મલિનતા ક્યાંથી આવી? કહે છે. સમજાણું કાંઈ? પુણ્ય અને પાપના ભાવને ત્યાં ૭૨ ગાથામાં જડ કહ્યા છે. જડ છે. કેમકે ચૈતન્યના પ્રકાશના નૂરના તેજનો રાગમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અભાવ છે. આહાહા! ભગવાનઆત્મા ચૈતન્યપુંજ પ્રભુ (છે) અને રાગ ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો હોય, એમાં ચૈતન્યના પ્રકાશનો અભાવ છે. શું છે?

મુમુક્ષુ :– .. અડવું નહિ. અવાજ આવે છે.

ઉત્તર :– હા હા સમજી ગયો.

એમ કર્મને અડવું નહિ. ભગવાન! આહાહા! કર્મને અડવાથી પોતામાં વિકાર થાય છે. આહાહા! અને ભગવાન પરમાત્મા સર્વજ્ઞદેવ દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ શુભરાગ વિકારને જડ કહે છે. કેમકે ચૈતન્યના પ્રકાશના તેજના પૂર પ્રભુ એ ચૈતન્યના સ્વભાવનો અંશ-અંકુર પણ રાગમાં નથી. એ તો અંધકારનો અંકુર છે. આહાહા! આવી વાત માણસને આકરી પડે. માર્ગ તો આવો છે, ભાઈ! અરે..રે..! અનંતકાળથી જન્મ-મરણ કરી ચોર્યાસીના અવતાર કરીને દુઃખી છે. વ્યથા.. વ્યથા પીડીત છે. આહાહા! ભગવાનઆત્મા પવિત્ર છે, ચૈતન્ય સ્વભાવ છે ત્યારે પુણ્ય-પાપનો ભાવ અચેતન જડ છે.

ત્રીજો બોલ એમ લીધો કે પુણ્ય અને પાપના ભાવ દુઃખરૂપ છે. આ વિભાવનો કર્તા થાય છે, એમ કહ્યું ને? એ દુઃખરૂપ ભાવ છે. આહાહા! બહુ આકરું કામ. એણે અનંતકાળથી પોતાની ચીજ શું છે (એ જાણી નથી). ચિદાનંદ સ્વરૂપ ભગવાન ભગવત્‌સ્વરૂપે બિરાજમાન છે. આહાહા! 'જિન સો હી જિનરાજ અને જિનરાજ સો હી જિન.' 'સમયસાર નાટક'માં આવે છે. સમજાણું કાંઈ? એ પરમાત્મા નિજાનંદ પ્રભુને ભૂલી શુભ-અશુભભાવ કરે છે તો કહે છે કે એ તો દુઃખરૂપ છે. આહાહા!

ભગવાનઆત્મા એ દુઃખરૂપનું કાર્ય નથી અને દુઃખનું એ કારણ નથી. શું કહ્યું? દુઃખરૂપ જે શુભભાવ છે એના કારણે અહીંયા વીતરાગતા પ્રગટી એમ નથી. એ રાગનું કાર્ય નથી અને રાગનું કારણ નથી. આહાહા! નિર્મળાનંદ પ્રભુ રાગનું કારણ ક્યાંથી થાય? સમજાણું કાંઈ? અકાર્યકારણશક્તિ અહીંથી કાઢી છે. ૪૭ શક્તિ છે. અકાર્યકારણશક્તિ આમાંથી કાઢી છે. 'અમૃતચંદ્રાચાર્યે'.

ત્યાં એમ છે કે ભગવાન ચિદાનંદ સ્વરૂપ નિત્યાનંદ પ્રભુ જ્ઞાન અને આનંદનું દળ, એ તો પુણ્ય-પાપના પરિણામનું કાર્ય પણ નથી અને પુણ્ય-પાપના ભાવનું એ કારણ પણ નથી. આહાહા! સમજાણું કાંઈ? કેમકે એમાં અકાર્યકારણ નામની શક્તિ-ગુણ પડ્યો છે. આહાહા! ઝીણી વાતું ભારે. એટલે લોકોને એવું લાગે 'સોનગઢ' નિશ્ચયાભાસ છે. વ્યવહારને કાઢી નાખે છે. ભગવાન! બાપુ! તારા હિતની વાત છે, નાથ! એ પુણ્ય અને પાપના ભાવને તો ભગવાને દુઃખરૂપ કહ્યા. એ દુઃખરૂપ આત્માના સુખનું સાધન થાય? સમજાણું કાંઈ? આહાહા! ભગવાનઆત્મા તો દુઃખનું કારણ પણ નથી અને દુઃખનું કાર્ય પણ નથી. અર્થાત્ એ શુભભાવ છે તો સમ્યગ્દર્શન કાર્ય થાય છે એમ નથી અને શુભભાવ છે તો સમ્યગ્દર્શન કારણ એને શુભરાગ કાર્ય એમ છે નહિ. ક્યાં ગયા 'સુકૌશલજી'?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– 'પાલિતાણા'

ઉત્તર :– 'પાલિતાણા'. સમજાણું કાંઈ? 'પાલિતાણા' તો આ અંદરની જાત્રા છે. આહાહા! સચ્ચિદાનંદ પ્રભુ, એમાં દૃષ્ટિથી આરૂઢ થવું એ જાત્રા છે. સમજાણું કાંઈ? એ તો અશુભભાવ છે. ઠીક છે.

મુમુક્ષુ :– .. કઠણ પડે છે અને જાવામાં મજા આવે છે...

ઉત્તર :– દૂરથી આવ્યા હોય એટલે એમ થાય કે નજીક છે ને. બહુ દૂરથી આવ્યા હોય. આહાહા!

ભગવાનઆત્મા... અહીં કહે છે ને? શું કહ્યું? **'કર્મસંયોગથી વિભાવરૂપે પરિણમે છે...'** એ પોતાનું સ્વરૂપ નથી. એ ગાથામાં કર્તાનો અધિકાર છે. ૫૭ ભોક્તાનો હતો **'તેથી વિભાવપણાનો કર્તા પણ થાય છે; પરન્તુ અજ્ઞાનથી,...'** આહાહા! એ શુભભાવનો કર્તા પણ અજ્ઞાનથી થાય છે. હવે અહીં કહે છે કે શુભભાવ કરતા કરતા કલ્યાણ થશે. અરે..! પ્રભુ! બહુ ફેર છે, ભાઈ! સમજાણું કાંઈ? પૂર્વ-પશ્ચિમનો ફેર છે. 'ફૂલચંદજી'એ 'ખાણિયા ચર્ચા'માં લખ્યું છે કે તમારી શ્રદ્ધા અને અમારી શ્રદ્ધામાં પૂર્વ-પશ્ચિમનો ફેર છે. સામાવાળા એમ કહે છે કે આમ થાય, આમ થાય. રાગથી થાય છે. ભાઈ! આહાહા! શું થાય? એક માણસને અંદર સત્ય વાત પ્રતીતમાં ન આવે. જેમ પરમાનંદની મૂર્તિ પ્રભુ પ્રતીતમાં–જ્ઞાનમાં-પર્યાયમાં જ્ઞેય તરીકે ન આવે તો તો રાગ અને પુણ્ય-પાપ જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય તરીકે આવે છે, એ તો વિકાર છે. સમજાણું કાંઈ? એ અજ્ઞાનભાવથી કર્તા થાય છે.

**'સ્વભાવ તો નથી.'** છે? આહાહા! દિગંબર સંતોની વાણી રામબાણ છે. રામનું બાણ ન ફરે એમ એની વાણી ન ફરે. અફર અને અસર કરે એવી વાણી છે.

**'દૃષ્ટાંત કહે છે–'** કાલે અહીં સુધી આવ્યું હતું. **'मृगाः मृगतृष्णिकां अज्ञानात् जलधिया पातुं धावन्ति'** અરે..રે..! **'જેમ હરણો મૃગજળને મિથ્યાભ્રાન્તિથી...'** મૃગજળ. મૃગજળ કહે છે ને? મૃગલા મૃગજળને પાણી જાણીને પીવા જાય છે. આહાહા! **'મિથ્યા ભ્રાન્તિથી પાણીની બુદ્ધિએ પીવા માટે દોડે છે...'** આહાહા! એમ અજ્ઞાની આત્મા ભ્રાંતિથી પુણ્ય અને પાપના ભાવમાં સુખબુદ્ધિ માટે દોડે છે. સમજાણું કાંઈ? હરણ જેમ મૃગજળમાં પાણી પીવા (દોડે છે), પાણી નથી છતાં પાણી પીવા દોડે છે એમ અજ્ઞાની પોતાના આનંદસ્વરૂપમાં ન આવતા... આહાહા! અને પુણ્ય અને પાપમાં સુખબુદ્ધિ, હિતબુદ્ધિએ દોડે છે અને પીવે છે, એ ઝેર પીવે છે. ઝીણી વાત બહુ, ભાઈ! ભગવાન! શું થાય? કાલે ભાઈએ કહ્યું હતું. આ 'લલિતપુર'. તમે રાત્રે હતા ને, ભાઈ! તમે એકવાર અહીં કહ્યું હતું કે આ ભવછેદની વાત છે. કાલે રાત્રે યાદ કર્યા હતા. ભાવછેદની વાત છે ભગવાન અહીં તો. ભવ મળે તો એક ભવ પછી નરક અને નિગોદમાં જશે. અહીંયાં તો સમ્યગ્દર્શન ભવછેદની વાત છે. જ્યાં સુધી સમ્યગ્દર્શન ન થાય ત્યાં સુધી ભવભ્રમણ મટે નહિ. આહાહા! સમજાણું કાંઈ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીંયા કહે છે કે મૃગલા મૃગતૃષ્ણામાં પાણી પીવા માટે દોડે છે, એમ અજ્ઞાની આનંદથી ભરપૂર ભગવાન છે એને છોડીને પુણ્ય અને પાપના ભાવમાં સુખબુદ્ધિથી પીવા માટે દોડે છે. 'નંદકિશોરજી'! આવી વાત છે. આહાહા!

મુમુક્ષુ :– શું કરીએ? એ તો કહો.

ઉત્તર :– આ કહીએ છીએ ને કે સ્વભાવ ઉપર દૃષ્ટિ કરો. પરમાં તૃષ્ણાની બુદ્ધિ છે એ મિથ્યાબુદ્ધિ છોડી દે. એ માટે કહે છે. એમ કહે છે એનું તાત્પર્ય શું? વીતરાગતા. વીતરાગતાનું તાત્પર્ય શું? કે ભગવાન! એ પુણ્ય-પાપની રુચિનું કર્તાપણું તું છોડી દે. ભગવાન આનંદનો નાથ પ્રભુ અંદર બિરાજે છે ત્યાં રુચિ લગાવ. સમજાણું કાંઈ? આહાહા! આવી વાત છે. આહાહા! આ તાત્પર્ય છે. એ કર્તા થાય છે, કર્તા થાય એ તો જણાવે છે, પણ એનું તાત્પર્ય શું? કહેવાનું ફળ શું? એ પછી કહેશે. ૫૯ ગાથામાં. ૫૭માં ભોક્તાની વાત કરી, ૫૮માં કર્તાની વાત કરી, ૫૯માં પોતાના જ્ઞાતા-દૃષ્ટા આનંદની વાત કરી. સમજાણું કાંઈ? આહાહા! આચાર્યોની શૃંખલા ક્રમબદ્ધ જે શ્રેણી છે (એ ચાલી આવે છે).

અહીંયાં કહે છે કે અમે કર્તાની વાત અહીં કહીએ છીએ. હવે એનું ફળ શું? એ પછી કહેશે. એની બુદ્ધિ છોડી દે, પ્રભુ! તારી પ્રભુતા અનંત શક્તિથી ભરી છે ત્યાં નજર દે ને. આહાહા! સમજાણું કાંઈ? પડખું ફેરવી નાખ. એ પુણ્ય અને પાપ તરફ તારી દિશા-પડખું છે, પ્રભુ! એકવાર છોડી દે ને. આહાહા!

એકવાર કહ્યું નહોતું? કે માતા બાળકને ઝુલામાં ઝુલાવે છે. તો એના વખાણ કરે છે, પ્રશંસા કરે છે. બેટા! ડાહ્યો છે. તમારી ભાષામાં કાંઈક કહે છે.

મુમુક્ષુ :– મારો દીકરો ડાહ્યો, પાટલે બેસી નાહ્યો...

ઉત્તર :– મારો દીકરો ડાહ્યો, એવું કાંઈક કહે છે. પાટલે બેસીને નાહ્યો એવું બધું અમારે અહીંયાં કહે છે. તમારે પણ હશે કાંઈક. એની પ્રશંસા કરે તો એ સૂઈ જાય. કેમકે અવ્યક્તપણે પણ પ્રશંસા પ્રિય છે. એની પ્રશંસા કરશે તો સૂઈ જશે. એને ગાળ દેશે કે મારા રોયા સૂઈ જા નહિતર... કોઈ વખત નહિ સૂવે. જોઈ લેવું કોઈ વખત. બાળક હોય તોપણ ન સૂવે. અહીં કહે છે કે એની માતા પ્રશંસા કરતા કરતા ઝુલામાં સુવડાવે છે. અહીં ભગવાનઆત્માની પ્રશંસા કરીને અજ્ઞાનીને જગાડે છે. અરે..! જાગ રે જાગ, નાથ! સમજાય છે કાંઈ? આહાહા! એ અહીં કહ્યું, જુઓ!

**'મિથ્યા ભ્રાન્તિથી પાણીની બુદ્ધિએ પીવા માટે દોડે છે...'** મૃગલા. એમ પુણ્ય અને પાપ અને પુણ્ય-પાપના ફળ, બધી કર્મની સામગ્રી, આ ધૂળ, શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મી, આબરુ એ કર્મની સામગ્રી (છે). મૃગતૃષ્ણાથી એને પોતાના માનીને દોડે છે. આહાહા! એમાં મને શાંતિ મળશે, સુખ મળશે.. આહાહા! એમ મૃગતૃષ્ણાની પેઠે હરણિયા જેમ મૃગજળ પીવા જાય છે, એમ ભગવાનઆત્મા પોતાને ભૂલીને જે વિકૃતભાવ અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિકૃતભાવના બંધ અને બંધનું ફળ સંયોગને મારા માનીને તૃષ્ણામાં પીવા જાય છે. આહાહા! સમજાણું કાંઈ?

એ કહ્યું હતું ને? 'ઈંદોર'માં કાચનું મંદિર છે ને? કાચનું મંદિર છે એમાં કડી છે. 'ચક્રવર્તીકી સંપદા, ઇન્દ્ર સરીખા ભોગ..' આહાહા! 'કાગ વીટ સબ માનત હૈ.' 'કાગ વીટ સબ માનત હૈ, સમ્યગ્દષ્ટિ લોક'. ત્યાં બતાવ્યું હતું. 'ઈંદોર'માં બતાવ્યું હતું. જુઓ આ શું લખ્યું છે. આહાહા! માણસની વિષ્ટા તો ખાતરમાં પણ કામ આવે છે. ખાતર સમજો છો? ખાત-ખાત. કાગડાની વિષ્ટા ખાતરમાં પણ કામ નથી આવતી. .... બગાડે. એમ કહે છે કે ચક્રવર્તીની સંપદા ૯૬ હજાર સ્ત્રી, ૭૨ હજાર નગર, ૪૮ હજાર પાટણ, ૯૬ કરોડ ગામ... આહાહા! અને ઇન્દ્ર સરીખા ભોગ, કરોડો અપ્સરા અને અસંખ્ય દેવનો લાડો સ્વામી, એ કાગ વીટ સમ સબ માનત હૈ. કાગડાની વિષ્ટા છે. 'વેણીપ્રસાદજી'! આ ધૂળની વાત તમારી.

મુમુક્ષુ :– .. તો વિષ્ટા થઈ.

ઉત્તર :– વિષ્ટા કહે ત્યાં પણ માની લે, ભાઈ આ ભગવાને તો શુભભાવને ઝેર કહ્યો છે. પણ અહીં તો એમ લેવું છે કે 'કાગ વીટ સબ માનત હૈ સમ્યગ્દષ્ટિ લોક' આહાહા! જેને પુણ્ય-પાપનું મહાત્મ્ય ચાલ્યું ગયું છે... એ ૫૯માં આવશે. એ ૫૯માં છે. અને પોતાના આનંદસ્વરૂપનું મહત્તાનું મહાત્મ્ય અંદરમાં આવ્યું... આહાહા! એને પુણ્ય-પાપની મહત્તા દૃષ્ટિમાંથી છૂટી જાય છે. સમજાણું કાંઈ? આહાહા! આમ ઠાઠ જામ્યા હોય, પૈસા અને લક્ષ્મી.

કાલે કહ્યું નહોતું? 'મુંબઈ'માં ભોજન કરવા ગયા હતા. એની પાસે પાંચ-છ કરોડ રૂપિયા છે. 'મણિભાઈ' છે. 'શાંતાબેન'ના બેનના નણદોઈ. એના ઘરે ભોજન કરવા ગયા હતા પછી પગલા કરાવ્યા. કેટલાક કહે છે, મહારાજના પગલા થાય તો ઘણા રૂપિયા થાય. એમ માને છે. અહીં કાંઈ છે નહિ, ભાઈ! અહીં તો આત્માની વાત છે. એકલા મખમલ પાથરેલા. મખમલ કહે છે ને? ગાલીચા. પાંચ લાખના તો ... શું કહેવાય? ઘરવખરી. 'પોપટભાઈ' તો 'મણિભાઈ'ને ઓળખે છે. મને તો એવો વિચાર આવ્યો કે અરે..રે...! અહીંથી નીકળવું ભારે મુશ્કેલ પડશે. આ ઠાઠ બધા મહાણના હાડકા છે. મસાણના હાડકાની ફાસફુસ છે. આહાહા!

મૃગતૃષ્ણામાં મૃગ પાણી પીવા માટે દોડે છે એમ ભગવાનઆત્માને ભૂલીને, આનંદના નાથને ભૂલીને અજ્ઞાનથી પરમાં સુખબુદ્ધિ છે, પરમાં મજા છે એમ માનીને અજ્ઞાની દોડે છે.

મુમુક્ષુ :– દોડે ખરો પણ આમ તો ચાલવામાં ઘણો આનંદ આવે છે.

ઉત્તર :– દુઃખ છે. એ કહ્યું નહિ બાળકનું? બાળકનું દૃષ્ટાંત નહોતું દીધું? ભગવાન! જેઠ મહિનામાં બહુ તડકો હોય અને બાળકને બહુ દૂધ પાયું હોય તો પછી ઝાળા થઈ જાય. અને નગ્ન શરીર હોય. વર્ષ-દોઢ વર્ષનું બાળક હોય. નગ્ન શરીર હોય અને પાતળા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઝાળા થઈ જાય. એને ઠંડું લાગે. એના શરીરને ઠંડુ લાગે પછી હાથ પણ ત્યાં લગાવે. આ તો અમે બધું જોયું છે એના ઉદાહરણ આપીએ છીએ. બાળક આમ નીચે હાથ કરે. આહાહા! એમ અજ્ઞાની પોતાના સ્વરૂપને ભૂલીને પુણ્ય-પાપના ભાવ કરે છે એ તો વિષ્ટા છે. આહાહા! અપચાની પ્રકૃતિ છે. એના ફળમાં આનંદ માને છે. એ બાળક માને એમ માને છે. આહાહા! આવી વાત.

મુમુક્ષુ :– ...એ વાત ક્યાં ચાલે છે?

ઉત્તર :– એ અહીં નીકળી. મૃગતૃષ્ણામાંથી નીકળી. મૃગલા મૃગજળને પાણી માની પીવા માટે દોડે છે એમ અજ્ઞાની પરમાં સુખબુદ્ધિ કરીને પીવા જાય છે. સમજાણું કાંઈ? આહાહા! અહીં તો પોતાના હિતની વાત છે. દુનિયા માને, ન માને, સમજે, ન સમજે એનાથી આત્માને લાભ-અલાભ છે નહિ. આહાહા!

**'પાણીની બુદ્ધિએ પીવા માટે દોડે છે...'** એક વાત. બીજી. **'जनाः रज्जौ तमसि अज्ञानात् भुजगाध्यासेन द्रवन्ति' 'જેમ મનુષ્ય જીવો દોરડામાં અંધકાર વિષે...'** અંધારામાં દોરડું પડ્યું હોય તો એમ લાગે કે સર્પ છે. એમ ડરે છે. એમ ભગવાનઆત્મા પોતાને ભૂલીને પુણ્ય-પાપમાં સુખબુદ્ધિથી ચાલ્યો જાય છે. આહાહા! દોરડીમાં સર્પ છે એમ પુણ્ય-પાપમાં ઝેર છે એમ નહિ એને પીવે છે. 'નિર્વિકલ્પ રસ પીજીએ' એમ આવે છે. એ પુણ્ય અને પાપના વિકલ્પના ઝેર પીવાનું છોડી દે, નાથ! 'નિર્વિકલ્પ રસ પીજીએ' એ આવે છે.

'લાગી લગન હમારી જિનરાજ સુજસ સુણ્યો મૈં, લાગી લગન હમારી જિનરાજ...' વીતરાગસ્વભાવ મેં સાંભળ્યો.

'જિનરાજ સુજસ સુણ્યો મેં, કાહુ કે કહે અબ કબહુ ન છુટે પ્યારે,
લોકલાજ સબ ડારી, કાહુકે કહે અબ કબહુ ન છૂટે લોકલાજ સબ ડારી.
જૈસે અમલી અમલ કરત સમયે લાગ રહે જો ખુમારી.'

એમ ભગવાનઆત્મા પુણ્ય અને પાપથી ભિન્ન છે એવી લગની જેને લાગી... આહાહા!

'લાગી લગન હમારી જિનરાજ સુજસ સુણ્યો મૈં, કાહુ કે અબ કબહુ ન છૂટે.' દુનિયા કહે એ તમારી ખોટી વાત છે, જૂઠી વાત છે. એ કંઈ હવે છૂટે નહિ, કહે છે. જેને ભગવાનઆત્માની લગની લાગી.. 'કાહુ કે કહે અબ કબહુ ન છૂટે પ્યારે...' આહાહા! 'લોકલાજ સબ ડારી' દુનિયા શું કહેશે? ગમે તે કહો, ભ્રષ્ટ કહો, નિશ્ચયાભાસી કહો. તમારી મરજી એમ કહો. 'લોકલાજ સબ ડારી' આહાહા!

'જૈસે અમલી અમલ કરત સુમયે...' અફીણ પીવે છે ને? અમલી. 'જૈસે અમલી કરત સમયે લાગ રહી જો ખુમારી, જિનરાજ સુજસ સુણ્યો મેં.' આહાહા! સમજાણું કાંઈ? એ શું કરવું? આ કરવું. આહાહા! 'લોકલાજ સબ ડારી' દુનિયા શું કહેશે, નિશ્ચયાભાસ કહેશે. વ્યવહારથી કાંઈ થતું નથી, એકાંત માને છે. માનો, તમારે માનવું હોય એમ માનો. આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમજાણું કાંઈ?

એ અહીં કહે છે અજ્ઞાની દોરડાને સર્પ માનીને ડરે છે. આહાહા! એ ભય પામે છે. અને અજ્ઞાની પોતાને છોડીને પરમાં સુખબુદ્ધિથી જાય છે. અને પોતાના સ્વરૂપમાં જવામાં ડરે છે કે અંદર કેમ જાવું? આહાહા! એ ભોક્તાની વાત (થઈ). **'ભ્રાન્તિ લીધે સર્પની બુદ્ધિથી ડરે છે.'** એ કર્તાની વ્યાખ્યા કરી. પહેલી ભોક્તાની કરી. હવે જ્ઞાતાની વાત કરે છે. આહાહા!

(વસંતતિલકા)

**ज्ञानाद्विवेचकतया तु परात्मनोर्यो**
**जानाति हंस इव वाःपयसोर्विशेषम्।**
**चैतन्यधातुमचलं स सदाधिरूढो**
**जानीत एव हि करोति न किञ्चनापि।।१४-५९।।**

**ખંડાન્વય સહિત અર્થ :– 'यः तु परात्मनोः विशेषम् जानाति' ( यः तु ) જે કોઈ સમ્યગ્દષ્ટિ જીવ ( पर ) દ્રવ્યકર્મપિંડ અને ( आत्मनोः ) શુદ્ધ ચૈતન્યમાત્રનું ( विशेषम् ) ભિન્નપણું ( जानाति ) અનુભવે છે. શું કરીને અનુભવે છે? 'ज्ञानात् विवेचकतया' ( ज्ञानात् ) સમ્યગ્જ્ઞાન દ્વારા ( विवेचकतया ) લક્ષણભેદ કરીને. તેનું વિવરણ–શુદ્ધ ચૈતન્યમાત્ર જીવનું લક્ષણ, અચેતનપણું પુદ્ગલનું લક્ષણ; તેથી જીવ અને પુદ્ગલ ભિન્ન ભિન્ન છે એવો ભેદ ભેદજ્ઞાન કહેવાય છે. દૃષ્ટાન્ત કહે છે– 'वाः पयसोः हंसः इव' ( वाः ) પાણી ( पयसोः) દૂધ ( हंसः इव ) હંસની માફક. ભાવાર્થ આમ છે કે જેમ હંસ દૂધ-પાણી ભિન્ન ભિન્ન કરે છે તેમ જે કોઈ જીવ-પુદ્ગલને ભિન્ન ભિન્ન અનુભવે છે 'सः हि जानीत एव किञ्चनापि न करोति' ( सः हि ) તે જીવ ( जानीत एव ) જ્ઞાયક તો છે, ( किञ्चनापि ) પરમાણુમાત્રને પણ ( न करोति ) કરતો તો નથી. કેવો છે જ્ઞાની જીવ 'सः सदा अचलं चैतन्यधातुं अधिरूढः' તે સદા નિશ્ચલ ચૈતન્યધાતુમય આત્માના સ્વરૂપમાં દઢતાથી રહ્યો છે. ૧૪-૫૯.**

---

૫૯.

**ज्ञानाद्विवेचकतया तु परात्मनोर्यो**
**जानाति हंस इव वाःपयसोर्विशेषम्।**
**चैतन्यधातुमचलं स सदाधिरूढो**
**जानीत एव हि करोति न किञ्चनापि।।१४-५९।।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે સમ્યગ્જ્ઞાની ધર્મી કેવા હોય એની વાત ચાલે છે. અજ્ઞાનીની ભોક્તા અને કર્તાની વાત કરી. સમજાણું કાંઈ? આહાહા!

**'यः तु परात्मनोः विशेषम् जानाति'** **'જે કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ...'** આહાહા! હું તો આત્મા જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન છું. મારી ચીજમાં ઉદયભાવ નથી, મારી ચીજમાં ઉપશમ-ક્ષયોપશમ-ક્ષાયિકભાવ પણ નથી. સમજાણું કાંઈ? આહાહા! સહજ સ્વભાવ જ્ઞાયકસ્વરૂપ. એ છઠ્ઠી ગાથામાં લીધું છે ને? છઠ્ઠીના લેખ. **'णवि होदि अप्पमत्तो ण पमत्तो'** પ્રભુ! અપ્રમત્ત ને પ્રમત્ત આત્મા નથી. આહાહા! **'णवि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।'** એ તો જ્ઞાયકભાવ (છે), જ્ઞાતાદૃષ્ટાથી ભરેલો ભગવાન છે ને. આહાહા! **'एवं भणंति सुद्धं णादो'** એને શુદ્ધ તરીકે જે જાણે... આહાહા! અને ટીકામાં તો એમ લીધું છે કે શુભ અને અશુભભાવ તો અચેતન જડ છે. ભગવાન જ્ઞાયકભાવ જડરૂપ કેમ થાય? આહાહા! છઠ્ઠી ગાથા. **'णवि होदि अप्पमत्तो'** એ તો એક એક ગાથામાં અમૃત ભર્યા છે. 'સમયસાર' એટલે.. આહાહા! શબ્દબ્રહ્મ! ભગવાનની સીધી શબ્દબ્રહ્મ વાણી છે. આહાહા!

ત્યાં તો ટીકામાં લીધું છે કે શુભાશુભભાવ પ્રમત્ત-અપ્રમત્ત કેમ નથી? ભગવાન તો જ્ઞાયકસ્વરૂપ છે. એ પ્રમત્ત-અપ્રમત્ત કેમ નથી? એ શુભાશુભભાવરૂપે થાય તો પ્રમત્ત-અપ્રમત્ત દશા લાગુ પડે છે. આહાહા! સમજાણું કાંઈ? પણ એ શુભ અને અશુભભાવ જડ છે, અચેતન છે. ચૈતન્યપ્રકાશનું નૂર તે અચેતનપણે કેમ થાય? આહાહા! ઝીણી વાત છે, ભગવાન! પ્રભુનો માર્ગ તો બહુ સૂક્ષ્મ છે. અને જેનું ફળ અનંત આનંદ છે. ભવભ્રમણ તો ન રહે, સમ્યગ્દર્શનની ચીજમાં અને એના ધ્યેયમાં ભવ નથી, ભવનું ભ્રમણ નથી. પણ સમ્યગ્દર્શન, જે જ્ઞાયકસ્વરૂપની અનુભવ, પ્રતીતિ થાય તો વર્તમાનમાં આનંદ છે અને જેના ફળમાં અતીન્દ્રિય આનંદરૂપી મોક્ષ મળશે. આહાહા! ભાઈ! એ ચીજ કેવી હોય? સમજાણું કાંઈ?

અહીં કહે છે કે સમ્યગ્દૃષ્ટિ જીવ... ભોક્તા અને કર્તા બેમાં મિથ્યાદૃષ્ટિ લીધા હતા. હવે કર્તા-ભોક્તા છૂટી ગયા. આહાહા! ધર્મી જીવને, સમ્યગ્દૃષ્ટિને સમ્યક્ સત્યદૃષ્ટિ, તો સત્યદૃષ્ટિ જ્ઞાયકભાવ પૂર્ણ આનંદસ્વરૂપ સત્ય ભૂતાર્થ છે. ત્રિકાળી આનંદકંદ જ્ઞાયક ભૂતાર્થ સત્યાર્થ છે. ૧૧મી ગાથા. **'भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो'** એ સત્યાર્થ ભગવાન સત્ સ્વરૂપ, સત્ સાહેબ. આહાહા! પૂર્ણાનંદ ને પૂર્ણજ્ઞાન ને પૂર્ણદર્શન, પૂર્ણવીર્ય આદિ પૂર્ણ શક્તિ(થી ભરેલો છે). આહાહા!

એક તો વિચાર એવો આવ્યો હતો. આ જીવતરશક્તિ ચાલે છે ને? ભાઈ! એની વળી કાલે અંદર ધુન ચાલી હતી. કે સર્વ અને પૂર્ણ એવી જીવશક્તિથી હું ભરેલો છું. સર્વ અને પૂર્ણ એવી ચિતિશક્તિથી હું ભરેલો છું. સર્વ અને પૂર્ણ એવી દર્શનશક્તિથી ભરેલો છે. એક એક શક્તિ ઉપર સર્વ અને પૂર્ણ એવા બે શબ્દ લગાડીને ૪૭ શક્તિમાં (ઉતાર્યું હતું). આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– પૂર્ણ શક્તિથી ભરપૂર છે.

ઉત્તર :– પૂર્ણ છે. જીવત્વશક્તિ પહેલી લીધી ને? એ કહ્યું નહોતું? બીજી ગાથા છે ને? **'जीवो चरित्तदंसणणाणठिदो'** ત્યાંથી શરૂ કર્યું છે. હું 'સમયસાર' કહીશ. ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે છે **'वक्ष्यामि'** ત્યાંથી બીજી ગાથામાં ઉપાડ્યું. **'जीवो'** આહાહા! ત્યાંથી ઉપાડ્યું. **'जीवो'** એ જીવતરશક્તિ એમાંથી કાઢી છે. એ જ્ઞાન, દર્શન, આનંદ અને વીર્ય પ્રાણથી જીવે તેને જીવ કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

આ શરીર, વાણી, મન બધા પરમાણુ વિખાય જશે, ભગવાન! એ તારી ચીજ નથી. પુણ્ય-પાપના ભાવ પણ તારામાં નહિ રહે. એ તારી ચીજ નથી. તારી ચીજ હોય એ જુદી પડે નહિ અને જુદી પડે એ તારી ચીજ નહિ. આહાહા! સમજાણું કાંઈ? તો ત્યાં કહ્યું, જીવો. જીવત્વશક્તિ. પહેલી ચાલી ને? નવ તો આપણે ચાલી. આ સર્વદર્શી સુધી ચાલી છે. સર્વજ્ઞ (શક્તિ) બાકી છે. આહાહા!

જીવત્વશક્તિ જ્ઞાન, દર્શન, આનંદ અને વીર્યના પ્રાણ સર્વ રીતે પૂર્ણથી ભરેલો ભગવાન છે. આહાહા! એવા જીવ ઉપર દૃષ્ટિ કરતાં એ સત્યાર્થ વસ્તુ છે, ભૂતાર્થ વસ્તુ છે, સત્‌સાહેબ છે. 'કબીર'માં સાહેબ-સાહેબ કરે છે ને? એ સાહેબ આ સત્‌સાહેબ છે. સમજાણું કાંઈ? આહાહા! 'કબીર' એકવાર કપડા વણતા હતા. 'કબીર' વણકર હતા ને. વણકર સમજો છો? આ કપડા બનાવનાર. એક માણસ આવ્યો. આદમી ઉપર લક્ષ ન કરતા એ તો કપડા વણવામાં રહ્યા. એ આદમીએ પૂછ્યું કે 'કબીરસાહેબ'! તમે અમારી ઉપર ધ્યાન આપતા નથી. તમારું ધ્યાન એમાં છે. વણવામાં ને વણવામાં તમારું ધ્યાન છે. અમે બે કલાકથી બેઠા છીએ ત્યાં તમારું ધ્યાન નથી. અમારી સામું જોતા પણ નથી. તમે પરમાત્માનું ધ્યાન તો કહ્યું. પછી એમણે જવાબ આપ્યો. અમારે ત્યાં સ્થાનકવાસીમાં જૈન સમાચારપત્ર આવતું. 'વાડીલાલ મોતીલાલ'નું. (સંવત) ૧૯૬૪-૬૫-૬૬ની સાલની વાત છે. અમે તો દુકાનમાં એ સમાચારપત્ર મંગાવતા. અમે તો નિવૃત ભગત હતા. બધા લોકો કામ કરે, હું બેસતો. એ સમાચારપત્રમાં આવ્યું હતું. 'કબીરે' એને જવાબ આપ્યો. 'ધૂન રે ધૂનિયા અપની ધૂન, જાકી ધૂનમેં પાપ ન પુણ્ય.' શું કહ્યું? 'ધૂન રે ધૂનિયા...' ધૂન લગાવી દે ધૂનિયા. 'ધૂન રે ધૂનિયા અપની ધૂન, જાકી ધૂનમેં પાપ ન પુણ્ય.' એને આ દૃષ્ટિ નહોતી. તોપણ એવી વાત કરતા હતા. આ તો જૈન પરમેશ્વરની ચીજ આખી જુદી છે. દુનિયામાં ક્યાંય છે નહિ.

એ પણ એમ કહેતા હતા અરે..! ધૂનિયા-ધૂન લગાવનાર! 'ધૂન રે ધૂનિયા અપની ધૂન...' પોતાની ધૂન લગાવ. પુણ્ય અને પાપની તારી ધૂન છોડી દે. આહાહા! 'ધૂન રે ધૂનિયા...' એય..! ધૂનના ધૂનિયા! ધૂન લગાવનાર ધૂની, ધૂન લગાવનાર ધૂની અને ધણી.. 'ધૂન રે ધૂનિયા અપની ધૂન' ભગવાન શુદ્ધ ચૈતન્યઘન છે. આહાહા! એની ધૂન લગાવ. ધૂનિયા! તારી ધૂન ત્યાં લગાવી દે. આહાહા! કે જેની ધૂનમાં 'પાપ ન પુણ્ય.' એમાં પાપ-પુણ્ય છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નહિ. એ 'કબીરે' જેવા આમ કહે. એ તો અન્યમતિ હતા. એને તો સર્વજ્ઞે કહ્યો એ આત્માની ખબર પણ નહોતી. આહાહા! એ તો એક સર્વવ્યાપક ઈશ્વર છે એમ માનતા હતા. બધું જોયું છે ને?

અમારે ત્યાં 'પાલેજ'માં 'કબીર'ના સાધુ આવતા હતા. અમે સાંભળવા જતા હતા. મૂર્તિને ન માને ને? અમે પહેલા સ્થાનકવાસી એટલે મૂર્તિને ન માનીએ. 'કબીર'નો જુવાન છોકરો પણ આવ્યો હતો. વૈરાગી બહુ, હોં! તત્ત્વની ખબર નહિ પણ વૈરાગની એવી વાત કરે... એવી વાત કરે... તો અમે તો જતાં 'પાલેજ'માં બહાર મોટું જીન છે. એ જીનમાં ગયા હતા. અમે તો રાત્રે ચાલ્યા જતાં. રાત્રે ૧૧ વાગ્યે ૧૨ વાગ્યા સુધી સાંભળતા. વૈરાગ્યની વાત ચાલે ને. આત્માની વાત કરે પણ સર્વજ્ઞ કહે એ વાત હોય નહિ. એ પણ એમ કહે કે અરે..! ધૂનિયા! ધૂન લગાવનાર... આહાહા! આપણે અહીંયાં આવ્યું છે ને? હિન્દીમાં આવ્યું. ધ્રુવ ધ્યેય. ભાઈએ વાંચ્યું? તેર બોલ આવ્યા છે. હિન્દીમાં પહેલા પાને છે.

મુમુક્ષુ :– આત્મધર્મમાં.

ઉત્તર :– આત્મધર્મમાં. એ ક્યાંક હશે.

ધ્યેયની ધૂનમાં ધર્મીજીવ ધ્યેયની ધખતી ધૂણીને ધીરજથી.. આવ્યું. જુઓ! હિન્દીમાં આવ્યું છે. ગુજરાતીમાં પહેલા આવ્યું હતું. આ હમણા ફાગણ મહિનામાં બનાવ્યું. અમારા 'હીરાલાલજી' છે ને? આ 'હીરાલાલજી' છે. જાણો છો? 'કુચામણ'માં એનું મકાન છે.

મુમુક્ષુ :– ભાવનગર.

ઉત્તર :– 'ભાવનગર'. હમણા એંસી હજાર એમણે કાઢ્યા છે ને? આપણા શું...

મુમુક્ષુ :– વીતરાગ સત્ સાહિત્ય..

ઉત્તર :– હા. એમાં એંસી હજાર આપ્યા. એ બેઠા. 'વિકાસ'ની પાસે બેઠા છે. તારી પાસે નથી બેઠા? એંશી હજાર આપ્યા અને એક લાખ બીજાએ આપ્યા. એક 'ચીમનભાઈ' છે ને અહીંયાં? એનો દીકરો 'શાંતિલાલ ઝવેરી'એ લાખ આપ્યા છે. અત્યારે બે-અઢી લાખ થયા છે. પૈસાની કિંમત ક્યાં છે.

મુમુક્ષુ :– બેય ધર્માત્મા છે.

ઉત્તર :– આ તો એના શુભભાવની વાત છે. એંસી હજાર એકે આપ્યા છે અને એક લાખ એમણે આપ્યા છે. વિહાર કરીને ત્યાં એના મકાનમાં ગયા હતા. પણ એક દિવસ વ્યાખ્યાન થયું, સ્વાગત થયું, રાત્રિ ચર્ચા થઈ. પણ રાત્રે તાવ બહુ આવ્યો. સાડા ત્રણ-ચાર ડિગ્રી. એકદમ તાવ. પછી વ્યાખ્યાન બંધ થયું. પછી આ બનાવ્યું થોડું.

'ધ્રુવ ધામના ધ્યેયના ધ્યાનની...' ધ્રુવ ભગવાનઆત્મા નિત્યાનંદ, જે આ સત્યાર્થ કહે છે, ભૂતાર્થ કહે છે એ ધ્રુવ. ૧૧મી ગાથામાં આવ્યું ને? **'भूदत्थमस्सिदो खलु'** ભૂતાર્થ-સત્યાર્થ ભગવાન ત્રિકાળ સત્સ્વરૂપ પ્રભુ, એને ધ્રુવ કહે છે. ધ્રુવધામ-એ ધ્રુવનું ધામ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ધ્યાનમાં એને ધ્યેય બનાવ. ધગધગતી ધૂનીને ધગધગતી એકાગ્રતાની ધુણી અંદર લગાવી દે. ધૈર્યથી... લ્યો! ધીરજથી.. આવ્યા હતા ને. કોણ હતું? 'ધીરુભાઈ'. કોણ 'ધીરુભાઈ'? શ્રોફ-શ્રોફ હા. ધૈર્યથી, ધીરજથી... ધીરજથી. .. એ હિન્દી શબ્દ છે. ગુજરાતી થોડો બીજો હશે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ના. ધૈર્યથી શું શબ્દ છે? ધધકતી. અમારા ગુજરાતીમાં. 'ધૈર્યથી ધધકતી (ધુણી ધખાવનાર) ધર્મનો ધારક ધર્મી ધન્ય છે.' આહાહા! એ આ શ્લોક છે.

**'परात्मनोः विशेषम् जानाति' 'જે કોઈ સમ્યગ્દષ્ટિ જીવ...'** આહાહા! **'દ્રવ્યકર્મપિંડ...'** દ્રવ્યકર્મપિંડ-જડ પુદ્‌ગલ. પુદ્‌ગલથી લીધું છે પણ અંદર ભાવકર્મ પણ સાથે લઈ લેવા. **'શુદ્ધ ચૈતન્યમાત્રનું...'** ભગવાન તો શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુ છે. એ કર્મ પિંડ અને પુણ્ય-પાપના ભાવ કર્મપિંડમાં જાય છે. સમજાણું કાંઈ? અને **'શુદ્ધ ચૈતન્યમાત્રનું ભિન્નપણું અનુભવે છે.'** આહાહા! પુણ્ય-પાપના ભાવથી શુદ્ધ ચૈતન્ય ભગવાનઆત્મા ભિન્ન છે, એવો જેને અનુભવ થાય છે એ સમ્યગ્દષ્ટિ છે. એનું નામ ધર્મની પહેલી સીઢી. આહાહા! એનું નામ ધર્મનું પહેલું સોપાન. 'છ ઢાળા'માં આવે છે ને? મોક્ષમહેલની પહેલી સીઢી. એ 'છ ઢાળા'માં આવે છે. આહાહા!

કહે છે કે, આહાહા! એ રાગ અને પુણ્ય-પાપ અને શુદ્ધ ચૈતન્યમાત્રનું ભિન્નપણું (છે). ભિન્નપણું કઈ રીતે થાય? આહાહા! કે પુણ્ય-પાપના ભાવની લક્ષ અને રુચિ છે તેને છોડી દે. અને ભગવાન આનંદકંદ પાછળ બિરાજે છે ત્યાં દૃષ્ટિ લગાવ. આહાહા! આકરી વાત છે, ભાઈ! વીતરાગનો માર્ગ તો આવો છે. અપૂર્વ વાત છે.

મુમુક્ષુ :– નિરાળી છે.

ઉત્તર :– નિરાળી વાત છે. સાચી વાત છે. બધા શેઠિયા પણ હવે રસ લે છે ને. આ તો નિરાળી વાત છે, નાથ! શું કહે? આહાહા!

ચૈતન્ય હીરલો. જેમ હીરાને પાસા હોય છે એમ ચૈતન્ય હીરામાં અનંત શક્તિના પાસા અંદર પડ્યા છે. આવા ચૈતન્યને પહેલા જ્ઞાન નક્કી તો કરે, જ્ઞાનમાં તો નક્કી કરે, નિર્ધાર તો કરે કે હું શુદ્ધ ચૈતન્ય છું અને રાગાદિ પર છે એનો ભેદ કરવો એનું નામ ભેદજ્ઞાન અને ધર્મ છે. જેનાથી ભેદ કરવો છે તેનાથી ધર્મ થાય? શું કહ્યું ઇ? કે શુભ-અશુભભાવથી શુદ્ધ ચૈતન્યને ભિન્ન કરવાનો છે. હવે ભિન્ન કરવાથી એ ચીજથી અહીં ધર્મ ભિન્ન થાય? એ ચીજથી ભિન્ન કરવાનો છે. અને એ ચીજથી ધર્મ થાય? આહાહા! આવી વાત! શું છે? ભાઈ! ઘણો ફેરફાર થઈ ગયો. આહાહા! વીતરાગ વીતરાગ આનંદનો નાથ પ્રભુ. આહાહા! પુણ્ય-પાપના વિકલ્પથી રુચિ હટાવીને... આહાહા!

'આનંદઘનજી'માં એક વાત આવે છે. શ્વેતાંબરમાં એક 'આનંદઘનજી' થયા છે. એમણે થોડી વાત કરી હતી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'આશા ઔરન કી ક્યા કીજે, આશા..' આશા સમજો છો?

'આશા ઔરન કી ક્યા કીજે, જ્ઞાનસુધા રસ પીજે.

આશા ઔરન કી ક્યા કીજે...'

આહાહા! પછીની એક કડી ભૂલાઈ ગઈ. બધું વાંચેલું ઘણું છે ને. પછી કાંઈક કડી બોલતા હતા. 'આશા ઔરનકી ક્યા કીજે, જ્ઞાનસુધા રસ પીજે..'

મુમુક્ષુ :– કુકર આશા ધારી...

ઉત્તર :– હા.

'ભટકત દ્વાર દ્વાર લોકન કે કુકર આશા ધારી.'

આ કુતરા-કુતરા હોય છે ને? એ દસ વાગે બરાબર બારણા બંધ હોય તો પણ બેસે. જેમ કુતરો 'ભટકત દ્વાર દ્વાર લોકન કે કુકર આશાધારી.' એમ આત્મા અનાદિથી પુણ્ય અને પાપ ને એના ફળમાં કુતરાની જેમ ભટકે છે. આહાહા!

'ભટકત દ્વાર દ્વાર લોકન કે કુકર આશા ધારી, આનંદઘન પ્રભુ...' એવો કાંઈક શબ્દ છે. ભૂલી ગયા. પહેલા બધું મોઢે કરેલું. એ આનંદઘન પ્રભુ સ્વાદના રસિયા છે એને છોડી દે, કહે છે. પરના રસ છોડી દે. આહાહા! પડખું ફેરવી નાખ હવે. થાક લાગે ને? આમ સૂતા હોય થાક લાગે પછી આમ પડખું ફેરવે. એમ પુણ્ય-પાપના પ્રેમની રુચિનું પડખું ફેરવી નાખ, પ્રભુ! બહુ સૂતો. અનંતકાળમાં ચૈતન્યને ભૂલીને પુણ્ય-પાપમાં સૂતો છો. આહાહા! તો એકવાર તો રસ લે, પ્રભુ! આહાહા! નિર્વિકલ્પ. પુણ્ય-પાપના રાગથી ભિન્ન ભગવાન એવી નિર્વિકલ્પ ચીજ છે, નિર્વિકલ્પ રસ પીજે. આહાહા! સમજાણું કાંઈ? એનું નામ સમ્યગ્દર્શન છે. હજી કઈ રીત છે એ વિધિની ખબર ન મળે, એ કે દિ' સમકિત પામે? આહાહા! સમજાણું કાંઈ?

એ અહીં કહે છે કે **'દ્રવ્યકર્મપિંડ અને શુદ્ધ ચૈતન્યમાત્રનું ભિન્નપણું...'** વિશેષ છે ને? **'વિશેષમ'** બેમાં વિશેષ જાણે. બે એક નથી. પુણ્ય-પાપના ભાવ અને ચૈતન્યસ્વરૂપ બેની વિશેષતા-ભિન્નતા જાણે. આહાહા! કર્તા-કર્મમાં આવે છે ને? કર્તા-કર્મની પહેલી ગાથામાં. ૬૯-૭૦માં. બેને વિશેષ જાણે છે. આસ્રવ અને સ્વભાવને વિશેષ-ભિન્ન જાણે છે. આહાહા! એ પુણ્ય અને પાપ બેય આસ્રવ છે. આસ્રવ એટલે? જેમ વહાણમાં છીદ્ર થાય તો પાણી અંદર ભરાય છે. એમ પુણ્ય-પાપના ભાવ છિદ્ર છે એનાથી કર્મ આવે છે. સમજાણું કાંઈ? એમાં ધર્મ નથી થતો. આહાહા! એવી વાત છે, ભગવાન!

અહીં એ કહે છે. બેનો વિશેષ અનુભવે છે. આહાહા! વિશેષ ભિન્નપણું અનુભવે છે. શુદ્ધ ચૈતન્યમાં એનું ભિન્નપણું. અર્થાત્ કાંઈ રાગનો અનુભવ અંદર નથી. એ રાગથી ભિન્ન પડ્યો તો આત્માના અનુભવનો ભિન્નપણે અનુભવ થયો. સાથે રાગ આવ્યો નથી. રાગથી ભિન્ન કરીને આત્મામાં દૃષ્ટિ લગાવી તો રાગ આવ્યો નહિ. રાગથી ભિન્ન પોતાનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનુભવ થયો. સમજાણું કાંઈ? એનું નામ સમ્યગ્દર્શન અને ભેદજ્ઞાન છે. ત્રિકાળી ભગવાનનું સત્યદર્શન, સત્ય વસ્તુ પૂર્ણાનંદના દર્શન થયા, જ્ઞાનમાં જ્ઞેય કરીને પ્રતીતિ થઈ. પહેલા તો પર્યાયમાં જ્ઞેય થયો તો પ્રતીતિ થઈ. એમ અનુભવે છે.

**'શું કરીને અનુભવે છે?' 'ज्ञानात् विवेचकतया' 'સમ્યગ્જ્ઞાન દ્વારા...'** જુઓ! ભાષા અહીંથી ઉપાડી છે. આહાહા! **'विवेचकतया' 'લક્ષણભેદ કરીને.' 'विवेचकतया'** છે ને? બેના લક્ષણ ભિન્ન છે. પુણ્ય-પાપનું લક્ષણ બંધનું લક્ષણ છે. ભગવાનઆત્મા અબંધસ્વરૂપી છે. આહાહા! આવી વાતું છે. એનો **'विवेचकतया' 'લક્ષણભેદ કરીને.'** બેના લક્ષણ જુદા છે. **'તેનું વિવરણ– શુદ્ધ ચૈતન્યમાત્ર જીવનું લક્ષણ,...'** ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યપ્રકાશ સ્વરૂપ, એ જીવનું લક્ષણ. એ લક્ષણથી જીવ જણાય છે. અને **'અચેતનપણું પુદ્‌ગલનું લક્ષણ;...'** આહાહા! એ કર્મ જડ છે, અચેતન છે અને પુણ્ય-પાપ પણ નિશ્ચયથી અચેતન છે. આહાહા! બેયના લક્ષણ ભિન્ન જાણીને **'તેથી જીવ અને પુદ્‌ગલ ભિન્ન ભિન્ન છે...'** તેથી જીવ અને પુદ્‌ગલ ભિન્ન છે. બેના લક્ષણ ભિન્ન છે ને? એ કારણે બેયના લક્ષણ ભિન્ન અને એ કારણે બે પદાર્થ ભિન્ન છે. પુણ્ય-પાપ અને આત્મા બે ભિન્ન છે. **'એવો ભેદ ભેદજ્ઞાન કહેવાય છે.'** એને ભેદજ્ઞાન કહે છે. **'દૃષ્ટાંત કહે છે—'** વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**શ્રાવણ સુદ ૯, મંગળવાર તા.૨૩.૦૮.૧૯૭૭**
**કળશ - ૫૯-૬૦, પ્રવચન - ૭૪**

(ચૈતન્યમાત્ર જીવનું લક્ષણ) અને પુણ્ય-પાપનું અચેતન લક્ષણ. બેના ભિન્ન લક્ષણથી બેને ભિન્ન ઓળખવા. આ વાત છે. આહાહા! છે? ત્યાં સુધી આવ્યું છે. **'શુદ્ધ ચૈતન્યમાત્ર જીવનું લક્ષણ, અચેતનપણું પુદ્‌ગલનું લક્ષણ; તેથી જીવ અને પુદ્‌ગલ ભિન્ન ભિન્ન છે એવો ભેદ ભેદજ્ઞાન કહેવાય છે.'** આહાહા! શરીર, વાણી, મન તો ભિન્ન છે. અહીં કર્તાકર્મ અધિકાર છે ને? આત્માની પર્યાયમાં જો દોષ ન હોય, એની દશામાં દોષ ન હોય તો આનંદનો અનુભવ હોવો જોઈએ. ન્યાય સમજાય છે? આત્મા વસ્તુ છે, વસ્તુ-પદાર્થ, એની દશામાં જો દોષ ન હોય, વિકાર ન હોય તો તો એના સ્થાનમાં વાસ્તવિક સ્વરૂપ તો સચ્ચિદાનંદ પ્રભુ છે, તો એ અતીન્દ્રિય આનંદનો અનુભવ થવો જોઈએ. પણ દોષ તો છે. શરીર, વાણી, મન નહિ, અંદર દોષ. પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષના ભાવ એ દોષ છે. દોષ છે તો દોષ કાઢવાના છે. છે એને કાઢવો છે ને. ન હોય એને ક્યાંથી કાઢે? સમજાણું કાંઈ? કહે છે કે ચૈતન્ય લક્ષણથી ભગવાનઆત્મા અને પુણ્ય-પાપ અચેતન લક્ષણ છે. કેમકે રાગ દોષ છે એ પોતાને જાણતો નથી અને જ્ઞાન ચૈતન્યને જાણતો નથી પણ ચેતન દ્વારા જણાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. એ કારણે એ અચેતન છે. ન્યાયથી સમજાય છે? આહાહા! તો કહે છે કે બેનું ભેદજ્ઞાન કરવું. હવે દૃષ્ટાંત. દૃષ્ટાંત નહોતું આવ્યું. અહીં સુધી આવ્યું હતું.

**'દૃષ્ટાંત કહે છે–' ''वाः पयसोः हंसः इव' ( वाः ) પાણી ( पयसोः) દૂધ ( हंसः इव ) હંસની માફક.'** આહાહા! જેમ પાણી અને દૂધ એક સ્થાનમાં-એક ક્ષેત્રમાં દેખાય છે છતાં હંસની ચાંચનો સ્વભાવ એવો છે, હંસની ચાંચનો સ્વભાવ એવો છે કે એમાં ચાંચ નાખવાથી પાણી અને દૂધ ભિન્ન થઈ જાય છે. એની ચાંચમાં... ચાંચ સમજ્યા? ચોંચ. એમાં ખટાશ હોય છે. દૂધ અને જળ બે એક સ્થાનમાં હોય તો ચાંચ નાખવાથી પાણી અને દૂધ ભિન્ન પડી જાય છે. **'કે જેમ હંસ દૂધ-પાણી ભિન્ન ભિન્ન કરે છે...'** આહાહા!

**'તેમ જે કોઈ જીવ-પુદ્ગલને ભિન્ન ભિન્ન અનુભવે છે...'** ચૈતન્યસ્વરૂપ ભગવાન અને રાગાદિ દોષ છે એ ભિન્ન છે. જેમ દૂધમાં પાણી ભિન્ન છે એમ ભગવાન આનંદસ્વરૂપ પ્રભુમાં પુણ્ય-પાપના દોષ પાણીની માફક ભિન્ન છે. આહા..! આવી વાત છે. સમજાણું કાંઈ? **'જેમ હંસ દૂધ-પાણી ભિન્ન ભિન્ન કરે છે...'** આહાહા! એમ પરલક્ષી પુણ્ય અને પાપના ભાવ છે એ અચેતન લક્ષણ છે, પાણી સમાન છે. અને ભગવાનઆત્મા સચ્ચિદાનંદસ્વરૂપ સત્-ચિદ્ અને જ્ઞાન. સત્-શાશ્વત જ્ઞાન અને આનંદસ્વરૂપ જેનું છે. આહાહા! સમજાણું કાંઈ?

'આનંદઘનજી'ની ભક્તિમાં આવે છે. 'અબધુ અપના સ્વરૂપ જબ દેખા...' પોતાનું સ્વરૂપ રાગ-દ્વેષ અને પુણ્ય-પાપથી ભિન્ન છે. 'અબધુ અપના રૂપ જબ દેખા, કોણ માગેગા લેખા અબધુ અપના રૂપ જબ દેખા. કર્તા કોણ કરણી? કર્તા કોણ કોણ કુણી કરણી? કોણ માગેગા લેખા?' સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે. 'આનંદઘનજી' શ્વેતાંબરમાં થયા છે. પણ થોડી વાત એમણે કહી છે.

અહીં એ વાત કહે છે કે, જ્યારે ભગવાનઆત્મા... આહાહા! જ્ઞાનલક્ષણથી લક્ષિત અને પુણ્ય અને પાપના ભાવ અચેતનલક્ષણથી બંધ લક્ષિત છે. બેનું ભેદજ્ઞાન કરવાથી... આહાહા! રાગ ઉપરથી લક્ષ છોડીને, દોષ ઉપરથી લક્ષ છોડીને નિર્દોષ ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ ઉપર દૃષ્ટિ કરવાથી સ્વરૂપનો અનુભવ થાય છે. અને એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ?

એને તો એ કહ્યું કે 'અબધુ અપના સ્વરૂપ જબ દેખા,' કર્તા કોણ? કરણી કોણ? રાગનો કર્તા અને રાગ મારી ક્રિયા, એ એમાં છે જ ક્યાં? સમજાણું કાંઈ? કર્તાકર્મ અધિકાર છે ને? આહાહા! સમજાણું કાંઈ? કર્તા કોણ? કોણ કુણી કરણી? રાગનો કર્તા અને રાગ મારી ક્રિયા એ ક્યાં રહ્યું? આહાહા!

મુમુક્ષુ :– તો શું રહી ગયું?

ઉત્તર :– જ્ઞાતા-દૃષ્ટા આત્મા રહી ગયો. શેઠ ખુલાસો કરાવે છે. આ અમારા બે શેઠ છે ને. આ શરાફ છે આ પણ શરાફ છે. અહીં તો આત્માનું ભાન કરે એ બધા શેઠ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. બાકી બધા હેઠ છે. એય..! ‘ધન્નાલાલજી’! આહાહા! દાખલો તો.. છે. આહાહા!

પ્રભુ ચૈતન્ય લક્ષણે લક્ષિત, જાણન લક્ષણે જણાય છે અને રાગાદિ વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ એ અચેતન લક્ષણ છે. કેમકે એમાં ચેતનપણાના અંશનો અભાવ છે. આહાહા! સમજાણું કાંઈ? એમ ભગવાનઆત્મા રાગથી જ્યારે ભિન્ન પડે છે. હંસ જેમ દૂધમાં ચાંચ નાખતા પાણી અને દૂધ ભિન્ન પડે છે. એમ પોતાના ભેદજ્ઞાન દ્વારા... આહાહા! પુણ્ય અને પાપના વિકલ્પ એટલે રાગ એ તરફનું લક્ષ છોડીને રાગથી ભિન્ન-અધિક ચૈતન્યસ્વરૂપ ભિન્ન છે, એની ઉપર દૃષ્ટિ જતાં તેને આનંદનો અનુભવ થાય છે. જે આનંદ સ્વરૂપમાં છે, પ્રભુઆત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. પણ એ આનંદનો અનુભવ કેમ નથી? કે પુણ્ય-પાપના પરિણામ મારું કર્તવ્ય છે અને મારું કાર્ય છે એ દૃષ્ટિમાં રોકાય ગયો. સમજાણું કાંઈ? પોતાની ચીજ રાગથી ભિન્ન ચિદાનંદ પ્રભુ છે, એવી દૃષ્ટિ વિના એને આનંદનો સ્વાદ નથી આવતો. આહા..! સમજાણું કાંઈ?

‘આનંદઘનજી’ની એક વાત યાદ આવી ગઈ. ‘ગગન મંડળ મેં અધ બિચ કૂવા વહાં હૈ અમી કા વાસા.’ ‘ગગન મંડળમેં અધ બીચ કૂવા વહાં હૈ અમી કા વાસા. શુરા હોવે સો ભર ભર પીવે, નગુરા જાવે પ્યાસા. અબધુ સો જોગી ગુરુ મેરા’ ‘અબધુ સો જોગી ગુરુ મેરા, ઇણ પદકા કરે રે નિવેડા. અબધુ સો જોગી મેરા.’ ‘ગગન મંડળમેં અધબીચ કૂવા...’ અધ વચ્ચે કૂવો-આત્મા. ‘ત્યાં અમી કા વાસા.’ ત્યાં અંદરમાં આનંદસ્વરૂપનો વાસ છે. સમજાણું કાંઈ? એ હંસની જેમ ભિન્ન કરે છે તો આનંદનો સ્વાદ આવે છે એમ કહે છે. ત્યાં સુગુરા હોય, સુગુરુ એટલે ગુરુ એને બતાવી દે કે, પ્રભુ! એ પુણ્ય-પાપના ભાવ જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિ છે તે થાય છે તારી પર્યાયમાં પણ એ દોષ છે. આહાહા! એનાથી ભિન્ન આનંદસ્વરૂપ ભગવાન અંદર બિરાજે છે. આહાહા! એનું ભેદજ્ઞાન કરીને તું ચૈતન્યનો અનુભવ કર. ત્યારે તારા રાગનું કર્તાપણું મટી થશે. સમજાણું કાંઈ?

‘કર્તા કોણ કોણ કુણી કરણી કોણ માગેગા લેખા?’ કોણ લેખા માગે? જ્યારે પોતાનો આત્મા પુણ્ય-પાપના વિકલ્પથી, રાગથી, દોષથી ભિન્ન જાણ્યો એ બધા લેખા અંદરમાં આવી ગયા. આહાહા! ત્રીજો શબ્દ કહ્યો હતો. ‘ગગન મંડળમેં ગૌવા વિહાણી વસુધા દૂધ જમાયા.’ ભગવાનની વાણી નીકળી. ગગન-આકાશમાં ૐધ્વનિ ઉઠ્યો. ‘ગગન મંડળમાં ગૌવા વિહાણી વસુધા દૂધ જમાયા, માખણ થા સો વિરલા રે પાયા, છાશે જગત ભરમાયા. અબધુ સો જોગી રે ગુરુ મેરા.’ ‘માખણ થા સો વિરલા રે પાયા,...’ ભગવાનની વાણી-ૐ ધ્વનિ નીકળી. કાને પડી. પણ માખણ તો વિરલા પાયા. રાગથી ભિન્ન થઈને પોતાના આનંદનો અનુભવ કરે એ માખણ છે. અજ્ઞાની છાશે.. છાશ સમજો છો? મહ્ઠા. ‘છાશે જગ ભરમાયા.’ એ પુણ્ય અને પાપની ક્રિયા, દયા, દાન, વ્રત, ભક્તિની ક્રિયા મહ્ઠો છે-છાશ છે. છાશમાં જગત ભરમાયું. આહાહા! સમજાણું કાંઈ? રાગની ક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિ, અપવાસ ને તપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ને.. આહાહા! એ તો બધા વિકલ્પ-રાગ છે, ભગવાન! સમજાણું કાંઈ? એ રાગે જગત ભરમાયા. ‘છાશે જગત ભરમાયા.’ ‘માખણ થા સો વિરલા પાયા.’ રાગથી ભિન્ન મારી ચીજ છે. આહાહા! શરીરથી તો ભિન્ન છે. આ તો માટી છે, જડ છે, ધૂળ છે. આહાહા! મસાણની રાખ થશે. આ જ ભવમાં અગ્નિ પેટાવશે ને? મસાણમાં અગ્નિ સળગાવે ને? આ તો માટી છે. આહાહા! ‘ખાર બળે જો લકડી .. ખાર.’ જેમ લાકડા બળે એમ હાડકા બળશે. બાળી નાખશે. અને ઘાસ. વાળ હોય આમ આમ. પટીયા પાડ્યા હોય. કાળા. તેલ તેલ...

મુમુક્ષુ :– .. રાખવા પડે.

ઉત્તર :– ધૂળેય નહિ. શું કામ એને રાખે? શરીર તો જડ-માટી છે ને. એનો તો કર્તા નથી. એની તો વાત અહીંયા છે જ નહિ.

મુમુક્ષુ :– શરીર..

ઉત્તર :– શરીરથી ધર્મ ત્રણકાળમાં થતો નથી. આહાહા! શરીરથી જડની ક્રિયા થાય છે. અહીંયાં એની વાત તો દૂર રાખો. અહીંયાં તો અંદરમાં પુણ્યના ભાવ, એનો કર્તા માને તો અજ્ઞાની-મૂંઢ છે એમ કહે છે. આહાહા! ‘મણિલાલભાઈ’! વાત આવી છે, બાપુ! આહાહા! હંસ જેમ ચાંચમાં ખટાશના કારણે પાણી અને દૂધ ભિન્ન કરે છે એમ ભગવાનનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય ઉપર દૃષ્ટિ થતાં રાગ અને આત્મા ભિન્ન થઈ જાય છે. આહાહા! આવી વાત આકરી છે. અત્યારે તો બધી મોટી ગડબડ ચાલી છે. શુભભાવ મોક્ષનો માર્ગ છે. એમ આવ્યું છે ને? ‘મખનલાલજી’નું. ‘કૈલાસચંદજી’ કહે, શુભભાવ હેય છે. તો ‘મખનલાલજી’ કહે શુભભાવને હેય માને એ મિથ્યાદૃષ્ટિ છે. ત્યારે ‘કૈલાસચંદજી’એ કહ્યું કે શુભભાવને હેય તો ‘કુંદકુંદચાર્ય’ માને છે. તો શું એ મિથ્યાદૃષ્ટિ છે?

મુમુક્ષુ :– બેય ઝઘડે છે.

ઉત્તર :– ઝઘડે છે. ભાઈ ઠીક છે. બે પંડિત-પંડિત ઝઘડે છે. અત્યારે ઝઘડવાનું આવ્યું? આટલા વર્ષથી શું કરતા હતા તમે? અહીંની વાત ઘણી ચર્ચાણી કે શુભભાવને ધર્મ કહેતા નથી. સમજાણું કાંઈ? એમાં ઝઘડો શરૂ થયો.

અરે..! પ્રભુ! અહીં તો કહે છે કે રાગ અને ચૈતન્ય બે ભિન્ન ચીજ છે. નવતત્ત્વ છે કે નહિ? તો રાગ એ પુણ્યતત્ત્વ છે અને રાગ એ પાપતત્ત્વ બેય છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગનો રાગ એ પાપતત્ત્વ છે અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ પુણ્યતત્ત્વ છે. બેય તત્ત્વ છે એ જ્ઞાયકતત્ત્વથી ભિન્ન છે. નવ છે કે નહિ? તો જ્ઞાયક ભગવાનઆત્મા ચૈતન્યસ્વરૂપી એ પુણ્ય-પાપના રાગથી ભિન્ન તત્ત્વ છે. તો છે એમ જ્યારે ભેદજ્ઞાન થયું તો એને ચૈતન્યલક્ષણે લક્ષિત આત્માનો અનુભવ થયો. રાગ ભિન્ન પડી ગયો. ભિન્ન રાગના કર્તા જ્ઞાની થતા નથી. રાગ થાય છે એના જ્ઞાતા રહે છે. એ પણ વ્યવહાર છે. આહાહા! જ્ઞાતા થવાની પર્યાય રાગ છે માટે થાય છે એમ પણ નથી. શું કહ્યું ઇ? રાગ એ પોતાનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કર્તવ્ય તો નથી પણ રાગને જાણવો એ પણ વ્યવહાર છે. ખરેખર તો પોતાની પર્યાયમાં એ સમયે પોતાના જ્ઞાનનું જ્ઞાન થાય અને રાગનું જ્ઞાન પોતાના સ્વભાવથી પોતાથી થાય છે. રાગ છે માટે અહીં જ્ઞાનની પર્યાય થઈ, રાગના જ્ઞાનની પર્યાય થઈ એમ નથી. સમજાણું કાંઈ? એવી વાત છે, ભાઈ! આહાહા!

કર્તાકર્મ અધિકાર એ જૈનદર્શન સિવાય આવી ચીજ ક્યાંય છે નહિ. કોઈક ઈશ્વરને કર્તા માને, કોઈ શરીરની ક્રિયાનો કર્તા માને અને કોઈ આ પુણ્ય દયા, દાન, વ્રતની ક્રિયાનો કર્તા માને, એ બધા મિથ્યાદૃષ્ટિ છે. ત્યારે કહે કે જ્ઞાનીને રાગ આવે છે ને? હો, પણ રાગથી મારી ચીજ ભિન્ન છે તો રાગસંબંધી પોતાનું જ્ઞાન પોતાથી અને રાગના સંબંધથી નહિ પણ રાગનું જ્ઞાન પોતામાં પોતાથી થાય છે. 'વેણીપ્રસાદજી'! આ બધું સમજવું પડશે. ગપ નહિ ચાલે. ભાઈ કહેતા હતા કે બહુ થોડો પ્રયત્ન કરે છે. વિશેષ કરવો જોઈએ. આ તો હિતની વાત છે, ભગવાન! આહાહા! અરે..રે..! આવા અવસર ક્યારે મળે? ભાઈ! આહાહા!

ચૈતન્યહીરલો આનંદકંદથી ભરેલો... આહાહા! દૃષ્ટાંત ઘણી વાર આપીએ છીએ. નહિ? નાળિયેરનું. નાળિયેર-નાળિયેર-શ્રીફળ હોય છે ને? એ શ્રીફળની ઉપરના છાલા જુદા છે, અને કાચલી હોય છે ને કાચલી? એને હિન્દીમાં શું કહે છે? નરેટી. એ કાચલી જુદી છે અને કાચલીની અંદર લાલ છાલ હોય છે એ પણ જુદી છે. ટોપરાપાક કરે ત્યારે એ લાલ છાલ કાઢી નાખે. અને પછી જે શ્રીફળ અંદર છે એ શેર-દોઢ શેર ધોળું-સફેદ મીઠું હોય છે એ શ્રીફળ છે.

એમ આ શરીર એ છાલા છે. અંદર પુણ્ય અને પાપના ભાવથી બંધાયેલું કર્મ જે છે એ કર્મ-કાચલી જડ છે. અને કાચલી કોરનો શુભ-અશુભ, પુણ્ય-પાપ, દયા-દાનના ભાવ એ લાલ છાલ છે. લાલ છાલની પાછળ ધોળું-સફેદ, ધોળા એટલે શુદ્ધ અને આનંદગોળા, શુદ્ધ આનંદગોળો આત્મા અંદર પડ્યો છે. આહાહા! સમજાણું કાંઈ? આ દૃષ્ટાંતથી સમજાય છે ને, ભાઈ! આહાહા!

એ અહીં કહે છે. આહાહા! ત્યાં પણ અમે કહ્યું હતું. બીજો એક શબ્દ કહ્યો છે. 'ગગન મંડળમેં ગૌવા વિહાણી વસુધા દૂધ જમાયા, સૌ રે સુણો ભાઈ વલોણું વલોવે તો અમૃત કોઈ પાયે, અબધુ સો જોગી ગુરુ મેરા.' શું કહ્યું? ગગનમંડળમાં ભગવાનની વાણી નીકળી. 'ગગન મંડળમેં ગૌવા વિહાણી, વસુધા દૂધ...' વસુધા એટલે પૃથ્વી ઉપર વાણી પડી, મનુષ્યના કાનમાં પડી. 'સૌ રે સુણો ભાઈ વલોણું વલોવે તો...' આ વલોણું નથી વલોવતા? માખણ કાઢે છે કે નહિ? માખણ કાઢે છે ... 'સૌ રે સુણો ભાઈ વલોણું વલોવે તો તત્ત્વ અમૃત કોઈ પાયે.'

મુમુક્ષુ :– મખન કરે સો પાવે.

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– મખન કરે સો પાવે. આહાહા! સમજાણું કાંઈ? ઝીણી વાત, બાપુ! આ તો સર્વજ્ઞ પરમેશ્વરથી સિદ્ધ થયેલી છે. આ કાંઈ કલ્પિત વાત નથી. આહાહા! સર્વજ્ઞ પરમાત્માના શ્રીમુખેથી નીકળેલી વાણી છે. એ વાણીનો સાર આ છે કે તારી ચીજમાં આનંદ ભર્યો છે, ભગવાન! અતીન્દ્રિય આનંદ-અમૃત. આહાહા!

હરણની નાભીમાં કસ્તુરી છે. હરણને કસ્તુરીની કિંમત નથી. સમજાણું કાંઈ? એમ ભગવાનઆત્મામાં અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન (ભર્યા છે). મૃગલા જેવા મનુષ્ય પુણ્ય-પાપના પ્રેમમાં અંદર કસ્તુરીને જોતા નથી. સમજાણું કાંઈ? આહાહા! હવે આવો માર્ગ એટલે માણસને એ એકાંત છે... એકાંત છે... ભાઈ! એકાંત જ છે, સાંભળને. પોતાના આત્માને રાગ અને પુણ્યની ક્રિયાથી ભિન્ન જાણીને અનુભવ કરવો એ જ ધર્મ છે. બાકી બધું શૂન્ય છે. સમજાણું કાંઈ? એ લાખ વ્રત, તપ, ભક્તિ ને પૂજા કરે એ બધો રાગ છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે વલોણું-વલોણું સમજો છો ને? છાશમાંથી માખણ કાઢે છે ને? એમ આત્માને રાગથી ભિન્ન વલોણું કરનાર આત્મા, આત્માના માખણને પ્રાપ્ત કરે છે. સમજાણું કાંઈ? આહાહા! આવી વાત છે.

**'કોઈ જીવ-પુદ્ગલને ભિન્ન ભિન્ન અનુભવે છે.'** છે? **'सः हि जानीत एव किश्चनापि न करोति'** આહાહા! **'તે જીવ જ્ઞાયક તો છે,...'** જાણનાર... જાણનાર... જાણનાર એ હું છું, રાગાદિ હું નથી. આહાહા! હવે શુભજોગને ધર્મ-મોક્ષમાર્ગ કહે છે. અહીં કહે છે કે શુભજોગ એ રાગ છે. એનાથી ભિન્ન મારી ચીજ જ્ઞાયક છે. રાગથી આત્માને લાભ થાય તો રાગ પોતાનો થઈ ગયો. સમજાણું કાંઈ? જેનાથી લાભ માને એ પોતાની ચીજ થઈ. રાગ પોતાની ચીજ જ નથી. આહાહા!સૂક્ષ્મ બહુ, ભાઈ!

**'જ્ઞાયક તો છે, પરમાણુમાત્રને પણ કરતો તો નથી.'** છે? આહાહા! ભગવાનઆત્મા સર્વ દેહમાં ભિન્ન બિરાજે છે, પ્રભુ! એને જ્યાં રાગથી ભિન્ન કરીને જોયો તો એ જ્ઞાયક છે. જાણનાર રહ્યો, જાણવામાં આનંદ આવ્યો, પણ રાગનો એ કર્તા નથી. શુભરાગનો પણ કર્તા નથી. અહીં કહે છે કે શુભરાગ મોક્ષનો માર્ગ છે. હવે ક્યાં મેળ કરવો? 'નંદકિશોરજી'! આ કહે કે શુભજોગ એ મોક્ષનો માર્ગ છે. જુઓ! 'મખનલાલજી' એમ કહે છે. અરે..! પ્રભુ! શું કરે છે, ભાઈ? શુભરાગનો કર્તા થવું એ મિથ્યાદષ્ટિ છે. ત્યારે રાગથી ભિન્ન થઈને પોતાના ચૈતન્યનું ભાન થયું તો કિંચિંત પણ રાગનો કર્તા નથી. શું કહ્યું? જુઓ!

**'सः हि जानीत एव किश्चनापि न करोति'** આહાહા! **'सः हि'** **'તે જીવ જ્ઞાયક તો છે, પરમાણુમાત્રને પણ કરતો તો નથી.'** આહાહા! અહીંયાં પરમાણુનો શું અર્થ લેવો? બહારના રજકણ પોઈન્ટ છે એ તો જડ છે. પણ રાગનો કણ છે એ પરમાણુમાત્રનો પણ કર્તા આત્મા નથી. સમજાણું કાંઈ? આવી વાત છે. માર્ગ જ આવો છે, પ્રભુ! પણ લોકોને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ લાગે કે આ તો નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય (છે). પણ નિશ્ચય એટલે સત્ય. વ્યવહાર એટલે આરોપિત ઉપચાર. આહાહા! સમજાણું કાંઈ? અરે..! આવો મનુષ્યભવ અનંત કાળે મળ્યો, એમાં ભગવાનની વાણી સાંભળવા મળી, તો આ સમયે આ કાર્ય નહિ કરે તો ભગવાન! કે દિ' કરશે? આહાહા! સમજાણું કાંઈ? કરવાનું તો આ છે. બાકી રાગનું કરવું તો મરવું છે. કહો, 'ધન્નાલાલજી'! છે?

**'પરમાણુમાત્રને પણ કરતો તો નથી. કેવો છે જ્ઞાની જીવ?' 'सः सदा अचलं चैतन्यधातुं अधिरूढः'** આહાહા!અજ્ઞાની અનાદિથી પુણ્ય-પાપના ભાવમાં આરૂઢ હતો. શુભ-અશુભભાવમાં આરૂઢ હતો. જેમ ઊંટ ઉપર કે ઘોડા ઉપર આરુઢ થાય છે એમ અજ્ઞાની અનાદિથી દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ ઉપર આરૂઢ હતો. એ (હવે) રાગથી ભિન્ન પોતાના ચૈતન્યમાં આરૂઢ થયો. આહાહા!ભાષા તો સમજાય એવી છે. અમારી હિન્દી કાંઈ તમારી જેવી નથી, આ તો હિન્દી ચાલે એવી હિન્દી છે. સમજાણું કાંઈ? ગુજરાતીમાં ચાલે એમાં તો સ્પષ્ટ બહુ આવે છે. હિન્દીમાં કોઈ કોઈ ભાષા અંદર...

કહે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. તારો ન્યાલ થવાનો રસ્તો આ છે. છે? એ રાગનું કર્તાપણું છોડીને મારું ચૈતન્યસ્વરૂપ રાગથી ભિન્ન છે એમ ચૈતન્યસ્વરૂપમાં આરૂઢ થવું એ ન્યાલ થવાનો રસ્તો છે. રાગમાં આરૂઢ થાય તો ચાર ગતિનું દુઃખ વહોરવાનું છે. આહાહા! સમજાણું કાંઈ?

**'सः सदा अचलं' 'તે સદા નિશ્ચળ ચૈતન્યધાતુમય...'** ભગવનઆત્મા... જેમ સોનું ધાતુ છે એમ આ ચૈતન્યધાતુ છે. ભગવાને ચૈતન્યધાતુ ધારી છે. રાગને ધાર્યો નથી. આહાહા! ભગવાનઆત્માએ ચૈતન્યધાતુ ધારી રાખી છે. આહાહા! ચેતના સ્વભાવ ધારી રાખ્યો છે. એવી ચૈતન્યધાતુ... આહાહા! દિગંબર સંતોની વાણી તો, જુઓ! ઓહોહો..! અમૃત પીરસ્યા છે.

'શ્રીમદ્' માં આવે છે. 'જે સ્વરૂપ સમજ્યા વિના...' પહેલી ગાથા છે.

જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત.
સમજાવ્યુ તે પદ નમું શ્રીસદ્ગુરુ ભગવંત
રે ગુણવંતા રે જ્ઞાની. અમૃત વરસ્યા રે પંચમકાળમાં.
જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત.

સમજાવ્યું...' પછી મેં તો અંદર નિશ્ચયથી (એમ કર્યું), સમજાયું તે પદ નમું. ત્યાં તો ગુરુ ઉપર લીધું છે. 'સમજાવ્યું તે પદ નમું શ્રીસદ્ગુરુ ભગવંત, રે ગુણવંતા રે જ્ઞાની. અમૃત વરસ્યા રે પંચમકાળમાં.' આહાહા! આત્મા રાગથી ભિન્ન થયો ત્યાં આત્મામાં અમૃત વરસ્યા. આહાહા! એવી ચીજ છે, ભાઈ! તારી ધૂળ-બુળ ક્યાંય રહી ગઈ. પૈસા ને આ કરોડ ને બે કરોડને એય..! 'પોપટભાઈ'! આ કરોડપતિ શેઠિયા બેઠા. પૈસાના પતિ! કરોડપતિ કહે છે ને? લખપતિ અને કરોડપતિ ને હજારપતિ ને... અરે..! ભગવાન!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– ઉદ્યોગપતિ.

ઉત્તર :– ઉદ્યોગપતિ કહે છે. વેપાર મોટો વધાર્યો હોય ને. 'નવનીતભાઈ'ને એ બધા ઉદ્યોગપતિ. ફલાણા ઉદ્યોગપતિ આ 'શાહુજી'. 'શાંતિપ્રસાદ'. કોણ ઉદ્યોગપતિ? ભગવાન! રાગનો ઉદ્યોગ કરવો એ પણ કર્તા અજ્ઞાન છે, તો પરનો ઉદ્યોગ કરવો એ આત્મામાં છે જ નહિ. આહાહા! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે **'સદા નિશ્ચલ ચૈતન્યધાતુમય આત્મા...'** ધાતુમય આત્મા શબ્દ છે. ચૈતન્યધાતુમય, ચૈતન્યથી ભરેલો એવો આત્મા. એ તો ચૈતન્યમય આત્મા ભગવાન છે. રાગ અને પુણ્ય, દયા, દાનમય આત્મા છે જ નહિ. સમજાણું કાંઈ? આહાહા!અહીંયાં તો હજી શરીર ઠીક હોય તો એનું અભિમાન, વાણી ઠીક હોય તો એનું અભિમાન, પૈસા ઠીક હોય તો એનું અભિમાન. આહાહા!ક્યાં તારું અભિમાન ગયું? પ્રભુ! તું ચૈતન્યમાં આરૂઢ ન થતાં (પરના) અભિમાન કરે છે કે આ હું છું. સમજાણું કાંઈ? આહાહા!

કોઈ એમ કહે કે પર્યાયમાં અશુદ્ધતા હતી જ નહિ, અનાદિથી શુદ્ધ પર્યાય છે એમ નથી. ચેતનદ્રવ્ય વસ્તુએ શુદ્ધ છે પણ પર્યાયમાં અનાદિથી શુદ્ધતા છે એમ નથી. જો અનાદિથી શુદ્ધતા હોય તો આનંદનું વેદન હોવું જોઈએ. અશુદ્ધતા તો અનાદિથી છે. આહા..! વસ્તુ શુદ્ધ અનાદિથી છે એમ પર્યાયમાં-હાલતમાં અશુદ્ધતા પણ અનાદિથી છે. કે જે અશુદ્ધતા દુઃખનું કારણ છે. આહાહા!સમજાણું કાંઈ? અને કોઈ એમ કહે કે આત્મા દ્રવ્યે અને પર્યાયે શુદ્ધ અનાદિથી છે એમ છે નહિ. સમજાણું કાંઈ? દ્રવ્યે શુદ્ધ છે, પર્યાયે અશુદ્ધ છે. અથવા કોઈ એમ કહે, હમણા તો 'મખનલાલજી' એમ કહે છે. તમારા 'રતનલાલજી' કહેતા હતા. 'રતનલાલજી'તો કહેતા હતા કે પર્યાય અશુદ્ધ હોય તો દ્રવ્ય પણ અશુદ્ધ થઈ જાય છે. બિલકુલ ખોટી વાત છે.

મુમુક્ષુ :– 'પ્રવચનસાર'માં ક્યાંક એમ છે.

ઉત્તર :– એ તો પર્યાયની વાત છે ત્યાં. સાતમી ગાથામાં છે ને. શુભ-અશુભ તન્મય થાય છે પર્યાય, દ્રવ્ય નહિ.

મુમુક્ષુ :– તે દ્રવ્યને બનાવી દે છે.

ઉત્તર :– ખબર છે ને. બધી ખબર છે. હમણા 'મખનલાલજી'એ પણ એમ કહ્યું કે પર્યાયમાં જ્યારે પુણ્ય-પાપની અશુદ્ધતા હો તો દ્રવ્ય પણ અશુદ્ધ થઈ જાય છે. અરે..! ભગવાન! શુદ્ધ દ્રવ્ય વસ્તુ તો અનાદિથી છે. એની દશામાં ભૂલ છે. વસ્તુમાં ભૂલ નથી. તેમ દશામાં ભૂલ છે તો વસ્તુ ભૂલરૂપ થઈ જાય એમ નથી. જો વસ્તુ ભૂલરૂપ થઈ જાય, અશુદ્ધ થઈ જાય તો શુદ્ધતા ક્યાંથી આવશે? અશુદ્ધતાનો નાશ કરીને જો દ્રવ્ય અશુદ્ધ થઈ જાય તો શુદ્ધતા ક્યાંથી આવશે? ન્યાય સમજ્યા? લોજિકથી-ન્યાયથી સમજવું જોઈએ. પરમાત્માનો માર્ગ લોજિક-યુક્તિ-ન્યાયથી છે. ની ધાતુ છે. ની ધાતુમાં જ્ઞાનને લઈ જવું. સત્ય તરફ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાનને દોરી જવું એનું નામ ન્યાય છે. સમજાણું કાંઈ? આહાહા!

અહીં કહે છે કે **'સદા નિશ્ચલ ચૈતન્યધાતુમય...'** જોયું! એ તો સદા નિશ્ચલ ચૈતન્યધાતુ છે. દ્રવ્ય કદી અશુદ્ધ થયું જ નથી. પર્યાયમાં અશુદ્ધતા છે. સંસાર એ પર્યાયમાં છે. મોક્ષમાર્ગ પણ પર્યાયમાં છે અને સિદ્ધપદ પણ પર્યાયમાં છે. દ્રવ્ય તો ત્રિકાળ શુદ્ધ છે. આહાહા! અરે..રે..! ભગવાનના માર્ગમાં આવી ગડબડ! એવો આકરો કાળ, ભાઈ! આહાહા!અહીંયાં તો કહે છે, **'સદા નિશ્ચલ...'** શબ્દ પડ્યો છે. **'તે સદા નિશ્ચલ ચૈતન્ય ધાતુમય આત્માના સ્વરૂપમાં દ્રઢતાથી રહ્યો છે.'** દ્રઢતાથી રહે છે એ પર્યાય છે. **'સદા નિશ્ચલ ચૈતન્યધાતુમય આત્મા'** એ ત્રિકાળી વસ્તુ. અશુદ્ધતાનો ભેદ કર્યો પછી એ સ્વરૂપમાં દ્રઢતાથી રહ્યો છે. ચૈતન્યધાતુ ભગવાનઆત્મામાં દ્રઢતાથી અંદર રહ્યો એ પર્યાય છે. જે અશુદ્ધતા હતી એનાથી ભિન્ન થઈને શુદ્ધ ચૈતન્યધાતુમાં લીન થયો. લીન થયો એ શુદ્ધપર્યાય છે. વસ્તુ શુદ્ધ ત્રિકાળ છે. આહાહા! લોજિકથી, ન્યાયથી કે યુક્તિથી સત્ય બેસવું જોઈએ ને? આમ ને આમ માને એ કોઈ ચીજ નથી.

અંદર જ્ઞાનમાં એનો ભાસ થવો જોઈએ. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યું ને? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. ભાવભાસન. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં એમ લીધું છે. ભાવભાસન. ભાવનું જ્ઞાનભાસન (અર્થાત્) આ આવું છે એમ જ્ઞાનમાં ભાસવું જોઈએ. એ ભાવના ભાસન વિના તારી ચીજ શું છે? આહાહા!સમજાણું કાંઈ? એ ૫૯ કળશ થયો.

**( મંદાક્રાંતા )**

**ज्ञानादेव ज्वलनपयसोरौष्ण्यशैत्यव्यवस्था**
**ज्ञानादेवोल्लसति लवणस्वादभेदव्युदासः।**
**ज्ञानादेव स्वरसविकसन्नित्यचैतन्यधातोः**
**क्रोधादेश्च प्रभवति भिदा भिन्दती कर्तृभावम्।।१५-६०।।**

**ખંડાન્વય સહિત અર્થ :– 'ज्ञानात् एव स्वरसविकसन्नित्यचैतन्यधातोः क्रोधादेः च भिदा प्रभवति' ( ज्ञानात् एव ) શુદ્ધ સ્વરૂપમાત્ર વસ્તુનો અનુભવ કરતાં જ ( स्वरस ) ચેતનાસ્વરૂપથી ( विकसत् ) પ્રકાશમાન છે, ( नित्य ) અવિનશ્વર છે,–એવું જે ( चैतन्यधातोः ) શુદ્ધ જીવસ્વરૂપ તેનું અને ( क्रोधादेः च ) સમસ્ત અશુદ્ધ ચેતનારૂપ રાગાદિ પરિણામનું ( भिदा ) ભિન્નપણું ( प्रभवति ) થાય છે. ભાવાર્થ આમછે કે– (પ્રશ્નઃ) સામ્પ્રત (હાલમાં) જીવદ્રવ્ય રાગાદિ અશુદ્ધ ચેતનારૂપે પરિણમ્યું છે ત્યાં તો એમ પ્રતિભાસે છે કે જ્ઞાન ક્રોધરૂપ પરિણમ્યું છે તેથી જ્ઞાન ભિન્ન, ક્રોધ ભિન્ન–એવું અનુભવવું ઘણું જ કઠણ છે. ઉત્તર આમ છે કે સાચે જ કઠણ છે, પરંતુ વસ્તુનું શુદ્ધસ્વરૂપ વિચારતાં ભિન્નપણારૂપ સ્વાદ આવે છે. કેવું**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે ભિન્નપણું? 'कर्तृभावं भिन्दती' ( कर्तृभावं ) 'કર્મનો કર્તા જીવ' એવી ભ્રાન્તિ, તેને ( भिन्दती ) મૂળથી દૂર કરે છે. દ્રષ્ટાન્ત કહે છે– 'एव ज्वलनपयसोः औष्ण्यशैत्यव्यवस्था ज्ञानात् उल्लसति' ( एव ) જેમ ( ज्वलन ) અગ્નિ અને ( पयसोः ) પાણીના ( औष्ण्य ) ઉષ્ણપણા અને ( शैत्य ) શીતપણાનો ( व्यवस्था ) ભેદ ( ज्ञानात् ) નિજસ્વરૂપગ્રાહી જ્ઞાનથી ( उल्लसति ) પ્રગટ થાય છે તેમ. ભાવાર્થ આમ છે કે–જેમ અગ્નિસંયોગથી પાણી ઊનું કરવામાં આવે છે, કહેવામાં પણ 'ઊનું પાણી' એમ કહેવાય છે, તોપણ સ્વભાવ વિચારતાં ઉષ્ણપણું અગ્નિનું છે, પાણી તો સ્વભાવથી શીતળ છે–આવું ભેદજ્ઞાન, વિચારતાં ઊપજે છે. બીજું દ્રષ્ટાન્ત– 'एव लवणस्वादभेदव्युदासः ज्ञानात् उल्लसति' ( एव ) જેમ ( लवण ) ખારો રસ, તેના ( स्वादभेद ) વ્યંજનથી ભિન્નપણા વડે 'ખારો લવણનો સ્વભાવ' એવું જાણપણું તેનાથી ( व्युदासः ) 'વ્યંજન ખારું' એમ કહેવાતું–જણાતું તે છૂટ્યું; (આવું) ( ज्ञानात् ) નિજસ્વરૂપના જાણપણા દ્વારા ( उल्लसति ) પ્રગટ થાય છે. ભાવાર્થ આમ છે કે જેમ લવણના સંયોગથી વ્યંજનનો સંભાર કરવામાં આવે છે ત્યાં 'ખારું વ્યંજન' એમ કહેવાય છે, જણાય પણ છે; સ્વરૂપ વિચારતાં ખારું લવણ છે, વ્યંજન જેવું છે તેવું જ છે. ૧૫-૬૦.

---

૬૦માં પણ એક અદ્દ્ભુત છે. ૬૦મો શ્લોક છે.

**ज्ञानादेव ज्वलनपयसोरौष्ण्यशैत्यव्यवस्था**
**ज्ञानादेवोल्लसति लवणस्वादभेदव्युदासः।**
**ज्ञानादेव स्वरसविकसन्नित्यचैतन्यधातोः**
**क्रोधादेश्च प्रभवति भिदा भिन्दती कर्तृभावम्।।१५-६०।।**

આહાહા! ઓહોહો..! સંતોએ તો દાંડી પીટીને જગાડ્યા છે. જાગ રે જાગ, નાથ! આનંદનો કંદ પ્રભુ શું રાગમાં સૂતો છે? સમજાણું કાંઈ? સચ્ચિદાનંદ પ્રભુ અનાદિથી રાગમાં સૂતો છે. પોતાની જાગૃત દશામાં તું સૂઈ ગયો છે. હવે કહે છે કે એકવાર પુણ્ય-પાપના ભાવમાં સૂઈ જા, એને છોડી દે અને જાગૃત ચૈતન્યધાતુમાં આવી જા. સમજાણું કાંઈ? કેટલાક કહે છે કે સમાજમાં આવી સૂક્ષ્મ વાત ન કહેવી. સૂક્ષ્મ તો યથાર્થ વસ્તુ છે. દ્રવ્યાનુયોગનું મૂળ રહસ્ય તો સભામાં (પ્રગટ) થવું જોઈએ. એવો પાઠ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. આહાહા! અરે..! આવું જીવન ક્યારે આવશે? બાપુ! ભાઈ! આવી વાણી મળવી મુશ્કેલ થઈ ગઈ છે. આહાહા! અને સત્ય વાત આવી તો દ્રષ્ટિમાં વિરોધ આવ્યો. વિરોધ કરે છે. ભગવાન! તારી ચીજ તો આ છે. જુઓ!

**'ज्ञानात् एव स्वरसविकसन्नित्यचैतन्यधातोः क्रोधादेः च भिदा प्रभवति' 'શુદ્ધસ્વરૂપમાત્ર**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**વસ્તુનો અનુભવ કરતાં જ...**' આહાહા! ભગવાન શુદ્ધસ્વરૂપમાત્ર વસ્તુનો અનુભવ કરતાં જ. અશુદ્ધતાના પરિણામનું લક્ષ અને આશ્રય છોડીને, બીજી રીતે કહીએ તો પર્યાયબુદ્ધિ છોડીને દ્રવ્ય-વસ્તુબુદ્ધિ અંદર કર. આહાહા!ઝીણી વાત, બાપુ! આ તો વાસ્તવિક તત્ત્વ, યથાર્થ તત્ત્વ છે. લોકોએ તો કલ્પનાથી કંઈક કંઈક (કરી નાખ્યું). સમજાણું કાંઈ? આહાહા!

'**શુદ્ધ સ્વરૂપમાત્ર...**' શબ્દ પડ્યો છે. જોયું! '**ज्ञानात् एव**' '**ज्ञानात् एव**' આહાહા! '**શુદ્ધ સ્વરૂપમાત્ર વસ્તુનો અનુભવ કરતાં જ સ્વરસ ચેતનાસ્વરૂપથી...**' '**સ્વરસ**' પોતાનો ચૈતન્યરસ, પોતાનો આનંદરસ છે એનાથી '**પ્રકાશમાન છે,...**' આહાહા!ભગવાનઆત્મા ચૈતન્યધાતુ નિત્ય આનંદરસથી ભરેલો છે. રાગની કર્તૃત્વબુદ્ધિ છોડીને '**ज्ञानात्**' -જ્ઞાનમાં જવાથી તને ચૈતન્ય સ્વરસ, જેવો આનંદ રસ છે એવો પર્યાયમાં આનંદરસ તને આવશે. આનંદનો સ્વાદ આવે એનું નામ ચૈતન્યનો અનુભવ છે. રાગ ને પુણ્ય-પાપના અનુભવ એ તો દુઃખરૂપ અને ક્લેશ છે. આહાહા! નિર્જરા અધિકારમાં કહ્યું છે. ક્લેશ. ક્રિયાકાંડથી ક્લેશ કરો તો કરો પણ જ્ઞાનથી મુક્તિ થશે, એ ક્લેશથી મુક્તિ નહિ થાય. આહાહા! નિર્જરા અધિકારમાં છે. સમજાણું કાંઈ? ત્યારે (કોઈ કહે), પ્રભુનો માર્ગ તો અનેકાંત છે ને? વ્યવહારથી પણ થાય, નિશ્ચયથી પણ થાય એનું નામ અનેકાંત છે. એમ નથી, ભગવાન! તને ખબર નથી.

સ્વરૂપ '**ज्ञानात्**' '**ज्ञानात्**' છે ને? '**અનુભવ કરતાં જ ચેતનાસ્વરૂપથી પ્રકાશમાન છે,...**' આહાહા! એકાંત એવી ચીજ છે. રાગથી પ્રકાશમાન થતો નથી એનું નામ અનેકાંત છે. સમજાણું કાંઈ? આહાહા! 'નિયમસાર'ની બીજી ગાથામાં તો એમ કહ્યું, કે પોતાનું સ્વરૂપ, નિશ્ચય સ્વરૂપની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા એ નિરપેક્ષ છે. એને કોઈ વ્યવહારની અપેક્ષા નથી. સમજાણું કાંઈ? આહાહા! શુદ્ધ ચૈતન્ય '**ज्ञानात्**' એમ આવ્યું ને? '**ज्ञानात्**' પ્રકાશમાન છે. આહાહા! એ તો પોતાનો ચૈતન્યસ્વભાવ જ્ઞાનથી પ્રકાશમાન છે. રાગથી જે પ્રસિદ્ધિ હતી તે અજ્ઞાન હતું. અને રાગ ઉપર દૃષ્ટિ હતી માટે એને રાગનું અસ્તિત્વ જ ભાસતું હતું. રાગ ઉપર દૃષ્ટિ હતી. પુણ્ય, દયા, દાન, વિકલ્પ ઉપર દૃષ્ટિ હતી તો અસ્તિત્વમાં રાગ જ ભાસતો હતો. પણ આ મોટું અસ્તિત્વ ભગવાન અંદર પડ્યો છે. '**ज्ञानात्**' આનંદકંદ ભગવાન પડ્યો છે એનાથી પ્રકાશમાન છે. આહાહા!સૂક્ષ્મ લાગે પણ વસ્તુ આ છે.

અનંતકાળમાં કર્યું નથી. અનંતકાળમાં દ્રવ્યલિંગી દિગંબર સાધુ પણ અનંતવાર થયો. દ્રવ્યલિંગ ધારણ કરીને પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા. એ બધો રાગ, દુઃખ છે. આહાહા!સમજાણું કાંઈ? એ આવ્યું ને? 'છ ઢાળા'માં આવ્યું છે. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો અર્થ શું થયો? કે દ્રવ્યલિંગ ધારણ કર્યું, પંચમહાવ્રત પાળ્યા, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા એમાં સુખ ન આવ્યું. એ તો દુઃખ છે એમ કહે છે. 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' તો પંચમહાવ્રતના પરિણામમાં સુખ નથી, એ તો દુઃખ છે. આહાહા!એ રાગનો કર્તા થવું એ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. મહાવ્રતના પરિણામ એ શુભરાગ છે અને એના કર્તા થવું, એણે જ્ઞાયકને વિકારી બનાવી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દીધો. વિકારનો કર્તા થાય છે તો બધી શક્તિ જે શુદ્ધ ચૈતન્ય છે એ આત્માને એણે શ્રદ્ધામાં વિકારી બનાવી દીધો. શ્રદ્ધામાં, હોં! વસ્તુ તો વસ્તુ છે. આહાહા!સમજાણું કાંઈ?

**'શુદ્ધ સ્વરૂપમાત્ર વસ્તુનો અનુભવ કરતાં જ ચેતનાસ્વરૂપથી પ્રકાશમાન છે, અવિનશ્વર છે,–એવું જે શુદ્ધ જીવસ્વરૂપ તેનું અને સમસ્ત અશુદ્ધ ચેતનારૂપ રાગાદિ પરિણામનું ભિન્નપણું થાય છે.'** આહાહા!છે? જેટલું અશુદ્ધપણું. એકલા કર્મથી ભિન્ન એમ નહિ, એ તો વિશેષ સ્પષ્ટ કરી દીધું. અશુદ્ધ ચેતનારૂપ રાગાદિ પરિણામ... આહાહા! શુભ-અશુભરાગ બેય અશુદ્ધચેતના છે. આહાહા! એ કર્મચેતના છે. પુણ્યના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ એ કર્મચેતનાના ભાવ છે. એ જ્ઞાનચેતનાના ભાવ નથી. આહાહા!આવો માર્ગ. આકરું પડે માટે જૂઠું લેવું એવું કાંઈ છે? આહાહા!

**'અશુદ્ધ ચેતનારૂપ...'** ભાષા જુઓ! કર્મથી થયું એ તો અશુદ્ધ ચેતનારૂપ રાગાદિ પરિણામ છે. એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ અશુદ્ધચેતનારૂપ પરિણામ, રાગાદિ પરિણામ છે. આહાહા!સમજાણું કાંઈ? એમાં બે બોલ એવા આવશે. આ શ્લોક 'રાજમલે' બહુ અલૌકિક કર્યા છે. પાછળ આવશે. છેલ્લા શબ્દોમાં આવશે. **'ज्ञानात्'** છે ને છેલ્લે? બીજી લીટી. **'ज्ञानात्' નિજસ્વરૂપગ્રાહી જ્ઞાનથી પ્રગટ થાય છે...'** આહાહા!એ શું કહ્યું? કે પોતાનો જ્ઞાનસ્વરૂપ આત્મા રાગથી ભિન્ન થયો તો પોતાનું જ્ઞાન થયું. એ જ્ઞાનમાં, પાણી ઊનું છે એનું જ્ઞાન નિજસ્વરૂપગ્રાહીને ઊષ્ણતાનું સાચું જ્ઞાન થાય છે. પાણી ઊનું છે અને સ્વભાવ ઠંડો છે, એવું જ્ઞાન નિજસ્વરૂપગ્રાહી જ્ઞાનીને સાચું જ્ઞાન હોય છે. અંદર છે?

મુમુક્ષુ :– વસ્તુગ્રાહી...

ઉત્તર :– હા, એને વ્યવહારનું જ્ઞાન થાય છે. આહાહા! સમજાણું કાંઈ? છે? ભાઈ! નીચે છે, જુઓ! છે?

**'નિજસ્વરૂપગ્રાહી જ્ઞાનથી...'** નીચે લીટી છે. ફેર છે? છેલ્લી બે લીટી આમાં છે. મર્મગ્રાહી અર્થ કર્યો છે. આ પાણી ઠંડુ છે અને ઊનું છે એનું સાચું જ્ઞાન કોને થાય છે? કે જેને પોતાનું જ્ઞાન થયું તેને તેનું વ્યવહારે જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? પાણી ઠંડું છે અને વર્તમાનમાં ઊનું છે એનું સાચું જ્ઞાન કોને થાય છે? જેને નિજસ્વરૂપગ્રાહી જ્ઞાન થયું તેને વ્યવહારનું આવું જ્ઞાન થાય છે. આહાહા!આમ તો પાણી ઊનું છે અને ઠંડુ છે એમ તો લોકો માને છે. એમ નહિ. સમજાણું કાંઈ? જેમ રાગથી ભિન્ન થઈને પોતાના જ્ઞાયકનું જ્ઞાન કર્યું તો એ સ્વરૂપનું ગ્રાહી જ્ઞાન જે થયું એ જ્ઞાન પાણી ઠંડુ છે અને પર્યાયમાં અગ્નિથી ઊનું થયું છે એવું જ્ઞાન, જેને સ્વરૂપનું જ્ઞાન થયું છે એને એ વ્યવહારજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? આવી વાત છે. 'રાજમલજી'એ કહી છે. **'ज्ञानात्'** શબ્દ છે ને? આહાહા!આગળ લેશે.

**'શુદ્ધ જીવસ્વરૂપ તેનું અને...'** ક્રોધ શબ્દ વાપર્યો છે ને? **'क्रोधादेः' 'સમસ્ત અશુદ્ધ ચેતનારૂપ રાગાદિ પરિણામનું...'** શબ્દ લીધો. **'क्रोधादेः'** શબ્દનો અર્થ... છે? વચ્ચે છે. આપણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હજી વચ્ચેનું ચાલે છે ને? **'ક્રોધાદેઃ'** કેમ (કહ્યું)? કે **'સમસ્ત અશુદ્ધ ચેતનારૂપ રાગાદિ પરિણામનું ભિન્નપણું થાય છે.'** કેમ? કે અશુદ્ધ ચેતના પરિણામનો જેને પ્રેમ છે એને આત્મા પ્રત્યે દ્વેષ છે. સમજાણું કાંઈ? એ 'આનંદઘનજી' કહે છે. 'આનંદઘનજી' છે ને? એમાં એ આવ્યું છે. અને આપણે અહીં આવ્યું છે. ત્યાં એમ આવ્યું છે 'સંભવ .. લઈ પ્રભુ સેવક .. સેવન કારણ પ્રથમ ભૂમિકા અભય અદ્વેષ ખેદ.' લાંબી વાત છે. ૨૪ પંક્તિનું છે. ૧૦૮ પદ છે. એણે થોડી વાત કરી પણ આ વાત છે એવી તો નથી. એમાં એણે એમ કહ્યું. સમજાણું કાંઈ? દ્વેષ અરોચકભાવ. જેને પુણ્યના પરિણામમાં પ્રેમ છે એને આત્મામાં દ્વેષભાવ છે. અરોચક છે-આત્માની રુચિનો અરોચક છે. રુચિ નથી. સમજાણું કાંઈ? અરે..! આવી વાત. વ્રત, તપ, ભક્તિ આદિ શુભરાગનો પ્રેમ છે તેને સ્વભાવ પ્રત્યે દ્વેષ અને અરુચિ છે. સમજાણું કાંઈ? આહાહા!આવી વાત છે. અને જેને સ્વભાવ પ્રત્યે રુચિ અને આશ્રય છે એને રાગની રુચિ નથી. સમજાણું કાંઈ? એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે. રાગમાં પણ પ્રેમ રહે અને આત્મામાં પ્રેમ થઈ જાય (એમ બને નહિ). સમજાણું કાંઈ? આહાહા! એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે. રાગનો પણ પ્રેમ.. આહાહા! વ્યવહારરત્નત્રયનો પણ પ્રેમ અને ભગવાનઆત્માની પણ રુચિ, એમ ન હોઈ શકે. સમજાણું કાંઈ?

**'શુદ્ધજીવસ્વરૂપ...'** થી વિરુદ્ધ. આહાહા! ક્રોધ કહ્યો. અશુદ્ધ રાગનો પ્રેમ છે એને સ્વભાવ પ્રત્યે ક્રોધ છે. સમજાણું કાંઈ? ઝીણી વાત, ભગવાન! આહાહા!જેનો પ્રેમ પરમાં ઘૂસી ગયો. સ્ત્રીનો પ્રેમ, પૈસાનો પ્રેમ, રાગનો પ્રેમ, પુણ્યનો પ્રેમ (છે)... આહાહા!એને આત્મા પ્રત્યે ક્રોધ છે, આત્મા પ્રત્યે દ્વેષ છે. આહાહા!રાગના રાગી ભગવાનઆત્માના દ્વેષી છે. ભારે વાત, બાપુ! માણસને આકરું પડે. પણ શું થાય? બાપુ! માર્ગ તો પ્રભુ આ છે. આહાહા!

**'અશુદ્ધ ચેતનારૂપ..'** ભાષા એમ લીધી છે ને? જડની પર્યાય નહિ. **'અશુદ્ધ ચેતનારૂપ રાગાદિ પરિણામનું ભિન્નપણું થાય છે.'** આહાહા!**'ભાવાર્થ આમ છે કે–(પ્રશ્ન) સામ્પ્રત (હાલમાં) જીવદ્રવ્ય રાગાદિ અશુદ્ધ ચેતનારૂપે પરિણમ્યું છે...'** જુઓ! ભાષા લીધી. પર્યાયમાં રાગાદિરૂપ છે. નથી એમ નથી. છે. પર્યાયમાં રાગાદિરૂપ પરિણમ્યો છે. કર્મને લઈને નહિ. આહાહા! છે? **'સામ્પ્રત (હાલમાં) જીવદ્રવ્ય રાગાદિ અશુદ્ધ ચેતનારૂપે પરિણમ્યું છે...'** પર્યાયમાં અશુદ્ધ પરિણમન છે. કોઈ કહે કે પર્યાય શુદ્ધ છે. તો તો આનંદ આનંદ આવવો જોઈએ. એ તો આનંદકંદ પ્રભુ છે. દુઃખનું વેદન છે ત્યાં આનંદનું વેદન નથી. આહાહા!એ પુણ્ય અને પાપનું વેદન છે એ તો અશુદ્ધ દુઃખ વેદન છે. એ દુઃખપણે પર્યાયમાં-અવસ્થામાં પરિણમ્યો છે. વસ્તુ તો વસ્તુ છે. આહાહા!સમજાણું કાંઈ? આવું ઝીણું પડે. આવો માર્ગ છે ને, ભાઈ! આહાહા!

**'અશુદ્ધ ચેતનારૂપે પરિણમ્યું છે ત્યાં તો એમ પ્રતિભાસે છે કે જ્ઞાન ક્રોધરૂપ પરિણમ્યું છે...'** એમ એને દેખે છે. શું? આત્મા વિકારરૂપ પરિણમ્યો છે એમ દેખાય છે. સ્વરૂપ વિકાર(રૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી થયું) પણ ભાસે છે કે વિકારરૂપ આત્મા થઈ ગયો. પર્યાયમાં વિકાર છે તો આત્મા પણ વિકારરૂપ થઈ ગયો એમ અજ્ઞાનીને ભાસે છે. સમજાણું કાંઈ? દ્રવ્ય જે વસ્તુ છે એ તો ત્રિકાળ શુદ્ધ છે, ત્રિકાળી શુદ્ધ છે. નિગોદની પર્યાયમાં પણ દ્રવ્ય તો શુદ્ધ જ છે. એ તો પહેલા આવ્યું હતું ને. 'પરમાત્મપ્રકાશ'માં બંધ અધિકારમાં આવ્યું હતું. સર્વકાળમાં, સર્વ ક્ષેત્રમાં, સર્વ જીવ સંપૂર્ણ સુખથી, આનંદથી ભરેલા છે. એવી ભાવના સર્વ જીવે કરવી. આહાહા! સર્વ ક્ષેત્રમાં, સર્વ કાળમાં, સર્વ જીવો સંપૂર્ણ સ્વભાવથી ભરેલા છે. શક્તિ છે, સ્વભાવ છે. આહાહા!સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે કે **'જ્ઞાન ક્રોધરૂપ પરિણમ્યું છે...'** ભગવાનઆત્મા ભૂલથી.. 'અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા.' પોતાની ચીજને ભૂલીને હેરાન થઈ ગયો. કોઈ કર્મે હેરાન કર્યો છે કે ઈશ્વરે હેરાન કર્યો છે, એવી કોઈ ચીજ નથી. સમજાણં કાંઈ? આહાહા! **'જ્ઞાન ક્રોધરૂપ પરિણમ્યું છે તેથી જ્ઞાન ભિન્ન, ક્રોધ ભિન્ન-એવું અનુભવવું ઘણું જ કઠણ છે.'** આહાહા! છે? આહાહા!કેમ? કે આત્મા શુદ્ધ ચૈતન્યઘન હોવા છતાં એની વર્તમાન હાલત-દશામાં વિકારરૂપે પરિણમ્યો છે. તેથી વિકારથી આત્માને ભિન્ન કરવો કઠણ છે. સમજાણું કાંઈ? આહાહા!

**'ઘણું જ કઠણ છે. ઉત્તર આમ છે કે સાચે જ કઠણ છે,...'** ખરેખર કઠણ છે. કેમકે પર્યાયમાં વિકાર છે. વસ્તુમાં નથી પણ અવસ્થામાં વિકાર-દોષ છે. તો દોષ કાઢવાનો ઉપદેશ કરે છે ને? જો દોષ ન હોય તો દોષને કાઢવો એમ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? વીતરાગનો ઉપદેશ એમ આવે કે દોષને કાઢો. એનો અર્થ શું થયો? કે દોષ તો પર્યાયમાં છે. અનાદિથી છે. કાઢવો કઠણ છે પણ છતાં અનાદિથી છે. એ વિશેષ વ્યાખ્યા આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 002: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# સ્મરણાંજલી

## શ્રીમતી વસંતબેન શાંતિલાલ વખારિયા

આપનો જીવન પ્રત્યેનો અભિગમ અનેક વ્યક્તિઓ માટે આદર્શ પૂરવાર થયો છે. સંસારી સંબંધો કે ભૌગોલિક વસ્તુઓ પરનો મોહ ત્યાગીને આપ આત્માની ઓળખના પંથે વિહરમાન થયા. આપની આત્મજ્ઞાન પ્રત્યેની સાધના સીમાચિહ્ન સ્વરૂપ હતી. જેણે આપના સ્વભાવમાં સરળતા અને વૈરાગ્ય જન્માવ્યો. આપની જ્ઞાનપિપાસા સદાય જીવંત હતી. પ્રભુ આપના આત્માને શાંતિ આપે.

- લી. આપના કુટુંબીજનો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com